ચોથી શ્રેણી

પુસ્તક ૨૩

શુક્રવાર, તા. ૧૩મી માર્ચ, ૨૦૧૫
ફાલ્ગુન ૨૨, ૧૯૩૬ શાકે

થી

બુધવાર, તા.૧૮મી માર્ચ, ૨૦૧૫
ફાલ્ગુન ૨૭, ૧૯૩૬ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## તેરમી ગુજરાત વિધાનસભા
## છઠ્ઠું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

# અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **તા. ૧૩મી માર્ચ, ૨૦૧૫/ફાલ્ગુન ૨૨, ૧૯૩૬ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૧૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૩ | ૬૬ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત(નિયમ – ૧૧૬) | ૬૭ | ૬૮ |
| સભાગૃહા મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૬૯ | ૬૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૭૦ | ૯૪ |
| **તા.૧૬મી માર્ચ, ૨૦૧૫/ફાલ્ગુન ૨૫, ૧૯૩૬ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૯૫ | ૯૬ |
| અતારાંકિત પ્રશ્નો | ૯૭ | ૧૯૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૯૨ | ૨૨૦ |
| **૧૭મી માર્ચ, ૨૦૧૫/ફાલ્ગુન ૨૬, ૧૯૩૬ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૨૨૧ | ૨૩૦ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૩૧ | ૩૩૫ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૩૩૬ | ૩૩૭ |
| શોકદર્શક ઉલ્લેખ | ૩૩૮ | ૩૪૧ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ – ૧૧૬) | ૩૪૨ | ૩૪૩ |
| મંત્રીશ્રીનું નિવેદન નિયમ–૪૪ | ૩૪૪ | ૩૪૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૪૫ | ૩૬૫ |
| **૧૮મી માર્ચ, ૨૦૧૫/ફાલ્ગુન ૨૭, ૧૯૩૬ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૩૬૬ | ૩૭૬ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૭૭ | ૪૩૦ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૪૩૧ | ૪૩૧ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ – ૧૧૬) | ૪૩૨ | ૪૩૪ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૪૩૫ | ૪૩૫ |
| અધ્યક્ષશ્રીની જાહેરાત | ૪૩૬ | ૪૩૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન | ૪૩૭ | ૪૬૫ |

ફાલ્ગુન ૨૨, ૧૯૩૬ શાકે
તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા
શુક્રવાર, તા. ૧૩મી માર્ચ, ૨૦૧૫
ફાલ્ગુન ૨૨, ૧૯૩૬ શાકે
સભાગૃહ સવારના ૮–૩૦ વાગ્યે મળ્યું
ઉપાધ્યક્ષશ્રી આત્મારામ મ. પરમાર અધ્યક્ષ સ્થાને
તારાંકિત પ્રશ્નો

સુરેન્દ્રનગર જિલ્લામાં વાણિજ્યિક વેરાની આવક

* ૧૬૬૩૭ શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં સુરેન્દ્રનગર જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની કેટલી આવક મળી, અને | (૧) રૂ.૯૭.૬૮ કરોડ. |
| (૨) સુરેન્દ્રનગર જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫(પાંચ) કોમોડીટીઓ કઇ છે ? | (૨) (૧) ઓટોમોબાઇલ્સ<br>(૨) એગ્રીપ્રોડક્ટ્સ<br>(૩) કોટન<br>(૪) પેટ્રોલ–ડીઝલ<br>(૫) સેનેટરી વેર. |

શ્રીમતી વર્ષાબેન ન. દોશી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સુરેન્દ્રનગર જિલ્લામાં સૌથી વધુ આવક આપતી પાંચ કોમોડિટી છે તેના પર કયા દરથી વેટ લેવામાં આવે છે અને ચાલુ નાણાકીય વરસમાં તેમાંથી કેટલી આવક થઇ છે? બીજું ૨૦૧૫–૧૬માં તાલુકાવાર વેટની આવક કેટલી છે એ હું જાણવા માગું છું.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર જિલ્લાની અંદર જે પાંચ કોમોડિટીઝ છે એમાં ઓટોમોબાઇલ્સ જેનો ટેક્સનો દર ૧૫ ટકા છે અને આ વરસમાં ૩૧–૧૨ સુધીની આવક ૨૭.૧૨ કરોડ, બીજું એગ્રીકલ્ચર પ્રોડક્ટસ છે જેની પાંચ ટકા છે જેની આવક આ વરસે ૧૫.૨૩ કરોડ, કપાસ ઉપર પાંચ ટકા છે જેની આવક આ વરસે ૧૦.૯૫ કરોડ, પેટ્રોલ ડિઝલ ઉપર જે વેરો છે એ અનુક્રમે ૨૧ અને ૨૩ છે એમાં ૯.૯૮ કરોડ છે અને સેનેટરી વેરમાં ૧૫ ટકા છે એની આવક ૬ કરોડ છે, જે બીજો સવાલ પુછ્યો કે તાલુકાવાઇઝ કેટલી છે તો સુરેન્દ્રનગર પ્રોપરમાં આ વરસે ૨૧.૭૮ કરોડ, ચોટીલામાં ૬.૯૫ કરોડ, સાયલામાં ૫.૫૨ કરોડ, વઢવાણમાં ૧૭.૧૧ કરોડ, મુળીમાં ૯.૬૨ કરોડ, લીંબડીમાં ૨.૯૧ કરોડ, ચુડામાં ૩.૦૮ કરોડ અને લખતરમાં ૧.૩૦ કરોડ, પાટડીમાં ૧૮.૦૨ કરોડ અને ધ્રાંગધ્રામાં ૧૧.૩૯ કરોડ એમ કુલ ૯૭.૬૮ કરોડની ડિસેમ્બર સુધીની આવક છે.

શ્રી કિરીટસિંહ જી. રાણા : માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા પુછવા માગું છું કે, સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ડિલરનું રજિસ્ટ્રેશન થયેલું છે અને મારો બીજો પ્રશ્ન એ છે કે, વેટ કાયદા અનુસાર ડિલરે વેરો ક્યાંસુધીમાં ભરવાનો હોય છે,

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે ડિલરના રજિસ્ટ્રેશનની વાત છે એમાં સુરેન્દ્રનગરમાં ૨૭૮૯, ચોટીલામાં ૩૪૦, સાયલામાં ૧૦૫૯, વઢવાણમાં ૧૨૬૫, મુળીમાં ૧૪૭, લીંબડીમાં ૨૬૩, ચુડામાં ૪૮૬ અને લખતરમાં ૧૩૦, પાટડીમાં ૩૬૬ અને ધ્રાંગધ્રામાં ૮૫૮ એમ કુલ ૭૭૦૩ ડિલરોનું રજિસ્ટ્રેશન છે. જે ટેક્સ ભરવાનો આવે છે એમાં દરેકની જુદી જુદી સમય મર્યાદા હોય છે, જે વ્યક્તિઓ ૬૦,૦૦૦ રૂપિયાથી ઉપર માસિક ટેક્સ ભરતા હોય એને ૨૨ દિવસ એટલે કે મહિનો પૂરો થાય એના ૨૨ દિવસ સુધીમાં એ ટેક્સ ભરવો પડે છે, જેને ૬૦,૦૦૦ થી ઓછું હોય એને ક્વાર્ટર પૂરું થાય એના ૨૨ દિવસ સુધીમાં એ ટેક્સ ભરવો પડતો હોય છે, ડિઝલ અને પેટ્રોલના વ્યવસાયમાં હોય એને મહિનો પૂરો થયા પછી બાર દિવસની અંદર ટેક્સ ભરવો પડે છે, જે સુગર અને એના વ્યવસાયમાં હોય એને ૭૫ ટકા બાવીસ દિવસની અંદર અને બાકીનો ૨૫ ટકા ટેક્સ નવેમ્બર મહિનામાં ભરવો પડતો હોય છે.

શ્રી પુનમભાઇ કા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આ વાણિજ્ય વેરો જો ઇ–પેમેન્ટથી ભરે તો તેમને શું ફાયદા થાય છે? કેટલાક ડિલરે ફરજિયાત ઇ–પેમેન્ટ કરવું પડે છે તે વાત સાચી છે અને મારો બીજો પ્રશ્ન એ છે કે કેટલી બેન્કો ઇ–પેમેન્ટ સ્વીકારે છે. ચાલુ નાણાકીય વરસમાં કેટલી રકમ ઇ–પેમેન્ટથી પ્રાપ્ત થઇ એ માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ એક ઇ–પેમેન્ટની સુવિધા આપણે નવી ઉભી કરી છે કે જેનાથી ડિલરને ફાયદો થાય, એ લોકોને ફિઝિકલ કોપી ચલણ લઇને કોમર્શિયલ ટેક્સ ઓફિસમાં આવવું નથી પડતું. તેમના સમયનો બચાવ થાય છે. એમને સુવિધાની સાથે સાથે સિક્યોરિટી પણ મળે છે, ૨૪ X ૭ એટલે કે કોઇપણ દિવસ કોઇપણ કલાકે ૩૬૫ દિવસ એ વેરો ભરી શકે છે અને આના કારણે અત્યારે ૧૦ લાખ રૂપિયા ઉપરનું જે ટેક્સ ભારણ હોય છે એને આપણે ફરજિયાત કર્યું છે. હાલમાં ૧૮ બેન્કોને આપણા વિભાગે એમ્પાવર કર્યા છે અને મને કહેતા આનંદ થાય છે કે, ૨૦૧૪–૧૫માં કુલ ૩૬,૨૦૦ કરોડ રૂપિયા ઇ–પેમેન્ટ થ્રુ આખા રાજયના આવ્યા છે એટલે ૭૪ ટકા પેમેન્ટ ઇ–પેમેન્ટ થ્રુ આપણી તિજોરીમાં આવે છે.

તા. ૧૩મી માર્ચ, ૨૦૧૫

તારાંકિત પ્રશ્નો

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, દેશનું ૮૦ ટકા કોટન ગુજરાતમાં ઉત્પન્ન થાય છે તો એગ્રી પ્રોડકટસ, કોટન અને ડિઝલ જે ખેડૂતોને સ્પર્શતી કોમોડીટીઝ છે તેમાં આપ વેટની આવક ઘટાડવા માગો છો કે કેમ ?

શ્રી સૌરભ પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીને જણાવવુ છે કે, ગુજરાત રાજયમાં કપાસની અંદર ખૂબ સારું ઉત્પાદન છે અને તેના કારણે ગુજરાત સરકારે ગઇ સાલ ટેક્ષટાઇલ પોલીસી બહાર પાડી હતી અને તે ટેક્ષટાઇલ પોલીસીના કારણે કપાસમાં પહેલા જીનીંગ થાય, જીનીંગમાંથી સ્પીનીંગ થાય, સ્પીનીંગથી વીવીંગ થાય, વીવીંગથી ફેબ્રીક બન્યા પછી પ્રોસેસીંગ થાય, પછી ગારમેટીંગ થાય આ દરેક સ્ટેજ ઉપર આપણે ઇન્સેન્ટીવો આપ્યા છે. કપાસમાં જેટલો ટેકસ લઇએ છીએ તે બધુ ઇનપુટ ટેકસ ક્રેડિટ તરીકે બધુ ઉદ્યોગોને પાછું મળી જાય છે. આ રાજય સરકારે આ વર્ષના બજેટમાં પણ આ ઇન્સેન્ટીવ માટે કપાસના વેલ્યુએડિશનથી કપડુ બને, ગાર્મેન્ટ બને એના માટે આશરે ૩૫૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. એટલે પહેલા એક સમય હતો કે કપાસ સુરેન્દ્રનગરમાં બને પણ પૂછે કયાં જાય છે ? તો કહે જીનીંગ થઇને બધુ તામિલનાડુમાં જાય છે. તામિલનાડુમાં સ્પીનીંગ થાય અને સ્પીનીંગ થઇને પાછું અહીંયા આવે. આજની તારીખમાં આપણે જે પ્રમાણે પોલીસી બનાવી છે એ પ્રમાણે આપણે ૨૫ લાખ સ્પીન્ડલો નક્કી કરવાનો ટાર્ગેટ હતો તેની કમ્પેરીઝનમાં આપણો ગ્રોથ બહુ જ ફાસ્ટ છે અને જોત જોતામાં આવતા બેથી ત્રણ વર્ષની અંદર આપણે ટેક્ષટાઇલમાં જૂની મેન્ચેસ્ટર ઓફ ઇન્ડિયા તરીકેની ઓળખ હતી તે ઓળખ પાછી લાવીશું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજુ મારે બહેનશ્રીને ખાસ કહેવું છે કે, આ વખતે નીતિની અંદર એક લેબર ઇન્ટેન્સીવ પોલીસી કરી છે. એ પોલીસીની અંદર ગાર્મેન્ટમાં સૌથી વધારે બહેનોને રોજગારી મળે છે. એટલે એ રોજગારી આપવા માટે જે નવી કંપનીઓ ફોર્મેશન થાય કે જે e x p a n s i o n કરે એને પણ લેબર ઇન્ટેન્સીવ પોલીસી દ્વારા એક બહેનને નોકરી આપે તો સરકાર ૧૫૦૦/- રૂપિયા આપે છે અને પુરુષને નોકરી આપે તો ૧૨૦૦/- રૂપિયા આપે છે. આ પ્રમાણે આપણે કપાસને ડાયરેકટ અહીંયા રોજગારી મળે એવી વ્યવસ્થા કરી છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને ટૂંકું જ પૂછવું છે કે, આપણો વેટ કેટલો ? અને એમાં એક ટકો આપણે ઉમેરીએ છીએ જો ઉમેરતાં હોઇએ તો આપણે નાબૂદ કરવા માગીએ છીએ કે કેમ ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૧૪-૧૫માં સુરેન્દ્રનગર જિલ્લાની આવક ૯૭.૬૮ અને બીજુ સૂચન છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : વેટ છે અને તેના ઉપર આપણે એક ટકો લઇએ છીએ કે કેમ ? તો હા, યા ના ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું તમને વિગતવાર જવાબ આપુ ટૂંકો પણ સમજણ પડે એવો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માત્ર એટલુ પૂછયું છે કે, આપણે જે વેટ લઇએ છીએ તેની અંદર વધારાનો જે એક ટકો લગાવીએ છીએ તો હા હોય તો હા અને કદાચ એક ટકો નાબૂદ કરવા માગો છો કે કેમ ? બે જ શબ્દમાં કહેવાનું છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીને જાણ કરવી છે કે, આખા દેશમાં એક એમ્પાવર કમિટીનું ગ્રુપ છે. આખા દેશમાં બધા પ્રોડકટસના ટેક્ષિસ બધાએ પ્રેકટીકલી સરખા રાખ્યા છે. લોવર લેવલનો ટેક્ષ ૫ ટકાનો છે અને ઉપરનો ટેક્ષ સાડા બાર, સાડા તેર, પંદર, ચૌદ depending upon એ પણ મિનિમમ સાડા બારનો દર છે. હવે જે નીચેના દર પાંચ ટકા છે. તેમાં ગુજરાત સરકારનો દર ૪ ટકા અને એક એડિશનલલ ટેક્ષ રાખ્યો હતો કારણ કે આપણે જયારે ઓકટ્રોય બહાર કાઢી હતી એ lay off ઓકટ્રોય રાખી હતી. એટલે આપણે જે એક ટકો વધારે લઇએ છીએ તે lay off ઓકટ્રોય રાખી હતી આજની તારીખમાં આપણો દર ચાર પ્લસ એક ટકો છે અને ઉપરનો દર ૧૫ ટકા છે. જુદી જુદી પ્રોડકટસની અંદર જુદા જુદા દરો છે.

કચ્છ જિલ્લામાં વિકાસશીલ તાલુકા હેઠળ ફાળવેલ રકમ

* ૧૬૬૯૮ ડૉ. નીમાબેન આર્ચાય (ભુજ) : માનનીય આયોજન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિકાસશીલ તાલુકા હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન કચ્છ જિલ્લામાં કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, | (૧) વિકાસશીલ તાલુકા હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન કચ્છ જિલ્લામાં રૂ.૨૬૪.૮૯ લાખની રકમ અને એટીવીટી યોજના હેઠળ રૂ.૮૨.૬૩ લાખની રકમની ફાળવણી કરવામાં આવેલ છે. આમ, બન્ને મળી કુલ રૂ.૩૪૭.૫૨ લાખની રકમની ફાળવણી કરવામાં આવેલ છે. |
| (૨) આ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને | (૨) વિકાસશીલ તાલુકા યોજના અને એટીવીટી યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન કુલ રૂ.૯.૯૧ લાખની રકમનો ખર્ચ થયેલ છે. |
| (૩) આ ફાળવેલ ગ્રાંટ સામે કેટલા કામો મંજૂર થયેલ છે અને કેટલા કામો પૂર્ણ થયેલ છે ? | (૩) વિકાસશીલ તાલુકા યોજના અને એટીવીટી યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન કુલ ૧૦૧ કામો મંજૂર થયેલ છે, જે પૈકી ૬ કામો પૂર્ણ થયેલ છે. |

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં વિકાસશીલ તાલુકામાં એટીવીટી અને વિકાસશીલ તાલુકાની ગ્રાન્ટ બન્ને મળીને જે રીતે આયોજન કરવામાં આવ્યું છે તો મારે તેમાં પૂછવું છે કે, વિકાસ તાલુકાના નોર્મ્સ શું છે ? ક્રાઈટેરિયા શું છે ? કેવી રીતે જાહેર કરવામાં આવે છે ? બીજું મારે એ જાણવું છે કે વિકાશશીલ તાલુકાનું શું આયોજન હોય છે. કચ્છ જિલ્લામાં કેટલાં તાલુકાને વિકાસશીલ તાલુકામાં લેવામાં આવ્યા છે?

શ્રી સૌરભ પટેલ : આદરણીય નરેન્દ્રભાઇએ એ વખતે જે બેકવર્ડ તાલુકા રહી ગયા હતા એના માટે કોલગી સમિતિની સન ૨૦૦૬માં રચના કરી હતી. એ સમિતિએ ૪૪ ઈન્ડિકેટરને ધ્યાનમાં રાખીને ૩૦ તાલુકાઓની પસંદગી કરી હતી. ત્યારબાદ સન ૨૦૦૯માં માનનીય નરેન્દ્રભાઈએ એક વખત રીવ્યુ કર્યું અને કહ્યું કે બેકવર્ડ તાલુકાઓની હ્યુમેન ડેવલપમેન્ટ ઇન્ડેકસની માપણી કરો તો સારું, એટલે એમણે એચ.ડી.આઇ. ના આધાર ઉપર બીજા ૧૧ તાલુકા હાથમાં લીધા અને ત્રીજું કે જયારે તાલુકાઓનું બાયફરગેશન થયું ત્યારે માનનીય શ્રીમતી આનંદીબહેને બીજા સાત તાલુકાનો સમાવેશ કર્યો. આ રીતે કુલ ૧૭ જિલ્લાઓના ૪૮ તાલુકાઓનો આજની તારીખમાં વિકાશશીલ તાલુકા તરીકે ડિકલેર થયેલા છે.

બીજો સવાલ કે એમને શું આપવામાં આવે છે તો ડેવલપીંગ માટે તાલુકાને દર વર્ષે બે કરોડ અને તાલુકો વાયબ્રન્ટ તાલુકો થયો ત્યારથી બીજા એક કરોડ રૂપિયા આપીએ છીએ. આજની તારીખે કુલ ૩ કરોડ રૂપિયા આપવામાં આવે છે. કચ્છની અંદર રાપર અને લખપત એમ બે તાલુકાનો સમાવેશ થયો છે. કયા કયા હેતુ માટે પૈસા વાપરવા એનો નક્કી કરેલો ક્રાઇટ એરિયા છે એમાં પ્રભારી સચિવ, કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારી અને અન્ય વિભાગના લોકોને જોડીને તેમજ સોશ્યલ વીંગ તેમજ પોલિટિકલ વીંગ સાથે વાત કરી નક્કી કરતાં હોય છે કે કયાં કેટલા રૂપિયા વાપરવા.

શ્રી પંકજ અ. મહેતા : વિકાસશીલ તાલુકા માટે કોલગી સમિતિએ કયા કયા ક્ષેત્રો માટે અને કેટલા ઈન્ડિકેટર લાગુ કરેલા છે. કચ્છના રાપર અને લખપત આ બે તાલુકા જાહેર કર્યા પછી અત્યાર સુધી સરકારે કેટલી ગ્રાન્ટ ફાળવેલ છે અને એમાંથી કેટલો ખર્ચ થયેલ છે?

શ્રી સૌરભ પટેલ : કુલ ૪૪ ઈન્ડિકેટર છે એમાં વસતિ પરસેન્ટેઝ ઓફ રૂરલ ફેમિલીઝ એન્ડ બી.પી.એલ. નીચે કેટલા છે એ બીજા ચાર ઈન્ડિકેટર છે. બૈઝિક એમિનિટીસની અંદર રોડ છે, રસ્તા છે, પાણી છે આ બધી સુવિધાઓ કેટલી છે એ માટે બીજા ચાર ઈન્ડિકેટર છે. છ ઈન્ડિકેટર કૃષિના છે, ખેતીવાડીની કેટલી આવક છે એના છ ઇન્ડીકેટર છે. જયારે ૩ ઈન્ડિકેટર પશુઓ કેટલા છે એ જોવામાં આવે છે. ઉદ્યોગોના ૬ છે, ઉદ્યોગો છે તો કેટલા છે, રોડ છે, બસ કેટલી છે, પેટ્રોલપંપો કેટલા છે, શિક્ષણના પાંચ છે એમાં સ્કૂલો છે, યુનિવર્સિટી છે, કોલેજો છે આ બધું જોવામાં આવે છે. આરોગ્યના ચાર છે. બસ ચાલે છે કે કેમ ત્યાં સુધીની વિગતો જોવામાં આવે છે. બેંક છે કે કેમ, પોસ્ટ ઓફિસ છે કે કેમ, એમ કુલ મળીને ૪૪ ઈન્ડિકેટરો છે. બીજું રાપરમાં અત્યાર સુધીમાં ૧૨.૬૨ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે જયારે લખપત તાલુકામાં ૯.૫૪ કરોડ રૂપિયાનો ખર્ચ આ યોજના દ્વારા થયો છે.

શ્રી અમિત અ. ચાવડા : અહીંયા જવાબમાં આપ્યું છે કે ૩૪૭.૫ર લાખની ફાળવણી કરવામાં આવી છે. ગતિશીલ ગુજરાતની આ સ્થિતિ છે. મારે માનનીય માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે...

ઉપાધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, સીધા પ્રશ્ન ઉપર જ આવો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : અમારા સભ્યશ્રી ફકત એકજ વાકય બોલ્યા છે એને તમે કહો છો...

શ્રી અમિત અ. ચાવડા : અહીંયા ગતિશીલ ગુજરાતની વાતો કરે છે ત્યારે ૩૪૭.૫ર લાખની ફાળવણી એક વર્ષ પહેલા કરવામાં આવી હતી. એમાં કુલ ૧૦૧ કામો મંજૂર કરવામાં આવ્યા હતા એમાંથી આજે આઠ મહિના પછી ફકત છ જ કામો પૂર્ણ થયા છે.અને જે ૩૪૭.૫ર લાખ ફાળવ્યા તેમાંથી આઠ મહિના પછી ફકત ૯.૯૧ લાખનો ખર્ચ થયો. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છે કે આપણે આગોતરું આયોજન કરીએ છીએ તેમ છતાં પણ આખું વર્ષ પૂરું થવા આવ્યું ત્યાં સુધી ખર્ચ નહીં થવાના કારણો શા છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, લોકસભાના ઇલેકશનના કારણે.. (અંતરાય) વાત તો સાંભળો, હું કહું છું. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આ વખતે કચ્છમાં તા. ૨૦-૫ સુધી આખા રાજયમાં લોકસભાની ચૂંટણીની આચારસંહિતા હતી અને કોઇ ગામડાંને આનો સીધો લાભ મળે એવા આક્ષેપોના કારણે આ પ્રભારી સચિવશ્રીઓએ આની મિટિંગ બોલાવી નહોતી. તે વાત સાચી છે.

બીજો વિષય છે કે ગ્રાન્ટની ફાળવણી આજની તારીખ સુધીમાં આખા રાજયમાં સંપૂર્ણપણે બધી જગ્યાએ ગ્રાન્ટની ફાળવણી થઇ ગઇ છે. જે આપનો વિષય છે કે ખર્ચ ઓછો થયો હતો. એક તાલુકામાં વાત સાચી છે. કારણ કહું કે ત્યાંના પ્રભારી સચિવ રીટાયર્ડ થયા હતા. તેના કારણે બીજા પ્રભારી સચિવને મૂકવામાં એક-દોઢ મહિનો થયો તેના કારણે આખું આયોજન દોઢ-બે મહિના મોડું થયું. આજની તારીખે હું ચોક્કસપણે કહું કે એડમિનિસ્ટ્રેશન એપ્રુવલ ૨ કરોડ ૭૬ લાખની અપાવી દીધી છે. અત્યારે ૧૦ કામો કમ્પ્લીટ થઇ ગયા છે. ૩૦ કામોમાં વર્ક ઇન પ્રોગ્રેસ છે એટલે આવતા દોઢ-બે મહિનાની સ્પીડના કારણે જે ડીલે થયો છે તે સંપૂર્ણપણે આવતા દિવસોમાં પૂર્ણ કરવામાં આવશે.

દાહોદ શહેરમાં ઘર વપરાશ માટે ગેસ પાઇપ લાઇન વિતરણ

* ૧૬૩૩૧ શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૫ ની સ્થિતિએ દાહોદ | (૧) કોઇ પણ શહેર, તાલુકા અને ગામમાં પી.એન.જી. |

| | |
|---|---|
| શહેરમાં ઘર વપરાશ માટે ગેસ પાઇપ લાઇન વિતરણની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને | ઘર વપરાશનો ગેસ પુરો પાડવા માટે પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ (પી.એન.જી.આર.બી.), ભારત સરકાર, નવી દિલ્હી દ્વારા ઓથોરાઇઝેશન જરૂરી છે.<br>હાલમાં દાહોદ શહેર માટે કોઇ પણ શહેરી ગેસ વિતરણ કંપનીને પી.એન.જી.આર.બી. નું ઓથોરાઇઝેશન આપેલ ન હોવાથી ગેસ પાઇપ લાઇન ઉપલબ્ધ નથી. |
| (૨) આ કામગીરી કોને સોંપાઇ છે ? અને કેટલા સમયમાં તે કામ પૂર્ણ થશે ? | (૨) ઉપર જણાવ્યા મુજબ હાલમાં આ કામગીરી કોઇ પણ શહેરી ગેસ વિતરણ કંપનીને સોંપેલ નથી. તાજેતરમાં પી.એન.જી.આર.બી., નવી દિલ્હી દ્વારા દાહોદ જિલ્લા માટે સ્પર્ધાત્મક બિડીંગની પ્રક્રિયા હાથ ધરેલ છે. ભવિષ્યમાં જે તે સફળ બિડર (સીજીડી) કંપનીને ઓથોરાઇઝેશન મળશે તે સીજીડી કંપની દ્વારા ગેસ પાઇપ લાઇન વિતરણની કામગીરી હાથ ધરી શકાય. |

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે દાહોદ શહેર પૂરૂં ધમધમતું થઇ ગયું છે. ભૂગર્ભ ગટરનું કામ ચાલી રહ્યું છે. પાણી પુરવઠા-કડાણા ડેમનું કામ ચાલી રહ્યું છે. છતાં અત્યાર સુધી કામગીરી પૂર્ણ થઇ નથી. મારે એટલું કહેવું છે કે ગેસ પાઇપ લાઇન આવવાની છે તો વહેલી તકે આ કામ થઇ જાય એટલા માટે આ પ્રશ્ન પૂછ્યો છે. દાહોદ શહેરમાં ઘર વપરાશ માટે ગેસ પાઇપલાઇન વહેલી તકે મળે તે માટે વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : આજે દેશમાં ગમે ત્યાં ગેસની ગ્રીડ નાખવી હોય તો પી.એન.જી.આર.બી.ની મંજૂરી લેવી પડે છે. પી.એન.જી.આર.બી. કેન્દ્ર સરકાર દ્વારા સ્થપાયેલ સંસ્થા છે. જે આના માટે નોટિસ કાઢે છે. બીડ બનાવે છે અને પછી એરિયા નક્કી કરે છે અને એરિયા નક્કી કરવામાં જે જે કંપનીઓ હોય એ બીડ કરે અને જેને બીડ મળે એ જ નાખી શકે છે. આજની તારીખમાં દાહોદમાં માનનીય સભ્યશ્રીની લાગણી છે. આજુબાજુના વિસ્તારની પણ ઘણી લાગણી છે. એટલે આપણે અનેક વખત કહ્યું અને તેના કારણે ૨૩-૨-૨૦૧૫એ બીડનું સેલીંગ ચાલુ થઇ ગયું છે. ૨૩-૪-૨૦૧૫ બીડ સબમિશનની છેલ્લી તારીખ છે. બીડ ઇવેલ્યુએશનમાં ત્રણ-ચાર મહિના થતા હોય છે. આની અંદર ટેકનિકલ ઇવેલ્યુએશન હોય છે. ફાયનાન્શિયલ ઇવેલ્યુએશન હોય છે અને મને વિશ્વાસ છે કે આપણી જી.એસ.પી.સી. ગેસ કંપની આની અંદર એગ્રેસીવલી બીડ કરશે અને આ વિસ્તારનું બીડીંગ સંપૂર્ણપણે આપણને મળે તે પ્રમાણેની આપણી કોશિશ રહેવાની છે. આ વર્ષ પૂરું થાય તે પાહેલાં દાહોદમાં કામ ચાલુ થાય, જો કેન્દ્ર સરકારની બધી પ્રક્રિયા પૂરી થાય તો આપણે બીડ મળ્યા પછી ઝડપથી કામ ચાલુ કરીએ.

શ્રી વીંછીયાભાઇ જો. ભૂરિયા : માનનીય અધ્યક્ષશ્રી, શું ગુજરાતના ગામડાંમાં પી.એન.જી. ગેસ ઉપલબ્ધ છે? જો હોય તો કેટલા ગામડાંમાં છે અને કેટલા ગામડાંને સુવિધા આપવામાં આવી છે?

બીજો પ્રશ્ન છે કે ગુજરાતના આદિવાસી તથા દરિયાકાંઠાના વિસ્તારોમાં પી.એન.જી. ગેસ ઉપલબ્ધ છે? જો હોય તો કેટલા ગામડાંમાં આ સુવિધા આપવામાં આવી છે તે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

શ્રી સૌરભ પટેલ : ગુજરાત એક માત્ર રાજય છે કે ગામડાંમાં પણ સારી સુવિધા આપે છે. મને કહેતા આનંદ થાય છે કે ૬૭૦ ગામડાં આજે ગેસ કનેકશનથી જોડ્યા છે. અને એમાંથી જો ટ્રાયબલ વિસ્તારનું ગણવા જઇએ તો ૧૪૬ ટ્રાયબલ અને કોસ્ટલ વિસ્તારના ગામડાં અંદર આવે છે.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે દાહોદ શહેરમાં ઘરવપરાશ માટે ગેસ પાઇપલાઇન વિતરણ માટે ભારત સરકારને કયારે કયારે રજૂઆત કરવામાં આવી અને મારો બીજો પ્રશ્ન એ છે કે દાહોદ જિલ્લામાં જે મારો મત વિસ્તાર ગરબાડા તાલુકો, ધાનપુર તાલુકો અને અડધો દાહોદ, એમાં આપવા માગો છો કે કેમ?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગતીશીલ ગુજરાતની અંદર આ પાઇપલાઇન ગેસમાં મારે આપને કહેવું છે કે છેલ્લા પાંચ વર્ષની અંદર આપણે આ પીએનજીઆરબીમાં અનેક વખત રજૂઆતો કરી હતી, રજૂઆતો એ કરી હતી કે તમે બીડ પ્રોસેસ કરો અથવા અમને નોમીનેટ કરો, કમનસીબે છેલ્લા પાંચ વર્ષની અંદર આપણને જેટલા એરીયા સ્પેસીફાય કર્યા છે એની અંદર જ આપણે કામગીરી કરી શકયા છીએ, બહાર કરી શકયા નથી, માનનીય સભ્યશ્રી જાણે છે કે ભાવનગરથી પીપાવાવ પાઇપ લાઇન માટે આપણી તૈયાર છે, ભાવનગરની બહારથી પાઇપલાઇન જતી હતી તોય આપણે ભાવનગર શહેરને ગેસ આપી શકતા ન હતા અને આ વિષય ઉપર અનેક વખત કેન્દ્ર સરકારને રજૂઆત કરવા છતાં એ લોકોએ આપ્યું ન હતું એવી જ રીતે હમણા જ આ સરકાર આવ્યા પછી ભાવનગરનું પણ બીડ મળી ગયું, કચ્છનું બીડ મળી ગયું એટલે ભાવનગર, કચ્છ બધી જગ્યાએ આપણે કામગીરી ચાલુ કરીએ છીએ એ જ પ્રમાણે અત્યારે આપણે અમદાવાદ રૂરલ માટેની એપ્લીકેશન કરી છે, વડોદરા રૂરલની એપ્લીકેશન કરી છે, અમરેલીની એપ્લીકેશન કરી છે, પાટણની પણ કરી છે અને દાહોદની અનેક વખત કરવા છતાં પણ કેન્દ્ર સરકારે નથી આપી, આ સરકાર આવ્યા પછી એની બીડ પ્રોસેસ ચાલુ કરી અને દાહોદની કેટલી કેટલી અરજીઓ છે એ વિગત નથી પણ એ આપણે પહેલા અરજી કરી હતી એના આધાર ઉપર આ બીડીંગ પ્રોસેસ ચાલુ કર્યુ છે એટલે હવે આખા ગુજરાતની અંદર સંપૂર્ણપણે બધી જગ્યાએ

ગેસના કનેકશન મળે એ પ્રમાણે આપણે કેન્દ્ર સરકારને રજૂઆત કરીએ છીએ, અને મને વિશ્વાસ છે કે આ દિલ્હીની સરકાર ઝડપથી નિર્ણય આપણા ફેવરમાં આપશે.

કચ્છ જિલ્લામાં વાણિજ્યિક વેરાની આવક

* ૧૬૬૩૮ શ્રી પંકજ અ. મહેતા (રાપર) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં કચ્છ જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની કેટલી આવક મળી, અને | (૧) ૩.૯૯૫.૨૦ કરોડ. |
| (૨) કચ્છ જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫(પાંચ) કોમોડીટીઓ કઇ છે ? | (૨) (૧) આયર્ન એન્ડ સ્ટીલ<br>(૨) સીમેન્ટ<br>(૩) ટીમ્બર<br>(૪) કેમિકલ<br>(૫) ફૂડ પ્રોડક્ટ. |

શ્રી પંકજ અ. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે કચ્છ જિલ્લાની અંદર જે પાંચ મુખ્ય કોમોડીટીઓ છે, આયર્ન એન્ડ સ્ટીલ, સીમેન્ટ, ટીમ્બર, કેમિકલ, ફૂડ પ્રોડકટ આ પૈકી આ પાંચ કોમોડીટીના દરેક કોમોટીડીવાઇઝ કેટલો વેટનો દર લેવામાં આવે છે અને ચાલુ વર્ષે એમાંથી કેટલી આવક થઇ અને વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન તાલુકાવાર કચ્છ જિલ્લાની વેટની આવક કેટલી છે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે આયર્ન એન્ડ સ્ટીલ છે એમાં પાંચ ટકાનો દર છે અને ૧૭૬.૬૨ કરોડની આવક થઇ છે, સિમેન્ટમાં ૧૫ ટકાનો દર છે એમાં ૧૦૦.૪૮ ની આવક થઇ છે, ટીમ્બર ૧૫ ટકાનો લોકલ દર છે, એમાં ૯૯.૨૭ કરોડની આવક થઇ છે કેમિકલ ૫ ટકાનો દર છે એમાં ૯૩.૬૫ કરોડની આવક થઇ છે, ફૂડ પ્રોડકટ ૫ ટકા છે, ૫૦.૭૪ કરોડની આવક થઇ છે, કુલ જોવા જઇએ તો આ વર્ષે ૯૯૫.૨૦ કરોડની આવક થઇ છે, એમાં ભૂજની અંદર ૧૪૭.૧૮ કરોડ, મુંદ્રા ૬૫.૦૪ કરોડ, માંડવી ૯.૦૪ કરોડ, અબડાસા ૭૯.૧૮ કરોડ, નખત્રાણા ૬.૪૨ કરોડ, લખપત ૧૦૧.૭૮ કરોડ, ગાંધીધામ ૪૪૫.૫૭ કરોડ, અંજાર ૧૦૩.૨૮ કરોડ, ભચાઉ ૮૨.૬૨ કરોડ, રાપર ૫૫.૧૦ કરોડ, આમ ૯૯૫.૨૦ કરોડની આવક આ ૩૧ ડિસેમ્બર સુધીમાં થઇ છે.

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, આ ૯૯૫. ૨૦ કરોડ રૂપિયા વાણિજયવેરો કચ્છમાં થયો, મને એટલી ખુશી થઇ આ જાણીને, આ વાઇબ્રન્ટ કચ્છ કહેવાય, આ ગતીશીલ ગુજરાત કહેવાય, આ વાઇબ્રન્ટ મુખ્યમંત્રી કહેવાય. (અંતરાય) હું પૂછવા માગુ છું આવી સારી વાતો સાંભળીએ તો મજા આવે એમાં કયાં વાંધો? કચ્છની ઇર્ષ્યા ના કરવી જોઇએ. એ ડીલરોને માટે ઇ–પેમેન્ટ કરવાનું ફરજીયાત છે કે કેમ, આ ડીલરો ઇ–પેમેન્ટ કરે તો એને શું ફાયદો થાય? કઇ કઇ બેન્કમાં ઇ–પેમેન્ટ સ્વીકારાય છે અને ચાલુ નાણાકીય વર્ષમાં કેટલી રકમ ઇ–પેમેન્ટથી પ્રાપ્ત થઇ એ જાણવું છે.

શ્રી સૌરભ પટેલ : વધારેને વધારે ઓન લાઇન ચાલું કરવા ઇચ્છીએ છીએ. ધીમે ધીમે સંપૂર્ણપણે વેટની પ્રક્રિયા ઓન લાઇન થાય અને સુવિધા મળે એ આપણો લક્ષ્યાંક છે એ ધ્યાનમાં રાખીને આપણે ઇ–પેમેન્ટની ૧૦ લાખની મર્યાદા રાખી છે. એમાં સંપૂર્ણપણે ઇ–પેમેન્ટ કરે છે. એ સિવાય પણ એ લોકો સારી સુવિધા લેવા માટે ઇ–પેમેન્ટ કરતા હોય છે. મેં પહેલાં પણ કહ્યું કે આજની તારીખે ૧૮ જેટલી બેન્કો છે અને ૭૪ ટકા જેટલું પેમેન્ટ ઇ–પેમેન્ટ દ્વારા આપણને મળે છે.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલા ડીલરો રજિસ્ટ્ર થયેલા છે અને બીજું કે વેટના કાયદા અનુસાર ડીલરોએ વેરો ક્યાં સુધીમાં ભરવાનો હોય છે તથા ટી.ડી.એસ.ની રકમ ડીલરે ક્યાં સુધીમાં ભરવાની હોય છે.

શ્રી સૌરભ પટેલ : કુલ ૧૪,૫૬૯ ડીલરો કચ્છમાં છે. એમાં ભુજમાં ૪૩૧૩, મુંદ્રામાં ૭૦૨, માંડવીમાં ૧૦૦૩, અબડાસામાં ૩૭૪, નખત્રાણામાં ૬૧૫, લખપતમાં ૧૪૪, ગાંધીધામમાં ૪૯૪૭, અંજારમાં ૧૪૭૨, ભચાઉમાં ૬૦૦ અને રાપરમાં ૪૦૨ છે. ટી.ડી.એસ.ની રકમનું પેમેન્ટ ડીલરોએ દરેક મહિનાની ૨૨ તારીખ સુધીમાં કરવું પડતું હોય છે.

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં વીજ સબ ડીવીઝનની માંગણી

* ૧૮૦૦૩ શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાઓમાં આવેલ વીજ સબડીવીઝનો વસ્તીના ધોરણે પૂરતા પ્રમાણમાં છે કે કેમ,<br>(૨) વસ્તીના ધોરણે મેઘરજ તાલુકામાં એક જ વીજ સબડીવીઝન પૂરતા પ્રમાણમાં નથી શું આ હકીકત સાચી છે, | (૧) અને (૨)<br>વીજ સબડીવીઝનનું વિભાજન કરી નવું સબડીવીઝન શરૂ કરવા માટે વસ્તી નહીં પરંતુ તે સબડીવીઝનમાં સમાવિષ્ટ વીજ વિતરણ એરીયા, વીજ ગ્રાહકોની સંખ્યા, વીજ ગ્રાહકોની અનુકૂળતા અને સરળતાના પરિપ્રેક્ષ્યમાં ભૌગોલિક પરિસ્થિતિ વગેરે જેવાં તાંત્રિક, આર્થિક, ભૌગોલિક અને વહીવટી પાસાઓ ધ્યાને લેવામાં આવે છે. તદઅનુસાર સાબરકાંઠા અને |

તા. ૧૩મી માર્ચ, ૨૦૧૫
તારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| | અરવલ્લી જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ સબ ડીવીઝનો પૂરતા પ્રમાણમાં છે. |
| (૩) ઉપરોક્ત સ્થિતિએ ઉક્ત બન્ને જિલ્લાઓમાં ક્યા વીજ સબડીવીઝનની કેટલી માંગણી નવીન પડતર છે, અને (૪) કેટલા સમયમાં આ વીજ સબડીવીઝનની કામગીરી શરૂ કરવામાં આવશે ? | (૩) અને (૪) સાબરકાંઠા જિલ્લામાં (હાલ અરવલ્લી જિલ્લો) શામળાજી ખાતે નવી પેટા વિભાગીય કચેરી શરૂ કરવા બાબતે તથા અરવલ્લી જિલ્લા સ્થિત મેઘરજ પેટા વિભાગીય કચેરીનાં વિભાજન માટે રજૂઆતો મળેલ છે, ઉક્ત ખંડ-૧ ના જવાબમાં નિર્દિષ્ટ માપદંડ પરિપૂર્ણ થાય કે તુર્તજ સબડીવીઝનના વિભાજન દ્વારા નવા સબડીવીઝન શરૂ કરવાની કાર્યવાહી ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા હાથ ધરાશે. |

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે, અરવલ્લી જિલ્લાના શામળાજી અને મેઘરજની વીજ સબ ડિવિઝનની રજૂઆત મળી છે તો એ કઇ તારીખે મળી અને બીજું જણાવવાનું કે માપદંડ પરિપૂર્ણ થાય કે તરત જ કામગીરી શરૂ કરવામાં આવશે તો મેઘરજ તાલુકામાં કયા કયા માપદંડો પૂરા થતાં નથી એ જાણવા માગું છું.

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : કોઇપણ સબ ડિવિઝનની શરૂઆત થાય એ માગણીના આધારે નથી થતી પણ જે તે વિસ્તારમાં કેટલા ગ્રાહકો છે, કેટલા ચોરસ માઇલનો વિસ્તાર છે, કેટલા માઇલ લંબાઇના વીજ વાયરો છે, કેટલી આવક છે એના આધારે નક્કી થાય છે. તા. ૪-૩-૨૦૧૫ના પરિપત્ર પ્રમાણે ૫૦૦ ચોરસ કિલોમિટરનો વિસ્તાર હોય, ૨૨ હજાર ગ્રાહકો હોય, ૧૦ કરોડની આવક હોય, ૬૫૦ કિલોમિટરની એચ.ટી. લાઇન હોય અને ૮૦૦ કિલોમિટરની એલ.ટી. લાઇન હોય એવા રુરલ સબ ડિવિઝનને મંજૂર કરવામાં આવે છે.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કેટલા સબ ડિવિઝન કાર્યરત છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગરમાં ૪, ઇડરમાં ૩, વડાલીમાં ૧, ખેડબ્રહ્માામાં ૧, પ્રાંતિજમાં ૨, તલોદમાં ૨, વિજયનગરમાં ૨, પોશીના ૧ એમ કુલ ૧૬ અને અરવલ્લી જિલ્લામાં ભીલોડામાં ૨, મોડાસામાં ૩, બાયડમાં ૩, મેઘરજમાં ૧, ધનસુરામાં ૧, માલપુરમાં ૧ એમ કુલ ૧૧, એમ કુલ બન્ને જિલ્લામાં ૨૭ કાર્યરત છે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મારો વિરપુર તાલુકો સાબરકાંઠાના સાઠંબા સબ ડિવિઝન સાથે વીજ પ્રવાહ મેળવે છે. છેલ્લા ૧૦ વર્ષથી સબ ડિવિઝનની માગણી કરી છે. કાર્યભાર પણ પૂરો થાય છે અને ૬૨ ગામો આવેલા છે તો આ સબ ડિવિઝનની માગણી ઘણા સમયથી પડતર હોઇ વિરપુર ખાતે મંજૂર કરવા માગો છો કે કેમ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : નવા જિલ્લાની રચના થઇ એ મધ્ય ગુજરાતમાં આવે છે અને એના ક્રાઇટ-એરિયા પ્રમાણે નક્કી થશે ત્યારે ચોક્કસ મળશે.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે માપદંડો પરિપૂર્ણ થવા જોઇએ તો મેઘરજ તાલુકામાં ૧૩૭ ગામો છે, ૩૫૦૦ કિલોમિટરની વીજ લાઇનો છે, ૩૦ ફિડરો છે, ૧૦૦૦ કિલોમિટરની એચ.ટી.લાઇનો છે અને ૨૫૦૦ કિલોમિટરની એલ.ટી. લાઇનો છે એમ બધા માપદંડો પરિપૂર્ણ થાય છે તો શા માટે આપતા નથી?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની વાત સાચી છે કે, એ પ્રમાણેની ટોટલી દરખાસ્ત ગઇ છે અને દરખાસ્ત મંજૂર થયે ડિવિઝન શરૂ કરવામાં આવશે. દરખાસ્ત મંજૂર થયે આ બન્ને ડિવિઝનો શરૂ કરવામાં આવશે. અત્યારે મંજૂરી અર્થે પડ્યા છે. મંજૂરી મળ્યે બન્ને મેઘરજ અને ભિલોડા શરૂ થશે.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : ક્યારે આપશો?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તાત્કાલિક, બન્ને લેવાઇ ગયા છે અને બન્ને ફિઝિબલ છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી,આ મેઘરજ અને શામળાજી ખાતે છેલ્લા ઘણાં સમયથી આ વિસ્તારની માગણી છે અને માગણી પ્રમાણે તમે નથી આપતા એ વાત સાચી છે પણ તાલુકા મથકથી આ વિસ્તાર ૬૦ કિ.મી. દૂર છે અને ગ્રાહકોને ત્યાંથી આવવામાં ખૂબ મુશ્કેલી પડે છે અને જે વીજ વિતરણ એરિયા છે એ ઘણો લાંબો છે. આ બન્ને ટ્રાયબલ વિસ્તારો હોવાના કારણે નીચેના અધિકારીઓએ બિલકુલ પોઝિટીવ રિપોર્ટ મોકલ્યો છે કે આ જરૂરિયાત છે છતાં સરકાર ટ્રાયબલ વિસ્તારો હોવાના કારણે મંજૂર નથી કરતી. સાહેબ, મારો આક્ષેપ છે, તો મારી વિનંતી છે કે આ વિસ્તારમાં સરકાર સહાનુભૂતિપૂર્વક વિચાર કરીને આ વિસ્તારોને સબડિવિઝન આપે અને સાહેબ, સબસ્ટેશન પણ નથી આપતી. મેઘરજ તાલુકાના વિસ્તારોના વિસ્તાર ખાલી છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની લાગણી સમજીએ છીએ. આની એક પ્રોસેસ હોય છે. એ પ્રોસેસમાં સંપૂર્ણપણે દરખાસ્ત મેઇન ઓફિસમાં પહોંચી ગઇ છે અને મેઇન ઓફિસમાં પહોંચી ગયા પછી બોર્ડની અંદર જવાની છે. ઇન ધ મીન ટાઇમ રાજ્ય સરકારે ૧૦૦૦ વ્યક્તિઓની ભરતીની મંજૂરી જીયુવીએનએલ કંપનીનીને આપી છે એનું અત્યારે ડિસ્ટ્રીબ્યુશન ચાલી રહ્યું છે. એ વ્યક્તિઓને ડિસ્ટ્રીબ્યુશન થયા પછી કઇ કઇ કંપનીઓને કઇ કઇ કક્ષા પ્રમાણેનું સબડિવિઝન ફાળવવામાં આવશે એ પ્રમાણે વ્યવસ્થા ગોઠવાશે. બીજો નંબર, આપનો આક્ષેપ ખોટો છે. શામળાજીમાં આપે કીધું એની અમે

સંપૂર્ણપણે તૈયારી કરી નાખી છે. આફટર બાયફરકેશન આ જે ભિલોડા–૨ અને ટીંટોઇ આ બે સબડિવિઝન છે એની જગાએ આફટર બાયફરકેશન ભિલોડા–૨ અને ટીંટોઇ અને પ્રપોઝ શામળાજી આ પ્રમાણે અમે ત્રણેયનું કર્યું છે. મારી પાસે ગામડાં સાથેની આ ત્રણેયની વિગતો છે. જો આપ કહેતા હો તો હું વાંચી જાઉં. (અંતરાય) ના, ના, પ્રપોઝડ થયા પછીની વાત કરું છું. અમે બધી મહેનત કરીને બેઠાં છીએ. કેટલા પ્રપોઝડ શામળાજીમાં ગામડાં હોય છે, ફીડર આવે છે, એસ.એસ. આવે છે, ટ્રાન્સફોરમર, એચ.પી.લાઇન, એલ.ટી.લાઇન, એરિયા કેટલા કિ.મી. આવે છે અને કેટલા ગ્રાહકો પ્રપોઝડ શામળાજીમાં રહે છે અને આ બધું તૈયાર કરીને બેઠાં છીએ. એટલે ટ્રાયબલ વિસ્તારને અમારી પ્રાયોરિટી છે. આપ ચિંતા ના કરતા અને મારે સભ્યશ્રીને કહેવું છે કે, નવું સબડિવિઝન કરું અને હાલના સબડિવિઝનમાંથી સ્ટાફ લઇને કરું તો બન્નેને તકલીફ થાય. એ ના થવા માટે આપણે ૧૦૦૦ ઉપર લોકોની નવી ભરતીની મંજૂરી આપી દીધી છે. એ ભરતીની પ્રક્રિયા ચાલુ થઇ ગઇ છે અને એનું ડિસ્ટ્રીબ્યુશન નક્કી થઇ જાય એ પછી કેટલા સબડિવિઝનને આપશે, પણ ટ્રાયબલ વિસ્તારને ચોક્કસ પ્રાયોરિટી મળશે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : નેકસ્ટ,પ્રશ્ન ક્રમાંક, મહેન્દ્રસિંહ ૭ મિનિટ ગઇ છે. અને બધા સભ્યો આપના લઇ લીધા છે. આપના ત્રણે ત્રણ સભ્યો લીધા છે. બધા સભ્યોને કાંઇ એકજ પ્રશ્નમાં તક આપી શકાય નહિ. મહેન્દ્રસિંહ સીટડાઉન. (અંતરાય) ભાઇ, સાબરકાંઠાના જ હતા. માનસિંહભાઇ, ડો.જોષીયારા અને આપ.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, સાબરકાંઠા જિલ્લાનું ભાભોઇ સબડિવિઝન એ પ્રાંતિજ, તલોદ અને હિંમતનગર એ ત્રણ તાલુકાનું ભેગું મળી બનેલું છે ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે ત્રણ તાલુકાના ગામોને અવરજવરમાં ખૂબ તકલીફ પડે છે અને ભાભોઇ નેશનલ હાઇવે પર છે ત્યારે ડીપના ગામડાંને જવામાં ખૂબ તકલીફ પડે છે. રણાસણ ગામમાં સબસ્ટેશન છે, તમામ ઇન્ફ્રાસ્ટ્રકચર તૈયાર છે ત્યારે જો રણાસણને નવીન સબડિવિઝન આપવામાં આવે તો બે તાલુકા પ્રાંતિજ અને તલોદને મોટો ફાયદો થાય તેમ છે તો રણાસણને નવીન સબડિવિઝન આપવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વિષયની મારી પાસે માહિતી નથી. સભ્યશ્રીની લાગણી છે એટલે હું ચોક્કસપણે આનો અભ્યાસ કરીને યોગ્ય નિર્ણય લઇશ.

રાજ્યને ફાળવેલ બજેટની રકમનો ખર્ચ

* ૧૬૪૧૧ શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ રાજ્ય સરકારના ૨૦૧૩–૧૪ અને ૧૪–૧૫ ના વર્ષના બજેટમાં ફાળવેલ રકમ અન્વયે વહીવટી ખર્ચ અને વિકાસ ખર્ચ પાછળ કેટલી રકમ ખર્ચ કરવામાં આવી ? | ખર્ચની વિગતો પૂરા થયેલ નાણાકીય વર્ષ મુજબ મેળવવામાં આવે છે. નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ હજુ પુરુ થયેલ ન હોઇ તેના ખર્ચની વિગતો આપી શકાશે નહિ.<br>વર્ષ ૨૦૧૩–૧૪ માં સુધારેલ અંદાજ મુજબ વહીવટી ખર્ચ રૂ.૩૧,૪૬૧.૭૪ કરોડ હતુ જ્યારે વિકાસલક્ષી ખર્ચ રૂ.૭૫,૯૧૧.૧૦ કરોડ હતું. |

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ નાં બજેટમાં કેટલા નાણા ફાળવ્યા, અને કેટલા નાણા વાપરવાના બાકી છે? નહીં વાપરવાના કારણો શું? વિભાગવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને કેટલા પૈસા વધ્યા અને કેમ ખર્ચ કરવામાં બજેટ વાપરાયું નહી ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે જેટલી માહિતી છે એટલી માહિતી આપું. નટવરસિંહજી, એમાં મારી પાસે અત્યારે જે ડેવલપમેન્ટ એક્સપેન્ડીચરની માહિતી છે એ માહિતી વર્ષ ૨૦૧૩–૧૪ની માહિતી છે. એમાં સોશિયલ સર્વિસીસની અંદર, શિક્ષણ, સ્પોર્ટસ, આર્ટસ્ એન્ડ કલ્ચરલમાં ૧૫,૬૬૭ કરોડ, હેલ્થ અને ફેમિલીમાં ૫,૦૮૩ કરોડ, પાણી, સેનિટેશન, હાઉસીંગ અને અર્બનમાં ૧૧,૦૪૮ કરોડ, ઇન્ફર્મેશન એન્ડ બ્રોડકાસ્ટીંગ માટે ૧૪૦ કરોડ, વેલ્ફર શિડ્યુઅલ કાસ્ટ માટે ૨,૩૫૦ કરોડ, લેબર અને લેબર વેલ્ફર માટે ૭૦૨ કરોડ, સોશિયલ વેલ્ફર એન્ડ ન્યુટ્રિશન માટે ૪,૦૦૦ કરોડ, અને બાકીના બધાને ૫૭ કરોડ, એગ્રીકલ્ચરમાં ૪,૮૧૨, રૂરલ ડેવલપમેન્ટમાં ૨,૬૯૨ કરોડ, સ્પેશ્યિલ એરિયા પોગ્રામમાં ૯૦ કરોડ, ઇરિગેશન ફ્લડ કંટ્રોલમાં ૭,૭૬૫ કરોડ, એનર્જીમાં ૫,૭૩૩ કરોડ, ઇન્ડસ્ટ્રી અને મિનરલસમાં ૧,૬૩૨ કરોડ, ટ્રાન્સપોર્ટેશનમાં ૭,૩૮૦ કરોડ, સાયન્સ એન્ડ ટેકનોલોજીમાં ૧૭૧ કરોડ અને જનરલ ઇકોનોમિકસ સર્વિસમાં ૨,૩૫૩ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે એમને ગયા બજેટમાં પણ વાત કરી હતી કે, ટોટલ અમાઉન્ટ જે બજેટની અંદર આપીએ છીએ એમાં છેલ્લા દસ વર્ષમાં ૯૦ ટકા, ૯૨ ટકા, ૯૫ ટકા, ૯૮ ટકા, ૧૦૨ ટકા અને ૧૦૫ ટકા રૂપિયા વપરાય છે. એટલે ૨૦૧૩–૧૪ની અંદર પણ એ પ્રમાણેના રૂપિયા વપરાયા હશે.

શ્રી સંજયકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો જવાબ મળી ગયો.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, ૨૦૧૩–૧૪માં વહીવટી ખર્ચ રૂપિયા ૩૧,૪૬૧.૭૪ કરોડ હતું જ્યારે વિકાસલક્ષી ખર્ચ રૂપિયા ૭૫,૯૧૧.૧૦ કરોડ થયો. તો આ રાજ્ય સરકાર જ્યારે બજેટ બનાવે છે ત્યારે વીસ વર્ષથી આ સરકાર વહીવટ કરે છે તો તેમને ખબર હોવી જોઇએ કે, આપણે (અંતરાય) આ જે વધારે ખર્ચ થયો છે તે કેવા સંજોગોમાં થયો? એમને ખબર હોવી જોઇએ કે, ૨૦૧૩–૧૪માં આપણે આ ખર્ચ આટલો થયો હતો તો ૨૦૧૩–૧૪માં ખરેખર એ ખર્ચ વધવાનો છે, તો બજેટમાં એટલી વધારે જોગવાઇ કરવી જોઇએ. આ અત્યારે સુધારેલ અંદાજપત્ર રજૂ

કરવાની જરૂર ના રહે તો ભવિષ્યમાં સરકાર એવું કરવા માગે છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અદ્ધ્યક્ષશ્રી, હું સભ્યશ્રી જે કહેવા માગે છે એ હું વિગતવાર બરાબર સમજી શકું છું. પણ મારે માનનીય સભ્યશ્રીને એટલું કહેવું છે કે, સરકાર જ્યારે બજેટ બનાવતી હોય ત્યારે બધા પાસાઓ જુએ છે. કર્મચારીઓનો પગાર કેટલો છે એ જુએ છે, કેટલો વધવાનો છે એ જુએ છે, વ્યાજ કેટલું વધવાનું છે એ જુએ છે આ પ્રમાણે બધા ટાઇપના ખર્ચા કર્યા પછી ટોટલ નોન–પ્લાન એક્સપેન્ડીચર એટલે પગારથી માંડીને જે ખર્ચા છે એનું ટોટલ કરે છે, પછી ડેવલપમેન્ટ ખર્ચો. આપને આનંદ થશે કે, ડેવલપમેન્ટ ખર્ચા ગઇ સાલ ૨૦૧૩–૧૪માં ૭૦.૭૦ ટકા હતું, જે ૨૦૧૧–૧૨માં ૬૬.૭૯ ટકા હતું. એટલે ૨૦૧૧–૧૨ ની સરખામણીમાં ૨૦૧૩–૧૪માં આપણે ૪ ટકાનો વધારો કર્યો છે. અને આ વર્ષે બજેટમાં પણ મૂક્યું છે એ એનાથી પણ વધારે છે એટલે ડેવલપમેન્ટ એક્સપેન્ડીચર દિવસે દિવસે વધતો જાય છે અને એ આપણા માટે ખુશીની વાત છે. અને આપે જે કહ્યું કે, બજેટની અંદર કેમ આને મુકવું પડે છે? હવે દા.ત. ૧,૧૦૦ કરોડ ખેડૂતોને આપ્યા, હવે એ ૧,૧૦૦ કરોડ રૂપિયા આપણને અપેક્ષા નહોતી કે, આ પ્રમાણે આપવાના આવવાના છે અને એ ૧,૧૦૦ કરોડ રૂપિયા મુકવા તો પડે ને. એટલે એ ધ્યાનમાં રાખીને આવા સંજોગોમાં જે નાના મોટા ફેરફારો કરવા પડે. દા.ત. કેન્દ્ર સરકારમાંથી રૂપિયા આવવાના હોય અને વર્ષોથી કેન્દ્ર સરકાર આપણને રૂપિયા મોકલે નહીં, હવે એ રૂપિયા મોકલે નહીં એટલે કાંઇક તો ફેરફાર કરવો પડે કે ના કરવો પડે ? એ તો અત્યારે સરકાર આવી પછી ઠેકાણે પડ્યું છે એટલે હવે ફેરફાર થશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, વર્ષ ૨૦૧૩–૧૪ની વાત કરી છે, વર્ષ ૨૦૧૩–૧૪માં કેટલું બજેટ ફાળવવામાં આવ્યું હતું ? એ અનુસંધાનમાં ૨૦૧૨–૧૩ના પ્રમાણમાં ૨૦૧૩–૧૪માં વહીવટી ખર્ચમાં ઘટાડો થયો છે કે વધારો થયો છે અને થયો છે તો કેટલો થયો છે? બજેટ રજૂ કર્યા પછી ૨૦૧૩–૧૪ની અંદર આ સરકારના બજેટમાં ખાધ રહી હતી કે પુરાંત રહી હતી? રહી હતી તો કેટલા કરોડની રહી હતી? એ મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે.

ઉપાધ્યક્ષશ્રી : પ્રશ્ન ૨૦૧૩–૧૪નો છે. આપે ૨૦૧૨–૧૩નું પુછયું છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે જેટલી માહિતી હશે એટલી હું આપું છું નહીં તો આપને બ્રોડ વર્કઆઉટ કઇ જાતનું ચાલે છે એની માહિતી આપું. મારી પાસે ટોટલ આંકડા બજેટના કેટલા છે એ આ સવાલમાં નથી એટલે મારી પાસે જવાબ નથી. હું આપને કહું કે વહીવટી ખર્ચ દર વર્ષે કોઇપણ સરકારનો વધે, ઘટે નહીં. એનું મૂળ કારણ મોંઘવારી હોય, નવા કર્મચારીઓની ભરતી હોય આ બધાને કારણે વધી જાય છે. અગત્યનો વિષય એ છે કે આપણી જે આવક છે એ આવકના પ્રમાણમાં વહીવટી ખર્ચ કેટલો વધ્યો છે? જો આપણો વહીવટી ખર્ચ આવક કરતા ઓછો વધે તો સરકારના માટે લાભ છે. આ સરકારની અંદર તમે જોશો તો વહીવટી ખર્ચના પ્રમાણમાં આપણી પોતાની આવકની ટકાવારી વધારે વધે છે. એના કારણે દર વર્ષે ડેવલપમેન્ટ એકસપેન્ડીચર છે, વિકાસશીલ ખર્ચ ૨૦૧૧–૧૨માં ૬૬ ટકા હતો, ૨૦૧૨–૧૩માં ૬૯ ટકા હતો, ૭૦ ટકા હતો, ૭૧ ટકા હતો. એમ દિવસે દિવસે વધતો જાય છે.

## સુરત શહેરમાં વાણિજ્યિક વેરાની આવક

* ૧૬૬૩૯ શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા(સુરત–પૂર્વ) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં સુરત શહેરમાંથી વાણિજ્યિક વેરાની કેટલી આવક રાજ્ય સરકારને મળી, અને | (૧) ૩.૩૧૪૫.૬૮ કરોડ. |
| (૨) સુરત શહેરની સૌથી વધુ આવક આપતી ૫(પાંચ) કોમોડીટીઓ કઇ છે ? | (૨) (૧) નેચરલ ગેસ<br>(૨) યાર્ન<br>(૩) આયર્ન સ્ટીલ<br>(૪) ઓટોમોબાઇલ્સ<br>(૫) મશીનરી. |

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જે જવાબ અપાયો છે તેના કોરસ્પોન્ડીંગ સમય દરમિયાન એના આગલા વર્ષના આ જ ગાળામાં કેટલી આવક થઇ હતી, જે પાંચ કોમોડીટીઝ છે એના વેટના દર શું છે? એમાંથી કેટલી આવક થઇ અને આ પાંચ કોમોડીટીઝની કુલ આવક કેટલી?

શ્રી સૌરભ પટેલ : વેટની આવકમાં સુરતની અંદર પાંચ છે. એક નેચરલ ગેસ છે, યાર્ન છે, આયર્ન એન્ડ સ્ટીલ છે, ઓટોમોબાઇલ છે અને મશીનરી છે. ૨૦૧૩–૧૪ની સરખામણીમાં નેચરલ ગેસમાં ૨૨૮૫ કરોડ હતા જે અત્યાર સુધી ૧૮૯૦ કરોડ થયા છે. બાર મહિનામાં એટલે ત્રણ મહિનાના આંકડા જોઇશું તો એ પ્રમાણે નેચરલ ગેસની આવક સરભર થઇ જશે. જે યાન છે એ ૪૫૦ કરોડ હતી એ અત્યારે ૨૦૬ કરોડ થઇ છે. આ યાર્નના ભાવ ઘટવાને કારણે ઇન્ટરનેશનલી યાનની અંદર આવક આપણી ઓછી થઇ ગઇ. આયર્ન એન્ડ સ્ટીલમાં ગઇ સાલ ૧૧૮ કરોડ હતી એ અત્યાર સુધી ૧૨૬ કરોડ થઇ છે. એટલે આમાં સારો એવો વધારો દેખાય છે. ઓટોમોબાઇલમાં ૧૫૮ છે એટલે જેટલી ગાડીઓ વેચાઇ એના પર મળે છે. ૯ મહિનામાં ૧૧૩ કરોડ થઇ છે. એટલે આપણે ટારગેટ રીચ કરીશું. મશીનરીમાં ૬૨.૮૯ છે. એની ૩.૬૦ થઇ છે. આ અમે લોકો શા કારણે મશીનરીમાં આવક ઘટી છે એની તપાસ કરીએ છીએ.

ફાલ્ગુન ૨૨, ૧૯૩૬ શાકે
તારાંકિત પ્રશ્નો

શ્રી જનકભાઇ મ. કાછડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વાણિજયક વેરામાં ઇ–પેમેન્ટની વ્યવસ્થા ખૂબ સારી છે એમાં ઇપેમેન્ટથી જે ફાયદા થાય છે એ વાત કરી પણ કેટલાક ડીલરોએ ફરજીયાત ઇ–પેમેન્ટ કરવું પડે છે એ વાત સાચી છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જેમ મેં પહેલા કીધું એમ અત્યારે દસ લાખની મર્યાદા છે. આવતા દિવસોમાં ધીમેધીમે બધાને આપણે ઇરીટર્ન તરફ લઇ જઇએ છીએ અને ઇપેમેન્ટ તરફ લઇ જઇએ છીએ. અને આવતા વર્ષે જી.એસ.ટી. આવશે પછી આખા દેશમાં આઇ.ટી.ઇન્ફ્રાસ્ટ્રકચર તરફ આપણે જયારે જઇ રહ્યા હોઇશું ત્યારે એકેએક ડીલરને ઇરીટર્ન, ઇપેમેન્ટ, તરફ જવું પડશે એવી પરિસ્થિતિ ઉભી થાય એ પહેલા બીજા રાજયોમાં પણ ઇપેમેન્ટ ફરજીયાત થઇ રહ્યા છે. ધીમેધીમે આપણે આમાં નેટ વધારતા જઇએ છીએ.

શ્રી પ્રફૂલભાઇ છ. પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સુરત શહેરમાં કેટલા ડીલરો નોંધાયેલા છે તે પૈકી ના કેટલા ડીલરો ઇરીટર્નીંગ ફાઇલ કરે છે તથા વેટ કાયદા અનુસાર ડીલર વેરો કયાં સુધીમાં ભરવામાં આવે છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સુરત શહેરમાં ટોટલ વેટની આવક પણ રાજયના બીજા વિસ્તારો કરતા ઘણી સારી છે. આજની તારીખમાં ૩૧૪૫કરોડની આવક ૯ મહિનામાં થઇ છે. ગઇ સાલ ૪૨૫૮ કરોડ હતી. આ આવક આપનારા ડીલરો એની કુલ સંખ્યા ૪૧,૧૬૯ છે. ૨૦૧૩–૧૪ માં ૩૭,૬૬૯ હતા. એમાં ૪૦૦૦ ડીલરોનો અત્યારે અત્યાર સુધીમાં વધારો થયો છે. ૪૧,૧૬૯ ડીલરો છે. આ ડીલરો છે એ લોકોને ૬૦,૦૦૦ થી વધારે હોય તો એમનું પેમેન્ટ ૨૨ દિવસની અંદર મહિનો પૂરો થાય ત્યાં સુધીમાં કરવાનું હોય છે. અને ૬૦,૦૦૦ થી ઓછો વેરો ભરતા હોય તેમણે કવાર્ટર પૂરો થાય એના ૨૨ દિવસમાં ભરવાનો હોય છે. અને ડીઝલ, પેટ્રોલ વાળા ડીલરોએ ૧૨ દિવસ કમ્પ્લિશન થાય પછી ભરવાનો હોય છે.

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ : માનનીય મંત્રીશ્રી કૃપા કરી જણાવશે કે જે સુરત શહેરમાં પાંચ કોમોડિટિસના વેટના દરો શું છે? ચાલુ વર્ષમાં કેટલી આવક થઇ?

શ્રી સૌરભ પટેલ : આવક વિષે હમણા કહ્યું. આવક ૩,૧૪૫ કરોડ થઇ. નેચરલ ગેસમાં ૧૫ ટકા છે. યાર્નમાં ૫ ટકા છે. યાર્ન સ્ટીલમાં ૫ ટકા છે. ઓટોમોબાઇલ્સમાં ૧૫ ટકા અને મશીનરીમાં ૫ ટકા છે.

ભિલોડા અને મેઘરજ તાલુકામાં જ્યોતિગ્રામ યોજનામાં સમાવવા બાબત

* ૧૭૫૩૬ ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં તાલુકાવાર ક્યા ક્યા ગામોને ફળીયાઓને ૨૪ કલાક થ્રી ફેઇઝ લાઇટ જ્યોતિગ્રામ યોજનામાં સમાવવાના બાકી છે, | (૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાનાં ભિલોડા અને મેઘરજ તાલુકામાં સેન્સસ મુજબના કોઇ ગામો અને ગામતળમાં આવેલ કોઇ ફળીયા જ્યોતિ ગ્રામ યોજનામાં સમાવવાનાં બાકી નથી. |
| (૨) આ બાકી રહી ગયેલ ગામ ફળીયાઓને ક્યાં સુધીમાં ૨૪ કલાક થ્રી ફેઇઝ લાઇટ જ્યોતિગ્રામમાં સમાવવામાં આવશે, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ ગામોને આ સુવિધાથી વંચિત રાખવાના કારણો શા છે ? | |

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, મારા જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે સેન્સસ મુજબ કોઇ ગામ ગામતળ જ્યોતિગ્રામ યોજનામાં જોડવાના બાકી નથી. રાજય સરકાર જે રીતે અહીંયા પણ જવાબ આપે છે અને આખા દેશમાં જાણ કરી કે જ્યોતિગ્રામ યોજનામાં સમગ્ર ગુજરાતમાં ૨૪ કલાક થ્રી ફેઇઝ લાઇટ મળે છે. ૨૦૧૦ થી યોજના ચાલુ થઇ ત્યારથી જે પરિસ્થિતિ હતી એમાં ગામડાંમાં ગામના ફળિયા બાકી છે. તપાસ નથી કરતા. મારે ગામડાંના નામ સાથે આપવું છે. મોટાકંથારિયા, ધાંધીયા, કાગડામૂડા,ઘેડ આ ગામોના ફળિયા સાથે બાકી છે. નામ સાથે આપ્યા છે. હજુ નથી થયા તો કારણ કહું કે જે તે વર્ષમાં જ્યોતિગ્રામ યોજના ચાલી ત્યારે કોઇ સંજોગોમાં એગ્રીકલ્ચર લાઇન સાથે જોઇન્ટ થઇ ગઇ અને બે માણસો મરી ગયા. ત્યારપછી ત્યાં કોઇ ગયું જ નથી. એના લીધે આ વિસ્તારો જ્યોતિગ્રામ યોજનાથી જોડવાના બાકી રહી ગયા છે. મંત્રીશ્રીને મારી વિનંતી છે, લોકલ અધિકારીઓને વિનંતી કરી છે કે તમે તપાસ કરીને આ વિસ્તારોને જ્યોતિગ્રામ યોજના હેઠળ સમાવો. તાલુકા મથકે જે ગ્રાહકો છે ત્યાં જાય છે અને છતાં કોઇ અધિકારીઓ કહે છે કે જ્યોતિગ્રામ યોજના બંધ થઇ ગઇ છે. મંત્રીશ્રીને વિનંતી છે કે આ વિસ્તારોની તપાસ કરો, જે વિસ્તારો બાકી રહી ગયા છે, તેને ક્યારે જ્યોતિગ્રામ યોજનામાં સમાવવા માગો છો?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણે જવાબ આપ્યો છે કે આ તાલુકામાં ૨૦૧૧ ના સેન્સસ પ્રમાણે નોંધાયેલા ગામો, નોંધાયેલા ફળિયા, નોંધાયેલ પેટા ફળિયા આ નોંધવાની જવાબદારી બિન આદિજાતિમાં ડી.ડી.ઓ. કરે છે. અને આદિજાતિમાં પ્રાયોજન વહીવટી અધિકારી કરે છે તેમણે મંજૂર કરેલ લિસ્ટ હોય તે પ્રમાણે તમામ ફળિયાઓમાં આજની તારીખે એક પણ બાકી નથી. છતા કોઇપણ ગામ બાકી હશે એના માટે..

ઉપાધ્યક્ષશ્રી : એમણે જે પરાના નામ આપ્યા છે તપાસી લેજો.

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : એ તપાસી લઇશું. એ જો રજિસ્ટર થયેલ હશે તો (અંતરાય)

ડો. અનિલ જોષીયારા : એમણે કહ્યું છે કે મળીશું.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી જોષીયારા એમણે કહ્યું છે કે લઇ લઇશું.

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : આપણે કોઇની સામે આંગળી ચીંધીએ છીએ, તો બાકીની ચાર આંગળી આપણી સામે આવે છે. આપ જ્યારે આ પાટલી ઉપર હતા, ત્યારે એક કલાક વાળુ સમયે લોકો વીજળી માગતા હતા.(અંતરાય) કે વાળુ ટાઇમે એક કલાક વીજળી આપે.

ઉપાધ્યક્ષશ્રી : તમે બેસી જાઓ. ડો. જોષીયારા. હું ઉપયોગ કરું છું.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૧૫ દિવસમાં નામો તમે આપી દો. હું સરવે કરાવી દઇશ. અને જે નિર્ણય હશે તે પ્રમાણે કરીશું.(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : પોઝિટિવ એટિટ્યૂડ

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે જ્યોતિગ્રામ યોજનાનો અમલ ક્યારથી કરવામાં આવ્યો અને તે પહેલા વીજ જોડાણની શું પરિસ્થિતિ હતી?

ઉપાધ્યક્ષશ્રી : શક્તિસિંહજી, આપ બેઠા બેઠા નહિ બોલો. બેઠા બેઠા બોલશો નહીં.પ્લીઝ સીટ ડાઉન.

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ :એમને મેં જવાબ આપ્યો જ છે.

ઉપાધ્યક્ષશ્રી : નિમિષાબેનનો સવાલનો જવાબ આપો?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : રાજ્યમાં ૨૦૦૩ માં જ્યોતિગ્રામ યોજના શરૂ થઇ અને ૨૦૦૮ માં સંપૂર્ણ પૂરી થઇ. આ પહેલા જે વીજળી આપવામાં આવતી હતી તે ક્યારેય આવે અને કયારે જાય તે સ્થિતિ હતી. તેના કારણે ગ્રામ્ય વિસ્તાર ભાંગતા જતા હતા અને આ ભાંગતા જતા ગામને બચાવવા માટે રાજય સરકારે નવીનત્તમ પહેલ કરી છે. આખા ભારતમાં આ જયોતિગ્રામ યોજના દાખલ કરી છે. તેના કારણે આ ગામડાં ભાંગતા અટક્યા છે. ગામડાંમાં દરેક ઉદ્યોગ, દરેક કારીગરને ચોવીસ કલાક થ્રી ફેઇઝ વીજળી મળે તેનો આ જયોતિગ્રામમાં પ્રબંધ કરવામાં આવ્યો છે.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબતો જાણવા માગું છું. રેવન્યુ વીલેજીસ છે, તેમાં પરા કે ફળીયા તો ખરા જ. જયારે માનનીય સભ્યશ્રી કહે છે ત્યારે જવાબદારીપૂર્વક કહે છે. તેમણે લોકલ આપના ઓફિસર હોય તેમને લખીને આપેલ છે કે કયા કયા રેવન્યુ વીલેજીસમાં બાકી છે. ત્યારે પોલીટિકલ વાત કરવાને બદલે, ત્યાં રહેતો વ્યક્તિ કોઇ ભાજપ કોંગ્રેસનો નહીં બધા જ લોકો હોય છે.

ઉપાધ્યક્ષશ્રી : શક્તિસિંહજી, આપના સવાલ ઉપર આવો.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : મારો સવાલ એટલો જ છે કે આ રેવન્યુ વીલેજીસને રાજીવ ગાંધી વીજળીકરણ યોજનાનો મેકસીમમ લાભ લઇને જયોતિગ્રામ યોજના કરી અને તે પૈસા તેમાં વાપર્યા છે. ત્યારે આ જે ગામડાં બાકી રહી ગયા હોય તેને આપણે કેટલી સમય મર્યાદાની અંદર તથા અધિકારીને આપેલ છે તે સરકારને આપ્યા બરાબર છે. તો તેની વિગતો મેળવીને કેટલા સમયમાં આપણે પૂર્ણ કરીશું.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જોષીયારાજીએ નામો કહ્યા. અરે, ભાઇ તેમની ઉપર પ્રેમ વધારે આવી ગયો છે શું કરું.

ઉપાધ્યક્ષશ્રી : સામસામે પહેલી પાટલી ઉપર છે એટલે સાચવવું પડે.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે જવાબ માનનીય મંત્રીશ્રીએ આપ્યો છે તે જવાબદારીપૂર્વક આપ્યો છે. રેવન્યુ વીલેજીસ આખા રાજયની અંદર જેટલા ઓફીશીયલી નોંધાયેલા છે તે બધાને વીજળી આપી છે. તેમ છતાં સભ્યશ્રીની જે લાગણી છે તે નામો મને આજે આપી દે. હું પંદર દિવસની અંદર તે બધાનો ડીટેઇલમાં સરવે કરાવીને જે પ્રમાણે યોગ્ય લાગે તે અને નિયમોમાં આવતું હશે તે પ્રમાણે કરીશું. બીજું માનનીય સભ્યશ્રીએ રાજીવ ગાંધી વીજળી યોજનાની વાત કરી તો તે યોજના આવતાં પહેલાં આપણી જયોતિગ્રામ પૂરી થઇ ગઇ હતી. મારી વાત સાંભળો.

ઉપાધ્યક્ષશ્રી : ઓર્ડર ઓર્ડર પ્લીઝ. શક્તિસિંહજી. અંદર અંદર ચર્ચા ન કરો. માનનીય મંત્રીશ્રી જવાબ આપે છે. નોટ એટ ઓલ.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો જવાબ અધૂરો છે.

ઉપાધ્યક્ષશ્રી : સૌરભભાઇ તમે અહીં જોઇને જવાબ આપો. સામે જોવાનું બંધ કરો.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જયોતિગ્રામના પેરામીટર્સ હતા અને રાજીવ ગાંધી યોજનાના પેરામીટર્સ હતા. તેમાં જયોતિગ્રામ પૂરું થઇ ગયું તે પછી રાજીવ ગાંધી વીજળીકરણ યોજનાના રૂપિયા કેન્દ્ર સરકારમાંથી ગુજરાતને મળે તે આપણે સ્ટ્રેન્ધનીંગ માટે અને ઘરે ઘરે કનેકશન કઇ રીતે પહોંચાડીએ તે પ્રમાણે યોજનામાં ફેરફાર કરી તે લાભ તેમાંથી લીધો છે. તેને અને જયોતિગ્રામને કોઇ લાગતું વળગતું નથી.

## મહેસાણા જિલ્લામાં ખનિજ ચોરીના બનાવો

* ૧૭૧૦૧ શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય ખાણ-ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં | (૧) તા.૩૧-૧-૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં |

મહેસાણા જિલ્લામાં તાલુકાવાર ખનિજની ચોરીના કેટલા બનાવો નોંધાયા,

મહેસાણા જિલ્લામાં તાલુકાવાર ખનિજની ચોરીના બનાવોનું પત્રક નીચે મુજબ છે.

| અનુ. | તાલુકાનું નામ | ખનિજ ચોરીના કેસોની સંખ્યા |
|---|---|---|
| ૧ | વિજાપુર | ૧૪૯ |
| ૨ | કડી | ૧૭ |
| ૩ | સતલાસણા | ૦૮ |
| ૪ | ઉંઝા | ૨૫ |
| ૫ | વડનગર | ૦૫ |
| ૬ | ખેરાલુ | ૦૬ |
| ૭ | વિસનગર | ૩૧ |
| ૮ | મહેસાણા | ૩૪ |
| ૯ | બેચરાજી | ૪૬ |
| ૧૦ | જોટાણા | ૦૩ |

(૨) તે અન્વયે કેટલી રકમનો દંડ કર્યો અને કઇ કલમો હેઠળ કેટલા કેસો કરવામાં આવ્યા, અને

(૨) ખનિજ ચોરીના ૩૨૨ કેસોમાં ગુજરાત ખનિજ (ગેરકાયદે ખાણ, હેરફેર અને સંગ્રહ નિવારણ) ૨૦૦૫ ના નિયમો ૫, ૬ તથા ૮ ના ભંગ બદલ નિયમ ૧૪ અન્વયે કેસ સમાધાન કરી રૂ.૧૧૧.૯૪ લાખનો દંડ વસૂલવામાં આવેલ છે, જ્યારે ૦૨ કિસ્સામાં ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો–૨૦૧૦ ના નિયમ ૭૧ ના ભંગ બદલ પોલીસ ફરીયાદની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) જે ઇસમોને ખાણ લીઝ અપાયેલ છે તેવી વ્યક્તિઓ દ્વારા ખનિજ ચોરી થઇ હોય તો તેમના પરવાના સરકાર રદ કરવા માંગે છે કે કેમ ?

(૩) આવા ઇસમો પાસેથી ખનિજ કિંમતની વસૂલાત કરવા તથા શરતભંગ બદલના પગલા લેવામાં આવે છે જે રકમ ભરપાઇ કરવામાં નિષ્ફળ જાય તો લીઝ રદ કરવા સુધીના પગલાં ભરવામાં આવે છે.

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રીને પૂછવું છે કે, મહેસાણા જિલ્લામાં ખનિજ ચોરીના ૩૨૪ કેસ થયા છે. તેમાં મારા વિજાપુરમાં ૧૪૯ કેસ થયા છે તે વધારે છે અને દુઃખની બાબત છે. વિજાપુર તાલુકામાં સાબરમતી નદીના કિનારે ઘણા ગામો આવેલા છે તે ગામોમાં ખનિજ લેવા જતી ટ્રકો ચોવીસ કલાક ચાલે છે. આપણે ફકત દિવસ દરમ્યાન જ વાહનો જાય અને રાત્રે બંધ થાય તથા તેનું મેઇન કારણ એ છે કે રાત્રે ખેતીએ જઇને આવેલા માણસો સૂઇ શકતા નથી, છોકરાંઓ અભ્યાસ કરી શકતા નથી. ચોવીસ કલાક વાહનો ચાલે છે. આ બાર કલાક, આઠ કલાક નકકી કરવામાં આવે તો આ દુઃખ જતું રહે. બીજું જે ગામો રોડના જોડે હોય તે ગામોના રસ્તા ગામથી દૂર કરવા જોઇએ તેવી મારી માગણી છે. જે કેસો વિજાપુરમાં થયા છે અને તેમાં જે પરવાના આપવામાં આવ્યા છે તેમાં તે પરવાનેદારોને ગુનેગાર બનવાથી કેટલા પરવાના રદ કર્યા તે જાણવું છે.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી કે દિવસના જ ગાડીઓ ચલાવવી જોઇએ. રાત્રીના સમયે ન ચલાવવી જોઇએ. મારે નિયમો જોવા પડશે, નિયમોમાં શું જોગવાઇ છે અને તેની અંદર યોગ્ય થશે તો તેમના સૂચન પ્રત્યે વિચારી અને આગળ નિર્ણય લઇશ. બીજું રોડ તો આર એન્ડ બી નકકી કરતું હોય છે. તે નકકી કરે છે તેના પરથી ટ્રકો પસાર થાય છે. ત્રીજું કે પરવાનાની વિગત મારી પાસે છે નહીં કે કેટલા પરવાના બંધ કર્યા પરંતુ અમે લોકોએ જ્યાં જરૂર પડી, ચેકીંગની અંદર લાગે તો લીઝ પણ બંધ કરેલી છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છે કે, ખેડૂત બધી જગ્યાએ પિસાય છે, પહેલા કપાસમાં ટિપાણો અત્યારે બટાકામાં ટિપાય છે. પ્રશ્ન એ છે કે ખેડૂત પોતાના ઘર વપરાશ માટે નદીમાં રેતી ભરવા ટ્રેકટર લઇ જાય છે તો તેનો પણ દંડ ફટકારવામાં આવે છે એ સરકાર બંધ કરવા માગે છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખમાં જે રૂલ્સ બન્યા છે, નિયમો બન્યા છે તેમાં કોઇ પણ વ્યક્તિ હોય ૬ કરોડની જનતામાં એણે નિયમનું પાલન કરવું પડે અને નિયમ પ્રમાણે કરતા હશે તો કોઇ તકલીફ નહીં થાય.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, પેટા પ્રશ્ન ૩માં જવાબ આપ્યો છે કે, જે ખનિજ ચોરી કરે એની કિંમત લઇ શરત ભંગ બદલ પગલાં લઇ એનો દંડ પણ કરવામાં આવે છે એટલે ખનિજ ચોરીમાં મોટો ભ્રષ્ટાચાર ત્યાં જ થાય છે કોઇ પણ વ્યકિત લીઝ લે અને લીઝ લઇ પછી કરોડો રૂપિયાની ચોરી કરે એનો દંડ લઇ છોડી દેવામાં આવે છે અને ખરેખર એની લીઝ રદ કરવામાં આવતી નથી. તો આવા ખનિજ ચોરોની લીઝ રદ કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર અને રાજય સરકારનો જે કાયદો છે એ કાયદાના આધાર ઉપર આ નિયમો બને છે અને અગર કોઇ પકડાય એને નિયમ પ્રમાણે પેનલ્ટી લેવામાં આવે છે, પેનલ્ટી ન ભરે તો એની લીઝ રદ કરવામાં આવે છે. આજની તારીખમાં મહેસાણા જિલ્લાની અંદર આપણે ૨૦૧૩–૧૪માં ૨ બંધ કરી, ૨૦૧૪–૧૫માં જાન્યુઆરી સુધીમાં ૬ બંધ કરી એટલે કુલ ૮ લીઝ બંધ કરી છે, એટલે એવા પણ પગલાં આપણે લીધેલા છે.

તા. ૧૩મી માર્ચ, ૨૦૧૫

તારાંકિત પ્રશ્નો

શ્રી નારાયણભાઇ  લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગુ છું કે, મહેસાણા જિલ્લામાં કુલ કેટલી લીઝ આપેલી છે, અને એનું તબક્કાવાર ઇન્સ્પેકશન થાય છે કે કેમ? ઉંઝા તાલુકામાં જે કેસો થયા છે એનો દંડ કેટલો વસૂલ થયો એ જાણવા માગુ છું.

શ્રી સૌરભ  પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણાની અંદર જે ચાલુ લીઝ છે એની અંદર ૧૦૮ લીઝ છે એમાં ચાઇના કલેમાં ૧૨, બિલ્ડીંગ સ્ટોનમાં ૪૧, ઓર્ડિનરી સેન્ડમાં ૩૬, ગ્રેનાઇટમાં ૬, કોચમાં ૧૩ એમ કુલ ૧૦૮ લીઝ છે એમાં જે ઇન્સ્પેકશન કરવામાં આવેલ છે એમાં આ લીઝ છે એમાં ૨૦૧૨–૧૩માં ૭૬ લીઝનું ઇન્સ્પેકશન કરવામાં આવ્યું એમાં ૫૮ કેસમાં કંઇ મળ્યું નહીં, ૧૮ કેસમાં મળ્યું એને પેનલ્ટી કરી. ૨૦૧૩–૧૪માં ૭૭ કેસો હતા એમાં ૫૯ માં કંઇ ન મળ્યું ૧૮ કેસોમાં મળ્યું એને પેનલ્ટી કરી અને અત્યાર સુધી ૧૬ કેસોનું ઇન્સ્પેકશન કરવામાં આવ્યું છે અને એમાં ૧૩ કેસોની અંદર પેનલ્ટી કરવામાં આવી છે, એમ કુલ ૧૬૯ કેસો છે.

આણંદ જિલ્લામાં કૃષિ વિષયક વીજ બિલમાં રાહત આપવા બાબત

* ૧૬૬૬૪ શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય ઉર્જા મંત્રીશ્રી  જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧)  રાજ્ય સરકાર દ્ધારા કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બિલમાં કોઈ રાહત આપવામાં આવે છે કે કેમ, અને

(૨)  જો હા તો તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્ધારા આણંદ જિલ્લાના ખેડૂતોને વીજ બિલમાં રાહત માટે કેટલી સબસીડી આપવામાં આવી?

જવાબ

(૧)  નામદાર ગુજરાત વીજ નિયમન આયોગ દ્ધારા મંજુર થયેલ કૃષિ વિષયક વીજદરનો સંપૂર્ણ બોજો ખેડૂતો પર નાખવામાં આવતો નથી. પરંતુ આયોગ દ્ધારા નક્કી કરેલ વીજ દરો કરતા ઘણા ઓછા દરે ખેડૂતોને વીજળી આપવામાં આવે છે અને આ નિર્ણયના અમલીકરણ માટે રાજ્ય સરકાર ખેડૂતો વતી તફાવતની રકમ વીજ કંપનીઓને સબસીડીના સ્વરૂપે ચૂકવે છે.

આ ઉપરાંત, વીજ ઉત્પાદનમાં ભાવ વધારાના કારણે વીજ કંપનીઓને થતા વધારાના ખર્ચને પહોંચી વળવા માટે વીજ ગ્રાહકો પાસેથી નામદાર ગુજરાત વીજ નિયમન આયોગની ફોર્મ્યુલા મુજબ ફ્યુઅલ સરચાર્જની વસુલાત પણ ખેડુતોના કિસ્સામાં તેમની પાસેથી વસૂલ ન કરીને, તે અંગેની તફાવતની રકમ પણ રાજ્ય સરકાર ખેડૂતો વતી વીજ કંપનીઓને સબસીડીના સ્વરૂપે ચૂકવે છે.

આ ઉપરાંત તા.૯–૨–૨૦૧૫ના ઠરાવથી રાજ્ય સરકારશ્રી દ્ધારા ખેડૂતોને વીજ વપરાશના બિલમાં નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ માટે તેમના વીજબિલની ૫૦% રકમ રાહત તરીકે આપવાનું ઠરાવેલ છે.

(૨)  છેલ્લા બે નાણાંકીય વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્ધારા આણંદ જિલ્લાનાં ખેડૂતોને વીજ બિલમાં આપવામાં આવેલ સબસીડીનું પત્રક આ સાથે સામેલ છે.

પત્રક (રૂ. કરોડમાં)

| અ.નં. | વિગત | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ (ડિસેમ્બર સુધી) |
|---|---|---|---|
| ૧ | હોર્સ પાવર આધારિત વીજ દરો માટે સહાયકી | ૧૫.૧૯ | ૧૦.૨૩ |
| ૨ | જીઇઆરસી વીજ દરમાં રાહત માટે સહાયકી | ૮.૦૬ | ૪.૧૮ |
| ૩ | બળતણ ખરીદ તથા વીજળી ખરીદી માટે સહાયકી | ૧૭.૯૩ | ૧૩.૯૫ |
| ૪ | ખેતીવાડી ગ્રાહકોને વીજ બિલમાં ૫૦% રાહત | – | ૫.૩૩ |
|  | કુલઃ– | ૪૧.૧૮ | ૩૩.૬૯ |

શ્રી સંજયકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી,

ઉપાધ્યક્ષશ્રી : પ્રશ્નોતરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો
તરાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ
અમરેલી શહેરમાં એરસ્ટ્રીપ મંજુર કરવા બાબત

* ૧૫૯૮૫ શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ અમરેલી શહેરમાં આવેલ એરસ્ટ્રીપ ક્યારે મંજુર કરવામાં આવેલ હતું,

(૨) તેની માલિકી અને સંચાલન કોના મારફતે કરવામાં આવે છે,

(૩) આ એરસ્ટ્રીપને હવાઇ મુસાફરી માટે કાયમી કાર્યાન્વિત કરવા માટે શું આયોજન કરવામાં આવેલ છે, અને

(૪) આ એરસ્ટ્રીપ થી નાગરિક આવાગમનની સુવિધા કેટલા સમયમાં પ્રાપ્ત થશે ?

જવાબ

(૧) જુના દેશી રજવાડાના વખતમાં અમરેલી શહેરમાં એરસ્ટ્રીપ બનાવવામાં આવેલ.

(૨) અમરેલી એરસ્ટ્રીપ ગુજરાત સરકારની માલિકીની છે. વિમાનના ઉતરાણ અને ઉડાનની પરવાનગી કલેકટરશ્રી અમરેલી દ્વારા આપવામાં આવે છે. આ એરસ્ટ્રીપની મરામત અને જાળવણીની કામગીરી માર્ગ અને મકાન વિભાગ અમરેલી દ્વારા કરવામાં આવે છે.

(૩) અને (૪)
અમરેલી એરસ્ટ્રીપ ઉપર હાલમાં નાના વિમાનો તેમજ હેલિકોપ્ટરનું ઉડ્ડયન અને ઉતરાણ થઇ શકે છે.

રાજ્યનું જાહેર દેવું

* ૧૬૨૦૪ શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યનું જાહેર દેવું કેટલું, અને

(૨) આ જાહેર દેવા પેટે રાજ્ય સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની વ્યાજની ચૂકવણી કરવામાં આવી?

જવાબ

(૧)

| ૧ | ટંકારા | ૧ | ૧ |
| ૨ | મોરબી | ૧ | ૫ |
| ૩ | વાંકાનેર | ૧ | ૭ |
| ૪ | હળવદ | ૨ | ૪ |
| | કુલ | ૫ | ૧૭ |

ખેડા અને મહીસાગર જિલ્લામાં મુખ્ય ખનિજની માઈનીંગ લીઝો

* ૧૬૩૮૪ શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને મહીસાગર જિલ્લામાં મુખ્ય ખનિજની માઈનીંગ લીઝ માટે કેટલી અરજીઓ રાજ્ય સરકાર પાસે કેટલા સમયથી પડતર છે,

(૨) આ અરજીઓ પડતર રહેવાના કારણો શા છે, અને

(૩) આ અરજીઓ ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ખેડા જિલ્લાની ૫૪ અને મહીસાગર જિલ્લાની ૪૫ મુખ્ય ખનિજની માઈનીંગ લીઝ અરજીઓ અલગ અલગ સમયથી પડતર છે.

(૨) (૧) મહેસૂલી/તાંત્રિક/વન ખાતાના અભિપ્રાયો બાકી હોવાથી.
(૨) સરકારી જમીનમાં મુખ્ય ખનિજની માઈનીંગ લીઝો જાહેર હરાજીથી આપવાની નીતિ વિચારણા હેઠળ હોવાથી.
(૩) કેન્દ્ર સરકારની મંજુરીની પ્રક્રિયા ચાલુ હોવાથી.

(૩) ભારત સરકાર દ્વારા તા. ૧૨–૧–૧૫થી અમલી બને તે રીતે મુખ્ય ખનિજના એમ.એમ.ડી.આર એક્ટ ૧૯૫૭ની જોગવાઈઓમાં સુધારો કરવા વટહુકમ બહાર પાડવામાં આવેલ છે.

સદર નોટીફીકેશનમાં નવી ઉમેરવામાં આવેલ કલમ ૧૦(એ) ૧ મુજબ એમએમડીઆર એક્ટ, ૧૯૫૭ના સેકશન ૧૧(એ) હેઠળ મળેલ હોય તે સિવાયની મળેલ તમામ અરજીઓ અવૈદ્ય ઠરેલ છે તેથી તે ધ્યાને લઈ પડતર અરજીઓનો નિકાલ કરવામાં આવશે.

બનાસકાંઠા જિલ્લામાં સ્વરોજગાર યોજના હેઠળ શિક્ષિત બેરોજગારોની અરજીઓ

* ૧૬૭૬૨ શ્રી કાન્તીભાઈ કા. ખરાડી (દાંતા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર સ્વરોજગાર યોજના હેઠળ કેટલા શિક્ષિત બેરોજગારોની અરજીઓ તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળી,

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર સ્વરોજગાર યોજના હેઠળ તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ અગાઉની પડતર સહીત બે વર્ષમાં નીચે મુજબ શિક્ષિત બેરોજગારોની અરજીઓ આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ૧-૨-૧૩ થી ૩૧-૧-૧૪ | ૧-૨-૧૪ થી ૩૧-૧-૧૫ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૭૭૩ | ૮૩૮ | ૧૬૧૧ |
| ૨ | વડગામ | ૫૪૩ | ૪૧૯ | ૯૬૨ |
| ૩ | અમીરગઢ | ૧૮૭ | ૧૫૨ | ૩૩૯ |
| ૪ | દાંતા | ૨૫૦ | ૩૦૧ | ૫૫૧ |
| ૫ | દાંતીવાડા | ૧૨૬ | ૧૨૧ | ૨૪૭ |
| ૬ | ડીસા | ૬૨૭ | ૩૪૪ | ૯૭૧ |
| ૭ | ધાનેરા | ૨૬૮ | ૨૧૧ | ૪૭૯ |
| ૮ | થરાદ | ૨૬૪ | ૨૭૬ | ૫૪૦ |
| ૯ | વાવ | ૩૧૦ | ૧૩૩ | ૪૪૩ |
| ૧૦ | દિયોદર | ૯૭ | ૧૦૦ | ૧૯૭ |
| ૧૧ | ભાભર | ૮૦ | ૯૩ | ૧૭૩ |
| ૧૨ | કાંકરેજ | ૨૨૧ | ૧૪૮ | ૩૬૯ |
| ૧૩ | લાખણી | ૦ | ૯૨ | ૯૨ |
| ૧૪ | સુઇગામ | ૦ | ૬૫ | ૬૫ |
| | કુલ | ૩૭૪૬ | ૩૨૯૩ | ૭૦૩૯ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને તે પૈકી કેટલી સહાય ચુકવવામાં આવી, અને

(૨) તે પૈકી નીચે મુજબ અરજીઓ મંજુર કરવામાં આવી અને સહાય ચૂકવવામાં આવી.

| વર્ષ | મંજુર કરેલ અરજીઓની સંખ્યા | કુલ સહાય (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧-૨-૧૩ થી ૩૧-૧-૧૪ | ૧૧૪૧ | ૧૪૬.૧૧ |
| ૧-૨-૧૪ થી૩૧-૧-૧૫ | ૧૨૨૭ | ૧૬૭.૦૫ |
| કુલ | ૨૩૬૮ | ૩૧૩.૧૬ |

(૩) કેટલી અરજીઓ ના મંજુર કરવામાં આવી તેના કારણો શા છે અને કેટલી અરજીઓ પડતર છે તેના કારણો શા છે ?

(૩) વર્ષ ૨૦૧૩ અને ૨૦૧૪માં ના મંજૂર અને પડતર અરજીઓ નીચે મુજબ છે.

| વર્ષ | ના મંજુર અરજીઓ | પડતર રહેલ અરજીઓ |
|---|---|---|
| ૧-૨-૧૩ થી ૩૧-૧-૧૪ | ૧૯૬૫ | ૧૮૪૫ |
| ૧-૨-૧૪ થી૩૧-૧-૧૫ | ૧૬૪૭ | ૦ |
| કુલ | ૩૬૧૨ | ૧૮૪૫ |

ઉક્ત સ્થિતિએ પડતર રહેલ અરજીઓના કારણો નીચે મુજબ છે.

(૧) ઉક્ત સ્થિતિએ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ પડતર રહેવાના કારણો નીચે મુજબ છે.

૧. અરજદાર કચેરીમાં સાધનીક પુરવા સાથે ચકાસણી અર્થે હાજર ન રહેવાથી.

૨. ધંધાના સ્થળનો આધાર રજુ કરેલ ન હોવાથી

૩. અરજદારે અરજી સાથે સાધનિક કાગળો સામેલ ન કરેલ હોવાથી.

ઉક્ત સ્થિતિએ ના મંજુર કરેલ અરજીઓના કારણો નીચે મુજબ છે.

(૨) ઉક્ત સ્થિતિએ બેંક કક્ષાએ પડતર રહેવાના કારણો નીચે મુજબ છે.

૧. અરજદાર બેંકમાં હાજર ન રહેવાથી.

૨. લાભાર્થી બાકીદાર હોય/કુટુંબ બાકીદાર હોવાથી

૩. બેંકનો લક્ષ્યાંક પુર્ણ થવાથી.

૪. અરજદારે અગાઉ લાભ લીધેલ હોવાથી.

૫. ધંધો અર્થક્ષમ ન હોવાના કારણે.

૬. એકજ પ્રકારના ધંધા વારંવાર આવતા હોવાથી.

કચ્છ જિલ્લામાં અલ્ટ્રાટેક સીમેન્ટ કંપની દ્વારા ખનિજ ચોરી

* ૧૫૫૦૩ શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં આવેલ અલ્ટ્રાટેક સીમેન્ટ કંપની દ્વારા ગેરકાયદેસર રીતે વ્યાપક ખનિજ ચોરીઓ થાય છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૧) ના, જી. આવી કોઈ ખનિજ ચોરી ધ્યાને આવેલ નથી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારે કેટલી રકમની ખનિજ ચોરી પકડી અને જવાબદારો સામે સરકારે શાં પગલાં લઈ કઈ કલમો લગાવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

પંચમહાલ જિલ્લામાં એ.ટી.વી.ટી. યોજના હેઠળ ફાળવેલ રકમ

* ૧૬૬૮૮ શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય આયોજન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો (એ.ટી.વી.ટી.) યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન પંચમહાલ જિલ્લાને કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, | (૧) રૂ. ૧૩૧૨.૦૪ લાખ. |
| (૨) આ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને | (૨) રૂ. ૯૧૩.૨૪ લાખ. |
| (૩) આ ફાળવેલ ગ્રાન્ટ સામે કેટલાં કામો મંજૂર થયેલ છે અને કેટલાં કામો પૂર્ણ થયેલ છે ? | (૩) આ ફાળવેલ ગ્રાન્ટ સામે કુલ ૧૨૯૨ કામો મંજૂર થયેલ છે અને કુલ ૮૮૧ કામો પૂર્ણ થયેલ છે. |

મહીસાગર જિલ્લાના માનગઢ હીલને પ્રવાસન ધામ તરીકે વિકસાવવાની કાર્યવાહી

* ૧૫૬૪૧ શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના માનગઢ હીલને પ્રવાસન ધામ તરીકે વિકસાવવા માટેની કોઈ કાર્યવાહી ચાલે છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત કાર્યવાહી કયા તબક્કે છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ક્યાં સુધીમાં માનગઢ હીલને પ્રવાસન ધામમાં સમાવેશ કરી અને વિકસાવવામાં આવશે ? | (૩) જિલ્લા કલેકટરશ્રી પાસેથી દરખાસ્ત મળશે તો યોગ્ય વિચારણા કરવામાં આવશે. |

રાજ્યમાં ફ્યુઅલ ચાર્જ અને સરચાર્જ વધારવા બાબત

* ૧૭૫૩૫ ર્ડા. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ફ્યુઅલ ચાર્જ અને સરચાર્જ કેટલા વખત વધારવામાં આવ્યો, અને | (૧) નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે મંજૂર કરેલ ફ્યુઅલ એડજસ્ટમેન્ટ ચાર્જ વસૂલવાની પધ્ધતિ અનુસાર દર ત્રણ મહીને ગણતરી કરીને વધઘટ મુજબ ફ્યુઅલ એડજસ્ટમેન્ટ ચાર્જ વસુલાય છે. તા. ૩૧–૦૧–૨૦૧૫ની |

સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વસુલાયેલ ફ્યુઅલ એડજસ્ટમેન્ટ ચાર્જ રૂ પ્રતિ યુનિટની વિગત નીચે મુજબ છે.

| ત્રિમાસિક ગાળો | વસુલાત કરેલ ફ્યુઅલ ચાર્જ (રૂ પ્રતિ યુનિટ) | વધારો/ (ઘટાડો) (રૂ પ્રતિ યુનિટ) |
|---|---|---|
| જાન્યુઆરી–માર્ચ–૨૦૧૩ | ૧.૧૮ | – |
| એપ્રિલ–જુન–૨૦૧૩ | ૧.૦૫ | (૦.૧૩) |
| જુલાઈ–સપ્ટેમ્બર–૨૦૧૩ | ૧.૦૦ | (૦.૦૫) |
| ઓક્ટોબર–ડીસેમ્બર–૨૦૧૩ | ૧.૧૦ | ૦.૧૦ |
| જાન્યુઆરી–માર્ચ–૨૦૧૪ | ૧.૨૨ | ૦.૧૨ |
| એપ્રિલ–જુન–૨૦૧૪ | ૧.૧૦ | (૦.૧૨) |
| જુલાઈ–સપ્ટેમ્બર–૨૦૧૪ | ૧.૨૦ | ૦.૧૦ |
| ઓક્ટોબર–ડીસેમ્બર–૨૦૧૪ | ૧.૩૦** | ૦.૧૦ |
| જાન્યુઆરી–માર્ચ–૨૦૧૫ | ૧.૬૫++ | ૦.૩૫ |

** ગણતરી પ્રમાણે ફ્યુઅલ એડજસ્ટમેન્ટ ચાર્જ રૂ. ૧.૫૭/ યુનિટ ની સામે રૂ. ૧.૩૦ /યુનિટની વસુલાત કરેલ તથા બાકી રહેલ રૂ. ૦.૨૭/ યુનિટની વસુલાત તે પછીના ત્રિમાસિક ગાળામાં માન. આયોગની મંજુરી મળ્યા બાદ કરેલ

++ ગણતરી પ્રમાણે ફ્યુઅલ એડજસ્ટમેન્ટ ચાર્જ રૂ. ૧.૩૮/ યુનિટની સામે આગલા ત્રિમાસિક ગાળાનાં બાકી રહેલ રૂ. ૦.૨૭ /યુનિટ માટે માન. આયોગની મંજુરી મળ્યા બાદ કુલ રૂ. ૧.૬૫/ યુનિટની વસુલાત કરેલ.

અત્રે ઉલ્લેખનીય છે કે, ફ્યુઅલ સરચાર્જની રકમ ખેતી વિષયક ગ્રાહકો પાસેથી મેળવવાના બદલે, રાજ્ય સરકાર સદર ફ્યુઅલ સરચાર્જની રકમ વીજ વિતરણ કંપનીઓ ને સબસિડી રૂપે ચુકવે છે.

(૨) તે અન્વયે રાજ્ય સરકારને વર્ષવાર કેટલી આવક થઈ ?

(૨) તે અન્વયે રાજ્ય સરકારને કોઈ આવક થઈ નથી. વીજ દર નક્કી થયા બાદ વિજ દરમાં બળતણ અને પરિવહન ખર્ચ, ટેક્ષ, ડયુટીના વધારા/ઘટાડાને સરભર કરવા માટે વિજ વિતરણ કંપનીઓ દ્બારા નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે મંજૂર કરેલ ફ્યુઅલ એડજસ્ટમેન્ટ ચાર્જની પધ્ધતિ અનુસાર વર્ષ ૨૦૧૩માં રૂ. ૪૭૮૨ કરોડ તથા વર્ષ ૨૦૧૪માં રૂ. ૫૭૭૧ કરોડ મેળવવામાં આવેલ છે.

તદઉપરાંત, રાજ્ય સરકારે કૃષિ વિષયક ગ્રાહકો વતી ફ્યુઅલ સરચાર્જ પેટે વર્ષ ૨૦૧૩ માટે રૂ ૧૬૬૦ કરોડ અને વર્ષ ૨૦૧૪ (સપ્ટે–૧૪ સુધી) માટે રૂ ૧૩૧૫ કરોડનો બોજ ઉપાડેલ છે. તેથી કૃષિ વિષયક ગ્રાહકો પર ફ્યુઅલ સરચાર્જ પેટે કોઈ આર્થિક બોજ પડેલ નથી.

નાગરિક ઉડ્ડયન પ્રભાગ અને તાબા હેઠળની નિયામકની કચેરીનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ

* ૧૬૨૦૭ શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

રાજ્યમાં નાગરિક ઉડ્ડયન પ્રભાગ અને તેના તાબા હેઠળની નિયામકની કચેરીમાં તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ સંવર્ગવાર કુલ મંજુર થયેલ મહેકમ કેટલું છે તથા તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલી છે, અને કેટલી જગ્યાઓ

જવાબ

રાજ્યમાં નાગરિક ઉડ્ડયન પ્રભાગ અને તેના તાબા હેઠળની નિયામકશ્રીની કચેરીમાં તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ સંવર્ગવાર કુલ મંજુર થયેલ મહેકમ, તે પૈકી ભરાયેલી જગ્યાઓ અને ખાલી જગ્યાઓની માહિતી નીચે દર્શાવેલ છે.

કેટલા સમયથી ખાલી છે?

| સંવર્ગનું નામ | મંજુર થયેલ જગ્યાની સંખ્યા | ભરાયેલ જગ્યાની સંખ્યા | ખાલી જગ્યાની સંખ્યા | ખાલી જગ્યા કઈ તારીખથી ખાલી છે તેની વિગત |
|---|---|---|---|---|
| ઉદ્યોગ અને ખાણ વિભાગના નાગરીક ઉડ્ડયન પ્રભાગ | | | | |
| વર્ગ–૧ | ૨ | ૧ | ૧ | તા.૨૮–૦૨–૨૦૧૪ થી ખાલી છે. |
| વર્ગ–૨ | ૧ | ૧ | ૦ | – |
| વર્ગ–૩ | ૨ | ૨ | ૦ | – |
| વર્ગ–૪ | ૧ | ૧ | ૦ | – |
| નિયામક, નાગરીક ઉડ્ડયનની કચેરી | | | | |
| વર્ગ–૧ | ૧ | ૧ | ૦ | – |

બનાસકાંઠા જિલ્લામાં મારબલ અને ગ્રેનાઈટની લીઝો રીન્યુઅલ કરવા

* ૧૭૪૫૨ શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રક્ષિત જંગલ અને અભિયારણ્યથી ૫ કિ.મી.ની ત્રિજ્યામાં આવતી મારબલ અને ગ્રેનાઈટ કેટલી લીઝો બનાસકાંઠા જિલ્લામાં રીન્યુઅલ કરવા માટે મળી છે,

(૨) તે પૈકી કેટલી લીઝો રીન્યુઅલ કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી છે,

(૩) રીન્યુઅલ ન થયેલ લીઝોમાં મારબલ તથા ગ્રેનાઈટ ગેરકાયદે ખનન ન થાય તે માટે શી વ્યવસ્થા કરવામાં આવી છે, અને

(૪) રાજ્ય કક્ષાએથી આવી લીઝોનું ક્યારે ક્યારે ચેકીંગ કોના દ્વારા કરવામાં આવ્યું છે ?

જવાબ

(૧) માર્બલ ખનિજની ૦૪ અને ગ્રેનાઈટ ૦૧ લીઝો રીન્યુઅલ કરવા માટે મળી છે.

(૨) તે પૈકી કોઈ લીઝ રીન્યુઅલ મંજૂર/નામંજૂર કરવામાં આવેલ નથી.

(૩) લીઝની રીન્યુઅલ અરજી મળેલ હોઈ, નિયમ મુજબ સક્ષમ અધિકારીનો હુકમ ન થાય ત્યાં સુધી લીઝ ચાલુ રહે છે તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) રાજ્ય કક્ષાએથી ફ્લાઈંગ સ્કવોડ ગાંધીનગર દ્વારા રીન્યુઅલ અરજી મળેલ ૦૫ લીઝ પૈકી ૦૧ લીઝનું તા.૦૧–૧૧–૨૦૧૪ના રોજ ઈન્સ્પેકશન કરવામાં આવેલ છે.

બનાસકાંઠા જિલ્લામાં કૃષિ તત્કાલ વિજ જોડાણની મળેલ અરજીઓ

* ૧૭૪૨૫ શ્રી જોઈતાભાઈ ક. પટેલ(ધાનેરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાદીઠ કૃષિ તત્કાલ વિજ જોડાણ અંતર્ગત કેટલી અરજીઓ મળી,

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકા દીઠ કૃષિ તત્કાલ વિજજોડાણ અંતર્ગત મળેલ અરજીઓની વિગતો નીચે પ્રમાણે છે.

| તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|
| અમીરગઢ | ૯૩ |
| ભાભર | ૩૮ |
| દાંતા | ૦ |
| દાંતીવાડા | ૩૬૧ |
| ડીસા | ૪૫૧ |
| દીઓદર | ૧૬૫ |
| ધાનેરા | ૪૦૧ |
| કાંકરેજ | ૮૧ |
| લાખાણી | ૨૧૫ |
| પાલનપુર | ૩૮૨ |
| સુઈગામ | ૦ |

| | |
|---|---|
| થરાદ | ૩૬૨ |
| વડગામ | ૩૩૯ |
| વાવ | ૦ |

(૨) તે પૈકી કેટલી મંજુર કરી વિજ જોડાણ ચાલુ કરાયાં, અને

(૩) બાકીની અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરાશે ?

(૨) અને (૩) (અ) બનાસકાંઠા જિલ્લામાં તત્કાલ કૃષિ વીજજોડાણ માટે મળેલ કુલ ૨૮૮૮ અરજીઓ પૈકી ૭૬૩ અરજીઓ રદ થયા બાદ બાકી રહેલ તમામ અરજદારોને અંદાજપત્ર પાઠવવામાં આવેલ.

(બ) જે પૈકી અંદાજપત્રની રકમ ભરપાઈ થયેલ ૧૯૧૪ અરજીઓમાંથી ૧૮૯૫ની કામગીરી પૂર્ણ કરી ૧૭૨૨ વીજ જોડાણ ચાલુ કરવામાં આવેલ છે, ૧૭૩ અરજદારો તરફથી ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીનું ટ્રાયલ રન સર્ટીફીકેટ રજુ થયેથી વીજજોડાણ ચાલુ કરવામાં આવશે.

(ક) ૧૮ અરજીઓના કામ પ્રગતિમાં છે. અને એક કિસ્સામાં કોર્ટ કેસ થયેલ હોઈ પડતર રહેલ છે.

(ડ) જ્યારે ૧૬૬ અરજીઓ પરત્વે અરજદારોના ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની સાથે ચતુર્થપક્ષી કરાર થયા બાદ તેમના દ્વારા અંદાજપત્રની રકમ ભરપાઈ થયેથી વીજજોડાણની કાર્યવાહી હાથ ધરી શકાશે.

## ખાનગી વીજ ઉત્પાદક પાસેથી વીજળી ખરીદવા બાબત

* ૧૫૫૦૯ શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા ખાનગી વીજ ઉત્પાદક પાસેથી કેટલી વીજળી શા ભાવે પ્રતિ યુનિટ ખરીદવામાં આવી ?

જવાબ

છેલ્લા બે વર્ષમાં ગુજરાત ઉર્જા વિકાસ નિગમ દ્વારા લાંબા ગાળાના વીજ ખરીદી કરારો અનુસાર, ખાનગી વીજ ઉત્પાદકો પાસેથી કરવામાં આવેલ વીજળી ખરીદી તથા તેના ભાવની વિગતો નીચે મુજબ છે.

| ખાનગી સાહસો | ૨૦૧૩ | | ૨૦૧૪ (પ્રોવિઝનલ) | |
|---|---|---|---|---|
| | મી. યુ. | રૂ./ યુનિટ | મી. યુ. | રૂ./ યુનિટ |
| એસ્સાર પાવર લીમીટેડ | ૨૫ | ૪.૮ | – | – |
| એસ્સાર પાવર ગુજરાત લીમીટેડ | ૫૫૧૨ | ૨.૯૬ | ૫૩૪૨ | ૩.૦૪ |
| ચાઈના લાઈટ એન્ડ પાવર ઈન્ડીયા પ્રાઈવેટ લી. | ૨૮૭ | ૫.૧૫ | ૨૬૪ | ૪.૪ |
| અદાણી પાવર લીમીટેડ | ૧૨૧૫૫ | ૨.૮૮ | ૧૪૦૮૦ | ૨.૬૪ |
| એ.સી.બી. (ઈન્ડીયા) લી. | ૧૩૪૫ | ૨.૧ | ૧૩૦૬ | ૨.૦૫ |
| કોસ્ટલ ગુજરાત પાવર કંપની લિ | ૯૦૮૧ | ૨.૬૮ | ૧૧૫૭૩ | ૨.૪૪ |
| કેપ્ટીવ પાવર પ્લાન્ટસ | ૨૯ | ૨.૪૧ | ૨૫ | ૨.૪ |

## વાંકાનેર તાલુકામાં કૃષિ વીજ જોડાણની પડતર અરજીઓ

* ૧૭૪૪૦ શ્રી મહમદજાવીદ અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાના તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કૃષિ વીજ જોડાણ મેળવવા માંગતા ખેડૂતોની કેટલી અરજીઓ પડતર છે, અને | (૧) મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાની તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કૃષિ વીજ જોડાણ માટેની ૬૨૩૫ અરજીઓ પડતર છે. |
| (૨) પડતર અરજીનો નિકાલ ક્યાં સુધી કરવામાં આવશે? | (૨) કૃષિ વીજ જોડાણ, અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવતા હોય છે. કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ધ્યાને લઈને અગ્રતાક્રમ મુજબ તમામ પડતર અરજીઓનો શક્ય તેટલી ઝડપથી નિકાલ કરી શકય તેટલા વધુ વીજ જોડાણ આપવાનું આયોજન છે. |

## છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં સ્વરોજગારીના કેસો

* ૧૫૫૩૨ શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં તાલુકાવાર સ્વરોજગારીના કેટલા કેસો છેલ્લા બે વર્ષમાં આવ્યા, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં તાલુકાવાર સ્વરોજગારીના નીચે જણાવ્યા મુજબ કેસો છેલ્લા બે વર્ષમાં આવ્યા. |

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | પાવીજેતપુર | ૯૦૨ | ૭૬૨ | ૧૬૬૪ |
| ૨ | છોટાઉદેપુર | ૭૯૦ | ૭૯૨ | ૧૫૮૨ |
| ૩ | કવાંટ | ૧૦૦૦ | ૬૪૮ | ૧૬૪૮ |
| ૪ | સંખેડા | ૬૭૮ | ૭૭૦ | ૧૪૪૮ |
| ૫ | બોડેલી | ૦ | ૩૧૫ | ૩૧૫ |
| ૬ | નસવાડી | ૫૦૭ | ૫૪૫ | ૧૦૫૨ |
| | કુલ | ૩૮૭૭ | ૩૮૩૨ | ૭૭૦૯ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી કેટલા મંજૂર થયા, અને | (૨) તે પૈકી વર્ષ ૨૦૧૩ અને ૨૦૧૪ નીચે જણાવ્યા મુજબ કેસો મંજૂર થયા. |

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | પાવીજેતપુર | ૫૭૧ | ૩૨૮ | ૮૯૯ |
| ૨ | છોટાઉદેપુર | ૫૦૧ | ૪૫૩ | ૯૫૪ |
| ૩ | કવાંટ | ૪૫૦ | ૩૩૭ | ૭૮૭ |
| ૪ | સંખેડા | ૪૬૩ | ૩૯૧ | ૮૫૪ |
| ૫ | બોડેલી | ૦ | ૧૪૭ | ૧૪૭ |
| ૬ | નસવાડી | ૩૯૬ | ૪૨૯ | ૮૨૫ |
| | કુલ | ૨૩૮૧ | ૨૦૮૫ | ૪૪૬૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) તેમને આપવામાં આવેલ સાધન સામગ્રી પૈકી કેટલા લાભાર્થીઓને આપેલ છે અને તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલાને આપવામાં આવેલ નથી ? | (૩) ઉક્ત પૈકી સાધન સામગ્રીની વિગત નીચે મુજબ છે. |

| અ.નં. | તાલુકાનું નામ | માનવ કલ્યાણ યોજના હેઠળ આપેલ સાધન સામગ્રી | | માનવ કલ્યાણ યોજના હેઠળ બાકી સાધન સામગ્રી | |
|---|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | પાવીજેતપુર | ૩૯૨ | ૨૦૦ | ૦ | ૦ |
| ૨ | છોટાઉદેપુર | ૩૪૬ | ૩૪૯ | ૦ | ૮ |
| ૩ | કવાંટ | ૩૬૨ | ૨૮૭ | ૦ | ૧૦ |
| ૪ | સંખેડા | ૩૦૧ | ૨૮૮ | ૦ | ૦ |
| ૫ | બોડેલી | ૦ | ૧૩૦ | ૦ | ૦ |
| ૬ | નસવાડી | ૨૮૪ | ૩૨૮ | ૦ | ૦ |
| | કુલ | ૧૬૮૫ | ૧૫૮૨ | ૦ | ૧૮ |

*ઉકત ૧૮ બાકી કીટોનું તા.૯-૧-૨૦૧૫ના રોજ લાભાર્થીઓને વિતરણ કરવામાં આવેલ છે.

### આણંદ જિલ્લામાં ઘેર ઘેર પાઇપ લાઈન દ્વારા ગેસ આપવાની મંજૂરી

* ૧૫૯૬૫ શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(બોરસદ) : માનનીય પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર ઘેર ઘેર પાઇપ લાઈન દ્વારા ગેસ આપવાની મંજૂરી ક્યારે આપવામાં આવી, અને

(૨) ઉકત સ્થિતિએ કાર્યવાહી ક્યા તબક્કે છે, અને કેટલા સમયમાં આ કામ પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) અને (૨) : કોઈપણ વિસ્તારમાં ગેસ વિતરણ માટે પાઈપલાઇન નાંખવા માટે પેટ્રોલીયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ એકટ, ૨૦૦૬ અને તે હેઠળના રેગ્યુલેશન્સ, ૨૦૦૮ અન્વયે પી.એન.જી.આર.બી. બોર્ડ, નવી દિલ્હીનું ઓથોરાઈઝેશન ફરજીયાત છે.

આણંદ જિલ્લામાં આણંદ અને તેની આસપાસના ગામડાં વિદ્યાનગર, માંગરી, ગાના, કરમસદ, બાકરોલ, કણજરી, લાંભવેલ, વઘાસી, હાડગુડ, ચિખોદરા, જીટોડીયામાં ૧૯૯૯ થી એટલે કે પી.એન.જી.આર.બી. એકટ અમલમાં આવ્યો તે અગાઉથી ચરોત્તર ગેસ સહકારી મંડળી દ્વારા ગેસ પૂરો પાડવામાં આવે છે. જ્યારે જીએસપીસી ગેસ દ્વારા પી.એન.જી.આર.બી. ની મંજૂરીની અપેક્ષાએ ૨૦૦૮ થી તબક્કાવાર ખંભાત, પેટલાદ, બોરસદ તેમજ સોજીત્રા તાલુકાના ગામોમાં ગેસ પૂરો પાડવામાં આવે છે.

જીએસપીસી ગેસ કપંનીની આણંદમાં ખંભાત જીયોગ્રાફીકલ એરીયામાં ઓથોરાઈઝેશન માટેની અરજી પી.એન.જી.આર.બી. એ વર્ષ ૨૦૧૧ માં નામંજૂર કરેલ છે.

આ કારણે હવે આ વિસ્તારમાં પી.એન.જી.આર.બી. તરફથી જ્યારે બીડ મંગાવવામાં આવશે ત્યારે સફળ બીડર કંપની દ્વારા બાકીના ગામોમાં અને બાકીના અરજદારોને ગેસ વિતરણ કરવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### જસદણ-વિછીંયા સહિત રાજકોટ જિલ્લામાં પવનચક્કીની મંજૂરી

* ૧૬૧૬૯ શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર વિન્ડફાર્મ (પવનચક્કી) ના કેટલા પોઈન્ટને મંજૂરી આપવામાં આવી,

**જવાબ**

(૧) તા.૩૧-૧-૧૫ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં નીચે મુજબના તાલુકામાં વિન્ડફાર્મ માટે જુદી જુદી કંપનીઓને ૨૦ વર્ષના ભાડાપટ્ટાથી કુલ ૫૯૫ પોઈન્ટ (સ્થળોએ) જમીન ફાળવવામાં આવેલ છે.

| તાલુકાનું નામ | પોઈન્ટ |
|---|---|
| જામકંડોરણા | ૫ |
| ઉપલેટા | ૮૩ |
| કોટડાસાંગાણી | ૪૦ |
| જસદણ | ૨૬૯ |
| વિછીંયા | ૬૪ |
| રાજકોટ તાલુકા | ૧૩૪ |

| કુલ | ૫૯૫ |
|---|---|

(૨) તે અન્વયે વિછીંયા તાલુકામાં સનાળા ગામે સરકારી હડફ કબૂતરી જમીનમાં વિન્ડફાર્મ ઊભું કરવા માટે ક્યારે અને કોના તરફથી મંજૂરી આપવામાં આવી, અને

(૨) જસદણ તાલુકાના (હાલ વિછીંયા) ના સનાળા ગામે હડફ, કબૂતરી જમીનમાં વિન્ડફાર્મ માટે કોઈ ને જમીન ફાળવેલ નથી.

(૩) મંજૂર થયેલા વિન્ડફાર્મ (પવનચક્કી) કેવા કેવા સ્થળોએ ઊભી કરવાની થાય છે ?

(૩) સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવોની જોગવાઈ મુજબ સરકારી જમીન ભાડાપટ્ટાથી વિન્ડફાર્મ માટે ફાળવવાની નીતિ છે.

બનાસકાંઠા જિલ્લામાં ઉદ્યોગો માટે ગેસનો પુરવઠો પૂરો પાડવા બાબત

* ૧૬૭૬૩ શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં નાના અને મધ્યમ ઉદ્યોગો માટે બળતણ માટે ગેસનો પૂરવઠો પૂરો પાડવામાં આવે છે કે કેમ, અને

(૧) કોઈપણ વિસ્તારમાં ગેસ પૂરવઠો પૂરો પાડવા માટે પેટ્રોલીયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ, નવી દિલ્હીનું ઓથોરાઈઝેશન જરૂરી છે. બનાસકાંઠા જિલ્લામાં ગેસ વિતરણ નેટવર્કની સ્થાપના માટે સ્પર્ધાત્મક બીડીંગની પ્રક્રિયા પી.એન.જી.આર.બી. એ તાજેતરમાં શરૂ કરેલ છે. તે પૂર્ણ થયેથી સફળ બીડર દ્વારા બનાસકાંઠા જિલ્લામાં ગેસ પૂરો પાડવામાં આવશે. હાલ ગેસ પૂરવઠો અપાતો નથી.

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા ઉદ્યોગને સરેરાશ કેટલો ગેસનો દૈનિક જથ્થો શા ભાવે પૂરો પાડવામાં આવ્યો ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

રાજ્યમાં વીજ ઉત્પાદન કરતા સરકારી વીજ મથકોની ઉત્પાદન ક્ષમતા

* ૧૫૫૦૪ શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં સરકારી વીજ મથકોમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વીજ મથકોની ક્ષમતા કેટલી છે અને તેની સામે કેટલું વીજ ઉત્પાદન થયું,

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં સરકાર હસ્તકની વીજ કંપની ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લિ. (જીએસઈસીએલ) તથા રાજ્ય સરકાર હસ્તકના સ્વતંત્ર સાહસોના વીજમથકો દ્વારા વીજ ઉત્પાદન ક્ષમતા સામે કરવામાં આવેલ વીજ ઉત્પાદનની વિગત નીચે પ્રમાણે છે.

| અ. નં. | રાજ્ય સરકાર હસ્તકની વીજ ઉત્પાદન કંપનીઓ | વર્ષ ૨૦૧૩ | | વર્ષ ૨૦૧૪ | |
|---|---|---|---|---|---|
| | | વીજ ક્ષમતા (મેગાવોટ) | વીજ ઉત્પાદન (મીં.યુ.) | વીજ ક્ષમતા (મેગાવોટ) | વીજ ઉત્પાદન (મી.યુ.) |
| ૧. | ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લિ. | ૫૪૯૬ | ૧૭૨૮૧૦.૯૧ | ૫૪૯૬ | ૨૦૨૫૯.૮૯ |
| ૨ | રાજ્ય સરકાર હસ્તકના સ્વતંત્ર વીજ ઉત્પાદકો | ૧૫૬૭ | ૫૧૦૩.૫૪ | ૨૨૬૯ | ૫૮૬૨.૧૯ |

(૨) આ વીજ મથકોમાં વીજ ઉત્પાદન વધારવા સરકારે શાં પગલાઓ લીધાં, અને

(૨) હાલમાં, રાજ્ય સરકાર હસ્તકની કંપનીના કોલ આધારિત વીજ મથકો માટે દૂરના અંતરેથી કોલસો ઉપલબ્ધ થઈ રહ્યો છે. પરિણામે, પરિવહન ખર્ચમાં વધારો થતાં આ એકમોનો ઉત્પાદન ખર્ચ ઘણો વધી જાય છે. પરિણામે, ઓફ પીક પીરીયડમાં નામ, વિદ્યુત નિયંત્રણ આયોગના મેરીટ ઓર્ડર્સ રેગ્યુલેશનના કારણે કેટલાક સમયે આ એકમો બેકડાઉન કરવા પડે છે.

આ સંજોગોમાં, આ એકમોને સસ્તા દરે કોલ ઉપલબ્ધ કરી વધારે ઉત્પાદન થઈ શકે તે માટે નજીકના અંતરેથી કોલ ફાળવવાની દરખાસ્ત કેન્દ્ર સરકારની વિચારણા હેઠળ છે. જે, અંતર્ગત, આ એકમોને નજીકના અંતરેથી પ્રતિ વર્ષ ૧૨ લાખ મેટ્રીક ટન કોલસો ફાળવવાની કાર્યવાહી પ્રગતિમાં છે. આ ઉપરાંત, આ એકમો દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા કોલના ખર્ચમાં ઘટાડો થઈ શકે તે સારૂં એનટીપીસી સાથે Swapping of coal ના કરારો કરવામાં આવ્યા છે. જે અંતર્ગત, આ એકમોના બળતણ ખર્ચમાં પ્રતિ વર્ષ અંદાજે ૧૬૦ કરોડનો ઘટાડો થશે. આ ઉપરાંત રાજ્ય હસ્તકના જૂના કોલ આધારિત વીજ મથકોની કાર્યક્ષમતા વધારવા સારૂં આ એકમોના રેટ્રોફીટીંગ અંગેની કાર્યવાહી હાથ ધરવાનું આયોજન પણ કરવામાં આવેલ છે.

(૩) વર્ષવાર કેટલું વધારે વીજ ઉત્પાદન થયું ?

(૩) વર્ષ ૨૦૧૪ માં આગલા કેલેન્ડર વર્ષ ૨૦૧૩ની સરખામણીએ ૩૭૩૭ મી.યુ. નું વધારાનું ઉત્પાદન થયેલ છે.

શહેરા અને ગોધરા તાલુકામાં પેન્શનરોની સંખ્યા

* ૧૭૭૬૭ શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શહેરા અને ગોધરા તાલુકામાં કેટલા પેન્શનરોની સંખ્યા નોંધાયેલ છે, | (૧) શહેરા ૨૧૨, ગોધરા ૬૮૫ |
| (૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલા પેન્શનરોને પેન્શન મળે છે, અને | (૨) શહેરા ૨૧૨, ગોધરા ૬૮૫ |
| (૩) કેટલી અરજીઓ ઉકત પડતર છે, અને | (૩) અને (૪) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આ પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ? | |

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત(નિયમ – ૧૧૬)

પાકિસ્તાન મરિન પોલીસ દ્વારા પકડાયેલા માછીમારોને મુક્ત કરવા બાબત

* શ્રી પુંજાભાઇ ભી. વંશ (ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તેમને તે સંબંધે નિવેદન કરવાની વિનંતી કરું છું.

"તાજેતરમાં પાકિસ્તાન મરીન પોલીસ દ્વારા રાજ્યના અંદાજીત ૪૫ જેટલા માછીમારોને દરિયાઇ સીમા ઓળંગતા ધરપકડ કરી છે. દરિયાઇ સીમાની હદની બહાર માછીમારો ન જાય તે માટે સઘન સુરક્ષા રાખવા તેમજ પકડાયેલ માછીમારોના પરિવારોને આર્થિક સહાય આપવા અને તેઓને મુકત કરાવવા રાજ્ય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં. "

શ્રી બાબુભાઇ બોખીરીયા(મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય તટરક્ષક દળ તરફથી જણાવ્યા મુજબ પાકિસ્તાન મરિન સિક્યોરિટી એજન્સી દ્વારા તારીખ ૫–૩–૨૦૧૫ના રોજ દરિયામાં ૮ માછીમારી બોટો સાથે કુલ ૪૬ માછીમારોને પકડવામાં આવેલ છે અને તેઓને પાકિસ્તાન ખાતે લઇ ગયેલ છે.

પાકિસ્તાન મરિન સિક્યોરિટી એજન્સી દ્વારા પકડવામાં આવેલ માછીમારો અને ફિશિંગ બોટો છોડાવવાની બાબત એ ટોચ અગ્રતાની બાબત છે. કારણકે આ બાબત દરિયાઇ મત્સ્યોદ્યોગ ક્ષેત્રના અંદાજીત ૫.૫૮ લાખ માછીમારોને સંબંધિત છે. આ માટે રાજ્ય સરકાર દ્વારા ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલય અને વિદેશ મંત્રાલય સાથે સતત સંપર્ક જાળવવામાં આવે છે. જે ફિશિંગ બોટો અને માછીમારો પકડાય છે તેની માહિતી જેવી કે માછીમારો અને બોટોની વિગતો, બોટ માલિક તથા ઇન્ડિયન કોસ્ટ ગાર્ડ/હાઇ કમિશન ઓફ ઇન્ડિયા દ્વારા જાણ કરવામાં આવતા તે અંગેની ખરાઇ કરીને માછીમારોના ફોટોગ્રાફ નેશનાલિટીના દસ્તાવેજો તથા દાખલાઓ સાથેની પકડાયેલ બોટોની માછીમારો સાથેની દરખાસ્તની ફાઇલ ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયને રાષ્ટ્રીય ખરાઇ અંગેની ઓળખ માટે મોકલી આપવામાં આવે છે. ભારત સરકારશ્રીના હાઇ કમિશન ઓફ ઇન્ડિયા ઇસ્લામાબાદ દ્વારા પાકિસ્તાન ખાતે કસ્ટડીમાં રહેલ માછીમારોની રાષ્ટ્રીયતા ખરાઇ અંગેની ઓળખ કરવામાં આવે છે, જેને કોન્સ્યુલર એસેસ કહેવામાં આવે છે. રાજ્ય સરકારશ્રીના સંબંધિત માનનીય મંત્રી કક્ષાએ ભારત સરકારશ્રીના સંબંધિત મંત્રીશ્રીઓને અવારનવાર પત્રો લખી માછીમારોને છોડાવવા બાબત ટોચ અગ્રતાએ હલ કરવા વિનંતી કરવામાં આવે છે.

સરકારશ્રીના આ સઘન પ્રયત્નોને પરિણામે સને ૨૦૧૩–૧૪ થી સને ૨૦૧૪–૧૫ (ફેબ્રુઆરી–૨૦૧૫ અંતિત) ૭૪૬ માછીમારોને મુક્ત કરાવી શકાયા છે. આમ સને ૧૯૯૪–૯૫ થી અત્યારસુધી કુલ ૫૩૭૯ માછીમારોને મુક્ત કરાવી શકાયા છે.

પાકિસ્તાન દ્વારા મુક્ત કરાયેલ માછીમારોને વાઘા બોર્ડર ખાતેથી તેમને સ્વીકારી ગુજરાતમાં પરત લાવવા માટે રાજ્ય સરકારશ્રી દ્વારા મત્સ્યોદ્યોગ ખાતાની અને પોલીસ ખાતાની સંયુક્ત ટીમ મોકલીને પોલીસ બંદોબસ્ત સાથે પરત લાવી તેમના પરિવારજનોને સુપ્રત કરવામાં આવે છે. જે અંગેનો તમામ ખર્ચ રાજય સરકાર ભોગવે છે.

માછીમારોની માછીમારી દરમિયાન દરિયામાં વાવાઝોડા, ખરાબ હવામાનની માહિતી તથા આઇ.એમ.બી.એલ. ઓળંગી માછીમારી માટે ન જાય તે માટે ભારત સરકારશ્રીની યોજના હેઠળ ૮૯૯ ફિશિંગ બોટમાં ટ્રાન્સપોન્ડર ફીટ કરવામાં આવેલ છે. આ ઉપરાંત સને ૨૦૦૨–૨૦૦૩ થી સને ૨૦૦૭–૦૮ સુધી ૧૩૧૮ માછીમારી બોટોને જી.પી.એસ. સરકારશ્રી દ્વારા પૂરા પાડવામાં આવેલ છે. આ યોજનાથી દરિયામાં સઘન સુરક્ષાની વધુ જરૂરિયાત જણાતા સરકારશ્રી દ્વારા વરસ ૨૦૧૫–૧૬ના બજેટમાં નવી બાબત તરીકે કુલ ૨૦૦૦ બોટોને જી.પી.એસ. પૂરા પાડવાની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

માછીમારો દરિયાઇ માછીમારી માટે જાય ત્યારે આઇ.એમ.બી.એલ. ઓળંગી માછીમારી માટે ન જાય તેમજ તાત્કાલિક ઇમરજન્સી સેવાઓ જેવી કે (૧) મેડિકલ, (૨) વાવાઝોડુ (૩) અને અન્ય સુરક્ષા માટે ફિશિંગ બોટમાં ડીસ્ટ્રેસ એલર્ટ ટ્રાન્સમીશન સિસ્ટમ (D A T ) સાધન પુરા પાડવામાં આવે છે. તે મુજબની સઘન સુરક્ષાની વ્યવસ્થા રાજય સરકારશ્રી દ્વારા પૂરી પાડવામાં આવે છે. માછીમારોની સુરક્ષા માટે અને આઇ.એમ.બી.એલ. ક્રોસ ન કરે તે માટે કોસ્ટ ગાર્ડ દ્વારા પણ સઘન પેટ્રોલિંગ દરિયામાં કરવામાં આવે છે, "નો ફિશિંગ ઝોનમાંથી ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ માછીમારી બોટ પકડે તો તેના લાયસન્સ રદ કરવાની કાર્યવાહી કરવામાં આવે છે.

માછીમારો દ્વારા આંતરરાષ્ટ્રીય જળસીમા ઓળંગવાના કિસ્સાઓ ન બને તે માટે રાજ્યના માછીમારોને માર્ગદર્શન આપવા માટે ગુજરાત રાજ્યના અગત્યના બંદરો પર વિવિધ એજન્સીઓ જેવી કે કોસ્ટ ગાર્ડ, મરીન પોલીસ તથા નેવી વિગેરેના સહકારથી બેઠકો યોજી માછીમારો, બોટ માલિક તથા બોટ એસોસિએશનને સમજણ આપવા/સજાગ કરવા માટે જાગૃતિ કાર્યક્રમો (અવેરનેસ પ્રોગ્રામ) યોજવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા સને ૨૦૦૪–૦૫ થી સને ૨૦૧૪–૧૫ સુધી કુલ ૭૮૪ અવેરનેસ કાર્યક્રમ યોજવામાં આવેલ છે. તેમાં શેરી નાટકો, શિબિર, સંમેલન, રેલી જેવા કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

માછીમાર દરિયામાં માછીમારી દરમિયાન પાકિસ્તાન સત્તાવાળા દ્વારા પકડાઇ ગયા બાદ તેઓના કુટુંબને આર્થિક સંકડામણમાં મૂકાઇ જવું ન પડે તે માટે તેઓના કુટુંબને સને ૨૦૦૪–૦૫ થી રૂપિયા ૫૦/– પ્રતિદિન લેખે જ્યાંસુધી તે પાકિસ્તાન જેલમાં રહે ત્યાંસુધી આર્થિક સહાય ચૂકવવામાં આવતી હતી. જે વેરાવળ ખાતે યોજાયેલ સાગર ખેડૂ સંમેલનમાં તત્કાલિન માનનીય મુખ્યમંત્રીશ્રીએ તારીખ ૧૩–૮–૧૨ના રોજ કરેલ જાહેરાત મુજબ સરકારશ્રીના ઠરાવ ક્રમાંક– એફડીએક્સ/૧૫૧૧/૧૫૩૬/ટ તારીખ ૧૮–૯–૨૦૧૨થી આ સહાય દૈનિક રૂપિયા ૫૦/– થી વધારીને દૈનિક રૂપિયા ૧૫૦/– માછીમાર કુટુંબને ચૂકવવા મંજૂર કરવામાં આવેલ છે અને તે મુજબ સને ૨૦૧૩–૧૪માં કુલ રૂપિયા ૧૨૯.૭૨ લાખની સહાય ચૂકવવામાં આવેલ છે અને સને ૨૦૧૪–૧૫ના ફેબ્રુઆરી, ૧૫ અંતિત રૂપિયા ૧૦૭.૫૨ લાખની માછીમાર કુટુંબીજનોને આર્થિક સહાય ચૂકવવામાં આવેલ છે. માછીમાર કુટુંબીજનોને વરસ ૨૦૦૪–૦૫ થી ડિસેમ્બર, ૨૦૧૪ સુધીમાં કુલ રૂપિયા ૭,૩૨,૫૦,૬૦૦/– ની આર્થિક સહાય ચૂકવવામાં આવેલ છે.

રાજ્યની જે ફિશિંગ બોટો પાકિસ્તાન મરીન સિક્યોરિટી દ્વારા પકડીને પાકિસ્તાન કસ્ટડીમાં રાખેલ છે તે પૈકી ૫૭ ફિશિંગ બોટો પરત લાવવા માટે ભારત સરકારશ્રીની મંજૂરીથી રાજ્ય સરકારશ્રી દ્વારા જુલાઇ, ૨૦૧૪માં પાકિસ્તાન ખાતે આ બોટોની ચકાસણી માટે આઠ સભ્યોની એક ટીમ મોકલવામાં આવેલ. ત્યારબાદ તારીખ ૯–૩–૨૦૧૫ના રોજ આ બોટોનું ઇન્સ્પેક્શન અને રિપેરીંગ માટે ભારત સરકારની મંજૂરી અન્વયે રાજ્ય સરકારશ્રી દ્વારા બે અધિકારી તથા માછીમાર આગેવાનો અને બે બોટ મિકેનીકની એમ આઠ સભ્યોની એક ટીમ મોકલવામાં આવેલ છે. જેઓ હાલ પાકિસ્તાનમાં કરાંચી ખાતે આ કામગીરી કરી રહેલ છે. ૫૭ બોટો દરિયાઇ માર્ગે ભારતમાં ગુજરાતના દરિયા કિનારે પરત લાવવા માટે ૧૫૭ ટંડેલ / માછીમારોને પાકિસ્તાન મોકલવા માટે રાજ્ય સરકાર દ્વારા માછીમારોના તાત્કાલિક પાસપોર્ટ કઢાવી વીઝા અરજીઓ સાથે ભારત સરકારશ્રીને મોકલેલ છે. સદરહુ બોટોને પરત લાવવાનો સંપૂર્ણ ખર્ચ સરકારશ્રી દ્વારા ભોગવવામાં આવનાર છે.

આમ, રાજ્ય સરકાર દ્વારા માછીમારોને સઘન સુરક્ષા આપવા તથા પાકિસ્તાન સત્તાવાળાઓ દ્વારા પકડાયેલ માછીમારોના કુટુંબના જીવન નિર્વાહ માટે પૂરતી આર્થિક સહાય આપવા માટે અને પાકિસ્તાન સત્તાવાળાઓ દ્વારા પકડાયેલ માછીમારોને પરત લાવવા માટે રાજ્ય સરકારશ્રી દ્વારા સઘન અને પરિણામલક્ષી પ્રયત્નો હાથ ધરેલ છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ:માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પોતાના નિવેદનમાં જે વિગતો આપી છે એ આપણા સૌના માટે આ એક ચિંતાનો અને ગંભીર વિષય છે, છાસવારે પાકિસ્તાન દ્વારા ગુજરાતના માછીમારોને અવારનવાર પકડવામાં આવે છે, આપણે એ અંગે પગલાંઓ લઇએ છીએ એમને આર્થિક સહાય આપવાની વાત કરીએ છીએ, સઘન પેટ્રોલિંગની વાત કરીએ છીએ, આજની તારીખે કુલ કેટલા માછીમારો ત્યાં પાકિસ્તાનની જેલમાં છે અને નિવેદનમાં જણાવ્યા મુજબ મેડિકલ, વાવાઝોડુ અને અન્ય સુરક્ષા માટે ફિશિંગ બોટમાં ડીસ્ટ્રેસ એલર્ટ ટ્રાન્સમીશન સિસ્ટમ (D A T ) સાધન પુરા પાડવામાં આવે છે. સઘન સુરક્ષાની વ્યવસ્થા કરવામાં આવે છે. માછીમારોની સુરક્ષા માટે આઇ.એમ.બી.એલ. ક્રોસ ન કરે તે માટે કોસ્ટ ગાર્ડ દ્વારા પણ સઘન પેટ્રોલિંગ દરિયામાં કરવામાં આવે છે, કોસ્ટ ગાર્ડ દ્વારા જો સઘન પેટ્રોલિંગ કરવામાં આવતું હોય તો આવા છાસવારે બનાવો શા માટે બને છે? એનો અર્થ એવો થાય છે કે કોસ્ટ ગાર્ડ દ્વારા જે સમયસર પેટ્રોલિંગ કરવું જોઇએ અને આ માછીમારો આપણી આંતરરાષ્ટ્રીય જળસીમા ન ઓળંગે એના માટે ચિંતિત રહેવું જોઇએ અને અસરકારક પગલાં લેવા જોઇએ એ અસરકારક પગલાં ન લેવાના કારણે પાકિસ્તાન દ્વારા વારંવાર આ પ્રકારની પરિસ્થિતિ નિર્માણ થાય છે તો સઘન પેટ્રોલિંગ થાય અને આપણા માછીમારો

પકડાય જ નહિ એ માટે રાજ્ય સરકાર ખરેખર શું કરવા માગે છે અને માછીમારોને માર્ગદર્શન આપવા માટે અગત્યના બંદરો માટેની એજન્સીઓ દ્વારા સેમિનાર કરવામાં આવે છે. સેમિનાર દ્વારા માછીમારો ન જાય એવું ન બને આના માટે અસરકારક રીતે પગલાં લેવા જોઇએ એક વાત અને બીજો મારો સવાલ છે કે એક કાળુભાઇ નોંઘણભાઇ ગોહિલ આજથી સાત વરસ પહેલાં ૨૦૦૭–૦૮ના વરસમાં પોરબંદરના બોટ માલિક કિરણભાઇ પ્રેમજીભાઇ ટંડેલની બોટમાં બોટ નંબર–સી.એચ.સી.બી. આર. ૧૪૪૯માં જખૌ બંદરેથી ફિશિંગ કરવા માટે ગયેલ. દરિયામાં પડી ગયા, દરિયામાં પડી ગયા પછી એમનો પત્તો ના મળ્યો, અમુક સમય સુધી રાહ જોઇ, એમના કુટુંબીજનોએ એમની અંતિમ વિધિ કરી નાંખી, ત્યારબાદ તાજેતરમાં જે ૧૩૨ માછીમારો પાકિસ્તાનની જેલમાંથી છૂટીને આવ્યા છે એમાંના આ જ ગામના એક માછીમારે એવું કહ્યું કે આ વ્યક્તિ પાકિસ્તાનની કરાંચીની જેલમાં હયાત છે તો માનનીય મંત્રીશ્રીને હું બહુ ગંભીરતા પૂર્વક કહેવા માગું છું કે આ અંગે આપને કોઇ રજૂઆત મળી છે કે કેમ, રજૂઆત મળી છે તો શું પગલાં લીધા છે? અને મારી લાગણી અને વિનંતી છે કે, આ અંગે આપના વિભાગ દ્વારા રાજય સરકાર અને ભારત સરકાર દ્વારા સઘન પ્રયત્નો કરી અને આ પાકિસ્તાનની જેલમાં છેલ્લા ૨૦૦૭–૦૮ના વર્ષથી સબડે છે તેને છોડાવવા માટેની કાર્યવાહી સત્વરે થાય એવું હું ઇચ્છુ છું.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, એક તો અત્યારે ૩૪૪ માછીમારો પાકિસ્તાનની જેલમાં છે અને ૮૫૮ બોટો તેમાં તેની પકડાયેલી છે. મારે ખાસ વિશેષ એ જણાવવાનું હતુ કે, ૨૦૦૪ પછી આપણી એક પણ બોટ છૂટી નથી. પણ આપણા વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇના પ્રયાસોથી જે ત્યાં ૫૭ બોટો પડેલી હતી તેને છોડી દેવા માટેનો પાકિસ્તાન સરકારે નિર્ણય પણ લીધેલો છે અને આપણી અહીંયાથી આઠ માણસોની ટીમ ત્યાં પહોંચી ગઇ છે. થોડા દિવસ પછી ત્યાં બોટોનું રિપેરીંગ થઇ જશે એના પછી આપણા માછીમાર ભાઇઓ જઇને તે ૫૭ બોટો લઇ આવશે. આ ખુશીના સમાચાર એટલા માટે કે ૨૦૦૪ પછી એક પણ બોટ છૂટી નથી તે આ પ્રયાસોથી છૂટી જાય છે. બીજુ આ આંતરરાષ્ટ્રીય બાબત છે બે દેશ વચ્ચેની બાબત છે. એટલે ગુજરાત સરકારની જયારે પણ આપણી આ બોટો પકડાય અને કોસ્ટગાર્ડ દ્વારા આપણને જાણ કરવામાં આવે એટલે આ બધાજ માછીમાર ભાઇઓ હોય તેના ફોટાઓ સાથેની ઓળખ, કયા વિસ્તારના છે, કયાં રહે છે એ બધા જ ઓળખ સાથેના પૂરાવાઓ આપણે ભારત સરકારને આપીએ છીએ પછી ભારત સરકાર છે તે પાકિસ્તાન સરકારને આપે છે અને પછી જેલની અંદર જે માછીમાર ભાઇઓ હોય તેના ફોટા સાથેની સરખામણી કરીને આ માછીમારો છે એવી ઓળખ થાય એના પછીની બાકીની પ્રક્રિયા છે તે ધીમે ધીમે તેના નિયમ મુજબ તે માછીમારોને છોડવાની પ્રક્રિયા કરવામાં આવે છે. આપે જયંતિભાઇ રાજાભાઇ બામણીયા, આપે કોડિનારની વાત કરી? આની અમારી પાસે પાછળથી માહિતી આવી હતી કારણકે અમારી પાસે જયારે પણ માછીમારો પકડાય અને તેના બોટ નંબર સાથે કોસ્ટગાર્ડ છે તે જાણ કરે તેના પછી તેના માલિકોએ તેનો ફિશરીઝ ડિપાર્ટમેન્ટ તરફથી કોન્ટેક્ટ કરવામાં આવે છે. ત્યાં કોણ કોણ માછીમાર ભાઇઓ ગયા હોય છે તેની યાદી લેવામાં આવે છે અને તેના આધારે આ તપાસ બધી ચાલતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ એમ કહ્યું કે બોટમાંથી પડી ગયો હતો અને પાછી તેની ડેડબોડી પણ આપણને નહોતી મળી અને તેની કોઇ વ્યકિતગત પણ અમારી પાસે એવી જાણકારી નહોતી કે આ વ્યકિત છે તે ત્યાં પાકિસ્તાનમાં પકડાઇ ગયેલો છે. એટલે આપે જે અહીંયા આજે જાણકારી આપી છે તેના આધારે ભારત સરકાર દ્વારા આની જે કોઇ પરિસ્થિતિ હશે તેની તપાસ કરી અને યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સાહેબ હું પ્રથમ ઉભો થયો છું એટલે કંઇ ભૂલ થાય તો માફ કરજો. પાકિસ્તાન દ્વારા પકડાય ગયેલા જે માછીમારો છે અને આ માછીમારો પકડાઇ ગયા પછી એના કુટુંબને જીવન–નિર્વાહ માટે જે પચાસ રૂપિયામાંથી દોઢસો રૂપિયા કરવામાં આવેલા છે તે ખરેખર ઓછા છે. આજે મેં વ્યકિતગત માછીમારી કરતા જે ભાઇઓ છે તેને પૂછેલું છે તો એ માણસોનો પગાર ૧૫ હજારથી ૩૫ હજાર જેટલો છે. આ ૩૫ હજાર પગાર હોય ત્યારે તેનો જીવન નિર્વાહ ચાર હજાર રૂપિયામાં પૂરો ના થઇ શકે એટલા માટે થઇને મંત્રીશ્રીને વિનંતી કરું કે એ પકડાયેલા જે માછીમાર ભાઇઓ છે તેને ખરેખર ૧૫ હજાર રૂપિયા પગાર આપવો જોઇએ કે તેનાથી તે તેના બાળકોને ભણાવી શકે અને પોતાનું જીવન નિર્વાહ ચલાવી શકે તો આ બાબતે આપ કંઇક દયા કરો અને સહાનુભૂતિ રાખી અને વધારેમાં વધારે રકમ જીવન નિર્વાહ માટે મળી શકે એવો પણ એક વિચાર કરવો જોઇએ. પાકિસ્તાન દ્વારા જે આ ૫૭ બોટો પકડાયેલી છે તો પાકિસ્તાનને આપણે જાણીએ જ છીએ કે એ બોટોમાં ખરેખર મશીન પણ નહીં રહેવા દીધુ હોય. તેના રિપેરીંગની વાત કરીએ તો રિપેરીંગ તો થાય તેમ જ નથી તો એના માટે પણ આ જે ૫૭ બોટોના માલિકો છે તેને વધારેમાં વધારે સહાય મળે એવી હું આપશ્રીની પાસે વિનંતી કરું અને તેમાં આપ શું કરવા માગો છો ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : એક તો આપના માધ્યમથી સભ્યશ્રીને જણાવવાનું કે પહેલી વહેલી માછીમારભાઇઓને સહાય આપવાની શરૂઆત સન ૨૦૦૪–૦૫માં કરવામાં આવી હતી ત્યારે પર ડે ૫૦ રૂપિયા આપવામાં આવતા હતા. ત્યારબાદ તા. ૧૩–૮–૨૦૧૨ના રોજથી અત્યારના વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રીએ વેરાવળમાં જાહેરાત કરી અને એના પછી પર ડે માછીમારભાઇઓને ૧૫૦ રૂપિયાની સહાય આપવામાં આવે છે. અમારી પાસે રજૂઆત એવી આવી હતી બોટ માલિકોની કે તમે આને વધારે સહાય આપશો તો અમારા માછીમારો દ્વારા કારણ વગરની બોટ માલિકોને મુશ્કેલી થશે એના કારણોની જાહેરાત અહીંયા કરી શકતો નથી. પરંતુ આપના સૂચન ઉપર સરકાર વિચારશે.

બીજી એક વાત કરવામાં આવી કે ૫૭ બોટો છૂટવાની છે એના માટે એન્જિનની શું હાલત હશે. પહેલી વખત છ જુલાઇના રોજ અહીંથી આઠ માણસોનું ડેલીગેશન ગયું હતું એમાં સરકારના માણસો અને માછીમારભાઇઓ આ બન્ને જોઇ આવ્યા છે. એમાં મોટા ભાગની બોટો સારી હાલતમાં છે. બે કે ત્રણને રિપેરીંગ કરવાની છે. આઠ માણસોનું ડેલીગેશન હતું

એમાં બે મિકેનિક પણ ગયા છે. આ બોટો સારી હાલતમાં થશે એ પછી ૧૧૪ ફિશરમેનો છે એ જશે અને દરિયાઇ રસ્તે એ બોટો ચલાવીને પાછી લઇ આવશે. એટલે આ ૫૭ બોટો સારી હાલતમાં છે.

માનનીય સભ્યશ્રી પુંજાભાઇના પ્રશ્નમાં જણાવવાનું કે કુલ ૮૫૮ બોટો છે એમાં સન ૨૦૦૪ પછી એક પણ બોટ છૂટી નથી અને ત્યારે કોની સરકાર હતી એ આપના ખ્યાલમાં હશે જ. એ વખતે જો પ્રયાસો કરવામાં આવ્યા હોત તો એ બોટો પરત મળી ગઇ હોત. આપણું જે ડેલીગેશન ગયું ત્યારે આ ૫૭ બોટો સિવાય એક પણ બોટ કરાંચી બદર ઉપર નહોતી એ આપની જાણ સારું. જો જે તે વખતે આના માટે પ્રયાસ કર્યો હોત તો ૫૭ મળી એમ બાકીની બીજી બોટો ગરીબ માછીમારોને મળી જાત.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માછીમારો પકડાય એ પછી ભારત સરકાર પાકિસ્તાન સરકાર સાથે વાટાઘાટો કરીને છોડાવવામાં આવે છે આ એક વહીવટી પ્રક્રિયા છે. આ વહીવટી પ્રક્રિયા થાય અને એ કરવી પડે. મારો પ્રશ્ન એ છે કે છાસવારે અવારનવાર આ પ્રકારના બનાવો બનતા આવે છે. અને છેલ્લા ૨૦ વર્ષથી તમે સત્તામાં છો. આપણે વાતો ઘણી કરીએ છીએ. આવા બનાવો ન બને એના માટે રાજય સરકાર ખેરખર અસરકારક શું પગલાં લેવા માગે છે. આંતરરાષ્ટ્રીય જળ સીમા ઓળંગવામાં આવે છે ત્યારે આપણું જે કોસ્ટગાર્ડ દરિયામાં છે એ શું કરે છે, ત્યાં ગતિશીલતા છે ખરી?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માછીમારભાઇઓ આપણી આઇ.બી.એમ.એલ. ક્રોસ કરીને ન જાય એના માટે અવેરનેસ કાર્યક્રમો કરીએ છીએ. સન ૨૦૦૪ થી અત્યાર સુધીમાં ૭૮૪ જેટલા આવા અવેરનેસના કાર્યક્રમો કરવામાં આવ્યા છે. આઇ.બી.એમ.એલ. બોર્ડર છે એની આજુબાજુ નોન ફિશીંગ ઝોન જાહેર કરવામાં આવેલ છે એમાં માછીમારો ફિશીંગ કરવા જાય તો એનું લાઇસન્સ રદ કરી દઇએ છીએ જેથી એ ન જાય. એના સિવાય ખાસ કરીને કોસ્ટગાર્ડની વાત કરી એના માટે છેલ્લા સમયમાં જે બોટો પકડાઇ અને અગાઉની એ અંગે કોઇ પોલિટિકલી વાત કરવા માગતો નથી કઇ પરિસ્થિતિ નિર્માણ થઇ હતી. પરંતુ હવે વધારે ન થાય એ માટે હમણાં પોરબંદરમાં અમારી બે નવી બોટો લોન્ચીંગ કરવામાં આવી છે અને ત્યાં વધારે સઘન વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સન ૨૦૧૩-૧૪નો ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૧૩-૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

સન ૨૦૧૩-૧૪નો મેટ્રો-લિન્ક એકસપ્રેસ ફોર ગાંધીનગર એન્ડ અમદાવાદ (મેગા) કંપની લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું મેટ્રો-લિન્ક એક્સપ્રેસ ફોર ગાંધીનગર એન્ડ અમદાવાદ (મેગા) કંપની લિમિટેડનો સન ૨૦૧૩-૨૦૧૪નો વાર્ષિક વહીવટી અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

સન ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪નો ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી મંગુભાઇ પટેલ (વન અને પર્યાવરણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલો, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા સન ૨૦૧૨-૧૩ના વર્ષનો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલો, ટિપ્પણ, સમીક્ષા તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

સન ૨૦૧૩-૧૪નો ગુજરાત રાજય મૂડી રોકાણ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ (નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય મૂડી રોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩-૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

સન ૨૦૧૩-૧૪નો ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩-૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

સન ૨૦૦૯-૨૦૧૦નો ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

પ્રો વસુબેન ન. ત્રિવેદી ( મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

સન ૨૦૧૩–૧૪નો ગુજરાત માહિતી આયોગનો વાર્ષિક અહેવાલ

શ્રી રમણલાલ વોરા (સામાન્ય વહીવટ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત માહિતી આયોગનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

સન ૨૦૧૩–૧૪નો ગુજરાત જાહેર સેવા આયોગનો વાર્ષિક અહેવાલ

શ્રી રમણલાલ વોરા ( સામાન્ય વહીવટ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ અને આયોગની સલાહના અસ્વીકારના કિસ્સાઓ માટેની સ્પષ્ટીકરણાત્મક યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ તથા સ્પષ્ટીકરણાત્મક યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

સન ૨૦૧૨–૨૦૧૩નો ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ બોર્ડનો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ બોર્ડનો સન–૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ અને હિસાબો તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

સન ૨૦૧૪–૧૦૧૫નું ગુજરાત હાઉસીંગ બોર્ડ અને સ્લમ કલીયરન્સ સેલનું અંદાજપત્ર

શ્રી શંકરભાઇ લ. ચૌધરી ( શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત હાઉસીંગ બોર્ડ અને સ્લમ કલીયરન્સ સેલનું સન ૨૦૧૪–૧૦૧૫નું અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

ગુજરાત હાઉસીંગ બોર્ડ અને સ્લમ કલીયરન્સ સેલનું સન ૨૦૧૪–૧૫નું અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

મહેસૂલ વિભાગ

માગણી ક્રમાંક–૭૮

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું જીલ્લા વહીવટી સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૩,૯૩,૦૩,૨૮,૦૦૦ની માગણી ક્રમાંક–૭૮ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૭૮ રજૂ કરવામાં આવી.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરવામાં આવી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરવામાં આવી.

શ્રીમતી કામીનીબા ભૂ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરવામાં આવી.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ૯ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંકઃ૯ રજૂ કરવામાં આવી.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંકઃ૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ૧૭ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંકઃ ૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ૧૯ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંકઃ ૧૯ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંકઃ ૭૯

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( કલ્પસર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું કુદરતી આફતો અંગે રાહત સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલ સેવાને લગતી મહેસૂલી ખર્ચ માટે રૂ. ૧૩,૩૧,૪૨, ૪૩,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૧,૫૧,૫૮,૧૯,૦૦૦ની માગણી ક્રમાંકઃ ૭૯ રજૂ કરું છું.

માગણી ક્રમાંકઃ ૭૯ રજૂ કરવામાં આવી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૨૦ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંકઃ ૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંકઃ૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ૨૩ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંકઃ ૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંકઃ૨૫ રજૂ કરવામાં આવી.

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

માગણી ક્રમાંકઃ ૭૦

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા ( પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સમૂહ વિકાસ સેવાને લગતી પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૭,૬૯,૧૧,૬૯,૦૦૦ ની માગણી ક્રમાંકઃ ૭૦ રજૂ કરું છું.

માગણી ક્રમાંકઃ ૭૦ રજૂ કરવામાં આવી.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૨૬ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંકઃ ૨૬ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંકઃ ૭૧

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા ( પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ સેવાને લગતી પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૮,૭૨,૨૫,૨૯,૦૦૦ની માગણી ક્રમાંકઃ૭૧ રજૂ કરું છું.

માગણી ક્રમાંકઃ ૭૧ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૨૮ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંકઃ૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૨૯ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંકઃ ૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૩૩ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંકઃ ૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ૩૪ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંકઃ ૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ ઝી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ૩૫ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંકઃ ૩૫ રજૂ કરવામાં આવી.

તા. ૧૩મી માર્ચ, ૨૦૧૫
માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૩૬ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંકઃ ૩૬ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૩૭ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંકઃ ૩૭ રજૂ કરવામાં આવી.

કાપદરખાસ્ત ક્રમાંકઃ ૩૮ માનનીય સભ્યશ્રી ગેરહાજર

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૩૯ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંકઃ ૩૯ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૪૦ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંકઃ ૪૦ રજૂ કરવામાં આવી.

સન ૨૦૧૫-૨૦૧૬ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી શુક્રવાર, તા. ૧૩-૦૩-૨૦૧૫ (બીજો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| અનુ. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | મહેસૂલ વિભાગ<br>માગણી નં ૭૮ | | |
| ૧ | ૨૦૫૩- જિલ્લા વહીવટ<br>૦૯૩- જિલ્લા કર્મચારી વર્ગ<br>૦૧- કલેક્ટર કચેરીઓ<br>રૂ. ૧,૨૮,૧૦,૨૬,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૧<br>પાના નં. ૫૬-૫૭ | ૧૦૦ | ગ્રામ પંચાયતની ગૌચર જમીનને પડતર જમીન તરીકે તબદીલીના હુકમો કર્યા બાદ તેને ઉદ્યોગોને ફાળવી દેવાતી રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મેરામણ આહિર (રમેશભાઇ ચાવડા) |
| ૨ | --- " --- | ૧૦૦ | કચેરીઓમાં સ્ટેમ્પ ડ્યુટીના પડતર કેસો સહિત તુમારોનો સમયસર નિકાલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (હીરાભાઇ પટેલ) |
| ૩ | --- " --- | ૧૦૦ | જિલ્લાના જનસેવા કેન્દ્ર ખાતે બિલ્ડરો અને ડેવલપરોની અરજીઓ ઓનલાઇન કરી ફી વસૂલવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. તેજશ્રીબેન પટેલ (ઇશ્વરભાઇ પટેલ) |
| ૪ | --- " --- | ૧૦૦ | કચેરીઓમાં આવકના દાખલા, વિધવા સહાય અને વૃધ્ધ પેન્શન સહીતની ગરીબો માટેની કલ્યાણકારી યોજનાઓના કામો માટે લેવાતી ફી બંધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી કામિનીબા રાઠોડ (ધીરૂભાઇ ભીલ) |
| ૫ | --- " --- | ૧૦૦ | પ્રજાજનોના કામ માટે દલાલો મારફત થતા આર્થિક વ્યવહારો રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા |
| ૬ | --- " --- | ૧૦૦ | જિલ્લા સંકલન સમિતિમાં ધારાસભ્યોની ફરિયાદો સત્વરે ઉકેલવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઇ ગામીત (રાજેન્દ્રસિંહ ઠાકોર) |
| ૭ | --- " --- | ૧૦૦ | ખેડૂતોના ૭/૧૨ ના ઉતારામાં પાણી પત્રકોની નોંધ થતી નથી તે માટે જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આનંદભાઇ ચૌધરી (મહંમદજાવીદ પીરઝાદા) |
| ૮ | --- " --- | ૧૦૦ | જિલ્લાઓમાં અપૂરતા વરસાદને કારણે અછતગ્રસ્ત વિસ્તારો જાહેર કરી તેના અહેવાલો સત્વરે મોકલવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાંતિભાઇ ખરાડી (પુનમભાઇ પરમાર) |
| ૯ | --- " --- | ૧૦૦ | કચેરીઓમાં ધારાસભ્યોએ પ્રજાના પ્રશ્નો અંગે લખેલ પત્રોનો સત્વરે ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગૌતમભાઇ ચૌહાણ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | (મહેન્દ્રસિંહ બારૈયા) |
| ૧૦ | ૨૦૫૩– જિલ્લા વહીવટ<br>૦૯૩– જિલ્લા કર્મચારી વર્ગ<br>૦૧– કલેક્ટર કચેરીઓ<br>રૂ. ૧,૨૮,૧૦,૨૬,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૧<br>પાના નં. ૫૬–૫૭ | ૧૦૦ | ખેડૂતોની રજૂઆત સબંધે નવા કોમ્પ્યુટરાઇઝડ રેકર્ડ તથા જુના અસલ રેકર્ડની ક્ષતિઓ સુધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કરમશીભાઇ પટેલ |
| ૧૧ | --- " --- | ૧૦૦ | ખેડૂતોના જુના ૭/૧૨ના ઉતારામાં પાંચ એકર બતાવેલી જમીન રીસર્વેમાં સાડાચાર એકર જમીન બતાવાઇ છે તેવી ભૂલો સુધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગેંદાલભાઇ ડામોર |
| ૧૨ | --- " --- | ૧૦૦ | કચેરીનો તમામ સ્ટાફ પૂરા સમય માટે સરકારી ઉત્સવો અને કાર્યક્રમોમાં રોકાયેલ હોઇ, આમ જનતાના પ્રશ્નો હલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મણીલાલ વાઘેલા |
| ૧૩ | --- " --- | ૧૦૦ | ગૌચરની જમીનો ઉપરના દબાણો સત્વરે દૂર કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઇ ચૌધરી |
| ૧૪ | --- " --- | ૧૦૦ | લાંબા સમયથી પડતર રેવન્યુ અપીલોનો ઝડપી નિકાલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| ૧૫ | --- " --- | ૧૦૦ | સીનીયર સીટીઝનનું પ્રમાણપત્ર લાંબો સમય સચવાય તેવું આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિન કોટવાલ |
| ૧૬ | --- " --- | ૧૦૦ | કચેરીના સોફ્ટવેરોમાં એમ્પલોઇઝ વર્ક મેનેજમેન્ટ સીસ્ટમમાં ગામ કે તાલુકાના નામો સર્ચ કરી શકાતા નથી તે સ્થિતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| ૧૭ | ૨૦૫૩– જિલ્લા વહીવટ<br>૦૯૩– જીલ્લા કર્મચારી વર્ગ<br>૧૦– LND– ૨૫– સરકારી... બાબત<br>રૂ. ૩૦,૦૦,૦૦,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૧<br>પાના નં. ૬૦ | ૧૦૦ | સરકારી જમીનો ઉપરના દબાણો દૂર કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ભોળાભાઇ ગોહેલ (મહેશકુમાર પટેલ અને બાબુભાઇ વાજા) |
| ૧૮ | ૨૦૫૩– જિલ્લા વહીવટ<br>૦૯૪– અન્ય કર્મચારી વર્ગ<br>૦૧– પેટા .... અધિકારીઓ<br>રૂ. ૧,૭૪,૯૮,૩૫,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૧<br>પાના નં. ૬૧–૬૨ | ૧૦૦ | તલાટીઓની ખાલી જગ્યાઓ ન ભરાતાં વિવિધ વહીવટી કામગીરીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાઘવજી પટેલ |
| ૧૯ | --- " --- | ૧૦૦ | ગૌચરની જમીન વેચવા અથવા ફેરબદલ કરવા ઉપરના પ્રતિબંધનો સખત અમલ કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી નિરંજન પટેલ |
| | | માગણી નં ૭૯ | | |
| ૨૦ | ૨૨૪૫– કુદરતી... રાહત<br>૦૧–અનાવૃષ્ટિ<br>૧૦૨– પીવાના... પુરવઠો<br>૦૧– પાણી... વ્યવસ્થા<br>રૂ. ૪,૦૦,૦૦,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૧<br>પાના નં. ૮૬–૮૭ | ૧૦૦ | દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં ટેન્કરો દ્વારા અપાતા પાણીના વિતરણમાં થતી ગેરરીતિ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧ | ૨૨૪૫– કુદરતી... રાહત<br>૦૧–અનાવૃષ્ટિ<br>૧૦૨– પીવાના... પુરવઠો<br>૦૧– પાણી... વ્યવસ્થા<br>રૂ. ૪,૦૦,૦૦,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૧<br>પાના નં. ૮૬–૮૭ | ૧૦૦ | અછતગ્રસ્ત વિસ્તારોમાં પીવાના પાણીનું આગોતરું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (હર્ષદભાઇ રીબડીયા) |
| ૨૨ | ૨૨૪૫– કુદરતી... રાહત<br>૦૧– અનાવૃષ્ટિ<br>૧૦૪– ઘાસચારાનો પુરવઠો<br>રૂ. ૨,૧૦,૦૦,૦૩,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૧<br>પાના નં. ૮૯–૯૦ | ૧૦૦ | પશુમાલિકોને ઘાસચારો વાજબી દરે પૂરો પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમીત ચાવડા |
| ૨૩ | --- " --- | ૧૦૦ | અછતગ્રસ્ત વિસ્તારોમાં ઘાસચારાના ગોડાઉનોમાં જવાબદાર કર્મીઓની હાજરી નિયમિત કરી લભાર્થીઓને ઘાસનો પૂરતો જથ્થો પૂરો પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઇ વંશ (પરેશ ધાનાણી) |
| ૨૪ | ૨૨૪૫–કુદરતી ..રાહત<br>૦૫– રાજ્ય... નિધિ<br>૧૦૧– અનામત... તબદીલી<br>રૂ. ૬,૪૦,૦૦,૦૦,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૧<br>પાના નં. ૧૧૦ | ૧૦૦ | અછતગ્રસ્ત વિસ્તારોમાં કુદરતી આફતો માટેના ભંડોળનો પૂરતો ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગોવાભાઇ રબારી |
| ૨૫ | ૨૨૪૫– કુદરતી... રાહત<br>૮૦–સામાન્ય<br>૦૦૧–નિર્દેશ અને વહિવટ<br>૦૨–રાહત મહેકમ (અછત)<br>રૂ. ૩,૫૦,૦૦,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૧<br>પાના નં. ૧૨૮ | ૧૦૦ | અછતના સમયે મહેકમની સંખ્યામાં વધારો કરી કામગીરી સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માનસિંહ ચૌહાણ (ડૉ. મિતેષ ગરાસિયા) |
| | પંચાયત4 ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ<br>માગણી નં ૭૦ | | | |
| ૨૬ | ૨૫૧૫– અન્ય... કાર્યક્રમો<br>૧૦૨– સમૂહ વિકાસ<br>૦૧– CDP– વિકાસ... આયુક્ત<br>રૂ. ૪,૫૨,૨૩,૦૦૦<br>અં. પ્ર. નં. ૧૯<br>પાના નં. ૪૮ અને ૪૯ | ૧૦૦ | જિલ્લા વિકાસ અધિકારીઓ સમક્ષ ધારાસભ્યશ્રીઓએ કરેલ રજૂઆતોનો સમયસર નિકાલ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી હર્ષદભાઇ રીબડીયા |
| ૨૭ | --- " --- | ૧૦૦ | જિલ્લા વિકાસ અધિકારીઓની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| | માગણી નં ૭૧ | | | |
| ૨૮ | ૨૨૧૬– આવાસન<br>૦૩– ગ્રામ ગૃહનિર્માણ<br>૧૦૨– ભૂમિહીન... જોગવાઇ<br>૦૧–HSG–8–ગ્રામીણ... મહેકમ<br>રૂ. ૧૪,૮૦,૦૮,૦૦૦ | ૧૦૦ | ઘરથાળની જમીન ઉપર મકાન બાંધવા માટે સત્વરે રકમ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |

| | | | | |
|---|---|---|---|---|
| | અં. પ્ર. નં. ૧૯<br>પાના નં. ૧૬ | | | |
| ૨૯ | ૨૨૧૬– આવાસન<br>૦૩– ગ્રામ ગૃહનિર્માણ<br>૧૦૨– ભૂમિહીન... જોગવાઇ<br>૦૧–HSG–૪– ગ્રામીણ... મહેકમ<br>રૂ. ૧૪,૮૦,૦૮,૦૦૦<br>અં. પ્ર. નં. ૧૯<br>પાના નં. ૧૬ | ૧૦૦ | ભૂમિહીન ગરીબોને વિના મૂલ્યે જમીન આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી છનાભાઇ ચૌધરી (જોઇતાભઇ પટેલ) |
| ૩૦ | ૨૨૧૬– આવાસન<br>૦૩– ગ્રામ ગૃહનિર્માણ<br>૧૦૨– ભૂમિહીન... જોગવાઇ<br>૦૪–HSG–૧– ગરીબી... સહાયકી<br>રૂ. ૩,૪૦,૧૦,૦૦,૦૦૦<br>અં. પ્ર. નં. ૧૯<br>પાના નં. ૧૭ | ૧૦૦ | સરદાર આવાસ યોજના હેઠળ ઘરથાળના પ્લોટો ઉપર સહાયની રકમમાં વધારો કરી સમયસર ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધારશીભાઇ ખાનપુરા |
| ૩૧ | ૨૨૧૬– આવાસન<br>૦૩– ગ્રામ ગૃહનિર્માણ<br>૧૦૩–આવાસન બોર્ડને સહાય<br>૦૫–HSG–૩– ગુજરાત...પુરી પાડવી<br>રૂ. ૧૪,૮૦,૦૦,૦૦૦<br>અં. પ્ર. નં. ૧૯<br>પાના નં. ૧૮ | ૧૦૦ | ગરીબો માટે બાંધવામાં આવતા મકાનોનો લક્ષ્યાંક નક્કી કરી લાભ આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૩૨ | --- " --- | ૧૦૦ | ગ્રામ ગૃહ નિર્માણને પૂરતા બજેટની ફાળવણી કરી વિકાસના કામોમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રામસિંહ પરમાર |
| ૩૩ | ૨૨૧૬– આવાસન<br>૦૩– ગ્રામ ગૃહ<br>૮૦૦– અન્ય ખર્ચ<br>૦૧– HSG– ૪૯– ઇન્દિરા... યોજના (કે.પુ.યો.)<br>રૂ. ૧,૦૭,૮૦,૦૦,૦૦૦<br>અં. પ્ર. નં. ૧૯<br>પાના નં. ૧૯ | ૧૦૦ | ઇન્દિરા આવાસોના બાંધકામની ગુણવત્તા સુધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સી. કે. રાઉલજી |
| ૩૪ | --- " --- | ૧૦૦ | ઇન્દિરા આવાસનો લક્ષ્યાંક સિધ્ધ કરી કેન્દ્ર સરકારની ગ્રાન્ટનો પૂરતો ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઇ પણદા |
| ૩૫ | ૨૫૦૧– ગ્રામીણ... કાર્યક્રમો<br>૦૬– સ્વરોજગાર કાર્યક્રમો<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૨– CDP–1 – ગ્રામ વિકાસ આયુક્ત | ૧૦૦ | આયુક્તને મળતી ફરિયાદો સામે પગલાં લઇ ગેરરીતિ દૂર કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવીણભાઇ રાઠોડ |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂ. ૪,૦૦,૧૦,૦૦૦<br>અં. પ્ર. નં. ૧૯<br>પાના નં. ૩૨–૩૩ | | | |
| ૩૬ | --- " --- | ૧૦૦ | ગ્રામીણ વિકાસના કામો અંગેના બિલોની સમયસર ચૂકવણી કરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનીલ જોષીયારા |
| ૩૭ | --- " --- | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત શૌચાલયો બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રહલાદભાઇ પટેલ |
| ૩૮ | --- " --- | ૧૦૦ | મનરેગાના કામોની ચકાસણી કરી તેની ગુણવત્તા સુધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમીત ચૌધરી |
| ૩૯ | ૨૫૦૫– ગ્રામીણ રોજગાર<br>૦૨– ખાસ રોજગાર કાર્યક્રમ<br>૧૦૧– રાષ્ટ્રીય... કાર્યક્રમ (કે.પુ.યો.)<br>રૂ. ૨,૬૬,૬૦,૦૦,૦૦૦<br>અં. પ્ર. નં. ૧૯<br>પાના નં. ૩૭–૩૮ | ૧૦૦ | રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજનામાં થતી ગેરરીતિઓ દૂર કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર |
| ૪૦ | --- " --- | ૧૦૦ | રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના હેઠળ જોબકાર્ડ સમયસર આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા |

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી પોતાના વિભાગની માગણી લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગ એ રાજ્ય સરકારને આવક કરતો વિભાગ છે. આ વિભાગ વ્યવસ્થિત અને અસરકારક ચાલે, વહીવટી તંત્ર સુદ્રઢ હોય અને નીતિ નિયમોને ધ્યાનમાં રાખીને વહીવટ કરવામાં આવે તો રાજ્યની આવકમાં પણ સારી રીતે વધારો થાય. આ વિભાગ રાજ્યના મુખ્ય વડા મુખ્યમંત્રીશ્રીના હવાલે છે ત્યારે આ ગૃહમાં ભૂતકાળમાં ઘણું બધું કહેવાનું છે એટલે એ વાતને હું દોહરાવીશ નહીં. પણ જ્યારથી રાજ્યમાં આ સરકાર આવી છે ત્યારથી ઉદ્યોગગૃહોને વધુમાં વધુ કેમ ફાયદો થાય અને નાના અને છેવાડાના માણસને કેમ નુકસાન થાય એ પ્રકારની આ રાજ્ય સરકારની નીતિ રહી છે. ઉદ્યોગગૃહોને સસ્તા ભાવે જમીન આપવી, ગામડાંના છેવાડાના માણસને, બી.પી.એલ. યાદી ધરાવતા કુટુંબને કે વ્યકિતને ૧૦૦ ચોરસવારનો પ્લોટ મહિનાઓ અને વર્ષો સુધી મળતો નથી, એની સામે ઉદ્યોગગૃહ ખાલી અરજી કરે અને ટૂંક સમયમાં જમીન પાણીના ભાવે ફાળવવામાં આવે એવા બનાવો ભૂતકાળમાં બન્યા છે એને હું દોહરાવીશ નહીં. પરંતુ સરકારને મારે પૂછવું છે, આ ગૃહમાં ઘણી બધી ચર્ચાઓ થઇ છે એવા ટાટાને નેનો માટે સાણંદમાં જે જગ્યા આપી છે, ૪૪૫ હેકટર જેટલી જમીન આપવામાં આવી છે. આ જમીન આપ્યા પછી ઘર આંગણે લોકોને, આપણને કેટલો ફાયદો થયો એ જો સરકાર ગૃહના રેકર્ડ ઉપર મૂકશે તો આનંદ થશે. આજે ત્યાં નેનોનું ઉત્પાદન થતું નથી. એ જ રીતે ફોર્ડ ઇન્ડિયા પ્રા.લિ.ને સાણંદ ખાતે ૧૮૬.૩૬ હેકટર જમીન આપવામાં આવી છે. એની સ્થિતિ આજની તારીખે શું છે? મારૂતિ સુઝુકીને માંડલમાં ૨૫૯ હેકટર જમીન આપવામાં આવી છે એની સ્થિતિ શું છે? ત્યાર પછી કચ્છની વાત અહીંયા ઘણી બધી કરવામાં આવી છે. પણ કચ્છમાં સરકારના માનીતા ઉદ્યોગગૃહને ફાયદો કરાવવા માટે કેવા પ્રકારની જમીન આપી છે એ મારે કહેવાની જરૂર નથી. આ રાજ્યની સમગ્ર પ્રજા જાણે છે કે અદાણીને કેવા પ્રકારનો ફાયદો કરાવ્યો છે. કચ્છમાં સરકારે એક જમીન પ્રવાસન માટે આશાપુરા પોર્ટ કંપનીને ૩૬૭ એકર જમીન ૧૭ લાખ રૂપિયામાં આપી. આ કંપનીએ ૧૦૦ કરોડમાં એ જમીન બીજાને વેચી દીધી. ૧૭ લાખમાં સરકારે આપી અને ૧૦૦ કરોડનો નફો કરીને અન્યને વેચી દીધી. આ બાબતે સરકાર સાચી હકીકત ગૃહને કહેશે તો આનંદ થશે. ગતિશીલ ગુજરાતનો નારો આપ્યો. ગતિશીલ ગુજરાતના નારાને હું આવકારું છું. મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલને અભિનંદન આપું છું કે ગતિશીલ ગુજરાતનો નારો આપી અને વહીવટી તંત્રને ગતિશીલ બનાવ્યું અને એમાં પણ ખાસ કરીને મુખ્યમંત્રીના હવાલે આવતા મહેસૂલ વિભાગે આ ગતિશીલનો નારો આપ્યા પછી નીચેથી ઉપર સુધી જે રીતે ગતિશીલતા આ વિભાગમાં આવી છે એ બદલ મુખ્યમંત્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ગતિશીલતા કેવા પ્રકારની છે? એક જ દાખલો આપીશ. એને ધ્યાનમાં રાખીને સમગ્ર રાજ્યમાં આ પ્રકારનું ચાલતું હોય એમ માનવાને કારણ રહે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારના ગીર ગઢડા તાલુકાનું બાબરીયા ફોરેસ્ટ વિસ્તારની અંદર આવે છે. રાજ્યના કર્મચારીઓને રાહત દરે પ્લોટ ફાળવવાની જોગવાઇ છે, રાજ્ય સરકારની નીતિ છે, કોઇ કર્મચારીઓ મેળવે તેમાં વાંધો હોઇ શકે નહિ પણ આ બાબરીયા ખાતે રેવન્યુ સરવે નંબરની અંદર પ્લોટો મેળવવા માટે બે કલાસ વન અધિકારીઓ, બે પ્રાંત અધિકારીઓ, એક મામલતદાર, બે નાયબ મામલતદારો અને એક આર.એફ.ઓ. આ ૬ જણા ભેગા થઇને ૨૭–૧૨ એ અરજી કરે છે અને ૨૭ તારીખે અરજી કર્યા પછી સર્કલ ઇન્સ્પેકટર ચેક કરે છે, ચેક લીસ્ટ તૈયાર કરે છે. ચેક લીસ્ટ તૈયાર કર્યા પછી મામલતદાર એજ દિવસે સ્થળ તપાસણી કરે છે.

એનો અભિપ્રાય આપ્યા પછી પ્રાંત અધિકારી એજ દિવસે ૨૭ તારીખે સ્થળ તપાસ કરે છે અને સ્થળ તપાસ કર્યા પછી એનો અભિપ્રાય આપે છે. ૨૭ તારીખે તમામ ડોક્યુમેન્ટ તૈયાર થાય છે અને ૨૭ તારીખે કલેકટર કચેરીમાં અરજી થાય છે. આ ગતિશીલ ગુજરાત. આનાથી ગંભીર વાત હું એ કહેવા માગુ છું કે મારું માથું શરમથી ઝૂકી જાય છે. માનનીય અધ્યક્ષશ્રી, જે મુખ્યમંત્રીના હવાલે આ વિભાગ હોય અને આ વિભાગની અંદર આટલા મોટા પાયે પારદર્શક વહિવટના બદલે પારદર્શક ભ્રષ્ટાચાર થાય છે ત્યારે માથું શરમથી ઝૂકી જાય છે. આ કલાસવન ઓફિસર આ પ્લોટો મેળવવા માટે જે અરજી કરી એ અરજીની અંદર ખોટા દસ્તાવેજો ઊભા કર્યા. ખોટા પંચ રોજકામ કર્યા, ખોટા ચેક લીસ્ટ રજૂ કર્યા, ખોટી જમીનની માગણી કરી છે એની ચતુર્સીમા જે બતાવી છે એ ખોટી બતાવી, પ્લોટ મેળવવા માટેનો જે નકશો તૈયાર કરવામાં આવ્યો એ નકશો પણ ખોટો રજૂ કરવામાં આવ્યો. માનનીય અધ્યક્ષશ્રી, આટલાથી વાત અટકતી નથી. ચેક લીસ્ટની અંદર, પંચ રોજકામની અંદર કહેવામાં આવે છે કે સ્થળ વાળી જગ્યાએ, માગણી વાળી જગ્યા ખુલ્લી અને પડતર છે આવું બતાવવામાં આવે છે. એમાં મામલતદાર સહી કરે છે, પ્રાંત અધિકારી સહી કરે છે અને કલેકટર કચેરીમાંથી સહી થાય છે. એ પ્લોટ મંજૂર થઇ ગયા પછી તે કર્મચારીઓ કલેકટર ગીર ગઢડાને અરજી કરે છે કે અમને પ્લોટ ફાળવવામાં આવ્યાં છે એમાં આટલા ઝાડ છે એ કાપવા માટેની મંજૂરી આપવામાં આવે. અરજીમાં અને ચેક લીસ્ટમાં, પંચ રોજકામમાં એમ જણાવવામાં આવે છે કે ખુલ્લી અને પડતર જમીન છે અને પાછળથી ઝાડ કાપવાની મંજૂરી માગવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ તો હદ થઇ. મહેસૂલ વિભાગની અંદર આ પ્રકારનું, માનનીય અધ્યક્ષશ્રી, રજૂઆત કરવામાં આવી આવેદનપત્રથી કલેકટરને રજૂઆત કરવામાં આવી. વન વિભાગ, આ જગ્યા છેલ્લે રવેન્યુનો સરવે નંબર ન નીકળ્યો ફોરેસ્ટનો રક્ષિત વિસ્તાર નીકળ્યો. મંગુભાઇ, વનમંત્રી અહીંયા બેઠા છે એમને મારે કહેવું જોઇએ કે ગીરના જંગલની અંદર કોઇ ખોટી રીતે સિંહ દર્શન કરવા જાય, ગાડી ઘૂસી જાય તો એક વ્યક્તિને ૨૫૦૦૦ રૂપિયાનો દંડ કરવામાં આવે છે. એની સામે આ મહેસૂલી કર્મચારીઓ, કલાસવન અધિકારીઓ જે ગેરકાયદેસર પ્લોટ મેળવ્યાં છે, જેણે ખોટું રેકર્ડ ઊભું કર્યુ છે એમાં જંગલ ખાતાના અધિકારીઓએ ભેગા થઇને કર્યું છે. જે ઝાડ કાપી નાખ્યા એમાં રક્ષિત ઝાડ, ખેરના ઝાડને પણ કાપી નાંખવામાં આવ્યાં છે. ૧૦૦૦ વૃક્ષોને કાપ્યાં છે. ત્યાર પછી આ ફોરેસ્ટ ખાતાએ શું કર્યું? ખોટા સિંહ દર્શનવાળાને ૨૫૦૦૦ રૂપિયાનો દંડ કરવામાં આવે એની સામે આ ૬ કર્મચારીઓને ૨૫-૨૫ હજાર રૂપિયાનો દંડ કરીને દોઢ લાખ વસૂલ કર્યા.

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રમાણે ભીનું સંકેલવામાં આવે, આ પ્રમાણે ગતિશીલતા આવી હોય તો મારે વિશેષ કાંઇ કહેવાની જરૂરિયાત રહેતી નથી. આનાથી આગળ છેલ્લા ચાર વર્ષથી સીમર ગામે સામૂહિક આરોગ્ય કેન્દ્રનું બિલ્ડીંગ મંજૂર થઇ ગયું છે. સરકારે ગ્રાન્ટ આપી દીધી છે. એની જગ્યા મેળવવા માટે એક ધારાસભ્ય તરીકે અને એક્સ એમ.એલ.એ. તરીકે રજૂઆત કરતો આવ્યો છું. છતાં આજે પણ એનું નિરાકરણ નથી થતું. માનનીય અધ્યક્ષશ્રી, મેં મંત્રીશ્રીને પણ રજૂઆત કરી છે કે, જે જગ્યાએ સાગર ખેડૂ યોજના માટે માધ્યમિક સ્કૂલ મંજૂર થઇ છે એ માધ્યમિક સ્કૂલની જગ્યા જે ફાળવેલ છે એ રદ કરી અને તમે સામૂહિક આરોગ્ય કેન્દ્રનું બિલ્ડિંગ બનાવો અને માધ્યમિક સ્કૂલ માટે તમે અન્ય જગ્યાએ જગ્યા ફાળવો. કારણ કે, એ ગામની નજીક છે. સામૂહિક આરોગ્ય કેન્દ્ર ગામથી એક-દોઢ કિલો મિટર દૂર થાય તો એ યોગ્ય ન ગણાય. માધ્યમિક સ્કૂલ છે એ એકાદ-બે કિલો મિટર દૂર થાય તો ચાલે. માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, આ પ્રજા માટે છે, આ લોકો માટે છે. તમે સામૂહિક આરોગ્ય કેન્દ્રના બિલ્ડિંગ માટે જમીન નથી ફાળવી દેતા પણ એક ભા.જ.પ.ના આગેવાન, પોતાની સંસ્થા છે એને આજ સીમર ગામે ગેરકાયદેસર રીતે જમીન ફાળવી દીધી. આ ૨૦૦૮ની અંદર જમીન વાળી લીધી, કમ્પાઉન્ડ વોલ બનાવી દીધી અને ૨૦૧૨માં પેશકદમી થયેલી જગ્યાને મહેસૂલ વિભાગે ભા.જ.પ.ના કહેવાતા આગેવાનને જગ્યાની ફાળવણી કરી દીધી. આ ગતિશીલ ગુજરાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે ૩૨(ક)માં ઘણા બધા દસ્તાવેજો પ્રાંત કચેરીને ડાયવર્ટ કરવામાં આવ્યા છે, છેલ્લા વર્ષોમાં પ્રાંત અધિકારી કક્ષાએ ૩૨(ક)ના સમયસર નિકાલ ન થવાને કારણે લોકોને મુશ્કેલીઓ પડે છે ઓરિજનલ દસ્તાવેજ નહીં મળવાના કારણે. એટલે વહેલમાં વહેલી તકે આ પ્રકારના જે ૩૨(ક)ના દસ્તાવેજો પેન્ડીંગ છે એનો નિકાલ તાત્કાલિક અસરથી કરવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉના ખાતે સિટી સરવેની જગ્યાઓ ઘણા સમયથી ખાલી છે. એના કારણે મુશ્કેલીઓ થાય છે તો એની નિમણૂંક તાત્કાલિક થાય. ઉના સબ-રજીસ્ટ્રાર કચેરીની અંદર ૧૫ બાય ૧૦ ફૂટની જ જગ્યા છે, ઓરડીની અંદર દસ્તાવેજો થાય છે, બેસવા માટેની વ્યવસ્થા નથી, પાણી માટેની વ્યવસ્થા નથી.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે પુંજાભાઇ. માનનીય સભ્યશ્રી પિયુષભાઇ દેસાઇ. (અંતરાય) નહીં, નહીં. તમારી બાર મિનિટ છે અને બાર મિનિટ પુરી થઇ છે પુંજાભાઇ. બાર મિનિટ તમને આપી પુરી. આપે ૯.૫૫ વાગ્યે શરૂ કર્યું હતું, ગણી લો.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક ૭૮, ૭૯, ૭૦ અને ૭૧ લઇને આવ્યા છે એને સમર્થન આપવા અને મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જ હાલમાં મારા મિત્ર પુંજભાઇ, સત્યના સૂર્યને ખુલ્લી આંખે જોવા માગતા નથી એમ મને લાગે છે અને વિપક્ષના સભ્યો સત્યથી વેગળી વાત કરીને આંગળી ચિંધે છે ત્યારે આપની જ એક વાત મારે કહવી છે. જ્યારે લાયબ્રેરીમાં હું બેઠો હતો, ત્યારે આપે જે એક શાયરી કહેલી કે,

"જૂઠ કે દામન મેં વો સચ કો છુપાને આ ગયે,
આયને કે સામને વો અંગુલી ઉઠાને આ ગયે".

માનનીય અધ્યક્ષશ્રી, વીસમી સદીના ઉત્તરાર્ધમાં અને એકવીસમી સદીની શરૂઆતમાં માનવ જીવન જે કાંઇ સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે એમાં કુદરતી આફતો અને એને લગતી સમસ્યાઓ મુખ્ય છે. આપણે ક્યારેય વિચાર્યું નહતું કે, ફેબ્રુઆરી–માર્ચની અંદર બે–બે વખત માવઠું થશે. રાજ્ય સરકાર અને સહકારી પ્રવૃત્તિઓને પણ મારે અભિનંદન આપવા છે કે, એક વખત જ્યારે દૂધના ભાવ ૧૪ રૂપિયે લિટર અને મિનરલ વોટરના ભાવ ૧૫ રૂપિયે હતા. આપણા પૂર્વજોએ પણ આ વિચાર્યું નહીં હોય. અત્યારે એના ભાવ વધુ છે. આપણે વિચારવું પડશે કે, કુદરતી સંપદા મળી છે એના આપણે ટ્રસ્ટીઓ છીએ, માલિક નહીં. અને જે કાંઇ પૂર્વજોએ આપ્યું છે એ સંપત્તિ આપણી પછીની પેઢીને, સુધારો નહીં કરીએ તો કાંઇ નહીં પરંતુ એમના મૂળ સ્વરૂપમાં આપવાની આપણી ફરજ છે. કુદરતી આફતો એટલે ભૂકંપ હોય, ચક્રવાત હોય, વાવાઝોડું હોય, રેલ હોય સુનામી હોય આ બધાનો સામાન્ય રીતે આપણે વારંવાર સામનો કરવો પડતો હોય છે. ભૂકંપને લાગે વળગે છે ત્યાં સુધી હું વાત કરું એ પહેલાં હું ઇચ્છું કે, બજેટનો ડિઝાસ્ટર મેનેજમેન્ટનો એક પણ રૂપિયો આપણે ખર્ચ ના કરવો પડે, ભગવાનને આપણે પ્રાર્થના કરીએ. પરંતુ કુદરત આપણા ઉપર રહેમ કરે પરંતુ સમસ્યાઓ જો આવે તો આપણી તત્પરતાઓ પણ હોવી જોઇએ. હું ભૂકંપની વાત કરતો હતો, જ્યારે જ્યારે ભૂકંપની અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની ચર્ચા થાય એટલે વ્યવસ્થાપનની ચર્ચા થાય છે અને ત્યારે એની વ્યવસ્થાપનની ચર્ચા પણ દુનિયા કરે છે. મારે વાત કરવી છે, ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના ભૂકંપની. હજારો લોકોએ જ્યારે કચ્છમાં જાન ગુમાવ્યા, આખે આખા નગર, આખે આખા ગામો નષ્ટ થયા કોઇના અસ્તિત્વની પણ નિશાની નહોતી એવા સમયે દેશ અને વિશ્વ જયારે સ્તબ્ધ થઇ ગયું ત્યારે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન દેશની એ તમન્નાના અને તાકાતના પ્રતિનિધિ માનનીય નરેન્દ્રભાઇની ગુજરાત સરકારે જે પગલાં લીધા રેઇઝીંગ ફ્રોમ એસીસ એટલે ફિનીકસ પક્ષીની માફક રાખમાંથી બેઠું થવાનું કચ્છે જે સામર્થ્ય દાખવ્યું છે તેને સલામ કરવાનું મન થાય છે અને એની દુનિયાએ પણ નોંધ લીધી છે. ૯/૧૧ની અમેરિકાની ઘટના બની ત્યારે ઇમારતનો મલબો સાફ કરવા આખી એડવાન્સ ટેકનોલોજી હોવાછતાં જેટલો સમય લાગ્યો એના કરતા ઓછો સમય કચ્છના ભુકંપનો મલબો હટાવવામાં લાગ્યો હતો. આ આપણી સરકારની સફળતા છે. અહીંયા કચ્છના મિત્રો પણ બેઠા છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટનો એકટ કોણ પહેલી વાર લાવ્યું? સમગ્ર દેશની અંદર ગુજરાત એક એવું પહેલું રાજય છે કે જે ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ લાવ્યા અને ૨૦૦૩માં એની શરૂઆત કરી. અહીં બેઠેલા માનનીય નાનુભાઇ વાનાણી આપણા મંત્રી છે એમને મારે અભિનંદન આપવા છે. આમરણ ગામ મોરબીની બાજુમાં, અહીંયા મારા મોરબીના મિત્રો પણ છે. બે બે વર્ષ સુધી ત્યાં રહીને આખું આમરણ ગામ એમેણે વસાવ્યું છે. આજે મારે વિરોધ પક્ષના તમામ સભ્યોને અને સત્તાધારી પક્ષના તમામ સભ્યોને કહેવું છે કે આપ ત્યાં આમરણ ગામે આવીને જુઓ કેવી પરિસ્થિતિ છે? સરકારે આપત્તિને અવસરમાં અને વિનાશમાંથી વિકાસમાં ફેરવવાની દેન એ વખતના મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન ભેટ આપીને ગયા છે અને એના ઉપર મારી સરકાર ચાલી રહી છે. મારે નિલોફર કે હુડહુડ નામના વાવાઝોડાની વાત કરવી છે. પરંતુ મારી સામે બેઠેલા મિત્રોને તો કદાચ હુડહુડ કે નિલોફર યાદ નહીં હોય કારણકે એ લોકો તો આજે પણ ૨૦૧૪માં વાયેલા માનનીય નરેન્દ્રભાઇ મોદી નામના વાવાઝોડામાંથી હજુ બહાર નથી આવી શકયા એટલે વાવાઝોડું કેટલી આફત પેદા કરી શકે એ મારી સામે બેઠેલા મિત્રો સારી રીતે જાણી શકે છે. એમણે તો કાપ દરખાસ્તની જગ્યાએ વધારાની માગણી કરવી જોઇએ. નિલોફર વાવાઝોડુ જે કચ્છ જિલ્લામાં આવ્યું અને ઝીરો લાઇફ લોસ થાય. માનનીય નિતિનભાઇ અને શંકરભાઇની સીધી દોરવણી હેઠળ કચ્છ જિલ્લાની અંદર વાવાઝોડા વખતે તમામ કોમ્યુનિકેશન નેટવર્ક ફેઇલ થાય ત્યારે કચ્છના દયાપુર ભુજમાં ૨૦ રીએકટના સ્થાયી ઇસરો દ્વારા ઉપગ્રહ આધારિત કોમ્યુનિકેશન સિસ્ટમ ગોઠવાય. કચ્છમાં સર્વે કરવામાં આવ્યો. જે બહેનોની પ્રેગ્નન્સી વખતની તારીખો હતી એનો ડેટા એકત્રીત કરવામાં આવ્યો. મોટા વૃક્ષો હતા એ પડી જાય તો એની બાજુમાં જે.સી.બી. મશીન ઉભા થઇ ગયા. મને કહેવા દો આજે કે રાજ્ય સરકારે જે કાંઇ પગલાં લીધાં અને એને માટે હું એમ કહું તો ખોટું નથી અતિશયોકિત કહેવાશે પરંતુ કચ્છ પહોંચતા પહોંચતા નિલોફર હિંમત હારી ગયું એમ કહું તો ખોટું નથી. સેટેલાઇટના માધ્યમથી આપણે આજે વરસાદ અને વાવાઝોડાની સ્થિતિ જાણી શકીએ છીએ. હુડહુડ વાવાઝોડુ જયારે આવ્યું સરકારની સંવેદના જુઓ. એ દક્ષિણ તટે ફુંકાયું પરંતુ ગુજરાત સરકારે એની વિશાખા પટ્ટનમ વિજાણુ સ્તર પર ગુજરાતની આપત્તિ વ્યવસ્થાપનની ટીમને મોકલી અને ન કરે નારાયણ આપણે ત્યાં આવે તો એના સંવેદનશીલ અને એના એકઝેટનેસ માટેના પગલાં કેવી રીતે લઇ શકાય એને માટેની સમગ્ર ટીમ ત્યાં હતી. ગુજરાતના આપત્તિ અને વ્યવસ્થાપન તંત્રને ૩૦ સેકન્ડમાં ભૂકંપની જાણ થઇ જાય એવી હાલમાં એક સિસ્ટમ ડેવલપ થઇ કાર્ય કરી રહી છે. ગુજરાતનું તંત્ર હવે દેશના ૫૦૦ સ્માર્ટ સીટી માટે પણ કામ કરશે એમાં શંકાને સ્થાન નથી. આભાર.

સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ, અને ગ્રામ વિકાસ વિભાગના માનનીય મંત્રીશ્રી જયન્તીભાઇ માગણી નં. ૭૦ લઇને આવ્યા છે. એની ઉપર મારા વિચારો વ્યકત કરું છું. સત્તામાં કોઇપણ સરકાર હોય એ સરકારને એના સત્તાકાળ દરમિયાન સમગ્ર રાજયનો સર્વાંગી વિકાસ થાય એના માટેનો ધ્યેય હોય છે અને એના માટેના સરકાર પ્રયત્ન પણ કરતી હોય છે. પણ પરિણામ એનું ત્યારે જ મળે કે જયારે એ માટેના પ્રયત્નો સાચી દિશામાં હોય. એના માટેના કાર્યો લોકઉપયોગી હોય. અને એના માટે પુરતી નાણાકીય વ્યવસ્થા હોય ભારતીય જનતા પાર્ટીની સરકાર જ્યારથી ગુજરાતમાં આવી છે ત્યારથી સમગ્ર ગુજરાતનો સર્વાંગી વિકાસ થાય એના માટે શહેરોનો તો વિકાસ થાય, પણ સાથે સાથે ગામડાંનો પણ વિકાસ થાય એના માટેના પુરતા પ્રયત્નો કર્યા છે અને પુરતી નાણાની ફાળવણી પણ કરે છે. આપણા રાજ્યનો સર્વાંગી વિકાસ તયારે જ થાય કે જ્યારે ગુજરાતના ૧૮૦૦૦ ગામડાં અને એમાં રહેતા ૭૦ ટકા થી વધારે લોકોને શહેર જેવી સુવિધા ઉપલબ્ધ થઇ શકે. આપણને બધાને ખબર છે કે આજથી ૧૫–૨૦ વર્ષ પહેલાં કોઇપણ ગામડાંમાં જાવ આ એક સ્વીકારવા જેવી બાબત છે. કોઇ ગામમાં સી.સી. રોડ જોયા હતા? કોઇ ગામમાં ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા જોઇ હતી? કોઇ ગામમાં લાઇટની

વ્યવસ્થા પુરતી ઉપલબ્ધ થયેલી તમે જોઇ હતી? આજે તમે વાતો ખૂબ કરો છો. આઝાદીના આટલા વર્ષો પછી અમારી સરકારે આટલાં વર્ષ રાજ કર્યુ, પણ ગામડાં માટે શું કર્યુ? આજે આ ગામડાંની અંદર કોઇપણ રસ્તાને આર.સી.સી. રસ્તાની સુવિધા ઉપલબ્ધ કરાવવાનું કામ જો કોઇએ કર્યુ હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. ૨૪ કલાક લાઇટ આપવાનું કામ જો કોઇએ કર્યુ હોય તો તે પણ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા પણ ગામડાંમાં ઉપલબ્ધ થઇ છે. એનાથી વિશેષ કરીને આજે બીજાં રાજ્યનાં મોટાં શહેરોમાં ઘરે ઘરે ગેસની વ્યવસ્થા નહોતી. આજે પાઇપલાઇનથી ગેસ આપવાનું કામ ગુજરાતના ગામડાંમાં થાય છે. આ પ્રકારની વ્યવસ્થા સમગ્ર ગુજરાતના ગામડાંમાં થઇ છે. મારે ચોક્કસ કહેવું છે કે આપણા ગામડાંનો ખૂબ સારો વિકાસ આ ગુજરાતમાં થવાનો છે. આ વખતે કેટલીક નવી બાબતોનો પણ સમાવેશ આ અંદાજપત્રની અંદર કરવામાં આવ્યો છે અને એની માગણી લઇને મંત્રીશ્રી આવ્યા છે. આજે આ વિષય કહું છું. તે કોંગ્રેસના મિત્રોએ પણ રાજકારણથી ઉપર ઉઠીને વધાવવાનો વિષય છે. આપણે બધાએ કહ્યું છે કે કોંગ્રેસ રાજની અંદર એ.સી. ઓફિસોમાં બેસીને આયોજનો થતા હતા અને પછી એનો અમલ ગ્રાઉન્ડ લેવલે થતો. ભારતીય જનતા પાર્ટીની સરકારની અંદર ગ્રાઉન્ડ લેવલે શેની જરૂર છે એની તપાસ કરીને આજે એના આયોજન સરકારની અંદર કરવામાં આવે છે. જીવતુ જાગતું ઉદાહરણ જો કોઇ હોય તો ભારત નિર્માણ રાજીવ ગાંધી સેવા કેન્દ્ર. આપણને બધાને ખબર છે કે મનરેગા યોજના હેઠળ ૨૦૦૨ ની વિધાનસભાની ચૂંટણી ચાલતી હતી તે વખતે કોંગ્રેસની કેન્દ્ર સરકાર દ્વારા મનરેગા યોજના દ્વારા રાજીવગાંધી ભવન બનાવવાનું ગામે ગામ ચાલુ કરવામાં આવેલ. કેટલાય માનનીય ધારાસભ્યશ્રીઓ, મિત્રો કોંગ્રેસના પણ હશે જેમણે એમના ખાત મૂહુર્તો કરેલ, પરંતુ તકલીફ એવી થઇ કે યોજના ઓફિસમાં બેસીને નક્કી કરેલી. આ યોજના હેઠળ રાજીવગાંધી ભવન બનાવવાનું થયું, પંચાયત ભવન બનાવવાનું થયું. આ રેશિયો ૪૦ જેમ ૬૦ નો રેશિયો એમાં ૬૦ ટકા મજૂરીનું કામ કરવાનું તો જ ૪૦ ટકા પૈસા મળે. આ રાજકીય વાત સમજવા જેવી છે. સાચી વાત સમજીશો તો જ ખબર પડશે. ૪૦ ટકા મટીરિયલ વાપરવાનું કેવી રીતે બને? એના લીધે આજે ગામે ગામ જેના ખાતમુહૂર્ત, ભૂમિપૂજનો થયા હતા તે બધી જગ્યાએ આજે ખંડેર ઉભા છે. કોઇનો પાયો ખોદાયો તો કોઇનું પ્લીન્થ લેવલ, કોઇનું લીન્ટલ લેવલ તો કોઇનો સ્લેબ ભરવાનો બાકી છે. આજે ભારતીય જનતા પાર્ટીની સરકારે રાજકારણથી ઉપર ઉઠીને, રાજીવ ગાંધી ભલે તમારા પક્ષના હતા, પણ ભારત દેશના વડાપ્રધાન હતા. એમના નામની યોજના છે. એના માટે રેશિયો ૮૦– ૨૦ છે. એના માટે જે પૈસા ખૂટે ૬ લાખથી વધારે પૈસા એમાં ખૂટે છે. એ પૈસા ૩૩૦૦ જેટલી જગ્યાએ કામો બાકી છે, ૩૩૦૦ જગ્યાએ કામ પૂરાં કરવાં માટે પ્રથમ તબક્કે હજાર જગ્યાએ પૂરા કરવા માટે ૬૦૦૦ લાખ જેટલી જોગવાઇ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. અને એના લીધે આજે તમે જુઓ તો ગૌચર માટે ૧૦૦ કરોડથી વધારે જોગવાઇ કરી છે. આમાં ગૌચરને કોઇએ રાજકારણનો વિષય બનાવ્યો. કોઇ માથાભારે તત્વોએ દબાણનો વિષય બનાવ્યો. તો આજે કોઇના માટે ગૌસેવાનો વિષય બન્યો છે. આજે પહેલી વખત ભારતીય જનતા પાર્ટીની સરકારે એવું નકકી કર્યુ કે જે ગામમાં આવું ગૌચર છે તેનો વિકાસ થવો જોઇએ. તેના માટે સરવે થાય, તેની ચારેબાજુ બાઉન્ડ્રી બને, તે જમીન સમથળ ન હોય તો સમથળ બને અને ગ્રામ પંચાયત સાથે બેસી મળીને તેનો વિકાસ કરે. તેમાંથી જે આવક ઉભી થાય તે ગામના વિકાસમાં કામ આવે. તેની અંદર વૃક્ષો ઉછેરવામાં આવે. આજે ગૌચર વિકાસ માટે ૧૦૦ કરોડથી વધારે રકમની જોગવાઇ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં કરવામાં આવી છે. તે સિવાય સ્વચ્છતા માટે પણ, આપણે વાત કરીએ છીએ કે સ્વચ્છતા માટે સરકારે શું કરવું જોઇએ? સ્વચ્છતા કરો, સ્વચ્છતા કરો. કોઇ દિવસ ગ્રામ પંચાયતમાં કંઇ પરિસ્થિતિ છે તે કોઇએ જોયું હતું? આજે આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં પાંચ હજારથી વધારે વસ્તી ધરાવતા ગામોને સ્વચ્છતા માટે....

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સંજયભાઇ આપનો સમય પૂરો થાય છે. માનનીય સી.કે.રાઉલજી.

શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજુ કરવા ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગમાં જિલ્લા વહીવટ હેઠળ માગણી ક્રમાંક–૭૮ અને ૭૯ બન્ને મળીને મહેસૂલી ખર્ચ અને મૂડી ખર્ચ ૧૮૭૬ કરોડ ૩ લાખ ૯૦ હજારના ખર્ચની માગણી આ ગૃહમાં રજુ કરવામાં આવી છે ત્યારે સાહેબ મહેસૂલ વિભાગ જમીનનો વહીવટ કરે તે બરાબર છે. આ તો સરકાર જાતે જ વહીવટ કરે છે. લેતીદેતીની જમીનોનો વહીવટ કરે છે તેના દાખલા હું આપીશ. હું બતાવવા માગું છું અને માનનીય મંત્રીશ્રી ભલે અંદરોઅંદર વાતો કરતા હોય પણ આ સરકાર ગાયોની દયા કરવાવાળી છે. ગૌચર બચાવવાની વાત કરે છે. તેનો એક જ દાખલો આપીશ, કે રાહેજા કોર્પોરેશન કંપનીને કોબા ખાતે સરવે નં.૨૭૦ અને બાકીના સરવે નં.૨૪૨, ૨૩૭ અને ૨૩૮ તેમાં ૨૭૦ ગૌચરની જમીન છે. આ ગૌચરની જમીન આ કે રાહેજાને ૨૦૦૫ની અંદર આપી. ૨૦૦૫ પછી વસૂલ કરવાની તારીખ હતી ૮–૫–૨૦૦૬. એક વર્ષ અને ત્રણ મહિના પછી. આ એક વર્ષ અને ત્રણ મહિના પછી ૧૨ ટકા પ્રમાણે ચઢતું વ્યાજ લેવું જોઇએ. આ સરકારે આજદિન સુધી ૨ કરોડ ૧૨ લાખ ૩૯ હજાર ૧૬૮ કરોડ રૂપિયા આ કંપની પાસેથી વસૂલ કર્યા નથી. આ સરકાર ગતિશીલ સરકાર છે. મળતીયા માણસો અને ઉદ્યોગપતિઓની વાત બરાબર છે. હું એ કહેવા માગું છું કે કચ્છની અંદર ઇન્ડીગોલ કંપની ૨૦૦૯ની અંદર ૩૯ એકર જમીન, ખાલસા થયેલી જમીન આપી. વિભાગે સ્પષ્ટ ના પાડી. તેને વેચવા માટે મહેસૂલ વિભાગે પરવાનગી માગી. તમામ મહેસૂલ વિભાગના અધિકારીઓ ઉપ સચિવથી માંડીને સચિવ સુધીનાએ આ જમીન વેચી શકાય નહીં તેમ કહ્યું, છતાં જે તે વખતના મહેસૂલ મંત્રીએ ખાસ કિસ્સા તરીકે મંજુરી આપે. વિચાર કરો સાહેબ તેનું કારણ શું હશે તે આપ સૌ સમજી શકો છો. આ જમીન મહેસૂલની અંદર ખાલસા થયેલી જમીનો, ગૌચરની જમીનો છે અને આજે મોટા ભાગની ગૌચરની જમીનો રહી નથી. મારે એ કહેવું છે કે મહેસૂલ વિભાગની અંદર સ્ટેમ્પ ડ્યુટી, વારસાઇ, ખરીદ વેચાણની એન્ટ્રીઓ, અપીલો, પુનઃવસવાટ, જમીન માપણી, પુર દુષ્કાળ અને કુદરતી આફતો વિગેરેની કામગીરી થાય છે. હું એક જ દાખલો આપીશ કે પુનઃવસવાટની કામગીરીમાં આ ગતિશીલ ગુજરાતની વાત કરું છું. આખા

ગુજરાતની અંદર જે મોટા મોટા મધ્યમ કદના સિંચાઇ ડેમો થયા. મારે દુઃખ સાથે કહેવું પડશે કે મારા પંચમહાલ જિલ્લામાં, સાબરકાંઠા જિલ્લામાં, અરવલ્લી જિલ્લામાં જે જે જમીનો આ સિંચાઇ ડેમોમાં ગઇ છે તેના અસરગ્રસ્તોને આજદિન સુધી જમીનો નામે નથી થઇ. એનો એક દાખલો આપીશ કે, રજૂઆત કરવાની કેટલી હદ હોય, ૧૯૭૫ થી ૨૦૧૫ આજે ૪૦ વર્ષ થયા આ સંકલનનો અભાવ છે. હું એટલા માટે દાખલો આપું છું કે, (અંતરાય) નીતિનભાઇ ગણિતમાં ચોક્કસ છે પણ વહીવટમાં ચોક્કસ નથી. વહીવટમાં ચોક્કસ નથી એનો હું એક દાખલો આપું માનનીય અધ્યક્ષશ્રી, આ જમીન સંપાદનની બાબતની વાત હોય અને પુનઃવસવાટની વાત હોય તો એમાં ત્રણ વિભાગ આવે છે. જળસંપત્તિ, જમીન મહેસૂલ અને ફોરેસ્ટ, એના કારણે આજે આ ૪૦-૪૦ વર્ષથી મારા પંચમહાલ જિલ્લામાં ૮૦૦ કુટુંબોને ૩-૩ પેઢી થવા છતાં વારસદારો માટે વારસાઇનો સવાલ ઉભો થયો છે, એને વીમાનો સવાલ ઉભો થયો છે, એના પાક વીમાનો સવાલ ઉભો થયો છે અને એ લોકોને આનો કોઇ લાભ મળતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, સંકલનમાં મુદા ઉઠાવીએ, રાજય સરકારમાં કહીએ, નવી દિલ્હી સુધી કહીએ પણ આજ દિન સુધી કોઇ ઉકેલ આવ્યો નથી. આજે ફોરેસ્ટ વિભાગમાંથી સિંચાઇ વિભાગ અને સિંચાઇ વિભાગમાંથી ફોરેસ્ટ વિભાગને જે પૈસા આપવાના છે એ લગભગ ૮૪ કરોડ જેટલી રકમ બાકી છે. તો આજ દિન સુધી આપ્યા નથી પણ હમણા આ બજેટમાં જોગવાઇ કરી ૨૫ કરોડની તો પણ હજુ ૯ કરોડ બાકી છે. ૪૦ કરોડનો પ્રશ્ન છે અને ૯ કરોડ બાકી છે. આ તો ઠીક પણ સરકારનો વહીવટ આજે પણ ૫૦ ટકા જમીન, જમીનની સામે જમીન આપવી જોઇએ ફોરેસ્ટના અનુસંધાનમાં નિયમ એવો છે રીઝર્વ ફોરેસ્ટનો, તો મહેસૂલ વિભાગે આજે પંચમહાલ જિલ્લામાં જમીન નથી આપી. રાજકોટ, જામનગર કેટલીય વખત રીમાઇન્ડર કર્યા ત્યાંના કલેકટરોને કશી પડી નથી કારણ કે આ પુનઃવસવાટના પ્રશ્નમાં આ સરકારને રસ નથી અને આ સરકાર આદિવાસી, બક્ષીપંચ અને ખેડૂતોની લાગણીની વાતો કરતી હોય તો આજે મોટા ભાગના આ અસરગ્રસ્ત લોકો છે એ બક્ષીપંચના અને આદિવાસી લોકો છે. આ કામ માટે હું રાજયના રાજયપાલને પણ મારા જિલ્લામાં લઇ ગયો હતો, માનનીય મુખ્યમંત્રીને પણ ગઇ વિધાનસભા વખતે પંચમહાલના અમે તમામ ધારાસભ્યોએ વાત કરી હતી છતાં આજ દિન સુધી જે ૫૦ ટકા જમીન ફાળવવાની હતી એ ફાળવવામાં આવી નથી એ વાતનું દુઃખ છે. માનનીય અધ્યક્ષશ્રી, હું એમ કહેવા માગુ છું કે, આ ૩૨(ક)ની જે વાત કરી અમારા માનનીય સભ્યશ્રી પુંજાભાઇએ ત્યારે મારે કહેવું છે કે આજે રાજયમાં ૨,૨૧,૪૯૦ કેસો પડતર છે. સરકારને આવકની પડી છે પણ આ કેસોના નિકાલની પડી નથી એનો એક દાખલો આપીશ. આ નિકાલ નથી થતો એનું કારણ ત્રણ દિવસ, ચાર દિવસ પહેલા જ્યાં એ.સી.બી.ની ઓફિસ હોય એની નીચે આ સ્ટેમ્પ ડેપ્યુટી કલેકટરની કચેરી છે. ૩૨(ક)નો એક દસ્તાવેજ પેન્ડીંગ હતો એના માટે ઓછામાં ઓછા ૧૦ વખત ધક્કા ખાધા હશે છતાં એનો નિકાલ થતો ન હતો કેમ કે, ત્યાંનો કર્મચારી શું કહે કે તું મને ૫૦,૦૦૦ હજાર આપ તો જ કામ થશે અને છેલ્લે ૨૨,૦૦૦માં નક્કી થયું. આ જે કર્મચારી હતો એને ચાર દિવસ પહેલા એ.સી.બી.એ પકડ્યો છે. આ સરકારમાં કોઇ અધિકારીને બીક નથી એનો એક દાખલો આપીશ કે, પૈકી એન્ટ્રી છે એ પૈકી એન્ટ્રીઓ દરેક જિલ્લાની, દરેક તાલુકાની અંદર પાડવાની હોય છે અને આ માટે કલેકટર સુચના આપે પણ મામલતદાર માનતા નથી. એ કોઇ આ સરકારનો વહીવટ કહેવાય? અમારા પંચમહાલ જિલ્લામાં અને મહિસાગર જિલ્લામાં લગભગ ઓછામાં ઓછા ત્રણથી ચાર મામલતદારોની જગ્યાઓ ખાલી છે તો કેવી રીતે વહીવટ થાય? મામલતદાર એ આખા તાલુકાનો વહીવટ કરતો અધિકારી કહેવાય આજે આ જગ્યાઓ ખાલી હોવા છતાં જો સરકાર આ જગ્યાઓ ન ભરે તો પ્રજાનું શું થતું હશે એ વિચારવાનો પ્રશ્ન છે. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે એટલું જ કહીશ કે, આ જે ઇ-ધારામાં એન્ટ્રીઓ પડે છે એ એન્ટ્રીઓમાં આ ઓપરેટરો છે એ બિનજવાબદાર રીતે સુધારાના હુકમો કરે છે અને સુધારાના હુકમોમાં પણ એક હુકમમાં ૨-૨ હજારથી ૫-૫ હજાર રૂપિયા લેવાય છે અને લોકો હેરાન થઇ ગયા છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. સભાગૃહનો વિરામનો સમય થયો છે, સભાગૃહ વિરામ બાદ ૧૧-૦૦ કલાકે ફરી મળશે.

(વિરામ ૧૦-૩૦ થી ૧૧-૦૦)

વિરામ બાદ

ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને

ઉપાધ્યક્ષશ્રી :ઓર્ડર ઓર્ડર, માનનીય સભ્યશ્રી રમણભાઇ પાટકર,

શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય અધ્યક્ષશ્રી, આજના કામકાજની યાદીમાં મહેસૂલ વિભાગ દ્વારા માગણી નંબર-૭૮ જેમાં ૩,૯૩,૦૩,૨૮,૦૦૦-૦૦ ની માગણી મૂકી છે એને અનુમોદન આપવા માટે અને એમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઉભો થયો છું. મહેસૂલ વિભાગ એ સમગ્ર વહીવટીતંત્રનું એક હાર્દ છે, જ્યારે મહેસૂલ વિભાગ તરફથી સારો સુંદર અને પારદર્શક વહીવટ કરવામાં આવતો હોય તેનાથી આ ગુજરાત અને દેશનું આર્થિક તંત્ર પણ ધબકતું રહે છે, એના અનુસંધાનમાં મારે તત્કાલિન મુખ્યમંત્રી અને પૂર્વ મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબહેનને અભિનંદન આપવા છે, મહેસૂલ વિભાગની અંદર અનેક પરિવર્તન કરીને એક પારદર્શકતા તરફ લઇ ગયા છે અને આખા તંત્રને ગતિશીલ ગુજરાતમાં મૂક્યું છે અને એનું મને ગર્વ છે, આજે ૭૮ નંબરની માંગણીની અંદર વહીવટીતંત્ર જિલ્લા વહીવટ બાબતમાં મારે ઇ-સ્ટેમ્પીંગ બાબતમાં મારા વિચારો રજૂ કરવા છે. સમગ્ર દેશની અંદર સ્ટોક હોલ્ડિંગ કોરપોરેશન ઓફ ઇન્ડિયા દ્વારા ઇ-સ્ટેમ્પીંગ સુવિધા ઉપલબ્ધ કરવા માટે પ્રથમ ગાંધીનગરમાં તારીખ ૨-૨-૨૦૦૭ના રોજ અને ત્યારબાદ અમદાવાદની અંદર તારીખ ૨-૧૧-૨૦૦૭ થી આ યોજના ચાલુ કરવામાં આવી છે, આ યોજનાની અંદર આજે સમગ્ર ગુજરાતની અંદર ૨૪૮ તાલુકા છે અને ૩૩ જિલ્લાઓ છે એ તમામ જગ્યાઓ ઉપર સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં એક બારી ખોલીને ત્યાં ઇ-સ્ટેમ્પીંગ ની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે, ગ્રાહકોને કોઇ મુશ્કેલી પણ ના પડે એટલા માટે આર.બી.આઇ. દ્વારા કેટલીક બેન્કોની અંદર પણ આવા કાઉન્ટર ચાલુ કરવામાં આવ્યા છે અને પ્રજાને સ્ટેમ્પ વેન્ડરો

પાસે જવું ના પડે અને કોઇપણ બાબતમાં ગેરરીતિ ના થાય અને સરળતાથી ગ્રાહકને મળી શકે એની ખરીદી કરી શકે અને સરળતાથી ઉપલબ્ધ થઇ શકે એ માટે આ યોજના અમલમાં મૂકવામાં આવી છે. શરૂઆતમાં જ્યારે આ યોજના મૂકવામાં આવી તે વખતે ૨૦૦૬-૦૭ની અંદર એની આવક માત્ર ૮૯,૦૦,૮૫૫-૦૦ રૂપિયાની હતી, ત્યારપછી જે સુવિધા પ્રજાને પ્રાપ્ત થઇ છે એના કારણે મિલકતની અંદર લે-વેચના દસ્તાવેજો કરવા માટે જે સ્ટેમ્પની જરૂરિયાત પડે છે એની આવક તરફ જો આપણે દ્દષ્ટિકોણ કરીએ તો સ્વાભાવિક રીતે છેલ્લાં પાંચ વરસની અંદર એટલે કે સને ૨૦૧૦-૧૧ની અંદર ૩૯૨ કરોડ ૧ લાખ ૭ હજાર ૭૪ રૂપિયાની આવક થઇ છે, ૨૦૧૧-૧૨ની અંદર ૧૦૩૯ કરોડ ૧૪ લાખ ૩૪ હજાર ૨૮૦ રૂપિયાની આવક થઇ છે, ૨૦૧૨-૧૩ની અંદર ૧૧૨૮ કરોડ ૯૧ લાખ ૮૫ હજાર ૫૦૯ની આવક થઇ છે, ૨૦૧૩-૧૪ની અંદર ૧૨૯૨ કરોડ ૪૮ લાખ ૧૧ હજાર, ૮૦૩ની આવક થઇ છે ૨૦૧૪-૧૫ ડિસેમ્બર સુધી ૧૧૩૩ કરોડ ૧૮ લાખ ૮૭ હજાર ૩૩૨ની આવક થઇ છે, આમ પાંચ વરસની આવક ઉપર જો દ્દષ્ટિકોણ કરીએ તો ૪૯૮૫ કરોડ ૭૪ લાખ ૨૯ હજાર ૫૯૮ ની આવક થઇ છે. એના ઉપરથી સાબિત થાય છે કે આ જે નવી વ્યવસ્થા આધુનિક ટેકનોલોજીનો જે ઉપયોગ કરવામાં આવ્યો છે સબ રજીસ્ટ્રાર કચેરીની અંદર એના કારણે આજે સરકારની આવક અને સરકારની તિજોરીની અંદર ખૂબજ મોટો સુધારો થયો છે અને એના કારણે આપણા અર્થતંત્રની અંદર ખૂબ મોટો ફાયદો થયો છે. ગુજરાતની અંદર મહિલાઓની સંખ્યા ૪૮ ટકા છે તેને ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે મહિલાઓને સ્વતંત્ર હક્ક અને મહિલાઓના નામે દસ્તાવેજ થાય અને એમાં રજિસ્ટ્રેશન - નોંધણી ફીની માફી આપવાની યોજના દાખલ કરી એનાથી મહિલાઓને ઘણો ફાયદો થયો છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગતિશીલ ગુજરાત અને વ્યવહારશીલ ગુજરાત, વાયબ્રન્ટ ગુજરાત અને વાયબ્રન્ટ વહેવાર. વીસ વીસ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આ રાજયની અંદર સત્તામાં આવેલી છે ત્યારે પેલા *(xxx)

ઉપાધ્યક્ષશ્રી : આપણે કહેવત કહી શકતા નથી હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની મામલતદાર કચેરીમાં જાવ, તાલુકા પંચાયત કચેરી હોય, કલેકટર કચેરી હોય, પોલીસ સ્ટેશન હોય કે રાજયની કોઇ પણ કચેરી હોય ત્યાં વ્યવહાર વગર કોઇ વાત થતી નથી એવુ અત્યારે જયારે જનતામાં ચર્ચાઇ રહ્યું છે. મહેસૂલ વિભાગ આ રાજયના વહીવટ માટે મહત્વનું ખાતુ છે. આ તમામે તમામ ઓફિસોની અંદર ધારાસભ્યનો કોઇક ફોન જતો હશે, મંત્રીશ્રીનો કોઇ જગ્યાએ ફોન જતો હશે તો તેનુ કામ થતું હશે., કોઇ અધિકારીનો ફોન જતો હશે તો તેનુ કામ થતું હશે. પણ આમ જનતા માટે કોઇ પણ ઓફિસમાં જયાં સુધી વ્યવહાર ના થાય ત્યાં સુધી કોઇની ફાઇલ આગળ વધતી નથી તે બધાએ આપણે માનવું જોઇએ. સમગ્ર સાડા છ કરોડની જનતામાંથી આપણને ધારાસભ્ય તરીકે આ ગૃહમાં ૧૮૨ જણને બેસવા મળે છે ત્યારે આ ૧૮૨ જણની ફરજમાં આવે છે. કોઇ માને કે ના માને સમગ્ર કચેરીઓની અંદર જયાં સુધી સામાન્ય માણસ કામ કરવા જાય છે ત્યારે તેને ધક્કા ખાવા પડે છે અને વ્યવહાર ના પતે ત્યાં સુધી કોઇ પણ પ્રકારનું કામ માનનીય નીતિનભાઇ થતું નથી તેના સાક્ષી આપણે બધા છીએ. મારે મારા કલોલ તાલુકાનો એક દાખલો આપવો છે, કલોલ તાલુકાના મારા અગાઉના પ્રાંત અધિકારીએ એક મહિનાની અંદર ૨૦૦ કેસોનો નિકાલ કર્યો તો તેની પાછળ કેટલો ભ્રષ્ટાચાર થયો હશે તે તમે જરા જાણજો. મેં આ બાબતે સરકારમાં પત્ર લખ્યો છે તેને દોઢ વર્ષ થયુ મને દોઢ વર્ષની અંદર એક પણ પ્રકારની તપાસ થઇ નથી તેનો મને જવાબ પણ મળ્યો નથી. એક મહિનાની અંદર બસ્સો કેસનો નિકાલ થયો હોય તો તેમાં કેટલો ભ્રષ્ટાચારા થયો હોય એ આપણે બધા જાણીએ છીએ. મારે એથી આગળ વધીને આ ગૃહનું ધ્યાન દોરવું છે કે, વીસ વર્ષથી ભારતીય જનતા પાર્ટીનું શાસન આ રાજયની અંદર આવ્યું છે. વીસ વર્ષની અંદર સમગ્ર ભારતીય જનતા પાર્ટી વતીથી અમે ગુજરાતમાં ખેડૂતોના હામી છીએ, અમે ખેડૂતોના હમદર્દ છીએ અને ખેડૂતોનું મન જીતવા માટેના તમામ પ્રકારના પ્રયત્નો આ સરકારમાં થયા. આઠ કિલોમીટરનો કાયદો ઉઠાવ્યો ત્યારે સમગ્ર ગુજરાત રાજયના ખેડૂતો રાજી થયા, તાળીઓ પાડી. પણ આ સરકારની દાનત પાછલા દરવાજે આઠ કિલોમીટરનો કાયદો ઉપાડી અને ગરીબ, મધ્યમ વર્ગના અને બક્ષીપંચના ખેડૂતો પાસેથી કઇ રીતે જમીનો બિલ્ડરો પાસે જાય, આ જમીનો કઇ રીતે ઉદ્યોગપતિઓ પાસે જાય એનું આયોજન બુદ્ધિપૂર્વક કર્યુ. આ ટાઇમે મારે અભિનંદન આપવા છે જે તે વખતના મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીને કે આ રાજયની અંદર બક્ષીપંચ, નાનો ખેડૂત, નાના ખેડૂતની જમીન તમામે તમામ વ્યાપરીઓ પાસે ના જાય, ઉદ્યોગપતિઓ પાસે ના જાય, બિલ્ડરો પાસે ના જાય એની ખબર માનનીય માધવસિંહ સોલંકીએ રાખેલી. આઠ કિલોમીટરનો કાયદો ઉઠાવી અને કઇ રીતે આ નાના નાના ખેડૂતોની જમીન આ ઉદ્યોગપતિઓ પાસે જાય એનું આયોજન પાછલા દરવાજે ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ. આ તબક્કે મારે કહેવું છે કે આના કારણે અમદાવાદ જિલ્લો અને ગાંધીનગર જિલ્લો મોટાભાગની જમીનો બક્ષીપંચના લોકોની આવેલી છે. ગાંધીનગર જિલ્લામાં ૩ હજાર ખેડૂતો ઓછા થયા છે એટલે કે ગાંધીનગર જિલ્લામાં ૩ હજાર ખેડૂતો ખેડૂત મટી ગયા છે. એની જગ્યાએ બિલ્ડર આવ્યા એની જગ્યાએ વેપારીઓ આવ્યા એની જગ્યાએ ઉદ્યોગપતિઓ આવ્યા.

ભારતીય જનતા પાર્ટીના શાસનમાં નવી શરતની જમીનને ખેતી ખેતી વચ્ચે જૂની કરવાનો કાયદો આવ્યો ત્યારે ગુજરાતના તમામ ખેડૂતો આનંદમાં આવ્યા, રાજી થયા. ભારતીય જનતા પાર્ટીની સરકાર નવી શરતમાંથી જૂની શરતમાં કરી આપશે. પરંતુ પાછલા દરવાજે નવી શરતની જમીન ખેડૂતની જમીન હોય એ એના દીકરાને એની હાજરીમાં મળે, વારસાઇની

* માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

જમીન બીજા કોઇ રાખી શકે નહિ પરંતુ તમામે તમામ દસ્તાવેજ પાત્ર જમીન બની ગઇ છે અને તમામે તમામ નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવીને ૯૦ ટકા જમીન બિલ્ડરોના હાથમાં ગઇ છે ત્યારે આપણે સૌએ ચિંતા કરવી પડે. જયારે આવી તમામ બાબતો તરફ આપનું ધ્યાન દોર્યું ત્યારે પરિણામ શું આવ્યું. આઠ કિલોમીટર રદ થયું એનું પરિણામ શું આવ્યું કે અમદાવાદ જિલ્લામાં ૧૩૦ બોગસ ખેડૂતો સરકારી ચોપડે પકડાયા. ગાંધીનગર જિલ્લાની અંદર સો ખેડૂતો પકડાયા છે. આ બિલ્ડરોએ કર્યું શું, રેકર્ડ સાથે ચેડા કર્યાં કયાંક સેઇમ નામે ખેડૂત બની જાય છે અને પછી અમદાવાદ–ગાંધીનગર જિલ્લાની હજારો વિઘા જમીન લઇને લોકો સાથે છેતરપીંડી કરવાનુ કામ કર્યું છે. આવા બોગસ ખેડૂતો સરકારના ધ્યાને આવ્યા પરંતુ કઇ રીતે એમને પ્રોટેકશન આપવું એનું આયોજન સરકાર તરફથી થાય, બોનાફાઇડ રીતે એને રક્ષણ આપવાનું કામ કર્યું છે. ખરેખર તો એને સજા કરવી જોઇએ, એની સામે ફોજદારી રાહે પગલાં ભરવા જોઇએ એના બદલે એને કઇ રીતે બચાવવો એના માટે કામ થયું છે.

મારા કલોલની અંદર મુકેશ શેઠે રેકર્ડ સાથે ચેડા કરીને હજાર કરોડ રૂપિયાનું ટર્ન ઓવર કર્યું છે, તેમ છતાં એને બિન ખેડૂત ન કર્યો પરંતુ એને કઇ રીતે રક્ષણ આપવું એની કામગીરી આ સરકારમાં થઇ છે.

કલેકટર કચેરીમાં સંકલનની મિટિંગ મળે એમાં આ બધી ફરિયાદો થાય છે પરંતુ એનો નિકાલ આવતો નથી. ત્યારે આ તબક્કે માનનીય મંત્રીશ્રીને કહીશ કે એનો જલદી નિકાલ આવે એવી સૂચના આપે એવી વિનંતી કરું છું.

આ રાજયના માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ ખૂબ જ ભારણ લઇને ફરી રહ્યા છે. એમની પાસે મહેસૂલ ખાતું છે, શહેરી વિકાસ ખાતું પણ છે. તેઓ આ ખાતા બીજાને આપીને પોતાનું ભારણ ઓછું કરે જેથી સારા ખાતાનો સારી રીતે વહીવટ થાય તેવી માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરું છું.

૨૦ વર્ષ પહેલા ગુજરાતની વસતિ કેટલી હતી અને આજે ૨૦ વર્ષ પછી ગુજરાતની વસતિ કેટલી થઇ છે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મહેસૂલ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામવિકાસ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એમાં હું માગણી ક્રમાંક ૭૧ ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

અનુસૂચિત જનજાતિના પ્રાથમિક શાળામાં ભણતા બાળકોને પૂરક પોષણ યોજનાનો લાભ આપવામાં આવે છે.

બીજું કે વ્યકિત દીઠ શૌચાલય માટે બી.પી.એલ. માં ૧૨૬૫૦ રૂપિયાની સહાય આપવામાં આવે છે. જેમાં કેટેગરીના એ.પી.એલ.ને પણ ૧૨૬૫૦ રૂપિયાની સહાય આપવમાં આવે છે. અમારા વિસ્તારમાં જમીનની જગ્યાઓના અભાવના કારણે ગામમાં જગ્યાનો અભાવ હોવાથી વ્યકિતગત શૌચાલય અને સમૂહ શૌચાલય માટે રૂપિયા ૪૦ હજારથી બે લાખ સુધીની આ સરકારે જોગવાઇ કરેલ છે.

નવરચિત જિલ્લા અને તાલુકા પંચાયત કચેરીઓના બાંધકામ માટે રૂપિયા સો કરોડની જોગવાઇ કરેલ છે.

ગ્રામ્ય વિતારમાં છૂટાછવાયા રહેતા પરિવારોને ઘરમાં સોલર આધારિત વીજ પુરવઠાનો લાભ મળી રહે તે માટે આ સરકારે ૫૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરેલ છે.

વનબંધુ કલ્યાણ યોજના હેઠળ નવીન જૂથ પાણી પુરવઠા યોજના હાથ ઉપર લેવાનું આયોજન કરેલ છે જેના માટે ૪૫ કરોડ રૂપિયાનું આયોજન કરેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતાના કામો માટે ૫૦૦૦થી વધુ વસતિ ધરાવતી ગ્રામપંચાયતને પ્રતિમાસ માથાદીઠ રુપિયા ૨ ના ધોરણે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. આ યોજનાનો વ્યાપ વધારી ૨૦૦૦થી વધુ વસતિ ધરાવતી ગ્રામપંચાયતોને તે લાભ આપવાનું આયોજન છે જે માટે કુલ રૂ. ૧૦૨ કરોડની જોગવાઇ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના સ્વચ્છતા મિશન હેઠળ સ્વચ્છતાની વિવિધ કામગીરી માટે આ સરકારે ૧૯૦૦ કરોડ ઉપરાંતની જોગવાઇ કરેલ છે. આદિજાતિ માટે ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ મારફત નાણાકીય સહાય આપવામાં આવે છે. આદિજાતિ વિકાસ દ્વારા બહેનો માટે સીવણ વર્ગો તથા કુટિર ઉધોગો દ્વારા તાલીમ સહ ઉત્પાદન કેન્દ્રો ચલાવવામાં આવે છે.

સરદાર આવાસ યોજના હેઠળ મકાનના બાંધકામ માટે સહાય ૬૧૬.૨૫ કરોડની જોગવાઇ કરેલ છે. કુંવરબાઇના મામેરાની યોજના અને સાત ફેરા સમુહલગ્ન નામની યોજનાનો લાભ પણ આપવામાં આવે છે. ગ્રામ્ય સ્વચ્છતા મિશન હેઠળ શૌચાલય નિર્માણ તેમજ સેનીટેશનના કામો માટે ૭૨૨.૨૫ કરોડની જોગવાઇ કરેલ છે. પશુઓ માટે પૂરતો ઘાસચારો મળી રહે તે હેતુથી ગૌચર જાળવણી અને વિકાસ માટે ગૌચર વિકાસ ફંડની રચના કરવાનો સરકારે નિર્ણય કર્યો છે જે માટે ૧૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌનો સાથ, સૌનો વિકાસ, સાથે મળીને આખા ગુજરાતમાં સરકાર સૌનો વિકાસ કરી રહી છે. મારા વિસ્તાર દાહોદ જિલ્લામાં તમામ ઘરદીઠ શૌચાલય આપવા માટેની કામગીરી પણ ચાલુ છે. મારા વિસ્તારમાં પાણીની દરેક સમસ્યા માટે પણ આ બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ છે. સૌનો સાથ, સૌનો વિકાસમાં આ સરકાર ભેદભાવ કરતી નથી. બધાની વ્યકત થયેલ લાગણીઓ સમજીને વિકાસને પંથે ચાલે છે. આમ આપણે સૌ સાથે મળીને વિકાસના પંથે ચાલીએ. એવી આ માગણી વખતે લાગણી વ્યકત કરું છું.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણની જે માગણી લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું. ગાંધીજીનું એક સ્વપ્ન હતું કે આઝાદ ભારતમાં આઝાદીના ફળો દરેક નાનામાં નાના માણસને ચાખવાના મળે અને તેના માધ્યમથી પંચાયત સુધી જાય અને ગરીબ લોકોને તેના ફળ મળે તેમાં ત્રિસ્તરીય પંચાયતના માળખાની રચના કરી હોય તો જવાહરલાલ નહેરૂએ રાજસ્થાનમાં નારગોલ ખાતે ત્રિસ્તરીય પંચાયતના માળખાનું ઉદઘાટન કર્યું અને

આપણાં રાજયમાં પણ ૧૯૬૧માં અસ્તિત્વમાં આવ્યું. ત્યારથી ખાસ કરીને પંચાયતોમાં બધી જ સત્તાઓ આપણે આપી છે. ગ્રામસભાની અંદર હું ૧૫ વર્ષથી પંચાયતમાં કામ કરું છું. આજે પણ ગ્રામસભા એ પંચાયતનો આત્મા હોય, એનું હાર્દ હોય પરંતુ ગ્રામસભાના જે એજન્ડા થાય છે એ છેક ગાંધીનગરથી થાય અને કોને અભિનંદન આપવા, કયા કાર્યક્રમો કરવા એ અહીંથી નક્કી થતું હોય તો જે ગ્રામસભાનો હાર્દ છે એનો વહીવટ કરતા એનો અધ્યક્ષ એ સરપંચ હોય, આપણે બધા જ ગ્રામ્ય વિસ્તારમાંથી આવીએ છીએ અને આપણા વિસ્તારમાં પંચાયતો છે પરંતુ જે મૂળ ગ્રામસભામાં કામો નક્કી થાય છે, દા.ત. દસ પ્રશ્નો હોય ગ્રામસભામાં આપણે એ તાલુકા કક્ષાએ મોકલીએ, જિલ્લા કક્ષાએ મોકલીએ અને બધા પ્રશ્નો મારા તાલુકામાં દોઢસો ગામ છે, ૧૫૦૦ પ્રશ્નો આવતા હોય તો દરેકનો નિકાલ થતો નથી, ગ્રામસભાની પાસે બોર રીપેર કરવાના પણ પૈસા રહેતા નથી એવી પણ પંચાયતો છે તો એ ગ્રામસભા છે એને મજબૂત કરીએ અને ખરેખર પંચાયતનું આપણે હિત જોવું હોય, પંચાયતનો વિકાસ કરવો હોય તો ગ્રામસભાને પ્રાધાન્ય આપીને આપણે સૌ એમાં સહભાગી થઇએ. ૧૯૫૭માં બળવંતરાય મહેતા સમિતિએ ત્રિસ્તરીય પંચાયતની ભલામણ કરી ૧૯૫૯ બીજી ઓકટોબર, મહાત્મા ગાંધીજીના જન્મજયંતિ નિમિત્તે એની રચના થઇ અને ૧૯૯૩માં જે સુધારો આવ્યો, ખાસ કરીને પંચાયત એકટમાં ૭૩નો, એમાં પણ આપણે બધા જાણીએ છીએ કે જે જે પ્રાવધાનો આપ્યા એમાં તલાટીની પરિસ્થિતિ આખા ગુજરાતમાં જોઇએ તો એક તલાટી પાસે ૮ ગામ હોય, દસ ગામ હોય અને તલાટી એ બધે ગામડે ફરતો હોય, આજે એક ગામમાં હોય અને બીજા ગામનો સરપંચ ફોન કરે તો કહે કે બીજે ગામ છું, ત્રીજા ગામનો સરપંચ ફોન કરે તો કહે કે ત્રીજે ગામ છું તો તલાટી મળતો નથી, સરપંચો તાલુકા પંચાયતમાં જાય, જિલ્લા પંચાયતમાં જાય પણ તલાટી જે પંચાયતનું ચાલકબળ છે એને આપણે વ્યવસ્થા નહીં પૂરી પાડીએ તો આપણા કામો ભલે અહીંથી કરોડોની ગ્રાન્ટો આપણે ફાળવીએ રાજય સરકારમાંથી, જિલ્લામાંથી કે તાલુકા કક્ષાએથી એનું અમલીકરણ થતું નથી અને ગ્રામ ગૃહ નિર્માણમાં ખાસ કરીને સરદાર આવાસનું જે થાય છે, લેન્ડ કમીટીઓની મીટીંગ થતી નથી, લેન્ડ કમીટીઓની મીટીંગ થાય તો સરદાર આવાસની ફાળવણી કરીએ છીએ તો માનનીય મંત્રીશ્રીને ખાસ વિનંતી છે કે ગ્રામ્ય કક્ષામાં જે લોકો રહે છે, બી.પી.એલ.ના ધારકો છે એની પાસે પોતાનું ઘર છે અને આપણે જે સહાય કરીએ છીએ ૭૦ હજાર રૂપિયા તો એ આખું ઘર તો એને ગામની બહાર આપણે આવાસ ફાળવણી કરીએ, જયાં સુધી આદિવાસી વિસ્તારની વાત છે કે ગ્રામ્ય વિસ્તારની વાત છે તો એ ઘર સાથે પોતાની લાગણી જોડાઇ હોય ઘર એ ભલે ભાંગેલું હશે, ઉપર નળીયા ન હોય, દિવાલ કાણી હશે પણ એની જમીન સાથે એને લાગણી હોય, બાપદાદાનું ઘર હોય એ જમીન સાથે લાગણી હોય તો એ ઘર ગામને પાદરે કે સ્મશાનની આજુબાજુ આપણે જયાં આવાસ ફાળવીએ છીએ ત્યાં જતો નથી અને જે હેતુ માટે આપણે વર્ષોથી ગ્રાન્ટ ફાળવીએ છીએ એ એમનેમ ખાલી કોન્ટ્રાકટર કમાઇ જાય, તલાટી, ટીડીઓ, ડીડીઓ, ડીઆરડીએ બધા મળીને એમાં ભાગબટાઇ ચાલતી હોય, કેટલા ટકા લેવાના એ થતું હોય અને જે મૂળ લાભાર્થી છે એના આવાસ ખાલી માત્ર નામ પૂરતા હોય, એ તો પોતાના મૂળ ઘરમાં જ રહેતો હોય એટલે મારી હમ્બલ રીકવેસ્ટ છે કે એ જયાં રહે ત્યાં એને પોતાનું ઈન્દિરા આવાસ હોય, સરદાર આવાસ હોય, ભલે બે દિવાલ બનાવે પણ આપણા નિયમોમાં છૂટછાટ કરીને એ દિવાલ બનાવે, આપણે શૌચાલયની વ્યવસ્થા કરે પણ એ કાયમના માટે ત્યાં જ રહે એવી વ્યવસ્થા આપણા તરફથી થાય તો સારું એવું નમ્ર સૂચન છે. આ પંચાયતની વાત થઇ, એક અમારા સુરત જિલ્લામાં જે એ.પી.એમ.સી. છે એમાં એક નવો કિસ્સો આવ્યો છે કે એ.પી.એમ.સી. એ જાહેર કરેલી જગ્યા રીંગરોડ વિસ્તારમાં ખાસ કરીને એક અબજની જમીન એ.પી.એમ.સી.એ હેતુફેર કરીને હોટલ માલિક શિલ્પીના હોટલ માલિકને આપી દીધી અને ૧૮૦ રૂમની હોટલ માત્ર એક હજાર સ્કવેર ફૂટ એને વેચવા માટે કે ફ્રૂટ વેચવા માટે આપી છે. બીજો એક રહેણાંક વિસ્તાર કે ઔધ્યોગિક વિસ્તાર માટે જાહેર કરીને આખો હેતુફેર કરીને એ.પી.એમ.સી.ને કરોડ રૂપિયાનું નુકસાન છે, આમાંથી ભ્રષ્ટાચારની બૂ આવે છે. એમાં જવેલર્સની દુકાન હોય, સાડીની દુકાન હોય બીજી અનેક દુકાનો બધી આપી દીધી અને જે હેતુ માટે ખેડૂતોના ઉપયોગ માટે જમીન આપેલીફ.

માનનીય અધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને

એ ગેરવહીવટ કરીને જે વહીવટકર્તા છે એ લોકોની સાથે મળીને ખેડૂતોને ભારે નુકસાન કર્યું છે. આ બાબતે સીટ બનાવીને તપાસ થાય એવી હું માગણી કરું છું. સાથોસાથ જે જે વહીવટકર્તાઓ છે એ ચોક્કસ પાર્ટી સાથે જોડાઇને રાજ્ય સરકારની વગનો ઉપયોગ કરીને ત્યાં જે કાર્યકર્તાઓ છે, કામદારો છે એ લોકોને લાયસન્સ આપવું હોય તો આટલા પૈસા આપો, પાર્ટીનું કામ નહીં કરો તો તમને સસ્પેન્ડ કરવામાં આવશે, લાયસન્સ રદ કરવામાં આવશે એમ કરીને ફ્રન્ટ સાઇડની જમીન આ રીતે કરોડો રૂપિયામાં વેચીને માનીતા ઉદ્યોગપતિઓ સાથે મળીને કૌભાંડો આચર્યા છે એની તપાસ થાય અને ખેડૂતોને યોગ્ય ન્યાય મળે એવી આ તકે માગણી કરું છું.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત મંત્રી સમૂહ વિકાસ માગણી નં. ૭૦ લઇને આવ્યા છે એને હું મારું અનુમોદન આપવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું નથી કહેતો, ગુજરાત નથી કહેતું પરંતુ આખો દેશ કહે છે કે વિકાસ એટલે ભારતીય જનતા પક્ષ અને ભારતીય જનતા પક્ષ એટલે વિકાસ. અત્યારે આ ગૃહના સભ્ય શ્રી આનંદભાઇ ગ્રામસભા વિશે વાત કરતા હતા. આજથી ૨૦ વર્ષ પહેલાં ૧૯૯૫માં હું મારા બાબેન ગામનો સરપંચ બનેલો. મને ચોક્કસ ખબર છે કે ગ્રામસભા વાર્ષિક હિસાબો મંજૂર કરવા માટે મે મહિનામાં અને ડિસેમ્બર મહિનામાં મળતી. આજે આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં હું આનંદ અને ગૌરવ સાથે કહી શકું છું કે વર્ષમાં ૫ થી ૬ વાર ગ્રામ સભા મળે છે. હું ૨૦ મી સદીમાં સરપંચ બનેલો એટલે ૨૦મી સદીની વાત કરું તો શેરીઓમાં કે આંતરિક રસ્તાઓ પર કાદવ કીચડ વધતા ત્યારે માંડ માંડ હું કપચીની ગ્રીટ કે રેતીનું ભાંડું નાખી શકતો. આજે ગ્રામ્ય વિસ્તારમાં હળપતિ સમાજ હોય, આદિવાસી સમાજ હોય, દલિત સમાજ હોય એ ઘરની બહાર નીકળે એટલે ડામર સપાટીના રસ્તા, પેવર

બ્લોકના રસ્તા કે આર.સી.સી.ના રસ્તા જોવા મળે છે. આ રહેણાંક વિસ્તારમાં એવા કાદવ અને કીચડમાંથી એક કમળ ખીલ્યું કે ૨૦–૨૨ વર્ષથી પંજાવાળાઓએ સામે બેસવાનો વારો આવ્યો છે. ગુજરાતના આ વિકાસથી સમગ્ર દેશ, ગુજરાતના વિકાસથી દેશની પ્રજા એટલી પ્રભાવિત થઇ કે આ ગુજરાતના સી.એમ.ને દેશના પી.એમ. ક્યારે બને, અને એક સમય એવો આવ્યો કે સપ્ટેમ્બર ૨૦૧૩માં દિલ્હીમાં ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રીય કારોબારી મળી અને એમાં વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબનું નામ મૂકવામાં આવ્યું. આ દેશમાં નરેન્દ્રભાઇ મોદીના નામનો ચહેરો તરતો મૂકાયો એના પરિણામે આ દેશ કોંગ્રેસમુકત થયો. ગુજરાતમાં ૨૬ માંથી ૨૬ સિટો મેળવી. ગુજરાતના સપૂત નરેન્દ્રભાઇ મોદીએ હીરાને કોહિનૂરના હીરા તરીકેની ઓળખ આપી આ ગુજરાત અને દેશની પ્રજાએ ખરેખર પ્રસંશનીય કામગીરી કરી છે, ત્યારે હું આપને કહીશ કે, 'બડો બડાઇ ના કરે, બડો ના બોલે બોલ, હીરલો મુખ સે ના બોલે, જેના લાખેણા હોય મોલ'.

માનનીય અધ્યક્ષશ્રી, સરદાર આવાસ યોજનાની વાત કરું તો ડિસેમ્બર ૨૦૧૪ના અંત સુધીમાં ૧૯,૩૪૨ લાખનો ખર્ચ કરીને ૭૪,૯૫૦ આવાસો પૂર્ણ કર્યા છે. ઇગ્રામ, વિશ્વ ગ્રામ યોજનાની વાત કરું તો ડીસેમ્બર ૨૦૧૪નાં અંત સુધીમાં ઇ–ગ્રામ સેન્ટરો દ્વારા રાજ્યમાં અંદાજીત ૪.૭૨ કરોડ, ૭/૧૨, ૮–અ ના ઉતારા ૨૭.૩૩ કરોડ પી.ડી.એસ. કુપનો ઇશ્યુ કરવામાં આવી છે અને ૨.૬૬ કરોડ વીજ બિલ કનેકશનોનું પણ કલેકશન કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમૂહ વિકાસની વાત કરું તો સરદાર પટેલ આવાસ યોજના, સરદાર આવાસ યોજના–૨, હળપતિ આવાસ યોજના, ઇ–ગ્રામ, વિશ્વ ગ્રામ યોજના, ગરીબ કલ્યાણ મેળાઓ, સ્વચ્છ ગામ, સ્વસ્થ ગામ, સમરસ ગ્રામ પંચાયત. સાહેબ, સમરસ ગ્રામ પંચાયતની વાત કરું તો કોઇ વાદ નહિ, કોઇ વિવાદ નહિ. પરંતુ સંવાદ દ્વારા એક સાથે બેસીને ગામની સુવિધા માટે સમરસ ગ્રામ પંચાયતની યોજના લાવ્યાં. ગ્રામ પંચાયતને ઉતેજન આપવા માટે સિદ્ધમણી યોજના અમલમાં મૂકવામાં આવી. ૨૦૧૦માં મારું ગામ બાબેન ગામ અને એ ગામના સરપંચશ્રી ભરતભાઇ પટેલે આ યોજનામાં ગ્રામ પંચાયતે લાભ લીધો. આ યોજના હેઠળ મારા ગામે ૬૨ લાખ ૫૦ હજાર રૂપિયાનું તાલુકા કક્ષા, જિલ્લા કક્ષા અને રાજ્ય કક્ષાનું ઇનામ મેળવીને એમાં સાડા સાત લાખ રૂપિયાનો ઉમેરો કરી એ પંચાયતે ૭૦ લાખ રૂપિયા જેટલી રકમ ફિક્સ ડિપોઝિટ કરી છે અને એ ફિક્સ ડિપોઝિટમાંથી સફાઇ કામ અને લાઇટ બિલો ભરે છે. આ પહેલાના વખતની પંચાયતની પરિસ્થિતિ શું હતી? અને આજે આ પંચાયતોની પરિસ્થિતિ શું છે તેના પરથી આપણે સૌ એ કહેવું પડે કે – સૌનો સાથ, સૌનો વિકાસ. આ ગ્રામ પંચાયતોની સ્પર્ધાની વાત કરી. કોંગ્રેસના સમયમાં પાણીની સુવિધા કરવી હોય તો હેન્ડપંપો કરતા હતા.

અધ્યક્ષશ્રીની જાહેરાત
માનનીય સભ્યશ્રીની ધરપકડ અંગે

અધ્યક્ષશ્રી : મારે જાહેરાત કરવાની છે કે, પોલીસ અધિક્ષક, પોરબંદરે મને તેમના તા.૧૩/૩/૨૦૧૫ ના ફેક્સ મેસેજથી જાણ કરેલ છે કે, આજ રોજ કીર્તિ મંદિર પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ ગુના રજિસ્ટર નં. ફર્સ્ટ ૦૯/૨૦૧૫ આઇ.પી.સી. કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ હેઠળના ગુના અન્વયે ૮૪–કુતિયાણા વિધાનસભા મત વિસ્તારના સભ્યશ્રી કાંધલ જાડેજા સામે નોંધાયેલ ગુના સબબ તા.૧૩/૩/૨૦૧૫ ના રોજ ૪:૩૦ કલાકે અટકાયત કરવામાં આવેલ છે.

સોલાર વિમાનની મુલાકાત લેવા માટેનું નિમંત્રણ

અધ્યક્ષશ્રી : મારે જાહેરાત કરવાની છે કે, આથી સભાગૃહના સર્વે સભ્યશ્રીઓને જણાવવાનું કે, વિશ્વનું સૌ પ્રથમ સોલાર વિમાન અત્યારે અમદાવાદ એરપોર્ટ ખાતે રોકાયેલ છે. પર્યાવરણના દૃષ્ટિકોણને ધ્યાનમાં લઇને આ સોલાર વિમાન જોવાનો લાભ પ્રાપ્ત થાય તે હેતુથી ગુજરાત રાજ્યના નાગરિક ઉડ્ડયન વિભાગે વિશેષ વ્યવસ્થા કરેલ છે. તદ્‌નુસાર માન.સભ્યશ્રીઓને તેઓના પરિવાર સાથે આજ તા.૧૩/૩/૨૦૧૫ ના રોજ બપોરના ૨–૦૦ કલાકથી સાંજના ૫–૦૦ કલાક સુધી અમદાવાદ એરપોર્ટ પરના ગુજસેઇલ હેન્ગર પર રાખેલ સોલાર વિમાનની મુલાકાત લેવા રાજ્ય સરકાર તરફથી હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવેલ છે. ગુજરાત રાજ્યના નાગરિક ઉડ્ડયન વિભાગ તરફથી માન. ધારાસભ્યશ્રીઓને આવકારવા યોગ્ય વ્યવસ્થા ગુજસેઇલ હેન્ગર પર કરવામાં આવેલ છે. તો સર્વે સભ્યોએ પરિવાર સાથે લાભ લેવો.

શ્રી પ્રફૂલ્લભાઇ છ. પાનશેરીયા(કામરેજ) : માનનીય અધ્યક્ષ મહોદયશ્રી, કુદરતી આફતો અંગેની રાહત બાબતમાં માગણી ક્રમાંક : ૭૯ પર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત ઉપર અનેકવાર આફતો, વિપત્તિઓ આવી છે અને ગઇ છે. પરંતુ ૨૬મી જાન્યઆરી, ૨૦૦૧ના રોજ સૌથી ગોઝારો દિવસ આ ગુજરાત પર આવ્યો અને પાંચ જ મિનિટની અંદર આખા ગુજરાતના માનવ દિલોને હચમચાવી નાખે એવી ઘટના ઘટી હતી. ત્યારે સૌથી વધુ કચ્છ વિસ્તાર અને ગુજરાતમાં આની જાનહાની થઇ હતી ત્યારે ગુજરાત સરકારે એ પછી સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ–૧૮૬૦ અને બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ–૧૯૫૦, અન્વયે ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન, G.S.D.M.A.ની રચના કરવામાં આવી. આ દ્વારા ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ–૨૦૦૩ અને તમામ આપત્તિ હવામાન વિભાગ દ્વારા મળતી માહિતી, એનું મોનિટરીંગ થાય, દેખરેખ રાખવી, માહિતી નીતિ ઘડવી અને સરકારે શું પગલા લેવા એ બાબતની સતત જાગૃતી અને દેખરેખ સરકાર કરી રહી છે. ૧૯ તાલુકાઓમાં ઇમરજન્સી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન અને આખા રાજ્યની અંદર પાંચ જુદા જુદા સ્થળઓએ ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટર, E.R.C.ની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આ આપત્તિઓ ક્યારે આવે છે અને કઇ રીતે આવે છે એ તો કુદરતી છે પરંતુ સરકાર એ બાબતની

સતત ચિંતા કરે છે. માટે કાયમી ધોરણે એ પાંચ સ્થળો પર ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટરની વ્યવસ્થા કરવામાં આવી છે. એક સમય એવો હતો ૧૯૯૫, અમારા સુરતમાં પ્લેગ આવ્યો, ૧૯૮૨નું વાવાઝોડું તો મેં બરાબર જોયેલું કે, વાતો સાંભળેલી પરંતુ એ સમયે કોઇ એવી વ્યવસ્થા કે ટેકનોલોજીનો ઉપયોગ નહતો પરંતુ સૌથી વધુ ચક્રવાત સંબંધી રાજ્યોમાં રાષ્ટ્રીય ચક્રવાત જોખમ સમન પ્રોજેક્ટની અંદર ગુજરાતનો સમાવેશ થાય છે ત્યારે ગુજરાતના દરિયા કાંઠા ઉપર ૧૧૨ મલ્ટી પરપઝ સાયકલોન સેન્ટરોનું આયોજન કરવામાં આવેલ છે. ૪૬ માર્ગોનું અપગ્રેડેશન કરવા માટે ૬૦ કરોડ રૂપિયા જેટલી જોગવાઇ કરવામાં આવેલ છે. ચક્રવાત સમન અન્ડર ગ્રાઉન્ડ કેબલીંગ માટે પચ્ચીસ કરોડ રૂપિયા અને બે કરોડના ખર્ચે કેમિકલ સેફ્ટી માટે પણ સરકાર દ્વારા આયોજન કરવામાં આવેલ છે. આ સંદર્ભે દરેક જળાશયો ઉપર એનું મોનિટરીંગ થાય છે. ચોમાસા દરમિયાન કેટલો વરસાદ પડે છે અને વોટર લેવલ પ્રમાણે વિવિધ વિસ્તારોને રેડિયો, ન્યુઝ પેપર અને મિડિયાના માધ્યમ દ્વારા એની જાણકારી અવારનવાર આપવામાં આવે છે. સૌથી મહત્વની બાબત એ છે કે, જાણકારી અને લોકોમાં જાગૃકતા રહે. આપત્તિ આવે ત્યારે જ આ જાહેરાત કરીએ એ પહેલાં પણ ટી.વી. માધ્યમ દ્વારા, મિડિયા દ્વારા તમે જાગૃત છો ? આવનારા દિવસોમાં અમે આટલી વસ્તુઓ તૈયાર રાખીએ છીએ. એ લોકો જ્યારે આપત્તિ આવે ત્યારે એને કેમ ખાળવી, એને કેમ પહોંચી વળવું એના માટે લોકોનો પણ સહયોગ રહે, એની જાગૃકતા રહે એ બાબતે સતત સરકાર પણ ટી.વી. અને મિડિયાના માધ્યમ દ્વારા એની માહિતી પહોંચાડે છે. ફાયર સેફ્ટી માટે ૮૭૧ જેટલા સાધનો લઇ અને વહેંચવામાં આવ્યા છે. જેથી કરીને કોઇ એવી ઘટનાઓ ઘટે ત્યારે એનો ટેકનોલોજીના માધ્યમથી આપણે સામનો કરી શકીએ. (સમય સૂચક ઘંટડી) અમારા સુરત મહાનગરપાલિકામાં અમે ઇલેક્ટ્રોનિક્સ હોર્ડિંગ્સ પણ ઉભા કરેલા છે. દરેક ઝોન વિસ્તારની અંદર કેટલું વોટર લેવલ છે, કેટલું પાણી તાપીમાં આવનાર છે. ઉકાઇનું લેવલ શું છે એની અવારનવાર માહિતી આપવા માટે, એ લોકોને જાગરૂક કરવા માટેની એક સરસ વ્યવસ્થા ગોઠવી છે. માનનીય અધ્યક્ષ મહોદય, સરકાર શું કરી શકે આપત્તિ તો કુદરતી છે પરંતુ ૨૦૦૬ના ફ્લડની અંદર હું સુરત મહાનગરપાલિકામાં કોર્પોરેટર તરીકે સેવા બજાવી રહ્યો હતો ત્યારે સરકાર દ્વારા મંત્રીશ્રીઓ દરેક એન.જી.ઓ. અને એકેએક મંત્રી વિસ્તારની એક એક સોસાયટીઓ, મહોલ્લાઓ સંભાળી અને જે રીતે પાણી ઉતરતું ગયું એ રીતે મહોલ્લાઓ, ગલીઓ સાફ થતી ગઇ અને સાથે સાથે પાવરની વ્યવસ્થા, આજે મેનેજમેંટ હતું આ મેનેજમેંટ ખરેખર કુદરતે કરેલા કેર સામે એ લોકોને સુખાકારી મળી રહી એમને જીવનજરૂરિયાતની વસ્તુ મળી રહે એ માટેનો સોલીડ પ્રયત્ન રાજ્ય સરકારે કરેલો હતો જે મારી નજરે નિહાળ્યો છે. વિશ્વબેંક દ્વારા પ્રસંશા કરીને ગ્રીન એવોર્ડઝ પણ શ્રેષ્ઠ કામગીરી માટે આ રાજ્ય સરકારને જ્યારે પ્રાપ્ત થયો હતો ત્યારે આશા રાખીએ આવી કોઇ કુદરતી આફત આપણા ગુજરાત ઉપર ના આવે પરંતુ જો આવું કંઇ ઘટે તો પણ રાજ્ય સરકાર એ બાબત સુસજ્જ છે એટલું કહીને વિરમુ છું. અસ્તુ.

શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રી મહેસૂલ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એ વિશે મારા વિચારો રજૂ કરું છું. મહેસૂલ વિભાગનું પ્રમુખ કાર્ય જમીન મહેસૂલ અધિનિયમ, ગણોતધારો, જમીન ટોચ મર્યાદા અધિનિયમ આવી મૂળભૂત કાયદાકીય જોગવાઇઓનું અમલીકરણ થાય. લોકોને એ કાયદાથી જે બેનીફીટ થવાના છે એ બેનીફીટ કરતા આ ગુડ ગવર્નન્સની સરકારે આ કાયદાઓના મૂળ અર્થોથી આગળ જઇને એવા પરિપત્રો, એવા જી.આરો. જે મૂળ કાયદા સાથે સુસંગત નથી, જે કોન્ટ્રાડીકટ થાય છે એવા જી.આરો.થી ચાલતો આ મહેસૂલ વિભાગ જમીનોના દસ્તાવેજો, જાળવણી, રેકોર્ડ રૂમ તૈયાર કરવા તમામ જિલ્લાઓમાં ચાલતી રીસર્વેની કામગીરી માટે આ બજેટમાં ૯૫.૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ૧૯૩૦માં જમીનોનો સર્વે થયેલો અને એ જમીનોના સર્વે વખતે કોઇપણ ખેડૂતની એક પણ ફરિયાદ નહોતી ત્યારે આ રીસર્વેની કામગીરીમાં અસંખ્ય ફરિયાદો, અને એનો હું પણ અસરગ્રસ્ત છું. બે વર્ષથી લડું છું. તમે રીસર્વેની કામગીરી થાય એ કામગીરી પછી એને જાહેર મુકવામાં આવે પંચાયતમાં કે તમારું ક્ષેત્રફળ પણ અમદાવાદની એજન્સીઓ ખાનગી એ.સી. ઓફિસોમાં બેસી અને આ રીસર્વે કરે છે અને ખેડૂતોને એટલી બધી તકલીફ પડે છે અને રીસર્વે કર્યા પછી જે જમીનોનું ક્ષેત્રફળ વધઘટ થતું હોય એ સીધી રજૂઆત કર્યા પહેલા પ્રમોલ્ગેશન કરી દેવામાં આવે છે અને પ્રમોલ્ગેશન કર્યા પછી કોઇ ખેડૂત અરજી કરે તો ફરીથી એની માપણી થતી નથી અને માપણી થાય તો કલેકટર એના સત્તાધિકારી એ અપીલ ચલાવીને જજમેન્ટ આપે છે. પુંજાભાઇ સાહેબે ગુડ ગવર્નન્સ અને ગતિશિલ ગુજરાતની વાત કરી આ સેટલમેન્ટ કમિશનરની કચેરીમાં સર્વેની કામગીરી માટે તાજેતરમાં ૫૦૦ જગ્યાઓ માટે જાહેરાત આપવામાં આવી. દસેક હજાર યુવાનોએ એમાં ઇન્ટરવ્યુ આપ્યા. એમાંથી ૮૭ જણા પાસ થયા. તપાસ કરી તો આની આન્સર કી ખોટી મુકવામાં આવી હતી. એના કારણે ૮૭ ઉમેદવારો જ પાસ થયા. ગુડ ગવર્નન્સમાં અધિકારીઓ આન્સર કી પણ સારી રીતે બનાવી શકતા નથી. અને એ ઉમેદવારોના ચોથી, પાંચમી તારીખે ફરીથી ઇન્ટરવ્યુ રાખ્યા છે એટલે ગુડ ગવર્નન્સની ઘણીબધી ખામીઓ છે. ગુડ ગવર્નન્સને લઇ અને તમે દેશમાં સત્તા સંભાળી. મહેસૂલ વિભાગનો તા. ૩–૬–૮૦નો એક પરિપત્ર છે. સમગ્ર ગુજરાતમાં જે ગામતળની જમીનો છે એની કિંમત નકકી કરવાની. એ તા. ૩–૬–૮૦ પછી. આ ગુડ વગર્નન્સ વાળી સરકાર. હજુ સુધી ગામતળના નિકાલ માટેનો કોઇ પરિપત્ર નથી કર્યો. આનો અર્થ એ થયો કે ૩૮૦ નો જી.આર. ચાલુ છે, તો કલેક્ટર અને ડી.ડી.ઓ. આ જમીનોના જંત્રી પ્રમાણે પૈસા વસૂલ કરે છે. પાછું એકસૂત્રતા હોય તો બરાબર છે. સાબરકાંઠા જિલ્લામાં જિલ્લા પંચાયતની કારોબારી ઠરાવ કરે છે કે ૩૮૦ પ્રમાણે આ પ્લોટોના પૈસા લેવા, ત્યારે બનાસકાંઠા જિલ્લામાં અમુક તાલુકામાં ડી.ડી.ઓ. એવો નિર્ણય લે કે ત્યાં ૩૮૦ ના જી.આર. પ્રમાણે લેવા અને અમુક તાલુકામાં જંત્રી પ્રમાણે લેવા. માનનીય નીતિનભાઇ સાહેબ, મફત પ્લોટ વાળાને મફત મળે છે. પણ જે એ.પી.એલ. સામાન્ય માણસ છે. એને ૫૦ હજારથી ૬૦ હજાર રૂપિયા એક પ્લોટના થાય છે. એટલે આ બાબતે ટીકા નથી કરતો, પણ આ સમગ્ર રાજ્યનો પ્રશ્ન છે, ત્યારે આને લગતો એક ૩૮૦ ના જી.આર. માં મોડિફિકેશન કરો. એની જે કિંમતો હતી માત્ર આઠસો, હજાર રૂપિયામાં લોકોને ગામડાંમાં પ્લોટો મળતા હતા. એ પ્લોટોમાં કિંમતમાં વધારો કરો. અને ગામતળ નીમ કરવા અંગેનો ચોક્કસ પરિપત્ર તો કરો. તાલુકામાં અમે

લોકોના પ્રશ્નો જોઇએ છીએ. આ દિશામાં એક પ્રયત્ન થાય. ૭/૧૨, ૮–અ, ૬ નંબર આ બધા ઉતારાઓ. આ બજેટમાં એની આવક, ૨૨૬ જનસેવા કેન્દ્રો છે. એના ઉપરથી ૭/૧૨, ૮–અ નું વેચાણ થાય છે. હું મારા વિસ્તારમાં ગયેલો. ત્યાં એક કાર્યકર હતો એને પૂછ્યું ક્યાં જાય છે, તો કહે છે કે પેલી દુકાનમાં જઇએ છીએ. ત્યાં ૭/૧૨ અને ૮–અ ના ઉતારા વેચાણમાં મળે છે. આ જનસેવા કેન્દ્રો છે, વેચાણ કેન્દ્રો નથી. ૭/૧૨ માં બહુ ડિફરન્સ નથી, પણ પૈસા કમાવવા માટે પેપરલેસની વાતો કરીએ છીએ. પેપરલેસ વહીવટ, અને હમણા તમે ૭ અને ૧૨ એ બે અલગ કર્યા. ૫–૫ રૂપિયા વધારે મળે ને એટલે. આ જમીન મહેસૂલ કાયદામાં જોગવાઇ છે કે ૬ નંબરની નોંધ તમે મંજૂર કરો, નામંજૂર કરો અને રદ કરો. નીતિનભાઇ સાહેબ આ બહુ મોટો પ્રશ્ન છે. ૬ નંબરની નોંધ મંજૂર, નામંજૂર અને રદ. મહેસૂલ અધિનિયમમાં મંજૂર અને નામંજૂર જ છે. વર્ષોથી પરંપરા ચાલતી હતી કે ખેડૂતોના હિત ખાતર કોઇ ટેકનિકલ ખામી હોય તો નોંધ રદ કરવામાં આવતી હતી. તો એના કારણે નામંજૂર કરવાથી પેલાને અપીલ કરવાની હોય છે. અપીલ કરવા માટે ૫૦ થી ૬૦ હજાર રૂપિયા ખર્ચ કરવામાં આવે છે. પેલા ટેકનિકલ કારણોસર મામલતદાર પાસે ફરીથી મંજૂર કરી શકાતો હતો, પરંતુ છેલ્લા ૧૨ મહિના પહેલા મહેસૂલ વિભાગે આ કર્યુ છે. આ કાયદામાં લોકોના હિત માટે ખેડૂતોના હિત માટે આમાં સુધારો કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ(ડભોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે જિલ્લા વહીવટી વિભાગની ૩,૯૩,૦૩,૨૮,૦૦૦ ની માગણી લઇને આવ્યા છે. એમાં મારું સમર્થન અને સૂર પુરાવું છું. સાથી મિત્રોએ કહ્યું કે જમીનોની પ્રોપર્ટીના સરવે મુજબ મિત્રો આપણે બધા અહીયા બેઠા છીએ એના જન્મ પહેલા બ્રિટિશ સરકાર વખતે અને રાજ્યો દ્વારા આ જમીનોની પ્રોપર્ટીનો સરવે થયેલ હતો. આ રી–સરવે થયા ૧૯૩૦ માં. આપણી આ ગતિશીલ સરકારે સૌના સાથ અને સૌના વિકાસની આપણી ભારતીય જનતા પાર્ટીની સરકારે સેટલમેન્ટ અને લેટેસ્ટ પદ્ધતિ મુજબ જમીનોની પ્રોપર્ટીનો રી–સરવે કરવામાં આવ્યો અને એના કારણે રાજ્યમાં ૮,૦૧૫ ગામોની માપણી, કામગીરી પૂર્ણ કરેલ છે. સાથી મિત્રોએ કહ્યું કે એમાં કેટલીક ભૂલો છે. તો કામ કરે તો એકાદ–બે ટકા ભૂલો થાય. ૧૯૩૦ પછીનાં આટલાં વર્ષો પછી રી–સરવે થયો છે. અત્યાર સુધીમાં આ પ્રોપર્ટીની જાળવણી કોઇ કરતું નહોતું. એના માટે ગતિશીલ સરકારે આ કામગીરી કરી છે. એકાદ–બે ટકા ભૂલ થાય તો એ ભૂલ ન કહેવાય. માનનીય અધ્યક્ષશ્રી, ૮૦૧૫ ગામોમાં માપણીની કામગીરી પૂર્ણ કરી છે. ૪૨૦૦ ગામોનું નવું મહેસૂલ રેકર્ડ તૈયાર કરવામાં આવેલ છે. ૧૦૬૧ ગામોના પ્રમોલગેશન કરી અદ્યતન રેકર્ડ અલગ મૂકવામાં આવેલ છે. રીસરવે પછી રેકર્ડની નિભાવણી માટે ઇ.ટી.એસ. અને ડી.જી.પી.એસ. સાધનો ખરીદવાની કાર્યવાહી આખરી તબક્કામાં છે. ૨૧૮ મહેસૂલી કચેરીમાં ૪૪ કરોડના ખર્ચે મોર્ડન રેકર્ડરૂમ તૈયાર કરવામાં આવેલ છે. રાજયમાં લાઇસન્સી સર્વેયરની પ્રથા શરૂ કરીને જે સારા નિષ્ણાતો હતા તેવા ૮૨૭ લોકોને લાઇસન્સ આપવામાં આવ્યા છે. સરકારશ્રી દ્વારા ટાઉન પ્લાનિંગની સ્કીમોમાં પણ સીટી સરવેનું પહેલી વખત ગતિશીલ સરકારમાં આ કામગીરી થઇ રહી છે. ગતિશીલ ગુજરાતની વાત કરું તો મારા ડભોઇની અંદર ગતિશીલ ગુજરાતના કાર્યક્રમની અંદર ૧૫૨૮ વારસાઇની એન્ટ્રીઓ પાડીને, જે લોકોને પોતાની વારસાઇની ખબર ન્હોતી, મૃત્યુ થયેલા હતા તે લોકોની વારસાઇ તેમના બાપ–દાદા વખતથી બાકી હતી તેવી ૧૫૨૮ એન્ટ્રીઓ તાત્કાલિક મામલતદારશ્રી અને એસ.ડી.એમ. થકી જાહેર કાર્યક્રમ કરીને એક મંચ ઉપર આ ૧૫૨૮ એન્ટ્રીઓ બધાને આપવામાં આવી હતી. આ ૧૫૨૮ એન્ટ્રીઓ ત્રણ મહિનાની અંદર પૂર્ણ કરવામાં આવી છે. આજના વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઇ હતા ત્યારે વાઇબ્રન્ટ તાલુકા ડભોઇ તાલુકાથી શુભ શરૂઆત કરી હતી. કોર્પોરેટ લુકવાળા મોટા બિલ્ડીંગો બનાવવામાં આવ્યા છે. કલેકટરશ્રીની ઓફીસ ન હોય તેનાથી સારા તાલુકા સેવાસદનનાં ખૂબ સુંદર બિલ્ડીંગો બનાવવામાં આવ્યા છે. આવી બાંધકામની કામગીરી હાલ ચાલી રહી છે. આ એક જ છત નીચે તમામ સુવિદ્યા નાગરિકોને પ્રાપ્ત થાય તેના માટે ગતિશીલ સરકારે સૌના સાથ અને સૌના વિકાસ માટે આ કામગીરી કરી રહી છે. એ જ રીતે આગળ ચાલીએ તો તાલુકા સેવાસદનની અંદર એસ.ડી.એમ. ને કલેકટરના પાવર આપવામાં આવ્યા અને કલેકટરશ્રીને વધુ પાવર આપીને સામાન્ય નાગરિકને ગાંધીનગર સુધી ન આવવું પડે તેવી અનેક સુવિદ્યાઓ આ ગતિશીલ સરકારમાં કરેલી છે. જિલ્લા કલેકટરશ્રીને પણ ઘણીબધી જવાબદારીઓ આપીને અને તેની કામગીરી વહેંચીને આ કામગીરી કરી છે. સાથી મિત્રો કહેતા હતા કે બિલ્ડરોની કામગીરી થઇ છે પણ મને કહેવા દો કે દસ્તાવેજ પહેલાં કેવા થતા હતા તે આપણને ખબર છે. કોઇપણ માણસ જાય તો દસ્તાવેજ થતા હતા. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી તેના ફોટોગ્રાફી અને ફીંગર પ્રિન્ટ દાખલ કરી છે. તે આવ્યા પછી ખોટા અને બોગસ દસ્તાવેજો બંધ થયા છે. આ તલાટીઓનું રાજ ગયું. તલાટીઓ જે કૌભાંડો કરતા હતા તે કૌભાંડો બંધ થયા. આજે પ્રોપર્ટીને ફોટોગ્રાફી અને ફીંગરપ્રિન્ટથી સજ્જ કરવામાં આવ્યા. આના લીધે કોર્ટ કેસો ઓછા થયા. સરકારને ધન્યવાદ છે કે પ્રોપર્ટીનું રક્ષણ કરવાથી કોર્ટોની અંદર કેસોનો ભરાવો ઓછો થયો છે. દસ્તાવેજ થાય છે ત્યારે ચોકસાઇ કરવામાં આવે છે કે લખી આપનાર બરાબર છે કે કેમ? તેની પ્રોપર્ટીના માલિક તે છે કે કેમ? આની ચોકસાઇ કરવામાં આવે છે. પાવર ઓફ એટર્ની આ સરકાર આવ્યા પછી રદ કરી. પાવર ઓફ એટર્ની ખોટી કરતા હતા. તેના આધારે મહેસૂલી દસ્તાવેજોમાં છેતરપિંડી થતી હતી તે તમામ પાવર ઓફ એટર્ની રદ કરીને પાવર ઓફ એટર્નીના કાયદામાં સુધારો લાવીને જમીન માલિકોનું રક્ષણ કર્યુ છે. પરિવારની વારસાઇ, ખેડૂતોને પોતાના પરિવારની વારસાઇ કરવા માટે વારસાઇ સ્ટેમ્પ ન કરવા પડે માટે ૧૦૦ રૂપિયાના સ્ટેમ્પ ઉપર પરિવારની વારસાઇ કરી આપવામાં આવે છે. ખૂબ સુંદર રીતે જમીન મહેસૂલની અંદર સુધારા વધારા ભારતીય જનતા પાર્ટીની સરકાર લાવી છે.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પંચાયત મંત્રી જે માગણી નં. ૭૦ અને ૭૧ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજુ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સ્વ.બળવંતરાય મહેતાએ ત્રિસ્તરીય પંચાયતી રાજની સ્થાપના કરી હતી. આ રાજયની અંદર ગામનો વ્યક્તિ જ ગામમાં વહીવટ કરે તે આશયથી આની સ્થાપના કરવામાં આવી હતી. માનનીય અધ્યક્ષશ્રી, આજે જે પંચાયતો છે એ પંચાયતોમાં પૂરતા તલાટીઓ નથી, આજે તલાટીઓની સંખ્યા જોઇએ તો ૩૬૭૫ જગ્યાઓ છેલ્લા એક વર્ષથી ખાલી છે. આપ જાણો છો તેમ પંચાયતોમાં તલાટી વગર કંઇ થઇ શકતું નથી. અમારા જિલ્લાની વાત કરું તો અમારા મોડાસા અને ધનસુરા તાલુકાની અંદર ૫૦ ટકાથી પણ વધારે જગ્યાઓ તલાટીઓની ખાલી છે અને તલાટીઓની જગ્યાઓ ખાલી હોવાના કારણે વાલીઓને આવકના દાખલા લેવાના હોય એમાં મુશ્કેલી પડે છે અને ઘણા બધા વિકાસના કામો માટે પણ તલાટીઓની જરૂર પડતી હોય છે ત્યારે એક એક પંચાયતના તલાટી પાસે ત્રણ ત્રણ ચાર્જ છે ત્યારે અરજદારને મુશ્કેલી પડે છે. હમણા જ બે દિવસ પહેલા તલાટીઓનું એસોસિએશન મળેલું એમણે મને રજૂઆત કરી કે એક એક તલાટી પાસે ત્રણ ત્રણ ચાર્જ છે અમારી પાસે બે બે ચાર્જ રાખવામાં આવે એવી ભલામણ ટી.ડી.ઓ.ને કરો. મેં ટી.ડી.ઓ.ને રજૂઆત કરી પણ મહેકમ આધારે અત્યારે વધારે જગ્યાઓ ખાલી છે એટલે ટી.ડી.ઓ.એ ત્રણ ત્રણ ચાર્જ આપેલા છે. આ જગ્યાઓ વહેલામાં વહેલીતકે ભરાય એવો આ સરકારને હું અનુરોધ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાત રાજયની અંદર નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ૬૧ માંથી ૨૦ જગ્યાઓ ખાલી છે. નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓની વાત કરું તો અમારો અરવલ્લી જિલ્લો જુદો પડ્યે લગભગ દોઢથી પોણા બે વર્ષ થયા છે છતાં આજે પણ સ્થિતિ એવી છે કે, જિલ્લામાં મોટા ભાગના અધિકારીઓ ચાર્જમાં છે. ચાર દિવસ પહેલા જ ડી.ડી.ઓ.ની નિમણૂક કરવામાં આવી છે પણ એ બેસે કઇ જગ્યાએ? અત્યારે મકાનની વ્યવસ્થા નથી, અત્યારે બધા જ કર્મચારીઓ/અધિકારીઓ ચાર્જમાં છે એટલે અમારે તો મોડાસાથી સાબરકાંઠા જ જવાનું થાય છે. દરેક કામ માટે અત્યારે ન સાબરકાંઠામાં કે ન અરવલ્લી જિલ્લામાં કામ થાય છે તો જે જિલ્લાઓ જુદા પાડવામાં આવ્યા છે એમાં માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું કે જલદી અમારા બધા અધિકારીઓની નિમણૂક કરવામાં આવે. માનનીય અધ્યક્ષશ્રી, તાલુકા વિસ્તરણ અધિકારીઓની જગ્યા જોઇએ તો ૨૧૧ માંથી ૭૧ જગ્યાઓ આજની તારીખમાં ખાલી છે. અમારા ધનસુરા અને મેઘરજ જેને ટ્રાયબલ તાલુકો ગણવામાં આવે છે એમાં મેઘરજમાં ઘણાં લાંબા સમયથી તાલુકા વિકાસ અધિકારીની જગ્યા ખાલી છે લોકો ધક્કા ખાય ખાયને ઘેરે જાય છે અને ટ્રાયબલના વિસ્તારોના લોકો એક આખો દિવસ પાડીને તાલુકા પંચાયતમાં જાય ત્યાં જાણવા મળે કે આજે તાલુકા વિકાસ અધિકારી નથી અને એના કારણે ઘણું બધું લોકોને નુકસાન થતું હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, પંચાયતની વાત કરીએ તો ગુજરાત રાજયમાં ૧૩૯૯૬ જેટલી પંચાયતો છે. પંચાયતોમાં સ્ટ્રીટલાઇટના બિલ ભરવાની સગવડ હોતી નથી. પૈસા ન હોવાના કારણે ૮૦ ટકા ગમોમાં અત્યારે અંધારપટ છવાયેલો છે તો વારિગૃહમાં જેમ મફત લાઇટ આપવામાં આવે છે તેમ ગામડાંમા પંચાયતને સ્ટ્રીટ લાઇટ પણ મફત આપવામાં આવે એવી મારી વિનંતી છે. જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોના પ્રમુખોની વાત કરીએ તો આજે જિલ્લા પંચાયતનું કદ એટલું મોટું છે, જેમ કે શિક્ષણ, આરોગ્ય, કૃષિ આવા મહત્વના ખાતાઓ ધરાવે છે પરંતુ પ્રમુખો પાસે કોઇ સત્તાઓ નથી, એમને પોતાનું ડિઝલ ભરાવવા માટે પણ કારોબારીમાં પાસ કરાવવું પડતું હોય છે. જયારે અમારા કોંગ્રેસના રાજમાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના પ્રમુખો પાસે ખૂબ મોટી સત્તાઓ હતી. ગૌચરની વાત કરું તો રાજયમાં પંચાયતોના ગૌચરની જમીનોના દબાણની છેલ્લા ત્રણ વર્ષમાં ૧૪૯૧૮ જેવી ફરિયાદો મળી છે એનો પણ નિકાલ કરવામાં આવતો નથી સરકાર દ્વારા એનું દબાણ કરવામાં આવે છે ત્યારે આ દબાણ પણ દૂર થાય એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વચ્છતા અભિયાનમાં જે રકમ ફાળવવામાં આવી છે એ ખૂબ જ ઓછી છે. ૧૦૦૦ ની વસતિ ધરાવતી પંચાયતોને પણ આમાં લાભ મળવો જોઇએ. મનરેગા યોજનામાં જોબકાર્ડ ઇસ્યુ કરવાથી માંડીને રોજગારી આપવામાં પણ ઘણો મોટો ભ્રષ્ટાચાર કરવામાં આવે છે. અમારા જિલ્લાની અંદર હમણા જ પ્રશ્નોતરીમાં જણાવ્યા મુજબ ઘણો મોટો ભ્રષ્ટાચાર મનરેગા યોજનામાં થયેલો છે એની સામે કોઇ નક્કરપણે પગલાં લેવામાં આવ્યા નથી. ઇન્દિરા આવાસ યોજના, સરદાર આવાસ યોજનામાં એક વર્ષથી બે વર્ષ થવા આવ્યા છતાં એક જ હપતો આપવામાં આવ્યો છે અને હજુ બીજા હપતા ચૂકવવામાં આવતા નથી તો આવો જે લાભાર્થીઓને લાભ આપવામાં આવેલો છે એ લાભાર્થીઓ પોતાના મકાન બનાવવા માટે ઉછીના વ્યાજે પૈસા લઇને પોતાના મકાનો બનાવે છે પણ આજ દિન સુધી એમનું મકાન પૂરું કરવા માટે હપતા ચૂકવવામાં આવતા નથી તો માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા આવા જે ગરીબ લાભાર્થીઓ છે એને સત્વરે પૈસા આપવામાં આવે એવી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ત્રણ વર્ષમાં અમારા સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ૬૩ જેટલા રાજીવ ગાંધી ભવન બાકી છે. આ બાબતમાં અમે વારંવાર રજૂઆત કરી છે કે ત્રણ વર્ષથી આ રાજીવ ગાંધી ભવન ન હોવાના કારણે તલાટી અને સરપંચો ભાડાના મકાનમાં રહે છે અને આના કારણે ભાડું ન ચૂકવવાના કારણે ઘણી બધી તકલીફો ઉભી થાય છે અને જે રાજીવ ગાંધી ભવન છે તેમાં રકમ પૂરી ચૂકવાઇ ગઇ છે પણ ભ્રષ્ટાચારને કારણે કામ પૂરું થયું નથી.

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા ( પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગની માગણી ઉપર આજે તેર–ચૌદ સભ્યશ્રીઓએ જુદી જુદી બાબતો પર કોઇએ સૂચન કર્યા છે, કોઇએ એમનો વિચાર વ્યક્ત કર્યો છે, કોઇએ રાજ્ય સરકારની કામગીરીને બિરદાવી છે આ બધી બાબતો છે. પંચાયતી રાજ વ્યવસ્થા એ વેદકાળથી જુદા જુદા સ્વરૂપે અમલમાં છે, વૈદિક કાળને ગામને મૂળભૂત એકમ તરીકે ગણવામાં આવેલું છે, "પંચ ત્યાં પરમેશ્વર" આપણી પ્રાચીન પરંપરા અનુસાર ભારત દેશ એવો ગામડાંનો બનેલો દેશ છે. મહાત્મા ગાંધીજીએ એમ કહ્યું હતું કે ભારતના સાચા દર્શન કરવા હોય તો ગામડાંમાં જવું જોઇએ અને સર્વાંગી વિકાસ સાધો તો જ આ દેશ સમૃદ્ધ બનવાનો છે. પૂજ્ય બાપુના આ વિચારને સાચા અર્થમાં સાર્થક કરવાનો અમારો પ્રયત્ન રહેલો છે. પૂજ્ય બાપુનું ગ્રામ સ્વરાજ્યનું સ્વપ્નું પૂરું કરવા માટે સતત બાર વરસ જેમણે રાત દિવસ મહેનત કરી, ભગીરથ કાર્ય કર્યું છે અને પાયો નાંખ્યો છે એવા આ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇએ ગુજરાત મોડેલ થકી દેશને

વિકાસની દિશાનો રાહ ચિંધ્યો છે. માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની આગેવાની હેઠળ આ સરકારે સત્તાને સેવાનું કેન્દ્ર બનાવીને દરેક ક્ષેત્રમાં ગતિશીલતા લાવીને વાયબ્રન્ટ ગુજરાતના માધ્યમથી આ રાજ્યને દેશના અને વિશ્વના નકશામાં મૂક્યું છે. સૌ પ્રથમ સન્માનનીય ગૃહ વતી હું અભિનંદન પાઠવું છું મારો પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ આ કામગીરી સંપૂર્ણ રીતે પૂરી કરશે તેવી ખાતરી આપું છું. આ રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ એક મહિલા તરીકે આજે ગ્રામ પંચાયત હોય, તાલુકા પંચાયત હોય, જિલ્લા પંચાયત હોય, નગરપાલિકા હોય યા મહાનગર પાલિકા હોય એની અંદર જે ૩૩ ટકા મહિલાઓની અનામત સીટો હતી તે આ પ્રથમ મહિલા મુખ્યમંત્રીશ્રીએ આવતાની સાથે પચાસ ટકા કરીને મહિલાઓને મહત્વ આપીને આ રાજ્યની અંદર મહિલાઓ માટે એક ઉદાહરણ પૂરું પાડીને મહિલાઓને દિશા બતાવી છે, મારા વિભાગમાં છેલ્લાં દસ વરસની અંદર છ ગણું બજેટ વધારીને આજે જે રીતે આ વિભાગને બજેટ આપવામાં આવ્યું છે એના કારણે હું અમારા મુખ્યમંત્રી અને નાણા મંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરું છું. આ દેશના માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ આપણા ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની રાહબરી હેઠળ કામગીરી આગળ ધપાવવા માટે પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગમાં ૨૦૧૫-૧૬માં મારી કરેલી સિદ્ધિનો મારો ચિતાર રજૂ કરું છું. પંચાયત વિભાગ માટે ૧૭૩૩ કરોડ રૂપિયાની જોગવાઇ, આદિજાતિ સદરે ૩૧૩ કરોડની જોગવાઇ, ખાસ અંગભૂત યોજના માટે ૧૩૨ કરોડ રૂપિયાની જોગવાઇ, ગ્રામ વિકાસ વિભાગ માટે ૧૯૫૫ કરોડ રૂપિયાની જોગવાઇ એ પૈકી ૪૩૧ કરોડની આદિજાતિ સદરે જોગવાઇ, ૧૬૪.૭૩ ખાસ અંગભૂત માટેની જોગવાઇ, જે રીતે ઘણા લોકો અહીંયા ચર્ચા કરે છે મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાનની. એ અભિયાનના સ્વરૂપમાં આ દેશના વડાપ્રધાને કહ્યું છે કે, ૨૦૧૯ની અંદર સમગ્ર દેશ મહાત્મા ગાંધીની એકસો પચાસમી જન્મ જયંતિ ઉજવવાનો છે તે દિવસે સમગ્ર દેશની અંદર શૌચાલય અને સ્વચ્છતા અભિયાનનું એક રૂપ આ દેશનું, આ રાજયનું જુદુ હોય. આ માટે આ રાજયના મુખ્યમંત્રીએ ગતિશીલ ગુજરાતના માધ્યમથી અને પોતે વ્યકિતગત જિલ્લે જિલ્લે જઇને જિલ્લાના અધિકારીઓ સાથે મિટીંગો કરીને જે રીતે શૌચાલયની દિશા આપી છે તેઐતિહાસીક છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે આ ગયા વર્ષની અંદર ૯ લાખ ૮૩૨૦ શૌચાલયની મંજૂરી આપવામાં આવી છે. તે પૈકી ૩ લાખ ૫૦ હજાર ૨૫૩ શૌચાલય તૈયાર કરવામાં આવ્યા છે અને એ જ રીતે આ દેશના વડાપ્રધાને બીપીએલ લાભાર્થીને શૌચાલય માટે ૧૨ હજાર રૂપિયાની રકમ જાહેર કરીને એક ગરીબમાં ગરીબ માણસની ચિંતા કરી છે અને એ સમયે આ રાજયના મુખ્યમંત્રી એપીએલ લાભાર્થી, એપીએલ લાભાર્થી બધા સમૃદ્ધ હોય છે એવુ માનવાને કોઇ કારણ નથી તેમાં પણ કોઇ ગરીબ હોય છે. એવા એપીએલ લાભાર્થીને ૨ હજારની જગ્યાએ રાજયના મુખ્યમંત્રીએ રાજય સરકાર આધારિત સો ટકા યોજનામાં ચાર હજાર રૂપિયાની જાહેરાત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વચ્છતાને વેગ આપવા માટે, સ્વચ્છતાને દિશા આપવા માટે ગયા બજેટમાં બિલ લાવ્યા હતા, અમારા નીતિનભાઇએ રજૂ કર્યુ હતુ. ગ્રામ પંચાયતના સભ્યથી કરીને જિલ્લા પંચાયતના સભ્ય સુધી ફરજિયાત શૌચાલય. ફરજિયાત શૌચાલય એટલે સ્વચ્છતા અભિયાનને વેગ આપવા માટેનું આ ગૃહની અંદર લાવીને આજે સમગ્ર રાજયની અંદર તેની અમલવારી ચાલુ થઇ ગઇ છે. એના કારણે સ્વચ્છતાને એક દિશા મળવાની છે. શૌચાલયનો દેશના વડાપ્રધાન અને રાજયના મુખ્યમંત્રીનો જે લક્ષ્ય છે તેને દિશા મળવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વચ્છતા અભિયાનના માધ્યમથી હમણાં અમારા સભ્યશ્રી સંજયભાઇએ કહ્યું કે પાંચ હજારથી ઉપરની વસતિના ૧૩૬૭ ગામ. વ્યકિતદીઠ મહિને બે રૂપિયા સ્વચ્છતા અભિયાનની જોગવાઇ માટે આ રાજય સરકારે જાહેરાત કરી અને આજે ચૂકવાઇ રહ્યા છે. આજે ૧૮ કરોડ રૂપિયા અમે આવા ગામોને ચૂકવ્યા છે. રાજયના મુખ્યમંત્રીએ આ યોજનાનું ફલક વધારીને પાંચ હજારથી ઉપરના ગામડાંને વ્યકિતગત બે રૂપિયા આપતા હતા. બે હજારથી પાંચ હજાર સુધીના ગામડાંને પણ બે રૂપિયા આપી અને સ્વચ્છતા અભિયાનને દિશા આપી છે. અને આ રાજયના મુખ્યમંત્રીએ જાહેરાત કરી છે. નાના ગામોનું કદ ઉંચુ લાવવું છે એવા વિચારો સાથે, અને એની જોગવાઇ કરી અને સરપંચશ્રીઓ મારફત આ પૈસામાંથી ૧૨૭ ગ્રામ પંચાયતની અંદર સ્વચ્છતા અભિયાનની ઝૂંબેશ ઉપાડી છે. એને કંઇક કરવુ છે એવા વિચારો સાથે અને આમાં ૪૮૦૦ ગામો આવશે. બે હજારથી ઉપરની જન સંખ્યાના ૪૮૦૦ ગામોને આ લાભ મળવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવતા વર્ષમાં શૌચાલયની દિશાની અંદર, શૌચાલયની ઝૂંબેશની અંદર જન માણસ જોડાણો છે અને જન માણસ જોડાણો તેના કારણે આ રાજયના મુખ્યમંત્રીએ આવતા વર્ષની અંદર ૭ લાખ શૌચાલય પૂરાં કરવા માટેની ૮૧૦ કરોડની જોગવાઇ સાથે આ વિધાનસભામાં આજે હું માગણીઓ લઇને આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું આ વિધાનસભામાં તમામ સાથીઓ વતી કહું છું આપણે બધા ગરીબ માણસોની ચિંતા કરવા માટે અહીંયા આવ્યા છીએ. અનેક વખત કહેવાતું હોય છે કે ગરીબોની ચિંતા કરીએ, ગરીબો માટે કંઇક દિશા બતાવીએ ત્યારે આજે મારે આંકડા સહિત કહેવું છે કે છેલ્લા ૧૦ વર્ષમાં ૧૫ લાખ ૭૪ હજાર ઈંદિરા આવાસ અને સરદાર આવાસના મકાનો આપી અને દસ વર્ષની અંદર આ રાજયમાં ઈતિહાસ સર્જયો છે. આવું કામ ભૂતકાળમાં કયારેય નથી થયું. સરદાર આવાસ યોજના એ સો ટકા રાજય સરકાર આધારિત છે. જેમાં રાજય સરકારે ૪૦૧૩ કરોડ રૂપિયાનો ખર્ચ છેલ્લા દસ વર્ષમાં ગરીબોના આવાસ માટે કર્યો છે. જયારે ગત વર્ષમાં ૫૧ હજાર ઈન્દિરા આવાસ યોજનાના મકાનો પૂરા કરવા માટે ૩૭૧ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે, અને આવતા દિવસોમાં ૩૫ હજાર મકાનો બનાવવા માટે ૨૫૪ કરોડ રૂપિયાની જોગવાઇ સાથે હજી પણ કયાંકને કયાંક કોઇપણ છેવાડાનો માનવી મકાનથી વંચિત હોય તો એને મકાન આપવા માટે રાજય સરકારનું મન ખુલ્લુ છે.

સરદાર આવાસ યોજના ફેઇઝ-રનો વિચાર કરીએ તો ઝીરો થી સોળના લોકોને આવાસ મળે છે. સત્તરથી વીસના લોકોને આવાસ મળે છે અને વીસથી ઉપરના લોકોને માટે આ રાજય સરકારનું મન ખુલ્લુ છે અને હું એમ કહીશ કે દેશમાં આ પ્રથમ એવું રાજય હશે કે વીસના ગૂંણાક ઉપર હોય એને સરકાર લાભ આપતી હોય. સરદાર આવાસ યોજના ફેઇઝ-ટુ જાહેર કરીને ૧,૫૭,૦૦૦ લોકોને ગત વર્ષમાં કાચા મકાનમાંથી પાકા મકાનો બનાવવા માટે સરકારે સહયોગ કર્યો છે. જેની પાછળ ૪૮૬ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે અને આવતા દિવસોમાં બીજા ૧,૨૫,૦૦૦ મકાનો બનાવવા માટે ૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. જેમાં ઝીરો થી બાવન સુધીમાં બધા સમૃદ્ધ નથી હોતા, એ સમાજમાં પણ બધા લોકો સમૃદ્ધ નથી હોતા. એક ભાઇ કરોડપતિ હોય તો બીજો ભાઇ હજારપતિ પણ નથી હોતો એ રોડપતિ હોય છે, એના માટે આ સરદાર આવાસ યોજના ફેઇઝ ટુ છે. એમાં કોઇ મૂલ્યાંકન નહિ. એ ગરીબ હોય, કાચા મકાનમાં રહેતો હોય એને રાજય સરકાર સરદાર આવાસ યોજના ફેઇઝ ટુના માધ્યમથી સહયોગ કરી રહી છે.

આ દેશમાં ગુજરાત પ્રથમ એવું રાજય હશે કે જેણે અર્બન યોજના દાખલ કરી છે, આ રાજયના એ વખતના મુખ્યમંત્રીશ્રી અને આજના વડાપ્રધાન, જેણે વિચાર કર્યો હતો કે મારા ગામડાંના માણસો છે એને શહેર જેવું જીવન જીવતો કરવો છે. આત્મા ગામડાંનો સુવિધા શહેરની. શહેરની સુવિધા ગામડાંને આપવા માટેની યોજના દાખલ કરીને ૨૫૫ ગામો જેની દસ હજારથી ઉપરની વસતિ હોય, આદિવાસી વિસ્તારમાં સાત હજારથી ઉપરની વસતિ હોય તેમજ જે તાલુકા મથકો છે એ બધા મળીને ૨૫૫ ગામોની અંદર આ સુવિધા આપવી છે. અત્યારે ૮૦ ગામોની અંદર કામ ચાલી રહ્યું છે. ૮૦ ગામોમાં કામ ચાલુ છે, ૪૧ ગામોના કામો પૂરા કર્યા છે. એવા ગામોના સરપંચોની ફરિયાદ આવી તેઓ બધા માનનીય મુખ્યમંત્રીશ્રીને મળ્યા કે અમારી પંચાયતો સદ્ધર નથી, આ યોજના ચલાવવામાં કયાંક ને કયાંક મુશ્કેલીઓ પડે છે, કંઇક ને કંઇક તકલીફ પડે છે ત્યારે આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ તરત જ એવી પંચાયતોની યોજનાના નિભાવ માટે એક વર્ષ માટે પાંચ લાખ રૂપિયા પંચાયતને આપવાનો નિર્ણય લીધો છે.

સમરસ ગામની વાત કરીએ તો હમણાં બે-ચાર દિવસ પહેલા ગૃહમાં સાંભળ્યું હતું કે આ *(xxx) આ સમરસ ગ્રામ યોજના મૂકવાનો ઉદ્દેશ શું હોઇ શકે, *(xxx) એવું કોઇક બોલ્યું છે.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન છે. જયારે ગૃહમાં કોઇ પણ સભ્ય બોલ્યા છે, માનનીય મંત્રીશ્રી જવાબ આપે છે. બધાને લાગુ પડે. *(xxx) એવું કોઇએ કહ્યું નથી એ મારી મેમરી છે.

અધ્યક્ષશ્રી : હું રેકર્ડ જોઇને કાઢી નાખીશ.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો એવો ઉદ્દેશ નહોતો. મેં એમ કહ્યું કે હમણાં જે નર્મદાની ૨૦૦૦ કરોડની યોજના મૂકી હતી તેમાં *(xxx) માનનીય અધ્યક્ષશ્રી, આવી યોજના ખેડૂતો સાથે વિચાર કરીને..

અધ્યક્ષશ્રી : આપણે માગણી ઉપર ચર્ચા ચાલુ રાખો.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, સમરસ ગામની યોજના.(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય જયંતિભાઇ, આપની પાસે સમય ઓછો છે. આપ અધ્યક્ષ સામે...

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : હું શક્તિભાઇને કંઇ કહેતો જ નથી.

અધ્યક્ષશ્રી : આપ માગણી ઉપર જ બોલો.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : સમરસ ગામ યોજના. શક્તિભાઇ, સારી કે નબળી એટલું કહો મને. તમારા મોંઢેથી બોલો. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આ સમરસ ગામ યોજના ગામની અંદર...

અધ્યક્ષશ્રી : આપ અધ્યક્ષને ધ્યાનમાં રાખીને પ્રવચન કરો. (અંતરાય) ઓર્ડર, ઓર્ડર. પ્લીઝ.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : સમરસ ગામ યોજના સાચા અર્થમાં ગામનું વાતાવરણ સારું રહે, સમાજ-સમાજ વચ્ચે સંબંધ રહે. ગામનું સારૂં વાતાવરણ હોય તો એ નાગરિક પ્રગતિ કરી શકે. આવા વિષયો સાથે સમરસ ગામ યોજના મૂકીને અત્યાર સુધીમાં ૧૧,૦૮૩ ગામ અને ૩૯૨ મહિલા પંચાયતો સમરસ કરીને ૧૪૮ કરોડની સહાય કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં ઘણા સભ્યોને પ્રશ્ન પણ હતો અને આરી આગળ રજૂઆત થઇ હતી. સમરસ ગામની અંદર ટેક્નિકલ ખામીઓ છે, ટેક્નિકલ કારણોના લીધે કયાંય ને કયાંય સમરસ ગામમાં તરત લાભ આપવા માટે ટેક્નિકલ પોઇન્ટ જે નડતા હતા. આ સમરસ ગામ માટે એ પરિપત્રનો રાજયના મુખ્યમંત્રીએ સુધારો કરીને ટેક્નિકલ કારણોનું સોલ્યુશન કરીને જિલ્લાના વહીવટી વડા ડી.ડી.ઓ.ને સત્તા આપવાનો પરિપત્ર કર્યો છે. ૧૦૦ ટકા સમરસની અંદર જે ટેક્નિકલ ખામીઓ હતી તે દૂર કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ કલ્યાણ મેળા. ગરીબ કલ્યાણ મેળાને કોઇ તાયફા કહે, કોઇ મેળાવડો કહે. કોઇ વાવટા ફરકાવે. અત્યાર સુધીમાં ૧૨૨૫ ગરીબ કલ્યાણ મેળા કરીને ૮૯ લાખ લાભાર્થીઓને ૧૩,૩૮૮ કરોડની જોગવાઇ સાથે ગરીબોના હાથમાં આ વસ્તુ આપવામાં આવી છે અને યોજનાનો લાભ આપવામાં આવ્યો છે.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા

એ જ રીતે ઇ–ગ્રામ. ગામડાંની અંદર ઇ–ગ્રામ યોજના ચાલે છે, તેની બેન્ડ વિડ્થ જે સિસ્ટમ હતી તે ૩૭ હતી, તેને ૯૬ સુધી લઇ જઇને ગામડાંની અંદર તાત્કાલિક ઇન્ટરનેટની સુવિધા મળે, ગામડાંમાં ૭/૧૨ના ઉતારા કાઢવામાં મુશ્કેલી ન પડે એટલા માટે અત્યાર સુધીમાં ૪ કરોડ ૭૨ લાખ ૭/૧૨ના ઉતારા કાઢવામાં આવ્યા છે અને અનાજના કૂપન ૨૭ કરોડ, વીજ બિલ ૨ કરોડ ૬૬ લાખ. ગેસના કનેકશન ૨ લાખ ૧૨ હજાર.

માનનીય અધ્યક્ષશ્રી, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતનું આ રાજયના મુખ્યમંત્રીએ જે રીતે વિભાજન કરીને ૭ જિલ્લા નવા આપવામાં આવ્યા. ૨૪ તાલુકા આપવામાં આવ્યા. લોકોની સુવિધા માટેનો વિષય છે. ગરીબ માણસોને દૂર જવું ન પડે, ભાડું ખર્ચવું ન પડે. પેટ્રોલનો બચાવ થાય, સમયનો બચાવ થાય તેના માટે ૭ જિલ્લા અને ૨૪ તાલુકા અલગ કર્યા છે. પણ આના મકાન માટે રાજય સરકારે ચિંતા કરી છે, ૧૦૦ કરોડની જોગવાઇ સાથે, અને નવા જિલ્લાના કવાર્ટર માટે ૨૦ કરોડની જોગવાઇ સાથે અને જૂની તાલુકા પંચાયતો જે છે એમાં અત્યાર સુધી આપણે ૮૦ લાખ રૂપિયા આપતા હતા હવે દોઢ કરોડ રૂપિયા જૂની તાલુકા પંચાયતના મકાનો બનાવવા માટે દોઢ કરોડ રૂપિયા અને ૮૪ કરોડની જોગવાઇ સાથે અને ૭ તાલુકા પંચાયતો હમણા મંજૂર કરી છે, ધોળકા, વીરમગામ, ધંધુકા, માંડવી, ધોરાજી, જામકંડોરણા, લોધીકા, ગણદેવી, રાધનપુર. આ તાલુકા પંચાયતો હમણા જ દોઢ કરોડના ખર્ચે બિલ્ડીંગ બનાવવા માટે મંજૂર કરવામાં આવી છે અને ૯ કરોડ ૫૫ લાખની મંજૂરી સાથે તાલુકા મથકે અત્યારે આરામગૃહ જિલ્લા પંચાયતના છે, અને કયાંયને કયાંય ખરાબ હાલતમાં છે અને એ આરામગૃહને સુધારવા માટે, મરામત કરવા માટે ૨૦ કરોડની જોગવાઇ સાથે આ બજેટની અંદર આ રાજય સરકારે વિચાર કર્યો છે, પછી તીર્થ ગ્રામ હોય, પાવન ગામ હોય આ બધી યોજના છે, લોકોની અંદર એક વિશ્વાસનું વાતાવરણ ઉભું થાય એના માટેની આ યોજનાઓ છે. મીશન મંગલમના માધ્યમથી ૨ લાખ ૩૦ હજાર જૂથોની રચના કરવામાં આવી. મારો આશય એવો નથી કે જેટલી રચના કરી એ બધા સકસેસ જાય છે અને બધા ગતી પકડે છે, જારની ચપટી હાથમાં લઇને ઉડાડીએને તો ચકલા ચણી જાય, કોઇ ઉગે કોઇ ના ઉગે પણ એક દાણો ઉગે તો એમાંથી હજારો જાર થાય છે. એવા આશય સાથે મીશન મંગલમની અંદર ૧૦૦ ટકા કહીશ કે ૧૬૦૦ કરોડનો વહીવટ આ ગુજરાતની બહેનો કરી રહી છે. માનનીય નીતિનભાઇ બેઠા છે, રાજકોટની અંદર સરસ મેળો કરવામાં આવ્યો. સરસ મેળાનો આશય શું છે, સરસ મેળાની અંદર ભારત સરકારના એક કરોડ રૂપિયાનો ખર્ચો થયો છે. એની અંદર બીજા રાજયના ૧૦૦ સ્વસહાય જૂથો આવીને રાજયના સારા સ્વસહાય જૂથો આવીને એને દુકાનો આપવામાં આવી, ટેન્ટ આપવામાં આવ્યું, પાણી આપવામાં આવ્યું એને જમવાનું આપવામાં આવ્યું, એને હોટલમાં રહેવાની સુવિધા આપવામાં આવી. આ ખર્ચો કર્યો અને એ મેળાની અંદર ત્રણ કરોડનો વેપાર થયો. આ રાજય સરકાર એવું નથી ઇચ્છતી, રાજય સરકારને ગમે તેટલો ખર્ચો થાય પણ નાના માણસને દિશા મળે તો ગમે તેટલા રૂપિયાનો ખર્ચો થાય એ કરવા માટેની અમારી તૈયારી છે. વિચાર સાથે અમારી તૈયારી છે. ગરીબો માટેની આ સરકાર છે. ગરીબો માટે ગમે તે કરવાની તૈયારી છે. બધા ધારાસભ્યોનો એક વિષય હતો અને અમારા સંજયભાઇએ કીધું કે પંચાયતઘર જે ગામડે બની રહ્યા છે જે વખતની મનરેગા યોજના જેને મૂકી હોય એણે, એ ચાલુ જ રાખવાનું કીધું છે દેશના વડાપ્રધાને પણ એની અંદર પંચાયતઘરની અંદર ૬૦–૪૦ના રેશીયામાં કયારેય કામ થઇ શકતું નહોતું. સરપંચોની રજૂઆત આવી, ઘણા ધારાસભ્યોની રજૂઆત આવી, રાજયના મુખ્યમંત્રીને મેં રજૂઆત કરી, મેં સૌરભભાઇને રજૂઆત કરી, ૬૦–૪૦ના રેશીયાને જાળવવા માટે ૬૦ કરોડ રૂપિયા આ બજેટની અંદર એ મકાન માટે જ જોગવાઇ કરવામાં આવી છે. એ જ મકાન માટે જોગવાઇ કરવામાં આવી છે. સૌનો સાથ સૌનો વિકાસ આ મંત્ર સાકાર કરવા અને રાજયના સર્વાંગી વિકાસમાં મારા વિભાગનું યોગદાન છેક છેવાડાના માનવી સુધી પહોંચે, સર્વાંગી વિકાસના ફળ લોકભોગ્ય બને એ હેતુસર આજે અંદાજપત્ર લઇને આપની સમક્ષ ઉપસ્થિત થયો છું જેનો આપ સૌ ખુલ્લા મનથી સ્વીકાર કરીને જેમણે કાપ દરખાસ્તો મૂકી છે એ ખુલ્લા મને ગરીબમાં ગરીબ છેવાડાના માનવીનો આ વિભાગ છે અને એ વિભાગને સમર્થન આપવા માટે આપની કાપ દરખાસ્ત પાછી ખેંચો એવી વિનંતી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (પ્રભારી મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, જયંતિભાઇના જોરદાર પ્રવચન પછી મારા મહેસૂલ વિભાગની મારે વાત કરવાની છે. આમ તો પંચાયત અને મહેસૂલ એ લાગુ પડતા અને સંબંધકર્તા વિભાગો છે. એટલા માટે કે મહેસૂલ વિભાગની મોટાભાગની કામગીરી એ ગુજરાતના તમામ વિસ્તારોને આવરી લઇ નાનામાં નાના ગામ સુધી, ૧૮ હજાર ગામડાં, હજારો પેટાપરાથી શરૂ કરીને મહાનગરો સુધી વિસ્તરેલ છે. આજની મારી આ મહેસૂલ વિભાગની માગણી ઉપર અમારા માનનીય સભ્યશ્રીઓએ એમના સૂચનો, ફરિયાદો, રજૂઆતો અને ટીકા–ટિપ્પણો કરી છે. અમારા સાથી ધારાસભ્ય માનનીય પિયુષભાઇ, માનનીય સંજયભાઇ, માનનીય રમણભાઇ પાટકર, માનનીય રમેશભાઇ કટારા, માનનીય ઇશ્વરભાઇ, માનનીય પ્રફુલ્લભાઇ પાનસેરિયા અને માનનીય બાલકૃષ્ણભાઇએ બજેટને સમર્થન આપી ખૂબ સુંદર સૂચનો સાથે અમારા વિભાગની ચાલતી જુદી જુદી કામગીરીને બિરદાવી છે. એમનો હું આભાર માનું છું. સાથી પક્ષના માનનીય સભ્યશ્રીઓએ પણ કેટલા મુદ્દા ઉપસ્થિત કર્યા છે. પણ એમને વિગતો આપતાં પહેલાં, એમને માહિતી આપતા પહેલાં મહેસૂલ વિભાગની કામગીરી શું છે એ આપસૌના ધ્યાન ઉપર મૂકવા માગું છું. મેં જે છેલ્લા આંકડા કઢાવ્યા છે એ પ્રમાણે ગુજરાતમાં લગભગ ૧ કરોડ ૬૯ લાખ ૮૭ હજાર ૪૩૦ ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે. આ ખાતેદારોના ૬૨ લાખ ૮૯૦ ખાતાઓ છે. આપણા ગુજરાતની ૬ કરોડની વસતિ જોઇએ તો દર ચાર ગુજરાતીએ એક ગુજરાતી એ ખેડૂત તરીકે નોંધાયેલ ખાતેદાર છે એટલે એનો વ્યાપ આપણે સમજી શકીએ છીએ. અમારા જુદા જુદા વિભાગોની જ્યારે માગણી હોય, જનરલ બજેટ રજૂ થયું હોય ત્યારે આપણે ગુજરાતનો સર્વાંગી વિકાસ માનનીય નરેન્દ્રભાઇના નેતૃત્ત્વમાં અને અત્યારે માનનીય આનંદીબેનના નેતૃત્ત્વમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા અવિરત અમે કરી રહ્યા છીએ અને ગતિશીલ ગુજરાતને વધુ ગતિ આપીને અમે જે સતત પ્રયત્નો કરી રહ્યા છીએ એમાં મહેસૂલ વિભાગનો હિસ્સો પણ ઘણો મોટો છે. એટલા માટે કે જ્યાં જ્યાં વિકાસની વાત આવે, સિંચાઇના ડેમ હોય, રસ્તાઓ હોય, હોસ્પિટલો હોય, શાળા અને કોલેજોના

બિલ્ડીંગો બનાવવાના હોય, સરકારી કચેરીઓ બનાવવાની હોય, નર્મદાની કેનાલ બનાવવાની હોય, પાવર હાઉસ બનાવવાના હોય, બધી જ કામગીરી એ જમીન ઉપર કરવી પડે. એના માટે જમીન જોઇએ. અહીંયા ખેડૂતો માટે માનનીય સભ્યશ્રીઓએ પ્રશ્નો કર્યા છે. સબ સ્ટેશનો માટે અમારે ત્યાં કાર્યવાહી કરો, સબ સ્ટેશનો બનાવવા હોય તો જમીન જોઇએ. માનનીય પુંજાભાઇએ વાત કરી કે અમારે સી.એચ.સી. કરવું છે તો એના માટે જમીન જોઇએ. જમીન સાથે જોડાયેલ આ અમારો મહેસૂલ વિભાગ જ્યારે કામ કરતો હોય ત્યારે જમીન મહેસૂલ એ આપણી આઝાદી પછીનો શબ્દ નથી. ૧૯૪૭માં આપણો દેશ આઝાદ થયો એના હજારો વર્ષોથી જ્યારથી વ્યવસ્થિત રાજતંત્ર, કોઇ નાનું રજવાડું હોય કે મોટું રજવાડું હોય, પછી બહારથી શાસકો આવ્યા અને આપણો દેશ ગુલામ બન્યો, અંગ્રેજો આવ્યા અને એમણે આપણા ઉપર રાજ કર્યું. એમના સમયમાં રાજ્ય સરકારોની મુખ્ય આવક મહેસૂલ હતી. રાજા-રજવાડાઓની મુખ્ય આવક મહેસૂલ હતી. રૂપિયા લેતા ન હતા પણ રાજ-રજવાડાઓને ખેતીમાંથી ભાગ આપી જવાનો. કોઇ ખેડૂતે મહેનત કરી હોય, મજૂરી કરી હોય, ૧૦૦-૨૦૦ મણ ઘઉં, કપાસ, અનાજ, પાકે તો ગાડા ભરી ભરીને એ જમાનામાં, આઝાદી પહેલાંના જમાનામાં રજવાડાને ત્યાં પ્રેમથી નહિ પણ એમની ધાકના કારણે, એમની સત્તાના કારણે મહામૂલી મહેનત કરી હોય અને એ રાજાને મહેસૂલ તરીકે આપણે સદીઓથી આપતાં આવ્યાં છીએ. પણ આપણે આઝાદ થયા. વ્યવસ્થાઓ ગોઠવાઇ અને મહેસૂલનું એક સરસ માળખું પ્રાપ્ત થયું. અને મહેસૂલ વિભાગ જે કર પ્રાપ્ત કરે એ રાજ્યની તિજોરીમાં આવે અને પ્રજાના રાજ્યના વિકાસમાં જરૂરી કામો થાય. અહીંયા જે આવક થઇ મહેસૂલ વિભાગની એ પણ હું માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકવા માગુ છું. પ્રજા માટે સદુપયોગ થાય. ઉદ્યોગ પણ જોઇશે. કાલે અહીંયા કોઇ સભ્યશ્રીએ બજેટ પ્રવચનમાં ખૂબ સારી વાત કહી કે, હું ઉદ્યોગની જરૂરિયાતને નકારતો નથી. ઉદ્યોગ પણ જરૂરી છે, ખેતીવાડી પણ જરૂરી છે. ઉદ્યોગ વધે, હજારો, લાખ્ખો લોકોને રોજગારી મળે સાથે ખેતીવાડી પણ સમૃદ્ધ થાય, ખેતીને સિંચાઇ મળે, સિંચાઇ માટે વીજળી મળે, આધુનિક સાધનો ખેડૂતોને મળે, આધુનિક માર્ગદર્શન મળે, આધુનિક બિયારણ મળે. અને મારે આપ સૌના ધ્યાન ઉપર મૂકવું છે કે, આક્ષેપો ભલે થાય, હું ઘણા વર્ષોથી આ ગૃહમાં આક્ષેપો સાંભળું છું કે, ભા.જ.પ.ની સરકારે બધી જમીનો વેચી મારી, જમીનો વેચી મારી, ખેતીની જમીન ઓછી થતી જાય છે. પણ મારે ગૌરવ સાથે કહેવું છે કે, ભારતીય જનતા પક્ષે ખેડૂતો માટે જે કાર્યક્રમો અને આયોજનો હાથ પર લીધા એના કારણે ભૂતકાળમાં ખૂબ જમીનો હતી, પણ ખેતી નહતી થઇ શકતી, સિંચાઇ નહતી મળતી, વીજળી નહતી મળતી, ખેડૂતો બેસી રહેતા હતા. એની સામે ખેડૂતને એક પાક, બે પાક, ત્રણ પાક લેવાની વ્યવસ્થા આ સરકારે કરી અને એના કારણે એગ્રીકલ્ચર ગ્રોથ, કૃષિનો ગ્રોથ આ ભા.જ.પ.ની સરકાર આવ્યા પછી દેશમાં પહેલા-બીજા નંબરે આપણું ગુજરાત રાજ્ય ચાલી રહ્યું છે. આપણે જમીનનો અનેકગણો ઉપયોગ કરીએ છીએ. પણ ખેતીની જમીન પ્રત્યે આપણે કોઇ લાપરવાહી નથી કરી. ખેડૂતની ખેતી સમૃદ્ધ થાય, ખેતીવાડીનું ઉત્પાદન વધે, અનાજ, કઠોળ, તેલીબીયા, કપાસ, એરંડા, રાયડો, મગફળી, ઘાસચારો, બાગ-બગીચા બધું આપણે જ્યારે વધાર્યું છે, ત્યારે ખેતીની જમીન પણ આપણે સમૃદ્ધ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કલેકટરોને, અધિકારીઓને પણ અમે સત્તા આપી. અગાઉની સરકારો વખતે એક કરોડથી વધારાનું પ્રિમિયમ થાય તો છેક સરકાર સુધી પરવાનગી લેવી પડતી હતી, એના બદલે જેમ મોંઘવારી વધી, ફૂગાવો વધ્યો એના કારણે જમીનની કિંમત પણ વધી, ઉપયોગ વધ્યો એટલે આપણે બે કરોડ સુધીની સત્તા કલેકટરોને આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલા જમીન સંપાદન થાય એ ખેડૂત ખાતેદારને પહેલાં અરજી કરવી પડતી હતી કે, મારી નર્મદામાં જમીન ગઇ હતી, મારી જી.ઇ.બી.ના સબ સ્ટેશનમાં જમીન ગઇ, એનું સર્ટિફિકેટ્સ આપો. એ પ્રથા અમે દૂર કરી, એમાં સુધારો કરી અને પ્રમાણપત્ર દા.ત. નર્મદાવાળા પ્રમાણપત્ર આપે, જી.ઇ.બી.વાળા પ્રમાણપત્ર આપે કે, કોઇ પણ સંસ્થા પ્રમાણાપત્ર આપે કે, આ ખેડૂતની જમીન સંપાદિત થઇ છે. તો એ પ્રમાણપત્રના આધારે ત્રણ વર્ષની અંદર એ ખેડૂત જમીન ગમે ત્યાં ખરીદી શકે એ પ્રમાણેની છૂટ પણ આપણી સરકારે આપી. એટલે ઘણા કિસ્સાઓ આપણા રાજ્યમાં બનેલા કે નર્મદાની મોટી જગ્યાએ સંપાદન થાય, કોઇ ખેડૂતની પાંચ વિઘા જમીન હોય, પાંચે-પાંચ વિઘા સંપાદન થઇ જાય તો ખેડૂત, એ બિન-ખેડૂત થઇ જતા હતા, પછી એને ખેડૂત તરીકેના અધિકાર નહતા રહેતા. અમારી સરકાર આવ્યા પછી આ સુધારો કરી અને બીજી જગ્યાએ જમીન ખરીદે તો એના ખેડૂતના હક્ક અમે ચાલુ રાખ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ટૂકડા ધારો, ભાઇઓની વચ્ચે ભાગ પડે, જમીન નાની નાની થતી જાય, તો ટુકડાઓ એકત્રીકરણ ના થાય, ટુકડાઓ વેચી ના શકાય. એટલે આપણા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેને જ્યારે ૨૦૧૩માં એક પરિપત્ર કરી ટુકડાઓને પણ વેચી શકાય અને બાજુનો પાડોશી ખેડૂત ટૂકડો ખરીદવા માગે તો એનો પણ આપણે દસ્તાવેજ કરી શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા માનનીય સભ્યશ્રીએ વાત કરી કે, ભૂતકાળમાં જે લોકોને હક્ક નહતો, ખેડૂત નહતા એ લોકો ખેડૂત થઇ ગયા. ચોક્કસ સાચી વાત છે. પણ એ ક્યારે ક્યારે થયા? એકલી ભા.જ.પ.ની સરકાર આવી ત્યારે નથી થયા. રેકર્ડ કાઢો, કેસ ટુ કેસ જુઓ તો હું ખાતરી સાથે કહું છું કે, ભૂતકાળમાં જ્યારે કોંગ્રેસની સરકાર હતી એમાં હું તમારો કોઇનો વાંક નથી કાઢતો, સત્તાતંત્રનો પણ નીચે કોઇએ ખોટું કર્યું અને બિન-ખેડૂતને કોઇએ ખેડૂત બનાવી દીધા તો એ ખેડૂત તરીકે પછી પ્રસ્થાપિત થયા. અમારી સરકારે જે રાજ્યમાં ગણોતિયા બની ખોટી રીતે ખેડૂત બની અને કલમ ૩૨(ઓ) નો ઉપયોગ કરી અને ખેડૂત બનતા હતા એ ૩૨(ઓ)ની જોગવાઇ આપણે રદ કરી છે. ખેડૂતનો પરિવાર હોય, છોકરા-છોકરીઓ હોય, લોહીનો સંબંધ હોય, એવા વારસદારોમાં જમીનના ભાગલા પડે તે માટે પહેલાં જે જોગવાઇ હતી કલમ- ૪૩(૨)(૧) માં આપણે સુધારો કર્યો અને લોહીનો સીધો સંબંધ ધરાવતા હોય તેવા કુટુંબના સભ્યો વારસદારોમાં જમીનના ભાગલા પાડવા માટે કલેકટરની મંજૂરીની જરૂર રહેશે નહીં. એ પ્રમાણેનો સુધારો આપણી સરકારે દાખલ કર્યો છે. ગણોતની જમીન બે વર્ષ સુધી પડતર રહે તો આ પણ જુના કાયદા છે. આપણા બનાવેલા કોઇ કાયદા નથી . આ ગૃહે પણ નથી બનાવ્યા. પહેલાના કાયદા છે કે બે વર્ષ સુધી જો ખેડૂત જમીન ખેડે નહીં

અને રેકોર્ડ ઉપર પડતર જમીન આવે તો એ જમીન કલમ–૬૫ અને ૬૫(ક) અને ૬૬ હેઠળ ખેડૂતની જમીન ખેડી ન હોય તો સરકાર હસ્તક દાખલ થતી હતી. કોઇ ખેડૂત કોઇ કારણસર ન ખેડી શકયા. કોઇ એન્ટ્રી ન પડાવી શકયા, ખેડયુ હોય પણ એન્ટ્રી ન પડી હોય એવા હતા એના નિરાકરણ માટે આ આખી જોગવાઇ અમારી સરકારે રદ કરી અને લાખો ખેડૂતો જે ગણોતીયા ખેડૂત જે ગરીબ ખેડૂત કહેવાય એમને અમે ખૂબ મોટો લાભ આપ્યો છે. અગાઉ જે ગણોતીયા નકકી થયેલા ૧૯૮૬માં અગાઉના નિયમો પ્રમાણે એ વખતે એ વખતની પદ્ધતિ પ્રમાણે એમને જે પ્રિમિયમ ભરવાનું હોય, જે પટ્ટ ભરવાનો હોય એ નિશ્ચિત સમયમાં ના ભરે તો એનો ગણોતીયાનો જે હકક હોય એ નાબૂદ થતો હતો. આ રાજયના મુખ્યમંત્રી માનનીય આનંદીબેને એ કાયદો પણ જયારે માનનીય નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી હતા ત્યારે અમે રદ કરી અને એવો સુધારો કર્યો કે ૧૯૮૬માં પૈસા ના ભર્યા, ૧૯૯૦માં ના ભર્યા, ૧૯૯૫માં ના ભર્યા તા. ૩૧–૮–૨૦૧૫ સુધી એ ખેડૂત એ જમીનનો પટ્ટ ભરી દે તો એની જમીન કાયદેસર કરવાનો, જે હજારો ખેડૂતો અજ્ઞાન હતા, પછાત વિસ્તારમાં રહેતા હતા, કાયદાથી અજાણ હતા એમને લાભ આપવાનું કામ અમારી સરકારે કર્યું છે. અહીંયા બીજી પણ વાત થઇ. આપણે બધા જાણીએ છીએ. જે સર્વ સ્વીકૃત હકીકત છે કે કેટલાક લોકો ખોટી રીતે ખેડૂત બની જાય. કેટલાક લોકો પાવર ઓફ એટર્ની લઇ લે, કેટલાય કેસ આપણને બધાને, સભ્યોને જાહેર જીવનમાં છે એમને ખબર છે કે ખેડૂતે બે વીઘા જમીન વેચી હોય પછી બે વીઘા લખી અને પાવર ઓફ એટર્ની કરાવી દે અને પછી બહાર જઇ અને એ જ ખોટા ભુમાફીયા જેમને કહીએ છીએ જે છેતરપીંડી કરનારા છે, કોઇપણ વર્ગના, કોઇપણ સમાજના, કોઇપણ ક્ષેત્રના હોય એ બે વીઘાના પછી ઉપર મીંડુ કરીને ૨૦ વીઘા કરી દે, પેલા ખેડૂતને બે વીઘાના જ પૈસા આપ્યા હોય, પાવર ઓફ એટર્ની બતાવ્યો હોય અને પછી દસ્તાવેજ કરવા માટે ખોટી રીત રસમ અપનાવી અને ખેડૂતે બે જ વીઘા જમીન વેચી હોય અને ૨૦ વીઘા જમીન હડપ કરી લે એવા કિસ્સા આપણા બધાના ધ્યાનમાં વર્ષોથી છે. આ એ ભારતીય જનતા પક્ષની સરકાર છે, આ એ મુખ્યમંત્રી છે કે જે મહેસૂલ મંત્રી હતા અને એ આ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ અને અમારી સરકારે નિર્ણય કર્યો કે આવા માફીયાઓને શોધી એમને નશ્યત કરવા માટે ગરીબ ખેડૂતોને, નિર્દોષ ભોળા ખેડૂતોને છેતરી કરોડો રૂપિયાની કિંમતની શહેરી વિસ્તારની નજીકની જમીન જે લોકો હડપ કરી જતા હતા પછી હાઇકોર્ટમાં જાય, પેલો માણસ થાકી જાય, પછી કડદા થાય કે લે પચાસ લાખ લઇ જા અને સામે ૫૦ કરોડની જમીન પડાવી લે. આ આપણા બધાના ધ્યાનમાં છે એમાં કોઇ રાજકારણ કે પક્ષાપક્ષી નથી. અમે નિર્ણય કર્યો કે કલેકટરની અધ્યક્ષતામાં કલેકટર, ડી.ડી.ઓ. અને ડી.એસ.પી. જિલ્લા મથકે એક સીટની રચના કરી. સ્પેશ્યલ ઇન્વેસ્ટીગેશન ટીમ. કોઇપણ ખેડૂતને આખા રાજયમાં એમ લાગે કે મારી જમીન આ માફીયાએ ખોટી રીતે લઇ લીધી છે. કોર્ટમાં હું થાકી જઉં એની પાસે કાયદાનો આશરો ન હોય, રેકર્ડ ઉપર ખોટું કરી સહી સિકકા રજીસ્ટ્રારના અને બધાના કરાવી દીધા હોય. ગરીબ માણસ મરી જતો હતો. ભૂતકાળમાં કોઇ એનું જોતું નહોતું. આ સરકારે સીટની રચના કરી. મને જણાવતા આનંદ થાય છે કે સીટમાં કેટલાય નિર્દોષ ગરીબ ખેડૂતોને આ કમિટીએ ન્યાય આપ્યો અને માફીયાઓ જે ખોટું કરતા હતા એ હવે લગભગ મોટાભાગના નાબૂદ થઇ ગયા છે. અમે ટેકનોલોજીન ઉપયોગ કર્યો કોઇ દસ્તાવેજ કરવા જાય તો પહેલા જમીન વેચી હોય બા એ અને સહી કરી આવે બાપ. કોઇને ખબર પણ ના પડે. અમે નકકી કર્યું કે કેમેરા મુકવાના. સી.સી.ટી.વી. કેમેરા જે દસ્તાવેજમાં સહી કરે, જે સહી કરે એના ફોટા રજીસ્ટ્રાર ઓફીસમાં પડે. આ જે કર્યું છે એ કોઇ બિલ્ડર નહોતા છેતરાતા. કોઇ કરોડપતિ નહોતા છેતરાતા, કોઇ ભણેલાગણેલા નહોતા છેતરાતા આ ગરીબ બક્ષીપંચ, દલિત સમાજ, આદિવાસી ગામડાંના નિર્દોષ ખેડૂતોને જે આ માફીયાઓ કનડતા હતા. એમાંથી અમે મુકિત અપાવી છે. અને આ કામગીરી અત્યારે પણ ચાલુ છે અને ઘણા માફિયાઓને પાસા હેઠળ આપણી સરકારે પૂર્યા છે અને પાસા હેઠળ ધાક બેસાડી છે.(અંતરાય)

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર બનતો નથી. હું ધ્યાનથી સાંભળું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ભાઇ,તમે તલાટી હતા મને ખબર છે.આપ તલાટી હતા. મારા કરતા વધુ જાણકાર છો. બીજું જ્યારે પેઢીનામું..(અંતરાય) લ્યો સાહેબ એમને સાંભળી લો.

અધ્યક્ષશ્રી : કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર છે જ નહીં. પ્લીઝ કરમશીભાઇ આપ બેસી જાઓ.નીતિનભાઇ આપનું પ્રવચન ચાલુ રાખો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : પહેલા પેઢીનામું કેવી રીતે બનાવાય એની સ્પષ્ટ સૂચનાઓ નહોતી, એટલે પેઢીનામું બને એના આધારે ઘણાને નુકસાન પણ થતું હતું. સાચા હકદાર રહી જતા હતા, એટલે માનનીય મુખ્યમંત્રીશ્રીએ હમણા ૧૪–૫–૧૪ માં એક નિર્ણય કર્યો અને આપણે ખાતેદારોના પેઢી આંબાના વૃક્ષ બનાવવાનું કે પહેલું મૂળ કોણ? એના દીકરા કોણ? એની દીકરી કોણ? એની દીકરીઓ એમ આખું વંશ પરંપરાગત આવી જાય એની વારસાઇ તો કોણ સાચો હકદાર છે, તે આપણે કરી શકીએ. આ રીતે અનેક જાતના સુધારા સમયની મર્યાદા છે એટલે બહુ વાત નહિ કરું. ઘણી જાતના સુધારા જે અંગ્રેજો પછી, ભારતની આઝાદી પછી કેટલી ય સરકારો આવી. જે સરકારોએ નહોતા કર્યા તે સુધારા અમારી સરકારે કર્યા છે,ત્યારે ગરીબ ખેડૂતોને એનો લાભ ગામડે ગામડે મળ્યો છે. માફિયાઓ ઉપર કન્ટ્રોલ થયો છે અને ખેડૂતોના અસલ માલિક છે, તેના જમીનોનું અમે રક્ષણ કરી શકયા છીએ. અમે ટેકનોલોજીનો પણ ઉપયોગ વધારે કર્યો છે. પહેલા આપણને બધાને ખબર છે કે સ્ટેમ્પ લેવાનો, સ્ટેમ્પ કરવાનો અને એક મોટું કૌભાંડ હું નામ ભૂલી ગયો એનું. કોણે કર્યુ હતું? સ્ટેમ્પ કૌભાંડ એણે અબજો અબજો રૂપિયાનું ભારત સરકારનું, બધી રાજ્ય સરકારનું કરી નાખ્યું હતું. કોઇ એને કશું કરી શકયા નહિ. એ પૈસા ગયા કયાં ભગવાન જાણે. એટલે અમે ટેકનોલોજીનો ઉપયોગ કરી ઇ–સ્ટેમ્પિંગ પ્રથા ૨૦૦૬–૦૭ માં ગુજરાતમાં ચાલુ કરી. પ્રજામાં કેટલી બધી તે યોજના લોકપ્રિય છે કે જ્યારે શરૂ કરી ત્યારે ફકત ૮૯,૮૫૫ રૂપિયાની જ ઇ–સ્ટેમ્પિંગની કામગીરીનો લોકોએ લાભ લીધો હતો. અમે સારી બેન્કોને માન્યતા આપી. સંસ્થાઓને

માન્યતા આપી. કલેકટર કચેરી, મામલતદાર કચેરીમાં આ ફ્રેન્કિંગની વ્યવસ્થા કરી. મને જણાવતા આનંદ થાય છે ગુજરાતની પ્રજા પણ ટેકનોલોજી સેવી છે. ટેકનોલોજીનો લાભ લેતા આવડે છે, એટલે ૨૦૧૪–૧૫ માં ૧૧૩૩ કરોડ રૂપિયા જે ૮૬ લાખે નહોતું થયું ૮૯,૦૦૦ હતું તે આપણે વધારી ૧૧૩૩ કરોડના ઇ–સ્ટેમ્પિંગની વ્યવસ્થા આપણી સરકારે આ વખતે લીધું છે. મહિલા મુખ્યમંત્રી તરીકે માનનીય આનંદીબેને મહિલાઓને ગામડાંની અંદર દૂધ સંચાલન કરતી ડેરીઓ જો મહિલાઓ બનાવે તો ૩૦૦ મિટરની જમીન, ૨૫૦ ચો.મી.નો પ્લોટ, ૧૫ વર્ષના ભાડાપટ્ટે ફક્ત એક રૂપિયે ટોકન ભાડે આપવાની યોજના પણ અમલમાં મૂકી છે. માનનીય મણીભાઇએ વાત કરી કે સરવે થાય અને પછી એમાં પ્રશ્નો થાય છે. અત્યાર સુધી ૩૩ જિલ્લામાં નવેસરથી જમીન માપણી આપણે હાથ ધરી છે, જે અંગે ૮૦૧૫ ગામમાં માપણી પૂરી થઇ છે. ૪૨૦૦ ગામોનું નવું મહેસૂલ રેકર્ડ વગેરે તૈયાર થઇ રહ્યું છે. અમારા માનનીય સભ્યશ્રી બાલકૃષ્ણભાઇએ સાચું કહ્યું. આટલુ મોટું રાજ હોય. લાખો હેકટરમાં સરવે થતો હોય. ખેડૂતે વાડ ક્યાંક કરી હોય, ફેન્સિંગ ક્યાંક કરી હોય અને કશું રેકર્ડ ઉપર હોય નહિ, તો સ્વાભાવિક છે કે નાની મોટી એરર એ દરેક ધંધામાં દરેક વ્યવસાયમાં દરેક કામગીરીમાં સરકારનું તંત્ર પણ હોય, પણ અમે વ્યવસ્થા કરી છે માનનીય અધ્યક્ષશ્રી, અમે વ્યવસ્થા કરી છે કે જે ખેડૂતને એમ લાગે કે મારી જમીનના માપમાં કોઇ ડીફરન્સ આવ્યો છે તો તેના માટે અપીલ કરીને સુધારો કરવા માટેની જોગવાઇ પણ કરી છે. જે રીસરવે થયેલ છે તેમાં મામૂલી જગ્યાએ આ તકલીફ થઇ છે તે આપણે સુધારીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં મારે જી.એસ.ડી.એમ.એ.ની વાત કરવી છે. આપત્તિ વ્યવસ્થાપન તંત્ર જે માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તક છે. કચ્છના ભૂકંપની માનનીય પિયુષભાઇએ વાત કરી.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી આપની પાસે પાંચ મિનિટનો સમય છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હાજી સાહેબ, મને આનંદ છે કે કચ્છના ભૂકંપની જે આફત આવી તે આપણે જોઇ અને આપણે તેના પછી આગળ ઉપર ભવિષ્યમાં કંઇ થાય તો શું કરવું એટલે માનનીય નરેન્દ્રભાઇ મોદી જયારે મુખ્યમંત્રી હતા ત્યારે ગુજરાતમાં આપત્તિ વ્યવસ્થાપન તંત્ર(જી.એસ.ડી.એમ.એ) ની સ્થાપના કરવામાં આવી, કાયદો બનાવવામાં આવ્યો અને અમારા કાયદા પછી ૨૦૦૫માં એ વખતની ભારત સરકારે ગુજરાતના કાયદાને ધ્યાનમાં રાખી આખા દેશમાં તે કાયદો બનાવ્યો. માનનીય મણીભાઇએ ૪૦૦ સર્વેયરની ભરતીની જાહેરાતની વાત કરી. એમની વાત સાચી છે કે કવોલીફાઇડ ઉમેદવાર ઓછા મળ્યા છે. આપણે જી.ટી.યુ. દ્વારા પરીક્ષા લીધી હતી. તેમાં સિવિલ એન્જિનિયર કે આઇ.ટી.આઇ. પાસ હોય, તેના માટે કોર્ષ કર્યો હોય તેવા સર્વેયરને આપણે લઇએ છીએ. તે આપણને ઉપલબ્ધ થયા નથી. એટલે ફરીથી આપણે ઇન્ટરવ્યુ લેવાની પ્રક્રિયા શરૂ કરી છે. બીજી વાત માનનીય સભ્યશ્રીઓ દ્વારા કલમ.૩૨(ક) બાબતની થઇ. હું સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે અગાઉ નામદાર હાઇકોર્ટમાં એક કેસ ચાલતો હતો અને તેના આધારે નામદાર હાઇકોર્ટે આદેશ કર્યો કે ૨૦૦૭ સુધીમાં જે દસ્તાવેજો સ્ટેમ્પ ડયુટીના થયા છે તેનું ફરીથી હીયરીંગ કરવું, ફરીથી નોંધણી કરવી. તે પ્રક્રિયા આપણે મોટા પ્રમાણમાં અત્યારે ચાલુ કરી છે.

માનનીય રાઉલજીએ સિંચાઇની જમીન સંપાદન સામે ખેડૂતોને, અસરગ્રસ્તોને જમીન આપવાની વાત કરી. તેમની વાત સાચી છે પણ આ વર્ષો જુની છે. આ ભારતીય જનતા પક્ષની સરકાર વખતે ઉભો થયેલ પ્રશ્ન નથી. આ અગાઉનો પ્રશ્ન છે. ૯૪૦ અસરગ્રસ્તો હતા તેમાં ૪૬૧ અસરગ્રસ્તોને જમીન સામે રોકડ કિંમત આપી દેવામાં આવી છે. જે ૧૬ અસરગ્રસ્તો છે તેમને સરકારી પડતરમાં વસાવ્યા છે. બાકી જે રહ્યા તેમના માટે કલેકટરો પાસે જમીન માગીએ છીએ. દરેક કલેકટર પોતાના જિલ્લાની જરૂરિયાત ધ્યાનમાં રાખીને ફાજલ જમીન આપવી કે નહીં તે માટે પ્રયત્ન કરે છે. નામદાર હાઇકોર્ટ અને ભારત સરકારે આ જમીનની મંજુરી આપી. ભારત સરકારે ૨૦૧૧માં કેવી શરત રાખી જે આપ જાણો છો પણ અહીં કહ્યું નથી. ભારત સરકાર વન અને પર્યાવરણ વિભાગના તા.૨૬–૮–૨૦૧૧ના પત્રથી જંગલની તમામ ૧૦૫૮ હેકટર જમીન અસરગ્રસ્તોને આપવા તબદીલ કરવાની મંજુરી આપી. સામે શરત કરી કે આટલી જમીન રાજય સરકારે ફોરેસ્ટ માટે આપવી પડશે. તે ૧૦૫૮ પૈકી રાજકોટ, ભાવનગર અને પંચમહાલમાં આપણે ૫૦૦ હેકટર જમીનનું વન વિભાગને વળતર આપી દીધું છે. ૫૦૦ હેકટરનો આપણને કબજો મળ્યો છે અને બાકીની જમીન અંગે અમારી પ્રક્રિયા ચાલુ છે.

અહીં માનનીય સભ્યશ્રી પુંજાભાઇએ બે–ત્રણ બાબતો ઉપસ્થિત કરી છે. એમણે જે વાત કરી કે ઉદ્યોગગૃહોને સસ્તા ભાવે આ સરકાર જમીન આપી દે છે. માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકવું છે. અમારા માનનીય મંત્રીશ્રી જયંતિભાઇ કે જે પંચાયત ગ્રામ વિકાસનો હવાલો ધરાવે છે તેમણે કહ્યું કે આ અમારી ભારતીય જનતા પક્ષની એક એવી સરકાર છે કે જેણે ગુજરાતમાં અમારી સરકાર આવ્યા પછી આજે ભૂતકાળમાં તમે ન્હોતા કરી શકયા તે ૦ થી ૧૬ ના તમામ ગરીબોને તેના પૂરેપૂરા પ્લોટ આપવાની કામગીરી આ ભાજપની સરકારે પૂરી કરી છે. આજે ૦ થી ૧૬નો એક પણ બી.પી.એલ. લાભાર્થી જમીનના પ્લોટ વગર કે જમીન ઉપર મકાન બનાવ્યા સિવાય બાકી રહ્યા નથી અમે એની સબસીડી, એની ગ્રાન્ટ પણ આપી છે. ઉદ્યોગોની વાત કરી, તો કોઇ ઉદ્યોગને આપણે વિનામૂલ્યે જમીન આપતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં માનનીય વિપક્ષના નેતા શંકરસિંહજી મુખ્યમંત્રી તરીકે રહી ચૂક્યા છે એ વખતે જે જમીનો અપાય હતી એનો માનનીય આનંદીબેને એ વખતે રેકર્ડ પર જવાબ આપ્યો છે. સ્વ.ચીમનભાઇ પટેલ મુખ્યમંત્રી હતા ત્યારે જામનગરમાં રીલાયન્સ માટે અને બીજી કંપનીઓ માટે જમીનો કેટલા ભાવે આપી છે એ રકમનો એકઝટ આંકડો હું નહીં બોલું પણ મામૂર્લી રૂપિયો પણ નહીં એવી કિંમતે જમીન આપી છે. એને અમે ખોટું નથી ગણતા કારણ કે, રાજયનો વિકાસ કરવો હોય તો સબસીડીના ભાગરૂપે, ઉદ્યોગ નીતિના ભાગરૂપે, રોજગારી આપવાના ભાગરૂપે રાજયમાં નાણાંનું રોકાણ લાવવાના ભાગરૂપે જે યોજનાઓ થઇ હોય એનો આપણે પૂરેપૂરો ઉપયોગ કર્યો છે. કોઇ પણ ઉદ્યોગપતિને ખોટી રીતે કે ગેરવાજબી રીતે અમે જમીન આપી નથી અને ભૂતકાળમાં સુપ્રિમ કોર્ટ સુધી આ જે અહીંયા નાની મોટી ચર્ચાઓ થઇ એ બધી

જ બાબતો ચકાસાઇ ચૂકી છે અને ગુજરાત સરકારને નામદાર પંચોએ અને નામદાર સુપ્રિમ કોર્ટે પણ આ બધી બાબતોમાં લગભગ કિલનચીટ આપી છે એટલે એમાં કાંઇ કહેવાનું મારે રહેતું નથી. આ બજેટ આપ સર્વાનુમતે મંજૂર કરો એવી મારી વિનંતી.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબત જાણવા માગુ છું. એક એમણે જે ઉલ્લેખ કર્યો ઓગસ્ટ ૨૦૧૫ સુધીમાં જે કોઇ ખેડૂતને જમીનની પટની રકમ ભરવાની બાકી હશે, કચ્છમાં બહુ બધા એવા ગરીબ લોકો છે જેમને જમીનો ફળવાઇ છે વર્ષોથી એમની પટની નાની એવી રકમ જે તે વખતે તલાટી મંત્રીઓએ સ્વીકારી નથી તો એ લોકોને આનો લાભ મળશે કે કેમ?

બીજું, જે વારસાગત જમીનો ચાલી આવે છે ખેડૂતની બાપ એના બે દિકરાને એ જમીન આપે છે એની એન્ટ્રીમાં ક્યારેય સ્ટેમ્પ ડ્યુટી ન હતી એ જે સ્ટેમ્પ ડ્યુટી લેવાનું શરૂ થયું છે એ બંધ કરાશે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના જે બે પ્રશ્નો છે એમાં એક તો મુદો જે એમણે રજૂ કર્યો એમાં મેં કહ્યું એ પ્રમાણે જે ગણોતિયા હતા એણે ગણોત ધારા મુજબ પટ ભરવાનો છે એ મામૂલી રકમ છે પણ ગરીબ, અભણ અને દૂરના વિસ્તારમાં રહેતા હતા એ નહોતા કરી શકયા ત્યારે મને કહેતા આનંદ થાય છે કે, આ સરકારે જો સુધારો ન કર્યો હોત તો એવા હજારો ગરીબ ખેડૂતોની જમીન એ રાજયસાત થઇ ગઇ હોત અને સરકાર થઇ ગઇ હોત અને ખેડૂતો જમીન વિહોણા થઇ ગયા હોત એ સુધારો આપણે કર્યો છે એ માન્ય રહેશે.

બીજી એમણે જે વાત કરી એમાં પણ મારે સ્પષ્ટતા કરવી છે કે વારસાગત રીતે જે અપાય એને ફકત ૧૦૦ રૂપિયાનો સ્ટેમ્પ જ એ પ્રક્રિયાના ભાગરૂપે ભરવાનો હોય છે એટલે કોઇ આવકની દ્દષ્ટિએ નહીં પણ વ્યવસ્થાના એક ભાગરૂપે એ વારસાઇનો સ્ટેમ્પ ૧૦૦ રૂપિયા આપણે લઇએ છીએ.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આપે કહ્યું કે, ખેડૂતની જમીન સંપાદન પૂરી થઇ ગઇ હોય અને એ ખેડૂત મટી ગયો હોય એના માટે ત્રણ વર્ષનું આપે કહ્યું છે તો ગરીબ ખેડૂત ત્રણ વર્ષ સુધી ન ખરીદી શક્યો અને હજુ એ બાકાત હોય તો ત્રણ વર્ષથી વધારે સમયથી બિન ખેડૂત થયેલો ખેડૂત ત્રણ વર્ષ પછી પણ ખરીદવા માગે તો ખરીદી શકશે કે કેમ? કેમ કે જે ખેડૂત હતો જ અને ખેડૂત મટી ગયો છે એના માટે.

સભાગૃહનો સમય લંબાવવા અંગે

શ્રી પંકજ દેસાઇ ( મુખ્ય દંડકશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, માગણી પરની ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માગણીઓ પરની ચર્ચા અને મતદાન પૂરૂં થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એમ પહેલા તો આ જોગવાઇ જ ન હતી, આમ સમય મર્યાદા અમે ત્રણ વર્ષની કરી પછી તમે ના ખરીદી શકો, પ્રક્રિયા ન કરો તો હાલના કાયદા પ્રમાણે યોગ્ય તે નિર્ણય થાય.

શ્રી કિરીટસિંહ જી. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પંચાયત પાસેથી જાણવા માગુ છું કે, તલાટીઓની જગ્યાઓ અને વિવિધ કેડરની પંચાયતોની જે જગ્યાઓ ખાલી છે એને ભરવા માટેનું કોઇ આયોજન કરેલું છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૪-૧૫માં ૫૨૭૭ જગ્યા ૧૦ કેડરમાં ભરવામાં આવી છે. ૨૦૧૫-૧૬માં ૫૨૯૫ જગ્યાની મંજૂરી મળી છે અને જેનો આ સન્માનીય ગૃહના તમામ સભ્યશ્રીઓનો વિષય છે તલાટી મંત્રીઓની જગ્યાની ઘટનો, માનનીય અધ્યક્ષશ્રી, જે ૩૬૦૦ જગ્યા ઘટે છે એમાં આ રાજયના મુખ્યમંત્રીએ ૨૪૦૦ તલાટીની મંજૂરી આપી છે અને એની ભરતીની પ્રક્રિયા ચાલુ કરી છે. શ્રી બળદેવજી ચં. ઠાકોર :માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીને આપના દ્વારા એ પુછવા માગું છું કે, રેકર્ડ સાથે ચેડાં કરીને કોઇપણ વ્યકિત ખોટો ખેડૂત સાબિત થયો હોય તો એની સામે ફોજદારી રાહે કાર્યવાહી કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ ખેડૂત ખોટી રીતે બન્યા હોય તો પ્રવર્તમાન નિયમો અને જોગવાઇઓ મુજબ જુદા જુદા કાયદા પ્રમાણે કાર્યવાહી કરવામાં આવે છે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, જે સિંચાઇ ડેમોની અસરગ્રસ્તોની જમીન બાબતે માનનીય મંત્રીશ્રી, આપે કહ્યું કે ગઇ સરકાર અને આ સરકાર, સરકાર ગમે તે હોય પણ સંકલનના અભાવે આજે ૮૫૦ કુટુંબોને આજદિન સુધી સનદો મળી નથી તો આનું સંકલન કરીને આ ૫૫૮ હેકટર જમીન મહેસૂલ વિભાગમાંથી ફોરેસ્ટ ખાતાને આપી તાત્કાલિક ધોરણે કેટલી સમય મર્યાદાની અંદર આ ખેડૂતોને સનદો આપવામાં આવશે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાઉલજી તો સિનિયર મંત્રી રહી ચૂકેલા છે, પર્યાવરણના જે કાયદા છે, ફોરેસ્ટના જે કાયદા છે એના નિયમો આપણે પાળવા પડે છે, આપણી નર્મદા યોજના પણ જે વિલંબમાં મૂકાઇ એ પણ ફોરેસ્ટના કાયદાના કારણે, જમીન સંપાદનના કારણે મૂકાઇ હતી અને અત્યારે પણ આ પ્રશ્નોનો સામનો આપણે કરી રહ્યા છીએ. બને એટલું ઝડપથી કરવા માટે પ્રયત્ન કરીશું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ થી ૧૨, ૧૬, ૧૭, ૧૯ થી ૨૬, ૨૮, ૨૯, ૩૩ થી ૩૭, ૩૯ અને ૪૦ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક-૭૮, ૭૯, ૭૦ અને ૭૧ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સભાગૃહનું કામકાજ બપોરના ૧-૦૩ વાગ્યે પૂરું થતાં સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તારીખ ૧૬મી માર્ચ, ૨૦૧૫ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

ગુજરાત વિધાનસભા
સોમવાર, તા.૧૬મી માર્ચ, ૨૦૧૫
ફાલ્ગુન ૨૫, ૧૯૩૬ શાકે
સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.
અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

ગાંધીનગર જિલ્લામાં ખેડૂતોના ઊભા પાકને નીલગાય અને ભુંડથી નુકસાન અટકાવવા બાબત

* ૧૬૩૬૯ શ્રીમતી કામીનીબા ભુ. રાઠોડ (દહેગામ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૪–૧૫માં ગાંધીનગર જિલ્લામાં ખેડૂતોના ઊભા પાકને નીલગાયો અને ભુંડો દ્વારા નુકસાન થાય છે તો આ નુકસાન થતું અટકાવવા સરકાર પાસે કોઇ યોજના છે કે કેમ, અને | (૧) હા, જી. ખેતીની જમીન ફરતે કાંટાળા તારની વાડ કરવા માટે ૫૦ ટકા સુધી સહાયની યોજના અમલમાં છે. |
| (૨) ખેડૂતોના ઊભા પાકને થતા નુકસાનથી સરકાર ખેડુતોને નુકસાન થયેલા પાકો માટે સહાય આપવા માંગે છે કે કેમ? | (૨) ખેડૂતોના ઉભા પાકને નીલગાય અને ભૂંડો દ્વારા થતાં નુકસાન માટે સહાય આપવાની કોઇ યોજના અમલમાં નથી. |

શ્રીમતી કામીનીબા ભૂ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે ખેડૂતો અત્યારે હાલની પરિસ્થિતિ જોતાં બેહાલ અને લાચાર બન્યા છે એકબાજુ કુદરતી માવઠું અને એકબાજુ નીલગાય અને રોઝ દ્વારા થતાં પાકનું નુકસાન. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગુ છું કે, કુલ ૪૧૨ અરજીઓ તારની વાડ કરવા માટે આવી હતી. તેમાંથી ૧૫ અરજીનો નિકાલ કરવામાં આવ્યો અને ૩૯૭ જેટલી અરજીનો હજુ આજદિન સુધી નિકાલ કરવામાં આવ્યો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન નંબર.૨ છે કે, જે રીતે કુદરતી માવઠાના કારણે ખેડૂતો બેહાલ બન્યા છે.

અધ્યક્ષશ્રી : અહીંયા માવઠાની ચર્ચા અત્યારે ના કરીએ.

શ્રીમતી કામીનીબા ભૂ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, કુદરતી માવઠાના કારણે...

અધ્યક્ષશ્રી : ના, તેની ચર્ચા અત્યારે ના કરીએ. આપણે પ્રશ્ન ઉપર જ આવી જઇએ કામીનીબહેન.

શ્રીમતી કામીનીબા ભૂ. રાઠોડ : જે રીતે અત્યારે હાલ ખેડૂતો ત્રાહિમામ પોકારી ગયા છે અને એક બાજુ કુદરતી માવઠાનો ત્રાસ..

અધ્યક્ષશ્રી : કામીનીબહેન, આપને વારંવાર કહેવું પડે છે. આપ નીલગાય અને ભૂંડ ઉપર જ ચર્ચા કરો જે પ્રશ્ન છે તેની ઉપર ચર્ચા કરો.

શ્રીમતી કામીનીબા ભૂ. રાઠોડ : એકબાજુ આ સરકારશ્રીનો ત્રાસ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આપને અમે શૂન્યકાળમાં આ પ્રશ્ન ઉપસ્થિત કરવા માટે વિનંતી કરેલી. જો ખેડૂતો માટે સરકાર થોડી પણ લાગણીશીલ હોય તો એ બટેકાનો સવાલ હોય, માવઠાનો સવાલ હોય કે રોઝ અને ભૂંડનો સવાલ હોય તો તેની ચર્ચા શૂન્યકાળમાં આપવાની કોઇ તકલીફ આપને ના હોવી જોઇએ. આપ આપી શકયા હોત તો આ સવાલ અમારા માટે ના હોય.

અધ્યક્ષશ્રી : માનનીય વિપક્ષના નેતાશ્રી આપ ખૂબ અનુભવી છો અને આપને પણ ધ્યાને છે કે આપણે ત્યાં શૂન્યકાળની નિયમોમાં કોઇ જોગવાઇ નથી. ભૂતકાળમાં ત્યારે આપી હશે કે તેમાં માનનીય મંત્રીશ્રી સંમત થાય. પ્લીઝ.. અને છતાં પણ મેં આ શૂન્યકાળ નહીં પણ ૧૧૬ આમાં દાખલ થઇ ચૂકી છે એટલે જે બાબત ચર્ચામાં ના આવી હોય તેનો ઉલ્લેખ આપણે ના કરીએ. ૧૧૬ બળવંતસિંહની આમાં દાખલ થઇ ચૂકી છે.

( આ તબક્કે કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ તરફથી દેખાવો કરવામાં આવ્યા અને શ્રી મહેન્દ્રસિંહ બારૈયા, શ્રી અમીત ચૌધરી, શ્રી હર્ષદ રીબડીયા, શ્રી અશ્વિન કોટવાલ, ડો.તેજશ્રીબેન પટેલ, શ્રી જોઇતાભાઇ પટેલ, શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, શ્રી બળદેવજી ઠાકોરે સૂત્રો લખેલા પ્લેકાર્ડ દર્શાવ્યા.)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અશ્વિનભાઇ કોટવાલ દેખાવ કરે છે.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, આ પ્રકારના કોઇ પણ દેખાવો આપણે ગૃહમાં કરી શકતા નથી. અશ્વિનભાઇ, પ્લીઝ...(અંતરાય ) ( દેખાવો કરવાના સતત ચાલુ) આ પ્રકારના કોઇ પણ દેખાવો આપણે કરી શકતા નથી. અગાઉ પણ ખેડૂતોના હિતમાં જ જયારે કમોસમી વરસાદ થયો ત્યારે પણ સંપૂર્ણ ચર્ચાઓ થઇ છે માનનીય મંત્રીશ્રીએ જવાબ પણ આપ્યો છે અને આજે ૧૧૬ આવી છે હજુ તે દાખલ થઇ છે તો તેના જવાબ માટે આપણે રાહ જોવી પડે પ્લીઝ. આપ આટલા સિનિયર સભ્ય છો આપે સમજવું જોઇએ મહેરબાની કરીને દેખાવો બંધ કરો પ્લીઝ. વિધાનસભાના નિયમો પાળવા આપણ ગૃહના સૌ સભ્યશ્રીઓની ફરજમાં આવે છે પ્લીઝ. રાઘવજીભાઇ, ૧૧૬ દાખલ થઇ છે તમે તેના જવાબની તો રાહ જુઓ. ઝીરો અવર્સની બલવંતસિંહજી નિયમોમાં જોગવાઇ નથી અને ભૂતકાળમાં દાખલ કરી હતી એ મંત્રીશ્રીએ જવાબ આપવાની સંમતિ આપી હતી એટલા માટે આપણે તેની ચર્ચા કરી હતી.

છતાં પણ આપના દસ જેટલા સભ્યશ્રીઓની કમોસમી વરસાદની બાબતમાં ૧૧૬ હતી તો ૧૧૬ દાખલ થઇ ચૂકી છે હવે આપણે જવાબ સાંભળવાની ધીરજ રાખવી પડે પ્લીઝ. બધાને શાંતિ રાખવા વિનંતી છે.

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ગાંધીનગર જિલ્લા માટેની તારની વાડ માટેનો જે પ્રશ્ન પૂછયો છે તેના અનુસંધાને ગાંધીનગર જિલ્લાની અંદર ૨૦૧૧–૧૨ની અંદર ૩૬૫ અરજીઓ પેંન્ડીગ હતી અને ૨૬ અરજીઓ નવી આવેલી હતી. કુલ–૩૬૧ અરજી થઇ હતી તેમાંથી ૮૩ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી. સને ૨૦૧૨–૧૩ની અંદર ૨૭૮ અરજીઓ બાકી હતી અને ૬૩ નવી આવી હતી કુલ ૩૪૧ અરજીઓ થયલ હતી તેમાંથી ૪૮ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી. સન ૨૦૧૩–૧૪માં ૨૯૩ અરજીઓ બાકી હતી જેમાં ૮૩ અરજીઓ નવી આવી એટલે કુલ ૩૭૬ અરજીઓ થઇ, એમાંથી ૨૮ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. સન ૨૦૧૪–૧૫ના વર્ષની અંદર ૩૪૮ અરજીઓ કુલ બાકી હતી અને ૬૪ નવી અરજી આવી હતી એમ કુલ ૪૧૨ અરજીઓ બાકી હતી એ પૈકી ૧૫ અરજીઓ ચાલુ વર્ષે મંજૂર કરવામાં આવી છે. ૩૯૭ અરજીઓ બાકી છે એમાં જૂથની ૪૭ અરજીઓ આવેલી હતી એમાંથી ૭ અરજીઓ મંજૂર કરી છે અને ૭ અરજીઓ નામંજૂર કરી છે. ૩૩ અરજી પડતર છે. ૩૯૭ પૈકી ૧૧૧ મંજૂર કરી છે ૨૮૬ અરજીઓ બાકી છે એ ચાલુ વર્ષમાં મંજૂર કરવામાં આવશે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય સભ્યશ્રી પૂછેલ પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે એમાં માત્ર માગણીની દસ ટકા અરજીઓનો પણ નિકાલ નથી થયો અને એના ઉપરથી આ સરકારની ખેડૂતો ઉપરની ઉપેક્ષાવૃતિ છે એ દેખાઇ આવે છે. હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે પોરબંદરમાં જેવી રીતે રોઝડા અને ભૂંડડાનો સપાટો બોલાવ્યો એવી રીતે આખા ગુજરાતમાં સપાટો બોલાવવા માગે છે કે કેમ અને એ રીતે ગુજરાતના ખેડૂતોને રોઝડા અને ભૂંડડાના ત્રાસથી મુકત કરવા માગે છે કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે આ પ્રશ્ન માત્ર ગાંધીનગર જિલ્લા પૂરતો છે એટલે એનો જવાબ મેં આપી દીધો છે.

અધ્યક્ષશ્રી : હવે નહિ, પ્લીઝ, આપના સભ્યશ્રીનો પ્રશ્ન હોય ત્યારે એનો જવાબ શાંતિથી સાંભળવો જોઇએ.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, કાંટાવાળા તારની વાડ માટે ખેડૂતોને સહાય મેળવવા માટે શું પદ્ધતિ છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓ દ્વારા સભાગૃહમાં
પેપરોનું પ્રદર્શન કરી શકાય નહિ. એ જો કરે તો એ કાં જપ્ત કરો અથવા ના છૂટકે એમને બહાર કાઢો.

અધ્યક્ષશ્રી : અહીંયા કોઇપણ પ્રકારનું પ્રદર્શન કરી શકતા નથી. જયારે ઝીરો અવર્સની નિયમોમાં પ્રણાલિ નથી એ પછી પણ સભ્યશ્રીઓનું આ પ્રકારનું વર્તન યોગ્ય નથી. પ્રશ્નોત્તરીનો સમય બધા સભ્યશ્રીઓ માટે કેટલો મહત્વનો છે એ આપણે બધાએ સમજવું જોઇએ. પ્લીઝ. વિરોધપક્ષના મિત્રોને વિનંતી છે કે શાંતિ રાખો. રાઘવજીભાઇ, આપ પ્રશ્ન પૂછીને બેસી જાઓ છો અને પછી પાટલીઓ થબથબાવો એવું ન ચાલે. બધા સભ્યશ્રીઓને વિનંતી છે કે શાંતિ રાખો. પ્રશ્ન ક્રમાંક–ર માનનીય હીરાભાઇ (અંતરાય)

### રાજુલા તાલુકામાં બી.પી.એલ. રેશનકાર્ડની અરજીઓ

* ૧૬૭૯૦ શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય અન્ન નાગિરક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લાના રાજુલા તાલુકામાં બી.પી.એલ. રેશનકાર્ડની કેટલી અરજીઓ મળી, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લાના રાજુલા તાલુકામાં બી.પી.એલ. રેશનકાર્ડની કુલ–૩૭૪ અરજીઓ મળેલ છે. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, | (૨) તમામ ૩૭૪ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. |
| (૩) કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને | (૩) કોઇ અરજી પડતર નથી. |
| (૪) પડતર રહેવાના કારણો શાં છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી : હું આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે રાજય સરકાર કેન્દ્ર સરકાર દ્વારા નિયત કરેલ બી.પી.એલ. કાર્ડ કરતાં વધું બી.પી.એલ. ગ્રાહકોને વિતરણ કરે છે કેમ, આવી ચીજવસ્તુની વિતરણ દ્વારા સરકાર દ્વારા આવશ્યક ચીજવસ્તુની જાહેરાત કેવી રીતે કરવામાં આવે છે. અગાઉ બી.પી.એલ. કાર્ડ ગ્રાહકોને કેટલો જથ્થો આપવામાં આવતો હતો અને હાલ કેટલો આપવામાં આવે છે. ત્રીજો પૂરક પ્રશ્ન છે કે અમરેલી જિલ્લામાં ગ્રાહકને જથ્થો ઓછો આપવાની અરજી મળી છે કેમ, એનો નિકાલ કઇ રીતે કરવામાં આવ્યો છે એ હું જાણવા માગું છું.

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ બી.પી.એલ. કાર્ડ હોલ્ડરોને કેન્દ્ર સરકારમાંથી મળતું અનાજ અને એ ચીજવસ્તુઓ...(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીનો જવાબ સાંભળીએ. આપ સૌને વારંવાર વિનંતી કરું છું. પ્રશ્નોત્તરીનો સમય માનનીય સભ્યશ્રીઓ માટે ખૂબ જ અગત્યનો છે. તેથી મહેરબાની કરીને શાંતિ રાખો.

શ્રી છત્રસિંહ પું મોરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે કે, કેન્દ્ર સરકારમાંથી જે ચીજ વસ્તુઓ આપવામાં આવે છે એમાં ભારત સરકાર દ્વારા ૧૩.૩૦ લાખ બી.પી.એલ. કુટુંબોને જ અનાજ આપવામાં આવે છે. (અંતરાય)

અતારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : મારી સભ્યશ્રીઓને વારંવાર વિનંતી છે, પ્લીઝ. (અંતરાય) હું સભાગૃહને પ્રશ્નોત્તરીના સમય સુધી મુલતવી રાખું છું.

(સભાગૃહ બપોરના ૧૨.૧૦ થી ૧.૦૦ વાગ્યા સુધી મુલતવી રાખવામાં આવ્યું)

મુલતવી રહેલ સભાગૃહ ફરી વખત બપોરના ૧-૦૦ કલાકે મળ્યું.

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

અતારાંકિત પ્રશ્નો

તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

રાજકોટ જિલ્લામાં ડીગ્રી ઇજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો

* ૧૬૮૨૩ શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કુલ કેટલી ડીગ્રી ઇજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે, | (૧) સરકારી કોલેજ ૦૧<br>અનુદાનિત કોલેજ ૦૦<br>સ્વનિર્ભર કોલેજ ૧૩<br>કુલ ૧૪ |
| (૨) આ બધીજ કોલેજોની મંજૂર થયેલ ડીગ્રી ઇજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, | (૨) ૮૬૧૦. |
| (૩) તે પૈકી સન ૨૦૧૪-૧૫માં વર્ષે થયેલ પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઇ, અને | (૩) ૪૮૪૫. |
| (૪) ઉક્ત સ્થિતિએ કેટલી ડીગ્રી ઇજનેરીની બેઠકો ખાલી રહેવા પામેલ છે ? | (૪) ૩૭૬૫. |

સોનગઢ તાલુકામાં પાણી સંગ્રહના ચેકડેમો

* ૧૫૭૬૮ શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ તાપી જિલ્લામાં આવેલ સોનગઢ તાલુકામાં જંગલખાતાની તાપી, વાજપુર અને ખેરવાડા રેન્જમાં પાણી સંગ્રહ માટે છેલ્લા બે વર્ષમાં કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા, | (૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ ખેરવાડા રેંજમાં ૩ ચેકડેમ બનાવવામાં આવ્યા છે. જ્યારે તાપી અને વાજપુર રેંજમાં કોઇ ચેકડેમ બનાવવામાં આવ્યા નથી. |
| (૨) તે અન્વયે ચેકડેમની પાણી સંગ્રહ શકિત કેટલી છે, અને | (૨) ઉક્ત ૩ ચેકડેમની પાણી સંગ્રહ શકિત ૫૨૧.૩૦ ઘ.મી. છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ ચેકડેમોની સ્થિતિ શું છે ? | (૩) કાર્યરત છે. |

અમદાવાદ જિલ્લામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૧૬૭૮૬ શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠક્કરબાપાનગર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫માં તા. ૩૧-૧૨-૨૦૧૪ અંતિત કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, | (૧) વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫માં તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં અનુક્રમે ૫૧૪.૭૫ હેક્ટર અને ૩૫૧ હેક્ટર મળી કૂલ ૮૬૫.૭૫ હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી દસક્રોઇ તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) કૂલ ૧૮૯.૪૦ હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે. |
| (૩) તે પાછળ તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) કૂલ રૂ. ૭૦.૯૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં નવા કેસો

* ૧૬૭૯૯ શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા(સુરત-પૂર્વ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત (મેઇન) જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં સને ૨૦૧૪માં કુલ કેટલા નવા કેસો દાખલ થયા, | (૧) ૩૩૦ કેસો. |
| (૨) કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો, | (૨) ૩૭૬ કેસો. |
| (૩) તા. ૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ કેટલા કેસો પડતર છે, અને | (૩) ૧૧૨૭ કેસો. |

(૪) બાકી કેસોના ઝડપી નિકાલ માટે સરકારશ્રી તરફથી શું વ્યવસ્થા કરેલ છે ?

(૪) (૧) બાકી કેસોના તાત્કાલિક નિકાલ કરવા માટે સરકારશ્રી કક્ષાએ યોજાતી માસિક રીવ્યુ મીટીંગમાં સમીક્ષા કરાતા કમિશન કક્ષાએથી જિલ્લા ફોરમોના પ્રમુખશ્રીઓને જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવે છે.

(૨) રાજ્ય કક્ષાએ યોજાતા સેમીનારમાં પ્રમુખશ્રી રાજ્ય કમિશન દ્વારા સમીક્ષા કરી બાકી કેસોનો નિકાલ કરવા જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવે છે.

## ભાવનગર જિલ્લામાં બી.પી.એલ. રેશનકાર્ડની અરજીઓ

* ૧૬૮૧૧ શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં બી.પી.એલ. રેશનકાર્ડની કેટલી અરજીઓ મળી,

(૨) કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો,

(૩) કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને

(૪) પડતર રહેવાના કારણો શાં છે ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં બી.પી.એલ. રેશનકાર્ડની ૨૨૯૨૬ અરજીઓ મળી.

(૨) ૨૨૬૧ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો

(૩) ૨૦૬૬૫ અરજીઓ પડતર રહેલ છે.

(૪) (૧) ભાવનગર શહેરમાં એક થી દોઢ માસના સમયગાળામાં એ.પી.એલ.માંથી બી.પી.એલ. રેશનકાર્ડ કરવા માટે અરજદારોએ એક સાથે મોટી સંખ્યામાં અરજીઓ કરેલ છે.

(૨) સદરહુ અરજીઓની અધુરી વિગતો, આધાર પુરાવા અને જરૂર જણાયે સ્થળ તપાસની બાબતો ચકાસવાના હોવાથી,

(૩) બી.પી.એલ. રેશનકાર્ડ આપવાના ધોરણો અન્વયે ચકાસણી ચાલુ હોવાથી.

## વલસાડ જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ

* ૧૬૭૯૭ શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વલસાડ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બારકોડેડ રેશનકાર્ડ માટે કેટલા ફોર્મ નં. ૧ ભરાઇને મળેલ,

(૨) તે પૈકી કેટલા બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ થયેલ છે,

(૩) કેટલા બાકી છે, અને

(૪) બાકી રહેવાના કારણો શાં છે ?

જવાબ

(૧) બારકોડેડ રેશનકાર્ડ માટેના ફોર્મ નં. ૧ ભરાઇને પરત મેળવવાની અંતિમ તા. ૩૦–૯–૨૦૧૦ હતી. વલસાડ જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ માટે ૨૭૨૧૬૨ ફોર્મ નં. ૧ ભરાઇને મળેલ હતાં. તે પૈકી ૨૭૦૮૪૮ માન્ય ફોર્મ હતાં.

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૨૬૦૧૪૧ બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ થયેલ છે.

(૩) ૧૦૭૦૭ બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ બાકી છે.

(૪) બાકી રહેવાના કારણો નીચે મુજબ છે.

૧. સ્થળાંતર થવાના કારણસર.

૨. અવસાનના કારણે.

૩. બાયોમેટ્રીક આપવા ન આવતા હોઇ, અગરતો અન્ય કારણોસર બારકોડેડ રેશનકાર્ડ મેળવવા આવતા ન હોવાથી.

## પંચમહાલ જિલ્લામાં સરદાર આવાસ યોજના માટે ફાળવેલ રકમ

* ૧૮૦૪૯ શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૧૫ની સ્થિતિએ રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષના બજેટમાં વર્ષવાર સરદાર આવાસ યોજના માટે કેટલી રકમ ફાળવી,

જવાબ

(૧) તા. ૩૧–૧–૧૫ની સ્થિતિએ સરદાર આવાસ યોજના

| વર્ષ | ફાળવેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૩–૧૪ | ૯૦૯૮૫.૪૦ |
| ૨૦૧૪–૧૫ | ૧૦૦૦.૦૦ |

| | |
|---|---|
| કુલ | ૯૧૯૮૫.૪૦ |

(૨) તે અન્વયે પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલા આવાસો માટે કેટલી રકમ ફાળવી, અને

(૨)

| ક્રમ | તાલુકો | આવાસો | ફાળવેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ગોધરા | ૧૪૫૫ | ૬૫૪.૭૫ |
| ૨ | કાલોલ | ૧૫૦૩ | ૬૭૬.૩૫ |
| ૩ | હાલોલ | ૭૯૫ | ૩૫૭.૭૫ |
| ૪ | જાંબુઘોડા | ૧૪૮ | ૬૬.૬૦ |
| ૫ | ઘોઘંબા | ૯૨૨ | ૪૧૪.૯૦ |
| ૬ | મોરવા(હ) | ૯૬૪ | ૪૩૩.૮૦ |
| ૭ | શહેરા | ૨૪૧૪ | ૧૦૮૬.૩૦ |
| | કુલ | ૮૨૦૧ | ૩૬૯૦.૪૫ |

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર ફાળવેલ રકમ અન્વયે કેટલા આવાસ તૈયાર થયા?

(૩)

| | | વર્ષવાર આવાસ તૈયાર થયા | |
|---|---|---|---|
| ક્રમ | તાલુકો | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ |
| ૧ | ગોધરા | ૫૭૦ | ૮૨૭ |
| ૨ | કાલોલ | ૬૪૪ | ૮૧૭ |
| ૩ | હાલોલ | ૨૨૮ | ૫૧૦ |
| ૪ | જાંબુઘોડા | ૭૪ | ૭૪ |
| ૫ | ઘોઘંબા | ૩૧૧ | ૫૫૪ |
| ૬ | મોરવા(હ) | ૨૮૪ | ૫૯૩ |
| ૭ | શહેરા | ૮૯૮ | ૧૩૬૫ |
| | કુલ | ૩૦૦૯ | ૪૭૪૦ |

બનાસકાંઠા જિલ્લામાં નવી ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવાની દરખાસ્તો

* ૧૬૦૦૨ શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી નવી ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવાની દરખાસ્તો મળી, | (૧) ૭ (સાત) |
| (૨) તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરી, અને | (૨) મંજૂર-૨<br>નામંજૂર-૫ |
| (૩) દરખાસ્ત નામંજૂર કરવાના મુખ્યત્વે કારણો શાં છે? | (૩)<br>• શાળાના મકાનનો બિલ્ડીંગનો નકશો મૂકેલ ન હોવાથી.<br>• શાળાને લાયક મકાન ન હોવાથી<br>• શાળા મકાનનો સરકારી સત્તાધિકારીશ્રીએ મંજૂર કરેલ નકશો ન હોવાથી<br>• ૭/૧૨ અને ૮(અ)ના ઉ઼તારાની નકલ ન હોવાથી તથા બિનખેતીના આધારો રજુ કરેલ ન હોવાથી.<br>• શાળા મકાનના ઉપયોગ/વપરાશનું પ્રમાણપત્ર ન હોવાથી. |

સરકારી શાળાના શિક્ષકો તથા આચાર્યોને નિવૃત્તિ સમયે રજાઓનું રોકડમાં રૂપાંતર કરવા બાબત

* ૧૮૧૨૨ શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યની સરકારી શાળાના શિક્ષકો તથા આચાર્યોને નિવૃત્તિ સમયે રજાઓનું ૩૦૦ દિવસનું રોકડમાં રૂપાંતર કરવા દેવામાં આવે છે. | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ટેકનીકલ હાઈસ્કૂલોના શિક્ષકોને આ | (૨) ટેકનીકલ હાઈસ્કૂલોના શિક્ષકોને આ લાભથી |

લાભથી વંચિત રાખવાના કારણો શું છે, અને — વંચિત રાખવામાં આવતા નથી.

(૩) આ વિસંગતતા દૂર કરવા લીધેલા કે લેવા ધારેલા પગલાં શાં છે ? — (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

દાહોદ શહેરમાં રમત ગ્રાઉન્ડને અડીને દબાણ બાબત

* ૧૬૩૩૫ શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૫ની સ્થિતિએ દાહોદ શહેરમાં રમત ગ્રાઉન્ડના અડીને પડેલ ફાજલ જમીન આદિજાતિ ભવન માટે પ્રાયોજના વહીવટદારશ્રી હસ્તક ક્યારે ફાળવી, | (૧) કલેકટરશ્રી દાહોદ દ્વારા તા. ૩૧-૧-૨૦૦૧ અને તા. ૨૬-૧૧-૨૦૦૧ના હુકમથી જમીનની ફાળવણી કરવામાં આવેલ છે. |
| (૨) આ જમીન ઉપર નગર પાલિકાએ દબાણ કરેલ હોય આદિજાતિ ભવન બનાવી શકાતું નથી તે હકીકત સાચી છે, અને | (૨) ના, જી. |
| (૩) જો હા, તો તે અંગે સરકારે શા પગલા લીધા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

સાબરકાંઠા જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ આદિજાતિ કન્યાઓને લાભ

* ૧૬૮૫૮ ડાૅ. નિર્મલાબેન સુ. વાધવાણી (નરોડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૩-૨૦૧૪ અને ૨૦૧૪-૨૦૧૫માં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કેટલી આદિજાતિ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૧)

| વર્ષ | લાભાર્થીની સંખ્યા |
|---|---|
| ૨૦૧૩-૧૪ | ૬૩ |
| ૨૦૧૪-૧૫ | ૬૫ |
| કુલ | ૧૨૮ |

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? — (૨) રૂ.૧૨.૮૦ લાખ.

બારડોલી તાલુકામાં રાહતદરે અનાજનું વિતરણ

* ૧૬૮૦૯ શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે કેટલા ઘઉં, ચોખા, ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું તેમજ ખાદ્યતેલનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૧) સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે જન્સીવાર નીચે મુજબ વિતરણ કરવામાં આવેલ છે.

| જન્સી | વિતરણ કરેલ જથ્થો |
|---|---|
| ઘઉં | ૫૧૫૨.૦૦ મે.ટન |
| ચોખા | ૨૪૧૨.૮૫ મે.ટન |
| ખાંડ | ૩૪૬.૫૦ મે.ટન |
| આયોડીનયુક્ત મીઠું | ૨૦૫.૯૬ મે.ટન |
| ખાદ્યતેલ | ૩૬૧૬૭ પાઉચ (૧ લિટરના) |

(૨) કયા ભાવે વિતરણ કરવામાં આવ્યું ?

(૨) યોજનાવાર તેમજ જન્સીવાર ભાવની વિગત નીચે મુજબ છે.

| યોજના | જન્સી | સમયગાળો | પ્રતિકિલો ભાવ રૂપિયામાં |
|---|---|---|---|
| એએવાય/બીપીએલ | ઘઉં | જાન્યુ-૧૪ થી ડીસે.-૧૪ | ૨.૦૦ |
| એએવાય/બીપીએલ | ચોખા | જાન્યુ-૧૪ | ૩.૦૦ |

| | | | |
|---|---|---|---|
| | | થી ડીસે.–૧૪ | |
| એએવાય/બીપીએલ | ખાંડ | જાન્યુ–૧૪ થી ડીસે.–૧૪ | ૧૩.૫૦ |
| એએવાય/બીપીએલ | આયો. મીઠું | જાન્યુ–૧૪ થી ડીસે.–૧૪ | ૧.૦૦ |
| એએવાય/બીપીએલ | ખાદ્યતેલ | જાન્યુ–૧૪ થી ડીસે.–૧૪ | ૪૮.૦૦ (પ્રતિલીટર) |
| બીપીએલ | ઘઉં સ્પે. | જાન્યુ–૧૪ થી ફેબ્રુ.–૧૪ અને ઓગસ્ટ–૧૪ | ૫.૪૦ |
| | | માર્ચ–૧૪ થી જુલાઈ–૧૪ | ૭.૫૦ |
| | | સપ્ટે.–૧૪ | ૫.૬૦ |
| | | ઓકટો–૧૪ થી ડીસે–૧૪ | ૭.૭૦ |
| બીપીએલ | ચોખા સ્પે. | જાન્યુ–૧૪ થી ઓગસ્ટ–૧૪ | ૭.૦૦ |
| | | સપ્ટે–૧૪ થી ડીસે–૧૪ | ૭.૨૦ |
| એપીએલ | ઘઉં | જાન્યુ–૧૪ થી ઓગસ્ટ–૧૪ | ૭.૫૦ |
| | | સપ્ટે–૧૪ થી ડીસે–૧૪ | ૭.૭૦ |
| એપીએલ | ચોખા | સપ્ટે–૧૪ થી ડીસે–૧૪ | ૧૦.૧૦ |

કચ્છ જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલીકા વિદ્યાલય

* ૧૬૮૧૭ શ્રી પંકજ અ. મહેતા (રાપર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૧૪–૧૫ અંતિત કચ્છ જિલ્લામાં કેટલી કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય ચાલે છે, | (૧) ૧૦ |
| (૨) તેમાં કુલ કેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે, અને | (૨) ૫૬૧ |

(૩) તે કયા વયજુથની વિદ્યાર્થીનીઓ છે ? — (૩) ૧૦ થી ૧૬ વર્ષ

સુરેન્દ્રનગર જિલ્લામાં કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવા બાબત

* ૧૬૮૧૪ શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં કેટલી કન્યાઓને બોન્ડ આપવામાં આવ્યા, અને | (૧) ૪,૯૫૮ |
| (૨) કુલ કેટલી રકમમાં બોન્ડ આપવામાં આવ્યા ? | (૨) રૂા. ૯૯.૧૬ લાખ |

સુરેન્દ્રનગર જિલ્લામાં નવા રેશનકાર્ડની અરજી બાબત

* ૧૬૮૦૪ શ્રી કિરીટસિંહ જી. રાણા (લીંબડી) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં નવા રેશનકાર્ડની કેટલી અરજીઓ મળી, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં નવા રેશનકાર્ડની ૮૭૯૮ અરજીઓ મળેલ છે. |
| (૨) કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, | (૨) ૮૭૮૯ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. |
| (૩) કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને | (૩) ૯ અરજીઓ પડતર છે. |
| (૪) પડતર રહેવાના કારણો શું છે ? | (૪) પડતર રહેવાના કારણો નીચે મુજબ છે.<br>૧. અરજીમાં અપૂરતી વિગતો.<br>૨. જરૂરી આધાર–પુરાવા પૂરા પાડવામાં આવ્યા ન હોવાથી. |

નર્મદા જિલ્લાના ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસો બનાવવા બાબત

* ૧૬૮૩૨ શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ નર્મદા જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું, | (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ નર્મદા જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં ૩૨૫ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું. |
| (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને | (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૩૨૫ આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી. |
| (૩) તે પૈકી કેટલા આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે ? | (૩) તે પૈકી ૩૨૫ આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે. |

સાબરકાંઠા જિલ્લામાં ઈકો ટુરીઝમના વિકાસ માટેની યોજના

* ૧૬૭૭૫ શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ઈકો ટુરીઝમના વિકાસ માટેની યોજના અમલમાં છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના ક્યા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને | (૨) આભાપુર ખાતે પોળો કેમ્પ સાઈટ |
| (૩) તે પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) |

| વર્ષ | થયેલ ખર્ચ |
|---|---|
| ૨૦૧૩–૧૪ | ૧૧,૦૦,૦૦૦ |
| ૨૦૧૪–૧૫ (તા.૩૧–૧૨–૨૦૧૪ અંતિત) | ૯૮,૦૫૩ |
| કુલ | ૧૧,૯૮,૦૫૩ |

અમદાવાદ જિલ્લામાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર બાંધકામોની ફરિયાદો

* ૧૫૮૨૮ શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર | (૧) કુલ–૨૪ (ચોવીસ) ફરીયાદો મળેલ છે. |

બાંધકામો ઉભા કરીને દબાણો થયા હોવાની કેટલી ફરિયાદો મળી, અને

(૨) સરકારે આ અંગે શા પગલાં લીધાં ?

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૫ મુજબ દબાણો દુર કરવાની પ્રાથમિક જવાબદારી ગ્રામ પંચાયતની છે અને તાલુકા વિકાસ અધિકારી દ્વારા ગ્રામ પંચાયતને દબાણ દૂર કરવા બાબતે નોટીસ આપવામાં આવેલ છે તથા ગેરકાયદેસર બાંધાકામો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે.

## સુરત જિલ્લામાં કાર્યરત શાળાઓ

* ૧૬૮૪૬ શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી (સુરત પશ્ચિમ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશન ઈન્સ્ટીટયુશનલ સોસાયટી સંચાલિત સુરત જિલ્લામાં કેટલી અને કયા કયા શાળાઓ કાર્યરત છે, | (૧) સુરત જિલ્લામાં એક ઈ.એમ.આર.એસ. મોતા, તા.બારડોલી, જિ. સુરત ખાતે કાર્યરત છે. |
| (૨) દરેક શાળામાં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, અને તેઓને શી સગવડો આપવામાં આવે છે, અને | (૨) ઉકત શાળામાં કુલ ૩૯૫ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, વિદ્યાર્થીઓને નીચે મુજબની સગવડ આપવામાં આવે છે.<br>• ગુણવત્તા સભર શિક્ષણ સાથે કોમ્પ્યુટર શિક્ષણ, રમત-ગમત ચિત્ર કલા શિક્ષણ આપવામાં આવે છે.<br>• દરરોજ બે ટાઇમ નાસ્તા, દૂધ અને ભોજન આપવામાં આવે છે.<br>• ૨ જોડી સ્કુલ યુનિફોર્મ, ૧ જોડી નાઈટ ડ્રેસ, ૧ સ્પોર્ટ ડ્રેસ, ૧ સેરેમોનીયાલ ડ્રેસ, ૨ જોડી સુઝ, ૪ જોડી સોકસ, સ્વેટર, મચ્છરદાની, પાઠયપુસ્તકો, નોટબુકસ, ટુથબ્રસ/ટયુબ, નાહવા કપડા ધોવાના સાબુ, હેર ઓઈલ સાથેની દૈનિક જીવન જરૂરિયાતની તમામ ચીજ વસ્તુઓ આપવામાં આવે છે.<br>• તેમજ રાજ્ય અને રાજ્યના પ્રવાસ પર્યટનની સુવિધાઓ આપવામાં આવે છે. |
| (૩) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) રૂ. ૩૨૩.૩૧ લાખ. |

## સુરત જિલ્લાના મહુવા તાલુકામાં નવા રેશનકાર્ડની અરજી બાબત

* ૧૬૮૦૩ શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લાના મહુવા તાલુકામાં નવા રેશનકાર્ડની કેટલી અરજીઓ મળી, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ સુરત જિલ્લાના મહુવા તાલુકામાં એક વર્ષમાં નવા રેશનકાર્ડની ૨૦૪ અરજીઓ મળેલ છે. |
| (૨) કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, | (૨) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ ૨૦૪ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. |
| (૩) કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને | (૩) શૂન્ય. |
| (૪) પડતર રહેવાના કારણો શું છે ? | (૪) પ્રશ્ન નથી. |

## બનાસકાંઠા જિલ્લામાં આદિજાતિ કન્યાઓના વાલીને ૬૦ કિલોગ્રામ અનાજ આપવા

* ૧૭૪૬૬ શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : તા.૨૫-૭-૧૪ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તા.પ્ર.ક્ર. ૧૨૭૭૨ (અગ્રતાક્રમ-૧૮૭) ના અનુસંધાને માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં અમીરગઢ તથા દાંતા તાલુકાની નોન-ગ્રાન્ટેડ ધોરણ-૧ થી ૮ ની શાળાઓમાં ભણતી આદિજાતિ કન્યાઓના વાલીઓને વિના મૂલ્યે વાર્ષિક | (૧) બનાસકાંઠા જિલ્લામાં અમીરગઢ તથા દાંતાની આદિજાતિ તાલુકા માટે પંચાયત હસ્તકની સરકારી પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતી આદિજાતિ |

૬૦ કિલોગ્રામ અનાજ તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ આપવામાં આવતું નથી તે હકીકતથી સરકાર વાકેફ છે,

કન્યાઓના વાલીઓને વર્ષ દરમ્યાન ૬૦ કિલોગ્રામ અનાજ આપવાની શિક્ષણ વિભાગના તા.૨૪–૧૨–૨૦૦૩ અને તા.૩–૫–૨૦૧૩ ના ઠરાવ ક્રમાંકઃ મભય/૧૩૨૦૦૩/૧૨૬૭/૨ ની જોગવાઇ મુજબ આ યોજનાનો અમલ કરવામાં આવે છે. નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં આ યોજના લાગુ પડતી નથી.

(૨) જો હા, તો આ યોજનાનો અમલ કરવામાં નિષ્ફળ ગયેલ અધિકારીઓ/કર્મચારીઓ કોણ કોણ છે,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) વંચીતોની કન્યાઓના વાલીને આ લાભથી વંચીત રાખનાર ઉપરોક્ત જવાબદારો સામે તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ શાં પગલાં લેવામાં આવ્યા છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) તમામ વંચીત કન્યાઓનાં વાલીને આ લાભ મળી રહે તે માટે શા આદેશો કરવામાં આવ્યા છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## વડોદરા જિલ્લામાં પંચાયત હસ્તકનું સ્ટાફ નર્સનું મંજૂર મહેકમ

* ૧૬૮૭૮ શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં પંચાયત હસ્તકનું સ્ટાફ નર્સનું મંજૂર મહેકમ કેટલું છે, | (૧) ૬૮ જગ્યાઓ. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી હતી, | (૨) ૬૮ જગ્યાઓ. |
| (૩) તે પૈકી વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૧૪ ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી અને કેટલી ખાલી રહી, અને | (૩) ૧૨ જગ્યાઓ ભરવામાં આવી અને ૫૬ જગ્યાઓ ખાલી રહી. |
| (૪) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરાશે ? | (૪) ભરતી કેલેન્ડર અંતર્ગત બનતી ત્વરાએ. |

## બનાસકાંઠા જિલ્લામાં લેન્ડ કમિટી દ્વારા પ્લોટના હુકમો

* ૧૫૮૩૫ શ્રી ગોવાભાઇ રબારી(ડીસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર લેન્ડ કમિટી દ્વારા પ્લોટના હુકમ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને અપાયા, અને

જવાબ

(૧) તા.૩૧–૧–૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં

| ક્રમ | તાલુકો | લેન્ડ કમિટી દ્વારા પ્લોટના હુકમો અપાયા |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૬૭ |
| ૨ | અમીરગઢ | ૬ |
| ૩ | દાંતા | ૨ |
| ૪ | વડગામ | ૧૨૮ |
| ૫ | ડીસા | ૯૨ |
| ૬ | ધાનેરા | ૧૭ |
| ૭ | દાંતીવાડા | ૦ |
| ૮ | થરાદ | ૩ |
| ૯ | વાવ | ૦ |
| ૧૦ | દિયોદર | ૭૪ |
| ૧૧ | ભાભર | ૦ |
| ૧૨ | કાંકરેજ | ૦ |
| | કુલ | ૩૮૯ |

(૨) કેટલા લાભાર્થીઓને પ્લોટ કબજા આપવાના બાકી છે, અને તેઓને કેટલા સમયમાં કબજા સોંપવામાં આવશે ?

(૨) ૧૯ બાકી
બનતી ત્વરાએ.

### પંચમહાલ જિલ્લામાં સરકારી માધ્યમિક શાળાઓ

* ૧૬૮૧૩ શ્રીમતી નિમીષાબેન મ. સુથાર (મોરવા હડફ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કુલ કેટલી સરકારી માધ્યમિક શાળાઓ છે, | (૧) ત્રણ. |
| (૨) તે પૈકી છેલ્લા બે વર્ષમાં નવી સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી છે કે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) જો હા, તો ક્યા ક્યા સ્થળોએ શરૂ કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### અમરેલી જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ હેઠળની કામગીરી

* ૧૬૮૮૯ શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ (આઇડબલ્યુએમપી) અંતર્ગત તા.૩૧–૧૨–૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિ ઉત્પાદન વધારવા કોઇ કામગીરી હાથ ધરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, અમરેલી જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ (આઇડબલ્યુએમપી) અંતર્ગત તા.૩૧–૧૨–૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિ ઉત્પાદન વધારવા કૂલ–૧૮૩૨ કામગીરી હાથ ધરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો તાલુકાવાર કઇ કામગીરી કરવામાં આવેલ છે ? | (૨) તાલુકાવાર પત્રક–અ મુજબ કામગીરી કરવામાં આવેલ છે. |

પત્રક–અ

| ક્રમ | કામનું નામ | તાલુકાનું નામ | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અમરેલી | | | બાબરા | | | લાઠી | | | લીલીયા | | | ધારી | | | કુકાવાવ | | |
| | | વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ | કુલ | વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ | કુલ | વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ | કુલ | વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ | કુલ | વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ | કુલ | વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ | કુલ |
| ૧ | ચેકડેમ | ૮ | ૧૭ | ૨૫ | ૩૩ | ૦ | ૩૩ | ૨૦ | ૧૮ | ૩૮ | ૩૧ | ૧૯ | ૫૦ | ૨૪ | ૨ | ૨૬ | ૧૪ | ૨ | ૧૬ |
| ૨ | તળાવ | ૩૪ | ૮ | ૪૨ | ૨૩ | ૦ | ૨૩ | ૧૭ | ૧ | ૧૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | નિકાલા | ૦ | ૨૨૪ | ૨૨૪ | ૦ | ૧૭૦ | ૧૭૦ | ૧૦૧ | ૫ | ૧૦૬ | ૧૦ | ૯૭ | ૧૦૭ | ૧૭૯ | ૦ | ૧૭૯ | ૦ | ૭૫ | ૭૫ |
| ૪ | માટીપાળા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૧ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૨ |
| ૫ | પાક નિદેશન પ્લોટ | ૧૪ | ૧૮ | ૩૨ | ૦ | ૨૨ | ૨૨ | ૧૩ | ૧૭ | ૩૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૩ | ૨૩ | ૦ | ૨૧ | ૨૧ |
| ૬ | ડ્રીપ/ સ્પ્રીંકલર | ૧૧ | ૧૨૫ | ૧૩૬ | ૧૮ | ૫૮ | ૭૬ | ૧ | ૭૨ | ૭૩ | ૯ | ૬૫ | ૭૪ | ૦ | ૧૨૬ | ૧૨૬ | ૧૨ | ૪૮ | ૬૦ |
| | કુલ | ૬૭ | ૩૯૨ | ૪૫૯ | ૭૪ | ૨૫૦ | ૩૨૪ | ૧૫૪ | ૧૧૪ | ૨૬૮ | ૫૦ | ૧૮૧ | ૨૩૧ | ૨૦૩ | ૧૫૧ | ૩૫૪ | ૨૬ | ૧૪૮ | ૧૭ |

### ડાંગ જિલ્લાના વિકાસ હેતુ ટ્રાયબલ સબ પ્લાન હેઠળ ફાળવેલ રકમ

* ૧૫૮૩૪ શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ ડાંગ જિલ્લાના વિકાસ હેતુ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ટ્રાયબલ સબ પ્લાન હેઠળ કેટલી રકમ ફાળવી, અને

(૨) આ ફાળવેલ રકમ અન્વયે વિકાસના કામો માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧)

| વર્ષ | રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૩–૧૪ | ૭૪૯૭.૯૭ |
| ૨૦૧૪–૧૫ | ૧૨૬૪૯.૯૩ |

(૨)

| વર્ષ | રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૩–૧૪ | ૬૦૭૩.૫૮ |
| ૨૦૧૪–૧૫ | ૮૫૯૫.૨૦ |

### અમદાવાદમાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં દાખલ કેસો

* ૧૬૮૦૬ શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમદાવાદ (એડીશનલ)માં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં તા.૩૧-૧૨-૨૦૧૪ અંતિત છેલ્લા એક વર્ષમાં કેટલા કેસો દાખલ થયેલ છે, | (૧) ૬૧૪ કેસો. |
| (૨) કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો, | (૨) ૬૩૨ કેસો. |
| (૩) કેટલા કેસો પડતર રહેલ છે, અને | (૩) ૪૨૫ કેસો. |
| (૪) પડતર રહેવાના કારણો શાં છે ? | (૪) (૧) જ્યુડીશીયરી સમરી ટ્રાયલ કેસીસ ચલાવવાના હોઇ પુરાવો નોંધવાની પ્રક્રિયાને કારણે કેટલાક કેસોમાં વિલંબ થાય છે.<br>(૨) પક્ષકારોના વકિલશ્રીઓ મારફત જુદા જુદા કારણોસર મુદતો માંગતા હોઇ એડજર્ન કરવાના થતા હોય છે. |

## જૂનાગઢ જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ વિતરણ બાબત

* ૧૬૭૮૯ શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બારકોડેડ રેશનકાર્ડ માટે કેટલા ફોર્મ નં.૧ ભરાઇને મળેલ, | (૧) બારકોડેડ રેશનકાર્ડ માટેના ફોર્મ નં.૧ ભરાઇને પરત મેળવવાની અંતિમ તા.૩૦-૯-૨૦૧૦ હતી. જૂનાગઢ જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ માટે ૩૬૦૭૭૮ ફોર્મ નં.૧ ભરાઇને મળેલ હતાં. તે પૈકી ૩૪૪૯૬૮ માન્ય ફોર્મ હતા. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ થયેલ છે, | (૨) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ ૩૪૧૧૧૦ બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ થયેલ છે. |
| (૩) કેટલા બાકી છે, અને | (૩) ૩૮૫૮ બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ બાકી છે. |
| (૪) બાકી રહેવાના કારણો શાં છે ? | (૪) બાકી રહેવાના કારણો નીચે મુજબ છે.<br>૧. સ્થળાંતર થવાના કારણસર.<br>૨. અવસાનના કારણે.<br>૩. બાયોમેટ્રીક આપવા ન આવતા હોઇ, અગરતો અન્ય કારણો સર બારકોડેડ રેશનકાર્ડ મેળવવા આવતા ન હોવાથી. |

## દાહોદ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનાની કામગીરી

* ૧૬૩૨૬ શ્રી મિતેશભાઇ ક. ગરાસીયા(ઝાલોદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસો બનાવવા માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ મળી, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસો બનાવવા માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર મળેલ અરજીઓની વિગતો નીચે મુજબ છે. |

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૩-૧૪માં મળેલ અરજીઓ | ૨૦૧૪-૧૫માં મળેલ અરજીઓ | કુલ |
| --- | --- | --- | --- | --- |
| ૧ | દાહોદ | ૨૪૮૮ | ૨૩૬ | ૨૭૨૪ |
| ૨ | દેવગઢબારીયા | ૩૦૮૨ | ૮૦૦ | ૩૮૮૨ |
| ૩ | ધાનપુર | ૨૬૪૨ | ૧૦૭૩ | ૩૭૧૫ |
| ૪ | ગરબાડા | ૬૦૬ | ૭૭૫ | ૧૩૮૧ |
| ૫ | ફતેપુરા | ૧૮૯૦ | ૩૫૮ | ૨૨૪૮ |
| ૬ | લીમખેડા | ૪૪૮૭ | ૧૫૫૯ | ૬૦૪૬ |
| ૭ | ઝાલોદ | ૪૩૦૮ | ૦ | ૪૩૦૮ |
| | કુલ | ૧૯૫૦૩ | ૪૮૦૧ | ૨૪૩૦૪ |

| | |
| --- | --- |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી અરજીઓ | (૨) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ મળેલ અરજીઓ |

મંજૂર કરવામાં આવી, કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ પડતર છે, અને

પૈકી ૧૯૭૧૧ મંજૂર કરવામાં આવી, ૧૦૭૦ અરજીઓ નામંજૂર કરવામાં આવી અને ૩૫૨૩ અરજીઓ પડતર છે. જેની તાલુકાવાર અને વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ | મંજૂર | નામંજૂર | પડતર |
|---|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૨૦૧૩–૧૪ | ૨૩૮૮ | ૧૦૦ | ૦ |
| | | ૨૦૧૪–૧૫ | ૨૦૦ | ૩૬ | ૦ |
| ૨ | દેવગઢ | ૨૦૧૩–૧૪ | ૩૦૮૨ | ૦ | ૦ |
| | બારીયા | ૨૦૧૪–૧૫ | ૮૦૦ | ૦ | ૦ |
| ૩ | ધાનપુર | ૨૦૧૩–૧૪ | ૧૩૬૪ | ૧૩૦ | ૧૧૪૮ |
| | | ૨૦૧૪–૧૫ | ૩૮૬ | ૧૦૫ | ૫૮૨ |
| ૪ | ગરબાડા | ૨૦૧૩–૧૪ | ૬૦૬ | ૦ | ૦ |
| | | ૨૦૧૪–૧૫ | ૪૦૦ | ૧૭૫ | ૨૦૦ |
| ૫ | ફતેપુરા | ૨૦૧૩–૧૪ | ૧૬૭૭ | ૨૧૩ | ૦ |
| | | ૨૦૧૪–૧૫ | ૨૫૦ | ૧૦૮ | ૦ |
| ૬ | લીમખેડા | ૨૦૧૩–૧૪ | ૩૧૯૮ | ૦ | ૧૨૮૯ |
| | | ૨૦૧૪–૧૫ | ૧૨૦૦ | ૫૫ | ૩૦૪ |
| ૭ | ઝાલોદ | ૨૦૧૩–૧૪ | ૪૧૬૦ | ૧૪૮ | ૦ |
| | | ૨૦૧૪–૧૫ | ૦ | ૦ | ૦ |
| | કુલ | | ૧૯૭૧૧ | ૧૦૭૦ | ૩૫૨૩ |

(૩) અરજીઓ નામંજૂર કરવામાં આવી તેના કારણો શાં છે તથા પડતર અરજીઓનો નિકાલ કયાં સુધીમાં કરવામાં આવશે?

(૩) અરજદારના નામે બી.પી.એલ. નંબર ન હોવાના કારણે, અરજદાર પાકુ મકાન ધરાવતો હોવાના કારણે, અરજદારને અગાઉ આવાસનો લાભ મળી જવાના કારણે તથા અરજદાર ૦ થી ૨૦ના ક્રમાંકમાં ન હોવાના કારણે અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે.

પડતર અરજીઓનો નિકાલ કરવાની કાર્યવાહી આગામી વર્ષોમાં લક્ષ્યાંકની ફાળવણી થયેથી કરવામાં આવશે.

ગીર સોમનાથ જિલ્લામાં કાર્યરત શાળાઓ

* ૧૬૮૪૫ શ્રી બાવનજીભાઇ હ. મેતલીયા (ટંકારા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડેન્સીયલ એજયુકેશનલ ઈન્સ્ટીટયુશનલ સોસાયટી સંચાલિત ગીર સોમનાથ જિલ્લામાં કેટલી અને કયાં કયાં શાળાઓ કાર્યરત છે,

(૧) એક (૧) લો લીટરેસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ તલાલા ખાતે કાર્યરત છે.

(૨) દરેક શાળામાં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે,

(૨) લો લીટરેસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલમાં ધોરણ ૮,

અને તેઓને શું શું સગવડો આપવામાં આવે છે, અને

૯ અને ૧૦નાં કુલ ૯૪ વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે. અને તેઓને નીચે મુજબની સગવડો આપવામાં આવે છે.

- ગુણવત્તા સભર શિક્ષણ સાથે રમત-ગમત, ચિત્રકલા શિક્ષણ આપવામાં આવે છે.
- પથારી પાથરણા
- પાઠ્યપુસ્તકો, તમામ સ્ટેશનરી
- કમ્પ્યુટર લેબ
- વ્યવસાયલક્ષી તાલીમ શિક્ષણ (સિવણ કામ, બ્યુટી પાર્લર, હસ્તકલા વિગેરે)
- લાઈબ્રેરી
- ગણવેશ, બુટ-મોજા, સ્વેટર, સ્પોર્ટસ ડ્રેસ, સ્પોર્ટસ શુઝ
- બે ટાઈમ નાસ્તો અને બે ટાઇમ ભોજન
- ટોઈલેટરી વસ્તુઓ તેમજ દૈનિક જીવન જરૂરિયાતની તમામ ચીજ વસ્તુઓ
- પોકેટ મની
- પ્રવાસ-પર્યટનને સુવિધાઓ

(૩) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૩) રૂ. ૪૮.૧૦ લાખ

### અમદાવાદ જિલ્લામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૧૬૭૮૪ શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) અમદાવાદ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫માં તા. ૩૧-૧૨-૨૦૧૪ અંતિત કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી ધંધુકા તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તે પાછળ તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

જવાબ

(૧) વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫માં તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં અનુક્રમે ૫૧૪.૪૫ હેક્ટર અને ૩૫૧.૦૦ હેક્ટર મળી કૂલ ૮૬૫.૪૫ હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે.

(૨) કુલ ૧૦૨ હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે.

(૩) કુલ રૂા. ૪૧.૫૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

### ખેડા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત રોપાઓનું વાવેતર

* ૧૫૯૫૭ શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(બોરસદ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ આણંદ તથા ખેડા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું, અને તે અન્વયે તાલુકાવાર કેટલો ખર્ચ થયો, અને

જવાબ

(૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ આણંદ તથા ખેડા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં કુલ ૨૬.૦૭ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું અને તે અન્વયે નીચેની વિગતે આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર કુલ ખર્ચ અનુક્રમે રૂા. ૩૬૫.૪૧ લાખ અને ૪૬૨.૯૭ લાખ થયો.

| ક્રમ | આણંદ જિલ્લામાં | |
|---|---|---|
| | તાલુકાનું નામ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
| ૧ | આણંદ | ૬૬.૧૦ |
| ૨ | આંકલાવ | ૫૦.૩૮ |
| ૩ | બોરસદ | ૪૫.૦૦ |
| ૪ | ખંભાત | ૨૦.૫૮ |

| | | |
|---|---|---|
| ૫ | પેટલાદ | ૫૯.૩૨ |
| ૬ | સોજીત્રા | ૪૪.૧૮ |
| ૭ | તારાપુર | ૧૩.૨૬ |
| ૮ | ઉમરેઠ | ૬૬.૫૯ |
| | કુલ | ૩૬૫.૪૧ |
| ખેડા જિલ્લામાં | | |
| ક્રમ | તાલુકાનું નામ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
| ૧ | નડીયાદ | ૩૫.૩૩ |
| ૨ | માતર | ૨૨.૫૨ |
| ૩ | ખેડા | ૬૫.૧૦ |
| ૪ | મહેમદાવાદ | ૪૯.૩૩ |
| ૫ | મહુધા | ૪૮.૩૧ |
| ૬ | કઠલાલ | ૩૮.૩૭ |
| ૭ | કપડવંજ | ૮૫.૩૭ |
| ૮ | ઠાસરા | ૬૭.૫૦ |
| ૯ | ગળતેશ્વર | ૨૭.૪૭ |
| ૧૦ | વસો | ૨૩.૬૭ |
| | કુલ | ૪૬૨.૯૭ |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા રોપાઓ જીવંત છે?

(૨) કુલ ૨૧.૨૦ લાખ રોપા જીવંત છે.

## વડોદરા જિલ્લામાં ઘરથાળના પ્લોટ મેળવવાની અરજીઓ

* ૧૬૮૮૦ શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ઘરથાળના પ્લોટ મેળવવા કેટલી અરજીઓ મળી,

(૧) ઘરથાળના પ્લોટની છેલ્લા બે વર્ષમાં

| ક્રમ | તાલુકો | મળેલ અરજીઓ (તા.૩૧–૧૨–૧૪ અંતિત) |
|---|---|---|
| ૧ | વડોદરા | ૧૮૩ |
| ૨ | સાવલી | ૦ |
| ૩ | વાઘોડીયા | ૧૯૨ |
| ૪ | પાદરા | ૬ |
| ૫ | ડભોઈ | ૧૦૦ |
| ૬ | કરજણ | ૧૦૧ |
| ૭ | શિનોર | ૭૮ |
| | કુલ | ૬૬૦ |

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે તાલુકાવાર લેન્ડ કમીટીની બેઠકો કેટલી વખત મળી, અને

(૨)

| ક્રમ | તાલુકો | લેન્ડ કમીટીની મળેલી બેઠક |
|---|---|---|
| ૧ | વડોદરા | ૧ |
| ૨ | સાવલી | ૦ |
| ૩ | વાઘોડીયા | ૧ |
| ૪ | પાદરા | ૨ |
| ૫ | ડભોઈ | ૨ |
| ૬ | કરજણ | ૧ |
| ૭ | શિનોર | ૧ |
| | કુલ | ૮ |

(૩) મળેલ બેઠકોમાં તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરી, કેટલા ઈસમોને ઘરથાળના પ્લોટ આપવામાં આવ્યા,

(૩)

| ક્રમ | તાલુકો | અરજીઓ મંજૂર કરી ફાળવેલ પ્લોટ |
|---|---|---|
| ૧ | વડોદરા | ૫૭ |
| ૨ | સાવલી | ૦ |

| | | |
|---|---|---|
| ૩ | વાઘોડીયા | ૧૮૪ |
| ૪ | પાદરા | ૬ |
| ૫ | ડભોઈ | ૧૦૦ |
| ૬ | કરજણ | ૧૦૧ |
| ૭ | શિનોર | ૭૮ |
| | કુલ | ૫૨૬ |

બોટાદ જિલ્લા પંચાયતની નવી કચેરીનું બાંધકામ

* ૧૭૭૭૮ ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ બોટાદ જિલ્લા પંચાયતની નવી કચેરીના બાંધકામ માટેની પ્રક્રિયા કયા તબક્કે છે, અને | (૧) જમીન ફાળવણીની કાર્યવાહી પૂર્ણ થયેથી બાંધકામની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. |
| (૨) આ કામ કયારે પૂર્ણ થશે? | (૨) જમીન ફાળવણી બાદ ટેન્ડર પ્રક્રિયા બાદ બાંધકામ શરૂ કરવામાં આવશે. |

અમદાવાદ શહેરમાં સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં વર્ગખંડો

* ૧૭૭૩૪ શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં આવેલ સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં કેટલાં વર્ગખંડો ખૂટે છે, અને | (૧) – પ્રાથમિક ૩૫૭<br>– માધ્યમિક એક પણ નહી. |
| (૨) વિદ્યાર્થીઓના ભણતરને અસર ન પડે તે માટે ખૂટતા વર્ગખંડો કયાં સુધીમાં બનાવવામાં આવશે? | (૨) જેમ બને તેમ જલ્દી. |

અમદાવાદ જિલ્લામાં ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો

* ૧૬૮૨૪ શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં કુલ કેટલી ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે, | (૧) સરકારી કોલેજ ૦૨<br>અનુદાનિત કોલેજ ૦૦<br>સ્વનિર્ભર કોલેજ ૧૭<br>કુલ ૧૯ |
| (૨) આ બધીજ કોલેજોની મંજૂર થયેલ ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, | (૨) ૧૧૮૫૦ |
| (૩) તે પૈકી સન ૨૦૧૪–૧૫ના વર્ષે થયેલ પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઈ, અને | (૩) ૯૬૭૯ |
| (૪) ઉકત સ્થિતિએ કેટલી ડીગ્રી ઈજનેરીની બેઠકો ખાલી રહેવા પામેલ છે? | (૪) ૨૧૭૧ |

રાજકોટ જિલ્લામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૧૬૭૮૨ શ્રી પ્રવીણભાઇ માંકડીયા(ધોરાજી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ અંતિત કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, | (૧) વર્ષ ૨૦૧૩–૧૪માં ૩૬૪ હેકટર અને ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ અંતિત ૪૨૮ હેકટર મળી કુલ–૭૯૨ હેકટર વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી ઉપલેટા તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) તે પૈકી ઉપલેટા તાલુકામાં કુલ ૯૭ હેકટર વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે. |
| (૩) તે પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) તા. ૩૧–૧૨–૨૦૧૪ અંતિત કુલ રૂા. ૭૦.૫૬ લાખ ખર્ચ કરવામાં આવેલ છે. |

પાલીતાણા તાલુકાની નીચેના ગામોને ગ્રામ પંચાયત આપવા બાબત

* ૧૫૮૨૭ શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન જવાબ

તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ પાલીતાણા તાલુકાની નીચેના મુકડીધાર–પીપરડા–હાથસણ ગામો મુળ ગામથી ૧૫ કિ.મી. કરતા વધારે અંતરે હોય આ ગામોને સ્વતંત્ર ગ્રામ પંચાયત આપવા અંગે સરકારે શી કાર્યવાહી કરી?

તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ આવી કોઈ દરખાસ્ત ન હોઈ પ્રશ્ન નથી.

## વડોદરા જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં દાખલ કેસો

* ૧૬૮૦૧ શ્રી યોગેશ પટેલ(માંજલપુર) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વડોદરા (એડીશનલ) જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં સને ૨૦૧૪ માં કુલ કેટલા નવા કેસો દાખલ થયા,

(૨) કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો,

(૩) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ કેટલા કેસો પડતર છે, અને

(૪) બાકી કેસોના ઝડપી નિકાલ માટે શું વ્યવસ્થા કરેલ છે ?

જવાબ

(૧) ૬૯૭ કેસો.

(૨) ૬૦૩ કેસો.

(૩) ૧૭૩૨ કેસો.

(૪) (૧) બાકી કેસોના તાત્કાલિક નિકાલ કરવા માટે સરકારશ્રી કક્ષાએ યોજાતી માસિક રીવ્યુ મીટીંગમાં સમીક્ષા કરાતા કમિશન કક્ષાએથી જિલ્લા ફોરમોના પ્રમુખશ્રીઓને જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવે છે.

(૨) રાજ્ય કક્ષાએ યોજાતા સેમીનારમાં પ્રમુખશ્રી રાજ્ય કમિશન દ્વારા સમીક્ષા કરી બાકી કેસોનો નિકાલ કરવા જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવે છે.

## છોટાઉદેપુર જિલ્લામાં રાજીવ ગાંધી ભવન બાંધવા માટેની મંજૂરી

* ૧૫૮૧૨ શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલા રાજીવ ગાંધી ભવન બાંધવા માટે મંજૂરી આપવામાં આવી,

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર રાજીવ ગાંધી ભવન બાંધવા માટેની આપવામાં આવેલ મંજૂરીની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | મંજૂરી આપવામાં આવેલ રાજીવ ગાંધી ભવનની સંખ્યા |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૦૨ |
| ૨ | જેતપુર પાવી | ૦૦ |
| ૩ | ક્વાંટ | ૦૩ |
| ૪ | નસવાડી | ૦૭ |
| ૫ | સંખેડા | ૦૧ |
| | કુલ | ૧૩ |

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા રાજીવ ગાંધી ભવન પૂર્ણ થયા અને તેની પાછળ કેટલો ખર્ચ થયો,

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર પૂર્ણ થયેલ રાજીવ ગાંધી ભવન અને તેની પાછળ થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | પૂર્ણ થયેલ રાજીવ ગાંધી ભવનની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૧ | ૧૨.૧૫૩ |
| ૨ | જેતપુર પાવી | ૨ | ૨૪.૬૪૬ |
| ૩ | ક્વાંટ | ૨ | ૨૫. ૩૧૮ |
| ૪ | નસવાડી | ૧ | ૧૪.૭૮૩ |
| ૫ | સંખેડા | ૦ | ૦.૦૦૦ |
| | કુલ | ૬ | ૭૬.૯૦૦ |

(૩) ઉક્ત સ્થિતિએ કામ થયેલું હોવા છતાં માલસામાન અને મજૂરીના નાણાં મળેલ નથી તેવા કેટલા કેસમાં નાણાં ચુકવવાના બાકી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કામ થયેલું હોવા છતાં માલસામાન અને મજૂરીના નાણાં મળેલ નથી તેવા કેસમાં કેટલા નાણાં ચુકવવાના બાકી છે તેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | માલસામાન અને મજૂરીના નાણાં મળેલ નથી તેવા કેસની સંખ્યા | કેટલા નાણાં ચૂકવવાના બાકી છે (રૂ.લાખમાં) | |
|---|---|---|---|---|
| | | | માલસામાનના | મજૂરીના |
| ૧ | છોટાઉદેપુર | ૬ | ૭,૩૧,૫૬૧.૩૦ | ૦ |
| ૨ | જેતપુર પાવી | ૬ | ૪,૮૧,૦૦૦.૦૦ | ૦ |
| ૩ | નસવાડી | ૧ | ૧,૯૩,૭૩૨.૦૦ | ૦ |
| | કુલ | ૧૩ | ૧૪,૦૬,૨૯૩.૩૦ | ૦ |

(૪) બાકી નાણાં ક્યારે ચૂકવાશે ?

(૪) નીચે મુજબના ચુકવણાંઓના એફ.ટી.ઓ.ની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકો | માલસામાન અને મજૂરીના નાણાં મળેલ નથી તેવા કેસની સંખ્યા | FTO થી માલસામાનના નાણાં ચુકવણીની કાર્યવાહી પૂર્ણ | બાકી |
|---|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૬ | ૫,૧૫,૪૧૨.૩૦ | ૨,૧૬,૧૪૯.૦૦ |
| ૨ | જેતપુર પાવી | ૬ | ૪,૮૧,૦૦૦.૦૦ | ૦૦ |
| ૩ | નસવાડી | ૧ | ૧,૯૩,૭૩૨.૦૦ | ૦૦ |
| | કુલ | ૧૩ | ૧૧,૯૦,૧૪૪.૩૦ | ૨,૧૬,૧૪૯.૦૦ |

બાકી પડતા રૂ.૨,૧૬,૧૪૯.૦૦ ના ચુકવણા ઓનલાઇન ટેકનીકલ મુશ્કેલીને લીધે થઇ શકતા નથી. જે સત્વરે મુશ્કેલી દૂર કરાવી પૂર્ણ કરવામાં આવશે.

કચ્છ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૧૬૭૮૩ શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ અંતિત કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, | (૧) વર્ષ ૨૦૧૩–૧૪ માં ૨૯૯ હેક્ટર અને ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ અંતિત ૫૬૧ હેક્ટર મળી કૂલ ૮૬૦ હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી અંજાર તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) કુલ ૯૭ હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે. |
| (૩) તે પાછળ તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) તા.૩૧–૧૨–૨૦૧૪ અંતિત કૂલ રૂ.૩૬.૩૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

ઇ–ગ્રામ યોજનાની કામગીરી

* ૧૬૧૭૨ શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ઇ–ગ્રામ યોજના શરૂ કર્યાથી તા.૩૧–૩–૧૩ની સ્થિતિએ કનેક્ટીવીટી માટે ખરીદ કરવામાં આવેલ વીસેટની કનેક્ટીવીટી માટે કેટલા એમ.બી. ની સ્પીડ નક્કી કરવામાં આવી હતી તેની કિંમત કેટલી અને તેનો માસિક ચાર્જ કેટલો કઇ કંપનીઓને ચૂકવવામાં આવતો હતો, | (૧) સ્પીડ – ૪૨.૭ એમબીપીએસ<br>કનેક્ટીવીટીની પાંચ વર્ષની કિંમત–રૂ.૩૪,૯૪,૭૧,૦૮૦–૦૦<br>માસિક ચાર્જ – રૂ.૫૮,૨૪,૫૧૮–૦૦<br>એજન્સી–મેસર્સ ભારતી એરટેલ લી. |
| (૨) તા.૧–૪–૧૩ થી તા.૩૧–૧–૧૫ સુધીના | (૨) |

સમયગાળા દરમ્યાન વીસેટની કનેક્ટીવીટી માટે કેટલા એમ.બી. ની સ્પીડ નક્કી કરવામાં આવી હતી, તેની કિંમત કેટલી અને તેનો માસીક ચાર્જ કેટલો કઇ કંપની છે, અને

| સ્પીડની વિગત | |
|---|---|
| સમયગાળો | સ્પીડ MBPS |
| ૧–૪–૧૩ થી ૩૦–૪–૧૩ | ૪૨.૭ |
| ૧–૫–૧૩ થી ૧૯–૧૦–૧૪ | ૫૭.૭ |
| ૨૦–૧૦–૧૪ થી ૩૧–૧–૧૫ | ૯૬ |

કનેક્ટીવીટીની કુલ કિંમત – રૂ.૧૭,૪૬,૪૦,૭૦૭–૦૦
સરેરાશ માસિક ચાર્જ – રૂ.૭૯,૩૮,૨૧૪–૦૦
મેસર્સ ભારતી એરટેલ લી.

(૩) હાલ વીસેટની કામગીરી કઇ કઇ કંપની પાસેથી લેવામાં આવી રહી છે ?

(૩) મેસર્સ ભારતી એરટેલ લી.

મહેસાણા જિલ્લામાં મનરેગા યોજના હેઠળ રોજગારી

* ૧૮૨૬૮ શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર મહાત્મા ગાંધી ગ્રામિણ રોજગાર ગેરંટી યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોને રોજગારી પૂરી પાડવામાં આવી, અને

(૨) આ રોજગારી આપવા પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર મહાત્મા ગાંધી ગ્રામિણ રોજગાર ગેરંટી યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં પૂરી પાડવામાં આવેલ રોજગારીની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | પૂરી પાડેલ રોજગારીની વિગત (માનવદિન) |
|---|---|---|
| ૧ | બેચરાજી | ૬૦૮૫૪ |
| ૨ | કડી | ૯૩૦૨૮ |
| ૩ | ખેરાલુ | ૧૧૯૩૨૦ |
| ૪ | મહેસાણા | ૪૮૮૫૪ |
| ૫ | સતલાસણા | ૮૩૯૮૫ |
| ૬ | ઉંઝા | ૧૯૭૩૬ |
| ૭ | વડનગર | ૧૩૯૩૨૦ |
| ૮ | વિજાપુર | ૧૫૩૦૮૦ |
| ૯ | વિસનગર | ૪૪૮૨૪ |
| | કુલ | ૭૬૩૦૦૧ |

(૨) આ રોજગારી આપવા પાછળ વર્ષવાર કરવામાં આવેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

(રૂ.લાખમાં)

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧–૨–૨૦૧૩ થી તા.૩૧–૧–૨૦૧૪ | તા.૧–૨–૨૦૧૪ થી તા.૩૧–૧–૨૦૧૫ |
|---|---|---|---|
| ૧ | બેચરાજી | ૩૮.૦૨ | ૬૫.૭૦ |
| ૨ | કડી | ૫૩.૦૭ | ૧૧૧.૧૭ |
| ૩ | ખેરાલુ | ૭૭.૫૦ | ૧૨૯.૬૫ |
| ૪ | મહેસાણા | ૨૯.૯૯ | ૫૪.૩૪ |
| ૫ | સતલાસણા | ૫૩.૪૫ | ૭૯.૮૭ |
| ૬ | ઉંઝા | ૧૪.૭૩ | ૨૯.૧૭ |
| ૭ | વડનગર | ૧૦૮.૭૬ | ૧૨૬.૬૮ |
| ૮ | વિજાપુર | ૧૧૭.૨૫ | ૧૭૧.૨૯ |
| ૯ | વિસનગર | ૩૮.૫૭ | ૪૦.૦૦ |
| | કુલ | ૫૩૧.૩૪ | ૮૦૭.૮૭ |

તા.૧૬મી માર્ચ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

## વડોદરા જિલ્લામાં કાર્યરત શાળાઓ

* ૧૬૮૪૭ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશન ઈન્સ્ટીટ્યુશનલ સોસાયટી સંચાલિત વડોદરા જિલ્લામાં કેટલી અને ક્યાં ક્યાં શાળાઓ કાર્યરત છે, | (૧) વડોદરા જિલ્લામાં બે ઇ.એમ.આર.એસ. મુ.ગોરજ અને વાઘોડિયા ખાતે કાર્યરત છે. |
| (૨) દરેક શાળામાં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, અને તેઓને શી સગવડો આપવામાં આવે છે, અને | (૨) |

| | શાળાનું નામ | સંખ્યા |
|---|---|---|
| (૧) | મુની સેવા આશ્રમ સંચાલિત, ઇ.એમ.આર.એસ. ગોરજ | ૧૫૬ |
| (૨) | ઇ.એમ.આર.એસ. વાઘોડિયા | ૧૭૪ |
| | કુલ | ૩૩૦ |

(૨) વિદ્યાર્થીઓને નીચે મુજબની સગવડ આપવામાં આવે છે.

- ગુણવત્તા સભર શિક્ષણ સાથે કોમ્પ્યુટર શિક્ષણ, રમત–ગમત ચિત્રકલા શિક્ષણ આપવામાં આવે છે.
- દરરોજ બે ટાઇમ નાસ્તા, દૂધ અને ભોજન.
- ૨ જોડી સ્કુલ યુનિફોર્મ, ૧ જોડી નાઈટ ડ્રેસ, ૧ સ્પોર્ટ ડ્રેસ, ૧ સેરેમોનીયાલ ડ્રેસર, ૨ જોડી સુઝ, ૪ જોડી સોકસ, સ્વેટર, મચ્છરદાની, પાઠ્યપુસ્તકો, નોટબુક્સ, ટુથબ્રશ/ટ્યુબ, નાહવા કપડા ધોવાના સાબુ, હેર ઓઇલ સાથેની દૈનિક જીવન જરૂરિયાતની તમામ ચીજવસ્તુઓ આપવામાં આવે છે.
- તેમજ રાજ્ય અને રાજ્યના પ્રવાસ પર્યટનની સુવિધાઓ આપવામાં આવે છે.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ.૨૫૦.૦૦ લાખ. |

## વલસાડ જિલ્લામાં કાર્યરત શાળાઓ

* ૧૬૮૪૮ શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુશનલ સોસાયટી સંચાલિત વલસાડ જિલ્લામાં કેટલા અને ક્યાં ક્યાં શાળાઓ કાર્યરત છે, | (૧) વલસાડ જિલ્લામાં ૩(ત્રણ) એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલ (EMRS), કપરાડા, પારડી અને ધરમપુર ખાતે અને ૩(ત્રણ) એકલવ્ય ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ (EGRS) સુથારપાડા, કરચોંડ અને ધરમપુર ખાતે કાર્યરત છે. |
| (૨) દરેક શાળામાં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, અને તેઓને શી સગવડો આપવામાં આવે છે, અને | (૨) દરેક શાળામાં નીચે મુજબના વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. |

| શાળાનું નામ | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| ઇ.એમ.આર.એસ. કપરાડા | ૩૧૬ |
| ઇ.એમ.આર.એસ. પારડી | ૩૦૦ |
| ઇ.એમ.આર.એસ. ધરમપુર | ૧૨૦ |
| ઇ.જી.આર.એસ. સુથારપાડા | ૨૪૦ |
| ઇ.જી.આર.એસ. કરચોંડ | ૨૩૫ |
| ઇ.જી.આર.એસ. ધરમપુર | ૧૭૯ |
| કુલ | ૧૩૯૦ |

વિદ્યાર્થીઓને નીચે મુજબની સગવડ આપવામાં આવે છે.

- ગુણવત્તા સભર શિક્ષણ સાથે કોમ્પ્યુટર શિક્ષણ, રમત ગમત ચિત્રકલા શિક્ષણ આપવામાં આવે છે.

- વિદ્યાર્થીઓને દરરોજ ૨ ટાઇમ નાસ્તા, દૂધ અને ભોજન આપવામાં આવે છે.
- ૨ જોડી સ્કુલ યુનિફોર્મ, ૧ જોડી નાઇટ ડ્રેસ, ૧ સ્પોર્ટ ડ્રેસ, ૧ સેરેમોનીયાલ ડ્રેસ, ૨ જોડી સુઝ, ૪ જોડી સોકસ, સ્વેટર, મચ્છરદાની, પાઠ્યપુસ્તકો, નોટબુક્સ, ટુથબ્રશ/ટ્યુબ, નાહવા-કપડા ધોવાના સાબુ, હેર ઓઇલ સાથેની દૈનિક જીવન જરૂરિયાતની તમામ ચીજવસ્તુઓ આપવામાં આવે છે.
- તેમજ રાજ્ય અને રાજ્યના પ્રાવસ-પર્યટનની સુવિધાઓ આપવામાં આવે છે.

(૩) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩) રૂ.૯૩૫.૬૬ લાખ.

### ખંભાત તાલુકામાં સ્વસહાય જૂથને કેશક્રેડિટ આપવા બાબત

* ૧૬૯૦૩ શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ સ્વસહાય જૂથોને બેન્કો દ્વારા કેશક્રેડિટ આપવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૪-૧૫ માં આણંદ જિલ્લાના ખંભાત તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથને કેશક્રેડિટ આપવામાં આવી, | (૨) વર્ષ ૨૦૧૪-૧૫ માં આણંદ જિલ્લાના ખંભાત તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ ૧૧૬ સ્વસહાય જૂથોને કેશક્રેડિટ આપવામાં આવી છે. |
| (૩) કેશક્રેડિટ પેટે કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને | (૩) કેશક્રેડિટ પેટે કુલ રૂ.૯૭.૬૨ લાખ (અંકે રૂ. સત્તાણું લાખ બાસઠ હજાર પુરા)ની રકમ બેંક દ્વારા મંજૂર કરવામાં આવી છે. |
| (૪) તે પૈકી કેટલી રકમનું ઉક્ત સ્થિતિએ ડીસબર્સમેન્ટ કરવામાં આવ્યું ? | (૪) ઉક્ત સ્થિતિએ પૈકી રૂ.૯૭.૬૨ લાખનું ડીસબર્સમેન્ટ કરવામાં આવ્યું છે. |

### ગાંધીનગર જિલ્લાના ઇન્દિરા આવાસ યોજના હેઠળ આવાસો બનાવવા બાબત

* ૧૬૮૩૩ શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઇન્દિરા આવાસ યોજના હેઠળ ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું, | (૧) ઇન્દિરા આવાસ યોજના હેઠળ ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં ૨૨૫ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું. |
| (૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને | (૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ ૨૨૫ આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) તે પૈકી કેટલા આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે ? | (૩) તે પૈકી ૧૦૨ આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવેલ છે. |

### સુરત જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં નવા કેસો

* ૧૬૮૦૦ શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય અન્ન નાગરિકા પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત (એડીશનલ) જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં સને ૨૦૧૪ માં કુલ કેટલા નવા કેસો દાખલ થયા, | (૧) ૭૯૩ કેસો. |
| (૨) કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો, | (૨) ૮૦૦ કેસો. |
| (૩) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ કેટલા કેસો પડતર છે, અને | (૩) ૧૦૭૧ કેસો. |
| (૪) બાકી કેસોના ઝડપી નિકાલ માટે સરકારશ્રી તરફથી શું વ્યવસ્થા કરેલ છે ? | (૪) (૧) બાકી કેસોના તાત્કાલિક નિકાલ કરવા માટે સરકારશ્રી કક્ષાએ યોજાતી માસિક રીવ્યુ મીટીંગમાં સમીક્ષા કરાતા કમિશન કક્ષાએથી જિલ્લા ફોરમોના પ્રમુખશ્રીઓને જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવે છે. |

(૨) રાજ્ય કક્ષાએ યોજાતા સેમીનારમાં પ્રમુખશ્રી રાજ્ય કમિશન દ્વારા સમીક્ષા કરી બાકી કેસોનો નિકાલ કરવા જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવે છે.

મહેસાણા જિલ્લામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૧૬૭૮૫ શ્રી નારાયણભાઇ લ. પટેલ (ઉંઝા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ અંતિત કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, | (૧) વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમા અનુક્રમે ૫૨૨ હેકટર અને ૫૪૦ હેકટર મળી કુલ ૧૦૬૨ હેકટર માં વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી ઊંઝા તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) કુલ ૯૬ હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે. |
| (૩) તે પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) કુલ રૂ. ૩૫.૧૫ લીખનો ખર્ચ કરવામાં આવેલ છે |

છોટાઉદેપુર જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

* ૧૬૮૭૨ શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છોટાઉદેપુર જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં કેટલા હેકટર વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં અનુક્રમે ૧૮૫૬.૪૮ હેકટર અને ૨૪૩૫.૦૦ હેકટર મળી કુલ ૪૨૯૧.૪૮ હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) કુલ રૂ. ૧૨૯૧.૬૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

નળસરોવર આસપાસની ત્રિજયામાં બાંધકામના પ્રતિબંધ

* ૧૫૮૧૮ શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ નળસરોવર આસપાસ ૧૦ કી.મી.ની ત્રિજ્યા વિસ્તારમાં બાંધકામના પ્રતિબંધ હોવાથી સરકાર તરફથી તપાસણી માટે કેટલી ટીમો છેલ્લા બે વર્ષમાં કયારે મોકલવામાં આવી, અને | (૧) ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ નળસરોવર અભયારણ્ય આસપાસ ૧૦ કી.મી.ની ત્રિજ્યા વિસ્તારમાં બાંધકામ માટે પ્રતિબંધ નથી પરંતુ નિયંત્રણ છે અને આ નિયંત્રણ પ્રમાણે ૨૦,૦૦૦ ચો.મીટરથી વધારે બીલ્ટ–અપ વિસ્તાર ધરાવતા બાંધકામો માટે પર્યાવરણીય મંજૂરી લેવાની હોય છે. અને તે પહેલાં વન્યજીવન સંરક્ષણના દ્રષ્ટિકોણથી નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફની પૂર્વ મંજૂરી લેવાની હોય છે. આ કામે તપાસણી માટે ટીમો મોકલવામાં આવેલ નથી. |
| (૨) તે અન્વયે તપાસ ટીમ દ્વારા કેટલી ગેરરીતીઓ જણાઈ અને તે નિવારવા સરકારે શાં પગલા લીધા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

ડેડીયાપાડા તાલુકામાં બી.પી.એલ. રેશનકાર્ડની અરજીઓ

* ૧૬૮૧૦ શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બી.પી.એલ. રેશનકાર્ડની કેટલી અરજીઓ મળી. | (૧) નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બી.પી.એલ. રેશનકાર્ડની ૨ (બે ) અરજીઓ મળી. |
| (૨) કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, | (૨) ૨ (બે ) અરજીઓનો નિકાલ કર્યો. |
| (૩) કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને | (૩) શૂન્ય |
| (૪) પડતર રહેવાના કારણો શા છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

જામનગર શહેર અને જિલ્લામાં રાઈટ ટુ એજયુકેશન એકટ હેઠળ બાળકોને સંસ્થામાં પ્રવેશ આપવા બાબત

* ૧૫૯૧૪ શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ જામનગર શહેર અને જિલ્લામાં તાલુકાવાર રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા ધોરણમાં કેટલાં બાળકોને કઈ સંસ્થામાં પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૨) તે અન્વયે વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા કેટલાં વિદ્યાર્થીઓની ફી માટે કેટલી રકમ ફાળવવામાં આવી, અને કેટલી રકમ સંબંધિત સંસ્થાઓને ચૂકવવામાં આવી ?

(૧) વર્ષ-૨૦૧૩-૧૪ -એક પણ નહી.
વર્ષ-૨૦૧૪-૧૫
જામનગર(શહેર)- *પત્રક ૧ મુજબ
જામનગર(જિલ્લો)- *પત્રક ૨ મુજબ

(૨) વર્ષ-૨૦૧૩-૧૪ એક પણ નહી.
વર્ષ-૨૦૧૪-૧૫ માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | વિદ્યાર્થી સંખ્યા | ફાળવેલ રકમ (લાખમાં) | ચૂકવેલ રકમ |
|---|---|---|---|---|
| ૧ | જામનગર (શહેર) | ૧૯૦ | ૧૯.૦૦ | સંસ્થાને ચૂકવવાની કાર્યવાહી ચાલુ છે |
| ૨ | જામનગર જિલ્લો | ૩૩૦ | ૩૩.૦૦ | સંસ્થાને ચૂકવવાની કાર્યવાહી ચાલુ છે |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

## ગોંડલ તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસ

* ૧૬૯૨૩ શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલાં આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી ?

જવાબ

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં ૧૪૫ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ૧૪૪ આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી.

(૩) તે પૈકી ૧૩૫ આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે.

## કચ્છ જિલ્લામાં ઈકો ટુરીઝમના વિકાસ માટેની યોજનાનો અમલ

* ૧૬૭૭૩ ડૉ. નીમાબેન આર્ચાય (ભુજ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ઈકો ટુરીઝમના વિકાસ માટેની યોજના અમલમાં છે, કે કેમ

(૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના કયાં સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને

(૩) તે પાછળ તા. તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) નારાયણ સરોવર, ધોળાવીરા, કાળો ડુંગર તથા છારીઢંઢ

(૩)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.) |
|---|---|
| ૨૦૧૩-૧૪ | ૪૦.૫૦ લાખ |
| ૨૦૧૪-૧૫ (તા.૩૧-૧૨-૨૦૧૪ અંતિત) | ૬.૨૫ લાખ |
| કુલ | ૪૬.૭૫ લાખ. |

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં વિદ્યાદિપ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી,

(૩) અરજીઓ નામંજૂર કરવાના શા કારણો છે, અને

(૪) મંજૂર થયેલ અરજીઓ પૈકી કેટલાને સહાય ચૂકવવાની બાકી છે?

જવાબ

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | પ્રાથમિક ૨૦૧૩ | માધ્યમિક ૨૦૧૩ | પ્રાથમિક ૨૦૧૪ | માધ્યમિક ૨૦૧૪ |
|---|---|---|---|---|---|
| ૧ | જુનાગઢ | ૧૭ | ૧૩ | ૧૬ | ૧૪ |
| ૨ | ગીર સોમનાથ | ૧૩ | ૦૧ | ૧૩ | ૧૧ |

(૨)

| જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૩ | | | |
|---|---|---|---|---|
| | મંજૂર કેસો પ્રાથમિક | માધ્યમિક મંજૂર કેસો | નામંજૂર કેસો પ્રાથમિક | માધ્યમિક નામંજૂર કેસો |
| જુનાગઢ | ૧૪ | ૧૦ | ૦૦ | ૦૧ |
| ગીર સોમનાથ | ૦૭ | ૦૧ | ૦૩ | ૦૦ |

| જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૪ | | | |
|---|---|---|---|---|
| | મંજૂર કેસો પ્રાથમિક | માધ્યમિક મંજૂર કેસો | નામંજૂર કેસો પ્રાથમિક | માધ્યમિક નામંજૂર કેસો |
| જુનાગઢ | ૦૮ | ૧૨ | ૦૧ | ૦૧ |
| ગીર | ૦૫ | ૧૦ | ૦૦ | ૦૧ |

(૩) કુદરતી મૃત્યું થવાથી વારસદારશ્રીઓ તરફથી જરૂરી માહિતી ન મળવાથી

(૪) એક પણ નહીં.

## સુરત જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

* ૧૬૮૬૭ શ્રી પ્રકુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સુરત જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં કેટલા હેકટર વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી કામરેજ તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

જવાબ

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં અનુક્રમે ૫૦૨૦ હેકટર અને ૩૩૦૪ હેકટર મળી કુલ ૮૩૨૪ હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે.

(૨) કોઈ વાવેતર કરવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## માલપુર અને બાયડ તાલુકાઓમાં પ્રાથમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ બાબત

* ૧૮૦૦૦ શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ માલપુર અને બાયડ તાલુકાઓમાં તાલુકાવાર કુલ કેટલી પ્રાથમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આવેલી છે,

(૨) તે પૈકી કેટલી અને કઈ કઈ શાળાઓમાં સેનીટિશન અને પીવાના પાણીની સુવિધાઓ ઉપલબ્ધ નથી, અને

જવાબ

(૧)

| તાલુકો | પ્રાથમિક શાળાઓ | ઉચ્ચતર માધ્યમિક શાળાઓ |
|---|---|---|
| માલપુર | ૧૪૮ | ૦૮ |
| બાયડ | ૨૫૨ | ૨૫ |

(૨) સેનીટેશન અને પીવાના પાણીની સુવિધાઓ ઉપલબ્ધ ન હોય તેવી એક પણ શાળા નથી.

(૩) સુવિધા વગરની શાળાઓમાં કેટલા સમયમાં પીવાના પાણીની અને સેનીટિશનની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

મોડાસા અને ધનસુરા તાલુકામાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ

* ૧૫૮૨૧ શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ મોડાસા અને ધનસુરા તાલુકામાં કેટલી પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૧)

| તાલુકો | શાળા | ઘટતા ઓરડાની સંખ્યા |
|---|---|---|
| મોડાસા | ૭૩ | ૧૩૪ |
| ધનસુરા | ૫૮ | ૧૦૭ |

(૨) આ ઘટ કેટલા સમયમાં પૂરી કરવામાં આવશે?

(૨) જેમ બને તેમ જલ્દી

ભરૂચ જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ

* ૧૬૮૯૧ શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ (IWMP) પ્રોજેક્ટ મંજૂર થયેલ છે, અને

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં ત્રણ તાલુકામાં કુલ ૨૯ ગામોનો સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ (IWMP) પ્રોજેક્ટ મંજૂર થયેલ છે, જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | તાલુકો | ગામની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૩ | વાલીયા | ૧૨ |
| ૨ | ૨૦૧૩ | જંબુસર | ૬ |
| ૩ | ૨૦૧૪ | ઝઘડીયા | ૧૧ |
| કુલઃ- | | | ૨૯ |

(૨) આ પૈકી ઉક્ત સ્થિતિએ કયા ગામોને સમાવેશ કામો કરવામાં આવેલ છે?

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સામેલ પત્રક-અ મુજબના ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે. અને પ્રોજેક્ટની કામગીરી પ્રારંભિક તબક્કામાં હોવાથી વિસ્તૃત પરિયોજના અહેવાલ (ડી.પી.આર.) બનાવવાની કામગીરી પ્રગતિમાં છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

વલસાડ જિલ્લામાં સર્વ શિક્ષા યોજનામાં ફાળવેલ ગ્રાન્ટ

* ૧૫૮૨૫ શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં સર્વ શિક્ષા યોજના અંતર્ગત વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૧) (રૂા. લાખમાં)

| વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|
| ૨૦૧૩-૧૪ | ૧૨૧૫.૦૦ |
| ૨૦૧૪-૧૫ (૩૧-૧૨-૧૪ સુધી) | ૧૪૩૪.૫૦ |

(૨) તે અન્વયે તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨) (રૂા. લાખમાં)

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ (૩૧-૧૨-૧૪ સુધી) |
|---|---|---|---|
| ૧ | વલસાડ | ૧૪૫.૯૨ | ૧૨૫.૦૮ |
| ૨ | પારડી | ૧૩૯.૧૮ | ૧૦૨.૫૩ |
| ૩ | ધરમપુર | ૨૩૮.૭૫ | ૩૧૭.૧૮ |
| ૪ | કપરાડા | ૨૭૮.૫૨ | ૨૯૯.૪૮ |
| ૫ | ઉમરગામ | ૧૧૮.૪૫ | ૧૧૮.૬૭ |

તાપી જિલ્લામાં આદિમજુથની છ પાયાની સુવિધાઓના ઉત્કર્ષ માટે પ્રોજેક્ટ અમલમાં મુકવા બાબત

* ૧૬૮૫૯ શ્રી કિશોરભાઇ શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

| | |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫માં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં આદિમજૂથની ઉત્કર્ષ માટે છ પાયાની સુવિધાઓના કોઈ પ્રોજેક્ટ અમલમાં મુકવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૨) વ્યક્તિલક્ષી યોજના લાભાર્થી-૩૩૮<br>સામુહિક લાભના સાર્વજનિક કામો-૧૭૦ |
| (૩) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે? | (૩) રૂ. ૬૨૨.૮૫ લાખ |

જોડિયા તાલુકાના ગજડી, રામગઢ, કૃષ્ણનગર તથા કોયલી પ્રાથમિક શાળામાં શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય

* ૧૮૦૧૪ શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના ગજડી, રામગઢ, કૃષ્ણનગર તથા કોયલી પ્રાથમિક શાળામાં સને વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલા બાળકો અનુસૂચિત જનજાતિના અભ્યાસ કરે છે, | (૧) ૬૦ |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચૂકવવામાં આવી, | (૨) ૪૧-વિદ્યાર્થી |
| (૩) બાકીના વિદ્યાર્થીઓને સહાય ન ચૂકવવાના શા કારણો છે? | (૩) આદિજાતિના ઈસમો ખેતી કામ સબબ દાહોદ, ગોધરા વિગેરે જિલ્લાના અંતરીયાળ ગામોમાંથી મંજુરી અર્થે આવતાં હોઈ તેઓ પાસે શિષ્યવૃત્તિ મેળવવા અંગેના જરૂરી આધાર પુરાવા ના હોવાથી. |
| (૪) શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય ચૂકવવામાં નિષ્ફળતા માટે જવાબદાર અધિકારીઓ સામે શાં પગલાં લેવામાં આવ્યા છે, અને | (૪) ખંડ-૩ના જવાબની વિગતે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) બાકી રહેલા વિદ્યાર્થીઓને સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે? | (૫) તા. ૩-૩-૨૦૧૫ના રોજ સહાય ચૂકવેલ છે. |

શહેરા અને ગોધરા તાલુકામાં રેવન્યુ વિલેજથી વંચિત ગામોમાં નવીન દુકાનોની માંગણીઓ

* ૧૭૭૭૦ શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શહેરા અને ગોધરા તાલુકામાં ૩૦૦૦ હજારની વસ્તી દીઠ અને રેવન્યુ વિલેજથી વંચિત ગામોમાંથી નવીન સસ્તા અનાજની દુકાનોની માંગણીઓ આવી, અને | (૧) માંગણીઓ આવી છે. |
| (૨) તે પૈકી ક્યા ક્યા ગામોમાં ઉક્ત સ્થિતિએ નવીન દુકાનો ક્યારે મંજૂર કરવામાં આવશે ? | (૨) ૩૦૦૦ કરતાં વધારે વસ્તીવાળા ગામ બોરીયા તા.શહેરામાં કાર્યવાહી ચાલુ છે. બનતી ત્વરાએ મંજૂર કરાશે. |

પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં કાચા મકાનો/ઝુંપડાઓ

* ૧૫૮૦૧ શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલા પરિવારો કાચા મકાનો/ ઝુંપડાઓમાં રહે છે, | (૧) વર્ષ ૨૦૧૨-૧૩ માં થયેલ સર્વે મુજબ પંચમહાલ અને મહીસાગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં તા.૩૧-૧૨-૧૪ ની સ્થિતિએ કાચા મકાનો/ઝુંપડાઓની સંખ્યા નીચે મુજબ છે. |

| પંચમહાલ જિલ્લો | | |
|---|---|---|
| ક્રમ | તાલુકો | કાચા મકાનોમાં રહેતા પરિવારો |
| ૧ | ગોધરા | ૧૭૯૦૩ |
| ૨ | કાલોલ | ૧૧૫૧૭ |

| | | |
|---|---|---|
| ૩ | હાલોલ | ૩૨૯૩ |
| ૪ | જાંબુઘોડા | ૧૨૯૫ |
| ૫ | ઘોઘંબા | ૧૪૭૬૯ |
| ૬ | મોરવા(હ) | ૯૮૭૩ |
| ૭ | શહેરા | ૧૬૯૮૪ |
| | કુલ | ૭૫૬૩૪ |
| મહીસાગર જિલ્લો | | |
| ૧ | લુણાવાડા | ૨૪૮૯૮ |
| ૨ | ખાનપુર | ૫૮૦૪ |
| ૩ | કડાણા | ૭૩૦૨ |
| ૪ | સંતરામપુર | ૧૦૭૬૧ |
| ૫ | બાલાશિનોર | ૨૩૬૮ |
| ૬ | વિરપુર | ૧૩૯૯ |
| | કુલ | ૫૨૫૩૨ |

(૨) તે અન્વયે કાચા મકાનો/ઝુંપડાઓમાં રહેતા પરિવારોને સરકાર પાકા મકાનો બનાવી આપવા માંગે છે, કે કેમ, અને

(૨) હા, આવાસ યોજનાની પાત્રતા મુજબ.

(૩) જો હા, તો ક્યાં સુધીમાં ?

(૩) બજેટ લક્ષ્યાંકો મુજબ.

### તાપી જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

* ૧૬૮૬૯ શ્રી અજયકુમાર જે. ચોકસી(સુરત ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તાપી જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં કેટલા હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં અનુક્રમે ૫૨૦૮.૦૨ હેક્ટર અને ૩૧૬૯.૪૦ હેક્ટર મળી કુલ ૮૩૭૭.૪૨ હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે.

(૨) કુલ રૂ.૨૫૯૦.૩૭ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

### અંકલેશ્વર તાલુકામાં સ્વસહાય જૂથોને કેશક્રેડિટ આપવા બાબત

* ૧૬૯૧૨ શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ સ્વસહાય જૂથોને બેન્ક દ્વારા કેશક્રેડિટ આપવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો વર્ષ ૨૦૧૪–૧૫ માં ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથોને કેશક્રેડિટ આપવામાં આવી,

(૩) કેશક્રેડિટ પેટે કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને

(૪) તે પૈકી કેટલી રકમનું ઉક્ત સ્થિતિએ ડીસબર્સમેન્ટ કરવામાં આવ્યું ?

જવાબ

(૧) હા.

(૨) વર્ષ ૨૦૧૪–૧૫ માં ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ ૧૫૨ સ્વસહાય જૂથોને કેશક્રેડિટ આપવામાં આવી છે.

(૩) કેશક્રેડિટ પેટે કુલ રૂ.૧૫૨.૦૦ લાખ (અંકે રૂપિયા એક કરોડ બાવન લાખ પુરા) ની રકમ બેંક દ્વારા મંજૂર કરવામાં આવી છે.

(૪) ઉક્ત સ્થિતિએ રૂ.૫૯.૦૦ લાખનું ડીસબર્સમેન્ટ કરવામાં આવ્યું છે.

### નર્મદા જિલ્લામાં નિર્મળ ભારત યોજના અંતર્ગત શૌચાલયો બનાવવા બાબત

* ૧૬૮૭૯ શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નર્મદા જિલ્લામાં નિર્મળ ભારત યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન એ.પી.એલ. અને બી.પી.એલ. કુટુંબો માટે કેટલા વ્યક્તિગત શૌચાલયો બનાવવામાં આવ્યા, અને

જવાબ

(૧) નર્મદા જિલ્લામાં નિર્મળ ભારત યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન એ.પી.એલ. કુટુંબો માટે ૫૯૭૧ અને બી.પી.એલ. કુટુંબો માટે ૬૫૯૭ વ્યક્તિગત શૌચાલયો બનાવવામાં આવ્યા.

| ક્રમ | વર્ષ | એ.પી.એલ. | બી.પી.એલ. | કુલ |
|---|---|---|---|---|

| | | શૌચાલય | શૌચાલય | શૌચાલય |
|---|---|---|---|---|
| ૧ | તા.૧-૦૧-૨૦૧૩ થી તા.૩૧-૧૨-૨૦૧૩ | ૧૩૧૯ | ૪૪૦ | ૧૭૫૯ |
| ૨ | તા.૧-૦૧-૨૦૧૪ થી તા.૩૧-૧૨-૨૦૧૪ | ૪૬૫૨ | ૬૧૫૭ | ૧૦૮૦૯ |
| | કુલ | ૫૯૭૧ | ૬૫૯૭ | ૧૨૫૬૮ |

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) તેની પાછળ રૂ.૫૭૮.૧૨ લાખ ખર્ચ કરવામાં આવ્યો.

| ક્રમ | વર્ષ | ખર્ચની વિગત (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | તા.૧-૦૧-૨૦૧૩ થી તા.૩૧-૧૨-૨૦૧૩ | ૮૦.૯૧ |
| ૨ | તા.૧-૦૧-૨૦૧૪ થી તા.૩૧-૧૨-૨૦૧૪ | ૪૯૭.૨૧ |

### નવસારી જિલ્લાના ઇન્દિરા આવાસ યોજના હેઠળ આવાસો બનાવવા બાબત

* ૧૬૮૩૧ શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઇન્દિરા આવાસ યોજના હેઠળ નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે ?

**જવાબ**

(૧) ઇન્દિરા આવાસ યોજના હેઠળ નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં ૪૦૦ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ ૪૦૦ આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી.

(૩) તે પૈકી ૩૪૨ આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે.

### પંચમહાલ જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડના વિતરણ બાબત

* ૧૬૭૯૩ શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બારકોડેડ રેશનકાર્ડ માટે કેટલા ફોર્મ નં.૧ ભરાઇને મળેલ હતા,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ થયેલ છે,

(૩) કેટલા બાકી છે, અને

(૪) બાકી રહેવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) બારકોડેડ રેશનકાર્ડ માટેના ફોર્મ નં.૧ ભરાઇને પરત મેળવવાની અંતિમ તા.૩૦-૯-૨૦૧૦ હતી. પંચમહાલ જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ માટે ૨૫૩૧૩૭ ફોર્મ નં.૧ ભરાઇને મળેલ હતા, તે પૈકી ૨૪૯૨૫૫ માન્ય ફોર્મ હતા.

(૨) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ ૨૪૪૦૭૯ બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ થયેલ છે.

(૩) ૫૧૭૬ બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ બાકી છે.

(૪) બાકી રહેવાના કારણો નીચે મુજબ છે.

1. સ્થળાંતર થવાના કારણસર.
2. અવસાનના કારણે.
3. બાયોમેટ્રીક આપવા ન આવતા હોઇ, અગરતો અન્ય કારણોસર બારકોડેડ રેશનકાર્ડ મેળવવા આવતા ન હોવાથી.

### સુરેન્દ્રનગર જિલ્લામાં અગરીયાઓના બાળકોને વાર્ષિક ૩૦૦ રૂ.એસ.ટી. નિગમને આપવાના નિર્ણય બાબતે

* ૧૫૮૦૫ ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૧૫ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી ખારાઘોડા સહિતના ગામોમાં મીઠું પકવતા અગરીયાઓના બાળકોને શાળાએ જવા માટે વાર્ષિક રૂ.૩૦૦ વિદ્યાર્થીદીઠ એસ.ટી. નિગમને આપવાનો નિર્ણય ક્યારે લેવામાં આવ્યો, અને

(૧) આ પ્રકારનો નિર્ણય લેવામાં આવેલ નથી.

(૨) તે અન્વયે છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા એસ.ટી. નિગમને કેટલી રકમ ક્યારે ચૂકવી ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ખેડા જિલ્લામાં એજ્યુકેશન ઈન્સ્પેક્ટરો અને એકાઉન્ટન્ટોની મંજુરી બાબત

* ૧૮૧૩૭ શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા.૩૧-૦૧-૨૦૧૫ ની સ્થિતિએ ખેડા જિલ્લાની શિક્ષણાધિકારીની કચેરીમાં કેટલા એજ્યુકેશન ઈન્સ્પેક્ટરો અને એકાઉન્ટન્ટોની મંજૂર થયેલ જગ્યા સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે ?

જવાબ

તા.૩૧-૦૧-૨૦૧૫ ની સ્થિતિએ ખેડા જિલ્લાની શિક્ષણાધિકારીની કચેરીમાં એજ્યુકેશન ઈન્સ્પેક્ટરો અને એકાઉન્ટન્ટોની મંજૂર થયેલ જગ્યા અને તેની સામે ખાલી જગ્યાઓની વિગતો નીચે મુજબ છે.

| જગ્યાનું નામ | મંજૂર થયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | કેટલા સમયથી ખાલી છે તેની વિગતો | |
|---|---|---|---|---|
| | | | જગ્યાની સંખ્યા | સમય |
| એજ્યુકેશન ઈન્સ્પેક્ટર | ૦૪ | ૦૩ | ૧ | તા.૦૬-૦૪-૨૦૧૧ થી |
| | | | ૧ | તા.૨૭-૦૯-૨૦૧૨ થી |
| | | | ૧ | તા.૨૮-૦૨-૨૦૧૨ થી |

પાટણ જિલ્લાના ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસો બનાવવા બાબત

* ૧૬૮૨૯ શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે ?

જવાબ

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં ૧૩૧૭ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ ૧૨૯૧ આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

(૩) તે પૈકી ૧૧૧૭ આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે.

ખેડા જિલ્લામાં ખાનગી ટ્રસ્ટોને પ્રાથમિક શાળા ચલાવવા સુપ્રત કરવા અંગે

* ૧૬૩૬૪ શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓ ખાનગી ટ્રસ્ટને ચલાવવા સુપ્રત કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા ટ્રસ્ટોની માંગણી હતી, અને

(૩) ખાનગી ટ્રસ્ટોને પ્રાથમિક શાળા ચલાવવા સુપ્રત કરવા અંગે કોઈ જાહેર પ્રસિદ્ધિ કરવામાં આવેલ હોય, તો કયા વર્તમાન પત્રોમાં તેની પ્રસિદ્ધિ કરવામાં આવેલ ?

જવાબ

(૧) એક પણ નહી.

(૨) એક પણ નહી.

(૩) ના, જી.

મહેસાણા જિલ્લામાં વાજબી ભાવની દુકાનો

* ૧૭૦૯૯ શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલી વાજબી ભાવની દુકાનો આવેલ છે, | (૧) સામેલ *પત્રક મુજબ |
| (૨) તે અન્વયે તાલુકાવાર કેટલી દુકાનોની ઘટ પડી છે, અને | (૨) સામેલ *પત્રક મુજબ |
| (૩) આ ઘટ નિવારવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૩) ૬૦ દુકાનોની ઘટ પૈકી ૨૩ દુકાનો તા.૫-૨-૧૫થી મંજૂર થયેલ છે બાકી રહેતી ૩૭ વાજબી ભાવની દુકાન ખોલવા માટે નવી નીતિ મુજબ વસ્તી અને અંતરના પરિપ્રેક્ષ્યમાં ચકાસણી કર્યા બાદ ખોલવાપાત્ર દુકાનો અંગે બનતી ત્વરાએ. |

પત્રક

| ક્રમ | તાલુકાનું નામ | વ્યાજબી ભાવની દુકાનની સંખ્યા | ઘટતી વાજબી ભાવની દુકાનો |
|---|---|---|---|
| ૧ | સતલાસણા | ૩૨ | ૩ |
| ૨ | ખેરાલુ | ૫૦ | ૨ |
| ૩ | ઉંઝા | ૬૮ | ૯ |
| ૪ | વિસનગર | ૮૯ | ૧૭ |
| ૫ | વડનગર | ૫૬ | - |
| ૬ | વિજાપુર | ૧૦૧ | ૧ |
| ૭ | મહેસાણા | ૧૩૯ | ૧૨ |
| ૮ | બેચરાજી | ૩૯ | ૩ |
| ૯ | કડી | ૧૦૧ | ૧૩ |
| ૧૦ | જોટાણા | ૨૬ | - |
| | કુલ | ૭૦૧ | ૬૦ |

## દસાડા તાલુકામાં બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ

* ૧૬૮૦૫ શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં દસાડા તાલુકામાં બારકોડેડ રેશનકાર્ડ માટે કેટલા ફોર્મ નં.૧ ભરાઇને મળેલ, | (૧) બારકોડેડ રેશનકાર્ડ માટેના ફોર્મ નં.૧ ભરાઇને પરત મેળવવાની અંતિમ તા.૩૦-૯-૨૦૧૦ હતી. સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકામાં બારકોડેડ રેશનકાર્ડ માટે ૪૫૬૨૧ ફોર્મ નં.૧ ભરાઇને મળેલ હતા, તે પૈકી ૪૫૫૮૭ માન્ય ફોર્મ હતા. |
| (૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલા બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ થયેલ છે, | (૨) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ૪૨૩૭૬ બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ થયેલ છે. |
| (૩) કેટલા બાકી છે, અને | (૩) ૩૨૧૧ બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ બાકી છે. |
| (૪) બાકી રેહવાના કારણો શાં છે ? | (૪) બાકી રહેવાના કારણો નીચે મુજબ છે.<br>૧. સ્થાળાંતર થવાના કારણસર<br>૨. અવસાનના કારણે.<br>૩. બાયોમેટ્રિક આપવા ન આવતા હોઈ, અગરતો અન્ય કારણોસર બારકોડેડ રેશનકાર્ડ મેળવવા આવતા ન હોવાથી. |

## વડોદરા અને છોટાઉદેપુર જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર મહેકમ

* ૧૭૬૦૬ શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ વડોદરા અને છોટાઉદેપુર જિલ્લા પંચાયતમાં કેડરવાર સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે, | (૧) |

| વર્ગ | વડોદરા | છોટાઉદેપુર |
|---|---|---|
| વર્ગ-૧ | ૧૫ | ૦૭ |
| વર્ગ-૨ | ૧૪૮ | ૧૧૪ |

| | | |
|---|---|---|
| વર્ગ-૩ | ૨૦૪૮ | ૧૬૬૭ |
| વર્ગ-૪ | ૧૧૯ | ૬૬ |
| કુલ | ૨૩૩૦ | ૧૮૫૪ |

(૨) મંજૂર થયેલ મહેકમ મુજબ કેટલી જગ્યાઓ ભરાયેલ છે, કેટલી જગ્યા કેડર સંવર્ગવાર ખાલી છે, અને

(૨)

| ભરાયેલ જગ્યાઓ | | |
|---|---|---|
| વર્ગ | વડોદરા | છોટાઉદેપુર |
| વર્ગ-૧ | ૦૮ | ૦૧ |
| વર્ગ-૨ | ૮૦ | ૫૯ |
| વર્ગ-૩ | ૧૩૧૯ | ૮૮૨ |
| વર્ગ-૪ | ૧૦૩ | ૫૭ |
| કુલ | ૧૫૧૦ | ૯૯૯ |
| ખાલી જગ્યાઓ | | |
| વર્ગ | વડોદરા | છોટાઉદેપુર |
| વર્ગ-૧ | ૦૭ | ૦૬ |
| વર્ગ-૨ | ૬૮ | ૫૫ |
| વર્ગ-૩ | ૭૨૯ | ૭૮૫ |
| વર્ગ-૪ | ૧૬ | ૦૯ |
| કુલ | ૮૨૦ | ૮૫૫ |

(૩) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરાશે ?

(૩) ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ.

ઉમરગામ તાલુકામાં બારકોડેડ રેશનકાર્ડ વિતરણ

* ૧૬૮૦૮ શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં બારકોડેડ રેશનકાર્ડ માટે કેટલા ફોર્મ નં.૧ ભરાઈને મળેલ હતાં, | (૧) બારકોડેડ રેશનકાર્ડ માટેના ફોર્મ નં.૧ ભરાઈને પરત મેળવવાની અંતિમ તા.૩૦-૯-૨૦૧૦ હતી. વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં બારકોડેડ રેશનકાર્ડ માટે ૪૨૧૨૫ ફોર્મ નં.૧ ભરાઈને મળેલ હતા, તે પૈકી ૪૧૬૮૭ માન્ય ફોર્મ હતા. |
| (૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલા બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ થયેલ છે, | (૨) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ૩૯૬૪૩ બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ થયેલ છે. |
| (૩) કેટલા કાર્ડનું વિતરણ બાકી છે, અને | (૩) ૨૦૪૩ બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ બાકી છે. |
| (૪) વિતરણ બાકી રેહવાના કારણો શાં છે ? | (૪) બાકી રહેવાના કારણો નીચે મુજબ છે.<br>૧. સ્થાળાંતર થવાના કારણસર<br>૨. અવસાનના કારણે.<br>૩. બાયોમેટ્રિક આપવા ન આવતા હોઈ, અગરતો અન્ય કારણોસર બારકોડેડ રેશનકાર્ડ મેળવવા આવતા ન હોવાથી. |

મહેસાણા જિલ્લાના ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસો બનાવવા બાબત

* ૧૬૮૩૫ શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું, | (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫માં ૪૫૦ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું. |
| (૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી, અને | (૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ૪૫૬ આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. |
| (૩) તે પૈકી કેટલા આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે ? | (૩) તે પૈકી ૧૧૨ આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવેલ છે. |

ધોળકા તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસ

* ૧૬૯૨૧ શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું, | (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં ૨૪૮ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું. |
| (૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી, અને | (૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ૨૪૮ આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. |
| (૩) તે પૈકી કેટલા આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે ? | (૩) તે પૈકી ૨૨૭ આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવેલ છે. |

દાહોદ જિલ્લામાં શાળાઓમાં સળંગ એકમના ઉપલા વર્ગોની મંજૂરી

* ૧૫૮૩૯ શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક-માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સળંગ એકમના ઉપલા વર્ગોની કેટલી મંજૂરી આપવામાં આવી, | (૧) ધોરણ-૧૧ – એકપણ નહિ.<br>ધોરણ-૧૨ – ગરબાડા – ૦૧<br>ઝાલોદ – ૦૩<br>લીમખેડા – ૦૩ |
| (૨) મંજૂરી આપેલ વર્ગોમાં કેટલા શિક્ષકોની વિષયવાર ભરતી કરવામાં આવી, અને | (૨) ભરતી પ્રક્રિયા હવે પછી હાથ ધરવામાં આવનાર છે. |
| (૩) કેટલી શાળાઓમાં નિમણૂંક આપવાની બાકી છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી

* ૧૭૪૨૭ શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બળતણના બચાવ અર્થે બનાસકાંઠા જિલ્લામાં તાલુકાદીઠ કેટલી ગ્રામ્ય પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની અરજીઓ મંજૂર કરી, અને

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે સને ૨૦૧૩-૧૪માં ૧૬ અને સને ૨૦૧૪-૧૫માં ૪૦ મળી કુલ ૫૬ અરજીઓ મંજૂર કરી.

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષવાર મંજૂર કરેલ અરજીઓની સંખ્યા | |
|---|---|---|---|
| | | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ (તા.૩૧-૧૨-૧૪ ની સ્થિતિએ) |
| ૧ | દાંતા | ૧ | ૨ |
| ૨ | વડગામ | ૨ | ૫ |
| ૩ | પાલનપુર | ૬ | ૧૨ |
| ૪ | ડીસા | ૨ | ૮ |
| ૫ | દાંતીવાડા | ૧ | ૮ |
| ૬ | ધાનેરા | ૧ | ૧ |
| ૭ | કાંકરેજ | ૨ | ૧ |
| ૮ | દિયોદર | ૦ | ૧ |
| ૯ | થરાદ | ૦ | ૧ |
| ૧૦ | વાવ | ૧ | ૧ |

(૨) તે અંગે કેટલો ખર્ચ થયો ?

(૨) કુલ રૂ.૪.૨૮ લાખનો ખર્ચ થયો.

ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ટોટલ સેનીટેશન હેઠળ મંજૂર શૌચાલયો

* ૧૭૮૮૪ શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ કેટલા શૌચાલયો મંજૂર કરવામાં

જવાબ

(૧) ટોટલ સેનીટેશન કાર્યક્રમ બંધ થયેલ છે. પરંતુ તત્કાલીન નિર્મળ ભારત અભિયાન તથા સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે

આવ્યા,

વર્ષમાં નીચે મુજબની મંજૂરી આપવામાં આવી.

ગાંધીનગર જિલ્લોઃ–

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર શૌચાલયની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૬૦૩૨ |
| ૨ | કલોલ | ૪૬૦૯ |
| ૩ | માણસા | ૬૦૦૧ |
| ૪ | દહેગામ | ૧૦૧૫૩ |
| | કુલ | ૨૬૭૯૫ |

મહેસાણા જિલ્લોઃ–

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર શૌચાલયની સંખ્યા |
|---|---|---|
| ૧ | બેચરાજી | ૩૯૪૦ |
| ૨ | કડી | ૫૮૭૦ |
| ૩ | ખેરાલુ | ૩૧૮૦ |
| ૪ | મહેસાણા | ૫૭૩૨ |
| ૫ | સતલાસણા | ૪૪૧૦ |
| ૬ | ઉંઝા | ૩૧૨૮ |
| ૭ | વડનગર | ૩૫૧૫ |
| ૮ | વિજાપુર | ૩૮૯૮ |
| ૯ | વિસનગર | ૫૪૨૦ |
| | કુલ | ૩૯૦૯૩ |

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા શૌચાલયોનું કામ પૂર્ણ થયું અને કેટલાનું કામ બાકી છે તથા બાકી કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને

(૨) ગાંધીનગર જિલ્લોઃ–

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર શૌચાલય પૈકી કામ પૂર્ણ | મંજૂર શૌચાલય પૈકી કામ બાકી |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૨૭૩૨ | ૩૩૦૦ |
| ૨ | કલોલ | ૨૩૫૦ | ૨૨૫૯ |
| ૩ | માણસા | ૨૬૫૨ | ૩૩૪૯ |
| ૪ | દહેગામ | ૩૩૦૩ | ૬૮૫૦ |
| | કુલ | ૧૧૦૩૭ | ૧૫૭૫૮ |

મહેસાણા જિલ્લોઃ–

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર શૌચાલય પૈકી કામ પૂર્ણ | મંજૂર શૌચાલય પૈકી કામ બાકી |
|---|---|---|---|
| ૧ | બેચરાજી | ૨૬૬૫ | ૧૨૭૫ |
| ૨ | કડી | ૩૪૦૨ | ૨૪૫૮ |
| ૩ | ખેરાલુ | ૧૬૨૪ | ૧૫૫૬ |
| ૪ | મહેસાણા | ૪૧૨૯ | ૧૬૦૩ |
| ૫ | સતલાસણા | ૨૭૯૯ | ૧૬૧૧ |
| ૬ | ઉંઝા | ૧૩૦૩ | ૧૮૨૫ |
| ૭ | વડનગર | ૧૧૪૨ | ૨૩૭૩ |
| ૮ | વિજાપુર | ૨૧૪૨ | ૧૭૫૬ |
| ૯ | વિસનગર | ૨૭૩૧ | ૨૬૮૯ |
| | કુલ | ૨૧૯૩૭ | ૧૭૧૫૬ |

આ કાર્યક્રમ હેઠળ ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ શૌચાલય લાભાર્થીએ જાતે બનાવવાના હોય છે. તેથી લાભાર્થીઓને મોટીવેટ કરી સત્વરે પૂર્ણ કરવમાં આવશે.

(૩) ગટરલાઇન હોય તે ગામોમાં શૌચાલયોનું ગટરલાઇન સાથે જોડાણ કરવામાં આવે છે કે કેમ ?

(૩) તત્કાલીન નિર્મળ ભારત અભિયાન તથા સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ અમલમાં મૂકવામાં આવેલ

પ્રવાહી કચરાના નિકાલ માટે (લિકવિડ વેસ્ટ મેનેજમેન્ટ) બાંધવામાં આવેલ ગામની ગટરલાઇનમાં શૌચાલયનું જોડાણ કરવામાં આવતું નથી.

દાહોદ જિલ્લામાં સ્વસહાય જૂથની રચના

* ૧૬૯૨૦ શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ દાહોદ જિલ્લાના દાહોદ તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં કેટલા સ્વસહાય જૂથોની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું, | (૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ દાહોદ જિલ્લાના દાહોદ તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં ૫૫ સ્વસહાય જૂથોની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. |
| (૨) તે પૈકીના તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી, અને | (૨) તે પૈકીના તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ ૧૫૮ સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી |
| (૩) તે પૈકી કેટલી સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી ? | (૩) તે પૈકી ૭૧ સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી. |

તાપી જિલ્લામાં કાર્યરત નિવાસી શાળાઓ

* ૧૬૮૫૦ શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ તાપી જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચત્તર માધ્યમિક સાયન્સ પ્રવાહની કેટલી નિવાસી શાળાઓ કાર્યરત છે, | (૧) ૩(ત્રણ). |
| (૨) તે પૈકી કેટલી કુમાર તથા કન્યાની છે, અને | (૨) કુમાર–૧ (એક)<br>કન્યા–૨ (બે). |
| (૩) તેમાં કેટલા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ લાભ લઇ રહ્યા છે ? | (૩) ૭૬–વિદ્યાર્થીઓ<br>૧૬૩–વિદ્યાર્થીનીઓ. |

નવસારી જિલ્લામાં મનરેગા યોજના હેઠળના મંજૂર કરેલ કામો

* ૧૫૮૧૫ શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકાવાર મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા, | (૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકાવાર મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં મંજૂર કરવામાં આવેલ કામોની વિગત નીચે મુજબ છે. |

| ક્રમ | તાલુકો | મંજૂર કરેલ કામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ચીખલી | ૬૦૫ |
| ૨ | ગણદેવી | ૬૪૮ |
| ૩ | જલાલપોર | ૧૪૯ |
| ૪ | નવસારી | ૩૩૬ |
| ૫ | વાંસદા | ૫૩૪ |
| | કુલ | ૨૨૭૨ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ કેટલા સમયથી ચૂકવવામાં આવી નથી, અને | (૨) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ કેટલા સમયથી ચૂકવવામાં આવી નથી તેની વિગતો નીચે મુજબ છે. |

(રૂ.લાખમાં)

| ક્રમ | તાલુકો | ચૂકવવાની બાકી રકમ | કેટલા સમયથી ચૂકવવામાં આવી નથી |
|---|---|---|---|
| ૧ | ચીખલી | ૫૩.૨૮ | ૭.૨૧ – ૧ વર્ષ<br>૪૬.૦૭ – ૪ મહિના |
| ૨ | ગણદેવી | ૨.૫૯ | ૪ – મહિના |
| ૩ | જલાલપોર | ૦.૦૦ | –– |
| ૪ | નવસારી | ૭.૪૮ | ૪ – મહિના |
| ૫ | વાંસદા | ૯૪.૨૮ | ૧૫.૪૯ – ૧ વર્ષ<br>૭૮.૭૯ – ૪ મહિના |

| | | | |
|---|---|---|---|
| | કુલ | ૧૫૭.૬૩ | |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેતા નાણા રકમ સત્વરે ચૂકવાય તે માટે સરકારે શાં પગલાં લીધા ? | (૩) ગ્રામ પંચાયત કક્ષાએ મનરેગા હેઠળ મજૂરી ખર્ચ અને માલસામાન ખર્ચનું પ્રમાણ ૬૦:૪૦ જાળવવાની જોગવાઇ છે. જેથી બિનકુશળ શ્રમિક રોજગારીના ખર્ચના પ્રમાણમાં માલસામાન ખર્ચ કરવાનો થાય છે. રાજીવ ગાંધી ભવનના બાંધકામમાં મંજૂરી ખર્ચ અને માલસામાન ખર્ચ ૧૫:૮૫ ટકા થાય છે. જેથી બિનકુશળ રોજગારીના અન્ય કામો વધારે પ્રમાણમાં હાથ ધરી સબંધિત ગ્રામ પંચાયત કક્ષાએ મનરેગા યોજનાના કામોનું વેતન અને માલસામાન ખર્ચનું પ્રમાણ ૬૦:૪૦ ના રેશિયા પ્રમાણે સરભર કરવામાં આવશે. તેમ તેમ બાકીના નાણાંનું ચૂકવણું થશે. સદરહુ સમય દરમ્યાનનું શ્રમિક વેતનનું કોઇ ચૂકવણું બાકીમાં નથી. |

### કપડવંજ તાલુકામાં સ્વસહાય જૂથને કેશક્રેડિટ આપવા બાબત

* ૧૬૯૦૮ શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર–ખાડિયા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ સ્વસહાય જૂથોને બેન્કો દ્વારા કેશક્રેડિટ આપવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૪–૧૫ માં ખેડા જિલ્લાના કપડવંજ તાલુકામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથને કેશક્રેડિટ આપવામાં આવી, | (૨) ૮૬ સ્વસહાય જૂથોને કેશક્રેડિટ આપવામાં આવી છે. |
| (૩) કેશક્રેડિટ પેટે કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને | (૩) કુલ રૂ.૧૧૮.૦૦ લાખ (અંકે રૂપિયા એક કરોડ અઢાર લાખ પુરા) |
| (૪) તે પૈકી કેટલી રકમનું ઉક્ત સ્થિતિએ ડીસબર્સમેન્ટ કરવામાં આવ્યું ? | (૪) રૂ.૬૭.૬૧ લાખ. |

### દાહોદ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

* ૧૬૮૬૩ શ્રી વીછીયાભાઇ જો. ભુરીયા (લીમખેડા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં કેટલા હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે. | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં અનુક્રમે ૨૬૯૪.૪૫ હેક્ટર અને ૩૨૫૭.૦૦ હેક્ટર મળી કુલ ૫૯૫૧.૪૫ હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી લીમખેડા તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) કુલ ૧૧૬૨ હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે. |
| (૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) કુલ રૂ.૩૯૬.૦૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

### અરવલ્લી જિલ્લા પંચાયતનું સંવર્ગવાર મંજૂર મહેકમ

* ૧૮૨૭૬ શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) અરવલ્લી જિલ્લો નવો બન્યા પછી જિલ્લા પંચાયતનું તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ કેટલું મહેકમ સંવર્ગવાર મંજૂર કરવામાં આવેલ છે,

(૧)

| સંવર્ગ | મંજૂર મહેકમ |
|---|---|
| વર્ગ–૧ | ૧૦ |
| વર્ગ–૨ | ૧૧ |
| વર્ગ–૩ | ૧૦૧ |
| વર્ગ–૪ | ૨૩ |
| કુલ | ૧૪૫ |

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરવામાં આવેલ છે અને કેટલી ખાલી છે,

(૨)

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ–૧ | ૨ | ૮ |
| વર્ગ–૨ | ૧ | ૧૦ |

| | | |
|---|---|---|
| વર્ગ–૩ | ૧૭ | ૮૪ |
| વર્ગ–૪ | ૩ | ૨૦ |
| કુલ | ૨૩ | ૧૨૨ |

(૩) જગ્યા ખાલી રહેવાના શા કારણો છે, અને — (૩) ઉપલબ્ધિ મુજબ સત્વરે.

(૪) ક્યાં સુધીમાં ખાલી જગ્યાઓ ભરવામાં આવશે ? — (૪) ભરતી કેલેન્ડર અંતર્ગત બનતી ત્વરાએ.

### અમરેલી જિલ્લામાં રાઇટ ટુ એજ્યુકેશન એક્ટનો અમલ

* ૧૫૯૮૨ શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ ક્યારથી અમલમાં આવ્યો, | (૧) ૧–૪–૨૦૧૦ થી. |
| (૨) આ કાયદાની જોગવાઇ અનુસાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં કોઇ શાળાઓમાં ગરીબ વિદ્યાર્થીઓને નિશૂલ્ક પ્રવેશ અપાયો કે કેમ, | (૨) હા, જી. |
| (૩) જો હા, તો કેટલી શાળાઓમાં કેટલાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યો, અને | (૩) ૭૬ શાળાઓમાં ૪૨૪ બાળકોને. |
| (૪) જો ના, તો તેનાં શાં કારણો છે ? | (૪) પ્રશ્ન રહેતો નથી. |

### આણંદ અને ખેડા જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ

* ૧૮૧૩૪ શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ ધોરણે ચાલતી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ કેટલી છે,

(૧)

| જિલ્લો | શાળા | માધ્યમિક શાળા | ઉચ્ચતર માધ્યમિક શાળા |
|---|---|---|---|
| આણંદ | સરકારી | ૧૧ | ૦૨ |
| | ગ્રાન્ટ ઇન એઇડ | ૭૪ | ૧૫૨ |
| ખેડા | સરકારી | ૧૭ | ૦૧ |
| | ગ્રાન્ટ ઇન એઇડ | ૧૦૩ | ૧૫૧ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સંવર્ગવાર મંજૂર મહેકમ ખાલી જગ્યાઓની સામે કેટલી ભરતી કરવામાં આવી, અને

(૨) આણંદ જિલ્લોઃ (સરકારી શાળાઓ):–

| વર્ષ | સંવર્ગ | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ભરતી થયેલ જગ્યા |
|---|---|---|---|---|---|
| જાન્યુઆરી ૨૦૧૩ થી ડિસેમ્બર ૨૦૧૪ | આચાર્ય | ૧૦ | ૦૦ | ૧૦ | ૦૦ |
| | મદદનીશ શિક્ષક (માધ્યમિક) | ૩૬ | ૧૮ | ૧૮ | ૦૦ |
| | શિક્ષક (ઉચ્ચતર માધ્યમિક) | ૧૧ | ૦૭ | ૦૪ | ૦૦ |
| | કારકુન | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | પટાવાળા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | કુલ | ૫૭ | ૨૫ | ૩૨ | ૦૦ |

આણંદ જિલ્લોઃ (ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓ):–

| વર્ષ | સંવર્ગ | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ભરતી થયેલ જગ્યા |
|---|---|---|---|---|---|
| જાન્યુઆરી ૨૦૧૩ થી ડિસેમ્બર ૨૦૧૪ | આચાર્ય | ૨૨૫ | ૧૮૬ | ૩૯ | ૦૭ |
| | મદદનીશ શિક્ષક (માધ્યમિક) | ૧૪૫૪ | ૧૩૨૩ | ૧૩૧ | ૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | મદદનીશ શિક્ષક (ઉચ્ચતર માધ્યમિક) | ૧૨૩૯ | ૯૮૮ | ૨૫૧ | ૫૭ |
| | કારકુન | ૩૧૮ | ૨૭૩ | ૪૫ | ૦૦ |
| | પટાવાળા | ૨૮૨ | ૧૭૯ | ૧૦૩ | ૦૦ |
| | કુલ | ૩૫૧૮ | ૨૯૪૯ | ૫૬૯ | ૬૪ |

ખેડા જિલ્લોઃ (સરકારી શાળાઓ):–

| વર્ષ | સંવર્ગ | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ભરતી થયેલ જગ્યા |
|---|---|---|---|---|---|
| જાન્યુઆરી ૨૦૧૩ થી ડિસેમ્બર ૨૦૧૪ | આચાર્ય | ૦૯ | ૦૦ | ૦૯ | ૦૦ |
| | મદદનીશ શિક્ષક (માધ્યમિક) | ૫૧ | ૦૧ | ૫૦ | ૦૦ |
| | મદદનીશ શિક્ષક (ઉચ્ચતર માધ્યમિક) | ૦૪ | ૦૧ | ૦૩ | ૦૦ |
| | કારકુન | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | પટાવાળા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | કુલ | ૬૪ | ૦૨ | ૬૨ | ૦૦ |

ખેડા જિલ્લોઃ (ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓ):–

| વર્ષ | સંવર્ગ | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ભરતી થયેલ જગ્યા |
|---|---|---|---|---|---|
| જાન્યુઆરી ૨૦૧૩ થી ડિસેમ્બર ૨૦૧૪ | આચાર્ય | ૨૫૪ | ૨૦૧ | ૫૩ | ૦૩ |
| | મદદનીશ શિક્ષક (માધ્યમિક) | ૧૪૬૭ | ૧૩૮૭ | ૮૦ | ૦૦ |
| | મદદ શિક્ષક (ઉચ્ચતર માધ્યમિક) | ૧૦૬૨ | ૭૪૯ | ૩૧૩ | ૪૫ |
| | કારકુન | ૪૫૯ | ૩૭૨ | ૮૭ | ૦૦ |
| | પટાવાળા | ૨૫૪ | ૪૮૭ | ૨૧ | ૦૦ |
| | કુલ | ૩૪૯૬ | ૩૧૯૬ | ૫૫૪ | ૪૮ |

(૩) બાકી ભરતી કેટલા સમયમાં કરવાનું આયોજન છે ?

(૩) જેમ બને તેમ જલ્દી.

## બનાસકાંઠા જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળની કામગીરી

* ૧૬૮૯૮ શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ ક્યા પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવી છે, અને

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ નીચે મુજબની વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી.

(૧) ૧૬૪૬૬ વ્યક્તિગત લાભાર્થીઓના શૌચાલય બનાવવામાં આવ્યા.

(૨) વડગામ તાલુકાની ૮૧ ગ્રામ પંચાયતોને ભુગર્ભ ગટર લાઇન માટે વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

(૩) જિલ્લામાં યોજનાકીય પ્રચાર–પ્રસાર માટે આઈ.ઈ.સી. પ્રવૃત્તિ હાથ ધરવામાં આવેલ છે.

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) તેની પાછળ રૂ.૭૭૦.૭૧ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

ઓલપાડ તાલુકામાં બી.પી.એલ. રેશનકાર્ડની અરજીઓ

* ૧૬૮૦૭ શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં બી.પી.એલ. રેશનકાર્ડની કેટલી અરજીઓ છેલ્લા એક વર્ષમાં મળી,

(૨) કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો,

(૩) કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને

(૪) પડતર રહેવાના કારણો શા છે ?

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં બી.પી.એલ. રેશનકાર્ડની ૧૦૧ અરજીઓ મળેલ છે.

(૨) ૧૦૧ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો.

(૩) શૂન્ય.

(૪) પ્રશ્ન નથી.

તાપી જિલ્લા પંચાયતમાં ખાલી જગ્યાઓ

* ૧૬૩૭૭ શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ તાપી જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મહેકમ સામે કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

જવાબ

(૧)

| વર્ગ | ખાલી જગ્યાઓ |
|---|---|
| વર્ગ–૧ | ૪ |
| વર્ગ–૨ | ૮ |
| વર્ગ–૩ | ૭૬ |
| વર્ગ–૪ | ૨ |
| કુલઃ– | ૯૦ |

(૨) ઉપલબ્ધિ ભરતી કેલેન્ડર અંતર્ગત બનતી ત્વરાએ

ગાંધીનગર તાલુકામાં સ્વસહાય જૂથને કેશક્રેડિટ આપવા બાબત

* ૧૬૯૧૦ શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ સ્વસહાય જૂથોને બેન્કો દ્વારા કેશક્રેડિટ આપવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો વર્ષ ૨૦૧૪–૧૫માં ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જુથને કેશક્રેડિટ આપવામાં આવી,

(૩) કેશક્રેડિટ પેટે કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને

(૪) તે પૈકી કેટલી રકમનું ઉક્ત સ્થિતિએ ડીસબર્સમેન્ટ કરવામાં આવ્યુ?

જવાબ

(૧) હા.

(૨) વર્ષ ૨૦૧૪–૧૫માં ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૧૩૨ સ્વસહાય જુથને કેશક્રેડિટ આપવામાં આવી છે.

(૩) કેશક્રેડિટ પેટે કુલ રૂ. ૧૪૫.૪૧ લાખ (અંકે રૂ. એક કરોડ પિસ્તાળીસ લાખ એકતાળીસ હજાર પુરા)ની રકમ બેન્ક દ્વારા મંજૂર કરવામાં આવી છે.

(૪) ઉક્ત સ્થિતિએ પૈકી રૂ. ૧૨૯.૯૫ લાખનું ડીસબર્સમેન્ટ કરવામાં આવ્યુ છે.

મોરબી જિલ્લામાં તલાટી કમ મંત્રી તથા કારકૂનની ખાલી જગ્યા

* ૧૭૪૩૭ શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ મોરબી જિલ્લામાં તાલુકાવાર મંજૂર થયેલ તલાટી કમ મંત્રી તથા કલાર્કની મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

જવાબ

(૧)

| અં. નં. | તાલુકાનું નામ | તલાટી કમ મંત્રીનું મંજૂર મહેકમ | કલાર્કનું મંજૂર મહેકમ |
|---|---|---|---|
| ૧ | મોરબી | ૭૫ | ૧૦ |
| ૨ | ટંકારા | ૩૪ | ૦૪ |
| ૩ | વાંકાનેર | ૬૨ | ૦૭ |
| ૪ | માળિયા (મીં) | ૩૨ | ૦૬ |
| ૫ | હળવદ | ૮૭ | ૦૭ |

| | | | |
|---|---|---|---|
| | કુલ | ૨૯૦ | ૩૪ |

(૨) તે અન્વયે તાલુકાવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| અં. નં. | તાલુકાનું નામ | તલાટી કમ મંત્રીનું મંજૂર મહેકમ | કલાર્કનું મંજૂર મહેકમ |
|---|---|---|---|
| ૧ | મોરબી | ૩૧ | ૦૮ |
| ૨ | ટંકારા | ૧૮ | ૦૧ |
| ૩ | વાંકાનેર | ૨૦ | ૦૪ |
| ૪ | માળિયા (મીં) | ૧૬ | ૦૫ |
| ૫ | હળવદ | ૩૮ | ૦૪ |
| | કુલ | ૧૨૩ | ૨૨ |

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું આયોજન છે?

(૩) ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ.

વલસાડ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

* ૧૬૮૭૦ શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વલસાડ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી વલસાડ તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

જવાબ

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં અનુક્રમે ૪૨૦૮.૮૬ હેકટર અને ૩૦૮૩.૧૦ હેકટર મળી કુલ ૭૨૯૧.૯૬ હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે.

(૨) કુલ ૬૩ હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે.

(૩) કુલ રૂ઼ા. ૫૫.૧૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

સાગબારા તાલુકામાં સ્વસહાય જૂથની રચના

* ૧૬૯૧૯ શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલા સ્વસહાય જૂથોની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલી સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી?

જવાબ

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં ૪૦૦ સ્વસહાય જૂથોની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) તે પૈકીના તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૧૫૭ સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી, અને

(૩) તે પૈકી ૭૮ સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી.

અમદાવાદ જિલ્લામાં ભૂતિયા રેશનકાર્ડના કિસ્સા

* ૧૫૮૩૦ શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ભૂતિયા બારકોડેડ રેશનકાર્ડ બનાવવાના કેટલા કિસ્સાઓ પકડાયા, અને

(૨) ઉક્ત સ્થિતિએ ભૂતિયા બારકોડ રેશનકાર્ડ ન બને તે માટે સરકારે શાં પગલાં લીધા?

જવાબ

(૧) 'શૂન્ય'

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

કેશોદ શહેરમાં તાલુકા પંચાયતની ઓફિસ બનાવવા બાબત

* ૧૭૭૮૧ શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જુનાગઢ જિલ્લાના કેશોદ શહેરમાં તાલુકામાં પંચાયતની ઓફિસ માટે નવું મકાન બનાવવાની કોઈ દરખાસ્ત સરકારશ્રીને તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ

જવાબ

(૧) રાજ્ય સરકારને દરખાસ્ત મળેલ નથી.

છેલ્લાં એક વર્ષમાં મળી છે કે કેમ,

(૨) જો હા, તો આ દરખાસ્ત સંદર્ભે રાજ્ય સરકારે શું કાર્યવાહી કરી, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આ નવું મકાન ક્યારે બનાવવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## આણંદ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીઓની ખાલી જગ્યાઓ

* ૧૫૯૫૯ શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(બોરસદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કઈ તાલુકા પંચાયતોમાં તાલુકા વિકાસ અધિકારીઓની જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને તેના કારણો શાં છે, અને

જવાબ

(૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં નીચે મુજબ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓની જગ્યા ખાલી છે.

| અં. નં. | તાલુકાનું નામ | કઈ તારીખથી ખાલી છે. | કારણ |
|---|---|---|---|
| ૧ | બોરસદ | ૧-૧૦-૨૦૧૪ | બદલી થતાં |
| ૨ | આંકલાવ | ૩૧-૮-૨૦૧૪ | વય નિવૃત્તિ થતાં |
| ૩ | તારાપુર | ૧-૧-૨૦૧૫ | કરાર આધારિત નિમણૂંકનો અંત આવતાં. |

(૨) આ જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

(૨) બદલી બઢતી સીધી ભરતીથી અધિકારીઓ ઉપલબ્ધ થયેથી.

## કચ્છ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો

* ૧૬૮૮૫ શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં તાલુકાવાર સતત બીજીવાર કેટલી ગ્રામ પંચાયતો સમરસ થઈ, અને

જવાબ

(૧) કુલઃ- ૬ (છ)
છેલ્લાં બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ ગ્રામ પંચાયતો સમરસ થઈ

| ક્રમ | તાલુકાનું નામ | સમરસ ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | અંજાર | ૩ |
| ૨ | રાપર | ૧ |
| ૩ | નખત્રાણા | ૧ |
| ૪ | લખપત | ૧ |
| | કુલ | ૬ |

(૨) તેમાં કેટલી નાણાંકીય સહાય ચૂકવવામાં આવી?

(૨) રૂા. ૧૫,૦૦,૦૦૦/- (રૂપિયા પંદર લાખ પૂરા) ચૂકવવામાં આવશે.

## મહેસાણા જિલ્લામાં સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર કોલેજો

* ૧૮૨૭૦ શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કઈ સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર એન્જિનિયરીંગ કોલેજો અને પોલીટિકનીક કોલેજો છે,

જવાબ

(૧) મહેસાણા જિલ્લામાં સરકારી અને ગ્રાન્ટેડ એન્જિનિયરીંગ કોલેજો નથી.

સ્વનિર્ભર એન્જીનિયરીંગ કોલેજો

૧. એસ.પી.બી. પટેલ એન્જિ. કોલેજ
૨. ગુજરાત પાવર એન્જિ. એન્ડ રિસર્ચ
૩. ફેકલ્ટી ઓફ એન્જિ. શ્રી સરસ્વતી એજ્યુ. સંસ્થાન ગ્રૃપ ઓફ ઈન્સ્ટિ.
૪. મર્ચન્ટ ઈજનેરી કોલેજ
૫. યુ.વી. પટેલ કોલેજ ઓફ એન્જિ.
૬. લાલજીભાઈ ચતુરભાઈ ઈન્સ્ટિ. ઓફ ટેકનો
૭. શ્રી સત્સંગી સાકેતધામ રામ આશ્રમ ગ્રૃપ ઓફ ઈન્સ્ટિ.

૮. શ્રીમતી એસ. આર. પટેલ એન્જિ. કોલેજ
૯. સરદાર પટેલ ઈન્સ્ટિ. ઓફ ટેકનો. પિલુદ્રા
૧૦. સાંકળચંદ પટેલ કોલેજ ઓફ એન્જિ.

મહેસાણા જિલ્લામાં એક સરકારી પોલીટેકનીક વડનગર ખાતે કાર્યરત છે.

મહેસાણા જિલ્લામાં ગ્રાન્ટેડ પોલીટેકનીક કોલેજો નથી.

સ્વનિર્ભર પોલીટેકનીક કોલેજો

૧. એન. બી. પટેલ પોલીટેકનીક
૨. એસ.પી.બી. પટેલ એન્જિ. કોલેજ
૩. ગણપત યુનિવર્સીટી ઈન્સ્ટિ. ઓફ ટેકનોલોજી
૪. ડૉ. નટુભાઈ પી. પટેલ પોલીટેકનીક
૫. નવસર્જન પોલીટેકનીક, વિજાપુર
૬. બી.એસ. પટેલ પોલીટેકનીક
૭. મર્ચન્ટ પોલીટેકનીક
૮. શ્રી વી. એન્ડ કે. પટેલ ઈન્સ્ટિ. ઓફ એન્જિ.
૯. શ્રી સત્સંગી સાકેતધામ રામ આશ્રમ ગૃપ ઓફ ઈન્સ્ટિ.
૧૦. શ્રી હરિ પોલીટેકનીક ઈન્સ્ટિ.
૧૧. સવિતાબેન ડાહ્યાભાઈ પટેલ પોલીટેકનીક
૧૨. સ્વામી સચ્ચિદાનંદ પોલીટેકનીક કોલેજ (નૂતન)

(૨) એન્જિનિયરીંગ કોલેજો અને પોલીટેકનીક કોલેજોનું મંજૂર મહેકમ સંવર્ગવાર શું છે અને ઉક્ત સ્થિતિએ હાજર મહેકમ સંવર્ગવાર શું છે,

(૨) મહેસાણા જિલ્લામાં સરકારી, ગ્રાન્ટેડ એન્જિનિયરીંગ કોલેજો તેમજ ગ્રાન્ટેડ પોલીટેકનીકો નથી. સ્વનિર્ભર એન્જિનિયરીંગ કોલેજો તથા પોલીટેકનીકો સ્વાયત્ત હોવાથી મહેકમ અત્રેથી મુકવામાં આવતુ નથી જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

સરકારી પોલીટેકનીક, વડનગર

| ક્રમ | સંવર્ગ | મંજૂર મહેકમ | હાજર મહેકમ |
|---|---|---|---|
| ૧ | આચાર્ય | ૦૧ | ૦૦ |
| ૨ | ખાતાના વડા | ૦૪ | ૦૧ |
| ૩ | વ્યાખ્યાતા | ૩૯ | ૩૨ |
| ૪ | હિસાબી અધિકારી | ૦૧ | ૦૦ |
| ૫ | મુખ્ય કારકુન | ૦૧ | ૦૧ |
| ૬ | પ્રયોગશાળા મદદનીશ | ૦૪ | ૦૨ |
| ૭ | સ્ટોરકીપર | ૦૧ | ૦૧ |
| ૮ | વર્ગ–૪ | ૦૨ | ૦૨ |
| | કુલ | ૫૩ | ૩૯ |

(૩) સંવર્ગવાર જગ્યાઓ કયારથી ખાલી છે, વૈકલ્પિક વ્યવસ્થા શી ગોઠવવામાં આવી છે, અને

(૩) મહેસાણા જિલ્લામાં સરકારી અને ગ્રાન્ટેડ એન્જિનિયરીંગ કોલેજો તેમજ ગ્રાન્ટેડ પોલીટેકનીકો નથી. સ્વનિર્ભર એન્જિનિયરીંગ કોલેજો તથા પોલીટેકનીકો સ્વાયત હોવાથી મહેકમ અત્રેથી મુકવામાં આવતુ ન હોવાથી જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

સરકારી પોલીટેકનીક, વડનગર

| ક્રમ | સંવર્ગ | ખાલી જગ્યા | કયારથી ખાલી છે |
|---|---|---|---|
| ૧ | આચાર્ય | ૦૧ | ૬/૧/૧૪ થી |
| ૨ | ખાતાના વડા | ૦૩ | ૦૨ જગ્યા ૬/૧/૦૪ થી |
| | | | ૦૧ જગ્યા ૧૫/૬/૧૨ થી |

| | | | |
|---|---|---|---|
| ૩ | વ્યાખ્યાતા | ૦૭ | ૦૧ જગ્યા ૩૧/૧/૧૧ થી |
| | | | ૦૨ જગ્યા ૬/૭/૧૧ થી |
| | | | ૦૧ જગ્યા ૧૨/૧૨/૧૩ થી |
| | | | ૦૧ જગ્યા ૧૯/૨/૧૫ થી |
| | | | ૦૨ જગ્યા ૨૦/૨/૧૫ થી |
| ૪ | હિસાબી અધિકારી | ૦૧ | ૦૧ જગ્યા ૧/૫/૧૩ થી |
| ૫ | મુખ્ય કારકુન | ૦૦ | – |
| ૬ | પ્રયોગશાળા મદદનીશ | ૦૨ | ૦૨ જગ્યા ૧/૫/૧૩ થી |
| ૭ | સ્ટોરકીપર | ૦૦ | – |
| ૮ | વર્ગ–૪ | ૦૦ | – |
| | કુલ | ૧૪ | |

વૈકલ્પિક વ્યવસ્થા

હાલ ફરજ બજાવતા શૈક્ષણિક સ્ટાફને તેમના નિયત કાર્યભાર ઉપરાંત વધારાનો કાર્યભાર આપી તેમજ મુલાકાતી વ્યાખ્યાતાઓને બોલાવવામાં આવે છે.

(૪) લાંબા સમયથી જગ્યાઓ ખાલી રહેવાના શાં કારણો છે?

(૪)
૧. ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સીધી ભરતીથી ભરવાની થતી શૈક્ષણિક જગ્યાઓની ભરતી પ્રક્રિયામાં સમય જવાથી
૨. સીધી ભરતીથી પસંદ થતા કેટલાક ઉમેદવારો નિમણૂંકના સ્થળે હાજર ન થવાથી
૩. બઢતીથી ભરવાની જગ્યાઓ માટે ફીડર કેડરમાંથી ભરતી નિયમોની જોગવાઈ મુજબના નિયત શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ ન થવાથી.

## મહેસાણા જિલ્લામાં સ્વસહાય જૂથને કેશક્રેડિટ આપવા બાબત

* ૧૬૯૧૪ શ્રી નારાયણભાઇ લ. પટેલ (ઉંઝા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ સ્વસહાય જૂથોને બેન્કો દ્વારા કેશક્રેડિટ આપવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૪–૧૫ માં મહેસાણા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ કેટલા સ્વસહાય જુથને કેશક્રેડિટ આપવામાં આવી, | (૨) ૨૩૧૩ સ્વસહાય જુથોને કેશક્રેડિટ આપવામાં આવી છે. |
| (૩) કેશક્રેડિટ પેટે કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને | (૩) કુલ રૂા.૨૫૪૬.૦૦ લાખ (અંકે રૂા.પચીસ કરોડ છેંતાલીસ લાખ પુરા) |
| (૪) તે પૈકી કેટલી રકમનું ઉકત સ્થિતિએ ડીસબર્સમેન્ટ કરવામાં આવ્યું ? | (૪) રૂા.૨૦૭૬.૯૯ લાખ |

## સાણંદ અને બાવળા તાલુકામાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓનું સંવર્ગવાર મંજૂર મહેકમ

* ૧૫૮૩૧ શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં સાણંદ અને બાવળા તાલુકામાં આવેલ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ | (૧) હા |

મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૨) પત્રક-૧ મુજબ

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) જેમ બને તેમ જલદી.

| તાલુકો | શાળા | શૈક્ષણિક કર્મચારી | | કલાર્ક વર્ગ-૩ | | ગ્રંથપાલ | | પટાવાળા | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | માધ્ય. | ઉ.મા. | માધ્ય. | ઉ.મા. | માધ્ય. | ઉ.મા. | માધ્ય. | ઉ.મા. |
| સાણંદ | સરકારી | ૦૬ | ૦૫ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | ગ્રાન્ટેડ | ૮૩ | ૫૦ | ૨૨ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૨૯ |
| બાવળા | સરકારી | ૦૩ | ૦૫ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| | ગ્રાન્ટેડ | ૩૭ | ૨૧ | ૧૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૭ |

પત્રક-૧

| તાલુકો | શાળા | શૈક્ષણિક કર્મચારી | | કલાર્ક વર્ગ-૩ | | ગ્રંથપાલ | | પટાવાળા | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક |
| સાણંદ | સરકારી | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | ગ્રાન્ટેડ | ૮૦ | ૪૬ | ૨૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૨૯ | ૦૦ |
| બાવળા | સરકારી | ૦૧ | ૦૪ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| | ગ્રાન્ટેડ | ૩૧ | ૧૬ | ૧૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૭ | ૦૦ |

સાણંદ અને બાવળા તાલુકામાં ખાલી જગ્યાઓ

| તાલુકો | શાળા | શૈક્ષણિક કર્મચારી | | કલાર્ક વર્ગ-૩ | | ગ્રંથપાલ | | પટાવાળા | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક |
| સાણંદ | સરકારી | ૦૪ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | ગ્રાન્ટેડ | ૦૩ | ૦૪ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| બાવળા | સરકારી | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | ગ્રાન્ટેડ | ૦૬ | ૦૫ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

સાણંદ અને બાવળા તાલુકામાં ખાલી જગ્યાઓ

| તાલુકો | શાળા | ખાલી જગ્યાઓ | કેટલા સમયથી ખાલી છે. |
|---|---|---|---|
| સાણંદ | સરકારી | ૦૮ | ૦૪ જગ્યા બે વર્ષથી ખાલી છે. ૦૪ જગ્યા શાળા શરૂ થયેથી ખાલી છે. |
| | ગ્રાન્ટેડ | ૦૮ | નિવૃત્તીના કારણે એક વર્ષથી ખાલી છે. |
| બાવળા | સરકારી | ૦૩ | એક વર્ષથી ખાલી છે. |
| | ગ્રાન્ટેડ | ૧૧ | નિવૃત્તીના કારણે એક વર્ષથી ખાલી છે. |

નર્મદા જિલ્લામાં સ્વસહાય જુથને કેશ ક્રેડિટ આપવા બાબત

* ૧૬૯૧૩ શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ સ્વસહાય જુથોને બેંકે દ્વારા કેશ ક્રેડિટ આપવામાં આવે છે તે હકિકત સાચી છે.

(૧) હા,

(૨) જો હા, તો વર્ષ ૨૦૧૪-૧૫ માં નર્મદા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ કેટલા સ્વસહાય જુથોને કેશક્રેડિટ આપવામાં આવી.

(૨) વર્ષ ૨૦૧૪-૧૫ માં નર્મદા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ૫૯૦ સ્વસહાય જુથોને કેશક્રેડિટ આપવામાં આવી છે.

(૩) કેશક્રેડિટ પેટે કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેશક્રેડિટ પેટે કુલ રૂા.૧૦૧૭.૮૫ ની રકમ બેંક દ્વારા મંજૂર કરવામાં આવી છે.

(૪) તે પૈકી કેટલી રકમનું ઉકત સ્થિતિએ ડીસબર્સમેન્ટ કરવામાં આવ્યું ?

(૪) ઉકત સ્થિતિએ પૈકી રૂા.૪૩૭.૨૫ ની રકમનું ડીસબર્સમેન્ટ કરવામાં આવ્યું છે.

કચ્છ જિલ્લામાં પંચાયત હસ્તકનું જુનિયર ફાર્માસીસ્ટનું મંજૂર મહેકમ

અતારાંકિત પ્રશ્નો

* ૧૬૮૭૫ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૪ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં પંચાયત હસ્તકનું જુનિયર ફાર્માસીસ્ટનું મંજૂર મહેકમ કેટલું છે, | (૧) ૯૫ [ કમ્પાઉન્ડર (ફાર્માસીસ્ટ) ] |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી હતી, | (૨) ૬૯ |
| (૩) તે પૈકી વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી અને કેટલી ખાલી રહી, અને | (૩) ૬૨ જગ્યાઓ ભરવામાં આવી અને ૭ જગ્યાઓ ખાલી રહી. |
| (૪) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ? | (૪) ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ |

જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં આદિજાતિના દાખલા મેળવવાની અરજીઓ

* ૧૫૮૦૯ શ્રી બાબુભાઈ કા. વાજા(માંગરોળ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર આદિજાતિઓનાં દાખલા મેળવવા વર્ષવાર કેટલી અરજીઓ મળી, | (૧) * સામેલ પત્રક મુજબ ૧૦,૦૫૬ અરજીઓ |
| (૨) ઉકત સ્થિતિએ તે અન્વયે તાલુકાવાર કેટલી બેઠક મળી | (૨) ૧૯ બેઠક |
| (૩) મળેલ બેઠકવાર તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર અને નામંજૂર કરવામાં આવી, અને | (૩) સામેલ પત્રક મુજબ ૩,૩૦૯ મંજૂર અને ૨૩૫૨ નામંજૂર |
| (૪) અરજીઓ નામંજૂર થવાનાં શાં કારણો છે ? | (૪) (ક) અરજદારો દ્વારા પુરતા આધાર–પુરાવા રજૂ કરવામાં આવેલ ન હોવાથી,<br>(ખ) વારસાઈ આંબો સુસંગત ન હોવાથી,<br>(ગ) મસવાડી પહોંચ સમય મર્યાદા બહારની હોવાથી,<br>(ઘ) વન ખાતાનો અભિપ્રાય ન હોવાથી,<br>(ચ) મસવાડી પહોંચમાં છેકછાક કરેલ હોવાથી |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

મહીસાગર અને ખેડા જિલ્લામાં વૃક્ષારોપણ કાર્યક્રમ

* ૧૬૩૮૭ શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર અને ખેડા જિલ્લામાં તાલુકાવાર વૃક્ષારોપણ કાર્યક્રમ અન્વયે કેટલી જમીનમાં રોપા રોપવામાં આવ્યા, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે મહીસાગર જિલ્લામાં તાલુકાવાર ૫૦૧૭.૦૩ હેકટર અને ખેડા જિલ્લામાં તાલુકાવાર ૪૭૮૨.૦૦ હેકટર મળી કુલ ૯૭૯૯.૦૩ હેકટર જમીનમાં રોપા રોપવામાં આવ્યા. |

| મહીસાગર જિલ્લો | | |
|---|---|---|
| અ.નં. | તાલુકાનું નામ | રોપવામાં આવેલ રોપાનો વિસ્તાર (હે.) |
| ૧ | ખાનપુર | ૮૦૦.૨૬ |
| ૨ | કડાણા | ૧૧૭૦.૭૯ |
| ૩ | વિરપુર | ૩૩૨.૦૦ |
| ૪ | સંતરામપુર | ૧૬૫૫.૨૦ |
| ૫ | લુણાવાડા | ૬૭૬.૭૮ |
| ૬ | બાલાસિનોર | ૩૮૨.૦૦ |
| | કુલ | ૫૦૧૭.૦૩ |
| ખેડા જિલ્લો | | |

| અ.નં. | તાલુકાનું નામ | રોપવામાં આવેલ રોપનો વિસ્તાર (હે.) |
|---|---|---|
| ૧ | નડીયાદ | ૭૫૮.૦૦ |
| ૨ | કપડવંજ | ૬૬૦.૫૦ |
| ૩ | કઠલાલ | ૫૯૧.૦૦ |
| ૪ | ખેડા | ૫૮૩.૦૦ |
| ૫ | મહુધા | ૫૪૨.૫૦ |
| ૬ | માતર | ૪૨૭.૦૦ |
| ૭ | મહેમદાવાદ | ૬૨૧.૦૦ |
| ૮ | ઠાસરા | ૫૯૯.૦૦ |
| | કુલ | ૪૭૮૨.૦૦ |
| કુલ એકંદરે | | ૯૭૯૯.૦૩ |

(૨) ઉકત સ્થિતિએ રોપા રોપવા જમીન સરકાર હસ્તકની હતી કે કેમ ?

(૨) હા, જી

જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં સરદાર આવાસ અને ઇન્દિરા આવાસ યોજના હેઠળ અરજીઓ

* ૧૬૧૯૫ શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લાવાર સરદાર આવાસ અને ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસો બનાવવા માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૪ ની સ્થિતિએ

(૧) સરદાર આવાસ

| ક્રમ | જિલ્લો | સરદાર આવાસ હેઠળ મળેલ અરજીઓ | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૩-૧૪ | વર્ષ ૨૦૧૪-૧૫ |
| ૧ | જુનાગઢ | ૦ | ૦ |
| ૨ | ગીર સોમનાથ | ૦ | ૦ |
| | કુલ | ૦ | ૦ |

(૨) સરદાર આવાય યોજના – ૨

| ક્રમ | જિલ્લો | સરદાર આવાસ –૨ હેઠળ મળેલ અરજીઓ | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૩-૧૪ | વર્ષ ૨૦૧૪-૧૫ |
| ૧ | જુનાગઢ | ૦ | ૪૮૦૪ |
| ૨ | ગીર સોમનાથ | ૦ | ૪૧૫૦ |
| | કુલ | ૦ | ૮૯૫૪ |

(૩) ઈન્દિરા આવાસ

| ક્રમ | જિલ્લો | ઈન્દિરા આવાસની મળેલ અરજીઓ | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૩-૧૪ | વર્ષ ૨૦૧૪-૧૫ |
| ૧ | જુનાગઢ | ૮૨૫ | ૨૮૯ |
| ૨ | ગીર સોમનાથ | ૧૩૩૦ | ૪૪૮ |

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ જિલ્લાવાર અને વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી નામંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ પડતર છે, અને

(૨)

(૧) સરદાર આવાસ

| | જુનાગઢ | મંજૂર | નામંજૂર | પડતર |
|---|---|---|---|---|
| ૧ | વર્ષ ૨૦૧૩–૧૪ | ૦ | ૦ | ૦ |
| | વર્ષ ૨૦૧૪–૧૫ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૦ | ૦ | ૦ |
| ૨ | ગીર સોમનાથ | મંજૂર | નામંજૂર | પડતર |
| | વર્ષ ૨૦૧૩–૧૪ | ૦ | ૦ | ૦ |
| | વર્ષ ૨૦૧૪–૧૫ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૦ | ૦ | ૦ |

(૨) સરદાર આવાય યોજના – ૨

| | જુનાગઢ | મંજૂર | નામંજૂર | પડતર |
|---|---|---|---|---|
| ૧ | વર્ષ ૨૦૧૩–૧૪ | ૦ | ૦ | ૦ |
| | વર્ષ ૨૦૧૪–૧૫ | ૧૩૭૨ | ૩૪૩૨ | ૦ |
| | કુલ | ૧૩૭૨ | ૩૪૩૨ | ૦ |
| ૨ | ગીર સોમનાથ | મંજૂર | નામંજૂર | પડતર |
| | વર્ષ ૨૦૧૩–૧૪ | ૦ | ૦ | ૦ |
| | વર્ષ ૨૦૧૪–૧૫ | ૮૪૯ | ૩૩૦૧ | ૦ |
| | કુલ | ૮૪૯ | ૩૩૦૧ | ૦ |

(૩) ઈન્દિરા આવાસ

| | જુનાગઢ | મંજૂર | નામંજૂર | પડતર |
|---|---|---|---|---|
| ૧ | વર્ષ ૨૦૧૩–૧૪ | ૮૨૦ | ૫ | ૦ |
| | વર્ષ ૨૦૧૪–૧૫ | ૨૮૯ | ૦ | ૦ |
| | કુલ | ૧૧૦૯ | ૫ | ૦ |
| ૨ | ગીર સોમનાથ | મંજૂર | નામંજૂર | પડતર |
| | વર્ષ ૨૦૧૩–૧૪ | ૧૩૩૦ | ૦ | ૦ |
| | વર્ષ ૨૦૧૪–૧૫ | ૪૪૮ | ૦ | ૦ |

(૩) અરજીઓ નામંજૂર કરવામાં આવી તેના કારણો શાં છે તથા પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

(૩) (૧) સરદાર આવાસ – અરજીઓ આવેલ ન હોઇ પ્રશ્ન નથી.

(૨) સરદાર આવાસ યોજના–૨ માં યોજના મુજબની પાત્રતા લાભાર્થીઓ ધરાવતા ન હોઇ નામંજૂર કરવામાં આવેલ છે અને પડતર અરજીઓની વિગત શૂન્ય હોઇ નિકાલ કરવાનો પ્રશ્ન રહેતો નથી.

(૩) ઈન્દિરા આવાસ – જૂનાગઢ જિલ્લામાં કુલ–૦૫ અરજીઓ નામંજૂર કરવામા આવેલ છે જે લાભાર્થીઓ દ્વારા અસહમતિ દર્શાવવાને કારણે અરજીઓ નામંજૂર કરેલ છે.

## અરવલ્લી જિલ્લામાં મંજૂર થયેલ મહેકમ

* ૧૮૦૦૨ શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ અરવલ્લી જિલ્લા પંચાયતનું મહેકમ કેટલું મંજૂર કરવામાં આવેલ છે,

(૧)

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ–૧ | ૧૦ |
| વર્ગ–૨ | ૧૧ |
| વર્ગ–૩ | ૧૦૧ |
| વર્ગ–૪ | ૨૩ |

| | |
|---|---|
| કુલ | ૧૪૫ |

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ કાયમી ભરવામાં આવેલ છે,

(૨)

| સંવર્ગ | ભરાયેલ જગ્યા |
|---|---|
| વર્ગ–૧ | ૨ |
| વર્ગ–૨ | ૧ |
| વર્ગ–૩ | ૧૭ |
| વર્ગ–૪ | ૩ |
| કુલ | ૨૩ |

(૩) કેટલી જગ્યાઓ ઉક્ત સ્થિતિએ ખાલી છે, અને

(૩)

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ–૧ | ૮ |
| વર્ગ–૨ | ૧૦ |
| વર્ગ–૩ | ૮૪ |
| વર્ગ–૪ | ૨૦ |
| કુલ | ૧૨૨ |

(૪) ખાલી જગ્યાઓ કેટલા સમયમાં સરકાર ભરવા માંગે છે ?

(૪) ઉપલબ્ધિ તથા ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ

અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર વિકાસ અધિકારીઓની જગ્યાઓ

* ૧૫૮૨૨ શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર વિકાસ અધિકારીઓની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યા કેટલા સમયમાં ભરવામાં આવશે ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં નીચે મુજબ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓની જગ્યા ખાલી છે

| અ.નં. | તાલુકાનું નામ | કઇ તારીખથી ખાલી છે. |
|---|---|---|
| ૧ | મેઘરજ | તા.૨–૧૧–૨૦૧૩ |
| ૨ | ધનસુરા | તા.૧–૧૦–૨૦૧૪ |

(૨) બદલી, બઢતી, સીધી ભરતીથી અધિકારીઓ ઉપલબ્ધ થયેથી.

સરકારી માધ્યમિક શિક્ષક વર્ગ–૩ ને બઢતીના ગ્રેડ પે મુજબ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ આપવા બાબત

* ૧૮૦૧૯ શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યમાં સરકારી માધ્યમિક શાળામાં ફરજ બજાવતા મદદનીશ શિક્ષક વર્ગ–૩ ના સરકારી કર્મચારીઓ શિક્ષણ સેવા વર્ગ–૨ માં બઢતીને પાત્ર હોય તેથી તેને પ્રથમ ઉચ્ચત્તર પગાર બઢતીના ગ્રેડ મુજબ મળવાપાત્ર થાય તે હકીકત સાચી છે કે કેમ.

(૨) જો હા, તો આ સરકારી શિક્ષકોને પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ બઢતીના ગ્રેડ મુજબનું તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ આપવામાં આવતું નથી તે હકીકત પણ સાચી છે, અને

(૩) જો હા, તો આ સમસ્યાના ઉકેલ માટે સરકારે શાં આદેશો આપ્યા છે ?

જવાબ

(૧) ના, જી

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તા.૧૬મી માર્ચ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

પંચમહાલ જિલ્લામાં ગેરકાયદેસર વૃક્ષ છેદનના કેસો

* ૧૭૭૭૨ શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં બે વર્ષ દરમ્યાન ગેરકાયદેસર વૃક્ષ છેદનના કેટલા કેસો કરવામાં આવ્યા,

(૧)

| અ.નં. | વર્ષ | ગેરકાયદેસર વૃક્ષછેદનના કેસોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૩–૧૪ | ૫૭૨ |
| ૨ | ૨૦૧૪–૧૫ (તા.૩૧–૧૨–૧૪ અંતિત) | ૪૪૪ |
| | કુલ | ૧૦૧૬ |

(૨) આ ગેરકાયદેસર વૃક્ષ છેદનમાં કુલ કેટલા વાહનો તાલુકાવાર પકડાયા, અને

(૨)

| અ.નં. | તાલુકો | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ |
|---|---|---|---|
| ૧ | ગોધરા | ૨૭ | ૧૬ |
| ૨ | શહેરા | ૨ | ૦ |
| ૩ | મોરવા | ૪ | ૧ |
| ૪ | કાલોલ | ૩૨ | ૪ |
| ૫ | હાલોલ | ૭ | ૬ |
| ૬ | ઘોઘંબા | ૭ | ૧૩ |
| | કુલ | ૭૯ | ૪૦ |

(૩) ઉકત સ્થિતિએ આ વાહનો પૈકી કેટલા જપ્ત છે, અને કેટલા છોડી મૂક્યા ?

(૩) ૧૧૯ વાહનો જપ્ત કરવામાં આવેલ, જે પૈકી ૧૧૫ વાહનોને તપાસ પછી મુક્ત કરવામાં આવેલ.

પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓનું મંજૂર મહેકમ

* ૧૫૮૦૨ શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૧)

| જિલ્લાનું નામ | મંજૂર મહેકમ |
|---|---|
| પંચમહાલ | ૮૨૫૩ |
| મહીસાગર | ૫૬૭૩ |

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| જિલ્લાનું નામ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| પંચમહાલ | ૭૫૭૨ | ૬૮૧ |
| મહીસાગર | ૫૫૦૪ | ૧૬૯ |

(૩) ઉકત સ્થિતિએ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) જેમ બને તેમ જલ્દી

પંચમહાલ જિલ્લામાં હાલોલ તાલુકામાં સ્વસહાય જૂથની રચના

* ૧૬૯૧૫ શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ પંચમહાલ જિલ્લામાં હાલોલ તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં કેટલા સ્વસહાય જૂથોની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ પંચમહાલ જિલ્લામાં હાલોલ તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં સ્વસહાય જૂથની રચના કરવાનો લક્ષ્યાંક ફાળવેલ નથી.

(૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી, અને

(૨) તે પૈકીના તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ ૧ સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી.

(૩) તે પૈકી કેટલી સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી ?

(૩) સ્વસહાય જૂથને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી નથી.

અતારાંકિત પ્રશ્નો

અમદાવાદ જિલ્લામાં રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ અન્વયે બાળકોને એડમીશન આપવા બાબત

* ૧૫૮૦૬ ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં છેલ્લા એક વર્ષમાં રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ–૨૦૦૯ અન્વયે કઇ શાળાઓમાં કેટલા બાળકોને એડમીશન અપાયા, અને | (૧) ૧૧૭ શાળાઓમાં ૫૨૬ બાળકોને એડમીશન આપેલ છે. (*યાદી સામેલ છે) |
| (૨) આ એક્ટનું પાલન ન કરનાર કઇ શાળાઓ સામે ક્યારે શાં પગલાંઓ લેવામાં આવ્યા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(*યાદી સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

ડાંગ જિલ્લામા સરદાર આવાસ યોજના–૨ હેઠળની અરજીઓ

* ૧૬૮૮૩ શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરદાર આવાસ યોજના–૨ હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૩૨૭૨ અરજીઓ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૨૭૨ મંજૂર |
| (૩) તે પૈકી કેટલા આવાસોનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું ? | (૩) ૨૨૭૨ આવાસો |

મહેસાણા જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ હેઠળના લાભાર્થીઓ

* ૧૬૮૮૮ શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ (આઇડબલ્યુએમપી) હેઠળ તા.૩૧–૧૨–૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ક્ષમતાવર્ધનની તાલીમ કાર્યક્રમો કરવામાં આવેલ, અને | (૧) મહેસાણા જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ (આઇડબલ્યુએમપી) હેઠળ તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમા ૧૮૧ ક્ષમતાવર્ધન તાલીમ કાર્યક્રમો કરવામાં આવેલ છે. |
| (૨) આ પેકી કેટલા લાભાર્થીઓએ ભાગ લીધેલ ? | (૨) આ પૈકી ૧૦૮૬૭ લાભાર્થીઓએ ભાગ લીધેલ છે. |

રાજ્યમાં આદિજાતિ ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોમાં નિમણૂંક કર્મચારીઓને માનદ વેતન આપવા બાબત

* ૧૫૮૪૦ શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં આવેલ આદિજાતિ ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયમાં બાળકોની દેખભાળ રાખવા માટે નિમણૂંક પામેલ કર્મચારીઓને કેટલી રકમનું માનદ વેતન આપવામાં આવે છે, અને

જવાબ

(૧)

| | કર્મચારીનો હોદ્દો | માનદ વેતનની માસિક રકમ |
|---|---|---|
| ૧. | નોન એસ.એસ.સી.ગૃહપતિ/ગૃહમાતા | ૪૫૦૦/– |
| ૨. | એસ.એસ.સી.ગૃહપતિ/ગૃહમાતા | ૪૫૦૦/– |
| ૩. | એસ.એસ.સી. પાસ અને પી.ટી.સી. અથવા એસ.એસ.સી. પાસ અને છાત્રાલયના ગૃહપતિ/ગૃહમાતા તરીકેનો પાંચ વર્ષનો અનુભવ. | ૪૫૦૦/– |
| ૪. | સ્નાતક ગૃહપતિ/ગૃહમાતા | ૫૫૦૦/– |
| ૫. | સ્નાતક અને ગૃહપતિ/ગૃહમાતા તરીકેનો પાંચ વર્ષનો અનુભવ અથવા ટ્રેઇન્ડ સ્નાતક | ૫૫૦૦/– |
| ૬. | મુખ્ય રસોયા | ૩૦૦૦/– |
| ૭. | મદદનીશ રસોયા | ૨૫૦૦/– |

| | | |
|---|---|---|
| ૮. | ચોકીદાર | ૨૫૦૦/- |

(૨) આ માનદ વેતનમાં છેલ્લે કેટલી રકમનો વધારો કરવામાં આવ્યો ?

(૨)

| | કર્મચારીનો હોદ્દો | તા.૨૮-૯-૦૫ ના ઠરાવ મુજબ જુનો વેતન દર | અગાઉના માનદ વેતનમાં વધારેલ રકમ |
|---|---|---|---|
| ૧. | નોન એસ.એસ.સી.ગૃહપતિ/ગૃહમાતા | ૨૩૦૦/- | ૨૨૦૦/- |
| ૨. | એસ.એસ.સી.ગૃહપતિ/ગૃહમાતા | ૨૪૦૦/- | ૨૧૦૦/- |
| ૩. | એસ.એસ.સી.પાસ અને પી.ટી.સી. અથવા એસ.એસ.સી.પાસ અને છાત્રાલયના ગૃહપતિ/ગૃહમાતા તરીકેનો પાંચ વર્ષનો અનુભવ. | ૨૫૦૦/- | ૨૦૦૦/- |
| ૪. | સ્નાતક ગૃહપતિ/ગૃહમાતા | ૨૬૦૦/- | ૨૯૦૦/- |
| ૫. | સ્નાતક અને ગૃહપતિ/ગૃહમાતા તરીકેનો પાંચ વર્ષનો અનુભવ અથવા ટ્રેઈન્ડ સ્નાતક | ૨૭૦૦/- | ૨૮૦૦/- |
| ૬. | મુખ્ય રસોયા | ૧૩૦૦/- | ૧૭૦૦/- |
| ૭. | મદદનીશ રસોયા | ૧૨૦૦/- | ૧૩૦૦/- |
| ૮. | ચોકીદાર | ૧૦૦૦/- | ૧૫૦૦/- |

બનાસકાંઠા જિલ્લામાં મંજૂર થયેલ સરકારી માધ્યમિક શાળાઓ

* ૧૭૪૨૮ શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાદિઠ મંજૂર થયેલ સરકારી માધ્યમિક શાળાઓ કેટલી છે.

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | સરકારી માધ્યમિક શાળાની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૦૩ |
| ૨ | અમીરગઢ | ૦૪ |
| ૩ | વાવ | ૦૮ |
| ૪ | દિયોદર | ૦૫ |
| ૫ | થરાદ | ૧૪ |
| ૬ | ધાનેરા | ૦૩ |
| ૭ | ડીસા | ૧૦ |
| ૮ | ભાભર | ૦૨ |
| ૯ | દાંતા | ૦૫ |
| ૧૦ | કાંકરેજ | ૦૨ |
| ૧૧ | દાંતીવાડા | ૦૨ |
| | કુલ | ૫૮ |

(૨) તેમાં પોતાના બિલ્ડીંગ વગરની શાળાઓ કઇ કઇ છે,

(૨) *પત્રક-૧ સામેલ છે.

(૩) શાળાઓમાં સેટઅપ મુજબ કેટલા શિક્ષકોની જગ્યા ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ૩૯ શિક્ષકોની જગ્યાઓ ભરાયેલી છે અને ૧૩૭ શિક્ષકોની જગ્યાઓ ખાલી છે.

(૪) ખાલી જગ્યા ક્યારે ભરવા સરકારનું આયોજન છે ?

(૪) મદદનીશ શિક્ષકની ખાલી જગ્યાઓ ભરવા માટે સ્થળ પસંદગીની કાર્યવાહી પૂર્ણ થયેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

## દાહોદ જિલ્લામાં ગ્રામ સંગઠનોને કોમ્યુનીટી ઇન્વેસ્ટમેન્ટ ફંડની રકમ

* ૧૬૯૦૨ શ્રી વીછીયાભાઇ જો. ભુરીયા (લીમખેડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં તા.૩૧-૧૨-૧૪ ની સ્થિતિએ કેટલા ગ્રામ સંગઠનોને કોમ્પ્યુનીટી ઇન્વેસ્ટમેન્ટ ફંડની રકમ આપવામાં આવી,

(૧) દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં તા.૩૧-૧૨-૧૪ની સ્થિતિએ ૨૦ ગ્રામ સંગઠનોને કોમ્પ્યુનીટી ઇન્વેસ્ટમેન્ટ ફંડની રકમ આપવામાં આવી,

(૨) તે ફંડ પેટે કુલ કેટલી રકમ આપવામાં આવી, અને

(૨) કુલ રૂા. ૭૧.૫૦ લાખ

(૩) આ ફંડનો ઉપયોગ કયા હેતુ માટે કરવામાં આવે છે ?

(૩) ગ્રામ સંગઠનો, સ્વસહાય જુથના મારફતે સ્વસહાય જુથના સભ્યોને સામાન્ય વપરાશ, શૈક્ષણિક, આરોગ્ય, ઉંચા વ્યાજની લોન પરત કરવા તથા ઉત્પાદકિય પ્રવૃત્તિ માટે લોન તરીકે આપવા માટે કોમ્પ્યુનીટી ઇન્વેસ્ટમેન્ટ ફંડનો ઉપયોગ કરે છે.

## રાજ્યમાં જંગલી ભૂંડ દ્વારા ખેતીના પાકને નુકશાન

* ૧૮૨૭૭ શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં જંગલી ભૂંડ ખેતીના પાકને નુકશાન ન કરે તે માટે શું આયોજન રાજ્ય સરકારે કરેલ છે, અને

(૧) રાજ્યમાં જંગલી ભૂંડ ખેતીના પાકને નુકશાન ન કરે તે માટે સરકારશ્રી તરફથી ખેડૂતના ખેતર ફરતે કાંટાળા તારની વાડ બનાવવા માટે સહાય આપવાની યોજના અમલમાં છે.

જે અન્વયે ખેડૂતે ખરેખર કરેલ ખર્ચની રકમ અથવા કાંટાળા તારની વાડ માટેના એસ.ઓ.આર.પ્રમાણે થતી રકમ પૈકી જે ઓછું હોય તેના ૫૦ ટકા રકમ સહાય પેટે ચુકવવાની જોગવાઇ કરેલ છે.

(૨) જો આયોજન ન કરેલ હોય તો ક્યાં સુધીમાં આયોજન કરવામાં આવશે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તા.૧૬મી માર્ચ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

આણંદ અને ખેડા જિલ્લામાં ૦ થી ૧૬ બી.પી.એલ. નંબરના કુટુંબોને રેશનકાર્ડ

* ૧૮૧૩૫ શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ ૦ થી ૧૬ બી.પી. એલ. નંબર ધરાવતા કુટુંબોને રાહત દરનું રેશનકાર્ડ આપવા સંદર્ભે આદેશ પરિપત્ર ક્યારે કરવામાં આવેલ છે, | (૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ ૦ થી ૧૬ બી.પી.એલ. નંબર ધરાવતા કુટુંબોને રાહત દરનું રેશનકાર્ડ આપવા તા.૧૯-૨-૧૧થી ઠરાવ કરવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે આણંદ અને ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ૦ થી ૧૬ બી.પી.એલ. નંબર ધરાવતા કેટલા કુટુંબોને રેશનકાર્ડ આપવામાં આવ્યા, અને | (૨) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એટલે કે તા.૧-૨-૨૦૧૩ થી તા.૩૧-૧-૨૦૧૫ દરમ્યાન આણંદ જિલ્લામાં ૦ થી ૧૬ બી.પી.એલ.નંબર ધરાવતા ૧૬૭૯ કુટુંબોને બી.પી.એલ. રેશનકાર્ડ આપવામાં આવ્યા છે. ખેડા જિલ્લામાં ૧૬૯ કુટુંબોને રેશનકાર્ડ આપવામાં આવ્યા છે. તાલુકાવાર *પત્રક-૧ સામેલ છે. |
| (૩) ઉકત સ્થિતિએ કેટલા કુટુંબોની અરજી પડતર છે અને પડતર અરજીનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ? | (૩) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ૧૮૫૬ કુટુંબોની અરજીઓ પડતર છે જ્યારે ખેડા જિલ્લામાં કોઇ અરજી પડતર નથી. આણંદ જિલ્લામાં પડતર અરજીઓની નિયમોનુસારની ચકાસણી બાદ બનતી ત્વરાએ. |

પત્રક-૧

| અ.નં. | જિલ્લોઃ આણંદ | | જિલ્લોઃ ખેડા | |
|---|---|---|---|---|
| | તાલુકાનું નામ | આપવામાં આવેલ બી.પી.એલ. રેશનકાર્ડની સંખ્યા | તાલુકાનું નામ | અપવામાં આવેલ બી.પી.એલ. રેશનકાર્ડની સંખ્યા |
| ૧ | આણંદ (શ) | ૦ | માતર | ૫૩ |
| ૨ | આણંદ (ગ્રા) | ૨૪૧ | વસો | ૧ |
| ૩ | ઉમરેઠ | ૦૭ | ખેડા | ૨૧ |
| ૪ | આંકલાવ | ૪૩૦ | મહેમદાવાદ | ૦ |
| ૫ | બોરસદ | ૨૯૧ | મહુધા | ૧૧ |
| ૬ | પેટલાદ | ૩૭ | કઠલાલ | ૨૫ |
| ૭ | સોજીત્રા | ૯૧ | કપડવંજ | ૦ |
| ૮ | તારાપુર | ૩૧૮ | ઠાસરા | ૫૮ |
| ૯ | ખંભાત | ૨૬૪ | ગળતેશ્વર | ૦ |
| ૧૦ | -- | - | નડીયાદ (શહેર) | ૦ |
| ૧૧ | -- | -- | નડીયાદ (ગ્રામ્ય) | ૦ |
| | કુલ | ૧૬૭૯ | કુલ | ૧૬૯ |

અધ્યક્ષશ્રીની જાહેરાત

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે. પોલીસ અધિક્ષક પોરબંદરે મને તેમના તાઃ૧૩-૩-૨૦૧૫ના ફેકસ મેસેજથી જાણ કરેલ છે કે કીર્તિ મંદિર પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ ગુના રજીસ્ટર નંબરઃ ૧/૯/૨૦૧૫, આઇપીસી કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭ તથા જીપીએકટ કલમ-૧૩૫ હેઠળ ગુનાસબબ ૮૪ કુતિયાણા વિધાનસભા મતવિસ્તારના સભ્યશ્રી કાંધલ જાડેજાની તા. ૧૩-૩-૨૦૧૫ના રોજ ૪-૩૦ કલાકે કરવામાં આવેલ અટકાયત બાદ તેઓશ્રીને નામદાર કોર્ટમાં રજૂ કરવામાં આવતા નામદાર કોર્ટ દ્વારા તે જ દિવસે જામીન પર મુકત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ કીર્તિ મંદિર પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ ચેપ્ટર કેસ ૯/૧૫, સીઆરપીસી કલમ-૧૧૦ ઇજી મુજબ આ જ ગુનાસર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે સારુ સભ્યશ્રી કાંધલ જાડેજાની ૧૩-૩-૨૦૧૫ના રોજ ૧૯-૦૦ કલાકે સીઆરપીસી કલમ-૪૧ /૨ અન્વયે પુનઃ અટકાયત કરવામાં આવેલ છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી એ હતી કે સવારે અમે ઝીરો અવર્સમાં આ સમગ્ર ગુજરાતની અંદર કેટલા ટાઇમથી વરસાદ પડે છે, ભૂતકાળમાં પણ અમે ૧૧૬ દાખલ કરી હતી એમાં પણ સરકારશ્રીએ જે જવાબ આપ્યો, પણ છેલ્લા ત્રણ દિવસની અંદર સમગ્ર ઉત્તર ગુજરાત અને ગુજરાતમાં કરા પડીને જ્યારે વરસાદ પડયો હતો. (સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : બલવંતસિંહજી, જયારે ૧૧૬ આ જ બાબતની દાખલ થઇ ચૂકી છે એ બાબત જયાં સુધી ગૃહમાં નહીં આવે ત્યાં સુધી આપણે એની ચર્ચા કરી શકતા નથી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે હું મારું ખાલી બોલવાનું પૂર્ણ કરું,

અધ્યક્ષશ્રી : મેં આપની ૧૧૬ દાખલ કરી છે. એ ૧૧૬ જયાં સુધી ગૃહમાં ચર્ચામાં નહીં આવે ત્યાં સુધી એની અગાઉથી આપણે ચર્ચા કરી શકતા નથી એટલે અત્યારે ચર્ચા કરવાનો કોઇ અવકાશ નથી. માનનીય શૈલેષભાઇની ૧૧૬ છે એના અનુસંધાને આગળની કાર્યવાહી કરીએ. આમાં ચર્ચા ના હોય, આપણે એક નવી પરંપરા ઉભી ના કરીએ કે જયારે ગૃહમાં બાબત ચર્ચામાં આવવાની જ બાકી હોય એ પૂર્વે આપણે ચર્ચા કરી શકતા નથી અને પૂર્વ અધ્યક્ષોના પણ રૂલીંગ છે એટલે આપણી પરંપરા જાળવીએ. (સતત અંતરાય) આ તબકકે સતત બેનર બતાવવામાં આવ્યા.

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ – ૧૧૬)
માનનીય સભ્યશ્રીઃ ગેરહાજર.

અધ્યક્ષશ્રી : (સતત અંતરાય) શકિતસિંહજી, આપ બેસી જાવ, આપ બેસી જાવ, આ રીતે આપણે (અંતરાય) બેસી જાવ, પ્લીઝ. આપની માગણીઓ બિલકૂલ વાજબી નથી શકિતસિંહભાઇ, પ્રશ્નોત્તરીના સમય દરમિયાન આપ નહોતા બધી ચર્ચાઓ થઇ ગઇ છે. હું આપને એલાઉ નથી કરતો. આપ પ્રશ્નોત્તરીના સમયે નહોતા એ દરમિયાન બધી જ ચર્ચા થઇ ગઇ છે. એના અનુસંધાને પ્રશ્નોત્તરીના સમય દરમિયાન ગૃહ મુલતવી પણ રહ્યું છે. પ્લીઝ.. (સતત અંતરાય)

શ્રી શંકરસિંહ લ. વાઘેલા (વિરોધ પક્ષના નેતા) : માનનીય અધ્યક્ષશ્રી, અમે આપની પાસે અપેક્ષા રાખીએ છીએ કે હાઉસ, આપણે પ્રશ્ન કલાક મોકૂફ રાખીને એમ હતું કે કંઇક સંવાદ થાય, બંન્ને સાથે મળીને અને સ્મુધલી ગૃહ ચાલે તો વધારે સારું. અમે સામેથી પ્રયત્ન કર્યો, અમારા દંડકશ્રીએ વિનંતી કરી, આપનો ટાઇમ અઢી વાગ્યાનો આવ્યો, હું ઇચ્છું કે એક સંવેદનશીલ મુદ્દો જયારે બટાકાનો હોય, ખેડૂતોને લગતો જયારે વળતરનો સવાલ હોય તો હાઉસે અડધો કલાક સ્પેશિયલ મંત્રીના જવાબની અપેક્ષા વિના ચર્ચા એલાઉ કરવી જોઇએ. આ ગૃહ સિવાય ખેડૂત જાય કયાં ચર્ચા કરવા માટે? અને ખેડૂત માટે વિરોધ પક્ષ તરીકે આટલી પણ ફરજ જો અમે ના નીભાવીએ, સરકાર નથી નિભાવતીમાટે થઇને આપને વિનંતી છે કે કોઇપણ રીતે રસ્તો કાઢીને ચર્ચાની અનુમતિ આપો તો સારું.

અધ્યક્ષશ્રી : ચર્ચા કરવાની કોઇ ના નથી. અગાઉ પણ જ્યારે વરસાદ થયો ત્યારે ૧૧૬ આપના સભ્યશ્રીની હતી એ દાખલ પણ થઇ હતી અને મંત્રીશ્રીએ જવાબ પણ આપ્યો હતો. ત્યારબાદ આજે સવારે આ કમોસમી વરસાદ અંગેની ૧૦ જેટલી ૧૧૬ આવી અને શૂન્યકાળ માટેની બલવંતસિંહજીની માગણી આવી અને એ બધું ધ્યાને રાખીને અને પૂર્વ અધ્યક્ષોના અનેક નિર્ણયો છે કે શૂન્યકાળની નિયમોમાં કોઇ જોગવાઇ ન હોવાથી ગુજરાત વિધાનસભામાં તેની પ્રથા પાડવામાં આવી નથી. તેમ છતાં શૂન્યકાળ પ્રશ્નોત્તરી બાદ ઉઠાવવામાં આવતો હોય છે. પરંતુ તેના માટે શરત એટલી છે કે શૂન્યકાળનો મુદ્દો આપનાર સભ્યશ્રીએ જે તે વિભાગના મંત્રીશ્રીની મંજૂરી લીધી હોવી જોઇએ અને મંત્રીશ્રીએ જવાબ આપવાની તૈયારી રાખવી પડે અને આ સંમતિ આપી હોય એની જાણ સભ્યશ્રી મને કરતાં હોય છે કે મંત્રીશ્રીએ હા પાડી છે ત્યારે એની ચર્ચા થતી હોય છે. તેમ છતાં ખેડૂતોનો મહત્ત્વનો પ્રશ્ન છે એટલા માટે મેં ૧૧૬ જ્યારે આજે દાખલ કરી દીધી છે ત્યારે અત્યારે આ મુદ્દાની ચર્ચા કરવાનું અસ્થાને છે. ૧૧૬માં આપ ચર્ચા કરશો. (અંતરાય) નહીં, પ્લીઝ (અંતરાય) (વિપક્ષના સભ્યશ્રીઓ દ્વારા સૂત્રો લખેલ બેનર દર્શાવતાં) આ પ્રકારનું પ્રદર્શન ન કરો. આ પ્રકારનું કોઇ પણ પ્રદર્શન કરી શકાતું નથી. માનનીય સભ્યશ્રીઓને વારંવાર વિનંતી કરવા છતાં આપ આપણી પરંપરા અને નિયમોનો ભંગ કરો છો એ કોઇપણ રીતે વાજબી નથી. મહેરબાની કરીને આ ગૃહની ગરિમા જળવાય તે જોવાની આપણા સૌની ફરજ છે. પ્લીઝ, મહેરબાની કરીને આ પ્રકારના આવા પ્રદર્શન ન કરો. (સતત સૂત્રોચ્ચાર) આપને ખાતરી આપી દીધા બાદ પણ આ પ્રકારનું પ્રદર્શન યોગ્ય નથી. કોઇપણ રીતે વાજબી નથી. જ્યારે ૧૧૬ દાખલ થઇ ચૂકી છે અને એમાં ચર્ચા કરવા માટે અધ્યક્ષ આપને અનુમતિ આપતા હોય પછી આપ અત્યારે ચર્ચાનો આગ્રહ રાખો એ યોગ્ય નથી. આ પ્રકારનું પ્રદર્શન આપણા ગૃહની ગરિમાને પણ યોગ્ય નથી. હું આપને વારંવાર વિનંતી કરું છું, પ્લીઝ, આપ ૧૧૬માં ચર્ચા કરી શકશો. આપને વિનંતી કરીને કહું છું કે આપ ૧૧૬માં આ બધી ચર્ચાઓ કરી શકશો. અત્યારે ગૃહનો સમય આપણે ન બગાડીએ. પ્લીઝ, આપ સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે આપ આપની બેઠક ઉપર જાઓ. આ પ્રકારનું પ્રદર્શન ન કરો. આપને વારંવાર વિનંતી કરવા છતાં પણ આપ આ પ્રકારનું પ્રદર્શન કરશો તો આપને મારે બહાર મોકલવા પડશે. (અંતરાય) માનનીય વિપક્ષના સભ્યશ્રીઓની ૧૧૬ દાખલ થયેલ છે. (આ તબક્કે મોટા ભાગના વિપક્ષના સભ્યશ્રીઓ વેલમાં આવી જતાં) આ બાબતની મેં ખાતરી આપી હોવા છતાં પણ આ પ્રકારનું વારંવારનું એમનું પ્રદર્શન કરીને વિધાનસભાનું ગૌરવ જાળવી શકતા નથી અને વેલમાં આવી જાય છે તો જેમના હાથમાં પ્રદર્શનના બેનર છે અને વેલમાં બેઠા છે એ તમામ સભ્યશ્રીઓને સાર્જન્ટ મિત્રો બહાર લઇ જાય. એમને બધાને પ્રેમથી બહાર લઇ જાઓ. સાર્જન્ટ મિત્રો બધાને બહાર લઇ જાઓ. હર્ષદભાઇ, આપ શાંતિથી બહાર જાઓ. સાર્જન્ટ મિત્રો મદદ કરે. સાર્જન્ટ મિત્રો બધાને બહાર લઇ જાવ. પ્લીઝ, શાંતિથી જજો. સાર્જન્ટ મિત્રો પણ મદદ કરે. ચલો. ( આ તબક્કે વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા, માન.શક્તિસિંહ ગોહિલ તથા શ્રી મોહનસિંહ રાઠવા સિવાયના ગૃહમાં હાજર રહેલા વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને)

(સતત સૂત્રોચ્ચાર વચ્ચે) જેટલા પણ ધારાસભ્યશ્રીઓ પ્રદર્શન કરી રહ્યાં છે અને વેલમાં આવી ગયા છે એ બધાને વિધાનસભાના નિયમ ૫૧ હેઠળ મળેલ સત્તાની રૂએ આજના દિવસ માટે સસ્પેન્ડ કરું છું. (અંતરાય)

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, મને સરકાર પાસે અને આપની પાસે પણ ઉપર આભ અને નીચે ધરતી ખેડૂતની જે હાલત બે શબ્દો સરકારે સંવેદનાના અને સહાનુભૂતિના વ્યક્ત કર્યા હોત તો આપઘાત કરતો ખેડૂત બચી જાય કે મારે મરી જવું નથી. મારે સંવેદનાના બે શબ્દો વ્યક્ત કરવા હતા. (અંતરાય)

અધ્યક્ષશ્રી : નહિ, શંકરસિંહજી પછી (અંતરાય) પછી સામ સામે આ ચર્ચા ચાલશે અને ગૃહનો સમય બગડશે. (અંતરાય) ૧૧૬માં આપણે ચર્ચા કરીશું. અને ૧૧૬ ની નોટિસ જ્યારે મેં દાખલ કરી છે એટલે અત્યારે ચર્ચા કરવી અસ્થાને છે. નેકસ્ટ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આજે ગરીબો માટેની માગણીઓ છે. માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ ખેડૂતો માટેની માગણીઓ એમને કહેવાનું કાંઇ છે નહિ. ગરીબો માટે ખાલી દેખાવ કરીને, આજે સામાજિક સુરક્ષા અને અનુસૂચિત જાતિ એ વિભાગની, એ યોજનાની એમને કાંઇ વાત કરવી હોત તો કરી શક્યા હોત, (અંતરાય) જ્યારે આ વિષય પર ૧૧૬(અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, પ્લીઝ,

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે એમને રેકોર્ડ ઉપર મૂકવા દો છો તો મને પણ રેકોર્ડ ઉપર મૂકવા દો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : કોઇને નહિ, એમને પણ નહિ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, આવી જ ના શકે. (અંતરાય) જઇ ને શું કરવાને પાછા આવો છો.

અધ્યક્ષશ્રી : નેકસ્ટ. પ્લીઝ, બેઠા બેઠા આપણે ચર્ચા ના કરીએ પ્લીઝ. (અંતરાય) કોઇ બેઠા બેઠા કોમેન્ટા ના કરો પ્લીઝ. (અંતરાય) શક્તિસિંહજી અને નીતિનભાઇ આપણે ચર્ચા ના કરો. નેકસ્ટ.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

માગણી ક્રમાંક : ૯૨

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

શ્રી રમણલાલ વોરા ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) :
માનનીય અધ્યક્ષશ્રી, હું સામાજિક સુરક્ષા અને કલ્યાણ સેવાને લગતી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૧૧,૯૫,૨૮,૨૯,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂ.૪૨,૦૮,૮૦,૦૦૦/- ની માગણી ક્રમાંક ૯૨ રજૂ કરું છું.

માગણી ક્રમાંક ૯૨ રજૂ કરવામાં આવી.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરવામાં આવી.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરવામાં આવી

માગણી ક્રમાંક : ૯૫.

શ્રી રમણલાલ વોરા ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિ પેટા યોજના સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૨૭,૯૯,૯૨,૨૩,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૧૧,૪૭,૨૫,૨૫,૦૦૦/-ની માગણી ક્રમાંક ૯૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક ૯૫ રજૂ કરવામાં આવી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરું છું. કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરવામાં આવી

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરવામાં આવી

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરુંછું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરવામાં આવી

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

માગણી ક્રમાંક : ૧૦૧

શ્રી શંકરભાઇ લ. ચૌધરી (રાજ્ય કક્ષાના શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી આવાસન સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૯,૨૯,૮૧,૬૭,૦૦૦/-ની માગણી ક્રમાંક ૧૦૧ રજૂ કરું છું.

માગણી ક્રમાંક ૧૦૧ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક : ૧૦૨

શ્રી નીતિનભાઇ ર. પટેલ (પ્રભારી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૭૩,૧૦,૭૫,૭૧,૦૦૦/– અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૭,૯૧,૦૦,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક ૧૦૨ રજૂ કરું છું.

માગણી ક્રમાંક ૧૦૨ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરવામાં આવી

સન ૨૦૧૫–૨૦૧૬ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી સોમવાર, તા. ૧૬–૦૩–૨૦૧૫ (ત્રીજા દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| અનુ. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫૫્ |
| સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ<br>માગણી નં ૯૨ | | | | |
| ૧ | ૨૨૨૫– અનુસૂચિત... કલ્યાણ<br>૦૩– પછાત... કલ્યાણ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>રૂ ૧૬,૦૫,૩૮,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૪(ભાગ–૧)<br>પાના નં . ૧૦ થી ૧૪ | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉત્કર્ષ માટે વહીવટી તંત્રમાં કુશળ અધિકારીઓનો અભાવ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઇ વાજા |
| ૨ | ––‘‘–– | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના લોકોને પ્રમાણપત્રો સમયસર મળી રહે તેવું આયોજન ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૩ | ––‘‘–– | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકો માટેની જુદી જુદી યોજનાઓ માટે વધુ રકમ ફાળવી તેનો લાભ ઝડપથી મળે તેવી કાર્યવાહી કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સી. કે. રાઉલજી |
| ૪ | ––‘‘–– | ૧૦૦ | જિલ્લાની કચેરીઓમાં ખાલી પડેલી જગ્યાઓ સત્વરે ન ભરાતા પછાત વર્ગોનાં કામોમાં થતો વિલંબ  નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાઘવજી પટેલ |
| ૫ | ––‘‘–– | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકોને મળવાપાત્ર લાભ આપવામાં ચાલતી ભેદભાવભરી નીતિ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ (મહંમદજાવીદ પીરઝાદા) |
| ૬ | ––‘‘–– | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના છાત્રાલયોમાં પ્રાથમિક સુવિધાઓ સત્વરે પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશ ધાનાણી |
| ૭ | ––‘‘–– | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકી રબારી અને ભરવાડ જાતિના લોકોને પૂરતા લાભો સત્વરે આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગોવાભાઇ રબારી |
| ૮ | ૨૨૩૫– સામાજિક ... કલ્યાણ<br>૦૨– સમાજ કલ્યાણ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧– S C W– (1) સમાજ... કચેરી<br>રૂ. ૫,૨૭,૧૦,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૪ (ભાગ – ૧)<br>પાના નં. ૬૪–૬૫ | ૧૦૦ | નારી સંરક્ષણ ગૃહોમાં નારીઓની સલામતી અંગે પૂરતી તકેદારી રાખવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી કામિનીબા રાઠોડ (મહેશકુમાર પટેલ) |

| | | | | |
|---|---|---|---|---|
| ૯ | --''-- | ૧૦૦ | નારી સંરક્ષણ ગૃહોમાં જરૂરી સુવિધાઓના અભાવે નારીઓને ફરાર થતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચન્દ્રીકાબેન બારીયા |
| ૧૦ | ૨૨૩૫- સામાજિક ... કલ્યાણ<br>૦૨- સમાજ કલ્યાણ<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૦૧- S C W- (1) સમાજ...<br>કચેરી<br>રૂ. ૫,૨૭,૧૦,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૪ (ભાગ - ૧)<br>પાના નં. ૬૪-૬૫ | ૧૦૦ | રાજ્યમાં વૃધ્ધોને જરૂરી સહાય પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (હીરાભાઇ પટેલ) |
| ૧૧ | --''-- | ૧૦૦ | વૃધ્ધાશ્રમોમાં રહેતા વૃધ્ધોની પૂરતી કાળજી રખાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવીણભાઇ રાઠોડ (ભોળાભાઇ ગોહેલ) |
| ૧૨ | --''-- | ૧૦૦ | વિકલાંગ વ્યક્તિઓને પ્રમાણપત્રો તેમજ સહાય સત્વરે પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત (ધારશીભાઇ ખાનપુરા) |
| ૧૩ | --''-- | ૧૦૦ | તાબાની કચેરીઓમાં પૂરતો સ્ટાફ ફાળવી તેની ગેરહાજરી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | ડો. તેજશ્રીબેન પટેલ (રમેશભાઇ ચાવડા) |
| ૧૪ | --''-- | ૧૦૦ | જામનગર-જુનાગઢ જિલ્લાની સમાજ સુરક્ષા અધિકારીની કચેરી દ્વારા બાળકોને દત્તક આપવાના હુકમો થવા છતાં તેનો સત્વરે અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (હર્ષદભાઇ રીબડીયા) |
| ૧૫ | --''-- | ૧૦૦ | આમજનતાની ફરિયાદો ઉપર પૂરતું ધ્યાન આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર |
| ૧૬ | --''-- | ૧૦૦ | મંદ બુધ્ધિ અને મૂકબધિર બાળકો કે જે કુટુંબ આશ્રિત હોય તેમને પેન્શનનો લાભ આપવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનીલ જોષીયારા (પ્રહલાદભાઇ પટેલ) |
| ૧૭ | ૨૨૩૫ સામાજિક... કલ્યાણ<br>૮૦૦- અન્ય ખર્ચ<br>૦૧-S C W-23- ભિક્ષા...<br>કાર્યક્રમ<br>રૂ. ૬,૧૦,૧૦,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૪(ભાગ-૧)<br>પાના નં ૮૮-૮૯ | ૧૦૦ | ભિક્ષુકોના પુન:સ્થાપનની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગૌતમભાઇ ચૌહાણ (મહેન્દ્રસિંહ બારૈયા) |
| ૧૮ | --''-- | ૧૦૦ | ભિક્ષુકોના પુન:સ્થાપન તેમજ ભિક્ષા નાબુદી માટેના કાર્યક્રમો હેઠળ થયેલ કામગીરીની સાચી માહિતી પ્રસિધ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આનંદભાઇ ચૌધરી (પુનાભાઇ ગામીત અને કાંતીભાઇ ખરાડી) |
| | | માગણી નં ૯૫ | | |
| ૧૯ | ૨૨૦૨- સામાન્ય શિક્ષણ<br>૦૧- પ્રારંભિક શિક્ષણ<br>૧૦૬- શિક્ષકો... સેવાઓ | ૧૦૦ | અનુસૂચિત જાતિના બાળકો માટેની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમીત ચૌધરી |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂ. ૩૬,૬૭,૩૮,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૪ (ભાગ –૨)<br>પાના નં. ૧૮ થી ૨૦ | | | |
| ૨૦ | ––''–– | ૧૦૦ | અનુસૂચિત જાતિના બાળકો માટેની પ્રાથમિક શાળાઓમાં અનુભવી અને તાલીમ પામેલા કોમ્પ્યુટર શિક્ષકો સત્વરે ભરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી વજેસિંગભાઇ પણદા |
| ૨૧ | ૨૨૨૫– અનુસૂચિત... કલ્યાણ<br>૦૧– અનુસૂચિત... કલ્યાણ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૨૮,૪૭,૪૪,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૪(ભાગ–૨)<br>પાના નં. ૯૩ થી ૧૦૩ | ૧૦૦ | સફાઇ કામદારોને પૂરતા વેતનથી નિમણૂંકો આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પૂનમભાઇ પરમાર |
| ૨૨ | ––''–– | ૧૦૦ | સફાઇ કામદારોના આકસ્મિક મૃત્યુ સમયે સત્વરે આર્થિક સહાય ચૂકવવામા તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| ૨૩ | ૨૨૨૫– અનુસૂચિત... કલ્યાણ<br>૦૧– અનુસૂચિત... કલ્યાણ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૨૮,૪૭,૪૪,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૪(ભાગ–૨)<br>પાના નં. ૯૩ થી ૧૦૩ | ૧૦૦ | સફાઇ કામદારોના પડતર પ્રશ્નો સત્વરે હલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મણીલાલ વાઘેલા |
| ૨૪ | ૨૨૨૫–.અનુસુચિત... કલ્યાણ<br>૦૧– અનુસૂચિત... કલ્યાણ<br>૨૮૩– આવાસન<br>૦૧–B C K –50–અનુસુચિત... સહાય<br>રૂ. ૬,૦૦,૦૦,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૪(ભાગ–૨)<br>પાના નં. ૧૨૮ | ૧૦૦ | અનુસૂચિત જાતિના લાભાર્થીઓને ડૉ. આંબેડકર આવાસ યોજનાની સહાય આપવામાં કરવામાં આવતો ભેદભાવ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૨૫ | ––''–– | ૧૦૦ | ડૉ. આંબેડકર આવાસ યોજના અંતર્ગત લાભાર્થીઓને સમયસર આવાસની સહાય ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મેરામણ આહિર |
| શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ<br>માંગણી નં ૧૦૧ | | | | |
| ૨૬ | ૨૨૧૬– આવાસન<br>૦૨– શહેરી ગૃહનિર્માણ<br>૧૯૦– જાહેર સેક્ટર...સહાય<br>રૂ.૨,૪૮,૭૦,૦૦,૦૦૦<br>અં.પ્ર. નં. ૨૬<br>પાના નં. ૧૮ થી ૨૩ | ૧૦૦ | ગુજરાત હાઉસીંગ બોર્ડના બાંધકામો નિયમિત કરવા મકાનધારકોને "ના–વાંધા" પ્રમાણપત્ર સત્વરે આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૨૭ | ––''–– | ૧૦૦ | હાઉસીંગ બોર્ડની પડતર જમીનો પર આવાસ બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈશ્વરભાઇ પટેલ |
| ૨૮ | ––''–– | ૧૦૦ | શહેરી ગૃહ નિર્માણ અન્વયે બનતા મકાનોની ગુણવત્તા જાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઇ ચૌધરી |
| ૨૯ | ૨૨૧૬– આવાસન<br>૦૨–શહેરીગૃહનિર્માણ | ૧૦૦ | મહાનગરપાલિકાઓએ બનાવેલ આવાસોને લાભ જરૂરિયાતમંદોને આપવામાં તંત્રની | શ્રી અશ્વિન કોટવાલ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૯૧ – મહાનગરપાલિકાને સહાય<br>રૂ. ૪,૩૦,૯૮,૨૮,૦૦૦<br>અં.પ્ર. નં. ૨૬<br>પાના નં ૨૪ | | નિષ્ફળતા | |
| | | માગણી નં ૧૦૨ | | |
| ૩૦ | ૨૨૧૭– શહેરી વિકાસ<br>૦૩– નાના... વિકાસ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૨– UDP –26– પ્રાદેશિક... યોજના<br>રૂ. ૩,૬૬,૧૦,૦૦૦<br>અં.પ્ર. નં. ૨૬<br>પાના નં. ૩૨ થી ૩૪ | ૧૦૦ | ટી.પી. સ્કીમોની મંજૂરી આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમીત ચાવડા |
| ૩૧ | ––‘‘–– | ૧૦૦ | ટી.પી. સ્કીમો પાડતી વખતે આમજનતાને ફાયદાકારક હોય તેવી સ્કીમો મૂકવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી છનાભાઇ ચૌધરી |
| ૩૨ | ૨૨૧૭– શહેરી વિકાસ<br>૦૩– નાના વિકાસ...<br>૦૦૧– નિર્દેશ વહીવટ<br>૦૩– મુખ્ય નગર નિયોજક<br>રૂ. ૨૫,૬૯,૬૦,૦૦૦<br>અં.પ્ર. નં. ૨૬<br>પાના નં. ૩૪–૩૫ | ૧૦૦ | નાના અને મધ્યમ નગરોના વિકાસના કામોમાં થતી ગેરરીતિઓ અટકાવી સ્માર્ટ સીટી બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રામસિંહ પરમાર (નિરંજન પટેલ) |
| ૩૩ | ૨૨૧૭– શહેરી વિકાસ<br>૮૦– સામાન્ય<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧–UDP –47– નગરપાલિકા... કચેરી<br>રૂ. ૧૨,૦૩,૮૩,૦૦૦<br>પાના નં. ૬૦–૬૧ | ૧૦૦ | અમદાવાદની જનતાને દરરોજ ત્રણ કલાક પુરતા પ્રેશરથી પાણી પુરુ પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શૈલેષ પરમાર (કરમશીભાઇ પટેલ) |
| ૩૪ | ––‘‘–– | ૧૦૦ | નગરપાલિકાઓના હોદ્દેદારોની ગેરવર્તણુંક સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જોઇતાભાઇ પટેલ (ધીરૂભાઇ ભીલ અને ડૉ. મિતેષ ગરાસિયા) |
| ૩૫ | ––‘‘–– | ૧૦૦ | નગરપાલિકાઓના વિકાસ માટે જરૂરી રકમ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગેંદાલભાઇ ડામોર (માનસિંહ ચૌહાણ અને રાજેન્દ્રસિંહ ઠાકોર) |
| ૩૬ | ––‘‘–– | ૧૦૦ | ઉના નગરપાલિકાની ગેરરીતિની રજૂઆત સામે પગલાં લેવામા તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઇ વંશ |

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને રજૂ થયેલી કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી આજે જે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણની તેમજ સામાજિક ન્યાય અને અધિકારતા બાબતની માગણીઓ લઇને આવ્યા છે, એમાં શહેરી વિકાસની માગણી નંબર ૧૦૧ અને ૧૦૨ પર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને આવાસન અને આવાસન બાબતમાં આ રાજ્યમાંની કુલ વસતિના ૪૭.૭ ટકા વસતિ

જ્યારે શહેરોમાં રહેતી હોય ત્યારે આ શહેરોને મેગા સિટી, ગ્રિન સિટી, ડ્રીમ સિટી અને સ્માર્ટ સિટી આવા અનેક નામો સાથે નવાજવા પડે અને એના માટેની પ્રાથમિક જરૂરિયાતો જેવી કે, નળ, ગટર, પાણી, રસ્તા, બી.આર.ટી.એસ.ની વાત હોય, મેટ્રો રેલની વાત થઇ, પણ આ તમામ બાબતોની અંદર ખાસ કરીને જે ટી.પી. સ્કીમો છે, જે ટી.પી. દ્વારા શહેરોનો વિકાસ થતો હોય છે. એ ટી.પી. સ્કીમોને મંજૂરી ના આપવાના કારણે આ વિસ્તારોની અંદર ગેર કાયદેસર બાંધકામો થાય છે અને ગેર કાયદેસર બાંધકામોના અનુસંધાનમાં ભૂતકાળમાં આજ વિધાનસભાની અંદર ઇમ્પેક્ટ ફીનો કાયદો લાવી એ ગેર કાયદેસર બાંધકામોને કાયદેસર કરવાની વાત થઇ હતી. પરિસ્થિતિ એવી થઇ કે, નિયમો ખૂબ ભારે હોવાના કારણે ઇમ્પેક્ટ ફીના કાયદામાં જે પ્રતિસાદ મળવો જોઇએ એ મળી શક્યો નથી અને એના ભાગરૂપે આજે અમદાવાદ શહેરની અંદર ૨૬ ટી.પી.સ્કીમો સરકાર દ્વારા મંજૂર કરવામાં આવી નથી, વડોદરા શહેરમાં ૧૫, સુરતમાં ૧૨ ટી.પી. સ્કીમોને મંજૂર કરવામાં આવી નથી. અને ટી.પી.સ્કીમ મંજૂર ન થવાને કારણે ત્યાંના લોકો ટેક્સ ભરે છે. ટેક્સ ભરતા હોવા છતાં પણ એમને પ્રાથમિક સુવિધા મળતી નથી. કારણકે પ્લોટો મળતા નથી. પાણીની ટાંકી કરવી હોય, ગટર લાઇન માટે સ્ટોર્મ ડ્રેનેજની યોજના કરવી હોય, શાળાઓ કરવી હોય કે પછી આરોગ્યના દવાખાના કરવા હોય, આ વિસ્તારોની અંદર ટી.પી. સ્કીમ ફાઇનલ ન થવાને કારણે ફાઇનલ પ્લોટો ન મળવાને કારણે આ પરિસ્થિતિ ઉભી થઇ છે અને એના કારણસર એ લાંભા હોય, વટવા હોય, દાણી લીમડા હોય, વાસણા હોય, સરખેજ હોય કે અનેક વિસ્તારોની અંદર આવા ગેરકાયદેસર ટી.પી. ફાઇનલ ન થવાને કારણે ૨૫-૨૫ વર્ષથી ફાઇનલ ન થવાને કારણે ૨૬,૪૬,૪૭૮ ચો.મી. જેવી જગ્યા કે જે કોર્પોરેશન પોતે કબજો કરવો હોય તો કરી શકતી નથી અને ખાસ કરીને પીવાના પાણીની જ્યારે વાત હોય ત્યારે આજે પણ અમદાવાદ શહેરની અંદર ટેન્કરનું રાજ ચાલે છે. મારા વિધાનસભા વિસ્તારની હું વાત કરીશ. આજે અમદાવાદ શહેરની અંદર છેલ્લી વાત કરું તો ૨૦૧૪-૧૫ની અંદર ૧ કરોડ ૫૭ લાખ રૂપિયા પીવાના પાણીના ટેન્કર માટે અમદાવાદ કોર્પોરેશને ભરવા પડયા એટલે કે લગભગ ૬૨૯૦૦ કરતા પણ વધારે ટેન્કરોનું પાણી એ વિસ્તારની અંદર પીવામાં આવેલું. આજે ગટરની વાત કરું તો અમદાવાદ શહેરની અંદર ૨૨૦૦૦ કરતા પણ વધારે ખાળકૂવાઓ છે અને આ ખાળકૂવા હોવાને કારણે કે ટી.પી. ન મંજૂર થવાને કારણે ત્યાં ડ્રેનેજની યોજના ન બનતી હોવાને કારણે આજે પણ ૨૨૦૦૦ કરતા પણ વધારે ખાળકૂવા આવેલા છે. રીવર ફ્રન્ટની વાત થઇ. વડોદરા વિશ્વામિત્રી નદીનો રીવર ફ્રન્ટ માટેનો પ્રોજેકટ મૂકયો. અમદાવાદ શહેરમાં સાબરમતી થઇ. તાપીમાં સુરતની વાત થઇ. ભારતીય જનતા પાર્ટી કદાચ રીવર ફ્રન્ટ માટે ગૌરવ લેતી હશે પણ આજે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને રીવર ફ્રન્ટ બન્યા પછી ૧૧૫૨ કરોડનો આ પ્રોજેકટ છે, આજે ૧૦૮૩ કરોડ ઓલરેડી ચૂકવી દેવામાં આવ્યા છે. હુડકોની લોન લીધી છે અને આ હુડકોની લોનની અંદર દર ત્રણ મહીને ૨૫ કરોડ કરતા પણ વધારે રકમ વ્યાજ અને મુદ્દલના કોર્પોરેશનને ભરવા પડયા છે. દર વર્ષે એક હજાર કરોડનું અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને રીવર ફ્રન્ટ થવાને કારણે ભારણ પડયું છે અને પરિસ્થિતિ એ થઇ કે આપણે ગૌરવ લઇએ કે રીવર ફ્રન્ટ એ અમદાવાદનું ગૌરવ છે. વિદેશી મહેમાનો આવે, ઝૂલે એને ઝૂલાવવામાં આવે પણ ઝૂલે ઝૂલાવતા ઝૂલતાવતા આજે અમદાવાદ કોર્પોરેશનની જે પરિસ્થિતિ થઇ, આજે અમદાવાદ શહેરની અંદર જે કેબીનેટની સ્ટેડીયમની અંદર શપથવિધિ કરવામાં આવે છે એ સ્ટેડીયમ આજે રીવર ફ્રન્ટના લીધે ગીરવે મુકવામાં આવ્યું છે. અમદાવાદ શહેરના પશ્ચિમ ઝોનની ઝોનલ કચેરી આજે ગીરવે મુકવામાં આવી છે. અમદાવાદ શહેરના બે મોટા પ્લોટો આજે ગીરવે મુકવામાં આવ્યા છે અને એ જ રીતે નદીના વિસ્તારમાં આવેલી ૯૦,૦૦૦ ચો.મી. જગ્યા આ રીવર ફ્રન્ટના લીધે કોર્પોરેશને ગીરવે મુકી છે. બી.આર.ટી.એસ. પ્રોજેકટનું આપણે ગૌરવ લઇએ. બી.આર.ટી.એસ. પ્રોજેકટ આવ્યા પછી સરકારને અને કોર્પોરેશનને એવોર્ડ મળ્યા છે પણ બી.આર.ટી.એસ.ને લીધે અમદાવાદ શહેરની અંદર જે ટ્રાફિકની સમસ્યા ઉભી થઇ છે, એક બસને જવા માટે બી.આર.ટી.એસ. અમદાવાદ શહેરમાં હું કહેવા માગું છું કે ઠોકી બેસાડી છે, અને એના કારણની અંદર આપણે એમ કહેતા હોઇએ કે બી.આર.ટી.એસ. એ આપણું ગૌરવ છે. આજે બી.આર.ટી.એસ. બસો ચાલે છે એમાં ટ્રાન્સપોર્ટનું નુકસાન થાય છે. એ બસોની સેવાને લીધે નુકસાન છે આજે. મેં જોયું નથી., મેં જાણ્યું નથી, હું વિદેશોમાં પણ ફર્યો છું. બી.આર.ટી.એસ.નું એક બસસ્ટેન્ડ કે જેને બાંધવાનો એક કરોડ રૂપિયાનો ખર્ચો થતો હોય. એક કરોડ રૂપિયામાં કેવું બસ સ્ટેન્ડ બને? મારી મંત્રીશ્રીને માગણી છે કે વીજીલન્સની તપાસ થવી જોઇએ. આ એક કરોડમાં કઇ રીતે એક કરોડનું આ બસ સ્ટેન્ડ બન્યું છે. એ માટે હું વીજીલન્સની માગણી કરું છું. અમદાવાદ શહેરની અંદર કબ્રસ્તાનો આવેલા છે. સૌનો સાથ અને સૌનો વિકાસની વાત હોય ત્યારે લઘુમતી સમાજ, એમાં મુસ્લીમ સમાજ હોય, ક્રિશ્ચીયન સમાજ હોય, પારસી સમાજ હોય એ લોકોના કબ્રસ્તાનો આવેલા છે. એ કબ્રસ્તાનોની અંદર સરકાર દ્વારા, કોર્પોરેશન દ્વારા પ્રાથમિક સુવિધા કહેવાય તેવી નળ, ગટર, પાણી, રોડ, રસ્તા, લાઇટો.એની સુવિધા પૂરી પાડવાની આજના પ્રસંગે માગણી કરું છું. આ વિધાનસભા ગૃહની અંદર ખૂબ ચર્ચા થઇ. કોંગ્રેસની ટીકા થઇ. કે ઘરનું ઘર. ભારતીય જનતા પાર્ટીએ ગરીબોને ઘરના ઘરનું એક સ્વપ્ન આપેલું છે. ભારતીય જનતા પાર્ટીના ચૂંટણી ઢંઢેરામાં એમ લખેલ છે કે અમે ૫૦ લાખ મકાનો ૫ વર્ષમાં પૂર્ણ કરીશું. આજે શહેરીકરણની નીતિ સારી થાય, સુવિધા મળે, એને સુખાકારી મળે, એના માટે આ રાજ્યની પચાસમી સ્થાપના દિનની ઉજવણી પ્રસંગે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના આ સભાગૃહમાં મુકવામાં આવી. બીજું શહેરી ગરીબોને ઝૂંપડપટ્ટીથી મુકત કરવા, મધ્યમવર્ગને પોતાના ઘરના સ્વપ્નને સાકાર કરવા અને ગ્રામીણ ગુજરાતને કાચા આવાસોમાંથી મુકત કરવાના નિર્ધાર સાથે ૨૦૧૩-૧૪ માં મુખ્યમંત્રી આવાસ સમૃદ્ધિ યોજના જાહેર કરવામાં આવી. મુખ્યમંત્રી આવાસ સમૃદ્ધિ યોજના હેઠળ શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં ૨૨૦૦ કરોડની જોગવાઇ સામે ૪૪૦૦ કરોડની માતબર રકમનું નાણાકીય સંશાધન કરવાનું આ સભાગૃહની અંદર કહેવામાં આવ્યું છે. આજે પરિસ્થિતિ એવી છે કે સરકારી આવાસ યોજના ખાનગી ક્ષેત્રને મધ્યમ વર્ગને પરવડે એવી સ્કીમો ઉપલબ્ધ કરીને ટી.પી. સ્કીમો મંજૂર કરવાની ૨૦૧૩-૧૪ માં વાત કરવામાં આવી હતી. આજે પરિસ્થિતિ એવી છે કે ગ્રામીણ ક્ષેત્રના ૯ લાખ કાચા મકાનોને પાકા કરવા માટેની વ્યક્તિગત સહાય આપવાની વાત હતી. પણ આ બજેટમાં

જોગવાઇ નથી, માગણીમાં જોગવાઇ નથી. મંત્રીશ્રી આની અંદર સ્પષ્ટતા કરે. સમગ્ર રાજયની અંદર ૭ લાખ કરતા વધારે ઝૂપડપટ્ટીઓ છે, એની અંદર જ્યાં ઝૂપડપટ્ટી ત્યાં મકાનની સરકારે જાહેરાત કરી. જયાં ઝૂંપડું ત્યાં મકાન એની સાથે પ્રાઇવેટ પબ્લિક પાર્ટનરશીપની વર્ષ ૨૦૧૩–૧૪ માં વાત કરવામાં આવી. આ રાજયની અંદર ૧૪ લાખ કરતા વધારે કાચા મકાનો છે. સરદાર આવાસ હોય, મુખ્યમંત્રી ગૃહ યોજના હોય, ૫૦ લાખ મકાનોની વાત કરવા સાથે આ રાજય સરકારે અઢી વર્ષમાં ૭ લાખ ૬૩ હજાર કરતા ઓછા મકાનો બનાવ્યા છે. ૫૦ લાખ વચન આપ્યા હોય અને અઢી વર્ષમાં સાડા સાત લાખ મકાનો બન્યા હોય, હજુ અઢી વર્ષનો સમયબાકી છે, ત્યારે ૪૨.૫૦ લાખ મકાનો ભારતીય જનતા પાર્ટીની સરકારે ગુજરાતની છ કરોડની જનતાને વચન આપ્યું હતું તે અઢી વર્ષમાં પૂરાં કરવાનાં છે. સ્વચ્છતા મીશનની વાતો થાય. સ્વચ્છતા મીશનના નામે અલગ અલગ વાતો થઇ છે. પરિસ્થિતિ એવી છે કે આજે સ્વચ્છતા અભિયાનની અંદર ૩૧ લાખ ટોઇલેટો આ રાજયમાં નથી. અર્બન ટોઇલેટ રિકવાયરમેન્ટ ૨૦ લાખ ૪૬ હજાર જેટલી છે. જયારે રૂરલ ટોઇલેટ રિકવાયરમેન્ટ અંદર ૧૦ લાખ જેટલી છે. ૩૫ ટકા શૌચાલયો આ રાજયમાં નથી અને રાજય સરકારે નિર્મળ ગુજરાતની વાત કરી. ટોઇલેટો બનાવવાની વાત કરી. ૨૦૧૨–૧૩ અને ૧૩–૧૪ માં રાજય સરકાર ફક્ત ૭ લાખ ૩૦ હજાર શૌચાલયો બનાવી શકી છે. મારે આજે સામાજિક ન્યાય અને અધિકારીતા બાબતમાં માગણી નં. ૯૨ અને ૯૫ ઉપર થોડા મુદાઓ કહેવા છે. બીજા મારા મિત્રો સામાજિક ન્યાય ઉપર બોલવાના છે, ત્યારે બજેટમાં મુદા કહેવા માગું છું. સામાજિક સેવા કે જે સામાજિક સેવામાં ૧૧મી અને ૧૨મી પંચવર્ષીય યોજના હોય એમાં પીવાનું પાણી હોય, આવાસ હોય, શિક્ષણ હોય, આરોગ્ય હોય મહિલા બાળવિકાસ હોય, શ્રમ કલ્યાણની વાત હોય, એસ.ટી., એસ.સી., ઓ.બી.સી. ના વિકાસની વાત હોય, ૧૧મી અને ૧૨ મી પંચવર્ષીય યોજનાની અંદર સરકારને જે ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી તે ૨૦૦૭ થી ૨૦૧૨, ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં ૯૯,૧૯૫ કરોડ રૂપિયા ૧૬ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી, તેની સામે ૭,૯૦૬ કરોડ રૂપિયા વણવાપર્યા પડ્યા રહ્યા. આ સામાજિક સેવા માટે સરકારે ૭ વર્ષમાં આટલી મોટી રકમ વાપરી નથી, ત્યારે અનુસૂચિત જાતિના કલ્યાણ માટે ૨૦૧૧–૧૨ થી માંડીને ૨૦૧૪–૧૫ સુધીમાં ૧૧,૦૪૪ કરોડની જોગવાઇ કરી હતી. તેની સામે ૩૯૦૦ કરોડ રૂપિયા અનુસૂચિત જાતિ કલ્યાણમાં આજે વાપર્યા વગર પડયા રહ્યા છે. ડો.બાબાસાહેબ આંબેડકર, દલિતોનું એક સપનું હોય કે અમારું મકાન બનશે. ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫માં ૫૨,૦૩૦ કરોડની ગ્રાન્ટ આપવામાં આવી હતી તેની સામે ૪૦ હજાર ૬૫ કરોડની ગ્રાન્ટ વણવપરાયેલી પડી રહી છે. આજે દલિતો પર થતા અત્યાચારમાં દિન–પ્રતિદન વધારો થતો રહ્યો છે. બળાત્કાર અને ખૂન હોય તેમાં જે રકમ મળવાની હોય તે રકમ ટાઇમસર મળવી જોઇએ તે રાજય સરકાર વળતર ચૂકવી શકતી નથી. તેના ભાગરૂપે આજે આભડછેટનો અહેવાલ હોય કે થાનગઢમાં દલિતો પર થયેલ ફાયરીંગનો અહેવાલ હોય, બે વર્ષથી અહેવાલ કમિટીએ સરકારને સોંપ્યા પછી સરકાર વિચારણા કરે છે. વિચારણા કરવાને કારણે તથા આ સભાગૃહમાં રજૂ નહીં કરવાના કારણે આજે રાજયના ૧૧૬ જેટલા દલિત પરિવારો છે તે પોલીસના રક્ષણ હેઠળ જીવે છે. ૧ લાખ કરોડ રૂપિયાનું કૌભાંડ થયું, કોંગ્રેસ પાર્ટીએ આક્ષેપો કર્યા અને આ સરકારે તેમાં પંચ નીમ્યું. તે પંચનો અહેવાલ તૈયાર થઇ ગયો અને આ સભાગૃહમાં રજૂ થઇ ગયો. દલિતો પર ખુલ્લેઆમ ફાયરીંગ થયું તેનો રિપોર્ટ આ સભાગૃહમાં રજૂ થતો નથી. લઘુમતિ કલ્યાણ માટે ગ્યાસુદ્દીનભાઇ બોલવાના છે. મારે ફક્ત બે–ત્રણ વસ્તુઓ પર ધ્યાન દોરવું છે. જુલાઇ ૨૦૦૬ની અંદર વડાપ્રધાનશ્રી દ્વારા લઘુમતિઓના કલ્યાણ માટે ૧૫ મુદ્દાનો કાર્યક્રમ નકકી કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ નકકી કર્યા મુજબ તેમનું સૂચન હતું અને તેમણે સ્પષ્ટપણે કહ્યું હતું કે દરેક રાજયની અંદર આ અંગેની એક સમિતિની રચના થવી જોઇએ. મારે દુઃખ સાથે કહેવું છે કે જુલાઇ ૨૦૦૬ની અંદર વડાપ્રધાનના લઘુમતિઓના કલ્યાણ માટેના પંદર મુદાના કાર્યક્રમની જાહેરાત થઇ હોય તેમ છતાં આ રાજય સરકારે આજે નવ–નવ વર્ષ સુધી જે કમિટી નીમવી જોઇએ તે કમિટી નીમી નથી. ૨૦૦૨ની અંદર ગોધરાકાંડના જે તોફાનો થયા તે તોફાનોના કારણે ૩૦૦૦ પરિવારો અસરગ્રસ્ત થયા. તે અસરગ્રસ્ત થયા પછી કોઇ ખાનગી સંસ્થા હોય, કોઇ એન.જી.ઓ. હોય તેના દ્વારા ગુજરાત રાજયની અંદર ૮૩ વસાહતો ઉભી કરવામાં આવી. આ ૮૩ વસાહતોમાં ૩૦૦૦ પરિવારો રહે છે ત્યારે મારી સરકાર સમક્ષ માગણી છે કે વસાહતો તો ટ્રસ્ટો અને સંસ્થાઓએ બનાવી આપી પણ તે અસરગ્રસ્ત છે તેને પંદર મુદ્દાના અમલીકરણના કાર્યક્રમમાં પંદરમો મુદ્દો છે કે જે લોકો અસરગ્રસ્ત હોય તેના માટે વ્યવસ્થા ઉભી કરવી જોઇએ.

શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી રમણલાલ વોરા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણી નં.૯૫ અનુસૂચિત જાતિ પેટા યોજના લઇને આવ્યા છે તેમાં મારા પૂરા સમર્થન સાથે મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનું કુલ બજેટ ૨૨૬૩ કરોડ ૫૬ લાખ રૂપિયાનું છે. ગયા વર્ષે ૧૮૩૮ કરોડનું હતું. એટલે કે આ વર્ષે રાજય સરકારે ૪૨૫.૫૬ કરોડનો અનુસૂચિત જાતિ માટેના બજેટમાં વધારો કર્યો છે. તે પરથી ફલિત થાય છે કે આ સરકાર ગરીબો માટે, દલિતો માટે કામ કરે છે. વિવિધ બોર્ડ–કોર્પોરેશનની સદ્ધરતા માટે કલ્યાણકારી, વિકાસલક્ષી યોજનાઓ હાથ ધરવા માટે ૫૦ કરોડ રૂપિયા આ રાજય સરકારે મંજૂર કર્યા છે. ઇતિહાસ બોલે છે કે ભૂતકાળમાં કદી આ પ્રકારે કોઇપણ રાજય સરકાર હોય તેણે પૈસા મંજૂર કર્યા નથી. દલિતમાં પણ જે અતિપછાત સમાજો છે તેના માટે આ જ ભારતીય જનતા પાર્ટીની સરકારે બોર્ડ બનાવેલ. તે બોર્ડનું નિગમમાં રૂપાંતર કર્યું. આનંદના સમાચાર એવા છે કે આ અતિપછાત નિગમમાં કેન્દ્ર સરકારે ૧૬ કરોડ ૫૦ લાખ રૂપિયા મંજૂર કર્યા છે. તેના માટે ગવર્નમેન્ટ ગેરન્ટી જોઇએ તો તેના માટે હું રાજય સરકારને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું કે આ ગેરંટી માનનીય રમણલાલ વોરા અને માનનીય સૌરભભાઇ પટેલે મંજૂર કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, મારું ૩૫ વર્ષનું જાહેર જીવન છે. શરૂઆતના ૧૫ વર્ષ મેં કોંગ્રેસમાં પસાર કરેલા છે ૨૦ વર્ષથી ભારતીય જનતા પાર્ટીમાં કામ કરું છું. અમે પણ એ વખતે સુત્રો પોકારેલા છે, ‘‘આધી રોટી ખાયેંગે કોંગ્રેસ કો લાયેંગે’’ આ સુત્રો અમે

પોકારેલા છે પણ અમને અડધી રોટલી ઉપર કશુ મળ્યું જ નહીં. જે પ્રમાણે કેશાજી ચૌહાણે પોતાની વેદના ઠાલવી અને એ પણ જ્યારે નીકળી ગયા એમ અમે પણ નીકળી ગયા અને અમે દિશા બદલી ત્યારે અમારી દશા પણ સુધરી. માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસમાં દલિત સમાજમાં પણ આંતરિક છૂત-અછૂતના મેં દર્શન કરેલા છે. મારે ગર્વ સાથે કહેવું પડે છે કે, માનનીય રમણલાલ વોરા દલિત સમાજમાં પણ એક સામાજિક સમરસતાના પ્રતિક સમાન છે, દિલત સમાજમાં આવતી તમામ જ્ઞાતિઓમાં સમભાવ રાખવાનું કામ જો કોઇ કરતું હોય તો માનનીય રમણલાલ વોરા કે જે કોઇ પણ પ્રકારનો ભેદભાવ રાખ્યા સિવાય એમની સદભાવના તમામ સમાજો પ્રત્યે હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારને હું જેટલા ધન્યવાદ આપુ એટલા ઓછા છે કે, આ રાજય સરકારે ડોકટર બાબાસાહેબ આંબેડકરની આગામી ૧૨૫મી જન્મ જયંતીની ભવ્ય ઉજવણી માટે રૂપિયા ૧૫ કરોડની જોગવાઇ કરી છે આમ છતાં મને એમ લાગે છે કે, આ રકમ નાની છે માટે માનનીય મંત્રીશ્રીને હું અનુરોધ કરું છું કે, આ રકમમાં પણ ચોક્કસપણે વધારો કરે. ડો.બાબાસાહેબને સાચી શ્રધ્ધાંજલિ કોઇ પાર્ટીએ આપી હોય તો ભારતીય જનતા પાર્ટીએ આપી છે. આ *(xxx) કોંગ્રેસે બાબાસાહેબ આંબેડકરનો ઉપયોગ ફકતને ફકત રાજકીય હિતો માટે કર્યો છે.

અધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દો હું રેકોર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી પુનમભાઇ કા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx) કશું કર્યું નથી.

અધ્યક્ષશ્રી : આ શબ્દ રેકોર્ડ ઉપરથી હું દૂર કરું છું.

શ્રી પુનમભાઇ કા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, ડો.બાબાસાહેબ જીવતા હતા ત્યારે પણ અને મૃત્યુ પછી પણ એમણે શું કર્યું છે એની વિગત આપીશ. આજે ૧૩ ધારાસભ્ય આ ગૃહમાં દલિત છે એમાં ૩ કોંગ્રેસના છે ૧૦ ભારતીય જનતા પાર્ટીના છે. ડો.બાબાસાહેબ આંબેડકરે બંધારણમાં જોગવાઇ ન કરી હોત તો અમારા ૧૩માંથી એક પણ સભ્ય આ ગૃહમાં ન હોત અને આજે રમણભાઇ વોરા મંત્રી પણ ન હોત. કહેવાનો ભાવાર્થ એ છે કે ડો.બાબાસાહેબનું માન સન્માન જાળવવું એ તમામ ભારતીયોના ફરજના ભાગ રૂપે હતુ પણ કોંગ્રેસે ફકતને ફકત એમને *(xxx) એના એક બે દાખલા આપવા માગુ છું.

અધ્યક્ષશ્રી : આ શબ્દ રેકોર્ડ ઉપરથી હું દૂર કરું છું.

શ્રી પુનમભાઇ કા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, ડો. બાબાસાહેબ આંબેડકર નહેરુજીના પ્રધાનમંડળમાં કાયદા મંત્રી હતા એ સમયે તમામ મંત્રીઓ સરકારી બંગલામાં રહેતા હતા અને ડો.બાબાસાહેબ આંબેડકર પ્રઇવેટ બંગલામાં રહેતા હતા ૨૬ધ, અલીપુર રોડ પર રહેતા હતા અને ૧૯૫૬માં ડો.બાબાસાહેબનું નિધન થયું એ સમયે આખા દેશના દલિતોની માગણી ઉઠી કે આ જગ્યા છે એ બાબાસાહેબના મ્યુઝિયમમાં ફેરવવામાં આવે પણ એ વખતે કેન્દ્રની કોંગ્રેસની સરકારે એમની યાદને જીવંત રાખવા, બંગલો ખરીદવા કે એને મ્યુઝિયમમાં ફેરવવા માટેની કોઇ પણ લાગણી કે માગણી સ્વીકારી નહીં અને ૫૦ વરસ સુધી કોંગ્રેસની સરકારોએ આ માગણી એક કાને સાંભળીને બીજા કાને કાઢી નાંખી અને નિષ્ઠુર અને નફ્ફટ જવાબ એ વખતે મળતો હતો અને એવો જવાબ મળતો હતો કે, ખાનગી મકાન છે એટલે ખરીદી શકાય નહીં. માનનીય અધ્યક્ષશ્રી, દલિતોના સદભાગ્યે ૧૯૯૯માં કેન્દ્રમાં એન.ડી.એ.ની સરકાર આવી અને માનનીય અટલજી વડાપ્રધાન બન્યા દલિતોની લાગણી અને માગણી એમણે ધ્યાનમાં લીધી કોંગ્રેસ જે કહેતી હતી કે ખાનગી મકાન છે ખરીદી ન શકાય ત્યારે અટલજીએ આદેશ કર્યો કે આ મકાન એના માલિક પાસેથી ગમે તેટલી રકમ થાય ખરીદી લો અને ૨૮ કરોડ રૂપિયાના ખર્ચે માનનીય અટલજીએ આ મકાન ખરીદેલું અને એ સમયે ૨૦૦૪માં રીનોવેશનની કાર્યવાહી હાથ ઉપર લેવાના હતા પણ કમનસીબે એન.ડી.એ.ની સરકાર ન રહી અને કોંગ્રેસની સરકાર આવતા માનનીય મન મોહનસિંઘ વડાપ્રધાન બન્યા, ૨૦૦૪ થી ૨૦૧૪ સુધી ૧૦ વર્ષ સુધી સરકારે ખરીદેલા મકાન ઉપર કોંગ્રેસે કશું જ ન કર્યું અને સદભાગ્યે ૨૦૧૪માં ગયા વર્ષે જ એન.ડી.એ.ની સરકાર બની અને દેશભકત નરેન્દ્રભાઇ મોદી વડાપ્રધાન બન્યા અને માનનીય અધ્યક્ષશ્રી, આ બંગલાના રીનોવેશનની વાત નહીં, નરેન્દ્રભાઇએ કહ્યું ખાલી રીનોવેશન જ નહીં પણ આજુબાજુની જગ્યા અને આજુબાજુના બંગલા પણ ખરીદી લઇ રૂપિયા ૨૦૦ કરોડના ખર્ચે ડોકટર આંબેડકર મ્યુઝિયમ અને રિસર્ચ ફાઉન્ડેશન બનાવવાનો નિર્ણય નરેન્દ્રભાઇ મોદીએ કર્યો છે ૩૧મી જાન્યુઆરીએ આનું ઉદઘાટન-ખાતમૂહુર્ત પણ થશે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

માગણીઓ પર ચર્ચા અને મતદાન ચાલતુ હોય ત્યારે અન્ય વિષય પર બોલવા અંગે

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આજે માગણીઓ પરની ચર્ચા છે, દિલ્હીમાં ડોકટર બાબાસાહેબ આંબેડકર માટે દેશભકતે કેટલા પૈસા આપ્યા એવો માગણીઓમાં કોઇ જગ્યાએ ઉલ્લેખ છે નહિ એટલે મારી આપને વિનંતી છે કે માગણીઓ પર જ ચર્ચા થાય. ભૂતકાળમાં આ અંગે રૂલિંગ પણ આપેલું છે

અધ્યક્ષશ્રી : શૈલેષભાઇ મને ખ્યાલ છે સભ્યશ્રી માગણી પર નહિ બોલે તો હું અટકાવીશ.

શ્રી પુનમભાઇ કા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ શૈલેષભાઇએ ઘરના ઘરની વાત કરી, બેઘર લોકોને ઘર આપવાનું કામ કર્યું હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે પચાસ વરસની અંદર મકાનો નહોતા આપ્યા એટલા મકાનો પંદર વરસમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે ગરીબોને આપ્યા છે. ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણી પહેલાં કોંગ્રેસે ઘરનું ઘર

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યાં.

આપવાની વાત કરી હતી. આ તો શૈલેષભાઇએ કહ્યું હતું એટલે કહું છું. ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણી પહેલાં આ લોકોએ ઘરના ઘરના ફોર્મ છપાવ્યા, લાઇનો લાગતી હતી અરધો અરધો કિલોમીટરની, બહેનોને રક્ષાબંધનની ભેટ, આ પ્રકારે જેને કહેવાય કે એક કારસો રચ્યો, દલિતોના મત સરકી ગયા હતા, દલિતોના મત મેળવવા માટે એક તૂત ઉભું કર્યું અને પરિણામ શું આવ્યું? એમને ખબર હતી કે દલિતો આ નાટકથી મત નથી આપવાના, એટલે કોંગ્રેસ ભવન છે, રાજીવ ગાંધી ભવન, પાલડી ખાતે આવેલ છે ત્યાં એક ડેમોસ્ટ્રેશન બનાવ્યું અને એનું ઉદઘાટન કેન્દ્રના નેતાના હસ્તે કર્યું. ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીનું પરિણામ ૨૦મી ડિસેમ્બર, ૨૦૧૨ના રોજ આવ્યું અને એકવીસમી તારીખે છાપામાં આવ્યું કે કોંગ્રેસનો સફાયો થઇ ગયો પણ મેં જે ઉંડાણમાં વાંચ્યું તો આ કોંગ્રેસે ઘરના ઘરનું જે સેમ્પલ બનાવ્યું હતું એની આગળ એક કૂતરું સૂઇ ગયું હતું, શિયાળાની ઠંડી હતી, કૂતરું પણ આ ઘરના ઘરની અંદર જવા તૈયાર નહોતું.

શ્રી ભુષણ અ. ભટ્ટ(જમાલપુર-ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ મંત્રીશ્રી માગણી ક્રમાંક ૧૦૧ અને ૧૦૨ લઇને આવ્યા છે તેમાં હું સમર્થન સાથે મારા વિચાર રજૂ કરું છું. ગુજરાતની ૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ અંદાજે ૪૨ ટકા લોકો શહેરમાં વસવાટ કરે છે એટલે લગભગ સવા છ કરોડની વસતિમાં બે કરોડ સાંઇઠ લાખ લોકો આજે શહેરમાં વસવાટ કરે છે. આ શહેરમાં વસવાટ કરવાનું મુખ્ય કારણ જોવા જઇએ તો શહેરોનો અવિરત વિકાસ છે, ધંધા વ્યવસાયની ઉજ્જવળ તક, શિક્ષણ, આરોગ્ય, તમામ પ્રકારની સુવિધાઓને કારણે એ રાજ્ય સરકારના કર્મચારી હોય, કેન્દ્ર સરકારના કર્મચારી હોય, નિવૃત્ત થયેલા કલેકટર હોય, ડી.ડી.ઓ. હોય એ નિવૃત્ત થયા પછી પણ એ આ જ શહેરમાં સ્થાયી થવાનું પસંદ કરે છે અને બાકીની જિંદગી પણ એ અમદાવાદ કે બીજા મહાનગરોમાં પોતે વસવાટ કરે છે. મને કહેવાનું મન થાય છે કે, આજે જે શહેરોનો વિકાસ થયો છે એની સાથે સાથે ગામડાંઓમાંથી લોકો શહેર તરફ પહેલાં આવતા હતા પણ આજે આ રાજ્યની અંદર છેલ્લાં ઘણા વરસોથી રાજ્ય સરકારે શહેરના વિકાસની સાથે સાથે ગામડાંઓના પણ સમતોલ વિકાસની એક વિઝન સાથે શરૂઆત કરી અને મારે કહેવું પડે કે વિકાસ એ વિઝનથી થાય છે વિવાદ અને વાયદાથી થતો નથી અને એ વિકાસનું કારણ જોવા જઇએ તો જે રીતે શહેરનો વિકાસ થયો છે એ રીતે ગામડાંઓનો વિકાસ થાય. ગુજરાતની અંદર આવેલી ૧૫૮ નગરપાલિકાઓની અંદર ભૂતકાળની અંદર સ્વરાજય મળ્યા પછી ૬૦-૬૦ વર્ષ સુધી શૌચાલય ના હોય એવી પરિસ્થિતિનું નિર્માણ આ રાજયની અંદર હતુ. અને આજે અભિનંદન આપવા પડે માનનીય મુખ્યમત્રીશ્રીને કે દેશના વડાપ્રધાનશ્રીને કે જે રીતે તેમણે સંકલ્પ કર્યો કે દરેક ગામની અંદર, દરેક ચાલીની અંદર કે દરેક ઘરની અંદર શૌચાલય હોવું જોઇએ અને એટલા માટે થઇને તેમણે એવી જાહેરાત કરી કે જે સમૂહ લગ્ન જેવા પ્રસંગની અંદર જવાની માનનીય મુખ્યમંત્રીશ્રી હા પાડે તો એમાં જે ગામની અંદર કે જે શહેરમાં જવાના હોય કે જેના સમૂહ લગ્ન હોય તેને ત્યાં શૌચાલય હોય એ જ કાર્યક્રમમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ જવાની નેમ લીધી. અને કદાચ આઝાદીના વર્ષો પછી, સ્વરાજય મળ્યા પછી આ પહેલી વખત આ રાજયની અંદર આવુ બન્યું હશે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેવાનું મન થાય કે ગામની અંદર મેં કહ્યું તેમ જે રીતે શહેરોનો વિકાસ થયો છે ૧૦૮ મહાનગરપાલિકાનો એ રીતે ૧૫૯ નગરપાલિકાઓની અંદર પણ વિકાસ થાય એ વિકાસની દ્રષ્ટિને ધ્યાનમાં રાખીને વ્યકિતદીઠ ૧૫૦ લીટર પાણી કેવી રીતે મળે અને એ ગામની અંદર ભૂગર્ભ ગટર વ્યવસ્થા નગરપાલિકાના આંતરમાળખાકીય વિકાસના કામો, ખાનગી સોસાયટીમાં જન ભાગીદારીથી વિકાસના કામો, શહેરી ગરીબો માટે આવાસ યોજના ૨૦૦૫ શહેરી વિકાસ વતી આ શરૂઆત કરી છે જેના પરિણામે રાજય અને શહેરનો સર્વાંગી વિકાસ થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આજે એટલો આનંદ થાય છે કે, ૮૧૬.૧૫ કરોડના ખર્ચે ૧૮ કામોને મંજૂરી આપી હોય ૪૭૦ કરોડની ગ્રાન્ટની ચૂકવણી થઇ હોય અને મહાનગરપાલિકા દ્વારા ૩૩૯.૪૬ કરોડ રૂપિયાનો એમાંથી ખર્ચો થઇ ગયો હોય અને જેની અંદર આંગણવાડીનું બાંધકામ હોય, પે-એન્ડ-યુઝનું બાંધકામ હોય, જાહેર શૌચાલયો હોય, ખાનગી સોસાયટીઓમાં જન ભાગીદારીથી લાઇટ હોય, રસ્તા હોય, પીવાના પાણીની પાઇપ લાઇનના કામો હોય ૧૨૮૪૬ કામોને ૧૨૦૬.૪૪ કરોડ ફાળવવામાં આવ્યા હોય જેમાંથી ૮૪૩.૯૩ કરોડની ચૂકવણી થઇ હોય અને આજે કહેતાં આનંદ થાય છે કે, ૮૪૭૦ જેટલા કામો પૂર્ણ થઇ ગયા હોય. મહાનગરપાલિકાનો રોડ હોય, મકાન મરામત માટે ૫૦૦ કરોડ રૂપિયા જેવી માતબર રકમ એ કયારેય અપાઇ નથી. આ રાજયના મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઇએ ગુજરાતના ચૂંટણી ઢંઢેરાની અંદર કહ્યું હતુ કે ગુજરાતની અંદરથી અમે ઓકટ્રોય નાબૂદ કરીશું. અને એ ઓકટ્રોય નાબૂદ કરવાનુ આખા દેશની અંદર સૌપ્રથમ વખત થયુ હોય તો એ આખા ગુજરાતમાં થયુ એવું બોલેલુ વચન તેમણે પાળીને બતાવ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાનગી સોસાયટીમાં જન ભાગીદારીને જન સુવિધાના કામો માટે ૫૦ કરોડ રૂપિયા ફાળવ્યા હોય, ૨૦૧૫-૧૬ માટે ૩૮૫૯.૨૩ કરોડની અંદાજપત્રમાં જોગવાઇ કરી અને માત્ર આટલેથી અટકીને નહીં પણ મિશન મંગલમ જેવી યોજનાની શરૂઆત પણ આ રાજયની અંદર થઇ જે સખી મંડળોના માધ્યમથી બચતની પ્રવૃત્તિ અને ધિરાણની પ્રવૃત્તિને વેગ મળે અને રિવોલ્વીંગ ફંડ દ્વારા એ સ્વરોજગારી અને સ્વહેતુ માટે મળી રહે એમ આ અંદાજપત્રમાં પણ ૩૧.૪૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જેમ પુનમભાઇએ અને શૈલેષભાઇએ કહ્યું કે આ રાજયની સાત લાખની વસતિ ઝૂંપડપટ્ટીમાં રહે છે. અને એ ઝૂંપડપટ્ટીની અંદર જયાં ઝૂંપડુ ત્યાં મકાન આવી નેમ સાથે આગળ વધવાની દ્રષ્ટિની અંદર ગુજરાતમાં અમદાવાદમાં શાહ આલમ હોય શૈલેષભાઇના વિસ્તારની અંદર ભીલવાસ, શાહ આલમ ચાર રસ્તા ઉપર જયાં ઝૂંપડુ ત્યાં મકાન અને અમરાઇવાડીમાં આદરણીય મુખ્યમંત્રીશ્રી આનંદીબહેન અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી શંકરભાઇ અને પ્રદિપસિંહજીના હસ્તે આ મકાનનું લોકાર્પણનું કામ થઇ ગયુ. માત્ર ફોર્મની વાત નહિ પરંતુ માનનીય પૂનમભાઇએ ઘરના ઘરની વાત કરી હતી. ઘરના

ઘરના ફોર્મ બહાર પાડયા હતા એના હવે સીંગ ચણાના પડીકા બંધાઇ રહ્યા છે. એટલા બધા ૨૫ થી ૩૦ લાખ ફોર્મ ભરાયા હતા. એ ફોર્મની અંદર આજે સીંગ ચણાની લાળીઓવાળા પડીકા વાળવા માટે વાપરી રહ્યા છે એની દશા તમે જૂઓ?

આ રાજયની અંદર હાઉસીંગ બોર્ડના મકાનો હોય, ઔડાના મકાનો હોય, વુડાના મકાનો હોય, સુરતની અંદર મકાન હોય, રાજકોટમાં મકાનો હોય એનું આગવું આયોજન કરીને માનનીય મુખ્યમંત્રી આવાસ ગૃહ યોજના હેઠળ આ કામની શરૂઆત થઇ છે.

આટલેથી નાહિ અટકીને રાષ્ટ્રીય શહેરી આજીવિકા મીશનના મુખ્ય ઘટકો હેઠળ કૌશલ્ય તાલીમ મારફત રોજગારી આપવી, સ્વરોજગારી, શહેરી ફેરીયાઓને સહાય, ઘર વિહોણા શહેરીજનો માટે આશ્રયની સામાજિક અને સ્વૈચ્છિક વ્યવસ્થા થાય, ક્ષમતા અને નિર્માણની તાલીમની વ્યવસ્થા થાય, આ રાજય સરકારે ગુજરાતની અંદર એક વસવાટની સાથે સાથે મોટું કામ કર્યું છે અને એ રાજયની અંદર ઉમ્મીદ જેવા કાર્યક્રમની અંદર રાજયના બે લાખ ૨૨ હજાર ઉમેદવારોને રોજગારલક્ષી તાલીમ આપીને ૧ લાખ ૪૩ હજાર લોકોને રોજગારી પૂરી પાડવામાં આવી છે. ૨૦૧૫-૧૬ના વર્ષની અંદર ૨૭.૭૨ કરોડની જોગવાઇ નવી બાબત તરીકે કરવામાં આવી છે. આ રીતે અનેકવિધ કાર્યો કરીને આ રાજયની અંદર શહેરી વિકાસ વિભાગે કામ કર્યું છે.

મને આજે કહેવાનુ મન થાય છે કે બે દિવસ પહેલા મેટ્રો રેલનું ખાતમૂહર્ત થયું. ગયા વર્ષે અંદાજપત્રની ચર્ચાના સમય દરમિયાન આ જ ગૃહમાં મેટ્રો રેલની ચર્ચા થતી હતી ત્યારે એવું કહેવામાં આવતું હતું મેટ્રો રેલના પાટીયા ગાંધીનગરના સર્કલ પાસે પાટીયા દૂર થયા અને બે દિવસ પહેલા જયારે ખુદા દેતા હૈ તો છપ્પડ ફાડકે દેતા હે. ભર ઉનાળામાં માર્ચ મહિનામાં બરફ પડે એવી સ્થિતિમાં માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબહેન પટેલ, નીતિનભાઇ, સૌરભભાઇ, પ્રદિપસિંહ, શંકરભાઇ, અને એક લાખ કરતા વધારે લોકોએ આ મેટ્રો રેલના ભૂમિ પૂજનનનો શુભારંભ કર્યો. આ મેટ્રો રેલ બેંગ્લોરમાં બની શકતી હોય, દિલ્હીમાં બની શકતી હોય, મુંબઇમાં બની શકતી હોય પણ અમદાવાદમાં ન બને એનું કારણ ભૂતકાળની યુપીએની સરકાર હતી.

શ્રી ગ્યાસુદીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાની માગણીઓ ૯૨ અને ૯૫ ઉપર હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

સૌનો સાથ અને સૌના વિકાસની વાત કરતી આપણી ગુજરાતની સરકાર કે જે લઘુમતિ સમાજના વિદ્યાર્થીઓને પ્રી-મેટ્રીક સ્કોલશીપ માટે ગુજરાત નામદાર હાઇકોર્ટે નિર્ણય આપ્યો કે એમને શિષ્યવૃતિ મળવી જોઇએ એમની સામે સરકાર સુપ્રીમ કોર્ટમાં જઇને એની અંદર મનાઇ હુકમ મેળવવા પ્રયત્ન કર્યો, હું કહેવા માગું છું કે આ યોજના યુપીએની સરકાર દ્વારા શરૂ કરવામાં આવી ત્યારે ૨૫ ટકા રાજય સરકાર અને ૭૫ ટકા કેન્દ્ર સરકારે રૂપિયા આપવાના હતા. પછી કેન્દ્ર સરકારે નિર્ણય લીધો કે સો ટકા રકમ કેન્દ્ર સરકાર જ આપશે. તો મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે જયારે સો ટકા કેન્દ્ર સરકાર પુરસ્કૃત યોજના છે પૈસા ત્યાંથી મળવાના હોય ત્યારે સુપ્રીમ કોર્ટમાં અપીલમાં ગયા એ પાછી ખેંચો જેથી એનો લાભ અમારા બળકોને મળી શકે.

ગુજરાતની અંદર માઇનોરિટી ફાઇનાન્સ કોરપોરશનની પરિસ્થિતિ છે એ બિલકુલ મૃતઃપ્રાય હાલતમાં છે અને છેલ્લા ૨૦૧૫-૧૬માં એક રૂપિયાની પણ ફાળવણી કરવામાં આવી નથી. એ રીતે વકફ બોર્ડ છે, વકફ બોર્ડ જે મુસ્લિમ સમાજની દરગાહ હોય, કબ્રસ્તાન હોય એનું ધ્યાન અને સાર સંભાર રાખવાનું કામ કરે છે એમાં એક પણ રૂપિયો ફાળવવામાં આવેલ નથી. આપણા પ્રધાનમંત્રી કહેતા હોય કે એક હાથમાં કુરાન અને એક હાથમાં કોમ્પ્યુટર. તો હું કહેવા માગું છું કે જેવી રીતે મહારાષ્ટ્રમાં મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં બધે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ત્યાં મદરેશા બોર્ડ અસ્તિત્વમાં છે એનું કામ છે કે જયાં ધામિર્ક શિક્ષણ અપતું હોય ત્યાં આધુનિક શિક્ષણ મળે, ધર્મની સાથે કોમ્પ્યુટર અને મૂળ શિક્ષણ છે એનું પણ જ્ઞાન મળે. તો હું કહેવા માગું છું કે, સરકાર આટલી બધી ગંભીર હોય અને વડાપ્રધાનની સલાહને અનુસરવા માગતી હોય તો ગુજરાતમાં મદરેશા બોર્ડની રચના કરવી જોઇએ. જે રીતે યાત્રાધામની અંદર ઘણા બધા દેવસ્થાનોને લેવામાં આવ્યા છે, તો હું સરકારને વિનંતી કરું છું કે, થોડી ખુશ્બુ ગુજરાત કી અમને પણ મળે. શાહ આલમ રહેમતુલ્લા અલીની દરગાહ છે, હાજી પીર છે, ભડિયાદ છે, ત્યાં લઘુમતી સમાજ સહિત હિન્દુ સમાજના લોકો પણ મોટી સંખ્યામાં જતા હોય છે. આ ત્રણેય સ્થાનોનો એની અંદર સમાવેશ કરવામાં આવે અને સરકાર આ બાબતમાં ગંભીરતાપૂર્વક નિર્ણય લે. બીજું ૧૫ મુદ્દાના કાર્યક્રમના અમલીકરણની જાહેરાત કરવામાં આવે તો લઘુમતી સમાજની ઘણી બધી સમસ્યાઓનું નિરાકરણ થાય એવું છે. અની અંદર કેન્દ્ર સરકાર તરફથી પણ સારી એવી માત્રામાં પૈસા મળતા હોય છે. જે પરિસ્થિતિ છે એમાં લઘુમતી સમાજ સાથે વાત થાય પણ કામ એનાથી વિપરીત થાય. હું વાત કરું કે, અમે પણ આ જ દેશના રહેવાસી છીએ. અમારી પાસે વિકલ્પ હતો. જ્યારે પાકિસ્તાન અને હિન્દુસ્તાનનું વિભાજન થયું ત્યારે અમને પૂછવામાં આવ્યું. ત્યારે અમારા વડવાઓએ પાકિસ્તાનની નહીં પણ આ હિન્દુસ્તાનની ધરતીને માથે લગાવી હતી અને પ્રેમ કર્યો હતો. આજે પરિસ્થિતિ એવી છે કે, અમારી સાથે ઇસ્લામ ધર્મ કહેતો હોય છે કે, તમામ લોકોને પ્રેમ કરો, આતંકવાદી કોઇ નિર્દોષનો જીવ લેશે તો સમગ્ર જમાતનો જીવ લીધો એવું ગણાય. આપણે એનો દાખલો પણ જોયો. પાકિસ્તાનના આતંકવાદી આપણે ત્યાં હુમલો કરવા આવ્યા અને એન્કાઉન્ટર થયા અને બોમ્બેની અંદર કબ્રસ્તાનની અંદર દફનાવવા માટે ગયા ત્યારે ત્યાંના મુસ્લીમ સમાજે એનો વિરોધ કર્યો અને કહ્યું કે, અમારી ધરતી ઉપર એમની જગ્યા નથી. કાલની જે ઘટના બની ચર્ચની બહાર હુમલો થયો અને ૧૮ નિર્દોષ માણસોના મોત નિપજ્યા. એની પહેલાં નિર્દોષ બાળકો ઉપર હુમલો થયો અને એમને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા. ખરેખર તો અમને ગર્વ થાય છે કે, અમારા વડવાઓએ ભારતમાં રહેવાનો જે નિર્ણય લીધો એ સારો લીધો છે અને અમે અહીં રહ્યા. અમે પણ આ દેશને પ્રેમ કરીએ છીએ અને ભાઇચારાથી રહીએ છીએ. અમારો જે કોઇ વિકાસ થયો છે એ અમારા મોટા ભાઇ હિન્દુ સમાજ સાથે ખભે ખભા મિલાવીને થયો છે. હું આની અંદર કહેવા માગું છું કે, આની અંદર લાંબુ કોઇ બજેટ નથી, લાંબી ગ્રાન્ટ નથી. થોડી ઘણી બાબત હોય. હું વધારે માગણી નથી કરતો, વધારે આપો એમ નથી કહેતો. ફક્તને ફક્ત સમાન અધિકારો માગીએ

છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજા સમાજને જે અધિકારો મળે છે એ અમને પણ મળે એ આ સભાગૃહ સમક્ષ માગણી કરું છું. વિકલાંગોની પરિસ્થિતિ ખૂબ જ ખરાબ છે. વિકલાંગોને આવકનો દાખલો લેવો હોય ત્યારે ધક્કા ખાવા પડતા હોય છે. શી ખબર શું છે, કઇ સૂચના આપવામાં આવી છે કે, એમની જેટલી વિકલાંગતા હોય છે એટલી માત્રાનું સર્ટિફિકેટ આપવામાં આવતું નથી. હું એવી વિનંતી કરું છું કે, એમને આ સર્ટિફિકેટ આપવામાં આવે. જે બી.પી.એલ.ની યાદીમાં હોય એમને જ રૂ.૪૦૦/– ની સહાય આપવામાં આવે છે. વિકલાંગોને તો કુદરતે જ બી.પી.એલ.ની યાદીમાં રાખ્યા છે. અશક્ત હોય, મંદ બુદ્ધિના હોય, આંખે ન દેખાતું હોય એવા તમામે તમામ લોકોનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવો જોઇએ. રાજ્ય સરકાર તરફથી એમને પીઠબળ મળી રહે અને એમને જીવન નિર્વાહ શાંતીથી થાય એવી વ્યવસ્થા રાજ્ય સરકારે કરવી જોઇએ. આપની સરકાર બીજા લોકો માટે બી.પી.એલ.ની યાદી કરે છે. પરંતુ ખરેખર તો આવા વિકલાંગોને કુદરતે જ બી.પી.એલ. બનાવ્યા છે એમને બી.પી.એલ.ની યાદીમાં મૂકવા જોઇએ. આ ખૂબ જ સંવેદનાનો મુદ્દો છે. હું વિનંતી કરું છું કે, જે કોઇ ૪૦ ટકાથી વધારે વિકલાંગતા ધરાવતા હોય એમનો સમાવેશ તેમાં કરવો જોઇએ અને એમને પેન્શન પણ આપવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું થોડીક શહેરી વિકાસ વિભાગની ચર્ચા કરવા માગું છું. સમતોલ વિકાસની વાત કરી. તો હું જણાવવા માગું છું કે, શહેરના તમામ વિસ્તારનો સમતોલ વિકાસ થવો જોઇએ. પહેલાં તો અમદાવાદને પૂર્વ અને પશ્ચિમ એમ બે ભાગમાં વહેંચી નાંખવામાં આવ્યું. હવે પરિસ્થિતિ એવી છે કે, વી.આઇ.પી. કેન્ડિડેટ્સ છે, મુખ્યમંત્રીનો હોય, મેયરનો હોય, પૂર્વ મુખ્યમંત્રીનો હોય, અત્યારે જેઓ વડાપ્રધાન છે, એવા વિસ્તારોની અંદર કરોડો રૂપિયાના પ્રોજેક્ટોનો અમલ કરવામાં આવે છે. અત્યારે તો સંકલન સમિતિની મિટિંગ હોય તો એમાં ધારાસભ્યો પણ બૂમો પાડતા હોય છે, ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યો પણ બૂમો પાડતા હોય છે. એટલે હવે તો વી.આઇ.પી. લોકોના જ કામ થાય છે. તો કોંગ્રેસની તો દશા શું હશે? ૨૪ કલાક પાણી આપવાની વાત થાય છે. અત્યારે દોઢ કલાક પાણી પૂરતા પ્રેસરથી નથી મળતું ૧૫૦૦ કરોડ રૂપિયાનું આંધણ કરવામાં આવશે અને પછી ચોવીસ કલાક પાણીની વાત કરો છો. હું કહેવા માગુ છું કે અમદાવાદ જેવા બીજા શહેરો માટે જયાં પણ આ પોલ્યુશનની સમસ્યા થાય છે, પ્રદુષિત પાણીની સમસ્યા થાય છે, એ તમામ જે સમસ્યાઓ છે એના નિરાકરણ માટે સરકાર ગંભીરતાથી લે, એના લીધે સરસપુરની નજીક કમળાના રોગો થયા, ડેંગ્યુના રોગો થયા એના લીધે મારી વિનંતી છે કે આ બાબતે કોઇ ચોકકસ નીતિ બનાવે, અને પોલ્યુશન બાબતે ઝીરો ટોલરન્સની નીતિ બનાવી અને રાજય સરકાર કમિશ્નરશ્રી અને લાગતા વળગતા અધિકારીઓને સૂચના આપે કે જેથી લોકોને પીવાનું શુદ્ધ પાણી મળી રહે. માનનીય અધ્યક્ષશ્રી, હું મારા દુધેશ્વર વિસ્તારની વાત કરું છું, મુખ્યમંત્રીશ્રીએ અપીલ કરી હતી કે તમે દત્તક લો, મેં એક વોર્ડ દત્તક લીધો, મારી જાણકારી મુજબ અત્યારે *(xxx) મુખ્યમંત્રીની અપીલને માન આપીને મેં વોર્ડ દત્તક લીધો અને આજે ત્યાં રૂપિયા ૧ કરોડ અને ૨૦ લાખ ના કામો સૂચવ્યા છે પરંતુ દુઃખ સાથે કહેવું પડે છે કે હજી એક પણ રૂપિયાનું કામ ત્યાં શરૂ કરવામાં આવ્યું નથી. બજેટ આપ્યા પછી કામોની અંદર કરવામાં *(xxx) આવે છે. લોકોને પૂરતું પાણી મળી રહે, ડ્રેનેજની સમસ્યા છે, અમે ફલાય ઓવર નથી માગતા, અમે કોઇ આધુનિક બાગ–બગીચા નથી માગતા, અમે તો એટલું જ કહીએ છીએ કે અમને પીવાનું શુદ્ધ પાણી અને ડ્રેનેજની સમસ્યાથી મુકિત આપો. અમદાવાદ શહેરની અંદર વિકાસ થંભી ગયો છે. જીડીસીઆરની અંદર એનો કોઇ ઉલેખ નથી, હું કહેવા માગુ છું કે ત્યાં પુરાતત્વ ખાતાનું મોન્યુમેંટ છે એ જ્પ મોન્યુમેંટ હેરીટેજના પણ પ્રોબ્લેમ છે, હું કહેવા માગુ છું કે રાજય સરકાર કોઇ નીતિ ઘડે, અને ત્યાંની સમસ્યાઓનું જેટલું હયાત બાંધકામ હોય એટલું બાંધકામ કરવાની મંજૂરી રાજય સરકાર આપે જેનાથી ગેરકાયદેસર બાંધકામો અટકે, અને લોકોને સાચો ન્યાય મળે અને પોતાની રીતે એ લોકો પોતાનું ગુજરાન ચલાવી શકે. છેલ્લે એક જ વાત કહીને મારી વાત પૂરી કરવા માગુ છું ( અંતરાય) મેં કીધું છે એમ મારી જાણકારી મુજબ કીધું છે. તમે જાહેરાત કરો કે કેટલા લોકોએ લીધા.
દત્તક લીધેલા વિસ્તારોને પ્રાયોરીટી આપવામાં આવે.

અધ્યક્ષશ્રી : આ રીતે કોઇ સભ્ય બોલતા હોય તો વચ્ચે ના ઉભા થવાય, આપને તક મળે ત્યારે કહેજો, અત્યારે બેસી જાવ આપનો સમય પૂરો થાય છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓની માગણી છે કે માનનીય ગ્યાસુદ્દીનભાઇએ એમ કહ્યું કે *(xxx) પણ આ માનનીય ધારાસભ્યશ્રીઓ અહીંયા ઉપસ્થિત છે, એ કહે છે કે અમે લીધા છે. તો આવું એમની હાજરીમાં *(xxx) રેકર્ડ ઉપર કેવી રીતે રાખી શકાય?

અધ્યક્ષશ્રી : આ રેકોર્ડ ઉપરથી દૂર કરુ છું.

શ્રી પંકજ અ. મહેતા(રાપર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શંકરભાઇ ચૌધરી, શહેરી આવાસન વિભાગને લગતી જે માગણીઓ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું. ગુજરાત એ ભારતનું સૌથી વધુ શહેરીકરણ પામેલ રાજયો પૈકીનું એક રાજય છે. ૨૦૧૧ની વસતિ ગણતરીના આંકડા મુજબ ગુજરાતમાં ૨. ૫૭ કરોડની જનસંખ્યા એટલે કે લગભગ ૪૨.૫૮ ટકા વસતિ શહેરી વિસ્તારોમાં વસવાટ કરે છે. આટલી વિશાળ જનસંખ્યાને માળખાકીય સુવિધાઓ, સ્વાસ્થ્ય સેવાઓ અને નાગરિકોને વ્યાજબી કિંમતના મકાન સાથે યોગ્ય જીવનધોરણ પૂરું પાડવા માટે આ વિભાગ દ્વારા આ વર્ષના બજેટની અંદર શહેરી વિકાસ અને ગૃહનિર્માણ વિભાગ દ્વારા આ વર્ષના બજેટમાં ૧૦૨૬૯ કરોડની માતબર જોગવાઇઓ કરવામાં આવેલ છે. મને જણાવતા આનંદ અને ગૌરવ થાય છે કે માનનીય નરેન્દ્રભાઇ મોદી જયારે આ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા અને પહેલું બજેટ

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહની કાર્યવાહીમાંથી રદ કરવામાં આવ્યા.

૨૦૦૧નું આપ્યું ત્યારે એ બજેટની અંદર એનાથી પહેલાના બજેટની અંદર માત્ર ૧૫૩ કરોડની જોગવાઇ આ વિભાગની અંદર કરવામાં આવેલ હતી એની સામે આ વર્ષે ૧૦૨૬૯ કરોડની જોગવાઇ એટલે કે ૬૭ ગણો વધારો આ બજેટની અંદર કરવામાં આવ્યો છે એના માટે આ સરકાર અને આ વિભાગને હું ધન્યવાદ અને અભિનંદન પાઠવું છું. મારે આપના માધ્યમથી રાજયની ભા.જ.પ. સરકારે શહેરી આવાસ ક્ષેત્રે ઉત્તમ પ્રયાસો જે કર્યા છે એની થોડી વિગતો આ સન્માનનીય ગૃહ સમક્ષ મૂકવી છે. શહેરી ગુજરાતને ઝૂંપડપટ્ટી મુક્ત બનાવવાના સંકલ્પ સાથે સૌના માટે ઘર, જ્યાં ઝૂંપડું ત્યાં મકાનના સ્વપ્નને સાકાર કરવા માટે સરકારે ૨૦૦૯ના વર્ષથી રહેણાંકના મકાનોના પ્રોત્સાહન માટે નવતર ટાઉનશીપ નીતિ જાહેર કરેલ છે. આ ઉપરાંત ઝૂંપડપટ્ટી પુનઃવસન વિનિયમો ૨૦૧૦ ઘડી કાઢેલ છે. શહેરી ગુજરાતને ઝૂંપડપટ્ટી મુક્ત બનાવવા માટે ર રૂમ, રસોડું, બાથરૂમ, ટોઇલેટની સુવિધા સાથે ૧૧૦૦ કરોડ જેટલી માતબર રકમ આ રાજ્ય સરકારે ગરીબો માટે ફાળવી તેમના ઘરના ઘરનું સ્વપ્ન સાકાર કર્યું છે. વિનામૂલ્યે ઝૂંપડપટ્ટીનું પુનઃસ્થાપન તે જ સ્થળે કરીને લઘુતમ ૨૫ ચોરસમિટરના કાર્પેટ એરિયાના આવાસો ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા બનાવાઇ રહ્યા છે. અત્યાર સુધીમાં ૧ લાખ ૭૬ હજાર આવાસોના કામ પૂર્ણ કરવામાં આવેલ છે અને સ્લમફ્રી સિટીના નિર્માણનો નિર્ધાર સરકારે વ્યક્ત કર્યો છે. મુખ્યમંત્રી સ્વર્ણિમ શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધાઓ માટે જોગવાઇ કરવામાં આવી છે. ગુજરાતની ૬ કરોડ ૪ લાખની વસતિ સામે ૨ કરોડ ૭૫ લાખ એટલે કુલ જનસંખ્યાના ૪૨.૫૮ ટકા જેટલી વસતિ આ શહેરોમાં રહેતી હોય, તેમના વ્યવસ્થાપન માટે ૮ મહાનગરપાલિકાઓ, ૧૫૯ નગરપાલિકાઓ, ૧૩ શહેરી વિકાસ સત્તા મંડળો અને ૧૧૬ વિસ્તાર વિકાસ સત્તા મંડળો દ્વારા માળખાકીય સુવિધાઓ સાથે આ પ્રકારના આવાસોના કાર્યો માટેનું બજેટ ૧૯૬૫ કરોડ, રસ્તાના રીસરફેસ માટે ૫૦૦ કરોડ, શહેરોની આગવી ઓળખ માટે ૨૦૦ કરોડની જોગવાઇ. ખાસ તો મારે એ જણાવવાનું કે, શહેરી ગરીબોને વાજબી કિંમતે પોતાનું ઘર મળે તેવા ઉમદા હેતુથી પ્રેરિત મુખ્યમંત્રી ગૃહ યોજના માટે રૂપિયા ૧૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આગામી વર્ષમાં અંદાજે ૨ લાખ નવા મકાનોનું આયોજન વિચારવામાં આવ્યું છે. સાથોસાથ સ્લમ રિહેબિલિટેશન પી.પી.પી. યોજના હેઠળ વિવિધ શહેરી વિસ્તારમાં ૫૦ હજાર નવા આવાસોનું આયોજન કરવામાં આવ્યું છે. આ સરકારે એફોર્ડેબલ હાઉસીંગની પોલિસી મૂકી છે અને ૫ વર્ષમાં ૫૦ લાખ આવાસો બનાવવાનું આયોજન કર્યું છે. તે પૈકી ૨૨ લાખ મકાનો આ શહેરોમાં બનાવવાનું આયોજન કરેલ છે. એલ.આઇ.જી., એમ.આઇ.જી.૧ માટે લાભાર્થીઓને વાજબી કિંમતે સુઘડ અને સુવિધાયુક્ત આવાસોની ઉપલબ્ધી કરાવવા માટે એફોર્ડેબલ હાઉસીંગની નીતિ જાન્યુઆરી ૨૦૧૪ જાહેર કરેલ છે. આ યોજનામાં ખાનગી વિકાસકારો માટે વિવિધ પ્રોત્સાહક યોજનાઓ જાહેર કરવામાં આવી છે અને તેઓને મહત્તમ ૩ સુધીની એફ.એસ.આઇ. મળી શકે એ પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે. કુલ બાંધકામના ૧૦ ટકા અથવા તો સ્થાનિક જી.ડી.સી.આર.ની જોગવાઇ હોય તે પૈકી જે વધારે હોય તે કોમર્શિયલ બાંધબામ મળવાપાત્ર થાય છે. આ યોજનામાં એની સાથે સાથે વરસાદના પાણીનો સંગ્રહ, આંતરમાળખાકીય સુવિધાઓ, એનર્જી સેવિંગ, ઇકો ફ્રેન્ડલી બિલ્ડીંગ મટિરિયલનો વપરાશ તેમજ વોટર રીસાઇકલીંગને પ્રાધાન્ય આપવામાં આવેલ છે. વિકાસકાર દ્વારા બાંધવામાં આવેલ એફોર્ડેબલ હાઉસીંગના આવાસોની સ્ટ્રકચરની ડિઝાઇન બનાવવામાં આવે છે એ જો ડીફેક્ટ થયેલ હોય તો એની જવાબદારી ૧૦ વર્ષ સુધી વિકાસકારની રહે છે. આ પ્રકારનું પ્રાવધાન રાખીને આ પ્રકારના આવાસો બનાવવામાં આવે એ સારી ગુણવત્તાયુક્ત બને એ પ્રકારની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવેલ છે. લાભાર્થીઓને જ્યારે મકાન બનાવવાનું હોય અને આટલા મોટા પ્રમાણમાં મકાનો શહેરોમાં બંધાતા હોય ત્યારે એ લાભાર્થીઓને લોનની સગવડતા મળી રહે એટલા માટે લાભાર્થીઓને માટે લોનની સવલત ઉભી કરવા માટે આ રાજ્યની ૨૭ કરતાં વધારે બેન્કો સાથે સરકારે એમ.ઓ.યુ. કરીને રિજિયોનલ કક્ષાએ બેન્ક અને લાભાર્થી સાથે લોન મેળાઓનું આયોજન કરીને આ પ્રકારના લાભાર્થીઓને સરળતાથી લોન ઉપલબ્ધ થાય એ પ્રકારનું પણ આયોજન કરેલ છે. આ રાજ્યના મુખ્ય શહેરો છે એ પૈકી અમદાવાદ શહેર માટે અમદાવાદ મહાનગરપાલિકા, અમદાવાદ વિકાસ સત્તા મંડળ, હાઉસીંગ બોર્ડ આ બધા મળીને તે પૈકી ૧ લાખ ૧૫ હજાર ૫૦૦ જેટલા આવાસો બનાવવાનું આયોજન માત્ર એક અમદાવાદ શહેરમાં કરેલ છે. તે પૈકી ૩૫૦૦૦ જેટલા આવાસોની કામગીરી પૂર્ણ કરી દીધેલ છે. આવી રીતે સુરત શહેર, વડોદરા શહેર, રાજકોટ શહેર આ બધા જ શહેરોની અંદર આ બધીજ ઓથોરિટીઓને સાથે મળીને આ પ્રકારના આવાસો મોટી સંખ્યાની અંદર બાંધકામ કરવાનું સરકારે આયોજન કરેલ છે.

શ્રી પ્રવિણભાઇ ઝી. રાઠોડ(પાલીતાણા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યાં છે એમાં મારાં વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યની અંદર ૪૩% કરતા વધારે અને વિકસતિ જાતિઓને ગણીએ તો ૫૦% કરતા વધારે બક્ષીપંચની વસ્તી હોય, બક્ષીપંચની વસતિના ધોરણે આ બજેટની અંદર જે જોગવાઇ કરવી જોઇએ એ સરકારશ્રી દ્વારા, કરવામાં આવી નથી. આ રાજ્યની અંદર જ્યારે ૫૦% કરતા વધારે વસતિ બક્ષીપંચની હોય ત્યારે સામાજિક રીતે આપણે જોઇએ તો બક્ષીપંચને જે લાભો આપવા જોઇએ એ આ સરકારશ્રી આપવા માગતી નથી અથવા આ બજેટની અંદર જોગવાઇ પણ કરવામાં આવી નથી. મારી માગણી છે કે ગુજરાત રાજ્યની અંદર નવા બક્ષીપંચ છાત્રાલયો ખોલવાની કોઇ જોગવાઇ કરવામાં આવી નથી. જ્યારે સામાજિક રીતે છાત્રાલયોની અંદર રહેતા કર્મચારીઓને પુરતો પગાર પણ આપવામાં આવતો નથી. ગૃહપતિને ૩૫૦૦ રૂપિયા પગાર આપવામાં આવે, રસોયાને ૩૦૦૦ રૂપિયા પગાર આપવામાં આવે, ચોકીદારને ૧૫૦૦ રૂપિયા પગાર આપવામાં આવે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે આ મોંઘવારીમાં આવો જ્યારે પગાર આપવામાં આવતા હોય ત્યારે આવા પગારથી કર્મચારીઓ કોઇ પણ સંસ્થાની અંદર નોકરી કરી શકતા નથી તો મારી માગણી છે કે, આ કર્મચારીઓને વધારેમાં વધારે આ જે પગાર આપવામાં આવે છે તેના કરતા ડબલ પગાર આપવામાં આવે તો હું માનું છું કે આ ગુજરાત રાજ્યની અંદર ગતિશીલ ગુજરાત આ નાના કર્મચારીઓને ગતિ આપે તો ચોક્કસપણે કહી શકાય કે આ ગતિશીલ ગુજરાત કર્મચારીઓને ગતિ આપનારી

સરકાર છે. ઘણી વખત સાંભળવામાં આવે, જોવામાં આવે છે કે, બક્ષીપંચની ઘણી બધી આ સભાગૃહની અંદર વાતો કરવામાં આવે છે કે આ બક્ષીપંચને ઘણા બધો લાભ આપવામાં આવે છે. હમણાં તાજેતરમાં મેં પણ જોયું અને બક્ષીપંચ નિગમની અંદર ગયો ત્યાં સરસ મજાની મને એક બૂકલેટ આપવામાં આવી. એમાં સરસ મજાનો મુખ્યમંત્રી અને બોર્ડના ચેરમેનનો ફોટો હતો. એ બૂકલેટ જોયાં પછી મને પણ એમ થયું કે, આ સરકાર સરસ મજાનું બક્ષીપંચ માટે કામ કરતી હશે. એ બૂકલેટ ખોલીને મેં જોઇ તો અનેક યોજનાઓ એવી હતી કે, સરસ મજાની યોજના છે આ છેવાડાના માણસોને, બક્ષીપંચના લોકોને આનો લાભ પણ મળતો હશે તો એ બૂકલેટ જોઇને છેવાડાના માણસોને, બક્ષીપંચના લોકો ખુશખુશાલ થઇ જાતા હોય, એ ફોર્મ જોઇને રાજી થતા હોય ત્યારે આપણને લાગે કે આ સરકાર ગતિશીલ ગુજરાત છે પણ જ્યારે એ બૂકલેટનું પાનું ખોલીને જોવામાં આવે અને એ ફોર્મની અંદર અનેક યોજનાઓનો લાભ આપવાની વાત કરવામાં આવે ત્યારે એ બોર્ડ નિગમ, પછાત વર્ગ વિકાસ નિગમ એ ગતિશીલ ગુજરાતનું નિગમ નહિ પણ એ જેને કહેવાય મંદ ગતિએ પડેલું નિગમને આપ ઊભું કરવા માગો છો કે કેમ? અને બીજો મારો પ્રશ્ન એ છે કે, એ નિગમ માત્ર પછાત વર્ગનું છે ત્યારે નિગમોમાં ચેરમેનોની નિમણૂક કરવામાં આવે. બક્ષીપંચના લોકોને રાજી કરવામાં આવે કે તમને આ બોર્ડ, નિગમના ચેરમેન તરીકે નિમણૂક કરી છે ત્યારે મોટાભાગના બક્ષીપંચના લોકો એની અંદર હોય છે ત્યારે નિગમની અંદર નિમણૂક આપ્યાં પછી આ સરકાર દ્વારા કોઇ પણ પ્રકારની ગ્રાન્ટ આપવામાં આવતી નથી. વિદ્યાર્થીઓની વાત કરવામાં આવે તો વિદ્યાર્થીઓને નિગમના માધ્યમથી મોટો લાભ આપવામાં આવશે. આજે હું તો ત્યાં સુધી કહીશ કે વિદ્યાર્થીઓની પણ ઉપેક્ષા કરી રહ્યાં છે. વિદ્યાર્થીઓના અનેક લોનના ફોર્મો એ નિગમની અંદર ગ્રાન્ટના અભાવે પેન્ડીગ પડ્યાં છે તો વહેલી તકે વિદ્યાર્થીઓને શિક્ષણનું કાર્ય કરવામાં સરળતા પડે એના માટે વહેલી તકે લોન આપે એવી મારી આ સરકાર પાસે માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવું જ આપણું બીજું કોળી–ઠાકોર નિગમની અંદર કોળી–ઠાકોરનો સમાવેશ કરવામાં આવ્યો છે એ કોળી–ઠાકોર નિગમ, બોર્ડ આપણા પૂર્વ મુખ્યમંત્રી અને હાલના વિરોધપક્ષના નેતા શંકરસિંહ બાપુના સાનિધ્યમાં એ બોર્ડ બનાવવામાં આવેલું એ બોર્ડ બન્યાં પછી છેલ્લા ૨૦ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યાં પછી એ બોર્ડ નિગમની અંદર ગ્રાન્ટ આપવામાં આવતી નથી અને એ બોર્ડ નિગમના ચેરમેનો બનાવવામાં આવે તો *(xxx) એ માત્ર ખાલી એ *(xxx) એ નિગમ બનાવવામાં આવ્યું છે.

અધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરીએ છીએ.

શ્રી પ્રવિણભાઇ ઝી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું સરકાર પાસે વિનંતી કરું છું કે, એ બોર્ડ નિગમની અંદર જે કોળી અને ઠાકોરોનો સમાવેશ કરવામાં આવ્યો છે. એવી જ રીતે આ સભાગૃહની અંદર અને કેબીનેટ પ્રધાન તરીકે આ પહેલી હરોળમાં કોઇ કોળી કે ઠાકોર આગલી હરોળમાં બેસી અને કોળી સમાજના, ઠાકોર સમાજના પ્રશ્નો ઉકેલી શકે.

પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન

કોળી–ઠાકોર સમાજને પ્રતિનિધિત્વ આપવા અંગે

શ્રી શંકરભાઇ લ. ચૌધરી( આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, થોડુંક ક્લેરિફિકેશન થાય એટલા માટે કરીને મેં કહ્યું. *(xxx) એવી વાત છે એમાં અગાઉ જે પુંજાજીભાઇ ઠાકોર હતા, ભારતીય જન સંઘના ટાઇમના કાર્યકર્તા હતા અને એ ચેરમેન હતા. અત્યારે પણ કોળી–ઠાકોર વિકાસ નિગમના ચેરમેન જે છે નંદાજી ઠાકોર, એ પણ જુના કાર્યકર્તા છે વર્ષોથી, શિક્ષણ સમિતિના ચેરમેન હતા. એટલે આવી *(xxx) માહિતી રેકોર્ડ ઉપર ના રહે એટલા માટે.

અધ્યક્ષશ્રી : આપણે રેકોર્ડ ઉપરથી દુર કરીશું. આપનો સમય પણ એક મિનિટનો સમય છે.

શ્રી પ્રવિણભાઇ ઝી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, મારું છેલ્લું સુચન છે અને વિનંતી છે સરકારને કે, કોળી–ઠાકોરની વાત એટલા માટે હું કરું છું કે, અમે અપેક્ષા રાખીએ, અમે બક્ષીપંચમાંથી આવીએ છીએ, બક્ષીપંચમાંથી આવતા હોઇએ ત્યારે અમારા પ્રતિનિધિ, અમારું અને અમારા સમાજનું પણ કામ કરે એમના માટે પણ અમે આ સરકાર પાસે કાંઇક અપેક્ષા રાખતા હોઇએ, એટલા માટે મારી વિનંતી છે કે, પહેલી હરોળની અંદર બક્ષીપંચ કે ઠાકોરનો કોઇ કેબીનેટ પ્રધાન બેઠો હોય તો ચોક્કસ પણે કોળી અને ઠાકોરના પ્રશ્નો એ ઉકેલી શકે એમના માટે મારી વિનંતી હતી . એટલે અમે વિનંતી કરીએ છીએ આદરણીય સરકારશ્રીને કે, અમારો કોઇ કોળી કે ઠાકોર પ્રતિનિધિ એ કેબીનેટમાં લે એવી પણ અમારી એક રજૂઆત છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથો સાથ આ ગુજરાત રાજ્યની અંદર સાગર ખેડૂ યોજના કરવામાં આવી. સાગર ખેડૂ યોજનાની અંદર બક્ષીપંચ અને છેવાડાના લોકોની વાત કરવામાં આવી છે. ત્યારે સાગર ખેડૂ યોજનાના માધ્યમથી છેવાડાના અમારા દરિયાઇ પટ્ટી વિસ્તારમાં રહેતા બક્ષીપંચના લોકોને એક પણ આ સાગર ખેડૂના માધ્યમથી સરકારી સ્કૂલ આપવામાં આવી નથી . તો એમાં પણ અમારી માગણી છે કે, સાગર ખેડૂના માધ્યમથી અમારા બક્ષીપંચના વિસ્તારમાં એક સાગર ખેડૂ યોજનાથી એક સારી સ્કુલ બને, એનાથી અમારા બાળકો પણ ભણી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથોસાથ આપને વિનંતી કરું છું કે, બક્ષીપંચ એ સૌથી વધારે આ રાજ્યની અંદર વસતિ ધરાવતો વર્ગ હોય ત્યારે અમારી માગણી છે કે, બક્ષીપંચ આશ્રમશાળાઓ અને આશ્રમશાળાઓમાં મરામત માટે કોઇ પણ પ્રકારની આ સરકારે આ બજેટમાં જોગવાઇ કરી નથી. જેથી કરીને આ આશ્રમશાળાઓમાં મરામત થાય એના માટે પણ મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. માનનીય મનીષાબેન.

શ્રીમતી મનિષા રા. વકીલ(વડોદરા) : Respected Speaker, Sir, I stand in support of the demand

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

No. 95 brought by the Minister for Social Justice and Empowerment Department, Shri Ramanbhai Vora.

Before I start speaking for the demand I would like to pay respect and gratitude to Dr. Babasaheb Ambedkar, a lion hearted man who fought for equality, justice, humanity and for the rights of the downtrodens, because of whom I am standing standing here in this August Vidhan Sabha and expressing my views and thoughts.

I would like to congratulate our Hon'ble Chief Minister Anandiben Patel and Finance MinisterSaurabhbhai Patel for providence of Rs 15 crores celebrating 125$^{th}$ birth anniversary of Dr. Babasaheb Ambedkar. But it would double our joy if the amount is increased for the celebration.

Respected Speaker, Sir, Gujarat State has always proved to be transparent and a torch bearer to other states in India when it comes to overall development of socially oppressed classes.

After attaining freedom, attainment of 'Surajya' good governance is also necessary. Now Gujarat has proved as an example of goos governance and a trend setter in implementing new policy of State successfully.

Gujarat has fulfilled the mantra of Sauno Saath Sauno Vikas. And now not only the whole of In India but every country in the world is trying to follow the mantra Sauno Saath Sauno Vikas. Gujarat Government has proved to be helpful to socially and economically oppressed community. It has always been thoughtful for the upliftment and development of these communities. The Government has ensured equal opportunity and justice for underprivileged class.

Respected Speaker, Sir, through implementation of various schemes meant for education, social and economic upliftment, the Government has tried to bring changes in the life of these people.

Education has played a vital role in the development of the underprivileged community. I am happy to inform the Hon'ble Members of this August House that 50 to 60 per cent of budget in this department is spent on educating these people. Illiteracy rate in socially backward classes is more to that of other castes in the Society. According to recent survey the general literacy rate is 78.03 per cent as against that the literacy rate is 79 per cent in the underprivileged class.

Those girls studying in standard 9 are given free cycles under the scheme 'Saraswati Sadhana Yojana'. This helps to motivate girls to complete their education and have positive attitudes towards education.

Respected Speaker, Sir Under this Yojana the family living below poverty line has been given total 459 lakhs and 17941 cycles to girls. Respected, Speake, Sir I would like to bring to your kind attention that the economically backward family who cannot afford good tuitions but their children want to opt for science stream. Respected Speaker, Sir, Those students who secured 70 per cent of marks are given help to the tune of Rs. 15000 to those whose income is less than 1.50 lakhs for better tuitions.

Respected Speaker Sir, Many years back in the year 1913, Maharaja of Baroda, Sir Sayajirao Gaekward has granted scholarship to Dr. Babasaheb Ambedkar to study in Columbia University in New York. Did anyone after that ever think to give scholarship to the children of oppressed classes.

Respected Speaker, Sir, It has only happened in Gujarat that when our present Prime Minister Shri Narendrabhai Modi thought about these oppressed classes and decided to send these smart children to foreign for further studies. In the year 2013-14 70 students were sent outside India with the amount spend around 700 lakhs under the scheme Dr. Ambedkar Videsh Talim Yojana.

Respected Speaker, Sir, I would like say very proudly that 742 students with an amount of around 65.11 crores expenditure has been sent outside India for further studies. The present Government of Gujarat has always worried about them to make them arise from their condition. Respected Speaker Sir, It was like a dream when a youth of dalit used to ever think of becoming a

pilot. But Gujarat Government has made this dream come true. The Government provides a loan facility of Rs. 20 lakhs, which was only 15 lakhs previously, to youths so that they can become commercial pilot.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટી ગુજરાતને પોતાનો આત્મા અને ભારતને પોતાનો પરમાત્મા સમજે છે અને ગુજરાતનું હીત જેમના હેયે વસેલું છે તેવી ભારતીય જનતા પાર્ટીની શ્રીમતી આનંદીબેન પટેલની આગેવાનીમાં ચાલતી આ ગતિશીલ ગુજરાત સરકારના માનનીય મંત્રીશ્રી રમણલાલ વોરા સાહેબ અનુસૂચિત જાતિ પેટા યોજનાની માગણી નં. ૯૫ લઇને આવ્યા છે એને હું મારું આનુમોદન આપવા મારા વિચારો રજૂ કરું છું. હું રામાયણની વાત કરું તો ભગવાન શ્રી રામ ભકતરૂપી રાજનીતિ કરતા હતા. આપણે મહાભારતની વાત કરીએ તો ભગવાન શ્રીકૃષ્ણ યુકિતમુખી રાજનીતિ કરતા હતા અને હું ભારતની વાત કરું તો ભારતમાં ભારતીય જનતા પાર્ટી એક વિકાસરૂપી રાજનીતિ કરે છે ત્યારે આ ભારતમાં વિકાસની નીતિથી ભૂતકાળમાં વોટબેંકની રાજનીતિ ચાલતી હતી આજે આ ભારતીય જનતા પાર્ટીની આગેવાનીમાં ભારતમાં વિકાસની રાજનીતિ ચાલે છે ત્યારે આજે આપણા વડીલો, ઘરડા માણસો સરકારને એમ કહે છે કે ઘડપણની લાકડી અને સરકાર આપણી. અનુસૂચિત જાતિ કલ્યાણની વાત કરું તો વૃદ્ધ સહાય યોજના, સંકટ મોચન યોજના, ઉચ્ચ ટેકનિકલ શિક્ષણ યોજના, સંત સુરદાસ યોજના અને વિકલાંગ માટે હું એટલું કહીશ પગ નથી તો શું છે, સરકારનો સાથ તો છે. એસ.ટી. બસમાં મફત મુસાફરી, વિકલાંગોને વીમા કવચ યોજના આવી બધી અનેક યોજનાઓ જે આ સરકારે આપી છે, ત્યારે આ સરકારને ખરેખર અભિનંદન નહિ, પરંતુ વંદન કરવાનું મન થાય. ડો.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન. હું આપને જણાવવા માગું છું કે ડો.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના એ ભુતકાળમાં ૧૦ લાખની લોન હતી. એમાં ૪ ટકા વ્યાજદરે આપવામાં આવતી હતી. પરંતુ તેમાં ૫ લાખનો વધારો કરી રૂપિયા ૧૫ લાખની લોન આપવામાં આવે છે. ચાલુ નાણાકીય વર્ષની વાત કરું તો રૂપિયા ૯૫૦ લાખના ખર્ચે ૭૦ લાભાર્થીઓએ લાભ લીધો છે. અનુસૂચિત જાતિ માટે બીજી યોજનાની વાત કરી તો કોમર્શિયલ પાયલોટની તાલીમ માટે ભૂતકાળમાં ૨૦ લાખની લોન આપવામાં આવતી હતી, તેમાં ૫ લાખનો વધારો કરીને તે લોન ૨૫ લાખની આપવામાં આવે છે. ચાલુ નાણાકીય વર્ષમાં રૂપિયા ૯૦ લાખના ખર્ચે ૪ જેટલા લાભાર્થીઓએ લાભ લીધો છે. એવી જ રીતે મેડિકલ કોલેજ અને એન્જિનિયરિંગ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સાધનો ખરીદવા માટે રૂપિયા ૩૦૦૦ ની સહાય આપવામાં આવતી હતી. હવેથી મેડિકલ સાધનો ખરીદવા માટે રૂપિયા ૧૦ હજાર જેટલી લોન આપવામાં આવે છે અને ૫૦૦૦ રૂપિયા ડિપ્લોમાનાં સાધનો ખરીદવા માટે આપવામાં આવે છે. ચાલુ વર્ષ ૨૦૧૪-૧૫ માં ૨૭.૬૨ લાખના ખર્ચે ૬૦૧ જેટલા વિદ્ધાર્થીઓને આ લાભ આપવામાં આવ્યો છે. આ ગૃહમાં વિપક્ષના નેતા હેઠળ થોડા દિવસ પહેલા આલિયા, માલિયા, જમાલિયાની વાત કરી. ચા ની કીટલીવાળાની વાત કરી. આપણે સૌ જાણીએ છીએ કે આ મોબાઇલના જમાનામાં અત્યારે એક મેસેજ ફરતો થયો છે કે ગરીબ જન્મવું એ ગુનો નથી, પરંતુ જન્મીને ગરીબ રહેવું એ ગુનો છે. આપણે સૌ જાણીએ છીએ આપણા આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી બચપણમાં રેલ્વેસ્ટેશન પર ચા વેચતા હતા એવો કટાક્ષ મારીને જયારે આ વિપક્ષના નેતાએ વાત કરી છે, ત્યારે હું કહેવા માગું છું કે ભાજપે વડાપ્રધાન પક્ષના ઉમેદવારને જાહેર કરેલા. કોંગ્રેસના રાષ્ટ્રીય કારોબારી બેઠી. કોંગ્રેસના તમામ આગેવાનોને એવું હતું કે આજે આપણા વડાપ્રધાનના ઉમેદવારનું નામ જાહેર થશે. પરંતુ માત્ર ત્રણ ગેસના સિલિન્ડર લઇને પાછા ફરવું પડેલ. હું એ પણ જણાવવા માગું છું કે સૌને ખબર હતી કે હવે આ ૨૦૧૪ ની ચૂંટણીમાં આપણો એટલે કે કોંગ્રેસનો સફાયો થવાનો છે. એવી કોંગ્રેસને ખબર હતી, ત્યારે કહેવા માગું છું કે કોઇ એવી મા ન હોય કે દીકરાની રાજકીય બલિ ચઢાવે. હું અગાઉ વાત કરું તો કોંગ્રેસે અમારા અનુસૂચિત જાતિના મહોલ્લાની વાત કરું. પીવાના પાણીની સગવડ માટે ટૂંકુ વિચારતી. શુક્રવારે બોલવાનું હતું, પણ સમય ઓછો હતો. એટલે રહી ગયેલું. ભારતીય જનતા પાર્ટીની સરકાર હંમેશા લાંબુ વિચારે છે. પાણીની સગવડ કરવાની હોય ત્યાં કોંગ્રેસ હેન્ડપંપો કરતી. આજે ભારતીય જનતા પાર્ટીની સરકાર ગામે ગામ મોટી મોટી ટાંકી બનાવીને ઘરે ઘરે નળના કનેકશન આપે છે. હું અનુસૂચિત જાતિ પેટા યોજનાની બીજી વાતો કરું તો ગુજરાતમાં ૬ કરોડની વસતિની સામે રાજયમાં અનુસૂચિત જાતિની વસતિ ૪૦.૭૪ ટકા છે. જે કુલ વસતિના ૬.૭૪ ટકા છે. અનુસૂચિત જાતિની વસતિ સમગ્ર રાજયમાં ફેલાયેલી છે અને અનુસૂચિત જાતિ પેટા યોજના એ યોજના નહિ એક છત્ર છે. રાજયમાં કુલ ૧૮,૨૭૫ ગામો પૈકી ૧૨,૮૦૮ ગામો અનુસૂચિત જાતિની વસતિ છે અને ૨૩૬૧ ગામોમાં ૨૫૦થી વધુની વસતિ છે. ૧૯૭૯ થી અનુસૂચિત જાતિ પેટા યોજના અમલમાં છે તે મુજબ વસતિના ધોરણે ૭.૦૯ ટકા જોગવાઇ અનુસૂચિત જાતિ પેટા યોજનામાં કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન પૂરું થાય છે.

(વિરામ ૨.૩૦ થી ૩.૧૫ સુધી)

ઉપાધ્યક્ષશ્રી આત્મારામ પરમાર અધ્યક્ષ સ્થાને.

ઉપાધ્યક્ષશ્રી : ઓર્ડર, ઓર્ડર, શ્રી પુનમભાઇ પરમાર.

શ્રી પુનમભાઇ મા. પરમાર(સોજીત્રા) :માનનીય અધ્યક્ષશ્રી, હું સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની માગણી પર મારા વિચારો હું રજૂ કરું છું. બક્ષીપંચોના કલ્યાણની વાત કરે છે ત્યારે ૬.૫૦ કરોડની વસ્તીમાંથી ૧૬.૫૦ ટકા આદિવાસીઓ, ૧૧.૩૦ ટકા દલિતો, ૪૩.૦૦ ટકા ઓ.બી.સી., ૨૯.૨૦ ટકા અન્ય વસ્તી તથા ૯૧ ટકા હિન્દુ, ૮ ટકા મુસ્લિમો અને ૧ ટકો કિશ્ચયન વસ્તી છે ત્યારે આ વાર્ષિક યોજનામાંથી માત્ર એક ટકાની ફાળવણી, એક ટકાથી ઓછી ફાળવણી બક્ષીપંચ માટે કરાઇ છે. વર્ષ ૨૦૧૧-૧૨માં ૩૪ હજાર ૬૬૦ કરોડમાંથી માત્ર ૩૯૨ કરોડ એટલે કે ૦.૮૭ ટકા, એક ટકાથી ઓછી ફાળવણી કરી હતી. ૨૦૧૨-૧૩ માં ૫૧ હજાર કરોડમાંથી ૪૩૮.૭૮ કરોડ અને ટકાવારી જોઇએ તો ૦.૮૬ ટકા, ૨૦૧૩-૧૪માં ૫૮ હજાર ૫૦૦

કરોડમાંથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગને માત્ર ૫૧૭.૦૦ અને તેમાં ટકાવારી જોઇએ તો ૦.૮૮ ટકા ફાળવણી, ૨૦૧૪–૧૫માં જોઇએ તો ૭૧ હજાર ૩૩૦ કરોડમાંથી ૬૧૨.૪૦ કરોડ એટલે કે ટકાવારી જોઇએ તો ૦.૮૬ ટકા થાય છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓમાં એટલો બધો ઘટાડો કરેલ છે કે જેની વાત થાય એવું નથી. અન્ય પછાત વર્ગમાં જોઇએ તો રાજયની કુલ વસ્તીના ૪૩ ટકા વસ્તી ઓ.બી.સી અને ભારતની ૬.૬ ટકા વસ્તી ગુજરાતમાં રહે છે. ૭૬.૭૦ ટકા ગ્રામીણ વસ્તી મોટાભાગે કામદાર વર્ગ છે. શહેરમાં ૫૫.૯૦ ટકા ઓ.બી.સી.ની વસ્તી કામદાર વર્ગ છે. ૩.૪ ટકા લોકો ગ્રામીણ વિસ્તારમાં સંપૂર્ણ બેરોજગાર છે. ૩.૦૧ ટકા લોકો શહેરી વિસ્તારમાં સંપૂર્ણ બેરોજગાર છે. ૫૫.૦૩ ટકા મહિલાઓ એનીમીયાથી પીડાય છે. ૭૧.૦૭ ટકા બાળકો એનીમીયાથી પીડાય છે. રાજયમાં કુલ ૧૪૬ જાતિઓનો શૈક્ષણિક રીતે પછાત વર્ગમાં સમાવેશ કરેલ છે. જે કુલ વસ્તીના આશરે ૫૨(બાવન) ટકા જેટલી વસ્તી થાય છે. વાર્ષિક યોજનામાંથી રાજયમાં આશરે ૧ ટકાની ફાળવણી બક્ષીપંચ માટે કરાઇ છે ત્યારે તે ઘણી જ ઓછી છે. દરવર્ષે ૦.૫ ટકા બજેટ વાર્ષિક યોજનામાંથી આર્થિક રીતે પછાત વર્ગના કલ્યાણ માટે ફાળવવામાં આવે છે. વર્ષ ૨૦૧૧–૧૨ માં ૩૪ હજાર ૬૬૦ કરોડમાંથી ૧૭.૯૨ કરોડ અને ટકાવારીની દ્રષ્ટિએ જોઇએ તો ૦.૦૫ ટકા, ૨૦૧૨–૧૩માં ૫૧ હજાર કરોડમાંથી ૨૬.૧૦ કરોડ જેની ટકાવારી ૦.૦૫ ટકા, ૨૦૧૩–૧૪માં ૫૮ હજાર ૫૦૦ કરોડમાંથી ૩૧.૦૦ કરોડ જેની ટકાવારી ૦.૦૫ ટકા થાય છે. ત્યારે ૧૪૬ જાતિઓનો આમાં સમાવેશ કર્યો હોય, આટલો મોટો વર્ગ હોય તો પણ આ સમાજ માટે જે ફાળવણી કરવી જોઇએ તે બિલકુલ ઓછી છે. હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું કે તેની ટકાવારીમાં વધારો કરે. વિકસિત જાતિઓમાં વિમુકત અને અસ્થાયી જાતિઓના કલ્યાણ માટે રૂપિયા પાંચ કરોડ જેટલો ઘટાડો કરવામાં આવ્યો છે. ૨૦૧૩–૧૪માં ૪૬.૪૮ કરોડ, ૨૦૧૪–૧૫માં ૪૧.૯૩ કરોડ તથા આવાસન અંગેના ખર્ચમાં રૂપિયા ૨૦ કરોડનો ઘટાડો કર્યો છે. ૨૦૧૩–૧૪ના વર્ષમાં ૮૦.૨૫ કરોડ, ૨૦૧૪–૧૫માં ૬૨.૪૫ કરોડનો ઘટાડો કરેલ છે. વિચરતી અને વિમુકત જાતિની જુદી જુદી સામાજિક અને આર્થિક યોજનાઓમાં નોંધપાત્ર ઘટાડો કરેલ છે. ૨૦૧૩–૧૪ની સરખામણીએ ૨૦૧૪–૧૫માં વ્યક્તિગત ધોરણ માટે અપાતી મકાન સહાયમાં ૩૧ કરોડનો ઘટાડો કરેલ છે. ધોરણ–૧ થી ૪ ના બાળકોને અપાતી શિષ્યવૃત્તિ માટે સહાયમાં ૧.૬૫ કરોડનો ઘટાડો કર્યો છે. આશ્રમશાળાઓમાં ૯.૩૫ કરોડનો ઘટાડો કરેલ છે. ૧૩૫ તાલુકાઓમાં પાયાની સવલતો માટે ૨.૭૦ કરોડનો ઘટાડો કરેલ છે. વિચરતી અને વિમુકત કલ્યાણ માટેની ૨૬ ટકા રકમ ખર્ચવામાં આવી નથી. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે માધવસિંહ સોલંકીની સરકાર હતી ત્યારે ઘણી જ ઓ.બી.સી.ની વસતિ ઓછી હતી અને તે વખતે ૨૭ ટકા અનામત આપવામાં આવી હતી તે પછી ૧૪૬ જ્ઞાતિઓ થઇ તો ૨૭ ટકામાં જે જ્ઞાતિઓનો વધારો થયો એની સામે મને વાંધો નથી પણ ટકાવારીમાં ૨૭ ટકાથી વધારો કરવો જોઇએ એ પણ કર્યો નથી. આ મિત્રો બોલે છે પણ આ મિત્રોની વાત કરું તો આ મિત્રોની પરિસ્થિતિ એવી ઉભી થઇ છે કે •(xxx) એ પરિસ્થિતિનું જ્યારે નિર્માણ થયું છે ત્યારે હું મારા મત વિસ્તારની વાત કરું તો

ઉપાધ્યક્ષશ્રી : અસંસદીય શબ્દો હશે તે રેકોર્ડ ઉપરથી દૂર કરવામાં આવશે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તાર સોજીત્રા વિસ્તારમાં કાસોર ગામમાં પરા વિસ્તારમાં ચાર ચાર વર્ષથી અન્ય સરકારી ગ્રાન્ટમાંથી બોર–કૂવા થયેલા છે, ટાંકીઓ થયેલી છે પણ વીજ જોડાણ મળતું નથી. આ ઓ.બી.સી. બક્ષીપંચની જ્ઞાતિના લોકો પરા વિસ્તારમાં રહે છે ત્યારે જો બક્ષીપંચના લોકો જે કોળી, ઠાકોર સમાજના લોકો છે એના પ્રત્યે આ સરકારને લાગણી હોય તો ચાર ચાર વર્ષથી ત્યાંના સરપંચ વીજ જોડાણ માટે થેલી લઇને દોડે છે છતાં એની અરજી પણ સ્વીકારાતી નથી ત્યારે આ સરકાર માટે એ •(xxx) બાબત છે. મારા મત્રો પ્રવિણભાઇ કહેતા હતા કે જ્યારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે વસતિના ધોરણે કેબિનેટ મંત્રીના પદોનું વિતરણ થતું હતું.

ઉપાધ્યક્ષશ્રી : આપના *(xxx) શબ્દો હું રેકોર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી પુનમભાઇ મા. પરમાર : આજે બક્ષીપંચના ઘણાં મિત્રો છે કોળી છે, ઠાકોર છે અને અન્ય ઘણા બક્ષીપંચની જ્ઞાતિના મિત્રો છે અહીંયા પણ એકેય ને મંત્રી બનાવવામાં આવ્યા નથી તો સમાજની સેવા શું કરી શકે? બિચાર–બાપડા થયા છે, લાફો મારીને ગાલ રાતો રાખે છે એમના મત વિસ્તારાની પૂરી રજૂઆત પણ કરી શકતા નથી, સાચી લોકશાહી અહીંયા જે મિત્રો બેઠાં છે એમને નથી મળી.આ તો *(xxx).

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય પુનમભાઇ એવું બોલ્યા કે*(xxx).

ઉપાધ્યક્ષશ્રી : એ શબ્દો આપણે રેકોર્ડ ઉપરથી દૂર કરીએ છીએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : નહીં નહીં, સાહેબ પૂરી વાત તો સાંભળો. કોઇ પણ સભ્ય માટે આ ગૃહમાં આ રીતે બોલી શકાય નહીં. આ શબ્દો પાછા ખેંચાવા જોઇએ કેમ કે, આ ત્રીજી વખત આવું બોલ્યા છે એમને ટેવ પડી ગઇ છે. આ ગૃહના સન્માનીય સભ્યશ્રીનું અહીંયા જ અપમાન કરવાની એમને ટેવ પડી ગઇ છે. આ શબ્દો એમની પાસે ખેંચાવવા જોઇએ. એક વાર માફ કરાય, વારંવાર ભૂલ કરે તો એમને માફ ન કરવા જોઇએ. (અંતરાય) તમારા પક્ષમાં સૂચન કરો, પેલા રાહુલ બાબા ખોવાય ગયા છે દેખાતાય નથી બધા શોધવા જાવ ખરેખર.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx). આ શબ્દો તેઓ બોલ્યા છે.

ઉપાધ્યક્ષશ્રી : આ શબ્દો આપણે રેકર્ડ ઉપરથી દૂર કર્યા છે.

•માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યાં.

શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ગામડાં વિસ્તારમાં અનુસૂચિત જાતિની હાલત બહુ ખરાબ છે. ગુજરાતમાં જ્યાં નાના ગામડાં છે ત્યાં આજે પણ અસ્પૃશ્યતાની હાલત છે ત્યાં આજે પણ કૂવામાંથી પાણી ભરવા દેતા નથી, એમના નળમાં પાણી ભરવા દેતા નથી અને પરિસ્થિતિ બહુ ખરાબ છે. ફરિયાદ દાખલ થાય છે ત્યારે કોર્ટોમાં કેસોના ભરવાના કારણે કેસ ચાલતો નથી અને ખૂબ જ પડતર કેસો પડી રહે છે. ગુજરાતમાં ૨૫ અલાયદી કોર્ટો ચાલે છે તેવું ગુજરાત સરકાર સર્ટિફિકેટ આપે છે. માત્ર આ અલાયદી કોર્ટો જે ચાલે છે તે ફક્ત અનુસૂચિત જાતિના લોકોના કેસો ચલાવવા માટે ચાલે છે. એમાં ગુજરાત સરકાર દર વખતે આવી ૨૫ કોર્ટો ચાલે છે તેવું સર્ટીફિકેટ આપીને કરોડો રૂપિયા  કેન્દ્ર સરકારમાંથી પણ મેળવે છે, મારા કડી વિસ્તારમાં તો નથી પણ આખા ગુજરાતમાં પણ ક્યાંય આવી કોઇ અલાયદી કોર્ટ અનુસૂચિત જાતિના લોકો માટે ચાલતી જ નથી, આવી એક પણ કોર્ટ ચાલતી નહિ હોવા છતાં બહુ મોટી રકમ કેન્દ્ર સરકારમાંથી મેળવે જાય છે, અનુસૂચિત જાતિના લોકો માટે ૨૦૧૪-૧૫માં જે ગ્રાન્ટ ફાળવેલ છે તે ખૂબજ ઓછી ફાળવેલ છે.  કર્મચારીઓના પગાર પણ હજી બાકી બોલે છે.   આંબેડકર આવાસ યોજનામાં ગ્રામ્ય વિસ્તારમાં ૭૦૦૦૦ રૂપિયા આપવામાં આવે છે જ્યારે શહેર વિસ્તારમાં માત્ર ૪૫,૦૦૦ રૂપિયા આપવામાં આવે છે.  ગામડાંમાં જ્યારે ૭૦,૦૦૦ આપતા હોય ત્યારે શહેરમાં એની કોસ્ટ વધારે આવે તો શહેરમાં ૪૫,૦૦૦ની જગ્યાએ એક લાખ રૂપિયા ફાળવવા માટે હું સરકારને વિનંતી કરું છું.  અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને દર વરસે સ્કોલરશીપમાં સહી સિક્કા કરાવવા માટે હેરાનગતિ થાય છે અને ક્યાંય પણ એમને સહી સિક્કા કરી આપતા નથી અને લોકો ખૂબજ ધક્કા ખવડાવે છે, બાળક જ્યારે સ્કૂલમાં દાખલ થાય છે ત્યારે અનુસૂચિત જાતિના નામથી જ દાખલ થતું હોય છે અને જ્યારે સ્કૂલમાંથી છૂટો થાય ત્યારે તેના સર્ટીફિકેટમાં સ્કૂલમાંથી લખીને આપવામાં આવે છે કે આ બાળક અનુસૂચિત જાતિનું છે એના ઉપર જ અનુસૂચિત જાતિનો દાખલો આપવામાં આવે છે. હું આપના મારફતે એ કહેવા માગું છું કે, આ બાળક સ્કૂલમાં દાખલ થાય ત્યારથી અનુસૂચિત જાતિનું જ બાળક હોય છે તેમ માનીને જો સરકાર આ માટેના ફોર્મ ભરવાનું કે આવા બધા સહી સિક્કા કરવાની પ્રક્રિયામાંથી નીકાળી દે અને નિયમ પ્રમાણે જે રકમની ફાળવણી કરવાની હોય એ તેમના બેન્કના ખાતામાં સીધી જ ફાળવણી થઇ જાય તો બહુ મોટી પ્રક્રિયામાંથી કોઇને પસાર ન થવું પડે. ગુજરાત ફાઇનાન્સ બોર્ડ દ્વારા નગરપાલિકાઓને ખૂબજ મોટી રકમ અનુસૂચિત જાતિના વિસ્તારના વિકાસ માટે ફાળવવામાં આવે છે સ્થાનિક સંસ્થાઓમાં ચોક્કસ પાર્ટી હોવાના કારણે બહુમતીના જોરે એ ગ્રાન્ટ જનરલ વિસ્તારમાં ફાળવવામાં આવે છે અનુસૂચિત જાતિની અને લઘુમતિની જાતિના વિસ્તારમાં કોઇપણ ખર્ચ કરવામાં આવતો નથી.  જ્યારે વેરા ખૂબજ પ્રમાણમાં વસૂલ કરવામાં આવે છે.  હું કડીની વાત કરું અમારે ત્યાંના માનનીય નીતિનભાઇ પટેલ સાહેબ છે મારી ૨૦૧૩-૧૪ની ગ્રાન્ટ નગરપાલિકામાં મેં જે લખેલી છે બે ત્રણ કામ માટે આજે પણ એ ગ્રાન્ટ વાપરતા નથી.  સરકારમાંથી પણ વાત જવા દો પણ મારી પોતાની ગ્રાન્ટ આપેલી છે એ વાપરવામાં આવતી નથી.   પચાસ ફોન કર્યા હશે પણ છતાં મારી ગ્રાન્ટ વાપરતા નથી.   આ પરિસ્થિતિ આજે છે.  ગામડાંઓમાં અનુસૂચિત જાતિની પરિસ્થિતિની વાત જવા દો પણ શહેરની પરિસ્થિતિ બહુ ખરાબ છે. સરકારમાંથી નક્કી કરેલું છે કે દરેક જિલ્લામાં અને દરેક તાલુકામાં દર વરસે ડો. બાબાસાહેબ આંબેડકરના હોલ બનાવવા. ગણતરીના બે ચાર જિલ્લા કે તાલુકાને બાદ કરતાં આખા ગુજરાતમાં આજની તારીખે પણ બાબાસાહેબ આંબેડકરના નામથી જે હોલ બનાવવાના છે એની ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી અથવા તો ગ્રાન્ટ ક્યારે આપવાના છે એની કોઇ સમજ પડતી નથી.   આ આખી યોજના અભરાઇ ઉપર ચડાવી દીધેલ છે.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણી નંબર-૯૨ ઉપર મારા વિચારો આજે હું ગૃહમાં વ્યક્ત કરું છું.   ગૃહની અંદર આજે બે બાબતો અમારા પક્ષ તરફથી મેં  જોઇ છે. પહેલી બાબતની અંદર આજે સવારમાં જ ખેડૂતોના પ્રાણપ્રશ્નો લઇને અને ભલે સસ્પેન્ડ થયા પણ ખેડૂતોને કંઇ તકલીફ છે એ ઉજાગર કરવાનો કંઇ પ્રયત્ન કર્યો પણ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર એ બધા સસ્પેન્ડ થયા.   પણ

ઉપાધ્યક્ષશ્રી : સભ્યશ્રી, આપ માગણી પર આવો આ અંગે માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય આપી દીધેલો છે.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, બીજી જે બાબત બની એ કે ગરીબો, આદિવાસી, બક્ષીપંચ, પછાત એ લોકોની માગણી.. આ ગતિશીલ સરકારે આ લોકો માટે શું કર્યુ ? કેટલી ગતિ કરી ? અને તેમાં કેટલી બ્રેકો વાગી છે એ માટે અમે ગૃહની અંદર અમારા નેતાએ કહ્યું કે તમારે કોઇએ સસ્પેન્ડ નહીં થવાનું પણ આપણા પક્ષ તરફથી રજૂ કરો અને રજૂ કરવા માટે અમે શૈલેષભાઇ અને બધા મિત્રોએ રજૂ કરેલ છે. બંધારણની અંદર આ આંબેડકરની વાત કરું જવાહરલાલ નહેરૂના વખતમાં તેઓ જયારે મંત્રી હતા ત્યારે તેમણે જે બંધારણ કર્યુ હતુ કે બજેટ હોય તે બજેટ આ બધી વસતિઓના પ્રમાણમાં એની ફાળવણી થવી જોઇએ અને એ પ્રમાણે દરેક રાજયો પણ એનુ અનુકરણ કરે. એ જ રીતે જયારે માધવસિંહની સરકાર હતી ત્યારે ૨૭ ટકા અનામત આવી હતી. અને એ આંબેડકરના વિચારો હોય કે માધવસિંહની સરકારના વિચારો હોય તેના કારણે ઓ.બી.સી.વર્ગ છે, આદિવાસી વર્ગ છે, એસ.સી.વર્ગ છે એ કયા લેવલે આજે  પહોંચ્યુ છે અહીંથી ત્યાં ગયા એ પણ સુખી થયા છે અને અહીં રહ્યા છે તે પણ સુખી થયા છે એ બધુ આ બાબા સાહેબ આંબેડકર અને આ જે ઓ.બી.સી.ની ટકાવારી નક્કી કરી તેના ઉપર આધારિત છે. કેટલીક બાબતોમાં આજે પણ અમને તકલીફો પડી રહી છે તો હું માનનીય મંત્રીશ્રી રમણભાઇ સાહેબને વિનંતી કરું અને થોડી માગણી પણ કરીએ છીએ. સૌ પ્રથમ તો ગુજરાતની અંદર જે કુલ બજેટ છે તે બજેટની અંદર સૌથી વધારે વંચિત કોઇ સમાજ રહી જતો હોય તો એ અમારો ઠાકોર અને કોળી સમાજ છે. સૌથી પહેલો પ્રશ્ન તે દાખલાથી શરૂ થાય છે. આજે જિલ્લા સમાજ કલ્યાણની અંદર હોય કે તાલુકા પંચાયતની અંદર હોય યોગ્ય પ્રમાણમાં આ ખાતાના જે અધિકારીઓ હોવા જોઇએ તે અધિકારીઓ નથી તેના કારણે તેમને

સર્ટીફિકેટમેળવવામાં ખૂબ તકલીફ પડે છે. ઓ.બી.સી.ના દાખલા મેળવવામાં ખૂબ તકલીફ પડે છે. જે ઠાકોર છે તે ઠાકોરની અંદર સૌથી પહેલાં મધ્ય ગુજરાતની અંદર તે વખતે જે ક્ષત્રિય હતા તે ધારાળા કે બારૈયા એવા શબ્દો વાપરતા હતા. તે વખતે કોંગ્રેસ સરકારની અંદર આ જે શબ્દો હતા તે થોડા તુચ્છકારક હતા. ઠાકરડા શબ્દ, ધારાળા શબ્દ વાપરે કે બારૈયા વાપરે તેના કારણે આ જે જ્ઞાતિની અંદર ક્ષત્રિય રજપૂત શબ્દ તો તેના કારણે આજે શું મુશ્કેલી પડે છે તો જે છોકરાઓ ભણે છે તે સ્કૂલના એલ.સી.ની અંદર રજપૂત લેખલું હોય છે. હવે રજપૂત અને રાજપૂત બે વસ્તુ અલગ છે. કારડીયા રાજપૂત હોય કે બીજા જે ધંધુકાની આજુબાજુના હોય તે બધા ચોખ્ખા બક્ષીપંચમાં આવે છે પણ અમારા જે મધ્ય ગુજરાતની અંદર આ જે સમાજ રજપૂત શબ્દ લખાય એટલે સાહેબ ૧૯૭૮ની અંદર જે અધિકારીઓ હોય તે ૭૮નો દાખલો માગે. હવે ૭૮ની અંદર જે નક્કી થયુ તે વખતે ધારાળા, બારાળા જે શબ્દ હતા તે જૂના દસ્તાવેજો લાવવાના તે વખતે બહુ જૂના હતા, ભણેલાં ગણેલા હતા નહીં બહુ જૂના દસ્તાવેજો હોય નહીં અને લખાયું નહોતું એના કારણે સૌથી પહેલાં દાખલામાં તકલીફ પડે છે એટલે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું કે એમાં થોડો સુધારો કરે અને એલ.સી.પ્રમાણે દરેક વિસ્તારની અંદર આ જે હોય એને સૌથી પહેલાં ઓ.બી.સી.સર્ટી.મળે ક્રીમિ લેયર સર્ટીફિકેટ મેળવવાની અંદર પણ ખૂબ તકલીફ પડે છે એ બાબતમાં પણ ધ્યાન રાખે. અને છેલ્લા ૧૩ માસથી રાજ્યની ખાસ્સી એવી વસતિ ધરાવતું આ બક્ષીપંચની વડી કચેરી છે તેમાં ડાયરેકટરની જગ્યા ખાલી છે તો એ ડાયરેક્ટરની જગ્યા પણ ભરે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજુ શિક્ષણની અંદર પણ એટલી બધી તકલીફ પડે છે. શિક્ષણની અંદર સ્કોલરશીપ. સ્કોલરશીપ ખૂબ ઓછી છે અને સમયસર મળતી નથી. અત્યારે હાલ જે આ સેલ્ફ ફાયનાન્સ કોલેજો થઇ તેની અંદર તો જે બક્ષીપંચ હોય, બી.સી. હોય એને વર્ષના અંત સુધી પણ આ સ્કોલરશીપ એમના ખાતાની અંદર મળતી નથી તેના કારણે કેટલીક તકલીફ થાય છે. ત્યાર પછી સરકારની અંદર જુદા જુદા જે ખાતા છે તે ખાતાની અંદર ઓ.બી.સી.અને એ બધાની ભરતી થવી જોઇએ ૨૭ ટકા અનામત પ્રમાણે. આ ૨૭ ટકા અનામતના કારણે જે ભરતી થતી નથી એના કારણે આ લોકોને જે લાભ મળવો જોઇએ તે મળતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, કોળી અને ઠાકોર સમાજ જેમને તે વખતે સારા વિચાર સાથે આ જે કોળી અને ઠાકોર સમાજ માટેની રચના કરી હતી. એમાં થોડું ભંડોળ વધારે આપવામાં આવે એ ખૂબ જરૂરી છે કારણ કે આ સમાજ ખેતી સાથે સંકળાયેલો છે અને શૈક્ષણિક રીતે પછાત હોવાના કારણે પોતાની માગણી રજૂ કરી શકતો નથી, સરકાર સુધી પહોંચી શકતો નથી ત્યારે આ સમાજને લાભ થાય એના માટે થોડું ભંડોળ વધારવામાં આવે એવી અમારી વિનંતી છે. બીજું કે આ સમાજના સારી લાગણી ધરાવતા માણસો હોય એને આમાં મૂકવામાં આવે તેવી મારી વિનંતી છે.

બીજી એક વાત કરું તો ગામડાંની અંદર આશ્રમશાળાઓ ચાલે છે. આ આશ્રમશાળાઓમાં શિક્ષકો ૨૪ કલાક નોકરી કરતા હોવા છતાં એને ૨૫૦૦ રૂપિયા ઉચ્ચક પગાર મળે છે. જયારે પ્રાથમિક શાળામાં શિક્ષક નોકરી કરે તો એના માટે આ વખતે ત્રીજીવાર વધારો કર્યો અને અત્યારે ૭૮૦૦ રૂપિયા પગાર મળે છે જયારે ત્યાં ૨૫૦૦ રૂપિયામાં નોકરી કરે છે એને પણ ૭૮૦૦ રૂપિયા મળે તેવી અમારી માગણી છે.

શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી ભારત આઝાદ થયું અને આઝાદ થયા પછી દલિતો, વંચિતો અને ગરીબ માણસો માટેની હક્કની લડાઇ અને એમની વિદ્વતાને કારણે ભારતના બંધારણના દર્શન કરાવ્યા તેવા ડો. બાબાસાહેબ આંબેડકરને વંદન કરીને મારી વાતની શરૂઆત કરું છું.

રાજયના બજેટના આયોજનમાં આ ગૃહમાં અનેક દલિત સભ્યોએ જે બંધારણની જોગવાઇ છે જે તે રાજયની વસતિના પ્રમાણે એને કુલ બજેટમાં એની વસતિના પ્રમાણે જોગવાઇ થવી જોઇએ, પરંતુ આ માગણી વર્ષોથી સંતોષાતી નથી. હું એ પણ કહેવા માગું છું કે અમારી ૭.૯ ટકા વસતિ છે એ માટે બજેટમાં જોગવાઇ થવી જોઇએ એના બદલે છેલ્લા પાંચ–દસ વર્ષમાં ચાર થી પાંચ ટકાથી વધારે જોગવાઇ કરવામાં આવતી નથી. દલિતોની વેદના, દલિતોની પીડા આ ગૃહમાં સભ્યશ્રીઓ રજૂ કરી શકે એ દલિત સમાજમાંથી આવે છે. આજે આ બજેટ ઉપરની ચર્ચા છે આ બજેટ ઉપર માત્ર દલિતોને સામાજિક ન્યાય અને અધિકારીતા નહિ પરંતુ આ વિભાગની ગ્રાન્ટો આ રાજયના છવ્વીસે છવ્વીસ વિભાગોની નીચે મૂકવામાં આવે છે ત્યારે એ મૂકયા પછી એ વપરાય છે કે કેમ, એ વપરાતી નથી તો કેમ વપરાતી નથી અને જે વપરાય છે એ માત્ર દલિતો માટે જ વપરાય છે કે કેમ એ પણ જોવું જોઇએ. આ અંગે મેં ગયા બજેટ વખતે પણ રજૂઆત કરી હતી કે કોઇપણ વિભાગના હેડ નીચે સબ માઇનોર કોડ હોય એ ખોલવો જોઇએ જેમાં અનુસૂચત જાતિની ગ્રાન્ટ હોય છે એનું સી.એ.જી. મારફતે ઓડિટ થાય અને ખ્યાલ આવે કે આટલી ગ્રાન્ટ વપરાઇ અને આટલી ગ્રાન્ટ નથી વપરાઇ.

સન ૨૦૧૩–૧૪ના વર્ષ માટે ડો. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજના નીચે ૧૦૩૪ આવાસ માટે ૪૫.૧૧ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી હતી. એમાંથી માત્ર ૯.૩૮ ટકા જ ખર્ચ કરવામાં આવ્યો છે. હું માનનીય મંત્રીશ્રીને અનેકવાર મળ્યો છું. આ દલિત સમાજને મકાનોની જરૂરિયાત નથી તેવું પણ નથી પરંતી બી.પી.એલ. વાળા માટે અનેક આવાસ યોજના છે તો દલિતો માટે આંબેડકર આવાસ યોજના છે એમાંથી બી.પી.એલ. કાઢીને આવક મર્યાદાના ધોરણે લાભ મળવો જોઇએ. તો જ આ ગ્રાન્ટ વપરાશે.

આપણે ડો. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ ઉજવવા જઇ રહ્યા છીએ એના માટે ખૂબ ઓછી જોગવાઇ કરવામાં આવી છે. પરંતુ સાથે સાથે આ આવાસ યોજના ડો. બાબાસાહેબના નામ સાથે જોડાયેલી છે ત્યારે. હું માનનીય મંત્રીશ્રી વોરા સાહેબને વિનંતી કરું છું કે, આજે ગૃહમાં જાહેરાત કરે, આ આંબેડકર આવાસ યોજના પાછળ બીજા રૂ.૧૦૦/– કરોડ મૂકે અને એમાંથી બીપીએલ કાઢી આવક મર્યાદાના ધોરણે આંબેડકર આવાસ યોજના ફાળવે તો જ દલિતોનું કલ્યાણ કરેલું ગણાશે.

બીપીએલની યાદીમાં નામ છે કે નહીં એ જોવાની જવાબદારી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાં એક રોસ્ટર સેલ છે. એ સેલમાં જુદા જુદા ડિપાર્ટમેન્ટના રજીસ્ટરો ચકાસી અને એમાં રોસ્ટર નીતિનો, અનામત નીતિનો અમલ થયો છે કે કેમ એ જોવાની જવાબદારી આ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની છે. આ વિભાગમાં વર્ષોથી જગ્યાઓ ખાલી છે, એમાં નિષ્ણાત માણસો નથી. એમાં નિષ્ણાત માણસો મૂકવા જોઇએ અને અનુસૂચિત જાતિના કર્મચારીઓ છે એ પ્રમોશનના લાભથી વંચિત ન રહે એ જોવાની જવાબદારી આ વિભાગની છે. (અંતરાય) આજે અનુસૂચિત જાતિના દબાયેલા, કચડાયેલા લોકોની માગણીઓ છે. એને ગંભીરતાથી લો. જેઠાભાઇ, તમારા જેવા સુખી માણસોને દિલતોની શું ચિંતા? કદાચ તમને અનુભવ નહીં હોય, મને કહેવા દો. આજે અનુસૂચિત જાતિના વિભાગની ચર્ચા છે. દરેક વિભાગની ચર્ચામાં દરેક સમાજના પ્રતિનિધિઓ બોલે છે. આજે શાસકપક્ષના ધારાસભ્યોને બોલવા દીધા નહીં અને એમની મિનિટો અમને ફાળવી છે, એમાંની થોડીક મિનિટો મને પણ ફાળવો.

ઉપાધ્યક્ષશ્રી : આપ ચાલુ રાખો. એ મિનિટો બધાને ફાળવી છે.

શ્રી મણીલાલ જે. વાઘેલા : અનામત નીતિ અંગે પણ થોડીક વાત કરવી છે. આ સરકારમાં દરેક વિભાગોમાં કરાર આધારિત જગ્યાઓ સરકાર અનેક કંપનીઓ બનાવીને ભરે છે. આ ભરતીમાં દરેક વિભાગની અંદર અનામત નીતિનો અમલ થતો નથી એવો મારો ખુલ્લો આક્ષેપ છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી ( શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે મારા વિભાગની માગણી નં.૧૦૧ લઇને હું આ સભાગૃહ સમક્ષ આવ્યો છું તેમાં આ સભાગૃહના સન્માનનીય સભ્યશ્રીઓએ સમર્થન કર્યું છે તેમનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે નાણાકીય જોગવાઇ અને માગણીઓ લઇને આવ્યો છું તેમાં શહેરી વિસ્તારની અંદર રહેતા ગરીબ વ્યક્તિઓને તેનું પોતાનું મકાન મળે, મધ્યમવર્ગને પોતાની જરૂરિયાત પ્રમાણેનું મકાન મળે તેવી આની અંદર જોગવાઇઓ છે. હું અભ્યાસ કરતો હતો ત્યારે ઘર એટલે શું? ઘરની વ્યાખ્યા એવી હતી કે, ઠંડી, ગરમી અને વરસાદથી રક્ષણ આપે તે ઘર. પણ અહીંયાં વિભાગનું કામ કરતાં ધ્યાનમાં આવ્યું છે કે, માત્ર ઠંડી, ગરમી અને વરસાદથી રક્ષણ આપે તે ઘરની વ્યાખ્યામાં થોડો ઉમેરો થયો છે. ઘર એ સ્વમાન અને સ્વાભિમાન સાથે પણ જોડાયેલું છે. ગામડાંમાંથી રોજગારીની શોધમાં શહેરમાં આવેલ વ્યક્તિ ઝૂંપડું બાંધીને રહેતો હોય અને પોતે ઠંડી, ગરમી અને વરસાદથી બચતો હોય, ઉપર આભ અને નીચે ધરતી, આવું કેટલાય દાયકા સુધી એટલે કે, ચાલીસ-પચાસ-સાઇઠ વર્ષ સુધી ચાલ્યું. અમદાવાદ શહેરની અંદર, સુરત જેવા શહેરની અંદર રહેવાનું થયું તો પણ પોતાના ઘરનું સ્વપ્ન તે ન જોઇ શક્યો. મારે અભિનંદન આપવા પડે આ વિધાનસભા ગૃહના માધ્યમથી આજના પ્રધાનમંત્રી અને પૂર્વમુખ્યમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને કે એમણે એક સ્વપ્ન જોયું કે રાજયની અંદર આ રીતે રહેતા ગરીબ પરિવારોને ફ્રી ઓફ મકાન આપવા માટે એક આખી યોજના મૂકી, એમાં એક રૂમ રસોડું કે એવું નહીં બે રૂમ, રસોડું, સંડાસ, બાથરૂમ સાથે અને ત્યાં નીચેના ભાગમાં કોમન જે વ્યવસ્થાઓ હોય તે હોલથી માંડી એમનો કોઇ પ્રસંગ હોય તો મેડિકલ માટેની પણ એક નાનકડી સુવિધા, પાણીની વ્યવસ્થા, ગટરની સાથેનું જોડાણ, નીચે ફલોરીંગ પણ વ્યવસ્થિત તૈયાર કરેલું આ પ્રમાણે આધુનિક સ્વમાનપૂર્વક જીવી શકે ગરીબ માણસ, તે પ્રમાણેના મકાનો બનાવવા માટેની દરખાસ્ત થઇ, અને ઇ.ડબલ્યુ.એસ. એ પછી આવ્યું, થોડી ઇન્કમ જે બિલકૂલ ગરીબી રેખાથી વધારે હોય, એની આવક હોય તો એવા લોકો માટે એલ.આઇ.જી., પછી એમ લાગ્યું કે મીડલ કલાસ અને મીડલ કલાસમાં પણ લોઅર છે તો એલ.આઇ.જી-૧, એલ.આઇ.જી.-૨ આ પ્રમાણેની અલગ અલગ કેટેગરી કરીને આજે રાજયની અંદર એક સંયુકત રીતે સુવિધા સાથે મકાનો મળી રહે તેવી વ્યવસ્થા ઉભી થઇ, જે રીતે ગરીબ પરિવારને આ પ્રમાણેની પોતાની જરૂરિયાત માટેની કલ્પના ઇ.ડબલ્યુ.એસ.ના માધ્યમથી થાય છે એ પ્રમાણે મીડલ કલાસ જે કહી શકાય એના માટે મકાન ન હોય ત્યારે બહુમોટી સમસ્યાઓ હોય છે. કોઇ ભાડાના મકાનમાં રહેતા હોય અથવા ઝુંપડામાં રહેવાવાળા વ્યકિતને દીકરા-દીકરીના સગપણ કરવા હોય ત્યારે પણ સામેવાળા પૂછતા હોય છે કે તમારે ઘરનું મકાન છે તો મીડલ કલાસવાળા માટે મકાન એ માત્ર જરૂરિયાત નહીં પણ હું એમ કહું છું કે એ સ્વમાન અને સ્વાભિમાન સાથે જોડાયેલી બાબત છે. બાળકો અભ્યાસ કરવા જતા હોય તો બાજુનો વિદ્યાર્થી પૂછે તમે કયાં રહો છો? તો એ બાળકને કહેવું પડે કે અમે ભાડાના મકાનમાં રહીએ છીએ ત્યારે એનું જે મોરલ અપ રહેતું હોય એ મોરલની સાથે કંઇક ખૂટતું હોય છે એ આના કારણે અનુભવાતું હોય છે. એટલે જરૂરિયાતની સાથે સાથે મેં બે વખત કહ્યું એ પ્રમાણે સાઇકોલોજીકલ પણ એના ડેવલપમેન્ટની અંદર આ એક મોટો અવરોધ હતો, એને પૂર્ણ કરવાનું કામ રાજય સરકારે હાથ ઉપર લીધું છે. મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત અલગ અલગ યોજના વિષયો લીધા પછી રાજય સરકારે એક આખી યોજનાઓ હાથ ઉપર લીધી, એનું કામ અત્યારે ચાલી રહ્યું છે તેના કરતા આગળ વધવા માટે હમણા તાઃ૨૦-૨-૨૦૧૫ના ઠરાવથી મહેસૂલ વિભાગે ૫,૧૯,૧૫૭ ક્ષેત્રફળ ચોરસ મીટર જમીન રાજયના મુખ્યમંત્રીશ્રીએ આવાસ બનાવવા માટે, ગરીબ અને મધ્યમ વર્ગના આવાસ બનાવવા માટે રાજય સરકારે મહેસૂલ વિભાગે આપણને ફાળવી એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલનો ખૂબ ખૂબ આભાર માનુ છું. અમદાવાદની અંદર ૮૨,૬૨૩ ચોરસ મીટર ક્ષેત્રફળ, વડોદરાની અંદર ૭૬,૩૧૧ ચોરસ મીટર, સુરતની અંદર ૩૭૭૧૧, ચોરસ મીટર, ભાવનગરની અંદર ૫૫૨૧૫ ચોરસ મીટર, રાજકોટમાં ૧,૪૮,૧૬૫ ચોરસ મીટર, રાજકોટ શહેરની અંદર ૮૫,૨૫૭ અને જામનગરની અંદર ૩૩૮૭૩ ચોરસ મીટર જમીન રાજય સરકારે ફાળવી છે. આના કારણે ૨૨ હજાર જેટલા મકાનો શહેરી વિસ્તારની અંદર બનાવવા માટેની જે નેમ છે એ આના કારણે પૂર્ણ થવા જશે. મારે એ પણ બાબત આ વિધાનસભાના ધ્યાન ઉપર મૂકવી છે, રાજય સરકારે કવોલીટીવાળું કામ થાય, ગુણવત્તાવાળું કામ

થાય એ માટે ત્રીસ્તરીય ચેકીંગ માટેની કવોલીટીની વ્યવસ્થા ઉભી કરી છે જેથી કવોલીટીવાળું મકાન, ગુણવત્તાવાળું મકાન બને, નહીં તો પહેલા એ પ્રમાણેના મકાન બનતા, યોજનાનું નામ આપતા જવાહર આવાસ યોજના આ પ્રમાણેનું નામ આપતા. ત્યાં રહેવા જવાની જરૂર પડે નહીં ત્યાં મકાનનું બાંધકામ એવું બનેલું હોય કે ત્યાં ગયા પછી રહેવા જવું કે નહીં એ વિચારવું પડે. એક મકાનમાંથી ચોથા મકાનમાં નીકળી જવાય એવી સરકારી યોજનાઓ હતી. તેની જગ્યાએ ક્વોલિટીવાળું કામ કરવાનું રાજ્ય સરકારે હાથ પર લીધું છે. શહેરી વિસ્તારની એપેલેટ ઓથોરિટી હોય તેની અથવા કોર્પોરેશન હોય અથવા તો નગરપાલિકામાં અથવા હાઉસીંગ બોર્ડ આ બધાને માર્ગદર્શન આપવા માટે રાજ્ય સરકારે એફોર્ડેબલ હાઉસીંગ મિશનની સ્થાપના કરી. આ બધી યોજનાઓને કલેકટીવ માર્ગદર્શન આપવાનું, એના માપદંડ નક્કી થાય, એની ક્વોલિટી જળવાય, અગાઉથી સરવે થાય અને જરૂરિયાતમંદ સુધી મકાન અંગે કેટલી ડિમાન્ડ છે અને ત્યાં સુધી કેવી રીતે પહોંચી શકાય તેનું પ્લાનીંગ કર્યું. ક્વોલિટી જળવાય એના માટે રાજ્ય સરકાર સૌથી વધારે ચિંતિત રહી અને એની એકસૂત્રતા અને ક્વોલિટી જળવાય એ માટે પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્સી સર્વિસિસ આપતી ખ્યાતનામ સંસ્થાઓ જેવી કે ભારત સરકારના ઉપક્રમે એનર્જી ઇન્ડિયા લિ., આંતરરાષ્ટ્રીય કક્ષાની એચ.જી.એસ. લિ., અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસ લિ. ના અનુભવનો ઉપયોગ ગુજરાતના મકાનોને સારી ગુણવત્તાવાળા બને એના માટે લીધો. આ ઉપરાંત પોતાના ઇન-હાઉસ ગુણવત્તા નિયંત્રણ માટે ક્વોલિફાઇડ એન્જિનિયરોનો સમાવેશ થાય એ માટે ખૂબ ગણતરીપૂર્વક, ચોક્કસાઇપૂર્વક રાજ્ય સરકારે કામ હાથ ધર્યું છે. એજન્સીઓને વર્ક ઓર્ડર આપતા પહેલાં એજન્સી પાસેથી ક્વોલિટી એન્શ્યોરન્સ પ્લાન મેળવવામાં આવે, જેની સાથે પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્સી સર્વિસિસે તથા સંસ્થાના તજજ્ઞો દ્વારા ચકાસણી કરીને એ પ્રમાણેના કામની પ્રગતિ તેમજ ગુણવત્તા જળવાય એ પ્રમાણેની ચોક્કસાઇ પણ રાખવાનું વિભાગે હાથ ઉપર લીધું. આ બધાના કારણે આજે હું ગૌરવ સાથે કહી શકું કે ગુણવત્તા જાળવવા બાબતમાં પહેલાં સરકારી મકાન એટલે આપણે ત્યાં રહેવા જવું કે કેમ? ફક્ત આજની તારીખે આ સરકારી આવાસો બનાવવાનું કામ હાઉસીંગ બોર્ડ અથવા કોર્પોરેશન અથવા ઓથોરિટી કરતી હોય પણ જેટલી ડિમાન્ડ અમે બનાવીએ છીએ તેના કરતાં લગભગ ડબલ કરતાં વધારે ડિમાન્ડ લોકો સામે ચાલીને, સરકારી છે એટલે સારું હશે, ક્વોલિટીવાળું હશે એવી ઇમેજ ઉભી થઇ છે. હું માનું છું કે સરકારના છે એટલે સૌથી સારા અને શ્રેષ્ઠ હશે તેવી ઇમેજ બની ગઇ છે. રાજ્ય સરકાર દ્વારા કોન્ટ્રાકટરને એક વખત કોન્ટ્રાક્ટ આપી દીધો અને એણે કામ પૂરું કરી સોંપી દીધું એટલું પૂરતું નથી પરંતુ કોન્ટ્રાકટર સાથે એવી જોગવાઇ કરી છે કે ૧૦ વર્ષ સુધી કોઇ ડિફેક્ટ આવે તો એની જવાબદારી એની રહેશે. આ શરતના કારણે એક વખત થઇ ગયા પછી કોઇ પ્રોબ્લેમ ઉભો થાય, પાણી ઉપરથી ટપકતું હોય, ગટરનો પ્રશ્ન હોય, નળનો પ્રોબ્લેમ હોય તો કોણ કરશે એમ નહીં. આ બધું એની સાથે કનેક્ટ કરીને સોસાયટી બનાવીને તેના રિપોર્ટ અને બાકીનું મેન્ટેનન્સ એ બધાની વ્યવસ્થા કરી એક કલેકટીવ ચિંતા કરીને એ લોકોને તૈયાર કરવા માટે એક ટીમ આખી બનાવી છે. આ ટીમના માધ્યમથી સોસાયટીના રહિશોને ટ્રેઇન કરવા, અવાર-નવાર મિટીંગો કરવી, આ બધું પોતાનું છે અને એને સાચવવાની જવાબદારી પણ આપણે સાથે લઇએ એવું અમે કર્યું. એનું પરિણામ એ આવ્યું છે કે રાજ્ય સરકારના કરેલા પ્રોજેક્ટોના કારણે વધારે સારી ગુણવત્તાવાળા મકાનો અમે નીચી કિંમતે માર્કેટમાં ભાવ ચાલતા હતા તેનાથી ૫-૭ લાખ ઓછા ભાવે આપી શકીએ છીએ. એના કારણે ઓપન માર્કેટમાં બિલ્ડરો મકાન આપતા હતા એ જ મકાન એમાં આ ફલો આવ્યો અને ગુણવત્તાવાળા મકાનો બનાવ્યા એના કારણે ૫-૭ લાખ રૂપિયા એચ.આઇ.જી.ના મકાનોમાં પણ નીચી આવી છે. અમે સંયુક્ત રીતે પ્લાનીંગ કર્યું એના કારણે ૧ લાખ ૫૩ હજાર ૮૨૮ જેટલા આવાસો અત્યારે પ્લાનીંગના સ્ટેજ ઉપર છે. ટેન્ડરના સ્ટેજ ઉપર ૫૪,૨૨૨ જેટલા અને ટેન્ડર્સ પૂરા થઇ ગયા હોય એવા ૮૬૫૫, અત્યારે બાંધકામ ચાલતું હોય એવા ૧,૩૯,૩૫૮ મકાન અને પૂર્ણ થઇ ગયા હોય એવા ૧,૧૫,૭૪૬ લાભાર્થીઓને એલોટ કરી દીધા હોય એવા ૧,૩૭,૨૪૭ એકબાજુ ઘરના ઘરની કલપનાની વાતો કરી માત્ર મતબેંક આધારિત રાજનીતિ કરવાની વાત ચાલતી હોય, બીજી બાજુ કમિટમેન્ટ સાથે અમે આ નક્કી કર્યુ છે કે અમે ક્વોલિટીવાળું મકાન આપશું. અમારો જે સંકલ્પ હતો આ સંકલ્પ સિદ્ધ કરવા માટે જઇ રહ્યાં છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવું છે કે શહેરી વિસ્તારની અંદર રહેતા સામાન્ય માણસને પોતાનું મકાન, એની જરૂરિયાત પ્રમાણે પુરું થાય એ માટે અમે કોરપોરેશનની અંદર તો વ્યવસ્થા કરી પણ કોરપોરેશનની સાથે સાથે હવે નગરપાલિકા કક્ષાએ આ જ પ્રમાણેનું કામ અમે હાથ ઉપર લઇ રહ્યાં છીએ. નગરપાલિકા કક્ષાએ પણ સ્થાનિક ઓથોરિટી અથવા હાઉસિંગ બોર્ડની જમીન હોય તો તેના ઉપર પણ આ પ્રકારના મકાનો બનાવીને લોકોને, જરૂરિયાતમંદોને મકાન મળે તે પ્રમાણેનું અભિયાન અમે હાથ ઉપર લીધું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય, ગરીબ અને મધ્યમ વર્ગ માટેની આ ચિંતા કરતો અમારો વિભાગ ઘરના ઘરનું સ્વપ્ન પૂર્ણ કરવાનું કામ અમે દેશની આગળ સૌથી આગળ અગ્ર હરોળની અંદર દિશા-દર્શન આપવાનું કામ કરી રહ્યાં છીએ ત્યારે મારા વિભાગની આ માગણીઓને આ વિધાનસભા ગૃહ સર્વ સંમતિથી સમર્થન આપે એવી અપેક્ષા છે, ધન્યવાદ.

શ્રી રમણલાલ વોરા ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની માગણીઓમાં ૧૦ જેટલા માનનીય ધારાસભ્યશ્રીઓએ પોતાના વિચારો રજૂ કર્યા છે. ઘણાં બધા મિત્રોએ સારા સૂચન પણ કર્યા છે, થોડી ટીકાઓ પણ થઇ છે. પરંતુ એ ટીકાઓ પણ એ સમાજના ભલા માટેની હશે એમ સમજીને હકારાત્મક દીશામાં આગામી દિવસોમાં એનું કામ થાય એ પ્રકારના રાજ્ય સરકારના પ્રયાસો રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા ગૃહમાં અથવા ગૃહની બહાર કોઇ જાહેર સમારંભ હોય કે કોઇ અન્ય સરકારી સમારંભ હોય આ ભારતીય જનતા પાર્ટીની સરકાર જે બોલે છે તે કરી બતાવે છે અને અમારાથી થાય તેટલું જ અમે બોલીએ છીએ અને એટલા માટે નક્કર વાસ્તવિક હકીકતો સાથે માત્ર વોટબેંક ઊભી કરવાના માધ્યમથી નહિ પરંતુ છેવાડાનો માનવી એ અમારું

લક્ષ છે. 'સૌનો સાથ, સૌનો વિકાસ' એમારું લક્ષ્ય છે અને એ લક્ષ્યને સાર્થક કરવા માટે આ સમાજની અંદર દલિત સમાજ એ યાચક નથી એનો પોતાનો અધિકાર છે અને ડો. બાબા સાહેબ આંબેડકરના શબ્દોમાં કહીએ તો દલિતોને સામાજિક ન્યાય અને આર્થિક રીતે સમાજની હરોળમાં લાવીને ભારતના શ્રેષ્ઠ નાગરિકોમાં એમની અસ્મિતા જળવાય એ કરવાનો અમારો પ્રયાસ છે. રાજકીય રીતે, સામાજિક રીતે, આર્થિક રીતે અને માનસિક રીતે દલિત સમાજ ગૌરવથી કામ કરી શકે એ આ રાજ્ય સરકારની અપેક્ષાઓ છે. જ્યારે માર્ચ મહિનામાં હું વિધાનસભામાં બજેટ રજૂ કરી રહ્યો છું ત્યારે ડો. બાબા સાહેબ આંબેડકરની ભૂતકાળની બે–ત્રણ બાબતો આ ગૃહના ધ્યાન સમક્ષ લાવવા માગુ છું. માર્ચ ૧૯૨૭માં મહારાષ્ટ્રના રત્નગીરી જિલ્લામાં ચૌદાર તળાવનો ઐતિહાસિક સત્યાગ્રહ ડો. બાબા સાહેબ આંબેડકરે કર્યો. જે તળાવની અંદરથી કૂતરાં–બિલાડાં પાણી પી શકે ત્યાં દલિત સમાજ પાણી પી શકતો નહતો અને એની શરૂઆત અને એના માટેનો સત્યાગ્રહ ડો. બાબા સાહેબ આંબેડકરે ૧૯૨૭ ના માર્ચ મહિનામાં કર્યો. ૧૯૩૦માં નાસિકના કાલારામ મંદિરની અંદર પ્રવેશનો પ્રયાસ એ ડો. બાબા સાહેબ આંબેડકરે કર્યો. એ વખતે દલિત સમાજને મંદિરમાં પ્રવેશ નહતો અને માર્ચ મહિનો, ૧૯૩૦ની અંદર નાસિકના કાલારામ મંદિરમાં એમણે સત્યાગ્રહ કર્યો. ૧૯૩૭માં માર્ચ મહિનામાં એ લેજીસ્લેટીવ એસેમ્બલીના પહેલા સભ્ય તરીકે માત્ર એ ચૂંટાયા અને માર્ચ ૧૯૫૨માં થયેલી પહેલી લોકસભાની ચૂંટણીમાં ડો.બાબાસાહેબ આંબેડકરની સામે કોંગ્રેસે ઉમેદવારો ઉભો કર્યો. ડો.બાબાસાહેબ આંબેડકર લોકસભાની ચૂંટણી હારી ગયા અને ડો.બાબાસાહેબ આંબેડકર આ ચૂંટણી હારી ગયા પછી માર્ચ મહિનો, ૧૯૫૨ની અંદર મુંબઇના પ્રતિનિધિ તરીકે રાજ્યસભાના સભ્ય તરીકે એ બિરાજમાન થયા.

આજે એ વાતનો અમને આનંદ છે કે, ગુજરાતના પનોતા પુત્ર અને દેશના લોકલાડીલા પ્રધાનમંત્રી આદરણીય શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આ સરકારે ૨૦૦૧ થી ૨૦૧૪ સુધી અનેકવિધ આયામો આ સમાજ માટે કર્યા છે અને એને આગળ વધારતા ગુજરાતના પહેલા મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વમાં ગતિશીલ ગુજરાતના નામથી આ સમાજની અંદર વધારેમાં વધારે લાભ મળે એના માટેનો પ્રયાસ કરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૦–૨૦૦૧ની અનુસૂચિત જાતિ માટેના બજેટની વાત કરું તો, ૨૦૦૧ની અંદર આ વિભાગનું બજેટ હતું ૭૭૪.૫૯ કરોડ આજે જ્યારે તમારી સામે વાત કરું છું અને ૨૦૧૫–૧૬નું બજેટ લઇને આવ્યો છું ત્યારે ૨૨૫૯.૨૫ કરોડનું બજેટ છે એટલે ૧૮૯૪ કરોડ રૂપિયાનો આ રાજ્ય સરકારે વધારો કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે ડો.બાબાસાહેબ આંબેડકરની વાત કરતા હોઇએ ત્યારે આગામી દિવસોમાં ૧૪મી એપ્રિલ, ૨૦૧૬ના દિવસે ડો.બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતી આવી રહી છે અને આ ૧૨૫મી જન્મ જયંતી આવી રહી છે ત્યારે ભારત રત્ન, ભારતના બંધારણના ઘડવૈયા, બૌદ્ધિસત્વ, દલિત, પિડિત, શોષિત, આદિવાસી સમાજ, ગરીબો, મહિલાઓ અને મજૂરોના તારણહાર, એક માત્ર સમગ્ર દુનિયાભરમાં કોલંબિયા યુનિવર્સિટીએ જેમનું સ્ટેચ્યુ મુકવાનો પ્રયાસ કર્યો છે અને શ્રીમાન ઓબામાજીએ જેનું અનાવરણ કર્યું છે, એવા યુગપુરુષ ડો.બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતી ઉજવવાનું આ રાજ્ય સરકારે નક્કી કર્યું છે અને જ્યારે માનનીય નાણા મંત્રીશ્રીના બજેટમાં વાત કરી હતી ત્યારે ડો.બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતી નિમિત્તે એમણે ૧૫ કરોડ રૂપિયા આ રાજ્ય સરકાર એની પાછળ આયોજન કરશે એવું એમના નાણાકીય બજેટમાં એમણે કહ્યું હતું. મેં એમને વિનંતી કરી છે કે, આની અંદર વધારે કાર્યક્રમ કરવા પડશે અને મારે આનંદ અને ગોરવ સાથે કહેવું પડે છે કે, માનનીય નાણા મંત્રીશ્રીએ મને કહ્યું છે કે, આ દલિત સમાજના કામો માટે, ડો.બાબાસાહેબ આંબેડકરના કામો માટે, જનહિતના કામો માટે, લોકો સુધી પહોંચે એના માટે ૧૫ની મર્યાદા નહીં, રમણભાઇ તમે ૨૫ કરોડ રૂપિયા વાપરશો તો પણ નાણા વિભાગ આપશે. માનનીય અધ્યક્ષશ્રી, ૧૫ કરોડનું નાણા મંત્રીનું બજેટ અને આજે જ્યારે જાહેરાત કરું છું ત્યારે ૨૫ કરોડ રૂપિયાની જોગવાઇ આ રાજ્ય સરકાર કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડો.બાબાસાહેબ આંબેડકરે ૧૯૩માં ધર્માંતરની વાત કરી હતી. ૧૪મી ઓકટોબર, ૧૯૫૬ના દિવસે નાગપુર ખાતે ડો.બાબાસાહેબ આંબેડકરે બૌદ્ધ ધર્મ અંગિકાર કર્યો અને આ ડો.બાબાસાહેબ આંબેડકરે ભગવાન બુદ્ધના વિચારોનો વ્યાપ વધે, જેના માટેનું કામ ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને આદરણીય દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પાંચ હજાર લોકોની બૌદ્ધિષ્ટોની બૌદ્ધ કોન્ફરન્સ વડોદરા મુકામે કરી હતી. હમણાં જ થોડાક દિવસ પહેલાં તમે જુઓ તો જ્યારે શ્રીલંકાના પ્રવાસે ગયા ત્યારે ભગવાન બુદ્ધને નતમસ્તકે વંદન કરીને એમણે એમના વિચારોનો વ્યાપ વધારવાનું કામ માનનીય વડાપ્રધાનશ્રીએ જ્યારે કર્યું છે. ત્યારે આ ગુજરાત સરકાર અરવલ્લી જિલ્લાના શામળાજી ખાતે દેવલીમોરી ખાતે આ ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતી નિમિત્તે ડો. બાબાસાહેબ આંબેડકરના વિચારોને અને ભગવાન બુદ્ધના વિચારોને યાદ કરીને બૌદ્ધ વિહાર માટે ૧૮ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. આટલેથી અટકતું નથી. ૧૨૫મી જન્મજયંતિ જયારે અમે ઉજવી રહ્યા છીએ ત્યારે ડો. આંબેડકર ફાઉન્ડેશન રાણીપ ખાતે આવેલું છે. આ રાણીપના ફાઉન્ડેશનની અંદર બે કરોડના ખર્ચે અમે એક નવું ઓડીટેરીયમ ઉભું કરી રહ્યા છીએ એટલેથી વાત અટકતી નથી. ડો. બાબાસાહેબ આંબેડકરે શિક્ષિત બનોનો નારો આપ્યો હતો. રાજ્ય સરકાર ધોરણ–૧૧થી અનુસ્નાતક કન્યાઓ માટે ડો. બાબાસાહેબ આંબેડકર ફાઉન્ડેશન, રાણીપ ખાતે પ્રારંભિક તબક્કે અઢી કરોડના ખર્ચે નવા છાત્રાલયોનું નિર્માણ કરી રહી છે. મેં કહ્યું એ પ્રમાણે નાણામંત્રીશ્રીએ પંદર કરોડ રૂપિયાની જાહેરાત કરી હતી. મેં જાહેરાત કરી હતી એ પ્રમાણે લગભગ અમે અને અમારો વિભાગે મળીને ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે પચાસકરોડ રૂપિયા આગામી દિવસોમાં વાપરીશું. આટલેથી વાત અટકતી નથી ડો. બાબાસાહેબ આંબેડકરે શિક્ષત બનોનો નારો આપ્યો હતો અને આ રાજય સરકારે એને બરાબર પચાવ્યો છે. આદરણીય નરેન્દ્રભાઇ મોદીના સમયથી એ વખતના તત્કાલીન શિક્ષણ મંત્રી, રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે કન્યા કેળવણી રથયાત્રા, શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ કરીને ડો.

બાબાસાહેબ આંબેડકરના સ્વપ્નને સાકાર કરવાનું કામ જયારે કર્યું છે ત્યારે ડો. બાબાસાહેબ આંબેડકરના નામે ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી જેનો ૧૨૫ મી જન્મજયંતિ નિમિત્તે અમે એના ભવનનું નિર્માણ કરી રહ્યા છીએ ત્યારે ડો. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સીટીના ભવનના નિર્માણ માટે રાજય સરકાર પચાસ કરોડ રૂપિયા ફાળવી રહી છે. આમાં એક જ પ્રવચનમાં ડો. બાબાસાહેબ આંબેડકરને શ્રદ્ધાંજલી આપવા માટે એકસો કરોડ રૂપિયા આ રાજય સરકાર ખર્ચી રહી છે એટલું પુરતું નથી. ડો. બાબાસાહેબ આંબેડકરને સાચી શ્રદ્ધાંજલી આપવા માટે ૧૯૯૫થી આ વિધાનસભા ગૃહમાં બેસું છું. ૨૦ વર્ષથી આ ગૃહનો સભ્ય છું. પાંચમી વખતે મારી પાર્ટીએ જયારે મને મિનિસ્ટર તરીકે તક આપી છે ત્યારે ૧૯૯૫ પછી ડો. બાબાસાહેબ આંબેડકરના નામની યોજનાઓ આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં અમે લાગુ કરી. ડો. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન, ડો. બાબાસાહેબ આંબેડકર સરકારી છાત્રાલયો, ડો. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજના, ડો. બાબાસાહેબ આંબેડકર ભવન, ડો. બાબાસાહેબ આંબેડકરના નામે એવોર્ડ, ડો. બાબાસાહેબ આંબેડકરના નામે સફાઇ કામદાર આવાસ યોજના, એમના પિતાજી રામજી સુબેદારના નામે છાત્રાલયની યોજના, એમના પત્ની મા રમાબાઇના નામે સાત ફેરા સમુહ લગ્નની યોજના, એમના બીજા પત્ની સવિતાબાઇ આંબેડકરના નામે આંતરજ્ઞાતિય સમૂહ લગ્નની યોજના, એમના પુત્ર રાજરત્નના નામે વૈદકીય સારવારની સહાય યોજના, એ પ્રમાણે બીજા પુત્ર રાજગુરુના નામે ડો. આંબેડકર ફાઉન્ડેશન રાણીપ ખાતે પુસ્તકાલયની યોજના. ૧૧-૧૧ યોજનાઓ ડો. બાબાસાહેબ આંબેડકરને આ રાજય સરકાર સમર્પિત કરે છે. હું આ વાત એટલા માટે કરું છું કે ૧૯૯૫ પહેલા ન તો ગુજરાત સરકાર અને ન તો દિલ્હીની સરકારમાં ડો. બાબાસાહેબ આંબેડકરના નામે એક પણ યોજના નહોતી. અને આ કામ ડો.બાબાસાહેબ આંબેડકરની માત્ર ઉજવણી નહીં, મારે ગૌરવ સાથે એ પણ કહેવું છે કે ડો. બાબાસાહેબ આંબેડકરની ઉજવણીમાં જેટલા પણ સભ્યો બોલ્યા છે, આ મારી વાતને સ્વીકારી છે, એમણે પણ અનુમોદન આપ્યું છે. મારે એક નાની સરખી વિનંતી કરવી છે ડો. બાબાસાહેબ આંબેડકરની જયારે ઉજવણી થવાની હશે ત્યારે અમે તમને પણ સન્માનિત કરીશું અને બોલાવીશું. તમે પણ એમાં સહભાગી થજો અને રાજય સરકારની અન્ય યોજનાઓમાં આ રાજય સરકાર ફતવો બહાર પાડી રહી છે, તાયફા કરી રહી છે. મહેરબાની કરીને આ યોજના માટે આવું કહેશો નહીં. ત્રણ સભ્યો છો બીજા ત્રીસ આગામી દિવસોમાં ઓછા થઇ જશે.આ તીવ્રતાવાળી યોજના છે, એટલે હું વિનંતી કરું છું કે આ રાજકીય વિષય નથી. આ દેશનો કોઇપણ નાગરિક હોય, દેશની ૧૫૦ કરોડની જનતા કોઇપણ હોદા ઉપર હોય, ડો.બાબાસાહેબ આંબેડકરના પુસ્તકની મર્યાદામાં રહીને કોઇપણ મહાનુભાવે કામ કરવાનું હોય આટલી તીવ્રતા હોય તો સાનુકૂળ રીતે સ્વીકારીએ. ડો.બાબાસાહેબ આંબેડકર શિક્ષિત બનીને નારો આપ્યો ત્યારે એવું કહેલું કે શિક્ષણ એ વાઘણના દૂધ જેવું છે. જે કોઇ તેને પીવે તે ગર્જના કર્યા સિવાય રહેતું નથી અને એટલા માટે શિક્ષણને સાર્થક કરવા માટે કહ્યું છે ત્યારે ફરી એક વખત યાદ કરું છું કે ૨૦૦૧ ની સાલની અંદર અનુસૂચિત જાતિ કલ્યાણનું બજેટ ૨૦૦૧ માં આખી રાજ્ય સરકારનું બજેટ ૧૬૬.૫૮ કરોડ રૂપિયા હતું અને આજે જ્યારે ૨૦૧૫-૧૬ માં બજેટ લઇને આવ્યો છું, ત્યારે એકમાત્ર યોજના પોસ્ટ મેટ્રિક યોજનાની અંદર ૧૮૦ કરોડ રૂપિયાનું બજેટ ફાળવ્યું છે. ૨૦૦૧ માં આખી યોજના માટે ૧૬૬ કરોડ રૂપિયાની સામે માત્ર એક યોજના પાછળ ૧૮૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. અનુસૂચિત જાતિ અને વિકસતિ જાતિ બંનેની વાત કરીએ તો ૧૪૦૫.૮૩ કરોડ માત્ર શૈક્ષણિક યોજનાઓ પાછળ ખર્ચ કરીએ છીએ. કુલ બજેટના ૮૦.૭૫ ટકા શૈક્ષણિક યોજના પાછળ આ રાજય સરકાર કરી રહી છે. આ રાજ્ય સરકારના દલિત, આદિવાસી, બક્ષીપંચના તમામ વિદ્યાર્થી મિત્રોને વધારે સાનુકૂળ લાભ મળે. ૨.૫૦ લાખની આવક સુધીના મર્યાદાવાળાને તો મફત ભણાવીએ છીએ. સેલ્ફ ફાઇનાન્સ, મેડિકલમાં હોય કે એન્જિનિયરિંગમાં હોય. ૨.૫ લાખ ઉપરની આવકવાળાનું બાળક તેજસ્વી છે તો એનું શું? માનનીય મુખ્યમંત્રીશ્રી સ્કોલરશીપ યોજના અને આ સ્કોલરશીપ યોજનામાં તેજસ્વી બાળકોને સેલ્ફ ફાઇનાન્સ હોય સરકારી હોય કે અન્ય જગ્યાએ કામ કરતા હોય એના માટે મુખ્યમંત્રી સ્કોલરશીપ યોજના જેના કોર્પસ ફંડ માટે ૩૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરી છે. મારા વિભાગની નવી બાબતોની તમારી સમક્ષ વાત કરવી છે. પહેલા અનુસૂચિત જાતિ અને વિકસતિ જાતિ બંને વિભાગો મારી પાસે છે, ત્યારે બંનેની કોમન યોજનાઓ છે. કોમન યોજના છે, ત્યારે અનુસૂચિત જાતિ, વિકસતિ જાતિ માટે ગયા વર્ષે ૨૦૧૪-૧૫ માં ધોરણ ૬ થી ૮ ની કન્યાઓને ૨૫૦ ના બદલે ૭૫૦ રૂપિયા આપવામાં આવતી હતી. હવે અનુસૂચિત જાતિ એન.ટી.ડી.એન.ટી. ના કુમારને માટે ધોરણ ૧ થી ૮ માં ૨૫૦ ના બદલે ૫૦૦ રૂપિયા આપવામાં આવશે. આ મારી નવી યોજનાઓ છે. દીકરીઓ એટલે કન્યાઓ માટે ધોરણ ૧ થી ૫ માં માત્ર ૨૫૦ આપવામાં આવતા હતા. તેમાં બમણો વધારો કરીને ૫૦૦ રૂપિયા આપવામાં આવશે. ધોરણ-૯ અને ૧૦ ના કુમારોને ૪૦૦ રૂપિયા શિષ્યવૃત્તિ આપવાની હતી. હવે પછી રૂપિયા ૭૫૦ આપીશું. આના કારણે અનુસૂચિત જાતિ અને વિકસતિ જાતિના ૬ લાખ ૮૨ હજાર વિદ્યાર્થીઓને આનો લાભ મળવાનો છે. આપણે બધા જાણીએ છીએ તેમ વિકસતિ જાતિ માટેના ૭૨૦ ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલય છે. અનુસૂચિત જાતિના ૫૬૪ છે. આ બધાની અંદર ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોમાં વિકસતિ જાતિ અને અનુસૂચિત જાતિમાં અત્યાર સુધીમાં એમને એક હજાર રૂપિયા ગ્રાન્ટ ઇન એઇડ પેટે આપતી હતી. હવે પછી નાણાકીય વર્ષમાં એક હજારના બદલે ૧૫૦૦ રૂપિયા આપશે. ૬૦,૦૦૦ કરતા વધારે વિદ્યાર્થીઓને લાભ આમાં મળવાનો છે. એ સાથે અમે સંખ્યા વધારો કરવાના છીએ. અત્યાર સુધીમાં કોઇ પણ સંસ્થા પોતે છાત્રાલય ધરાવતી હોય, છાત્રાલયનું મકાન બનાવતી હોય તો રાજય સરકાર ૪ લાખ રૂપિયા ગ્રાન્ટ આપતી હતી. કુમારની હોય તો ૭૫ ટકા ગ્રાન્ટ એટલે એને ૩ લાખ રૂપિયા મળે. કન્યાની હોય તો ૯૦ ટકા ગ્રાન્ટ એટલે ૨ લાખ ૭૦ હજાર તેને મળે, તેના બદલે તે જ ધોરણ સારુ રહેશે તે ઉપરાંત તેને સારુ મકાન બનાવવું હશે તો બીજા ૪ લાખ રૂપિયા માત્ર બેન્કમાંથી લોન લેશે તો ચાર ટકાના દરે આ છાત્રાલયના બાંધકામ માટેની ગ્રાન્ટ એટલે ચાર લાખના બદલે આઠ લાખની ગ્રાન્ટ આ રાજય સરકાર આપશે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા બધા સભ્યશ્રીઓએ બોર્ડ અને કોર્પોરેશનની ચર્ચા કરી છે. તેમને શેર મૂડી આપવાની વાત કરી છે. આ તબકકે કહેવું છે કે ગુજરાતના ઇતિહાઇમાં કોઇપણ બોર્ડ કે નિગમ બન્યા પછી પહેલી ગખત આદરણીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીએ આ બોર્ડ નિગમોને ૫૦ કરોડ રૂપિયાની સબસિડી અનુસૂચિત જાતિ અને જનજાતિ માટે આપી છે. ૨૦૧૪માં મેં ઘણીબધી યોજનાઓની વાત કરી હતી. કયારેક એમ પણ આવતું હોય છે કે તમે યોજનાઓનો લાભ તો આપ્યો પરંતુ તેમાં ખર્ચ કરતા નથી. અમારા સાથી પક્ષોને મીડીયા પણ તેમાં મદદ કરતું હોય છે. એટલા માટે મારે થોડીક કમ્પેરીઝન કરવી છે. ૨૦૧૪–૧૫ની વાત કરું છું. ધોરણ–૬ થી ૮ માં ૨૫૦ રૂપિયાથી વધારો કરીને ૫૦૦ રૂપિયા શિષ્યવૃત્તિ આપવામાં આવી હતી. તેની અંદર ૯૫૩૩૦ વિદ્યાર્થીઓને લાભ આપીને ૨૭૮ કરોડ ૯૧ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. ગયા વખત અમે વાત કરી હતી કે ૭૦ ટકાથી વધારે ગુણ મેળવનારને અમે ટેબ્લેટ આપીશું. તેની પ્રોસેસ ચાલુ છે. તેની પ્રક્રિયા ચાલુ છે. અમે સમય મર્યાદામાં આપવા માગીએ છીએ. હજી સુધી આપ્યા નથી. પરંતુ ગઇ વખતે આપેલું વચન અમે પરિપૂર્ણ કરવાની દિશામાં જઇ રહ્યા છીએ ત્યારે પાછળથી કોઇ કહે કે ગઇ વખતે તમે આવી વાત કરી હતી તો તેનું શું થયું. એટલા માટે આ સ્પષ્ટતા કરું છું. મેડિકલ અને એન્જીનિયરીંગમાં ભણતા વિદ્યાર્થીઓને સાધન સહાય ૩ હજારથી વધારીને ૧૦ હજારની વાત કરી હતી. આની અંદર ૬૦૧ મેડિકલ અને એન્જિનિયરીંગના વિદ્યાર્થીઓએ લાભ લીધો છે. ૨૭ કરોડ ૬૨ લાખનો તેમાં ખર્ચ થયો છે. આપણે બધા જાણીએ છીએ તેમ વિદેશ અભ્યાસ લોન ૧૦ લાખ રૂપિયા હતી તેના ૧૫ લાખ કરવામાં આવ્યા છે. અનુસૂચિત જાતિમાંથી અત્યાર સુધીમાં મહારાજા સયાજીરાવ ગાયકવાડે ડો.બાબા સાહેબ આંબેડકર વિલાયતની ધરતી પર સાત સમંદર પાર તેમને સ્કોલરશિપ આપી, શિષ્યવૃત્તિ આપીને તેમને મોકલ્યા હતા અને તે ડો. બાબા સાહેબ આંબેડકરે આ દેશને બંધારણ આપ્યું. આ વિશ્વ વિભૂતિને ધ્યાનમાં રાખીને આ રાજય સરકારે અત્યાર સુધીમાં અનુસૂચિત જાતિના ૭૯૧ વિદ્યાર્થીઓને સાત સમંદર પાર વિદેશની ધરતી પર વિદેશ અભ્યાસ કરવા માટે લોન આપી છે. તે જ રીતે કોમર્શિયલ પાયલોટ માટે ૨૦ લાખ રૂપિયા હતા તે વધારીને ગયા વર્ષે મેં ૨૫ લાખ કર્યા અને આજે મને કહેતાં આનંદ થાય છે કે ૬૫ વિદ્યાર્થીઓએ કોમર્શિયલ પાયલોટની યોજનાનો લાભ લીધો છે. ગયા વખતે અમે અનુસૂચિત જાતિ, જનજાતિ અને બક્ષીપંચના સમરસ છાત્રાલયો થાય તેની વાત કરી હતી. તો આમાં ૬૧૪ કરોડ રૂપિયાના ખર્ચે તેનું કામકાજ ચાલુ છે, કયાંક લીન્ટર લેવલે છે, કયાંક પ્લાસ્ટર બાકી છે, જયાં પૂરું થયું છે ત્યાં લાઈટીંગનું કામ બાકી છે. આ ૬૧૪ કરોડ રૂપિયાના સમરસ છાત્રાલયો છે જેની પાછળ રાજય સરકાર ૧૧ હજાર કરોડનો ખર્ચ કરવાની હતી તે પણ મારે તમારા ધ્યાન પર મૂકવું છે. અમે ગઇ વખત જાહેરાત કરી હતી કે માત્ર કારકુન નહીં, માત્ર વર્ગ–૩ અને ૪ નહીં, માત્ર વર્ગ–૧ અને ૨ નહીં, ગુજરાતનો દલિત અને બક્ષીપંચનો આદિવાસીનો વિદ્યાર્થી આઇ.પી.એસ. આઇ.એ.એસ. થાય એટલા માટે યુ.પી.એસ.સી.ની પ્રિલીમનરી પરીક્ષા પાસ કરે તો ૫૦ હજાર રૂપિયા, દીકરી હોય તો ૬૦ હજાર રૂપિયા, મેઇન પરીક્ષા પાસ કરે તો તેને બીજા ૨૫ હજાર અને દીકરી હોય તો ૩૦ હજાર રૂપિયા. ૪૦ વિદ્યાર્થીઓએ યુ.પી.એસ.સી.ની પરીક્ષા આપીને આ રાજય સરકારનો લાભ લીધો છે. ૨૫ જેટલા નવા વિકસતિ ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો મંજૂર કરવા રાજય સરકાર વધી રહી છે. તે જ પ્રમાણે અનુસૂચિત જાતિના ૧૫ જેટલા નવા ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો મંજૂર કરવાની દિશામાં રાજય સરકાર આગળ વધી રહી છે. અને એ સંજોગોમાં ફરીથી આ રાજય સરકારે પ્રિમેટ્રિક શિષ્યવૃતિમાં ૧.૮૨ લાખ વિદ્યાર્થીઓને ૨૫૦ થી ૫૦૦નો જે વધારો કર્યો એમાં ધોરણ ૬ થી ૧૦ના બાળકોને અત્યાર સુધી ૪૦૦ રૂપિયા આપતા હતા આ બાબત રહી ગઇ હતી એમાં આ વખતે રૂપિયા ૧૦૦નો વધારો કરીને હવેથી ૫૦૦ રૂપિયા આપવાના છીએ. શિષ્યવૃતિ, સમયસર બાળકને શિષ્યવૃતિ મળતી નથી, આદરણીય મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી હતી કે તમે સાયકલ આપવાના છો, તમે શિષ્યવૃતિ આપવાના હો તો આ રાજય સરકાર જ્યારે શાળાઓ શરૂ થાય એના પહેલા જ અઠવાડીયામાં કન્યા કેળવણી, શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ કરે છે એ વાલીને અને એ વિદ્યાર્થીને જો લાભ આપવો હોય તો આપણે એ વખતે જ સાયકલ ન આપી શકીએ? આપણે એ વખતે જ શિષ્યવૃતિ ન આપી શકીએ? અને એટલા માટે કોમ્પ્યુટરની જરૂરિયાત ઉભી થાય અને એના માટે આ રાજય સરકારે શિષ્યવૃતિ માટે પોર્ટલ બનાવવાની યોજના અમલમાં મૂકી છે જેના કારણે સમયસર પહેલા અઠવાડિયે તમામ વિદ્યાર્થીના ખાતામાં શિષ્યવૃતિ મળે એના માટેનો રાજય સરકારે પ્રયાસ કર્યો છે. એ સિવાય મેં ગયા વખતે કહેલું સમરસ છાત્રલયો માટે ૬૬૪ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો હતો. નવા છાત્રાલયો, સમરસ કુમાર છાત્રાલય, કુમાર અને કન્યા છાત્રાલય પાટણ, સરકારી કુમાર છાત્રાલય ગારિયાધાર, આદિપુર ગાંધીધામ કચ્છ, નરસિંહ ભગત છાત્રાલયના નવા બ્લોકનું નિર્માણ, સરકારી કન્યા છાત્રાલય સુરેન્દ્રનગર અને આમ તમામની પાછળ ૨૩ કરોડ ૨૦ લાખ રૂપિયાનો આ રાજય સરકાર ખર્ચ કરશે. આદર્શ નિવાસી શાળામાં ધોરણ ૧૨નો વર્ગ ન હતો એની આ રાજય સરકારે મંજૂરી આપી છે. રાજકોટ ખાતે શાળાના મકાનનું બાંધકામ અને સ્ટાફ ક્વાર્ટર માટેની યોજના આ રાજય સરકારે અમલમાં મૂકી છે. મેં પહેલા કહ્યું એ પ્રમાણે અનુસૂચિત જાતિ હસ્તકના ત્રણે ત્રણ નિગમોમાં ૨૫ કરોડ રૂપિયાની શેર મૂડી આ રાજય સરકારે આપી છે. ગુરુબ્રાહ્મણ સમાજ અત્યાર સુધી એમાં ૧૬ સંસ્કારોની વિધિ સાથે રાજય સરકારે રહેવા, જમવાની સુવિધા અને કીટની વ્યવસ્થા કરી હતી આ રાજય સરકારની એક ઇચ્છા છે કે, આ ગુરુબ્રાહ્મણ સમાજનો દિકરો ફરીથી સંસ્કૃતના પાઠ ભણે અને એ પણ તેજસ્વી થઇને અહીંથી બહાર પરદેશ એને જવું હોય તો જઇ શકે એના માટે સંસ્કૃત માટે આ રાજય સરકારે યોજના કરી છે. આ ગૃહમાં કહેતા દુઃખ થાય કે, રાજય સરકારની જાગૃકતા હોવા છતાં અને કાયદો અને વ્યવસ્થાની સ્થિત વધારે સારી હોવા છતાં ક્યાંકને ક્યાં છૂટમૂટ અત્યાચારના બનાવો બનતા હોય છે. આ અત્યાચારના બનાવો બનતા હોય છે એની પાછળના અનેકવિધ કારણો હોય છે, પરંતુ અત્યાચાર તો થયો પાછળથી એના કુટુંબીજનોનું શું? અને એટલા માટે રાજય સરકાર એમાં વળતરમાં વધારો કરવા માગે છે. અત્યાર સુધીમાં કોઇનું ખૂન થયું હોય તો રાજય સરકાર ૫ લાખ રૂપિયા આપતી હતી હવે પછી આ રાજય સરકાર એને ૭.૫૦ લાખ રૂપિયા આપશે, મહાવ્યથામાં ૧.૨૦ લાખ રૂપિયા આપતા હતા એમાં હવે ૧.૮૦ લાખ રૂપિયા આપશે, બળાત્કારના કેસમાં ૧.૨૦ લાખની જોગવાઇ હતી એમાં

પણ ૧.૮૦ લાખ રૂપિયા આપશે અને અન્યમાં ૬૦ હજાર આપતા હતા હવે ૯૦ હજાર આપશે. આ દુઃખદાયક બાબત છે એટલે એમાં હજુ આપણે ૫ લાખના ૭.૫૦ લાખ કરવાથી આ રાજય સરકાર રાજી નથી. કોઇ પણ બનાવ ન બનવો જોઇએ એ રાજય સરકારની અપેક્ષા છે પરંતુ જે કોઇ બનાવો બને છે એમાં એના કુટુંબીજનો રઝળી ન પડે એના માટે રાજય સરકારે માનવતાભર્યું પગલું ભર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, અમારા સફાઇ કામદાર નિગમ દ્વારા સ્વચ્છતાના મિશનને ધ્યાનમાં રાખીને જ્યારે આપણે સ્વચ્છતા મિશનની વાત કરતા હોઇએ છીએ ત્યારે તમે અને હું સ્વચ્છતા મિશનમાં આપણે જેટલું કામ કરીશું એ વધારાનું છે પરંતુ એ કામ કરવાવાળો જે સફાઇ કામદાર છે એ સફાઇ કામદારને, એના પ્રશ્નોને સાચા અર્થમાં વાચા આપવાનું જો આપણે કામ કરીશું, એ સફાઇ કામદારોને જો આપણે મદદ કરીશું તો આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ જે સ્વપ્ન સેવ્યું છે મને લાગે છે કે એ સ્વપ્નને આપણે પાર પાડવામાં આગળ વધીશું અને એટલા માટે જ અમારા નિગમ દ્વારા સામૂહિક અંગત શૌચાલય માટે ભારત સરકાર ૧.૮૦ લાખ રૂપિયા આપવાની છે અનેઅમારા નિગમ દ્વારા ૯૦,૦૦૦ રૂપિયાની બિન વ્યાજકીય લોન આપી અને એમને મદદ કરવાનો રાજ્ય સરકારનો પ્રયાસ છે. મોબાઇલ ટોયલેટમાં ભારત સરકારની યોજના રૂપિયા એક લાખ એંશી હજાર આપવાની છે, ૪,૬૫,૦૦૦ રૂપિયા દિલ્હી સરકાર આપવાની છે, આ નિગમ તરફથી બિન વ્યાજકીય લોન ૬૦,૦૦૦ રૂપિયા આપવામાં આવનાર છે. એટલું પૂરતું નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું જ્યારે છેવાડાના માનવીની, દલિત સમાજની અને એમાંય જ્યારે દલિત સમાજમાં વાલ્મિકી સમાજની વાત કરતો હોઉં ત્યારે અમારા સમગ્ર હિંદુસ્તાનનું શ્રેષ્ઠ નેતૃત્વ અને ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ, અમીતભાઇ શાહ આ વિધાનસભા ગૃહમાં જ્યારે આવ્યા છે ત્યારે હું હૃદયપૂર્વક આ ગૃહના સભ્યો વતીથી, સમગ્ર ગુજરાતની જનતા વતીથી એમને આવકારું છું અને એમને અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે સફાઇ કામદારની વાત કરું છું ત્યારે તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીનું એક સ્વપ્ન હતું કે ગુજરાતનો વિદ્યાર્થી એ માત્ર શિક્ષણ નહિ પરંતુ એ ગુણવત્તાસભર શિક્ષણ મેળવે, એ ગુજરાતનો વિદ્યાર્થી આ ધરતીની ધૂળને માથે લગાવે, એ રમતના મેદાનમાં પણ જાય એટલા માટે એમણે ખેલ મહાકુંભની શરૂઆત કરી અને આ તબક્કે મને કહેતા આનંદ થાય છે કે, છેલ્લાં ત્રણ વરસથી થતાં આ ખેલ મહાકુંભમાં કબડ્ડીની ટીમની અંદર ત્રીજા વરસે મારા બહેરામપુરા વિસ્તારમાં આવેલા ક્વાટર્સના સફાઇ કામદારો મિત્રો ગોલ્ડ મેડલ જીતીને આવ્યા છે. એટલા માટે આ રાજ્ય સરકારે નક્કી કર્યું છે કે આ સમાજના લોકો પણ એની અંદર વધારે જોડાય એટલા માટે આ રાજ્ય સરકારે એમના માટે પણ રાજ્ય કક્ષાએ કોઇ વ્યક્તિગત ધોરણે કરતો હોય તો ૩૧,૦૦૦, ૨૧,૦૦૦ અને ૧૧,૦૦૦ના ઇનામો આપવાની જાહેરાત કરી છે, કોઇ ટીમ આવે તો ૫૧,૦૦૦, ૩૧,૦૦૦ અને ૨૧,૦૦૦ની રાજ્ય કક્ષાએ અને એ જ પ્રમાણે જિલ્લા કક્ષાએ ઇનામ આપવાનું કામ આ રાજ્ય સરકારે કર્યું છે.

વિકસતી જાતિ માટે અનેક મિત્રોએ જ્યારે વાત કરી છે ત્યારે મેં અગાઉ કહ્યું એ પ્રમાણે અનેકવિધ કામો જે પ્રમાણે દલિત સમાજની અંદર બધા લોકોએ કહ્યું એ પ્રમાણે વસતિના પ્રમાણે. મિત્રો, વસતિના પ્રમાણે બધી જગ્યાએ સંભવ થતું હોતું નથી હું આગળ એ વાત પર પણ આવું છું ઘણા બધા સભ્યોને નહિ ગમે પરંતુ અનેકવિધ બાબતોમાં આ રાજ્ય સરકારે આ વિચરતી અને વિમુક્ત જાતિ જે છેવાડાની જાતિ, ૧૪૬ પૈકીની ૪૦ જ્ઞાતિ એવી છે કે આજે એમને ન તો રહેવાનું ઘર છે, ન એમનું મતદાર યાદીમાં નામ છે, બી.પી.એલ. યાદીમાં તો નામ હોવાનો સવાલ જ આવતો નથી, અને એવા લોકોની ચિંતા જ્યારે કરી છે ત્યારે એમના આવાસોની ચિંતા આ રાજ્ય સરકારે કરીને પહેલાં ૪૫,૦૦૦ આપતા હતા એમાં ૭૦,૦૦૦ નો વધારો કર્યો છે, સિવણ વર્ગો આ બહેનો ચલાવે છે ૧૫૦ રૂપિયા સ્ટાઇપન્ડ અને ૧૫૦૦ રૂપિયા આપતા હતા, ૧૫૦ રૂપિયાના સ્ટાઇપન્ડની સાથે સિલાઇ મશીન માટે ૬૦૦૦ રૂપિયા હવે રાજ્ય સરકાર આપશે. અમારા જે નિગમો છે તે નિગમો ધિરાણ કરે છે, લોકોને સ્વરોજગારી માટેની વ્યવસ્થા કરે છે પરંતુ આ સ્વરોજગારી કર્યા પછી એમની વસૂલાત કરવા માટે, એમની રિકવરી કરવા માટે એમનું અલાયદું મહેકમ નહોતું અને એટલા માટે આ નિગમોને સ્ટ્રેન્ધન કરવા માટે અને અલાયદું મહેકમ કરવા માટે ત્રણ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. મેં પહેલાં કહ્યું એ પ્રમાણે વિકસતી જાતિના નિગમોમાં પણ ૨૫ કરોડ રૂપિયાની વ્યવસ્થા આ રાજ્ય સરકારે કરી છે.

મારો વિભાગ સમાજ સુરક્ષા વિભાગ, અનાથ, નિરાધાર, ત્યજાયેલાં બાળકો હોય, વિકલાંગ હોય, વૃદ્ધ હોય, ભિક્ષુક હોય, આ બધા માટેની ચિંતા સમાજ સુરક્ષા વિભાગે કરી છે. ૨૦૦૧ની વાત કરું તો ૨૦૦૧માં સમાજ સુરક્ષા વિભાગનું બજેટ ૬૫ કરોડ રૂપિયા હતું અને હું જ્યારે આ માગણી લઇને આવ્યો છું ત્યારે ૬૫ કરોડથી વધીને ૨૦૧૫-૧૬નું બજેટ ૫૧૯ કરોડ ૧૭ લાખ રૂપિયા થયું છે. એક માનવતાનું કામ થયુ છે. પાટણ ખાતે અમે ચિલ્ડ્રન હોમ કરી રહ્યાં છીએ મારા મિત્રોએ જે વાત કરી છે તેમાં અનુસૂચિત જાતિ પેટા વિભાગ મારા મિત્રોએ કહ્યું છે કે તેમાં પણ વધારો કરવો જોઇએ ત્યારે મારે થોડીક વાતો આ ગૃહના મેજ ઉપર મૂકવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, છઠ્ઠી પંચવર્ષીય યોજના ૧૯૮૦-૮૫ બજેટ હતુ ૩.૭૦ ટકા, સાતમી યોજના ૧૯૮૫-થી ૯૦ બજેટ હતુ ૨.૮૬, આઠમી પંચવર્ષીય યોજના ૧૯૯૨ થી ૯૭ તેમાં ૨.૯૭, નવમી પંચવર્ષીય યોજના ૧૯૯૭ થી ૨૦૦૨ તેમાં ૩.૭૫. આજે જયારે હું તમારી પાસે વાત કરું છું ત્યારે આજનું બજેટ છે તે રાજય સરકારનું બજેટ છે ૫.૧૫ ટકા. અને જયારે ૫.૧૫ ટકાની વાત કરું છું ત્યારે કયારેય ૩.૭૫ ટકા બજેટ કેન્દ્રની ગુજરાતની આગામી સરકારોમાં થયુ નહોતું એ તો માત્ર ફાળવણી થઇ. કેટલા વપરાયા તેની તો કોઇ ખબર નથી. મારે વિનમ્રપૂર્વક કહેવું છે કે જયારે આ ફાળવણી થઇ ત્યારે પણ મેં અધિકારી સાથે મિટીંગ કરી છે કે તમે એલોકેશન કર્યુ તેમાં કેટલી વાપરી, એમાં દલિત સમાજને લાગુ પડતું કેટલું છે, બજેટ આવ્યા પછી પણ તેની ચિંતા કરી અને એ બજેટ વધારે વપરાય તેના માટેની ચિંતા અનેકવિધ વિભાગો એવા છે કે મિત્રો બજેટ વપરાઇ શકે તેમ નથી. મારા સાથી પક્ષના મિત્રો એમાં પણ સૂચનો કરશે તો મને લાગે છે કે અમે એમાં પણ જરૂરથી આગળ વધીશું અને અમારા આંકડા સુધી પહોંચવાનો પ્રયાસ કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા બે ત્રણ વિષયોની વાત થઇ છે એક તો અત્યાચારના ગંભીર બનાવો અને સમયસર તેનું ચૂકવણું થતું નથી. જયારે વાત થઇ છે ત્યારે હું બે મિનિટમાં જ મારી વાત પૂરી કરું છું. બિલિયામાં બનાવ બન્યો ૧૯૮૧માં અને તેનું ચૂકવણું ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ૧૯૯૯માં ૧ કરોડ ૭૩ લાખ રૂપિયાનું થયુ. સાબરડા કોંગ્રેસની સરકારમાં ૧૯૮૯માં બનાવ બન્યો ચૂકવણું થયુ ૨૦૦૧ની સાલમાં ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ૧૦ કરોડ ૪૦ લાખ રૂપિયા. ચિત્રોડીપુરા ૧૯૯૧ ભારતીય જનતા પાર્ટીની સરકારે ૨૦૦૩-૦૪માં કર્યુ ૧ કરોડ ૫૭ લાખ રૂપિયા. મારો કહેવાનો મતલબ એટલો છે કે, કોંગ્રેસની સરકારમાં જે બનેલા અત્યાચારો હતા તેના પુનર્વસનનું કામ આ રાજય સરકારે કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી,જયારે થાનગઢની વાત થઇ છે ત્યારે મારે આ સભાગૃહનું ઘ્યાન દોરવું છે કે, હું એ સમાજમાંથી આવું છું. થાનગઢના બનાવની અંદર આખી રાત સમાજના લોકોની વચ્ચે હું રહ્યો છું, એમના પોસ્ટમોર્ટમમાં રાજકોટ સુધી હું રહ્યો છું. એમની અંતિમ વિધિ થાય ત્યાં સુધી હું સમાજની સાથે રહ્યો છું અને આ થાનગઢનો બનાવ ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણી હોવાને કારણે તેને રાજકીય રંગ આપવામાં આવ્યો હતો. માનનીય અધ્યક્ષશ્રી, મારે અત્યારે નમ્રતાપૂર્વક કહેવું છે કે, આ થાનગઢના લોકોને અત્યાર સુધીમાં ૩૨ લાખ ૬૯ હજાર રૂપિયા ચૂકવવામાં આવ્યા છે. તેમને ખેતીની જમીન આપવામાં આવી છે. તેમને મકાનના પ્લોટ આપ્યા છે લોક સમાજ સેતુમાં તેમને પ્લોટ નહીં તેમના ઉપર મકાન આપવાની વાત કરી છે. આ બધીજ બાબતો હું મિત્રો એટલા માટે કહું છું કે હમણાં લોલીયાનો બનાવ બન્યો મારે કહેવું પડે ભાઇશ્રી શૈલેષભાઇ પણ ત્યાં હતા. શૈલેષભાઇએ રાજનીતિ નહોતી કરી હું તેમનો આભાર માનું છું. પણ એમના જ કોંગ્રેસના અન્ય મિત્રો હું તેમના સતત લાઇવ સંપર્કમાં હતો કે તમારી માગણી શું છે, તમારું કહેવાનું શું છે ? તમે કહો એ કરવા તૈયાર છીએ. સરવાળે એમણે કહ્યું કે જયાં સુધી તમે આ તપાસ સી.આઇ.ડી.ક્રાઇમને ના સોંપે ત્યાં સુધી અમે આ લાશ ઉપાડીશું નહીં. માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ સમાજ હોય અને ઘરમાં એક જણનું મૃત્યું થયુ હોય ત્યારે કોઇ પાણી ના પીવે ત્યાં જમવાની તો વાત જ કયાં રહી. માત્ર આપણી રાજકીય શકિતના કારણે ૨૪-૨૪ કલાક સુધી આપણે પોસ્ટમોર્ટમ ના કરીએ અને એ વખતે અમારા ગૃહમંત્રીશ્રીને કહ્યું હતું કે સી.આઇ.ડી.ક્રાઇમ તો સી.આઇ.ડી.ક્રાઇમને અમે તપાસ સોંપી. મારો કહેવાનો મતલબ એ છે કે કોઇપણ અત્યાચારનો બનાવ બને એમાં આપણે સાથે મળીને સંવેદના સાથે એ પ્રશ્નને હલ કરવાની દિશાની અંદર આગળ વધીએ તેવી અપેક્ષા છે.

અહીંયા ઘણા બધા મિત્રોએ વાત કરી છે. બધાને પૂરતો સમય આપવા માટે સમય નથી પરંતુ જે જે મિત્રોએ પોતાની રજૂઆત કરી છે એ પાછળથી મને રૂબરૂ મળશે તો એનો સકારાત્મક રીતે અને હકારાત્મક રીતે એ રજૂઆત કે પ્રશ્નનો નિકાલ કરવાની દિશામાં રાજય સરકાર આગળ વધશે એમાં અમે સહયોગ કરીશું.

આપ સૌ મિત્રોએ કાપ દરખાસ્ત રજૂ કરી છે એ પાછી ખેંચીને મારા વિભાગની દલિત, પિડિત, શોષિત સમાજની તથા ગરીબ વર્ગની માગણી રજૂ કરી છે તેને સર્વાનુમતે મંજૂર કરવામાં આવે તેવી અપેક્ષા સાથે મારી વાત પૂરી કરું છું.

અધ્યક્ષશ્રી : આ ગૃહના સન્માનનીય સભ્યશ્રી અને પૂર્વ મંત્રીશ્રી અમિતભાઇ શાહ રાજકીય પક્ષના અધ્યક્ષ બન્યા બાદ સૌ પ્રથમવાર આ ગૃહમાં આવ્યા છે તો તેઓશ્રીની ઉત્તરોત્તર પ્રગતિ થાય તેવી સમગ્ર ગૃહ વતી તેમને હાર્દિક શુભકામના પાઠવું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આપે કહ્યું એ પ્રમાણે અમારા સાથી મંત્રીશ્રી રમણભાઇ વોરાએ કહ્યું એ પ્રમાણે આ ગૃહના સભ્યશ્રી અમિતભાઇ શાહ આજે આ ગૃહમાં હાજર છે. અમારી ભારતીય જનતા પક્ષની કેન્દ્રમાં સરકાર છે અને આપણા જ આ ગૃહના સન્માનનીય પૂર્વ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી કેન્દ્ર સરકારમાં વડાપ્રધાન તરીકે બેઠા છે. અને અમારી ભારતીય જનતા પક્ષની દેશના આઠ જેટલા રાજયોમાં સરકારો છે. સાથે સાથે અમારા ભારતીય જનતા પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ અને આ ગૃહના સન્માનનીય સભ્ય માનનીય અમિતભાઇ શાહ આજે આપણી વચ્ચે પધાર્યા છે ત્યારે આપણે એમનું સન્માન કરીએ એનું આપણને સૌને ગૌરવ છે. કારણ કે ભૂતકાળ જોઇએ તો ૧૯૬૦ થી ગુજરાત અલગ પડ્યું પણ મને યાદ નથી કે આ ગૃહના કોઇ સભ્ય વડાપ્રધાન બન્યા હોય કે કોઇ રાષ્ટ્રીય પાર્ટીના અધ્યક્ષ બન્યા હોય તેવું સોનામાં સુગંધ ભળે તેવું કામ ગુજરાતની પ્રજાએ અને અમારી ભારતીય જનતા પાર્ટીએ કર્યું છે એ બદલ સર્વેને અભિનંદન આપું છું અને આભાર પણ માનું છું.

અમારી ભારતીય જનતા પક્ષની સરકાર જેમાં માનનીય નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી હતા ત્યારથી આજે માનનીય આનંદીબહેન ગુજરાતના મુખ્યમંત્રી છે જેઓ ગતિશીલ ગુજરાતનો નારો લઇને ગુજરાતનો સર્વાંગી વિકાસ કરવા માટે આગળ વધી રહ્યા છે, અને આ વખતના બજેટમાં વિવિધ વિભાગોની માગણીઓ રજૂ કરી એમાં ગુજરાતનો સર્વાંગી વિકાસ આપણે જોઇએ છીએ. આજે હું જે વિભાગની માગણી લઇને ઉપસ્થિત થયો છું એ શહેરી વિકાસ વિભાગ એ ગુજરાતની લગભગ ૪૦ ટકાથી વધુ વસતિ એટલે કે ગુજરાતની છ કરોડની જનતામાંથી ૨.૫ કરોડ નાગરિકો ગુજરાતની આઠ મહાનગરપાલિકા તથા ૧૫૯ જેટલી નગરપાલિકાઓમાં જયારે વસતા હોય ત્યારે ૨.૫ કરોડ નાગરિકોને સારી વ્યવસ્થા મળે એને પીવાનું પાણી મળે, રસ્તા મળે, શાળા મળે, સ્વચ્છતા મળે, બાળકોને માટે આંગણવાડી, સિનિયર સિટીઝન માટે બાગ બગીચાઓ, કોમ્યુનિટી હોલ, પુસ્તકાલય અને ભૂગર્ભ ગટર આ બધા કામો જયારે શહેરી વિકાસ વિભાગ દ્વારા અમારા મુખ્યમંત્રીશ્રી આનંદી બહેન પટેલના નેતૃત્વ નીચે અમારો વિભાગ કરી રહ્યો છે ત્યારે અમારી સરકાર દરેક વિભાગમાં, અમે ફકત આયોજન નથી કરતાં પરંતુ આયોજનનો હેતુ પરિપૂર્ણ કરવા માટે નાણાકીય જોગવાઇઓ પણ સાથે સાથે કરીએ છીએ.

સન ૨૦૧૫-૧૬નું શહેરી વિકાસ વિભાગનું બજેટ જોઇએ તો ૭૧૫૦ કરોડ રૂપિયાનું છે. આ બજેટના બે ભાગ પાડીએ એક આયોજનવાળું અને એક આયોજન બહારનું. આયોજનની જોગવાઇ છે એમાં રૂ.૩૧૧૯/- કરોડ અને આયોજન

બહારની જોગવાઇ છે એમાં રૂ.૭૧૫૦/- કરોડ, આમ કુલ રૂ.૧૦૨૬૯.૭૪ કરોડની ફાળવણી કરાઇ છે. ૨.૫ કરોડ નાગરિકોની સુખ, સુવિધા માટે અમે વાપરીએ છીએ. આપણે બધા જાણીએ છીએ કે, ગુજરાતનો અનેક રીતે વિકાસ થતો હોય, માનનીય નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતના વિકાસનો જે પાયો મજબૂત કર્યો. આપણે વાઇબ્રન્ટ ગુજરાત મહોત્સવ કર્યો, કૃષિ મહોત્સવ કર્યો, નર્મદા યોજનામાં બજેટ ફાળવ્યું, પાણી માટે સિંચાઇ યોજનામાં વધારો કર્યો, અનેક પ્રકારની સેવાકીય ઇન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધાઓ વધારી એના કારણે ગુજરાતની વસતિમાં, ગુજરાતના નાગરિકોમાં તો ૧૨ લાખ નવા જન્મના કારણે વધારો થાય જ છે. પણ દર વર્ષે આખા દેશમાંથી ગુજરાતમાં રોજી માટે, રોજગારી માટે, ધંધા માટે, વ્યવસાય માટે લાખો લોકો ગુજરાતમાં આવતા હોય છે ત્યારે ગુજરાતના શહેરી વિસ્તારોમાં આ ભારણ વધે છે, નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાં આ ભારણ વધે છે ત્યારે એને મદદરૂપ થવાનું કામ અમે કરીએ છીએ. દેશના અન્ય રાજ્યોની સરખામણીમાં જોઇએ તો અગાઉની કેન્દ્ર સરકારે, યુપીએ સરકારે જેએનયુઆરએમ મંજૂર કરેલી એમાં ગુજરાતને સતત અન્યાય કરનારી એ સરકાર હતી. પણ એ સામેની પરિસ્થિતિમાં, સામા પાણીએ તરીને અમે શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં કામગીરી કરી. એના કારણે જેએનયુઆરએમની મોટા ભાગની યોજનાઓમાં પ્રથમ નંબરનો એવોર્ડ ભારતીય જનતા પાર્ટીની આ સરકારને કેન્દ્ર સરકારે આપવો પડેલો.

માનનીય અધ્યક્ષશ્રી, આ કામ અમે કર્યું હોય ત્યારે આપણા માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇએ પૂજ્ય મહાત્મા ગાંધીજીને સૌથી વધુ પ્રિય કામગીરી હતી એ સ્વચ્છતા હતી. એ સ્વચ્છતાને જોડીને મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશનને આજે સમગ્ર દેશમાં એક અભિયાન તરીકે હાથમાં લીધું છે. એની સંકલ્પ ઉપર ચર્ચા થઇ ચૂકી છે. આઝાદી પછી દેશના કોઇપણ વડાપ્રધાન એવા નથી થયા કે, જેમના એક આહ્વાનથી, એમના નેતૃત્વમાં, એમના વાક્યથી સમગ્ર દેશના વિવિધ વિભાગના અગ્રણીઓથી માંડીને કરોડો નાગરિકો જે કામ માટે આ અભિયાનમાં જોડાયા હોય એ મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાનને ગુજરાત સરકારે પણ હાથ પર લીધું છે. ગુજરાતની અંદર તો જ્યારે માનનીય નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી હતા ત્યારે ૨૦૦૫ થી આપણે નિર્મળ ગુજરાતનો કાર્યક્રમ હાથ પર લીધેલો અને જેમ ભૂતકાળની સરકાર ગુજરાતની વિવિધ યોજનાઓની સફળતા જોઇને કેન્દ્રમાં યોજનાઓ અપનાવેલી એવી જ રીતે ભારત સરકારે પણ નિર્મળ ભારત યોજના અપનાવેલી અને હવે આપણા વડાપ્રધાનશ્રીએ સમગ્ર દેશને નેતૃત્વ આપીને જ્યારે સ્વચ્છતા અભિયાનને પૂજ્ય મહાત્મા ગાંધીજીનું નામ જોડીને શરૂ કર્યું છે ત્યારે આપણી ગુજરાત સરકારે એની અંદર રૂ.૩૭૫/- કરોડની ફાળવણી કરી છે. માનનીય વડાપ્રધાનશ્રીએ જે રીતે એમાં લોક ભાગીદારી જોડવાનું એક વિરાટ અભિયાન શરૂ કર્યું છે એમાં દરેક લોકો જોડાય, જુદી જુદી કંપનીઓ જોડાય, જુદા જુદા ધર્મના સાધુ સંતો જોડાય, એન.જી.ઓ. જોડાય, ઉદ્યોગપતિઓ જોડાય, સેલિબ્રિટીઓ જોડાય, એ જ પ્રમાણે આપણા ગુજરાતમાં પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ એક નવી નિધિ શરૂ કરી છે – મહાત્મા ગાંધી સ્વચ્છતા નિધિ. એ નિધિમાં જુદી જુદી રીતે, જુદા જુદા દાતાઓ તરફથી દાન મળે એ સરકાર તરફથી જે જિલ્લામાં દાન મળ્યું હોય, એ દાન એ જિલ્લાના કલેક્ટર હસ્તક મૂકીએ છીએ અને એ રકમનો ઉપયોગ ગરીબ લોકોના શૌચાલયો બનાવવામાં થાય, સફાઇ માટેના સાધનો વસાવવામાં મદદ થાય, અન્ય ઉપયોગ કરવાનો હોય તો એમાં મદદ થાય. બાળકોને સ્વચ્છતાની પહેલેથી જ સારી ટેવ પડે, એ માટેનો પ્રચાર માર્ગદર્શન મળે એ માટે કાર્યક્રમો થાય એ કામ આપણી સરકારે ઉપાડયું છે. મારે એ ખાસ કહેવું છે આ સ્વચ્છતા અભિયાન જે આપણે હાથ ઉપર લીધું છે એમાં મુખ્ય બાબત છે કે શૌચાલયો બનાવવા, ખરેખર તો આપણા માટે કમનસીબી કહેવાય કે ગુજરાત કે ભારત આઝાદીના ૬૫-૬૭ વર્ષ પછી પણ આપણા દેશની અંદર શૌચાલય બનાવવા માટે ઝૂંબેશ ઉપાડવી પડે, શૌચાલયો બનાવવા માટે રાજ્ય સરકારોએ પ્રયત્ન કરવા પડે, ભૂતકાળની સરકારોએ ગરીબ વ્યક્તિઓ, આદિવાસીઓ, પછાત વર્ગના લોકો, શહેરમાં ઝૂંપડપટ્ટીમાં વસતા લોકોને શૌચાલય જેવી પ્રાથમિક સુવિધાની જરૂરિયાત પણ અગાઉની સરકારે પૂરી પાડી નહોતી એ આપણા દેશની આઝાદી પછી એક મોટામાં મોટી કમનસીબી છે. જે લોકો શૌચાલય ભૂતકાળમાં નથી બનાવી શકયા એ અત્યારે બીજી વાતો કરે અથવા બીજું કંઇ કરી નહીં શકયા હોય એ આપણે સમજી શકીએ છીએ. એટલા માટે અમારી ગુજરાત સરકારે આ વખતે નકકી કર્યું કે ગુજરાતની અંદર શહેરી વિસ્તારનો એક પણ વિસ્તાર એવો બાકી ના રહે કે જેમાં શૌચાલય ના હોય અને મને જણાવતા આનંદ થાય છે કે ગુજરાતમાં ત્રણ લાખ કરતા વધુ શૌચાલય બાકી હતા એમાંથી ૨ લાખ કરતા વધુ શૌચાલયોની કામગીરી અમારી સરકારે પૂરી કરી છે. અમારી ભારત સરકારે પણ માનનીય વડાપ્રધાનશ્રીએ પણ જાહેરમાં કહ્યું કે શૌચાલય એ દેશ માટે કાળી ટીલી છે. આપણી બહેન-દીકરીઓ હોય, ગામડાંમાં હોય કે શહેરમાં હોય, અંધારામાં બાવળીયાની પાછળ, રસ્તાની પાછળ એમણે શૌચાલય જવું પડે, અજવાળું હોય તો શૌચાલય જઇ ના શકે આ ગંભીર સ્થિતિ હતી એને ટાળવા માટે આપણી સરકારે જે આયોજન કર્યું અને આજે મને જાહેરાત કરતા આનંદ થાય છે કે અમારા મુખ્યમંત્રીશ્રીએ શહેરી વિકાસ વિભાગમાં જે આયોજન કર્યુ છે, આ વર્ષના જૂન મહિનાના અંત સુધીમાં ગુજરાતના શહેરી વિસ્તારની અંદર એક પણ ગરીબનું ઘર શૌચાલય વગરનું બાકી નહીં રહે. સો ટકા લક્ષ્યાંક અમારી સરકાર હાથ ઉપર લીધો છે અને શહેરી વિસ્તારોમાં જે જોગવાઇ કરી છે તે પ્રમાણેની સબસિડી પણ અમારી સરકાર આપી રહી છે. સરકારે જે આયોજનો કર્યા છે એ મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન જે કરીએ એની સાથે શહેર વિસ્તારમાં ભૂગર્ભ ગટર યોજનાઓનું પણ આયોજન કરવું જરૂરી છે. ભૂગર્ભ ગટર યોજનાની સાથે પીવાનું પાણી પણ જોડાયેલું છે. જો પીવાનું પૂરતું પાણી આપીએ તો જ આપણે ભૂગર્ભ ગટરને સારી રીતે સફળતાપૂર્વક અમલમાં લાવી શકીએ. અને એટલા માટે જ મને આનંદ છે, માનનીય નરેન્દ્રભાઇ જયારે મુખ્યમંત્રી હતા અને ૨૦૧૦માં આપણે ગુજરાતની પચાસ વર્ષ પૂરા થવા નિમિત્તે સુવર્ણ જયંતિની ઉજવણી કરી રહ્યા હતા ત્યારે માનનીય મુખ્યમંત્રી એ વખતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી યોજના શહેરી વિકાસ યોજના જે મંજૂર કરેલી, પહેલા તબકકામાં સાત હજાર કરોડ રૂપિયા અને પછી એની સફળતાને ધ્યાનમાં રાખીને બીજા તબકકામાં પંદર હજાર કરોડ રૂપિયા, આમ આ બાવીસ હજાર કરોડ રૂપિયાની યોજના અમે અમલમાં મૂકી છે, મને જણાવતા આનંદ થાય છે કે આ બાવીસ હજાર કરોડમાંથી તેર હજાર

કરોડ રૂપિયા અમે નગરપાલિકાઓને અને મહાનગરપાલિકાઓને આપી દીધા છે અને શહેરોમાં પીવાના પાણીની વ્યવસ્થાઓ, ભૂગર્ભ ગટરની વ્યવસ્થા, સ્વચ્છતા માટેની વ્યવસ્થાઓ, બાગબગીચા આંગણવાડી અને અન્ય જે સુવિધાઓ છે એ અમે વધારી રહ્યા છીએ. ગરીબોને આવાસની વાત થઇ, અમારા સાથે મંત્રી માનનીય શંકરભાઇએ એની વિગતવાર અત્યારે છણાવટ કરી છે કે ગરીબને ઘર જોઇએ છે, શહેરી વિસ્તારમાં રહેતા હોય, ઝુંપડપટ્ટીમાંથી બહાર લઇ જવા હોય તો ઝુંપડપટ્ટીમાં ત્યાં જ સારા મકાનો બને, ગરીબને પાકું, સુંદર, સ્વચ્છ આવાસ મળે,એ માટે હવે શહેરી વિકાસ વિભાગ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા જે આયોજનો કર્યા છે એ આખા રાજ્યમાં લાખો મકાનો અમે ઉભા કરી રહ્યા છીએ. આ લાખો મકાનોમાં જે લાખો લોકો રહેવા આવશે એના માટે પીવાનું પાણી આપવું પડશે, સ્ટ્રીટ લાઇટની વ્યવસ્થા, ભૂગર્ભ ગટરની વ્યવસ્થા, ભૂગર્ભ ગટરના પાણીના નિકાલની વૈજ્ઞાનિક વ્યવસ્થા કરવી પડશે, ઘન કચરાની વ્યવસ્થા કરવી પડશે. આ બધી વ્યવસ્થાઓ કરવા માટે અમારી સરકારે આ વખતે જે બજેટ આપ્યું છે એમાં સંપૂર્ણ વ્યવસ્થાઓ કરીશું. ગુજરાતની દરેક નગરપાલિકાને પોતાના મકાન માટે અમે ગ્રાન્ટ આપી દીધી છે. દરેક નગરપાલિકા શહેરને પોતાની કોઇ આગવી ઓળખ હોય, કોઇ ઐતિહાસિક સ્થળ હોય, ધાર્મિક સ્થળ, સામાજિક કે સાહિત્યકારની રીતે મહત્વનું સ્થળ હોય તો એને વિકસાવવા માટે પણ આગવી ઓળખના ભાગરૂપે અમે ગ્રાન્ટ આપીએ છીએ અને શહેરને યોગ્ય લાગે એ રીતે વ્યવસ્થા કરે છે. સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના હેઠળ અત્યાર સુધી ૧૫૯ નગરપાલિકામાં રૂપિયા ૧૫૧૪ કરોડના કામો મંજૂર કર્યા છે અને એમાંથી ૮૧૫ કરોડના કામો ૮૫ નગરપાલિકાઓએ પૂર્ણ કર્યા છે અને અત્યારે ૧૦૨૫ કરોડના કામો ૭૪ નગરપાલિકાઓમાં ચાલુ છે. પહેલાં સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત જુઓ તો પીવાનું પાણી ન હતું. અમારી સરકારે જે રીતે જૂથ પાણી પુરવઠા યોજનાઓ કરી, પાણી પુરવઠા વિભાગે જૂથ યોજનાઓ કરી અને એ પાણી નર્મદાનું કે અન્ય ડેમનું હોય, નર્મદા અને પાણી પુરવઠાના સહકાર અને સહયોગથી જે નગરપાલિકાઓ છે એને પાણી મળે એ માટે એનું નેટવર્ક સમગ્ર રાજ્યના શહેરોમાં પહોંચાડીને પીવાના પાણીની ટાંકીઓ, ફિલ્ટરેશન પ્લાન્ટ, પાઇપલાઇન હોય એ બધા જ કામો આ સરકારે શહેરોમાં એકે એક જગ્યાએ અને ઘેર ઘેર પીવાનું શુદ્ધ પાણી મળે એ માટે કામો કર્યા છે. ભૂગર્ભ ગટરની માહિતી આપું તો અત્યાર સુધીમાં ૧૫૭ નગરપાલિકાઓ માટે ૫૬૭૦ કરોડ રૂપિયાના કામો મંજૂર કર્યા છે અને એના માટે જે કામગીરી થઇ છે એમાં ૫૧૫૫ કરોડ રૂપિયાના ખર્ચે ૧૪૩ નગરપાલિકાઓમાં અત્યારે કામો ચાલી રહ્યા છે. એ જ રીતે શહેરોમાં રહેતી ગરીબ બહેનોને રોજગારી આપવા સખી મંડળો પંચાયત વિસ્તારમાં ગામડાંમાં ખૂબ સફળ થયા અને સખી મંડળોની જે પ્રગતિ છે એને ધ્યાનમાં રાખીને શહેરોમાં પણ અમે મિશન મંગલમ અર્બન યોજના નીચે શહેરી વિસ્તારમાં બહેનો માટે આ યોજના શરૂ કરી છે. આ માટે અમે આ વર્ષના બજેટમાં ૩૧ કરોડ ૪૦ લાખની જોગવાઇ કરી છે. શહેરોમાં રહેતા ગરીબ અને મધ્યમવર્ગના યુવાન-યુવતિઓને રોજગારી માટે તાલીમ આપીને એમને સ્ટાઇપેન્ડ આપીને એ આગળ વધે એના માટે ઉમ્મીદ યોજના ગુજરાત આજિવિકા મિશન ચલાવીએ છીએ. ભારત સરકાર જે શહેરોને મદદ આપે છે એ મર્યાદિત છે એટલે અમે સરકારમાં નક્કી કર્યું કે તમામ નગરપાલિકાઓમાં ૧૦૦ ટકા ગુજરાત સરકારના ખર્ચે જ્યાં ભારત સરકાર નથી આપતી ત્યાં રાજ્ય સરકારના ખર્ચે આપણે ઉમેદવાર દીઠ ૧૫ હજાર રૂપિયાના મહત્તમ ખર્ચે આ કામગીરી કરીએ છીએ અને એનો લાભ પણ આપણા યુવાનોને આપીએ છીએ. અત્યાર સુધી ૨ લાખ ૯૦ હજાર શહેરી યુવાનોને આપણે માર્ગદર્શન અને તાલીમ આપી છે અને અત્યાર સુધીમાં ૧ લાખ ૪૩ હજાર ૨૦૦ યુવાનોને શહેરી વિસ્તારમાં તાલીમ આપ્યા પછી રોજગારી પણ ઉપલબ્ધ કરાવી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો સર્વાંગી વિકાસ થાય એ સાથે સમય, ઝડપ, સલામતિ એ જરૂરી છે. વસતિ વધતી જાય છે. શહેરોમાં ટ્રાફિકની પણ ઘણી સમસ્યાઓ છે એને નિવારવા માટે જ્યારે માનનીય નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી હતા ત્યારે ગાંધીનગર અમદાવાદની મેટ્રોલીંક યોજનાનો શુભારંભ કરેલો. અગાઉ જેમ અન્યાય થતો હતો એમ ભૂતકાળની કેન્દ્ર સરકારે આપણો મેટ્રો પ્રોજેક્ટ અગાઉ મંજૂર કર્યો નહોતો પણ મને આ ગૃહને જણાવતાં આનંદ થાય છે કે, માનનીય નરેન્દ્રભાઇ વડાપ્રધાન બન્યાં પછી જેમ ૧૭ દિવસમાં નર્મદા યોજનાની ઉંચાઇ વધારવાની મંજૂરી આપી એવી જ રીતે અમદાવાદમાં રેલવેની લાઇન સાથે જોડાયેલી જે પડતર જમીન હતી, ગંદકી થતી હતી, દબાણો થતાં હતાં ૮ કિ.મી.થી વધારે જમીન ઉપર મેટ્રોની જો આપણે સેવા આપીએ ત્યાં આગળ એનો રૂટ લઇ જઇએ તો આશ્રમ રોડ જેવી જગ્યા ઉપર ભીડ-ભાડ થાય નહિ પણ કેન્દ્રની અગાઉની સરકારે એને મંજૂરી નહોતી આપી. માનનીય નરેન્દ્રભાઇ વડાપ્રધાન થયાં ને તરત જ એમણે રેલવે બોર્ડના ચેરમેનને બોલાવ્યાં, રેલવે મંત્રીશ્રીને કહ્યું કે તમે ગુજરાતની આ યોજનાને મંજૂરી આપો અને મને જણાવતાં આનંદ થાય છે કે, નવી ભારતની માનનીય નરેન્દ્રભાઇની સરકારે, રેલવે બોર્ડે એ જમીન મેટ્રો માટે ગુજરાત સરકારને આપી અને ત્યાં આપણે પ્રોજેક્ટ અમલમાં મૂકી રહ્યાં છીએ અને હમણાંજ માનનીય મુખ્યમંત્રી આનંદીબેનના વરદ્ હસ્તે ૧૦,૦૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત આપણે મહાદેવનગર વિસ્તારમાંથી, પૂર્વ અમદાવાદમાંથી એ મોટાપાયે પ્રજાના સહયોગથી, એમની ઉપસ્થિતિમાં આનંદપૂર્વક શરૂ કર્યું અને પ્રથમ તબક્કાનું કામ આપણે વહેલી તકે અમલમાં મૂકીશું અને અમદાવાદને પણ દેશમાં દિલ્હી, મુંબઇ કે બેંગલોર જેવા મહાનગરોની જેમ મેટ્રોની યોજનાનો લાભ મળશે. એ કામ પણ અમારી ભારતીય જનતા પક્ષની કેન્દ્રની સરકાર અને મુખ્યમંત્રી આનંદીબેનની સરકાર દ્વારા અમે કરી રહ્યાં છીએ અને એના માટે પણ ભારત સરકારે મેટ્રોમાં આપણને મૂડી આપી છે, સાથે સાથે આપણી પણ મૂડી છે અને એમાં આ વર્ષે લગભગ ૧૦૦૦ કરોડ રૂપિયાનો જે ખર્ચ થવાનો છે એમાં રાજ્ય સરકાર તરફથી ૬૧૦ કરોડનો શેરફાળો બાકીની રકમ કેન્દ્ર સરકારના શેરફાળામાંથી આવશે અને ભારત સરકાર બધા કહે છે કે, ભાઇ નરેન્દ્રભાઇ વડાપ્રધાન બન્યાં તો શું ફાયદો થયો? માનનીય વડાપ્રધાન જાપાનની મુલાકાતે ગયા ત્યાં જાપાન સરકાર સાથે વાટાઘાટ કરીને જાપાટની ઝાયકાની ખૂબજ ઓછા વ્યાજની લોન આપણા મેટ્રો માટે માનનીય વડાપ્રધાનશ્રીએ મંજૂર કરી એનો લાભ ગુજરાતને મળશે એનું આપણને સૌને ગૌરવ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી જે કામગીરી છે, અત્યાર સુધી ભૂતકાળમાં કોંગ્રેસની સરકારો વખતે ઓક્ટ્રોય ચાલતી હતી, હજારો વાહનોની લાઇન લાગી જાય, પેટ્રોલ–ડીઝલના ધુમાડાં થાય, કરપ્શન થાય, ઝઘડા થાય, બહુ તકલીફ હતી. ગુજરાતમાં બધીજ રીતે જેમ નવા સુધારાઓ, નિર્ણયો ભાજપે કર્યા એમ અમારી સરકારે પણ ઓકટ્રોય નાબૂદીનું કામ મંજૂર કરેલું અને નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓથી ગુજરાતની અમારી સરકારે ઓકટ્રોય નાબૂદ કરી. ફક્ત નાબૂદ કરી એટલું નહિ અમે એના માટે નગરપાલિકાઓને, મહાનગરપાલિકાઓને ગ્રાન્ટ પણ આપીએ છીએ અને એ મુજબ આ વર્ષે આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬માં ૨૧૨૪ કરોડ રૂપિયા તો ફક્ત મહાનગરપાલિકાઓને ઓકટ્રોય નાબુદી પેટે અમે વધારાની પ્રોત્સાહક ગ્રાન્ટ આપવાના છીએ. જેમાં અમદાવાદમાં ૯૫૦ કરોડ, સુરતમાં ૬૫૬ કરોડ, વડોદરામાં ૨૯૨ કરોડ, રાજકોટમાં ૧૨૨ કરોડ, જામનગરમાં ૩૩ કરોડ, ભાવનગરમાં ૩૪ કરોડ, જુનાગઢમાં ૨૧ કરોડ અને ગાંધીનગરમાં ૧૪ કરોડ, અમારાં માનનીય નાણામંત્રીશ્રીએ વસતિના ધોરણે ફોર્મ્યુલા બનાવીને શહેરના વિકાસને ધ્યાનમાં રાખીને ગ્રાન્ટ આપી છે. એવી રીતે જે ૧૫૯ નગરપાલિકાઓ છે એમને પણ આ વર્ષે ૩૮૬ કરોડ રૂપિયા અમે ઓકટ્રોય નાબૂદી પેટે, વળતર તરીકે આપીશું. આ રીતે જ્યારે અમારી સરકાર શહેરમાં રહેતા અઢી કરોડ નાગરિકો માટે તમામ સુવિધાઓ, સ્વચ્છતા સાથેનું કામ કરી રહ્યા છીએ ત્યારે હું માનું છું કે, (અંતરાય) ( આ તકે વિપક્ષના સભ્ય નટવરસિંહ ઠાકોર બેઠા બેઠા, પાયા ખોદવાનું એવું કાંઇક બોલતાં) વિપક્ષે ભૂતકાળમાં કાંઇ કર્યું નથી. હું એટલા માટે દાવાપૂર્વક કહું છું કે, સાહેબ,(અંતરાય) પાયા ખોદવાનું ચાલુ થયું (અંતરાય) આમેય કોંગ્રેસવાળાને બધી ટ્યુબલાઇટ મોડી જ થાય છે. ટ્યુબલાઇટ મોડી થાય છે તમને. અમે જ્યારે નર્મદાની પીવાના પાણીની લાઇન નાખી ત્યારે તમારા એક સ્વર્ગસ્થ નેતા જે મુખ્યમંત્રી રહી ચૂક્યા હતા, એમણે એમ કહ્યું હતું કે, આમાં પાણી નહીં, આમાં હવા જશે. સાહેબ, દસ વર્ષથી, પંદર વર્ષથી એ પાઇપોમાં છેક સોમનાથ, દ્વારકા, અને કચ્છ સુધી અમારી ભા.જ.પ.ની સરકારે પાણી પહોંચાડ્યું છે. આજે નલિયા પાણી પહોંચી ગયું છે, છેક બોર્ડર ઉપર એટલે આ સરકાર છે. એટલે અત્યારે એમ કહો કે, પાયા ખોદો, પાયા ખોદો પણ તમને થોડા વર્ષોમાં (અંતરાય) સાહેબ, આ લોકોને મેં કહ્યું ને કે, ટ્યુબ લાઇટ કાયમ મોડી જ થાય છે. પણ તમારી ટ્યુબલાઇટ થઇ હશે ત્યારે મેટ્રોમાં લાખ્ખો લોકો ફરતા થઇ ગયા હશે અને તમને પણ ભગવાન કરે તો તેમાં બેસાડીશું.

એટલે માનનીય અધ્યક્ષશ્રી, આ જ્યારે બધી જ કામગીરી અમારી સરકાર મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેનના નેતૃત્વમાં શહેરી વિકાસ વિભાગ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ બંને કરી રહ્યા છે ત્યારે ગુજરાતનો એ સર્વાંગી વિકાસ છે એને ધ્યાનમાં રાખી આપ સૌ આ બજેટ સર્વાનુમતે મંજૂર કરો. મહાત્મા ગાંધી સ્વચ્છતા મીશનથી શરૂ કરી, ગરીબોના શૌચાલયો, શિક્ષણ, આરોગ્ય અને અન્ય સુવિધાઓ બધું જ સર્વાંગી વિકાસનું શહેરી ક્ષેત્રોમાં જ્યારે અમે કામ ઉપાડ્યું છે ત્યારે આપ એને મંજૂર કરો એવી વિનંતી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે શહેરી વિકાસને લગતી એક બાબત પૂછવી છે કે, મેં કહ્યું હતું કે, તમે મેટ્રો શહેર કે, ગ્રીન શહેર બનાવવાની વાત કરો છો પણ એમાં પ્રદીપસિંહબાપુનો પણ વિસ્તાર આવી જાય અને મારો પણ આવી જાય છે, સરખેજમાં અમારા ઇશ્વરભાઇનો પણ વિસ્તાર આવી જાય છે. અમદાવાદ શહેરની અંદર ૨૬ ટી.પી.ઓના ડ્રાફ્ટ જે ઓલરેડી સરકારની પાસે પેન્ડીંગ પડ્યા છે. જયાં સુધી ફાઇનલ ટી.પી. ના થાય, મેં આપની પાસે પણ માગણી કરી કે, સાહેબ, મને હોસ્પિટલ આપો. તમે મને કહ્યું કે, પ્લોટ લાવો શૈલેષભાઇ, કોરપોરેશનનો હું આપું તમને. એટલે મારો કહેવાનું તાત્પર્ય એ છે કે, આ ૨૬ ટી.પી. જો ફાઇનલ થાય તો જ કોરપોરેશનમાં તમે કરોડો રૂપિયાનું બજેટ માનો કે આજે આપો, તો એ કરોડો રૂપિયાનું બજેટ જે ૨૬ ટીપી.ઓ છે ત્યાં એ બજેટ વપરાઇ નથી શકતું અને એના ભાગરૂપે મેં આપને કહ્યું કે, આજે પણ અમદાવાદ શહેરની અંદર આખા વર્ષમાં ૬૨,૦૦૦ જેટલા પાણીના ટેન્કરોથી પાણી પહોંચાડવામાં આવે છે ત્યારે સરકારશ્રી આમાં માનવતાના ધોરણે અને વિકાસના ધોરણે, આ જે ટી.પી.ઓ પેન્ડીંગ છે એ ટી.પી.ઓને તાત્કાલિક મંજૂર કરે એવી મારી મંત્રીશ્રીને વિનંતી છે.

બીજું, માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે વસ્ત્રાલની અંદર જે બનાવ બન્યો, ગટરની અંદર ગેસ છોડવાની બાબતમાં જે બનાવ બન્યો અને નિર્દોષ લોકો એમાં મરી ગયા. એમાં માનનીય મંત્રીશ્રી, ભૂતકાળની અંદર આ વિસ્તાર જે વટવા છે, દાણીલીમડા છે, હાથીજણ છે, એ જે વિસ્તારો છે કે જે વિસ્તારો શહેરોથી પુષ્કળ દૂર હતા અને તેના કારણે ત્યાં ફેકટરીઓ થઇ હતી. આજે પરિસ્થિતિ એવી છે કે, એ વિસ્તારોને છોડીને પણ આગળના ભાગે છેક રીંગરોડ સુધી લોકો રહેવા જતા રહ્યા છે ત્યારે અને અત્યારે લોકો ફેકટરીઓ બંધ કરી રહ્યા છે અને ત્યાં ઇલિગલી અત્યારે બાંધકામ પણ થઇ રહ્યા છે એ ફેકટરીઓ ઉપર, તો મારી આપને વિનંતી છે કે, જ્યારે આપ નવી ટી.પી. બહાર પાડો ત્યારે આ વિસ્તારોની અંદર જે ફેકટરી ઝોન છે, ઇન્ડસ્ટ્રી ઝોન છે એ ઇન્ડસ્ટ્રી ઝોનની જગ્યાએ આપ રહેઠાણ ઝોન કરશો જેથી કરીને ગરીબ માસણોને અને અન્ય માણસોને એનો લાભ મળશે એવી માનનીય મંત્રીશ્રી પાસે મારી વિનંતી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : અમારી સરકારે હમણાં જે નવી ટી.પી.ઓ મંજૂર કરી ઔડાનો અને કોરપોરેશનનો ડેવલપમેન્ટ પ્લાન જે મંજૂર કર્યો એમાં એફોર્ડેબલ હાઉસીંગ એટલે પોષાય તેવી કિંમતે ગરીબ અને મધ્યમ વર્ગ માટે લાખ્ખો ફ્લેટ બને એ માટેનું ખાનગી જમીન ઉપર આપણે રિઝર્વેશન અને એ પ્રમાણેની વ્યવસ્થા પ્લાનમાં કરી છે. એટલે ત્યાં જે બિલ્ડરને પ્લાન મંજૂર કરાવવો હોય એ ફક્ત ને ફક્ત એફોર્ડેબલ હાઉસીંગના નિયમો પ્રમાણે, એજ પ્રમાણેની સાઇઝનો ફલેટ અને ફલેટ નાનો હોય તો સ્વાભાવિક છે કે, કિંમત પણ ઓછી થાય. એટલે ગરીબોને અને મધ્યમ વર્ગને ઓછી કિંમતે ફલેટ મળે એ આપણે ચોકકસ કરીએ છીએ. પૂર્વ અમદાવાદની વાત કરી તો પૂર્વ અમદાવાદનું આ સૂચન પણ આપનું અમે સરકારના ધ્યાન ઉપર ચોકકસ મુકીશું. કોર્પોરેશન અને ઔડાના ધ્યાન ઉપર પણ મુકીશું. શૈલેષભાઇની એ વાત સાચી છે કે ગામડાંઓ જે દૂર હતા એ શહેરની અંદર આવી ગયા. રામોલ, વટવા, મહાદેવનગર, અન્ય પૂર્વનો વિસ્તાર, પશ્ચિમમાં પણ ઘણા ગામો નજીક આવ્યા. તો રસ્તાઓને ઇન્ફ્રાસ્ટ્રકચર આપવું,

પીવાના પાણીની, ભૂગર્ભ ગટરની વ્યવસ્થા કરવી એ બહુ મોટી જવાબદારી કોર્પોરેશન ઉપર આવી છે એટલે જ અમે સરકારમાંથી અનેક રીતે મદદ કરીએ છીએ. દા.ત. અમે ગયા વર્ષે યોજના અમલમાં મુકેલી કે ખાનગી સોસાયટીઓ છે જ્યાં લાખો લોકો સોસાયટીમાં રહે છે પણ અત્યાર સુધી ભૂતકાળમાં નિયમ એવો હતો કે ખાનગી સોસાયટી છે એટલે ત્યાં રસ્તા ના મળે, પીવાના પાણીની પાઇપલાઇન ના નંખાય, સ્ટ્રીટ લાઇટ ના નંખાય એટલે અમારી સરકારે ગયા વર્ષે નિર્ણય કર્યો કે ખાનગી સોસાયટીઓમાં પણ ૮૦ ટકા સરકારના, ૧૦ ટકા લોકફાળો અને ૧૦ ટકા કોર્પોરેશનના એ પ્રમાણે ગયા વર્ષે ૮૭૩૦ સોસાયટીઓમાં આપણે ૭૮૭ કરોડના ખર્ચે રોડ, પાણીની લાઇન અને ઇલેકટ્રીસીટી. આ કઇ સોસાયટીઓ શૈલેષભાઇ બાકી હતી? ગરીબ, મધ્યમ વર્ગની જ હતી. સુખી લોકોની સોસાયટીઓમાં તો બધી વ્યવસ્થા પહેલેથી થઇ ચૂકી હોય છે. મધ્યમ વર્ગ માટે અમારી સરકારે આ યોજના કરી છે. આ વખતે ચોમાસામાં રસ્તામાં પાણી ભરાઇ રહે, રસ્તાને નુકસાન થાય, ગટરો બની હોય ત્યાં રસ્તા બેસી જાય તો એવા રસ્તાની સુધારણા માટે પણ ૫૦૦ કરોડ રૂપિયા નાણામંત્રીશ્રીએ, મુખ્યમંત્રીશ્રીએ શહેરોને આપ્યા છે કે પોતાના રોડ રીપેર કરે અને આપનું સૂચન અમે યોગ્ય જગ્યાએ પહોંચાડીશું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે ટી.પી. પડતા વાર થશે સાહેબ. મને ખ્યાલ છે તો જે હયાત રોડ છે એ ડ્રાફ્ટ ટી.પી.ના આધારે જો એટલો પરિપત્ર બહાર પાડવામાં આવે કે ડ્રાફ્ટ ટી.પી.ના આધારે જે પ્રાથમિક સુવિધાઓ છે નળ, ગટર, પાણી, રોડ રસ્તા એમાં સરકાર કોર્પોરેશન ગ્રાન્ટ વાપરી શકશે એવો જો પરિપત્ર બહાર પાડવામાં આવે તો ૫૦ ટકા અમદાવાદને આનો બહુ મોટો લાભ થાય એવો છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આપનું સૂચન છે. યોગ્ય જગ્યાએ પહોંચાડીશું.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, નગરપાલિકા અને કોર્પોરેશન વિસ્તારમાં સરકાર માન્ય ગ્રાન્ટ ઇન એઇડ ઘણી બધી શાળાઓ પણ છે અને છાત્રાલયો પણ છે અત્યારે જે ટેકસનું માળખું છે એ મુજબ ખૂબ ઉંચો ટેકસ આવે છે. આપણે જે ગ્રાન્ટ આપીએ છીએ એના કરતા પણ ટેકસની રકમ ઘણી જગ્યાએ વધી જાય છે ત્યારે મારી આપને વિનંતી છે કે સરકાર આ ટેકસમાંથી મુકિત આપે આ સંસ્થાઓને એવું કંઇ કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નગરપાલિકા અને મહાનગરપાલિકા કાયદાથી પોતાના એકટ મુજબ ચાલે છે. નગરપાલિકા એકટ છે અને મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ છે. એ એકટ અન્વયે કોર્પોરેશન અને નગરપાલિકાઓને જુદાજુદા પ્રકારની અનેક સત્તાઓ સોંપાયેલી છે. કારણકે સરકાર એકલી નથી ત્યાં એ સ્થાનિક સ્વરાજયની સરકાર કહેવાય છે. સ્વાયત્ત છે એટલે એમના વિસ્તારમાં કેવી રીતે કરવું, શું કરવું એએમણે નકકી કરવાનું હોય છે પણ ગાઇડલાઇન જનરલ જે છે કે કેટલો ટેકસ રખાય, કયા ફેકટરથી કેટલી ગણતરી થાય, એ ફેકટર એ સરકારે સજેસ્ટ કર્યા છે. એમાં લોએસ્ટ ફેકટર જો રાખવા માગતા હોય સ્થાનિક નગરપાલિકા તો હું માનું છું એ રાખી શકે છે.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : •(xxx)

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રીના જવાબ ઉપરથી કોઇ પ્રશ્ન હોય તો પૂછો.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : *(xxx )

અધ્યક્ષશ્રી : અહીં ચર્ચા કરવાની ન હોય. મંત્રીશ્રીના જવાબમાંથી તમારે કંઇ પુછવું હોય તો પુછો. આ કોઇ ચર્ચાનો સમય નથી. પ્લીઝ. ભાઇ સભ્યશ્રી, અહીયા ચર્ચા કરવાની ન હોય. મંત્રીશ્રીના જવાબમાંથી તમારે કઇ પૂછવાનું હોય એટલું પૂછો. આ કોઇ ચર્ચાનો સમય નથી. પ્લીઝ.(અંતરાય)

શ્રી ગ્યાસુદીન હ. શેખ : *(xxx)

અધ્યક્ષશ્રી : આજે ગૃહ વિભાગની માગણી નથી.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : *(xxx)

અધ્યક્ષશ્રી : જુગાર, અડ્ડાની વાત આજની માગણીમાં છે નહિ, એટલે એ રેકર્ડ ઉપરથી કાઢીએ છીએ. ગ્યાસુદીનભાઇ આપ જે પૂછવા માગો છો એ ટૂંકમાં પૂછો. ચર્ચા નથી આ.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : *(xxx)

અધ્યક્ષશ્રી : આ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.પ્લીઝ.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : *(xxx)

અધ્યક્ષશ્રી : ગ્યાસુદીનભાઇ, આપની સમગ્ર ચર્ચા છે તે હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું. માન.મંત્રીશ્રી કોઇ જવાબ હોય તો ઠીક છે. ચાલો સીધા મત ઉપર આવી જઇએ. ઓર્ડર..ઓર્ડર પ્લીઝ, ગ્યાસુદીનભાઇ.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫, ૧૩, ૧૭, ૨૧ થી ૨૩ અને ૩૩ મત ઉપર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંકઃ ૯૨, ૯૫, ૧૦૧, ૧૦૨ મત ઉપર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સભાગૃહનું કામકાજ સાંજના ૫–૧૩ વાગ્યે પુરું થતાં, સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા. ૧૭મી માર્ચ, ૨૦૧૩ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

• આ સમગ્ર ચર્ચા અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવી

ગુજરાત વિધાનસભા
મંગળવાર, તા. ૧૭મી માર્ચ, ૨૦૧૫
ફાલ્ગુન ૨૬, ૧૯૩૬ શાકે
સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું
અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને
તારાંકિત પ્રશ્નો

જિલ્લા મેજિસ્ટ્રેટના જજોના સરકારી વાહનો પર લાલ લાઇટ

* ૧૮૪૧૭ શ્રી ગોવાભાઇ રબારી(ડીસા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લા મેજીસ્ટ્રેટ કોર્ટમાં ફરજ બજાવતા જજોને સરકારી વાહન ઉપર લાલ લાઇટ આપવાની સુવિધા છે કે કેમ, અને | (૧) ના. |
| (૨) જો ન હોય તો આ સુવિધા આપવાનું આયોજન છે કે કેમ? | (૨) આ બાબત નિતિ વિષયક છે. |

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય મંત્રીશ્રીએ જવાબમાં મેજિસ્ટ્રેટોને જિલ્લા–તાલુકાના જજશ્રીઓને લાલ લાઇટ આપવાની ના લખેલ છે. પરંતુ દરેક જજની પાસે સરકારી ગાડી હોતી નથી, પ્રાઇવેટ ગાડી લઇને ઘણી વખત આવતા હોય ત્યારે રસ્તામાં ટ્રાફિક હોય કે બીજી જજ તરીકેની ગરિમા સચવાતી નથી અને પોતે ઓળખાણ પણ આપી શકતા નથી કે હું જજ છું. તો એને લાલ લાઇટ નહિ તો બીજા કલરની લાઇટ સરકાર આપવા માગે છે કે કેમ? બીજા રાજયો જેવા કે દિલ્હી, પંજાબ, હરિયાણા અને મધ્ય પ્રદેશમાં દરેક જજને બ્યુ લાઇટ રાખવાની છૂટ છે. જયારે રાજસ્થાનમાં લાલ લાઇટ રાખવની છૂટ આપવામાં આવી છે. તો ખરેખર આપણે આ જજો પૂરતું એની ગરિમા સચવાય એની પાસે કોઇ સિક્યોરિટી હોતી નથી અને એ પોતે કંઇ કહી શકતા નથી કે હું જજ છું. ગાડી પણ પોતાની હોય છે તો સરકારે એને લાઇટની છૂટ આપવી જોઇએ. તો એ સરકાર આપવા માગે છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : લાલ લાઇટનો પ્રશ્ન છે. હાઇકોર્ટના મેજિસ્ટ્રેટો છે ત્યાં બધાને લાલ લાઇટની વ્યવસ્થા આપવામાં આવેલ છે. એમાં મુખ્ય ન્યાયધિશ અને કેટલાક બીજા ન્યાયધિશોનો સમાવેશ થાય છે. માનનીય સભ્યશ્રીનો બીજો પ્રશ્ન ડિસ્ટ્રિક્ટ લેવલે ન્યાય પ્રણાલિની અંદર રહેલા છે એવા મહાનુભાવો માટેનો પ્રશ્ન છે એમાં એક કમિટી બનાવેલ છે. કમિટીએ જિલ્લા કક્ષાએ કલેકટરને પણ નહિ, ડિસ્ટ્રિક્ટ કક્ષાએ ન્યાયાલયની અંદર એવી કોઇ જોગવાઇ નથી. વાત રહી બીજા રાજયોની તો બીજા રાજયોમાં તો ધારાસભ્યો પણ લાલ લાઇટ લઇને ફરતા હોય છે. મામલતદાર કે ટી.ડી.ઓ. એને પણ લાલ લાઇટ આપતા હોય છે. ગુજરાતની વર્ષો જૂની પરંપરા રહેલી છે એના અનુસંધાને આપણે ત્યાં આ પ્રમાણેનો નિર્ણય કરવામાં આવેલો છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : તાત્કાલિક સેવાઓ જેવી કે ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ, પોલીસ વાહન વગેરે ઉપર લાઇટો મૂકવાની જોગવાઇ શું છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : અલગ અલગ કલરની વ્યવસ્થા કરવામાં આવેલ છે. દા.ત. કાયદો અને વ્યવસ્થાની ફરજ બજાવતા ઇન્સ્પેકટર કે તેની ઉપરના અધિકારીઓ હોય તો ફરજ દરમિયાન છે એ ત્યાં હોય કે, ફાયર બ્રિગેડ દ્વારા ઉપયોગ કરાતાં ફાયર ફાઇટરના વ્હીકલ હોય કે આર.ટી.ઓ.નું પેટ્રોલીંગ કરતું વાહન હોય એમાં મલ્ટી કલર બ્યુ ઓરેન્જ કલરની લંબ ચોરસ ટાઇપની ફલેશર પેનલ લગાડવામાં આવે છે. એ જ રીતે પી.સી.આર. વાહન અને પોલીસના પેટ્રોલીંગ વાહનો હોય એના ઉપર મલ્ટી કલર લાલ, સફેદ અને વાદળી લંબચોરસ આકારની ફલેશર પેનલ લગાડવામાં આવે છે. એમ્બ્યુલન્સ હોય તો એના ઉપર લાલ કલરની લાઇટ મંજૂર કરેલ છે.

શ્રી અમિત અ. ચાવડા : આપણે ત્યાં લાલ લાઇટ અને બ્યુ લાઇટ માટેની ચોક્કસ ગાઇડલાઇન છે એના પરિપત્રો બહાર પાડવામાં આવેલ છે તેમ છતાં અને નામદાર કોર્ટના કહેવા છતાં આજે જિલ્લા કક્ષાએ કલેકટર હોય, ડી.ડી.ઓ. હોય કે ડેપ્યુટી કલેકટર હોય કે મામલતદાર હોય એવા અનેક અધિકારીઓ રાજય સરકારની સૂચના હોવા છતાં લાલ લાઇટનો મોહ છોડી શકતા નથી. આજે પણ એમની ગાડીઓ ઉપર લાલ લાઇટ હૈયાત છે. સરકારી વાહનો છે, સરકારની સૂચના છે તેમ છતાં પોતાની મનસુફી ઉપર એ લાલ લાઇટ દૂર કરતા નથી. તો સરકાર એની સામે કોઇ પગલાં લેવા માગે છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : નામદાર કોર્ટના હુકમનું પાલન કરીને ઝૂંબેશ તરીકે બે મહિના પહેલા અભિયાન તરીકે લીધું હતું તેમ છતાં આપના ધ્યાન ઉપર આવે કે જેને એપ્રુવ કરેલ છે એના સિવાય કોઇ અધિકારી લાલ લાઇટવાળી ગાડીમાં ફરતા હોય તો અમારા ધ્યાન ઉપર મૂકજો અમે ચલાવી લેવા માગતા નથી.

શ્રી પ્રફૂલભાઇ છ. પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, બિન અધિકૃત વાહનો ઉપર લાલ લાઇટ દૂર કરવા માટે શું કાર્યવાહી કરવામાં આવી છે અને રાજ્ય સરકાર લાલ લાઇટ લગાડવા માટેની જોગવાઇમાં કોઇ નવો ફેરફાર કરવા માગે છે કે નહીં?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણાં કહ્યું તે પ્રમાણે લાલ લાઇટ અને બીજી લાઇટ દૂર કરવા

માટેની કાર્યવાહીને એક અભિયાન તરીકે લીધું અને રાજ્યમાં બિન અધિકૃત રીતે લાલ લાઇટ રાખતા લગભગ ૧૬૫૪ જેટલા વ્હીકલો ઉપરથી લાલ લાઇટ અને બીજી લાઇટો દૂર કરવાનું કામ કર્યું છે. ખાસ કરીને હમણાં જ રાજ્ય સરકારના તા.૧૧-૯-૨૦૧૩ના પરિપત્રના અમલીકરણ માટે એક ઝૂંબેશ ઉપાડી હતી. તા.૨૦-૬-૨૦૧૪થી તા.૯-૧૧-૨૦૧૪ દરમિયાન ૧૬૫૪ જેટલા વ્હીકલો ઉપર આ પ્રમાણેની કાર્યવાહી કરવામાં આવી છે. અમે રાજ્ય સરકારના પાંચેક સિનિયર અધિકારીઓ જેવા કે, મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગના અગ્ર સચિવશ્રી, વાહન વ્યવહાર અને જી.એ.ડી.ના અધિકારીઓની એક કમિટિ બનાવી છે અને આ કમિટીમાં હજુ પણ સુધારા વધારા કરવા હોય તો સૂચન કરી શકાય છે.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી બે બાબત જાણવા માગું છું. એક- ૧૬૫૪ જેટલા અનઅધિકૃત વાહનો પકડાયા એનો અર્થ એ થયો કે, વી.આઇ.પી. કલ્ચરના નામે કામ કરતા લોકોની લાલ લાઇટ ઉતરાવી એટલું પૂરતું નથી પરંતુ એમના ઉપર શિક્ષાત્મક શું પગલાં લીધાં એ જાણવા માગું છું. બીજું- જિલ્લા કક્ષાએ આપે પરિપત્ર મોકલ્યો, જિલ્લા પોલીસ વડા તાલુકા કક્ષાએ આ પત્ર મોકલે અને એના ઉપર કાર્યવાહી કરે તો અમારે આપનું ધ્યાન દોરવું નહીં પડે. આપના તંત્રના ધ્યાન ઉપર જ આ બાબત હશે અને એમના ઉપર શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. ઇમરજન્સી અને જરૂરિયાતમંદ સિવાયનું જે વીઆઇપી કલ્ચર ઉભું થયું છે એને રોકવા માટે સરકાર શું કાર્યવાહી કરવા માગે છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, અમે ઉપરથી નીચેની કક્ષા સુધી તાલુકા કક્ષા સુધી આ પરિપત્ર પહોંચાડ્યો છે અને એની માહિતી પહોંચતી કરી છે. પોલીસ તંત્ર અને આર.ટી.ઓ. બન્ને એની વ્યવસ્થાના ભાગ રૂપે જ આ કાર્યવાહી કરે છે અને આપણે મોટા પાયા પર આ અટકાવી શક્યા છીએ. ગેરકાયદેસર હતા એમની લાલ લાઇટ ઉતરાવી અને એમાં દંડની જોગવાઇ કરવામાં આવી છે.

### રાજપીપળા આર.ટી.ઓ. કચેરીમાં આવક

* ૧૭૨૨૧ શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજપીપળા આર.ટી.ઓ. કચેરીને તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ સને ૨૦૧૪ના વર્ષમાં કેટલી આવક થઇ, | (૧) રૂ. ૭.૩૩ કરોડની આવક થઈ. |
| (૨) વર્ષ ૨૦૧૩ના પ્રમાણમાં આવકમાં કેટલા વધારો / ઘટાડો થયો, અને | (૨) રૂ. ૦.૩૬ કરોડનો વધારો થયો. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી શબ્દશરણ ભા. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, રાજપીપળા આર.ટી.ઓ. કચેરીનો લાભ ક્યા વિસ્તારોને મળે છે અને એમાં શું શું સુવિધાઓ છે? આ કચેરીના વિસ્તરણ માટેની બીજી કોઇ યોજના છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, રાજપીપળામાં આર.ટી.ઓ. કચેરી નહીં પણ એ.આર.ટી.ઓ. કચેરી કાર્યરત છે. આ કચેરીનો લાભ સાગબારા, દેડિયાપાડા, નાંદોદ, તિલકવાડા અને ગલતેશ્વરના વિસ્તારોને મળે છે. ત્યાં સિંગલ વિન્ડો સિસ્ટમથી કામગીરી ચાલે છે. એમાં વાહનોની નોંધણી, એના સંલગ્ન સેવાઓ, વાહનોના ફિટનેશ ટેસ્ટ, પરમીટ, ડ્રાઈવીંગ લાયસન્સ અને હાઇ સિક્યોરીટી માટેની રિજસ્ટ્રેશન પ્લેટ લગાડવાનું કામ થઇ રહ્યું છે. રાજપીપળા એ.આર.ટી.ઓ. કચેરી તા.૧૨-૯-૨૦૦૦ થી કાર્યરત થયેલ છે અને જિલ્લા સેવા સદન, રાજપીપળા ખાતે આ કચેરી ચાલે છે. એનું આધુનિક બિલ્ડીંગ રૂ.૪.૪૭ કરોડના ખર્ચે બનાવ્યું છે અને તેની અંદર આ બધી જ સુવિધાઓ છે.

શ્રી મોતીલાલ પૂ. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજપીપળા આર.ટી.ઓ. કચેરીમાં જે રૂ.૩૬/- લાખની આવક થઇ છે એ કઇ આવક છે અને છેલ્લા એક વર્ષમાં વાહન ચેકીંગ દરમિયાન કેટલી આવક થઇ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આર.ટી.ઓ. કચેરીની આવકમાં વધારો થયો છે. એમાં એક વર્ષની અંદર જે વાહનોની નોંધણી થઇ હોય એમનો આજીવન કર, પેસેન્જર કર, માલ-સામાનની હેરાફેરી કરતા હોય એ વાહનો માટેનો જે ચાર્જ હોય છે, અર્ધ વાર્ષિક કે માસિક ભરવામાં આવતો રીકરીંગ કર, સમાધાનના આધારે મેજીસ્ટ્રીયલ સત્તાના આધારે દંડ વસૂલ કરીને કેસોનો નિકાલ કરવામાં આવે છે. તેનો પણ કર એની અંદર છે. તપાસણી પેટે ૬૦૫ જેટલા વાહનોના માલિકો સામે ગુનો નોંધીને દંડ પેટે જે પાછળ એમણે કહ્યું એ પ્રમાણે ૧૮ લાખની વસૂલાત ત્યાં આગળ કરવામાં આવી છે એટલે ઓલઓવર સારી કામગીરીના કારણે અને અસરકારક અમલીકરણને કારણે આવકની અંદર વધારો થયો છે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે રાજપીપળા ખાતે આરટીઓ કચેરીમાં આવક ઘણીબધી સારી થઇ છે, એ સારી વાત છે પણ મારે એક જ જાણવું છે કે આ આર.ટી.ઓ. કચેરીમાં રેતીના ખનન કરતા જે ચોર-માફીયાઓ છે એમના સાધનો, વાહનો કેટલા ડીટેઇન થયા અને એ વાહનો પાસેથી કેટલો દંડ વસૂલ કરવામાં આવ્યો?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માત્ર રેતીમાંથી જ કેટલા થયા એનું બાયફર્ગેશન અત્યારે હાલ નહીં કરી શકું પરંતુ મેં જે જવાબ આપ્યો તે પ્રમાણે ૬૦૫ જેટલા વાહનોને આ પ્રમાણે દંડ કરવામાં આવ્યો અને એના કારણે ૧૮ લાખ જેટલી રકમનો દંડ વસૂલ કરવામાં આવ્યો.

તારાંકિત પ્રશ્નો

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજપીપળા એઆરટીઓ કચેરીમાં છેલ્લા બે વર્ષમાં રજીસ્ટ્રેશન, લાઇસન્સ, હાઇસીક્યોરીટી નંબર પ્લેટ વગેરે સંબંધિત શું કાર્યવાહી કરવામાં આવી છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ બાબતો જે એમણે કહી એક રજીસ્ટ્રેશન માટેની હાઇસીક્યોરીટી પ્લેટની બાબત અને ત્રીજો પ્રશ્ન લાયસન્સ ઇશ્યુ કરવા બાબતનો તો ૧૪૪૭૩ જેટલા સ્માર્ટ રજીસ્ટ્રેશન કાર્ડ ઇશ્યુ કરવામાં આવ્યા. ૧૦૯૬૩ જેટલા સ્માર્ટ ડ્રાઇવીંગ લાયસન્સ કાર્ડ ઇશ્યુ કરવામાં આવ્યા અને ૧૩૦૬૧ જેટલા હાઇસીક્યોરીટી પ્લેટ લગાવવામાં આવી.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આ રાજયમાં સ્ટેટ હાઇવે હોય, નેશનલ હાઇવે હોય, એ બીઓટીના ભાગરૂપે ટેક્સ વસૂલ કરે છે. તો આરટીઓ કચેરી દ્વારા એક વાહન દીઠ આજીવન ટેક્સ લે છે, એકબાજુ એ જ બીઓટીના ધોરણે દરેક ટોલટેક્સ પર ટેક્સ ભરવો પડે છે અને આર.ટી.ઓ. કચેરી પણ આજીવન ટેક્સ લે છે તો એ ટોલટેક્સમાં ભરેલા નાણા અને આજીવન ટેક્સ, તો એ ટોલટેક્સ ભરે તો તમે આજીવન ટેક્સ હવે રદ કરવા માગો છો કે કેમ, બીજું કે લગભગ ૧૯૮૫થી આરટીઓ કચેરીઓમાં એઆરટીઓ હોય, ઇન્સ્પેક્ટર હોય એના મહેકમ નહીં ભરવાને કારણે પણ રાજય સરકારની આવકમાં ઘટાડો થયો છે એ વાત સાચી છે? અને જે ઘટ હોય એ મહેકમ ભરવા માગો છો કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મેં જવાબમાં કહ્યું તે પ્રમાણે જિલ્લાની જે આવક છે એની અંદર ઘટાડો નહીં વધારો થયો છે. રાજયની ટોટલ આવક છે એમાં પણ આ ચાલુ વર્ષની અંદર જોઇશું તો ૬૦૦ કરોડ કરતા વધારે રકમની આવક વધી છે એટલે ઘટવાનો કોઇ પ્રશ્ન નથી અને પહેલો જે પ્રશ્ન હતો એ આપનું સૂચન છે.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ રાજયની આવકની વાત કરી એમાં મારે પૂછવું છે કે જે ચેકપોસ્ટ ઉપર કેમેરા લગાવવામાં આવ્યા છે, જે કોન્ટ્રાકટર છે જેને કામ આપવામાં આવ્યું છે એનું કામ પૂરું થઇ ગયા ઉપર આઠ મહિના થઇ ગયા તો પણ ફેરફાર થતો નથી અને હું બનાસકાંઠાની વાત કરું તો આજે કેમેરા ફીટ કર્યા અને છટ્ઠે દિવસે બંધ થઇ ગયા, એને એક વર્ષ થયું તો પણ આ કેમેરા ચાલુ નથી.

અધ્યક્ષશ્રી : ગોવાભાઇ, આ આર.ટી.ઓ. કચેરીની વાત છે.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, આર.ટી.ઓ. ચેકપોસ્ટની જ હું વાત કરું છું કે ચેકપોસ્ટ ઉપર જે કેમેરા મૂકવામાં આવે છે અને ઓપરેટરો મૂકવામાં આવે છે એ ચેકપોસ્ટની જ વાત કરું છું.

અધ્યક્ષશ્રી : અહીંયા આગળ સ્પષ્ટ કચેરીનો ઉલ્લેખ છે એટલા માટે કહુ છું.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, રાજપીપળાની જ વાત કરું છું આ તો એમણે રાજયની વાત કરી હતી એટલે હું બનાસકાંઠાનું કહુ છું પણ રાજપીપળાની અંદર જે કેમેરા મૂકવામાં આવ્યા છે એ કેમેરા કેટલા સમયથી છે એનો કોન્ટ્રાકટર એ જ છે કે બદલાઇ ગયો? એના જે ઓપરેટરો છે એ કોન્ટ્રાકટરના માધ્યથી મૂકીએ છીએ તો એ એના એ જ છે કે બીજા બદલ્યા અને કેમેરા બંધ છે ઘણા સમયથી તો એ બંધ રહ્યા છતાં રિપોર્ટ કંઇ ન કર્યો તો એના માટે કોઇ પગલા લેવા માગો છો કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગોવાભાઇને જણાવું કે આ પ્રશ્ન આર.ટી.ઓ. કચેરીનો છે, ચેકપોસ્ટનો નથી. છતાં પણ આપની ભાવના ધ્યાને લઇને આવી કોઇ ફરિયાદ હશે તો ચોક્કસ અમે એમાં સુધારો કરવા માટેના પ્રયત્નો કરીશું.

અંબાજી ખાતે ૫૧ શકિતપીઠનું નિર્માણ

* ૧૭૧૫૫ શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અંબાજી ખાતે તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૫૧ શકિતપીઠના નિર્માણ માટે કોઇ કામગીરી કરવામાં આવેલ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કામગીરીની વિગતો શી છે? | (૨) અંબાજી ખાતે તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શ્રી ૫૧ શકિતપીઠના નિર્માણ માટે નીચે મુજબની કામગીરી કરવામાં આવી છે. |

| ક્રમ | કરવામાં આવેલ કામગીરીની વિગત |
|---|---|
| ૧. | શકિતપીઠના મંદિરની કામગીરી |
| ૨. | શકિતપીઠની ગુફા |
| ૩. | પરિક્રમા પાથ–વે |
| ૪. | શકિતપીઠ સંકુલ |
| ૫. | વિશ્રામ સ્થળ |

૬. ટોયલેટ બ્લોક
૭. પીવાના પાણીની વ્યવસ્થા અને પાણી પુરવઠા માટેની પાઈપલાઈન
૮. કેન્ટીન / કાફ્ટેરીયા
૯. પ્રવેશ દ્વાર.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અંબાજી ખાતે ૫૧ શક્તિપીઠ પ્રોજેક્ટ અંતર્ગત શું કામગીરી કરવામાં આવી છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વ પ્રસિદ્ધ એવા માં અંબાજીની શક્તિપીઠમાં માઇ ભક્તોને એક જ જગ્યાએ એક જ જન્મમાં એકી સાથે દર્શનનો લાભ મળી શકે એના માટે તે વખતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી રૂપિયા ૬૧.૫૭ કરોડના ખર્ચે આ ૫૧ શક્તિપીઠનું કામ હાથ ઉપર લીધું હતું અને એ પરિપૂર્ણ કરવામાં આવ્યું છે. આની અંદર ૨૮૫૦ રર્નીંગ ફૂટ પરિક્રમા પથ, પગથિયા અને અન્ય સુવિધાઓ સાથે આને સજ્જ કરવામાં આવ્યું છે. આની અંદર દેશના જુદા જુદા રાજ્યો અને વિશ્વની અંદર પાકિસ્તાન, શ્રીલંકા, બાંગ્લાદેશ, નેપાલ વગેરે જગ્યાએ આપણી જે શક્તિપીઠો આવેલી છે એ બધી જ શક્તિપીઠોમાં ત્યાં જેવી પ્રતિકૃતિ છે એ પ્રમાણેની પ્રતિકૃતિ સાથે જ્યારે કોઇ અંબાજીના દર્શન કરવા આવે ત્યારે ૫૧ શક્તિપીઠના એકી સાથે દર્શન કરીને પોતાની જાતને ધન્ય બનાવે અને ગુજરાતમાં યાત્રાળુઓનો વધારો થાય એના માટે રાજ્ય સરકાર દ્વારા આ કામ પૂર્ણ કરવામાં આવ્યું છે.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : હું આપના મારફત મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ મારા મત વિસ્તારમાં આવે છે અને જે ૫૧ શક્તિપીઠના ૯ કામો શરૂ કરવામાં આવ્યા હતા તે કામો ક્યારે પૂર્ણ કરવામાં આવ્યા? મારો બીજો પ્રશ્ન છે કે અંબાજી મંદિરની બાજુમાં બાયપાસ રોડ બનાવવા માગો છો કે કેમ? અને ત્રીજું કે, અંબાજી દેવસ્થાન ટ્રસ્ટમાં પ્રસાદમાં જે ખોટો ભ્રષ્ટાચાર કરી અને દૂધના બદલે પાઉડરમાંથી પ્રસાદ બનાવવામાં આવ્યો તેના ઉપર સરકાર કોઇ પગલાં લેવા માગે છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : એમણે ૩-૪ પ્રશ્નો પૂરા કર્યા. મેં મારા અગાઉના જવાબમાં પણ કહ્યું છે કે, ગુજરાત સરકારે અંબાજી દર્શનાર્થીઓની સુવિધા માટે આશરે સવા બસ્સો કરોડ રૂપિયાના કામો પૂર્ણ કરેલ છે. એમણે બીજો પ્રશ્ન કર્યો કે આ કામો પૂરા થયા કે કેમ? તો આ સતત ચાલતા કામો હતા પણ છેલ્લા એક વર્ષમાં ૧.૪૩ કરોડના કામો હતા એ પૂર્ણ કરવામાં આવ્યા છે. અંબાજી યાત્રાધામમાં જે પ્રસાદ ઉપલબ્ધ કરવામાં આવે છે એ પ્રસાદમાં કોઇપણ પ્રકારની ગેરરીતિ થતી નથી. આપણે ફૂડ એડલ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ દ્વારા પણ ચકાસણી પૂર્ણ કરાવી છે.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, અંબાજી ખાતે આવનારા યાત્રાળુંઓની સુવિધા તથા મંદિર પરિસરની સુરક્ષા માટે સરકારે શું કાર્યવાહી કરી?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય સભ્યશ્રીએ બહુ સાચી લાગણી વ્યક્ત કરી છે. એટલા માટે કે આ અંબાજી ધામ એવું છે કે જ્યાં રાજ્ય સરકાર દ્વારા અનેક સુવિધા સંપૂર્ણ કરાવવાના કારણે બે વર્ષ પહેલાં જ્યાં દર્શનાર્થીઓની સંખ્યા ૧.૭૦ કરોડ હતી એની સામે ૨.૪૦ કરોડ સુધી પહોંચી છે. સ્વભાવિક છે કે એવા સંજોગોમાં આપણે સલામતિની પણ ચિંતા કરવી જોઇએ. આ સલામતિની ચિંતા કરવા માટે ૧૬ સી.સી.ટી.વી. કેમેરા, ૫૧ ફીક્સ કેમેરા, ૩ ડોર મેટલ ડિટેક્ટર, એક લગેજ ચેકીંગ મશીન, ગર્ભગૃહ માટે પ્રવેશ માટે એક કન્ટ્રોલ સોલ્યુશન, આ ઉપરાંત આધુનિક ટેકનોલોજી ઉપરાંત ૩૧૦ પોલીસ, એસ.આર.પી., હોમમગાર્ડ, મંદિરમાં જી.આઇ.એસ.એફ . યાત્રાળુઓની સુવિધા, સુરક્ષા અને સલામતિ માટે ૧૮ જેટલા મહિલા ગાર્ડ સાથે સંપૂર્ણ રીતે પરિસરની આપણે ચિંતા કરી છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આવનારા ભવિષ્યની અંદર હવે નવી કામગીરી શું કરવાની છે? અને આખા વિશ્વમાં મંત્રીશ્રીએ કહ્યું એમ અને જે હકીકત છે એ પ્રમાણે જગપ્રસિદ્ધ માતાજીનું મંદિર છે, આદિવાસી વિસ્તાર છે. આદિવાસી દીકરા-દીકરીઓનો સર્વાંગી વિકાસ અને કલ્યાણ થાય અને માતાજીમાં દઢ વિશ્વાસ અને શ્રધ્ધા છે એ આખા જગતમાં પ્રસરે એના માટે સરકાર આદિવાસી બાળકો માટે વિશિષ્ઠ યોજના મંદિર મારફત મૂકવા માગે છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એમના બે પ્રશ્નો છે. આ યાત્રાળુઓની સુવિધા તેમજ કોઇ ભાવિ આયોજન છે કે કેમ? માનનીય અધ્યક્ષશ્રી, ૫૧ શક્તિપીઠ દર્શન પરિક્રમાના માર્ગ ઉપર સ્ટ્રકચર તથા શક્તિપીઠના સંકૂલ માટે ૨.૩૧ કરોડ, સંસ્કૃત મહાવિદ્યાલય તથા છાત્રાલય માટે ૨૬.૪૦ કરોડનું ભાવિ આયોજન, ગબ્બર ચઢાવ-ઉતરવાના પગથિયાના રિનોવેશનમાં ૨૦.૯૩ કરોડનું આયોજન, અંબિકા ભોજનાલય તથા પ્રસાદ સંકૂલ બનાવવાની કામગીરીમાં ૧૮.૬૦નું આયોજન, અંબાજી મંદિરના સંકૂલમાં જૂનું ફ્લોરિંગ બદલીને નવેસરથી મારબલ ફ્લોરિંગની વ્યવસ્થા કરવા માટે ૩.૩૮ કરોડનું આયોજન. એ ઉપરાંત એમણે કહ્યું કે, આ અંબાજીનું સ્થાન એવું છે કે જે બનાસકાંઠા, સાબરકાંઠા અને રાજસ્થાનની બોર્ડર ઉપર આવેલું છે. ત્યાં મહત્તમ આદિવાસી વિસ્તાર છે. આ ટ્રસ્ટ દ્વારા ત્યાં સ્થાનિક કક્ષાએ શૈક્ષણિક કાર્યક્રમની અંદર અનેક કામો હાથ ઉપર લીધાં છે. એમાં અંબાજી આર્ટસ કોલેજ ચાલે છે, બી.સી.એ. કોલેજ ચાલે છે, કોમર્સ કોલેજ ચાલે છે. આર્ટસ કોલેજમાં ૯૪૯ વિદ્યાર્થીઓ, કોમર્સ કોલેજમાં ૩૪૧ વિદ્યાર્થીઓ, બી.સી.એ.માં ૫૭ વિદ્યાર્થીઓ અને આ બી.સી.એ.ની અંદર ત્યાંના આદિવાસી બાળકોને કોમ્પ્યુટર, પ્રોજેક્ટર, ઇન્ટરેટ અને લેબ સુવિધાથી સજ્જ કરવામાં આવેલ છે. આ કોલેજ સંકુલમાં અને હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓને જમવાની સુવિધા અને એમાંય જે અનુસૂચિત જાતિ, જનજાતિના વિદ્યાર્થીઓને ફક્ત ૫૧ રૂપિયાના ટોકન દરે ભોજનની સુવિધા આપવામાં આવે છે. આ ઉપરાંત આ ટ્રસ્ટ દ્વારા ઉચ્ચત્તર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહની પણ શાળા ચલાવવામાં આવે છે જેમાં ધોરણ

૧૧ના ૬૦, ધોરણ ૧૨માં ૨૪ બાળકો અભ્યાસ કરે છે. આ ઉપરાંત સંસ્કૃતિનું જતન કરવા માટે સંસ્કૃત મહાવિદ્યાલય ત્યાં ચાલે છે. આ સંસ્કૃત મહાવિદ્યાલયમાં કર્મકાંડ, જ્યોતિષ, વેદ, પુરાણ, ધર્મશાસ્ત્ર, માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમા એટલે ધોરણ –૯ થી એમ.એ. પાર્ટ–૨ સુધીનો અભ્યાસક્રમ ચાલે છે. ત્યાં ૩૦ બેડની હોસ્પિટલ હતી અને આગામી દિવસોમાં ત્યાં સમગ્ર આદિવાસી પટ્ટીઓમાં અને આદિવાસી લોકોની શારીરિક સ્થાસ્થ્ય માટે ૨૦૦ બેડની હોસ્પિટલ રાજ્ય સરકાર દ્વારા એનો વહિવટ લઇને ત્યાંના લોકોના સ્થાસ્થ્ય માટે ચલાવવામાં આવશે.

### વલસાડ જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ સહાય

* ૧૭૧૬૯ શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ લાભ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૦૩. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૦૨. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૧.૦૦ લાખ. |

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લામાં આંતરિજ્ઞાતિય લગ્ન સહાય યોજનાની અંદર મેં પ્રશ્ન પૂછ્યો છે એમાં ૩ અરજીઓ આવેલી છે, બે મંજૂર કરવામાં આવી છે અને એક નામંજૂર કરવામાં આવી છે તો નામંજૂર કરવાના કારણો શું છે અને આ યોજના હેઠળ સહાયનું ધોરણ શું છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આંતરિજ્ઞાતિય સમૂહ લગ્ન, આંતરજ્ઞાતિય લગ્ન યોજનાની અંદર ૫૦,૦૦૦/– રૂપિયાની સહાય આપવામાં આવે છે. ૨૫,૦૦૦/– રૂપિયાના નાની બચતના પ્રમાણપત્રો અને ૨૫,૦૦૦/– રૂપિયાની રોકડ આપવામાં આવે છે. એમની જે એક અરજી નામંજૂર થઇ છે એ લગ્ન કર્યા પછી છૂટાછેડા થયા હોવાના કારણે નામંજૂર કરવામાં આવી છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, આંતરિજ્ઞાતિય લગ્ન સહાય માટેની અરજીમાં કયા કયા પુરાવાઓ રજૂ કરવામાં આવે છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આના માટેનો સક્ષમ અધિકારીનો જાતિનો દાખલો, દીકરીની ઉંમર ૧૮ વર્ષ અને દીકરાની ઉંમર ૨૧ વર્ષ માટેનો પુરાવો. એનું રજીસ્ટ્રેશન થવું એ ફરજિયાત છે અને અનુસૂચિત જાતિનો દીકરો કે દીકરી હોવું એ ફરજિયાત છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના જે છે એમાં સહાય મેળવવા માટેની પાત્રતાના માપદંડો શું છે ?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એ પ્રમાણે દીકરીની ઉંમર ૧૮ વર્ષ અને દીકરાની ઉંમર ૨૧ વર્ષ હોવી જોઇએ, એના માટે એક પાત્ર એ અનુસૂચિત જાતિનું હોવું ફરજિયાત છે. લગ્નનું રજીસ્ટ્રેશન થવું જોઇએ. કોઇ યુગલ પરપ્રાંતનું હોય તો એ લોકો પાંચ વર્ષથી ગુજરાતમાં રહેતા હોવા જોઇએ આ એના પાત્રતાના માપદંડો છે.

શ્રી ભરતભાઈ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લાના વલસાડ તાલુકામાં આંતરજ્ઞાતિય લગ્ન યોજના હેઠળ કેટલી અરજીઓ મળી એ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, કેટલી સહાય ચૂકવવામાં આવી અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ અરજીઓ આવી, એમાંથી બે અરજીઓ મંજૂર કરવામાં આવી એના માટેનું એક લાખ રૂપિયાનું ચૂકવણું કરવામાં આવ્યું, છૂટાછેટા થવાના કારણે એક અરજી નામંજૂર કરવામાં આવી.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, આંતરજ્ઞાતિય લગ્ન જે થયા તેમાં માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે છૂટાછેડા થવાથી, તો ખરેખર લગ્ન ક્યારે કર્યા અને છૂટાછેટા ક્યારે લીધા? તો એમની અરજી ખરેખર લગ્ન થયા પછી કેટલા સમયમાં આવી હતી? અને જે લગ્નમાં જોડાયા હોય એ નવદંપત્તિઓને કેટલા સમયમાં સહાય ચૂકવવામાં આવશે ?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, લગ્ન થયાની બે વર્ષની સમયમર્યાદાની અંદર એમણે પોતે એના માટેની અરજી કરવાની હોય છે એટલે આ સહાય યોજના માટેની બે વર્ષની એની સમયમર્યાદા છે. બે વર્ષની સમયમર્યાદા પહેલાં છૂટાછેડા થવાના કારણે આપણે ચૂકવી શક્યા નથી.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, છૂટાછેડા થવાના કારણે એક અરજી નામંજૂર કરવામાં આવી તો બાકીના જે રહ્યા છોકરા અને છોકરીઓ એની અંદર બીજી વખત લગ્ન કરતા હોય એવા કેટલા છે ?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, પુન:લગ્ન એટલે બીજી વખત લગ્ન કરતા હોય તેમાં આ સહાય આપવામાં આવતી નથી.

### દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખેતમજૂરના મૃત્યુ અને સહાય

* ૧૬૧૨૭ શ્રી મેરામણભાઇ મા. આહીર (ખંભાલીયા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

તા. ૧૭મી માર્ચ, ૨૦૧૫
તારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા ખેત મજૂર નોંધાયા, | (૧) |

| તાલુકાનું નામ | નોંધાયેલ ખેતમજૂરની સંખ્યા |
|---|---|
| ભાણવડ | ૯૧૧૦ |
| જામખંભાલિયા | ૯૯૧૯ |
| જામકલ્યાણપુર | ૯૩૯૫ |
| ઓખામંડળ | ૪૫૭૫ |
| કુલ | ૩૨૯૯૯ |

(૨) તે પૈકી તાલુકાવાર વર્ષવાર છેલ્લા બે વર્ષમાં કેટલા અકસ્માતથી મૃત્યુ પામેલ છે, અને

(૨)

| તાલુકો | અકસ્માતથી મૃત્યુ પામેલની સંખ્યા | |
|---|---|---|
| | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ |
| ભાણવડ | ૭ | - |
| જામખંભાલિયા | ૫ | - |
| જામકલ્યાણપુર | ૭ | ૨ |
| ઓખામંડળ | ૧ | - |
| કુલ | ૨૦ | ૨ |

(૩) તે પૈકી કેટલા ખેતમજૂરના કુટુંબોને સહાય ચૂકવવામાં આવી?

(૩)

| તાલુકો | સહાય ચૂકવવામાં આવેલ કુટુંબોની સંખ્યા | |
|---|---|---|
| | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ |
| ભાણવડ | ૫ | - |
| જામખંભાલિયા | ૧ | - |
| જામકલ્યાણપુર | ૧ | - |
| ઓખામંડળ | - | - |
| કુલ | ૭ | - |

શ્રી મેરામણભાઇ મા. આહીર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ૨૦૧૩-૧૪માં જે ૨૦ ખેતમજૂરો મૃત્યુ પામ્યા છે તે પૈકી ૭ ને સહાય ચૂકવવામાં આવી છે. તો બાકીના ૧૩ને ચૂકવવામાં નથી આવી તેના કારણો શું છે ?

મારો બીજો પ્રશ્ન એ છે કે, હાલમાં જે સહાય પેટે રકમ આપવામાં આવે છે તેમાં વધારો કરવા માગો છો કે કેમ? મારો ત્રીજો પ્રશ્ન એ છે કે, દેવભૂમિ દ્વારકા જિલ્લાના પ્રશ્નોના નિવારણ માટે જિલ્લા મથક ખંભાળિયા ખાતે કચેરી કેટલા સ્ટાફ સાથે શરૂ કરવામાં આવી?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦ પૈકી ૭ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. જે અરજીઓ નામંજૂર કરવામાં આવી છે એ પૈકીમાં કેટલાક પુરાવા નહીં મળવાના કારણે પણ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. બે અરજીઓ નામંજૂર કરવામાં આવી છે એ શ્રમિકની વ્યાખ્યામાં ન આવતા હોવાથી, ખેતમજૂર ન હોવાના કારણે અને જે બે અરજીઓ નામંજૂર થઇ છે એ પ્રાઇવેટ કારખાનાઓની અંદર કામ કરતા હતા અને ૪૦,૦૦૦ કરતાં વધારે આવક મેળવતા હતા એટલા માટે બે અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. બાકીની જે અરજીઓ છે એ વીમા નિયામકની કચેરીમાં પેન્ડીંગ પડી છે. એમને જે પુરાવાઓ જોઇએ એ પુરાવાઓ નહીં મળવાના કારણે એ અરજીઓ પેન્ડીંગ પડેલી છે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ખેતમજૂર અકસ્માત જુથ વીમા યોજનાનું પ્રિમિયમ કોના દ્વારા, કેટલું ચૂકવવામાં આવે છે? આ અંગે ખેતમજૂરે પોતે કોઇ રકમ અથવા પ્રિમિયમ ચૂકવવાનું હોય છે કે કેમ અને શ્રમિક સુરક્ષાની અરજી માટે ક્યા ક્યા દસ્તાવેજોની જરૂર હોય છે ?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ ખેતમજૂર શ્રમિકો માટે ખેતમજૂર શ્રમિકો પાસેથી રાજ્યના કોઇ પણ ખેતમજૂર શ્રમિકો પાસેથી એક પણ પૈસાનું પ્રિમિયમ લેવામાં આવતું નથી.
અને આ શ્રમિકો માટે રાજ્ય સરકાર પાંચ કરોડ રૂપિયાનું પ્રિમિયમ દર વર્ષે ભરે છે અને શ્રમિક સુરક્ષા અરજી માટે અકસ્માતનો,પોસ્ટમોર્ટમ રિપોર્ટ, પોલીસનું પંચનામુ, એફ.આઇ.આર. ની નકલ જેવી વિગતો માગવામાં આવી છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગામડાંમાં ખેતમજૂર જે વાડીમાં કામ કરતા હોય એનું સિંહ કે દિપડા દ્વારા મૃત્યુ થાય તો એને સહાય ચૂકવવા માગો છો કે કેમ? અને જો સહાય ચૂકવવા માગતા હો તો કેટલી?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : આ અકસ્માત વિમા યોજના છે. ખેતમજૂરો કામ કરતા હોય એ વખતે કોઇ સાધનમાં કામ કરતી વખતે આવી જાય તો સહાય ચૂકવવામાં આવે છે અને કોઇ વન્ય પ્રાણી મારફત મારણ થાય તો વન વિભાગ મારફત એને

સહાય ચૂકવવામાં આવે છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે જયારે કોઇ શ્રમિક, એનો માલિક ખેડૂત હોય એના વાહન પાછળ બેસીને જતો હોય અને અકસ્માત થાય પણ માલિક ખેડૂત પાસે એનું ડ્રાઇવીંગ લાઇસન્સ ન હોય તો પાછળ બેહેલો શ્રમિક હોય એને આવો કલેમ ચૂકવાય છે કે કેમ? કારણકે એનાથી જે શ્રમિક પાછળ બેઠો હોય એને કલેઇમ મળતો નથી એ વાત સાચી છે કે કેમ? અને એ કલેઇમ એને મળે એ માટે કંઇ આયોજન કરવા માગો છો કે કેમ?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમિક અકસ્માત વીમા યોજના છે. એને રોડ પર જતા હોય, ખેતરે કામ કરવા જતા હોય અને અકસ્માત થાય તો શ્રમિક પાસે ડ્રાઇવીંગ લાઇસન્સ હોય કે ન હોય એનો કોઇ મતલબ રહેતો નથી. એનું અકસ્માતથી મૃત્યુ થયું છે એટલે એને સહાય ચૂકવવામાં આવે છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ દરખાસ્તો વીમા કંપનીને મોકલી આપ્યા પછી એમાં પુરતા જે પુરવા માગ્યા હોય એ પણ રજૂ કરવામાં આવ્યા હોય પણ લાંબા સમય સુધી વીમા કંપની દ્વારા નિર્ણય ન કરવાને કારણે સમયસર કલેઇમ મંજૂર નથી થતા તો વીમા કંપનીઓ સાથે સંકલન કરી અને સમયમર્યાદાની અંદર આ સહાય મળે એવું કરવા માગો છો કે કેમ? બીજો સવાલ એ છે કે આ અકસ્માત વિમાની અંદર પી.એમ. ફરજીયાત હોય છે તો ગ્રામ્ય વિસ્તારની અંદર મોટાભાગે, આજે પણ મૃત્યુ થઇ ગયા પછી પી.એમ. કરવા માટે પરિવાર રાજી નથી થતો તો ખરેખર અકસ્માતથી જ મૃત્યુ થયું છે એ રેકર્ડ ઉપર આવ્યા પછી પી.એમ. કર્યા સિવાય આ સહાય ચૂકવવા માગો છો કે કેમ?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, અકસ્માત થયો હોય એટલે પી.એમ. કરાવવું જરૂરિયાત હોય છે પણ કેટલાક કિસ્સાઓની અંદર સરકારી શ્રમ અધિકારીનું પ્રમાણપત્ર, પી.એમ.ની અવેજીમાં કલેકટરનું પ્રમાણપત્ર પણ માન્ય રાખવામાં આવતું હોય છે.

મોરબી જિલ્લામાં નવા હેન્ડપંપના બોર

* ૧૭૧૯૫ શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મોરબી જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ પાણી પુરવઠા વિભાગ દ્વારા કેટલા નવા હેન્ડપંપના બોર કરવામાં આવેલ છે, | (૧) હેન્ડપંપના કોઈ બોર કરવામાં આવેલ નથી. |
| (૨) તે પૈકી કેટલા બોર સફળ થયેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) સફળ બોર પૈકી કેટલા બોર ઉક્ત સ્થિતિએ કાર્યરત કરેલ છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો આ સરકારને અભિનંદન આપું. મારા પ્રશ્નમાં જવાબ આપ્યો કે એક પણ બોર કરવામાંઆવ્યો નથી. મોરબી જિલ્લામાં ૯૦ ટકા નર્મદાનું પાણી મળે છે એટલે અભિનંદન આપું. ટેન્કર મુકત થયું એટલે અભિનંદન આપું છું. બીજું, મારા પ્રશ્નમાં જવાબ આપ્યો છે કે મોરબી જિલ્લામાં જે નર્મદાની જુથ યોજનામાં કેટલા ગામને પાણી મળે છે અને બોરથી કેટલા ગામને પાણી મળે છે?બીજો પ્રશ્ન મારો કે મારા વિસ્તારમાં રંગપર પાસે, ખરડા પાસે જુના બોર છે વર્ષો પહેલાના બોર છે તો નર્મદાનું પાણી જુથ યોજનામાં દેવા માગો છો કે કેમ?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મોરબી જિલ્લામાં મોરબી તાલુકાના કુલ ૭૪ ગામમાંથી ૬૭ ગામને જુથ યોજનામાંથી પાણી આપવામાં આવે છે. સાત ગામને વ્યકિતગત યોજનામાંથી પાણી આપવામાં આવે છે. વાંકાનેર તાલુકામાં ૯૯ ગામમાંથી ૯૯એ ૯૯ ગામને જૂથ યોજના આધારિત પાણી આપવામાં આવે છે. માળીયા તાલુકામાં ૪૪ ગામમાંથી ૪૪ ગામને જુથ પાણી પુરવઠા યોજનામાંથી પાણી આપવામાં આવે છે. ટંકારના ૪૭ ગામમાંથી ૪૭ ગામને જૂથ યોજનામાંથી પાણી આપવામાં આવે છે. હળવદ તાલુકાના ૬૭ ગામાંથી ૬૭ ગામને જુથ પાણી પુરવઠા યોજનામાંથી પાણી આપવામાં આવે છે. શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મોરબી તાલુકામાં એક પણ નવા હેન્ડપંપ માટે બોર કરવામાં આવેલ નથી, પરંતુ રાજય સરકારે એવી જોગવાઇ કરી છે કે પાણી પુરવઠા બોર્ડ મારફત કોઇપણ નવા બોર કરાવવા હોય તો ભૂસ્તરશાસ્ત્રીનો અભિપ્રાય લઇ પાણી પીવાલાયક છે કે કેમ એ અભિપ્રાય આપે તો જ સરકારની કોઇપણ યોજનામાંથી મંજૂર થયેલ બોર થઇ શકે છે. આપના મારફત હું પૂછવા માગું છું કે સૌરાષ્ટ્રના ૩ જિલ્લા અમરેલીની ભૂસ્તરશાસ્ત્રી કચેરી બંધ કરી ભાવનગરમાં ભેળવી અને સુરેન્દ્રનગરની રાજકોટમાં ભેળવી અને પોરબંદરની ભૂસ્તરશાસ્ત્રીની કચેરી બંધ કરી.

અધ્યક્ષશ્રી : મોરબી પૂરતી ચર્ચા કરીએ.

શ્રી પરેશ ધાનાણી : ભૂસ્તરશાસ્ત્રીની કચેરી ઉપલબ્ધ ન હોય તો અભિપ્રાય લેવામાં તકલીફ થાય તો નવા બોર નથી થતા તો આ કચેરી ચાલુ કરવા માગો છો કે કેમ? બીજો પ્રશ્ન એ છે કે ભૂસ્તરશાસ્ત્રી પીવાના પાણીનો અભિપ્રાય આપે, રાજય સરકારને મારી વિનંતી છે કે દરેક ઘરમાં પીવાનું પાણી માત્ર એક ગોળામાં રાત પડી જાય, પણ ઘરવપરાશનું પાણી, કપડા ધોવાનું પાણી, વાસણ ધોવાનું પાણી મહત્તમ ઉપયોગ થતો હોય છે, તો રાજય સરકાર પીવાનું પાણી, ઘર વપરાશનું પાણી આ બંનેની અંદર જો બાઇફરગેશન કરી ગાઇડલાઇન નક્કી કરે તો મને લાગે છે કે પીવાના પાણીની ઘટ પૂરી પાડી શકાય. ક્ષારવાળા પાણીથી નમકનું પ્રમાણ હોય તો કપડા વધુ સારા ધોઇ શકાય, વાસણ વધુ ઉજળા થઇ શકે, એટલે ઘર વપરાશમાં સ્થાનિક સ્ત્રોતનું પાણી ઉપયોગ કરવા માટે રાજય સરકાર આ ભૂસ્તરશાસ્ત્રીનો અભિપ્રાય બંધ કરવા માગે છે કે કેમ?

તા. ૧૭મી માર્ચ, ૨૦૧૫
તારાંકિત પ્રશ્નો

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : મોરબી જિલ્લાનો પ્રશ્ન છે. મોરબી જિલ્લાની અંદર ગ્રાઉન્ડ વોટરના તળ ઉંડા હોવાથી હેન્ડપંપ ત્યાં કરતા નથી, પરંતુ મોરબી જિલ્લાની અંદર છેલ્લાં એક વર્ષની અંદર ૨૯ બોર સારવામાં આવેલ છે. એ ૨૯ બોર પૈકી ૨૭ સફળ થયેલ છે. આ ૨૭–૨૭ બોર ઉપર સીંગલ ફેઇઝ સબમર્સીબલ પંપ બેસાડી પાણી પુરવઠો આપવામાં આવે છે. જયાં સુધી સૌરાષ્ટ્રની વાત કરી ત્યાં સુધી સૌરાષ્ટ્રના લગભગ વિસ્તારમાં નર્મદા આધારિત જૂથ યોજનામાંથી ગામે ગામ પાણી પહોંચાડવામાં આવેલ છે. જે વિસ્તારોમાં વ્યક્તિગત રીતે પાણી આપવું પડે ત્યાં પૂરતું પાણી આપી રહ્યા છીએ. જ્યાં કઇ પ્રશ્ન આવે ત્યાં અમારા વિભાગ દ્વારા ચકાસણી કરી પાણી તળમાં હોય ત્યાં બોર કરી કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

શ્રી બાવનજીભાઇ હં. મેતલીયા : માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠા વિભાગને અને મંત્રીશ્રીને અભિનંદન આપવા માગું છું કે (અંતરાય) વર્ષો સુધી સૌરાષ્ટ્રમાં જે ફ્લોરાઇડવાળું પીવાનું પાણી હતું, તેનાથી પાણી પુરવઠાની વ્યવસ્થિત યોજના કરી ગામે ગામ, શહેરે શહેરે પાણી પહોંચાડ્યું. મારો પ્રશ્ન એ છે કે આ વખતે મોરબી જિલ્લામાં ઓછામાં ઓછો વરસાદ હતો તો મોરબી શહેરને.

અધ્યક્ષશ્રી : આપ બેસી જાઓ. આપને બીજી વાર તક આપું છું.

શ્રી બાવનજીભાઇ હં. મેતલીયા : મોરબી શહેરને ચોમાસા સુધી પાણી પહોંચાડવા માટેનું શું આયોજન છે?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : મોરબી શહેરની વસ્તી ધ્યાને લઇ અને સરેરાશ ૩૫ એમ.એલ.ડી. પાણીની જરૂરિયાત છે. હાલ નર્મદા પાઇપલાઇન મારફતે મોરબી શહેરને દરરોજ ૨ કરોડ લીટર પાણી આપવામાં આવે છે. બાકીનો જથ્થો નગરપાલિકા દ્વારા મચ્છુ–૨ ડેમમાંથી ઉપાડવામાં આવે છે અને મચ્છુ–૨ ડેમનું પાણી ચાલુ માસના અંત સુધી ચાલી શકે તેમ હોય નર્મદા પાઇપલાઇન મારફત વધારાનો પાણીનો જથ્થો મોરબી શહેરને આપવામાં આવશે.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મોરબી જિલ્લામાં કુલ તાલુકાવાર કેટલા હેન્ડપંપો કાર્યરત છે અને જો આ હેન્ડપંપ કોઇ બગડી ગયા હોય, બંધ થઇ ગયા હોય તો ચાલુ કરવા માટે થઇને કેટલી ટીમ કાર્યરત છે?

શ્રી જયેશકુમાર વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મોરબી જિલ્લામાં મોરબી તાલુકામાં ૪૨ ગામમાં ૧૫૭ હેન્ડપંપ કાર્યરત છે. વાંકાનેર તાલુકામાં ૯૦ ગામના ૩૩૬ હેન્ડપંપ કાર્યરત છે. ટંકારા તાલુકામાં ૪૪ ગામમાં ૨૦૧ હેન્ડપંપ કાર્યરત છે. માળીયા તાલુકાના ૭ ગામમાં ૧૦ હેન્ડપંપ કાર્યરત છે. હળવદ તાલુકાના ૧૮ ગામની અંદર ૪૬ હેન્ડપંપ કાર્યરત છે. મોરબી જિલ્લાના ૨૦૧ ગામની અંદર ૭૯૦ હેન્ડપંપ અત્યારે કાર્યરત છે. આ હેન્ડપંપ બગડે ત્યારે આ જિલ્લામાં એક ટીમ રીપેરીંગ માટે કાર્યરત છે.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, મોરબી જિલ્લાનો મુદાવાર એક જ પ્રશ્ન પૂછો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો મોરબી જિલ્લાનો મુદ્દો છે તે આખા રાજયનો પ્રશ્ન છે. હું માનનીય મંત્રીશ્રીને વિનંતી સાથે પ્રશ્ન કરવા માગું છું કે ભૂસ્તરશાસ્ત્રી પાસે અભિપ્રાય લઇએ તેમાં પાણીનો નમુનો તે પીવાલાયક પાણીનો નમુનો આપે છે. તેના બદલે તે પાણી પીવાલાયક છે કે કેમ, ઘર વપરાશ માટે ઉપયોગમાં લઇ શકાય છે કે કેમ? આની રાજય સરકાર વ્યાખ્યા નકકી કરે તો પીવાનું પાણી અને ઘર વપરાશના પાણી બેની અલગ વ્યાખ્યા રાજય સરકાર કરે તો આપણે ૫૦૦–૭૦૦ કીલોમીટર દૂર પાણી પૂરું પાડીએ છીએ તે ભારણ ઘટે. આપણી પીવાના પાણી અને ઘર વપરાશના પાણીની વ્યાખ્યા અલગ કરવા માગીએ છીએ કેમ?

શ્રી જયેશકુમાર વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન છે.

હાલોલ ખાતે ન્યાયિક અધિકારીઓના રહેણાંકના કવાટર્સ

* ૧૬૯૫૭ શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાના હાલોલ ખાતે ન્યાયિક અધિકારીઓના રહેણાંકના કવાટર્સના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે. | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ. ૧,૩૨,૨૧,૦૦૦/-. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે હાલોલ ખાતે જે બે કવાટર્સ બનાવવાના છે તે કઇ કેટેગરીના છે, તેનો વિસ્તાર અને બિલ્ડઅપ એરીયા કેટલો હોય છે, તેમાં શું શું સવલતો હોય છે અને ન્યાયધિશ કવાર્ટર બનાવવા માટેની જરૂરિયાત કેમ ઉભી થઇ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, નામદાર હાઇકોર્ટના પરામર્શમાં જજીસની જુદી જુદી કેડર હોય છે તે જુદી જુદી કેડર પ્રમાણે જુદા જુદા કવાટર્સ બનાવવામાં આવે છે. હાલોલ ખાતે સિવિલ જજ જુનિયર ડિવીઝન કક્ષાના બે અને સિવિલ જજ સિનિયર ડિવીઝન કક્ષાના એક એમ કુલ ત્રણ જેટલી કોર્ટ કાર્યરત છે. તેમાં એક કવાટર્સ ત્યાં અવેલેબલ છે. બાકીના બે કવાટર્સ ન હોવાના કારણે આ બંને જજીસે ગામની અંદર ભાડાના મકાનમાં રહેવાની આવશ્યકતા ઉભી થઇ હતી. એટલા માટે આ કવાટર્સ

મંજૂર કરવામાં આવ્યા છે. આની અંદર ત્રણ બેડરૂમ સહિત બાકીની આનુષાંગિક વ્યવસ્થા સાથે ૩૫૪.૫૦ ચોરસ મીટરના વિસ્તારમાં ઇ–૧ કક્ષાના બે માળના કવાર્ટર બનાવવાનો નિર્ણય લીધેલો છે.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પંચમહાલ જિલ્લાના હાલોલ ખાતે જે ન્યાયાધિશો છે તેમને અલગ કવાર્ટર્સ ફાળવવાથી તેમને શું ફાયદો થનાર છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકાર સૌનો સાથ સૌનો વિકાસ અને સૌને ન્યાય મળે તેના માટે આ ગતિશીલ ગુજરાતનું સ્વપ્ન છે કે આ ગુજરાતનો એકપણ તાલુકો કોર્ટ વગર બાકી ન રહે. જયારે કોર્ટો બનાવવાની હોય ત્યારે કોર્ટની અંદર મેન પાવરની આવશ્યકતા ઉભી થાય છે. કોર્ટની અંદર જજ હોય અને તેમની નિમણૂક થાય તેવા સંજોગોની અંદર તેમના માટે કવાટર્સની આવશ્યકતા ઉભી થતી હોય છે. સામાન્ય રીતે લોકોની વચ્ચે આ જજીસ રહેતા હોય ત્યારે aloofness જળવાતી નથી. ઘણીવાર એવું થતું હોય છે કે જયારે રીઢા આરોપીઓને રજૂ કરવાના હોય અને તે સોસાયટીની વચ્ચે રહેતા હોય તેની જગ્યાએ આ કવાટર્સ અલગ હોય તો બાકીના લોકોને તેના કારણે કોઇ સમસ્યા ન થાય તેના માટે અલગ કવાટર્સની ફાળવણી અને આયોજન કરવામાં આવેલ છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે પંચમહાલ જિલ્લાના હાલોલ ખાતે ન્યાયિક અધિકારીઓના રહેણાંકના મકાનો બનાવવા માટે ૧ કરોડ ૩૨ લાખ ૨૧ હજાર રૂપિયા જેટલી રકમ મંજૂર કરવામાં આવી. બજેટ જોગવાઇઓ પછી આ કામગીરી જે વહેલી શરૂ કરવી જોઇતી હતી તેની જગ્યાએ ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ તેને જોબ નંબર આપવામાં આવ્યો. બજેટ પ્રક્રિયા પછી આ વર્ષ પૂરું થવાનું છે. જો આ જોબ નંબર આપવાની વહીવટી પ્રક્રિયાની કામગીરી વહેલી શરૂ થઇ હોત તો આજે ટેન્ડર બહાર પડી ગયા હોત અને મકાનનું બાંધકામ શરૂ થઇ ગયું હોત. તો આ જે વિલંબીત પ્રક્રિયા છે એને સમયસરની સરકાર કરવા માગે છે કે કેમ? અને બીજો મારો પ્રશ્ન એ છે કે, જયારે આવું બાંધકામ કરવામાં આવતું હોય છે ત્યારે મોટે ભાગે ૩૦ થી ૪૦ ટકા જેટલા ટેન્ડર ડાઉન આવતા હોય છે, ૩૦ થી ૪૦ ટકા બીલો ટેન્ડર આવતા હોય છે જેના લીધે કામની ગુણવત્તા જળવાતી નથી. તો આ જે ટેન્ડર આવે છે એની કોઇ લિમિટ નક્કી કરીને એનાથી વધારે બીલો ટેન્ડર હોય તો એ કામ નામંજૂર કરવાનું કામ સરકાર કરવા માગે છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે લાગણી વ્યક્ત કરી કે, આમાં મોડું થાય છે. પરંતુ આમાં હું આપને જણાવું કે, આ કામે ૨૦–૧૧–૨૦૧૪ના રોજ એની વહીવટી મંજૂરી આપી અને ૧૯–૨–૨૦૧૫ના રોજ એની ટેકનિકલ મંજૂરી આપી અને ૨૬–૨–૨૦૧૫ના રોજ એનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું અને આ ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૩–૩–૨૦૧૫ છે. આ સમય મર્યાદામાં ક્યાંય વિલંબ થયો નથી. કામની ગુણવત્તાની બાબત છે એની અંદર આ માર્ગ મકાન વિભાગ દ્વારા થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન થાય છે, ઉચ્ચ પ્રકારની કામની ગુણવત્તા આ ક્વાર્ટરમાં હોય છે એટલે આપે જે આશંકા વ્યક્ત કરી એ પ્રમાણેનું કોઇ કારણ નથી. બીજું જે લોએસ્ટ આવે છે એના પ્રવર્તમાન બજારના રેટ પ્રમાણે કામનું મુલ્યાંકન કર્યું હોય એના કરતા અપર અને લોઅર ઘણી વખત આ પ્રકારે આવતું હોય છે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આ કામની વહીવટી મંજૂરી આપ્યા બાદ કામગીરી ક્યા તબક્કે છે, અને ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મેં આગળના જવાબમાં સંપૂર્ણ એનો ઉલ્લેખ કરી દીધો છે.

અધ્યક્ષશ્રી : જવાબ આવી ગયો છે. પ્રશ્ન ક્રમાંકઃ૮, પ્રશ્ન ક્રમાંકઃ૯, માનનીય સભ્યશ્રી..(અંતરાય)

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) માનનીય મંત્રીશ્રી પ્રજાના હિતમાં જવાબ આપવા માગતા હોય તો...(અંતરાય) આ તો નિયમોમાં પણ જોગવાઇ છે.

અધ્યક્ષશ્રીઃ એ તો મંત્રીશ્રી કહેશે તો. નહીં નહીં, એવી રીતે નહીં. માનનીય કાંતિભાઇ, (અંતરાય) મંત્રીશ્રી મને એમ કહે કે મારે જવાબ આપવો છે તો આપી શકાય, બાકી એવી કોઇ પ્રથા નથી. (અંતરાય) માનનીય શક્તિસિંહજી નહીં, માનનીય કાંતિભાઇ, પ્લીઝ પ્લીઝ..(અંતરાય) જે સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો હોય એમણે અવશ્ય હાજર રહેવું જોઇએ, એ સભ્યશ્રી હાજર ન રહે તો એમાં આપણે ફોર્સ પાડી શકતા નથી સિવાય કે મંત્રીશ્રી એમ કહે કે પ્રજાના હિતમાં મારે જવાબ આપવો છે તો, હું પૂછી શકતો નથી. પ્લીઝ..(અંતરાય) પ્લીઝ, પ્લીઝ. આપ બેસી જાવ, પ્લીઝ, પ્લીઝ, માનનીય શક્તિસિંહજી, પ્લીઝ આપ બેસી જાવ.

શ્રી પંકજકુમાર વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સભ્યોનો સમય બગડે છે પ્રશ્નોતરી પૂછવા માટે. (અંતરાય)

અધ્યક્ષશ્રીઃ નહીં નહીં, આ રીતે પ્રશ્નોતરીનો સમય ન બગાડીએ. પ્લીઝ, પ્લીઝ. નહીં, નહીં, તમામ સભ્યશ્રીઓ બેસી જાવ. પ્લીઝ, આપણે મંત્રીશ્રીને ફોર્સ ન પાડી શકીએ. શક્તિસિંહજી પ્લીઝ. પ્લીઝ, પ્લીઝ, પ્રશ્નોતરી દરમ્યાન તો આપણે આવી કોઇ બાબત ઉપાડી શકતા નથી. પ્લીઝ, નહીં, નહીં. પ્લીઝ, તમે મને ફોર્સ ન પાડો. પ્લીઝ, નહીં. પ્રશ્નોતરી સમય દરમ્યાન મારે પ્રશ્નોતરી ચલાવવાની હોય છે ત્યારે આપ ફોર્સ ન પાડી શકો, આપ તો ખૂબ વિદ્વાન છો. તમે ખૂબ વિદ્વાન છો આપ બેસી જાવ. પ્લીઝ, પ્લીઝ, અત્યારે ન હોઇ શકે શક્તિસિંહજી, અત્યારે હોય તો પણ હું તમને એલાઉ નથી કરતો મારે ખોટી પ્રથા પાડવી નથી. પ્લીઝ, પ્રશ્નોતરી પછી તમારે જે પ્રશ્ન ઉભો કરવો હોય એ ઉભો કરજો હું જવાબ આપીશ. મહેરબાની કરીને આપ અત્યારે દલીલ નહિ કરો, પ્લીઝ, આપણે પ્રશ્નોત્તરીમાં આવા કોઇ પ્રશ્નો ઉભાં નથી કરી શકતા, પ્લીઝ, આપને પ્રશ્ન બાબતે કોઇપણ ઇસ્યુ હોય તો એ પ્રશ્નોત્તરી પછી ઉભો કરવાનો હોય છે પ્લીઝ, અત્યારે નહિ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, બહુ ટેકનીકલ સવાલ છે, મંત્રીશ્રી ના પાડતા હોય તો..

અધ્યક્ષશ્રી :નહિ પણ અત્યારે મારે કોઇ પ્રથા નથી પાડવી પ્લીઝ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : આમાં કોઇ વિવાદ છે જ નહિ, ના પાડવી હોય તો ના પાડે.

અધ્યક્ષશ્રી :આનો જવાબ હું તમને પ્રશ્નોત્તરી પછી આપીશ. આપ બેસી જાઓ પ્લીઝ, અત્યારે આપ, પ્લીઝ, નહિ આપ બેસી જાઓ, પ્લીઝ, આપ ગૃહનો સમય ના બગાડો, પ્લીઝ, આપ ગૃહનો સમય ના બગાડો પ્લીઝ, શક્તિસિંહજી પ્લીઝ, નહિ નહિ પ્લીઝ, શક્તિસિંહજી આપને વિનંતી કરું છું કે, સભ્યોના પ્રશ્નકાળનો સમય આપ વ્યર્થ નહિ કરો, હું આપને વિનંતી કરું છું પ્રશ્નોત્તરી પછી આપને સાંભળીશ, પ્લીઝ, મારે ખોટી પ્રથા નથી પાડવી. આપના કહેવાથી હું ગૃહમાં ખોટી પ્રથા પાડવા માગતો નથી. પ્લીઝ, હું નિયમથી બંધાયેલો છું. પ્રશ્નોત્તરી પછી જવાબ આપીશ આપ પુછજો, અત્યારે નહિ, આપ જીદ ના કરો પ્લીઝ, નહિ નહિ, પ્લીઝ, શક્તિસિંહજી ગૃહને આ રીતે આપે એ કરવાની જરૂર નથી આપ પ્લીઝ બેસી જાઓ, નહિ નહિ, પ્લીઝ, શક્તિસિંહજી પ્લીઝ આપ બેસી જાઓ, ગૃહને ચાલવા દો, પ્રશ્નોત્તરી પછી આપને જે પુછવું હોય તે હું પુછવા દઇશ. નહિ પ્લીઝ, આપ મને ફોર્સ ના કરો. પ્રશ્નોત્તરી પછી ગમે તેટલો ફોર્સ કરજો.

શ્રી પંકજકુમાર વિ. દેસાઇ : વિધાનસભાના નિયમોના નિયમ ૮૬માં આ મુદ્દા અંગેની સ્પષ્ટ ચર્ચા કરવામાં આવેલી છે.

અધ્યક્ષશ્રી : હું પ્રશ્નોત્તરી પછી તમને તક આપીશ. નહિ નહિ અત્યારે કોઇ ચર્ચા નહિ. પ્લીઝ, ભાઇ હોય તો પણ હું અત્યારે એલાઉ નથી કરતો, પછી કાયમ પ્રથા પડશે કે ચાલુ પ્રશ્નોત્તરીમાં આ રીતે કોઇપણ પ્રશ્નો ઉભાં કરી શકશે. પછી એવી પ્રથા પડશે. આપ પ્રશ્નોત્તરી પછી આ મુદ્દો ઉઠાવજો. આપને પુરેપૂરી તક આપીશ અને સામે પણ તક આપીશ. અત્યારે બેસી જાઓ, અત્યારે બેસી જાઓ, પ્લીઝ, નેક્સ્ટ પ્રશ્ન ક્રમાંક-૯ માનનીય કાંતિભાઇ, પ્લીઝ, ઓર્ડર ઓર્ડર પ્લીઝ વિભાવરીબેન, કાંતિભાઇ આપ પ્રશ્ન પુછો.

બનાસકાંઠા જિલ્લામાં નવા હેન્ડપંપો લગાવવા માટેનો સર્વે

* ૧૬૧૫૩ શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના દાંતા, અમીરગઢ તાલુકાઓમાં જુના હેન્ડપંપ ચાલી ન શકે તેવા હોય તે માટે સર્વે છેલ્લે ક્યારે કરવામાં આવ્યો, અને | (૧) માહે ઓગસ્ટ ૨૦૧૩. |
| (૨) ચાલી શકે તેવા ન હોય તે હેન્ડપંપોને બદલી નવા હેન્ડપંપો લગાવવા સરકારે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરી? | (૨) નીચે મુજબ |

| તાલુકો | સર્વે દરમ્યાન બંધ હેન્ડપંપ | બંધ હેન્ડપંપવાળા ગામોએ નવીન કરેલ હેન્ડપંપ |
|---|---|---|
| દાંતા | ૧૩૩ | ૨૧૩ |
| અમીરગઢ | ૧૦૪ | ૨૧૨ |
| કુલ | ૨૩૭ | ૪૨૫ |

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી: માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, મારા વિસ્તારના બે તાલુકા પૈકી દાંતા તાલુકામાં ૧૩૩ અને અમીરગઢમાં ૧૦૪ હેન્ડપંપો બંધ છે મારા વિસ્તારમાં ૨૪૭ ગામડા છે અને એ ગામડા ચાર કિલોમીટરના ઘેરાવામાં આવેલા છે હવે એક ગામને બે હેન્ડપંપ ભાગે આવે આજે દાંતા અને અમીરગઢમાં પાણીનો સોર્સ ૧૦૦ ફૂટે મળતો હોય આવતીકાલે નહિ પણ આજે દાંતા અને અમીરગઢમાં પીવા લાયક પાણી નથી, બીજો પ્રશ્ન મારો એ છે કે, દાંતા વિસ્તારની અંદર જે જૂથ યોજના મારફતે પાણી આવે છે તે ગામની અંદર એકાદ મજલામાં પાણી આપવામાં આવે અને આખા ગામને પાણી મળે છે એવી મુશ્કેલીઓ ઉભી થયેલી છે તો એના બદલે કોઇ ઉપાય મંત્રીશ્રી કરવા માગે છે કે કેમ તે હું જાણવા માગું છું.

શ્રી જયેશકુમાર વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીના મત વિસ્તાર દાંતા અને અમીરગઢમાં છેલ્લે ઓગષ્ટ ૨૦૧૩માં સરવે કરવામાં આવ્યો અને એ સરવે દરમિયાન દાંતા તાલુકામાં છાપ્યા પ્રમાણે ૧૩૩ હેન્ડપંપ બંધ પડેલા હતા એની સામે ૨૧૩ હેન્ડપંપ નવીન કરવામાં આવ્યા છે અને અમીરગઢ તાલુકામાં ૧૦૪ હેન્ડપંપ જે બંધ હતા એની સામે ૨૧૨ હેન્ડપંપ નવીન કરવામાં આવ્યા છે. અમીરગઢ તાલુકામાં ૬૯ ગામ છે, એ પૈકી ૫૫ ગામોનો જૂથ યોજનામાં સમાવેશ કરવામાં આવેલ છે, ૧૪ ગામ સ્વતંત્ર પાણી પુરવઠા યોજના હેઠળ પાણી મેળવે છે. હેન્ડપંપ આધારિત ફક્ત ૧૮ ગામ છે અને સમગ્ર ૬૯ ગામની અંદર અત્યારસુધીમાં કુલ ૧૭૫૪ હેન્ડપંપ અત્યારે અમીરગઢ તાલુકામાં કાર્યરત છે. એવી રીતે દાંતા તાલુકામાં ૧૮૨ ગામમાંથી ૧૫૨ ગામોનો જૂથ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે, ૩૦ ગામ સ્વતંત્ર પાણી પુરવઠા યોજના આધારિત છે અને આ ૧૮૨ ગામમાં ૨૮૩૦ હેન્ડપંપ કાર્યરત છે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલા ગામોમાં કેટલા હેન્ડપંપ તાલુકાવાર કાર્યરત છે અને આ હેન્ડપંપ રીપેરીંગ માટે કુલ કેટલી ટીમો કાર્યરત છે ?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં ૪૭૬૫ હેન્ડ પંપો કાર્યરત છે. તેમાં દાંતા તાલુકાના ૧૮૩ ગામમાં ૨૮૩૦ હેન્ડપંપ, અમીરગઢ તાલુકામાં ૬૯ ગામમાં ૧૭૫૪ હેન્ડપંપ, પાલનપુર તાલુકાના ૧૯ ગામમાં ૯૨

અતારાંકિત પ્રશ્નો

હેન્ડપંપ, વડગામ તાલુકાના ૧૯ ગામમાં ૩૦ હેન્ડપંપ અને દાંતીવાડાના ૧૫ ગામમાં ૫૯ હેન્ડપંપ કાર્યરત છે અને આ હેન્ડપંપ રીપેર કરવા માટે જિલ્લામાં ચાર ટીમ કાર્યરત છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હેન્ડપંપ દ્વારા જે પાણી આપવામાં આવે છે તેનું ફલોરાઇડનું પ્રમાણે કેટલું છે ? તેની હાર્ડનેસ કેટલી છે અને આ પાણી પીવાલાયક છે કે નહીં તેનો આપણે પંપ દ્વારા રિપોર્ટ કરાવીએ છીએ કે કેમ ?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હેન્ડપંપ દ્વારા જે પાણી આપવામાં આવે છે તે અમારા વિભાગ દ્વારા સંપૂર્ણ ચેક કરી અને પીવાલાયક હોય ત્યારે જ આ ગામમાં પાણી પૂરવઠો આપવામાં આવે છે.

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢના હેન્ડપંપોની વાત કરી આદરણીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, બનાસકાંઠા જિલ્લામાં જે જૂથ પાણી પૂરવઠા યોજના અને હમણાં કંઇક નવી નવી BK5 યોજના જે બનાવવાની છે તે યોજનામાં કયા તાલુકાના કેટલા ગામોનો સમાવેશ થયો છે ? તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવશે અને તે કયારે પૂર્ણ કરવામાં આવશે ?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં દાંતીવાડા ડેમ આધારિત જે બીકેફાઇવ પાણી પૂરવઠા યોજના જે કાર્યરત છે તે સમગ્ર વિસ્તાર માટે અતિ ઉપયોગી થવાની છે અને આ BK5 પાણી પૂરવઠા યોજનામાં ડીસા, દાંતીવાડા અને પાલનપુર તાલુકાના લગભગ ૧૨૩ ગામોનો તેમાં સમાવેશ થવાનો છે. તેમાં ડીસા તાલુકાના ૬૫ ગામો, દાંતીવાડા તાલુકાના ૩૦ ગામ અને પાલનપુરના ૨૮ ગામનો તેમાં સમાવેશ થવાનો છે. આ સમગ્ર યોજનાની કુલ કિંમત ૧૨૯.૬૨ કરોડના ખર્ચે આ યોજના કાર્યરત કરવાની છે. આ યોજનાની અંદર ૪ કરોડ લિટર પ્રતિદિન ક્ષમતાના ફિલ્ટર પ્લાન્ટ ૪૮૭ કિલોમિટર કુલ લંબાઇની પાઇપ લાઇન, ભૂગર્ભ સંપ અને ૧૦ ટાંકીઓ, ગ્રામ્ય સ્તરના સંપ ૬૮ કરવાના છે અને યોજનાની અંદર આ તમામ કામગીરી હાલની તકે પૂર્ણ કરવામાં આવી છે. અત્યારે ટેસ્ટીંગની કામગીરી પ્રગતિમાં છે. દાંતીવાડા ડેમમાં ફલોટીંગ પ્લેટફોર્મ બનાવી પમ્પીંગ મશીનરી ગોઠવી ચાલુ કરેલ છે. આ યોજના પૂર્ણ થયે ૧૨૩ ગામપરાને પાણી પૂરવઠો આપવાનું આયોજન છે. આ સમગ્ર યોજના ગુજરાત રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી અને ગતિશીલ ગુજરાતના પ્રણેતા આદરણીય આનંદીબેનના હસ્તે આ સમગ્ર યોજનાનું ટૂંક સમયમાં લોકાર્પણ કરવામાં આવનાર છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, સર્વે દરમિયાન દાંતા અને અમીરગઢમાં ૨૩૭ હેન્ડપંપ બંધ છે. આ પૈકી પાણી પૂરવઠા બોર્ડ દ્વારા કેટલા હેન્ડપંપ કરવામાં આવ્યા છે ? અને એમ.એલ.એ.,એમ.પી.ગ્રાન્ટ અથવા આયોજનની ગ્રાન્ટમાંથી કેટલા બોર બનાવવામાં આવ્યા છે ?

માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો સવાલ મારો એ છે કે, એમ.પી., સંસદ સભ્ય અને આયોજનની ગ્રાન્ટમાંથી જે હેન્ડપંપો બનાવવામાં આવે છે તે પાણી પૂરવઠા બોર્ડ દ્વારા રીપેર કરવામાં આવતા નથી તો તે અંગે રાજય સરકાર શું કરવા માગે છે ?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, જે ગામની અંદર બોર બંધ હતા તેનો તાત્કાલિક ધોરણે સર્વે કરી અને ચાલુ કરવામાં આવનાર છે અને માનનીય સભ્યશ્રીએ કહ્યું કે પાણી પૂરવઠા વિભાગ સિવાય અન્ય વિભાગો..

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

જામનગર જીલ્લામાં આવેલ અતિ જોખમી કારખાનાઓ

* ૧૭૧૬૦ શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જામનગર જિલ્લામાં કેટલા એમ.એ.એચ. (અતિ જોખમી) કારખાનાઓ આવેલ છે, | (૧) ૪ (ચાર). |
| (૨) આ કારખાનાઓમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા પ્રાણઘાતક અકસ્માત તથા આગ–ધડાકાના બનાવ બનેલ છે, અને | (૨) ૨ (બે) પ્રાણઘાતક અકસ્માતના બનાવ બનેલ છે. આગ–ધડાકાનો કોઈ બનાવ બનેલ નથી. |
| (૩) આ અકસ્માતો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી? | (૩) નામદાર કોર્ટમાં કારખાના ધારા ૧૯૪૮ની કલમ–૭ (એ)(૨) (એ) ના ભંગ બદલ કારખાનેદાર સામે નામદાર કોર્ટમાં (૧) એક ફોજદારી કેસ દાખલ કરવામાં આવેલ છે. |

રાજકોટ જિલ્લામાં સ્વરોજગાર શિબિરો

* ૧૭૧૫૮ શ્રી પ્રવીણભાઇ માંકડીયા(ધોરાજી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યુ, અને | (૧) ૨૬. |
| (૨) આ શિબિરોમાં કેટલા ઉમેદવારો હાજર હતા? | (૨) ૧૪૧૬. |

તા. ૧૭મી માર્ચ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

દાહોદ આર.ટી.ઓ. કચેરીમાં આવક

* ૧૭૨૨૪ શ્રી વીછીયાભાઇ જો. ભુરીયા (લીમખેડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૪ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ આર.ટી.ઓ. કચેરીને કેટલી આવક થઈ, | (૧) રૂ. ૨૦.૧૭ કરોડની આવક થઈ. |
| (૨) વર્ષ ૨૦૧૩ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો/ ઘટાડો થયો, અને | (૨) રૂ. ૧.૫૩ કરોડનો વધારો થયો. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શું છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

ખેડા જિલ્લામાં કૌશલ્ય વર્ધન કેન્દ્રો

* ૧૬૩૬૬ શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલા કૌશલ્ય વર્ધન કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં કોઈ કૌશલ્ય વર્ધન કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ નથી. |
| (૨) તે અન્વયે ઉકત સ્થિતિએ કેટલા કેન્દ્રો કાર્યરત છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) રાજ્ય સરકાર જિલ્લાના શહેરી વિસ્તારમાં આવા કૌશલ્ય વર્ધન કેન્દ્રો શરૂ કરવા માંગે છે કે કેમ, તથા મહેમદાવાદ શહેરમાં કૌશલ્ય વર્ધન કેન્દ્રો શરૂ કરવા ઉકત સ્થિતિએ કોઈ આયોજન કરેલ છે કે કેમ, | (૩) જિલ્લાના શહેરી વિસ્તારમાં આઈ.ટી.આઈ. કાર્યરત હોઈ, શહેરી વિસ્તારમાં કૌશલ્ય વર્ધન કેન્દ્રો શરૂ કરવામાં આવતા નથી મહેમદાવાદ શહેરમાં આઈ.ટી.આઈ. ચાલુ હોઈ, કૌશલ્ય વર્ધન કેન્દ્રો શરૂ કરવા કોઈ આયોજન નથી. |
| (૪) જે કૌશલ્ય વર્ધન કેન્દ્રો ઉકત સ્થિતિએ બંધ છે તે અંગે રાજ્ય સરકાર શી કાર્યવાહી કરવા માંગે છે. અને | (૪) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં કોઈ કૌશલ્ય વર્ધન કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) કૌશલ્ય વર્ધન કેન્દ્રો દ્વારા ઉકત સ્થિતિએ કેટલા લાભાર્થીઓએ લાભ લીધો અને તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

સાબરકાંઠા જિલ્લામાં સેશન્સ કોર્ટના નવિન બિલ્ડીંગનું બાંધકામ

* ૧૭૭૫૯ શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં મંજૂર થયેલ સેશન્સ કોર્ટના નવિન બિલ્ડીંગનું કામ તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ચાલુ થયેલ નથી તે હકીકત સાચી છે. | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ ઉકત સ્થિતિએ શરૂ ન થવાના કારણો શા છે, અને | (૨) હયાત કોર્ટ બિલ્ડીંગનો કબજો મળી શકે તેમ ન હોય, રજીસ્ટ્રાર જનરલ હાઈકોર્ટ, કલેકટર, હિંમતનગર અને ડીસ્ટ્રીકટ જજ, હિંમતનગર દ્વારા રૂબરૂમાં સરકાર હસ્તકની મોજે કંકણોલની સર્વે નં. ૭૫૦ ની એક હેકટર જમીન ફાળવણી કરેલ પરંતુ કાંકણોલ ગ્રામ પંચાયત દ્વારા તા.૨૮–૦૭–૨૦૧૪ નો ઠરાવ પસાર કરી સદરહુ ગોચર જમીન ગ્રામ પંચાયતમાં પરત લેવાનો ઠરાવ કરેલ. દરમ્યાન ઈજારદારશ્રીએ તા.૩૦–૭–૨૦૧૪ના પત્રથી કામમાંથી મુકત થવાની રજૂઆત કરતાં માર્ગ અને મકાન વિભાગે શરતી મંજૂરી આપેલ છે. ઉકત સમગ્ર હકીકતો પરત્વે નામ. હાઈકોર્ટનું માર્ગદર્શન માંગેલ છે. |
| (૩) ઉકત કામ કેટલા સમયમાં શરૂ કરવાનું આયોજન છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

જુનાગઢ જિલ્લામાં રેડ થકી મુકત થયેલ બાળમજુરો

* ૧૭૨૩૪ શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ(જૂનાગઢ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન જવાબ

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં ચાઈલ્ડ લેબર (નિયમન અને નાબુદી)–૧૯૮૬ હેઠળ સને–૨૦૧૪માં કેટલી રેડ પાડવામાં આવી, અને | (૧) ૨૨. |
| (૨) તે રેડ દરમ્યાન કેટલા બાળ મજુરોને મુકત કરાવવામાં આવ્યા? | (૨) ૦૩. |

## હિંમતનગર આર.ટી.ઓ. કચેરીમાં આવક

* ૧૭૨૨૬ શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૪ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ હિંમતનગર આર. ટી.ઓ. કચેરીને કેટલી આવક થઈ. | (૧) સને ૨૦૧૪ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ હિંમતનગર આર. ટી.ઓ. કચેરીને ૫૯.૩૬ કરોડની આવક થઈ. |
| (૨) વર્ષ ૨૦૧૩ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો/ઘટાડો થયો, અને | (૨) વર્ષ ૨૦૧૩ના પ્રમાણમાં આવકમાં રૂપિયા ૬.૦૬ કરોડનો વધારો થયો. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે? | (૩) આવકમાં ઘટાડો થયેલ નથી. |

## અમરેલી જિલ્લામાં રેડ થકી મુકત થયેલ બાળમજુરો

* ૧૭૨૩૫ શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં ચાઈલ્ડ લેબર (નિયમન અને નાબુદી)–૧૯૮૬ હેઠળ સને–૨૦૧૪માં કેટલી રેડ પાડવામાં આવી, અને | (૧) ૧૩. |
| (૨) તે રેડ દરમ્યાન કેટલા બાળ મજુરોને મુકત કરાવવામાં આવ્યા? | (૨) કોઈ બાળ મજૂરો મળી આવેલ નથી. |

## આણંદ જિલ્લાની આઈ.ટી.આઈ.માં ખાલી જગ્યાઓ

* ૧૮૪૮૬ શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ કેટલી આઈ.ટી.આઈ. કયા વર્ષથી કાર્યરત છે,

જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કાર્યરત આઈ.ટી.આઈ. ની સંખ્યા.

| ક્રમ | સરકારી આઈટીઆઈ | શરૂ થયાનું વર્ષ અને સંખ્યા | ગ્રાન્ટ ઈન એઈડ આઈટીઆઈ | શરુ થયાનું વર્ષ અને સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૦૯ | ૧૯૯૨–૦૧<br>૧૯૯૩–૦૧<br>૨૦૦૦–૦૧<br>૨૦૧૦–૦૨<br>૨૦૧૧–૦૪ | ૦૯ | ૧૯૮૧–૦૨<br>૧૯૮૨–૦૨<br>૧૯૮૩–૦૨<br>૧૯૮૪–૦૨<br>૧૯૯૯–૦૧ |

પ્રશ્ન

(૨) સદર આઈ.ટી.આઈ.માં કર્મચારીઓના સંવર્ગવાર મંજૂર મહેકમ સામે કેટલી જગ્યાઓ ઉક્ત સ્થિતિએ ખાલી છે, અને

જવાબ

(૨) ઉકત સ્થિતિએ સંવર્ગવાર મંજૂર મહેકમ સામે ખાલી જગ્યાઓની સંખ્યા.

| ક્રમ | સરકારી આઈટીઆઈમાં સંવર્ગવાર મંજૂર મહેકમ સામે ખાલી જગ્યાઓની સંખ્યા. | ગ્રાન્ટ ઈન એઈડ આઈટીઆઈમાં સંવર્ગવાર મંજૂર મહેકમ સામે ખાલી |
|---|---|---|

| | | | જગ્યાઓની સંખ્યા. | |
|---|---|---|---|---|
| | સંવર્ગ | સંખ્યા | સંવર્ગ | સંખ્યા |
| ૧ | આચાર્ય વર્ગ–૨ | ૦૩ | આચાર્ય | ૦૧ |
| ૨ | ફોરમેન ઈન્સ્ટ્રક્ટર | ૦૪ | અધિક્ષક | ૦૨ |
| ૩ | આસિસ્ટન્ટ સ્ટોરકીપર | ૦૮ | ફોરમેન ઈન્સ્ટ્રક્ટર | ૦૩ |
| ૪ | સ્ટોરકીપર | ૦૧ | ગ્રૃપ ઈન્સ્ટ્રક્ટર | ૦૧ |
| ૫ | સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટર | ૩૩ | ક્રાફ્ટ ઈન્સ્ટ્રક્ટર | ૧૦ |
| ૬ | જૂનિયર કારકુન | ૦૪ | મુખ્ય કારકુન | ૦૧ |
| ૭ | ટાઈપીસ્ટ–કમ ડેટા એન્ટ્રી ઓપરેટર | ૦૧ | સિનિયર કારકુન | ૦૨ |
| ૮ | ડેટા એન્ટ્રી ઓપરેટર | ૦૧ | સ્ટોરકીપર | ૦૧ |
| ૯ | વર્કશોપ એટેન્ડન્ટ | ૦૫ | કલાર્ક કમ ટાઈપીસ્ટ | ૦૧ |
| ૧૦ | પટાવાળા | ૦૮ | | |
| ૧૧ | સફાઈ કામદાર | ૦૫ | | |
| ૧૨ | ચોકીદાર | ૧૩ | | |
| | કુલ | ૮૬ | કુલ | ૨૨ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આઈ.ટી.આઈ.માં કેટલી જગ્યાઓ ભરવાની મંજૂરી અપાઈ અને બાકી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૩) છેલ્લા બે વર્ષમાં ભરવાની મંજૂરી આપેલ જગ્યાઓની સંખ્યા.

| ક્રમ | સરકારી આઈટીઆઈમાં ભરવાની મંજૂરી આપેલ જગ્યાઓની સંખ્યા. | ગ્રાન્ટ ઈન એઈડ આઈટીઆઈમાં ભરવાની મંજૂરી આપેલ જગ્યાઓની સંખ્યા. |
|---|---|---|
| ૧ | ૨૯ | ૧૪ |

બાકીની જગ્યાઓ બનતી ત્વરાએ ભરવાની કાર્યવાહી કરવામાં આવશે.

### મોરબી જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સહાય

* ૧૭૧૮૪ શ્રી બાવનજીભાઇ હ. મેતલીયા (ટંકારા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મોરબી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અનુસૂચિત જાતિના લોકોની કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ લાભ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૮૦. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી અને | (૨) ૭૪. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રૂ. ૬.૪૦ લાખ અને ત્યારબાદ ચૂકવેલ સહાય રૂ.૧.૦૦ લાખ કુલ ૭.૪૦ લાખ. |

### ખેડા જિલ્લામાં હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ સહાય

અતારાંકિત પ્રશ્નો

* ૧૭૧૭૩ શ્રી કેસરસિંહ જે. સોલંકી (માતર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૨૧૬. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૨૧૬. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રૂ. ૬,૪૫,૦૦૦/- ત્યારબાદ ચૂકવેલ સહાય રૂ. ૧,૨૦,૦૦૦/- કુલ રૂ. ૭,૬૫,૦૦૦/- . |

સિધ્ધપુર ખાતે ન્યાયિક અધિકારીઓના રહેણાંકના કવાર્ટરનું બાંધકામ

* ૧૬૯૫૨ શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લાના સિધ્ધપુર ખાતે ન્યાયિક અધિકારીઓના રહેણાંકના કવાટર્સના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ. ૧,૧૪,૪૩,૫૦૦ /–. |
| (૩) બાંધકામ કયારે શરૂ કરવામાં આવશે ? | (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

બહુચરાજી માતા મંદિરના નિર્માણનું કાર્ય

* ૧૬૨૧૧ શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ બેચરાજી મુકામે આવેલ બહુચરાજી માતા મંદિર નિર્માણ માટે કુલ કેટલો અંદાજિત ખર્ચ નક્કી કરવામાં આવ્યો હતો, અને | (૧) રૂપિયા ૭૩૫/– લાખ. |
| (૨) ઉક્ત સ્થિતિએ નિર્માણનું કાર્ય કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે? | (૨) રૂપિયા ૮૧૮/– લાખના ખર્ચે કામો પૂર્ણ કરવામાં આવેલ છે. |

વાલીયા ખાતે વધારાના કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ

<p a g e * ૧૬૯૬૨ શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાના વાલીયા ખાતે વધારાના કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ. ૩,૭૩,૩૩,૪૦૦/–. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

વલસાડ જિલ્લામાં આંબેડકર આવાસ યોજના હેઠળ સહાય

* ૧૬૧૭૫ શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર ડૉ. આંબેડકર આવાસ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને આવાસના લાભ આપવામાં આવ્યા, અને | (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર ડૉ. આંબેડકર આવાસ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં નીચે મુજબના લાભાર્થીઓને આવાસના લાભ આપવામાં આવ્યા છે. |

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૧–૨–૨૦૧૩ થી ૩૧–૧–૨૦૧૪ | તા. ૧–૨–૨૦૧૪ થી ૩૧–૧–૨૦૧૫ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | વલસાડ | ૦૫ | ૦૫ | ૧૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | પારડી | ૧૦ | ૦૦ | ૧૦ |
| ૩ | ઉમરગામ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૪ | ધરમપુર | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૫ | કપરાડા | ૦૦ | ૦૦ | ૦૦ |
| | કુલ | ૧૬ | ૦૫ | ૨૧ |

(૨) ઉક્ત સ્થિતિએ મંજૂર થયેલ અરજીઓના બાકી રહેતા લાભાર્થીઓને કેટલા સમયમાં લાભ આપવામાં આવશે?

(૨) ૨૧ અરજી મળેલ, તે તમામ મંજૂર કરવામાં આવેલ છે. લાભાર્થીઓ દ્વારા નિયમોનુસાર મકાનનું બાંધકામ કર્યેથી બીજા ત્રીજા હપ્તાની ચૂકવણી કરવામાં આવશે.

ઉમરાળા ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ

* ૧૬૯૫૮ ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાના ઉમરાળા ખાતે નવીન સિવિલ કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫માં તા.૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂા. ૨,૪૭,૬૮,૧૦૦/-. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

ભાભર ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ

* ૧૬૯૫૪ શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના ભાભર ખાતે નવીન સિવિલ કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫માં તા.૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ.૮,૧૬,૯૧,૦૦૦/- |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

મહેસાણા જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ સહાય

* ૧૭૧૮૦ શ્રી નારાયણભાઇ લ. પટેલ (ઉંઝા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ લાભ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૧૭. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૧૨. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૬.૦૦ લાખ. |

અંબાજી ખાતે આવેલ ગબ્બરનાં વિકાસની કામગીરી

* ૧૭૧૫૦ શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અંબાજીમાં આવેલ ગબ્બરના વિકાસની કામગીરી માટે તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતીએ છેલ્લા એક વર્ષમાં કોઇ કામગીરી કરવામાં આવી છે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જા હો, તો તેની વિગતો શી છે? | (૨) અંબાજીમાં આવેલ ગબ્બરના વિકાસની કામગીરી માટે તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવી છે. |

૧. શ્રી ૫૧ શકિતપીઠ દર્શન પરિક્રમા પ્રોજેક્ટ અન્વયે નીચે મુજબની કામગીરી કરવામાં આવી છે.

| ક્રમ | કરવામાં આવેલ કામગીરીની વિગત |
|---|---|
| ૧. | શકિતપીઠના મંદિરની કામગીરી |

૨. શક્તિપીઠની ગુફા
૩. પરિક્રમા પાથ–વે
૪. શક્તિપીઠ સંકુલ
૫. વિશ્રામ સ્થળ
૬. ટોયલેટ બ્લોક
૭. પીવાના પાણીની વ્યવસ્થા અને પાણી પુરવઠા માટેની પાઈપલાઈન
૮. કેન્ટીન/કાફેટેરીયા
૯. પ્રવેશ દ્વાર

૨. ગબ્બરના વિકાસ અન્વયે નીચે મુજબની કામગીરી કરવામાં આવી છે.
૧. ગબ્બર ટોચ ઉપર શ્રીફળ સ્ટેન્ડ
૨. ગબ્બર ટોચ ખાતે દાનપેટી તથા રેલીંગ
૩. યાત્રાળુઓ માટે પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક

રાજકોટ આર.ટી.ઓ. કચેરી દ્વારા ડ્રાઈવીંગ લાઈસન્સ

* ૧૬૫૯૮ શ્રી ભોળાભાઈ ગોહેલ(જસદણ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ આર.ટી.ઓ. કચેરીમાંથી ટુવ્હીલર, ફોરવ્હીલરના ડ્રાઈવીંગ લાયસન્સ માટે વાહન ચાલકોએ અરજી કર્યા પછી સમયસર પરીક્ષા લઈ ડ્રાઈવીંગ લાયસન્સ ઈશ્યુ કરવામાં આવતા નથી. તેવી ફરિયાદ સરકારને ક્યારે અને કોના તરફથી મળી અને તે પરત્વે ઉક્ત સ્થિતિએ શું પગલાં ભરવામાં આવ્યાં?

જવાબ

આવી કોઈ ફરીયાદ મળેલ નથી.

જામનગર જિલ્લાના ગામોને પાઈપ લાઈનથી પીવાનું પાણી

* ૧૬૧૪૮ શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જામનગર જિલ્લામાં તાલુકાવાર કેટલાં ગામોમાં પીવાનું પાણી પાઈપ લાઈનથી પૂરૂં પાડવામાં આવે છે,

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા ગામોમાં પીવાનું પાણી પાઈપલાઈનથી પૂરૂં પાડવામાં આવતું નથી, અને

(૩) આ બાકી રહેતા ગામોમાં ક્યાં સુધીમાં

જવાબ

(૧) જામનગર જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ પાઈપ લાઈનથી પીવાનું પાણી પુરૂં પાડવામાં આવે છે.

| ક્રમ | તાલુકો | ગામોની સંખ્યા | પાઈપ લાઈનથી પૂરૂં પાડવામાં આવતા ગામો | સ્વતંત્ર સોર્સ દ્વારા પાઈપ લાઈનથી પૂરૂં પાડવામાં આવતા ગામો |
|---|---|---|---|---|
| | | | નર્મદા ડેમ આધારીત | |
| ૧ | જામનગર | ૯૯ | ૬૨ | ૩૪ |
| ૨ | લાલપુર | ૭૨ | ૩૭ | ૩૩ |
| ૩ | ધ્રોલ | ૪૧ | ૨૬ | ૧૫ |
| ૪ | જોડીયા | ૫૧ | ૪૦ | ૧૧ |
| ૫ | કાલાવાડ | ૯૮ | ૩૮ | ૬૦ |
| ૬ | જામજોધપુર | ૬૯ | ૯ | ૬૦ |

(૨) ઉક્ત સ્થિતિએ જામનગર તાલુકામાં ૩ ગામો અને લાલપુર તાલુકામાં ૨ ગામો મળીને કુલ ૫ ગામોને પાઈપ લાઈનથી પાણી પૂરૂ પાડવામાં આવેલ નથી. જે ગામોને હાલમાં ટેન્કર દ્વારા પાણી પૂરૂ પાડવામાં આવે છે.

(૩) બાકી રહેતા ગામોમાં ટુંક સમયમાં પાઈપલાઈનથી

| | |
|---|---|
| પાઈપલાઈનથી પીવાનું પાણી પૂરૂં પાડવામાં આવશે? | પૂરૂં પાડવાનું આયોજન છે. |

મોરબી જિલ્લાના ગામોમાં પીવાના પાણીની તંગી

* ૧૮૪૯૧ શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ મોરબી જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં પીવાના પાણીની તંગી છે, | (૧) એક પણ નહીં. |
| (૨) આ પાણીની તંગી વાળા ગામોમાં આગામી ઉનાળામાં નિયમિત પાણી મળી રહે તે માટે સરકારે ઉક્ત સ્થિતિએ શું આયોજન કરેલ છે? | (૨) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ પીવાના પાણીની કોઈ તંગી નથી. પરંતુ આગામી ઉનાળામાં પીવાના પાણીની સંભવિત તંગીના નિવારણ અર્થે આયોજન કરવામાં આવેલ છે. |

વડોદરા જિલ્લામાં હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ સહાય

* ૧૭૧૬૪ શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ લાભ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૧૦૬. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૧૦૬. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૩,૨૦,૦૦૦/-. |

નવસારી આર.ટી.ઓ. કચેરીમાં આવક

* ૧૭૨૨૫ શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૪ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ નવસારી આર.ટી.ઓ. કચેરીને કેટલી આવક થઈ, | (૧) સને ૨૦૧૪ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ નવસારી આર. ટી. ઓ. કચેરીને રૂા. ૪૫.૬૧ કરોડની આવક થઈ. |
| (૨) વર્ષ–૨૦૧૩ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો/ઘટાડો થયો, અને | (૨) વર્ષ–૨૦૧૩ના પ્રમાણમાં આવકમાં રૂપિયા ૫.૬૪ કરોડનો વધારો થયો છે. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શાં છે ? | (૩) આવકમાં ઘટાડો થયેલ નથી. |

કુંવરબાઈનું મામેરૂ યોજનાની સહાયમાં વધારો

* ૧૭૧૭૭ શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ અનુસૂચિત જાતિના કુટુંબની એક દિકરીને અપાતી સહાયના ધોરણમાં સુધારો કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો શું સુધારો કરવામાં આવ્યો, અને | (૨) બે દિકરીઓ (કન્યાઓ) સુધી લાભ આપવાનો. |
| (૩) ક્યારથી સુધારો કરવામાં આવેલ છે ? | (૩) તા. ૦૭–૦૮–૨૦૧૪ના ઠરાવથી. |

વડોદરા આર.ટી.ઓ. કચેરીમાં આવક

* ૧૭૨૨૨ શ્રી યોગેશ પટેલ(માંજલપુર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા આર.ટી.ઓ. કચેરીને તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સને ૨૦૧૪ના વર્ષમાં કેટલી આવક થઈ, | (૧) રૂા. ૧૯૮.૨૭ કરોડની આવક થઈ. |
| (૨) વર્ષ ૨૦૧૩ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો/ઘટાડો થયો, અને | (૨) આવકમાં રૂા. ૧૧.૧૩ કરોડનો વધારો થયો. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો તો તેના કારણો શા છે | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

?

ભાણાસીમલ જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લીધેલ ગામો

* ૧૮૨૭૮ શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં ભાણાસીમલ જુથ પાણી પુરવઠા યોજના અન્વયે કેટલા ગામોની કેટલી વસ્તીને આવરી લેવામાં આવેલ છે, | (૧) મહીસાગર જિલ્લામાં ભાણાસીમલ જુથ પાણી પુરવઠા યોજના અન્વયે ૨૭ ગામોની વર્ષ ૨૦૧૪ પ્રમાણેની ૭૭૦૫૮ ની વસ્તીને આવરી લેવામાં આવેલ છે. |
| (૨) આ પૈકી કેટલા ગામોને અને કેટલી વસ્તીને ઉક્ત સ્થિતિએ પીવાનું પાણી પુરૂ પાડવામાં આવે છે, અને | (૨) મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાની ભાણાસીમલ જુથ પાણી પુરવઠા યોજના દ્વારા ૧૧ ગામોની વર્ષ–૨૦૧૪ પ્રમાણેની ૪૮૭૬૭ વસ્તીને પીવાનું પાણી પુરૂં પાડવામાં આવે છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજના હેઠળ આવરી લીધેલ હોય છતાં પાણી પુરૂ ન પાડવામાં આવતું હોય તેવા કયા ગામની કેટલી વસ્તી છે અને તે વસ્તીને ક્યાં સુધીમાં પાણી પુરૂં પાડવામાં આવશે ? | (૩) જુથ યોજના દ્વારા પાણી ન આપી શકાતા મહીસાગર જિલ્લાના ૧૬ ગામોની ૨૮૨૯૧ ની વસ્તી માટે જરૂરિયાત મુજબના કામો હાથ ધરી વહેલામાં વહેલી તકે જુથ યોજનામાંથી પાણી પુરવઠો પહોંચાડવાનું આયોજન છે. હાલ સદર ગામોમાં સ્થાનિક સોર્સ આધારીત પુરતી પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવેલ છે. |

| અનું. | ગામનું નામ | વસ્તી–૨૦૧૪ |
|---|---|---|
| ૧ | બાબરાઈ | ૫૯૪ |
| ૨ | બાબરોલ | ૪૮૩૭ |
| ૩ | ભેણદરા | ૮૬૬ |
| ૪ | દાલીઆટી | ૮૨૯ |
| ૫ | ગડા | ૨૬૯૦ |
| ૬ | કોતરા | ૧૫૬૦ |
| ૭ | મતાના મુવાડા | ૨૭૩ |
| ૮ | મોલારા | ૩૨૨૯ |
| ૯ | મોટી ક્યાર | ૨૬૩૯ |
| ૧૦ | નાની ક્યાર | ૧૮૪૨ |
| ૧૧ | પાંચમુવાડી | ૩૫૪ |
| ૧૨ | સગવડીયા | ૯૧૩ |
| ૧૩ | સરાડ | ૧૩૬૫ |
| ૧૪ | સુરપુર | ૧૯૧૫ |
| ૧૫ | ટીંબલા | ૧૧૮૯ |
| ૧૬ | નાની ભુગેડી | ૩૧૯૬ |
| | કુલ | ૨૮૨૯૧ |

ભાવનગર જિલ્લામાં રેડ થકી મુક્ત થયેલ બાળમજુરો

* ૧૭૨૩૭ શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં ચાઈલ્ડ લેબર (નિયમન અને નાબૂદી)–૧૯૮૬ હેઠળ સને ૨૦૧૪માં કેટલી રેડ પાડવામાં આવી, અને | (૧) ૨૧. |
| (૨) તે રેડ દરમ્યાન કેટલા બાળ મજુરોને મુકત કરાવવામાં આવ્યા ? | (૨) કોઈ બાળ મજુર મળી આવેલ નથી. |

વડોદરા તાલુકામાં મંજૂર ગામની આંતરિક પેયજળ યોજનાઓ

અતારાંકિત પ્રશ્નો

* ૧૭૧૮૫ શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ પાણી સમિતિ વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે વડોદરા જિલ્લાના વડોદરા તાલુકામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજુર કરવામાં આવી, અને | (૧) ૧૦ યોજનાઓ. |
| (૨) મંજૂર કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજીત કિંમત કેટલી છે ? | (૨) રૂા. ૧૩૭.૯૮ લાખ. |

પંચમહાલ જિલ્લામાં રેડ થકી મુક્ત થયેલ બાળમજુરો

* ૧૭૨૩૬ શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં ચાઇલ્ડ લેબર (નિયમન અને નાબૂદી) –૧૯૮૬ હેઠળ સને ૨૦૧૪માં કેટલી રેડ પાડવામાં આવી, અને | (૧) ૨૪. |
| (૨) તે રેડ દરમ્યાન કેટલા બાળ મજુરોને મુકત કરાવવામાં આવ્યા ? | (૨) ૧૭. |

ભચાઉથી વરસામેડી સુધીની પાઈપલાઈન

* ૧૭૧૯૪ શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ કચ્છ જિલ્લાના ભચાઉથી વરસામેડી સુધી પાણીની પાઈપલાઈન નાખવામાં આવનાર છે તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ પાઈપલાઈનની લંબાઈ કેટલી છે, | (૨) ૩૫ કી.મી. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ પાઇપ લાઇન નાખવાની અંદાજીત કિંમત કેટલી છે, અને | (૩) રૂા. ૬૬.૮૨ કરોડ. |
| (૪) સમગ્ર યોજનાની અંદાજીત કિંમત કેટલી છે ? | (૪) સમગ્ર યોજના જેમાં પપીંગ મશીનરી, વોટર હેમર, કન્ટ્રોલ ડીવાઇઝ, રેલ્વે ક્રોસીંગ, નેશનલ હાઈવે ક્રોસીંગ વિગેરેનો સમાવેશ થાય છે. તેની કિંમત રૂા. ૯૦.૩૫ કરોડ છે. |

મંત્રીશ્રીઓને ફાળવેલ વાહનો

* ૧૭૭૩૭ શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓને ક્યાં પ્રકારના વાહનો ફાળવવામાં આવેલ છે, અને | (૧) રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓને ટોયોટા–ઈનોવા ડીઝલ VX-7 તેમજ VX-8 સીટર વાતાનુકુલિત વાહનો ફાળવવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત વાહનોના રીપેરીંગ પાછળ અને નવા વાહનો ખરીદવા માટે કેટલો ખર્ચ થયો ? | (૨) |

| વર્ષ | રીપેરીંગ ખર્ચની રકમ |
|---|---|
| ૨૦૧૨–૧૩ | રૂા. ૩,૭૩,૩૫૯/– |
| ૨૦૧૩–૧૪ | રૂા. ૮,૫૨,૮૫૪/– |
| તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ | રૂા. ૮,૧૩,૩૬૦/– |
| કુલ | રૂા. ૨૦,૩૯,૫૭૩/– |
| વર્ષ | નવા વાહનો ખરીદવા અંગેનો ખર્ચ |
| ૨૦૧૨–૧૩ | – |
| ૨૦૧૩–૧૪ | – |
| તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ | રૂા. ૩,૪૮,૫૬,૯૭૧/- |

અતારાંકિત પ્રશ્નો

આશ્રમ શાળાઓ અને છાત્રાલયોમાં શૌચાલય માટેની સહાય

* ૧૬૧૮૨ શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં વિભાગ દ્ધારા સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ (બક્ષીપંચ) ની છાત્રાલયો અને આશ્રમ શાળાઓમાં શૌચાલય અને મુતરડી બનાવવા માટે કોઈ આર્થિક સહાય આપવામાં આવે છે કે કેમ, | (૧) આર્થિક સહાય આપવામાં આવતી નથી. |
| (૨) જો હા, તો કેટલી સહાય આપવામાં આવે છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો આવી સહાય ન આપવામાં આવતી હોય તો રાજ્ય સરકાર આશ્રમ શાળાઓ અને સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ (બક્ષીપંચ) ની છાત્રાલયોમાં શૌચાલય અને મુતરડી બનાવવા માટે કોઈ આર્થિક સહાય આપવા માંગે છે અને જો હા તો ક્યારથી કેટલી સહાય આપવામાં આવશે? | (૩) આશ્રમશાળા/છાત્રાલયોને આપવામાં આવતી માન્યતાની શરતો મુજબ આ સુવિધા જે તે સંસ્થાએ શરૂઆતના તબક્કે જ ઉપલબ્ધ કરાવવાની રહેતી હોઈ અલગથી આર્થિક સહાય આપવાનો પ્રશ્ન રહેતો નથી. |

અંબાજી ખાતેના ૫૧ શક્તિપીઠનું નિર્માણ

* ૧૭૧૫૬ શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર પશ્ચિમ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અંબાજી ખાતે તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૫૧ શક્તિપીઠના નિર્માણ માટે કોઈ કામગીરી કરવામાં આવેલ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કામગીરીની વિગતો શી છે? | (૨) અંબાજી ખાતે તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શ્રી ૫૧ શક્તિપીઠના નિર્માણ માટે નીચે મુજબની કામગીરી કરવામાં આવી છે. |

| ક્રમ | કરવામાં આવેલ કામગીરીની વિગત |
|---|---|
| ૧. | શક્તિપીઠના મંદિરની કામગીરી |
| ૨. | શક્તિપીઠની ગુફા |
| ૩. | પરિક્રમા પાથ–વે |
| ૪. | શક્તિપીઠ સંકુલ |
| ૫. | વિશ્રામ સ્થળ |
| ૬. | ટોયલેટ બ્લોક |
| ૭. | પીવાના પાણીની વ્યવસ્થા અને પાણી પુરવઠા માટેની પાઈપલાઈન |
| ૮. | કેન્ટીન / કાફેટેરીયા |
| ૯. | પ્રવેશ દ્ધારા |

ભુજ ખાતે બેરોજગારોને રોજગારી

* ૧૭૨૪૫ ડૉ. નીમાબેન આર્ચાય (ભુજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જિલ્લા રોજગાર કચેરી, ભૂજ ખાતે તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૧૮૯૬૩. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી? | (૨) ૨૪૬૩૫. |

વડોદરા જિલ્લામાં પાલક માતા–પિતા યોજના હેઠળ સહાય

* ૧૭૨૬૬ શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં પાલક માતા–પિતા યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૨૦. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, કેટલી | (૨) મંજૂર – ૧૭ |

અરજીઓ નામંજૂર કરી, અને

નામંજૂર – ૩.

(૩) કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

(૩) કુલ રૂ.૭૫,૦૦૦/–.

જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં આંબેડકર આવાસ યોજના હેઠળ પડતર અરજીઓ

* ૧૬૧૯૬ શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ જૂનાગઢ અને ગીરસોમનાથ જિલ્લામાં જિલ્લાવાર આંબેડકર આવાસ યોજના હેઠળ આવાસો બનાવવા માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર અને વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને કેટલી અરજીઓ પડતર છે, નામંજૂર કરવામાં આવી તેના કારણો શા છે, અને

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ જૂનાગઢ અને ગીરસોમનાથ જિલ્લામાં જિલ્લાવાર આંબેડકર આવાસ યોજના હેઠળ આવાસો બનાવવા માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ અરજીઓ મળી છે.

મળેલ અરજીઓ

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૩૫ | ૨૧ | ૫૬ |
| ૨ | ગીર સોમનાથ | ૨૪ | ૦૪ | ૨૮ |
| | કુલ | ૫૯ | ૨૫ | ૮૪ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર અને વર્ષવાર મંજૂર કરવામાં આવેલ અરજીઓ નામંજૂર કરવામાં આવેલ અરજીઓ અને પડતર અરજીઓ નીચે મુજબ છે. અને નામંજૂર કરવામાં આવી તેના કારણો નીચે મુજબ છે.

મંજૂર અરજીઓ

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૨૬ | ૧૯ | ૪૫ |
| ૨ | ગીર સોમનાથ | ૧૬ | ૦૪ | ૨૦ |
| | કુલ | ૪૨ | ૨૩ | ૬૫ |

નામંજૂર અરજીઓ

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૦૯ | ૦૨ | ૧૧ |
| ૨ | ગીર સોમનાથ | ૦૮ | ૦૦ | ૦૮ |
| | કુલ | ૧૭ | ૦૨ | ૧૯ |

પડતર અરજીઓ

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨ | ગીર સોમનાથ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | કુલ | ૦૦ | ૦૦ | ૦૦ |

નામંજૂર ના કારણો

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | બી.પી.એલ. યાદીમાં નામ ન | રહેવા લાયક મકાન | ૧૧ |

| | | | | |
|---|---|---|---|---|
| | | હોવાથી–૦૯ | હોવાથી–૦૨ | |
| ૨ | ગીર સોમનાથ | બી.પી.એલ. યાદીમાં નામ ન હોવાથી–૦૮ | ૦૦ | ૦૮ |
| | કુલ | ૧૭ | ૦૨ | ૧૯ |

(૩) પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે?

(૩) એકપણ અરજી પડતર નથી. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### લખપત અને અબડાસા તાલુકા માટે પીવાના પાણીની પાઈપલાઈન

* ૧૮૧૧૯ શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ કચ્છ જિલ્લાના લખપત અને અબડાસા તાલુકામાં પીવાના પાણી માટેની નવી પાઈપલાઈન નાંખવા માટેની કામગીરી ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે?

જવાબ

લખપત અને અબડાસા તાલુકાના ગામો માટેની હયાત પાણી પુરવઠાની યોજનાના સુદ્રઢીકરણના કામો વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. આ અંગેની ટેન્ડર પ્રક્રિયા હાથ ધરેલ છે..

### ખેડા અને મહીસાગર જિલ્લામાં આવાસ યોજના હેઠળ સહાય

* ૧૬૩૮૯ શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી?

જવાબ

(૧), (૨) અને (૩) ખેડા અને મહિસાગર

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી | મંજુર અરજી | સહાયની કુલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | નડિયાદ | ૨૦૯ | ૨૦૯ | ૭૬.૯૮ |
| ૨ | માતર | ૦૧ | ૦૧ | ૦.૨૧ |
| ૩ | ખેડા | ૦૦ | ૦૦ | ૦.૦૦ |
| ૪ | મહેમદાવાદ | ૫૯ | ૫૮ | ૧૯.૪૭ |
| ૫ | કપડવંજ | ૧૫૪ | ૧૫૪ | ૫૯.૮૨ |
| ૬ | કઠલાલ | ૮૭ | ૮૭ | ૨૬.૨૨ |
| ૭ | મહુધા | ૮૩ | ૮૨ | ૨૫.૮૬ |
| ૮ | ઠાસરા | ૬૯ | ૬૯ | ૨૦.૩૧ |
| ૯ | બાલાસિનોર | ૭૧ | ૭૧ | ૨૨.૮૩ |
| ૧૦ | વિરપુર | ૧૧૧ | ૧૧૧ | ૩૩.૫૭ |
| | કુલ | ૮૪૪ | ૮૪૨ | ૨૮૫.૨૭ |

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર અને કડાણાની માહિતિ શૂન્ય છે.

### અમદાવાદ જિલ્લામાં યાત્રાધામ વિકાસ

* ૧૮૪૧૨ શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ જિલ્લામાં યાત્રાધામ વિકાસ માટે સરકાર દ્વારા કેટલી ગ્રાંટ ફાળવવામાં આવી,

(૨) વર્ષવાર ફાળવેલ ગ્રાંટમાંથી કયા યાત્રાધામ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

જવાબ

(૧) અને (૨) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં યાત્રાધામ વિકાસ માટે કેમ્પ હનુમાનજી મંદિરમાં સોલાર ઉર્જા રોશનીની કામગીરી માટે તા.૯–૧૨–૨૦૧૩ થી રૂપિયા ૪,૮૨,૬૩૩/- ની ગ્રાંટ ફાળવવામાં આવી અને રૂપિયા ૪,૮૨,૬૩૩/- નો ખર્ચ કરવામાં આવેલ છે.

### છોટાઉદેપુર જિલ્લામાં પીવાલાયક પાણી બાબત

* ૧૭૬૦૦ શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં પીવાના પાણીની ચકાસણી માટેના કેટલા નમૂના લેવામાં આવ્યા,

જવાબ

(૧) નીચેની વિગતે

| અનુ. | તાલુકો | લેવામાં આવેલ નમૂનાની સંખ્યા |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૧૯૦૦ |
| ૨ | પાવી જેતપુર | ૧૪૫૫ |
| ૩ | નસવાડી | ૧૪૦૪ |
| ૪ | સંખેડા | ૧૧૩૭ |
| ૫ | બોડેલી | ૧૮૮૨ |
| ૬ | કવાંટ | ૧૭૦૯ |
| | કુલ | ૯૪૮૭ |

(૨) તે પૈકી કેટલા ગામોમાં પાણી પીવા લાયક નથી, અને — (૨) એક પણ નહીં.

(૩) આવા ગામો માટે સરકાર કેવા પ્રકારની વૈકલ્પિક વ્યવસ્થા કરવા માંગે છે? — (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### વડોદરા જિલ્લામાં સાઈટ રજીસ્ટ્રેશન

* ૧૭૧૬૧ શ્રી સતીષભાઈ મો. પટેલ(કરજણ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં બાંધકામ કાયદા હેઠળ સાઈટ રજીસ્ટ્રેશન માટે કેટલી અરજીઓ આવી, | (૧) ૭૬. |
| (૨) આ પૈકી કેટલી સાઈટનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું, અને | (૨) ૫૫. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં બાંધકામ કાયદા હેઠળ કેટલી તપાસણી કરવામાં આવી? | (૩) ૧૬૩. |

### સુરેન્દ્રનગર જિલ્લામાં રેડ થકી મુકત થયેલ બાળમજુરો

* ૧૭૨૩૩ શ્રી કિરીટસિંહ જી. રાણા (લીંબડી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં ચાઈલ્ડ લેબર (નિયમન અને નાબૂદી) ૧૯૮૬ હેઠળ સને ૨૦૧૪માં કેટલી રેડ પાડવામાં આવી, અને | (૧) ૧૮ |
| (૨) તે રેડ દરમ્યાન કેટલા બાળ મજુરોને મુકત કરાવવામાં આવ્યાં ? | (૨) કોઈ બાળ મજુરો મળી આવેલ નથી. |

### બીલખા જૂથ પાણી પુરવઠા યોજનામાં ગામોનો સમાવેશ

* ૧૭૧૮૭ શ્રી અરવિંદભાઈ કે. લાડાણી(કેશોદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાની મહી નર્મદા પાઈપલાઈન હેઠળ મંજૂર થયેલ બીલખા જૂથ પાણી પુરવઠા યોજનામાં કેટલા ગામોનો સમાવેશ છે, અને | (૧) ૧૮ ગામોનો. |
| (૨) આ જૂથ યોજના ઉકત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૨) આ જૂથ યોજનાના કામો હાલ પ્રગતિમાં છે. |

### મહીસાગર જિલ્લાના ગામડાંઓને પેયજળ યોજના અન્વયે ગ્રાન્ટ

* ૧૬૨૨૬ પ્રો. હીરાભાઈ હ. પટેલ(લુણાવાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં ક્યાં ગામડાઓમાં રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજનાનો પુરવઠો ઘેર ઘેર આપવામાં આવ્યો, | (૧) મહીસાગર જિલ્લાના આદિજાતિ વિસ્તારના સંતરામપુર તથા કડાણા તાલુકાના કુલ ૮૯ ગામ/ફળીયામાં પેયજળ પુરવઠો ઘરે ઘરે આપવામાં આવ્યો. *પરિશિષ્ટ મુજબ. |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ વિસ્તારના તાલુકાઓમાં તાલુકાવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને | (૨) અને (૩) : |
| (૩) ઉકત સ્થિતિએ કેટલી ગ્રાન્ટ વપરાઈ અને કેટલી વણવપરાયેલ રહી તથા વણવપરાયેલ રહેવાનાં શાં કારણો છે ? | |

| તાલુકો | ફાળવેલ ગ્રાન્ટ (રૂ.લાખમાં) | વપરાયેલ ગ્રાન્ટ (રૂ.લાખમાં) | વણવપરાયેલ ગ્રાન્ટ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| સંતરામપુર | ૧૦.૯૫ | ૧૦.૯૫ | ૦.૦૦ |
| કડાણા | ૨૫.૨૭ | ૨૫.૨૭ | ૦.૦૦ |

| | | | |
|---|---|---|---|
| કુલ | ૩૬.૨૨ | ૩૬.૨૨ | ૦.૦૦ |

*પરિશિષ્ટ

| અ.નં. | ગામ/ફળીયાનું નામ |
|---|---|
| તાલુકોઃ સંતરામપુર | |
| ૧ | બારેલા |
| ૨ | પાંચામહુડી |
| ૩ | ભેણદ્રા |
| ૪ | ડેહલા |
| ૫ | થાંભા |
| ૬ | કડુચી |
| ૭ | ભવાનપુરા |
| ૮ | ગોઘર (૫) |
| ૯ | ફાચેર |
| ૧૦ | કોત્રા(ભ.) |
| ૧૧ | નાની સરસણ |
| ૧૨ | નાના ઓરા |
| ૧૩ | નાની ક્યાર |
| ૧૪ | ડોટાવાડા (ભા) |
| ૧૫ | દળિયાટી(ભા.) |
| ૧૬ | ચરાડા |
| ૧૭ | બારેલા (બેડાના મુવાડા) |
| ૧૮ | ભંડારા(ભા.) |
| ૧૯ | આંજણવા |
| ૨૦ | વાંકડી |
| ૨૧ | છાયણ |
| ૨૨ | મોવાસા |
| ૨૩ | વેણા |
| ૨૪ | મોટી ખરસોલી |
| ૨૫ | મોયલાપડ |
| ૨૬ | બાવાનાસાલીયા |
| ૨૭ | માંચોડ (હરીઘરના મુવાડા) |
| ૨૮ | રતનપુર (પટેલ ફ.) |
| ૨૯ | ગુવાલીયા (પટેલ ફ.) |
| ૩૦ | ગામડી (વેરા ફ.) |
| ૩૧ | પાદેડી અડોર |
| ૩૨ | શીર (રાઠોડ ફ.) |
| ૩૩ | લીમડામુવાડી (નવા ઘરા) |
| ૩૪ | હાડાની સરસણ |
| ૩૫ | મોટી સરસણ (બારિયાના મુવાડા) |
| ૩૬ | નસીકપુર (ઉમરિયા) |
| ૩૭ | હીરાપુર |
| ૩૮ | ગામડી (ચાંદેલી ફ.) |
| ૩૯ | હથીપુરા |
| ૪૦ | મોવાસા (દાંતા ફ.) |
| ૪૧ | ગોથીબડા (ઈન્દ્રસિંહના મુવાડા) |
| ૪૨ | બારેલા (ઉમરિયા ફ.) |

| | |
|---|---|
| ૪૩ | સાંગાવાડા |
| ૪૪ | મહેતાનાવાંટા |
| ૪૫ | કોઠીનામુવાડા (ભુન્ન્ર) |
| ૪૬ | મોટી સરસણ (વણકર ફ.) |
| તાલુકોઃ કડાણા | |
| ૪૭ | મોટા ઘરોલા |
| ૪૮ | ભેમાની વાવો |
| ૪૯ | લાડપુર |
| ૫૦ | ઝાલાસાગ |
| ૫૧ | ડીટવાસ |
| ૫૨ | કડાણા (ઠાકોર ફ.) |
| ૫૩ | કાજળી (મોઘાના મુવાડા) |
| ૫૪ | માછીના નાદ્યા |
| ૫૫ | ઠાકોરનાનાદ્યા |
| ૫૬ | નાના ઘરોલા |
| ૫૭ | કડવા બારીયાના મુવાડા |
| ૫૮ | કડાણા (બ્રાહ્મણની મુવાડી) |
| ૫૯ | હાથીરાણાની મુવાડી |
| ૬૦ | વાગડવાડા ઝીંઝવા |
| ૬૧ | દોલતપુરા |
| ૬૨ | દધાલીયા |
| ૬૩ | માળાબેલ (માલવણ) |
| ૬૪ | માલવણ (બ્રાહ્મણની વાડી) |
| ૬૫ | ઝીંઝવા (સાદવડા) |
| ૬૬ | પાનખણ |
| ૬૭ | ગોરીયાનામુવાડા |
| ૬૮ | ઝીંઝવા |
| ૬૯ | પાણીયા |
| ૭૦ | નવા મુવાડા (પટેલ ફ.) |
| ૭૧ | લાડપુર (તળાવ ફ.) |
| ૭૨ | કાજળી |
| ૭૩ | આંકલીયા (લાડુ ફ.) |
| ૭૪ | આંકલીયા (પાધોરા ફ.) |
| ૭૫ | લેંબાની વાવો |
| ૭૬ | નવા મુવાડા (ભાઠોરા નવા મુવાડા) |
| ૭૭ | આંટલવાડા (દાંતા ફ.) |
| ૭૮ | આંટલવાડા (ચોરા ફ.) |
| ૭૯ | ડોડીયા (બાણ ફ.) |
| ૮૦ | લપાણીયા (નિશાળ ફ.) |
| ૮૧ | ઘાંટાવાડીયા |
| ૮૨ | નાની ખરસોલી (મંદિર ફ.) |
| ૮૩ | દધાલીયા (દાંતા ફ.) |
| ૮૪ | નાની ખરસોલી (વણકર ફ.) |
| ૮૫ | વડાજાંપા (ઘુલિઘાંટી પટેલ ફ.) |
| ૮૬ | આંટલવાડા (ગજી પુરા ફ.) |
| ૮૭ | ભાગલીયા (ગામતર) |
| ૮૮ | નાની ખરસોલી (નિશાળ ફ.) |

| | |
|---|---|
| ૮૯ | વડાઝાંપા (સાદણીયા ફ.) |

આણંદ જિલ્લામાં ખારૂ પાણી ધરાવતા ગામો

* ૧૬૧૨૫ શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(બોરસદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર સરેરાશ કેટલા ટકા ટી.ડી.એસ./ખારા પાણીવાળા ગામો છે, અને

(૨) તે અટકાવવા માટે સરકારે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાં પગલાઓ લીધા ?

જવાબ

(૧) નીચેની વિગતે

| અનુ. | તાલુકો | ટી.ડી.એસ./ખારા પાણીવાળા ગામોની સરેરાશ ટકાવારી |
|---|---|---|
| ૧ | આંકલાવ | ૬.૪૫ ટકા |
| ૨ | પેટલાદ | ૫.૩૬ ટકા |
| ૩ | સોજીત્રા | ૮.૩૩ ટકા |
| ૪ | ખંભાત | ૩.૫૧ ટકા |

(૨) આંકલાવ તાલુકામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન કુલ ૨ ગામો પૈકી ( નારણપુરા) માટે આર.ઓ. પ્લાન્ટ ગોઠવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. જ્યારે અન્ય ૧ ગામમાં આર.ઓ. પ્લાન્ટની કામગીરી અગાઉ પૂર્ણ કરવામાં આવેલ છે.

- પેટલાદ તાલુકાના કુલ ૩ ગામો પૈકી ૧ ગામને (આમોદ) છેલ્લા બે વર્ષ દરમ્યાન જૂથ યોજનામાં આવરી લીધેલ છે. આ ગામમાં સ્થાનિક સંસ્થા દ્વારા હયાત સોર્સ પર આર.ઓ. પ્લાન્ટની કામગીરી પૂર્ણ કરેલ છે. જ્યારે અન્ય ૨ ગામોમાં અગાઉ આર.ઓ. પ્લાન્ટની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.
- સોજીત્રા તાલુકાના કુલ ૦૨ ગામો પૈકી ૧ ગામ (દેવાતળપદ) માટે છેલ્લા બે વર્ષ દરમ્યાન નવીન સોર્સ આધારીત વ્યકિતગત પાણી પુરવઠા યોજના મંજૂર કરેલ છે. જેના સોર્સની કામગીરી પૂર્ણ થયેલ હોઈ, અન્ય આનુસાંગિક સિવિલ કામગીરી પ્રગતિમાં છે. જ્યારે અન્ય ૧ ગામમાં અગાઉ આર.ઓ.પ્લાન્ટની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.
- ખંભાત તાલુકાના કુલ ૨ ગામોમાં અગાઉ આર.ઓ. પ્લાન્ટની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

રાજયમાં વન બંધુ યોજના હેઠળ કાર્યરત આઈ.ટી.આઈ.

* ૧૬૩૯૮ શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં વનબંધુ યોજના હેઠળ કેટલી ઔધોગિક તાલીમ સંસ્થાઓ કાર્યરત છે ?

જવાબ

૪૮ (અડતાલીસ).

અંબાજી ખાતે ૫૧ શકિતપીઠનું નિર્માણ

* ૧૭૧૫૪ શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અંબાજી ખાતે તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૫૧ શકિતપીઠના નિર્માણ માટે છેલ્લા એક વર્ષમાં કોઈ કામગીરી કરવામાં આવેલ છે, અને

(૨) જો હા, તો કામગીરીની વિગતો શી છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) અંબાજી ખાતે તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શ્રી ૫૧ શકિતપીઠના નિર્માણ માટે નીચે મુજબની કામગીરી કરવામાં આવી છે.

| ક્રમ | કરવામાં આવેલ કામગીરીની વિગત |
|---|---|
| ૧ | શકિતપીઠના મંદિરની કામગીરી |

| | |
|---|---|
| ૨ | શકિતપીઠની ગુફા |
| ૩ | પરિક્રમા પાથ–વે |
| ૪ | શકિતપીઠ સંકુલ |
| ૫ | વિશ્રામ સ્થળ |
| ૬ | ટોયલેટ બ્લોક |
| ૭ | પીવાના પાણીની વ્યવસ્થા અને પાણી પુરવઠા માટેની પાઈપલાઈન |
| ૮ | કેન્ટીન/કાફેટેરીયા |
| ૯ | પ્રવેશ દ્વાર |

## છોટાઉદેપુર જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિ હેઠળ સહાય

* ૧૭૨૬૭ શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છોટાઉદેપુર જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિની યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૩૫૪ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૩૩ |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) કુલ રૂ.૪,૨૩,૦૦૦ (અંકે રૂપિયા ચાર લાખ તેવીસ હજાર પુરા) |

## ધરોઈ આધારિત યોજનાની પાઈપલાઈનમાં ભંગાણ

* ૧૭૪૬૯ શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ પાલનપુર તાલુકાની ધરોઈ આધારીત પાણી પુરવઠા યોજનાની પાઇપ લાઈન ખુબજ જુની અને સાંકડી છે તેથી પાલનપુર તાલુકાને પુરતો પાણી પુરવઠો મળતો નથી અને લાઇનમાં ભંગાણ પણ પડે છે, તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) ધરોઈ આધારીત પાલનપુર તાલુકાની પાણી પુરવઠા યોજનાની પાઇપલાઈન વર્ષ ૨૦૦૧–૨૦૦૨ માં નાંખવામાં આવેલ છે જે વર્ષ ૨૦૩૧ ની વસ્તી મુજબ પાણીની જરૂરીયાત ગ્રામ્ય વિસ્તાર માટે માથાદીઠ ૭૦ લીટર પ્રતિ દિવસ અને શહેરી વિસ્તાર માટે માથાદીઠ ૧૪૦ લીટર પ્રતિ દિવસ પ્રમાણે પાણીની જરૂરીયાત ૪૮.૪૪ એમ.એલ.ડી. ક્ષમતા મુજબની નાંખવામાં આવેલ છે. સબબ પાઇપલાઈન જુની તથા સાંકડી હોવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આ યોજનામાં ઈલેકટ્રીક ફોલ્ટના કારણે તેમજ તાંત્રિક કારણોસર છેલ્લા ૨ વર્ષમાં ૬ વાર રીપેર કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે. જેને સરેરાશ ૨ દિવસમાં તાત્કાલિક ધોરણે રીપેર કરી પાણી પુરવઠો પુનઃ સ્થાપિત કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ આ યોજનાની જરૂરીયાત મુજબની મોટી અને નવી પાઈપલાઈન નાખવા સરકારનું શું આયોજન છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## થાનગઢ ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ

* ૧૬૯૫૫ શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) તા.૧૭–૧૧–૨૦૧૪ના રોજ રૂ।.૩,૭૧,૩૦,૪૦૦/– ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) વહીવટી પ્રક્રીયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

અતારાંકિત પ્રશ્નો

જામનગર આર.ટી. ઓ કચેરીમાં આવક

* ૧૭૨૦૦ શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૪ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જામનગર આર.ટી.ઓ. કચેરીને કેટલી આવક થઈ, | (૧) રૂપિયા ૮૭.૧૫ કરોડની આવક થઈ. |
| (૨) વર્ષ ૨૦૧૩ ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો/ ઘટાડો થયો, અને | (૨) વર્ષ ૨૦૧૩ ના પ્રમાણમાં આવકમાં રૂપિયા ૧૬.૮૫ કરોડનો વધારો થયો. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે ? | (૩) આવકમાં ઘટાડો થયેલ નથી. |

ખેડા જિલ્લામાં પીવાલાયક પાણી

* ૧૭૮૧૮ શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર કયાં ગામોના પાણી પીવાલાયક નથી, અને | (૧) ખેડા જિલ્લામાં નીચે મુજબના ૨૦ ગામોમાં અંશતઃ પાણી પીવાલાયક નથી. |

| ક્રમ | ગામનું નામ |
|---|---|
| તાલુકો –ગળતેશ્વર | |
| ૧ | માલવણ |
| ૨ | રસુલપુર (પડાલ) |
| ૩ | રૂસ્તમપુરા |
| ૪ | સોનૈયા |
| ૫ | સોનિપુર |
| ૬ | વસો |
| તાલુકો –કઠલાલ | |
| ૭ | ઘોઘાવાડા |
| તાલુકો –ખેડા | |
| ૮ | વાસણા ખુર્દ |
| તાલુકો –મહેમદાવાદ | |
| ૯ | કુણાં |
| ૧૦ | રોહીશા |
| તાલુકો –મહુધા | |
| ૧૧ | હજાતીચા |
| ૧૨ | ખૂંટજ |
| ૧૩ | મહેમદાવાદના મુવાડા |
| ૧૪ | મંગલપુર |
| ૧૫ | તોરણીચા |
| તાલુકો –નડીયાદ | |
| ૧૬ | ડભાણ |
| ૧૭ | દંતાલી |
| તાલુકો–ઠાસરા | |
| ૧૮ | મલઈ |
| તાલુકો–વસો | |
| ૧૯ | દાવડા |
| ૨૦ | નવાગામ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આવા ગામોને શુધ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે સરકારે છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લીધાં ? | (૨) સોર્સ સર્વેક્ષણની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. હાલમાં ઉક્ત ગામો હેન્ડપંપ તથા સ્થાનિક સોર્સમાંથી પાણી મેળવે છે. |

વાપી ખાતે ન્યાયિક અધિકારીઓના રહેણાંકના આવાસનું બાંધકામ

* ૧૬૯૬૦ શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના વાપી ખાતે ન્યાયિક અધિકારીઓના રહેણાંકના આવાસના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫માં તા. ૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ. ૧,૮૫,૬૦,૯૦૦/- |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

## દાહોદ શહેરમાંથી પસાર થતા ઓવરલોડ વાહનો

* ૧૬૩૩૨ શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ નેશનલ હાઈવે-૫૯ દ્વારા મધ્યપ્રદેશથી આવતા ઓવરલોડ વાહનો દાહોદ ચેકપોસ્ટથી બચવા ગુજરાતની સરહદ કઠલા-વાગભોઈ થઈ દાહોદ શહેરમાંથી પસાર થાય છે, તે હકીકત સાચી છે, અને | (૧) ના |
| (૨) જો હા, તો આ બિનઅધિકૃત અવરજવર બંધ કરવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લીધા ? | (૨) પ્રશ્ન રહેતો નથી. |

## વ્યારા ખાતે હયાત કોર્ટ બિલ્ડીંગનું વિસ્તરણ

* ૧૬૯૫૧ શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લામાં વ્યારા ખાતે હયાત કોર્ટ બીલ્ડીંગના વિસ્તરણ તા. ૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી ક્યારે આપવામાં આવી છે, અને | (૨) અગાઉ તા.૨૭-૦૬-૨૦૧૨ ના રોજ રૂ. ૫,૮૦,૨૮,૨૯૩/-ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે અને ત્યારબાદ તા. ૩૦-૦૯-૨૦૧૩ના ના રોજ રૂ. ૬,૯૯,૬૨,૫૮૧/-ની સુધારેલ વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) આ કામ હાલ કયા તબક્કે છે? | (૩) કામ પૂર્ણ થયેલ છે. |

## અમરેલી આર.ટી.ઓ. કચેરીમાં આવક

* ૧૭૨૨૭ શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૪ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ અમરેલી આર.ટી.ઓ. કચેરીને કેટલી આવક થઈ, | (૧) સને ૨૦૧૪ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ અમરેલી આર. ટી. ઓ. કચેરીને રૂ. ૫૫.૩૨ કરોડની આવક થઈ. |
| (૨) વર્ષ-૨૦૧૩ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો/ઘટાડો થયો, અને | (૨) વર્ષ-૨૦૧૩ના પ્રમાણમાં આવકમાં રૂપિયા ૧૨.૪૦ કરોડનો વધારો થયો. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે ? | (૩) આવકમાં ઘટાડો થવા પામેલ નથી. |

## અમદાવાદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સહાય

* ૧૭૧૬૭ શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અનુસૂચિત જાતિના લોકોની કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ લાભ મેળવવા કેટલી | (૧) ૧૩૩૮ |

| | |
|---|---|
| અરજીઓ મળી, | |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૧૨૭૭ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૯૯.૦૦ લાખ. |

## જૈન સમુદાયનો લઘુમતીમાં સમાવેશ

* ૧૬૧૪૫ ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય સામજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભારત સરકારે જૈન સમુદાયને લઘુમતીમાં સમાવેશ કરવા બાબતની જાહેરાતના અનુસંધાને તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકારે જૈન સમુદાયને લઘુમતીમાં સમાવેશ કરેલ છે કે કેમ, | (૧) બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે. |
| (૨) જો હા, તો કઈ તારીખથી જૈન સમુદાયને લઘુમતીના લાભો મળશે, અને | (૨) નિર્ણય થયેથી. |
| (૩) જો જૈન સમુદાયને લઘુમતીનો દરજ્જો આપી અને સમાવેશ ન કરેલ હોય તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત બાબતે શી કાર્યવાહી કરી અને ક્યાં સુધીમાં જરૂરી હુકમ કરવામાં આવશે ? | (૩) બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે. નિર્ણય થયેથી હુકમ કરવામાં આવશે. |

## અંબાજી મંદિર ટ્રસ્ટના ઈજારદાર દ્વારા શ્રમિકોને વેતન

* ૧૭૪૨૯ શ્રી જોઈતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના અંબાજી ખાતે અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા ચલાવતા ભોજનાલયમાં કામ કરતા શ્રમિકોને ભોજનાલયના ઈજારદાર તરફથી કાયદા પ્રમાણે નિયત વેતન ચૂકવતાં નથી, તે હકીકત ખરી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો શ્રમિકોને કાયદા પ્રમાણેનું નિયત વેતન ન આપવા બદલ ઈજારદાર સામે સરકાર તરફથી છેલ્લા બે વર્ષમાં થયેલ કાર્યવાહીની વિગતો શી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત શ્રમિકોને કાયદા પ્રમાણેનું નિયત વેતન આપવાનું ક્યાં સુધીમાં શરૂ થશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## સુરત (પાલ) એ.આર.ટી.ઓ. કચેરીનું નવિનીકરણ

* ૧૭૨૦૧ શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી (સુરત પશ્ચિમ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ સુરત જિલ્લા ખાતે સુરત (પાલ) એ.આર.ટી.ઓ. કચેરીનું નવિનીકરણ અને બાંધકામ છેલ્લા બે વર્ષમાં ક્યારે કરવામાં આવ્યું, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત (પાલ) એ.આર.ટી.ઓ. કચેરીનાં મકાનનું બાંધકામ તા.૮–૯–૨૦૧૦ થી તા. ૭–૫–૨૦૧૩ દરમ્યાન તથા કચેરી નવિનીકરણ તા.૧–૬–૨૦૧૩ તા. ૩૦–૯–૨૦૧૩ દરમ્યાન થયેલ છે. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થવા પામેલ છે, અને | (૨) તે માટે ઉક્ત સ્થિતિએ મકાન બાંધકામ માટે રૂ. ૧૪૮૭.૦૯ લાખનો ખર્ચ અને નવિનીકરણ માટે રૂ.૧૩૯/– લાખનો ખર્ચ એમ મળી કુલ રૂ.૧૬૨૬.૦૯/– નો ખર્ચ થવા પામેલ છે. |
| (૩) તેમાં નાગરિકો માટે કઇ સુવિધાઓ આપવામાં આવેલ છે ? | (૩) નાગરિકો માટે નીચે મુજબની સુવિધાઓ ઉપલબ્ધ છે.<br>• લાયસન્સ બાબતના તમામ કામકાજ ઓનલાઇન એપોઇન્ટમેન્ટથી<br>• લાયસન્સ તેમજ અન્ય કામકાજ માટે બ્લ્યુ હાઈબેક |

ચેરમાં બેસાડી ફોટો ડીજીટલ સીગ્નેચર તથા થમ્બ ઈમ્પ્રેશન સુવિધા

- પાકા લાયસન્સ માટે ઓટોમેટીક ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક પર ટેસ્ટ
- સીનીયર સીટીઝન માટે અલગથી બેસવાની તથા અલાયદુ કાઉન્ટર
- દરેક માળ પર પીવાના પાણીની સગવડ તથા કુલરની વ્યવસ્થા
- ટ્રાન્સપોર્ટ/નોન ટ્રાન્સપોર્ટના વાહનોના પસંદગીના નંબરો માટે જાહેર જનતા જોઈ શકે તે રીતે ટી. વી. સ્ક્રીન
- વાહનોની પાર્કીંગની સુવિધા
- હવા ઉજાસ મોકળાશ તેમજ શાખાઓ નજીક-નજીક હોઈ, આમ જનતાને હાલાકી ઓછી
- તમામ કામગીરી સીંગલ વીન્ડો સીસ્ટમથી.

ઝગડીયા ખાતે વધારાનું કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ

* ૧૬૯૫૯ શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાના ઝગડીયા ખાતે વધારાના કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫માં તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) તા. ૧૨-૧૨-૨૦૧૪ના રોજ રૂ. ૩,૭૩,૩૩,૪૦૦/-ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

હિંમતનગર તાલુકા ખાતે નવા કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ

* ૧૮૫૦૪ શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકા ખાતે નવા કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં જોગવાઈ કરવામાં આવી હતી કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ કોર્ટના મકાનનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું છે કે કેમ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ના, તો તેના શાં કારણો છે ? | (૩) સાબરકાંઠા જિલ્લાના હેડ કવાર્ટર હિંમતનગર ખાતે નવી જિલ્લા કોર્ટ બિલ્ડીંગની દરખાસ્ત વિચારણા હેઠળ છે, જેમાં જિલ્લા તથા તાલુકાની તમામ કોર્ટોનો સમાવેશ થનાર હોય અને હિંમતનગર તાલુકા માટે કોર્ટ બિલ્ડીંગની કોઈ અલગ દરખાસ્ત મળેલ ન હોય, અલગ જોગવાઈ કરવાનો પ્રશ્ન રહેતો નથી. |

જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના વિદ્યાર્થીઓને શૈક્ષણિક લોન

* ૧૬૧૫૦ શ્રી બાબુભાઈ કા. વાજા(માંગરોળ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (બક્ષીપંચ) ના મેડીકલ અને એન્જીનીયરીંગમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને અભ્યાસ માટે શૈક્ષણિક લોન આપવામાં આવે છે, તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |

| | |
|---|---|
| (૨) જો હા, તો જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના કેટલા વિદ્યાર્થીઓને ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી લોન આપવામાં આવી, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉકત સ્થિતિએ કેટલાને લોન આપવાની બાકી છે અને આવા બાકી રહેલા વિદ્યાર્થીઓને ક્યાં સુધીમાં લોન આપવામાં આવશે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) મંજૂર થયેલ લોન અન્વયે ચેક ન મળવા બાબત રાજ્ય સરકારને ઉકત સ્થિતિએ કોઈ ફરીયાદ મળેલ છે, જો હા, તો તે અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

અમદાવાદ જિલ્લામાં વિકલાંગોને સાધન સહાય

* ૧૭૨૮૨ શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૬૩૧. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૫૬૯. |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૧૪,૪૬,૦૦૦/– (અંકે રૂપિયા ચૌદ લાખ છેંતાલીસ હજાર પુરા). |

ઠાસરા ખાતે કોર્ટ બિલ્ડીંગનું વિસ્તરણ

* ૧૬૯૪૯ શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર–ખાડિયા) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લાના ઠાસરા ખાતે કોર્ટ બિલ્ડીંગના વિસ્તરણના કામે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) તા.૨૬–૧૧–૨૦૧૪ના રોજ રૂ.૧,૩૨,૦૭,૦૦૦/–ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) વહીવટી પ્રક્રીયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

રાજકોટ શહેરમાં આવેલ સરકારી છાત્રાલયો

* ૧૭૧૮૩ શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ–ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અનુસૂચિત જાતિના કેટલા સરકારી છાત્રાલયો ચાલે છે, | (૧) ૦૭ (સાત). |
| (૨) આ છાત્રાલયોની કુલ માન્ય સંખ્યા કેટલી છે, | (૨) ૮૫૧. |
| (૩) વર્ષ ૨૦૧૪–૧૫ માં ઉકત સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓને તેમાં પ્રવેશ આપેલ છે, અને | (૩) ૮૦૧. |
| (૪) છાત્રાલયોમાં શું સુવિધાઓ આપવામાં આવે છે ? | (૪) સરકારી છાત્રાલયોમાં રહેવાની જમવાની તથા રમત–ગમતના સાધનો, સોલર વોટર હીટર સીસ્ટમ તથા વોટર કુલર તથા બુકબેંક, સામયિકો વિગેરે નિયમોનુસાર તમામ સુવિધાઓ વિના મૂલ્ય પૂરી પાડવામાં આવે છે. |

અંબાજી ખાતેના મુખ્ય માર્ગમાં રંગબેરંગી રોશની

* ૧૭૧૫૩ શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અંબાજી યાત્રાધામના મુખ્ય માર્ગમાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં | (૧) અને (૨) અંબાજી યાત્રાધામના મુખ્ય માર્ગમાં રંગબેરંગી |

| | |
|---|---|
| રંગબેરંગી રોશનીની કોઈ કામગીરી કરવામાં આવી છે કે કેમ, અને | રોશનીની કામગીરી રૂપિયા ૨,૮૦,૮૫,૨૩૮/-ના ખર્ચે તારીખ ૨૪-૮-૨૦૧૩ના રોજ કરવામાં આવેલ છે, જે અન્વયે અંબાજી યાત્રાધામ ખાતે આવેલા જુદા જુદા સ્થળોએ મળી ૫૧૩ જેટલી એલ.ઈ.ડી. ફ્લડ લાઈટ તેમજ અન્ય આનુષંગિક ઉપકરણો અને ૪૦ જેટલા સાઈનેજ બોર્ડ પણ લગાવવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે? | |

માંડવી તાલુકામાં મંજૂર ગામની આંતરિક પેયજળ યોજનાઓ

* ૧૭૧૯૮ શ્રી અજયકુમાર જે. ચોકસી(સુરત ઉત્તર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ પાણી સમિતિ વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે સુરત જિલ્લાના માંડવી તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧૨ યોજનાઓ. |
| (૨) મંજૂર કરેલ ઉકત યોજનાઓની કુલ અંદાજીત કિંમત કેટલી છે ? | (૨) રૂ.૧૯૭.૫૪ લાખ. |

અમદાવાદ જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ સહાય

* ૧૭૧૭૦ શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય સામાજિક ન્યાય અને આધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ લાભ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૨૯૬. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૨૭૬. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૧૩૮.૦૦ લાખ. |

આણંદ જિલ્લામાં સરફેસ સોર્સ આધારિત જૂથ યોજના

* ૧૭૧૯૦ શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં સરફેસ સોર્સ આધારિત કોઈ જૂથ યોજનાના કામો કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. મેઘલપુર જૂથ પાણી પુરવઠા યોજના, તા.સોજીત્રા. |
| (૨) જો હા, તો તેમાં કેટલા ગામોનો સમાવેશ થયેલ છે, અને | (૨) ૦૪ ગામ અને ૧૬ પરાં. |
| (૩) આ યોજનાની અંદાજીત કિંમત કેટલી છે ? | (૩) રૂ.૧૩૨૨.૬૪ લાખ. |

ગાંધીનગર જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ સહાય

* ૧૭૧૭૪ શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ લાભ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૨૭. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૨૨. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૧૧.૦૦ લાખ. |

ગુજરાત હાઈકોર્ટ ખાતે નવીન લાઈબ્રેરી બિલ્ડીંગનું બાંધકામ

* ૧૬૯૫૬ શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત હાઈકોર્ટ ખાતે નવીન લાઈબ્રેરી બિલ્ડીંગના બાંધકામ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫માં તા.૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ | (૧) હા, જી. |

છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને

(૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે?

(૨) રૂ. ૮,૨૨,૦૪,૧૦૦/-

(૩) વહીવટી પ્રક્રીયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ.

ગરબાડા તાલુકાના ગામોમાં પાણીની અછત

* ૧૬૧૪૨ શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં કેટલા ગામોમાં પીવાના પાણીની ખૂબ જ અછત છે અને કેટલા ગામોમાં પીવાનું પાણી બોર દ્વારા મળે છે, અને ઉક્ત પાણી ખૂબ જ ક્ષારવાળુ છે, તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આ તાલુકાના ગામોના લોકોને પીવાનું પાણી શુધ્ધ પાણી મળી રહે તે માટે સરકારે ઉક્ત સ્થિતિએ શું આયોજન કરેલ છે?

જવાબ

(૧) અને (૨)

- ગરબાડા તાલુકાના તમામ ૩૪ ગામોમાં પીવાના પાણીની પુરતી સુવિધા છે.
- પીવાના પાણીની ગુણવત્તા બાબતે કરેલ સર્વેક્ષણ મુજબ ૪ ગામ અને ૧૨ ફળીયાઓના અંશત : સોર્સના પાણીની ગુણવતા ક્ષારની માત્રા નીયત માત્રા કરતા વધુ હોવાને કારણે બિન પીવાલાયક જણાયેલ છે.

આ ગામ /ફળિયામાં વૈકલ્પિક સોર્સમાંથી પુરતું શુધ્ધ પીવાનું પાણી મેળવે છે.

અંબાજી યાત્રાધામના મુખ્યમાર્ગમાં રંગબેરંગી રોશની

* ૧૭૧૪૯ ડૉ. નિર્મલાબેન સુ. વાધવાણી (નરોડા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અંબાજી યાત્રાધામના મુખ્ય માર્ગમાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રંગબેરંગી રોશનીની કોઇ કામગીરી કરવામાં આવી છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

જવાબ

(૧) અને (૨)

અંબાજી યાત્રાધામના મુખ્ય માર્ગમાં રંગબેરંગી રોશનીની કામગીરી રૂપિયા ૨,૮૦,૮૫,૨૩૮/– ના ખર્ચે તારીખ ૨૪–૮–૨૦૧૩ ના રોજ કરવામાં આવેલ છે, જે અન્વયે અંબાજી યાત્રાધામ ખાતે આવેલા જુદા જુદા સ્થળોએ મળી કુલ ૫૧૩ જેટલી એલ.ઇ.ડી. ફ્લડ લાઇટ તેમજ અન્ય આનુષાંગિક ઉપકરણો અને ૪૦ જેટલા સાઇનેજ બોર્ડ પણ લગાવવામાં આવેલ છે.

રાજ્યમાં વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ

* ૧૮૫૦૧ શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યમાં તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ પ્રાથમિક, માધ્યમિક અને કોલેજોમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિઓના વિદ્યાર્થીઓને કેટલી શિષ્યવૃત્તિ આપવામાં આવે છે,

જવાબ

(૧)

| યોજનાનું નામ | ધોરણ | શિષ્યવૃત્તિના દર રૂ઼ા. |
|---|---|---|
| પ્રાથમિક શિષ્યવૃત્તિ | | |
| (૧) પરીક્ષિતલાલ મજમુદાર શિષ્યવૃત્તિ યોજના | ધો–૧ થી ૫ કુમાર/કન્યા | ૨૫૦/- વાર્ષિક |
| | ધોરણ–૬ થી ૮ કુમાર | ૨૫૦/- વાર્ષિક |
| | ધોરણ–૬ થી ૮ કન્યા | ૭૫૦/- વાર્ષિક |
| (૨) અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિની શિષ્યવૃત્તિ | ધો–૧ થી ૮ કુમાર/કન્યા | ૭૫૦/- વાર્ષિક |
| (૩) અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલા વાલીઓના બાળકોની | ધોરણ–૧ થી ૮ (ડેસ્કોલર) | ૧૧૫૦/- વાર્ષિક ૭૫૦/- |

| | | | | |
|---|---|---|---|---|
| શિષ્યવૃત્તિ (કેન્દ્ર પુરસ્કૃત) | ધોરણ–૩ થી ૮ (હોસ્ટેલર) | | એડહોક ૭૦૦૦/- વાર્ષિક ૧૦૦૦/- એડહોક | |
| માધ્યમિક શિષ્યવૃત્તિ | | | | |
| (૧) પરીક્ષિતલાલ મજમુદાર શિષ્યવૃત્તિ યોજના | ધો–૯ થી ૧૦ કુમાર<br>ધો.૯ થી ૧૦ કન્યા | | ૪૦૦/- વાર્ષિક<br>૭૫૦/- વાર્ષિક | |
| (૨) અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિની શિષ્યવૃત્તિ | ધો– ૯ થી ૧૦ કુમાર/કન્યા | | ૧૦૦૦/- વાર્ષિક | |
| (૩) અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલા વાલીઓના બાળકોની શિષ્યવૃત્તિ (કેન્દ્ર પુરસ્કૃત) | ધોરણ–૯ થી ૧૦ (ડેસ્કોલર) | | ૧૧૫૦/- વાર્ષિક ૭૫૦/– એડહોક | |
| | ધોરણ–૯ થી ૧૦ (હોસ્ટેલર) | | ૭૦૦૦/- વાર્ષિક ૧૦૦૦/- એડહોક | |
| (૪) ધો.૯ અને ૧૦માં ભણતાં વિદ્યાર્થીઓની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ (કેન્દ્ર પુરસ્કૃત) | ધોરણ–૯ થી ૧૦ (ડેસ્કોલર) | | ૧૫૦૦/- વાર્ષિક ૭૫૦/- એડહોક | |
| | ધોરણ–૯ થી (હોસ્ટેલર) | | ૩૫૦૦/- વાર્ષિક ૧૦૦૦/- એડહોક | |
| પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ (ધો. ૧૧/૧૨ અને કોલેજો) | | | | |
| ભારત સરકારશ્રીની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ (કેન્દ્ર પુરસ્કૃત) | ગ્રુપ–૧ | મેડીકલ સ્નાતક. સી.એમ. એમફીલ/ પીએચડી કોર્ષ વિગેરે | નિભાવદર માસિક<br>હોસ્ટેલર<br>૧૨૦૦ | <br><br>ડેસ્કોલર<br>૫૫૦ |
| રૂા. ૨.૫૦ લાખથી વધુ આવક ધરાવતાં કુટુંબની કન્યાઓની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ રાજ્ય | ગ્રુપ–૨ | ડીગ્રી ડિપ્લોમાં ફાર્મસી (બીફાર્મ) તથા અનુસ્નાતક કોર્ષ વિગેરે | ૮૨૦ | ૫૩૦ |
| | ગ્રુપ–૩ | સ્નાતક કક્ષાના કોર્ષ વિગેરે | ૫૭૦ | ૩૦૦ |
| | ગ્રુપ–૪ | ધોરણ–૧૧/ ૧૨, પોલીટેકનીક | ૩૮૦ | ૨૩૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | | ડિપ્લોમાં કોર્ષ વિગેરે | | |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) શિષ્યવૃત્તિ આપવા માટે છોકરાઓ અને છોકરીઓ માટે કેટલી આવક મર્યાદા ક્યારથી ઠરાવેલી છે, અને | (૨) રાજ્ય સરકારશ્રીની શિષ્યવૃત્તિની યોજનામાં કોઈ આવક મર્યાદા નથી.<br>ભારત સરકારશ્રીની પોષ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનામાં છોકરા અને છોકરીઓ માટે રૂા. ૨.૫૦ લાખની આવક મર્યાદા વર્ષ ૨૦૧૩–૧૪ થી ઠરાવેલ છે.<br>ધોરણ–૯ અને ૧૦માં ભણતાં અનુસૂચિત જાતિની શિષ્યવૃત્તિની યોજનામાં છોકરા અને છોકરીઓ માટે રૂા. ૨.૦૦ લાખની આવક મર્યાદા વર્ષ ૨૦૧૨–૧૩થી ઠરાવેલ છે. |
| ૧૨ | ટ્રાન્સ્ફોર્ટ ઈકવીપમેન્ટ અને પાર્ટસ | ૬૬૩૦.૬૦ | ૧૪૬૯૭.૯૦ | ૨૨૫૯૭.૪૭ | ૧૫૬૯૧.૮૭ | ૧૨૪૭૧.૯૪ |
| ૧૩ | લેધર પ્રોડકટસ | ૬૩૪૩.૮૯ | ૩૮૫૫.૯૯ | ૪૯૮૯.૩૩ | ૪૧૫૨.૯૭ | ૩૯૯૪.૧૨ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૪ | બેવરેજીસ, તમાકુ અને તમાકુ પ્રોડકટસ | ૩૨૦૭.૦૭ | ૪૧૫૧.૧૬ | ૬૪૨૧.૩૨ | ૭૫૨૧.૦૭ | ૭૪૬૩.૦૪ |
| ૧૫ | સેવા પ્રવૃત્તિઓ | ૪૩૦૦૮.૬૩ | ૫૬૫૨૪.૪૮ | ૮૦૭૮૩.૫૩ | ૧૪૫૯૨૦.૮૪ | ૧૧૯૨૩૯.૩૨ |
| ૧૬ | ટ્રેડીંગ પ્રવૃત્તિઓ | ૯૫૯૩.૮૦ | ૩૩૭૪૨.૬૨ | ૫૧૨૮૫.૪૬ | ૭૭૮૬૦.૫૪ | ૪૩૫૭૪.૯૦ |
| ૧૭ | અન્ય | ૩૭૮૪૪.૨૮ | ૩૭૬૭૭.૬૦ | ૬૯૬૫૮.૮૩ | ૯૯૧૦૬.૪૧ | ૮૯૨૯૯.૨૩ |

મોટા ઉદ્યોગો સ્થાપવા માટે ભારત સરકારમાં IEM (ઈન્ડસ્ટ્રીયલ એન્ટરપ્રીન્યોર મેમોરેન્ડમ) પાર્ટ-એ ફાઇલ કરવાનું રહે છે. અને IEM ફાઇલ કર્યા બાદ પ્રોજેકટ ઉત્પાદનમાં આવે તે તબક્કે મોટા ઉદ્યોગોએ પોતાના પ્રોજેકટમાં થયેલ મૂડીરોકાણ તથા અન્ય વિગતો ભારત સરકારને ફોર્મ પાર્ટ-બી માં રજુ કરવાની રહે છે. જેને આધારે મોટા ઉદ્યોગોમાં થયેલ મૂડીરોકાણની માહિતી ઉપલબ્ધ થાય છે. આથી જે મોટા ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા બાદ ભારત સરકારને પાર્ટ-બી રજૂ ન કરે અથવા પાર્ટ-બી ભર્યા પછી મુડીરોકાણ વધારતા હોય તેવા મોટા ઉદ્યોગોની ખરેખર મૂડીરોકાણની અદ્યતન વિગતો ઉપલબ્ધ થઇ શકિત નથી. આથી મોટા ઉદ્યોગોમાં દર્શાવેલ મૂડીરોકાણ કરતાં, ખરેખર મૂડીરોકાણ વધારે હોઇ શકે છે.

### મહેસાણા જિલ્લામાં નાના- મોટાં ઉદ્યોગો બંધ હાલતમાં

અતારાંકિતઃ ૩૭૬૨ (તા.૧૭.૧૦.૨૦૧૪) શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

તા. ૩૧-૦૮-૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા પાંચ વર્ષમાં કેટલા નાના-મોટાં ઉદ્યોગો બંધ હાલતમાં છે ?

મુખ્ય મંત્રીશ્રીઃ (ઉદ્યોગ) (૧૭-૧-૨૦૧૫) :

એમએસએમઈડી એક્ટ ૨૦૦૬ હેઠળ બંધ એકમોની નોંધણી કરવામાં આવતી નથી. જેથી બંધ એકમની માહિતી ઉપબલ્ધ નથી પરંતુ સરકારશ્રી દ્વારા માર્ચ-૨૦૧૦ તથા માર્ચ ૨૦૧૨ અંતિત એકનોલેજ થયેલ એકમોનો ફક્ત સેમ્પલ સર્વે કરવામાં આવેલ હોઈ બંધ એકમોની ટકાવારી એ કુલ એકમોનું ફક્ત પ્રતિનિધિત્વ ધરાવતા હોવાથી સદર માહિતી ઉપલબ્ધ નથી.

### અમીરગઢ અને દાંતા તાલુકાઓમાં તારથી ફેન્સીંગ કરવા બાબત

અતારાંકિતઃ ૪૦૦૪ (તા. ૦૯.૦૧.૨૦૧૫) શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) :

માનનીય ખાણ - ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ -

(૧) તા. ૩૧-૭-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષથી મંજુર થયેલ ખનિજ લીઝોમાં તારથી ફેન્સીંગ કરવાના નિયમો છે, તે હકિકત સાચી છે.

(૨) તો બનાસકાંઠા જિલ્લામાં અમીરગઢ અને દાંતા તાલુકાઓમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા લીઝ ધારકો દ્વારા ફેન્સીંગ કરવામાં આવ્યું નથી તેવી કેટલી ફરિયાદો મળી છે, અને

(૩) તે અન્વયે શાં પગલાં ભરવામાં આવ્યા છે ?

ખાણ ખનિજ મંત્રીશ્રીઃ (૦૩-૦૨-૨૦૧૫) :

(૧) લીઝમાં ફેન્સીંગ કરવાના નિયમો છે પરંતુ તારથી જ ફેન્સીંગ કરવાના નિયમો નથી.

(૨) કોઈ ફરિયાદ મળી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### રાજયની આઈ.ટી.આઈ. કોલેજોમાં આસીસ્ટન્ટ પ્રોફેસરની ફીક્સ પગારથી ભરતી

અતારાંકિતઃ ૪૫૦૨ (તા. ૨૩.૦૧.૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યની આઇ.ટી.આઇ. કોલેજોમાં પ્રોફેસર, આસીસ્ટન્ટ પ્રોફેસરની ફીકસ પગાર થી ભરતી કરવામાં આવે છે તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો તેઓના પગારના ધોરણો શા છે અને સરકારના ક્યા ક્યા લાભો ઉક્ત કર્મચારીઓને મળે છે ?

શ્રમ અને રોજગાર મંત્રીશ્રીઃ (૨૩-૦૨-૨૦૧૫) :

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ફાલ્ગુન ૨૬, ૧૯૩૬ શાકે

અતારાંકિત પ્રશ્નો

રાજ્યમાં મનરેગા યોજના હેઠળ ગાંડા બાવળ દૂર કરવાની કામગીરી

અતારાંકિતઃ ૩૩૧૮ (તા.૨૦.૦૯.૨૦૧૪) શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૦૪-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં મનરેગા યોજના હેઠળ અપાતી રોજગારીમાં ગાંડા બાવળ દૂર કરવાની કામગીરીનો સમાવેશ કરવામાં આવ્યો છે તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો રાજ્યમાં આ કામગીરીને મનરેગા યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે કે કેમ,

(૩) જો હા, તો રાજ્યમાં તા. ૩૦મી એપ્રિલ-૨૦૧૪ની સ્થિતિએ ક્યા ક્યા જિલ્લામાં તેનો અમલ થઈ રહ્યો છે, અને

(૪) બાકીના જિલ્લામાં તેનો અમલ ક્યારે થશે ?

પંચાયત મંત્રીશ્રીઃ (રાજ્ય કક્ષા) (૧૭-૦૧-૨૦૧૫) :

(૧) મનરેગા યોજના હેઠળ અપાતી રોજગારીમાં ગાંડા બાવળ દૂર કરવાની કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન રહેતો નથી.

(૩) પ્રશ્ન રહેતો નથી.

(૪) પ્રશ્ન રહેતો નથી.

મહેસાણા જિલ્લામાં બી.પી.એલ. કાર્ડધારકોની સંખ્યા

અતારાંકિતઃ ૩૭૨૫ (તા.૧૭.૧૦.૨૦૧૪) શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૮-૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા બી.પી.એલ. કાર્ડ ધારોકની સંખ્યા છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બી.પી.એલ. કાર્ડ ધારકોની યાદીમાં દાખલ થવા માટે કેટલી અરજીઓ તાલુકાવાર આવી. જો તે પૈકી કેટલી અરજીઓને મંજુર કરી બીપીએલ કાર્ડ આપવામાં આવ્યા, અને

(૩) કેટલી અરજીઓ રદ કરવામાં આવી ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રીઃ (રાજ્યકક્ષા) (૨૯-૦૧-૨૦૧૫) :

(૧) તા. ૩૧-૦૮-૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર બી.પી.એલ. યાદીમાં ૦ થી ૧૬માં ૫૨૦૭૮ અને ૧૭ થી ૨૦માં ૫૪૨૦૧ પરિવારોનો સમાવેશ કરાયેલ છે.

| ક્રમ | તાલુકો | ૦-૧૬ | ૧૭-૨૦ | ૦-૨૦ |
|---|---|---|---|---|
| ૧ | બેચરાજી | ૩૯૫૦ | ૪૬૫૧ | ૮૬૦૧ |
| ૨ | કડી | ૮૬૩૮ | ૧૧૩૯૬ | ૨૦૦૩૪ |
| ૩ | ખેરાલુ | ૪૩૨૯ | ૪૮૩૪ | ૯૧૬૩ |
| ૪ | મહેસાણા | ૮૧૦૪ | ૯૦૬૦ | ૧૭૧૬૪ |
| ૫ | સતલાસણા | ૮૯૯૬ | ૪૭૭૪ | ૧૩૭૭૦ |
| ૬ | ઉંઝા | ૨૫૧૬ | ૩૩૨૫ | ૫૮૪૧ |
| ૭ | વડનગર | ૨૩૫૮ | ૪૪૬૮ | ૬૮૨૬ |
| ૮ | વિજાપુર | ૭૯૭૭ | ૬૩૦૪ | ૧૪૨૮૧ |
| ૯ | વિસનગર | ૫૨૧૦ | ૫૩૮૯ | ૧૦૫૯૯ |
| | કુલ | ૫૨૦૭૮ | ૫૪૨૦૧ | ૧૦૬૨૭૯ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બી.પી.એલ. યાદીમાં દાખલ થવા માટેની તાલુકાવાર ૫૧૦૯ અરજીઓ અત્રેના જિલ્લામાં મળેલ છે.

| ક્રમ | તાલુકો | તા. ૩૧-૩-૧૪ સુધી | તા. ૩૧-૮-૧૪ સુધી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | બેચરાજી | ૪૨૬ | ૩ | ૪૨૯ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | કડી | ૬૯૯ | ૨૮ | ૭૨૭ |
| ૩ | ખેરાલુ | ૪૦૮ | ૮ | ૪૧૬ |
| ૪ | મહેસાણા | ૧૫૨૩ | ૧૬ | ૧૫૩૯ |
| ૫ | સતલાસણા | ૨૩૭ | ૪૧ | ૨૭૮ |
| ૬ | ઉંઝા | ૨૭૫ | ૧૧ | ૨૮૬ |
| ૭ | વડનગર | ૩૨૯ | ૬ | ૩૩૫ |
| ૮ | વિજાપુર | ૬૬૮ | ૨ | ૬૭૦ |
| ૯ | વિસનગર | ૪૧૭ | ૧૨ | ૪૨૯ |
| | કુલ .... | ૪૯૮૨ | ૧૨૭ | ૫૧૦૯ |

(૩) મળેલ અરજીઓ પૈકી રદ કરવામાં આવેલ નથી. પરંતુ ૧૨૭ અરજીઓ કાર્યવાહીમાં ચાલુ છે.

સુજલામ-સુફલામ યોજનાના અંતર્ગત જમીન સંપાદન અને વળતરની રકમ ચુકવવા બાબત

અતારાંકિતઃ ૩૧૮૭ (તા.૨૭.૦૬.૨૦૧૪) શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ચાર વર્ષમાં રાજ્યના ક્યા ક્યા જિલ્લાઓમાં સુજલામ-સુફલામ યોજનાના અંતર્ગત કેટલા ખેડૂતોની કેટલી જમીન ક્યારે અને કેટલી સંપાદન કરવામાં આવી,

(૨) તે પૈકી ક્યા જિલ્લાના કેટલા ખેડૂતોને વળતર પેટે કેટલી રકમ ચુકવવાની થતી હતી,

(૩) તે પૈકી વર્ષવાર કેટલી રકમ ચુકવવામાં આવી અને કેટલી ચુકવવાની બાકી છે, અને

(૪) બાકી રહેતી રકમ ક્યાં સુધીમાં ચુકવવાનું રાજ્ય સરકારનું આયોજન છે ?

મુખ્ય મંત્રીશ્રીઃ (મહેસૂલ) (૦૩-૦૧-૨૦૧૫) :

(૧) મહેસાણા જીલ્લામાં સુજલામ-સુફલામ યોજનાના અંતર્ગત નીચેની વિગતે જમીન સંપાદન કરવામાં આવી.

| વર્ષ | ખેડૂતોની સંખ્યા | ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) |
|---|---|---|
| ૨૦૧૦-૧૧ | ૧૩ | ૦૦-૪૭-૯૬ |
| ૨૦૧૧-૧૨ | ૦૨ | ૦૦-૨૧-૭૩ |
| ૨૦૧૨-૧૩ | -- | -- |
| ૨૦૧૩-૧૪ | ૦૧ | ૦૦-૦૧-૩૭ |
| કુલ | ૧૬ | ૦૦-૭૧-૦૬ |

(૨) મહેસાણા જીલ્લાના કુલ-૧૬ ખેડૂતોનો રૂ. ૨,૩૮,૬૫૮/- વળતર પેટે ચુકવવાના થતા હતા.

(૩)

| વર્ષ | ચુકવાયેલ વળતર | ચુકવવાનું બાકી |
|---|---|---|
| ૨૦૧૦-૧૧ | રૂ. ૧,૧૨,૫૩૯ | ૦.૦૦ |
| ૨૦૧૧-૧૨ | રૂ. ૧,૨૩,૨૨૧ | ૦.૦૦ |
| ૨૦૧૨-૧૩ | -- | ૦.૦૦ |
| ૨૦૧૩-૧૪ | રૂ. ૨,૮૯૮ | ૦.૦૦ |
| કુલ | રૂ. ૨,૩૮,૬૫૮ | ૦.૦૦ |

(૪) પુરેપુરૂ વળતર ચુકવાયેલ હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

મહેસાણા જિલ્લા કલેક્ટરશ્રીની ગામોમાં મુલાકાત અને ફરીયાદો

અતારાંકિતઃ ૩૭૯૩ (તા.૧૭.૧૦.૨૦૧૪) શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૮-૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાના ક્યા ગામોની મુલાકાત લીધી,

(૨) સ્થળ મુલાકાતમાં કયા મહેસુલી પ્રશ્નો, સમસ્યાઓ અને આર્થિક ગેરરીતિઓની ફરીયાદો મળી, અને

(૩) મળેલ સમસ્યાઓ અને આર્થિક ગેરરીતિઓની ફરીયાદોના ઉકેલ માટે શી કાર્યવાહી કરવામાં આવી ?

મુખ્ય મંત્રીશ્રીઃ (મહેસૂલ) (૦૨-૧૨-૨૦૧૪) :

(૧) તા. ૩૧-૦૮-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન મહેસાણા જિલ્લા કલેક્ટરશ્રીએ કુલ ૫૫૦ ગામોની મુલાકાત લીધેલ છે. માહિતી પત્રક સ્વરૂપે સામેલ છે. (માહે સપ્ટેમ્બર-૨૦૧૧ થી ઓગસ્ટ-૨૦૧૪ સુધી )

(૨) આ મુલાકાત દરમ્યાન નીચેના પ્રશ્નો બાબતોની રજૂઆત મળેલ છે.

- મહેસૂલી હક્ક નોંધોના નિર્ણય અંગે
- વાજબી ભાવની દુકાનોથી વિતરણ થતી જાહેર વિતરણ વ્યવસ્થાની ચીજવસ્તુઓના વિતરણ બાબતે
- પીવાના પાણીના પ્રશ્નો અંગે
- ATVT ના કામો અંગે
- એસ.ટી. બસની સુવિધા અંગે
- ચુંટણીલક્ષી પ્રશ્નો જેવા કે મતદાન મથક નક્કી કરવા, મતદારોના નામની નોંધણી વિગેરે અંગે
- કૃષિ અને શાળા પ્રવેશ અંગે

(૩) મળેલ ફરીયાદોના નિરાકરણ અંગે સંબંધિત અધિકારી/કર્મચારીના ધ્યાને મુકીને રજુ થયેલ પ્રશ્નોનું નિરાકરણ કરાયેલ છે.

- ગેરરીતિઓ બાબતેની કોઈ ગંભીર ફરીયાદો મળેલ નથી.

પત્રક

| ક્રમ નં. | જિલ્લા કલેકટરશ્રી દ્વારા મુલાકાતનો માસ | માસ દરમ્યાન મુલાકાત લીધેલ ગામોના નામ અને સંખ્યા |
|---|---|---|
| ૧ | સપ્ટેમ્બર-૨૦૧૧ | વિજાપુર, સતલાસણા, વડનગર, ખેરાલું, શાહપુર (ખે) સામેત્રા, મરેડા, વડનગર, બેચરાજી = કુલઃ-૯ |
| ૨ | ઓક્ટોબર-૨૦૧૧ | બેચરાજી, દેદીયાસણ, રામોસણા, પાલોદર, બુટ્ટાપાલડી, લીહોડા, વડનગર, શેખપુર(ખે), ચાંદપુર, કડી, ખેરપુર, થોળ = કુલઃ-૧૨ |
| ૩ | નવેમ્બર-૨૦૧૧ | વડનગર, ખાનપુર, ઉઢાઈ, નવાપુર, અમીપુરા, દેવગઢ, પળી, નવાપુરા, સિહી, સમોર, શેષપુર, નાનીભાલું, અમરપુરા, સુવરીયા, મછાવા, ગણેશપુરા, રામપુર(કુ), રામપુરા (કાંસા), ખદલપુર, મહમદપુરા, વિસતપુરા, મેઉ, પીલુદરા, વિસતપુરા, કોરડા, બોરીયાવી (મહાદેવપુરા) = કુલઃ- ૨૬ |
| ૪ | ડિસેમ્બર-૨૦૧૧ | પાલાવાસણા, ચાંદપકી, દેવગઢ, વિસનગર, ગોજારીયા, કડી, વિસનગર, ઉઝા, બલોલ, વિસનગર, મલેકપુર (વડ) = કુલઃ-૧૧ |
| ૫ | જાન્યુઆરી-૨૦૧૨ | મોઢેરા (૫), વિસનગર (૩), વિજાપુર = કુલઃ ૯ |
| ૬ | ફેબ્રુઆરી-૨૦૧૨ | ખેરાલું, ઉંઝા, તારંગા, વિસનગર = કુલઃ-૪ |
| ૭ | માર્ચ-૨૦૧૨ | વિસનગર, કડવાસણા, વડસ્મા, જગુદણ= કુલઃ-૪ |
| ૮ | એપ્રિલ-૨૦૧૨ | બેચરાજી (૫), કડી, બુડાસણ, કડી, સુલતાનપુર, ઉઝા, ખેરાલું, સતલાસણા, સુલતાનપુરા, સબલપુર = કુલઃ-૧૪ |
| ૯ | મે-૨૦૧૨ | ખંડોસણ, બાકરપુર, સેફોનિ, દાસજ, વડસ્મા, અંબાલા, ગોઝારીયા, ખેરાલું, સતલાસણા, સરતાનપુરા, નવાવાસ, રાજપુર, ટીબા, ભીમપુર, ઘરોઈ, બેચરાજી, આનંદપુરા = કુલઃ-૧૮ |
| ૧૦ | જુન-૨૦૧૨ | આસજોલ, કરણપુરા, ઈન્દ્રપ, પ્રતાપગઢ, દેથલી, મોતીપુરા, આનંદપુરા, મહાદેવપુરા, દેવીપુરા, ચન્દ્રનગર, વેણપુરા, સાપાવાડા, સૂરજ, આદિવાડા, ડોડીવાડા, તાવડીયા, બેચરપુરા, હેડુવા (હનુ.), ઈન્દીરાનગર, રામોસણ, અંબિકાપુરા, લાફોરવાડી, છાબલીયા, વિરમજીપુરા, વખારપુરા, શેશપુરા, સેમોર મેઢા, લક્ષ્મણપુરા, પાલાવાસણા, નંદાસણા, |

| | | |
|---|---|---|
| | | શોભાસણ, ચિત્રોડીપુરા, વડોસણ, ખારા, નદાસા, વિરસોડા = કુલઃ-૩૭ |
| ૧૧ | જુલાઈ-૨૦૧૨ | સુલીપુર, આસ્પા, ડાબુ, મિરઝાપુર, નવાપુરા, વડનગર, દેઉસણા, સુજાતપુરા, સેદરાણા, કમલાપુરા, કડી જગન્નાથપુરા, વાઘડી, ગુંજા, રંગપુર = કુલઃ-૧૫ |
| ૧૨ | ઓગસ્ટ-૨૦૧૨ | સરકીટ હાઉસ, ઉબખલ, મોતીપુર, હાથીપુરા, વિજાપુર, કડી, નરસીહપુરા, પાલ્લી, કડી, વિસનગર, સતલાસણા, તારંગા, ઘરોઈડેમ, ફતેપુરા, ઉંઝા, પાંચોટ, અલોડા, વિસનગર, ખેરાલુ = કુલઃ-૧૯ |
| ૧૩ | સપ્ટેમ્બર-૨૦૧૨ | વિસનગર, જગુદણ, બેચરાજી, મોઢેરા, ઈન્દ્રપ, આસજોલ, બેચરાજી, જગુદલ, બેચરાજી, કડી થોળ, વિજાપુર, બેચરાજી, હરદેસણ, દેવીનાપુરા = કુલઃ-૧૫ |
| ૧૪ | ઓક્ટોબર-૨૦૧૨ | રાણીપુર, મુમનવાસ, ભાણાવાસ, વિસનગર, કુવાસણા, રંગાકુઈ, ગણપતપુરા, ઉંઝા, લીડી, વિશોળ, બેચરાજી, વિજાપુર, જંત્રાલ, કમાલપુર, મેવડ, વિસનગર, કંસારાકુઈ, વડનગર, રાઘુપુરા, કનેડીયા = કુલઃ-૨૦ |
| ૧૫ | નવેમ્બર-૨૦૧૨ | પાલાવાસણા, વિસનગર, બેચરાજી, સદુથલા, મોટપ, ખેરાલું, વિસનગર, ખેરાલુ = કુલઃ-૮ |
| ૧૬ | ડિસેમ્બર -૨૦૧૨ | સુવિદ્યા કોલેજ (૫), કડી, સરકીટ હાઉસ (૧), ખેરાલું, વિસનગર, ઉઝા, ખેરવા, મેઉ, ગોઝારીયા, ચરાડું, લાંઘણજ, વડસ્મા, જમનાપુર, જોરણંગ, આંબલીયાસણા, નાગલપુર, વિસનગર, ખેરાલું, ઉંઝા, સવાલા, કડા, કામણા, ઉમતા, કાંસા, વાલમ, ભાન્ડું, કડી, વડાવી, કણઝરી, ઈશ્વરપુરા, નાનપુરા, બેચરાજી, મોઢેરા = કુલઃ-૩૮ |
| ૧૭ | જાન્યુઆરી-૨૦૧૩ | વિજાપુર, મોઢેરા, હેબુવા, બળવંતપુરા, બેચરાજી, કડી, મોઢેરા, મોઢેરા, કડી, ખતોડા, કેસીમ્પા, શેખપુર (ખે), હાજીપ, ગીલોસણ = કુલઃ-૧૪ |
| ૧૮ | ફેબ્રુઆરી-૨૦૧૩ | લાંઘણજ, શોભાસણ, ખેરાલું, સુવરીયા, ચાચરીયા, કામલપુર, બાજીપુરા, ઘાઘરેટ, કડી, જેતપુરા, કલ્યાણપુરા, સતલાસણા, મુમનવાસ, સમરાપુરા, કોઠાસણા, ઘરોઈ, મોટા કોઠાસણા, વાંસડા = કુલઃ-૧૮ |
| ૧૯ | માર્ચ-૨૦૧૩ | ઉઝા, સીહી, લીહોડા, વિજાપુર, ખરોડ, બામણવા, ઈયાસરા, થોળ = કુલઃ-૮ |
| ૨૦ | એપ્રિલ-૨૦૧૩ | જાકાસણા, મુદરડા, ઝુલાસણા, મગરોડા, દઢીયાળ, કુવાસણા, કાજી અલીયાસણા, બેચરાજી, દેદરડા, ઉદેલા, ગણેશપુરા, ખેરાલું, સરકીટ હાઉસ, મોટપ, રણછોડપુરા, નંદાસણ, બેચરાજી = કુલઃ-૧૮ |
| ૨૧ | મે-૨૦૧૩ | જગુદન, હેડુવા (રાજગઢ), જેપુર, ફલુ, પાલેજ, વજાપુર, શોભાસણ, ગુંદરાસણ, ઉમતા, ઉઝા, ઓટલપુર, રેડલક્ષ્મીપુરા, ઘનાલી, મેઢા, મોદીપુર, લીચ, ગઢા = કુલઃ-૧૭ |
| ૨૨ | જૂન-૨૦૧૩ | ગઢા, આ.બા.ગઢા આ.બા. માઘુગઢ, બેચરાજી, સામેત્રા, કરશનપુરા, મરેડા, ઈન્દીરાનગર, ગોકળગઢ, રંગાકુઈ, લાલાજીપુરા, કંકુપુરા, કમાલપુર, મહાદેવપુરા, પામોલ, તાતોસણ, ઈન્દીરાનગર, દેલાવસાહત, દેદીયાસણ, જીઆઈડીસી, ગઢ, હરિપુરા = કુલઃ-૨૨ |
| ૨૩ | જુલાઈ-૨૦૧૩ | બલોલ, આણંદપુરા, ચાંદરડા, મહારાજપુરા, વેકરા, કડી, બેચરાજી, હેડુવા, હનુમંત, દવાડા, જગન્નાથપુરા, અમુઢ, ઉઝા, બળવંતપુરા, ગેરતપુર = કુલઃ-૧૫ |
| ૨૪ | ઓગસ્ટ-૨૦૧૩ | કામલી, ભુણાવ, ખેરાલુ, ખેરાલું, ખેરાલું, અમરાપુર, રસુલપુર, ખેરાલું, ઉઝા, વરેઠા, ડાલીસણા, શાહપુર, મેદોપુર, વિજાપુર, ઉબખલ, સયાજીનગર, કોટ, જેપુર, વિસનગર = કુલઃ-૧૯ |
| ૨૫ | સપ્ટેમ્બર-૨૦૧૩ | ચાંપા, સરણા, વડનગર, હાજીપુર, સલીપુર, વિજાપુર, ખેરાલું, સતલાસણા, સદરાણ, ખારી, વિજાપુર, ખેરાલું, વડનગર, વડનગર, જોટાણા, ગોઝારીયા, વિસનગર, સવાલા, કડી = કુલઃ-૧૯ |
| ૨૬ | ઓક્ટોબર-૨૦૧૩ | મેવડ, વડનગર, ખટાસણા, આસ્પા, ખેરાલું, સતલાસણા, રાજપુર (ગઢ), ધારાવાણીયા, છેલપુરા, ઉઝા = કુલઃ-૧૦ |
| ૨૭ | નવેમ્બર-૨૦૧૩ | વડનગર, શાહપુર (વડ) વડનગર, સિપોર, વડનગર, ઉઝા, સીહી, વરવાડા, પાલાવાસણા, ઉઝા, પળી, ટુંડાવ, ડાભી = કુલઃ-૧૩ |
| ૨૮ | ડિસેમ્બર -૨૦૧૩ | જોટાણા, બેચરાજી, મોટપ, ડોડીવાડા, ગણેશપુરા, બેચર, ગોઝારીયા, જોટાણા, ચડાસણા = કુલઃ-૦૯ |
| ૨૯ | જાન્યુઆરી-૨૦૧૪ | મોઢેરા, મોઢેરા, ભાટવાસ, ઉમરેચા, ઉઝા, ઉઝા, જેતલપુર, સાલડી, દેવરાસણ = કુલઃ-૦૯ |

| | | |
|---|---|---|
| ૩૦ | ફેબ્રુઆરી-૨૦૧૪ | બેચરાજી, કડી, જાદવપુરા, લુણાસણ, વણસોલ, રણાસણ, બેચરાજી, આદિવાડા, વેણપુરા, વિસનગર, વાલમ, ભાલમ, પાલાવાસણા, ચિત્રોડીપુરા, કડી, આનંદપુરા, ડાંગરવા, ઉંઝા = કુલઃ-૧૮ |
| ૩૧ | માર્ચ-૨૦૧૪ | કરાઈ, દેવરાસણ, ગુંજાળા, ઉદલપુર, કામલપુર, વસઈ, વિજાપુર, સતલાસણા, ગમાનપુરા, રબારીવાસ, વડું, ડાંગરવા, બેચરાજી, વિજાપુર, રણાસણ, ધનપુરા, ઘાંટુ, ખેરાલું, સતલાસણા = કુલઃ-૧૮ |
| ૩૨ | એપ્રિલ-૨૦૧૪ | હેડુવા (રાજગર), ઉંઝા, વિસનગર, નંદાસણ, ડાંગરવા, વડું, લાંઘણજ, ગોજારીયા = કુલઃ-૦૮ |
| ૩૩ | મે-૨૦૧૪ | હેડુવા (રાજગઢ), ખંડોસણ, વડનગર, વિસનગર, કડી = કુલઃ-૦૫ |
| ૩૪ | જૂન-૨૦૧૪ | સાકરી, ઉણાદ, ડાલીસણા, મંડાલી, ફતેપુરા, કમાણા, મગરોડા, ખરવડા, અલોડા, હરદેસણ, ગોરીસણા, મલારપુર, ચાડા, ભુણાવ, કહોડા, લીડી, વિશોળ, સુણક, ખરવડા, મગરોડા, કમાણા, વિરતા, દવાડા, ખરસદા, સરણા, જગાપુરા, કરશનપુરા = કુલઃ-૨૮ |
| ૩૫ | જુલાઈ-૨૦૧૪ | બેચરાજી, ઉંઝા, સેફ્રોનિ, મહેસાણા, વિસનગર, જોટાણા, કડી, ખેરપુર, વડાવી, મોકાસણ, ભટાસણ, દેદીયાસણ, પિરોજપુરા, બોરીસણા, આદુંદરા = કુલઃ-૧૪ |
| ૩૬ | ઓગસ્ટ-૨૦૧૪ | થોળ, વડનગર, કડા, બેચરાજી, વાવડી, વડનાલ, ભાલુસણા, નાનીભાલુ, કડી = કુલઃ-૦૯ |

જામનગર જિલ્લામાં રોઝી ગામથી રોઝી બંદર સુધી જવાનો રસ્તો રીપેર કરવા બાબત

અતારાંકિતઃ ૩૬૫૦ (તા.૧૫.૧૦.૨૦૧૪) શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય માર્ગ-મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) જામનગર જિલ્લામાં રોઝી ગામથી રોઝી બંદર સુધી જવા માટેનો રસ્તો ખરાબ સ્થિતિમાં છે તે ફરિયાદથી સરકાર તા. ૩૦મી જૂન, ૨૦૧૪ની સ્થિતિએ વાકેફ છે કે એમ, અને

(૨) જો હા, તો આ રસ્તાને ક્યાં સુધીમાં રીપેર કરી તૈયાર કરવામાં આવનાર છે ?

માર્ગ મકાન મંત્રીશ્રીઃ (૨૦-૦૧-૨૦૧૫) :

(૧) અને (૨)

ઉક્ત સ્થિતિએ આ રસ્તો ગુજરાત મેરીટાઇમ બોર્ડ પાસે હતો તે દરમિયાન બંદર અને વાહન વ્યવહાર વિભાગને એક રજુઆત મળેલ. તા. ૮-૯-૨૦૧૪ની સ્થિતિએ આ રસ્તો મેરીટાઇમ બોર્ડ દ્વારા રીપેર કરી મા.મ. વિભાગને સોંપેલ છે.

ગુજરાત સ્ટેટ કમિશન ફોર પ્રોટેકશન ઓફ ચાઇલ્ડ રાઇટસની રચના બાબત

અતારાંકિતઃ ૨૮૧૦ (તા.૨૮.૦૧.૨૦૧૪) ર્ડા. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) ગુજરાત સ્ટેટ કમિશન ફોર પ્રોટેકશન ઓફ ચાઇલ્ડ રાઇટસની રચના ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા ચાર વર્ષમાં કયારે કરવામાં આવી, અને

(૨) ઉકત કમિશનની સ્ટાફ પેટર્ન સંવર્ગવાર કેટલી મંજૂર કરવામાં આવેલ છે, તે પૈકી કેટલી ભરાયેલ છે અને કેટલી ખાલી છે.

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રીઃ (૧૭-૦૧-૨૦૧૫) :

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા. ૨૮-૦૯-૨૦૧૨ના જાહેરનામાં ક્રમાંકઃ જજઅ/૧૦૨૦૧૨/ ૨૨૩૧૫૪/છ થી.

(૨)

| ક્રમ | હોદ્દો | કુલ મંજુર થયેલ જગ્યાઓની સંખ્યા | સંવર્ગવાર ભરાયેલ જગ્યા | સંવર્ગવાર ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | સચિવ | ૧ | ૦ | ૧ |
| ૨ | નાયબ સચિવ, (હાલમાં જગ્યા અપગ્રેડ કરીને અધિક સચિવશ્રીની નિમણૂંક કરવામાં આવેલ છે.) | ૧ | ૧ | ૦ |
| ૩ | સેકશન અધિકારી | ૧ | ૧ | ૦ |
| ૪ | ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફર | ૨ | ૦ | ૨ |

| | | | | |
|---|---|---|---|---|
| | કક્ષા-૧ | | | |
| ૫ | નાયબ સેકશન અધિકારી | ૨ | ૧ | ૧ |
| ૬ | નાયબ હિસાબનીશ | ૧ | ૧ | ૦ |
| ૭ | કલાર્ક | ૨ | ૦ | ૨ |
| | કુલઃ- | ૧૦ | ૪ | ૬ |

ગાંધીનગર જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળાના લાભાર્થીઓ

અતારાંકિતઃ ૨૮૩૧ (તા.૧૪.૦૨.૨૦૧૪) શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા ગરીબ કલ્યાણ મેળામાં કેટલા લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી, અને

(૨) સહાયનો કુલ ખર્ચ કેટલો થયો ?

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રીઃ (૧૬-૦૧-૨૦૧૫) :

(૧) ૨૦૩ લાભાર્થીઓને

(૨) સહાયનો કુલ ખર્ચ રૂપિયા ૧૧,૨૯,૦૨૭-૦૦ થયેલ છે.

રાજ્યમાં દલિતો પ્રત્યેની અસ્પૃશ્યતા સર્વેની કામગીરી

અતારાંકિતઃ ૩૩૧૯ (તા.૯.૧૦.૨૦૧૪) શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં દલિતો પ્રત્યે ચાલી રહેલી અસ્પૃશ્યતાને તપાસવા છેલ્લા પાંચ વર્ષમાં કયા જિલ્લામાં સ્થળ પરનો વાસ્તવિક સર્વે હાથ ધરવામાં આવ્યો.

(૨) આ સર્વે મુજબ જિલ્લાવાર કેવા પ્રકારની અસ્પૃશ્યતા ચાલી રહી છે, અને

(૩) આ ગેરકાયદે પ્રવૃત્તિને રોકવા સરકારે શી કાર્યવાહી કરી ?

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રીઃ (૨૨-૦૧-૨૦૧૫) :

(૧) આવો કોઇ સર્વે હાથ ધરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

રાજ્યના છાત્રાલયોમાં ખાલી જગ્યાઓ

અતારાંકિતઃ ૩૪૫૭ (તા.૨૦.૦૯.૨૦૧૪) ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૭-૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ છાત્રાલયોની સંખ્યા જિલ્લાવાર કેટલી છે,

(૨) ઉકત સ્થિતિએ જિલ્લાવાર, સંવર્ગવાર કેટલું મહેકમ મંજુર થયેલ છે,

(૩) તેમાં ભરાયેલ જગ્યાઓ પૈકી જિલ્લાવાર કેટલી જગ્યાઓ સીધી ભરતી/ફીક્સ પગારથી ભરાયેલ છે, અને

(૪) જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, તથા રાજ્ય સરકાર ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવા માંગે છે ?

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રીઃ (૨૨-૦૧-૨૦૧૫) :

(૧) જિલ્લાવાર છાત્રાલયોની સંખ્યા
(અ) નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાના જિલ્લાવાર છાત્રાલયો પત્રક-૧*
(બ) નિમાયકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતાના જિલ્લાવાર છાત્રાલયો પત્રક-૨*

(૨) જિલ્લાવાર, સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ
(અ) નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાના જિલ્લાવાર છાત્રાલયોનું મહેકમ પત્રક-૩*
(બ) નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતાના જિલ્લાવાર છાત્રાલયોનું મહેકમ પત્રક-૪*

(૩) તેમાં સીધી ભરતીથી/ફીકસ પગારથી ભરાયેલ જગ્યાઓ
(અ) નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાની માહિતી પત્રક-૫*
(બ) નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતાની માહિતી પત્રક-૬*

(૪) જિલ્લાવાર ખાલી જગ્યાઓની માહિતી
(અ) નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાની માહિતી પત્રક-૭*
(બ) નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતાની માહિતી પત્રક-૮*

* (પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મહેકમ

અતારાંકિતઃ ૩૪૬૦ (તા.૨૦.૦૯.૨૦૧૪) ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૭-૨૦૧૪ ની સ્થિતિએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે તથા આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રીઃ (૨૧-૦૧-૨૦૧૫) :

(૧), (૨) અને (૩)

તા. ૩૧-૦૭-૨૦૧૪ની સ્થિતિએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ ભરાયેલ જગ્યાઓ, અને ખાલી જગ્યાઓની માહિતી *પત્રક-૧, *પત્રક-૨, *પત્રક-૩, *પત્રક-૪ અને *પત્રક-૫ માં સાથે સામેલ રાખેલ છે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

ગુજરાત સ્ટેટ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટસની રચના

અતારાંકિતઃ ૩૫૪૬ (તા.૨૦.૦૯.૨૦૧૪) ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) ગુજરાત સ્ટેટ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટસની રચના તા.૩૧-૦૭-૨૦૧૪ ની સ્થિતિએ ક્યારે કરવામાં આવી

(૨) ઉક્ત કમિશનના ચેરમેન/અધ્યક્ષ અને સભ્યો કોણ છે,

(૩) ઉક્ત કમિશનની સ્ટાફ પેટર્ન સંવર્ગવાર કેટલી મંજૂર કરવામાં આવેલ છે તથા તે પૈકી કેટલી ભરાયેલ છે અને કેટલી ખાલી છે, અને

(૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીઃ (૧૭-૧-૧૫) :

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા. ૨૮-૯-૨૦૧૨ના જાહેરનામા ક્રમાંક જજઅ/૧૦૨૦૧૨/૨૨૩૧૫૪/છ થી

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા. ૨૮-૯-૨૦૧૨ અને તા. ૨૧-૨-૨૦૧૩ના જાહેરનામાંથી.

| | | |
|---|---|---|
| ૧. | ડૉ. રામેશ્વરી પંડ્યા | અધ્યક્ષા |
| ૨. | ડૉ. નયનાબેન રામાણી | સભ્ય |
| ૩. | સુ.શ્રી રસીલાબેન સોજીત્રા | સભ્ય |
| ૪. | સુ.શ્રી ભારતીબેન તડવી | સભ્ય |
| ૫. | સુ.શ્રી મધુબેન સેનમા | સભ્ય |
| ૬. | સુ.શ્રી હેમાક્ષીબેન ચૌહાણ | સભ્ય |
| ૭. | સુ.શ્રી જીજ્ઞાબેન પંડ્યા | સભ્ય |

(૩)

| ક્રમ | હોદ્દો | મંજૂર થયેલી જગ્યાની સંખ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | સચિવ | ૧ | ૦ | ૧ | |
| ૨ | નાયબ સચિવ, (હાલમાં જગ્યા અપગ્રેડ કરીને અધિક સચિવશ્રીની નિમણૂક કરવામાં આવેલ છે.) | ૧ | ૧ | ૦ | |
| ૩ | સેક્શન અધિકારી | ૧ | ૧ | ૦ | |
| ૪ | ગુજરાતી/ અંગ્રેજી સ્ટેનોગ્રાફર કક્ષા-૧ | ૨ | ૧ | ૧ | |
| ૫ | નાયબ સેક્શન અધિકારી | ૨ | ૧ | ૧ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬ | નાયબ હિસાબનીશ | ૧ | ૧ | ૦ | |
| ૭ | કલાર્ક | ૨ | ૨ | ૦ | |
| | કુલ ...... | ૧૦ | ૭ | ૩ | |

(૪) પ્રતિનિયુક્તિની જગ્યા ઉપલબ્ધિ મુજબ અને આઉટસોર્સથી ભરવાની થતી જગ્યા જરૂરિયાત મુજબ ભરવામાં આવશે.

સંકલિત બાળ સુરક્ષા યોજનાના અમલ માટે જિલ્લા બાળ સુરક્ષા સમિતિની રચના

અતારાંકિતઃ ૩૭૦૭ (તા.૧૬.૧૦.૨૦૧૪) શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજ્યમાં સંકલિત બાળ સુરક્ષા યોજનાના અમલ માટે જિલ્લા બાળ સુરક્ષા સમિતિની ફરજીયાત રચના કરવાની જોગવાઈ થઈ છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૮-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યના કયા જિલ્લામાં આ સમિતિની રચના થઈ છે, અને

(૩) બાકીના જિલ્લામાં સમિતિની રચના ન થઈ હોવાના શા કારણો છે ?

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીઃ (૧૯-૧-૨૦૧૫) :

(૧) હા,

(૨) અમદાવાદ, અમરેલી, આણંદ, બનાસકાંઠા, ભરૂચ, ભાવનગર, મહેસાણા, ગાંધીનગર, ખેડા, દાહોદ, સાબરકાંઠા, પંચમહાલ, તાપી, નર્મદા, ડાંગ, વડોદરા, સુરત, નવસારી, કચ્છ, વલસાડ, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, જુનાગઢ, પોરબંદર, પાટણ

(૩) જિલ્લા બાળ સુરક્ષા સમિતિના અધ્યક્ષ તરીકે જિલ્લા પંચાયતના પ્રમુખ હોય છે. બાકીના જિલ્લા નવા રચાયેલ છે. અને નવા જિલ્લાઓમાં જિલ્લા પંચાયત પ્રમુખની નિમણૂંક થયેલ ન હોઈ આ નવરચિત જિલ્લાઓમાં જિલ્લા બાળ સુરક્ષા સમિતિની રચના થઈ શકેલ નથી.

બનાસકાંઠા જિલ્લામાં ઉદ્યોગકારોને બળતણ માટે ગેસનો પુરવઠો પુરો પાડવા બાબત

અતારાંકિતઃ ૪૩૮૬ (તા.૧૩.૦૧.૨૦૧૫) શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) બનાસકાંઠા જિલ્લાના નાના અને મધ્યમ ઉદ્યોગકારોને બળતણ માટે ગેસનો પુરવઠો પુરો પાડવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧-૦૭-૨૦૧૪ની સ્થિતિએ કેટલા ઉદ્યોગકારોને સરેરાશ ગેસનો દૈનિક જથ્થો પુરો પાડવામાં આવે છે ?

પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રીઃ (૩૦-૦૧-૨૦૧૫) :

(૧) બનાસકાંઠા જિલ્લામાં પાઈપલાઈન ગેસ નેટવર્કની સ્થાપના કરવા માટે પી.એન.જી.આર.બી. નવી દિલ્હીનું ઓથોરાઈઝેશન જરૂરી છે. તાજેતરમાં તા. ૧૯-૦૧-૨૦૧૫ના રોજ પી.એન.જી.આર.બી. દ્વારા બનાસકાંઠા જિલ્લામાં પાઈપલાઈન ગેસ નેટવર્કની સ્થાપના કરવા માટે સ્પર્ધાત્મક ધોરણે બિડીંગ પ્રક્રિયા શરૂ કરવામાં આવેલ છે. પી.એન.જી.આર.બી.ની સ્પર્ધાત્મક બિડીંગ પ્રક્રિયા બાદ જે તે સફળ બીડર (સી.જી.ડી.) કંપની દ્વારા બનાસકાંઠા જિલ્લામાં ગેસ નેટવર્કની સ્થાપના થઈ શકે તે આધારિત નાના અને મધ્યમ ઉદ્યોગકારોને બળતણ માટે ગેસનો પુરવઠો પુરો પાડી શકાય.

(૨) ઉપર જણાવ્યા મુજબ હાલમાં નાના અને મધ્યમ ઉદ્યોગકારોને બળતણ માટે ગેસનો પુરવઠો પુરો પાડવામાં આવતો નથી.

રાજ્યમાં રાઈટ ટુ ફોરેસ્ટ એક્ટ હેઠળ મળેલ અરજીઓ

અતારાંકિતઃ ૩૪૪૦ (તા. ૨૧.૧૦.૨૦૧૪દ્ધ ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૭-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર રાઈટ ટુ ફોરેસ્ટ એક્ટ હેઠળ કેટલી અરજીઓ મળેલ છે

(૨) તે પૈકી કેટલાં અરજદારોને જમીનની સનદો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર આપવામાં આવી અને

(૩) કેટલી સનદો આપવાની બાકી છે તથા બાકી રહેલ સનદો ક્યાં સુધીમાં આપવામાં આવશે ?

આદિજાતિ વિકાસ મંત્રીશ્રીઃ (૨૮-૧-૨૦૧૫) :

(૧) પત્રક-૧ મુજબ %
(૨) પત્રક-૨ મુજબ %
(૩) પત્રક-૩ મુજબ %

પત્રક-૧

| ક્રમ | જિલ્લાનું નામ | મળેલ અરજીની સંખ્યા |
|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૯,૪૮૮ |
| ૨ | સાબરકાંઠા | ૧૯,૬૨૫ |
| ૩ | પંચમહાલ | ૨૩,૬૬૬ |
| ૪ | દાહોદ | ૨૦,૧૫૦ |
| ૫ | છોટા ઉદેપુર | ૧૭,૫૫૭ |
| ૬ | નર્મદા | ૧૭,૭૮૩ |
| ૭ | ભરૂચ | ૪,૦૭૬ |
| ૮ | સુરત | ૭,૭૪૭ |
| ૯ | તાપી | ૧૧,૯૪૭ |
| ૧૦ | ડાંગ | ૭,૩૪૧ |
| ૧૧ | નવસારી | ૯,૩૨૨ |
| ૧૨ | વલસાડ | ૩૪,૧૬૭ |
| ૧૩ | અમદાવાદ | ૦૦ |
| ૧૪ | ગાંધીનગર | ૦૦ |
| ૧૫ | મહેસાણા | ૦૦ |
| ૧૬ | પાટણ | ૦૦ |
| ૧૭ | કચ્છ | ૦૦ |
| ૧૮ | સુરેન્દ્રનગર | ૦૦ |
| ૧૯ | રાજકોટ | ૦૦ |
| ૨૦ | જામનગર | ૦૦ |
| ૨૧ | જુનાગઢ | ૦૦ |
| ૨૨ | પોરબંદર | ૦૦ |
| ૨૩ | અમરેલી | ૦૦ |
| ૨૪ | ભાવનગર | ૦૦ |
| ૨૫ | ખેડા | ૦૦ |
| ૨૬ | આણંદ | ૦૦ |
| ૨૭ | અરવલ્લી | ૦૦ |
| ૨૮ | મોરબી | ૦૦ |
| ૨૯ | ગીર સોમનાથ | ૦૦ |
| ૩૦ | દેવભૂમિ દ્વારકા | ૦૦ |
| ૩૧ | બોટાદ | ૦૦ |
| ૩૨ | છોટા ઉદેપુર | ૦૦ |
| ૩૩ | મહીસાગર | ૦૦ |
| | કુલ મળેલ અરજીઓ .... | ૧,૮૨,૮૬૯ |

પત્રક-૨

| ક્રમ | જિલ્લાનું નામ | ઓગસ્ટ-૦૯ થી જુલાઈ-૧૦ | ઓગસ્ટ-૧૦ થી જુલાઈ-૧૧ | ઓગસ્ટ-૧૧ થી જુલાઈ-૧૨ | ઓગસ્ટ-૧૨ થી જુલાઈ-૧૩ | ઓગસ્ટ-૧૩ થી જુલાઈ-૧૪ | છેલ્લા પાંચ વર્ષમાં આપેલ અધિકાર પત્રો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૧૫૦૨ | ૧૩૯૯ | ૩૦૬ | ૧૧૯૬ | ૬૭૬૦ | ૫૦૭૯ |
| ૨ | સાબરકાંઠા | ૧૭૬૮ | ૬૬૭ | ૧૦૦૭ | ૨૦૪૯ | ૪૯૫ | ૫૯૮૬ |
| ૩ | પંચમહાલ | ૮૮૦ | ૮૪ | ૦ | ૦ | ૨૩૪૮ | ૩૩૧૨ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૪ | દાહોદ | ૨૪૦ | ૩૮ | ૭૮૩ | ૨૧૦૧ | ૬૩ | ૩૨૨૫ |
| ૫ | છોટાઉદેપુર | ૧૭૮૦ | ૩૩૬ | ૧૩૪૦ | ૨૯૫૭ | ૧૦૪ | ૬૫૧૭ |
| ૬ | નર્મદા | ૨૯૭૦ | ૧૯૧ | ૧૩૫૮ | ૧૬૩૧ | ૧૨૧૩ | ૭૩૬૩ |
| ૭ | ભરૂચ | ૬૩૭ | ૩૮૬ | ૧૦૬ | ૬૧૬ | ૨૬૭ | ૨૦૧૨ |
| ૮ | સુરત | ૧૧૫૬ | ૮૨૭ | ૧૪૩૨ | ૬૩૬ | ૧૮ | ૪૦૬૯ |
| ૯ | તાપી | ૬૯૪ | ૩૨૯ | ૨૮૬ | ૧૬૯૨ | ૨૦૪૫ | ૫૦૪૬ |
| ૧૦ | ડાંગ | ૦ | ૨૩૩ | ૨૪૮ | ૫૮૬ | ૧૦૪ | ૧૧૭૧ |
| ૧૧ | નવસારી | ૧૧૬૨ | ૬૨૨ | ૦ | ૧૩૩ | ૩૬૫ | ૨૨૮૨ |
| ૧૨ | વલસાડ | ૬૯૬૦ | ૬૯૩૭ | ૦ | ૦ | ૬૬૩૮ | ૨૦૫૩૫ |
| ૧૩ | અમદાવાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | ગાંધીનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૫ | મહેસાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | પાટણ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | કચ્છ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૮ | સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૯ | રાજકોટ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૦ | જામનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૧ | જુનાગઢ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૨ | પોરબંદર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૩ | અમરેલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૪ | ભાવનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૫ | ખેડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૬ | આણંદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૭ | અરવલ્લી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૮ | મોરબી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૯ | ગીર સોમનાથ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૦ | દેવભૂમિ દ્વારકા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૧ | બોટાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૨ | છોટાઉદેપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૩ | મહીસાગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ .... | ૧૯૭૪૯ | ૧૨૦૪૯ | ૬૮૬૬ | ૧૩૫૯૭ | ૧૪૩૩૬ | ૬૬૫૯૭ |

ક્રમાંક ૧૩ થી ૩૩માં દર્શાવેલ જિલ્લાઓમાં વન અધિકાર અધિનિયમ હેઠળ મળેલ અરજીઓ જુદા જુદા તબક્કે દાવા ચકાસણીની સ્વીકારવાની અને પ્રક્રિયા ગતિમાં છે.

પત્રક-3

આ કાયદા હેઠળ જમીનની સનદો નહીં પરંતુ અધિકારપત્રો આપવામાં આવે છે. નીચે મુજબના અધિકારપત્રો આપવાના બાકી છે. જે ચકાસણી હેઠળ છે. જે જેમ બને તેમ વહેલાં આપવામાં આવશે.

| ક્રમ | જિલ્લાનું નામ | અધિકારપત્રો આપવાના બાકી છે |
|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૦ |
| ૨ | સાબરકાંઠા | ૭૭ |
| ૩ | પંચમહાલ | ૧૦૫૩ |
| ૪ | દાહોદ | ૦૦ |
| ૫ | છોટા ઉદેપુર | ૦૦ |
| ૬ | નર્મદા | ૦૦ |
| ૭ | ભરૂચ | ૦૦ |
| ૮ | સુરત | ૦૦ |
| ૯ | તાપી | ૦૦ |

| | | |
|---|---|---|
| ૧૦ | ડાંગ | ૮૯ |
| ૧૧ | નવસારી | ૩૫ |
| ૧૨ | વલસાડ | ૦૦ |
| ૧૩ | અમદાવાદ | ૦૦ |
| ૧૪ | ગાંધીનગર | ૦૦ |
| ૧૫ | મહેસાણા | ૦૦ |
| ૧૬ | પાટણ | ૦૦ |
| ૧૭ | કચ્છ | ૦૦ |
| ૧૮ | સુરેન્દ્રનગર | ૦૦ |
| ૧૯ | રાજકોટ | ૦૦ |
| ૨૦ | જામનગર | ૦૦ |
| ૨૧ | જુનાગઢ | ૦૦ |
| ૨૨ | પોરબંદર | ૦૦ |
| ૨૩ | અમરેલી | ૦૦ |
| ૨૪ | ભાવનગર | ૦૦ |
| ૨૫ | ખેડા | ૦૦ |
| ૨૬ | આણંદ | ૦૦ |
| ૨૭ | અરવલ્લી | ૦૦ |
| ૨૮ | મોરબી | ૦૦ |
| ૨૯ | ગીર સોમનાથ | ૦૦ |
| ૩૦ | દેવભૂમિ દ્વારકા | ૦૦ |
| ૩૧ | બોટાદ | ૦૦ |
| ૩૨ | છોટા ઉદેપુર | ૦૦ |
| ૩૩ | મહીસાગર | ૦૦ |
| કુલ મળેલ અરજીઓ .... | | ૧૨૫૪ |

અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૩૭૮૦ | ૧ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૩૪૧૮, ૩૪૨૭, ૩૬૬૧, ૩૬૬૨, ૩૬૬૪, ૩૭૫૩, ૩૭૫૬, | ૭ |
| ૩ | નાણાં વિભાગ | ૩૯૦૨, ૩૯૦૩ | ૨ |
| ૪ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૩૪૪૭, ૩૪૪૮, ૩૭૪૩ | ૩ |
| ૫ | વન અને પર્યાવરણ વિભાગ | ૩, ૩૪૪૨, ૩૪૪૪, ૩૬૦૦, ૩૬૪૧ | ૫ |
| ૬ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૩૫૫૬, ૩૬૩૭ | ૨ |
| ૭ | ગૃહ વિભાગ | ૩૩૦૫, ૩૩૦૭, ૩૫૦૭, ૩૫૦૯, ૩૫૧૪, ૩૫૧૯, ૩૫૨૦, ૩૫૮૨, ૩૫૮૩, ૩૬૧૮, ૩૭૯૬ | ૧૧ |
| ૮ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૩૪૯૪, ૩૫૨૪, ૩૭૬૨, ૪૦૦૪ | ૪ |
| ૯ | શ્રમ અને રોજગાર વિભાગ | ૪૫૦૨ | ૧ |

તા. ૧૭મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

| | | | |
|---|---|---|---|
| ૧૦ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૩૩૧૮, ૩૭૨૫ | ૨ |
| ૧૧ | મહેસૂલ વિભાગ | ૩૧૮૭, ૩૭૯૩ | ૨ |
| ૧૨ | માર્ગ અને મકાન વિભાગ | ૩૬૫૦ | ૧ |
| ૧૩ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૨૮૧૦, ૨૮૩૧, ૩૩૧૯, ૩૪૫૭, ૩૪૬૦, ૩૫૪૬, ૩૭૦૭ | ૭ |
| ૧૪ | ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૪૩૮૬ | ૧ |
| ૧૫ | આદિજાતિ વિકાસ વિભાગ | ૩૪૪૦ | ૧ |
| | | કુલ | ૫૦ |

પોઇન્ટ ઓફ ઓર્ડર

પ્રશ્નોત્તરીકાળ દરમિયાન ગેરહાજર સભ્યશ્રીનો પ્રશ્ન પૂછવા દેવા બાબત

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. ૫મી માર્ચ, ૨૦૦૮ના રોજ આજે જે મુદ્દો ઉપસ્થિત થયો તેવો જ મુદ્દો હતો. પ્રશ્નોત્તરીકાળ દરમિયાન અગ્રતાક્રમ ૧૪ પરના પ્રશ્નના પ્રભારી ભરતભાઇ બારોટ ગેરહાજર હોવાથી તેમના બદલે પ્રશ્ન પૂછવા દેવા સભ્યશ્રી પ્રદિપસિંહ જાડેજાએ માનનીય અધ્યક્ષશ્રીને પરવાનગી આપવા વિનંતી કરી. સેઇમ ઇસ્યુ, ફરક એટલો કે આજે ગેરહાજર સભ્યશ્રી ચીમનભાઇ સાપરીયા હતા અને ઉભા થનાર શકિતસિંહ ગોહિલ હતા. આ સિવાયની પરિસ્થિતિ સેઇમ. નિયમોની જોગવાઇ, હું એમ નહોતો કહેતો કે મંત્રીશ્રીને આપ ફરજ પાડો. હું બરાબર નિયમ જાણું છું. નિયમમાં જોગવાઇ છે મંત્રીશ્રી પબ્લિક ઇન્ટરેસ્ટમાં જવાબ આપવા માગે તો આપી શકાય, અથવા ના પાડે, મારો સવાલ એટલો જ હતો કે અહીંયા આ પ્રશ્ન મને અગત્યનો લાગ્યો, બે પ્રાણઘાતક બનાવોનો, સભ્ય ગેરહાજર છે હું આપને માત્ર નિયમોના નિયમ ૮૬ થી એટલું જ જાણવા માગતો હતો કે મંત્રીશ્રી પબ્લિક ઇન્ટરેસ્ટમાં આનો જવાબ આપવા માગે છે? એક જ મિનિટમાં વાતનો અંત આવ્યો હોત, આપે એમને પૂછયું હોત અને એમણે ના પાડી હોત તો મારો અધિકાર નહોતો કે હું એમને કમ્પેલ કરી શકું. આપ પણ એમને કમ્પેલ ન કરી શકો. પરંતુ પરંપરા અને નિયમોની જોગવાઇ, ભૂતકાળમાં માનનીય પ્રદિપસિંહભાઇએ ભરત બારોટના પ્રશ્નમાં જે પરિસ્થિતિ નિર્માણ થઇ હતી એ જ પરિસ્થિતિ હતી એમાં આપનો આદેશાત્મક, અને માનનીય અધ્યક્ષશ્રીની ખુરશી મહાત્મા ગાંધીજીની તસ્વીર નીચે અમારા માટે માનનીય છે, અમે એમનું સંપૂર્ણ માન જાળવીએ, પરંતુ નિયમો અને પરંપરા તૂટે ત્યારે અમારી અકળામણ વધે એ સ્વભાવિક હોય છે. જે ખુરશીને અમે નમન કરીને બેસીએ છીએ એ ખુરશી પાસે અમારી અકળામણ માત્ર આટલા જ પૂરતી હતી, આથી વિશેષ નહિ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( સંસદીય બાબતોના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ ૮૬માં પ્રશ્ન પૂછવામાં ન આવ્યો હોય અથવા જે સભ્યના નામ ઉપર એ પ્રશ્ન હોય એ સભ્ય ગેરહાજર હોય તો પણ સંબંધિત મંત્રીશ્રીની વિનંતીથી, મંત્રીશ્રી આપને વિનંતી કરે કે મારે જવાબ આપવો છે. તો ને તો જ, આ સ્પષ્ટ લખ્યું છે, તમારી પાસે ચોપડી છે એ મારી પાસે છે. આ નિયમ છે. માનનીય સભ્યશ્રી આપને દબાણ કરી રહ્યા હતા, આપનુ ધ્યાન ખેંચવું એ એક બાબત છે, પણ તમે બંધાયેલા છો, તમે બંધાયેલા છો એવું એકથી વધારે વખત, અને અત્યારે ને અત્યારે હું ફરી વાર વાંચુ છું. સંબંધિત મંત્રીની વિનંતીથી જે તે વખતનો બનાવ જુદો હતો. સંબંધિત મંત્રીની વિનંતીથી, અહીંયા સંબંધિત મંત્રીશ્રીની વિનંતી નહોતી. મારી બે બાબત છે એક સંબંધિત મંત્રીશ્રીની વિનંતી અહીંયા નહોતી, એક સભ્ય કોઇ માનનીય અધ્યક્ષશ્રીને એક કરતાં વધારે વખત આપ બંધાયેલા છો, આપ બંધાયેલા છો, નિયમો વાંચો, નિયમો વાંચો એવું કહેવું પણ વ્યાજબી નથી.

અધ્યક્ષશ્રી : માનનીય શકિતસિંહજીએ પ્રશ્ન ક્રમાંક-૮માં પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે. જામનગર જિલ્લાનો પ્રશ્ન છે એમાં માનનીય સભ્યશ્રી હાજર નહોતા અને માનનીય શકિતસિંહભાઇનો આગ્રહ હતો કે આ પ્રશ્નનો જવાબ મંત્રીશ્રી આપે. હું સમજી શકું છું કે, માનનીય શકિતસિંહ, ખૂબ વિદ્વાન છે અને સંસદીય અભ્યાસ પણ એમનો ઘણો બધો છે. આપણા પૂર્વ અધ્યક્ષોના પણ અનેક રૂલિંગો છે, વિધાનસભાના પણ નિયમો છે. પરંતુ આપે પ્રશ્નોત્તરી અટકાવીને ખૂબ જ આગ્રહ કર્યો અને ભૂપેન્દ્રસિંહજીએ પણ નિયમો ટાંકીને ચર્ચામાં ભાગ લીધો છે, પણ આપનો આગ્રહ ઘણો બધો હતો એટલે ખૂબ અભ્યાસ કરીને રુલીંગ આપીશ. કારણ કે, અધ્યક્ષના રુલીંગ લાંબા ગાળા સુધી અસર કરતા હોય છે. હું કદાચ પ્રશ્નોત્તરી દરમિયાન જ નિયમ-૮૬ ટાંકીને આપને જવાબ આપી શક્યો હોત. પરંતુ આપણે એવી પરંપરા પાડવી નહોતી. છતાં હું વિગતવાર અભ્યાસ કરીને રુલીંગ આપીશ. નેક્સ્ટ.

પોઇન્ટ ઓફ ઓર્ડર
અધ્યક્ષશ્રીના અવમાન બાબત

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આજે પ્રશ્નોત્તરીના કાળ દરમિયાન એક સભ્યની અનુપસ્થિતિના કારણે માનનીય સભ્યશ્રી શકિતસિંહજીએ આપના દ્વારા અનુમતી નહીં આપવા છતાં પણ આપની સામે અવિવેક લાગે એ પ્રમાણે લાંબા-ટૂંકા હાથ કરીને, આ વિધાનસભાની અંદર અધ્યક્ષ એ સર્વોચ્ચ પદ હોય છે. સંસદીય પ્રણાલી અને વિધાનસભાના નિયમોના નિયમ પ્રમાણે ગૃહની કાર્યવાહી ચાલતી હોય છે અને જ્યારે આ સભાગૃહની અંદર અધ્યક્ષનું અવમાન થતું હોય તો એના જેવી ખરાબ ઘટના કોઇ ન ગણી શકાય. આપના દ્વારા કહેવામાં આવ્યું કે, મંત્રીશ્રી દ્વારા અનુમતી નથી, એને હું એલાઉ કરતો નથી. પ્રશ્નોત્તરી કાળ એ વિધાનસભાની અંદર સૌથી અગત્યનો કાળ છે. કેટલાય સભ્યોની લાગણી એની અંદર જોડાયેલી છે અને આપના આદેશ પછી, એ આદેશનું અવમાન થાય, અધ્યક્ષની ચેરનું અવમાન થાય, આપે એમને ઠપકો આપવો જોઇએ. જેથી કરીને આ પ્રમાણેની ઘટના ન થાય, આ પ્રમાણેના બનાવો ન થાય અને સંસદીય પ્રણાલીકાનું હાઉસની અંદર જતન થાય એના માટે આપ આદેશ આપો.

અધ્યક્ષશ્રી : માનનીય પ્રદિપસિંહજીનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે એના ઉપર પણ હું પછી રુલીંગ આપીશ. હવે આપણે ચર્ચા ન લંબાવીએ હાઉસનું ઘણું બધું કામ છે. પ્લીઝ. કોઇ એક સભ્ય ચર્ચા કરે. બીજા કોઇ નહીં. પ્લીઝ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ :માનનીય અધ્યક્ષશ્રી, એમણે મારું નામ દઇને કહ્યું છે અને આપે મને ખુલાસા માટે તક આપી છે. ગૃહનું સંચાલન સુચારૂરૂપથી ચાલે એ આપ જોતા હોવ છો. બન્ને પક્ષની જવાબદારી હોય છે. ભૂતકાળમાં માનનીય સ્વ. નટવરલાલ શાહ અને સ્વ. શ્રી રાઘવજીભાઇએ વારંવાર કહ્યું છે કે, અમે સમજી શકીએ છીએ કે, એ સભ્ય છે, એનો આક્રોશ અને અકળામણ અધ્યક્ષ પચાવી શકે છે. પરંતુ મંત્રી મંડળે એમની મર્યાદાઓ ચૂકવી જોઇએ નહીં. આવા એક નહીં અનેક વખતના ઉદાહરણો છે. આ જગ્યા ઉપર બેસીને આ ખુરશીનું માન, સ્વમાન પૂરેપૂરું જળવાય એની હંમેશાં ચિંતા કરતો હોઉં છું. માનનીય અધ્યક્ષશ્રી, આપને આ જજમેન્ટ એટલા માટે બતાવ્યું અને મારી અકળામણ વધવાનું કારણ એટલું જ હતું કે, એ જ માનનીય પ્રદિપસિંહ જ્યારે સભ્ય હતા અને ભરતભાઇ બારોટ ગેરહાજર હતા, એ સભ્ય તરીકે એમણે વાત કરી હતી એ વાતના આધાર પર અને નિયમોથી આપ પણ બંધાયેલ છો અને હું પણ બંધાયેલ છું, આ ગૃહનો દરેક વ્યક્તિ બંધાયેલો છે અને કદાચ મારું એવું કહેવું કે, નિયમોના બંધનથી ઉપર કોઇ નથી. એનો અર્થ એવો ન થઇ શકે કે, હું આ ખુરશીનું અપમાન કરવા માગું છું. માનનીય આત્મારામભાઇ અહીંયાં બેઠા હતા અને મંત્રી મંડળના સભ્યોએ એમની સામે જે વલણ રાખ્યું, આ ખુરશીનું અપમાન મંત્રી મંડળના સભ્યો કરતા હતા (અંતરાય) એટલી વાત કરીને વિરમું છું.

અધ્યક્ષશ્રી : શ્રી શક્તિસિંહજી હવે બહુ લાંબો વિષય નહીં કરીએ. ચાલો. (અંતરાય) આપે ફરી શ્રી પ્રદિપસિંહનું નામ લીધું એટલે એમને તક આપવી પડે. શ્રી પ્રદિપસિંહને તક આપીએ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શક્તિસિંહે મારા નામનો ઉલ્લેખ કરીને કહ્યું કે, જે તે વખતે હું ધારાસભ્ય હતો અને એ વખતે મેં આ રજૂઆત કરી હતી. એમની વાત સાથે સંમત થઉં છું. પણ મારી વાતમાં એક સભ્યનો અધ્યક્ષશ્રી સામેનો સૌમ્યતાપૂર્ણ વ્યવહાર હોવો જોઇએ એવો અભિગમ હતો. આપ સમગ્ર હાઉસનું સંચાલન કરો છો, આપ વિડિયો રેકોર્ડીંગના ફૂટેજ જો જો. એમની વાતની અંદર સૌમ્યતા નહોતી એ અધ્યક્ષની સીટનું અવમાન હતું.

અધ્યક્ષશ્રી : હું ફુટેજ જોઇ લઇશ. (અંતરાય) ભુપેન્દ્રસિંહજી ઘણી લાંબી ચર્ચાઓ ચાલશે, હું રેકોર્ડીંગ જોઇ લઇશ. (અંતરાય) ભુપેન્દ્રસિંહજી, આપને નમ્ર વિનંતી છે કે હવે આપણે આને લાંબુ ના કરીએ, પ્લીઝ.. આપ બેસો, (અંતરાય) તમે તો બેસો, તમારે ગૃહ ચલાવવાનું છે? (અંતરાય) આપે ગૃહ ચલાવવાનું છે? હું એમને વિનંતી કરુ છું છતાં આપ ત્યાંથી બુમ મારો છો. (અંતરાય) શકિતસિંહજી, તમે કયાંક આજે ખૂબ વિવેક ચૂકી રહ્યા હોય એવું મને લાગે છે. પ્લીઝ.. આટલા અભ્યાસુ છો, આપ તો ખૂબ વિદ્વાન છો, આપ બેસો. (અંતરાય) પરેશભાઇ, આપ બેસો

શોકદર્શક ઉલ્લેખ

શ્રીમતી આનંદીબેન મ. પટેલ (સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે પ્રખર ગાંધીવાદી નેતા અને ગુજરાત વિદ્યાપીઠના પૂર્વ કુલપતિ શ્રી નારાયણભાઇ મહાદેવભાઇ દેસાઇનું તા. ૧૫મી માર્ચ, ૨૦૧૫ના રોજ ૯૦ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થ દેસાઇનો જન્મ તા. ૨૪મી ડીસેમ્બર, ૧૯૨૪ના રોજ વલસાડ મુકામે થયો હતો. ૧૧૮ જેટલી ગાંધીકથાના ગાન માટે જાણીતા એવા સ્વર્ગસ્થશ્રી દેસાઇએ ક્રાંતિવિદ્યાલય વેડછીના નિયામક તરીકે અને ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ તરીકે અમૂલ્ય સેવાઓ આપી હતી. સર્વોદય કાર્યકર, પત્રકાર અને કેળવણીકાર તરીકે યશસ્વી કામગીરી કરનાર તથા વિનોબા ભાવેના ભૂદાન આંદોલન અને જયપ્રકાશ નારાયણની સંપૂર્ણ ક્રાંતિની સાથે જોડાયેલા રહીને શ્રી દેસાઇએ ગાંધી મૂલ્યોની સંસ્થાઓને નેતૃત્વ પૂરું પાડયું હતું. સ્વર્ગસ્થશ્રી દેસાઇ પોતાને ગાંધીજીના ખેપિયા તરીકે ગણાવતાં હતાં અને યુવાનોમાં ગાંધી વિચાર જળવાઇ રહે એ માટે મોટી સંખ્યામાં યુવા શિબિરો કરતા હતા. પૂજ્ય મહાત્મા ગાંધીજીના સાનિધ્યમાં બાળપણ વિતાવનાર અને ગાંધીજીના અનન્ય ભકત સ્વર્ગસ્થશ્રી દેસાઇએ ''અગ્નિકુંડમાં ઉગેલું ગુલાબ'' અને ''મારું જીવન એ જ મારી વાણી'' નામે ચાર ભાગમાં ગાંધીજીનું જીવન ચરિત્રય લખેલ છે. ગુજરાતમાં ભૂમિપૂત્રના સ્થાપક તંત્રી, હિંદીમાં ''સર્વોદય જગત'' અને અંગ્રેજીમાં વિજિલના સંપાદન પ્રકાશનમાં તેઓશ્રી સહયોગી રહ્યા હતા તેમજ આ ઉપરાંત તેઓશ્રીએ નાના મોટાં અનેક પુસ્તકો પણ લખ્યા છે. તેઓશ્રીને સાહિત્યનાં પારિતોષિકો જેવા કે નર્મદ સુવર્ણ ચંદ્રક, દર્શક એવોર્ડ, ભારતીય સાહિત્ય અકાદમી એવોર્ડ, જમનાલાલ બજાજ એવોર્ડ, યુનેસ્કોનું મદનજીતસિંહ પ્રાઇઝ, રણજિતરામ સુવર્ણ ચંદ્રક અને જ્ઞાનપીઠ તરફથી મૂર્તિદેવી

એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. મહાત્મા ગાંધીજીની વિચારધારાને લોકો સુધી પહોંચાડનાર વિદ્વાન સ્વર્ગસ્થ દેસાઇ ગાંધી મૂલ્યોની રખેવાળી અને અમલીકરણ માટે સંઘર્ષ કરતા હતા. ગાંધી સમર્પિતભાવ સાથે સમગ્ર જીવનમાં તેઓશ્રીએ ગાંધી મૂલ્યોના પ્રહરી અને પ્રતિબદ્ધ લોકસેવક તરીકે જીવન વિતાવ્યું હતું. તેઓશ્રીના અવસાનથી ભારતે અને ખાસ કરીને ગુજરાત રાજયએ ગાંધી કથાનાં માધ્યમથી સાંપ્રત પેઢીમાં ગાંધીજીના શાશ્વત વિચારો પ્રસરાવનાર જાગૃત પ્રહરી ગુમાવ્યા છે. ગાંધી મૂલ્યોનું જતન કરનાર, સાદગીપૂર્ણ સંપૂર્ણ અને સાર્થક જીવન જીવનાર અનન્ય ગાંધીવાદી વ્યકિતત્વની ચીર વિદાયથી રાજયએ ગાંધીજીના આચાર વિચાર અને પ્રસારનો વિશાળ વડલો તેમજ સંનિષ્ઠ આગેવાન ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વતશાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ભીમજીભાઇ જગન્નાથભાઇ પટેલનું તારીખ ૧૮મી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ ૮૧ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થ શ્રી પટેલનો જન્મ ચોથી સપ્ટેમ્બર, ૧૯૩૩ના રોજ બનાસકાંઠા જિલ્લાના સુઇ ગામ તાલુકાના માધુપુરા મુકામે થયો હતો. સ્વર્ગસ્થશ્રી પટેલે બી.એસ.સી.(એગ્રી) ઓનર્સ, એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કર્યો હતો અને વ્યવસાયે વકીલ અને નોટરી હતા તેમજ સમાજ સેવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી પટેલે બીજી ગુજરાત વિધાનસભામાં થરાદ મતવિસ્તારમાંથી ચૂંટાઇ આવી ખેડૂતોના પ્રશ્નો માટે જાગૃત ધારાસભ્ય તરીકે સેવાઓ આપી હતી. તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉત્તમ સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ, અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી જગતાભાઇ પુરાભાઇ પરમારનું તારીખ ૭મી માર્ચ, ૨૦૧૦ના રોજ ૮૩ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી પરમારનો જન્મ ૨૫મી ઓકટોબર, ૧૯૨૬ના રોજ બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના ડોડ ગામે થયો હતો. સ્વર્ગસ્થશ્રી પરમાર ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી પરમારે ત્રીજી ગુજરાત વિધાનસભામાં થરાદ મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી લોકોના પ્રશ્નોને વાચા આપી હતી. તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉત્તમ સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા(વિરોધ પક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનીય મુખ્યમંત્રીશ્રી જે ત્રણ સ્વર્ગસ્થ આગેવાનો માટે શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.શ્રી નારાયણભાઇ મહાદેવભાઇ દેસાઇ આ ગૃહના સભ્ય નથી તો પણ ગૃહની ઉચ્ચ પરંપરા પ્રમાણે આપના માધ્યમથી સરકારશ્રી જે શોક પ્રસ્તાવ લઇને આવી છે એને હું આવકારું છું. બહુ ઓછા મહાનુભાવો ગૃહના સભ્ય ન હોય તો પણ પ્રજાના પ્રતિનિધિ, લોકસભા હોય, રાજ્યસભા હોય કે વિધાનસભા હોય એમાં એમને એક સારી આદરાંજલિ, શોકાંજલિ આપી માનપૂર્વકની એમના માટેની વાતો બધા સમક્ષ મૂકતાં હોઇએ છીએ. સ્વ.શ્રી નારાયણભાઇ દેસાઇ અનાવિલ સમાજમાંથી આવતાં મહાદેવભાઇ ગાંધીજી માટે કદાચ મહાદેવભાઇ ન હોત, મહાદેવભાઇની ડાયરીના ઉલ્લેખો ન હોત તો ગાંધીજીની ઘણી બધી વાતો દેશ અને દુનિયા સમક્ષ કદાચ રજૂ ન થઇ હોત. જે ગાંધીજી સત્તા વિમુખ, સત્તાથી દૂર છતાં પણ એમના પડછાયા બનીને રહેવું, કડવી વાતો પણ ગાંધીજીને કહેવી એ મહાદેવભાઇનો ગુણ હતો. એ જ રીતે જેમ ગાંધીજીના અંતેવાસી મહાદેવભાઇ હતા એમ જયપ્રકાશ નારાયણના અંતેવાસી નારાયણભાઇ હતા. માણસો ડીગ્રી માટે ભણતા હોય છે, સ્કૂલ કોલેજ કરતા હોય છે. નારાયણભાઇ દેસાઇને કોઇ ડીગ્રી નહોતી મળી. ગાંધીજીના સાનિધ્યમાં રહેવાના હિસાબે મહાત્મા ગાંધીજીએ વિદ્યાપીઠની સ્થાપના કરી ત્યારે બાળપણમાં જે કાંઇ પ્રાથમિક એજ્યુકેશન મળ્યું હશે એ, છતાં પણ અનેક એવોર્ડઝ, અનેક ચંદ્રકો એ જ્ઞાનપીઠ એવોર્ડ હોય, નર્મદ હોય, રણજીતરાય સુવર્ણચંદ્રક હોય, દુનિયાભરના એવોર્ડો એમને મળ્યાં છે. હું માનું છું ત્યાં સુધી આ એક બહુ મોટી વાત છે કે ડીગ્રી વગર માણસને આટલું બધું માન મળે. એ ગાંધીજીનો બાબલો, ગાંધીજીનો ખેપિયો, એ જ્યારે ગાંધી કથા કહે ત્યારે ગાંધીજીના ખોળામાં બેઠા હોય એમ ઓતપ્રોત થઇને, ગાંધીજી મને બાબલો કહીને બોલાવતા અને જે બાળપણ યાદ આવતું હતું. ગાંધી કથા જેમણે સાંભળી હોય અથવા જોઇ હોય તો નારાયણભાઇ જ્યારે કથા કરતા ત્યારે એક અલગ આનંદ એમનો હોય છે. આવા મહાત્મા ગાંધીજી, જયપ્રકાશ નારાયણજી જ્યારે સંપૂર્ણ ક્રાંતિનો સંદેશો લઇને નીકળ્યા ત્યારે એમના સાનિધ્યમાં એમના પી.એ. થઇને બહુ સારી રીતે એક બીજી સંપૂર્ણ ક્રાંતિની દિશામાં એમણે જયપ્રકાશજીને આગળ લાવવામાં એમનું યોગદાન મોટું હતું. ગાંધીવાદી ગાંધી વિચાર સરણી મહાદેવભાઇ દેસાઇ, સર્વોદયવાદી વિનોબાજીની અસર અને જયપ્રકાશજીની અસર બન્નેનું સાનિધ્ય આવ્યું હશે. મને લાગે છે કે નારાયણભાઇ દેસાઇ જેવા માણસોમાં એક અપવાદ હતો. આવો સાદો, સીધો અને સરળ માણસ, કોઇ અભિમાન નહીં. મને જયપ્રકાશ નારાયણના ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસમાં એમની સાથે રહેવાનો મોકો મળેલો. જયપ્રકાશજીના સાનિધ્યમાં મને એમણે જવાબદારી આપેલી કે આમને તમે ઘ્યાન રાખજો અને સાચવજો. એમનું ડાયાલિસિસ કરવાનું હોય કે બીજું કામકાજ હોય, સરસ મજાના પ્લાનર. પ્રવાસ પૂરો થાય ત્યારે સાત–આઠ મિત્રો કાલે શું કરવાનું એની ખુલ્લા મને ચર્ચા કરે. આવા સાદા અને સીધા કહી શકાય એવા ગુજરાત સાથે જેને સંબંધ છે અને છતાં ઇન્ટરનેશનલ જેમને પ્રખ્યાતિ મળી છે એવા નારાયણભાઇ દેસાઇ આપણા વચ્ચે નથી રહ્યાં. આપ હાજર રહ્યા એ સારું થયું. ગુજરાતના સ્પીકર પણ એમના અગ્નિદાહ વખતે વેડછી ખાતે હાજર રહીને આપે એમને શ્રદ્ધાંજલિ આપી એ સારી વાત છે. એમના પરિવારમાં નચિકેતા પુત્રી ડોકટર છે અને એક પુત્ર છે. બન્નેને જેટલું આશ્વાસન આપીએ એટલું ઓછું છે. હું કહીશ કે જાહેર જીવનમાં પડેલા લોકોને પરિવાર જેવું હોતું નથી. એમનો પરિવાર આખી દુનિયા, જેમ છેલ્લે છેલ્લે ગુજરાતને એમણે હેડ ક્વાર્ટર બનાવ્યું અને વેડછી આશ્રમમાં

રહીને ત્યાં જ એમનો પરિવાર. નચિકેતાને હું બહુ નજીકથી ઓળખું છું. એમને પિતા હતા પણ પિતા ક્યાં હતા, એમનો પ્રેમ કદાચ કેટલો મળ્યો હશે એ પ્રશ્નાર્થ છે. એમના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે અને અમના કુટુંબિજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

એવી જ રીતે બે મહાનુભવો ભીમજીભાઇ પટેલ બનાસકાંઠા જેવો પછાત જિલ્લો આજના પેટલ સમાજમાં એટલું ભણતર હતું કે કેમ તે એક મોટો પ્રશ્ન છે પણ સ્વબળે ભીમજીભાઇ જાતે બી.એસ.સી. એગ્રીકલ્ચર આણંદમાં અને એન.એચ. લો–કોલજમાં કાયદાના વિદ્યાર્થી બહુ અપવાદ હોય, ગામડાંમાં અભ્યાસને બહુ મહત્વ ના હોય તો પણ સ્વબળે જે કાંઇ એમના કુટુબિજનોએ તક પૂરી પાડી હશે. આવા વ્યવસાયે વકીલ અને બહુ સારા, નિરાભિમાની, બહુ સારી સેવાઓ બનાસકાંઠા વિસ્તારમાં એમના વતનની આજુબાજુમાં શૈક્ષણિક પ્રવૃત્તિમાં પોતે કેટલી તકલીફ લઇને ભણ્યાં, મારો સમાજ અને બાકીનો સમાજ સારી રીતે શિક્ષણ મેળવે એના માટે એમના મત વિસ્તારમાં એમને સારી એવી શૈક્ષણિક સંસ્થાઓ પણ ઊભી કરી એવા ભીમજીભાઇ નિરાભિમાની, સાદા–સીધા, કોઇને ખબર ના પડે કે આ ધારાસભ્ય હશે. મારાં ખ્યાલથી એ વખતે અપક્ષ જીત્યાં હતાં અને પાછળથી કદાચ બીજી પાર્ટીમાં ગયા હોય તો મને ખબર નથી. એવી રીતે જગતાભાઇ થરાદની સીટ, વાવ અનામત સાથે સંકળાયેલી હતી. અનામત શિડ્યલ કાસ્ટ માટેની આ સીટ હતી. આમાં લખ્યું છે ૨૦૧૦ તો આટલા વખત સુધી એમનો શોક પ્રસ્તાવ આપની પાસે કેમ નહિ આવ્યો હોય એની જરૂર તપાસ થવી જોઇએ અને એવા સીધા–સાદા સરળ એવા જગતાભાઇનું પણ અવસાન થયું છે, એમનો પણ શોક પ્રસ્તાવ આપણે હાઉસમાંથી પસાર કરીને એમના પરિવારજનોને ભીમજીભાઇ અને જગતાભાઇના પરિવારજનોને આપના માધ્યમથી આપણી લાગણી પહોંચાડવામાં આવે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે વાત કરી એમાં હું મારો સૂર પુરાવું છું.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, આપણાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના કેટલાંક એવા પ્રસંગો છે કે જે કદાચ હવે સમાજની વચે જીવંત નિરૂપણ કથાના સ્વરૂપે કરનાર વ્યકિત આપણને જોવા નહિ મળે. સ્વ.નારાયણભાઇ દેસાઇની ગાંધી કથા ભાવનગર ફિલોસોફિકલ લૉજમાં ચાલતી હતી અને ત્યાં બેસીને સાંભળી. એક અંગત મુલાકાત કરવા અને એમની સાથે વાત કરવાનો મારો નાતો રહ્યો. ગાંધીજીના જીવનના પ્રસંગો પુસ્તકોમાં કે કોઇ પિકચર સ્વરૂપે નિર્માણ થયેલાં ચલ–ચિત્રોમાં જોઇએ એના કરતાં જીવતં ઉદાહરણરૂપે જીવંત વાત અને મહાન વિભૂતિ. એના જીવનની કેટલી મહાનતા હતી. એ નારાણભાઇ દેસાઇની કથાઓમાં જીવંત રીતે નીતરતી હતી. એમના જવાથી ગાંધીજીની કથા કરનારું એ વ્યાસપીઠ પર બેસીને ગાંધીજીના જીવનના એવા પ્રસંગો કે આજની યુવા પેઢી પણ જેમાંથી પ્રેરણા લે છે. એમની કથા જ્યારે અમદાવાદના ગાંધી આશ્રમમાં ચાલતી હતી ત્યારે હું એ કથામાં પણ ગયો હતો. કોલેજમાં ભણતાં યુવાન દીકારા–દીકરીઓ પણ નારાયણભાઇ દેસાઇની એ ગાંધી કથામાં આવીને બેસતાં. આ દેશને જે વિચારધારાની જરૂર છે. આ દેશને સાચી રીતે સમજવા માટે જે વિચારધારાની જરૂર છે એ વિચારધારાને ગાંધી કથારૂપે કહેનારું વ્યક્તિત્વ એ સ્વ.નારાયણભાઇ દેસાઇ હતા. હું સ્વ.નારાયણભાઇ દેસાઇને જે રીતે મારા પક્ષના નેતાએ કહ્યું, તેમની જ્યારે કથામાં વાત થતી હોય ત્યારે એ કથામાં ઓતપ્રોત થઇને વાત કરતા હતાં. એ સ્વ.નારાયણભાઇ દેસાઇને મારા વતી શોકાંજલિ અર્પુ છું. સ્વ. ભીમજીભાઇ અને અન્ય આ ગૃહના સ્વ.જગતાભાઇના માટે જે શોકદર્શક ઉલ્લેખો અહીંયા થયા છે એમાં મારો સૂર પૂરાવીને વિરમું છું.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા પક્ષના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ત્રણ મહાનુભવોના અવસાન નિમિતે જે શોકદર્શક ઉલ્લેખ કર્યો તેમાં હું મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નારાયણભાઇ એક ધૂપસળી જેવું જીવન જીવીને સુવાસ ફેલાવી ગયા. અનેક યુવાનો સાદગી, ખાદી, ગ્રામ્ય સ્વરાજ, સ્વદેશી, વ્યસન મુક્તિ અને સ્વચ્છતાના ગાંધી કથાના માધ્યમથી પાઠ ભણાવતા ગયા. અનેક નવી પેઢીને મુકતા પણ ગયા કે, જે જ્યાં હોય ત્યાં આ વિચારોને ધરતી ઉપર લાવવાનું કામ કરશે અને કાયમી એમનું જીવન અમર કરતા ગયા.

માનનીય અધ્યક્ષશ્રી, એક જગતાપભાઇ પરમાર, થરાદની અંદર રહેવાનું, બિલકુલ સાદગીપૂર્ણ જીવન, દલિત સમાજના અમારા આગેવાન. આજીવન બિલકુલ સાદગીપૂર્ણ, આખુ જીવન કોઇ ગામની અંદર હોય તો પણ બીજાને નાની મોટી ઉપયોગી થવાનું કામ, બાકી ક્યાંય નહીં, પોલિટિક્સ બાકીનું પણ નહીં અને બને તે રીતે બીજાનું ભલુ કરવાની એમની ભાવના.

માનનીય અધ્યક્ષશ્રી, એવા જ સ્વ.શ્રી ભીમજીભાઇ, હિન્દુસ્તાનની સરહદ ઉપર આવેલું છેલ્લું ગામ અને ત્યાં આગળ જન્મેલા માધુપુરા ગામે. એટલે ભારતના એક ખૂણામાંથી આટલા વર્ષો પહેલાં જ્યાં કોઇ સુવિધા પણ નહીં, નહીં શિક્ષણ, નહીં સ્કુલો, ચાલીને ગાડા ઉપર બેસીને કેટલે દૂર દૂર સુધી જાય ત્યારે ત્યાં છાત્રાલયોની અંદર રહી અને અભ્યાસ કરવાનો. અને એ રીતે અભ્યાસ કરીને એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કર્યો અને ત્યારે બિલકુલ સૂકો વિસ્તાર, દુષ્કાળગ્રસ્ત વિસ્તાર, સરહદી વિસ્તાર, કાયદાનું શાસન પણ ત્યાં જોઇએ એટલા પ્રમાણમાં સ્થાપિત થયેલું નહીં, એવા સંજોગોમાં સ્વ.શ્રી ભીમજીભાઇ ત્યાં આગળ ધારાસભ્ય તરીકે ચૂંટાયા અને ચૂંટાયા પછી પણ એજ ખભે થેલો હોય, ખાદીનો એ ઝભ્ભો, માથે ટોપી પહેરેલી, આજે પણ એ દ્રશ્ય બિલકુલ નજર સામે દેખાય. સતત લોકોનું કામ, લોકોનું કામ એક જ વાત. એ વિસ્તારમાં નર્મદાનું પાણી પહોંચે એના માટે જીવનભર મહેનત કરતા અને એક જ વાત, અમારે જીવતા જીવ એક વખત આ ધરતી ઉપર નર્મદાનું પાણી પહોંચી જાય તો બસ, અમે મુવા પણ ગત પામીએ. આ રીતનું એમનું સ્વપ્ન અને અત્યારે નર્મદાના પાણીના વધામણા કર્યા ત્યારે એમણે કહ્યું, હવે હું મૃત્યુ પામું તો પણ મને શાંતિ થશે. આ ધરતી ઉપર, નર્મદાનું પાણી પહોચ્યું એટલે અમને હવે ચિંતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આજીવન લોકોની જ માત્ર ચિંતા કરવાની એવા અમારા વિસ્તારના મારા વડિલ શ્રી ભીમજીભાઇ ત્યાં આગળ આ ધરતી ઉપર નથી. આવા ત્રણેય મહાનુભાવોના પરિવારને આ ગૃહના માધ્યમથી દિલસોજીનો સંદેશો પાઠવું છું.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતાશ્રી અને વિપક્ષના નેતાશ્રીએ આદરણીય બંને

નેતાઓએ સ્વ.શ્રી નારાયણભાઇ દેસાઇ, સ્વ. શ્રી ભીમજીભાઇ જગન્નાથભાઇ પટેલ અને સ્વ.શ્રી જગતાભાઇ પુરાભાઇ પરમારના અવસાન અંગે શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે એના ઉપર હું પણ મારો સૂર પુરાવું છું.

અધ્યક્ષશ્રી : ભાઇ, શોક પ્રસ્તાવ ચાલતો હોય ત્યારે મહેરબાની કરીને કોઇ સભ્ય ઉભા નહીં થાય, પોતાની જગ્યા પણ ન લે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નારાયણભાઇ દેસાઇનું તો અમે નામ જ સાંભળ્યું, એ ગાંધી વિચારોના પ્રખર પ્રવક્તા હતા. માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.શ્રી ભીમજીભાઇ જગન્નાથભાઇ પટેલ જ્યારે ધારાસભ્ય હતા ત્યારે જિલ્લામાં અવારનવાર જવાનું થતું એ વખતે એમના સંપર્કમાં આવવાનું થયું, લોકસેવક હતા. અહીંયા મારા અગાઉ જે વાત કરવામાં આવી એમ, સ્વ.શ્રી ભીમજીભાઇએ છેલ્લે હમણાં બેસતા વર્ષ પછી ભાભરમાં કન્યા છાત્રાલય માટે, શ્રી પરબતભાઇએ અને શ્રી શંકરભાઇએ મિટિંગ બોલાવેલી અને એમના હાથે કન્યા છાત્રાલયનું ખાતમુહૂર્ત કરાવેલું એ વાત મને યાદ છે, તાજેતરનો જ પ્રસંગ હતો. બાપુએ જેમ વાત કરી એમ એ જમાનામાં એમણે આટલું ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું એ જિલ્લા માટે માર્ગદર્શક હતું.

માનનીય અધ્યક્ષશ્રી, એવા જ બીજા સ્વ. શ્રી જગતાભાઇ પુરાભાઇ પરમાર પણ લોકસેવક હતા. એમણે પણ જિલ્લાની અપાર સેવાઓ કરી છે. સદગત બંને નેતાઓના કુટુંબીજનોને દુ:ખ સહન કરવાની પરમાત્મા શકિત આપે અને એમનું નામ હંમેશા ચિરંજીવી રહે એવી પ્રાર્થના સાથે મારો શોક પ્રસ્તાવ રજૂ કરું છું.

શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ ત્રણ જેટલા મહાનુભાવોનો શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે અને વિરોધ પક્ષના નેતા આદરણીય શ્રી શંકરસિંહ વાઘેલાએ પણ સૂર પુરાવ્યો છે અને કેટલાક માનનીય શકિતસિંહજી, માનનીય મંત્રીશ્રી શંકરભાઇ ચૌધરી સાહેબે પણ સૂર પુરાવ્યો છે તેમાં મારો પણ સૂર પુરાવું છું અને ખાસ કરીને ગાંધીવાદી નેતા અને ગુજરાત વિદ્યાપીઠના પૂર્વ કુલપતિ સ્વ. શ્રી નારાયણભાઇ દેસાઇ માટે મારા વિચારો દર્શાવવા માગું છું. નારાયણભાઇ દેસાઇનો જન્મ વલસાડ ખાતે તા. ૧૪-૧૨-૧૯૨૪ના રોજ થયો હતો. મહાદેવભાઇ હરિભાઇ દેસાઇના દીકરા અને પરમ પૂજય મહાત્મા ગાંધીજીના પી.એ. ના દીકરા હતા. દેશમાં આંતરિક કટોકટી વેળાએ ભૂગર્ભમાં રહીને કર્મઠ સંચાલક નારાયણભાઇ દેસાઇએ સંપૂર્ણ કાંતિ વિદ્યાલય દ્વારા સાચા અર્થમાં નવી તાલીમ, મૂલ્યનિષ્ઠ કેળવણી અને વૈકલ્પિક જીવનશૈલીનું ઘડતર અને ચણતર આદિવાસી વિસ્તારમાં તાપી અને સુરત જિલ્લા અને ખાસ કરીને વાલોદ તાલુકામાં કર્યું હતું. મારા સ્વર્ગવાસી પિતાશ્રી એટલે અમારો પરિવાર પણ એમની વિચારધારા સાથે જોડાયેલો હતો. નાના હતા ત્યારથી જ એમના ગાંધીવાદી વિચારોનું આદાનપ્રદાન અમને મળ્યું છે અને ખાસ કરીને અમારા આદિવાસી સમાજને ગાંધીવાદી વિચારધારામાં જોડવાનું અને શિક્ષણક્ષેત્રે આગળ લાવવાનું મહાન ભગીરથ કાર્ય એમણે કર્યું છે. એમણે જયારે તા.૧૫-૩-૨૦૧૫ના રોજ સવારે ૪-૦૦ વાગ્યે ૯૦ વર્ષની વયે વાલોડ તાલુકાના સંપૂર્ણ કાંતિ વિદ્યાલય ખાતે દેહ છોડયો હતો અને અંતિમ વિદાય સમયે, મને કહેતા આનંદ થાય છે કે રાજય સરકારે ત્રિરંગો ઓઢાડી, પોલીસની સલામી સાથે એમના દેહને વિદાય આપી. તે વેળા ગુજરાત વિધાનસભાના માનનીય અધ્યક્ષશ્રી તરીકે આપ સાહેબશ્રી, ઉપાધ્યક્ષશ્રી તરીકે આત્મારામભાઇ પરમાર સાહેબ અને ધારાસભ્યો, આગેવાનો અને વિચારધારાને વરેલા તમામ લોકો ત્યાં ઉપસ્થિત રહ્યા હતા. એમની તમામ ક્ષેત્રે સેવાઓ દેશ અને ખાસ કરીને અમારો આદિવાસી સમાજ ભૂલી શકે તેમ નથી. છેલ્લે અંતિમ ક્રિયા મારા વાલોડ તાલુકાની વીંડછીની પવિત્ર ભૂમિ ઉપર કરી એમનો દેહ પંચમહાભૂતમાં વિલિન થયો હતો. હવે એવા મહાન વિભૂતિ આ ધરતી પર રહ્યા નથી. જેની ખોટ સમગ્ર દેશને પડવાની છે અને તેમાં ખાસ કરીને અમારા વિસ્તારના તમામ સમાજને અને ખાસ કરીને આદિવાસી સમાજને પડવાની છે ત્યારે નારાયણભાઇ દેસાઇના દિવંગત આત્માને તેમજ ગુજરાત વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય સ્વ.શ્રી ભીમજીભાઇ જગન્નાથ પટેલ અને સ્વ. શ્રી જગતભાઇ પૂરાભાઇ પરમારના દિવંગત આત્માને પ્રભુ ચીર શાંતિ આપે એવી પ્રાર્થના હું કરું છું અને એમના પરિવાર પર જે જવાબદારી આવી છે એ નિભાવવાની શકિત આપે એવી પ્રભુને પ્રાર્થના સાથે આપના માધ્યમથી એમના પરિવારને દિલસોજી પાઠવીએ.

શ્રી પરબતભાઇ સ. પટેલ(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રી આનંદીબને પટેલ આજે જે શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે અને તેમાં વિરોધ પક્ષના નેતાશ્રીએ પણ સમર્થન આપ્યું છે. આ ત્રણે ત્રણ આગેવાનો એટલે ગાંધીવાદી નેતા અને ગુજરાત વિદ્યાપીઠના પૂર્વકુલપતિ સ્વ. શ્રી નારાયણભાઇ મહાદેવભાઇ દેસાઇ , ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય શ્રી ભીમજીભાઇ જયન્નાથ પટેલ અને સ્વ. શ્રી જગતાભાઇ પુરાભાઇ પરમારના અવસાન અંગેના શોક દર્શક ઉલ્લેખોને હું સમર્થન આપું છું. આદરણીય અધ્યક્ષશ્રી, જે નારાયણભાઇની વાત કરી એમને તો નામથી સમગ્ર દેશ, રાજય અને દુનિયા પણ ઓળખે છે. મુખ્યમંત્રીશ્રીએ વાત કરી, વિરોધ પક્ષના નેતાશ્રીએ વાત કરી ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ તરીકે રહીને આજીવન કામ કર્યું છે. એમના સાહિત્ય થકી પણ, એમની સેવાની ભાવના થકી પણ ઘર ઘર સુધી આ સંદેશો પહોંચ્યો છે. સ્વ. શ્રી ભીમજીભાઇ અને જગતાભાઇ આ બંને મારા મત વિસ્તારના, હું જેમની સાથે પારિવારિક સંબંધોથી સંકળાયેલો છું એવા આગેવાન છે ભીમજીભાઇ. હું જ્યારે પાંચમાં ધોરણમાં ભણતો હતો, ત્યારે ૧૯૬૨ માં અપક્ષ ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા. એ જમાનાની જેમ શંકરભાઇ વાત કરતા હતા. ગાડાઓ, બળદોથી ચૂંટણીઓ થતી હતી, ગામમાં બૂથ ન હોય તો પણ ખેડૂત મંડળના માધ્યમથી કોંગ્રેસ સ્વતંત્ર પક્ષ અને અપક્ષ તરીકે હતા. અપક્ષ તરીકે ૧૯૬૨ થી ૧૯૬૭ સુધી ધારાસભ્ય તરીકે એ વિસ્તારમાં કામ કર્યું. પાકિસ્તાનની સરહદ ઉપરનું છેલ્લું ગામ માદપુરા ત્યાંથી મસાલી રણ શરૂ થાય અને પછી પાકિસ્તાન આવે. આખા રાજ્યમાં જે બનાસકાંઠા જિલ્લો શિક્ષણમાં છેલ્લા ક્રમે આવે, છતા પણ જગન્નાથભાઇનો પરિવાર એ વખતે દીકરાઓને ભણાવવા છે. વિસનગર રહીને ભણ્યા. વિસનગરમાં એસ.એસ.સી. કર્યું. અને બી.એસ.સી. એગ્રી સમગ્ર જિલ્લામાં પ્રથમ અને અમારા સમાજમાંથી

એલ.એલ..બી. અમારા વિસ્તારમાંથી પહેલા ભીમજીભાઇ અને ઘણા સમય પછી બીજા જ્યાં ભણતર નહોતું ત્યારે એમણે કર્યું. એમના પરિવારમાં ૪ દીકરાઓ અને ૩ દીકરીઓ છે. સાથે સાથે બનાસકાંઠા જિલ્લા ખેડૂત મંડળના માધ્યમથી બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોની સ્પેશ્યલ ટ્રેન એમણે ૧૯૬૫ માં કાઢી. એ વખતે રાહતના દરે ચાર ધામની યાત્રા પણ એમણે કરાવેલ હતી. ધારાસભ્ય પદ પૂરું થયા પછી ગામના સરપંચ તરીકે ૧૦ વર્ષ સેવા આપી. શિક્ષણના કાર્યમાં ૧૯૬૫ માં જે અમારી આદર્શ કેળવણી મંડળ ભાભરમાં ચાલે છે તે વખતે ૬૪ ગામનું મંડળ કરીને એ વખતે શિક્ષણની વાત નહિ. માત્ર દીકરા, દીકરીઓને ભણાવવા માટે દીકરાઓને ભણાવા માટે બોર્ડિંગ સંસ્થા જ્યારથી કરી ત્યારથી ૧૯૬૫ થી જીવ્યા ત્યાં સુધી આજસુધી આજીવન એના મંત્રી તરીકે રહીને કામગીરી કરી છે. વકીલ તરીકે અને નોટરી તરીકે પણ કામગીરી કરી છે. ૮૧ વર્ષની ઉંમર થવા છતા જીવનમાં કોઇ રોગ નહિ, કોઇ વ્યસન નહિ, માત્ર છેલ્લું અઠવાડિયું જે કદાચ થરાદ રોજ આવીને વકીલાત કરતા, નોટરી કરતા, પણ છેલ્લું અઠવાડિયું આવ્યા નથી. ત્યાં સુધી બિલકૂલ નિરોગી જીવન જીવ્યા છે. એવા ભીમજીભાઇનો પરિવાર. મૂળ વતન તો માદપુરા, ખારી જમીન, ખારું પાણી એટલા માટે મારા થરાદ તાલુકાના જોધલા ગામમાં બે દીકરાઓ રહે છે. બે દીકરાઓ માદપુરા રહે છે. એ પણ અહી રહેતા હતા. એવા ભીમજીભાઇને મારે પારિવારિક સંબંધો અમારે સમાજના તો ખરા, પણ ૧૯૬૫ ની જાત્રા વખતે ભેગા જવાના કારણે પારિવારિક સંબંધો થયા હતા એવા ભીમજીભાઇ જ્યારે આપણી વચ્ચે નથી. જે વિસ્તારની સેવા કરી સમગ્ર જિલ્લાના આગેવાન તરીકે ત્યારે એમના સદગત આત્માને પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ આપે. સાથે સાથે સ્વ.શ્રી જગતભાઇ પુરાભાઇ પરમાર પણ ૧૯૬૭ માં જ્યારે એ વખતે હું ૧૦માં ધોરણમાં ભણતો હતો. પરિવાર આ રાજકારણમાં એ વખતે ૧૦ મા માં હોવા છતા એ વખતે પણ એ સ્વતંત્ર પક્ષમાં ચૂંટાયેલા છે. સ્વતંત્ર પક્ષમાં ચૂંટાયા પછી ફરીથી ૧૯૮૧ માં જનતાદળમાં જિલ્લા પંચાયતના સભ્ય તરીકે પણ ચૂંટાયા. સમગ્ર વિસ્તારમાં સમાજનું નાનું મોટું પાકું કરવામાં, બધા સમાજને સાથે રાખીને જીવ્યા ત્યાં સુધી કે ગામ એક સંપ થઇને રહે, ભાઇચારાની ભાવના અને ગરીબ સમાજને સરકારી યોજનાનો લાભ અપાવવા માટે આટલી ઉંમરે જિલ્લા સુધી જવું પડે તો પણ તેમણે સતત કાર્ય કર્યુ છે. એમને પણ ચાર દીકરા ત્રણ દીકરીઓ છે. ચારમાંથી બે દીકરાઓ નોકરી કરે છે એક જિલ્લા પંચાયતના સભ્ય અમારી જ પાર્ટીમાં ગઇ વખતે ચૂંટાયા હતા. બધાની સાથે પારિવારિક સંબંધો, સમાજ જીવનમાં જે કઇ અર્પણ કર્યુ છે. સમાજ સેવા કરવાની ભાવના આજે પણ કાયમને માટે મારા વિસ્તારના યાદ રાખે ત્યારે આ બંનેના પરિવાર ઉપર, માત્ર પરિવાર નહિ સગાસંબંધી, અમારા જેવા ભેગા કામ કરેલું છે, તેવા બધાને એમનામાંથી પ્રેરણા લઇને કઇ કરવાની ભગવાન શક્તિ આપે અને એમના પરિવારજનો ઉપર દુઃખ આવી પડેલું છે. આટલી ઉંમર હતી, પણ ૧૦૦ વર્ષે પણ સાકર ખારી લાગતી નથી. સમાજને પથદર્શક થાય તેવું સમાજપયોગી કામ કર્યુ છે તેમને દુઃખ સહન કરવાની પ્રભુ શક્તિ આપે અને આપના માધ્યમથી એમના પરિવારજનોને શોક સંદેશો મળે તે અભ્યર્થના સાથે શ્રદ્ધાંજલિ આપું છું.

અધ્યક્ષશ્રી : આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ જે શોક પ્રસ્તાવ લાવ્યા છે અને તેમાં વિરોધપક્ષના નેતાશ્રી તેમજ ગૃહના અન્ય સભ્યશ્રીઓએ ભાવાંજલિ આપી છે તેમાં હું પણ મારો સૂર પુરાવું છું. શ્રી નારણભાઇ દેસાઇના દુઃખદ અવસાનથી ગુજરાતને ન પૂરાય તેવી ખોટ પડી છે. ગાંધી યુગનો આ એક એવો અવશેષ કે જેના પર નજર જાય તો ગાંધી જીવંત થઇ જાય. ગાંધીજીનું તેઓ જીવતું સ્મારક હતા. ગાંધીકથાના સૂર કાયમ વાતાવરણમાં ગૂંજતા રહેશે અને ગાંધીજીનું પ્રિય ભજન વૈષ્ણવ જન તો તેને રે કહીએ જે પીડ પરાઇ જાણે રે.. આ ભજન સાંભળતા સૌ પ્રથમ ગાંધીજી પછી કોઇના ચહેરાની સ્મૃતિ થાય તો તે પૂજ્ય નારણભાઇ દેસાઇ હતા. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે મારા જીવનની એ ક્ષણો હું કયારેય નહીં ભૂલું કે ગાંધીજીના અંગત મદદનીશ એવા મહાદેવભાઇ દેસાઇ જેવા પિતાના પ્રકાશિત પગલાંને અનુસરતા નારણભાઇ દેસાઇએ એવી જ ઉજ્જવળ કેડી કંડારી હતી અને તેમના નશ્વર દેહનું તાપી જિલ્લાના વેડછી ગામે વાલ્મીકી નદીના કિનારે વિલીનીકરણ થયું તેનો હું નત મસ્તક સાક્ષી બન્યો હતો. ભલે નશ્વર દેહે તેઓ આપણી વચ્ચે નથી પરંતુ સત્ય, અહિંસા, પ્રેમ અને કરૂણા જયાં જયાં દેખાશે ત્યાં ત્યાં પૂ.નારણભાઇ દેસાઇની છબી આપણને યાદ આવશે. એમની દેશભક્તિ આપણને સૌને શાશ્વત સંદેશો આપતી રહેશે.

એવા જ ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ભીમજીભાઇ જગન્નાથભાઇ પટેલનું પણ દુઃખદ અવસાન થયેલ છે. તેઓને પણ ભાવાંજલિ આપું છું. બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તાર એવા થરાદ મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી ખેડૂતોના પ્રશ્નો માટે એક જાગૃત ધારાસભ્ય તરીકે સેવા આપનાર આ સમાજ સેવકમાંથી આપણે સૌએ પ્રેરણા લેવી જોઇએ.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી જગતાભાઇ પુરાભાઇ પરમારના થયેલા દુઃખદ અવસાનથી રાજયએ એક ઉત્તમ સમાજ સેવક ગુમાવ્યા છે. તેઓએ થરાદ મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી લોકોના પ્રશ્નોને વાચા આપી હતી. પ્રભુ સદગતના આત્માને શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

આપણે સૌ પોતાના સ્થાન પર ઉભા થઇને બે મિનિટ મૌન પાળીશું.

(બે મિનિટ મૌન બાદ)

સૌ સભ્યશ્રીઓ પોતાનું સ્થાન લે. સભાગૃહની આ લાગણી સદગતના કુટુંબીજનોને મોકલી આપવામાં આવશે. નેકસ્ટ.

તા. ૧૭મી માર્ચ, ૨૦૧૫

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ – ૧૧૬)

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ – ૧૧૬)

બોટાદ ખાતે આવેલ પ્રાથમિક શાળા અજાણ્યા શખ્સો દ્વારા તોડી પાડવા બાબત

શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ.૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

તા.૦૮–૦૩–૨૦૧૫ના રોજ રાત્રિના ૨.૦૦ કલાકે બોટાદ શહેરમાં આવેલ પ્રાથમિક શાળાને કોઇ અજાણ્યા શખ્સોએ તોડી પાડતાં તે શાળામાં ભણતા બાળકોનું ભાવિ અધ્ધરતાલ થઇ ગયું છે. પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના શિક્ષણની તાત્કાલિક ધોરણે વૈકલ્પિક વ્યવસ્થા કરવા તથા શાળાને તોડી પાડનાર જવાબદારો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા માટે રાજય સરકારે લીધેલા કે લેવા ધારેલાં પગલાં.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, બોટાદ નગરપાલિકાની નગર શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળા નં.૧૬ ને તા.૦૯/૦૩/૨૦૧૫ના રોજ મધ્ય રાત્રિએ ૧.૦૦ થી ૩.૦૦ના સમયગાળામાં અજાણ્યા શખ્સો દ્વારા શાળાના મકાનને તોડી પાડવામાં આવેલ છે. આ શાળાનું મકાન શેઠ હરગોવિંદભાઇ મોહનભાઇની માલિકીનું છે. જેના વારસદાર મધુકાન્તાબેન હરગોવિંદભાઇ શેઠ છે. આ મકાનમાં ઓગસ્ટ, ૧૯૬૭ થી શાળા કાર્યરત છે. આ મિલ્કત સને ૧૯૬૭થી નગરપાલિકાના કબજામાં છે.

આ શાળાનું મકાન શેઠ હરગોવિંદભાઇ મોહનભાઇના વારસ મધુકાન્તાબેન હરગોવિંદભાઇ શેઠે મકાન પરત લેવા બાબતે બોટાદ સિવીલ કોર્ટમાં દાવો દાખલ કરેલ છે. જેનો કેસ નં.૨૫૮/૨૦૦૮ છે. આમ, સબજયુડીશીયલ મેટર હોઇ મકાનના ભાડાની રકમ માસિક રૂ.૨૧૧ લેખે નગરપાલિકા બોટાદ દ્વારા નામદાર સિવીલ કોર્ટમાં જમા કરાવવામાં આવે છે. આ કેસ નં.૨૫૮/૨૦૦૮ હાલમાં પેન્ડીંગ છે. સદર શાળા ધોરણ ૧ થી ૮ સુધીની છે. જેમાં ૨૪૪ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને ૮ શિક્ષકો ફરજ બજાવે છે. આ શાળામાં વર્ગખંડોની સંખ્યા ઓછી હોવાના કારણે બે પાળીમાં ચાલે છે. આ મકાનમાં ચાર રૂમ, એક ઓફિસ રૂમને અજાણ્યા શખ્સો દ્વારા જેસીબીની મદદથી ધરાશઇ કરવાનો પ્રયત્ન કરેલ છે. આ ત્રણ રૂમો અને એક ઓફિસ રૂમ તથા મુખ્ય દરવાજાના મોટા ભાગને નુકસાન કરી શાળાના શૈક્ષણિક કાર્યમાં ઉપયોગમાં ના લઇ શકાય તેવું કૃત્ય કરવામાં આવેલ છે. વધુમાં શાળાના ફર્નિચર, રેકર્ડ તથા કોમ્પ્યુટરને નુકસાન કરેલ છે.

આ શાળાનું મકાન તોડી પાડવાના કારણે હાલ તુરંત આ શાળાની નજીકમાં અંદાજે ૫૦૦ મીટર દૂર નગરપાલિકાના જુના બાલમંદિરના મકાનમાં હે. ગોળ બજાર, શિવાજી સર્કલ પાસે બોટાદમાં વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે. આ મકાનમાં રાબેતા મુજબ બે પાળીમાં શૈક્ષણિક કાર્ય ચાલુ કરવામાં આવેલ છે. વધુમાં શાળાના મૂળ મકાનમાં સલામત રહેલા બે રૂમોમાંથી એક રૂમમાં શાળાના આચાર્યશ્રીની ઓફિસ તથા વહીવટી કામગીરીની વ્યવસ્થા કરવામાં આવેલ છે. તેમજ બીજા રૂમમાં શાળાનું દફતર તથા શાળાના મહત્વના રેકર્ડ, ફર્નિચર, શૈક્ષણિક સાધનો વિગેરે જેવી વસ્તુઓ સલામત રીતે ગોઠવીને રાખવામાં આવેલ છે. આમ, શાળાનું મકાન તોડી પાડવાના કારણે બાળકોના શિક્ષણની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવેલ છે અને શાળાના બાળકોનું શિક્ષણ નિયમિત રીતે તા.૧૦/૦૩/૨૦૧૫થી શરૂ કરવામાં આવેલ છે. હાલમાં આ બાળકોનું શિક્ષણ કાર્ય નિયમિત રીતે ચાલે છે. તેથી બાળકોના શિક્ષણની વૈકલ્પિક વ્યવસ્થા નગર શિક્ષણ સમિતિ દ્વારા તાત્કાલિક કરવામાં આવેલ છે.

આ શાળાને અજાણ્યા શખ્સો દ્વારા તોડવામાં આવતાં શાસનાધિકારીશ્રી રમેશચંદ્ર વાલજીભાઇ ચાવડા, નગર શિક્ષણ સમિતિ, બોટાદ દ્વારા બોટાદ પેલીસ સ્ટેશનમાં તા.૦૯/૦૩/૨૦૧૫ના રોજ ૧૨.૩૦ કલાકે એફ.આઇ.આર. નં.૦૧/૩૭/૨૦૧૫ થી ફરિયાદ નોંધાવવામાં આવેલ છે અને પોલીસ તપાસની કાર્યવાહી ચાલુ છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે નિવેદન આ ગૃહ સમક્ષ રજૂ કર્યુ છે તેમાં બોટાદ નગરપાલિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળામાં ૨૪૪ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા અને ૮ જેટલા શિક્ષકો શાળાની અંદર શિક્ષણની સેવા આપતા હતા. આવી શાળાને ગઇ ૯મી તારીખે મધ્ય રાત્રિએ અજાણ્યા શખ્સોએ જે.સી.બી .ફેરવીને આખી શાળાને તોડી નાંખી. શાળાના મહત્તમ ભાગોને નુકસાન થયું છે. શાળાના ફર્નિચર, રેકર્ડ અને કોમ્પ્યુટરને પણ નુકસાન થયું છે. આ શાળા ૧૯૬૭ની સાલથી શેઠ હરગોવિંદદાસ મોહનભાઇની માલિકીની જગ્યામાં ભાડાપટ્ટેથી ચાલતી હતી. માનનીય અધ્યક્ષશ્રી, આ મિલકતના મૂળ માલિકે મિલકત પરત લેવા માટે થઇને નામદાર સરકારશ્રીમાં રજૂઆત કરી હતી અને એ અનુસંધાને સિવિલ કોર્ટમાં કેસ નં.૨૫૮/૨૦૦૮થી પોતાની ભાડે આપેલી મિલકત પરત મેળવવા માટે કેસ કર્યો છે અને આજે પણ એ કેસ પેન્ડીંગ છે. આ પ્રશ્ન સભાગૃહ સમક્ષ લાવવાની એટલા માટે પરિસ્થિતિ ઉભી થઇ કે રાજયમાં જ્યારે ૧૯૬૦માં રાજયનું નિર્માણ થયું આપણી પાસે ઇન્ફ્રાસ્ટ્રકચરની ઘણી ઉણપ હતી એ સમયે સમાજ ઉપયોગી કામ એ શિક્ષણનું કામ હોય, દવાખાનાનું કામ હોય, જાહેર ઉપયોગ માટે થઇને જે તે સમયે ઘણાં સક્ષમ લોકોએ પોતાની મિલકત નજીવા ભાડે, ભાડું લેવા માટે થઇને નહીં પણ લોકોની સુવિધાઓ વધે એના માટે રાજય સરકારને ભાડે આપી હતી. આજે ૧૯૬૭ થી ૨૦૧૪ એટલે ૫૦ વરસ જેટલો સમય થયો આ ૫૦ વરસમાં આપણે એ મિલકતનો સક્ષમ વિકલ્પ આજની તારીખે પૂરો પાડી શકયા નહીં અને મૂળ માલિકના વારસદાર બહેને આ મિલકત પરત મેળવવા માટે માગણી કરી. આ માગણી નહીં સંતોષાય એટલે મારી જાણમાં આવ્યું છે એ મુજબ એમણે એ મિલકત કોઇ પાર્ટીને કબજા સાથે વેંચી દીધી અને જે વ્યકિતએ આ કબજા સાથેની મિલકત લીધી છે એ લોકોએ રાતના અંધારામાં મિલકત ખાલી કરાવવા માટે જેસીબીથી સરકાર ઉપર એણે સીધી તરાપ મારી છે. નગરપાલિકાની શાળા એટલે સેમી ગવર્મેન્ટ, સરકારની મિલકત ઉપર ભુમાફિયાઓ–મિલકત માફિયાઓ જેસીબીથી હુમલો કરતા હોય તો સામાન્ય માણસની શું હાલત હશે એ વિચારવું પડે. આ પ્રશ્ન એ રાજયનો પ્રશ્ન છે મારું કોઇ રાજકીય અવલોકન નથી એટલે સીધો પ્રશ્ન છે માનનીય સરકારશ્રીને કે, આવી જે જૂની

મિલકતો રાજય સરકારે શિક્ષણ માટે, આરોગ્ય માટે કે જાહેર હેતુ માટે ઉપયોગમાં લીધી હોય, આજે આપણી પાસે વૈકલ્પિક વ્યવસ્થાઓ ઉભી થઇ ગઇ હોય તો આવી મૂળ મિલકતો રાજય સરકાર એના મૂળ માલિકને પરત આપવા માગે છે કે કેમ? મારો બીજો મુદ્દો આવી કેટલી મિલકતો, જેમ બોટાદમાં શાળા છે એવી કેટલી મિલકતો રાજય સરકાર હસ્તક ભાડેથી ચાલે છે અને મારો ત્રીજો પ્રશ્ન મિલકત માફિયાઓ અને ભૂમાફિયાઓ કોઇના ઘરમાં તાળું મારી દે, કોઇની જમીન ઉપર કબજો કરી લે અને મૂળ માલિક જો રજૂઆત કરે કે ફલાણી વ્યક્તિએ મારી મિલકત ઉપર કબજો કરી લીધો છે તો કોર્ટમાં કબજો બળવાન છે એટલે માણસ પોતાની મિલકત પણ સલામત નથી રાખી શકતો. મારો આ પ્રશ્ન છે, આ સમસ્યામાંથી જ પ્રશ્ન ઉદભવે છે કે ગઇ કાલે આખું ગામ કોઇકે બારો બાર વેંચી દીધું તો શું થાય? એટલે મારે સરકારશ્રીને પૂછવું છે કે, વ્યક્તિગત મિલકત હોય કે સરકારી મિલકત હોય મિલકત માફિયાઓ કે ભૂમાફિયાઓ બિનઅધિકૃત દબાણ કરે તો આવા લોકોને નશ્યત કરવા સરકારે કેવા કડક પગલાં આ કેસમાં ભર્યા છે અને બીજા કેસોમાં ભરવા માગે છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મને એવું હતું કે, માનનીય સભ્યશ્રી શિક્ષણની ચિંતા કરશે કે ફરીવાર શાળા ચાલુ થઇ છે કે નહીં? અધ્ધરતાલ થઇ ગઇ છે શિક્ષણની વ્યવસ્થા, બીજે વૈકલ્પિક વ્યવસ્થા કરી છે કે નહીં? એવું પૂછશે. પણ મારે કહેવું છે કે બીજા જ દિવસે વૈકલ્પિક વ્યવસ્થા થઇ ગઇ છે અને બાજુની જ ૫૦૦ મિટર દૂર એક જગ્યાએ અમે શાળા ટ્રાન્સફર કરી અને શરૂ કરી દીધી છે. ૨૪ કલાકમાં જ ભુમાફિયાને અમે પકડી લીધો છે અને બાકીના તહોમતદારોની તપાસ ચાલુ છે. ગુજરાતમાં કેટલા કેસ છે? આ તો બોટાદનો છે. પણ ગુજરાતના જે કોઇ કેસો હશે એ બધા જ કેસોમાં કેસ ટુ કેસ ગુણદોષ આધારિત માર્ગદર્શન અમને જે કાનુની મળશે એના આધારે અમે નિર્ણય લઇશું અને સરકારી મિલકત ઉપર કોઇ પણ ચમરબંધી આ પ્રકારે જો વ્યવહાર કરશે તો એના વિરુધમાં અમે કડકમાં કડક કાર્યવાહી કરીશું.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબત જાણવા માગું છું કે એક તો આ જે.સી.બી. લઇને આવીને તોડી નાંખેલ છે, આપે એક માણસને પકડ્યો છે પણ બધા જ એમાં ગિરફતાર થાય અને એમની જે સ્કીમ છે એમાં આપના નીચેના અધિકારી કોઇ મળેલા હશે એવી એટલા માટે ચિંતા થાય કે આપે એની વૈકલ્પિક વ્યવસ્થા કરી, કોર્ટમાં કેસ ચાલે છે, આપણે ફરી ત્યાંને ત્યાં જ વિદ્યાર્થીઓ ભણે એવી વ્યવસ્થા નહિ કરીએ આપણે તો મકાન ખાલી પડ્યું હશેને બીજે છોકરાઓ ભણતા હશે તો સ્વાભાવિક રીતે કોર્ટ આપણી વિરુદ્ધ જશે. માટે આ બાળકો ત્યાં જ ભણે, તાત્કાલિક નાણાની વ્યવસ્થા કરી જેટલું તોડ્યું હોય એટલું ફરી વખત રિપેર કરી અને એ જ જગ્યા પર બાળકો ભણતા થશે તો આપણો મિલકત ઉપરનો અધિકાર કોર્ટનો કેસ જીતવામાં વધારે મજબૂત બનશે એટલા માટે આ બે વ્યવસ્થા સરકાર કરવા માગે છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : સરકાર તરફથી નામદાર કોર્ટનું માર્ગદર્શન અને મંજૂરી માગી લીધી છે અને કાયદાકીય સલાહ અને કોર્ટનું આપણને જે માર્ગદર્શન મળશે એના આધારે અમે તરત જ આ જ જગ્યા ઉપર ફરીવાર શાળા શરૂ કરીશું.

ડો. ટી. ડી. માણીયા : બોટાદમાં રાતના સમયે ચાલુ પ્રાથમિક શાળાનું મકાન તોડી પાડવાના બનાવના અનુસંધાને ગુજરાત સરકારના મંત્રીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ અને પોલીસ વિભાગ તેમજ બોટાદના સ્થાનિક શિક્ષણ વિભાગ દ્વારા ઝડપી અને સરાહનીય રેકોર્ડબ્રેક કામગીરી કરવા બદલ હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. મારો પ્રશ્ન એ છે કે હવે આ ગુનામાં સંડોવાયેલા બાકીના તહોમતદારો માટે ગુજરાત સરકાર શું પગલાં ભરવા માગે છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય ધારાસભ્યશ્રીની વાત સાવ સાચી છે ૧ થી ૩ માં બનાવ બન્યો, ચાર વાગે અમારી શિક્ષણ સમિતિના ચેરમેન ત્યાં પહોંચી ગયા, શિક્ષણાધિકારી પણ ત્યાં પહોંચી ગયા, જિલ્લા કલેકટર અને બાકીના અધિકારીઓ પણ સવાર સુધીમાં પહોંચી ગયા, સવારે સાડા બાર વાગ્યે ફરિયાદ પણ નોંધવામાં આવી, ચોવીસ કલાક પૂરા થાય એ પહેલાં જે મુખ્ય તહોમતદાર છે એની ધરપકડ પણ કરવામાં આવી અને બાકીના તહોમતદારની ઝડપથી ધરપકડ કરી અને યોગ્ય કાર્યવાહી કરીને કડકમાં કડક કાર્યવાહી કરીશું.

શ્રી પરેશ ધાનાણી : આ જવાબમાંથી ઉપસ્થિત થતો મારો સીધો પ્રશ્ન એ છે કે, રાજ્યના હિતમાં, સુખાકારીમાં કોઇએ પોતાની મિલકત ટોકન ભાડે રાજ્ય સરકારને આપી હોય આજે તો આપણું ગુજરાત નંબર વન હોવાની આપણે વારંવાર ચર્ચાઓ કરીએ છીએ તો આવી મિલકતોમાં મૂળ માલિક જો પરત મેળવવા માટે માગણી કરે તો આવી મિલકતો પરત આપવા માટે રાજ્ય સરકાર શું વિચારી રહી છે?

અધ્યક્ષશ્રી : આપને શિક્ષણની ચિંતા છે કે મૂળ માલિકની ચિંતા છે?

શ્રી પરેશ ધાનાણી : આ માલિકને હું ઓળખતો નથી, મારી બીજી ચિંતા એ છે કે, આજે આ શિક્ષણની સંસ્થા ઉપર મિલકત માફિયાઓએ હુમલો કર્યો, આવા ઘણા બધા બનાવો બને છે કે વ્યક્તિગત મકાનને કોઇ તાળું મારી જાય, જમીનમાં કબજો કરી જાય, આ નીતિ વિષયક બાબત છે અને રાજ્ય સરકાર પ્રજાની માઇ–બાપ હોય છે, રાજ્ય સરકાર નીતિ નક્કી કરે તો લોકોનું રક્ષણ થાય, એટલે આ એક મુદ્દામાં તો આપણે ચિંતા કરી છે પણ બીજા હજ્જારો લોકો પિડાઇ રહ્યા છે તો

અધ્યક્ષશ્રી : પરેશભાઇ આપ બોટાદની વાત કરો અને આપ સીધા પ્રશ્ન પર આવી જાઓ.

શ્રી પરેશ ધાનાણી : જે લોકો ભૂમાફિયાઓ, મિલકત માફિયાઓ બિન અધિકૃત કોઇની મિલકતમાં એ સરકારી હોય કે વ્યક્તિગત હોય એનો કબજો કરે તો એમને નશ્યત કરવા માટે રાજ્ય સરકાર શું નીતિ ઘડવા માગે છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા :માનનીય અધ્યક્ષશ્રી, આ સવાલ પહેલાં પુછ્યો મેં એનો જવાબ આપ્યો, કે આ પ્રકારે કોઇપણ ભૂમાફિયાઓ રાજ્ય સરકારની મિલકત ઉપર કાર્યવાહી કરશે તો એના વિરુદ્ધમાં અમે અહીંયા જેવી કાર્યવાહી કરી છે એના કરતાં પણ વધારે કડકમાં કડક કાર્યવાહી કરીશું અને મેં બીજું પણ કહ્યું છે કે કેસ ટુ કેસ, રાજ્યની એમણે ચિંતા કરી છે ત્યારે અને

આપ કોના વતી બોલી રહ્યા હતા, જમીન માલિક વતી બોલી રહ્યા હતા કે ભાડૂઆત વતી બોલી રહ્યા હતા એટલે ગુણદોષ આધારિત કેસ ટુ કેસ જે કેસ અમારી પાસે આવશે એનો વિચાર અમે કરીશું.

મંત્રીશ્રીનું નિવેદન નિયમ–૪૪

બટાકાની રાજ્ય બહાર નિકાસ કરવાના કેસમાં ટ્રાન્સપોર્ટ સબસિડી આપવા બાબત

શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં સરેરાશ બટાકાનું વાવેતર ૭૫ થી ૮૦ હજાર હેકટરમાં થાય છે તથા તેમાંથી ૨૩ થી ૨૫ લાખ મે.ટન કુલ ઉત્પાદન મળતું હોય છે. ચાલુ વર્ષે સારા હવામાનને લીધે તેમજ ગત વર્ષમાં બટાકાના સારા ભાવ હોવાના કારણે રાજયમાં ચાલુ વર્ષે ૯૮ હજાર હેકટરમાં એટલે કે ગત વર્ષ કરતા લગભગ ૩૩ ટકા વધુ વાવેતર વિસ્તાર નોંધાયો છે. જેના કારણે રાજયમાં સરેરાશ ૩૦ લાખ મે.ટન જેટલું બટાકાનું માતબર ઉત્પાદન થયેલ છે. હાલ રાજયમાં વિવિધ એપીએમસીઓમાં બટાકાના જથ્થાબંધ ખરીદ ભાવ ૮૦ થી ૧૦૦ રૂપિયા સુધી પ્રતિ મણના જોવા મળે છે. સામાન્ય સંજોગો કરતા ચાલુ વર્ષે રાજયમાં બટાકાનું અંદાજિત પાંચ લાખ મે.ટન જેટલું વધારાનું ઉત્પાદન થયેલ છે. બટાકાના બજારભાવ સ્થિર કરવા માટે આ વધારાનો જથ્થો ખેડૂતો પાસેથી ખરીદ કરી અમદાવાદ, ડિસા, દહેગામ, લાડોલ, વિજાપુર અને ઉનાવા એપીએમસીમાંથી માન્ય નોંધાયેલ વેપારી રોડ ટ્રાન્સપોર્ટથી રાજ્ય બહાર નિકાસ થાય તો રૂપિયા ૭૫૦/–પ્રતિ મે.ટન અને રેલ મારફતે નિકાસ કરે તો વાહતુક ખર્ચના સો ટકા વધુમાં વધુ ૧૧૫૦/–પ્રતિ મે.ટનની મર્યાદામાં ટ્રાન્સપોર્ટ સબસિડી આપવા રાજ્ય સરકારે નિર્ણય કરેલ છે અને આ યોજના તાત્કાલિક અસરથી લાગુ કરવા તેમજ ૩૦–૪–૧૫ સુધી ચાલુ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે જે આ સન્માનીય સભાગૃહના ધ્યાને મૂકવા રજા લઉં છું.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબત જાણવા માગુ છું એક તો જયારે આપણે અત્યારે કુદરતી આફતમાં ખેડૂતો મુશ્કેલીમાં છે ત્યારે આપ જે બટાકાની ખરીદી કરવાના છો અને બહાર લઇ જવાના છો એના માટેનો આપનો અંદાજ શું છે, આપ કેટલા રૂપિયા સુધીની ખરીદી કરવા માગો છો ? અને એક અગાઉ આપે જાહેરાત કરી હતી આ જ બટાકા જયાં પાકે છે ત્યાં તેના સંગ્રહ માટે અને તેની વેફર બનાવીને કે બીજી પ્રોડકટ બનાવીને ખેડૂતોને એ પાક બગડે નહીં અને માર્કેટમાંથી સારા પૈસા મળે આ માટેની સરકારે ભૂતકાળમાં જાહેરાત કરી હતી આ અંગેની કોઇ નક્કર કાર્યવાહી આપે કરી છે અથવા કરવા માગો છો ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં પણ રાજયની અંદર બટાકાના સંગ્રહ કરવા માટે થઇને ૧૫ લાખ મેટ્રીક ટન સુધીની ક્ષમતા છે અને ૩૦૦ કરતા પણ વધારે તેના માટેના કોલ્ડ સ્ટૉરેજો છે. તેમાં રાજ્ય આજે પણ ૫૦ ટકા, લગભગ બે કરોડ રૂપિયા જેવી સહાય આપે છે અને એ સહાય આજે પણ ચાલુ છે. અન્ય કોઇ પણ ખેડૂત સંગઠનો, ખેડૂત અથવા તો કોઇ પણ પાર્ટી છે તે અમારી પાસે સબસિડી માટે આવશે તો તેમાં સબસિડી આપી અને વધુ સંગ્રહ થાય તેના માટેના રાજ્ય સરકાર પ્રયાસ કરશે. અમે ૩–૪–૧૫ સુધી આ સબસિડીમાં જેટલા પણ બટાકા અહીંયાથી ખરીદાય અને અન્ય રાજયમાં નિકાસ થાય તેની અમે સબસિડી મેં જે રીતે કહ્યું તે ટ્રક મારફતે જાય તો ૭૫૦/– રૂપિયા પર મે.ટન અને જો રેલ્વે મારફત મોકલે તો સોએ સો ટકા ૧૧૫૦/–ની મર્યાદા.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, એક તો મંત્રીશ્રીએ કહ્યું કે એપીએમસીમાં ખરીદી, તો ૨૦૧૧માં ટેકાના ભાવ કરીને ખરીદી કરી હતી પણ માર્કેટમાં આવે ૫–૧૦ હજાર મણ, અને ખરીદે સો બસ્સો મણ તો એ પરિસ્થિતિ ના થાય અને આ જે ભાડાની ટ્રાન્સપોર્ટની સબસિડીની વાત કરી છે તેનું ઇમ્પ્લીમેન્ટ કોણ કરશે ? કારણ કે ખેડૂત ટ્રક લઇને મુંબઇ ગયો તો એના પ્રૂફ માટે કે તેને નોંધાવવા માટે શું પ્રોસેસ રાખેલી છે તે જણાવવા વિનંતી છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, અહીંથી એપીએમસીમાંથી આ બટાકા લઇ અને એપીએમસીમાંથી અન્ય ખેડૂતો પાસેથી ખરીદી કરેલા છે એવું એપીએમસીનું પ્રૂફ. એના પછી જો કોઇ વેપારી ખેતરમાંથી પણ લઇ આવશે તો પણ ત્યાં એપીએમસીમાં નોંધાવી અને પછી રસ્તામાં જયારે નીકળે એટલે ચેક પોસ્ટો છે ત્યાં તેની નોંધ કરાવવાની અને આ બધુ એપીએમસી ટુ એપીએમસી વેપાર થતો હોય છે. એટલે જે રાજયમાં ત્યાં નિકાસ થશે એ રાજયમાં ત્યાં લઇ જશે એટલે ત્યાં પણ એપીએમસીમાં નોંધાવી અને એની ઇનવોઇસ રજૂ કરશે એટલે રાજ્ય સરકાર તેનો જે કોઇ ખર્ચ થયો હશે તેમાં ટને જે મેં કહેલું ૭૫૦/–રૂપિયા ટ્રાન્સપોર્ટમાં આપી દેશે. ખેડૂત પોતે પણ જો અન્ય રાજયમાં લઇ જશે તો એને પણ આ જ પદ્ધતિથી જે રીતે વેપારી લઇ જશે તે રીતે ખેડૂત ત્યાં અન્ય રાજયમાં લઇ જશે મેં જે કહ્યું એ પદ્ધતિથી તો તેને પણ આ જ રીતે સબસિડી ચૂકવવામાં આવશે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, અત્યારે હાલ મોટાભાગનો માલ ખેડૂતો પાસેથી વેપારીઓએ ખરીદી લીધેલો છે. એટલે આમાં મોટાભાગે ફાયદો તો વેપારીઓને જ થશે કારણ કે અત્યારે હાલ ખેડૂતોનો પાકેલો પાક ઉઠાવી લઇ અને વેપારીઓએ ખરીદી લીધો છે. ત્યારે મારે એ પૂછવું છે કે ખેડૂતોને સીધી સબસિડી આપવા માટેનું કોઇ આયોજન કરવા માગો છો કે કેમ ? કારણ કે ખેડૂતોનો હજુ પણ જે કંઇ પાક નીકાળવાનો બાકી છે તેમને હાલના ધોરણે ડાયરેકટ જો કોઇ સબસિડી આપવામાં આવે. અને ખેડૂતોને રાહત આપવામાં આવે તો યોગ્ય રહેશે. તો એ માટે સરકાર શું આયોજન કરવા માગે છે?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : રાજયની બહાર બટાકા મોકલવાનું આયોજન કર્યું છે. અહીંથી બીજા રાજ્યોમાં બટાકા જશે તો અહીંયા બટાકાનો ભાવ નીચે ગયો છે એ આપોઆપ ઉંચો આવશે અને એનાથી ખેડૂતોને લાભ થશે. એટલે રાજ્ય બહાર બટાકા મોકલવાની રાજ્ય સરકારે વ્યવસ્થા કરેલી છે. જે ખેડૂત લઇ જાય અથવા તો વેપારી બારોબાર લઇ જાય એને સબસિડીનો લાભ આપવામાં આવશે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય મંત્રીશ્રીએ અને રાજય સરકારે બટાકાના પાક ઉપર ખેડૂતોને મદદરૂપ થવાની જાહેરાત કરી છે એવી જ રીતે સૌરાષ્ટ્રની અંદર અન્ય પાકો, ખાસ કરીને કેસર કેરીને બીજી વખત કમોસમી વરસાદ થવાથી ભયંકર નુકસાન થયેલ છે. એના માટે સરકાર કોઇ જાહેરાત કરવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ, એનો જવાબ આજે ન આપી શકે. નેકસ્ટ.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

માગણી ક્રમાંક–૧૨

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

શ્રી સૌરભભાઇ પટેલ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કર વસૂલાત ખર્ચની સેવાને લગતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૨૦,૧૦, ૦૫,૦૦૦ ની માગણી ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

માગણી ક્રમાંક ૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરવામાં આવી.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરવામાં આવી.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક–૧૩

શ્રી સૌરભ પટેલ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું વીજળી શકિત પરિયોજનાઓને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૪૭,૪૭,૬૨,૩૧,૦૦૦ની તથા મૂડી ખર્ચ માટેની રૂપિયા ૨૩,૩૮,૩૮,૯૮,૦૦૦ની માગણી ક્રમાંક ૧૩ રજૂ કરું છું.

માગણી ક્રમાંક ૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરવામાં આવી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરવામાં આવી.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક– ૧૪

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને લગતું ખર્ચને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૭૧,૦૦,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧,૦૦,૧૩,૦૧,૦૦૦ની માગણી ક્રમાંક ૧૪ રજૂ કરું છું.

માગણી ક્રમાંક ૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક–૪૯

ઉદ્યોગ અને ખાણ વિભાગ

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૯,૫૫,૧૮,૪૨,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૨,૩૭,૪૭,૦૦,૦૦૦ ની માગણી ક્રમાંક ૪૯ રજૂ કરું છું.

માગણી ક્રમાંક ૪૯ રજૂ કરવામાં આવી.

શ્રી માનસિંહ ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરું છું. કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી હીરાભાઇ હ.પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી હર્ષદભાઇ રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી જોઇતાભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૧ રજૂ કરવામાં આવી.

શ્રીમતી કામિનીબા રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૨ રજૂ કરવામાં આવી.

શ્રી છનાભાઇ ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી ઇશ્વરભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી નટવરસિંહ ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૫ રજૂ કરવામાં આવી.

શ્રી મેરામણભાઇ મા.આહિર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૬ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક–૫૦

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) : : માનનીય અધ્યક્ષશ્રી, હું ખાણ અને ખનિજની સેવાને લગતી ખાણઅને ખનિજ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ.૩,૦૦,૬૦,૫૬,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટે રૂ.૫,૫૦,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૫૦ રજુ કરું છું.

માગણી ક્રમાંક : ૫૦ રજૂ કરવામાં આવી.

શ્રી સી.કે.રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૭ રજૂ કરવામાં આવી.

ડો.તેજશ્રીબેન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૮ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા.વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૯ રજૂ કરવામાં આવી.

શ્રી વજેસિંગભાઇ પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૧ રજૂ કરવામાં આવી.

શ્રી રમેશભાઇ ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૨ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ શં.વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૩ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૪ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક–૫૧

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) : : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રવાસન સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ.૮૬,૮૧,૫૭,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટે રૂ.૪,૬૫,૫૦,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૫૧ રજુ કરું છું.

માગણી ક્રમાંક : ૫૧ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૫ રજૂ કરવામાં આવી.

શ્રી ભોળાભાઇ ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૬ રજૂ કરવામાં આવી.

ડો.અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૭ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ચં.ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૮ રજૂ કરવામાં આવી.

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૯ રજૂ કરવામાં આવી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫૦ રજૂ કરવામાં આવી.

અધ્યક્ષશ્રી : હવે રજૂ થયેલી માગણીઓ અને કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે માનનીય મંત્રીશ્રી એમની માગણીઓ લઇને આ ગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે ખાસ કરીને ઉદ્યોગ ઉપર મારે કહેવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં કેટલાય ટાઇમથી આપણે ઉદ્યોગ ક્ષેત્રે નંબર વનની ચોક્કસપણે વાત કરીએ છીએ. એની અંદર પણ ગુજરાતનું મોડેલ છે એ સમગ્ર ભારતનું મોડેલ છે એ રીતે વાત કરતા હોઇએ છીએ. પણ જ્યારે ગુજરાત સરકારના વાસ્તવિક આંકડાઓ જોઇએ, બીજી સિસ્ટમના આંકડાઓ છે એ બતાવે છે કે, આપણે ખરેખર કઇ સ્થિતિમાં છીએ એ જાણવું બહુ જરૂરી છે. કોઇપણ રાજ્ય હોય એના પોતાના લોકો હોય, નાના લોકો હોય એને સમૃદ્ધ કરે અને બીજા રાજ્યના લોકોને લાવે તો ચોક્કસપણે આપણને એમ લાગે કે ગુજરાત સરકાર સારું કરી રહી છે. મારે ગુજરાત સરકારને એ કહેવું છે કે ૨૦૧૧ના ફેક્ટરીઓના જે આંકડા કહું છું કે આપણી કુલ ફેક્ટરીઓ ૩૭૫૪૬ હતી, રાજય જો પ્રગતિ કરતું હોય તો ચોકકસપણે ફેક્ટરીઓમાં દિનપ્રતિદિન વધારો થઇ શકયો હોત, પણ આજે ગુજરાત સરકાર એમ કહે છે કે ૧૧૪૫૮ ફેક્ટરીઓ આ ગુજરાત સરકારની બંધ થઇ છે, આ બતાવે છે કે ગુજરાત પ્રગતિ કરે છે કે એ કઇ ગતિ કરે છે આ આકડા ઉપરથી સ્પષ્ટ થાય છે. મારે એ કહેવું છે કે રોજગારીની વાત થાય, કદાચ આ સરકારે આ ફેક્ટરીઓ માટે, જે પણ લોકો બેકાર થયા છે એના માટેની ચિંતા કરી હોત તો ચોકકસ લાગત કે ગુજરાત પ્રગતિ કરી રહ્યું છે . એ જ રીતે નંબર–૧ કદાચ ગુજરાત સરકારને મળી જવાનો છે, દેશમાં ઔદ્યોગિક માંદગીમાં ગુજરાતનો બીજો નંબર છે, આ બતાવે છે કે ધીમેધીમે સમગ્ર રાજયો જયારે પ્રગતિ કરતા હોય ત્યારે આપણું રાજય માંદગીમાં બીજા નંબરે આવે એ સ્પષ્ટપણે બતાવે છે કે આપણે કઇ ગતિમાં ચાલીએ છીએ. મારે એટલા માટે કહેવું છે કે જે મોટા ઉદ્યોગો છે એની અંદર ૪૮,૦૦૦ માંથી ૨૭,૪૫૮ એકમો બંધ થયા છે એ ગુજરાતની સ્થિતિ બતાવે છે. એટલા માટે જ મારે વાત કરવી છે, ગુજરાત સરકાર ઉદ્યોગો માટે ચિંતા કરે અને ગુજરાત પ્રગતિ કરે તો ચોકકસપણે અમને આનંદ થાય, એના માટે ગુજરાત સરકારે ભૂતકાળમાં છ મોટા મોટા વાઇબ્રન્ટ સમીટ કરીને, મોટા મોટા ખર્ચા કરીને ૨૦૦૩થી માંડીને અનેક ક્ષેત્રે મોટી વાત કરી અને એમાં એમ કહેવામાં આવ્યું કે ૩૬૪૨૪ એમઓયુ થયા છે અને ૬૪ લાખ કરોડ રૂપિયા આ ગુજરાતની અંદર આવશે અને એના લીધે ગુજરાત નંદનવન બનશે, અને એના કારણે આ ગુજરાતની અનેક જમીનો માત્ર ઉદ્યોગપતિઓને સસ્તા દરે આપી દેવામાં આવી, કરોડો રૂપિયાનો ટેક્સ બાદ કરી દેવામાં આવ્યો, અને છતાં એવી સ્થિતિ ઉભી થઇ કે એના અમલીકરણનો પ્રોજેકટ હતા એ માત્ર અને માત્ર ૧૧૧૦ ચાલુ થયા અને એનું રોકાણ માત્ર ૭.૫૨ કરોડનું એટલે માત્ર ૧૧.૭૫ ટકા આ છ વાઇબ્રન્ટને લીધે થયું. મારે

કહેવું છે કે આટલા બધા ખર્ચા કરીને, લોકોને બહારથી બોલાવીને એક બાજુ ગુજરાતના નાના ઉદ્યોગો, ફેક્ટરીઓ બંધ થઇ રહી છે બીજી બાજુ સસ્તા દરે તમામ વસ્તુઓ આપીએ અને છતાંય લોકોને આકર્ષી નથી શકતા એનો અર્થ માત્ર એ થયો કે આ રાજય સરકાર માત્ર વાતો કરે છે અને છતાંય ૨૦૧૫ની અંદર એવી સ્થિતિ થઇ કે સમગ્ર ભારતના લોકો આવે, વિશ્વના લોકો આવે અને એની મોટીમોટી જબરજસ્ત જાહેરાતો થઇ, અમને તો નવાઇ લાગી કે આજે ૨૦-૨૦ ચાર્ટર્ડ પ્લેન સરકાર તરફથી ભાડે રાખવામાં આવ્યા કે આપણા લોકો આવે અને ૭૫ કરોડથી વધારે એનો ખર્ચો કરવામાં આવ્યો. એનાથી આગળ વધીને આપણા અમદાવાદમાં આવે, અમદાવાદમાં સારુ લાગે, અમદાવાદનું જે થવું હોય એ થાય પણ જે રોડ ઉપરથી નીકળે એ રોડ નંદનવન લાગે એના માટે ૫૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યો અને એવું બતાવવામાં આવ્યું કે સમગ્ર ગુજરાત એ ભારતમાં નહીં વિશ્વનું મોડેલ બને એવી સ્થિતિની વાત કરી પણ મારે દુઃખ સાથે કહેવું પડે કે આટલું બધું કર્યા છતાંય આજે ગુજરાત કયા ક્રમનું રાજય છે? એક જમાનો હતો સ્વ. ચીમનભાઇ પટેલના વખતનું ગુજરાત નંબર વન હતું, આજે ધીમેધીમે ગુજરાત પાંચમા નંબરે જઇ રહ્યું છે એવી સ્થિતિ થઇ રહી છે ત્યારે મારે ખાસ કરીને એ કહેવું છે કે આ ગુજરાતમાં વિદેશી રોકાણ માટેનો આટલો મોટો ખર્ચો કરવામાં આવ્યો, મારે એ કહેવું છે કે આટલા બધા વિદેશના લોકો મહારાષ્ટ્ર કશું ન કરતું હોવા છતાં ૨૦૦૦ થી ૨૦૧૪ સુધીના આંકડા કહું છું, મહારાષ્ટ્રની અંદર ૩૩૯૫.૫૨ કરોડ એટલે કે ૩૦ ટકા વિદેશી મૂડીરોકાણનો હિસ્સો આવે છે. કોઇ ચાર્ટર્ડ પ્લેન નહીં, કોઇ મોટી મોટી ગાડીઓ નહીં. ગુજરાતનું આખું સરકારી તંત્ર લગાવી દીધું હતું એવું કાંઇ નહીં છતાં ૩૦ ટકા આવે છે. દિલ્હીમાં ૧૯ ટકા આવે છે. તામિલનાડુંમાં ૭ ટકા આવે છે, કર્ણાટકમાં ૬ ટકા આવે છે ત્યારે આપણે આટલું બધું કરીએ છતાં ગુજરાતમાં માત્ર ૪ ટકા આવે છે. મારે કહેવું છે કે ઘણી વાર એવું કહેવામાં આવે છે, કહેવત છે કે દરવાજાને રાખે ઉઘાડા અને ડૂચા મારે ખાળે, મતલબ કે મોટા મોટા લોકોએ જેટલું લઇ જવું હોય એ લઇ જાય પણ નાના નાના ઉદ્યોગો માટે સરકારે કંઇક ચિંતા કરી અને એના માટે કંઇક કર્યું હોત તો મને ચોક્કસ આનંદ થાત કે સરકારે એમની પણ ચિંતા કરી છે. ખાસ કરીને મારે કહેવું છે કે ઉર્જા વિભાગમાં જે રીતે સરકાર વાતો કરે છે. મારે ઉર્જા વિભાગ બાબતે કહેવું છે કે ગુજરાત જ્યારે વીજળી ક્ષેત્રે પોતાના પ્રોજેક્ટો છે એનું કદાચ પ્રોડકશન વધારે, એની ક્ષમતા વધારે તો આપણે બહારથી વીજળી આજે પણ ન લાવવી પડે એવી સ્થિતિ છે. મારે કહેવું છે કે ગુજરાત ૨૦૦૮માં ૨૯,૨૪૧ મિલિયન યુનિટ વીજળી પેદા કરતું હતું અને આપણા પાવર પ્લાન્ટો ૧૦,૩૦૮ મિલિયન યુનિટ વીજળી પેદા કરતા હતા. આજે દુઃખ સાથે કહેવું પડે છે કે ખાનગી લોકોમાં ધીમે ધીમે વધારો થયેલ છે અને ગુજરાત એ એકલું એવું રાજ્ય હશે કે પોતાના જી.ઇ.બી. માં ઘટતા ઘટતા ૪૬ ટકા એટલે કે ૧૫,૮૫૦ નો ઘટાડો થતાં આપણા પાવર પ્લાન્ટોમાં ૫૩૨૧ નો ઘટાડો થયો છે જ્યારે ખાનગી ક્ષેત્ર કે જ્યાંથી આપણે વીજળી લઇએ છીએ એમાં ૩૨૧નો વધારો થયેલ છે. આ બતાવે છે કે ગુજરાત સરકારને પોતાનામાં રસ નથી. પોતાના પાવર પ્લાન્ટ સક્ષમ થાય એના કરતાં બહારથી વીજળી લાવીને એ સક્ષમ થાય એવી પરિસ્થિતિ થઇ છે. કેન્દ્ર સરકાર હોય તો કેન્દ્ર સરકારમાં વધારો થાય એવી સ્થિતિમાં એમના જે ૧૧ પ્લાન્ટ છે એમાં ઘણા તો ૧૦૦ ટકા ચાલતા નથી. સરકારે આ બાબતે ચિંતા કરવી જોઇએ. અદાણી ૮૬ ટકા, ટોરન્ટ ૮૦ ટકા ચાલે છે, જો પ્રાઇવેટ ચાલી શકતા હોય તો આપણા કેમ નહીં ચલાવી શકીએ એની ચિંતા સરકારે ચોક્કસપણે રાખવી જોઇએ. વીજળીની જે ખરીદી થાય છે એમાં ૨૦૦૮-૦૯માં ૫૫.૭૭૧ મિલિયન યુનિટ અને પહેલા ૩ રૂપિયે ખરીદતા હતા એ આજે ખરીદીમાં દિન-પ્રતિદિન વધારો થતો જાય છે અને ૩.૬૧ પૈસાએ ખરીદીએ છીએ. એક વર્ષમાં ૯૮૫૭ કરોડનો આ ગુજરાતમાં પ્રજા ઉપર બોજ નાખ્યો હોય એવી સ્થિતિનું નિર્માણ કર્યું છે. મારે એક જ વાત કરવી છે કે ગુજરાતની ચિંતા કરવી હોય, તો પ્રશ્નોત્તરીમાં મારા પ્રશ્નમાં કહેવામાં આવ્યું હતું કે કે.જી. બેસીનમાં ૨૮૦૦ કરોડ રૂપિયા ખર્ચ થયો છે. બીજા એક સભ્યના પ્રશ્નના જવાબમાં કહેવામાં આવ્યું કે કે.જી. બેસીનમાં તાપમાન વધારે હોવાના કારણે એક પણ યુનિટ પેદા કરી શકતા નથી એવો લેખિતમાં પ્રશ્નોતરીમાં જવાબ આપ્યો છે. મારી સરકારને વિનંતી છે કે શું આપણા ૨૮૦૦ કરોડ રૂપિયા ગયા? આજે આપણે સ્વીકારતા હોઇએ તો ગુજરાતના ૨૮૦૦ કરોડ રૂપિયા માટે ચિંતા કરી હોત, અને ખાસ કરીને ખેડૂતો માટેની ખરેખર આ સરકારે સાચી ચિંતા કરવી હોય, સાચા ગુજરાતનું ખરેખર નિર્માણ કરવું હોય તો કોંગ્રેસના રાજમાં જે ૧૬ કલાક વીજળી આપવામાં આવતી હતી અને ખેડૂતને અમે ગુજરાતનો તાત સમજતાં હતાં, એમ આ ભારતીય જનતા પાર્ટી સરકાર ખેડૂતોને સો ટકા વીજળી આપે. તાત્કાલિક કનેકશનોથી માંડીને ઉત્તર ગુજરાતમાં જે સૌથી મોટા પ્રશ્નો છે કે એકવાર એક લાખ કનેકશનો આપીશું. જાહેરાતો મોટી થાય. એ આજે પણ પૂર્ણ નથી થતી તો સરકાર આ બાબતે ચિંતા કરે અને આવી ચિંતા કરે તો ચોક્કસપણે એમ લાગે કે ગુજરાતની સાચી ચિંતા થઇ રહી છે.

શ્રી રાકેશ જ. શાહ(એલિસબ્રિજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ઉદ્યોગ વિભાગની માગણી ક્રમાંક ૪૯ લઇને આવ્યાં છે તેના સમર્થનમાં મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના વિકાસમાં રાજ્યના વિકાસનો ફાળો હોય છે અને રાજ્યના વિકાસમાં ઉદ્યોગોનો ફાળો હોય છે. ઉદ્યોગ વિકાસ ઉદ્યોગ જગતની એ પારાશીશી હોય છે. છેલ્લાં કેટલાય વર્ષોથી કદાચ બળવંતસિંહજી કયા આંકડા આપતા હતાં એ મને ખ્યાલ નથી પણ ગુજરાત એ ઉદ્યોગ જગતમાં સમગ્ર દેશમાં અગ્રેસર છે. કેટલી ફેક્ટરીઓ હતી અને કેટલી બંધ થઇ. બંધ થઇ ગયેલી એમને જલ્દી યાદ આવે છે પણ કેટલી નવી ઉમેરાય એ એમને ખ્યાલ નથી. આંકડા ઉત્પાદન સાથે જોડાયેલા છે ઉદ્યોગ, ફેક્ટરીઓ બંધ થવા સાથે જોડાયેલા નથી હોતા. અગર જો ઉત્પાદનના આંકડા એમની પાસે હોત તો તે પોતે પણ એક ઉદ્યોગપતિ તરીકે સાચી વાત કહી શક્યાં હોત પણ મિત્રો એમને કહેવું હોય છે કંઇ અને બોલવું પડે છે કંઇ એટલે હું પણ એમની સમસ્યા જાણું છું. મને ખ્યાલ છે કે ગુજરાતે જે ઉદ્યોગમાં વિકાસ કર્યો છે. ગુજરાતનો જે વિકાસ થયોઅને ઉદ્યોગમાં જે ગ્રીડ આગળ જઇ રહ્યું છે એમાં ઘણાં બધા પાસાઓ અસર કરતા હોય છે. માનનીય વડાપ્રધાનના એક ‘‘મેઇક ઇન ઇન્ડીયા’’ના કાર્યક્રમને લક્ષમાં રાખીને રાજ્ય સરકારે તા.૧/૧/૨૦૧૫ થી અમલમાં આવેલી એક ઔદ્યોગિક નીતિ બનાવી હતી. ગુજરાત એ વૈશ્વિક સ્તરે સૌથી મોટું

ઔદ્યોગિક સ્તર તરીકે વિકસી આવ્યું છે. આ ઔદ્યોગિક નીતિમાં સાર્થક પોલીસી હોય, લેબર ઇન્ટેનસીવ પોલીસી હોય, પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રીઝ માટેની યોજના છે, એમ.એસ.એમ.ઇ. અને એકમોને સહાય અને એવોર્ડ મળતાં હોય છે. માર્કેટ ડેવલપમેન્ટની પણ એમાં યોજના રહી છે. સાથે સાથે પર્યાવરણ સુધારણાની યોજનાને વહિવટી પ્રક્રિયાના સરળીકરણ અને મોનિટરીંગ માટેની પણ આ યોજનાઓ છે. માત્ર યોજનાઓ નથી બનાવી. ઉદ્યોગોનો વિકાસ થાય એના માટે ઇન્ડસ્ટ્રીયલ પાર્ક હોય, લોજિસ્ટિક પાર્ક હોય તથા ઉદ્યોગો માટે ટેકનીકલ મેનપાવર્સ સરળતાથી ઉપલબ્ધ થઇ શકે તે માટેની યોજના લાવવાનું પણ આ ઔદ્યોગિક નીતિ ૨૦૧૫માં આયોજન કર્યું છે અને સાથે સાથે એના માટે પુરતું બજેટ પણ ફળવાયું છે. ગુજરાત જ્યારે ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું હોય ત્યારે તેને અતિ આધુનિક તાંત્રિક શક્તિ ધરાવતી માનવ શક્તિની પણ જરૂરિયાતો વધતી જાય છે. રાજ્ય સરકારે જાહેર તથા ખાનગી ક્ષેત્રની ભાગીદારીથી રાજ્યમાં આવેલ આઇ.ટી.આઇ., પોલિટેકનીક એન્જિનિયરિંગ કોલેજો અને જી.આઇ.ડી.સી. વગેરે ખાતે ખાસ ટ્રેનિંગ સેન્ટરો શરૂ કરવાનું આયોજન કર્યું છે અને સી.ઇ.ડી.ને એક નોડલ સંસ્થા તરીકે વિવિધ પ્રકારની તાલીમોનું આયોજન કર્યું છે. આ કટિબદ્ધતા બતાવે છે સરકારની કે સરકારને ઉદ્યોગો માટે કેટલી ચિંતા છે. વિગતવાર મને જે સમય મળ્યો છે એમાં હું માહિતી આપીશ.

માનનીય અધ્યક્ષશ્રી, હું ડેડીકેટેડ ટ્રેડ કોરીડોર વિકસાવવા માટેની વાત કરી રહ્યો છું. આના કારણે એની આજુબાજુના ૧૫૦ કિ.મી. સુધીના બંને વિસ્તારમાં ડી.એન.આઇ.સી. એ વિકસાવવાનું એક આયોજન કર્યું છે. ગુજરાત રાજ્ય માટે અંતર્ગત સાત નોડને પણ વિકસાવવામાં આવ્યાં છે. રાજ્યના ૧૮ જિલ્લાઓને આવરી લેવામાં આવ્યાં છે. ઉદ્યોગોની સાથે સાથે જે રોજગારી સંકળાયેલી છે જેમાં આઠ લાખ લોકોને રોજગારીની તકો પણ ઉપલબ્ધ થવાની છે. ૩૦ મિલિયન ડોલરનું એમાં રોકાણ થવાનું છે. બળવંતસિંહજી, ગુજરાતના જે શહેરો અમદાવાદ, વડોદરા, સુરતનો સમાવેશ થશે અને ગુજરાતના ક્ષેત્રફળના ૬૨% વિસ્તારમાંથી ડી.એન.આઇ.સી. પસાર થવાની છે. આજ બતાવે છે ગુજરાતની ઉદ્યોગ પ્રત્યેની સરકારની કટિબદ્ધતા શું છે? રાજ્ય સરકારે ૨૦૦૯માં પણ એક એસ.આઇ.આર. એક્ટની રચના કરી છે. એ અંતર્ગત અત્યાર સુધી સાત એસ.આઇ.આર. મંજૂર કરવામાં આવ્યાં છે. ડેડીકેટેડ ટ્રેડ કોરીડોર એ રાજ્યના બંદરો સાથે કનેક્ટીવિટીની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જે રીતે વાત થઇ કે, ઉદ્યોગો માટે સાથી પક્ષ ચિંતા કરતા હતા. મારે એમને કહેવું છે કે, એમ.આઇ.સી.ના એકમોમાં અનુસૂચિત જાતિ હોય, અનુસૂચિત જનજાતિ હોય, મહિલાઓ હોય, વિકલાંગો હોય તેમજ ૩૫ વર્ષથી નાના યુવા સાહસિકોને મળવાપાત્ર વ્યાજ સહાય ઉપરાંત વધારાના એક ટકાની વ્યાજ સહાય પણ આપવામાં આવે છે. રાજ્ય સરકારે તાજેતરમાં આવા એકમો માટે પ્લોટ, શેડની યોજના પણ જાહેર કરી છે. જે મુજબ નાની ઔદ્યોગિક વસાહતો કરવા માટે બહુમાળી પ્રકારના શેડ તૈયાર કરી અને નાના એકમોને ફાળવવાનું આયોજન કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે, ગુજરાત રાજ્ય એ ઓટોમોબાઇલ્સનું હબ બની ગયું છે અને એ તરફ આગળ પણ વધી રહ્યું છે. રાજ્યમાં એ ટાટા મોટર્સ હોય, ફોર્ડ હોય, મારુતિ–સુઝુકી હોય, હોન્ડા મોટર સાયકલ કે હિરો મોટર કોર્પ જેવી કંપનીઓએ પણ ગુજરાત રાજ્યની પસંદગી કરી છે. હું માત્ર ઓટોમોબાઇલ્સની જ વાત નથી કરતો. ફોરચ્યુન ફાઇવ હન્ડ્રેડની મોટા ભાગની કંપનીઓએ ગુજરાતમાં પોતાનું એકમ સ્થાપવાના પ્રયાણ કરી લીધા છે. આ રાજ્ય સરકારની કટિબદ્ધતા બતાવે છે. આ ઉપરાંત રાજ્ય સરકારે ટેક્ષ્ટાઇલ પોલીસી– ૨૦૧૨ અંતર્ગત વિવિધ પ્રકારની સહાય આપવાનું નક્કી કરેલ છે. ટેક્ષટાઇલ ઉદ્યોગના વિકાસ માટે સુરત ખાતે ટેક્ષ્ટાઇલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે અને મીઠા ઉદ્યોગ માટે, જેમ્સ એન્ડ જ્વેલરીને માટે પણ પૂરતા પ્રમાણમાં પ્રોત્સાહન પૂરું પાડવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમય ઓછો છે એટલે હું ટૂંકમાં જ વાત કરીશ કે, ૨૦૧૪માં જાહેર કરેલી ટેક્ષ્ટાઇલ પોલીસી સફળતાપૂર્વક આગળ ધપાવવા માટે ૩૨૦ કરોડની જોગવાઇ. ઔદ્યોગિક ક્રિટિકલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર યોજના માટે ૨૭૦ કરોડની જોગવાઇ. ઇન્ડસ્ટ્રીયલ પાર્ક, લોજીસ્ટિક પાર્ક, ડિફેન્સ મેન્યુફેકચરીંગના એકમો માટેના પાર્કના વિકાસ માટે કુલ જોગવાઇ ૩૨ કરોડ. સુરત ખાતે ગ્રીન સિટીમાં ટેક્ષટાઇલ યુનિવર્સિટીની સ્થાપના માટે પ્રાથમિક જોગવાઇ ૧૦ કરોડ. અમદાવાદના રિવર ફ્રન્ટ માટે કાયમી ઔદ્યોગિક પ્રદર્શન અને કેન્દ્ર ઉભું કરવા માટે જોગવાઇ ૨૫ કરોડ. ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રિઝિયન માટે જોગવાઇ ૩૦ કરોડ. બેચરાજી–માંડલ સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રિઝિયન માટે જોગવાઇ ૧૦ કરોડ. ગુજરાત રાજયના અભૂતપૂર્વ વિકાસના પાયાનું આયોજન કરનાર ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડના માધ્યમથી કેટલાક વિશ્વકક્ષાના પ્રોજેક્ટ પણ અમલમાં આવ્યા છે.

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના ચોકારી ગામે વૈશ્વિક કક્ષાનું નોલેજ હબનું નિર્માણ કરવાનું નક્કી થયું છે. જેમાં કોમન ઇન્ફ્રાસ્ટ્રક્ચર સાથે ચિલ્ડ્રન યુનિવર્સિટી, ટિચર્સ યુનિવર્સિટી, સ્પોર્ટસ યુનિવર્સિટી તથા સેન્ટ્રલ યુનિવર્સિટી કાર્યાન્વિત કરવાની પ્રાથમિક જોગવાઇ માટે ૫૦ કરોડ પણ ફાળવવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટ માટે શિક્ષણ અને રમત–ગમત વિભાગ દ્વારા વધારાના ૨૦ કરોડની પણ જોગવાઇ કરી છે અને રાજ્યના દરિયા કિનારે આવેલા ટાપુઓના વિકાસ, સુરક્ષા અને પ્રવાસનની ક્ષમતાને ધ્યાનમાં લઇને આઇલેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટીની પણ રચના કરવામાં આવી છે, રૂપિયા ૧૦ કરોડની એમાં પણ જોગવાઇ છે. ભારત સરકારના રેલ વિકાસ નિગમ સાથેની ભાગીદારીમાં

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. માનનીય શ્રી પરબતભાઇ.

શ્રી પરબતભાઇ સ. પટેલ(થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જા મંત્રીશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપવા માટે અને સરકારે કરેલી કામગીરીની વિગતો આપવા માટે ઉપસ્થિત થયો છું.

આદરણીય અધ્યક્ષશ્રી, આ રાજ્યની સરકારે સમગ્ર ગુજરાતમાં વીજ પુરવઠો નિયમિત મળે, છેવાડના માનવી સુધી જાય, ઉદ્યોગો સારી રીતે ચાલી શકે એના માટે અભૂતપૂર્વ કામગીરી કરી છે. હમણાં આદરણીય શ્રી બલવંતસિંહજી વાત કરી રહ્યા હતા કે,

કોંગ્રેસના શાસનમાં ૧૬ કલાક વીજળી મળતી હતી. આદરણીય દંડકશ્રીને મારે કહેવું છે કે, તપાસ કરો કે, ક્યારેય ૧૬ કલાક વીજળી કોંગ્રેસના શાસનમાં મળી નથી, આ ફ્લોર ઉપરથી કહું છું. આ ફ્લોર ઉપરથી કહું છું સાહેબ, ક્યારેય મળી નથી અને આદરણીય અધ્યક્ષશ્રી, બીજી પણ વાત કરવા માગું છું કે, સહેજ યાદ તો કરો કે, ખેડૂતોને ૧૬ કલાક નહીં મારી ગામડાંની શાળાઓને અને આંગણવાડીઓને પણ આપણે કદી વીજળી આપી નથી. જે કોઇ વીજળી લીધી છે એ મારા શિક્ષકોએ ગામ લોકો પાસેથી, દાતાઓ પાસેથી ફાળો લઇને એના એસ્ટીમેટ ભર્યા છે અને એનું વીજ બિલ પણ શિક્ષક મિત્રો ભરતા હતા.

આ રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી અને અત્યારના દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી જે ''જ્યોતિ ગ્રામ યોજના'' અમલમાં આવી અને એમણે શાસન હાથમાં લીધું એ દિવસથી એમણે કહ્યું કે, ગામડાંની શાળાઓને અને આંગણવાડીને પ્રથમ લાઇટ મળવી જોઇએ અને આ જોગવાઇ એમણે કરી. અત્યારે રાજ્યની તમામ શાળાઓમાં વીજળીકરણ અને આંગણવાડીઓમાં પણ આ વીજળીકરણ થયું છે એ દેન શ્રી નરેન્દ્રભાઇ મોદીની છે.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે, આપનું પ્રવચન ચાલુ રહેશે.

(વિરામ બપોરના ૨.૩૦ થી ૩.૧૫ )

અધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને

શ્રી પરબતભાઇ સ. પટેલ : (ક્રમશઃ) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જા મંત્રીશ્રી જે ઉર્જાની માગણીઓ લઇને આવ્યા છે એના વિશે હું મારી વાત કરીશ. ભૂતકાળમાં તો અમારો ખેડૂત રાત્રે બલ્બ સામે જોઇને બેસી રહે, ક્યાંક ટેપ ચાલુ કરીને મુકે કે કયારે વીજળી આવે અને કયારે મારે મોટરની સ્વીચ પાડવી. અત્યારે એકધારી આઠ કલાક નિયમિત અને રેગ્યુલર, એને ખબર છે કે અત્યારે લાઇટ આવવાની છે. મારો એક દાખલો આપું. હું ગામડાંમાં ગયો અને લાઇટ ગઇ એટલે એણે એમ કીધું કે સાહેબ, અમારે જો સીંગલ ફેઝ લાઇટ જાય તો પણ કયારે આવે એની ખબર છે? અને અત્યારે માત્ર થ્રી ફેઝમાં બદલવાની છે એટલા માટે લાઇટ ગઇ છે અને આપણે અત્યારે અહીંથી ઉઠવાનું નથી, લાઇટ આવે છે. આટલો ખેડૂતોને વિશ્વાસ બેઠો છે. પહેલા લંગડી વીજળી આવતી હતી અત્યારે અમે ગુણવત્તાયુકત કવોલીટીવાળી વીજળી આપીએ છીએ. આ વખતના બજેટમાં રાજય સરકારે જોગવાઇ કરી છે કે ગામડાંના વીજળીકરણ, ગરીબ લોકોને વીજળી, ખેડૂતોને હોર્સ પાવર ઉપર અને યુનિટ ઉપર જે વીજળી છે એમાં રાજયની સરકાર મોટી સબસિડી આપે છે. આ બધા માટે ૪૪૭૦ કરોડની આ બજેટમાં જોગવાઇ કરી. ગુણવત્તાયુકત વીજ પુરવઠો પૂરો પાડવા માટે વીજ પ્રવાહના રેસાઓ, નવા સબસ્ટેશનો બનાવાવા માટે ૨૦૭૩ કરોડની જોગવાઇ અને સાથે સાથે આ ૬ સબસ્ટેશનમાંથી ૨૫ વનબંધુ વિકાસ માટે અને ૧૭ સબ સ્ટેશન સાગરખેડૂ યોજના માટે, એ વિસ્તારને પણ આપવા માટેનું આયોજન કર્યું છે. ગરીબ પરિવારોને ૪૨૭૦૦ થી પણ વધુ ઘરગથ્થુ વીજ જોડાણો જુદી જુદી યોજના તળે આપવાનું આયોજન કર્યું છે. દર વર્ષે કોંગ્રેસના શાસનમાં ભૂતકાળમાં સરકારે કયારેય એક વર્ષમાં એક લાખ જોડાણ નહીં આપ્યા હોય. ૨૦૧૩, ૨૦૧૪ અને ૨૦૧૫માં દર વર્ષે એક એક લાખ વીજ જોડાણ ખેડૂતોને આપ્યા અને આ સાલ પણ એક લાખ વીજ જોડાણોની જોગવાઇ કરી અને એમાં ૧૧૫૮ કરોડની આ બજેટમાં જોગવાઇ કરી. સાગર ખેડૂ સર્વાંગી વિકાસ યોજના તળે ૪૨૫ કરોડની જોગવાઇ, કિસાન હિત ઉર્જા ખુશી માટે ૧૫૦ કરોડની જોગવાઇ, આજ સુધી કયારેય કોઇ સરકારે વિચાર્યું નથી. નગરપાલિકા, મહાનગરપાલિકાના રસ્તામાં આવતા પોલ અને વીજ રેખાઓ ખસેડવા માટે બજેટમાં સો કરોડની જોગવાઇ કરી છે. અંતરિયાળ વિસ્તારમાં કયાંય ખેડૂતને વીજળી આપી શકાય એવી ન હોય તો સોલાર મારફત આપવા માટે ૬૦ કરોડની જોગવાઇ, અત્યારે રાજયના ૧૮૦૦૦ ગામોમાં ૨૪ કલાક થ્રી ફેઝ પુરવઠો, અંતરિયાળ અને ડુંગરાળ વિસ્તારમાં કયારેક કયાંય વીજળી જાય એવું ન હોય તો છુટાછવાયા વિસ્તારો માટે પણ વીજ પુરવઠો ૨૪ કલાક મળે એના માટે બજેટમાં ૫૦ કરોડની જોગવાઇ કરી છે. મારે એ પણ પૂછવું હતું કે ભૂતકાળમાં સમગ્ર રાજયમાં કેટલા સબ સ્ટેશન હતા? કોઇ વર્ષ એવું હશે કે જેમાં સો સબ સ્ટેશનની ફાળવણી કરી? ગઇ સાલ પણ સો સબસ્ટેશન, ચાલુ સાલે પણ સો સબસ્ટેશન અને આઝાદીના ૧૯૬૦ થી ૨૦૧૨ સુધીના ૪૨ વર્ષમાં ૭૦૯ સબસ્ટેશન હતા. ૨૦૦૨ થી ૨૦૧૪ના ૧૨ વર્ષમાં ૭૬૮ સબસ્ટેશન ડબલ કરતા પણ વધારે ૧૪૭૭ સબસ્ટેશન છે અને સમગ્ર હિન્દુસ્તાનમાં સબસ્ટેશનની સંખ્યામાં ગુજરાત બીજા ક્રમે છે. મારા જિલ્લાની વાત કરું તો ૨૦૦૨ સુધી ૬૪ સબસ્ટેશન હતા, ૨૦૧૪ સુધીમાં ૧૫૦, દર વર્ષે એક સબ સ્ટેશન મળે, મારે એક સબસ્ટેશન જોઇતું હતું. ૧૯૮૫થી ૧૯૯૦ હું કોંગ્રેસનો ધારાસભ્ય હતો. લાખડીનું સબ સ્ટેશન અમે બનાસ બેંકની લોન લીધી ત્યારે કર્યું હતું. યાદ કરાવું છું. એ વખતે સ્ત્રોતો નહોતા પણ જે પરિસ્થિતિ હોય એનો સ્વીકાર કરવો જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પુરું થાય છે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગમાં બોલવા માટે ઉભો થયો છું. ત્યારે ઉદ્યોગમાં વાતો ઘણી મોટી મોટી થાય છે. આ ઉદ્યોગો આટલા કર્યા. આ આટલા કર્યા. તમે નહીં માનો, નાના નાના ઉદ્યોગો ગુજરાતમાં બંધ થયા છે, પણ મોટા ઉદ્યોગો તમે ગુજરાત સરકારને એમાં નેનોને મફતના ભાવમાં જમીન આપી અને બે દિવસમાં ૨૦૦૮ માં અરજી કરી અને ૧૦-૮ એ નેનો કંપનીને સ્ટેમ્પ ડ્યૂટી માફ, બધા કરવેરા માફ એ બધા કરવેરા માફ સાથે નેનો કંપનીને જમીન આપી અને પાછી વધારાની લોન આપી, લોન ભલે આપી, પણ સબસિડી સમજ્યા એ નેનો કંપની છેલ્લા ૩ વર્ષથી બિલકૂલ બંધ છે. તો ખરેખર આ જે જમીન કૃષિ યુનિવર્સિટીમાં ૬૦ થી ૭૦ વિસ્તરણ અધિકારીનું તાલીમ કેન્દ્ર હતું તે બંધ કરી એકલા ગુજરાતના જે કર્મચારીઓ હોય એને માટેની તમે તાલીમ બંધ કરી. ખરેખર આ ઉદ્યોગ આવ્યો એમાં ૮૦ ટકા નોકરિયાત યુવાનોને રોજગારી આપવાની હતી એમાં એકપણ નેનો, ફોર્ડ કંપનીમાં ત્યાંની આજુબાજુના ખેડૂતોના દીકરા એવા બેરોજગારોને રોજગારી આપવામાં આવી નથી. અને આ બંને કંપનીઓ અત્યારે હાલ નેનો તો બંધ છે. ફોર્ડ કંપનીમાં ભરતી થાય છે. ત્યાં આગળ જે ભરતી કરવામાં આવે છે તે ભરતી બહારના પ્રાંતની કરવામાં આવે છે અને સ્થાનિક આગેવાનોના કેટલાક બેરોજગારો

છે તેમની ભરતી કરવામાં આવે છે. તે પણ કેવી? લેબરમાં. અને જે એન્જિનિયર હોય, બી.ઇ. મિકેનિકલ હોય, સિવિલ એન્જિનિયર હોય એવા લોકોની ભરતીમાં બહારના, પરપ્રાંતના લોકોની ભરતી કરવામાં આવે છે. બીજું કે નેનો કંપીની સરકારે આપી તેમાં શરત નં. ૩ મા:ચોખ્ખું લખેલ છે એ શરતનો પણ ભંગ થયો છે.

ઉપાધ્યક્ષશ્રી : કરમશીભાઇ, આપ નેનોમાંથી બહાર આવો.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : અબજો રૂપિયાની જમીન સરકારે આપી છે, ત્યારે ખરેખર હાલ ઉપયોગ નથી કરતા, તો એ જમીન શરત મુજબ પરત લેવા માટે સરકારશ્રીએ કોઇ કાર્યવાહી કરી છે કે કેમ? અને જો ન કરી હોય તો એ જમીન..

ઉપાધ્યક્ષશ્રી : એ નેનોમાંથી નીકળીને રોડ ઉપર આવો.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : કોઇપણ ખાણ ખનિજ વિભાગમાં નેનોની લગભગ ૪૦૦ હેકટર જમીન એ જમીનથી જે ૫ ફૂટ ઉંચું પુરાણ કર્યુ તેમાં સરકારશ્રીની રોયલ્ટી ભરવાની હોય તો નોર્મલ જે ખાણ ખનિજ વિભાગના ભૂમાફિયાઓ એકબીજા સાથે *(xxx) થઇ અબજો રૂપિયાનું ત્યાં આગળ નુકસાન કરી સરકારને નુકસાન કરે છે.

ઉપાધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દ હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : આ હકીકત છે અને આ ખાણ ખનિજ વિભાગના અધિકારી ત્યાં જે લીઝનું કરતા હોય તેમની સાથે*(xxx) ધંધાદારીમાં ભાગીદાર હોવાથી..

ઉપાધ્યક્ષશ્રી : કરમશીભાઇ આ શબ્દ ફરીથી રિપિટ ન કરો. જે બિનસંસદીય શબ્દ છે એ મેં રેકર્ડ ઉપરથી દૂર કર્યા છે છતા ફરીથી બોલો છો?.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : જે હકીકત હોય એ કહેવી પડે ને?

ઉપાધ્યક્ષશ્રી : એ આપણી સંસદીય પ્રણાલિની મર્યાદામાં રહીને કહેવાની હોય છે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : આ મર્યાદા છે ને. આ ભૂમાફિયા હોય, ખાણ ખનિજ વિભાગના અધિકારીઓ સાથે *(xxx) હોય, ધંધાદારી ભાગીદારી હોય. *(xxx) આવા બનાવો મારા સાણંદ તાલુકામાં મેં ચારથી પાંચ ગામોમાં જોયેલા છે.

ઉપાધ્યક્ષશ્રી : કરમશીભાઇ આપની પાસે બે મિનિટ છે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કલાણામાં સરકારી અને ગૌચર જમીન ત્યાંના તલાટી અને સરપંચશ્રીએ લગભગ ૪૦ થી ૫૦ એકર જમીનમાં ૪૦ થી ૫૦ ફૂટ ઉંડા ખાડા કરી માટી ચોરી અને વેચાણ કરેલ છે. તે બાબતે મેં આ સરકારમાં ઉદ્યોગ સચિવ હોય કે અધિક મુખ્ય સચિવ, ઉદ્યોગ કમિશ્નર અને માનનીય સૌરભભાઇ પટેલને પણ ૪૩ કાગળો લખેલા છે. તેમ છતાં ખાણ ખનિજની ચોરી કરી છે તેમના ઉપર કોઇપણ જાતની કાર્યવાહી થતી નથી. બીજું કે મારા જેવા ધારાસભ્ય ૪૩-૪૩ કાગળો સરકારમાં લખતા હોય અને તેની કોઇ અસર ના થતી હોય તો સામાન્ય પ્રજાનું શું થતું હશે? ૪૩ કાગળો તમે કહેતા હોવ તો હું માનનીય મંત્રીશ્રીને આપવા તૈયાર છું. કયા દિવસે કયા અધિક સચિવને કે મુખ્ય સચિવને લખ્યા તે ૪૩ કાગળોની યાદી તૈયાર છે. ત્યાંથી વાત અટકતી નથી. આ કલાણાની વાત થઇ પણ આજુબાજુના ૧૫ થી ૨૦ ગામોમાં લીઝ હોલ્ડરોએ પરવાનગી સિવાય નેનો અને ફોર્ડ કંપનીમાં આ માટી ચોરી કરીને આપેલ છે. નેનો અને ફોર્ડ કંપનીમાં ઓછામાં ઓછા ૧૮૦૦ વીઘા જમીનમાં પુરાણ કરેલ છે. તેની ખરેખર તપાસ કરાવવી જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય રણજીતભાઇ ગીલીટવાલા. પ્લીઝ સીટ ડાઉન. સભ્યશ્રી ઉભા થઇ ગયા છે. કરમશીભાઇ આપ બેસો.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે એમની સ્પીચમાં એવી વાત કરી કે *(xxx) તેમની જોડે પુરાવા હોય તો આપે નહીં તો આ રેકર્ડ ઉપરથી દૂર કરો.

ઉપાધ્યક્ષશ્રી : આપ બેસો. કરમશીભાઇ આપ આપની જગ્યા લો પ્લીઝ. રણજીભાઇ ગીલીટવાલા.

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા(સુરત (પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ ૨૦૧૫-૧૬ માટે ઉર્જા વિભાગની માગણી ક્રમાંક ૧૨ કર વસૂલાત ખર્ચ ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ માટે કુલ રૂ. ૨૦ કરોડ ૧૦ લાખ ૫ હજારની માગણી લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું. (અંતરાય) સાહેબ હાઉસ ઇઝ નોટ ઇન ઓર્ડર.

ઉપાધ્યક્ષશ્રી : યુ કેરી ઓન નાઉ.

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા : માનનીય અધ્યક્ષશ્રી, અન્ડર ઇલેક્ટ્રીસીટી એકટ અને તેના હેઠળ ઘડવામાં આવેલા નિયમોનો અમલ જેને સોંપવામાં આવ્યો છે તેવી ઓફિસ ઓફ ધી ઇલેકટ્રીકલ ઇન્સપેકટર અને ઓફિસ ઓફ ધી કલેકશન ઓફ ઇલેક્ટ્રીસીટી ડયુટીની કચેરીના કર્મચારીઓના ખર્ચ માટે ૨૦ કરોડ ૧૦ લાખ ૫ હજારની માગણી કરવામાં આવી છે. બંને કચેરીમાં અધિકારીશ્રીઓના પગાર, કર્મચારી વર્ગના પગાર, મોંઘવારી ભથ્થુ, લીવ ટ્રાવેલ કન્સેશન, રીએમ્બર્સમેન્ટ ઓફ મેડિકલ ચાર્જીસ, મેડિકલ એલાઉન્સીસ, લીવ એન્કેશમેન્ટ, હાઉસ રેન્ટ એલાઉન્સીસ, ટ્રાન્સપોર્ટ એલાઉન્સીસ, ડોમેસ્ટીક ટ્રાવેલ કન્સેશન, કચેરીના ખર્ચાઓ, ભાડા, કર અને દર વિગેરેના વિવિધ ખર્ચાઓને પહોંચી વળવા માટે આ માગણી કરવામાં આવી છે તેને હું મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિભાગનું અસરકારક સંચાલન કરવા માટે નીમાયેલા કર્મચારી છે તેને લગતો ખર્ચ અને કચેરીના સંચાલનનો ખર્ચ તે રાજય સરકારની કમિટેડ રીસ્પોન્સીબીલીટી છે. એટલે ઇટ શુડ બી પ્રોવાઇડેડ. આ માગણી જે મૂકવામાં આવી

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

છે તેને હું મારું અનુમોદન આપું છું. માગણી ક્રમાંક ૧૨ હેઠળ ઇલેક્ટ્રિસિટી ડ્યુટી કલેકશન કરની માગણી કરવામાં આવી છે ત્યારે આ વિભાગ દ્વારા ઇલેક્ટ્રિસિટી ડ્યુટીની આવક ધ્યાને લેવાવી જોઇએ. એ ટોટલ કલેકશન ઓફ ઇલેક્ટ્રિસિટી ડ્યુટી ડ્યુરીંગ વર્ષ ૨૦૧૧-૧૨ ૩૩૫૪ કરોડ, ૨૦૧૨-૧૩માં ૪૪૦૬ કરોડ, ૨૦૧૩-૧૪માં ૪૬૯૨ કરોડ અને વર્ષ ૨૦૧૪-૧૫માં એ રીવાઇઝ્ડ એસ્ટીમેટ છે ૫૭૭૫ કરોડ અને ૨૦૧૫-૧૬નું બજેટ એસ્ટીમેટ છે રૂપિયા ૫૮૦૦ કરોડ આ આવકની સામે આ કલેકશનનો ખર્ચ કેટલો છે એ પણ જોવાવું જોઇએ અને એના પરસન્ટેજ જોવા જોઇએ. એ રીતે જોવા જઇએ તો વર્ષ ૨૦૧૩-૧૪માં ૧૮.૩૪ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો, વર્ષ ૨૦૧૪-૧૫માં રીવાઇઝ્ડ એસ્ટીમેટ છે ૨૪ કરોડ રૂપિયાનો અને ૨૦૧૫-૧૬ માટે ૨૦ કરોડ ૧૦ લાખ ૫ હજાર રૂપિયાની માગણી કરવામાં આવી છે. નાઉ આ બંનેનો રેશિયો કરવામાં આવે. ઇલેક્ટ્રિસિટી ડ્યુટીની આવક મેળવવા માટે કેટલો ઓફિશિયલી ખર્ચ કર્યો છે એ જાણવા માટે એના પરસન્ટેજ ઓફ કલેકશન ચાર્જીસ જો ગણીએ તો વર્ષ ૨૦૧૩-૧૪માં ઇટ વોઝ ૦.૩૯ ટકા ઓન્લી, ૨૦૧૪-૧૫માં રીવાઇઝ્ડ એસ્ટીમેટ છે ૦.૪૨ ટકા અને બજેટેડ વર્ષની અંદર ૨૦૧૫-૧૬ માં ઇટ ઇઝ લાઇકલી ટુ બી ૦.૩૫ ટકા બજેટ એસ્ટીમેટમાં આ વર્ષે કલેકશન થવાનો છે. એટલે વસૂલાત અંગેની જે ટકાવારી છે ઇટ ઇઝ મોરધેન રીઝનેબલ, મોસ્ટ ઇકોનોમીકલ અને એટલા માટે આ માગણીને હું અનુમોદન આપુ છું. માનનીય અધ્યક્ષશ્રી, office of the Collector of Electricity Duty દ્વારા ફકત વીજ કરની ઉઘરાણી કરવામાં આવે છે એવું નથી, સાથે સાથે ઉદ્યોગો અને પ્રજાજનોને કાયદા હેઠળ મળવાપાત્ર માફી અને રાહત આપવાની કામગીરી પણ આ વિભાગ તરફથી કરવામાં આવતી હોય છે. વિભાગ તરફથી વીજ કર દરમાં રાહત અંગેના હુકમો કરવામાં આવે છે અને વીજ કર દર અયોગ્ય હોય તો એને યોગ્ય કરવા માટેના હુકમો કરવામાં આવે છે, વીજ કરની વિલંબિત ચૂકવણી પર વ્યાજ અને પેનલ્ટી કરવામાં આવે છે, વીજ કરની વસૂલાતમાં યોગ્યતા મુજબ હપતા નક્કી કરવાનું કામ પણ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. વિદ્યુત દરના માફી યોગ્યતા પ્રમાણ પત્ર આપવાનું - those who are exempted from payment of electricity duty, are given certificates. એ પણ આ ડિપાર્ટમેન્ટ તરફથી કરવામાં આવે છે. સરકાર ફકતને ફકત કર દ્વારા એની આવક વધારવાનો પ્રયત્ન કરે છે એવું નથી પણ સામાન્ય જનતા ઉપર વેરાનો બોજો વધે નહીં એવી પણ આ રાજય સરકારની કાયમ નીતિ રહી છે અને એના સંદર્ભમાં કહું તો ખેડૂત પરના કરનું ભારણ ઘટે તે માટે ખેતીવાડી ઉપર લાગતો ૫ ટકાનો વીજ કર ૧-૭-૨૦૦૪થી નાબૂદ કરવામાં આવ્યો છે. ૧૯૮૩માં રહેણાંકનો મહત્તમ દર ૪૦ ટકા હતો - that is reduced to 15% only. ૫૧૮ કરોડ રૂપિયાની રાહત આપવામાં આવી હતી. હોટેલ, રેસ્ટોરન્ટ, પ્રવાસન માટે જે દર હતો એપ્લીકેબલ ૪૫ પરસન્ટ તે ઘટાડીને ૨૫ પરસન્ટ કરવામાં આવ્યો છે.

શ્રી ગોવાભાઇ હ. રબારી(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉર્જા પેટ્રો કેમિકલ્સ અને ઉદ્યોગની જે માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર મારા સૂચનો કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા-વીજળી માટે ગુજરાતમાં ઘણાં બધા સબસ્ટેશનો વધ્યા ૨૨૦ અને ૪૪૦ના અને એવો ઘણો બધો વધારો થયો. પરંતુ વીજળીના ભાવમાં વધારો જ થાય છે એમાં કોઇ ઘટાડો જોવા મળતો નથી. ખેડૂતોની વાત છે કે દરેક બીજા ગ્રાહકની વીજળી વપરાશની વાત છે થોડા સમય પહેલા તેઓ કહેતા હતા કે કોલસો મોંઘો આવે છે, દૂરથી આવે છે માટે વીજળી મોંઘી પડે છે. એટલે મને એમ લાગ્યું કે આ બજેટમાં કદાચ ક્યાંક જોઉં કે સસ્તો કોલસો હવે આવ્યો હશે કારણકે હવે એમની જ સરકાર છે એટલે સસ્તો કોલસો, નજીકથી કોલસો આવે તો કંઇક વીજળીના ભાવનો ઘટાડો થયો હશે, પણ અંદર ક્યાંય જોવા ના મળ્યું કે આ ઘટાડો થયો છે, એમનું એમજ છે ઉલ્ટું વધ્યું છે, તો એ રીતે પણ થોડોક ઘટાડો કરવો જોઇએ. આ મોટી મોટી વાતો બધાએ કરી છે, હું ગ્રાસ રૂટની વાત કરીશ કે એક નાનો માણસ વીજળીની અંદર હમણાં કહ્યું કે એક લાખ જોડાણ અમે નવા આપીશું, સારું છે અભિનંદન, પરંતુ હું ખાલી મારા જિલ્લાની જ વાત કરું, તો આજની તારીખે "ક" કેટેગરીમાં ૧૬,૦૦૦, "ડ" કેટેગરીમાં ૧૮,૦૦૦ અને ફાર્મ હાઉસના ૨૩,૦૦૦, આટલી બધી અરજીઓ પેન્ડિંગ પડી છે આજની તારીખે, આપણે આના જોડાણ આપી શકયા નથી આનું કારણ એ છે કે, મટિરિયલ નથી, સ્ટાફ નથી, એક હજારથી વધારે કર્મચારીઓની જગ્યાઓ ખાલી છે, હેલ્પરોની જગ્યાઓ ખાલી છે, ખેડૂતોને જોડાણ આપે છે એમાં આખા વાયરો લબડતા હોય છે, ક્યાંક નીચે ઢોર પણ ઉભું હોય તો એ મરી જાય, ઘાસ પડ્યું હોય અને આગ લાગે તો ઘાસ બળી જાય, પણ કોઇ પૂછવાવાળું નથી, ફોન કરીએ તો ચાળીસ ગામ વચ્ચે એક હેલ્પર હોય, એક હેલ્પર હોય તો ચાળીસ ગામ હોવાથી મહિને પણ વારો ના આવે, આ પણ ખૂબ ખરાબ પરિસ્થિતિ છે, આપણે એમ વાત કરીએ કે આટલું ઉત્પાદન કર્યું વીજળીનું, આટલું આ કર્યું, તે કર્યું, પણ એનો જે હેતુ છે કે જમીન ઉપર રહેતો ખેડૂત, મજૂર, ઘર ગ્રાહક એને કેટલો લાભ થાય છે એના સુધી આપણે જતા નથી એ બધા માત્ર મોટા કરોડોની વ્યાખ્યામાં જ રહે છે, બોરના જે જોડાણ છે, હમણાં અમારે ત્યાં તત્કાલની યોજના દાખલ કરી, એમાં બોર કરી નાંખો એવી વાત કરી, બોર સમયસર ના કરી શક્યા, થોડાક લેટ કર્યા તો મારી મંત્રીશ્રીને એ પણ વિનંતી છે કે, જે ખેડૂતે આપના કહેવાથી બોર કરી દીધો છે, આપના ડિપાર્ટમેન્ટના કહેવાથી બોર કર્યો છે, પંદર પંદર લાખનો ખર્ચ કર્યો છે અને આજે એને કનેકશન નથી મળતું એને "ડ" વર્ગમાં મૂકી દીધેલ છે, જે તત્કાલને સીધું "ડ"માં મૂક્યું, એક વરસે પણ નંબર નહિ લાગે ત્યાંસુધી આ બોર ફેઇલ થઇ જશે, એ આખું કુટુંબ બરબાદ થઇ જશે, માટે એને જોડાણ આપવું જોઇએ અને એમની વ્યથાને સમજવી જોઇએ, એટલું જ નહિ પરંતુ જે લોડ વધારો છે, એ લોડ વધારો તમારા મશીનથી ચોમાસામાં માપો તો એની મોટર હશે એટલો જ લોડ બતાવશે, પણ જ્યારે એને તમે ઉનાળામાં માપશો તો એ બધો પત્થર એરિયા છે સો ફૂટ નીચે પત્થર આવે છે, એટલે ઉનાળામાં જ્યારે ડેમ અને તળાવો ખાલી થઇ જાય એટલે પાણી ઉંડા જતા રહે એમાં બે ત્રણ કોલમો નાંખે એટલે લોડ વધારો થાય. ૩૦ની મોટર ચાલતી હોય એમનો લોડ સીધો ૭૦ અને ૮૦ હોર્સ પાવર થઇ જાય, ૭૦ - ૮૦ હોર્સ પાવરનો લોડ વધારાનો દંડ આપવામાં આવે, લોડ વધારે લેવડાવવામાં આવે, એના કરતાં સરકારશ્રીએ સ્વૈચ્છાએ જાહેરાત કરવી જોઇએ કે જેને જેને લોડ વધારો જોઇએ એ આ સમયમાં તમે લઇ લો તો બધા જ લઇ લે, પરંતુ તમે

ચોમાસામાં કરો તો ૨૫ બતાવે છે એ જ મોટર એ જ બોર, એ જ ખેડૂત અને ઉનાળામાં જાઓ એટલે સીધો ૬૫ બતાવે છે, સેઇમ છે કોઇ ભુંગળું વધાર્યું નથી, કોઇ રોટર વધાર્યું નથી, કોઇ પંપમાં કંઇ કર્યું નથી પણ પાણી ઉંડા જાય એટલે એનો લોડ વધારો થવાનો છે, તો આ રીતે એમાં પણ કંઇક વિચારવું જોઇએ અભણ ખેડૂત નથી આવી શકતો, આજે ન્યાય પણ મોંઘો છે એમને ૧૨૬ની અંદર ઠીક છે કંઇક ૨૦ ટકા લઇને પેલું આપે છે પરંતુ ૧૩૫માં જો એમને બે લાખ રૂપિયા દંડ આપી દીધો તો એ બે લાખ ન ભરે ત્યાંસુધી એનું જોડાણ ના મળે એને કેસ કરવાની અપીલનો પણ ચાન્સ ના મળે, આમાં તો ગમે ત્યાં ખેડૂત કે ગામડાંના માણસને છૂટ આપવી જોઇએ કે ૧૩૫નો કેસ હોય તો એને અપીલ કરી શકશે અને અપીલમાં એ સકસેસ ન જાય, એ સાચો ના હોય તો ભલે દંડ ભરે, પણ આ તો પહેલાં દંડ ભરે અને ઘણી જગ્યાએ તો એવું છે કે બે લાખ રૂપિયા દંડ આપ્યો ખેડૂતને ૧૩૫માં ખેડૂતે દંડ ભરી દીધો, અપીલમાં એ નિર્દોષ છૂટ્યો તો પણ એ બે લાખ રૂપિયા એના બિલમાં જમા થશે એને પરત નહિ મળે, બે લાખ રૂપિયા જેવી રકમ એ ખેડૂત માટે મોટો બોજો છે, ખેડૂત એનું ખેતર ગીરવે મૂકે છે, એના દાગીના ગીરવે મૂકે છે, ત્યારે બે લાખ રૂપિયા એને મળતા હોય છે, તો આ રીતે જે થઇ રહ્યું છે તે બરાબર નથી, આના માટે પણ તમારે કંઇક નવું વિચારવું જોઇએ. ઉદ્યોગની અંદર અમારા બળવંતસિંહભાઇએ મોટા મોટા ઉદ્યોગ બાબતે ઘણી બધી વાતો કરી એ વાતોમાં હું નહિ જઉં, પણ ટાટાને જો આટલો લાભ આપ્યો છે એવો જો હીરાના કારખાનાવાળાને લાભ આપ્યો હોત તો આજે લાખ્ખો માણસોને એ લોકો રોજી આપતા હોત, દરેક જિલ્લે જિલ્લે એક ડાયમંડની જી.આઇ.ડી.સી. સ્થાપો, ટોકનથી એમને મકાન આપો, લાઇટની અંદર પચાસ ટકા સબસિડી આપો દરેક જિલ્લામાં એક લાખ કારીગરોને હીરાના ધંધામાં રોજગારી મળશે. માનનીય અધ્યક્ષશ્રી, હીરાના ધંધાના કારીગરો જે છે તેમને જયારે મંદી આવે છે ડોલર વધઘટ થાય તેમાં આ કારીગર મરી જાય છે. તેને જયારે રોજી ના મળે, ધંધો ના મળે એ દિવસે તે બેકાર થઇ જાય છે કારણ કે તેને બીજો કોઇ ધંધો નથી એ કારખાનું છ મહિના બંધ એટલે પૂરું થઇ ગયુ. એના બાળકો ભણતા હોય, તેને ઘર–રસોડું ચલાવવું હોય તેના માટે પણ મોટી મુસીબતો છે. તો આ હજારો કરોડ રૂપિયા મોટા ઉદ્યોગોને આપી દે છે તેના કરતા આવા ગરીબ, લેબર માણસોને કે જે ડાયમંડના કારીગરો છે અને એક ઇન્ટરનેશનલ–બહારના ધંધાના હિસાબે, ડોલર વધઘટના હિસાબે લોકોને રોજી નથી મળતી એવાને ખરેખર સ્ટાઇપેન્ડ આપીને તેમને જીવતા રાખવા જોઇએ કે જેથી તે ફરીવાર હીરામાં કામ કરે, એ રહી શકે તેનું ઘર બચી જાય, એના છોકરા ભણી શકે એના માટે પણ કંઇક કરવું જોઇએ એવી મારી સરકારને વિનંતી છે. બનાસકાંઠાની જ વાત કરું તો અમારે જી.આઇ.ડી.સી.છે અને ઉદ્યોગની ઓફિસ મહેસાણા. માનનીય અધ્યક્ષશ્રી, એક તો ઉદ્યોગ નથી, કોઇ આવતું નથી, પાણી નથી અને જયારે તેને ઉદ્યોગનું કોઇ પણ કામ હોય તો તેને મહેસાણા જવાનું.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી નંબરઃ૪૯ ઉદ્યોગની લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલાય દિવસથી વિપક્ષના મિત્રો વાતો કરે છે પણ અંગ્રેજીમાં એક બહુ સરસ લાઇન છે "Some people make history, others make history". હેડલાઇન બનાવવા જ જે કંઇ વાતો કરતા હોય એનો કોઇ અર્થ નથી હિસ્ટ્રી અહીંયાથી ક્રિએટ થાય છે એનું એક જ ઉદાહરણ આપું. હમણાં જ આપણાં ગુજરાતનું, એમ કહી શકાય વિશ્વનું આકર્ષણ, ટેકનોલોજીમાં ક્રાંતિ, આવતીકાલનું ભવિષ્ય ઇનોવેટીવ અને અજાયબી એવુ Solar Impulse-2 સોલર વિમાન આપણાં ગુજરાતનું મહેમાન બન્યું હતુ. માનનીય અધ્યક્ષશ્રી, એનો ઉલ્લેખ એટલે કરવો રહ્યો કે જયારે ઉદ્યોગની વાત કરતો હોઉં ત્યારે એ સોલર પ્લેન એ સ્વિટઝર્લેન્ડમાં બનેલું અને સ્વિટઝર્લેન્ડમાં બન્યું છે ત્યારે મારા ભરૂચ જિલ્લાના પાનોલીના Solvae company plastic polymer નો તેની અંદર ઉપયોગ થયો છે ત્યારે માનનીય દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી, મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને સૌરભભાઇ પટેલને જેટલા અભિનંદન આપું એટલા ઓછાં છે. આને કહેવાય હિસ્ટ્રી.

માનનીય અધ્યક્ષશ્રી, આજની જે માગણી છે તે Make In India નો જે રાષ્ટ્રીય ધ્યેય છે તેને સિદ્ધ કરવા ગુજરાતે શું કર્યુ? Ease for doing business એટલે જે કંઇ નાના લોકોને રોજગાર કરવો છે, ધંધો કરવો છે તેના માટેના અનેક પહેલુ, અનેક ચીજો આ રાજય સરકાર લઇને આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે સ્વરોજગાર ઇચ્છુક યુવાનો પોતે પોતાના પગ ઉપર ઉભા થઇ શકે તેવી તમામ સુવિધા આ માગણીની અંદર છે. નાના ઉદ્યોગ જેમ હમણાં વાતો કરતા હતા, લઘુ ઉદ્યોગ, મધ્યમ ઉદ્યોગને સહાય મળે તે માટેના પ્રાવધાન કરવામાં આવ્યા છે. શ્રમ પ્રધાન એકમોને પણ સહાય માટેની અનેક જોગવાઇઓ આની અંદર કરવામાં આવી છે. ટેકનોલોજી પ્રાપ્ત કરવી હોય તો તે માટે પણ આની અંદર સહાય કરવામાં આવી છે. સર્વિસ સેકટરની અંદર અને ખાસ કરીને MSME એકમોનો પણ આની અંદર સમાવેશ કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, National and International Trade Fair ની અંદર જો ભાગ લેવો હોય તો તેવી તમામ ચીજોને આ માગણીની અંદર લેવામાં આવી છે. મારે ચેતન ભગતની બુક ઉપરથી એક બહુ સરસ વાકય છે સૌરભભાઇ, કે "Population that votes on the promised freebees rather than wealth creating economy is destined to stay poor." આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કયારેય એમ નથી કહ્યું કે હું પાણી મફત આપીશ, હું વીજળી મફત આપીશ, હું જમવાનું મફત આપીશ. આ સરકારની નીતિ રહી છે કે સરકારે એવું કહ્યું છે કે એવા યુવાનો તૈયાર કરીશું, એટલી રોજગારી તૈયાર કરીશું કે જેનાથી આપણો યુવાન, આપણું આ ગુજરાત રાજય એ પોતે સ્વનિર્ભર ઉભો થઇ શકે. આપણો યુવાન એ આવતીકાલની સાથે તાલથી તાલ મિલાવી શકે મારે તેની અંદર કોઇ પોલીટીકલ ટીકા–ટિપ્પણ નથી કરવી પણ આ શકય કયારે બન્યું ? આ શકય ત્યારે જ બન્યું કે આ રાજય સરકારે ગુડ ગવર્નન્સ પૂરું પાડયુ છે. આ ગુજરાતની જનતાને નત મસ્તક સલામ કરવી પડે કે તેમનાથી political stability મળી છે. આ રાજયની અંદર ઇન્ફ્રાસ્ટ્રકચરની ફેસેલિટી આપેલી છે, લો એન્ડ ઓર્ડરની સીચ્યુએશન્સ છે,

ક્વોલિટી ઓફ એડમિનિસ્ટ્રેશન છે, ઔદ્યોગિક શાંતિ છે જેને ઇન્ડસ્ટ્રીયલ પીસ કહેવાય, સ્ટેબલ પબ્લિક પોલિસી, આ રાજય પાસે સરપ્લસ પાવર છે. કોઇ સ્ટ્રાઇક નથી, કોઇ યુનિયન નથી ત્યારે આ ક્રાંતિ આપણે કરી શકયા છીએ.

આ માગણીની અંદર આપ જોશો ટેકનોલોજીથી યુવાનો કેવી રીતે તૈયાર કરી શકાય. આજે મોર્ડન વર્લ્ડની અંદર ત્રણ ચીજ ખૂબ અગત્યની છે. સ્પીડ, સ્કીલ અને સ્કેલ. સ્પીડ એવી હોવી જોઇએ ગવર્નન્સની અંદર કે ટેકનોલોજીનો ઉપયોગ કરીને ગતિથી સરકાર ચાલી શકે. અને સ્કીલ ડેવલપમેન્ટની વાત કરી છે ત્યારે આપણે એવા યુવાનો તૈયાર કરવા છે આની અંદર આવતી કાલ નહિ જે ભાષા છે આવતી કાલે જે ટેકનોલોજી આ રાજયની અંદર આવવાની છે એ ટેકનોલોજીની સાથે તાલથી તાલ મીલાવીને કામ કરી શકે.

સ્કેલની વાત કરી તો પ્રોજેકટ એવા હોવા જોઇએ કે જે ઇનોવેટીવ હોય, કોમ્પેટેટીવ હોય, આ રાજય પાસે ત્રણ મુખ્ય ચીજો છે. દેશમાં અગત્યની ત્રણ ચીજો છે એ આ રાજય પાસે છે. ડેમોક્રસી, ડેમોગ્રાફી અને ડિમાન્ડને ઓળખીને તાકાતનો સંપૂર્ણપણે ઉપયોગ થાય. આ દેશની અંદર ત્રણ ચીજોનો જો કોઇ દાખલો પૂરો પાડ્યો હોય તો એ આ ગુજરાત રાજયે પૂરો પાડયો છે. ગાંધીનગર, અમદાવાદ અને રાજકોટની આજુબાજુ ઘણી ઓટોમોબાઇલ્સ ઇન્ડસ્ટ્રીઝ આવી રહી છે. અમદાવાદ આજુબાજુનો તમામ વિસ્તાર તથા રાજકોટ આવનાર ફ્યુચર એમનું છે. ફાઉન્ડ્રી બિઝનેસ કે આવનારા દિવસોની અંદર સૌથી મોટો ઉદ્યોગ થવાનો છે એ ઉદ્યોગ મોટા નથી પણ નાના અને મધ્યમ કદના છે અને એના માટેની નીતિ આ માગણીની અંદર છે. ટેકસટાઇલ પોલિસી લઇને આવ્યા છે. સુરતની અંદર ટેકસટાઇલ યુનિવર્સિટી પણ સ્થાપવાનો નિર્ણય કર્યો છે. બીજો ગાર્મેન્ટ અને એગ્રો ફુડસનું પ્રોસીસંગ કરવા માટે પાંચ વર્ષ સુધીની સહાય આપવાનો નિર્ણય કર્યો છે. જયારે આટલી બધી પ્રાવધાન હોય ત્યારે હું માનું છું કે આ જે કંઇ વિરોધ થઇ રહ્યો છે એ સાવ ખોટો છે. માનનીય મંત્રીશ્રી માગણી લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર–ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ખાણ અને ખનિજ મંત્રીશ્રી સન ૨૦૧૫–૧૬ના વર્ષ માટેનું રૂપિયા ૩ કરોડ ૬૦ લાખ ૫૬ હજારની માગણી ક્રમાંક ૫૦ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

સન ૨૦૧૪–૧૫ના બજેટમાં જોઇએ તો એમાં ૨૨૨૩ કરોડ ૪૨ લાખની ફાળવણી કરવામાં આવી હતી. એમાંથી ૭૮૬ કરોડ ૬૬ લાખ રૂપિયા વણવપરાયેલા રહ્યા છે એટલે કે કુલ જોગવાઇનો ૬૬ ટકા જેટલો ખર્ચ કરી શકયા છીએ જયારે બાકીનો ખર્ચ કરી શકયા નથી એટલે સરકાર આર્થિક સેવા પૂરી પાડવામાં નિષ્ફળ ગઇ છે.

ખાસ કરીને મારા દેવભૂમિ દ્વારકા જિલ્લાનો જિલ્લા પંચાયતનો હું સદસ્ય પણ છું. આ દેવભૂમિ દ્વારકા માટે પ્રવાસન નિગમે આ વર્ષે કરોડો રૂપિયા ખર્ચ કરવાની જાહેરાત કરી છે. જામનગર જિલ્લામાંથી દેવભૂમિ જિલ્લો જુદો થયો ત્યારે બંને જિલ્લાના લોકો ખૂબ જ ખૂશ થયા હતા. આઠ દિવસ પહેલા જ પ્રશ્નોત્તરીમાં માહિતી માગી હતી એમાં કરોડો રૂપિયાની જાહેરાત કરી હતી પરંતુ એમાંથી માત્ર ૨૫ ટકા પૈસા પણ વપરાયા નથી. પ્રવાસન વિકસાવવા માટે જયારે આપણે આટલો ખર્ચો કરતાં હોઇએ ત્યારે પ્રવાસન નિગમે અને સરકારે પણ આ પૈસા પૂરેપૂરા વપરાય એના માટે કાળજી લેવી જોઇએ. ધાર્મિક સ્થળ હોય એની પાછળ પૂરેપૂરા પૈસા વપરાય એ જોવું જોઇએ. જે જિલ્લામાં હું જિલ્લા પંચાયતનો સદસ્ય છું અને અમારા વડવા કહેતા ગયા છે કે અહીંયા કૃષ્ણ ભગવાન આવ્યા ત્યારે સોનાના ટૂકડા વેરતા ગયા હતા એ ટૂકડાની આજે મારે વાત કરવી છે. જામનગર જિલ્લામાં અને દેવ ભૂમિ દ્વારકા જિલ્લામાં બોક્સાઇટની ખાણો છે. માનનીય મંત્રીશ્રીને ખ્યાલ છે. સોનાની લગડી જેવી બોક્સાઇટની કિંમત છે. ગુજરાતમાં એક–બે જગ્યાએથી જ બોક્સાઇટ નીકળે છે. વર્ષો પહેલાં સોનાની દાણચોરી થતી હતી અને અત્યારે ઉદ્યોગપતિઓ દ્વારા ખનિજની દાણચોરી થઇ રહી છે, ખાસ કરીને મારે એની વાત કરવી છે. જામનગર જિલ્લામાં બે ઉદ્યોગો આવેલા છે. એક આશાપુરા કેમીકલ્સ કંપની છે અને બીજી બોમ્બે મિનરલ્સ. એમની ખંભાળીયામાં બોક્સાઇટ પકવવાના કારખાના છે. આ કંપની દ્વારા અલગ અલગ ફાર્મ કરીને ૧૨થી ૧૩ કંપનીઓના નામ રાખેલા છે. આ કંપની દ્વારા વર્ષોથી બોક્સાઇટની ચોરીનું કૌભાંડ ચાલે છે. આ કંપનીઓ વર્ષે લાખો ટન બોક્સાઇટની નિકાસ કરે છે. જામનગર બંદર અને ઓખા બંદરેથી એની નિકાસ થાય છે. જે જગ્યાએથી એણે માલ ખોદવાનો હોય છે એના બદલે બીજી જગ્યાએથી એ બીજી જગ્યાએ માલ લઇ જાય છે. એમનું ૧૮થી ૨૦ જગ્યાએ બે નંબરનું બોક્સાઇટનું ખોદાણ ચાલે છે. અઠવાડિયા પહેલાં પણ આવું લોકલ છાપામાં આવેલ હતું. અમે એલ.સી.બી.માં અને ખનિજ વિભાગમાં ફરિયાદ કરી હતી. આઠ દિવસ પહેલાં લોકલ છાપાવાળા પણ ત્યાં પહોંચી ગયા હતા. ત્યાંથી ટ્રેકટરો અને મશિનો પણ પકડાયા હતા. બીજી જગ્યાએથી માલ લાવીને એના ઢગલામાં તે માલ નાંખી દે છે અને એને એક નંબરનો બનાવી દે છે. ખાસ કરીને આ કંપની ઉપર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તો સરકારને અબજો રૂપિયાની રોયલ્ટી મળશે. બોક્સાઇટના આ કૌભાંડમાં પોલીસ તંત્ર, મહેસૂલ તંત્ર અને ખનિજ તંત્રની મીલી ભગતથી આ કામ ચાલે છે. દર મહિને ત્યાંના લોકલ છાપામાં લાખો રૂપિયાના હપતા આ વિભાગ દ્વારા લેવામાં આવે છે એવા સમાચાર આવે છે. ત્યારે ખાણ અને ખનિજ વિભાગની ઉપર માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, તેઓ દ્વારા આ બાબતે પૂરેપૂરું ધ્યાન આપવામાં આવશે તો કરોડો રૂપિયાનો જથ્થો પકડાશે. ખાસ કરીને અધિક નિયામક, ગાંધીનગર અને મદદનીશ નિયામક, રાજકોટ ખાતે ફ્લાઇંગ સ્કવોર્ડ કાર્યરત છે. આ બંને ફ્લાઇંગ સ્કવોર્ડ દ્વારા સમગ્ર રાજ્યમાં બિન અધિકૃત ખોદકામ અને વાહનોને નિયંત્રણમાં લેવા સંબંધી કાર્યવાહી કરવામાં આવે છે. આ બન્ને ફ્લાઇંગ સ્કવોર્ડ દ્વારા જામનગર જિલ્લાની આશાપુરા માઇન કેમ્સ અને બોમ્બે મીનરલ વગેરે બોક્સાઇટ એક્સપોર્ટ કરતી કંપનીની લીઝોની માપણી કરી તેને નિકાસ કરેલ જથ્થાના પ્રમાણમાં ખોદકામ કર્યાની ચકાસણી છેલ્લા બે વર્ષમાં ક્યારે ક્યારે કરેલ છે? બોક્સાઇટ નિકાસ કરતી કંપનીઓએ નિકાસ કરેલ જથ્થાની વિગતો ઓખા બંદર અને જામનગર બંદર પરથી સને ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ની મેળવવા માટે રાજ્ય સરકાર કમિટિ બનાવી તપાસ કરાવે તો કરોડો રૂપિયાના ગેરકાયદે

ખોદકામ કરેલ જથ્થો કંપનીઓએ ખરીદેલ છે અને નિકાસ કરેલ છે તે કૌભાંડ બહાર આવે તેમ છે. દેવ ભૂમિ દ્વારકામાં બોકસાઇટ ખનિજના સ્ટોકયાર્ડમાં ખનિજ જમા કરવામાં રોયલ્ટી પાસના સ્થાને ડીલીવરી ચલનથી સ્ટોક જમા કરી ગેરકાયદે ખોદકામ થયેલ બોકસાઇટ ખરીદવાની ગેરરીતિ આચરવામાં આવે છે. જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના ભોજાબેડી ગામે મુખ્ય ખનિજ વિસ્તાર છે તેને ગૌણ ખનિજના વિસ્તાર તરીકે અર્થઘટન કરી જિલ્લામાંથી લીઝો મંજૂર કરી સરકારને મોટા પ્રમાણમાં રોયલ્ટીનું નુકસાન કરવામાં આવ્યું છે. નામદાર સુપ્રિમ કોર્ટે રેતીના ગેરકાયદે ખનનને રોકવા નિયમો સુધારવા માટે તા.૨૭-૨-૨૦૧૨ના રોજ ચૂકાદો આપેલ. તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટે તા.૪-૨-૨૦૧૫ના રોજ ઓરલ ઓર્ડર કરી ત્રણ અઠવાડિયામાં ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો-૨૦૧૦માં સુધારા કરવાનું જણાવતા તા.૨૫-૨-૨૦૧૫ના રોજ જાહેરનામું પ્રસિદ્ધ કરી નિયમોમાં સુધારા કરેલ છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નંબર-૧૨, ૧૩, ૧૪, ૧૯, ૪૯ અને ૫૦ જે લઇને આવ્યા છે એમાં મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું. આ વર્ષના બજેટની અંદર ઉર્જા વિભાગની અંદર ગુજરાતના માનનીય મુખ્યમંત્રી અને નાણામંત્રીશ્રી માનનીય સૌરભભાઇએ જે ઉર્જાને લગતું બજેટ કર્યુ એમાં ૬૬૦૦ કરોડ રૂપિયાનું આયોજન આ વર્ષે કરવામાં આવેલું છે અને ગુજરાત રાજયને સારી વીજળી મળી શકે, દરેક ગામેગામ વીજળી પુરવઠો પહોંચી શકે, વારંવાર કોઇને નુકસાન ન થાય, સારી ગુણવત્તાવાળી વીજળી મળે એના માટે ગામેગામ સબસ્ટેશન બનાવીને દરેક જગ્યાએ સબસ્ટેશન આપીને, દરેક તાલુકાની અંદર ચાર-પાંચ સબસ્ટેશનો નાખીને વીજળી પુરવઠો નિયમિત મળી રહે એના માટેનું આયોજન કોઇએ કર્યુ હોય તો આ ગતિશીલ ગુજરાતની અંદર માનનીય મંત્રીશ્રી સૌરભભાઇએ કર્યુ છે. મારે આપસૌને વિનંતી એટલા માટે કરવાની છે કે આજે ''ખુશી'' નામની યોજના ગુજરાત રાજયની અંદર ઉર્જા વિભાગની અંદર ''ખુશી'' નામની યોજના દાખલ કરીને કિસાન હિત ઉર્જા શકિત યોજના જેને ખુશી યોજના કહેવાય છે એમાં ખરેખર ખેડૂતો માટે દોઢસો કરોડ રૂપિયા માનનીય મંત્રીશ્રીએ અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ફાળવ્યા છે અને આ વર્ષે ૩૩ જિલ્લાઓમાંથી ૨૪ જિલ્લાની અંદર સી.એન.જી. અને પી.એન.જી.ની યોજનાઓ ઉપલબ્ધ કરાવવા માટે આ વખતે સરકારે આયોજન કરેલું છે. મારે કહેવું છે કે વીજળીની અંદર ૨૦૧૩-૧૪માં ખેડૂતોના બિલની અંદર ૩૮૭૩ કરોડ રૂપિયાની સબસિડી આપવામાં આવેલી છે. ૨૦૧૪-૧૫માં ખેડૂતોના વીજ બિલમાં ચાર હજાર કરોડ રૂપિયાની સબસિડી આપવાનું આયોજન કરેલ છે. (અંતરાય) પુનમભાઇ, શાંતિ રાખો, તમારી સરકારમાં શું થતું હતું એ મને બોલાવશો નહીં તો વધારે સારું છે. (અંતરાય) તમે પહેલી વખત આવ્યા છો અને રાડો બહુ પાડો છો પછી મારે કહેવું પડે (અંતરાય) છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં રાજય સરકારે ૧૨ લાખ ૯૦ હજાર ખેડૂતોને વીજ બિલમાં રાહત આપવા માટે ૧૧૩૮૦ કરોડની સબસિડી આપવાનું આયોજન કરવામાં આવેલું છે. ખેતી વિષયક વીજ કનેકશન આપવા માટે સરેરાશ ૧,૭૦,૦૦૦ જેટલો ખર્ચ થાય, જયારે ખેડૂતો પાસે માત્ર સર્વિસ કનેકશનના, ડિપોઝીટના નાણા લેવામાં આવે છે. પહેલા ખેડૂતોને લૂંટવામાં આવતા હતા. ખેડૂતો ઉપર અત્યાચાર થતો હતો. ખેડૂતોને બેફામ રીતે મારવામાં આવતા હતા. આંદોલન કરતા ત્યારે આંદોલન પણ નહોતા કરી શકતા, (અંતરાય) મહેસાણાની અંદર એક ટ્રક ભરાય એટલા પગરખા, ખટારા ભરાય એટલા પગરખા કોંગ્રેસના શાસનમાં હતા, બે-ત્રણ ટ્રક ભરાય એટલા પગરખા તે વખતે ભેગા કર્યા હતા. દરેક જગ્યાએ નવા નવા ટ્રાન્સફોર્મરો મૂકીને આ કરંટ આપતી સરકાર, આ કોંગ્રેસવાળાને કરંટ આપવાનું ચાલુ રાખ્યું છે અને ચાલુ રહેવાનું છે. એમાં કોઇ શંકા નથી. હાલમાં ૫-૧૦-૨૦ અને ૩૦ હોર્સ પાવર્સ, ખેતી વિષયક કનેકશનો માટે અનુક્રમે, ૫૦૦૦, ૮૫૦૦, ૧૪,૫૦૦ અને ૨૦,૦૦૦ અંદાજે ભરવાના થતા હતા. ૨૦૧૩માં નબળા ચોમાસાને કારણે ખેડૂતોનું આર્થિક ભારણ ઓછું થાય તેના માટે કૃષિ વિષયક જોડાણોમાં બિલોની રકમ ભરપાઇ કરવામાં ૫૦ ટકાની રાહત કોઇ સરકારે આપી હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે આપી છે. ૨૦૧૩-૧૪માં ખેડૂતોને આર્થિક ભારણ હળવું કરવા માટે ૫૦ ટકાની રાહત આપી પછી વીજ બિલમાં ખેડૂતો માટે ઇલેકટ્રીસીટીની અંદર સંપૂર્ણ માફી આપવાનું કામ કોઇ સરકારે કર્યુ હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે.

ઉપાધ્યક્ષશ્રી : જેઠાભાઇ, એક મિનિટ બાકી છે.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, મને બોલવા દો. મારે ઘણું બધું કહેવું છે. તમે એક મિનિટમાં પૂરું કરી દેશો તો મારું શું થશે? મારે ઉદ્યોગ માટે ખાસ કહેવું છે. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, શહેરામાં જી.આઇ.ડી.સી.ની જમીન એક્વાયર કરી છે. માનનીય મંત્રીશ્રીએ પણ ખૂબ રસ લીધો છે પણ ક્યાં અટક્યુ છે એની ખબર નથી. અગાઉના ઉદ્યોગ મંત્રીશ્રીએ પ્લોટની માગણી કરવામાં આવશે તો પ્લોટ આપવામાં આવશે એવી આ હાઉસમાં ખાતરી આપ્યા પછી આજની તારીખ સુધી કોઇને પ્લોટ મળ્યા નથી તો માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આ પ્લોટ આપો. સૌને પ્લોટ આપવાની વિનંતી કરવા માગું છું. (અંતરાય) આમાં ખુશ થવાની જરૂર નથી. શાંતિ રાખો. તમારા લાભ માટે છે, તમને ફાયદો થશે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા, પેટ્રોકેમિકલ્સ, ઉદ્યોગ અને ખાણ વિભાગની માગણીઓ છે એના ઉપર મારા વિચારો વ્યક્ત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ઉદ્યોગોની વાત કરીએ તો નાના ઉદ્યોગો છે એ બંધ હાલતમાં છે અથવા બંધ થઇ રહ્યા છે. એના માટે સરકારે વિચાર કરવો જોઇએ. ઉદ્યોગની વાત કરીએ તો એને ફકત સહાય આપવાથી પૂરું થતું નથી. આ ઉદ્યોગોને જીવતા રાખવા હોય તો ચાઇનાની જેમ પ્રયત્નો કરવા જોઇએ. ચાઇના આ ઉદ્યોગોને પૂરેપૂરું રક્ષણ આપે છે તેથી એના માટે એને લોન છે એ પૂરેપૂરી આપવી જોઇએ. એનો વહીવટી ખર્ચ આવે એને પણ પૂરેપૂરો લોન તરીકે આપે. નિકાસ કરવા માટે જે જરૂરી હોય

એ નિકાસની પણ પૂરતી મદદ કરવી જોઇએ. ઉદ્યોગોની વાત કરીએ ત્યારે આ ઉદ્યોગોને આપણે પૂરેપૂરું રક્ષણ આપી શકતા નથી. ઉદ્યોગોને જો રક્ષણ આપવું હોય તો એને નિકાસ સુધી જે પ્રક્રિયા કરવાની હોય એમાં પૂરેપૂરો સહકાર આપીએ તો બંધ હાલતમાં પડેલ ઉદ્યોગો ચાલુ થઇ જાય અને એ ઉદ્યોગો ચાલુ થઇ જાય તો ગુજરાતના વિકાસમાં પોતાની ભાગીદારી આપી શકે. મોટા ઉદ્યોગો પાછળ જે સહાય અને લોનો આપીએ છીએ એના બદલે આની થોડી દરકાર કરીએ અને એને મદદ કરીએ તો આ જે મૃતપાય ઉદ્યોગો છે એ ઉભા થઇ શકે અને આપણી યુવાશક્તિ છે એને નોકરીની વધુ તકો આપી શકાય એમ છે. મારી લાગણી અને માગણી છે કે આવા ઉદ્યોગોને વધારેને વધારે પ્રોત્સાહન આપીશું તો આપણા ગ્રેજ્યુએટ થયેલા નવ યુવાનોને રોજગારી મળશે અને એમને આપણે એ રીતે સહાયરૂપ થઇશું. આ ઉપરાંત ગુજરાતમાં વીજળી અંગે વાત કરીએ તો રા.જ.પા.ની સરકાર હતી ત્યારે ૧૬ કલાક વીજળી આપવામાં આવતી હતી. ત્યારથી ૧૬ કલાક પ્રમાણે હતું. આજે ભારતીય જનતા પાર્ટીની સરકાર છે એ ફક્ત ૮ કલાક વીજળી આપે છે. વોટર વર્કસના બિલો હતા એ કોંગ્રેસે પહેલીવાર બંધ કરેલા હતા. એના માટે જે સરકારો છે એ મહેનત તો કરતી હોય છે ત્યારે હાલમાં ખેડૂતોના ૧૦ લાખ જેટલા જોડાણો માટેની અરજીઓ પડતર છે. આમાંથી ફક્ત ૫૦ હજાર અરજીઓ જ મંજૂર કરવામાં આવે છે. જો ૧૦ લાખ અરજીઓ પડતર હોય તો એનો નિકાલ કરવામાં ૨૦ વર્ષ જતા રહે. તો એના માટે પણ સરકારે વિચાર કરવો જોઇએ અને વધારે માં વધારે વીજળી મળે, વીજળી જોડાણ મળે એના માટે પણ પ્રયત્ન કરવા જોઇએ. એ પ્રયત્નો કરીશું ત્યારે આપણે ખેડૂતોને ખરેખર મદદરૂપ થયા ગણાશું. ભાજપની સરકારમાં રાંધણગેસ પાઇપલાઇન શહેરોને ગેસ આપવાનીજે પાંચ લાખની યોજના હતી, છતાં પણ હજી દસ લાખ જેટલા વપરાશકારો બાકી છે તો એના માટે પણ આપણે પુરતા પ્રયત્ન કરવા જોઇએ. આપણે ગતિશીલ ગુજરાતની વાત કરતા આ પાવર પ્લાન્ટ ગતિહીન થઇ ગયા છે. ખાનગી પાવર પ્લાન્ટના વીજળી ઉત્પાદનને વધારે માં વધારે મહત્વ આપે છે. આજે જોઇએ તો આપણા ૧૧ પ્રોજેક્ટો છે એમાંથી ઘણાં પ્રોજેક્ટો બંધ થઇ ગયેલા છે. ઘણાં પ્રોજેક્ટો ૫૦ ટકા થઇ ગયેલા છે, છતાં પણ એ પાવર પ્રોજેક્ટની વાત કરીએ તો અદાણી પાસેથી પાવર ૮૬ ટકા લઇએ છીએ, એસ્સારનો પાવર ૪૦ ટકા લઇએ છીએ અને ટૉરેન્ટનો પાવર ૮૦ ટકા લઇએ છીએ તો આ બાબતે પણ સરકારે વિચાર કરવો જોઇએ અને આના માટે પણ જે ૧૧ પાવર સ્ટેશનો છે એ વધારે કાર્યાન્વિત થાય એના માટે કંઇક પુરતો સમય લઇને એને માટે કંઇક પુરતું ધ્યાન આપીએ અને એ ધ્યાન આપ્યાં પછી આપણે ગતિશીલ ગુજરાતની વાત કરીએ છીએ તો એમાં કાંઇક આપણે પ્રગતિ કરી હોય એવું ગણાશે. આ બાબતે ખાણ ખનિજની વાત કરીએ તો મંજૂર થયેલી ખાણ. અમારાં વિસ્તારમાં બેલા પથ્થરની ખાણો છે અને એ ખાણો તાત્કાલિક ધોરણે મંજૂર કરવામાં નથી આવતી અને મંજૂર થઇ ગયા પછી પણ એનો જે કરારખત કરવાનો હોય એ કરારખત મોડું કરવામાં આવે છે. એમાં મોડું ના થાય (અંતરાય) એવું કરવું જોઇએ.

શ્રી રોહિતભાઇ પટેલ (આણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો ઉદ્યોગો માટેની જોગવાઇ વિષે ઘણું બધું કહેવાઇ ગયું છે. એટલે જોગવાઇઓમાં જો હું કહેવા જઇશ તો માનનીય મંત્રીશ્રીએ ઉદ્યોગ અને ખાણ વિભાગમાં સવિસ્તાર માહિતીની એટલી બધી જોગવાઇ કરી છે કે જો ઉદ્યોગપતિ વાંચે અને સમજશે તો ઘણો ઘણો લાભ લઇ શકશે. એકે એક જોગવાઇ હું એક એકક વાક્યમાં કહેવા જઇશ તો મારે કલાક જોઇશે. એટલે બૂકમાં અને બજેટ પ્રોવિઝનમાં હું પડતો નથી પણ મોદી સાહેબે ઔદ્યોગિક વિકાસ જે શરૂ કર્યો ત્યારપછી મને પ્રતિતિ થઇ કે રકાસ કોને કહેવાય અને વિકાસ કોને કહેવાય.

માનનીય અધ્યક્ષશ્રી, બાળપણથી સાંભળતો આવ્યો છું ખેતી પ્રધાન દેશ, ખેતી પ્રધાન દેશ, ખેતી પ્રધાન દેશ અને જ્યારથી બજેટની સમજ આવી ત્યારથી જોતો આવ્યો છું ખેડૂતલક્ષી બજેટ, ખેડૂતલક્ષી બજેટ, અને ખેડૂતલક્ષી બજેટનો ઓવર વ્યૂહ આપું છું, બહુ ડિટેઇલ ચર્ચા થાય એટલો સમય નથી. આપણે શું કરતા? પહેલા ખેડૂતો ઓઇલ એન્જિનથી સિંચાઇનું પાણી મેળવતાં એની જગ્યાએ પમ્પ આવ્યાં તો ખેડૂતને પમ્પ જોઇએ છે તો સબસિડાઇઝ રેટથી પમ્પ આપો, એને ઓછા વ્યાજની લોન આપો. એવી રીતે બળદની જગ્યાએ ટ્રેક્ટરનો ઉપયોગ આવ્યો. ટ્રેક્ટર જોઇએ છે તો સબસિડાઇઝ રેટથી ટ્રેક્ટર આપો અને એને ઓછા વ્યાજની લોન આપો. ખાતર જોઇએ છે તો સબસિડાઇઝ રેટથી ખાતર આપો. એવી જ રીતે ખેતીના સાધનો અને બિયારણ. બધામાં સબસિડાઇઝ રેટથી આપો, બસ અને આ આપણી ખેડૂતલક્ષી યોજના. આપણે એને પમ્પ આપ્યાં પણ પાવર ના આપ્યો. આપણે એને ટ્રેક્ટર આપ્યું પણ મોટરરેબલ રોડ–રસ્તા ના આપ્યાં. આપણે એને ખાતર અને બિયારણ આપ્યું પણ પમ્પ ચાલે એવો પાવર ના આપ્યો. જોડે જોડે સિંચાઇનું પાણી ના આપ્યું, મહી કેનાલો તો બધી સૂકાઇ ગઇ હતી અને ભરાય ગઇ હતી. આવી પરિસ્થિતિ મેં નજરે જોયેલી છે એનું હું વર્ણન કરું છું આ હાઉસમાં. મારે એ કહેવું છે કે જ્યારે ખેડૂતને મૂળભૂત જરૂરિયાત આપીને ના કમાઇ શક્યો ત્યારે એના ઉપર મોટાભા થઇને કહીએ છીએ કે અમે તારા દેવા માફ કરીએ છીએ અને પાછી રોકડ સહાય આપવા જઇએ છીએ. ના કમાતો દીકરો હોય અને મહેનત ના કરતો હોય તો દીકરા લે હું તને આ આપું, દીકરા લે હું તને આ આપું, તો એનાથી એ કમાઇ શકવાનો નથી. કમાવવા માટે એને મોટીવેટ કરવો જોઇએ. એ કોઇપણ ભૂતકાળની સરકારે કર્યુ નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ બધી જ જોગવાઇઓ ખેડૂતોની વિકાસલક્ષી નહીં, રકાસલક્ષી હતી. ખરેખર જો ખડૂતોના વિકાસ માટે જોગવાઇઓ કરી હોત તો, હું તને પમ્પ નહીં પહેલાં પાવર આપીશ, હું તને ટ્રેક્ટર નહીં પહેલાં રોડ–રસ્તા આપીશ, હું તને ખાતર નહીં પહેલાં પાણી આપીશ, આ વ્યવસ્થાઓ ઉભી કરી હોત. જયારે આ બાજુ જુઓ તો નર્મદાનું લાખ્ખો ક્યુસેક પાણી દરિયામાં વહી જતું હતું અને એને અહીંયા સુધી લાવવાની કોઇને પડી નહતી. માનનીય મોદી સાહેબે, મેઘા પાટકર જેવા મહારથીને આ સરદાર સરોવર રૂપી રણ ભૂમિમાં જો ધૂળ ચાટતા ના કર્યા હોત તો હજુ આજેય એ પાણી અહીંયા ના આવ્યા હોત. માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબને આના માટે જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા છે. આ રકાસનું કારણ મારી દ્રષ્ટીએ ખેડૂતલક્ષી પોલીસીનું મિસ–ઇન્ટરપ્રિટેશન હતું. (સમયસૂચક ઘંટડી) મારે એ કહેવું છે કે, આપણે વિકાસલક્ષી પોલીસી જો ખેડૂતો માટેની એમણે કરી હોત તો જોડે જોડે સર્વાંગી વિકાસ થયો હોત. કારણ કે, પાવર, રોડ અને પાણી આ બધાની વ્યવસ્થા થઇ હોત તો ઉદ્યોગો વિકસ્યા હોત,

ઉદ્યોગોના લીધે વધારે રેવન્યુ મળી હોત અને એ રીતે પણ વિકાસ થયો હોત. એટલે આ જે જોગવાઇ છે બજેટમાં, માનનીય મંત્રીશ્રી માગણી લઇને આવ્યા છે એમાં કોઇ પણ સંજોગોમાં કાપની તો વાત જ ના રહે પણ એને એપ્રુવ કરવા માટે હું મારો સંપૂર્ણ ટેકો જાહેર કરું છું.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા(વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જા મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી સૌરભભાઇ પટેલ, ઉર્જા અને ઉદ્યોગ આ બંને વિભાગના મંત્રીશ્રી છે. પણ કૃષિ અને ઉદ્યોગ આ બંને વિભાગોમાં વીજ ગ્રાહકોમાં તફાવત કેમ રાખ્યો છે એ સમજાતું નથી ? માનનીય સભ્યશ્રીઓએ તો વીજળીની અને ખેડૂતોની તો બહુ વાતો કરે છે. ઉદ્યોગમાં ૫૦ કે ૧૦૦ હોર્સ પાવરનું કનેકશન ધરાવતો હોય ને ઉદ્યોગ તો એ ૧૦–૧૦ હોર્સ પાવરની ૧૦ મોટર ચલાવી શકે. ૫૦ હોર્સ પાવરનું હોય ને તો એ ૫–૫ હોર્સ પાવરની ૧૦ મોટર ચલાવી શકે પણ જ્યારે અમારો ખેડૂત ૩૦ હોર્સ પાવરનું કનેકશન ધરાવતો હોય, એ ૧૦–૧૦ હોર્સ પાવરની બે મોટર નથી ચલાવી શકતો. અમારે ૧૦ હોર્સ પાવર વધે છે, અમારે પુરા ૩૦ હોર્સ પાવર વાપરવા પણ નથી અને એમાં મીટર આધારિત અમે બોરમાં સબમર્સિબલ ઉતારીએ છીએ. અમારો પ્રોબ્લેમ એ છે કે, બોરનું પાણી છે ને એ ગરમ આવે, ફૂલ ગરમ. ક્યારેક મંત્રીશ્રીને કહેજો કે, મોજા કાઢીને ધોરીયામાં પગ મૂકે તો ખબર પડે. ગરમ પાણી આવે, આ ગરમ પાણી અમે પિયત કરીએ ને તો અમારા મોલાતાના મૂળ દાઝતા હોય છે, ડેમેજ થાય. એ ડેમેજ થવાથી છોડનો ગ્રોથ અટકી જાય છે. એટલે અમે શું કરીએ છીએ કે, ૧૦ હોર્સ પાવરની મોટર બોરમાં ઉતારીએ અને ૫ હોર્સ પાવરની મોટર કુવામાં ઉતારીએ. આ ગરમ પાણી છે ને અમે કુવામાં નાખીએ એટલે ઠંડુ થાય અને પેલો ક્ષાર આવે છે ને એનાથી જમીન બગડે છે એટલે એ ક્ષાર પણ તળિયે બેસી જાય અને ૧૫ હોર્સ પાવર ચલાવીને ૨૫ હોર્સ પાવરનું અમારે કનેકશન હોય પણ છતાંય અમારે વીજળી ઉપર ચલાવવું, મિટર ઉપર ચલાવવું અને કોઇક અધિકારી ત્યાં આવી ગયો એટલે માનનીય સભ્યશ્રી ખેડૂતોની વાતો કરે છે, પેલા બિચારાને ૫ હોર્સ પાવરમાં ફીટ કરી દેવામાં આવે છે, પાવર ચોરીમાં. માનનીય અધ્યક્ષશ્રી, આ ન્યાય કહેવાય ? અમારે મિટર ઉપર ચલાવવું છે. વાત કરો તમે, જી.એસ.પી.સી.નું જો આપણા ઘરે ગેસ કનેકશન હોય તો એમાં મિટર આવે છે. કંપની એવું કહે છે કે, તમે ચુલો ભલે એક હોય તમારે બર્નર એક જ ચલાવવાનું? એમાં ચાર બર્નર હોય. ચુલો ભલે એક હોય એમાં ચાર બર્નર હોય એમાં એક જ ચલાવો તો તમે મિટર ઉપર ચલાવો છો, તો તમારા મિટરમાં જે આવે એ ભરી દેવું પડે. તો અમને આ જી.ઇ.બી.એ જે મિટર આપ્યા છે એ શું આરતી ઉતારવા આપ્યા છે ? અમારે મિટર ઉપર જ ચલાવવાનું છે. આ અન્યાય છે અને ખેડૂતોની વાત કરીએ તો, ખેડૂત ૨૫ હોર્સ પાવરનું વીજ કનેકશન ધરાવતો હોય, ૧૦ હોર્સ પાવરની સબમર્સિબલ મોટર બોરમાં નથી ચલાવી શકતો, એનું પણ કાંઇક તમારે વિચારવું જોઇએ. બીજો પ્રશ્ન એ છે કે ખેડૂત ૧૦ અને પાંચ મળીને ૧૫ હોર્સ પાવરનું ચલાવતો હોય તો માનનીય મંત્રીશ્રીને મેં ૨–૩ વાર પ્રશ્ન પૂછ્યા છે. જવાબમાં તો એ જ આવે છે પણ મારો મુળ પ્રશ્ન એ છે કે એક બોર હોય એ દશ વિઘામાં માંડ પિયત કરી શકે. પછી ત્રણ ભાઇઓ હોય, ૩૦ વિઘા જમીન હોય એમાં એક જ ભાઇ આ બોરનો, જી.ઇ.બી.ના કનેકશનનો ઉપયોગ કરી શકે તો બાકીના બે એ શું મંજીરા વગાડવાના? એણે શું કરવાનું? એણે એનું ગુજરાન કેમ ચલાવવાનું? આ પણ એક પ્રશ્ન છે ખેડૂતો કોના માટે પિયત કરે છે? અમે પિયત કરીએ છીએ, અમે અનાજ પકવીએ છીએ. અમેશું અમારે ઘરે તાળુ મારીને રાખી દઇએ? અમે તો રાષ્ટ્રના પેટ ભરીએ છીએ અનાજ પકવીને, વાતો કરો છો તમે ખેડૂતને અમે આમ કરી દીધુંને, તેમ કરી દીધું. પાવર ચોરીની વાત કરીએ તો પાવર ચોરીમાં ખેડૂતોને ખોટી રીતે દંડ કરવામાં આવે છે. સબમર્સીબલ પંપ બનાવતી કંપની, સબમર્સીબલ પંપ બનાવે છે એ કંપની આઇ.એસ.આઇ.નો જયારે માર્કો લે સબમર્સીબલ પંપનો ત્યારે એને ૧.૯ તરીકે આપે છે. એક હોર્સ પાવરે ૧.૯ એમ ફેઝ લેવા જોઇએ. પણ આ જી.ઇ.બી.વાળા એ ૧.૫ ગણે છે તો તમે મોટા કે આઇ.એસ.આઇ. મોટી? ૧.૫ ગણે છે. ૧૦ હોર્સ પાવરની મોટર હોય તો જી.ઇ.બી.વાળા ૧૫ એમ.પી.આર. લેવા જોઇએ અને આઇ.એસ.આઇ. એવું કહે છે કે ૧૯ એમ.પી.આર. લેવા જોઇએ. આમ ચાર એમ.પી.આર. વધારી દે અને ખેડૂતોને ૨૫–૩૦ હજાર દંડ ભરાવવામાં આવે છે. હું કહું છું બોર્ડને કે આમાં તમે સુધારો કરો, જુઓ નહીંતર કોઇપણ વ્યકિત કોર્ટમાં જો પી.આઇ.એલ. દાખલ કરશે ને તો આ તમે ૧૭ વર્ષથી ખેડૂતોને પાવર ચોરીનો દંડ કર્યા છે એ રીફંડ આપવા જોઇશે અને તમારી આ પી.જી.વી.સી.એલ અને યુ.જી.વી.સી.એલ.ની પગ નીચેથી ધરતી સરકવા માંડશે કરોડો રૂપિયા ભરવા પડશે ત્યારે. આ પણ વિચારવા જેવું છે. લોકો સમજી ગયા છે અને સમય આવી ગયો છે, યદા યદા હી ધર્મસ્ય, ગ્લાનીર્ભવતિ ભારત, અભ્યુત્થાનમ અધર્મસ્ય, તદાત્માનં સુજામ્યહે, પરિત્રાણાય સાધુનામ વિનાશાય ચ દુષ્કૃતા, ધર્મસંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે. ભગવાન શ્રીકૃષ્ણે કીધું હતું અર્જુનને કે અર્જુન, અતિ અન્યાય સહન કરવો એ પાપ છે. અર્જુન રૂપી ખેડૂતો સમગ્ર ગુજરાતમાં બાણ લઇને આવશે જેમ કર્ણાટકની અંદર ચાલીસ હજાર આવ્યા હતા એમ અહીંયા ચાર લાખ આવશે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પુરું થાય છે.

શ્રી સૌરભભાઇ પટેલ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ સફળતા લાવવી હોય તો સારું મેનેજમેન્ટ, સારો વહીવટ હોવો જોઇએ. આપે જો વહીવટ અને મેનેજમેન્ટ કર્યું હોત તો નટવરસિંહને તક મળી હોત પણ કમનસીબ છે કે આટલા સારા, હોંશિયાર, ઉર્જા વિશે જાણનારા આપે એમને બે મિનિટની તક પણ ન આપી. મારે ઉર્જા વિભાગ માટે છેલ્લા ૧૨ વર્ષથી જે સારો વહીવટ કર્યો છે. મેનેજમેન્ટ કર્યું છે અને જે ઉર્જા વિભાગે ગુજરાતની અંદર વિકાસનો પાયો નાખ્યો છે, મજબૂતાઇથી પાયો નાખ્યો છે અને દેશમાં નામના મેળવી છે એના વિશે આપને થોડી માહિતી આપવા ઉભો થયો છું. પાયામાં શું હોય? વીજળીનું ઉત્પાદન હોય. આજે લોડ શેડીંગ શબ્દ, મને એમ કહો છેલ્લા આઠ દશ વર્ષમાં તમારા બાળકોએ કોઇ દિવસ લોડ શેડીંગ જોયું છે? લોડ શેડીંગ શબ્દનો અર્થ ખબર છે? ૨૦૦૦ પહેલાનું કાઢો. તો એવરી ડે લોડ શેડિંગ. આવી, ગઇ, આવી, ગઇ, આવી, ગઇ. અને આજે અમે ગૌરવ સાથે કહીએ છીએ કે ગુજરાતમાં લોડ શેડિંગ જેવો શબ્દ નથી. આનું મૂળભૂત કારણ જનરેશનમાં વધારો કર્યો છે.

આજની તારીખમાં જનરેશન કેપેસિટી જે ૨૦૦૨ માં ૮,૭૫૬ હતી જે ૨૩,૬૨૮ થઇ છે અને હું એક ક્ષેત્રમાં વાત નથી કરતો. તમે કોઇપણ જગ્યાએ જુઓ. ડિસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર્સ જે સૌથી વધારે ખેડૂતોને સ્પર્શે છે. ૨ લાખ ૧૨ હજારના ૮ લાખ ૫૫ હજાર. કેટલા થયા ૧૨ વર્ષમાં? ગણતરી કરો? કન્ઝ્યુમર્સ ૭૩ લાખ હતા. અત્યારે ડબલ થયા છે ૧ લાખ ૪૦ હજાર થયા છે. એગ્રીકલ્ચર કન્ઝ્યુમર્સ ૪૫ વર્ષના ઇતિહાસમાં ૨૦૦૨ સુધીમાં ૬ લાખ થયા અને અત્યારે ૧૧ લાખ થયા છે. કોઇપણ રાજ્યમાં પૂછો ને કે તમારી નાણાકીય પરિસ્થિતિ શું છે? તો એમ કહેશે કે આટલા કરોડનું નુકસાન, આટલા કરોડનું નુકસાન, આટલા કરોડનું નુકસાન. આપણે અઢી હજાર કરોડના નુકસાનમાંથી છેલ્લાં ૭-૮ વર્ષથી ૧૦૦ કરોડ, ૨૦૦ કરોડ, ૫૦૦ કરોડ રૂપિયા કમાઇએ છીએ. નફો કરીએ છીએ. વધારે નથી કરતા બાકીનું ગ્રાહકોને આપીએ છીએ. આ સ્થિરતાને કારણે ગુજરાતની કંપનીની ફાઇનાન્સિયલ સ્ટેબિલિટી થઇ છે. ૧૦,૦૦૦ મેગાવોટનું ઉત્પાદન છેલ્લાં ૮ વર્ષમાં થયું છે. આની અંદર રિન્યુએબલ એનર્જીને ૪૪૦૦ મેગાવોટ આપ્યું છે, સોલાર, વિન્ડ એનર્જી તમે કહો એને પ્રાધાન્ય આપ્યું છે. એક ક્ષેત્રમાં નથી રાખ્યું. આપણું પોતાનું મથક પણ આવે છે. આપણા પોતાના મથકમાં હું દાખલો આપું કે આવતાં બે વર્ષની અંદર ૧૬૧૬ મેગાવોટ નવી વીજળીનું ઉત્પાદન આવતા ૨ વર્ષમાં આવે છે. એની અંદર સિક્કાનું એક્ષટેન્શન ૫૦૦ મેગાવોટ એ આ મે ની ૧૫મીએ અને નવેમ્બર-૧૫મીએ ચાલુ થશે. ભાવનગર ઇલેક્ટ્રિસિટીનું લિગ્નાઇટનું જુલાઇ-૧૫એ અને ફેબ્રુઆરીમાં ચાલુ થશે. ધુવારણનું એક્ષટેન્શન ૩૭૬ આમ જોવા જઇએ તો આવતા બે વર્ષમાં આવી રહ્યા છે અને છેલ્લા પાંચેક વર્ષમાં ૨૨૫૮ મેગાવોટ આવ્યું છે. રાજ્ય તરફથી પોતાનું ઉત્પાદન આવી રહ્યું છે.

(માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને )

અત્યારે વણાકબોરીમાં ચાલી રહ્યું છે. બધી જગ્યાએ કામ ચાલી રહ્યું છે. કોલસાની વાત કરી. કોલસો એ સૌથી વધારે અગત્યનું છે. આપણે કોલસો દૂરથી આવે તમે બધા સંમત. આ વિધાનસભામાં ઘણીવાર વાત થઇ છે. દૂરથી સંમત સાથે આટલાં વર્ષો કેન્દ્ર સરકાર કોની ચાલતી હતી તમને બધાને ખબર છે આની અંદર ૧૭૩ લાખ કોલસો આપણે વાપરીએ એમાંથી માત્ર ૯.૩૦ ડબલ્યુ.સી.એલ.માંથી આવતો હતો. બધો બહારથી દૂરથી આવતો હતો. દૂરથી કોલસો વધારે આવતો હતો. નજીકથી કોલસો આટલાં વર્ષોમાં ૯ લાખ આવતો હતો. આ ૬ મહિનામાં કેન્દ્ર સરકારે વધારે ૧૨ લાખ ટન નજીકથી આપવા માટે આ નરેન્દ્રભાઇ મોદીની સરકારે નિર્ણય લીધો. મારો કહેવાનો મતલબ એટલો કે ૧૯૪૭ થી જેટલી સરકારો આવી એ લોકોએ ૯ લાખ ૩૦ હજાર ટન આપ્યો. આ એન.ડી.એ.એ મુખ્યમંત્રીશ્રી અહીંથી દિલ્હી ગયા અને એમણે ૧૨ લાખ બીજો આપ્યો. વધારે અગત્યનું આ લાંબા ગાળાના ઉપાય માટે આપણે કેન્દ્ર સરકારને લખતા હતા. દરિયામાંથી કોલસો આવે અને ક્યાં જાય? એન.ટી.પી.સી. શીપથી લઇ જાય. બિહાર લઇ જાય. તો આપણે કહ્યું બિહારની માઇનનો કોલસો એ લઇ લે. ઇમ્પોર્ટેડ કોલસો આપણને આપી દે. શીપિંગ ઓફ કોલ માટે અદલા બદલીનું લખી લખીને થાક્યા. કઇ ન થયું. ગૌરવ સાથે કહેવું છે કે આ સરકાર આવી પછી એન.ટી.પી.સી. અને ગુજરાતની કંપનીએ ૧૦ લાખ ટનનો કરાર કર્યો. એટલે ૧૦ લાખ ટનનો આપણે ઇમ્પોર્ટેડ કોલસો અહીયા બંદર ઉપર લઇ લેવાનો અને હીટ વેલ્યુ ઉપર આપણે એક્ષચેન્જ થાય અને એ લોકો આપણો કોલસો ૧૦ લાખ ટન ત્યાંથી માઇન ઉપરથી લઇ લે. એટલે આપણું શું બચ્યું? ત્યાંથી ભાડું બચ્યું અને તે પાસઓન થયું. એ કામ ચાલુ થઇ ગયું છે. તે કામ ચાલુ થયું છે તેની ૫૭ રેકો આવી ગઇ છે. આટલા ટૂંક સમયમાં ૪૮ કરોડનો આપણને લાભ મળ્યો છે. સફળતાપૂર્વક જેમ ધીમે ધીમે વધતું જશે તેમ કરીને જેટલો ઇમ્પોર્ટેડ કોલ છે તે એન.ટી.પી.સી. જોડે શોપીંગ કરી તે કોલસાનો ભાવ ઘટાડીશું. આ ઉપરાંત મારે એક વાત કરવી છે. વર્ષોથી આપણે પ્લાન્ટ ચલાવીએ છીએ, કયારેય ગુજરાતને એકેય ખાણ મળી ખરી? એક પણ ખાણ નથી મળી. મને સંપૂર્ણ વિશ્વાસ છે કે આ હાઉસ પૂરું થાય તે પહેલાં ગુજરાત સરકારે કેન્દ્ર પાસે છ માઇન્સની માગણી કરી છે. ઘરેપાલ-૧, ઘરેપાલ-૨, ઘરેપાલ-૩, તાળાપીલ્લઇ, ચેન્દીપાડા અને નૈની. આ બધી જ માઇનોમાંથી ચાર માઇન નજીકની એટલે કે છત્તીસગઢની છે. મને વિશ્વાસ છે કે કેન્દ્ર ગુજરાતને સારામાં સારી માઇન્સ આપશે. નજીકનો કોલસો આપશે અને ટૂંક સમયમાં આપશે. આ સિદ્ધિ છે. આ આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ ગુજરાતનું ધ્યાન રાખ્યું છે તે પ્રમાણે આપણે કાયમ આ હાઉસમાં કોલસાની તકલીફની વાત કરતા હતા તે તકલીફ કાયમ માટે દૂર થશે તેવો મને વિશ્વાસ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં ઘણીબધી ચર્ચાઓ થાય છે. આપ સૌ જાણો છો કે આપણા બધા પ્લાન્ટ જૂના છે. એ જૂના પ્લાન્ટથી પણ સારામાં સારુ ઉત્પાદન લાવીએ છીએ. તેમ છતાંય આ વખતે બજેટમાં ૨૧૫ કરોડ રૂપિયા પ્લાન્ટના રીટ્રોફીટીંગ માટે લાવ્યા છીએ. એ રીટ્રોફીટીંગના કારણે તેનું પોલ્યુશન તો ઘટશે પણ તેની જોડે જોડે તેના પ્લાન્ટ લોડ ફેકટર વધશે, તેનું વીજ ઉત્પાદન વધશે. જે પ્રમાણે અમે ગણતરી કરી છે બે થી ત્રણ વર્ષમાં આ રૂપિયા સંપૂર્ણપણે પાછા આવી જશે અને કોલસાનું બળતણ પણ ઓછું થશે. આ પ્રમાણેનું જનરેશન વિભાગનું આ વખતનું આયોજન છે.

અહીં બધા સભ્યશ્રીઓ ઘણી વખત કહે છે કે વીજળી બહારથી ખરીદો છો, બહારથી ખરીદો છો. ખાનગી વીજળી ખરીદો છો. સાહેબ, ગુજરાત ઇલેકટ્રીસીટી રેગ્યુલેટર કમિશન એક પદ્ધતિ નકકી કરે છે. તે નકકી કરે છે કે સૌથી સસ્તી વીજળીનું જેનું ઉત્પાદન હોય તે સરકારે ફરજિયાત ખરીદવાની. આજે આપણા ગુજરાતમાં જેટલા મથકો હોય તે મથકોનું વીજળીનું ઉત્પાદન તેમાં આવે અને તેના ભાવ પણ આવે. તે ભાવમાં દા.ત. કોઇ મથક ૧૦૦ મેગાવૉટ ઉત્પાદન કરતું હોય અને તેનો ભાવ ૨ (બે) રૂપિયા હોય તો તે ૧૦૦ મેગાવોટ ખરીદી લેવાની અને પછી બીજા નંબરે જવાનું. બીજા નંબરે ૨.૧૦ પૈસા હોય તો ૨.૧૦ના ભાવે વીજળી ખરીદવાની. એમ કરીને આપણે વીજળી ખરીદવાની. આપણા મથકો જૂના છે. આપણા મથકોમાં કોલસો દૂરથી આવે છે. આપણા મથકોના ફ્રેઇટ વધારે છે. એટલે સ્વાભાવિક રીતે કમ્પેરીટીવલી તેની વીજળી મોંઘી પડે છે. બીજું આ સરકારે કાયદામાં ધ્યાન રાખીને પ્રાઇવેટ બિડીંગ કર્યુ હતું. એટલે આ પ્રાઇવેટ બિડીંગમાં ૫૨૦૦ મેગાવૉટના વીજ ઉત્પાદન માટે સફળતાપૂર્વક બિડીંગ કર્યુ હતું અને વીજળી સસ્તી કરી છે. એટલે સૌથી સસ્તી વીજળીના કારણે ખાનગી ઉદ્યોગોની વીજળી સૌથી સસ્તી છે. હું આપને તેના

ભાવ આપવા માગું છું. આપણે જીસેક છે તે જીસેક વીજળી ખરીદે છે તે ૪.૧૧ પૈસા તેનું પ્રોડકશન છે. સ્ટેટ ઓન્ડ આઇ.પી.પી. એટલે આપણી સરકારી કંપનીઓ જે વીજ ઉત્પાદન કરે છે તેમાં પછી જી.એસ.પી.સી. હોય, જીસેક હોય, જી.એમ.ડી.સી. હોય એનું ઉત્પાદન ૩.૫૬ પૈસા છે. સેન્ટ્રલ સેકટરનું ૨.૯૨ પૈસા છે. પ્રાઇવેટ સેકટરનું એટલે કે જે ખાનગી પાસેથી ખરીદીએ છીએ તે ૨.૭૫ પૈસા છે. આજે તમે અદાણીનું ગણો તો તેમાં અદાણીના બે મથક છે. એક મથક ઉપર ૨.૩૫ પૈસા એવું કંઇક છે અને બીજા મથક ઉપર ૨.૮૯ પૈસા છે. એસ્સાર ગણો તો ૨.૪૦ પૈસા છે. ખાનગી કંપનીઓની વીજળી ૨.૭૫ પૈસા છે એટલે તે લોકોની વીજળીનું ઉત્પાદન થાય પછી જ આપણે તેનાથી આગળ ૪.૦૦ રૂપિયાવાળી લઇ શકીએ. આપ સમજી શક્યા હોવ તો હવે તમે વિચાર કરો અહીંયા એમ કહેવામાં આવે છે ૬૦ ટકા લે છે, ૭૦ ટકા લે છે પણ નંબર જે પ્રમાણે આવે એ પ્રમાણે લેવું પડે અને એના કારણે આજે પ્રાઇવેટ સેકટરની અંદર સૌથી સસ્તી વીજળી મળે છે એટલે આપણે ઉત્પાદન કરીએ છીએ અને મારે ગૌરવ સાથે એ કહેવું છે કે, આપણે જે ખાનગી સેકટરનું બિડીંગ કર્યું છે, મેં કહ્યું હરિયાણામાં ૨.૯૪ રૂપિયે થયું હતું, મહારાષ્ટ્રમાં ૩.૨૮ રૂપિયે થયું હતું, રાજસ્થાનમાં ૩.૨૪ રૂપિયે થયું હતું, તામિલનાડુમાં ૪.૯૨ રૂપિયે થયું હતું ત્યારે આપણે ૨.૨૬ રૂપિયાથી માંડી ૨.૮૯ રૂપિયામાં આ ૫૨૦૦ નું કર્યું છે અને એટલે એવરેજ ૨ રૂપિયા અને ૭૫ પૈસે પડે છે. હવે આ બંધ કરો તો મોંઘી વીજળી ખરીદવાની અને મોંઘી વીજળી ખરીદીને ગ્રાહકને આપવાની? આ કયાંનો ન્યાય છે? અને બીજું આની અંદર મહેરબાની કરીને રાજકારણ કરવાનું બંધ કરો. સમજણ રાખો કે શું પધ્ધતિ છે રાજયની અંદર, દેશની અંદર કાયદો શું છે એ સમજો અને પછી નક્કી કરો કે શું કરવું. મારે આપને પૂછવું છે કે તમને એક જ ગાડી મળે, એક જ મૉડેલ મળે એમાં એક જગ્યાએ એક લાખ રૂપિયા વધારે લઇને વેચતા હોય બીજી જગ્યાએ એક લાખ રૂપિયા સસ્તી વેચતા હોય તો તમે કયાં જઇને ખરીદો? એટલે આપણી પ્રોડકશન લાવવા માટે હું ગૌરવ સાથે કહું છું કે, ૨૦૦૨થી અમારી સરકાર આવી એ વખતે આપણે ત્યાં જેટલા મથકો હતા એ મથકનું પ્લાન્ટ લોડ ફેક્ટર લો અને આજનું પ્લાન્ટ લોડ ફેક્ટર લો, તમે કોલસો લાવતા હતા ત્યારે વોશ નહોતા કરતા અમે વોશ કરીએ છીએ ત્યાંનું સલ્ફર બહાર કાઢીએ છીએ અને સલ્ફર બહાર કાઢયા પછી એનું ભાડું ચૂકવતા નથી. આ લોંગ ટર્મ માટે માઇનસ લઇએ છીએ એમનમ નથી કરતા.

માનનીય અધ્યક્ષશ્રી, ટ્રાયબલ વિસ્તારની વાત કરીએ, તમારી ગમતી વાત. માનનીય અધ્યક્ષશ્રી, ટ્રાયબલ વિસ્તારમાં ગુણવત્તાવાળી વીજળી આપવા માટે આ સરકારે બહું ચિંતા કરી છે અને ગુણવત્તાવાળી વીજળી માટે ૧૯૬૦ થી ૨૦૦૨ સુધીમાં ૪૨ વર્ષમાં તમે ૭૬ સબસ્ટેશનો આપ્યા આ ૨૦૦૨માં અમારા પણ ૪ વર્ષ આવી ગયા. આ ૧૨ વર્ષમાં ટ્રાયબલ વિસ્તારમાં ૯૯ સબસ્ટેશનો આપ્યા છે. બીજું હું તમને તાલુકા કહું અમીરગઢ, વાલિયા, બોડેલી, ફતેપુર, સુબીર, સંતરામપુર, પોશીના, મોરવા હડપ, ઉંમરપાડા અને કપરાડા આ તાલુકામાં તો પહેલું સબસ્ટેશન આ ભારતીય જનતા પાર્ટીની સરકારે નાંખ્યું. આટલા બધા સબસ્ટેશનો આટલા આદિવાસી તાલુકામાં તમારા સમયમાં તમને ત્યાં સબસ્ટેશનો નાંખવાનો યશ જ નહોતો મળ્યો. આપણે નક્કી કર્યું છે કે, હજુ ગતિ વધારવી છે એટલે ગતિ વધારવા માટે ૨૦૧૩-૧૪માં આપણે ૨૧ કરીએ છીએ પરંતુ ૨૦૧૪-૧૫માં ૨૫ નવા સબસ્ટેશનો આપીએ છીએ અને ૨૦૧૫-૧૬માં ૩૩ આપીએ છીએ. એટલે આપ વિચાર કરો, આ એકલા ટ્રાયબલમાં આપીએ છીએ. ૩૩ સબસ્ટેશન તમે ૪૨ વર્ષમાં જે ૭૬ આપ્યા અમે એક વર્ષમાં ૩૩ આપીએ છીએ. માનનીય જોષીયારાજી હવે તમે આમાં તો કંઇક ખુશ થાવ. માનનીય અધ્યક્ષશ્રી, ટ્રાયબલ એરિયાની અંદર વીજળીના કનેકશનોની પણ અમે ગતિ પકડી છે આપ નહીં માનો ૧૨ વર્ષમાં ૨૦૦૨ થી ૨૦૧૪ સુધીમાં અમે ૧ લાખ ૧૪ હજાર કનેકશનો આપ્યા અને તમે ૪૨ વર્ષમાં ૫૪૦૦૦ આપ્યા, તમે ડાંગમાં વર્ષે બે કનેકશન આપતા હતા, નર્મદામાં વર્ષે ૩૧ આપતા હતા, પરંતુ આજની તારીખમાં આ ગતિએ કનેકશન આપવાનો આ સરકારે નિર્ણય કર્યો છે અને આ વર્ષ એક લાખ કનેકશન આપવાના છીએ, ગઇસાલે પણ એક લાખ કનેકશન આપ્યા, ૨૦૧૨-૧૩માં ૯૭૪૫૯ આપ્યા, ૧૩-૧૪માં ૯૫૩૧૨ આપ્યા અને ૩૧-૧ સુધીમાં ૯૩,૦૦૦ આપ્યા, ૧૫મી ફેબ્રુઆરી સુધીમાં ૯૮૦૭૦ આપ્યા, એટલે વરસ પૂરું થાય એ પહેલાં એક લાખ ઉપર ક્રોસ થશે, આ વરસનો ખર્ચ, અત્યારસુધી ૧૬૨૨ કરોડ આ રાજ્ય સરકારે ખેડૂતોના વીજળીના કનેકશન પાછળ ખર્ચ્યા છે. હવે આ જે પ્રમાણે ગતિ કરીએ છીએ એ પ્રમાણે જે સ્પીડ છે અને આપ સૌ ધારાસભ્યશ્રી જાણો છો એક લાખ ૭૦ હજારનું એક કનેકશન એવરેજ થાય છે, વીજળીના ભાવની વાત કરીએ, ખેડૂતો માટેની વીજળીમાં કોઇ ભાવ વધારો કર્યો નથી, તમારામાંથી કોઇપણ એમ કહી શકે એમ નથી કે ખેડૂતો માટેની વીજળીમાં એક રૂપિયો પણ વધાર્યો છે? આજે રેગ્યુલેટરનો ઓર્ડર ૨૪૦૦ હોર્સ પાવર દીઠ છે પરંતુ એ રેગ્યુલેટરના ઓર્ડરની સામે અમે જે જુના ભાવ હતા હોર્સ પાવરના, ૭.૫ હોર્સ પાવર સુધીના ૬૬૫ અને ૭.૫ હોર્સ પાવરના ૮૦૭ આ જ ચાલુ રાખ્યા છે, કોલસાના ભાવ વધ્યા, ફ્યુઅલ સરચાર્જ વધ્યો, નૂરભાડા વધ્યા, બધું વધ્યું પણ ખેડૂતોની વીજળીના ભાવમાં કોઇ વધારો આ રાજ્ય સરકારે કરેલો નથી.

સબસિડી આપીએ છીએ. ૪૨૭૬ કરોડ રૂપિયાની સબસિડી ૨૦૧૪-૧૫માં ખેડૂતોને ફકત વીજળી માટે આપી છે, આની અંદર આપ જોશો, બીજું ઉમેરો, કનેકશનનું ઉમેરો, કિસાન હિત ઉર્જા ઉમેરો, સોલાર પંપ ઉમેરો, તો ક્યાંસુધી આંકડો પહોંચશે? આ સરકાર ખેડૂતો માટેની છે, આ સરકાર ખેડૂતોની વીજળી માટે જે કંઇ કરવાનું હશે એ ચોકકસ ચિંતા કરશે, અને એના કારણે આપણે એ લોકોને જેટલી મદદ થાય તેટલી કરીશું, ઘણા અમારા સભ્યશ્રીઓ વીજળીના ભાવ માટે જ્યારે વાત કરતા હોઇએ ત્યારે એમ કહેતા હોય છે કે ગુજરાતમાં સૌથી મોંઘી વીજળી મળે છે. રેગ્યુલેટર જ્યારથી ચાલુ થયું ત્યારથી મારે કહેવું છે આપને, ૨૦૦૫-૦૬માં એકેય પૈસાનો વધારો નહિ, ૨૦૦૬-૦૭માં અને ૨૦૦૭-૦૮માં એકેય પૈસાનો વધારો નહિ, ૨૦૦૮-૦૯માં ૧૦ પૈસાનો વધારો, ૨૦૦૯-૧૦માં એકેય પૈસાનો વધારો નહિ, ૨૦૧૦-૧૧માં આઠ પૈસાનો વધારો, ૨૦૧૧-૧૨માં ૧૩ પૈસાનો વધારો, ૨૦૧૨-૧૩માં દસ પૈસાનો વધારો, ૨૦૧૩-૧૪માં ૩૪ પૈસાનો વધારો, આ ટેરિફમાં વધારો થયો છે અને આજે તમે કોઇપણ રાજયની સરખામણી કરો અને એમના રેટ જૂઓ અને આપણા રેટ જૂઓ. તમે જોશો કે જે પ્રમાણેના રેટ બીજે લેવાય છે,

ગુજરાતમાં દાખલા તરીકે એવરેજ ટેરિફ ડોમેસ્ટિકમાં ૩.૪.૬૮ પૈસા છે, વેસ્ટ બેંગાલમાં ૫.૩૮ છે, મહારાષ્ટ્રમાં ૪.૮૭ છે, કોમર્શિયલમાં ગુજરાતમાં ૫.૧૫ છે, મહારાષ્ટ્રમાં ૧૦–૩૧ પૈસા છે, દિલ્હીમાં ૮.૮૯ પૈસા છે, કર્ણાટકમાં ૭.૫૭ છે, વેસ્ટ બેંગાલમાં ૭.૧૨ છે, મધ્યપ્રદેશમાં ૬.૯૬ છે, પંજાબમાં ૬.૧૨ છે, રાજસ્થાનમાં ૬.૧૧ છે, આ તો હું થોડાક દાખલા લાવ્યો છું, એગ્રીકલ્ચરની વાત કરીએ તો મિટરમાં ૮૦ પૈસા છે, વેસ્ટ બેંગાલમાં ૪.૧૪ પૈસા છે, મધ્યપ્રદેશમાં ૩.૪૦ પૈસા છે, કર્ણાટકમાં ૨.૯૮, મહારાષ્ટ્રમાં ૨.૪૦, ઉત્તરપ્રદેશમાં ૨.૩૭, આ ખેતીલાયકની વાત કરું છું અને ઉદ્યોગોમાં પણ આપણે ત્યાં ૬.૫૦ છે, તો દિલ્હીમાં ૭.૨૧, મહારાષ્ટ્રમાં ૭.૧૬, તામીલનાડુમાં ૭.૦૨ પૈસા, ઉત્તરપ્રદેશમાં ૬.૫૬ પૈસા, વેસ્ટ બેંગાલમાં ૬.૪૨ છે, મારો કહેવાનો અર્થ એટલો જ હતો કે, અમે ખૂબ કાળજી રાખીએ છીએ. ભાવ ના વધે એનું હકીકતમાં ધ્યાન રાખીએ છીએ, દૂરથી કોલસો આવવા છતાં સારા મેનેજમેન્ટથી કન્ટ્રોલ કરી ટીએનડી લોસીઝ ઘટાડી એના કારણે ઘરાકને ફાયદો થાય એ પ્રમાણેની વ્યવસ્થા ઉભી કરી છે અને સફળતા મળી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા ઘણાં બધા સભ્યોની લાગણી છે કે સર્વે નંબરમાં બે આપવા જોઇએ. હું સમજી શકુ છું પણ GERC નો ઓર્ડર બહુ કિલયર છે The distribution license will not provide more than one connection meter for one premises and the consumers opting for second meter will have to produce separate legal entity. માટે અમે જે ડોકયુમેન્ટસ મંગાવ્યા છે એ ડોકયુમેન્ટસ જો આપે તો અમે સંપૂર્ણપણે આપવા તૈયાર છીએ. એટલે આના માટે ડોકયુમેન્ટ તો આપવા પડે અને એ પ્રમાણે આપણે ત્યાં એક સીસ્ટમ બની છે અને જો સીસ્ટમ બને તો જ સ્થિરતા થાય. એટલે મારી આપ સૌને વિનંતી છે કે, જયારે પણ આવુ કોઇ આવે તો એમને કહેજો ડોકયુમેન્ટસ આપે. બીજુ, જે જોષીયારાજીએ વાત કરી ખેતરોમાં રહેનારા વ્યકિતઓ માટે અમે special design transformer નું કર્યુ અને તેના કારણે આજે ઘણી બધી જગ્યાઓમાં ગામડાંમાં વીજળી આપીએ છીએ. હવે અમે એડવાન્સ સ્ટેજ કર્યો છે અને ખાસ કરીને યુ.જી.વી.સી.એલ.માં ટ્રાયલ પાયલોટ પ્રોજેકટસ લીધો તેને અમે પેટ કહીએ છીએ. એટલે પાયલોટ એડવાન્સ ટ્રાન્સફોર્મર એના કારણે કન્ઝયુમરોને વધારે લાભ થશે ઇન્ટેરપ્શન ઓછા થશે, અર્થીંગની જરૂર નહીં પડે અને સૌથી અગત્યનું હાલમાં જે ૨૦૦ કે.વી.લોડ લઇ શકે છે તે ૫૦૦ કે.વી.લોડ લઇ શકશે. એટલે આના કારણે આ જો મોડલ સકસેસ જશે તો મને સંપૂર્ણપણે વિશ્વાસ છે કે આપણે આખા ગુજરાતમાં ખેડૂતોને ત્યાં ચોક્કસપણે વીજળી પહોંચાડી શકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, જોષીયારાજીએ બે દિવસ પહેલાં, મેં વિધાનસભામાં કહ્યું હતું કે ૧૫ દિવસમાં આપને સંપૂર્ણપણે માહિતી આપીશ. એમણે જેટલા વિસ્તારો કહ્યાં એના આવા નકશા સાથે બનાવીને મેં કરાવ્યું. ૭૨ કલાકની અંદર બધી વિગત આવી ગઇ છે. અને આ ૭૨ કલાકમાં તમારા વિસ્તારોની અંદર કેટલા ઘરો છે, કેટલા કનેકશન છે, કઇ જાતનું ડિસ્ટન્સ છે કોઇનું ૫૦ મીટર હોય તો કોઇનું ૨૦૦ મિટર હોય આ પ્રમાણેની આખી વ્યવસ્થા માત્ર ૭૨ કલાકમાં કરી છે. મને કહેતા આનંદ થાય છે કે, અમારા વિભાગે આ ખૂબ મહેનત કરી અને મહેનત કર્યા પછી જે પ્રમાણે અમે માહિતી લાવ્યા છીએ એ માહિતી સ્પષ્ટપણે જ કહે છે કે જોષીયારાજીને ત્યાં જે કનેકશન બાકી હતા તેમાં દા.ત. ડામોર ફળિયાની અંદર રેસીડેન્સીયલ કનેકશન ૬૫ છે. એ ૬૫ ચાલે છે અને ૧૬ બાકી છે. હારીઓમ સ્કૂલ ફળિયામાં ૪૨ ચાલુ છે અને ૧૪ બાકી છે. વરંજીયામાં ૪૯ અને ૧૭ બાકી છે. આ જેટલા બાકી છે તેની સંખ્યા આશરે સોએક છે. આ બધાની અરજી ૧૧–૩ ના મળી છે. એટલે કે બે દિવસ પહેલાં જ મળી છે હું આ જેટલી અરજીઓ ૧૧–૩ના મળી છે તે બધાને નિયમ આધારિત કનેકશન અપાવી દઇશ. અને મેં ૧૫ દિવસ કહ્યા હતા ૧૧–૩ના જે કોઇ કનેકશન આપવાના હશે, પરંતુ મારો વિષય આટલો જ છે કે ચોવીસ કલાક જયોતિગ્રામમાંથી આપી ના શકાય, ના આપવાનું મૂળ કારણ કે ખેતરોની જોડે રહે છે, ખેતરની અંદર રહે છે એગ્રીકલ્ચર કનેકશન પણ છે જયોતિગ્રામ જોડે એ ટાયઅપ કરે તો એ ૨૪ કલાક વીજળી લઇ શકે. એટલે આપણે ૨૪ કલાક નહીં આપી શકીએ સીંગલ ફેઝ એમને ૨૪ કલાક અપાવીશુ.

માનનીય અધ્યક્ષશ્રી, વધારે મારે કહેવુ છે કે, જેટલા ગામડાંમાં ગયા, જેના કનેકશન નથી તેના નિવેદન લીધા છે. અને નિવેદનમાં શું લખ્યુ છે આજ હું મારું નિવેદન લખીને આપુ છું કે, મારું નામ નરેશભાઇ રૂપસિંહ સોલંકી છે અમને સારા પ્રમાણમાં સંતોષકારક વીજળી મળી રહી છે જેથી વીજળી બાબતમાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી આવા બધાએ નિવેદન આપ્યા છે.

અધ્યક્ષશ્રી : માનનીય કરમશીભાઇ, આપ બેસી જાવ, પ્રશ્નોત્તરીમાં તમને પૂછવા મળશે અત્યારે નહિ.

શ્રી સૌરભ પટેલ : મેં સભ્યશ્રી કરમશીભાઇને એમના પ્રવચન પછી તાત્કાલિક માણસ મોકલ્યો કે આપના ૪૩ કાગળો આપો, મારે પ્રવચનમાં જવાબ આપવો છે. એમણે કહ્યું કે હું તમને ઓફિસમાં આવીને આપીશ. જો અત્યારે અહીંયા આપ્યા હોત તો અહીંયા બેઠા બેઠા એનો નિકાલ કરી દેત.

મારે બધા જ સભ્યશ્રીઓને એક સારા સમાચાર આપવા છે. રાજયના હિતના સમાચાર છે એટલે તમને બધાને ગમશે. આપણો ઓઇલ રોયલ્ટીનો પ્રશ્ન વર્ષોથી ચાલતો હતો. આપ સૌ જાણો છો કે માનનીય બાજપાઇજીની સરકારે ઓઇલ રોયલ્ટીના પ્રશ્ન માટે એક મોસ્કર કમિટી બનાવીને નક્કી કર્યું હતું કે માર્કેટ પ્રાઇઝ ઉપર વેલેડ પ્રાઇઝ ઉપર રોયલ્ટી માર્ચ-૧૯૯૮થી તમને મળશે. એ ૧૯૯૮થી મળવા માટે સન ૨૦૦૩માં ઓર્ડર થયો. સન ૨૦૦૩ થી સન ૨૦૦૮ સુધી ગાડી સારી રીતે ચાલી અને પછી સન ૨૦૦૮ની સાલમાં યુ.પી.એ.ની સરકારે નિર્ણય કર્યો અને ઓઇલ રોયલ્ટી માટે એક જી.આર. કાઢ્યો એ જી.આર. તો નહિ પરંતુ નોટ કાઢી કે ઓઇલ રોયલ્ટીમાં તફાવત કાઢી એમાં માસિક ૨૦૦ કરોડ રૂપિયાનો ફરક પડ્યો. આ અંગે આપણે કેન્દ્ર સરકારને અનેક વખત લખ્યું પરંતુ એ લખ્યા પછી કોઇ જવાબ ન આવ્યો એટલે આપણે હાઇકોર્ટમાં ગયા અને હાઇકોર્ટે સંપૂર્ણપણે આપણી તરફેણમાં જજમેન્ટ આપ્યું. એટલે આપણે દિલ્હીની સરકાર પાસે ગયા એટલે કેન્દ્ર સરકાર સુપ્રીમ કોર્ટમાં ગઇ. સુપ્રીમ કોર્ટે તાત્કાલિક નિર્ણય લીધો કે ગુજરાત સાચું છે એટલે કે આજની તારીખથી નવા ભાવ ચાલુ કરો, એટલે

માસિક ૨૦૦ કરોડ રૂપિયાનો ફાયદો આપ્યો. આપણે યુ.પી.એની સરકારમાં દસ હજાર કરોડ રૂપિયાની વાત કરી એટલે સુપ્રીમ કોર્ટે આવતી સુનવણી સુધી સ્ટે આપ્યો એટલે આપણું આ જૂનું અટકયું પણ આ નવી કેન્દ્ર સરકારને રજૂઆત કરી તો કેન્દ્ર સરકારે આજે દસ હજાર કરોડ રૂપિયા ઉપર સ્ટે હોવા છતાં ૭૬૩ કરોડ રૂપિયા જૂના રીલીઝ કર્યા છે અને બીજા ૮૦૦ કરોડ રૂપિયા છ મહિનામાં આપશે. સુપ્રીમ કોર્ટમાં વહેલી તકે સુનવણી ચાલુ થાય અને નક્કી થાય એ પ્રમાણે ઝડપ કરીશું. આજે અભિનંદન આપવા જોઇએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને કે સુપ્રીમ કોર્ટમાં કેસ ચાલુ હોવા છતાં ૭૬૩ કરોડ રૂપિયા રીલીઝ કર્યા છે ત્યારે આ હાઉસ વતિ સૌ એમને અભિનંદન આપીએ છીએ. આપણને જૂના હક્કના ૭૬૩ કરોડ રૂપિયા મળ્યા છે, એના માટે આનંદ થાય કે ન થાય?

જી.એસ.પી.સી. ગેસ કંપનીની વાત કરીએ તો દેશમાં સૌથી વધારે ગેસ ગ્રીડ આપણી આ કંપનીએ કરી છે. એના થોડા આંકડા આપું તો આખા દેશમાં ૨૭ લાખ કનેકશન ઘર વપરાશના આપવામાં આવ્યા છે એમાં ગુજરાતમાં ૧૩.૭૦ લાખ આપવામાં આવેલ છે એટલે કે ૫૦ ટકા આપણે ત્યાં છે. સી.એન.જી. સ્ટેશન જોઇએ તો આખા દેશમાં ૯૫૦ છે એમાંથી ગુજરાતમાં ૩૪૧ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ જીએસપીસી ગેસ કંપનીએ ૨૨૦૦ કિ.મી. લાંબી ગેસ ગ્રીડ નાંખી છે. ૩૩ માંથી ૨૪ જિલ્લાઓમાં કામ કરી રહી છે અને ૩૬૨ કિ.મી.ની નવી પાઇપ લાઇન આ વર્ષમાં નાંખવામાં આવશે. શહેરોની સાથે ૬૭૦ ગામડાં પણ લીધા છે એમાં ૧૪૬ ટ્રાયબલ અને કોસ્ટલના છે. આ એલપીજીનીરૂ.૨૨૫/- કરોડથી રૂ.૨૫૦/- કરોડની કેન્દ્ર સરકારની સબસિડી બચે છે. આ વર્ષે પીએનજીની પરમિશન મળી ગઇ છે અને એનું કામ જામનગર, ભાવનગર અને કચ્છમાં ધમ ધમે છે. આવતા દિવસોની અંદર બનાસકાંઠા જિલ્લામાં ટેન્ડર ઇન્વાઇટ કર્યું છે. અમે એ ટેન્ડરમાં અગ્રેસીવલી બીડ કરવાના છીએ. અમદાવાદ રૂરલ, વડોદરા રૂરલ, અમરેલી અને પાટણ જિલ્લામાં પણ વહેલામાં વહેલી તકે બીડ આવે એના માટેના પ્રયાસો ચાલુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા બીજા વિભાગ ઉદ્યોગની વાત કરું. અમારા સભ્યશ્રી કહે કે, નંબર વન શેમાં છે? વસ્તી ૫ ટકા એમાં નંબર વન નહીં, જીયોગ્રાફિકલ એરિયા ૬ ટકા એમાં નંબર વન નહીં. દેશમાં સૌથી વધારે ફેક્ટરી ૧૦ ટકા, દેશમાં ગુજરાત નંબર વન. આખા દેશમાં સૌથી વધારે ઉત્પાદન ૧૩ ટકા, ગુજરાત નંબર વન. સૌથી વધારે એક્સપોર્ટ આખા ગુજરાતમાં ૨૫ ટકા એમાં ગુજરાત નંબર વન. આ એક્સપોર્ટ અને ઇમ્પોર્ટની અંદર સૌથી વધારે બંદરોમાં માલ આવતો-જતો હોય તો એમાં આખા દેશનું ૪૦ ટકા ગુજરાતમાંથી આવે છે એટલે ગુજરાત નંબર વન. ઇન્ડિયા સ્ટોક માર્કેટ કેપિટલાઇઝેશન દેશનું ૩૦ ટકા ગુજરાતમાં. મારે આપને કહેવું છે કે, સૌથી વધારે ગેસ ગ્રીડની પાઇપ લાઇન ગુજરાતમાં એમાં નંબર વન. ગેસના સૌથી વધારે કનેક્શનો ઘેર ઘેર આપેલા હોય તો એ ગુજરાતમાં છે એમાં નંબર વન. સૌથી વધારે વીજળીનો પર કેપિટા વપરાશ હોય તો એ ગુજરાતમાં એમાં નંબર વન. સૌથી વધારે ટેલિફોન ડેન્સીટી પર પર્શન હોય તો એ ગુજરાતમાં છે એટલે એમાં ગુજરાત નંબર વન. વર્લ્ડ લાર્જેસ્ટ પ્રોડ્યુસર ઓફ કેસ્ટર અને ઇસબગુલ ગુજરાતમાં, વર્લ્ડ લાર્જેસ્ટ ગેસ બેઝડ સિંગલ લોકેશન સ્પોન્જ આયર્ન પ્રોજેક્ટ હોય તો ગુજરાત નંબર વન, ગુજરાતમાં સૌથી વધારે ડાયમન્ડ પ્રોસેસ થતા હોય તો ગુજરાત નંબર વન. સૌથી મોટી ગ્રાસ રૂટ રિફાઇનરી હોય તો ગુજરાતમાં, કોપર સ્મેલ્ટર હોય તો ગુજરાતમાં, એલએનજી ટર્મીનલ હોય તો ગુજરાત, સૌથી વધુ દૂધ ઉત્પાદન હોય તો ગુજરાતમાં, હજુ આપને કહુ, ટેક્ષટાઇલમાં દેશમાં સૌથી વધુ ઉત્પાદન ૨૫ ટકા હોય તો ગુજરાતમાં, ઓન શોર ગેસ ૩૦ ટકા ગુજરાતમાં, કોટન ૩૪ ટકા ગુજરાતમાં, ફાર્માશ્યુટિકલ ૩૫ ટકા ગુજરાતમાં, કેમિકલ્સ ૩૫ ટકા ગુજરાતમાં, ગ્રાઉન્ડ નટ ૩૯ ટકા ગુજરાતમાં, પેટ્રો કેમિકલ્સ પ્રોડક્શન ૬૨ ટકા ગુજરાતમાં, પ્લાસ્ટીક ઇન્ડસ્ટ્રીઝ ૬૨ ટકા ગુજરાતમાં, સોલ્ટ પ્રોડક્શન ૬૬ ટકા ગુજરાતમાં, સોડા એશ પ્રોડક્શન ૯૧ ટકા ગુજરાતમાં, રાજી? હવે જવાબ આપવાની જરૂર નહીં પડેને? ગળે વાત ઉતરી ગઇને? હવે સભ્યશ્રીઓ આપણે જ્યારે ગુજરાતની બહાર જઇએ, મત વિસ્તારમાં જઇએ તો નંબર વન કહેતા થઇએ. ગ્રોથ એન્જીન ક્યું? ગુજરાત. માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગોએ આપણા સૌના લાભમાં છે. Industry, let us not consider it to be a bad word. Industry is not something which is bad. અને મહેરબાની કરીને કાલ ઉઠીને એવું ન થાય કે ઉદ્યોગ એટલે ખરાબ. ઉદ્યોગને કારણે રોજગારી મળે છે, ઉદ્યોગોને કારણે આવક મળે છે અને એટલે આપણે ઉદ્યોગોને પ્રોત્સાહન આપવું જોઇએ અને આ સરકારે જે ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે પોલીસી બનાવી છે, રાજકીય ચર્ચા નથી કરવી, આજે માગણી આની છે, નાણા વિભાગ વખતે ચોખ્ખું કીધું હતું કે ૨૨ ટકા રૂપિયા ખેડૂતો પાસે જાય છે એટલે આપણે ચર્ચા નથી કરવી, આ ઉદ્યોગોની અંદર નાના ઉદ્યોગોને મદદ કરવા માટે સંપૂર્ણપણે નીતિ બનાવી છે અને નાના ઉદ્યોગોને મદદ કરવા માટે ૫૬૨ કરોડનું પહેલી વખત પ્રોવિઝન કર્યુ છે. પહેલી વખત ૧૦ ટકા કેપીટલ સબસિડી આપણે નાના ઉદ્યોગોને આપીએ છીએ. આ કેમ કર્યુ અને ૧૫ ટકા લોન માટે લીમીટ ૨૫ લાખ સુધી વ્યાજ સહાય આપીએ છીએ. હવે આપ સમજો કે નાના જેટલા ઉદ્યોગો આવે એને ફાયદા થવાના, આ એકઝીબીશનનું જે પ્રોવિઝન કર્યુ છે ૨૪ કરોડ, vision જુઓ અને એમ કહો આ Plast India આવ્યું. તમે એક Plast India ના યુનિટમાં જોવા ગયા હોવ તો Plast India માં પહેલી વખત ગાંધીનગરમાં રહેતા લોકો કહેતા હતા કે આટલી બધી ગાડીઓ અને આટલા બધા લોકો અમે કયારેય જોયા નથી, આ આપણી સફળતા છે, આપણે Plast India ને લઇને અહીંયા આવ્યા છીએ અને એક જે એકઝીબીશન થાય છે, એક કંપની એકઝીબીશન મૂકે છે તો એકઝીબીશનની અંદર દસ-દસ લાખ, પંદર-પંદર લાખ રૂપિયાનો ખર્ચો કરે છે. એ ખર્ચો કરે કોને લાભ થાય છે? લોકલ કામ કરે અને બીજું એકે એક હોટલો ફુલ, એકે એક ટેકસીવાળાને લાભ, એકે એક રેસ્ટોરન્ટો ફુલ, મને એમ કહો કે આ એક બીઝનેસ છે, exhibition is one of the biggest businesses, જેમ ટુરીઝમ કહીએ છીએ એમ આ એકઝીબીશન આપણે વધારવું જોઇએ. અને અમે નકકી કર્યુ છે કે આ એકઝીબીશનને પ્રમોટ કરવાનું છે, ગમે તે થાય, એટલે આવી રીતથી આપણે પ્રમોટ કરીએ તો નાના વર્ગને ફાયદો થાય એટલે સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઇઝીસ આપણી

પ્રાયોરીટી છે, એકઝીબીશન આપણી પ્રાયોરીટી છે, incentive schemeની અંદર મેઇક ઇન ઇન્ડિયા એ આપણું લક્ષ્યાંક છે. Start up provision, આ નાના નાના જે પહેલીવાર મોડલ બનાવ્યું છે, યુનિવર્સિટીને આમાં જોડયા છે અને એના કારણે આમાં પણ લાભ છે. લેબર ઇન્ટેન્સીવ, મારે આપ સભ્યશ્રીઓને કહેવું છે પહેલી વખત લેબર ઇન્ટેન્સીવ યુનિટો આપણે આઇડેન્ટીફાય કર્યા. સૌથી વધારે રોજગારી ગારમેન્ટમાં મળે, આપણે ગારમેન્ટ એન્ડ લેબર ઇન્ટેન્સીવ કર્યું. હવે એક ગારમેન્ટ ફેકટરીવાળા મહિલાને એમ્પલોય કરે તો સરકાર ૧૫૦૦ રૂપિયા આપે, કઇ સરકાર આપે છે મને કહો? તમે રોજગાર વાળો ઉદ્યોગ આપો એ રોજગાર ઇન્ડસ્ટ્રીને તમે રજીસ્ટર કરો, મહિલાઓને માટે ૧૫૦૦ રૂપિયા અને પુરૂષો માટે ૧૨૦૦ રૂપિયા આ રાજય સરકાર એમને આપે છે. આ પ્રોત્સાહન રોજગારી માટે કર્યુ છે. આ ટેકસટાઇલ પોલીસી ખેડૂતો માટેની વાત કરીએ, આ વેલ્યુ એડીશન કરીએ છીએ, ૩૨૦ કરોડ આપ્યા છે આ વર્ષે અને આના કારણે તાલિમનાડુ કપાસ જતો બંધ થઇ જવાનો. ૪૦,૦૦૦નું ટ્રક ભાડુ છે એ ટ્રકભાડુ કોને મળવાનું એ આપણા ખેડૂતોના ભાવમાં મળવાનું, એ સ્પીનીંગ થવાનું, જીનીંગ થવાનું અને અહીંયાથી એકસપોર્ટ થવાનું. આ લાભ છે. આ નીતિ છે સરકારની અને આના કારણે લાભ થવાનો છે. બીજું ઘણા બધા પોલીસીઓના કારણે સરકારે ક્રીટીકલ ઇન્ફ્રાસ્ટ્રકચર, નાના નાના ઉદ્યોગોને ઇન્ફ્રાસ્ટ્રકચર મળે એ માટે ૨૭૦ કરોડ આપ્યા છે, આ ઇન્ડસ્ટ્રીયલ પાર્ક, અત્યારે લેન્ડ માટેની આખી દરખાસ્તો વિધાનસભામાં પાનમ અને બધે ચાલે છે. આપણે શું નકકી કર્યુ, ખાનગીવાળા બનાવે ઉદ્યોગ, પાર્ક બનાવે, આપણે એમને ઇન્ફ્રાસ્ટ્રકચર આપીએ, વીજળી માટે મદદ કરીએ, રોડ માટે મદદ કરે, ગટર માટે મદદ કરે અને માર્કેટ કરે અને એ બજારના ભાવે જમીન લે, આજે અહીં બેઠેલા કયા ધારાસભ્યશ્રી એવું ઇચ્છતા નથી કે મારા વિસ્તારની અંદર જી.આઇ.ડી.સી. આવે, આ અમારા ધારાસભ્યશ્રી જેઠાભાઇએ હમણા વાત કરી, એમની વાત ખૂબ સાચી છે અને હકીકતમાં એમની માગણી પણ સાચી છે અને અમે ચોકકસ એના માટે મદદ કરીશું પણ ટ્રાયબલ બેલ્ટ હોય, નાના બેલ્ટમાં હોય બધી જગ્યાએ રોજગારીને માટે આપણે આ લોકોને મદદ કરવી જ જોઇએ. હું કોટેજ ઇન્ડસ્ટ્રીની વાત કરું, આ તો સૌથી નાનું, કોટેજ ઇન્ડસ્ટ્રી પણ આપણી બેઝીકલી સૌથી વધારે જો ડીસ્ટ્રીબ્યુશન ઓફ ઇન્કમ આવતું હોય તો એ કોટેજ ઇન્ડસ્ટ્રી આવે છે અને ડીસ્ટ્રીબ્યુશન ઘરેઘરે આજે પહેલી વખત આપણે હમણાં દસ દિવસ પહેલા યુનિવર્સિટીમાં International Buyer-Seller Meet કર્યુ. આ ઇન્ટરનેશનલ બાયર–સેલર મીટમાં કોઇ વેચાણ નહીં, માત્ર ઘરાકો આવ્યા. હું આ કારીગરોને મળ્યો. આ કારીગરો એટલા રાજી હતા કે સાહેબ, અમારો માલ વેચાયા કરતાં અમારા સેમ્પલો ખરીદી ગયા છે. એક એક પાસે ૫–૭ લાખના સેમ્પલો લઇ ગયા છે. આની અંદર આઇ.ટી.થી માર્કેટીંગ કરીએ, મેળાથી માર્કેટીંગ કરીએ તો લાભ થાય કે નહીં? આ બધા લોકોને આપણે.....(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓ, આપ બેઠા બેઠા કોમેન્ટ કરો છો એ બધાને સંભળાય છે. છેલ્લી ૧૫ મિનિટથી કોમેન્ટ આપ કરો છો. પ્લીઝ, બન્ને પક્ષ માટે છે. શાંતિ જાળવો.

શ્રી સૌરભ પટેલ : કોટેજ ઇન્ડસ્ટ્રીઝને અમે પ્રાધાન્ય આપવાના છીએ. આ કારીગરોને બેન્કમાંથી લોન મળે તો લોન અપાવવાના છીએ. જેટલા મેળાઓ થાય એટલા મેળાઓ કરાવવાના છીએ. ઇ–કોમર્સ દ્વારા અમે એમનું ઓન લાઇન માર્કેટીંગ કરાવવાના છીએ. એમને ટેકનિકલ સહાય આપવાના છીએ અને બને એટલી ગરવી ગુર્જરીઓ આપણે ખોલવાની તૈયારી કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ટૂરિઝમની અંદર આપ સૌ જાણો છો કે સ્પીડ વધી છે. લોકો વધારે આવે છે. ઇન્ફ્રાસ્ટ્રકચર કરીએ છીએ અને પ્રોજેકટો નવા કરીએ છીએ. ઓન ગોઇંગ પ્રોજેકટો વધારે કરીએ છીએ. ઇકો ટૂરિઝમ માટે ફોરેસ્ટ વિભાગ સાથે રહીને અમે ખૂબ વધારે મહેનત કરીએ છીએ. અમે ઇવેન્ટ બેઝ ટૂરિઝમ કરીએ છીએ. આજે ઇવેન્ટ બેઝ ટૂરિઝમમાં આપણે રણોત્સવ કર્યું, દોઢ કરોડ રૂપિયા આપણને દર વર્ષે મળે છે. કેપેસિટી ૩૫૦–૪૦૦ની છે એ હવે આપણે ૭૦૦–૮૦૦ની કરવા જઇ રહ્યા છીએ. ધોળાવીરા બાજુ કરીએ. આપ વિચાર કરો કે કેટલો લાભ થાય? આની ઉપર પોલો ફોરેસ્ટ બે દિવસ પહેલા હતું, સાપુતારા, માંડવી, તીથલ આ બધું કરીએ તો ટૂરિઝમમાં ઇવેન્ટ બેઝ ટૂરિઝમ કરીએ એટલે સ્વભાવિક છે કે લોકો વધારે આવવાના. જેટલા એકઝિબિશનમાં ભાગ લે એમને આપણે પેકેજો બનાવીને આપીએ છીએ. ટૂરિઝમ એ પણ આપણું ખૂબ મોટા પ્રમાણમાં વિકાસ પામ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માઇન્સની વાત કરું તો અમારા મંત્રીશ્રી જી.એમ.ડી.સી.માં ઉમરસર હમણાં જ લિગ્નાઇટનું ઉદઘાટન કરીને આવ્યા. કચ્છમાં ૧૦ લાખ ટન દર વર્ષે ઉમરસરની માઇનમાંથી આવવાનું છે. આનાથી કેટલા બધા ઉદ્યોગોને ફાયદો થવાનો છે? માનનીય સભ્યશ્રીએ જે ચિંતા વ્યક્ત કરી એ હું વિગતવાર જોઇ લઇશ કે એમની ચિંતા છે એમાં શું છે એ વિગતે જોઇ લઇશ. આજની તારીખમાં અમારા વિભાગમાં ઇ–પેમેન્ટ, ઇ–રોયલ્ટી પાસ, ઇ–રિટર્ન એમાં અમે કટિબદ્ધ છીએ. આવતા દિવસોમાં નવો કાયદો આવે પછી મેજર મિનરલ્સ, માઇનોર મિનરલ્સ આ બધું ઓકશન કરવાના છીએ. ઓકશનમાં નવા ઇ.સી.ના કોડ આવ્યા છે. ઇ.સી.ના કોડમાં ફોરેસ્ટ વિભાગ, જી.પી.સી.બી. સાથે બેસીને ખૂબ મહેનત કરી છે. આવતા મહિના–દોઢ મહિનામાં બધાને ઇ.સી. મળી જવાના છે. ઇ.સી.ના કારણે નવા જે સેન્ડ બ્લોક છે એ બધા સેન્ડ બ્લોકનું ઓકશન પણ આ પ્રમાણે ચાલુ થઇ જશે એટલે એ કામ પણ હયાત લીઝ હોય, નવી લીઝ હોય એ બધા નવા કાયદામાં પ્રોવિજન થયા છે એ પ્રમાણે અમે આગળ વધવાના છીએ. આ પ્રમાણે મારી પાસે જેટલી વિગતો હતી એ આપી છે. માનનીય સભ્યશ્રીએ વાત કરી કે વાયબ્રન્ટમાં ચાર્ટર્ડ પ્લેનો લાવ્યા હતા. મારે સભ્યશ્રીને કહેવું છે કે કોઇ ૨૦ ચાર્ટર્ડ પ્લેનો ભાડે રાખવામાં આવ્યા ન હતા. અમે કોઇ ખર્ચ કર્યો નથી. નંદનવન બનાવવામાં અમે કોઇ ૫૦ કરોડ ખર્ચ્યા નથી. નેનો માટે કરમશીભાઇ આપને કહું કે નેનોને અમે કોઇ જગ્યા મફતમાં આપી નથી. આપે જે ૪૩ કાગળ લખ્યા છે એ મોકલી આપજો. કોલ વિશે મેં વાત કરી. માનનીય સભ્યશ્રીએ જે લાગણી વ્યકત કરી, હું ચોક્કસ સંમત છું કે નજીકથી કોલસો લાવવો જોઇએ અને જે હેલ્પરની વાત કરી, મારે સભ્યશ્રીઓને કહેવું છે કે હેલ્પરમાં સબ ડિવિઝનો નવા નવા અમે ખોલવાના છીએ અને જોષીયારાજી આપ બે દિવસ પહેલા કહેતા હતા કે નવું સબ

ડિવિઝન આપો, ૧૨૦૦ જણની નવી ભરતીની મંજૂરી મળી ગઇ છે અને કામ ચાલુ છે. ૧૨૦૦ લોકોની સ્પીડમાં ભરતી કરી રહ્યા છીએ. સાથે સાથે અમે લોકોએ (અંતરાય) ટેકનિકલી, આપણે ભા.જ.પ. કોંગ્રેસ જોતા નથી. જ્યાં જરૂર પડે ત્યાં આપવાના છીએ અને ખૂબ મોટી સંખ્યાની અંદર આ ૧૨૦૦ લોકો આવે એટલે હું સબડિવિઝન ખોલવાનો છું. આવતા દિવસોમાં જે જે ધારાસભ્યશ્રીના સબડિવિઝન મંજૂર થયા છે તે બધાને હું કાગળ લખીને જાણ કરી દઇશ. બરાબર? મારી પાસે અહીંયા માહિતી છે. એટલે માનનીય અધ્યક્ષશ્રી મને વિશ્વાસ છે કે આ બધું થયા પછી એમની કાપદરખાસ્તો પાછી ખેંચી લેશે અને મારી આ માગણીઓને મંજૂર રાખશે એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : મારે બે જાહેરાત કરવાની છે.

સભાગૃહનો સમય લંબાવવા અંગે

શ્રી અજયકુમાર જ. ચોક્સી (દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહની બેઠક માગણીઓ પૂરી થાય અને મતદાન થાય ત્યાં સુધી લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સાહેબ, ૫–૦૫ થઇ ગઇ છે.

અધ્યક્ષશ્રી : બસ તો એટલા રાઇટ ટુ ક્વેશ્ચન ઓછા આવશે. જાહેરાતો બે છે એટલે કહું છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સંમત છીએ.

અધ્યક્ષશ્રી : (થોડીવાર બાદ) સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

અધ્યક્ષશ્રીની જાહેરાત

(૧)

અધિકારી દીર્ઘામાં શિસ્ત જાળવવા અંગે

અધ્યક્ષશ્રી : અધિકારી દીર્ઘામાં બેસતા કેટલાક અધિકારીઓ મોબાઇલ ઉપર વ્યસ્ત હોય છે. ક્યારેક કોઇ અધિકારીઓ પાણી પણ પીતાં હોય છે. જે ઔચિત્યની દષ્ટિએ ઉચિત નથી. આથી અધિકારી દીર્ઘામાં બેસતા અધિકારીઓ નિયમોનું ચુસ્તપણે પાલન કરવાની કાળજી રાખે.

માનનીય સભ્યશ્રી શક્તિસિંહજી ગોહિલના પોઇન્ટ ઓફ ઓર્ડરના નિર્ણય અંગે

અધ્યક્ષશ્રી : તા. ૧૨/૩/૨૦૧૫ નાં રોજ પ્રશ્નોત્તરી પૂરી થયા બાદ માનનીય સભ્યશ્રી શક્તિસિંહજી ગોહિલે પ્રશ્નોત્તરીના સંબંધમાં નીચે મુજબના જુદા જુદા બે મુદ્દાઓ અંગે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરેલ હતો.

(૧) તા.૩/૩/૨૦૧૫ નાં રોજ તારાંકિત પ્રશ્નોત્તરી યાદીમાં માનનીય કૃષિમંત્રીને લગતા સભ્યશ્રી સતીષભાઇ પટેલના પ્રશ્ન અગ્રતાક્રમ–૪ કે જે વડોદરા જિલ્લામાં ટીસ્યુકલ્ચર લેબોરેટરી અંગેનો છે તેમજ આ જ સભ્યશ્રી સતીષભાઇ પટેલનો તા.૧૧/૩/૨૦૧૫ નાં રોજ પ્રશ્નોત્તરી યાદીમાં માનનીય કૃષિમંત્રીને લગતો અગ્રતાક્રમ–૭ છે કે જે પણ વડોદરા જિલ્લામાં ટીસ્યુકલ્ચર લેબોરેટરી અંગેનો છે. આ એક જ સભ્યશ્રીના આઇડેન્ટીકલ પ્રશ્ન છે. બંને પ્રશ્નોમાં તા. ૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિ સેઇમ છે. જિલ્લા પણ એકજ છે છતાં બન્ને પ્રશ્નોના જવાબ ભિન્ન ભિન્ન છે. આથી એક જ સભ્યશ્રીઓના એક જ સરખા બે સવાલના જવાબોની વિસંગતતા સંબંધમાં માનનીય સભ્યશ્રી શક્તિસિંહજી ગોહિલે પ્રથમ મુદ્દાના સમર્થન સંબંધમાં દલીલ કરી પોઇન્ટ ઓફ ઓર્ડર અંગે માનનીય અધ્યક્ષશ્રી સમક્ષ રજૂઆત કરી હતી.

(૨) તે જ રીતે તા.૧૨/૩/૨૦૧૫ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરી યાદી સંબંધમાં માનનીય સભ્યશ્રી શક્તિસિંહજી ગોહિલે માનનીય આરોગ્ય મંત્રીશ્રીને લગતા અગ્રતા ક્રમાંક–૧૯ અને અગ્રતા ક્રમાંક–૭૧ એક જ સરખા બે સવાલોના જવાબોમાં વિસંગતતા અંગે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરેલ હતો અને પોઇન્ટ ઓફ ઓર્ડરના સમર્થનમાં તેઓએ જણાવ્યું હતું કે અગ્રતા ક્રમાંક–૧૯ સભ્યશ્રી શૈલેષભાઇ પરમારનો છે, જ્યારે અગ્રતા ક્રમાંક–૭૧ સભ્યશ્રી ગ્યાસુદ્દીનભાઇનો છે. આ બન્ને આઇડેન્ટીકલ પ્રશ્નોના સભ્યશ્રીઓ જુદા જુદા છે. એક જ શહેરની અને એક જ તારીખની બાબત છે છતાં રોગોના કેસોની સંખ્યાના આંકડા બદલાયેલા છે. આમ બીજા મુદ્દા અંગે સમર્થનમાં દલીલ કરીને સભ્યશ્રી શક્તિસિંહજી ગોહિલે માનનીય અધ્યક્ષશ્રી સમક્ષ રજૂઆત કરી હતી.

માનનીય સભ્યશ્રી શક્તિસિંહજી ગોહિલના આ પોઇન્ટ ઓફ ઓર્ડરની વિરુદ્ધમાં માનનીય આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલે જવાબની વિસંગતતા સંબંધમાં સ્પષ્ટતા કરી હતી. આ બન્ને પક્ષોની દલીલો સાંભળીને મેં માનનીય સભ્યશ્રી શક્તિસિંહજી ગોહિલના આ પોઇન્ટ ઓફ ઓર્ડર સંબંધમાં અભ્યાસ કરી પછીથી નિર્ણય આપીશ તેમ જણાવ્યું હતું.

(૧) તા.૩/૩/૨૦૧૫ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીમાં અગ્રતા ક્રમાંક–૪ અને તા.૧૧/૩/૨૦૧૫ ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીમાં અગ્રતા ક્રમાંક–૭ એક જ સભ્યશ્રી સતીષભાઇ પટેલના છે અને આઇડેન્ટીકલ પ્રશ્નો છે. આ બન્ને તારાંકિત પ્રશ્નો વડોદરા જિલ્લામાં ટીસ્યુકલ્ચર લેબોરેટરી અંગેના છે. આ બન્ને પ્રશ્નો પૈકી તા.૩/૩/૨૦૧૫ના રોજ અગ્રતા ક્રમાંક–જવાળા પ્રશ્નમાં પ્રશ્ન ખંડ(૨) તા.૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ એક વર્ષમાં વડોદરા જિલ્લામાં સરકાર સહાયિત કેટલી ટીસ્યુકલ્ચર લેબોરેટરી ઊભી થયેલ છે તે પ્રશ્નના જવાબમાં એકપણ નહીં તેવો જવાબ આપવમાં આવેલ છે. જ્યારે આ જ વિષયના તા.૧૧/૩/૨૦૧૫ના રોજનીતારાંકિત પ્રશ્નોત્તરી, અગ્રતા ક્રમાંક–૭ ના પ્રશ્ન ખંડ ૨ માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં સરકાર દ્વારા સહાયિત કેટલી ટિસ્યુ કલ્ચર લેબોરેટરી છે ? તેના જવાબમાં, એક જવાબ અપાયેલ છે. આમ તા.૩–૩–૨૦૧૫ ની યાદીમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષની માહિતી માગવામાં આવી હતી. જ્યારે તા.૧૧–૩–૨૦૧૫ ની તારાંકિત પ્રશ્ન યાદીમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ કરતાં વધુ માહિતી માગવામાં આવી હતી. આમ બંને પૂછાયેલા પ્રશ્નો તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષની તથા તે પહેલાના સમયની માહિતી માગી હોવાથી સ્વાભાવિક પણે જ

જવાબમાં ફેર હોઇ શકે. આમ બંને પ્રશ્નોના ખંડ–૨, વાસ્તવિક રીતે સરખા ગણી શકાય નહીં. કારણ કે, પ્રશ્ન ખંડ–૨ થી માગેલ માહિતીનો સમયગાળો અલગ અલગ છે. આ સંજોગોમાં પ્રથમ મુદાના સંબંધમાં માનનીય શક્તિસિંહજીના પોઇન્ટ ઓફ ઓર્ડરનો અસ્વીકાર કરું છું.

ત્યારબાદ પોઇન્ટ ઓફ ઓર્ડર–૨, માનનીય આરોગ્ય મંત્રીશ્રી તા.૧૨–૩–૨૦૧૫ના રોજના વારામાં માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ પરમારનો તારાંકિત પ્રશ્ન ક્રમાંક, અગ્રતા ક્રમ –૧૯ કે જે અમદાવાદ શહેર અને જિલ્લામાં ડેન્ગ્યુ, એઇડસ્, સ્વાઇન ફ્લૂ અને કેન્સરના નોંધાયેલ કેસો બાબતનો છે. જ્યારે આજ દિવસના વારામાં સભ્યશ્રી ગ્યાસુદીન શેખના તારાંકિત પ્રશ્ન ક્રમાંક, અગ્રતા ક્રમાંક–૭૧ જે અમદાવાદ શહેર અને જિલ્લામાં સ્વાઇન ફ્લૂ, કમળા અને ડેન્ગ્યુના નોંધાયેલા કેસો બાબતનો છે. આ બંને વાસ્તવિક રીતે સમાન ન ગણી શકાય તેવા તારાંકિત પ્રશ્નો જુદા જુદા બે સભ્યો દ્વારા પૂછાયેલ છે. બંને પ્રશ્નોમાં સ્વાઇન ફ્લૂ તથા ડેન્ગ્યુ રોગો કોમન છે અને તે પ્રશ્નોમાં આપેલ ઉત્તરો ડેન્ગ્યુ તથા સ્વાઇન ફ્લૂના રોગો સંબંધમાં માનનીય મંત્રીશ્રીએ આપેલ માહિતી જોતા વિસંગતતાઓ જણાય છે. આથી માનનીય સભ્યશ્રી શક્તિસિંહજી ગોહિલના બીજા મુદાના પોઇન્ટ ઓફ ઓર્ડરનો સ્વીકાર કરું છું અને માનનીય મંત્રીશ્રીને ભવિષ્યમાં આવી વિસંગતતાઓ ન થાય તે માટે પૂરતી કાળજી રાખવા માટે જણાવું છું. નેકસ્ટ, રાઇટ ટુ કવેશ્ચન.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, હમણાં જ એમણે એમ કહ્યું કે, કેન્દ્ર સરકારે આપણને કોલસો નજીકથી આપી દીધો છે. જ્યારે નજીકથી જો આપને આપી દીધો હોય તો આપણને ગુજરાતને ફાયદો થવાનો છે, તો વીજળીમાં ભાવ ઘટાડવા માગો છો કે કેમ ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં આપને એમ કહ્યું કે, જુના પહેલા સાડા નવ લાખ જેવું મળતું હતું. હવે જે નવી ભલામણ થઇ છે એ બાર લાખની થઇ છે. હવે એ બાર લાખ ટનની જે ભલામણ થઇ છે એ હજુ ચાલુ થવાની બાકી છે. પણ ટૂંક સમયની અંદર બધું એપ્રોપ્રિએટ થઇ જાય પછી ચાલુ થશે. અને બીજું દર ત્રણ મહિને ફ્યુઅલ સરચાર્જની એક ફોર્મ્યુલા છે, એ ફોર્મ્યુલાની અંદર કોલસો જે ખરીદ્યો હોય એ આગલા ત્રણ મહિનાનો, એ ત્રણ મહિનાનો કોલસો ખરીદ્યો એની કિંમત મૂકાય, એનું ફ્રેઇટ મૂકાય અને ઇમ્પોર્ટ કર્યો હોય તો એ મૂકાય. એટલે જે સસ્તું પડ્યું એ ફ્યુઅલ સરચાર્જમાં ઓછું થાય એટલે એ ફ્યુઅલ સરચાર્જના કારણે ગ્રાહકને એ પાસ– ઓન થાય. એટલે એ ફોર્મ્યુલા જી.ઇ.આર.સી. નક્કી કરતી હોય છે, નક્કી ફિક્સ છે. એની અંદર બધા આંકડા લે અને આંકડાના કારણે જે સસ્તુ પડે એ ગ્રાહકને પાસ–ઓન થાય.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, એમણે એમ કહ્યું કે, નક્કી જ કર્યું છે કે ઘટવાના જ છે. તો આપ, જે ફાયદો થાય એ લોકોને આપવા માગો છો કે નહીં?

શ્રી સૌરભ પટેલ : મારો જવાબ બહુ કલીયર છે કે, કોઇ પણ ફ્યુઅલની અંદર ભાવ ઘટે એ રેગ્યુલરની ફોર્મ્યુલાથી ગ્રાહકને સીધો ફાયદો થાય.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે, મંત્રીશ્રીએ એના જવાબમાં સબ–ડિવિઝનો આપવા માટેની વાત કરી છે. ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, મારા ઉના તાલુકામાંથી ગીર–ગઢડા તાલુકો નવો બનાવવામાં આવ્યો છે અને ગીર–ગઠડા ખાતે સબ– ડિવીઝન કચેરી આપવા માટે ઘણા લાંબા સમયથી દરખાસ્ત પડી છે તો એ આપવા માગો છો કે કેમ ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કાગળ મળી ગયો છે. હું વાંચી જાઉં છું. પી.જી.વી.સી.એલ.ની અંદર રાણાકંડોરણા સબ–ડિવિઝન, કુકમા સબ–ડિવિઝન, નાગરસીમા સબ–ડિવિઝન, તળાજા બે સબ–ડિવિઝન, બાબરા રૂરલ સબ–ડિવિઝન, જામ કંડોરણા બે સબ–ડિવિઝન, ત્રાંબા સબ–ડિવિઝન, નિકાવા સબ–ડિવિઝન, લખતર સબ–ડિવિઝન, ગઠડા બે સબ–ડિવિઝન, આમરન સબ ડિવીઝન, શાપર સબ ડિવીઝન, સમાના સબ ડિવીઝન અને ગીર ગઢડા સબ ડિવીઝન અને યુ.જી.વી.સી.એલ.માં નરોડા, કઠવાડા, વડનગર, ખેરાલુ–૨, મેઘરજ–૨, કાનોદર સબ સ્ટેશન, ચાંદીસર, સુઇગમ, હારાડ–૨ અને શામળાજી સબ ડિવીઝન અને ડી.જી.વી.સી.એલ.માં ગઢકોલ, નેત્રંગ, ઉદવાડા, વાપી, કપરાડા, વલસાડ ઇસ્ટ, વલસાડ વેસ્ટ, નાનકવાડા, રાનકૂવા અને રોલવલ સબ સ્ટેશન.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે એમણે કોલસાની જે વાત કરી તો મહારાષ્ટ્ર રાજયના વેસ્ટન કોલ ફિલ્ડમાંથી આપણને ૯.૩૦ લાખ મેટ્રીક ટન કોલસો મળતો હતો અને છત્તીસગઢ રાજયના સાઉથ ઇસ્ટ કોલમાંથી આપણને ૧૬૪.૪૦ લાખ મેટ્રીક ટન કોલસો મળતો હતો. અત્યારે આપે જે વાત કરી એ મુજબ જે કરારો થયા છે એ ભલામણ મુજબ છત્તીસગઢ સાઉથ, ઇસ્ટ, વેસ્ટમાંથી ૧૬૪ સમથીંગ જે મળતો હતો એમાંથી મહારાષ્ટ્રમાં કેટલો ડાયવર્ટ કરવામાં આવે છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એ જે ૧૬૪ છે એ બાર લાખ ટનથી ઘટી અને ડબલ્યુસીએલમાં જશે એવી ભલામણ થયેલી છે. એટલે જે નવ લાખ હતો એની અંદર બાર લાખ ઉમેરો અને બીજું, સૌથી અગત્યનું આવતા થોડા દિવસોની અંદર ગુજરાત સરકારને પોતાની કોલમાઇન મળે, નજીકથી કોલમાઇન મળે, કાયમ માટેનો પ્રશ્ન ઉકેલાઇ જાય એ પ્રમાણેનું અત્યારે ચિત્ર દેખાય છે.

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, અમુલ ડેરીના પ્રતાપે આખા ગુજરાતની અંદર ડેરી ઉદ્યોગ ફુલ્યોફાલ્યો છે તો પશુપાલકો માટે અને નાના અને સિમાંત ખેડૂતો માટે બે એચ.પી.નું કનેકશન આપવા માગો છો કે કેમ? તો ૫૦ ટકા ગરીબી ઓછી થાય અને પશુપાલકોને એનો ફાયદો થાય એવો છે તો બે એચ.પી. આપવા માગો છો કે નહીં? અને આઠ કલાક વીજળી

આપો છો ખેડૂતોને એના બદલે ૧૬ કલાક કરવા માગો છો કે કેમ? બીજો પ્રશ્ન એ છે કે જે પોતાના પ્રાઇવેટ ખેતરમાં ખનિજ નીકળતું હોય એમાં તમે વેટ લો છો. તો વગર વેટે મંજૂરી વગર કાઢવા દેવા માગો છો કે કેમ? જે ગૌચર છે એમાંથી માટી જે અસામાજિક તત્વો હોય છે એ લઇ જાય છે તો એ બંધ કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : આપે જે સૂચન કર્યું આપણે આજે ૨૪ કલાક સીંગલ ફેઝ વીજળી આપીએ છીએ એમાં જે નવા ટ્રાન્સફોર્મર મુકેલા છે એની કેપેસીટી વધારે છે એટલે ઘરેઘરે વપરાશમાં આપણને કામ લાગે છે. બીજું કે આજની તારીખમાં ગુજરાતની અંદર ખેડૂતોના પાણીના તળ દિવસે દિવસે નીચા જતા જાય છે. એના કારણે. આપણે ટપક પદ્ધતિને વધારે પ્રાધાન્ય આપ્યું. આપે જે ખાણ ખરીદીની વાત કરી એની અંદર મિનરલ્સ, માઇનોર મિનરલ્સ અને મેજર મિનરલ્સ આ બંનેની અંદર અત્યારે કેન્દ્રની અંદર એક કાયદો ચાલી રહ્યો છે. એ બિલ પસાર થશે પછી મેજર મિનરલ્સ ખાલી ચાર રહેશે. બાકીના બધા માઇનર મિનરલ્સમાં જશે. માઇનોર મિનરલ્સમાં આવતા દિવસોમાં રાજય સરકારને સત્તા આપવા માગે છે અને એ સત્તાના આધાર ઉપર આપણે એને કેવી રીતે આપવાનું એ આવતા દિવસમાં રુલ્સ અને રેગ્યુલેશન બનાવીને આપણે આગળ વધીશું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૧, ૩, ૫ થી ૨૨, ૨૪ થી ૨૭, ૩૧ થી ૩૯, ૪૧ થી ૫૦ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક – ૧૨, ૧૩, ૧૪, ૪૯, ૫૦, ૫૧ મત ઉપર મુકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સભાગૃહનું કામકાજ સાંજના ૫–૨૦ વાગ્યે પુરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા.૧૮મી માર્ચ, ૨૦૧૫ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

ગુજરાત વિધાનસભા
બુધવાર, તા.૧૮મી માર્ચ, ૨૦૧૫
ફાલ્ગુન ૨૭, ૧૯૩૬ શાકે
સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.
અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને

## તારાંકિત પ્રશ્નો

### આણંદ જિલ્લામાં દારૂ/જુગારના અડ્ડાઓ

* ૧૮૭૦૫ શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ખુલ્લેઆમ દારૂ અને જુગારના અડ્ડાઓ ચાલે છે તે સરકારના ધ્યાનમાં છે કે કેમ, અને | (૧) રાજ્યમાં નશાબંધી નીતિ તથા જુગાર રમવા પર પ્રતિબંધ અંગેની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવામાં આવે છે. તથા દારૂ–જુગારના કેસો ધ્યાન પર આવતાં ઘટતી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. |
| (૨) જો હા, તો આ ગેરકાયદેસર પ્રવૃત્તિઓને અટકાવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨) દારૂ/જુગારની બદી દૂર કરવા ડ્રાઈવનું આયોજન કરી, અંગત બાતમીદારો રોકી બાતમી મેળવી ખાનગીમાં આવી દારૂ જુગારની પ્રવૃત્તિ કરતા ઈસમો સામે કાયદાકીય જોગવાઈ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી તથા પાસા, તડીપાર, પ્રોહીબીશન–૯૩ જેવા અટકાયતી પગલાં લઈ દારૂ–જુગારની પ્રવૃત્તિઓ અટકાવવા તમામ પ્રયત્નો કરવામાં આવે છે. |

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, નવ મહિના પહેલાં ગુજરાતમાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી બન્યા, એ પણ શિક્ષક અને ગરીબ ખેડૂત પરિવારમાંથી આવનાર હતા. ત્યારે ગુજરાતની પ્રજાને આશા હતી કે, (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન ઉપર આવી જાઓ, પ્લીઝ.

શ્રી અમિત અ. ચાવડા : હવે દારૂ જુગારના અડ્ડાઓ બંધ થશે. આ અડ્ડાઓ પહેલાં તંબુમાં ચાલતા હતા, હવે મોટા મંડપ બાંધીને ચાલે છે. (અંતરાય) મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, રાજ્ય સરકારમાં દારૂબંધીનો અમલ છે કે નહીં અને આ સરકાર ઝીરો ટોલરન્સની નીતિથી અમલ કરીને જે પોલીસ સ્ટેશનમાંથી આવું પકડાય એ પોલીસ સ્ટેશનના અધિકારીઓ સામે પગલાં લેવા માગે છે કે કેમ? મારા આણંદ જિલ્લાની વાત કરું તો દર મહિને *(xxx).

અધ્યક્ષશ્રી : આ પ્રકારના આક્ષેપો આપણે કરી શકતા નથી. આપ પ્રશ્ન પૂછો, (અંતરાય) એ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી અમિત અ. ચાવડા : મારી નમ્ર વિનંતી છે કે, આખા ગુજરાતની અંદર દારૂબંધીના કાયદાનો વ્યવસ્થિત અમલ થાય તે માટે સરકાર શું કરવા માગે છે? (અંતરાય)

અધ્યક્ષશ્રી : મેં રેકર્ડ ઉપરથી દૂર કરી દીધું છે. માનનીય મંત્રીશ્રી જવાબ આપો.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં નશાબંધીની નીતિ અને જુગાર રમવા ઉપર પ્રતિબંધ અંગેની બાબત છે એની કડક સૂચનાનું પાલન પોલીસ કરે છે અને એમને સતત આ બાબતે કહેવામાં આવે છે અને તે સૂચનાઓનું કડક પાલન થાય છે. જ્યાં પણ આવી બાબત ધ્યાનમાં આવે તો તેના ઉપર કડકાઇપૂર્વક કાર્યવાહી થાય છે અને કડક કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી છે.

શ્રી સંજયકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં દારૂ અને જુગારના કેટલા કેસ શોધી કાઢવામાં આવ્યા છે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દારૂ–જુગારની બાબત ઉપર સખત કડકાઇથી વર્તી રહી છે. જ્યાં પણ આવી બાબત ધ્યાનમાં આવે તો એના ઉપર કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે છે અને આવા કેસ ૨૦૧૦–૧૧માં ૨૨, ૨૦૧૧–૧૨માં ૩૬, ૨૦૧૨–૧૩માં ૩૦, ૨૦૧૩–૧૪માં ૧૯ અને ૨૦૧૪–૧૫માં ૨૦ જેટલા કેસ શોધી કાઢવામાં આવ્યા છે અને તેના ઉપર કાર્યવાહી કરવામાં આવી છે.

શ્રી જયંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રીશ્રી બાહોશ છે, બોલ્ડ છે. જ્યારે જ્યારે દારૂ–જુગારનો પ્રશ્ન આવે છે ત્યારે ગુજરાત અને ગુજરાતની પોલીસ બદનામ થતી હોય છે તો મુખ્યમંત્રીશ્રીને વિનંતી છે કે, ગુજરાતમાં દારૂની છૂટ્ટી આપવા માગો છો કે કેમ અને ધારાસભ્યોને પરમીટ આપવા માગો છો કે કેમ?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની જે નશાબંધીની નીતિ અને જુગાર રમવા ઉપર પ્રતિબંધની બાબત છે એના ઉપર રાજ્ય સરકાર કાયમ છે. એના ઉપર કડકાઇથી કાર્યવાહી કરે છે. બીજું એમનું સૂચન છે.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા છે.

શ્રી નિરંજન  પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા પૂછવા માગું છું કે, આપણે સફાઇ અભિયાનમાં ગાંધીજીનું નામ જોડ્યું છે. તેવી રીતે જુગાર અને દારૂના અડ્ડાઓ ચાલે છે એની સફાઇ કરવા માગો છો કે કેમ? મારો બીજો પ્રશ્ન– આપણે બધા શબ્દો કાઢી નાખીશું પરંતુ આપણને બધાને ખબર છે, જે જે જગ્યાએ દારૂના અડ્ડાઓ ચાલે છે એમની પ્રજાને પણ ખબર છે. કે પોલીસ ખાતાના હપ્તા લેવાય છે માટે જ ચાલે છે, નાના ગુના પકડાતા હોય અને આટલા અડ્ડા ના દેખાતા હોય એવું બનવાનું કારણ નથી, પબ્લિક જાનતી હૈ સબ એવા સંજોગોની અંદર દારૂ જુગારને જો આપણે રોકી ના શકતા હોય તો એને ચાલુ કરવા માટે લાયસન્સ દ્વારા ચાલુ કરવા માગીએ છીએ કે કેમ?  આ બધું માટી પરનું લીંપણ છે અને પબ્લિક આની અંદર રહેંસાય છે અને નકલી દારૂ પીવે છે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી હંમેશા દારૂ અને જુગારના જયાં પણ કોઇ નાના મોટા કેસીસ હોય એના ઉપર કડકાઇથી કાર્યવાહી કરવાની સૂચના આપતા હોય છે અને (અંતરાય) અમે કાર્યવાહી કરી રહ્યા છીએ.

અધ્યક્ષશ્રી : આપ બેસી જાવ, નિરંજનભાઇ આપ બેસી જાવ.  (અંતરાય) પ્લીઝ આપ બેસી જાવ, નિરંજનભાઇ આપ બેસી જાવ.          શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે બીજી વાત કરી કે દારૂબંધીની છુટ્ટી આપવી જોઇએ, કોંગ્રેસની એ માનસિકતા છે કે શું એ પણ માનનીય સભ્યશ્રી જણાવે. (અંતરાય)

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીએ પૂછયું છે કે ધારાસભ્યોને છુટ્ટી આપવા માગો છો કે કેમ એના સંદર્ભમાં જવાબ છે. (અંતરાય)

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે (અંતરાય)

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી,માનનીય સભ્યશ્રીએ કહ્યું છે અને એ સ્પષ્ટપણે જણાવે કે આ અમારી નીતિ છે કોંગ્રેસની (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે દલીલ ના કરો પ્લીઝ (અંતરાય) અત્યારે નહીં હું રેકોર્ડ જોઇને કાઢી નાખીશ.  (અંતરાય)પ્રશ્નોત્તરીમાં આવું ના થાય, (અંતરાય) મને ચોકકસ ખબર છે સવાલમાં જ પૂછવામાં આવ્યું છે ધારાસભ્યોને માટે, હું રેકોર્ડ જોઇ લઇશ. (અંતરાય) હું રેકોર્ડ જોઇને નિર્ણય કરીશ.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના (અંતરાય)

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે હું કહુ છું કે એમની વ્યકિતગત કે પક્ષની  કોની નીતિ છે એ જણાવે,

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી આપ પ્રશ્ન પૂછો.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી પૂછવા માગુ છું કે જયારે મોટા જથ્થામાં દારૂ પકડાય છે ત્યારે પાસાની કાર્યવાહી કરવામાં આવે છે કે નહીં?

અધ્યક્ષશ્રી : આ પ્રકારના પ્રદર્શનો ના કરવા જોઇએ, આ પ્રકારનું કોઇપણ પ્રદર્શન કરી શકાતું નથી.  આ તમારા પક્ષના સભ્યશ્રીનો પ્રશ્ન છે એને શાંતિથી તમારે સાંભળવો જોઇએ.  (અંતરાય) ના, ભાઇ,   બધાને તક ના મળે,  ૬૦ મિનિટમાં ૧૮૧ સભ્યોને તક ના મળે, તો આપના સીનીયર સભ્યને કહેવું પડે કે ઉંચી આંગળી ના કરે, એવું ના હોય, ૧૮૧ સભ્યોને  ૬૦ મિનિટમાં તક ના મળે, માનનીય જગરૂપસિંહજી આપ બોલો.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું પૂછવા માગુ છું કે જયારે મોટા જથ્થામાં દારૂ પકડાય છે ત્યારે પાસાની કાર્યવાહી કરવામાં આવે છે કે કેમ?        (અંતરાય)

(આ તબકકે કોંગ્રેસ પક્ષના કેટલાક સભ્યો દ્વારા બેનર બતવીને પ્રદર્શન કરવામાં આવ્યું)

અધ્યક્ષશ્રી : મહેરબાની કરીને આ રીતે આપ કોઇપણ પ્રદર્શન ના કરો, નહીંતર મારે સાર્જન્ટ મિત્રોને બહાર લઇ જવા માટે સૂચના આપવી પડશે, આ પ્રકારનું પ્રદર્શન બંધ કરો.  આપને છેલ્લીવાર સૂચના આપું છું. જે કોઇ સભ્ય પ્રદર્શન કરે છે એમને. માનનીય જગરૂપસિંહજી આપ પ્રશ્ન ઉપર આવી જાવ.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, જયારે સૌથી વધારે પ્રમાણમાં દારૂનો જથ્થો પકડાય ત્યારે પાસાની કાર્યવાહી કરવામાં આવે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રદર્શન કરવાની વાત તો પછી છે, લાવવા ઉપર જ પ્રતિબંધ છે અને મારી આપને વિનંતી છે કે આ બધા જે દેખાવ કરે છે એ પોસ્ટરો જપ્ત કરવા પડે.  સાહેબ પહેલા જપ્ત કરાવડાવો.

અધ્યક્ષશ્રી :  બધા સભ્યશ્રીઓને ખ્યાલ  છે, આપણે બધા નિયમોથી બંધાયેલા છીએ, કોઇપણ જાતનું પ્રદર્શન આપણે નથી કરી શકતા.  (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ખરેખર તો અંદર આવવા જ ના દેવા જોઇએ.  (અંતરાય) અત્યારે ચર્ચા ના કરો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય જગરૂપસિંહભાઇ, આપ પ્રશ્ન પૂછો. માનનીય ગ્યાસુદ્દીનભાઇ, આપને છેલ્લીવાર ફરી તક આપુ છું, હવે ઉભા થશો તો સાર્જન્ટ મિત્રોને કહીશ આપને બહાર લઇ જશે.  આપને ગૃહની મર્યાદા ખબર  હોવી જોઇએ. (અંતરાય)

તારાંકિત પ્રશ્નો

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મોટા જથ્થામાં દારૂ પકડાય ત્યારે પાસાની કાર્યવાહી કરવામાં આવે છે કે કેમ?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછ્યું કે મોટા જથ્થામાં દારૂ પકડાય ત્યારે પાસા કરવામાં આવે છે કે કેમ? બિલકૂલ પાસા, તડીપાર અને પ્રોહિબિશન એક્ટ અંતર્ગત બધા પ્રકારની કાર્યવાહી કડકાઇથી કરવામાં આવે છે. આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪માં ૫૮ પાસાના કેસો કરવામાં આવ્યા છે અને ૨૦૧૪-૧૫માં ૬૧ જેટલા પાસાના કેસો કરવામાં આવ્યા છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક : ૨, શ્રી બાબુભાઇ ....(અંતરાય) (માનનીય સભ્યશ્રી ગ્યાસુદીનભાઇ શેખ દ્વારા બેનર પ્રદર્શિત કરવામાં આવતાં) સાર્જન્ટ મિત્રોને વિનંતી છે કે જે કોઇ પ્રદર્શન કરી રહ્યા છે એમને બહાર લઇ જાઓ. આપ ચર્ચામાં ભાગ લેવાના બદલે ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડો છો. એમને બહાર લઇ જાઓ. ચર્ચામાં ભાગ લેવાના બદલે આ રીતે ગૃહની કાર્યવાહીમાં વિક્ષેપ કરવાનું કામ માનનીય સભ્યશ્રી કરે છે. એમને મેં સૂચના આપી, વારંવાર વિનંતી કરી છતાં પણ એમની આ પ્રવૃત્તિ બંધ થતી નથી એટલે એમને બહાર લઇ જાઓ.

(આ તબક્કે સાર્જન્ટો દ્વારા માનનીય સભ્યશ્રી ગ્યાસુદીનભાઇ શેખને ઉંચકીને ગૃહની બહાર લઇ જવામાં આવ્યા) (ગૃહમાં હાજર વિપક્ષના સભ્યો દ્વારા સૂત્રોચ્ચારો કરવામાં આવ્યા)

પ્રશ્ન ક્રમાંક : ૨, માનનીય બાબુભાઇ, પ્રશ્ન ક્રમાંક : ૨, માનનીય બાબુભાઇ તમામ સભ્યશ્રીઓને વિનંતી છે કે આપ શાંતિથી બેસી જાઓ. રોજેરોજ આવું કરો તો મારે ગૃહ બંધ ના કરવાનું હોય. માનનીય બાબુભાઇ, (થોડીવાર બાદ) પ્રશ્ન ક્રમાંક : ૩, માનનીય રમણભાઇ....

વલસાડ જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ

* ૧૭૪૯૬ શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વલસાડ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી, અને

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી ?

જવાબ

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| વલસાડ | ૩૪૬૪ |
| પારડી | ૩૦૧૩ |
| વાપી | ૧૧૨૩ |
| ધરમપુર | ૨૬૪૨ |
| ઉમરગામ | ૨૨૬૨ |
| કપરાડા | ૧૨૯૯ |
| કુલ | ૧૩૮૦૩ |

(૨)

| તાલુકાનું નામ | પાડવામાં આવેલ નોંધો | મંજૂર કરવામાં આવેલ નોંધો | નામંજૂર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|---|
| વલસાડ | ૩૪૬૪ | ૩૨૦૨ | ૬૨ |
| પારડી | ૩૦૧૩ | ૨૮૨૮ | ૨૫ |
| વાપી | ૧૧૨૩ | ૧૦૫૭ | ૩૧ |
| ધરમપુર | ૨૬૪૨ | ૨૫૯૮ | ૧૭ |
| ઉમરગામ | ૨૨૬૨ | ૧૯૮૧ | ૨૨૮ |
| કપરાડા | ૧૨૯૯ | ૧૧૬૯ | ૯૫ |
| કુલ | ૧૩૮૦૩ | ૧૨૮૩૫ | ૪૫૮ |

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લામાં વારસાઇ હક્કની નોંધો કરવાની કેટલી અરજીઓ આવી એના જવાબમાં કહ્યું છે કે ૧૩,૮૦૨ અને એમાંથી ૧૨,૮૩૫ મંજૂર કરવામાં આવી છે તો ૪૫૮ નામંજૂર કરવામાં આવી છે એના કારણો શું છે? ખાસ કરીને ઉમરગામ તાલુકામાં ૨૨૮ જેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી છે તો ઉમરગામની ખાસ વિગતો આપવા વિનંતી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારના અમારા મહેસૂલ વિભાગમાંથી જે ખેડૂતોની વારસાઇ કરવાની હોય છે એ વારસાઇ કરવા માટે ઝુંબેશ ઉપાડવામાં આવી છે. ગતિશીલ ગુજરાતમાં પણ આ કાર્યક્રમ હાથ ઉપર લેવામાં આવ્યો છે. એના કારણે માનનીય સભ્યશ્રીઓ જોઇ શકે છે કે વલસાડ જિલ્લામાં કુલ ૧૩૮૦૩ વારસાઇની નોંધો પાડવાની છે એ તમામ પૂર્ણ કરવામાં આવી છે અને એમાંથી ૧૨,૮૩૫ ની નોંધો પણ મંજૂર કરવામાં આવી છે. ખેડૂતોની માગણી આવ્યેથી એની

પહેલા નોંધ કરવામાં આવે છે. એક મહિનો થઇ જાય અને ૩૫–બીની નોટિસ બજાજવાઇ જાય, કોઇ વાંધો કે રજૂઆત ન આવે તો એની નોંધ મંજૂર કરવામાં આવે છે. એ પ્રમાણે ૧૩,૮૦૩માંથી ૧૨,૮૩૫ ખેડૂતોની વારસાઇ નોંધો પાડી દેવામાં આવી છે. ૪૫૮ નોંધોમાં જુદા જુદા પ્રકારના વાંધાઓ અથવા તકરાર રજૂ થવાના કારણે એની પ્રક્રિયા અત્યારે ચાલી રહી છે. એની પૂર્તતા થયેથી આ વારસાઇ નોંધો પણ પાડવામાં આવશે. એટલે દરેક ખેડૂતોને વલસાડ જિલ્લામાં, ૯૯ ટકા આવરી લેવામાં આવ્યા છે અને ૯૯ ટકા કામગીરી પૂર્ણ થઇ છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : આપના માધ્યમ દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વલસાડ જિલ્લામાં વારસાઇ નોંધની કામગીરી જ્યારે ચાલી રહી હોય ત્યારે આ જિલ્લામાં વારસાઇ નોંધ કરવામાં સામે ચાલીને કેટલા કેસોમાં જણાવ્યું અને તે પૈકી કેટલી વારસાઇ નોંધ થઇ છે? તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં રદ થયેલ નોંધો પૈકી હાલની સ્થિતિ શું છે? (અંતરાય)

અધ્યક્ષશ્રી : મેં ત્રણ વાર કોલ કર્યો છતાં આપ ઉભા નથી થયા (અંતરાય) નહીં.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) તમે અવાજ કરતા હતા. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ભરતભાઇએ (અંતરાય) ( આ તબક્કે બળવંતસિંહ, ઊભા થઇને સભ્યશ્રીને પ્રશ્ન પૂછવાની મંજૂરી આપવાની માગણી કરતાં)

અધ્યક્ષશ્રી : ત્રણવાર કોલ કર્યા પછી અધ્યક્ષની જવાબદારી પૂરી થાય છે. સભ્યશ્રીએ બોલવું જોઇએ. એમણે પ્રશ્ન પૂછ્યો નથી એટલે બળવંતસિંહ આપ દલીલ ના કરો. આપ બેસી જાઓ. પ્લીઝ. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભરતભાઇએ ખૂબ અગત્યનો પ્રશ્ન અહીંયા પૂછ્યો, મેં અગાઉ જેમ કહ્યું એમ આ સરકાર ફક્ત ખેડૂતો માગણી કરે એમ નહીં પણ ખેડૂતોને જાણકારી ના હોય, ખેડૂતો દૂરના વિસ્તારમાં રહેતા હોય અને કાયદાનો લાભ લેવા ઇચ્છતા હોય પણ એણે પ્રક્રિયા ના કરી હોય તો અમારી સરકારે કલેકટરોને, મામલતદારોને આદેશ આપ્યાં છે કે આવા ખેડૂતોને શોધીને એમના ગામે જઇને એમની અરજી લઇને સામેથી એમની વારસાઇ પાડવાની પ્રક્રિયા પૂરી કરવી અને એના ભાગરૂપે વલસાડ જિલ્લામાં ૭૧૪૭ નોંધ સામેથી ખેડૂતોનો સંપર્ક કરી, એમની અરજી મેળવી અને સરકાર તરફથી, મહેસૂલ વિભાગ તરફથી એની નોંધ પાડી આપવામાં આવી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય ગૌતમભાઇ (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : બીજું, માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભરતભાઇએ જે પ્રશ્ન પૂછ્યો (અંતરાય) સાહેબ, મારો જવાબ ચાલે છે.

અધ્યક્ષશ્રી : નહીં, પ્લીઝ (અંતરાય) આપને ત્રણવાર કોલઆઉટ કર્યા છે, આપ ઊભા થયા નથી, પ્રશ્ન પૂછ્યો નથી. (અંતરાય) નહીં, નહીં, આપ જવાબ આપો. માનનીય મંત્રીશ્રી,

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ભરતભાઇએ જે બીજો પ્રશ્ન પૂછ્યો કે વલસાડ જિલ્લામાં રદ થયેલી સો નોંધો પૈકી હાલમાં શું સ્થિતિ છે? તો માનનીય અધ્યક્ષશ્રી, એમનો ૩૧/૧૨ એ જે પ્રશ્ન હતો એ પછી સો નોંધો પૈકી વાપી તાલુકાની ૩૧ અને ઉંમરગામ તાલુકાની ૩૮ નોંધો એમ ૬૯ નોંધોનો નિકાલ પણ કરવામાં આવેલ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય ગૌતમભાઇ, (અંતરાય)

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને હાઉસ ઓર્ડરમાં ન હતું એટલે ના સંભળાયું. દારૂના અડા બંધ કરવા જોઇએ, જુગાર બંધ કરવો જોઇએ એના બદલે વિપક્ષના સભ્યોને બોલવાનું બંધ કરતા હોય તો પ્રશ્ન કલાકનો અમે બહિષ્કાર કરીએ છીએ.

અધ્યક્ષશ્રી : નહીં, નહીં,

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : સોરી સર.

અધ્યક્ષશ્રી : માનનીય ગૌતમભાઇ ( આ તબક્કે કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં હાજર રહેલા તમામ સભ્યો સૂત્રોચ્ચાર કરતાં કરતાં વોક–આઉટ કરી ગયા) પ્રશ્ન ક્રમાંક ૪ માનનીય હીરાભાઇ, પ્રશ્ન ક્રમાંક ૫ માનનીય જનકભાઇ (અંતરાય)

માછીમારોની સલામતી માટે સાધન ઉપર સહાય

* ૧૭૫૦૯ શ્રી જનકભાઇ કાછડીયા(કરંજ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં દરિયામાં માછીમારી માટે જતાં માછીમારોની સલામતી માટેના સાધન ઉપર સહાય આપવાની કોઇ યોજના રાજ્ય સરકારમાં અમલમાં છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યાં સાધનો ઉપર કેટલી સહાય આપવામાં આવે છે ? | (૨) ૧. લાઇફ સેવીંગ ઇકવીપમેન્ટમાં લાઇફ સેવીંગ જેકેટ, લાઇફ બોય રીંગ્સ, ઇમરજન્સી લાઇટ વિગેરેના એક યુનિટની કોસ્ટ રૂ.૪૦,૦૦૦/– ના ૫૦ ટકા લેખે રૂ.૨૦,૦૦૦/– ની મહત્તમ સહાય આપવામાં આવે છે.<br>૨. ડીસ્ટ્રેસ એલર્ટ ટ્રાન્સમીટર સીસ્ટમ (DAT) |

ની કેન્દ્ર પુરસ્કૃત (૭૫:૨૫) યોજના હેઠળ (DAT) ની કિંમતના ૯૦ ટકા અથવા રૂ.૧૫,૩૦૦/– બે માંથી જે ઓછું હોય તે સહાય ચૂકવવામાં આવે છે.

શ્રી જનકભાઇ મ. કાછડીયા : માનનીય અધ્યક્ષશ્રી, 'સૌનો સાથ, સૌનો વિકાસ' આ સૂત્રને ચરિતાર્થ કરીને જ્યારે ગુજરાત સરકાર કામ કરી રહી છે ત્યારે ગુજરાત રાજ્યના જે માછીમારો છે જે દરિયામાં ઊંડે સુધી જઇને પોતાના પરિવારના આર્થિક ઉપાર્જન માટે માછીમારીનો વ્યવસાય કરી રહ્યાં છે એ લોકો માટે જ્યારે દરિયાઇ સીમાનો એમને ખ્યાલ નથી હોતો અને પાકિસ્તાનની દરિયાઇ સીમામાં એ લોકો પ્રવેશે ત્યારે પાકિસ્તાન નૌકાદળ દ્વારા એને અવારનવાર હેરાનગતિ કરવામાં આવે છે. એના માટે જે જીપીએસ સિસ્ટમ સરકાર દ્વારા સાગરખેડુ યોજનાના ભાગરૂપે આપવામાં આવી છે એ સિસ્ટમ શું છે? અત્યાર સુધી આ સિસ્ટમ કેટલી બોટોમાં ફીટ કરવામાં આવી છે અને તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે અને તેનાથી આ માછીમારભાઇઓને શું ફાયદો થાય છે? એ હું આદરણીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું.

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે માહિતી માછીમારોની સુવિધા માટેની માગી છે એ જીપીએસ સિસ્ટમ એટલે ગ્લોબલ પોઝિસશન સિસ્ટમ દ્વારા ઉપગ્રહ આધારિત ગ્લોબલ પોઝિસશન સિસ્ટમ છે તેનાથી માછીમાર બોટનું સ્થળ જાણી શકે છે અને માછલાના જથ્થાના વિસ્તારની પણ એને જાણકારી મળી શકે છે અને તે જગ્યાએ સીધા અંતરે પહોંચી શકે છે જેથી બળતણ પણ ઓછું વાપરવું પડે છે અને ખર્ચ પણ ઓછો થાય છે. સમયની પણ બચત રહે છે માટે માછીમારોને તેમના મત્સ્યોદ્યોગનું પુરતું વળતર મળી રહે એના માટે દરિયામાં માછીમારી દરમ્યાન માછીમારો આંતરરાષ્ટ્રીય જળસીમા MBL ઓળંગે નહીં તેના માટે પણ જીપીએસ સિસ્ટમના માધ્યમથી એલર્ટ કરવામાં આવે છે, એને મસેજ મળતાં હોય છે. આના લીધે આવા બનાવો બનતાં અટકે છે. અત્યાર સુધીમાં ૧૦૯૬૦ બોટોની અંદર જીપીએસ સિસ્ટમ ફીટ કરવામાં આવેલી છે. અને ૨૦૧૫–૧૬માં નવી બે હજાર બોટોને જી.પી.એસ. સિસ્ટમ પૂરી પાડવા માટે બજેટમાં જોગવાઇ પણ કરવામાં આવેલી છે. માછીમારને યુનિટ કોસ્ટના રૂપિયા ચાળીસ હજારના પચાસ ટકા પ્રમાણે વીસ હજાર રૂપિયાની સહાય ચૂકાવાઇ છે અને ભવિષ્યમાં આ સાધન સમગ્ર બોટો ઉપર લગાવવા માટે પણ રાજ્ય સરકારની વિચારણા હેઠળ છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ડીઝલ સહાય યોજના શું છે અને એનો લાભ કઇ રીતે આપવામાં આવે છે ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આ માછીમારો ગરીબ પરિવારના હોય છે. રાજ્ય સરકાર એને ડીઝલની અંદર વેટની માફી આપીને આ યોજના તળે વિતરિત કરાતું ડીઝલ સરકારના સંચાલિત ડીઝલ–પેટ્રોલ પંપો જે માન્ય છે એના માધ્યમથી માછીમારોને વેટ સહિતનું બિલ જે ખરીદી કરે એનું બિલ જિલ્લાની ખાતાની કચેરીમાં તે રજૂ કરે છે, ત્યારબાદ આ બિલની જિલ્લા કચેરી દ્વારા નિયમાનુસાર ચકાસણી થાય છે. એને ડીઝલ વેટની રાહત ચૂકવવા માટે મંજૂર કરેલી તિજોરી કચેરીમાં એને રજૂ કરે છે. તો એને ચેકના નાણાં સીધે સીધા એ માછીમારના ખાતામાં એ નાણા જમા થાય છે, આ રીતની વ્યવસ્થા છે.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, દરિયાની અંદર સીમાઓ નક્કી કરેલી હોય છતાં પણ પાકિસ્તાનની સીમામાં બોટ જતી રહે ત્યારે આપણા પકડાયેલા માછીમારોના કુટુંબીજનોને સરકાર તરફથી કોઇ સહાય આપવામાં આવે છે કે નહીં ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, બોટો સાથે પાકિસ્તાનની સીમામાં જ્યારે આ માછીમારો પકડાય છે ત્યારે એને અગાઉ ૨૦૦૫માં જ્યાં સુધી પાકિસ્તાનની જેલમાં રહે છે ત્યાં સુધી પચાસ રૂપિયા ચૂકવવામાં આવતા હતા. પરંતુ દેશના વડાપ્રધાનશ્રી હાલના અને તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં એમને પચાસ રૂપિયાથી વધારીને દોઢસો રૂપિયા માછીમારોના પરિવારોને ચૂકવવામાં આવે છે અને લાવવા માટેનો પૂરેપૂરો ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જળ સીમાની અંદર અથવા બહાર માછીમારો જે પકડાતા હોય તેઓને છોડાવવા માટે સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવે છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર આના માટે ખૂબ કાળજી રાખીને, અગ્રિમતા રાખીને એને છોડાવવા માટેની પ્રક્રિયા કરે છે. સમગ્ર રાજ્યની અંદર ૫ લાખ ૫૮ હજાર જેટલા માછીમારો આ માચ્છીમારી ઉદ્યોગમાં કામ કરે છે. રાજ્ય સરકાર દ્વારા ભારત સરકારના ગૃહ મંત્રાલય અને વિદેશ મંત્રાલય સાથે સતત સંપર્ક જાળવવામાં આવેલો છે. ફિશિંગ બોટો જ્યારે પણ પકડાય છે ત્યારે તેની માહિતિ માછીમાર અને બોટોની વિગતો, બોટ માલિક તથા ઇન્ડિયન કોસ્ટ, હાઇકમિશન ઓફ ઇન્ડિયા દ્વારા જાણ કરવામાં આવે છે. એ અંગેની ખરાઇ કરીને માછીમારોના ફોટોગ્રાફ, નેશનાલીટી દસ્તાવેજો તથા દાખલાઓ સાથે પકડાયેલ બોટોની માછીમારો સાથેની દરખાસ્તની ફાઇલ ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા ખરાઇ અંગેની ઓળખ માટે મોકલી આપવામાં આવે છે. ભારત સરકારના હાઇ કમિશનર ઓફ ઇન્ડિયા, ઇસ્લામાબાદ દ્વારા પાકિસ્તાન ખાતે કસ્ટડીમાં રહેલા માછીમારોની રાષ્ટ્રીયતા, ખરાઇ અંગેની ઓળખાણ કરવામાં આવે છે. જેને કોન્સ્યુલેટ એસ.એસ. કહેવામાં આવે છે. રાજ્ય સરકારના સંબંધિત માનનીય મંત્રી રાજ્યકક્ષાએ તથા ભારત સરકારના સંબંધિત મંત્રીશ્રીને અવારનવાર પત્રો લખીને માછીમારોને છોડાવવા માટેની પ્રક્રિયા કરવામાં આવે છે.

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાન શ્રીમાન નરેન્દ્રભાઇ મોદી સાહેબના અથાગ પ્રયત્નોથી પાકિસ્તાન ખાતે જે પકડાયેલી બોટો હતી એમાંથી ૫૭ બોટો આજે કરાંચીથી પરત આવવા માટે રવાના થયેલી છે.

પંચમહાલ જિલ્લામાં નિયમ–૧૦૮(૬) હેઠળના કેસો

* ૧૭૪૯૩ શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જમીન મહેસૂલ નિયમોના નિયમ–૧૦૮(૬) હેઠળના કેટલા કેસો બાકી છે તથા તે પૈકી એક વર્ષ સુધીના કેટલા અને ૬ માસ સુધીના કેટલા છે, અને | (૧) બાકી કેસો – ૧૪૭<br>એક વર્ષ સુધીના – ૩૪<br>૬ માસ સુધીના – ૧૧ |
| (૨) બાકી કેસો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે? | (૨) અર્ધન્યાયિક પ્રક્રિયા હોવા છતાં બનતી ત્વરાએ. |

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબમાં ૧૪૭ કેસો પેન્ડીંગ છે એવું જણાવ્યું છે તો મારો પ્રશ્ન એ છે કે ૧૪૭ માંથી ૨૦૧૫ સુધીમાં કેટલા કેસોનો નિકાલ થયો છે અને કેટલા કેસો પડતર છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રમાણેની કાયદાકીય કાર્યવાહી સતત ચાલતી પ્રક્રિયા છે. જયારે માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો એ વખતે ૧૪૭ કેસોની સુનાવણી ચાલુ હતી પણ આજની તારીખે જોઇએ તો એમાંથી ૧૪ કેસોનો નિકાલ થયો છે અને બાકીના જે કેસો છે એ પણ કલેકટર પાસે જેમ જેમ હીયરીંગ થતુ જાય અને એની અર્ધન્યાયિક પ્રક્રિયા પૂરી થતી જાય અને કલેકટર એનો હુકમ કરે એમ કેસોનો નિકાલ થતો જાય છે.

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ કુલ બાકી ૧૪૭ કેસોની તાલુકાવાર વિગત શું છે અને બીજો પ્રશ્ન એ છે કે તા. ૩૧–૧૨–૧૪ ની સ્થિતિએ કુલ બાકી ૧૪૭ કેસોનો સમયગાળો શું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલના નિયમોના નિયમ –૧૦૮(૬) મુજબ જમીનોના વિવાદ હોય છે અને રેકોર્ડ ઓફ રાઇટસની જે નોંધણી મામલતદાર અને નાયબ મામલતદાર દ્વારા કરવામાં આવે છે એમાં કોઇપણ અરજદારને, કોઇપણ લાગુ પડતા સબંધકર્તાને કોઇ વાંધો હોય કે આ એન્ટ્રી ખોટી રીતે પાડવામાં આવી છે તો એની સામે નાયબ મામલતદાર, મામલતદાર દ્વારા જો કોઇ મંજૂર હકકપત્રની નોંધણી કરવામાં આવી હોય તો ડેપ્યુટી કલેકટરને એની અપીલ કરવામાં આવે છે અને ડેપ્યુટી કલેકટરે આ પ્રકારની જો વગ કરી હોય અને હુકમ કર્યો હોય તો એની સામે કલેકટરને અપીલ કરવાની જોગવાઇ છે. બીજું, આ નિયમ પ્રમાણે કલેકટરને પણ કાયદા મુજબ એવા અધિકાર આપવામાં આવ્યા છે કે કોઇ અરજી ના કરે છતાં પણ કલેકટરને પોતાની રીતે એમ લાગે કે મારે નીચેના અધિકારીઓએ જે હુકમ કર્યા છે રેકોર્ડ ઓફ રાઇટના એને સુઓમોટો અપીલ તરીકે દાખલ કરવા છે તો એ પણ કલેકટર કરી શકે છે અને આ પ્રક્રિયાના ભાગરૂપે માનનીય અરવિંદસિંહે જે પ્રશ્ન પૂછ્યો એમાં તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ જે ૧૪૭ કેસ બાકી હતા એમાં ગોધરા તાલુકાના ૬૪, કાલોલના ૨૪, હાલોલના ૨૮, ઘોઘંબાના ૧૨, જાંબુઘોડાનો એક, શહેરાના ૧૧ અને મોરવા હડપના ૭ એમ આ ૧૪૭ કેસ બાકી છે. બીજો માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો આ કેસો કેટલા સમયથી ચાલી રહ્યા છે? તો જે ૧૪૭ કેસ ચાલી રહ્યા છે. એમાં ત્રણ મહિનાની અંદરના સાત છે, ત્રણ મહિનાથી છ મહિના સુધીની સમયમર્યાદાના ૬ છે, છ માસથી ઉપરના અને ૧૨ માસની અંદરના ૩૪ છે અને એકથી બે વર્ષ સુધીના સો કેસ છે. સ્વાભાવિક છે કે કોઇ કેસમાં વિવાદ દાખલ થાય, વકીલો હાજર થાય અને પછી એની આખી કાયદેસરની ન્યાય પ્રક્રિયા ચાલે તો મુદતો દરમિયાન વકીલ આવે, ન આવે, કોઇ પુરાવા રજૂ કરવાની તક આપવી પડે, અરજદારોને સાંભળવાની તક આપવી પડે, એ પ્રમાણે ક્રમાનુસાર કલેકટર આ કેસોનો નિકાલ કરતા હોય છે.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પંચમહાલ જિલ્લામાં જમીન મહેસૂલ નિયમો– ૧૦૮(૬) હેઠળ જે ૧૪૭ કેસો બાકી છે એ પૈકી કેટલા કેસોમાં પ્રાંત અધિકારીશ્રીના હુકમો સામે કલેકટર સમક્ષ રીવીઝન અરજી દાખલ કરવામાં આવેલ છે? અને કેટલા કેસોમાં કલેટકર દ્વારા સુઓમોટો રીવીઝનમાં લેવામાં આવેલ છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું એ પ્રમાણે બે પ્રકારે આ કેસો ચાલતા હોય છે. અરજદારો દ્વારા થયેલી અરજીના કારણે અથવા કલેકટરને પોતાને જરૂરી લાગે કે આનું રેન્ડમ સુઓમોટો, કોઇ કેસમાં રીવીઝન અપીલ કરવી છે અને પોતે રીવીઝન કરે તો આ ૧૪૭ પૈકી માનનીય નિમિષાબેને જે વિગતો માગી છે એ પ્રમાણે ૮૮ કેસોમાં પ્રાંત અધિકારીના હુકમ સામે પક્ષકારો પોતે એટલે જે સબંધકર્તા નાગરિક હોય એ મિલકતના એ લોકો દ્વારા રીવીઝન અરજી દાખલ કરવામાં આવી છે. અને ૪૫ કેસમાં કલેકટરે જાતે પોતે સુઓમોટો રિવિઝન દાખલ કરી છે. કલેકટર દ્વારા અને નાગરિક દ્વારા બંને થઇને ૧૪૭ છે.

એસ.આર.પી. જૂથ–૯, વડોદરામાં પોલીસની આરોગ્ય ચકાસણી

* ૧૭૧૩૬ શ્રી યોગેશ પટેલ(માંજલપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી, અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ | (૨) વર્ષ ૨૦૧૩ માં ૬૮૧ |

| | |
|---|---|
| છેલ્લાં બે વર્ષમાં એસ.આર.પી. જૂથ–૯, વડોદરામાં કેટલા પોલીસ અધિકારી–કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે ? | વર્ષ ૨૦૧૪ માં ૭૬૧. |

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તત્કાલિન પોલીસ કમિશ્નરશ્રી અસ્થાના વડોદરા શહેરમાં ફરજ બજાવતા હતા. મેં પ્રયત્ન કરેલો કે પોલીસ કેમ્પસમાં જ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બને. તે માટેનું પ્રપોઝલ સરકારમાં મોકલેલ છે. મારો પ્રશ્ન છે કે વડોદરા શહેરમાં પોલીસ કર્મચારી અને અધિકારીઓ નાના મોટા રોગોથી પીડાતા હોય છે તો તેઓને આરોગ્ય સેવાઓ લેવા માટે ૮ કિ.મી. દૂર સયાજી હોસ્પિટલમાં જવું પડે છે. ત્યાં દર્દીઓ બહારના વધારે હોય છે, તેથી બંનેનો સમય બરબાદ થાય છે. તો પોલીસ કેમ્પસમાં જ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચાલુ કરવા માગો છો કે કેમ?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : કોઈપણ રાજ્યની પ્રગતિ અને સર્વાંગી વિકાસ ત્યારે થતો હોય છે કે રાજયમાં શાંતિ અને સલામતિ હોય, કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાયેલી હોય અને પોલીસ અધિકારી, કર્મચારી આ પ્રકારના સતત કામમાં વ્યસ્ત હોવાના કારણે તેમની ફરજો ખાસ સંજોગોમાં ઘણી વખત લાંબા સમય સુધી વિપરિત પરિસ્થિતિમાં પણ ફરજો બજાવવી પડતી હોય છે અને આવા સંજોગોમાં જ્યારે કામ કરતાં હોય છે, ત્યારે તેમના આરોગ્ય ઉપર સ્વાભાવિક વિપરિત અસર થતી હોય છે અને એટલા માટે રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઈ મોદીએ પોલીસ કર્મચારીઓના આરોગ્યની ખાસ ચિંતા કરી અને પોલીસ કલ્યાણની પવૃત્તિના ભાગરૂપે આ બધાના આરોગ્યની તપાસણી થાય એ કાર્યક્રમ અમલમાં લાવેલ અને રાજ્યના આપણા પ્રથમ મહિલા મુખ્યમંત્રી આદરણીય આનંદીબેને પણ સતત આવા પોલીસ કર્મચારીઓ અને કર્મચારીઓ જ નહીં, તેમના પરિવારજનો કયાંય નાના મોટા પ્રકારના રોગોથી પીડાતા હોય તો એમની આરોગ્ય ચકાસણી નિયમિત રૂપે થાય એ સતત તેમની સૂચના, માર્ગદર્શનના આધારે કાર્યક્રમ અત્યારે નિયમિત ચાલતો હોય છે. પોલીસ કર્મચારી, અધિકારી અને એમના કુટુંબની દર વર્ષે ચકાસણી કરવામાં આવે છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આરોગ્ય તપાસ જે કરવામાં આવે છે એ કેટલા સમયના અંતરે કરવામાં આવે છે અને તે તપાસ દરમ્યાન કેટલા પર્સેન્ટેજ ઉણપ જણાઇ આવેલ છે અને કયા કયા રોગો જણાઇ આવ્યા અને તેનું પ્રમાણ કેટલા ટકા છે?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું એ પ્રમાણે રાજ્યના મુખ્યમંત્રીશ્રી આનંદીબેનની સૂચનાથી પ્રતિ વર્ષે આ પ્રકારના કેમ્પ આપણે કરીએ છીએ. અને આ તમામ અધિકારીના ફેમિલિયરની પ્રાથમિક આરોગ્ય ચકાસણી આપણે કરતા હોઇએ છીએ. સભ્યશ્રીએ કહ્યું તે પ્રમાણે કર્મચારીઓના સ્વાસ્થ્યમાં ૭ થી ૮ ટકા જેટલી ઉણપો જણાઇ આવી છે અને આમાં જે રોગો ધ્યાનમાં આવ્યા છે તેમાં ખાસ કરીને ડાયાબિટિસ, બ્લડપ્રેશર અને એના કારણે કયાંય હ્રદયરોગના રોગો ધ્યાનમાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે આરોગ્ય ચકાસણી અંગેના કોઇ કાર્ડ કે પત્રક આપવામાં આવે છે કે કેમ, પોલીસ અધિકારી, કર્મચારી તથા તેમના કુટુંબીજનોની સ્વાસ્થ્યની ચકાસણી માટે ફીનું કોઇ ધોરણ નકકી કરવામાં આવેલ છે કે કેમ, અને મારો ત્રીજો પ્રશ્ન છે કે પ્રાથમિક તપાસ દરમ્યાન ગંભીર રોગ જણાઇ આવેલ હોય તેવા અધિકારી, કર્મચારીની વધુ સારવાર માટે શું વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ અધિકારી, કર્મચારી અને તેમના કુટુંબીજનોના આરોગ્ય ચકાસણી અંગેનો ડેટા અમને મળી રહે, તેમની પાસે સચવાયેલો રહે તે હેતુસર આવા અધિકારી, કર્મચારીઓ અને તેમના પરિવારજનોને હેલ્થકાર્ડ આપવામાં આવ્યા છે. તેમાં કલર કોડ પણ આપવામાં આવ્યો છે. પોલીસ અધિકારી કર્મચારીઓ માટે પીન્ક કલર, તેમના કુટુંબના સભ્યો માટે બ્લ્યુ અને પાંચ વર્ષ સુધીના તેમના બાળકો માટે યલ્લો કલરનો કોડ આપવામાં આવ્યો છે. માનનીય સભ્યશ્રીએ કહ્યું તે માટે આરોગ્ય ચકાસણી અંગે પોલીસ અધિકારી, કર્મચારી કે તેમના કુટુંબીજનો કોઇના માટે કોઇપણ પ્રકારની ફી રાખવામાં આવેલ નથી. તદ્દન નિઃશુલ્ક સેવા તેમને આપવામાં આવે છે. આ અધિકારી, કર્મચારીઓ અને તેમના કુટુંબીજનોના હેલ્થ ચેકઅપમાં હાર્ટ, ડાયાબીટીશ, બ્લડપ્રેશર, કીડની, હ્રદયરોગ, કેન્સર, સ્ત્રીરોગ જેવા નાના મોટા રોગ તેમાં આવરી લેવામાં આવેલ છે. મેડિકલ ઓફીસરશ્રીના અભિપ્રાય મુજબ કોઇને ગંભીર બિમારી હોય તો તેની સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં તે કેસ આપણે રીફર કરી આપીએ છીએ. તેમાં તેને વાહનની સુવિધા તથા એક સીક કમાન્ડર પણ સાથે મોકલવામાં આવે છે. જયાં જે તે રોગના નિષ્ણાત ડૉકટર દ્વારા વિગતવાર તપાસ કરી જરૂરી સારવાર આપવામાં આવે છે. આ ઉપરાંત ડૉકટરી અભિપ્રાય પ્રમાણે જરૂર જણાય તો તેને અંદરના દર્દી તરીકે દાખલ કરી સઘન સારવાર અને ઓપરેશનની જરૂર જણાય તો ઓપરેશન પણ કરી આપવામાં આવે છે. આમ સંપૂર્ણ પ્રકારની કાળજી તેમના આરોગ્ય માટે રાજય સરકાર લઇ રહી છે.

## સુરત જિલ્લામાં નિયમ–૧૦૮(૬) હેઠળના કેસો

* ૧૭૪૯૦ શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જમીન મહેસૂલ નિયમોના નિયમ–૧૦૮(૬) હેઠળના કેટલા કેસો બાકી છે તથા તે પૈકી એક વર્ષ સુધીના કેટલા અને ૬ માસ સુધીના કેટલા છે, અને | (૧) બાકી કેસો – ૭૫૬<br>એક વર્ષ સુધીના – ૨૧૨<br>૬ માસ સુધીના – ૨૧૫. |

(૨) બાકી કેસો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે? (૨) અર્ધન્યાયિક પ્રક્રિયા હોવા છતાં બનતી ત્વરાએ.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ માનનીય મંત્રીશ્રીએ જમીન મહેસૂલ નિયમોના નિયમ–૧૦૮(૬) અંગે જાણકારી આપી. મારે સુરત જિલ્લા માટે જાણવું છે કે ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જે ૭૫૬ કેસો બાકી છે તેમાં કેટલા કેસોમાં સુનાવણી થઇ છે અને એક વર્ષ ઉપરના ૩૨૯ કેસો બાકી છે તેની હાલની સ્થિતિ શું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જે ૭૫૬ કેસો બાકી છે તેની સુનાવણીની વિગતો માનનીય નરોત્તમભાઇએ માગી છે તો તેમાં ૭૫૬ પૈકી ૫૫૦ કેસોમાં અરજદારોની અરજીની સુનાવણી કલેકટરશ્રી દ્વારા કરવામાં આવી છે. બીજો પ્રશ્ન પૂછયો કે એક વર્ષ ઉપરના કેટલા કેસો છે તો તેમાં ૩૨૯ કેસ એક વર્ષ ઉપરના છે. આ સતત ચાલતી પ્રક્રિયા છે એટલે જેમ જેમ આનો નિકાલ થાય તેમ આ સંખ્યામાં વધઘટ થતી હોય છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આવા કેસોમાં કલેકટરશ્રીના હુકમ સામે નારાજ થતા પક્ષકારો કઇ ઓથોરિટી સમક્ષ દાદ માગી શકે છે અને આ કેસો બાકી રહેવાના કારણો શું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વિવાદો મામલતદારથી ઉપર પ્રાંતમાં, પ્રાંતથી ઉપર કલેકટરમાં અને આ જે આંકડા આપ્યા તે વિગતો પ્રમાણે કલેકટરશ્રી પાસે જે કેસ ચાલતા હોય અને કલેકટરશ્રીનું જજમેન્ટ આવી જાય તેમાં કોઇ અરજદારને કંઇ વાંધો હોય તો કલેકટરશ્રીના હુકમ સામે સચિવશ્રી (વિવાદ) સમક્ષ ફેરતપાસ માટે અરજદારો અરજી દાખલ કરે છે. અહીં સુનાવણી થયા પછી તેના ઉપર યોગ્ય હુકમ કરવામાં આવે છે. આ કેસો કેમ બાકી છે તેના માટે અગાઉ જવાબ આપ્યો છે પણ અત્યારે માનનીય સંગીતાબેનના પ્રશ્નમાં કહું તો આ મિલકતને લગતા, માલિકીને લગતા, ભાગીદારીને લગતા કેસો હોય છે, એમાં દરેક વ્યક્તિ પોતાનો હકક હિસ્સો જો ધરાવતા હોય અને એમને કદાચ એમ લાગે કે આમાં મારો હક્ક હિસ્સો જળવાતો નથી તો એ અપિલ જુદા જુદા સ્ટેજ ઉપર જુદી જુદી ઓથોરિટીને કરી શકે છે અને એમાં કેસ ચલાવી સંબંધિત સક્ષમ અધિકારી એનો નિર્ણય આપતા હોય છે.

શ્રી પ્રફૂલ્લભાઇ છ. પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા મહેસૂલમાં સુધારા કરી અને લોકોને અડચણરૂપ થતા ઘણાં કાયદાઓમાં સુધારો કરીને ખૂબ સારી કામગીરી થઇ રહી છે ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે પ્રાન્ત અધિકારીશ્રીઓના હુકમ સામે નિયમ ૧૦૮/૬ હેઠળ કલેકટર સમક્ષ કેટલા કેસોની રિવિઝન અરજી દાખલ થઇ છે, અને કેટલા કેસોમાં કલેકટરોએ સુઓમોટો રિવિઝન લીધેલ છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાં જે તાલુકાના પ્રાન્ત અધિકારીઓ છે એ પ્રાન્ત અધિકારીઓએ સુનાવણી કરીને જે નિર્ણય આપ્યા છે એની સામે અરજદારો તરફથી માનનીય પ્રફુલભાઇએ જે બે વિગત જાણવા માગી છે એ ૬૮૦ કેસોમાં રિવિઝન અરજી દાખલ થઇ છે એ અરજદારો દ્વારા કરવામાં આવી છે અને ૭૬ કેસો એવા છે કે જે અધિકારીઓના નિર્ણય સામે કલેકટરે પોતે સુઓમોટો દાખલ કરી અને એનું રિવિઝન કરે છે. એટલે અરજદારો અને કલેકટર પોતે બંને દ્વારા કુલ ૬૮૦ કેસો છે એની અત્યારે સુનાવણી ચાલી રહી છે.

## આણંદ જિલ્લામાં જીપ્સમ સહાય

* ૧૭૫૧૧ શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી, અને | (૧) ૧૫૨૭ ખેડૂતોને. |
| (૨) તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) રૂ.૨૧,૩૭,૮૮૨/-. |

શ્રી સંજયકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આણંદ જિલ્લામાં જીપ્સમ અને વાહતુક હેતુ માટે તાલુકાવાર પ્રતિ ટનનો શું દર નક્કી કરેલ છે, અને આણંદ જિલ્લામાં યોજનાવાર વર્ષ ૨૦૧૩–૧૪માં ખેડૂતોને કેટલી રકમ આ જીપ્સમ સહાય પેટે ચૂકવવામાં આવી છે?

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ આણંદ જિલ્લામાં તાલુકાવાર જીપ્સમ અને વાહતુક હેતુ માટે જે સહાય ચૂકવવામાં આવે છે એમાં આંકલાવ તાલુકામાં જીપ્સમના ૨૪૧.૪૬ રૂપિયા અને વાહતુક હેતુ માટે ૨૬૩.૫૪ રૂપિયા આમ ૫૦૫ રૂપિયા ચૂકવવામાં આવે છે, બોરસદ તાલુકામાં જીપ્સમના ૨૪૧.૪૬ રૂપિયા અને વાહતુક હેતુ માટે ૨૬૬.૫૪ રૂપિયા આમ ૫૦૮ રૂપિયા ચૂકવવામાં આવે છે, આણંદમાં જીપ્સમના ૨૪૧.૪૬ રૂપિયા અને વાહતુક હેતુ માટે ૨૪૧.૫૪ રૂપિયા આમ ૪૮૩ રૂપિયા ચૂકવવામાં આવે છે, ઉમરેઠમાં જીપ્સમના ૨૪૧.૪૬ રૂપિયા અને વાહતુક હેતુ માટે ૨૪૭.૫૪ રૂપિયા આમ ૪૮૯ રૂપિયા ચૂકવવામાં આવે છે, પેટલાદમાં જીપ્સમના ૨૪૧.૪૬ રૂપિયા અને વાહતુક હેતુ માટે ૨૬૯.૫૪ રૂપિયા આમ ૫૧૧ રૂપિયા ચૂકવવામાં આવે છે, સોજીત્રામાં જીપ્સમના ૨૪૧.૪૬ રૂપિયા અને વાહતુક હેતુ માટે ૨૭૪.૫૪ રૂપિયા આમ ૫૧૬ રૂપિયા ચૂકવવામાં આવે છે, તારાપુર તાલુકામાં જીપ્સમના ૨૪૧.૪૬ રૂપિયા અને વાહતુક હેતુ માટે ૨૮૯.૫૪ રૂપિયા આમ ૫૩૧ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે, ખંભાત તાલુકામાં જીપ્સમના ૨૪૧.૪૬ રૂપિયા અને વાહતુક હેતુ માટે ૨૯૫.૫૪ રૂપિયા આમ ૫૩૭ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે તેમજ જે યોજનાવાર જે સહાય ચૂકવવામાં આવે છે તે રાજય સરકાર અને ભારત સરકારની ચાર યોજના

મારફત ખેડૂતોને જીપ્સમ અને વાહતુક હેતુ માટે જે સહાય ચૂકવવામાં આવે છે તેમાં તેલિબિયા વિકાસ યોજના હેઠળ ૭૮૬ ખેડૂતોને ૧૦,૯૫,૮૬૧ રૂપિયાની સહાય ૨૦૧૩માં ચૂકવી છે અને વર્કપ્લાનમાં ૫૩૨ ખેડૂતોને ૭,૪૭,૦૪૬ રૂપિયાની સહાય ચૂકવી છે. ૨૦૧૪માં નેશનલ ફૂડ સિક્યોરિટી મિશન હેઠળ ૨૦૯ ખેડૂતોને ૨,૯૪,૯૭૫ની સહાય ચૂકવી છે. આમ કુલ ૧૫૨૭ ખેડૂતોને ૨૧,૩૭,૮૮૨ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, જીપ્સમ સહાય યોજનામાં કયારે કેટલો વધારો કરવામાં આવ્યો છે?

શ્રી જશાભાઇ ભા. બારડ : જીપ્સમ સહાય એ ભારત સરકાર અને ગુજરાત સરકારની સંયુક્ત સહાયની યોજના છે. આ યોજના ૨૦૦૪-૦૫ થી અમલી છે. ઇન્ટીગ્રેટેડ સ્કીમ ઓફ ઓઇલ સીડ્સ પલ્સેસ એન્ડ ઓઇલ ફાર્મની આ યોજના છે. વાહતૂક ખર્ચ માટે પ્રતિ હેક્ટરના ૫૦ ટકા અથવા ૫૦૦ રૂપિયાની સહાય છે. ૨૦૦૪-૦૫માં આ યોજનાની સહાયની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ ૨૦૦૭-૦૮થી આ સહાયમાં વધારો કરીને ૭૫૦ રૂપિયા પ્રતિ હેક્ટરે કરવામાં આવેલ છે અને નેશનલ મિશન ઓન સીડ્સ એન્ડ ઓઇલ પામ, ૨૦૧૪-૧૫થી અમલમાં આવેલ છે. તેમાં પ્રતિ હેક્ટરે ખર્ચના ૫૦ ટકા અથવા રૂપિયા ૭૫૦ની મર્યાદામાં સહાય ચૂકવવામાં આવે છે.

## સાબરકાંઠા જિલ્લા નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના

* ૧૭૧૨૮ શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત સાબરકાંઠા જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ભૂગર્ભ ગટર યોજનાઓ મંજૂર કરેલ છે. | (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત સાબરકાંઠા જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં (૧) ઇડર અને (૨) પ્રાંતિજ એમ બે નગરપાલિકાઓની ભુગર્ભ ગટર યોજનાઓને રૂ.૯૨.૬૪ કરોડના ખર્ચે મંજૂર કરેલ છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી યોજના પૂર્ણ થયેલ છે, (૩) કેટલી યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે, અને | (૨) અને (૩) મંજૂર કરવામાં આવેલ બન્ને યોજનાઓની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| (૪) મંજૂર કરવાની બાકી રહેતી યોજનાઓ ક્યારે મંજૂર થશે? | (૪) કોઈ યોજના મંજુર કરવાની બાકી નથી. |

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા: માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ છેલ્લાં બે વરસમાં મંજૂર થયેલ ઇડર અને પ્રાંતિજ નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી પ્રગતિમાં છે એવું લખ્યું છે તો એ કયા કયા તબક્કે છે? અને મારો બીજો પ્રશ્ન એ છે કે, ઇડર અને વડાલી નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજના ક્યારે મંજૂર કરવામાં આવેલ અને આ બે યોજનાઓનો અમલ ક્યારથી શરૂ કરવામાં આવશે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા જિલ્લાના કુલ સાત તાલુકા છે, આ ગૃહને જણાવતા મને ખૂબ આનંદ થાય છે કે, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર, માનનીય આનંદીબહેનના નેતૃત્વ વાળી સરકાર ફક્ત મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન એ યોજનાની રીતે નથી આપતી પણ આખા દેશની અંદર ગુજરાત એ પહેલું રાજ્ય છે કે જેણે બધી જ નગરપાલિકાઓ એટલે કે આપણા રાજ્યમાં ૧૫૯ નગરપાલિકાઓ આવેલી છે, આ તમામમાં ભૂગર્ભ ગટર યોજનાઓ મંજૂર કરનારું આખા દેશમાં ગુજરાત એ પહેલું રાજ્ય છે, સાબરકાંઠા જિલ્લામાં પણ આપણે બધા જ તાલુકાઓની નગરપાલિકાઓમાં ભૂગર્ગ ગટર યોજનાઓ મંજૂર કરી છે જે અન્વયે માનનીય રાજેન્દ્રસિંહનો પ્રશ્ન છે કે ઇડર અને પ્રાંતિજ તાલુકામાં આપણે જે ભૂગર્ભ ગટર યોજનાઓ મંજૂર કરી એની કામગીરી અત્યારે ગુજરાત પાણી પુરવઠા બોર્ડ દ્વારા ચાલી રહી છે અને આ બન્નેની કામગીરીનો વર્ક ઓર્ડર આપણે આપ્યો છે. એમાં ઇડરનું કામ છે એ લગભગ ૬૦ કરોડ રૂપિયાનું છે અને પ્રાંતિજનું ૩૩.૫૦ કરોડ રૂપિયાનું છે, આ બન્નેની કામગીરી માટે તારીખ ૨૮-૭-૨૦૧૪ના રોજ વહીવટી મંજૂરી આપી છે. બન્નેના ટેન્ડર બહાર પાડ્યા અને હવે એની આનુષાંગિક કામગીરી આપણે શરૂ કરી છે, ઇડરમાં અત્યારે ભૂગર્ભ ગટરની પ્રથમ તબક્કાની કામગીરી શરૂ થઇ છે અને એનું પાંચ ટકા કામ પૂર્ણ થયું છે કારણકે તાજેતરમાં જ આ કામગીરી ચાલુ કરવામાં આવી છે. પ્રાંતિજની અંદર જે પ્રથમ તબક્કાની કામગીરી છે એમાં સુએઝ કનેક્ટીંગ સિસ્ટમ એટલે કે શહેરની અંદર પાઇપલાઇન નાંખવાની, પછી બીજા તબક્કામાં એમાં જ સાથે સાથે પંપીંગ સ્ટેશન, પંપીંગ મશીનરી, પછી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને છેલ્લે હાઉસ કનેકશન કરવા આ રીતેની એની કામગીરી આપણે કરીએ છીએ. એવી રીતે અન્ય શહેરોની અંદર પણ બધા જ કામો સાતે સાત નગરપાલિકાઓમાં જુદા જુદા તબક્કે ચાલુ છે અને વહેલીતકે આ ટેન્ડરોની સમય મર્યાદામાં એ કામ પૂર્ણ થાય એ માટે રાજ્ય સરકાર સતત ફોલો અપ કરી રહેલ છે.

## બનાસકાંઠા જિલ્લા નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના

* ૧૭૧૨૯ શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧- | (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં |

૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી ભૂગર્ભ ગટર યોજનાઓ મંજૂર કરેલ છે,

બનાસકાંઠા જિલ્લાની ચાર નગરપાલિકાઓ (૧) ભાભર (૨) થરાદ (૩) થરા અને (૪) પાલનપુર ની ભુગર્ભ ગટર યોજનાઓને રૂ. ૨૨૮.૬૫ કરોડના ખર્ચે મંજૂર કરેલ છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી યોજના પૂર્ણ થયેલ છે,

(૩) કેટલી યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે, અને

(૨) અને (૩) મંજૂર કરવામાં આવેલ ચારેય યોજનાઓની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૪) મંજૂર કરવાની બાકી રહેતી યોજનાઓ ક્યારે મંજૂર થશે?

(૪) બનાસકાંઠા જિલ્લાની કોઈ પણ ભૂર્ગભ ગટર યોજના મંજુર કરવાની બાકી નથી.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી,માનનીય મંત્રીશ્રીએ જે ચાર ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી પ્રગતિમાં છે તેમ જણાવેલ છે તો આ કયા તબક્કે છે અને આ કામગીરી કયારે પૂર્ણ કરવામાં આવશે ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ રાજેન્દ્રસિંહના પ્રશ્નના જવાબમાં કહ્યું તે પ્રમાણે સમગ્ર ગુજરાતના બધાજ જિલ્લાઓની બધી જ નગરપાલિકાઓમાં આપણે ભૂગર્ભ ગટર યોજનાઓ મંજૂર કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં જે છ નગરપાલિકાઓ છે તેમાં પાલનપુર, ભાભર, થરાદ, થરા એટલે નાની નગરપાલિકા છે, ધાનેરા અને ડિસા. આ છએ નગરપાલિકામાં ભૂગર્ભ ગટરના કામો આપણે મંજૂર કર્યા છે. અને તેની કિંમત પણ આપણે જો જોઇએ તો આ ખૂબ મોટા પ્રમાણમાં રાજય સરકાર શહેરોની સ્વચ્છતા માટે અને સાથે સાથે ગંદકી દૂર થાય તો તંદુરસ્તી જળવાય, સ્વચ્છતા વધે એ માટે રકમો ફાળવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાલનપુરમાં ૧૩૫ કરોડ રૂપિયાની યોજના છે. ભાભરની અંદર ૩૦ કરોડ રૂપિયાની યોજના છે. થરાદમાં ૩૬ કરોડ રૂપિયાની યોજના છે. થરા જે મેં કહ્યું તેમ નાનુ નગર છે ત્યાં ૨૭ કરોડ રૂપિયાની યોજના છે. ધાનેરામાં ૧૨ કરોડ રૂપિયાની યોજના છે અને ડિસા મોટું શહેર છે ત્યાં ૫૮ કરોડ રૂપિયાની યોજના છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધી જ જગ્યાએ એક સાથે ઝડપથી કામ હાથ ઉપર લેવાય એ માટે સરકારે, મુખ્યમંત્રીશ્રી કે જેઓ આ શહેરી વિકાસ વિભાગની કામગીરી પણ સંભાળે છે એમણે આયોજન પણ એ પ્રકારનું કર્યું છે કે બન્ને જગ્યાએ પાણી પુરવઠા બોર્ડ અથવા આપણી ગુજરાત શહેરી વિકાસ કંપની બન્નેને આ કામની ફાળવણી કરી છે. એટલે પાલનપુરમાં ગુજરાત શહેરી વિકાસ કંપની આ કામગીરી કરે છે. ભાભરમાં પાણી પુરવઠા બોર્ડ આ કામગીરી કરે છે. થરાદમાં પણ પાણી પુરવઠા બોર્ડ કામગીરી કરે છે. થરામાં પણ પાણી પુરવઠા બોર્ડ આ કામગીરી કરે છે અને ધાનેરામાં પણ પાણી પુરવઠા બોર્ડ આ કામગીરી કરે છે. ડિસામાં ગુજરાત શહેરી વિકાસ કંપની આ કામગીરી કરે છે એમ છએ છ શહેરની અંદર અત્યારે ભૂગર્ભ ગટરના કામો વિવિધ તબક્કે ચાલી રહ્યા છે અને નિશ્ચિત સમય મર્યાદામાં તેનું કામ પૂર્ણ થાય એ માટે સરકાર સતત ફોલોઅપ કરી રહી છે.

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બનાસકાંઠાની નગરપાલિકાઓમાં કામગીરીની વાત છે માટે હું સરકારને અભિનંદન આપું કે રર્બન પ્રોજેકટ અંતર્ગત જયાં નગરપાલિકા નથી એવા તાલુકા પ્લેસોમાં પણ આ કામ કરવામાં આવ્યું છે. એમાં અમીરગઢ અને વાવ આ બન્નેમાં કેટલી રકમ આપવામાં આવી છે ? અને આ બન્ને જગ્યાએ કોણ કામ કરે છે ? સાથે સાથે મારે એ પણ પૂછવું છે કે આ નગરપાલિકા અને રર્બનમાં કયાંક કામગીરી પાણી પુરવઠા બોર્ડ કરે છે, કયાંય શહેરી વિકાસે કર્યુ છે પણ આને હાઉસ કનેકશન કોણ આપશે આ પણ મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પરબતભાઇએ જે પ્રથમ પ્રશ્ન પૂછયો આપણી રાજય સરકારે તમામ શહેરોને આવરી લીધા છે. પણ દસ હજારથી વધુ વસતિ ધરાવતા જે ગામો છે કે જયાં નગરપાલિકા નથી ત્યાં પણ રાજયના પંચાયત વિભાગ દ્વારા રર્બન પ્રોજેકટ હેઠળ ગામડાંને પણ ભૂગર્ભ ગટરની યોજના મળે માનનીય નરેન્દ્રભાઇ આપણાં વડાપ્રધાનશ્રી જયારે મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે એક કન્સેપ્ટ રજૂ કર્યો હતો કે ગામડાંમાં પણ શહેર જેવી સુવિધા. તેના ભાગરૂપે આપણે ગ્રામ્ય વિસ્તારમાં માનનીય નરોત્તમભાઇ પંચાયત મંત્રી હતા ત્યારે આ યોજના અમલમાં મૂકેલી અને દસ હજારથી ઉપરની વસતિવાળા ગામોની અંદર પંચાયત વિભાગ દ્વારા આ કામગીરી કરવામાં આવે છે. એ પ્રમાણે બનાસકાંઠા જિલ્લાના બે ગામોને લાભ મળ્યો છે. પણ બીજુ જે એમણે કહ્યું કે એનુ કામ કોણ કરે છે ? તો એ પંચાયત વિભાગને લગતું છે એટલે તેની માહિતી મારી પાસે નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પરબતભાઇએ બીજો પ્રશ્ન પૂછયો કે આ યોજના પૂર્ણ થાય પછી તેના હાઉસ કનેકશન કોણ આપે અને કેવી રીતે આપે ? આખી યોજના પૂરી થાય અત્યારે નાગરિકના ઘર સુધી, મહોલ્લા સુધી, સોસાયટી સુધી. માર્કેટ, બજાર સુધી પાઇપ લાઇન નાખી દે, કુંડીઓ બનાવી દે પછી બીજા તબક્કામાં પમ્પીંગ સ્ટેશન સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બની જાય પછી છેલ્લા તબક્કામાં ઘરના જોડાણો જોડવાનું કામ કોન્ટ્રાકટર દ્વારા કરવામાં આવે છે. આ ઘર કનેકશન જોડવાનું કામ છેલ્લા તબક્કામાં એટલા માટે રાખીએ છીએ કે કદાચ કામ પૂરું ન થયું હોય અને કોઇ પોતાના ઘરનું કનેકશન ગેરકાયદેસર રીતે જોડી દે તો આખી પાઇપ લાઇન ચોકઅપ થઇ જાય. ટોટલ પ્રોજેકટ શરૂ ન થયો હોય અને એના લીધે મુશ્કેલી ઉભી થાય એટલે ઘર કનેકશન જોડવાનું કામ આ યોજનામાં છેલ્લા તબકકે કરીએ છીએ.

તા.૧૮મી માર્ચ, ૨૦૧૬
અતારાંકિત પ્રશ્નો

વલસાડ જિલ્લામાં ટ્રેલીઝ મંડપનાં લાભાર્થી

* ૧૭૬૫૯ શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે, અને | (૧) હા, જી. |
| (૨) આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | (૨) ૮ લાભાર્થીઓ.<br>રૂ. ૧,૧૩,૭૬૮/-. |

શ્રી ભરતભાઇ કી. પટેલ : આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે સન ૨૦૧૪–૧૫ના વર્ષમાં તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ વેલાવાળા પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપના લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી, અને વેલાવાળા શાકભાજીના પાકો માટે ટેકાવાળા મંડપના પ્રકાર કયા કયા છે?

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય સભ્યશ્રીએ વેલાવાળા શાકભાજીના પાકના ટ્રેલીઝ મંડપ અંગે તથા સહાય માટે વાત કરી છે. આ રાજ્ય સરકારની યોજના છે. જેને આપણે બકાલુ કહીએ છીએ. નાનામાં નાના ગરીબ માણસને રોજી રોટી આપતું આ બકાલુ અને વેલાવાળા શાકભાજી છે. એની સ્પેશ્યલ યોજના રાજ્ય સરકારે કરી છે. એમાં સહાયનું ધોરણ છે એ જોઇએ તો ૫૦ ટકાથી માંડીને ૯૦ ટકા સુધીની સહાય આપીએ છીએ. આ સ્પેશ્યલ યોજના કરી છે એટલે અભિનંદનને પાત્ર છે.

વલસાડ જિલ્લાની તાલુકાવાર વાત કરીએ તો પારડી તાલુકામાં એક લાભાર્થીને લાભ આપવામાં આવેલ છે. એને ૨૪ હજારની સહાય આપવામાં આવી છે. જયારે ઉંમરગામ તાલુકામાં સાત લાભાર્થીઓને ૮૯૭૬૮ રૂપિયાનો લાભ મળ્યો છે. એમ કુલ આઠ નાના, સીમાંત અને બી.પી.એલ. કાર્ડ ધારક ગરીબી રેખા નીચે આવતા લાભાર્થીઓને ૧,૧૩,૭૬૮ની સહાય આપવામાં આવી છે. બીજો પ્રશ્ન છે કે ટ્રેલીઝ મંડપ ટેકા મંડપની વાત કરીએ તો એમાં કાચા મંડપ, અર્ધ પાકા મંડપ અને પાકા મંડમ એમ ત્રણ ભાગમાં રાજય સરકારની સ્કીમ છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : હું આપના માધ્યમથી જાણવા માગું છું કે ટ્રેલીઝ મંડપ ખેડૂતોને ફરીથી કયારે મળી શકે ?

શ્રી જસાભાઇ ભા. બારડ : રાજય સરકારે સ્કીમ બનાવી છે કે એક વખત નાનો, સીમાંત કે બી.પી.એલ. કાર્ડ ધારક કાચા મંડપ માટે લાભ લીધો હોય તો એને ત્રણ વર્ષ પછી ફરીથી સહાય માટે અરજી કરી શકે છે. અર્ધ પાકા મંડપ માટે પાંચ વર્ષનો ગાળો જાય પછી અરજી કરી શકે છે. જયારે પાકા મંડપ માટે આઠ વર્ષનો સમય જાય પછી એ ફરી વખત અરજી કરી શકે છે.

શ્રી રમણલાલ ના. પાટકર : વેલાવાળા શાકભાજી બનાવવા માટે કઇ કઇ યોજનામાંથી ટ્રેલીઝ મંડપ સહાય આપવામાં આવે છે, અને એ સહાય આપવાના ધોરણો શું છે?

શ્રી જસાભાઇ ભા. બારડ : હમણાં વાત કરી એ પ્રમાણે આ રાજય સરકારની યોજના છે. એમાં ભારત સરકાર તરફથી કોઇ સહાય આપવામાં આવતી નથી. આ યોજના ત્રણ ભાગમાં વહેંચાયેલી છે. રાજય સરકાર સામાન્ય ખેડૂતને પણ લાભ આપે છે. અનુસૂચિત જાતિને પણ લાભ આપવામાં આવે છે. અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને પણ લાભ આપવામાં આવે છે. તેમજ જે દેવીપૂજક લાભાર્થી છે કે જેની પાસે જમીન પણ નથી એને ૯૦ ટકા સહાય આપવામાં આવે છે અને જે સહાયના ધોરણો છે એમાં અંદાજીત કાચા મંડપમાં એક વ્યકિતને ૫ર હજારની સહાય મળે છે. એટલે સામાન્ય ખેડૂત હોય તો એને ૫૦ ટકા અનુસૂચિત જાતિ અને જનજાતિનો ખેડૂત હોય તો એને ૭૫ ટકા અને દેવીપૂજક લાભાર્થી હોય તો એને ૯૦ ટકા સહાય મળે છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો
(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)
જૂનાગઢ જિલ્લામાં ગુનાહિત કૃત્યો

* ૧૬૬૦૯ શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અપહરણ, લૂંટ, બળાત્કાર, ખૂન, ધાડ–ચોરી, આત્મહત્યાનાં કેટલાં બનાવો નોંધાયેલા છે, અને | (૧) સામેલ પત્રક મુજબ. |

પ ત્ર ક
તા.૧–૨–૨૦૧૩ થી તા.૩૧–૧–૨૦૧૪

| તાલુકાનું નામ | અપહરણ | લૂંટ | બળાત્કાર | ખૂન | ધાડ | ચોરી | આત્મહત્યા |
|---|---|---|---|---|---|---|---|
| જૂનાગઢ | ૧૯ | ૭ | ૭ | ૯ | ૩ | ૮૯ | ૧૧૩ |
| વિસાવદર | ૭ | ૦ | ૨ | ૨ | ૧ | ૧૪ | ૨૬ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ભેંસાણ | ૪ | ૦ | ૧ | ૦ | ૦ | ૩ | ૧૦ |
| મેંદરડા | ૩ | ૦ | ૩ | ૧ | ૦ | ૬ | ૧૩ |
| કેશોદ | ૮ | ૨ | ૨ | ૧ | ૦ | ૨૮ | ૫૭ |
| વંથલી | ૪ | ૧ | ૧ | ૦ | ૨ | ૯ | ૧૫ |
| માણાવદર | ૨ | ૧ | ૦ | ૩ | ૦ | ૮ | ૨૧ |
| માંગરોળ | ૯ | ૧ | ૦ | ૨ | ૦ | ૫ | ૨૭ |
| માળીયા–હાટીના | ૬ | ૦ | ૦ | ૧ | ૦ | ૩ | ૧૫ |

તા.૧–૨–૨૦૧૪ થી તા.૩૧–૧–૨૦૧૫

| તાલુકાનું નામ | અપહરણ | લૂંટ | બળાત્કાર | ખૂન | ધાડ | ચોરી | આત્મહત્યા |
|---|---|---|---|---|---|---|---|
| જૂનાગઢ | ૨૭ | ૧૦ | ૯ | ૭ | ૪ | ૯૯ | ૧૦૬ |
| વિસાવદર | ૧૧ | ૦ | ૩ | ૦ | ૦ | ૮ | ૨૪ |
| ભેંસાણ | ૫ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૧૩ |
| મેંદરડા | ૨ | ૨ | ૧ | ૨ | ૦ | ૨ | ૧૬ |
| કેશોદ | ૧૦ | ૧૨ | ૩ | ૧ | ૦ | ૧૫ | ૫૧ |
| વંથલી | ૩ | ૨ | ૦ | ૦ | ૦ | ૧૧ | ૨૫ |
| માણાવદર | ૫ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૨૪ |
| માંગરોળ | ૫ | ૦ | ૨ | ૦ | ૦ | ૫ | ૨૩ |
| માળીયા–હાટીના | ૮ | ૦ | ૨ | ૧ | ૦ | ૧ | ૯ |

(૨) આવા બનાવો કાયમી માટે રોકવા સરકારે શાં પગલાં લીધા છે ?

(૨) બાતમીદારો સાથે સઘન સંપર્ક, સરપ્રાઇઝ વાહન ચેકીંગ તથા નાકાબંધી સાથે સઘન નાઇટ પેટ્રોલીંગ, ગુન્હાની તલસ્પર્શી તપાસ તથા ગુન્હેગારોને સજા થાય, તે હેતુથી સરકારી વકીલો/સાહેદો સાથે સીધો સંપર્ક, ફુટ પેટ્રોલીંગ, શાળા–કોલેજના વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ, જિલ્લા પોલીસ કંટ્રોલરૂમ પરના ટેલીફોન કોલ્સ પ્રતિ ત્વરીત પ્રતિક્રિયા, જાહેર જનતાની અરજીઓ તથા નોન કોગ્નિઝેબલ ફરીયાદોની ત્વરીત તપાસ, યોગ્ય અટકાયતી પગલાં તથા જરૂર જણાયે તેમાં પાસા–તડીપારની કાર્યવાહી કરાય છે.

### અમરેલી જિલ્લામાં બાગાયતી કિટસનું વિતરણ

* ૧૭૬૭૦ શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન કેટલા ખેડૂતોને વિનામૂલ્યે બાગાયતી કિટસનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૩૮૧૦ ખેડૂતો. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૧૭.૭૪ લાખ. |

### રાજકોટ જિલ્લામાં પોલીસ ખાતાનાં રહેણાંક મકાનો

* ૧૭૧૪૧ શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) ૬૦ (સાઇટ). |
| (૨) આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) કુલ રૂ.૭૪૫.૧૩ લાખ. |

### ખેડા જિલ્લામાં આપત્તિ વ્યવસ્થાપન માટે ફાળવેલ રકમ

* ૧૭૭૮૩ શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ડીઝાસ્ટર મેનેજમેન્ટ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં આપત્તિ વ્યવસ્થાપન માટે વર્ષવાર કુલ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૧)

| સમયગાળો | ફાળવેલ કુલ રકમ (રૂ.માં) |
|---|---|
| ૧-૧-૨૦૧૩ થી ૩૧-૧૨-૨૦૧૩ | ૨૭,૧૨,૧૬૯/- |
| ૧-૧-૨૦૧૪ થી ૩૧-૧૨-૨૦૧૪ | ૭૩,૭૨,૭૩૪/- |

(૨) ઉકત સ્થિતિએ વર્ષવાર આ રકમ પૈકી કેટલી રકમનો ખર્ચ ક્યાં સાધનોની ખરીદી માટે કરવામાં આવ્યો ?

(૨)

| ખરીદેલ સાધનો | ૧-૧-૨૦૧૩ થી ૩૧-૧૨-૨૦૧૩ સુધી ખર્ચેલ રકમ (રૂ.માં) | ૧-૧-૨૦૧૪ થી ૩૧-૧૨-૨૦૧૪ સુધી ખર્ચેલ રકમ (રૂ.માં) |
|---|---|---|
| ઈમરજન્સી લાઈટ | ૨૫,૮૭,૧૬૯/- | -- |
| રબર બોટ | -- | ૯,૪૩,૨૩૬/- |
| મોટર સાયકલ માઉન્ટેડ વોટર મીસ્ટ ફાયર ફાઈટીંગ સીસ્ટમ | -- | ૩૩,૦૧,૫૯૦/- |
| મીની ફાયર ટેન્ડર | -- | ૩૦,૮૪,૯૦૮/- |
| કુલ | ૨૫,૮૭,૧૬૯/- | ૭૩,૨૯,૭૩૪/- |

મુંબઈ અને દીલ્હી ખાતે ગુજરાત ભવનમાં રહેવા જમવા માટે કોન્ટ્રાકટ આપવા બાબત

* ૧૪૨૨૩ શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ મુંબઈ અને દિલ્હી ખાતેના ગુજરાત ભવનમાં મહાનુભાવોને રહેવા, જમવા તેમજ અન્ય સુવિધાઓ પૂરી પાડવા માટે કોને કેટલી રકમનો કોન્ટ્રાકટ આપવામાં આવેલ છે, અને

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ

(અ) મુંબઈ ખાતેના ગુજરાત ભવનમાં મહાનુભાવોને જમવા માટે કોઈ કોન્ટ્રાક્ટ આપવામાં આવેલ નથી જ્યારે રહેવા તેમજ અન્ય સુવિધાઓ પૂરી પાડવા માટે ગુજરાત ભવન, અંધેરી, મુંબઇ માટે બાલાજી સર્વિસીઝ, મુંબઈ માટે રૂ.૯.૬૭ લાખનો તથા ગુજરાત ભવન, ઓશીવારા, મુંબઇ માટે શ્રીનાથ એજન્સી, મુંબઈને રૂ.૯.૬૫ લાખનો કોન્ટ્રાક્ટ આપવામાં આવેલ છે.

(બ) ગુજરાત ભવન, નવી દિલ્હી ખાતે રોકાનારા મહાનુભાવો તેમજ અતિથિઓને અપાતી ભોજન તેમજ ચા-નાસ્તાની સુવિધા માટેનો કોન્ટ્રાકટ દર મહિને સરકારને રૂ. ૧,૧૧,૦૦૦/-ની લાઈસન્સ ફી મળે એ રીતે તા. ૧-૧૨-૨૦૧૪ થી બે વર્ષ માટે મેસર્સ મોહની કેટરર્સ, અમદાવાદને આપવામાં આવેલ છે.

(૨) આપવામાં આવેલ કોન્ટ્રાકટની નબળી કામગીરીને ધ્યાને લઈ સારી ઉત્તમ સેવાઓ મળી રહે તે માટે સરકાર કોઈ નિર્ણય લેવા માંગે છે?

(૨) ગુજરાત ભવન, નવી દિલ્હી ખાતે વધુ સારી સેવાઓ મળી રહે તે માટે નિવાસી આયુક્તશ્રી નવી દિલ્હીને તેમજ ગુજરાત ભવન, મુંબઈ માટે માર્ગ અને મકાન વિભાગને જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે.

પાટણ અને મહેસાણા જિલ્લાની સુજલામ-સુફલામ કેનાલ માટે સંપાદિત જમીનના ખેડૂતોને વધુ વળતર

* ૧૮૭૦૦ શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં સુજલામ સુફલામ સ્પ્રેડિંગ કેનાલ માટે કુલ કેટલા ખેડૂતોની જિલ્લાવાર કેટલી જમીન સંપાદન કરવામાં આવેલ છે,

(૧) મહેસાણા જિલ્લામાં કુલ ૮૭૫ ખેડુતોની ૧૯૪.૦૮૩ હેકટર જમીન સંપાદન કરવામાં આવેલ છે અને પાટણ જિલ્લામાં કુલ ૭૮૬ ખેડુતોની ૧૯૮.૧૦ હેકટર જમીન સંપાદન કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી કેટલા ખેડુતોએ વધુ વળતરની માંગણી કરેલ છે,

(૨) તે પૈકી મહેસાણા જિલ્લામાં કુલ ૮૫૨ ખેડુતો અને પાટણ જિલ્લામાં કુલ ૬૯૯ ખેડુતોએ વધુ વળતરની માંગણી કરેલ છે.

(૩) વધુ વળતરની માંગણી કરેલ ખેડુતો કોર્ટમાં કેસ જીતી ગયા છે, શુ આ હકીકત સાચી છે,

(૩) નામ. જિલ્લા કોર્ટ તથા હાઈકોર્ટ દ્વારા જુદા જુદા સમયે ૧૦૭ કેસોમાં ચુકાદાઓ આવેલા છે.

(૪) ઉક્ત ખેડુતોને કોર્ટના આદેશાનુસાર વળતર ચુકવણી કરવામાં આવેલ છે કે કેમ, અને

(૪) મહેસાણા જિલ્લામાં કુલ ૪૪૭ ખેડુતોના વધુ વળતરના નાણાં જમા કરાવેલ છે અને પાટણ જિલ્લામાં કુલ ૧૬૦ ખેડુતોના વધુ વળતર નાણા જમા કરાવેલ છે. બાકીના ખેડુતો પૈકી મહેસાણા જિલ્લાના ૫૭ અને પાટણ જિલ્લાના ૨૧૬ ખેડુતોના કેસો નામ. હાઈકોર્ટ/જિલ્લા કોર્ટમાં પડતર છે, જ્યારે મહેસાણા જિલ્લામાં ૩૪૮ ખેડુતો અને પાટણ જિલ્લાના ૩૨૩ ખેડુતોના કેસો ચુકાદો સ્વીકાર/અસ્વીકાર અને નાણાં ફાળવણીની પ્રક્રિયા હેઠળ છે.

(૫) જો હા, તો ક્યારે કરવામાં આવી?

(૫) નામ. જિલ્લા કોર્ટમાં જમા કરાવેલ નાણાંની વિગત આ સાથે સામેલ *પત્રક મુજબ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

## છોટાઉદેપુર જિલ્લામાં કિશાન ક્રેડિટ કાર્ડ

* ૧૬૫૭૮ શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧–૧–૧૫ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂત ખાતેદારો છે,

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | ખેડુત ખાતેદારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | છોટા ઉદેપુર | ૨૧૬૭૧ |
| ૨ | કવાંટ | ૧૯૧૬૮ |
| ૩ | નસવાડી | ૧૩૫૬૫ |
| ૪ | પાવી જેતપુર | ૧૮૦૫૧ |
| ૫ | બોડેલી | ૨૮૯૩૮ |
| ૬ | સંખેડા | ૧૮૩૪૨ |
| | કુલ | ૧૧૯૭૩૫ |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા ખેડૂત ખાતેદારોને તાલુકાવાર કિશાન ક્રેડીટ કાર્ડ આપવામાં આવ્યા,

(૨)

| અ.નં. | તાલુકાનું નામ | આપેલ કીશાન ક્રેડિટ કાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | છોટા ઉદેપુર | ૫૨૩૨ |
| ૨ | કવાંટ | ૩૮૭૦ |
| ૩ | નસવાડી | ૪૨૯૭ |
| ૪ | પાવી જેતપુર | ૬૦૬૨ |
| ૫ | બોડેલી | ૮૪૩૬ |
| ૬ | સંખેડા | ૬૧૬૦ |
| | કુલ | ૩૪૦૫૭ |

(૩) તાલુકાવાર કેટલાને આપવાના બાકી છે, અને

(૩)

| અ.નં. | તાલુકાનું નામ | આપવાના બાકી કીશાન ક્રેડિટ કાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | છોટા ઉદેપુર | ૧૬૪૩૯ |
| ૨ | કવાંટ | ૧૫૨૯૮ |
| ૩ | નસવાડી | ૯૨૬૮ |
| ૪ | પાવી જેતપુર | ૧૧૯૮૯ |
| ૫ | બોડેલી | ૨૦૫૦૨ |
| ૬ | સંખેડા | ૧૨૧૮૨ |
| | કુલ | ૮૫૬૭૮ |

(૪) કેટલા સમયમાં આપવામાં આવશે?

(૪) આ માટેની અરજી મળેથી સબંધીત બેંકો દ્વારા કિશાન ક્રેડિટ કાર્ડ આપવા અંગેની કાર્યવાહી કરવામાં આવે છે.

તા.૧૮મી માર્ચ, ૨૦૧૬

અતારાંકિત પ્રશ્નો

માહિતી ખાતા દ્વારા વિકાસલક્ષી યોજનાકીય બાબતનાં પ્રકાશનો પ્રસિધ્ધ કરવા બાબત

* ૧૮૨૬૬ શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર પશ્ચિમ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં વિકાસલક્ષી યોજનાકીય બાબતો માટે માહિતી ખાતા દ્વારા કોઈ પ્રકાશનો પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે કયા છે ? | (૨) માહિતી કમિશનર કચેરી દ્વારા તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં *પત્રક–અ મુજબના પ્રકાશનો પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ''સૌની યોજના''

* ૧૬૬૧૭ શ્રી **મેરામણભાઇ મા. આહીર** (ખંભાલીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં જળાશયોને પાણીથી ભરવા માટે સૌની યોજના ક્યારે અમલમાં મૂકી, | (૧) એપ્રિલ–૨૦૧૩. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ યોજનાથી દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જળાશયો પૈકી કેટલા જળાશયોમાં કેટલાં ખર્ચે કેટલુ પાણી ભરવામાં આવ્યુ, અને | (૨) શૂન્ય. |
| (૩) આ જિલ્લામાં તમામ જળાશયો ક્યારે ભરવાનું સરકારનું આયોજન છે? | (૩) કામો પ્રગતિ હેઠળ છે. નાણાંકીય ઉપલબ્ધિ અનુસાર, તબક્કાવાર જળાશયો ભરવાનું આયોજન છે. |

સુરત જિલ્લામાં પોલીસ ખાતાનાં રહેણાંક મકાનો

* ૧૭૧૩૮ શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી (સુરત પશ્ચિમ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, અને | (૧) ૮૫ (પંચ્ચાસી). |
| (૨) આ કામગીરી માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવનાર છે? | (૨) કુલ રૂ.૮૧૭.૬૪ લાખ. |

ગ્રીન હાઉસ બનાવતી કંપનીઓને એમ્પેનલ કરવા બાબત

* ૧૬૫૯૦ શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં યોજાયેલ વાયબ્રન્ટ સમીટ–૨૦૧૩માં ગ્રીન હાઉસ બનાવી આપનાર કંપનીઓને એમ્પેનલ કરવા અન્વયે કુલ કેટલી માંગણી કે રજુઆતો આવી, અને | (૧) ૩ (ત્રણ). |
| (૨) તે અન્વયે કઈ કંપનીને કયારે કેટલી રકમ સાથે મંજૂરી આપવામાં આવી ? | (૨) (૧) આત્રેયશ એગ્રો ઓર્ગેનીક પ્રા. લી.ને તા.૨–૫–૨૦૧૩ થી ગ્રીન હાઉસ બનાવવા માટે કોઈ રકમ નક્કી કર્યા વગર એડહોક ધોરણે તા.૩૦–૦૬–૨૦૧૩ સુધી એમ્પેનલ કરવામાં આવી હતી ત્યારબાદ તા.૧૮–૦૨–૨૦૧૪ના રોજ (૧) આત્રેયશ એગ્રો ઓર્ગેનીક પ્રા. લી. અને (૨) એથિક્સ એગ્રોટેક પ્રા. લી. કંપનીને ગ્રીન હાઉસ બનાવવા માટેની રકમ નક્કી કરીને તા.૨૮–૦૨–૨૦૧૫ સુધી એમ્પેનલ કરવામાં આવેલ હતી. નીચે મુજબના દરે મંજૂરી આપવામાં આવી. |

(રૂપિયા ચોરસમીટર)

| ફેન એન્ડ પેડ ગ્રીન હાઉસ | | | | |
|---|---|---|---|---|
| | ૫૦૦ ચો. મી. | ૧૦૦૦ ચો. મી. | ૨૦૦૦ ચો. મી. | ૪૦૦૦ ચો. મી. |
| ઝોન–૧ | ૧૬૪૫ | ૧૬૪૫ | ૧૫૭૫ | ૧૫૬૫ |
| ઝોન–૨ | ૧૬૪૫ | ૧૬૪૫ | ૧૫૭૫ | ૧૫૬૫ |
| ઝોન–૩ | ૧૬૪૫ | ૧૬૪૫ | ૧૫૭૫ | ૧૫૬૫ |
| ઝોન–૪ | ૧૬૪૫ | ૧૬૪૫ | ૧૫૭૫ | ૧૫૬૫ |
| નેચરલી વેન્ટીલેટેડ ગ્રીન હાઉસ | | | | |
| | ૫૦૦ ચો. મી. | ૧૦૦૦ ચો. મી. | ૨૦૦૦ ચો. મી. | ૪૦૦૦ ચો. મી. |
| ઝોન–૧ | ૯૨૧ | ૯૧૯ | ૯૧૫ | ૯૧૦ |
| ઝોન–૨ | ૯૨૧ | ૯૧૯ | ૯૧૫ | ૯૧૦ |
| ઝોન–૩ | ૯૨૧ | ૯૧૯ | ૯૧૫ | ૯૧૦ |
| ઝોન–૪ | ૯૨૧ | ૯૧૯ | ૯૧૫ | ૯૧૦ |

### પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ રેલ્વે, અમદાવાદમાં પોલીસની આરોગ્ય ચકાસણી

* ૧૭૧૪૮ શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી–અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ રેલ્વે અમદાવાદમાં કેટલા પોલીસ અધિકારી–કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે? | (૨) વર્ષ ૨૦૧૩ માં ૭૬૨. વર્ષ ૨૦૧૪ માં ૧૩૧૦. |

### ગાંધીનગર જિલ્લામાં ટ્રેલીઝ મંડપનાં લાભાર્થી

* ૧૭૬૬૦ ડૉ. નિર્મલાબેન સુ. વાધવાણી (નરોડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે, અને | (૧) હા, જી. |
| (૨) આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | (૨) ૭૮ લાભાર્થીઓ. રૂ. ૨૪,૨૧,૧૩૬/–. |

### સુરત જિલ્લામાં રાયપનીંગ ચેમ્બર

* ૧૭૬૬૫ શ્રી રાજેન્દ્રભાઇ પટેલ(ચોર્યાસી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સુરત જિલ્લામાં સરકાર દ્વારા સહાયિત કેટલા રાયપનીંગ ચેમ્બર છે, અને | (૧) ૮ (આઠ). |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) શૂન્ય. |

### રાજકોટ જિલ્લામાં કૃષિ કિટસનું વિતરણ

* ૧૭૫૧૫ શ્રી બાવનજીભાઇ હ. મેતલીયા (ટંકારા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં કૃષિ મહોત્સવમાં કેટલા ખેડૂતોને વિના મૂલ્યે કેટલી કૃષિ કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૧)

| વર્ષ–૨૦૧૩ | |
|---|---|
| ખેડૂતો | કિટ્સની સંખ્યા |
| ૬૨૦૮ | ૬૨૦૮ કૃષિ કિટ્સ |
| ૪૩૫૦ | ૪૩૫૦ પશુપાલન કિટ્સ |

| વર્ષ-૨૦૧૪ | |
|---|---|
| ખેડૂતો | કિટ્સની સંખ્યા |
| ૪૪૩૪ | ૪૪૩૪ કૃષિ કિટ્સ |
| ૩૭૦૫ | ૩૭૦૫ બાગાયત કિટ્સ |
| ૫૯૭૦ | ૫૯૭૦ પશુપાલન કિટ્સ |

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો ?

(૨)

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૧૩ | રૂ. ૧,૭૫,૯૦,૧૦૪ |
| ૨૦૧૪ | રૂ. ૯૬,૯૬,૭૮૪ |

ગાંધીનગર શહેરમાં ટી. પી. સ્કીમો

* ૧૭૧૨૧ શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર શહેરની કેટલી ટી. પી. સ્કીમો બનાવવામાં આવી, અને | (૧) ૧ (એક). |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ટી. પી. સ્કીમો મંજૂર કરવામાં આવી ? | (૨) શૂન્ય. |

રાજ્ય સરકાર દ્વારા કપાસનાં પોષણક્ષમ ભાવ માટે કેન્દ્ર સરકારને રજૂઆત

* ૧૬૯૯૬ શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કપાસ પકવતા ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે તે માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ ક્યારે માંગણી કે રજુઆતો કરી, અને | (૧) કેન્દ્ર સરકાર સમક્ષ નીચે મુજબની તારીખોએ રજુઆત કરેલ છે.<br>૧. તા.૧૧-૧૦-૨૦૧૪<br>૨. તા.૧૩-૧૧-૨૦૧૪<br>૩. તા.૩-૧૨-૨૦૧૪ |
| (૨) આ માંગણી કે રજુઆતો પછી કેન્દ્ર સરકારે શો પ્રતિભાવ ક્યારે આપ્યો ? | (૨) ગુજરાતમાંથી કપાસની ખરીદી ટેકાના ભાવે કરવા ૬૭ ખરીદ કેન્દ્રો શરૂ કરાવ્યા અને તા. ૩-૩-૨૦૧૫ સુધીમાં ૩૦,૯૮,૮૭૦ ક્વિન્ટલ કપાસની ખરીદી રાજ્યમાંથી સી.સી.આઈ મારફતે કરાવેલ છે. |

અમદાવાદ શહેર/જિલ્લામાં ગુમ થયેલ વ્યક્તિઓ/બાળકો

* ૧૬૫૮૪ શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લા અને શહેરમાં કુલ કેટલી વ્યક્તિઓ અને બાળકો ગૂમ થયા ?

જવાબ

| અમદાવાદ શહેર | | અમદાવાદ જિલ્લો | |
|---|---|---|---|
| વ્યક્તિઓ | બાળકો | વ્યક્તિઓ | બાળકો |
| ૩૧૭૯ | ૧૦૮૩ | ૪૨૮ | ૬૭ |

દેવભૂમિ દ્વારકા જિલ્લા નગરપાલિકાઓનાં ઘન કચરા નિકાલનાં મંજૂર સાધનો

* ૧૭૧૨૭ શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત દેવભૂમિદ્વારકા જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા સાધનો મંજૂર કરેલ છે, | (૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત દેવભૂમિદ્વારકા જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ.૩૩૪.૯૩ લાખના ખર્ચે કુલ ૧૦૩૨ સાધનો મંજૂર કરેલ છે. |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ નગરપાલિકા દીઠ કુલ કેટલા સાધનો ફાળવેલ છે, | (૨) |

| ક્રમ | નગરપાલિકાનું નામ | ફાળવેલ સાધનો |
|---|---|---|
| ૧ | દ્વારકા | ૪૩૪ |

| | | |
|---|---|---|
| ૩ | ઓખા | ૩૦૧ |
| ૪ | ભાણવડ | ૨૦૩ |
| ૫ | સલાયા | ૩ |
| ૬ | જામરાવલ | ૩ |
| | કુલ | ૧૦૩૨ |

(૩) કેટલા સાધનો ફાળવવાના બાકી છે, અને

(૩) મંજૂર કરેલ બધા જ સાધનોની ફાળવણી થઈ ગયેલ હોઈ, હવે કોઈ સાધનો ફાળવવાના બાકી રહેતા નથી.

(૪) બાકી રહેતા સાધનો કયાં સુધીમાં ફાળવવામાં આવશે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### ભરૂચ જિલ્લામાં વારસાઈ હક્કની અરજી

* ૧૭૪૯૮ શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| ભરૂચ | ૨૧૨૪ |
| વાગરા | ૯૮૯ |
| આમોદ | ૪૯૬૮ |
| જંબુસર | ૩૪૭૧ |
| અંકલેશ્વર | ૧૩૧૧ |
| હાંસોટ | ૯૬૦ |
| ઝઘડીયા | ૧૫૪૯ |
| વાલીયા | ૭૬૯ |
| નેત્રંગ | ૨૪૫ |
| કુલ | ૧૬૩૮૬ |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી તથા કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| તાલુકાનું નામ | પાડવામાં આવેલ નોંધો | મંજુર કરવામાં આવેલ નોંધો | નામંજુર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|---|
| ભરૂચ | ૨૧૨૪ | ૧૮૨૮ | ૨૩૧ |
| વાગરા | ૯૮૯ | ૮૫૪ | ૫૯ |
| આમોદ | ૪૯૬૮ | ૪૯૬૬ | ૨ |
| જંબુસર | ૩૪૭૧ | ૩૦૩૯ | ૩૯૬ |
| અંકલેશ્વર | ૧૩૧૧ | ૯૯૬ | ૨૮૧ |
| હાંસોટ | ૯૬૦ | ૮૯૧ | ૨૯ |
| ઝઘડીયા | ૧૫૪૯ | ૧૪૫૭ | ૪૫ |
| વાલીયા | ૭૬૯ | ૭૨૧ | ૪૧ |
| નેત્રંગ | ૨૪૫ | ૨૩૯ | ૬ |
| કુલ | ૧૬૩૮૬ | ૧૪૯૯૧ | ૧૦૯૦ |

(૩) ના મંજૂર કરવાના કારણો શાં છે?

(૩) નિયમોનુસાર ન હોવાથી

### મોરબી જિલ્લા નગરપાલિકાઓમાં ભૂર્ગભ ગટર યોજના

* ૧૭૪૪૫ શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મોરબી જિલ્લામાં કઈ નગરપાલિકાને ભૂગર્ભ ગટર યોજનાઓને વહીવટી મંજૂરી આપવામાં આવેલ, અને

(૧) સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ મોરબી જિલ્લાની તમામ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજનાઓ અગાઉ મંજૂર કરી દેવાયેલ હોઈ, તા.૩૧–૧૨–૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મોરબી જિલ્લામાં કોઈ

નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજનાને મંજૂરી આપવામાં આવેલ નથી.

(૨) કુલ કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવી?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## અમદાવાદ જિલ્લામાં વારસાઈ હક્કની અરજી

* ૧૭૫૦૧ શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકો | આવેલ અરજીઓ |
|---|---|
| ઘાટલોડીયા | ૪૯૯ |
| વેજલપુર | ૩૯૯ |
| સાબરમતી | ૩૫૦ |
| અસારવા | ૨૩૮ |
| વટવા | ૫૬૨ |
| મણીનગર | ૩૬૮ |
| દસક્રોઈ | ૩૩૭૮ |
| સાણંદ | ૨૩૭૯ |
| વિરમગામ | ૨૧૭૫ |
| દેત્રોજ | ૧૫૪૬ |
| માંડલ | ૧૫૯૧ |
| ધોળકા | ૨૨૯૬ |
| બાવળા | ૧૨૭૫ |
| ધંધુકા | ૭૮૧ |
| ધોલેરા | ૬૬૫ |
| કુલ | ૧૮૫૦૨ |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી તથા કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| તાલુકો | પાડવામાં આવેલ નોંધો | મંજૂર કરેલ નોંધો | નામંજૂર કરેલ નોંધો |
|---|---|---|---|
| ઘાટલોડીયા | ૪૯૯ | ૩૮૯ | ૪૪ |
| વેજલપુર | ૩૯૯ | ૩૧૧ | ૩૫ |
| સાબરમતી | ૩૫૦ | ૨૭૪ | ૩૨ |
| અસારવા | ૨૩૮ | ૧૭૬ | ૩૧ |
| વટવા | ૫૬૨ | ૪૮૬ | ૫૪ |
| મણીનગર | ૩૬૮ | ૨૫૮ | ૨૫ |
| દસક્રોઈ | ૩૩૭૮ | ૨૯૭૮ | ૮૧ |
| સાણંદ | ૨૩૭૯ | ૨૦૭૨ | ૩૮ |
| વિરમગામ | ૨૧૭૫ | ૧૮૭૩ | ૩૦૨ |
| દેત્રોજ | ૧૫૪૬ | ૧૩૪૧ | ૮૦ |
| માંડલ | ૧૫૯૧ | ૧૨૫૦ | ૧૮૩ |
| ધોળકા | ૨૨૯૬ | ૧૯૦૭ | ૧૯૪ |
| બાવળા | ૧૨૭૫ | ૧૧૪૮ | ૧૯ |
| ધંધુકા | ૭૮૧ | ૭૧૩ | ૨૦ |
| ધોલેરા | ૬૬૫ | ૬૩૮ | ૨૭ |
| કુલ | ૧૮૫૦૨ | ૧૫૮૧૪ | ૧૧૬૫ |

(૩) નામંજૂર કરવાના કારણો શા છે ?

(૩) નિયમોનુસાર ન હોવાથી.

## છોટાઉદેપુર જિલ્લામાં હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી

* ૧૭૫૦૫ શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છોટાઉદેપુર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલી હક્કપત્રક નોંધો નિકાલ બાકી છે, અને | (૧) ૭૪૧. |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે ? | (૨) બનતી ત્વરાએ. |

### સુરત જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ

* ૧૭૪૯૭ શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) સુરત જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી, અને

(૧)

| તાલુકાનું નામ | આવેલ અરજીઓ |
|---|---|
| અડાજણ | ૩૭૧ |
| મજુરા | ૪૫૪ |
| પુણા | ૯૪ |
| કતારગામ | ૧૧૭ |
| ઉધના | ૧૦૧ |
| ઓલપાડ | ૩૫૩૦ |
| ચોર્યાસી | ૧૧૦૯ |
| કામરેજ | ૧૩૯૨ |
| પલસાણા | ૮૪૭ |
| માંડવી | ૨૩૪૯ |
| મહુવા | ૧૬૮૪ |
| માંગરોળ | ૧૪૬૨ |
| ઉમરપાડા | ૭૦૭ |
| બારડોલી | ૧૫૨૭ |
| કુલ | ૧૫૭૪૪ |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી ?

(૨)

| તાલુકાનું નામ | પાડવામાં આવેલ નોંધો | મંજૂર નોંધો | નામંજૂર નોંધો |
|---|---|---|---|
| અડાજણ | ૩૭૧ | ૩૪૮ | ૧૫ |
| મજુરા | ૪૫૪ | ૪૧૩ | ૩૪ |
| પુણા | ૯૪ | ૮૭ | ૦૬ |
| કતારગામ | ૧૧૭ | ૧૦૬ | ૦૯ |
| ઉધના | ૧૦૧ | ૯૨ | ૦૯ |
| ઓલપાડ | ૩૫૩૦ | ૩૩૧૧ | ૧૪૧ |
| ચોર્યાસી | ૧૧૦૯ | ૧૦૧૩ | ૯૬ |
| કામરેજ | ૧૩૯૨ | ૧૩૭૪ | ૧૩ |
| પલસાણા | ૮૪૭ | ૭૯૮ | ૪૧ |
| માંડવી | ૨૩૪૯ | ૨૨૮૬ | ૬૩ |
| મહુવા | ૧૬૮૪ | ૧૪૫૮ | ૨૧૭ |
| માંગરોળ | ૧૪૬૨ | ૧૩૯૯ | ૬૩ |
| ઉમરપાડા | ૭૦૭ | ૬૯૪ | ૧૩ |
| બારડોલી | ૧૫૨૭ | ૧૩૬૪ | ૧૬૦ |
| કુલ | ૧૫૭૪૪ | ૧૪૭૪૩ | ૮૮૦ |

### નર્મદા યોજના આધારિત બોટાદ બ્રાન્ચ કેનાલનું કામ

* ૧૭૧૩૦ ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા યોજના અંતર્ગત બોટાદ બ્રાન્ચ કેનાલ પૂર્ણ લંબાઈનું કામ તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ ક્યા તબક્કે | (૧) નર્મદા યોજના અંતર્ગત બોટાદ બ્રાન્ચ કેનાલની કુલ લંબાઈ ૧૦૯.૯૩૪ કી.મી. પૈકી તા.૩૧-૧-૨૦૧૫ની |

| | |
|---|---|
| છે, અને | સ્થિતિએ સાંકળ ૦.૦૦ થી ૬૨.૪૭૩ કી.મી. માં બાંધકામની કામગીરી પૂર્ણ થયેલ છે. જ્યારે સાંકળ ૬૨.૪૭૩ થી ૮૭.૫૯૪ કી.મી. માં નાળા–પુલીયાના કામ ચાલુ છે. અને સાંકળ ૮૭.૫૯૪ કી.મી. થી ૧૦૯.૯૩૪ કી.મી. માં વધારાના નાળા– પુલીયાના બાંધકામ સિવાયની કામગીરી પૂર્ણ થયેલ છે. |
| (૨) તે ક્યારે પૂર્ણ થશે ? | (૨) બોટાદ બ્રાન્ચ કેનાલની બાંધકામની કામગીરી વહેલીતકે પૂર્ણ કરવાનું આયોજન છે. |

વલસાડ જિલ્લામાં ઔદ્યોગિક વસાહતો

* ૧૬૫૭૯ શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં કેટલી ઔદ્યોગિક વસાહતો કાર્યરત છે, અને | (૧) ૮ (આઠ). |
| (૨) ઉકત સ્થિતિએ નવી ઔદ્યોગિક વસાહતો સ્થાપવા સરકારે શું આયોજન કરેલ છે ? | (૨) જમીન સંપાદન અંગે નવા કાયદાની સંભવિત અસરની ચકાસણી કરી વસાહતની પોષણક્ષમતાની બાબત અભ્યાસ હેઠળ છે. |

વડોદરા જિલ્લામાં બાગાયતી કિટસનું વિતરણ

* ૧૭૬૬૮ શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન કેટલા ખેડૂતોને વિનામૂલ્યે બાગાયતી કિટસનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૧૨૩૪૨ ખેડૂતો. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૫૨.૨૧ લાખ. |

ધરોઈ યોજનામાં સહભાગી જળસિંચાઈ વ્યવસ્થાપન હેઠળ વિસ્તાર

* ૧૭૧૩૫ શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ધરોઈ યોજનામાં સહભાગી જળસિંચાઈ વ્યવસ્થા (પી.આઈ.એમ.) હેઠળ કેટલો વિસ્તાર આવરી લેવામાં આવેલ છે, અને | (૧) ૮૧૬૭૦ હેકટર. |
| (૨) ધરોઈ યોજનામાં પી.આઈ.એમ. હેઠળ કેટલી મંડળીઓ કાર્યરત છે ? | (૨) ૩૦૯ |

કલોલ તાલુકાનાં ગામોને, માણસા તાલુકામાં સમાવેશ કરવા બાબત

* ૧૮૬૭૧ શ્રી અમિત ચૌધરી (માણસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાનાં ૧૭ જેટલા ગામો દ્વારા વહીવટી સરળતાના હેતુસર માણસા તાલુકામાં આ ગામોનો સમાવેશ કરવા અંગે કુલ કેટલી માંગણી કે રજૂઆતો મળી, અને | (૧) બે રજૂઆતો મળી. |
| (૨) તે અન્વયે થયેલ કાર્યવાહીની વિગતો શી છે ? | (૨) એક રજૂઆત પરત્વે નિર્ણય થઈ ગયેલ છે, જ્યારે બીજી રજૂઆત ચકાસણી હેઠળ છે. |

મહીસાગર જિલ્લા નગરપાલિકાઓનાં ઘન કચરા નિકાલનાં મંજૂર સાધનો

* ૧૭૪૮૩ શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર–ખાડિયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત મહીસાગર જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧– | (૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત મહીસાગર જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧– |

૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા સાધનો મંજૂર કરેલ છે,

૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ.૧૪૮.૪૩ લાખનાં ખર્ચે કુલ ૩૧૮ સાધનો મંજૂર કરેલ છે.

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ નગરપાલિકા દીઠ કુલ કેટલા સાધનો ફાળવેલ છે,

(૨)

| ક્રમ | નગરપાલિકાનું નામ | ફાળવેલ સાધનો |
|---|---|---|
| ૧ | બાલાસિનોર | ૪ |
| ૨ | લુણાવાડા | ૭ |
| ૩ | સંતરામપુર | ૩૦૭ |
| | કુલ | ૩૧૮ |

(૩) કેટલા સાધનો ફાળવવાના બાકી છે, અને

(૩) મંજૂર કરેલ બધા જ સાધનોની ફાળવણી થઈ ગયેલ હોઈ, હવે કોઈ સાધનો ફાળવવાના બાકી રહેતા નથી.

(૪) બાકી રહેતા સાધનો ક્યાં સુધીમાં ફાળવવામાં આવશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

સુરત જિલ્લામાં હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી

* ૧૭૫૦૩ શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલી હક્કપત્રક નોંધો નિકાલ બાકી છે, અને

(૧) ૧૮૯

(૨) આ બાકી નોંધોનો નિકાલ કયારે કરવામાં આવશે?

(૨) બનતી ત્વરાએ.

અમરેલી જિલ્લામાં ખરીફ પાકોને નુકશાન

* ૧૬૭૩૭ શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૪ની વરસાદી સિઝનમાં અનિયમિત અને ઓછા વરસાદના કારણે ખરીફ પાકોને નુકસાન થયેલ છે તે હકીકત સાચી છે,

(૧) ના, કોઈ નુકશાનીની ફરિયાદ કે રીપોર્ટ મળેલ નથી.

(૨) જો હા, તો કપાસ અને મગફળી ખરીફ પાકોમાં તાલુકાવાર સરેરાશ ઉત્પાદન કરતા કેટલું ઓછું ઉત્પાદન થયેલ છે,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

(૩) તે માટે પાક વિમો ચુકવવાપાત્ર થાય છે કે કેમ, અને

(૩) યોજનાની ગાઈડલાઈન મુજબ મગફળી પાક માટે ખરીફ ૨૦૧૪ ઋતુમાં અમરેલી જિલ્લામાં કુકાવાવ વડીયા, બગસરા અને ધારી તાલુકાઓમાં પાક વિમો ચુકવવાપાત્ર થાય છે.

કપાસ પાકના ખરીફ ૨૦૧૪ ઋતુના પાક કાપણી અખતરાના પત્રકો મેળવવાની કાર્યવાહી પ્રગતિમાં છે. વીમા કંપનીને ઉત્પાદનના આંકડા મોકલવાની નિયત સમય મર્યાદા તા. ૩૧–૭–૨૦૧૫ છે. ત્યાર બાદ એગ્રીકલ્ચરલ ઈન્સ્યોરન્સ કંપની ઓફ ઈન્ડિયા લી, દ્વારા પાક વિમાના દાવાની ગણતરી કરવામાં આવશે.

(૪) જો હા, તો પાક વીમો ક્યારે ચૂકવવામાં આવશે ?

(૪) મગફળી પાક માટે એગ્રીકલ્ચર ઈન્સ્યોરન્સ કંપની ઓફ ઈન્ડીયા લી. દ્વારા ચૂકવવાપાત્ર થતાં દાવા અંગે ચકાસણી પૂર્ણ કર્યા બાદ વહેલામાં વહેલી તકે પાક વિમાના દાવાનું ચૂકવણું કરવામાં આવશે.

મોરબી જિલ્લામાં હક્કપત્રક નોંધો નિકાલ બાકી

* ૧૭૫૦૭ શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) મોરબી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની

(૧) ૯૬૭

સ્થિતિએ કેટલી હક્કપત્રક નોંધો નિકાલ બાકી છે, અને

(૨) આ બાકી નોંધોનો નિકાલ કયારે કરવામાં આવશે? | (૨) બનતી ત્વરાએ.

## મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ

* ૧૭૮૬૫ પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય સહકાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લાઓમાં કેટલી ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ છે, અને | (૧) મહિસાગર જિલ્લામાં ૫ અને પંચમહાલ જિલ્લામાં ૭ બજાર સમિતિઓ છે. |
| (૨) તે પૈકી બંન્ને જિલ્લાઓમાં કેટલી સમિતિઓ કાર્યરત છે અને કેટલી બિનકાર્યરત છે ? | (૨) મહિસાગર જિલ્લામાં તમામ ૫ બજાર સમિતિઓ કાર્યરત છે અને પંચમહાલ જિલ્લામાં ૬ બજાર સમિતિઓ કાર્યરત છે અને ૧ બજાર સમિતિ બિનકાર્યરત છે. |

## દાહોદ જિલ્લામાં પોલીસનું મંજૂર મહેકમ

* ૧૬૬૩૨ શ્રી મિતેશભાઇ ક. ગરાસીયા(ઝાલોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં પોલીસનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, (૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) અને (૨) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લાનું પોલીસનું સંવર્ગવાર મંજુર થયેલ, ભરાયેલ અને ખાલી મહેકમ નીચે મુજબ છેઃ– |

| સંવર્ગ | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| પોલીસ ઇન્સ્પેકટર | ૭ | ૬ | ૧ |
| પી.એસ.આઇ. | ૪૨ | ૩૫ | ૭ |
| એ.એસ.આઇ. | ૧૫૩ | ૧૧૪ | ૩૯ |
| હેડ કોન્સ્ટેબલ | ૨૪૦ | ૧૫૮ | ૮૨ |
| પોલીસ કોન્સ્ટેબલ | ૮૬૨ | ૬૧૧ | ૨૫૧ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) આવી ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૩) ભરતી કેલેન્ડર મુજબ કોન્સ્ટેબ્યુલરીમાં સીધી ભરતીની પ્રક્રિયા હાલ ચાલુ છે. વહીવટી જરૂરીયાત મુજબ અને અનુકુળતા અનુસાર વહીવટી પ્રક્રિયાઓ અનુસરીને સમયાંતરે ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે. |

## ઉકાઈ જમણા કાંઠા ગોડધા લીન્ક કેનાલની મંજુરી

* ૧૭૦૯૧ શ્રી આંનદભાઇ ચૌધરી (માંડવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ઉકાઈ જમણા કાંઠા ગોડધા લીન્ક કેનાલની વહીવટી મંજૂરી ક્યારે આપવામાં આવી, અને | (૧) તા. ૧૭–૧૧–૧૯૯૭ અને સુધારેલ વહીવટી મંજુરી તા. ૨૨–૧૧–૨૦૧૩ |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી રકમ મંજૂર થઈ અને કેટલા સમયમાં કામ પૂર્ણ થશે ? | (૨) વર્ષ ૨૦૧૪–૧૫ માં રૂ. ૯૦.૦૦ લાખની જોગવાઈ થયેલ છે. મોજણી અને સંશોધનની કામગીરી પ્રગતિ હેઠળ છે. જે પૂર્ણ થયેથી શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરી મંજૂરી મેળવી શક્ય તેટલી વહેલી કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે. |

## સુરત જિલ્લામાં બાગાયતી કિટસનું વિતરણ

* ૧૭૬૬૭ શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન કેટલા ખેડૂતોને વિનામૂલ્યે બાગાયતી કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૬૭૫૪ ખેડૂતો. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૨૫.૨૮ લાખ. |

વડોદરા જિલ્લામાં રાયપનીંગ ચેમ્બર

* ૧૭૬૬૬ શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં સરકાર દ્વારા સહાયિત કેટલા રાયપનીંગ ચેમ્બર છે, અને | (૧) ૨ (બે) |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) શૂન્ય |

નર્મદા જિલ્લામાં વારસાઈ હક્કની અરજી

* ૧૭૪૯૯ શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) નર્મદા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | આવેલ અરજીઓ |
|---|---|
| નાંદોદ | ૧૯૦૪ |
| ગરૂડેશ્વર | ૫૬૭ |
| તિલકવાડા | ૧૦૨૬ |
| દેડિયાપાડા | ૧૪૭૫ |
| સાગબારા | ૧૦૭૯ |
| કુલ | ૬૦૫૧ |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી તથા કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૨)

| તાલુકાનું નામ | પાડવામાં આવેલ નોંધો | મંજૂર નોંધો | ના મંજુર નોંધો |
|---|---|---|---|
| નાંદોદ | ૧૯૦૪ | ૧૭૧૪ | ૬૭ |
| ગરૂડેશ્વર | ૫૬૭ | ૪૬૯ | ૬૦ |
| તિલકવાડા | ૧૦૨૬ | ૯૨૫ | ૭૯ |
| દેડિયાપાડા | ૧૪૭૫ | ૧૪૪૬ | ૧૨ |
| સાગબારા | ૧૦૭૯ | ૧૦૫૦ | ૧૩ |
| કુલ | ૬૦૫૧ | ૫૬૦૪ | ૨૩૧ |

(૩) નામંજુર કરવાના કારણો શાં છે ? — (૩) નિયમોનુંસાર ન હોવાથી

ખેડા જિલ્લા નગરપાલિકાઓમાં ઘન કચરા નિકાલના મંજૂર સાધનો

* ૧૭૧૨૪ શ્રી કેસરસિંહ જે. સોલંકી (માતર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત ખેડા જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા સાધનો મંજૂર કરેલ છે. | (૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત ખેડા જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ.૬૫૩.૫૩ લાખના ખર્ચે કુલ ૫૭૪૩ સાધનો મંજૂર કરેલ છે. |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ નગરપાલિકા દીઠ કુલ કેટલા સાધનો ફાળવેલ છે.

(૨)

| ક્રમ | નગરપાલિકાનું નામ | ફાળવેલ સાધનો |
|---|---|---|
| ૧. | ઠાસરા | ૦૩ |
| ૨. | કઠલાલ | ૨૯૯ |
| ૩. | કણઝરી | ૨૨૨ |
| ૪. | ચકલાસી | ૨૨૫ |
| ૫. | ડાકોર | ૧૬૦૦ |

| | | |
|---|---|---|
| ૭. | ખેડા | ૩૦૯ |
| ૮. | મહુધા | ૨૮૫ |
| ૯. | મહેમદાવાદ | ૨૬૦ |
| ૧૦ | નડીયાદ | ૨૫૩૬ |
| | કુલ | ૫૭૪૩ |

(૩) કેટલા સાધનો ફાળવવાના બાકી છે, અને

(૩) મંજૂર કરેલ બધા જ સાધનોની ફાળવણી થઇ ગયેલ હોઇ, હવે કોઇ સાધનો ફાળવવાના બાકી રહેતા નથી.

(૪) બાકી રહેતા સાધનો ક્યાં સુધીમાં ફાળવવામાં આવશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ભરૂચ જિલ્લામાં પોલીસ ખાતાનાં રહેણાંક મકાનો

* ૧૭૧૩૭ શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ભરૂચ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, અને

(૨) આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવનાર છે?

જવાબ

(૧) ૪૮ (અડતાલીસ)

(૨) કુલ રૂ઼ા. ૪૮૦.૪૬ લાખ.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ–૨૦૧૧ અન્વયે બનાસકાંઠા જિલ્લામાં ઉદ્યોગ સાહસિકોને જમીન

* ૧૮૫૯૩ શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સને ૨૦૧૧ના વર્ષમાં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં બનાસકાંઠા જિલ્લામાં એમ.ઓ.યુ. કરનારા કેટલા ઉદ્યોગ સાહસિકોને તા. ૩૧ ડીસેમ્બર ૨૦૧૪ની સ્થિતિએ જમીન પૂરી પાડવામાં આવી,

(૨) કેટલા ઉદ્યોગ સાહસિકોએ જમીનનો કબજો લઈ લીધા પછી ઉદ્યોગો સ્થાપ્યા નથી અને જમીનનો ગેરકાનૂની કબજો પોતાની પાસે રાખ્યો છે,

(૩) કેટલા ઉદ્યોગ સાહસિકોએ રાજ્ય સરકારે આપેલ જમીન ત્રાહિત પાર્ટીને ઉંચી કિંમતે વેચી દીધી છે, અને

(૪) જમીનનો કબજો લઈને ઉદ્યોગ ન સ્થાપનારા તથા જમીનને વેચી દેનારા ઉદ્યોગ સાહસિકો પાસેથી જમીનના કબજા પરત લેવા શી કાર્યવાહી થઈ છે?

જવાબ

(૧) એક પણ નહીં

(૨), (૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટમાં એમ.ઓ.યુ.

* ૧૬૫૮૭ શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૧૫ની સ્થિતિએ ૨૦૧૧ અને ૨૦૧૩ના વર્ષમાં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં કુલ કેટલાં અને કયા કયા ઉદ્યોગો માટે કેટલી રકમના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા ઔદ્યોગિક એકમોએ ઉત્પાદન શરૂ કર્યુ અને કેટલા એકમોએ ઉત્પાદન શરૂ કરવાનું બાકી છે, અને

જવાબ

(૧) સને ૨૦૧૧માં કુલ રૂ. ૨૦૮૩૧૮૨.૭૨ કરોડના સૂચિત મુડીરોકાણના એમ.ઓ.યુ. અને સને ૨૦૧૩માં કુલ ૧૭૭૧૯ પ્રોજેક્ટ માટે ૧૭૭૧૯ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર થયેલ. જેમાં સૂચિત મુડીરોકાણની વિગતો ધ્યાને લેવામાં આવેલ નથી. સેકટરવાર માહિતી અનુક્રમેઃ*પત્રક ''અ'' અને *પત્રક ''બ'' મુજબ છે.

(૨) સને ૨૦૧૧માં થયેલ એમ.ઓ.યુ. પૈકી ૩૬૯૩ પ્રોજેકટ ઉત્પાદનમાં ગયેલ છે. ૮૦૫ પ્રોજેકટ અમલીકરણ હેઠળ તથા ૭૮૫ પ્રોજેકટ પ્રાથમિક તબક્કામાં છે.

સને ૨૦૧૩માં મંજૂર થયેલ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પૈકી ૯૧૬૨ પ્રોજેકટ ઉત્પાદનમાં ગયેલ છે. ૨૧૪૨ પ્રોજેકટ

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| | અમલીકરણ હેઠળ તથા ૨૪૩૨ પ્રોજેકટ પ્રાથમિક તબક્કામાં છે. |
| (૩) બાકી એકમોએ લાંબા સમય સુધી ઉત્પાદન ન કરેલ હોય તો સરકારે કોઈ પગલા લીધા હોય તો તેની વિગતો શી શી છે? | (૩) એમ.ઓ.યુ. કરનાર રોકાણકાર ઉત્પાદન વિલંબથી કરે અથવા ન કરે તો તેની સામે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

મહીસાગર અને ખેડા જિલ્લામાં પોલીસ કોન્સ્ટેબલોને નિયમિત પગાર ધોરણમાં નિમણૂંક આપવા બાબત

* ૧૭૮૪૯ શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર અને ખેડા જિલ્લામાં ફરજ બજાવતાં કેટલા પોલીસ કોન્સ્ટેબલોની ફિક્સ પગારમાં પાંચ વર્ષની મુદત પૂર્ણ થયા બાદ નિયમિત પગાર ધોરણમાં નિમણૂંક આપવામાં આવી, અને | (૧) મહિસાગર કુલઃ ૬૨<br>ખેડા કુલઃ ૧૯૧ |
| (૨) કેટલા કોન્સ્ટેબલોને પાંચ વર્ષની મુદત પૂર્ણ થવા છતાં નિયમિત પગાર ધોરણમાં નિમણૂંક આપવામાં આવી નથી? | (૨) મહિસાગર જિલ્લામાં એકને નિયમિત પગાર ધોરણામાં નિમણૂંક આપવામાં આવી નથી. |

દાંતીવાડા અને શીપુ ડેમ, નર્મદાનાં પાણીથી ભરવા બાબત

* ૧૬૫૯૨ શ્રી ગોવાભાઇ રબારી(ડીસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા અને સીપુ ડેમમાં નર્મદાના પાણીથી ભરવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને | (૧) દાંતીવાડા જળાશયઃ<br>(૧)ચાંગાથી દાંતીવાડા જળાશય સુધીની પાઇપલાઇન યોજનામાં સેકશન–૧ ચાંગાથી રામપુરા (ખીમાણા) તથા સેકશન–૨ રામપુરા (ખીમાણા)થી ભડથ સુધીની કામગીરી પૂર્ણ કરી યોજના કાર્યાન્વિત થયેલ છે. સેકશન–૩ ભડથથી દાંતીવાડા ડેમ સુધીની કામગીરીમાં આરક્ષિત વન વિસ્તારની મંજૂરી ફેબ્રુઆરી, ૨૦૧૫માં મળતાં કામગીરી પ્રગતિમાં છે.<br>(૨) કસરાથી દાંતીવાડા જળાશય પાઇપલાઇન યોજના સર્વેક્ષણના તબક્કે છે.<br>સીપુ જળાશયઃ<br>થરાદથી સીપુ જળાશય પાઇપલાઇન યોજના સર્વેક્ષણના તબક્કે છે. |
| (૨) આ કામગીરી કેટલા સમયમાં પૂર્ણ થશે? | (૨) દાંતીવાડા જળાશયઃ<br>(૧)ચાંગાથી દાંતીવાડા જળાશય (ભડથ) સુધીની પાઇપલાઇન યોજના કાર્યાન્વિત થયેલ છે. સેકશન–૩ ભડથથી દાંતીવાડા ડેમ સુધીની કામગીરી પ્રગતિમાં છે. જે ટૂંક સમયમાં પૂર્ણ કરી દાંતીવાડા જળાશયમાં પાણી નાખવાનું આયોજન છે.<br>(૨) કસરાથી દાંતીવાડા જળાશય પાઇપલાઇન યોજના માટે ટેકનો–ઈકોનોમીક સર્વેક્ષણની કામગીરી પ્રગતિમાં છે.<br>સીપુ જળાશયઃ<br>થરાદથી સીપુ જળાશય પાઇપલાઇન યોજના માટે ટેકનો–ઈકોનોમીક સર્વેક્ષણની કામગીરી પ્રગતિમાં છે.<br>ઉપર્યુક્ત બન્ને કામગીરીઓ મંજુર થયેથી ત્રણ વર્ષ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

અરવલ્લી જિલ્લામાં નાની–મધ્યમ અને મોટી સિંચાઈ યોજના

* ૧૮૪૨૪ શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

તા.૧૮મી માર્ચ, ૨૦૧૬
અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં કેટલી નાની, મધ્યમ અને મોટી સિંચાઈ યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) તા. ૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નાની, મધ્યમ અને મોટી સિંચાઈ યોજના મંજુર કરવામાં આવેલ નથી, પરંતુ ૧૦ બૃહદ ચેકડેમો, ૨૯૨ નાના ચેકડેમો અને ૨૧ નાના-મોટા તળાવો ઉંડા કરી જળસંચયની કામગીરી કરવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે કઈ યોજનાઓના કામો શરૂ થયા અને કેટલાનાં કામો બાકી છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

ગણદેવી તાલુકાના વલોટી ગામ ખાતે પૂર સંરક્ષણની કામગીરી

* ૧૭૧૩૧ શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં ગણદેવી તાલુકાની મોજે ગામ વલોટી ખાતે વેંગણીયા ખાડી અંબિકા નદીને મળે તે સ્થળે પૂરથી થતાં ધોવાણ સામે પૂર સંરક્ષણ કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે, કે કેમ | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામગીરી ક્યાં તબક્કે છે, | (૨) આ કામના ઈજારદાર નક્કી કરી તા. ૧૩-૨-૨૦૧૫ના રોજ વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. |
| (૩) આ કામગીરી માટે કુલ કેટલો ખર્ચ થવાના અંદાજ છે, અને | (૩) રૂ. ૫૫.૨૫ લાખ |
| (૪) આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે? | (૪) શક્ય તેટલું વહેલું. |

કચ્છ જિલ્લામાં વારસાઈ હક્કની અરજી

* ૧૭૫૦૨ ડાૅ. નીમાબેન આર્ચાય (ભુજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકો | આવેલ અરજીઓ |
|---|---|
| ભુજ | ૧૫૩૯ |
| માંડવી | ૮૩૪ |
| મુંદરા | ૮૩૮ |
| અંજાર | ૯૧૫ |
| ગાંધીધામ | ૧૧૯ |
| ભચાઉ | ૨૧૪૨ |
| રાપર | ૨૮૧૯ |
| નખત્રાણા | ૯૯૫ |
| નલીયા | ૧૭૭૯ |
| લખપત | ૪૩૨ |
| કુલ | ૧૨૪૧૨ |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી તથા કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૨)

| તાલુકો | પાડવામાં આવેલ નોંધો | મંજુર કરેલ નોંધો | નામંજુર કરેલ નોંધો |
|---|---|---|---|
| ભુજ | ૧૫૩૯ | ૧૨૬૭ | ૨૪૧ |
| માંડવી | ૮૩૪ | ૭૫૯ | ૬૭ |
| મુંદરા | ૮૩૮ | ૬૮૪ | ૧૪૨ |
| અંજાર | ૯૧૫ | ૭૩૨ | ૧૬૧ |
| ગાંધીધામ | ૧૧૯ | ૯૭ | ૨૧ |
| ભચાઉ | ૨૧૪૨ | ૧૬૫૪ | ૪૭૬ |

| | | | |
|---|---|---|---|
| રાપર | ૨૮૧૯ | ૨૪૯૭ | ૩૧૮ |
| નખત્રાણા | ૯૯૫ | ૮૯૯ | ૯૨ |
| નલીયા | ૧૭૭૯ | ૧૪૧૧ | ૩૪૮ |
| લખપત | ૪૩૨ | ૪૦૨ | ૨૯ |
| કુલ | ૧૨૪૧૨ | ૧૦૪૦૨ | ૧૮૯૫ |

(૩) નામંજુર કરવાના કારણો શાં છે?

(૩) નિયમોનુસાર ન હોવાથી

## રાજ્યના સેશન્સ જજો દ્વારા જેલોની મુલાકાત અને મળેલ રજૂઆતો

* ૧૪૫૮૩ ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યની દરેક જેલો ખાતે સંબંધિત સેસન્સ જજે દરેક મહિનામાં બે વખત જેલની મુલાકાત લઈ કેદીઓની ફરીયાદો સાંભળવાની હોય છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો અમદાવાદ, વડોદરા અને સુરતની જેલોમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સંબંધિત સેસન્સ જજોએ મહીનાવાર કેટલી મુલાકાતો લઈ કેદીઓની ફરીયાદો સાંભળી,

(૩) આ મુલાકાતોમાં કેદીઓની કેવા પ્રકારની ફરિયાદો સાંભળવા મળી, અને

(૪) ઉક્ત જેલોમાં સેસન્સ જજોએ નિયમિત રીતે મુલાકાતો લીધી ન હોય તો તે માટે જેલ તંત્રએ સક્ષમ સત્તાધિકારી સમક્ષ શી રજુઆતો કરી?

જવાબ

(૧) ના, જી. જેલ મુલાકાતી બોર્ડના સભ્યશ્રીઓ દ્વારા વારાફરતી જેલની અઠવાડિક મુલાકાત લેવાની રહે છે.

(૨) અમદાવાદ, વડોદરા અને સુરતની જેલોમાં છેલ્લા બે વર્ષમાં સંબંધિત સેશન્સ જજોએ લીધેલ મુલાકાતની વિગતો આ સાથેના પત્રક મુજબ સામેલ છે.

| ૨૦૧૪ | ૧૫૪ |
| કુલ | ૩૦૨૨ |

(૨) આવા કેસોને ઝડપથી નિકાલ કરવા માટે સરકારે શું કાર્યવાહી કરી ?

(૨) કેસોનો ઝડપી નિકાલ થાય તે માટે રાજ્ય સરકારે ટ્રીબ્યુનલમાં બે સભ્યની બનેલી એક એવી ૨(બે) બેન્ચની રચના કરેલ છે. ટ્રીબ્યુનલમાં હાલ ન્યાયીક સેવાના નિવૃત્ત ન્યાયાધીશ પૈકી ૧ પ્રમુખ અને ૧ સભ્ય તરીકે અને ૧ સહકાર ખાતાના નિવૃત્ત અધિક રજીસ્ટ્રાર સભ્ય તરીકે ફરજ બજાવી રહ્યા છે અને સભ્યની ૧ ખાલી પડેલ જગ્યા પર નિમણૂંક આપવા માટે સહકાર ખાતાના ૧ નિવૃત્ત સંયુક્ત રજીસ્ટ્રારને નિમણૂંક આપવાની કાર્યવાહી ચાલુ છે.

## રાજ્યનાં કપાસ પકવતાં ખેડૂતોને રાહત પેકેજ

* ૧૬૯૯૭ શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં કપાસ પકવતાં ખેડૂતોને પુરતા પોષણક્ષમ ભાવો ન મળતા રાજ્ય સરકાર તરફથી રાહત પેકેજ આપવામાં આવેલ છે તે

જવાબ

(૧) હા, જી.

હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ રાહત પેકેજની વિગતો શી છે અને ખેડૂતોને તેનો લાભ ક્યારથી આપવામાં આવશે ?

(૨) ગુજરાતના જે ખેડૂતોએ બેંકોમાંથી ટૂંકા ગાળાનું પાક ધિરાણ મેળવેલ છે તે ખેડૂતોને ૫૦% વ્યાજ સહાય તેમજ ખેડૂતોના સિંચાઇ માટેના વીજ જોડાણોના વીજ બીલોમાં ૫૦% રાહત આપવા અનુક્રમે રૂ.૬૦૦ કરોડ અને રૂ.૫૦૦ કરોડ મળી કુલ રૂ.૧૧૦૦ કરોડનું સહાય પેકેજ તા.૧૫-૧૨-૨૦૧૪ ના રોજ મંજુર કરેલ છે. જેનો લાભ ખેડૂતોને આપવાની કાર્યવાહી ટૂંક સમયમાં કરવામાં આવશે.

વાંકાનેર નગરપાલિકાની હદ વધારવા કરેલ દરખાસ્ત

* ૧૭૪૪૬ શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મોરબી જિલ્લાની વાંકાનેર નગરપાલિકાની હદ વધારવા માટે સરકારમાં કોઇ દરખાસ્ત કરેલ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો નગરપાલિકાની દરખાસ્ત સામે કોઇ વાંધો કે સુચન આવેલ છે કે કેમ, અને | (૨) વાંધા સુચનો મંગાવવાની જોગવાઇ ન હોય મંગાવાના રહેતા નથી. |
| (૩) જો હા, તો નગરપાલિકાની હદની આજુબાજુ આવેલ ઓ.જી. વિસ્તારને નગરપાલિકાની હદમાં સમાવેશ કરવા સરકારશ્રીએ નગરપાલિકાને સુચના આપવા માંગે છે કે કેમ ? | (૩) ખંડ-૨ ની વિગતે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

બોટાદ શહેર ફરતે વૈકલ્પિક બાયપાસ યોજના

* ૧૭૭૭૯ ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ બોટાદ શહેરને ફરતે વૈકલ્પિક બાયપાસ કરવાની કોઇ યોજના અમલમાં છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ કામ ક્યારે શરૂ થશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

વલસાડ જિલ્લામાં પાક વિમા

* ૧૬૬૨૦ શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલી રકમના પાક વિમા મંજુર કરવામાં આવ્યા અને કેટલી રકમ ચૂકવાઇ, અને | (૧) ખેડૂતોએ પ્રિમિયમ ભરેલ ન હોવાથી, મંજુર કરવાનો અને ચૂકવવાનો પ્રશ્ન રહેતો નથી. |
| (૨) બાકી પાક વિમાની રકમ કેટલા સમયમાં ચૂકવાશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

મહેસાણા જિલ્લામાં ફુલપાક માટે સહાય

* ૧૭૬૫૫ શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં ફુલપાક નવા વાવેતર માટે સહાયની યોજના છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) સરકાર દ્વારા આ જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ આ યોજના હેઠળ કેટલા ખેડૂતોને સહાય ચૂકવેલ છે ? | (૨) શૂન્ય. |

અમરેલી અને કુંકાવાવ-વડિયા તાલુકામાં ગામ તળાવ ઊંડા કરવા બાબત

* ૧૬૭૩૮ શ્રી પરેશ ધાનાણી(અમરેલી) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી અને કુંકાવાવ-વડીયા તાલુકાનાં કેટલા ગામો ખાતે કુલ કેટલા ગામ તળાવને કુલ કેટલી રકમના ખર્ચે ઊંડા | (૧) કુલ ૩૧ ગામોના ૩૨ ગામતળાવોને કુલ ૨૨૫.૪૮ લાખના ખર્ચે ઊંડા ઉતારવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. |

ઉતારવાની કાર્યવાહી કરવામાં આવેલ છે,

(૨) ઉપરોક્ત સ્થિતિએ ક્યાં ગામોની ગામતળાવ ઊંડા ઉતારવાની દરખાસ્ત પડતર છે, અને

(૨) સામેલ *પત્રક-૧ ની વિગતે ગામતળાવ ઊંડા ઉતારવાની પર (બાવન) દરખાસ્ત પડતર છે.

(૩) ઉપરોક્ત પડતર દરખાસ્તોને જરૂરી સૈધ્ધાંતિક, તાંત્રિક અને વહીવટી મંજુરી કેટલા સમયમાં આપવામાં આવશે?

(૩) નાણાંકીય ઉપલબ્ધી અનુસાર મંજુરીઓ આપવામાં આવશે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

મહીસાગર જિલ્લામાં પશુ દવાખાના

* ૧૭૮૬૬ પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં કેટલા પશુ દવાખાનાઓ છે,

(૨) આ પશુ દવાખાનાઓમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે, અને

(૩) મંજૂર થયેલ મહેકમ અન્વયે સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ સંવર્ગવાર ખાલી છે તથા આ ખાલી જગ્યાઓ ક્યાં સુધી ભરવામાં આવશે ?

જવાબ

(૧) ૧૮.

(૨) પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ : ૧૩ જગ્યાઓ
ડ્રેસર વર્ગ-૪ : ૦૪ જગ્યાઓ
પટાવાળા/એટેંડંટ/એટેંડંટ કમ ડ્રેસર વર્ગ-૪ : ૦૮ જગ્યાઓ

(૩) પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ ની ૦૮ જગ્યાઓ ભરાયેલ છે અને ૦૫ જગ્યાઓ ખાલી છે, ડ્રેસર વર્ગ-૪ની ૦૪ જગ્યાઓ ભરાયેલ છે અને ૦૧ જગ્યા ખાલી છે પટાવાળા/એટેંડંટ/એટેંડંટ કમ ડ્રેસર વર્ગ-૪ ની ૦૪ જગ્યાઓ ભરાયેલ છે અને ૦૪ જગ્યાઓ ખાલી છે.

પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ ની જગ્યાઓ ભરવા માટે સરકારશ્રીએ ૧૦ વર્ષિય ભરતી કેલેંડર તૈયાર કરેલ છે. આ ભરતી કેલેંડર મુજબ વહીવટી પ્રક્રિયા પુર્ણ થયેથી તેમજ ગુજરાત જાહેર સેવા આયોગ મારફત ઉમેદવારો ઉપલબ્ધ થયેથી પશુચિકિત્સા અધિકારીની ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન છે.

ડ્રેસર અને પટાવાળા/એટેંડંટ/એટેંડંટ કમ ડ્રેસર વર્ગ-૪ ની સેવાઓ જિલ્લા પંચાયત મારફતે આઉટસોર્સથી લેવામાં આવે છે.

દાહોદ જિલ્લામાં ખેડૂત અકસ્માત વિમા યોજના

* ૧૬૬૩૪ શ્રી મિતેશભાઇ ક. ગરાસીયા(ઝાલોદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

જવાબ

(૧) દાહોદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | દાહોદ | ૪૭ |
| ૨ | ગરબાડા | ૧૭ |
| ૩ | ઝાલોદ | ૫૧ |
| ૪ | ફતેપુરા | ૨૫ |
| ૫ | લીમખેડા | ૪૬ |
| ૬ | ધાનપુર | ૧૮ |
| ૭ | દેવગઢ બારીયા | ૨૧ |
| ૮ | સંજેલી | ૩ |

| | | કુલ | ૨૨૮ |
|---|---|---|---|

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૩) અરજીઓ નામંજૂર કરવાના કારણો શા છે ?

(૨) મંજૂર – ૪૩
નાંજૂર – ૩૭.

(૩)

| અ. નં. | નામંજૂરના કારણો | અરજીની સંખ્યા |
|---|---|---|
| ૧ | કુદરતી મૃત્યુ હોવાથી | ૧ |
| ૨ | હાર્ટ એટેકના કારણે મૃત્યુ થયેલ હોવાથી | ૧ |
| ૩ | પોલીસ કર્મચારી વીમા યોજનામાં લાભ લીધેલ હોવાથી | ૧ |
| ૪ | ખાતેદાર ખેડૂત ન હોવાથી | ૬ |
| ૫ | સમય મર્યાદા બહાર અરજી કરેલ હોવાથી | ૧૯ |
| ૬ | મૃતક ખાતેદાર ખેડૂતના પ્રથમ હયાત વારસદાર (પુત્ર/પુત્રી) ન હોવાથી | ૩ |
| ૭ | આત્મહત્યા કરેલ હોવાથી | ૧ |
| ૮ | અસ્થિર મગજના હોવાને કારણે | ૧ |
| ૯ | મૃતક ખાતેદાર ખેડૂતની ઉંમર ૭૦ વર્ષ કરતા વધુ હોવાથી | ૨ |
| ૧૦ | ૭–૧૨, ૮–અ, ગામ નં.–૬, એફ.આઇ.આર. પીએમ રીપોર્ટ વગેરે ધરાવતા ન હોવાથી | ૨ |
| | કુલ | ૩૭ |

ગુજરાત કો.ઓપરેટીવ સોસાયટી એક્ટ–૧૯૬૧ની સુધારેલ કલમ–૭૪ના અમલીકરણ બાબત

* ૧૭૦૯૨ શ્રી આંનદભાઇ ચૌધરી (માંડવી) : માનનીય સહકાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧–૧–૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગુજરાત કો.ઓપરેટીવ સોસાયટી એક્ટ–૧૯૬૧ની સુધારેલ કલમ–૭૪ના પાલન તેમજ અમલીકરણ અંગે રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી?

જવાબ

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧માં ૨૦૧૩માં થયેલ સુધારા કે જેમાં કલમ–૭૪નો પણ સમાવેશ થાય છે. તે તા. ૧૫–૪–૨૦૧૩ના રાજ્ય સરકારના ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ હતા. જેની નકલ અમલીકરણ અર્થે રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા તા. ૩૦–૪–૨૦૧૩ થી સંબંધિત કચેરીઓને મોકલી આપવામાં આવેલ છે. અને તેનો ચુસ્તપણે અમલ કરવા જણાવવામાં આવેલ છે.

ખેડા જિલ્લામાં ટીસ્યુકલ્ચર લેબૉરેટરી

* ૧૭૬૬૨ શ્રી કેસરસિંહ જે. સોલંકી (માતર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ટીસ્યુકલ્ચર લેબૉરેટરીની સ્થાપના માટે સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ,

(૨) જો હા, તો ખેડા જિલ્લામાં સરકાર દ્વારા સહાયિત કેટલી ટીસ્યુકલ્ચર લેબૉરેટરી છે, અને

(૩) તે માટે વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ આ જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે?

જવાબ

(૧) હા, જી.

(૨) ૧ (એક)

(૩) શૂન્ય.

રાજ્યમાં ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડની પુન: રચના

* ૧૮૫૯૪ શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યમાં ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડની તા. ૩૦–૧૧–૨૦૧૩ના રોજ પૂન:રચના કરવાના હુકમો થયા પછી આ બોર્ડના બંધારણ મુજબ તા. ૧૫–૨–૨૦૧૫ની

જવાબ

(૧) તા. ૩૦–૧૧–૨૦૧૩ની પુન:રચનાના ઠરાવમાં બોર્ડના હોદ્દેદારો અને સભ્યોની હોદ્દાનુ જોગ નિમણૂંક કરવામાં આવેલ છે.

સ્થિતિએ કોઈ પણ હોદેદારોની નિમણૂંક રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો બોર્ડના હોદેદારોની નિમણૂંક સરકાર દ્વારા ન થતા બોર્ડનું કોઈપણ પ્રકારનું કામ શરૂ કરી શકાયું નથી તે ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ,

(૩) જો હા, તો બોર્ડના હોદેદારોની લાંબો સમય સુધી સરકાર દ્વારા નીમણૂંક ન કરવાના શા કારણો છે, અને

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) તેની નિમણૂંક ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે?

(૪) ખંડ–૧ મુજબ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## રાજકોટ જિલ્લામાં ખોટા આધારથી બનેલ ખેડૂતો

* ૧૬૫૮૮ શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૧૫ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ખોટા આધારો સાથે કેટલા ખેડૂતો ખાતેદાર બનવાના પ્રકરણો/કિસ્સાઓ સરકારના ધ્યાને આવ્યા, અને

(૨) ખોટા આધારો સાથે બનેલા ખાતેદાર બનાવાયેલા ખેડૂતો માટે સરકારે જવાબદાર અધિકારીઓ સામે શાં પગલાં ભર્યા?

**જવાબ**

(૧) રાજકોટ (શહેર) માં ૨ કેસ
રાજકોટ તાલુકામાં ૩ કેસ
કોટડા સાંગાણીમાં ૨ કેસ
લોધીકામાં ૧ કેસ
કુલ ૮ કેસ.

(૨) કેસો ચકાસણી હેઠળ હોઈ હાલ પગલા લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## ખેડા અને મહીસાગર જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા અરજીઓ

* ૧૭૮૫૦ શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર ખેડૂત ખાતેદારોની અકસ્માત વીમા યોજના હેઠળ કેટલી અરજીઓ સરકારને મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજુર કરવામાં આવી, અને

(૩) અરજીઓ નામંજુર કરવાના કારણો કયા?

**જવાબ**

(૧)

| ખેડા અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ નીચે મુજબ છે. | | | | | |
|---|---|---|---|---|---|
| ખેડા જિલ્લો | | | મહીસાગર જિલ્લો | | |
| અ. નં. | તાલુકાનું નામ | કુલ | અ. નં. | તાલુકાનું નામ | કુલ |
| ૧ | નડીયાદ | ૨૬ | ૧ | લુણાવાડા | ૫૩ |
| ૨ | મહુધા | ૨૩ | ૨ | કડાણા | ૧૩ |
| ૩ | ખેડા | ૨૬ | ૩ | ખાનપુર | ૨૩ |
| ૪ | મહેમદાવાદ | ૩૦ | ૪ | સંતરામપુર | ૨૩ |
| ૫ | માતર | ૨૨ | ૫ | બાલાસિનોર | ૧૯ |
| ૬ | કપડવંજ | ૪૧ | ૬ | વીરપુર | ૮ |
| ૭ | કઠલાલ | ૩૫ | – | – | – |
| ૮ | ઠાસરા | ૪૫ | – | – | – |
| | કુલ | ૨૪૮ | | કુલ | ૧૩૯ |

(૨) મંજુર–૧૮૩
નામંજુર–૩૪

(૩)

| અ. નં. | અરજી નામંજૂર કરવાના કારણો | અરજીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખાતેદાર ખેડૂત ન હોવાથી | ૨ |
| ૨ | મૃતક ખાતેદાર ખેડૂતના પ્રથમ વારસદાર (પુત્ર/પુત્રી) ન હોવાથી | ૧૩ |
| ૩ | કુદરતી મૃત્યુ | ૪ |
| ૪ | મૃતક ખાતેદાર ખેડૂતની ઉંમર ૭૦ વર્ષ | ૬ |

| | | |
|---|---|---|
| | કરતાં વધુ હોવાથી | |
| ૫ | પોલીસ કર્મચારી વીમા યોજનામાં લાભ લીધેલ હોવાથી | ૧ |
| ૬ | આત્મહત્યા | ૩ |
| ૭ | સમયમર્યાદા બહાર અરજી કરેલ હોવાથી | ૧ |
| ૮ | અપંગતા ૫૦ % કરતાં ઓછી હોવાથી | ૧ |
| ૯ | ડ્રાઈવીંગ લાયસન્સ ધરાવતા ન હોવાથી | ૨ |
| ૧૦ | અરજદારશ્રી દ્વારા અન્ય યોજનામાં અરજી કરેલ હોવાથી દફતરે કરવા જણાવેલ | ૧ |
| | કુલ | ૩૪ |

બનાસકાંઠા જિલ્લામાં નર્મદા કેનાલ તૂટવાના બનાવ

* ૧૬૫૯૩ શ્રી ગોવાભાઇ રબારી(ડીસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના થરાદ–વાવ–ભાભર અને સુઈગામ તાલુકામાંથી પસાર થતી નર્મદાની કેનાલ તેમજ બ્રાન્ચ કેનાલો છેલ્લા એક વર્ષમાં કેટલી વખત તૂટી ગઈ છે,

(૨) વારંવાર કેનાલો તૂટી જવાના કારણો શા છે?

(૩) આ અન્વયે જવાબદાર કોન્ટ્રાકટરો અને અધિકારીઓ સામે સરકારે શા પગલાં લીધા, અને

(૪) ખેડૂતોને થયેલ નુકસાન સામે કેટલું વળતર ચૂકવાયું?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના થરાદ–વાવ–ભાભર અને સુઈગામ તાલુકામાંથી પસાર થતી નર્મદાની શાખા નહેરમાં ૧ (એક), વિશાખા નહેરોમાં ૧૪ (ચૌદ) અને પ્રશાખા નહેરોમાં ૭ (સાત) નુકશાન થવાના બનાવો બનેલ છે.

(૨) નુકશાન થવાના કારણોમાં સિંચાઈ માટે પાણીના ઉપાડમાં અચાનક મોટા પાયે વધઘટ થવાથી, નહેરના છેવાડે વધારાનું પાણી જમા થવાથી, વરસાદી ધોવાણ, ઉંદર તથા જંગલી પ્રાણીઓના ઉંડા દર થવાથી જેવા કારણોનો સમાવેશ થાય છે.

(૩) આ બનાવો કામની ગુણવત્તાના કારણે બન્યા હોય તેવું ઘ્યાને આવેલ નથી.

(૪) ખેડૂતોને કોઈ વળતર ચૂકવવામાં આવેલ નથી.

અરવલ્લી જિલ્લામાં ગૌવંશને પકડવા બાબત

* ૧૮૪૨૫ શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કતલખાને જતા કેટલા ગૌવંશને પકડવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે પકડાયેલ ઇસમો સામે કઈ કલમો લગાવી ગુન્હાઓ દાખલ કરવામાં આવ્યા?

જવાબ

(૧) તા. ૦૧–૦૨–૧૩ થી તા. ૩૧–૦૧–૧૪ સુધીના સમયગાળામાં ૩૧૧ અને તા. ૦૧–૦૨–૧૪ થી તા. ૩૧–૦૧–૧૫ સુધીના સમયગાળામાં ૧૦૮૩.

(૨) પકડાયેલ ઇસમો સામે ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ–૨૦૧૧ની કલમ–૫, ૬, ૬(ક), (૧), (૨), (૩), ૮, પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦ની કલમ–૧૧ (ઈ) (એલ) તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૧૧૯ મુજબ ગુન્હાઓ દાખલ કરવામાં આવેલ છે.

ગૌરૈયા–ખારાઘોડા–જીજુવાડા નર્મદા બ્રાન્ચ કેનાલમાં પાણી છોડવાની વૈકલ્પિક વ્યવસ્થા બાબત

* ૧૬૫૭૦ ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં વિરમગામ–માંડલ–દેત્રોજ તાલુકામાંથી પસાર થતી ગૌરૈયા–ખારાઘોડા–જીજુવાડા નર્મદાની કેનાલમાં પાણી છોડાવાથી ખારાઘોડા વિસ્તારમાં આવેલ મીઠાના અગર ઓગળી જતાં હોવાથી પાણી છોડવાનું બંધ કરી દેવામાં આવે

જવાબ

(૧), (૨) અને (૩) : તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં વિરમગામ–માંડલ–દેત્રોજ તાલુકામાંથી પસાર થતી ગૌરૈયા–ખારાઘોડા–જીજુવાડા નર્મદાની કેનાલમાં પાણી છોડવાથી ખારાઘોડા વિસ્તારમાં આવેલ મીઠાના અગર ઓગળી જતાં હોવાથી પાણી છોડવાનું

છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો ખારાઘોડામાં આવેલ અગરિયાઓના મીઠાના અગર ઓગળી ન જાય અને ઉપરવાસના ખેડૂતોને પાણી મળી રહે તે માટે સરકાર કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરવા માંગે છે, અને

(૩) જો હા, તો ક્યા પ્રકારની વ્યવસ્થા કેટલા સમયમાં કરવામાં આવશે ?

બંધ કરવામાં આવેલ હોવાની હકીકત સાચી નથી. ગૌરૈયા, ખારાઘોડા તથા ઝીંઝુવાડા નર્મદાની કેનાલોમાં પાણી વહેડાવવાનું ચાલુ જ છે.

સામાન્ય વહીવટ વિભાગમાં સંવર્ગવાર મહેકમ

* ૧૬૬૨૫ શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સામાન્ય વહીવટ વિભાગમાં સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સામાન્ય વહીવટ વિભાગમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગતો સામેલ *પત્રક–૧ મુજબ છે. |
| (૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને | (૨) તે પૈકી સંવર્ગવાર ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગતો સામેલ *પત્રક–૨ મુજબ છે. |
| (૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૩) આ ખાલી જગ્યાઓ વહીવટી પ્રક્રિયા દ્વારા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરી શકાશે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

કાલાવડ તાલુકામાં ખેતીની જમીન વારસદારોને વહેંચતા સ્ટેમ્પ ડયુટી/રજીસ્ટ્રેશન ફી વસૂલવા બાબત

* ૧૮૫૯૭ શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના કાલાવડ તાલુકામાં ખેડૂતો પોતાની હૈયાતીમાં ખેતીની જમીનની વહેંચણી, પત્ની, પુત્રો કે પુત્રીઓને કરે ત્યારે ખેડૂતો પાસેથી સ્ટેમ્પ ડયુટી તથા રજીસ્ટ્રેશન ફી તા.૩૧ ડીસેમ્બર, ૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી વસુલવામાં આવે છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,<br>(૨) જો હા, તો ગેરકાનૂની અને મનસ્વી રીતે કાયદાનું અર્થઘટન કરી ખેડૂતો પાસેથી તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ કેટલા સમયથી આ રીતનો ચાર્જ વસુલવામાં આવે છે, | (૧) અને (૨) : અરજદારો દ્વારા સબ–રજીસ્ટ્રાર કચેરીમાં વહેંચણીના દસ્તાવેજો નોંધણી માટે રજૂ થાય તેવા કિસ્સામાં ગુજરાત સ્ટેમ્પ એકટ–૧૯૫૮ ની અનુસૂચિ–૧ ના આર્ટીકલ–૪૩ મુજબ તા.૦૧–૦૪–૨૦૦૬ થી ૦.૨૫ ટકા જેવા નજીવા દરથી સ્ટેમ્પડયુટી અને ઈન્ડીયન રજીસ્ટ્રેશન એકટ–૧૯૦૮ અન્વયે નિયત થયેલ 'ફી–ટેબલ' મુજબ તા.૦૧–૦૪–૨૦૦૭ થી એક ટકા લેખે રજીસ્ટ્રેશન ફી ની વસૂલાત કરવામાં આવે છે. |
| (૩) મનસ્વી રીતે કાયદાનું અર્થઘટન કરતા કર્મચારી/ અધિકારી સામે શા શિક્ષાત્મક પગલાં લેવામાં આવ્યા છે, અને | (૩) આ કામગીરી નિયમાનુસાર અને કાયદેસરની હોઈ કાયદાના મનસ્વી અર્થઘટનનો કે તે કારણોસર કોઈ કર્મચારી/ અધિકારી સામે પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) હૈયાતીમાં ખેતીની જમીનની વહેંચણી પોતાના સીધી લીટીના વારસદારને કરનાર પાસેથી ગેરકાનૂની રીતે સ્ટેમ્પ ડયુટી તથા રજીસ્ટ્રેશન ચાર્જ વસુલાઈ નહીં તે માટે શા આદેશો થયા છે ? | (૪) ના, જી. |

વિસાવદર સીટી સર્વેમાં નવા બિનખેતી સીટી સર્વે નંબરોનો સમાવેશ કરવા બાબત

* ૧૮૭૩૭ શ્રી હર્ષદભાઇ રીબડીયા (વિસાવદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ વિસાવદર ખાતે સીટી સર્વે કચેરી કાર્યરત હોવા છતાં નવા બિનખેતી સીટી સર્વે નંબરોનો આ સીટી સર્વેમાં સમાવેશ થયો નથી તો સમાવેશ કરવા માંગો છો કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો નવા બિન ખેતી સીટી સર્વે નંબરોનો કેટલા સમયમાં સમાવેશ કરવા માંગો છો ? | (૨) મહેસૂલ વિભાગના તા.૧૯–૧૨–૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ બીજીટી–૧૧૨૦૧૪–૧૦૧૭–હ અન્વયે બિનખેતી |

થયેલ સર્વે નંબરોનો સમાવેશ સીટી સર્વેમાં કરવાનો અને તેવા સર્વે નંબરોના પ્રોપર્ટી કાર્ડ બનાવવાનો નિર્ણય લેવામાં આવેલ છે. આ કામગીરી માટે જરૂરી સોફ્ટવેર તૈયાર કરવાની તથા મેપીંગની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

### મહેસાણા જિલ્લામાં મંજૂર નાની–મધ્યમ–મોટી સિંચાઈ યોજના

* ૧૮૭૨૭ શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલી નાની, મધ્યમ અને મોટી સિંચાઈ યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) કોઈ નહીં, પરંતુ સાબરમતી નદી ઉપર વિજાપુર નજીક હીરપુરા ખાતે અને વલાસણા નજીક બેરેજ બનાવવાની કામગીરી આલેખન અને અન્વેષણના તબક્કે છે. |
| (૨) તે અન્વયે કેટલી યોજનાઓના કામો શરૂ કરવામાં આવ્યાં ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### બનાસકાંઠા જિલ્લામાં તળાવો ઊંડા કરવા બાબત

* ૧૭૧૩૪ શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા, અને | (૧) ૨૩૨ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૧૬૫૭.૫૭ લાખ. |

### ખંભાતથી બોરસદ આસપાસ ક્ષારનું વધતું પ્રમાણ

* ૧૬૬૦૧ શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(બોરસદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ ખંભાતના અખાતના દરીયાના પાણીના લીધે ખંભાતથી બોરસદ તાલુકાના કાંઠાગાળાના નદીના પાણી તેમજ આજુબાજુ ક્ષારનું પ્રમાણ વધી ગયું છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ ક્ષાર નિવારણ માટે સરકારે ક્યા ક્યા પગલાંઓ લીધાં ? | (૨) આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના બદલપુર તથા વડોદરા જિલ્લાના જંબુસર તાલુકાના કારેલી ગામ વચ્ચે તિથોર ગામ પાસે મહી નદીમાં આડબંધ બાંધવાની દરખાસ્ત વિચારણા હેઠળ છે. |

### બનાસકાંઠા તથા પાટણ જિલ્લામાં નર્મદા નહેરોની કામગીરી

* ૧૮૭૨૩ શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા તથા પાટણ જિલ્લામાં નર્મદા યોજનાની શાખા/વિશાખા અને માઈનોર નહેરોની કામગીરી ક્યા તબક્કે છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં નહેરોના કામોની સ્થિતિ નીચે મુજબ છે.

| નહેરનો પ્રકાર | કુલ લંબાઈ (કી.મી.) | પૂર્ણ થયેલ લંબાઈ (કી.મી.) |
|---|---|---|
| શાખા નહેરો | ૧૩૭.૮૬ | ૧૩૭.૮૬ |
| વિશાખા નહેરો | ૪૯૮.૮૧ | ૪૭૦.૨૫ |
| પ્રશાખા (માઈનોર) | ૧૦૯૬.૧૩ | ૮૪૬.૪૮ |
| કુલ | ૧૭૩૨.૮૦ | ૧૪૫૪.૫૯ |

તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ પાટણ જિલ્લામાં નહેરોના કામોની સ્થિતિ નીચે મુજબ છે.

| નહેરનો પ્રકાર | કુલ લંબાઈ (કી.મી.) | પૂર્ણ થયેલ લંબાઈ (કી.મી.) |
|---|---|---|
| શાખા નહેરો | ૧૭૮.૦૮ | ૧૭૮.૭૮ |
| વિશાખા નહેરો | ૫૧૮.૯૦ | ૪૮૩.૬૦ |
| પ્રશાખા (માઈનોર) | ૧૫૧૯.૭૧ | ૧૧૨૮.૪૬ |

| | | |
|---|---|---|
| કુલ | ૨૨૧૬.૬૯ | ૧૭૯૦.૧૪ |

(૨) આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

(૨) આ કામગીરી ઓઈલ/ગેસ પાઈપલાઈન ક્રોસીંગ, જમીન સંપાદનના તથા કબજાના પ્રશ્નો હલ કરી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં એસ્સાર કંપનીએ બનાવેલ માર્ગમાં સરકારી/ખાનગી જમીનો

* ૧૬૬૦૭ શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં એસ્સાર કંપનીએ કજુરડાથી પરોપરીડીયા કોરીડોર માર્ગ બનાવેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉકત કોરીડોર માર્ગમાં ક્યા સર્વે નંબરની કેટલી જમીન સરકારી પડતર, ખરાબો, ગૌચર અને ખેતીના માલિકીની આવેલી છે ?

જવાબ

(૧) હા, કજુરડાથી નાનામાંઢા ગામ સુધી કન્વેયર બેલ્ટ કોરીડોર માર્ગ બનાવેલ છે, પરંતુ પરોડીયા સુધી બનેલ નથી.

(૨) *પત્રક મુજબ.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

પાલીતાણા તાલુકાનાં હાલોલ ડેમમાંથી સિંચાઈ માટે પાણી

* ૧૬૫૯૫ શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકાના હાલોલ ડેમમાંથી ખેડૂતોને કેનાલ કે પાઈપલાઈનથી સિંચાઈ માટેનું પાણી આપવાનું આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા સમયમાં ખેડૂતોને પાણી આપવાનું કામ પૂર્ણ કરવામાં આવશે ?

જવાબ

(૧) હા, જી.

(૨) અન્ડર ગ્રાઉન્ડ પાઈપ લાઈન અને ટપક પધ્ધતિ માટે ખેડૂતોના સંકલનમાં અને નાણાકીય ઉપલબ્ધી અનુસાર શક્ય તેટલું વહેલું કામ પુરૂં કરી, પાણી આપવાનું આયોજન છે.

મહેસાણા જિલ્લામાં તળાવો ઊંડા કરવા બાબત

* ૧૭૧૩૩ શ્રી નારાયણભાઇ લ. પટેલ (ઉંઝા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) ૧૬૮.

(૨) રૂ.૧૨૭૨.૯૩ લાખ.

હિંમતનગર તાલુકામાં કામધેનુ યુનિવર્સિટીનું બાંધકામ

* ૧૮૧૩૯ શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) :માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાનાં હિંમતનગર તાલુકામાં નવી બનનાર કામધેનું યુનિવર્સિટીના કન્સ્ટ્રકશન પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને થયેલ ખર્ચમાં કયા કામો પૂર્ણ કરવામાં આવ્યા ?

જવાબ

તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ હિંમતનગર તાલુકામાં કામધેનું યુનિવર્સિટી માટે કુલ ૨,૬૫,૧૫,૩૮૪.૦૦ ખર્ચ કરવામાં આવેલ છે. જેમાં રાજપુરા ખાતેની જમીનની કમ્પાઉન્ડ વોલ કરવી તેમજ એલ.આઈ.ટી.સી., હિંમતનગર, કૃત્રિમ બિજ દાન કેન્દ્રના મકાનમાં એનીમલ હસ્બન્ડ્રીની પોલીટેકનીક શરૂ કરવા માટેના બાંધકામ તેમજ રીપેરીંગના કામો પૂર્ણ સમાવેશ થાય છે.

દાંતા અને અમીરગઢ તાલુકામાં ૭૩–એ હેઠળની જમીન

* ૧૬૭૬૬ શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકાઓમાં ઔદ્યોગિક હેતુઓ માટે ૭૩–એ ની કેટલી જમીનની તા.૩૧–૦૧–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂરી આપવામાં આવી છે?

જવાબ

દાંતા તાલુકામાં જમીન મહેસૂલ અધિનિયમની કલમ–૭૩ એ. એ. હેઠળ હે. ૧૪–૯૦–૩૪ ચો.મી. જમીનની ઔદ્યોગિક હેતુઓ માટે વેચાણ મંજૂરી આપવામાં આવેલ છે.
અમીરગઢ તાલુકામાં –શૂન્ય.

અતારાંકિત પ્રશ્નો

સાબરકાંઠા જિલ્લામાં વણજ જળાશય યોજનાના અસરગ્રસ્તો

* ૧૮૪૭૯ શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૧૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં આવેલ વણજ જળાશય યોજનાના કેટલા અસરગ્રસ્ત પરિવારોને વૈકલ્પિક જમીન ફાળવવાની બાકી છે, | (૧) તા.૩૧-૦૧-૧૫ની સ્થિતિએ કોઈ અસરગ્રસ્ત પરિવારોને વૈકલ્પિક જમીન ફાળવવાની બાકી નથી. |
| (૨) કેટલા સમયથી જમીન ફાળવવાની બાકી છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા સમયમાં વૈકલ્પિક જમીન ફાળવવામાં આવશે, | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) જે પરિવારોને વૈકલ્પિક જમીન ફાળવી છે તે પૈકી કેટલા પરિવારોને જમીનનો કબજો સોંપવાનાં કેટલા સમયથી બાકી છે, અને | (૪) આ યોજનાના અસરગ્રસ્ત પરિવારોને તા.૭-૪-૧૯૮૬ના રોજ જમીનની ફાળવણી કરેલ તે પૈકી ૨૨ અસરગ્રસ્ત પરિવારો દ્વારા જમીનનો કબજો સંભાળેલ નથી. |
| (૫) ઉકત જમીનનો બાકી કબજો કયાં સુધીમાં સોંપવામાં આવશે ? | (૫) અસરગ્રસ્ત પરિવારો દ્વારા જમીનનો સ્વીકાર કર્યેથી કબજો સોંપી શકાશે. |

ગાંધીનગર જિલ્લામાં બાગાયતી કિટસનું વિતરણ

* ૧૭૬૬૯ શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં કૃષિ મહોત્સવ-૨૦૧૪ દરમ્યાન કેટલા ખેડૂતોને વિનામૂલ્યે બાગાયતી કિટસનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૧૮૪૩ ખેડૂતો. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૬.૧૭ લાખ. |

આદિજાતિ વિભાગ દ્વારા નર્મદા નિગમને ફાળવેલ શેરમૂડી

* ૧૭૮૨૬ ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નર્મદા નિગમમાં શેરમૂડી ફાળા પેટે આદિજાતિ વિભાગમાંથી કેટલી રકમ ફાળવવામાં આવી, અને

જવાબ

(૧) નાણાંકીય વર્ષઃ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫(તા.૩૧-૦૧-૨૦૧૫ સુધીમાં ) સરદાર સરોવર નર્મદા નિગમ લી. ને નીચે મુજબની રકમ આદિજાતિ વિકાસ વિભાગમાંથી શેરમૂડી ફાળા પેટે મળેલ છે.

| ક્રમ | નાણાંકીય વર્ષ | રકમ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૩-૧૪ | ૧૫૦/- |
| ૨ | ૨૦૧૪-૧૫ (તા.૩૧-૦૧-૨૦૧૫ સુધીમાં) | ૧૩૩/- |

(૨) ઉકત સ્થિતિએ ઉકત ફાળામાંથી ખર્ચ કઈ યોજના માટે કરવામાં આવ્યો ?

(૨) ઉકત સ્થિતિએ ઉકત ફાળામાંથી સરદાર સરોવર પરિયોજના માટે ખર્ચ કરવામાં આવેલ છે.

મહેસાણા જિલ્લામાં ગુમ થયેલ બાળકો

* ૧૭૧૦૮ શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૧૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકો છેલ્લા બે વર્ષમાં ગુમ થયાના બનાવો નોંધાયા, અને

જવાબ

(૧)

| તાલુકાનું નામ | ગુમ થયેલ બાળકોની સંખ્યા |
|---|---|
| મહેસાણા | ૫૬ |
| કડી | ૨૮ |
| બહુચરાજી | ૪ |
| વિસનગર | ૧૭ |
| વિજાપુર | ૧૦ |
| ઉંઝા | ૨૨ |
| ખેરાલુ | ૧૧ |
| વડનગર | ૩ |

| | |
|---|---|
| સતલાસણા | ૩ |

(૨) તે અન્વયે ગુમ થયેલ બાળકો પૈકી કેટલા ની ભાળ મળી અને જે બાળકોની ભાળ નથી મળ્યા તેની શોધ માટે સરકારે શાં પગલાં લીધા ?

(૨)

| તાલુકાનું નામ | ભાળ મળેલ બાળકોની સંખ્યા |
|---|---|
| મહેસાણા | ૫૩ |
| કડી | ૨૫ |
| બહુચરાજી | ૪ |
| વિસનગર | ૧૪ |
| વિજાપુર | ૮ |
| ઉંઝા | ૨૨ |
| ખેરાલુ | ૧૧ |
| વડનગર | ૩ |
| સતલાસણા | ૩ |

મળી આવવાના બાકી બાળકો અંગે જિલ્લાના તમામ પો. સ્ટે. તેમજ રાજ્યના તમામ જિલ્લાઓમાં ગુમ થનારની તપાસ થવા ફોટા સાથેની યાદી મોકલવાની, ગુમ થનારની દુરદર્શન તેમજ સમાચાર પત્રોમાં પ્રસિધ્ધિ કરવાની, ગુમ થનારની માહિતી વેબસાઈટમાં અપલોડ કરવાની, જિલ્લામાં અવારનવાર સ્પેશ્યલ ડ્રાઈવ રખાવી ગુમ થનારના વાલી વારસોને મળીને તેમને શોધી કાઢવાના સઘન પ્રયત્નો કરવામાં આવે છે.

ગાંધીનગર જિલ્લામાં ટીસ્યુકલ્ચર લેબૉરેટરી

* ૧૭૬૬૧ શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ટીસ્યુકલ્ચર લેબૉરેટરીની સ્થાપના માટે સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ગાંધીનગર જિલ્લામાં સરકાર દ્વારા સહાયિત કેટલી ટીસ્યુકલ્ચર લેબૉરેટરી છે, અને | (૨) ૨ (બે). |
| (૩) તે માટે વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ આ જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૩) શૂન્ય. |

''સૌની યોજના'' હેઠળ ભાવનગર જિલ્લાના ડેમો ભરવા બાબત

* ૧૮૨૮૫ શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૧૫ની સ્થિતિએ ''સૌની યોજના'' હેઠળ ભાવનગર જિલ્લાના કયા ડેમોમાં પાણી ભરવાનું સરકારનું આયોજન છે, | (૧) ભાવનગર જીલ્લાના રંઘોળા, રજાવળ, ખારો, શેત્રુંજી, હણોલ, બગડ,નિકોલ બંધારા રોજકી માલણ, માલણ ટી.આર. એમ કુલ ૧૦ ડેમોમાં પાણી ભરવાનું સરકારનું આયોજન છે. |
| (૨) તે અન્વયે કેટલા સમયમાં ભાવનગર જિલ્લાના ડેમ ભરવામાં આવશે, અને | (૨) કામો પ્રગતિ હેઠળ છે. નાણાંકીય ઉપલબ્ધિ અનુસાર, તબક્કાવાર જળાશયો ભરવાનું આયોજન છે. |
| (૩) તેની પાછળ કેટલો ખર્ચ થનાર છે? | (૩) અંદાજે રૂ. ૩૪૪૩.૯૦ કરોડ. |

મહીસાગર જિલ્લાના કડાણા તથા સુજલામ –સુફલામ યોજના અંતર્ગત સિંચાઈ માટે પાણી

* ૧૬૬૦૪ શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના કડાણા જળાશયમાંથી નીકળતી ડાબા કાંઠા અને જમણા કાંઠા તેમજ સુજલામ સુફલામ કેનાલમાંથી કેનાલવાર મહીસાગર જિલ્લાનો કેટલો વિસ્તાર અથવા કમાંડ વિસ્તાર સિંચાઈ માટે પાણી પુરુ પાડવા આવરી લેવામાં આવેલ છે, અને | (૧) ૧૮૧૯૭ હેકટર |

(૨) આવરી લેવાયેલ વિસ્તાર પૈકી તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વિસ્તારમાં સિંચાઈ માટે કેટલું પાણી પૂરું પાડવામાં આવેલ છે?

(૨) આવરી લેવાયેલ વિસ્તાર પૈકી વર્ષ ૨૦૧૩ માં ૮૦૦૩ હેક્ટર વિસ્તારમાં ૪૮૦૦ મીલીયન ઘનફુટ અને વર્ષ ૨૦૧૪માં ૬૩૪૭ હેક્ટર વિસ્તારમાં ૬૮૨૧ મીલીયન ઘનફુટ પાણી સિંચાઈ માટે પુરુ પાડવામાં આવેલ છે.

મહેસાણા જિલ્લામાં પોલીસ કોમ્યુનીટી હોલ

* ૧૭૧૪૪ શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કેટલા પોલીસ કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે?

જવાબ

(૧) હા, જી.

(૨) મહેસાણા જિલ્લામાં એક કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે.

રાજ્ય નગરપાલિકાઓમાં એનીમલ બર્થ કંટ્રોલ ડોગ રૂલ્સ–૨૦૦૧નો અમલ કરવા બાબત

* ૧૮૬૧૧ શ્રી શક્તિસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ભારત સરકારના એનીમલ બર્થ કંટ્રોલ ડોગ રૂલ્સ–૨૦૦૧નો રાજ્યની ૧૫૯ નગરપાલિકા પૈકી ૯૩ નગરપાલિકામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમલ કરવામાં આવતો નથી, તે હકિકત સાચી છે, અને

(૨) જો હા, તો કાયદાના અમલ કરવા માટે રાજ્ય સરકારે સંબધિત નગરપાલિકાઓ માટે શું કાર્યવાહી કરી?

જવાબ

(૧) હા, જી. પરંતુ ભારત સરકારના એનીમલ બર્થ કંટ્રોલ ડોગ રૂલ્સ–૨૦૦૧નો રાજ્યની ૧૫૯ નગરપાલિકા પૈકી ૯૩ નગરપાલિકાઓમાંથી તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૧૨ નગરપાલિકાઓમાં અમલ થાય છે. (પરિશિષ્ટ–મુજબ)

(૨) ભારત સરકારના એનીમલ બર્થ કંટ્રોલ ડોગ રૂલ્સ–૨૦૦૧નો અમલ કરવા બાબતે વિભાગના તા. ૩૧–૦૭–૨૦૧૩ના પત્રથી નિયામકશ્રી નગરપાલિકાને સુચના આપવામાં આવેલ છે.

પરિશિષ્ટ

| અ.ક્ર. | જિલ્લાનું નામ | નગરપાલિકાનું નામ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | કચ્છ | રાપર |
| ૨ | ખેડા | બાલાસિનોર |
| ૩ | ખેડા | કણજરી |
| ૪ | જામનગર | સલાયા |
| ૫ | જુનાગઢ | કેશોદ |
| ૬ | નવસારી | નવસારી |
| ૭ | પોરબંદર | રાણાવાવ |
| ૮ | પોરબંદર | કુતીયાણા |
| ૯ | ભરૂચ | અંકલેશ્વર |
| ૧૦ | ભરૂચ | આમોદ |
| ૧૧ | સાબરકાંઠા | પ્રાંતિજ |
| ૧૨ | સુરેન્દ્રનગર | વઢવાણ |
| ૯૩ પૈકી અમલ થતી નગરપાલિકાઓની સંખ્યા | | |

માંગરોળ તાલુકાનાં શેરીયાજ બારામાં જેટી બનાવવા માંગણી

* ૧૬૬૧૧ શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના શેરીયાજ બારામાં જેટી બનાવવા માટેની માંગણી કે રજુઆત છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને મળેલ છે કે કેમ,

જવાબ

(૧) હા, જી.

(૨) જો હા, તો કોના તરફથી કયારે માંગણી કે રજૂઆત મળી,

(૨) શ્રી હુસેનમીંયા બાવામીંયા કાદરી અને અન્ય

શ્રી મનસુરભાઈ બાવામીંયા કાદરી અને અન્ય તથા

શ્રી સરમણભાઈ ભાયાભાઈ વાડલીયા અને અન્ય

ગામઃ શેરીયાજબારા, તા. માંગરોળ, જિ. જુનાગઢ તરફથી અનુક્રમે તા. ૧૦–૦૧–૨૦૧૪, તા. ૨૪–૦૭–૨૦૧૪ અને તા. ૨૨–૧૧–૨૦૧૪ના રોજ રજૂઆત મળેલ છે.

(૩) મળેલ માંગણી કે રજૂઆત અન્વયે સરકારે શી કાર્યવાહી કરી, અને

(૩) માંગરોળ તાલુકાના શેરીયાજબારા એટલે કે માંગરોળ બારા ખાતે મત્સ્ય ઉતરાણ કેન્દ્ર વિકસાવવા માટે નેશનલ ફિશરીઝ ડેવલોપમેન્ટ બોર્ડને પ્રોજેક્ટ રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે, જેને મંજુરી મળેલ છે.

(૪) રાજ્ય સરકાર જેટી બનાવવા માંગે છે કે કેમ અને જો હા, તો સદરહુ કામ કયારથી શરૂ થશે?

(૪) હા, જી. EIA (એન્વાયરમેન્ટ ઇમ્પેકટ એસેસમેન્ટ) સ્ટડી કરાવી સી.આર. ઝેડ કલીયરન્સ અને લાગત મંજૂરી મેળવી સત્વરે કામગીરી કરવાનું આયોજન વિચારાયેલ છે.

## રાજ્યમાં યુરીયા/ડી.એ.પી. ફર્ટીલાઈઝરની માંગ

* ૧૭૭૭૭ શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) રાજ્યમાં ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ના વર્ષમાં તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ યુરિયા, ડી.એ.પી. ફર્ટીલાઈઝર ખાતરોની માંગ કેટલી હતી,

(૧) રાજ્યમાં ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫નાં વર્ષમાં તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ યુરિયા, ડી.એ.પી. ફર્ટીલાઈઝર ખાતરોની માંગ નીચે મુજબ હતી.

| અ.નં. | વર્ષ | ખાતરની માંગ (મે.ટનમાં) | |
|---|---|---|---|
| | | યુરીયા | ડી.એ.પી. |
| ૧ | ૨૦૧૩–૧૪ | ૨૩.૨૫ | ૫.૮૦ |

(૨) કેટલો જથ્થો પુરો પાડવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ રાજ્યમાં નીચે મુજબનો જથ્થો પુરો પાડવામાં આવ્યો.

| અ.નં. | વર્ષ | પુરો પાડેલ ખાતરનો જથ્થો (મે.ટનમાં) | |
|---|---|---|---|
| | | યુરીયા | ડી.એ.પી. |
| ૧ | ૨૦૧૩–૧૪ | ૨૦.૭૧ | ૩.૭૪ |

(૩) યુરિયા ડી.એ.પી. ફર્ટીલાઈઝર ખાતરોની ખાધને પહોંચી વળવા રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે?

(૩) યુરીયા, ડી.એ.પી. ફર્ટીલાઈઝર ખાતરોની ખાધને પહોંચી વળવા આગામી ખરીફ સીઝન માટે દિલ્હી ખાતે જાન્યુઆરી–૨૦૧૫માં યોજાયેલ ઝોનલ કોન્ફરન્સમાં રજુઆત કરી રાજ્ય માટે યુરીયા–૧૨.૦૦ લાખ મે.ટન, ડી.એ.પી.–૩.૦૦ લાખ મે.ટન ખાતરોની જરૂરીયાત મંજૂર કરાવેલ છે. તદ્ ઉપરાંત પીક સીઝનમાં રાસાયણિક ખાતરની અછત ન સર્જાય તે માટે આગોતરૂ આયોજન કરી ઓફ સીઝનમાં રાસાયણિક ખાતર સંગ્રહ કરવા માટે રાસાયણિક ખાતર વિતરક સંસ્થાઓ તેમજ વિક્રેતાઓને આયોજન કરી તે મુજબ કાર્યવાહી હાથ ધરવા જરૂરી સુચના આપવામાં આવેલ છે.

## પંચમહાલ અને અમદાવાદ જિલ્લામાં ઈનફરીઝ પાંજરાપોળોને ગ્રાન્ટ

* ૧૬૬૦૦ શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં

(૧) હા.

જિલ્લાવાર એસ.પી.સી.એ. (સોસાયટી ફોર ક્રુએલ્ટી ટુ એનીમલ)ની રચના અંતર્ગત જિલ્લાવાર પાંજરાપોળોને ઈનફરીઝ (પ્રાણીના આશ્રય સ્થાનો) જાહેર કરાઈ છે તે હકીકત સાચી છે, અને

(૨) તે અન્વયે પંચમહાલ અને અમદાવાદ જિલ્લામાં ઉક્ત સ્થિતિએ કઈ ઈનફરીઝને કેટલી ગ્રાંટ ચૂકવાઈ અને કેટલી ચૂકવવાની બાકી છે અને બાકી ગ્રાંટ કેટલા સમયમાં ચૂકવવામાં આવશે?

(૨) ઉક્ત સ્થિતિએ પંચમહાલ અને અમદાવાદ જિલ્લામાં કોઈ ઈન્ફરમરીઝને ગ્રાંટ ચૂકવવામાં આવેલ નથી.

ઉક્ત સ્થિતિએ પંચમહાલ જિલ્લાની ઈન્ફરમરીઝ, જીવકલ્યાણ ટ્રસ્ટ પાંજરાપોળ, ગોધરા અને અમદાવાદ જિલ્લાની ઈન્ફરમરીઝ, શ્રી નરોડા મહાજન પરબડી અને ખોડાઢોર પાંજરાપોળ, નરોડાને કોઈ ગ્રાંટ ચૂકવવાની બાકી નથી.

### રાજ્યમાં આઈ.એ.એસ.ની ખાલી જગ્યાઓ

* ૧૬૭૪૦ શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં આઈ.એ.એસ.ની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, અને તે અન્વયે કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યના કેટલા આઈ.એ.એસ. અધિકારીઓને કેન્દ્રમાં ડેપ્યુટેશનમાં મોકલવામાં આવ્યા?

જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં આઈ.એ.એસ.ની કુલ ૨૯૭ જગ્યાઓ મંજૂર થયેલ છે, અને તે અન્વયે ૮૯ જગ્યાઓ ખાલી છે.

(૨) ૦૭ આઈ.એ.એસ. અધિકારીઓ.

### જંગલની જમીન ખેડતા ખેડૂતોને જમીનની સનદના હક્કો

* ૧૫૭૬૯ શ્રી આંનદભાઇ ચૌધરી (માંડવી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં જંગલની જમીન ખેડતા ખેડુતોને સનદ આપી છે તેમને ૭/૧૨ અને ૮–અમાં નામ દાખલ કરવામાં આવે છે કે કેમ, અને

(૨) જો ના, તો આ સનદના હકકો આપવા સરકારે શી કાર્યવાહી કરી?

જવાબ

(૧) જંગલની જમીન ખેડતા ખેડુતોને આદેશપત્ર આપવામાં આવે છે. ૭/૧૨માં બીજા હક્કમાં નામ દાખલ કરવામાં આવે છે. ૮–અમાં નામ દાખલ કરવાની જોગવાઈ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### ખેડા જિલ્લામાં ફળપાકના લાભાર્થી

* ૧૭૬૭૧ શ્રી કેસરસિંહ જે. સોલંકી (માતર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ખેડા જિલ્લામાં ફળપાકના નવા વાવેતર માટે સહાયની યોજના છે કે કેમ, અને

(૨) સરકાર દ્વારા આ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ આ યોજના હેઠળ કેટલા ખેડુતોને સહાય ચુકવેલ છે?

જવાબ

(૧) હા, જી.

(૨) ૦૫ ખેડુતો.

### બનાસકાંઠા જિલ્લામાં પોલીસના મંજૂર મહેકમ સામે ખાલી જગાઓ

* ૧૬૬૨૩ શ્રી ગોવાભાઇ રબારી(ડીસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર પોલીસનું મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ સામે કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) આ ખાલી જગ્યાઓ સત્વરે નહીં ભરવાના કારણો શા છે, અને કેટલા સમયમાં ખાલી જગ્યાઓ ભરવામાં આવશે?

જવાબ

(૧) સામેલ * પત્રક મુજબ.

(૨) બઢતી/બદલી/નિવૃત્તિ/અવસાન વિગેરે કારણોસર જગ્યાઓ ખાલી પડતી હોય છે. ભરતી કેલેન્ડર મુજબ કોન્સ્ટેબ્યુલરીમાં સીધી ભરતીની પ્રકિયા હાલ ચાલુ છે. વહીવટી જરૂરીયાત મુજબ અને અનુકૂળતા અનુસાર વહીવટી પ્રક્રિયા અનુસરીને સમયાંતરે ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

તા.૧૮મી માર્ચ, ૨૦૧૬

અતારાંકિત પ્રશ્નો

સચિવાલયમાં નિવૃત્ત અધિકારી/કર્મચારીઓને પુનઃનિમણૂંક

* ૧૬૭૪૮ શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સામાન્ય વહીવટ વિભાગ દ્વારા વર્ગ–૧, વર્ગ–૨ અને વર્ગ–૩ના કેટલા કર્મચારીઓના નિવૃત્તિ પછી પુનઃનિયુક્તિ કે કરાર આધારિત નિમણૂંક અંગેના હુકમો થયા, અને

(૨) આ હુકમો કરવાના કારણો શાં છે?

જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સામાન્ય વહીવટ વિભાગ દ્વારા વર્ગ–૧, વર્ગ–૨ અને વર્ગ–૩ના પુનઃનિયુક્તિના કોઈ હુકમો કરવામાં આવેલ નથી. પરંતુ કરાર આધારિત નિમણૂંક અંગેના નીચે મુજબ હુકમો થયા છે.

| વર્ગ | સંખ્યા |
|---|---|
| વર્ગ–૧ | ૦૫ |
| વર્ગ–૨ | ૧૭ |
| વર્ગ–૩ | ૧૮ |
| કુલ | ૪૦ |

(૨) વિભાગની વહીવટી કામગીરીની જરૂરીયાતને ધ્યાને લઈને કરાર આધારિત હુકમો કરવામાં આવેલ છે.

જામનગર જિલ્લામાં સન–૨૦૧૨ ની ખરીફ ઋતુમાં અપુરતા વરસાદથી પશુધન બચાવવા ખેડુતોને ઘાસચારો વાવવા માટે સહાય

* ૧૮૫૯૯ શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : તા.૧૦–૧૧–૧૪ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૩૨૩૨ (અગ્રતાક્રમ–૧૪૮) ના અનુસંધાને માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સને–૨૦૧૨ ની ખરીફ ઋતુમાં અપુરતો વરસાદ થવાથી દૂષ્કાળના સમયમાં પશુધનને બચાવવા જે ખેડુત ઘાસચારો વાવે તેને ૨૦ કિલો જુવારનું બિયારણ મફત અને ખર્ચ પેટે રૂ.૨૦૦૦ રાજ્ય સરકાર ચૂકવશે તે યોજનામાં ઘાસચારાનું વાવેતર કરનારા જામનગર જિલ્લાના ૬૧૧૫ ખેડુતોને ખેડુતદીઠ રૂ.૨૦૦૦ લેખે સહાય ચૂકવવાની વહીવટી કારણોસર તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ બાકી હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો સન ૨૦૧૨ ની ઉપરોક્ત બાકી રકમ તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ પણ ખેડૂતોને ચૂકવવામાં આવી નથી, તેના શાં કારણો છે,

(૩) ખૂબજ લાંબા સમયથી ખેડુતોને તેના હક્કની રકમ ન ચૂકવવા બદલ ક્યાં અધિકારીઓને જવાબદાર ઠેરવવામાં આવ્યા છે અને તેની સામે શાં પગલાં લેવાયા છે, અને

(૪) આ તમામ બાકી રકમ ખેડુતોને વહેલામાં વહેલી તકે ચૂકવવા ઉચ્ચકક્ષાએ શાં પગલાં લેવાયા છે અને તેનું મોનેટરીંગ રાજ્યકક્ષાએ કોને સોંપાયું છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) ૬૧૧૫ લાભાર્થી ખેડુતો પૈકી કુલ ૪૭૨૨ ખેડુત લાભાર્થીઓને એકાઉન્ટ પેઇ ચેકથી રૂ.૯૭,૯૫,૪૦૦/– નું ચૂકવણું કરવામાં આવેલ છે. ૧૩૯૩ ખેડુતોને સહાય નહીં ચૂકવવાના કારણો નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૭૭૩ ખેડુત લાભાર્થી | ગ્રામ્ય ઘાસચારા સમિતિનો વાવેતર ખરાઇનો દાખલો નહીં મળવાના કારણે |
| ૬૨૦ ખેડુત લાભાર્થી | ખેડુત લાભાર્થી દ્વારા બેંક એકાઉન્ટ નહીં આપવાના કારણે |

(૩) વહીવટી કારણોસર ચૂકવણીમાં વિલંબ થયેલ હોઇ જવાબદારી નક્કી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) જિલ્લા અધિકારી દ્વારા ૬૨૦ લાભાર્થી ખેડુતોને બેંક એકાઉન્ટની વિગતો રજુ કરવા લેખિતમાં જણાવેલ છે.

આ યોજનાના રાજ્ય કક્ષાના મોનીટરીંગ અધિકારી ખેતી નિયામક છે.

વાવ તાલુકામાં સરકારી પડતર જમીનની ફાળવણી

* ૧૭૪૮૬ શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં વાવ તાલુકામાં રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન હેઠળ સરકારી પડતર જમીન ફાળવવા અંગેની કેટલી દરખાસ્ત મળેલ છે,

જવાબ

(૧) એક પણ દરખાસ્ત મળેલ નથી.

(૨) મળેલ દરખાસ્ત પૈકી કેટલી મંજૂર/નામંજૂર કરેલ છે, અને

(૩) મંજૂર થયેલ દરખાસ્ત પૈકી ઉક્ત સ્થિતિએ કુલ કેટલી સરકારી પડતર જમીનની ફાળવણીના હુકમો થયેલ છે ?

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

જામનગર અને જુનાગઢ મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ગ્રાન્ટ

* ૧૬૬૦૮ શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને જુનાગઢ મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે કેટલી ગ્રાન્ટ ક્યારે ફાળવવામાં આવી,

(૨) ફાળવવામાં આવેલ ગ્રાન્ટ ક્યા વિકાસના કામો કરવા માટે ફાળવવામાં આવી, અને

(૩) ફાળવવામાં આવેલ રકમની જોગવાઇ જે તે હેડ સિવાય ગ્રાન્ટનો ઉપયોગ થયો તો તેના કારણો શા છે ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને જુનાગઢ મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે નીચેની વિગતે ગ્રાન્ટ ફાળવવામાં આવી.

(રૂ.કરોડમાં)

| મહાનગર પાલિકાનું નામ | તા.૧–૪–૧૩ થી તા.૩૧–૩–૧૪ | તા.૧–૪–૧૪ થી તા.૩૧–૧૨–૧૪ | કુલ ફાળવેલ રકમ |
|---|---|---|---|
| | ફાળવેલ રકમ | ફાળવેલ રકમ | |
| જામનગર | ૮૮.૦૦ | ૧૧૭.૦૦ | ૨૦૫.૦૦ |

(૨) ફાળવવામાં આવેલ ગ્રાન્ટ આંતર માળખાકીય સુવિધાઓના વિકાસના કામો જેવા કે રસ્તા/બ્રીજ, પાણી, ગટર, વિજળી અન્ય વગેરે કામો માટે ફાળવવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ભાવનગર જિલ્લામાં સ્ટેમ્પ વેન્ડર લાઇસન્સ માટે અરજી

* ૧૬૫૯૬ શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભાવનગર જિલ્લામાં તાલુકાવાર સ્ટેમ્પ વેન્ડર લાઇસન્સ મેળવવા માટેની કેટલી અરજીઓ મળી,

(૨) તે અન્વયે વર્ષવાર અને તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, તથા અરજીઓ નામંજૂર કરવાનાં શાં કારણો છે, અને

(૩) કેટલી અરજીઓ પડતર છે, અને પડતર અરજીઓ ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છેઃ

| ક્રમ | તાલુકો | તારીખ ૩૧–૧૨–૧૩ ની સ્થિતિએ | તારીખ ૩૧–૧૨–૧૪ ની સ્થિતિએ |
|---|---|---|---|
| ૧ | ભાવનગર સીટી | ૧૧ | – |
| ૨ | ભાવનગર ગ્રામ્ય | ૦૧ | ૦૧ |
| ૩ | શિહોર | ૦૧ | – |
| ૪ | વલ્લભીપુર | ૦૧ | – |
| ૫ | મહુવા | ૦૩ | ૦૨ |
| ૬ | જેસર | – | ૦૫ |
| | કુલ | ૧૭ | ૦૮ |

(૨) તા.૦૭–૦૧–૨૦૦૪ ના સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પસના પત્ર ક્રમાંકઃ સ્ટેમ્પ/નક્ષણ/૩/૦૪/૧૨૩ થી કલેક્ટરોને આપવામાં આવેલ સૂચના અન્વયે તા.૦૧–૦૧–૨૦૦૪ થી અન્ય સૂચના ન મળે ત્યાં સુધી સ્ટેમ્પ વેન્ડર તરીકેના નવા લાયસન્સ આપવાનું બંધ કરવામાં આવેલ હોવાથી તમામ અરજીઓ નામંજુર કરવામાં આવી.

(૩) કોઇ અરજીઓ પડતર નથી.

તા.૧૮મી માર્ચ, ૨૦૧૬

અતારાંકિત પ્રશ્નો

## સાબરકાંઠા/અરવલ્લી જિલ્લામાં જમીન માપણી રીસર્વેમાં ફરિયાદો

* ૧૮૧૪૦ શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જમીન માપણીના રીસર્વે દરમ્યાન ક્ષેત્રફળમાં ફેરફાર અંગેની કેટલી ફરિયાદો સરકારને મળેલ છે, અને | (૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ જમીનના રીસર્વે દરમ્યાન ક્ષેત્રફળમાં ફેરફાર અંગે સાબરકાંઠા જિલ્લાના ૩,૭૦,૯૦૫ સરવે નંબરોમાંથી ૩૭૧૭ સરવે નંબરો માટે અને અરવલ્લી જિલ્લાના ૨,૮૧,૦૦૯ સરવે નંબરોમાંથી ૧૭૯૬ સરવે નંબરો માટે ફરિયાદો મળેલ છે. |
| (૨) આ ફરિયાદોના નિકાલ કઇ પધ્ધતિથી કરવાનું સરકારે આયોજન કરેલ છે ? | (૨) અરજદારની ફરિયાદ ધ્યાને લઇ યોગ્ય જણાય તો પુનઃ માપણી કરી નિકાલ કરવા સેટલમેન્ટ કમિશ્નરશ્રીએ તા.૦૩–૧૨–૨૦૧૪ ના રોજ પરિપત્ર કરેલ છે. જે મુજબ ફરિયાદનો યોગ્ય નિકાલ થાય તે માટે આયોજન કરેલ છે. |

## ગુજરાત ભવન, દિલ્હી ખાતે મહાનુભાવોનો સરભરા માટેનો કોન્ટ્રાક્ટ

* ૧૬૬૦૫ શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ દિલ્હી ખાતેના ગુજરાત ભવનમાં મહાનુભાવોને રહેવા અને જમવાની સુવિધાઓ પૂરી પાડવા માટે કોને કેટલી રકમનો કોન્ટ્રાક્ટ આપવામાં આવેલ છે, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ ગુજરાત ભવન, નવી દિલ્હી ખાતે રોકાનારા મહાનુભાવો તેમજ અતિથિઓને અપાતી ભોજન તેમજ ચા–નાસ્તાની સુવિધા માટેનો કોન્ટ્રાક્ટ દર મહિને સરકારને રૂ.૧,૧૧,૦૦૦/– ની લાઇસન્સ ફી મળે એ રીતે તા.૧–૧૨–૨૦૧૪ થી બે વર્ષ માટે મેસર્સ મોહની કેટરર્સ, અમદાવાદને આપવામાં આવેલ છે. |
| (૨) આપવામાં આવેલ કોન્ટ્રાક્ટની નબળી કામગીરીને ધ્યાને લઇ સારી ઉત્તમ સેવાઓ મળી રહે તે માટે સરકાર કોઇ નિર્ણય લેવા માંગે છે કે કેમ ? | (૨) ગુજરાત ભવન, નવી દિલ્હી ખાતે વધુ સારી સેવાઓ મળી રહે તે માટે નિવાસી આયુક્તશ્રી, નવી દિલ્હીને જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે. |

## રાજ્ય સરકાર અને ટાટા મોટર્સ લી. વચ્ચે નેનો પ્લાન્ટ અંગેના કરાર

* ૧૮૬૧૭ શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : તા.૩૦–૯–૧૩ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૬૬૫૯ (અગ્રતાક્રમ–૧૯૬) ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ટાટા મોટર્સ લી. અને રાજ્ય સરકાર વચ્ચે ‘‘નેનો પ્લાન્ટ’’ અંગેના તા.૧–૧–૨૦૦૯ ના સરકારી ઠરાવ અન્વયે સરકારે ટાટા મોટર્સ લી.ને તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ કેટલી લોનની રકમ ક્યારે ચુકવી,

(૨) ટાટા મોટર્સ લી. દ્વારા કરાઇ રહેલ કરાર–ભંગ અંગે, ઠરાવ અન્વયેની ઉચ્ચ કક્ષાની મોનીટરીંગ સમિતિએ રાજ્ય સરકારને ક્યારે શું રિપોર્ટ આપ્યા, અને

(૩) તા.૧–૧–૨૦૧૫ સુધી તે અન્વયે રાજ્ય સરકારે ક્યારે ક્યા પગલાં લીધા ?

**જવાબ**

(૧) વિગત નીચે મુજબ છે.

| વર્ષ | ચુકવેલ રકમ (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૨–૧૩ | રૂ.૧૬૭.૨૦ |
| ૨૦૧૩–૧૪ | રૂ.૨૫૨.૩૪ |
| ૨૦૧૪–૧૫ (તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ) | રૂ.૩૭.૨૫ |

(૨) અને (૩)

આવો કોઇ અહેવાલ કરવામાં આવેલ નથી. તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ફાલ્ગુન ૨૭, ૧૯૩૬ શાકે

પોઇન્ટ ઓફ ઓર્ડર

અધ્યક્ષશ્રીની જાહેરાત

સભ્યશ્રીને સસ્પેન્ડ કરવા બાબત

અધ્યક્ષશ્રી : હું સભ્યશ્રી ગ્યાસુદ્દીન શેખને વિધાનસભાના નિયમ–૫૧ હેઠળ સમગ્ર દિવસ માટે સસ્પેન્ડ કરું છું.

પોઇન્ટ ઓફ ઓર્ડર

તારાંકિત પ્રશ્ન પૂછવા દેવા બાબત

શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, તારાંકિત પ્રશ્નોત્તરી એ વિધાનસભાની કાર્યવાહીનું એક ધબકતું અંગ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીને બોલવા દો.

શ્રી પરેશ ધાનાણી : બોલજો, બધા સભ્યો બોલજો, બધા સભ્યોના અધિકારની વાત છે. આજની પ્રશ્નોત્તરીમાં પ્રશ્નોત્તરીની બૂકમાં પ્રશ્ન નં.૨ ઉપર માનનીય બાબુભાઇ વાજાએ પ્રશ્નની રજૂઆત કરી હતી. માનનીય સભ્યશ્રીએ પોતાના મત વિસ્તારની અતિ મહત્વના પ્રશ્નને સન્માનનીય વિધાનસભામાં નિયત સમયમાં દાખલ કર્યો હતો. વિધાનસભાની કચેરીમાં ગૃહમાં સંબંધિત પ્રશ્નની તક પ્રશ્નોત્તરી કાળમાં ડ્રોથી ઉપલબ્ધ થઇ હતી. પ્રશ્નોત્તરી સમય કાળ દરમિયાન જ ગૃહમાં હાજર હતા અને આપના આદેશાનુસાર પોતાના સ્થાન ઉપર ઉભા થયા હતા.

અધ્યક્ષશ્રી: ગ્યાસુદ્દીનભાઇ આપને સમગ્ર દિવસ માટે સસ્પેન્ડ કર્યા છે એટલે પ્લીઝ, આપ બહાર જાઓ. (આ તબક્કે ગ્યાસુદ્દીનભાઇ સભાગૃહ છોડી ગયા.)

શ્રી પરેશ ધાનાણી : સભ્યશ્રી ગૃહમાં હાજર હતા. આપના આદેશાનુસાર પોતાના સ્થાન ઉપર ઉભા થઇ વારંવાર પ્રશ્નની રજૂઆત કરી રહ્યા હતા. પરંતુ વિપક્ષના માઇક શરૂ થયા ન હતા અને ગૃહ ઓર્ડરમાં ન હતું. ગૃહને ઓર્ડરમાં રાખવાની જવાબદારી સભ્યશ્રીની હોતી નથી. આ સન્માનનીય ગૃહમાં અધ્યક્ષશ્રી તરીકે વિપક્ષના સવાલો અને દરેક સભ્યના અધિકારોનું રક્ષણ કરવાની આપની પાસે અપેક્ષા રાખું છું. ગૃહ ઓર્ડરમાં ન હોય, સભ્ય પોતે પોતાના પ્રશ્નની રજૂઆત કરવા માગતા હોય, માઇક શરૂ ન હોય અને એમણે પોતાના પ્રશ્નની મૌખિક રજૂઆત કરી છે. આપ રેકર્ડ ઉપર જોઇ શકો છો. સભ્યશ્રીએ પ્રશ્નની રજૂઆત કરી અને મંત્રીશ્રીએ જવાબની દરકાર પણ ન કરી અને પ્રશ્ન ક્રમાંક–૩ તરફ કાર્યવાહી આગળ ધપી. લોકશાહી પરંપરામાં એક સભ્યશ્રી આપની પાસે રક્ષણની અપેક્ષા રાખે છે. આ વિધાનસભાની અંદર પ્રશ્ન રજૂ કર્યો હોય, ગૃહમાં હાજર હોય અને આપના આદેશાનુસાર ઉભા થઇને પ્રશ્ન રજૂ કરવા પ્રયત્ન કરતા હોય, પરંતુ માઇક શરૂ ન હોય, ગૃહ ઓર્ડરમાં ન હોય અને પ્રશ્ન પૂછવાની તક ઉપલબ્ધ ન હોય તો આપના મારફત અમને રક્ષણ મળે અને આદેશાત્મક નિર્ણય થાય તેવી અપેક્ષા રાખું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમાં સભ્યે કેવી રીતે વ્યવહાર કરવો, વર્તન કરવું એના એસ્ટાબ્લીસ નિયમો છે. દેખાવ ન કરી શકાય, અશિસ્ત ન કરી શકાય એ એસ્ટાબ્લીસ નિયમો છે. અહીંયાં બધાએ જોયું છે કે, વિપક્ષના બધા સભ્યો એસ્ટાબ્લીસ નિયમોનું ઉલ્લંઘન કરીને દેખાવો કરતા હતા. પ્રશ્ન નં.૧ ચાલ્યો, બરાબર જવાબ આપવામાં આવ્યો. બીજા નંબરનો પ્રશ્ન આવ્યો ત્યારે માનનીય અધ્યક્ષશ્રીએ ત્રણ વખત કરતાં વધારે આપ બોલ્યા. આખા ગૃહે સાંભળ્યું છે. સભ્યશ્રી પણ ત્યાં ઉભા ઉભા સાંભળતા હતા. મારે એટલું જ કહેવું છે કે, ગૃહ મારી ઇચ્છાથી ચાલતું નથી, નિયમ મુજબ ચાલે છે. માનનીય પરેશભાઇએ ઉભો કરેલો પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. આપે પૂરતી તક આપી છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આજે પ્રશ્નોત્તરીના સમય દરમિયાન આપ દ્વારા માનનીય સભ્યશ્રીનું ત્રણ વખત નામ પોકારાયું છતાં સભ્યશ્રીએ ઉભા થઇને પોતે પ્રશ્ન મુવ ન કર્યો. અને આ પ્રશ્નનો જવાબ પણ આપવા માટે માનનીય મંત્રીશ્રી તૈયાર હતા પરંતુ તેઓ ઉભા ના થયા, એ વખતે સમગ્ર હાઉસની જે પરિસ્થિતિ હતી એ પરિસ્થિતિમાં પ્રદર્શન, સુત્રોચ્ચર અને ઘોંઘાટભર્યુ વાતાવરણ હતું અને એ બોલતી વખતે સભાગૃહની અંદર આપના દ્વારા એમને પૂરતી તક આપવામાં આવી છે પરંતુ સભ્યશ્રી દ્વારા એની કોઇ દરકાર નથી લેવાઇ. અધ્યક્ષશ્રીના અનેક નિર્ણયો છે, અને ત્રણ ત્રણ વખત આપના દ્વારા જેને તક આપી હોય, પ્રશ્નોત્તરી જેવો અગત્યનો કાર્યકાળ હોય, ઘોંઘાટ જેવા દ્રશ્યો કરીને સભ્ય પોતે જ જયારે પ્રશ્ન મુવ ના કરે ત્યારે આ પોઇન્ટ ઓફ ઓર્ડર અસ્થાને છે એટલે એને એન્ટરટેઇન ન કરવો જોઇએ એવી મારી આપની સમક્ષ રજૂઆત છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, અમારા પરેશભાઇએ જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો એની અંદર ત્યાં આગળ માઇક ચાલુ જ નથી થયું, આપ જાતે ત્યાં આગળ ચેક કરીને જોઇ શકો છો. આ પોઇન્ટ એટલા માટે હું કહું છું કે જો માઇક ચાલુ થયું હોત તો આપે કીધું એ વાત ચોકકસ છે, આપે નામ પણ દીધું, પણ ત્યાં આગળ માનનીય સભ્યશ્રી ઉભા હતા, એમનું માઇક ત્યાં ચાલુ ન થયું માટે એ આજે બોલી શકયા નથી અને બીજો પ્રશ્ન કે પોતે ત્યાંથી ઉભા થઇને કેટલીયે વખત હાથ ઉંચા કરીને, આપ કેમેરામાં પણ જોઇ શકો છો કે ત્યાં આગળ આજે કહેતા હતા, ગૃહ ઓર્ડરની અંદર નહોતું, અમારી તો વિનંતી એટલી છે કે સભ્યશ્રી જયારે હાજર હોય, સભ્યશ્રી તૈયાર હોય ત્યારે માઇક ના ચાલ્યું હોય, એમનો અવાજ ના સંભળાતો હોય તો એને રક્ષણ મળે એવી વિનંતી છે.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, એ વખતે મેં હાથ પણ ઉંચો કરેલો હતો, અને માઇક બંધ હતું, એટલે હું બોલી શકયો નહોતો અને હું પહેલી વખત આવેલો છું. આ ગૃહની જે જાળવણી કરવાની હોય, જે નિયમ પ્રમાણે ચાલવાનું હોય એમાં થોડોક વિક્ષેપ પાડવામાં આવતો હોય તો એ વખતે અમે પહેલાવહેલા હોઇએ એટલે અમને ખબર પણ ના હોય તો મારો પ્રશ્ન પૂછવા દેવો જોઇએ, આ પહેલી વખત જ છે તો આપશ્રીને અને માનનીય મંત્રીશ્રીને જવાબ આપવા વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય બાબુભાઇના પ્રશ્ન ઉપર પરેશભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે કે હાઉસ ઓર્ડરમાં

નહોતું, સભ્યશ્રીને તક મળી નથી અને આ મુદ્દા ઉપર સંસદીય મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજી, પ્રદીપસિંહજી અને બલવંતસિંહજીએ પણ ચર્ચાઓ કરી છે, સમગ્ર બાબત હું સંપૂર્ણ રીતે પૂર્વ અધ્યક્ષના નિર્ણયો, ફૂટેજ ઉપર બધું ચેક કરી અને નિર્ણય આપીશ.

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ – ૧૧૬)

રાજયમાં કમોસમી વરસાદને કારણે પાકને થયેલ નુકસાન બાબત

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ–૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય કૃષિમંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તેમને તે અંગે નિવેદન કરવાની વિનંતી કરું છું.

‘‘રાજયમાં કમોસમી વરસાદના કારણે ખેડૂતોના બટાકા તથા અન્ય ઉભા પાકોને ભારે નુકસાન થયેલ છે. સમગ્ર રાજયમાં છેલ્લા બે દિવસમાં કમોસમી વરસાદ અને કરા પડતાં ખેડૂતોનો ઉભો પાક સદંતર નિષ્ ફળ ગયો છે. તેથી ખેડૂતો બેહાલ થઇ ગયા છે, ત્યારે ખેડૂતોમાં આ નુકસાનને કારણે ભારે રોષ અને ચિંતાની લાગણી ઉભી થઇ છે, તે નિવારવા માટે રાજય સરકારે લીધેલા કે લેવા ધારેલાં પગલાં’’

શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં તાજેતરમાં વાતાવરણમાં ફેરફારને કારણે કમોસમી વરસાદ પડેલ છે જેમાં કરા વર્ષા પણ થયેલ છે.

તા. ૧/૩/૨૦૧૫ થી તા. ૨/૦૩/૨૦૧૫ દરમ્યાન રાજયમાં કુલ–૨૭ જિલ્લાના ૧૩૯ તાલુકામાં કમોસમી વરસાદ પડેલ, જેમાં ૮૯ તાલુકામાં ૧ થી ૯ મી.મી. ૨૫ તાલુકામાં ૧૦ થી ૧૫ મી.મી., ૧૬તાલુકામાં ૧૫ થી ૨૦ મી.મી. અને ૯ તાલુકામાં ૨૦ મી.મી.થી વધુ વરસાદ પડેલ છે.

તા.૧૨/૦૩/૨૦૧૫ ના રોજ રાજયમાં કુલ ૧૩ જિલ્લાના ૩૫ તાલુકામાં કમોસમી વરસાદ પડેલ છે જેમાં ૩૦ તાલુકામાં ૧ થી ૯ મી.મી., ૧તાલુકામાં ૧૦ થી ૧૫ મી.મી., ૩ તાલુકામાં ૧૫ થી ૨૦ મી.મી. અને ૧ તાલુકામાં ૨૦ મી.મી.થી વધુ વરસાદ પડેલ છે.

તા.૧૪/૦૩/૨૦૧૫થી તા.૧૫/૦૩/૨૦૧૫ દરમિયાન રાજયમાં કુલ ૧૫ જિલ્લાનાં ૪૯ તાલુકામાં કમોસમી વરસાદ પડેલ છે જેમાં ૪૮તાલુકામાં ૧ થી ૯ મી.મી. અને ૦૧ તાલુકામાં ૧૦ થી ૧૫ મી.મી. સુધી વરસાદ પડેલ છે.

કમોસમી વરસાદના કારણે પ્રાથમિક અંદાજ મુજબ રવીઋતુના મુખ્ય પાકો જેવા કે જીરૂ, ઘઉં, તમાકુ, ધાણા, બટાકા, વરીયાળી, ચણા અને ઇસબગુલ વિગેરે કાપણી અવસ્થામાં હોય, મહદઅંશે કાપણી થઇ ચુકેલ છે જેથી ઉભા પાકો અને કાપણી થઇ ચુકેલ પાકોને નુકસાન થવાની સંભાવના છે.

રાજયમાં ચાલુ વર્ષે બટાટાનો કુલ વાવેતર વિસ્તાર ૯૮,૧૦૦ હેકટર નોંધાયેલ છે જેમાં ઉત્તર ગુજરાતમાં ૮૯,૨૦૦ હેકટર, મધ્ય ગુજરાતમાં ૮,૩૦૦ હેકટર અને સૌરાષ્ટ્રનો ૬૦૦૦ હેકટર બટાટાનો વાવેતર વિસ્તાર નોંધાયેલ છે. પ્રાથમિક અંદાજ મુજબ બટાટાના પાકને ઓછા–વધતા પ્રમાણમાં નુકસાન થયેલ જણાયેલ છે.

કમોસમી વરસાદને કારણે જુનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, પોરબંદર, ભાવનગર, કચ્છ તેમજ વડોદરા જિલ્લાઓમાં આંબાના પાકમાં મોરને પ્રાથમિક અંદાજ મુજબ નુકસાન થવા પામેલ છે તેવું જાણમાં આવેલ છે.

કુદરતી આફતને લીધે ખેતી પાકોમાં નુકસાન થાયતો સ્ટેટ ડિઝાસ્ટર રીસ્પોન્સ ફંડ (એસડીઆરએફ)ના ધારાધોરણ મુજબ જે કિસ્સાઓમાં ખેતી પાકોમાં ૫૦ ટકા કરતા વધારે નુકસાન થાયતો એસડીઆરએફના ધારાધોરણ મુજબ સહાય આપવાની જોગવાઇ છે, જે માટે નુકસાનીની વિગતો મેળવવા વિગતવાર સર્વેની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

વિશેષમાં રાજયમાં જયાં કમોસમી વરસાદ ઉપરાંત કરા વર્ષા થયેલ છે તે વિસ્તારના કેટલા ગામોમાં કરા પડેલ છે, કરાથી નુકસાન પામેલા કૂલ વાવેતર વિસ્તાર કેટલા હેકટર છે તથા નુકસાન ૫૦ ટકાથી વધુ છે કે ૫૦ ટકાથી ઓછું છે તેની વિગતો રાજયના તમામ જિલ્લા કલેકટરશ્રીઓ પાસેથી માંગવામાં આવેલ છે. આ વિગતો ઉપલબ્ધ થયેથી અંદાજીત કેટલા વિસ્તારમાં ખેતી પાકને નુકસાન થયેલ છે તેની વાસ્તવિક વિગતો જાણવા મળશે અને જયાં નિયમ મુજબ નુકસાન વધુ હશે ત્યાં સહાય ચુકવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

વર્ષ ૨૦૧૪–૧૫ની રવી/ઉનાળુ ઋતુ દરમિયાન રાષ્ટ્રીય કૃષિ વીમા યોજના હેઠળ ખેડૂતોએ ઘઉં(પિયત), ડુંગળી, લસણ, જીરૂ, ચણા અને ઉનાળુ મગફળી માટે ૪૫૦૦ હેકટરના વીમા ઉતરાવેલ છે તેવા ખેડૂતોને રાષ્ટ્રીય કૃષિ વીમા યોજનાની ગાઇડલાઇન મુજબ મળવાપાત્ર પાક વીમાની રકમ ચુકવવાની કાર્યવાહી કરવામાં આવશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણે માનનીય મંત્રીશ્રીએ જે નિવેદન આપ્યું છે એ નિવેદન વાંચીને મને પોતાને એમ થયું કે આ સરકારની અંદર ખેડૂતો માટેની કોઇ ઠેકાણે કોઇ જગ્યા આજે લાગતી નથી તે સ્પષ્ટપણે દેખાય છે. આ સરકારને જે રીતે નિવેદનમાં માત્ર મહદ્અંશે ઉત્તર ગુજરાતમાં ખાસ કરીને પાટણમાં, પાલનપુરમાં જે રીતે વરસાદ પડ્યો છે, જ્યાં કરા પડ્યા છે એ સ્થિતિમાં જ્યારે ખેડૂતોનો પાક તો નીચે પડ્યો છે પણ ખેડૂતો લમણું નીચું રાખીને બેઠા છે ત્યારે મને એમ થાત કે સરકાર આ બાબતમાં ચોક્કસ કંઇક કરશે અને ખેડૂતોની વહારે ચડશે એવી મને ચોક્કસ લાગણી હતી. પણ એ નહીં થઇ શકતાં મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે છેલ્લા ૧૦ વર્ષમાં આ રાજ્ય સરકારે રેવન્યુ તલાટી દ્વારા પાણી પત્રકો થતા નથી. કરાતા જ નથી. જેથી કયા પાકો અને ખેતરોમાં વાવેલું છે તે પણ સરકાર પાસે માહિતી હોતી નથી. તેથી જ્યારે કુદરતી આફત આવે ત્યારે અહીંથી કહેતા હોઇએ છીએ કે પાકનું મહદ્અંશે અહીં એક દિવસમાં કે ૨૪ કલાકમાં શબ્દ આપ્યો છે તો મારે સરકારને પહેલો પ્રશ્ન કરવો છે કે જ્યાં કરા પડ્યા છે ત્યાં આપે જે રીતે કલેકટરશ્રીઓને સૂચના આપવાની વાત કરી છે તો કેટલા સમયમાં એટલે કે ચોક્કસ સમયમાં આ સત્ર પૂરું થઇ જાય અને વીકમાં કરાવવા માગો છો કે કેમ? બીજું કે એના ધારાધોરણો છે એ ધારા ધોરણોમાં બટાટાથી

માંડીને ત્યાં ખેતરમાં કયા પાકો વાવ્યા છે એ કયા ધારા ધોરણથી ૫૦ ટકાની નીચે આવે છે, આપણે જ્યારે આવો પ્રશ્ન લઇને આવીએ ત્યારે ૫૦ ટકાનું ધોરણ લાગતું હોય છે તો કયા ધોરણે કરાવવા માગો છો? અને ત્રીજી મારી વિનંતી છે કે આપ ૫૦ ટકાના ધારા ધોરણ રાખો છો એમાં સુધારો કરીને આ વખતે ખેડૂતોની જે સ્થિતિ થઇ છે બધા પાકોની એમાં સુધારો કરવા માગો છો કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : એક તો માનનીય સભ્યશ્રીએ જે વાત કરી કે ખેડૂતો પ્રત્યે રાજ્ય સરકાર બરાબર ધ્યાન નથી આપતી તો મારે માનનીય સભ્યશ્રીને કહેવાનું છે કે આ જ વર્ષમાં જ્યારે કપાસના ભાવો નીચા ગયા ત્યારે પણ રાજ્ય સરકારે ૧૧૦૦ કરોડ જેવી વિશાળ રાહત આપેલ છે. ૧૯૮૫–૮૬થી લઇને ૧૯૯૫–૯૬ સુધીમાં કૃષિ વિભાગમાં અગાઉની સરકારોએ બજેટમાં ફાળવણી કરી છે એ માત્ર ૫૯૧ કરોડ રૂપિયા છે. એની સામે અમે રાહત આપી એ ૧૧૦૦ કરોડ કરતાં પણ વધારે આપી. બટાટાના ભાવ નીચા ગયા ત્યારે પણ રાજ્ય સરકારે ગઇકાલે જ નિયમ–૪૪ના નિવેદન મુજબ અમે જે ખેડૂતોને ટ્રાન્સપોર્ટેશનમાં રાહત આપી છે એનાથી આજથી બટાટાના ભાવમાં ખેડૂતોને રાહત થશે અને ખેડૂતોને ફાયદો થશે. આપણા મુખ્યમંત્રી ખેડૂત પુત્રી છે ત્યારે ખેડૂતોની હંમેશા ચિંતા હોય એટલે આ વખતના બજેટમાં જોઇશું તો સિંચાઇ અને કૃષિ જે આની સંલગ્ન છે, કૃષિનું જ બજેટ ૨૦ કે ૨૨ ટકા ફાળવ્યું છે. આ સરકાર હંમેશા ખેડૂતોની પડખે રહી છે અને ખેડૂતો પ્રત્યે હંમેશા સંવેદનશીલ હોય છે. બીજી વાત કમોસમી વરસાદ છે તો આ વર્ષે ૧–૨ માર્ચના રોજ વરસાદ પડ્યો હતો. સરકારે એની અરજીઓ મેળવીને સરવે, તપાસ વગેરે કામગીરી શરૂ કરી હતી. ૧૨, ૧૪–૧૫ માર્ચના રોજ વરસાદ પડ્યો એ ત્રણ સ્ટેજમાં પડ્યો છે. અમે રેવન્યુ વિભાગ, પંચાયત વિભાગ અને કૃષિ વિભાગે સાથે સંલગ્ન બધા વિભાગો સાથે મળીને લોકોની અરજીઓ લેવાનું, સ્થળ તપાસ કરવાનું અને જે કાંઇ નુકસાન થયું હશે એમાં નિયમો મુજબ આગળ વધીશું. આપે જે સહાયના ધોરણની વાત કરી તો જણાવું કે આ સહાયના ધોરણો અમારા નક્કી કરેલા નથી. આપ સૌના નક્કી કરેલા છે. જ્યારે કેન્દ્રમાં આપની સરકાર હતી ત્યારના છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : ધોરણો સુધારવા માગો છો કે કેમ? અગાઉ જે પણ હોય તે પણ આપ કરવા માગો છો કે કેમ?

શ્રી ગોવાભાઇ હ. રબારી : મંત્રીશ્રીએ નિવેદનમાં બધું કહ્યું છે, જુદો જુદો વરસાદ બતાવ્યો છે. પણ આ વખતે વરસાદ આ ખેતરમાં ૨૦ મિલિલિટર અને બાજુના ખેતરમાં ૪૦ મી.મી. અને આ બાજુ ૫ મી.મી. એમ વરસાદ સરેરાશ સરખો નથી થયો. એટલે આપના જે આંકડા છે એ આંકડા જોઇને જો લાભ આપવા માગતા હોય તો સાચા ખેડૂતને લાભ નહીં મળે. મારી વિનંતી એ છે કે ડીસાની અંદર બટાકાનું મોટું વાવેતર અને ઉત્પાદન છે. આપે સહાય આપી છે એમાં APMCમાં માન્ય નોંધાયેલા વેપારી. એ જો રોડ ટ્રાન્સપોર્ટથી બહાર લઇ ગયા તો એને ટ્રાન્સપોર્ટની સબસિડી મળશે. મારી વિનંતી એ છે કે જે ખેડૂતના બટાકા હજુ કાઢવાના બાકી છે. જમીનમાં જ છે. ઉપર વરસાદ પડ્યો છે અને આપે છાપામાં પણ જોયું છે કે બાજુની ઓલ્યું ભરાય ગઇ છે. હવે ખોદાવે તો એની મજૂરી નહીં નીકળે. કદાચ ખોદાવે તો એ જ દિવસે એનો નિકાલ કરવો પડે. બીજા દિવસે બટાકા ફૂટી જવાના છે. જેના ઢગલા કરેલા છે એ ઢગલાની અંદર વરસાદ અને કરા પડ્યાં છે. એટલે પાણીનો ભેજ ચાલુ ને ચાલુ જ રહ્યો. એણે ૨૪ કલાક, ૪૮ કલાકમાં એનો નિકાલ ના કરેતો બધા કૂલી જવાના છે. એટલા માટે એ લોકોને જે વળતર આપવાની વાત હતી, અમારી રજૂઆત હતી. ટ્રાન્સપોર્ટ આપ્યું એ પણ આપને અભિનંદન. એ પણ જરૂરી છે. એટલું આપ્યું તો થોડો વેપારી તો જીવશે. ખેડૂત પાસેથી લઇને એને જે મળે એ. પણ જે ખેડૂતને સાચો ભાવ મળવો જોઇએ એ આમાં નથી મળતો અને મેં કહ્યું એમ વરસાદ સરેરાશ સરખો નથી પડ્યો. જે ચોમાસાના આંકડા તમે ડિપાર્ટમેન્ટલી લ્યો છો એ બરાબર છે. આ વખતે અહીંયા વધારે તો અહીંયા ઓછો, સરવે કરીને જે સાચો ખેડૂત છે જે અંદર બટાકા લઇને પડયાં છે એનું આજે આખું કુટુંબ રડે છે. હું રાજકીય વાત નથી કરતો. તમે જશો તો પણ રડે છે. આપણે જોઇ ના શકીએ અને એની સાથે જે રાયડો વાયેલો હતો. આપણે બધામાંથી કોઇને ખબર નથી કે રાયડાને નુકસાન થયું છે. અને જે પાળા બનાવેલા હોય છે. રાયડો વાઢીને, કાપીને પાળા બનાવે એ પાળા ત્રણ–ચાર ખેડૂતોના ખેતરમાં હું જાતે ગયો છું. પાળા બધા જ ઊડી ગયા. બધા ડોકે ડોકા ખેતરમાં અને ખેતરની બહાર, કશું જ એના હાથમાં નથી એમને એમ ખેતર પડ્યું છે. હવે આ કોઇને ખ્યાલ નથી. હવે જો નજરે જોયું હોય, જે જાતે ખેતી કરે છે, ખેતરમાં જતો હોય એને જ ખબર છે કે ખેતીની પરિસ્થિતિ શું છે?

અધ્યક્ષશ્રી : ગોવાભાઇ આપ પ્રશ્ન પૂછો.

શ્રી ગોવાભાઇ હ. રબારી : ખેડૂતની જ વાત છે.

અધ્યક્ષશ્રી : નહીં પ્રશ્ન પૂછો.

શ્રી ગોવાભાઇ હ. રબારી : એટલે આ જે પ્રશ્ન મારો છે કે એની અંદર બિલકૂલ બરબાદ થઇ ગયા છે. રાઇ, રાજગરો સાફ થઇ ગયો, રાયડો ઊડી ગયો. બટાકા જે ખેડૂતના હજુ જમીનની અંદર જ છે. ઢગલા પણ સડી ગયા છે એમના માટે શું? અને આપે જે કહ્યું છે કે, વેપારી જે અમદાવાદ, ડીસા, દહેગામ, લાડોલ, વીજાપુર અને ઊનાવા APMCમાં માન્ય નોંધાયેલા વેપારી એ જો રોડ ટ્રાન્સપોર્ટથી રાજ્ય બહાર નિકાલ થાય તો ૭૫૦ પ્રતિ મેટ્રીક ટન મળશે, પણ ગઇકાલના નિવેદનની વાત કરું તો કોઇ ખેડૂતનો ઉલ્લેખ નથી કર્યો, વેપારીનો ઉલ્લેખ કર્યો છે. વેપારી ખેડૂતને નથી આપવાનો, બાકીના બટાકા જે કોલ્ડ સ્ટોરેજમાં મૂકી દીધા છે એની પણ દશા એ જ છે.

અધ્યક્ષશ્રી : ગોવાભાઇ આપ પ્રશ્ન પૂછોને, આપને શું જાણવું છે.

શ્રી ગોવાભાઇ હ. રબારી : જે બટાકા જમીન ખોદેલા નથી, ખોદેલા પડ્યાં છે એ બગડી ગયાં છે.

અધ્યક્ષશ્રી : એકને એક વાત રિપિટ ના કરો. આપ ત્રીજીવાર રિપિટ કરો છો.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, એનું વળતર આપવા કાંઇ બીજી (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન પર આવો.

શ્રી ગોવાભાઇ હ. રબારી : બટાકા, રાયડો, રાજગરો જે બિલકૂલ સાફ થઇ ગયું છે. જે ખેતરમાં જઇને સરવે કરાવીને એના માટે સરકાર અલાયદું કાંઇ આપવા માગે છે કે કેમ? અને આ જે ટ્રાન્સપોર્ટેશન માટે માત્ર નોંધાયેલ વેપારી જ લખ્યું છે.

અધ્યક્ષશ્રી : આપ પાછું ટ્રાન્સપોર્ટનું ત્રીજીવાર બોલો છો.

શ્રી ગોવાભાઇ હ. રબારી : હવે સાહેબ, નોંધાયેલો વેપારીને (અંતરાય) નહીં,

અધ્યક્ષશ્રી : કેટલીક વખત મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે? (અંતરાય) આપ પ્રશ્ન પૂછો.

શ્રી ગોવાભાઇ હ. રબારી : ખેડૂતને વળતર આપવા માગો છો કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા અગાઉના જવાબમાં જ હમણાં કીધું કે, ખેડૂતને જેને નુકસાની થઇ છે એની અરજી લઇશું. સ્થળ તપાસ કરી, સરવે કરીને પછી એને પૈસા જે કાંઇ નુકસાની હતી એ પ્રમાણે એને વળતર ચૂકવવામાં આવશે. એટલે વરસાદના આંકડા આપે જે કીધું એ રીતે અલગ મેટર છે પણ આ સરકાર સંવેદનશીલ છે અને ખરેખર જેને નુકસાન થયું હોય તેને એ રીતે ચૂકવવામાં આવશે. બીજી આપે બટાકાના ટ્રાન્સપોર્ટની વાત કરી. એ પણ ગઇકાલે મારા નિવેદનમાં મેં એના પછી જે જવાબ આપ્યો એમાં પણ મેં કીધું હતું કે આ વેપારીને તો મળશે જ પણ જો ખેડૂત પોતે પણ પોતાના બટાકા છે એ અન્ય રાજ્યમાં લઇ જાશે તો એણે APMCપાસે નોંધાવીને, જે અમે સિસ્ટમ કરીશું APMC to APMC તો એને પણ સહાય મળશે. ગઇકાલે મારા નિવેદનના જવાબમાં પણ મેં વાત કરેલી હતી.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ એમના નિવેદનમાં જણાવ્યું છે કે મહદ્અંશે પાક કપાઇ ગયા છે. એ હકીકત સત્યથી વેગળી છે. મંત્રીશ્રી ખેડૂત છે. મુખ્યમંત્રીશ્રી પણ અહીંયા ઉપસ્થિત છે. પોતે પણ ખેડૂત છે. ઇસબગુલનો પાક સાહેબ વધારે ઝાકળ પડે તો પણ નાશ થઇ જાય છે. તો આ તો મોટા મોટા કરા પડ્યા પાલનપુરની અંદર. અને જ્યારે કરા પડ્યા ત્યારે રસ્તામાં પ્રવાસમાં જ અમે દાંતીવાડા તાલુકાની અંદર અહીંથી જતા હતા, ઇસબગુલનો પાક સદંતર નિષ્ફળ ગયો છે. સાથે સાથે તમાકુનો પાક પણ નિષ્ફળ ગયો છે. ઘઉં અને જીરું, જીરું કેવી રીતે બચે ? બાબુભાઇ સાહેબ આપ કૃષિ મંત્રી છો, આપને ખબર છે. જીરાનો પાક પણ નાશ થઇ ગયો છે અને ઘઉંનો જે ઉભો પાક હતો એ બધા આડા થઇ ગયા છે અને દરેક પાકની અંદર ભારે નુકસાન થયું છે. રાજગરો કાપેલો પડ્યો હોય કે ઉભો હોય તો કેવી રીતે બચે ? એ આપ કહો. આપ ખેડૂત છો, આપને આપના ખાતાના અધિકારીઓએ પણ બ્રિફિંગ કર્યું હશે.

ખેડૂતોને અહીંયા વારંવાર એક ની એક વાત કરીએ કે, અગિયાર સો રૂપિયાનું પેકેજ આપ્યું. સાહેબ, આ જે પાકો નિષ્ફળ થયા, અમુક પાકો તો સો ટકા નાશ થયો છે. જે સો ટકા પાક નાશ થયો છે એને પૂરેપૂરું સરવે કરાવીને ટૂંકા માં ટૂંકા સરવેમાં, પંદર દિવસમાં સરકાર વળતર આપવા માગે છે કે કેમ? અને આ વીજળીની વાતમાં એક બાજુ પેકેજ વીજળીનું આપ્યું સાહેબ રાહતનું અને બીજીબાજુ લોડ વધારાના નામે પચાસ હજાર, લાખ રૂપિયા દંડ કર્યો.

અધ્યક્ષશ્રી : એ ઉર્જા વિભાગના મંત્રીશ્રીને પૂછજો.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : પણ સાહેબ આ એમાં ખેતીવાડીમાં સાંકળી લે છે બાબુભાઇ સાહેબ, અત્યારે જ બોલતા હતા એટલે મારે આ વાત આપના મારફતે એમને સાંભળવી પડે ખેતીની વાત. એક બાજુ તમે આપ્યું અને બીજી બાજુ પાછુ દંડ કરીને લઇ લીધું એટલે ખેડૂતોને જે લોડ વધારાના નામે વીજળીનો દંડ કર્યો છે એ સરકાર માફ કરવા માગે છે કે કેમ? અને આ જે પાકો છે, સદંતર સો ટકા પાકો નાશ થયા છે, એમને સો એ સો ટકા વળતર સરકાર આપવા માગે છે કે કેમ ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલો જે કમોસમી વરસાદ થયો, એ પહેલી અને બીજી તારીખમાં, આ સમય એવો હતો કે, લણણીનો સમય લગભગ નજીક હશે. એટલે જેણે થોડુંક આગોતરું વાવેતર કર્યું હશે એનો પાક છે એ વઢાઇને કદાચ ખેતરમાં હશે, બાકીનો પાક છે એ ખેતરમાં ઉભો હશે. બીજી વખત જે આમાં બાર તારીખ, ચૌદ–પંદર તારીખ ત્યારે લગભગ મોટાભાગના પાકની લણણી થઇ ગઇ હશે. એટલે માનનીય સભ્યશ્રીની જે લાગણી છે (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે મેં કહેલું છે, મારા પહેલા જ જવાબની અંદર કે, અમે ખેડૂતોને જે નુકસાન થયું હશે, એની અરજી લઇશું, સ્થળ ઉપર તપાસ કરીશું અને ખેડૂતોને જે રીતે નુકસાની થઇ હશે એ મુજબ એને અમે ચુકવણી પૈસાની કરીશું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં પહેલી, બીજી માર્ચ, બારમી માર્ચ અને ચૌદ–પંદર માર્ચના રોજ કમોસમી વરસાદના માવઠાથી રાજ્યના મહત્તમ રવી પાકો, એ જીરું હોય, ઘઉં, તમાકું, ધાણા, બટાકા, વરિયાળી, ચણા, ઇસબગુલ અને આમારા સૌરાષ્ટ્રમાં ગીર કાંઠામાં આંબાવાડિયા, જે મોરની સિઝન હતી, કમોસમી વરસાદના કારણે સંપૂર્ણ આંબાવાડિયાનો મોર છે એ કેરી બનતા પહેલાં ફૂલ ખરી પડ્યા છે અને સંપૂર્ણ પાક નિષ્ફળ ગયો છે. મંત્રીશ્રીએ જવાબમાં આપ્યું છે કે, કુદરતી આફતને લીધે ખેતી પાકોમાં નુકસાન થાય તો એસ.ડી.આર.એફ.ના ધારાધોરણો મુજબ પચાસ ટકા કરતા વધુ નુકસાન થાય તો સહાય આપવાની જોગવાઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, હું પણ ખેડૂત છું અને માનનીય મંત્રીશ્રી પણ ખેડૂત છે. નજરે જોઇએ, સંપૂર્ણ પાક નિષ્ફળ ગયો છે એટલા માટે આંબાવાડિયાના મોર, એના મોર ખરી જાય તો પછી કેરી બનવાનો સવાલ જ નથી. ઘઉં ઉભા થયા હતા, દાણા બેઠા હોય અને ઝાપટા પડ્યા માનનીય અધ્યક્ષશ્રી, ઘઉં બધાય જમીન તરફ નમી ગયા છે, ઢળી ગયા છે અને એમાંય કોઇ ખળામાં ઘઉં લેવાયા હોય અને માથે વરસાદ પડ્યો, તો એ ઘઉં સંપૂર્ણ કાળા થઇ ગયા.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આપણે ચાલુ વર્ષે ૨૦૧૪–૧૫ના વર્ષમાં કૃષિ પાક વીમાના જે પ્રિમિયમ હતા એ પ્રિમિયમના દરમાં પણ સરકારે વધારો કર્યો. માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં પાણી–પત્રક જે છે એ આપણા તલાટી મંત્રીશ્રીઓ ગામડે જતા અને પાણી–પત્રક કરતા. રાજ્ય સરકારમાં વિતેલા વર્ષોમાં પાણી–પત્રક કરવાની જવાબદારી પણ ખેડૂત ઉપર આપણે ઠોકી બેસાડી. કમોસમી વરસાદથી સંપૂર્ણ પાક નિષ્ફળ ગયો છે. કૃષિ ઉત્પાદનો ખેડૂત એના પરસેવાથી કાંઇ ઉત્પાદન પકવે તો એની ઉપર (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપેસીધો પ્રશ્ન પૂછવો જોઇએ. ૧૧૬માં આપણે ચર્ચા નથી કરી શકતા એટલા માટે.

શ્રી પરેશ ધાનાણી : કૃષિ પાક ઉપર વેરા વસૂલ કરવાના. કપાસ ઉપર પણ ૬૦૬ કરોડ રૂપિયા વસુલ કર્યા તો માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે એક તો આવી નબળી પરિસ્થિતિ, એમાં કૃષિ પાકના ભાવ સાવ તળીયે બેસી ગયા છે ત્યારે રાજય સરકાર ખેડૂતોની ચિંતા કરી સંપૂર્ણ પાકો નિષ્ફળ ગયા છે ત્યારે જે સર્વેની પ્રક્રિયા છે, વિતેલા વર્ષોનો આપણી સરકારનો ટ્રેક રેકોર્ડ છે કે સર્વે થાય છે અને ખેડૂત બિચારો આત્મહત્યા કરે છે. સમય ભુલાઇ જાય એટલે સર્વે તો થશે પણ તાત્કાલીક અસરથી ખેડૂતોને આપણે સહાય ચૂકવવા માગીએ છીએ કે કેમ? એણે રવિ પાકના ધિરાણો લીધા છેએમાં વ્યાજ માફી ન હોય માનનીય મંત્રીશ્રી, એને લોન માફી આપવા રાજય સરકાર માગે છે કે કેમ? પાક વીમાના પ્રિમિયમ વધ્યા એટલે સરકારે સ્વીકાર્યું. પાક વીમાનું પ્રિમિયમ માત્ર ૪૫૦૦ હેકટર જ આરક્ષિત છે ત્યારે તાત્કાલીક અસરથી પાક વીમો ચૂકવવા માગીએ છીએ કે કેમ? મારા સીધા ત્રણ સવાલો છે. એક, જે રવિ કૃષિ પાકોમાં ધિરાણ કર્યા છે એ વ્યાજ સહિત સંપૂર્ણ ધિરાણો લોન માફ કરવા માગીએ છીએ કે કેમ? સર્વેની પ્રક્રિયાને બાજુએ મૂકી અને તાત્કાલીક અસરથી આપણે એને સહાય ચૂકવવા માગીએ છીએ કે કેમ? અને પાક વિમાનું પ્રિમિયમ ઘટાડીએ અને આ વર્ષે જેણે પ્રિમિયમ ભર્યું છે એને તાત્કાલીક અસરથી આપણે સો ટકા પાક વિમો ચૂકવવા માગીએ છીએ કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના સૂચનો છે અને બાકી તો મેં જે કીધું એમ આખી સરવેની કામગીરી થાય એના પછી જ તમે ચૂકવી શકો. માનનીય સભ્યશ્રી કહે છે કે સર્વે કર્યા સિવાય તમે ચૂકવો તો એ તો શકય નથી. કોઇએ પાક વાવ્યો છે, નથી વાવ્યો, રવિ પાક કયારેય સો એ સો ટકા વાવેતર હોતું નથી એટલે આ બંને બાબતો સૂચનો છે.

શ્રીમતી કામીનીબા ભૂ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમનું નિવેદન આપ્યું તો હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કપાસની વાત હોય, બટાકાની વાત હોય કે રવિ પાકની વાત હોય જે વરસાદના કારણે ખેડૂતોને જે નુકસાન થયું છે એ ખેડૂતોનું જો આપ હિત ઇચ્છતા હોય અને ખેડૂતોનો વિચાર કરતા હોય તો પાણી વહી ગયા પછી જ પાળ બાંધવાનું કામ સરકાર કેમ કરે છે? મોટાભાગના ખેડૂતોના બટાકાનું વિતરણ થઇ ગયું છે. કોલ્ડ સ્ટોરેજમાં જગ્યા ન મળવાને કારણે એ લોકોએ જાહેર જગ્યાએ અને ગૌચર ઉપર પોતાનો માલ ઠાલવી દીધો છે તો માનનીય મંત્રીશ્રી આવા ખેડૂતોને રાહત આપવા માગે છે? અને જે રીતે સાબરકાંઠાની અંદર ખેડૂતોને નુકસાન જવાના કારણે સરકારશ્રીએ જાહેરાત કરી હતી તો એને બે વર્ષ પછી વળતર મળ્યું તો આ ખેડૂતોને ચોકકસ કઇ તારીખે વળતર મળશે એવી કોઇ જાહેરાત કરવા માગે છે કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, વળતર માટે તો સર્વેની કામગીરી પૂરી થઇ જાય એના પછી શકય એટલું વહેલું ચૂકવાઇ જાય એના માટે સરકાર પ્રયત્ન કરશે.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

કચ્છ જિલ્લામાં પશુઓને સારવાર અનુસંધાને વધારાની માહિતી

શ્રી બાબુભાઇ બોખીરીયા (પશુપાલન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું તા.૨૪–૨–૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી રમેશભાઇ મહેશ્વરીના તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૧૩૮૮૯ (અગ્રતાક્રમ–૭)ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વધારાની માહિતી સભાગહના મેજ ઉપર મુકવામાં આવી.

ખેડા જિલ્લામાં કૃષિ કીટસનું વિતરણ અનુસંધાને વધારાની માહિતી.

શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૩–૩–૨૦૧૫ના રોજ સભાગૃહમભાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી કેસરીસિંહ સોલંકીના તારાંકિત પ્રશ્ન ક્રમાંક –૧૫૧૦૭ (અગ્રતાક્રમ–૧૨) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવી.

ગાંધીનગર જિલ્લામાંપશુ સારવાર કેમ્પ અંગે વધારાની માહિતી.

શ્રી બાબુભાઇ બોખીરીયા ( પશુપાલન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૩–૩–૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી શંભુજી ઠાકોરના તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૧૪૯૪૬ (અગ્રતાક્રમ–૧૦) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવી.

વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના નવમા અહેવાલની રજૂઆત

તા.૧૮મી માર્ચ, ૨૦૧૭

અધ્યક્ષશ્રીની જાહેરાત

શ્રી ભરતભાઇ કી. પટેલ (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો નવમો અહેવાલ રજૂ કરું છું.

અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

શ્રી ભરતભાઇ કી. પટેલ (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના નવમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રીની જાહેરાત

સભ્યશ્રીની રજૂઆતની ચેષ્ટા બાબત

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે. ગઇકાલે પ્રશ્નોત્તરી દરમ્યાન પ્રશ્નક્રમાંક-૮ ના પ્રભારી સભ્યની ગૃહમાં ગેરહાજરીને ધ્યાને લઇ સભ્યશ્રી શક્તિસિંહજી ગોહિલે ઉભા થઇ રજૂઆત કરી કે, માનનીય મંત્રીશ્રીને આપ પૂછી જુઓ કે તેઓ જાહેર હિતમાં ગેરહાજર રહેલ સભ્યશ્રીના પ્રશ્નનો જવાબ આપવા માગે છે કે નહીં? તે સમયે મેં તેઓને જણાવ્યું હતું કે, આપણે ત્યાં આ પ્રકારની પ્રેક્ટિસ નથી, તેથી આપ બેસી જાવ. તેમ છતાં પણ તેઓએ એક અધિકારની રૂએ તેમની રજૂઆતને વળગી રહીને જે પ્રકારની બોડી લેન્ગવેજથી મારા ઉપર તેમની રજૂઆત સંબંધે દબાણ લાવવા જે ચેષ્ટા કરવામાં આવી હતી તે સંબંધે મેં તેઓશ્રીને આ ગૃહની પ્રસ્થાપિત થયેલ પરંપરા મુજબ પ્રશ્નોત્તરી કાળ દરમ્યાનનો કોઇપણ મુદ્દો પ્રશ્નોત્તરી બાદ ઉઠાવવાની વિનંતી કરી હતી.

પ્રશ્નોત્તરી બાદ સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે તેમનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉઠાવી રજૂઆત કરી હતી કે ગેરહાજર રહેલ સભ્યશ્રીના પ્રશ્નનો જવાબ જાહેર હિતમાં સભ્યશ્રીની રજૂઆત પરથી મંત્રીશ્રી આપી શકે છે અને ભૂતકાળમાં પણ આ બાબતે ઘણા પ્રસંગોએ પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન પૂર્વ અધ્યક્ષશ્રીએ ગેરહાજર રહેલ સભ્યશ્રીના પ્રશ્નનો ઉત્તર આપવા દીધાના પ્રસંગો બન્યા છે અને તેમ કરીને સભ્યોના પ્રશ્ન પૂછવાના અધિકારોનું રક્ષણ કરવામાં આવ્યું છે.

સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે ઉઠાવેલ મુદ્દા સંબંધમાં માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમાએ વિધાનસભાના નિયમ-૮૬ની જોગવાઇ તરફ ગૃહનું ધ્યાન દોરી રજૂઆત કરી હતી કે, આ પ્રશ્ન પૂછનાર પ્રભારી સભ્યશ્રીની ગેરહાજરીમાં જાહેર હિતમાં જવાબ આપવો કે નહીં તે નક્કી કરવાનો અધિકાર નિયમની જોગવાઇ મુજબ મંત્રીશ્રીને આપવામાં આવ્યો છે અને મંત્રીશ્રી જો જવાબ આપવા માંગતા હોય તો મંત્રીશ્રીએ પણ અધ્યક્ષની મંજૂરી લેવાની રહે છે. આજે પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે અધ્યક્ષને તેમના ઈરાદાઓ સંબંધે દિશા નિર્દેશો આપીને મંત્રીશ્રી જવાબ આપવા માંગે છે કે નહીં તે પૂછી જુઓ તે પ્રકારે નિયમ અને પ્રસ્થાપિત પરંપરાથી વિરુદ્ધનું કરેલ વર્તન અધ્યક્ષ પદના અપમાન સમાન છે. શ્રી ગોહિલ આ રીતે અધ્યક્ષને ગૃહની કાર્યવાહીનું સંચાલન કરવા અનુરોધ ન કરી શકે તેમજ તેમની સમજ મુજબ નિયમ-૮૬નું અર્થઘટન કરવા ન જણાવી શકે. તેઓની આ પ્રકારની રજૂઆત નિયમ-૮૬ની જોગવાઇ સાથે કોઇપણ રીતે સુસંગત નથી અને ગૃહની કાર્યવાહીના સંચાલન બાબતે ઉગ્ર રીતે અધ્યક્ષશ્રી સાથે દલીલો કરીને તેમના પર દબાણ લાવવાનો પ્રયાસ યોગ્ય ન હતો.

માનનીય સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે ઉઠાવેલ પોઇન્ટ ઓફ ઓર્ડરના મુદ્દા બાદ માનનીય મંત્રીશ્રી પ્રદીપસિંહજી જાડેજાએ પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન માનનીય સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે મારી સામે કરેલ રજૂઆત સંબંધેનો મુદ્દો ઉપસ્થિત કરી જણાવ્યું હતું કે, નિયમની સ્પષ્ટ જોગવાઇ તેમજ પ્રસ્થાપિત પરંપરાઓ અનુસાર પણ ગેરહાજર રહેલા સભ્યશ્રીના પ્રશ્નનો ઉત્તર આપવા મંત્રીશ્રીને અધ્યક્ષ જણાવી શકતા નથી, તેમ છતા સભ્યશ્રી ગોહિલે હઠાગ્રહ રાખીને તેમની બોડી લેંગવેજથી લાંબાટૂંકા હાથ કરીને અધ્યક્ષશ્રીને ઉગ્રરૂપે દલીલો કરીને અધ્યક્ષ સામે જે દુર્વ્યહવાર કર્યો છે તે ગૃહની અત્યાર સુધીની જળવાઇ રહેલ ઉચ્ચ સંસદીય પરંપરા અને અધ્યક્ષપદની ગરિમાનું હનન સમાન છે. જો આ પ્રકારે ગૃહનો કોઇપણ સભ્ય અધ્યક્ષને ગૃહનું સંચાલન કેવી રીતે કરવું તે સંબંધે દિશા નિર્દેશ આપે તો મને લાગે છે કે કોઇપણ અધ્યક્ષ માટે ગૃહની કાર્યવાહીનું સંચાલન કરવાનું મુશ્કેલ બની રહેશે. પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન માનનીય સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલની વર્તણૂક અંગે જરૂર પડે તો વિડીયો ફૂટેજ જોઇને યોગ્ય પગલાં લેવા તેવી પણ તેમણે રજૂઆત કરી હતી. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ મેં તે સમયે જણાવ્યું હતું કે નિયમ-૮૬ની જોગવાઇ મુજબ ગેરહાજર રહેલા સભ્યશ્રીના પ્રશ્નનો જવાબ આપવા મંત્રીશ્રીને ફરજ પાડી શકાતી નથી અને ગૃહના કોઇપણ સભ્ય અધિકારની રૂએ મંત્રીશ્રીને જવાબ આપવા ફરજ પાડી શકતા નથી. નિયમ-૮૬ની જોગવાઇ મુજબ પ્રશ્ન પૂછવામાં ન આવ્યો હોય અથવા જે સભ્યના નામ ઉપર તે હોય તે સભ્ય ગેરહાજર હોય તો પણ સંબંધિત મંત્રીની વિનંતીથી જાહેર હિતના કારણસર ઉકત પ્રશ્નનો જવાબ આપવો તેવો અધ્યક્ષ આદેશ આપી શકે છે. નિયમમાં આવી સ્પષ્ટ જોગવાઇ હોવાથી તત્સમયે મેં માનનીય શક્તિસિંહ ગોહિલની રજૂઆતનો અસ્વીકાર કરીને તેમને વારંવાર સ્થાન ગ્રહણ કરવા જણાવી પ્રશ્નોત્તરીકાળ આગળ ચાલવા દેવા વિનંતી કરી હતી. તત્સમયે મેં એવું પણ માનનીય સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલને જણાવ્યું હતું કે, પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન મુદ્દો ઉપસ્થિત કરવા દેવાની નવી પ્રણાલિ પાડવાથી પ્રશ્નોત્તરીનો અમૂલ્ય સમય વેડફાય તેવો ખોટો ચીલો પાડવા હું માગતો ન હતો એટલે જ મેં તેઓને વારંવાર પોતાનું સ્થાન લેવા અને પ્રશ્નોત્તરીકાળ આગળ ચાલવા દેવા જણાવ્યું હતું. નિયમની જોગવાઇ તરફ તત્સમયે પણ હું તેમનું ધ્યાન દોરી શકયો હોત પણ તેનાથી ગૃહમાં એક ખોટી પ્રથા ઉભી થતી હોવાથી મેં તેમ કર્યુ ન હતું.

માનનીય સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલના પોઇન્ટ ઓફ ઓર્ડરના મુદ્દા અંગેનો નિર્ણય તત્સમયે મેં પૂર્વ અધ્યક્ષોના નિર્ણયો, ગૃહની કાર્યવાહીના રેકોર્ડ, વિડીયો ફૂટેજ વગેરે જોઇને અભ્યાસ કર્યા બાદ આપવાનું જણાવ્યું હતું. પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન માનનીય

સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલ માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા અને માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ કરેલ રજૂઆત તેમજ આ અંગેની વિધાનસભાની કાર્યવાહી અને વિડીયો ફૂટેજ હું જોઇ ગયો છું, આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને હું મારો નિર્ણય જણાવું છું કે, માનનીય સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલની રજૂઆત નિયમ–૮૬ની જોગવાઇ સાથે સુસંગત ન હતી. આગળ જણાવ્યા પ્રમાણે નિયમ–૮૬ની જોગવાઇ હેઠળ માત્ર મંત્રીશ્રી જાહેર હિતમાં ગેરહાજર રહેલા સભ્યના પ્રશ્નનો ઉત્તર આપવાની મારી સમક્ષ વિનંતી કરે અને હું તે વિનંતીને સ્વીકારું તો જ ગેરહાજર રહેલા સભ્યશ્રીના પ્રશ્નનો ઉત્તર મંત્રીશ્રી ગૃહમાં આપી શકે. છેલ્લા કેટલાક વર્ષોથી પ્રસ્થાપિત થયેલ પ્રેક્ટીસ મુજબ ભૂતકાળમાં મંત્રીશ્રીઓએ જયારે જયારે આ પ્રકારે વિનંતી કરી હતી ત્યારે પૂર્વ અધ્યક્ષશ્રીઓએ એક ખોટી પ્રથા ન પડે તે હેતુથી તેવી વિનંતીઓ સ્વીકારી ન હતી. આ પરંપરાને ધ્યાનમાં રાખીને જ મેં સામેથી સભ્યશ્રીની રજૂઆતને કારણે મંત્રીશ્રીને પ્રશ્નનો જવાબ આપવાનું પૂછવાનું ટાળ્યું હતું અને સભ્યશ્રીને તત્સમયે તેમનું સ્થાન ગ્રહણ કરવા વારંવાર જણાવ્યું હતું. તેમ છતાં પણ સભ્યશ્રી શક્તિસિંહજી ગોહિલ તેમના અધિકારની રૂએ આપ મંત્રીશ્રીને પૂછી જુઓ કે તેઓ પ્રશ્નનો જવાબ આપવા માંગે છે કે નહીં? તેમણે ઉગ્ર સ્વરે એક હઠાગ્રહપૂર્વક મારી સાથે જે પ્રકારે દલીલબાજી કરી હતી તે તેમજ તેમ કરવાથી તેમની બોડી લેંગવેજ પણ અધ્યક્ષપદની ગરિમા સાથે કોઇપણ રીતે યોગ્ય ન હતી. માનનીય સભ્યશ્રી શક્તિસિંહજી ગોહિલ જેવા ખૂબ જ અનુભવી, વિદ્વાન અને સંસદીય કાર્યરીતિ તથા પરંપરાના નિષ્ણાત સભ્ય પાસે હું આ પ્રકારના વર્તનની સહેજપણ અપેક્ષા રાખતો ન હતો. વિધાનસભાગૃહ એ ગરવી ગુજરાતનું ગૌરવવંતુ લોકશાહીનું મંદિર છે. આપણે સાથે મળીને એક એવી પરંપરા સ્થાપિત કરવા ઇચ્છીએ છીએ કે ગુજરાત વિધાનસભા અન્ય રાજયો માટે પણ એક સુંદર ગૌરવવંતુ ઉદાહરણ બની શકે. મતભેદ જરૂર હોઇ શકે પરંતુ મનભેદ ક્યારેય નહીં. અભિવ્યક્તિની ગરિમા એ વિધાનસભાની આચારસંહિતા છે કારણ કે, આપણે સૌ ૬ કરોડ ગુજરાતીઓના લોકપ્રતિનિધિ છીએ. સૌ પોત પોતાની નૈતિક જવાબદારીનું ધ્યાન જાતે જ રાખે તો આ ગૃહ સાચા અર્થમાં ગૌરવવંતા ગુજરાતની ગૌરવવંતી પ્રણાલિને આગળ વધારી શકે. માનનીય સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે મને નિયમો અંગે સજાગ કરવાની જે ચેષ્ટા કરી છે એ અંગે મારે એટલું જ કહેવાનું છે કે એમણે જે નિયમો માટે મને સજાગ કર્યો હતો તે નિયમોથી તેમના જેવા બંધારણ તથા કાયદાના જાણકાર સારી રીતે વિદિત હશે અને તે અંતર્ગત મેં નિયમ ૮૬ ના પાલનનો માત્ર લોકશાહીના મંદિરના રક્ષક બનીને પ્રયાસ કર્યો છે. નિયમોને જાણનાર વ્યક્તિ નિયમોનો ભંગ કરે એ ગૃહ માટે ખૂબજ ગંભીર ઘટના છે આથી હું માનનીય શક્તિસિંહ ગોહિલના ગઇ કાલના વર્તન પ્રત્યે સખત નારાજગી વ્યક્ત કરું છું અને તેમને તાકીદ કરું છું કે, ભવિષ્યમાં આ પ્રકારે અધ્યક્ષને ગૃહની કાર્યવાહીનું સંચાલન કેવી રીતે કરવું તે સંબંધમાં દિશાનિર્દેશો આપવાનું ચાલુ રાખવામાં આવશે તો મારે તેઓની સામે નિયમો અનુસાર કડક શિક્ષાત્મક પગલાં ભરવાની ફરજ પડશે. તેવી જ રીતે સભ્યશ્રી પ્રશ્ન પૂછ્યા પછી ગૃહમાં ઉપસ્થિત રહેતા નથી તે પણ નિઃશંક રીતે સંસદિય પ્રણાલિકાને અનુરૂપ નથી, લોકશાહીની ઉજવળ પરંપરાને પણ અનુરૂપ નથી. પ્રશ્ન પૂછવા, જવાબ આપવા પાછળ વિધાનસભા સચિવાલય અને સરકારને સેંકડો માનવ કલાકો વપરાય છે તેમજ ઘણો બધો નાણાકીય ખર્ચ પણ થાય છે. વળી, એમનો પ્રશ્ન જ્યારે પ્રયોરિટીમાં અગ્રતાક્રમે હોય ત્યારે અન્ય પ્રશ્નો બાજુએ મૂકીને અગ્રતાક્રમે આવેલ હોય છે ત્યારે ચૂંટાયેલ પ્રતિનિધિ ગેરહાજર રહે તે યોગ્ય નથી અને આવી રીતે ગેરહાજર રહેલા સભ્યશ્રીના બદલામાં અન્ય કોઇ સભ્યશ્રીને પ્રશ્ન પૂછવા દેવામાં આવે તો તે બાબત સભ્યશ્રીઓની ગેરહાજર રહેવાની મનોવૃતિને નિઃશંક રીતે પ્રોત્સાહન મળે જે બાબતે મારા પૂરોગામી અધ્યક્ષશ્રીએ તેમના નિર્ણય દ્વારા ગંભીર ચિંતાઓ વ્યક્ત કરી છે જેને હું પણ અનુમોદન આપુ છું. ભવિષ્યમાં આ પ્રશ્ન પૂછી ગેરહાજર રહેલ સભ્ય પણ કાળજી રાખે તેવી હું તાકીદ કરું છું.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

શ્રમ અને રોજગાર વિભાગ

માગણી ક્રમાંક ૫૭

શ્રી વિજયકુમાર ર. રૂપાણી (શ્રમ અને રોજગાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર સેવાને લગતી શ્રમ અને રોજગાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેના રૂપિયા ૯,૧૧,૨૬,૮૧,૦૦૦/– ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧,૩૪,૧૩,૨૦,૦૦૦/–ની માગણી ક્રમાંક ૫૭ રજૂ કરું છું.

માગણી ક્રમાંકઃ ૫૭ રજૂ કરવામાં આવી.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨ રજૂ કરવામાં આવી.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૫ રજૂ કરવામાં આવી.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૬ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૭ રજૂ કરવામાં આવી.

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૮ રજૂ કરવામાં આવી.

તા.૧૮મી માર્ચ, ૨૦૧૫
માગણીઓ પર ચર્ચા અને મતદાન

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૯ રજૂ કરવામાં આવી.

ડો. મિતેષભાઇ ક. ગરાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ ઝી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવી.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરવામાં આવી.

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
માગણી ક્રમાંક–૬૫

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (નર્મદા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નર્મદા વિકાસ યોજના સેવાને લગતી નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મૂડી ખર્ચ માટેની રૂપિયા ૪૭,૭૨,૦૦,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક–૬૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૬૫ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરવામાં આવી.

શ્રીમતી કામીનીબા ભૂ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૨ રજૂ કરવામાં આવી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૫ રજૂ કરવામાં આવી.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૬ રજૂ કરવામાં આવી.

પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

માગણી ક્રમાંક–૬૭

શ્રી વિજયકુમાર ર. રૂપાણી (પાણી પુરવઠા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પાણી પુરવઠા સેવાને લગતી નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૯૫,૯૪,૦૦,૦૦,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧૬,૫૩,૩૦,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક–૬૭ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૬૭ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૭ રજૂ કરવામાં આવી.

શ્રી મેરામણભાઇ મા. આહીર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૮ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૯ રજૂ કરવામાં આવી.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૦ રજૂ કરવામાં આવી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૧ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૨ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૩ રજૂ કરવામાં આવી.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૪ રજૂ કરવામાં આવી.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૫ રજૂ કરવામાં આવી.

બંદરો અને વાહન વ્યવહાર વિભાગ

માગણી ક્રમાંક–૭૪

શ્રી વિજયકુમાર ર. રૂપાણી ( વાહન વ્યવહાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું વાહન વ્યવહાર સેવાને લગતી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૫૦૬,૭૨,૬૫,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૫૨૪,૪૭,૧૭,૦૦૦ની માગણી ક્રમાંક–૭૪ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૭૪ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ૪૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૭ રજૂ કરવામાં આવી.

શ્રીમતી કામીનીબા ભૂ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ૪૮ રજૂ કરું .

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૮ રજૂ કરવામાં આવી.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ૪૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૯ રજૂ કરવામાં આવી.

તા.૧૮મી માર્ચ, ૨૦૧૫
માગણીઓ પર ચર્ચા અને મતદાન

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ૫૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫૦ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ ઝી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ૫૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫૧ રજૂ કરવામાં આવી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ૫૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫૨ રજૂ કરવામાં આવી.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ૫૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫૩ રજૂ કરવામાં આવી.

ડો. મિતેષભાઇ ક. ગરાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ૫૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫૪ રજૂ કરવામાં આવી.

સન ૨૦૧૫-૨૦૧૬ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી બુધવાર, તા. ૧૮-૩-૨૦૧૫ (પાંચમો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| અનુ. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | શ્રમ અને રોજગાર વિભાગ<br>માગણી નં ૫૭ | | |
| ૧ | ૨૨૩૦- શ્રમ અને રોજગાર<br>૦૧- શ્રમ<br>૦૦૧- નિર્દેશ અને વહિવટ<br>૦૧-L B R -1 શ્રમ આયુક્ત<br>રૂ. ૧૨,૭૪,૫૨,૦૦૦<br>અં.પ્ર. નં. ૧૫<br>પાના નં. ૭-૮ | ૧૦૦ | વાઇબ્રન્ટ સમિટ અન્વયે કેટલા યુવાનોને રોજગારી અપાઇ છે તેની સાચી માહિતી જાહેર કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અમીત ચૌધરી |
| ૨ | ---‘‘--- | ૧૦૦ | બાંધકામ ક્ષેત્રના મજૂરોના કલ્યાણ માટે તેના વાર્ષિક બજેટમાં ફળવાયેલ રકમ અને સેસના ભંડોળમાંથી ખર્ચાનાર રકમની માહિતી આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રહલાદભાઇ પટેલ |
| ૩ | ---‘‘--- | ૧૦૦ | બાંધકામ ક્ષેત્રના શ્રમિકોની નોંધણીની કામગીરી ફરજિયાત બનાવવામાં તથા આ નોંધણીના અભાવે દુર્ઘટનાગ્રસ્ત શ્રમિકોને સરકારી સહાય અપાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૪ | ---‘‘--- | ૧૦૦ | વિભાગમાં મેઇન સપ્લાય આઉટ સોર્સીંગ ટેન્ડરમાં લઘુત્તમ વેતનથી પણ ઓછા ભાવ ભરનાર કંપનીઓને કોન્ટ્રાકટ અપાતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાઘવજી પટેલ |
| ૫ | ---‘‘--- | ૧૦૦ | બાળમજૂરો રાખતા ઇસમો સામે સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હર્ષદભાઇ રીબડીયા |
| ૬ | ---‘‘--- | ૧૦૦ | શ્રમિકોના પ્રશ્નો હલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હીરાભાઇ પટેલ |
| ૭ | ---‘‘--- | ૧૦૦ | બાંધકામ મજૂરોને લગતા કેન્દ્રીય કાયદાનો સખ્તાઇથી અમલ કરાવવામાં તથા શ્રમિકો માટેના આવાસના લાભ અન્ય લોકો લઈ જાય તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બળદેવજી ઠાકોર |
| ૮ | ૨૨૩૦- શ્રમ અને રોજગાર | ૧૦૦ | જવાબદાર અધિકારી દ્વારા કારખાનાની | શ્રી ભોળાભાઇ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૧– શ્રમ<br>૧૦૨– કામકાજની... સલામતી<br>૦૧– LBR– 10–<br>અકસ્માતો... એકમ<br>રૂ. ૨,૭૯,૧૮,૦૦૦<br>અં. પ્ર. નં. ૧૫<br>પાના નં. ૧૨–૧૩ | | ચકાસણી બાદ સમયસર મોનીટરીંગ કરી અકસ્માતો નિવારવામાં તંત્રની ઉદાસીનતા | ગોહેલ |
| ૯ | ૨૨૩૦– શ્રમ અને રોજગાર<br>૦૧– શ્રમ<br>૧૦૨–કામકાજની... સલામતી<br>૦૩–L B R –12–<br>કારખાનાના... મહેકમ<br>રૂ. ૧૨,૪૩,૮૧,૦૦૦<br>અં. પ્ર. નં. ૧૫<br>પાના નં. ૧૩–૧૪ | ૧૦૦ | કારખાનાઓના નિરીક્ષકોને સ્થળ પર જઇ નિરીક્ષણની કામગીરી કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરૂભાઇ ભીલ |
| ૧૦ | ---‘‘--- | ૧૦૦ | કારખાનાના મુખ્ય નિરીક્ષકની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. મિતેષ ગરાસિયા |
| ૧૧ | ૨૨૩૦ –શ્રમ અને રોજગાર<br>૦૧–શ્રમ<br>૧૦૨–કામકાજની..... સલામતી<br>૦૪–L B R –13–<br>મુખ્ય....મહેકમ<br>રૂ.૪,૬૦,૪૫,૦૦૦<br>પાના નં –૧૫–૧૬ | ૧૦૦ | બોઇલર ઇન્સ્પેક્ટરોની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઇ રાઠોડ |
| ૧૨ | ૨૨૩૦– શ્રમ અને રોજગાર<br>૦૧–શ્રમ<br>૧૦૩–સામાન્ય મજૂર કલ્યાણ<br>૦૬–L B R –18–A –<br>ગુજરાત...બોર્ડ<br>રૂ. ૫,૫૭,૨૨,૦૦૦<br>અં .પ્ર.નં –૧૫<br>પાના નં –૧૭ થી ૧૯ | ૧૦૦ | ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જોઇતાભાઇ પટેલ |
| ૧૩ | ૨૨૩૦– શ્રમ અને રોજગાર<br>૦૧– શ્રમ<br>૧૦૩– સામાન્ય મજૂર કલ્યાણ<br>૧૮–બીડી...બાબત (કે.પુ.યો.)<br>રૂ. ૪૮,૨૪,૦૦૦<br>અં. પ્ર. નં. ૧૫<br>પાના નં. ૨૧ | ૧૦૦ | રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ તમામ બીડી કામદારોને લાભ આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુનમભાઇ પરમાર |
| ૧૪ | ---‘‘--- | ૧૦૦ | રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળના બીડી કામદારોને જરૂરિયાતના સમયે વીમાની રકમ સત્વરે ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગૌતમભાઇ ચૌહાણ |
| ૧૫ | ---‘‘--- | ૧૦૦ | રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ સમાવિષ્ટ બીડી કામદારોની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૧૬ | ૨૨૩૦– શ્રમ અને રોજગાર<br>૦૨– રોજગાર | ૧૦૦ | રોજગાર વિનિમય કચેરી પરથી બેરોજગારોનો ઊઠી ગયેલો વિશ્વાસ પુન:સંપાદિત કરવામાં | શ્રી સી. કે. રાઉલજી |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧– EMP – 6– રોજગાર...<br>યોજના<br>રૂ. ૩૩,૬૨,૯૮,૦૦૦<br>અં. પ્ર. નં. ૧૫<br>પાના નં. ૨૬–૨૭ | | તંત્રની ઉદાસીનતા | |
| ૧૭ | ---‘‘--- | ૧૦૦ | રોજગાર વિનિમય કચેરીઓ દ્વારા કરાતા બિન જરૂરી વહીવટી ખર્ચાઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનીલ જોષીયારા |
| ૧૮ | ---‘‘--- | ૧૦૦ | રોજગાર વિનિમય કચેરીઓમાં નોંધાયેલ બેરોજગારોને સમયસર રોજગારીની તકો પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૧૯ | ---‘‘--- | ૧૦૦ | રોજગાર વિનિમય કચેરીઓમાં નોંધાયેલ બેરોજગારોને સરકારી/અર્ધસરકારી કે ખાનગી કંપનીઓમાં નોકરી પર લેવાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી છનાભાઇ ચૌધરી |
| ૨૦ | ---‘‘--- | ૧૦૦ | રોજગાર વિનિમય કચેરીઓમાં નોંધાયેલ બેરોજગારોને નોકરીની તકો ન મળે ત્યાં સુધી બેરોજગારી ભથ્થુ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઇ વંશ |
| નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ<br>માગણી નં ૬૫ | | | | |
| ૨૧ | ૪૭૦૦–મોટી સિંચાઈ.....જોગવાઈ<br>૩૧–નર્મદા.....જૂથ એકમ–૧<br>રૂ. ૩,૦૬,૪૯,૪૨,૦૦૦<br>અં.પ્ર.નં.૧૮ (ભાગ–૧)<br>પા.નં.૧૪૦–૧૪૧ | ૧૦૦ | નર્મદા યોજનાના ખર્ચ પેટે સાથી રાજયો પાસેથી લેણી થતી રકમ કેન્દ્ર સરકારને રજૂઆત કરી વ્યાજ સાથે વસૂલવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાંતીભાઈ ખરાડી |
| ૨૨ | ૪૭૦૦–મોટી ..જોગવાઈ<br>૩૩–નર્મદા...જૂથએકમ–૪<br>રૂ.૩૮,૬૪,૯૨,૯૫,૦૦૦<br>અં.પ્ર.નં–૧૮(ભાગ–૧)<br>પાના નં.૧૪૪ | ૧૦૦ | નાની કેનાલોના કામો પ્લાનીંગ પ્રમાણે પૂરા ન થતાં જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ બારૈયા |
| ૨૩ | ---‘‘--- | ૧૦૦ | નર્મદા યોજનાની નાની કેનાલોના બાંધકામોની સમયાંતરે ચકાસણી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહંમદજાવીદ પીરઝાદા |
| ૨૪ | ૪૭૦૦–મોટી સિંચાઈ.....જોગવાઈ<br>૩૪– નર્મદા....જૂથ એકમ–૫<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૨૯,૯૬,૬૪,૦૦૦<br>અં.પ્ર.નં.૧૮ (ભાગ–૧)<br>પા.નં. ૧૪૫–૧૪૬ | ૧૦૦ | નર્મદા યોજનાના પાણી આપવામાં થતો ભેદભાવ દૂર કરવામાં તથા ફરિયાદ કરનાર ગામોને પાણી ન આપતા જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેશકુમાર પટેલ (રમેશભાઈ ચાવડા અને ઈશ્વરભાઈ પટેલ) |
| ૨૫ | ---‘‘--- | ૧૦૦ | ઉદ્યોગ ગૃહોને અપાતા નર્મદાના પાણી માટે નાણા વસૂલવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી કામિનીબા રાઠોડ (માનસિંહ ચૌહાણ) |
| ૨૬ | ૪૭૦૦–મોટી | ૧૦૦ | ધારાસભ્યશ્રીઓ દ્વારા નિગમને વારંવાર | શ્રી મણીલાલ |

| | | | | |
|---|---|---|---|---|
| | સિંચાઈ.....જોગવાઈ<br>૩૪– નર્મદા....જૂથ એકમ–૫<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૨૮,૯૬,૬૪,૦૦૦<br>અં.પ્ર.નં.૧૮ (ભાગ–૧)<br>પા.નં. ૧૪૫–૧૪૬ | | રજુઆતો કરવા છતાં સમયસર પાણી છોડવામાં તંત્રની નિષ્ફળતા। | વાઘેલા<br>(રાજેન્દ્રસિંહ ઠાકોર) |
| ૨૭ | ---‘‘--- | ૧૦૦ | નર્મદાનું પાણી ગામડાંઓને બદલે ઉદ્યોગોને વધુ અપાતું અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જીતુભાઈ ચૌધરી<br>( અશ્વિન કોટલાલ ) |
| ૨૮ | ---‘‘--- | ૧૦૦ | સૌની યોજના હેઠળ થયેલ નાણાનો ખર્ચ તથા કામગીરીની વિગત જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૨૯ | ---‘‘--- | ૧૦૦ | નિગમ દ્વારા કરાતા બેફામ ખર્ચાઓ ઉપર અંકુશ રાખવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગેંદાલભાઈ ડામોર |
| ૩૦ | ---‘‘--- | ૧૦૦ | નર્મદાના પાણી ખેડૂતોના ઢાળીયા સુધી પીવીસી પાઈપ લાઈન ધ્વારા નાખી પહોંચાડવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી નિરંજન પટેલ |
| ૩૧ | ---‘‘--- | ૧૦૦ | ખેડૂતોના ઢાળીયા સુધી નંખાયેલ પીવીસીની પાઈપ લાઈનોની મજબૂતાઈની ચકાસણી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શૈલેષ પરમાર |
| ૩૨ | ---‘‘--- | ૧૦૦ | ખેડૂતોના ઢાળીયા સુધી પીવીસી પાઈપ લાઈન નાંખી પાણી આપવાની યોજના માટે નિમાયેલ કમિટીના રિપોર્ટ પર યોગ્ય કાર્યવાહી સત્વરે કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમીત ચાવડા |
| ૩૩ | ---‘‘--- | ૧૦૦ | ખેડૂતોને સિચાઈનું પાણી સત્વરે પુરૂં પાડવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. તેજશ્રીબેન પટેલ |
| ૩૪ | ---‘‘--- | ૧૦૦ | નર્મદાની કેનાલોનું ગુણવત્તાયુક્ત બાંધકામ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રામસિંહ પરમાર |
| ૩૫ | ---‘‘--- | ૧૦૦ | કેનાલો તૂટતા તેનો ખર્ચ કોન્ટ્રાક્ટરો પાસેથી વસૂલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આનંદભાઈ ચૌધરી |
| ૩૬ | ---‘‘--- | ૧૦૦ | બનાસકાંઠા જીલ્લામાં નર્મદાની કેનાલો વારંવાર તૂટી જવાથી ખેડૂતોના પાકને થતાં નુકશાન સામે વળતર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગોવાભાઈ રબારી<br>(ધારશીભાઈ ખાનપુરા) |
| | | માગણી નં ૬૭ | | |
| ૩૭ | ૨૨૧૫– પાણી... સ્વચ્છતા<br>૦૧– પાણી પુરવઠો<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧– ગુજરાત..બોર્ડ<br>રૂ. ૨૫,૦૦,૦૦,૦૦૦<br>અં. પ્ર. નં. ૧૮ (ભાગ–૧)<br>પાના નં. ૧૧ | ૧૦૦ | જનતા અને ખેડૂતોને નર્મદાના પાણી ઝડપથી મળે તેવું આયોજન કરવામાં રહેલ ખામી દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુનાભાઈ ગામીત |
| ૩૮ | ---‘‘--- | ૧૦૦ | રાજકોટ–જામનગર અને કચ્છ જેવા પાણીની કાયમી અછત ભોગવતા જિલ્લાઓમાં નિયમિત અને પૂરતું પાણી આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મેરામણ આહીર |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૯ | ૨૨૧૫– પાણી... સ્વચ્છતા | ૧૦૦ | સૌરાષ્ટ્રમાં જોવા મળતી પાણીની કારમી | શ્રી બાબુભાઈ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૧– પાણી પુરવઠો ૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧– ગુજરાત..બોર્ડ<br>રૂ. ૨૫,૦૦,૦૦,૦૦૦<br>અં. પ્ર. નં. ૧૮ (ભાગ–૧)<br>પાના નં. ૧૧ | | અછતનો કાયમી ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા | વાજા |
| ૪૦ | ---‘‘--- | ૧૦૦ | પાણી વિસ્તરણના આયોજનના અભાવે આમજનતાને સમયસર પાણી પૂરું પાડવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૪૧ | ---‘‘--- | ૧૦૦ | બોર્ડની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પરેશ ધાનાણી |
| ૪૨ | ---‘‘--- | ૧૦૦ | દાહોદ જીલ્લાના તમામ તાલુકાઓમાં પીવાના અને સિંચાઇના પાણીની સમસ્યાઓ સત્વરે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (વજેસિંગભાઇ પણદા) |
| ૪૩ | ---‘‘--- | ૧૦૦ | પાણી પુરવઠાના કામો પૂરા થયા બાદ સમયસર મોટરો ફાળવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૪૪ | ---‘‘--- | ૧૦૦ | પાણીની પાઇપ લાઇનોની ગુણવતા જાળવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી સી. કે. રાઉલજી |
| ૪૫ | ૪૨૧૫– પાણી.... જોગવાઈ<br>૦૧– પાણી પુરવઠા<br>૧૦૧– શહેરી પાણી પુરવઠા<br>૦૧– શહેરી... યોજના<br>રૂ. ૬૨,૦૦,૦૦,૦૦૦<br>અં. પ્ર. નં. ૧૮ (ભાગ–૧)<br>પાના નં. ૧૨૯ | ૧૦૦ | નર્મદા ડેમમાં પુરતુ પાણી હોવા છતા મોટા શહેરોમાં થતી પાણીની અછત દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કરમશીભાઇ પટેલ |
| ૪૬ | ---‘‘--- | ૧૦૦ | અમદાવાદ શહેરને પૂરતા પ્રેશરથી પાણી પૂરુ પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| | | બંદરો અને વાહનવ્યવહાર વિભાગ<br>માગણી નં ૭૪ | | |
| ૪૭ | ૨૦૪૧– વાહનો પર કર<br>૧૦૨– મોટર... નિરીક્ષણ<br>૦૧– મોટર.... નિરીક્ષણ<br>રૂ. ૨,૦૨,૨૫,૧૯,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૦<br>પાના નં. ૬–૭ | ૧૦૦ | આર.ટી.ઓ. કચેરીઓમાં સ્માર્ટ કાર્ડ આપવામાં ચાલતી ગેરરીતિઓ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| ૪૮ | ---‘‘--- | ૧૦૦ | આર.ટી.ઓ. કચેરીમાં પકડાતા કૌંભાંડો અન્વયે સત્વરે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી કામિનીબા રાઠોડ |
| ૪૯ | ---‘‘--- | ૧૦૦ | ખાનગી બસોના ભાડા નિયંત્રિત કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરૂભાઇ ભીલ |
| ૫૦ | ૩૦૫૫– માર્ગ પરિવહન<br>૧૯૦– જાહેરક્ષેત્ર... સહાય<br>રૂ. ૩,૦૧,૧૪,૦૦,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૦<br>પાના નં. ૧૩ | ૧૦૦ | લાંબા રૂટની બસોની ટ્રીપો વધારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી હર્ષદભાઇ રીબડીયા |
| ૫૧ | ૩૦૫૫– માર્ગ પરિવહન | ૧૦૦ | એસ.ટી.ની પોઇન્ટની બસોને સરકારી | શ્રી પ્રવિણભાઇ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૯૦– જાહેરક્ષેત્ર... સહાય<br>રૂ. ૩,૦૧,૧૪,૦૦,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૦<br>પાના નં. ૧૩ | | કાર્યક્રમોમાં ફાળવી દેવાતા તેમજ તેની અનિયમિતતાને કારણે કર્મચારીઓને પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | રાઠોડ |
| ૫૨ | ---‘‘--- | ૧૦૦ | વોલ્વો બસોના ભાડા ઘટાડી બંધ થતા રુટોને ચાલુ રાખવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૫૩ | ---‘‘--- | ૧૦૦ | એસ.ટી તંત્રને સહાય તથા વારંવાર ભાડા વધારો આપવા છતાં નિગમને નફો કરતું કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમીત ચૌધરી |
| ૫૪ | ---‘‘--- | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારના બંધ થયેલ રૂટો ચાલુ કરવામાં તેમજ એસ.ટી બસોમાં સફાઇની કામગીરી નિયમિત કરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. મિતેષ ગરાસિયા |

અધ્યક્ષશ્રી : હવે રજૂ થયેલી માગણીઓ અને કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, નમામી દેવી નર્મદે. આપણાં ખેડૂતો પાસે, આપણાં ખેત મજદૂરો પાસે કામ કરવાની ખૂબ તાકાત છે. આપણાં ખેત મજદૂરો પાણીદાર છે. આપણી ધરતી ખૂબ ફળદ્રૂપ છે. જો નર્મદાનું પાણી આપણી ધરતી સુધી અને આપણાં ખેડૂતો સુધી આપણે પહોંચાડી શકીએ તો એક કાયાપલટ થઇ જાય ગુજરાતની અને ગુજરાતના ખેડૂતોની.

( ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને )

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શંકરભાઇની વાત સાથે હું સહમત છું કે આ રાજયનો ખેડૂત દેવાદાર હોય, આ રાજયનો ખેડૂત મુશ્કેલીમાં હોય પણ જો નર્મદાનું પાણી પહોંચે તો આ રાજયનો ખેડૂત જે માથે દેવું કરતો હોય એ બેન્કોમાંથી ફિકસ ડિપોઝીટની રસીદો કઢાવતો થઇ જાય એટલુ મહત્વ નર્મદા યોજનાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ વિટંબણાઓમાં આ યોજના હતી, ઘણી મુશ્કેલીમાં આ યોજના હતી. દુનિયાભરમાં એક વાત ચાલતી હતી કે મોટા બંધો નહીં બનવા જોઇએ, મોટા ડેમો નહી બનવા જોઇએ અધિકારી તંત્ર ફાઇલો ઉપર લખીને આપતુ હતું કે જે સ્વરૂપે આજે આપણે યોજના કરીએ છીએ તે મોટા સ્વરૂપે યોજના ના થવી જોઇએ. શેષાન જેવા અધિકારીઓનો પણ વાંધો હતો. એક દીર્ઘ દ્રષ્ટિવાળા પ્રધાનમંત્રી ગુજરાત માટેની વિશેષ ભાવનાવાળા પ્રધાનમંત્રી રાજીવ ગાંધીએ બધાને અવગણીને પર્યાવરણની મંજૂરી આપી, environmental clearance આપ્યું. નર્મદા યોજના આગળ વધી. આજે તો અહીં જે પક્ષની સરકાર સત્તામાં છે એ જ દિલ્હીમાં છે. આપ જૂની ફાઇલોની નોંધ કાઢીને જુઓ તો આ એક સત્ય હકીકત છે અને સત્ય હકીકત આપને ત્યાંથી પણ જોવા મળશે. એ મંજૂરી પછી ૧૯૮૮માં સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડની સ્થાપના થઇ. આજે તેને ૨૭ વર્ષ થયા આ ૨૭ વર્ષમાંથી ૨૨ વર્ષ સુધી ભારતીય જનતા પાર્ટીની આગેવાનીવાળી સરકારો રહી અને માત્ર પાંચ વર્ષ સુધી કોંગ્રેસની સરકાર સત્તામાં રહી. આ પાંચ વર્ષ દરમિયાન નર્મદાનો પાયો ખોદવો બારમાસીય ધસમસતી નદીનું ચેલેન્જીંગ કામ હતું તે પૂરું કર્યું. irrigation bypass tunnel, IBPT was a challenging job. Proper dam કરીને IBPT નું કામ પૂરું કર્યું. Sluice ગેટ બંધ કરવા ધસમસતા પાણીમાં, બોમ્બે હાઇમાંથી મરજીવાઓ લાવીને sluice gate બંધ કરવાનું કામ આ પાંચ વર્ષમાં કર્યું. ડેમની હાઇટ વધે, તેની સાથે કેનાલનું કામ થાય ૯૦ ટકા મુખ્ય કેનાલનું કામ ૧૯૯૫ સુધીમાં કોંગ્રેસની સરકારે કર્યું. મોટાભાગનું ડેમનું કામ તે શાસન દરમિયાન થયુ પણ અમે કયારેય નથી કહ્યું કે આ કોંગ્રેસ કરે છે. અમે હંમેશા યશ ગુજરાતની જનતાને આપ્યો, કામ કરનારા એ અધિકારીઓને આપ્યો, સ્વર્ગસ્થ બાબુભાઇ જશભાઇ પટેલ કે સ્વર્ગસ્થ ચીમનભાઇ પટેલ જેવાના કે સનત મહેતા જેવાના નિવેદનો કયારેક આપ નજર કરશો તો ખ્યાલ આવે કે તેમણે પણ કેટલું બધું કામ કર્યુ હતુ.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૨ વર્ષ આપ સત્તામાં રહ્યા, આપે કેનાલ પૂરી કરવાની હતી. કેનાલનું ટોટલ નેટવર્ક ૭૪,૬૨૭ કિ.મી.નું છે. મુખ્ય કેનાલ તો અમે કરી હતી. આ ૨૨ વર્ષના શાસન પછી ૭૪,૬૨૭ કિ.મી.માંથી આજની તારીખે ૪૮,૩૧૬ કિલોમીટરની નર્મદા કેનાલનું કામ બાકી છે એના માટે જવાબદાર કોણ? કોઇની મંજૂરીની જરૂર નહોતી, આતો આપણેજ કામ કરવાનું હતું જો એ કામ કરી શકયા હોત. એમાં દરવાજા પણ બંધ કરવાની જરૂર નહીં. તવા, બાગડી, ઓમકારેશ્વર ડેમ, નર્મદા સાગર, ઇન્દિરા સાગર ડેમ એવા પાંચ ડેમો વીજળી ઉત્પાદન કરી પાણી છોડે છે એ આપણે ત્યાં દરિયામાં જવાને બદલે ખેડૂતોના ખેતર સુધી પહોંચી શકયું હોત, પણ એ આપણે પહોંચાડી શકયા નથી એનો રંજ છે. નહીં તો આજના ખેડૂતની પરિસ્થિતિ કંઇક જુદી હોત. આપે વાત કરી એક એકર મિલિયન ફીટ વધારાનું પાણી કચ્છને આપવું છે. કચ્છી માંડુઓનો અધિકાર છે, આ માટે તમે સન ૨૦૧૩–૧૪માં એસ્ટીમેટ બનાવ્યા એમા ૫૧૮૭ કરોડ નર્મદા યોજના માટે કચ્છને એક એકર મિલિયન ફીટ પાણી આપવા માટે જરૂરિયાત હતી. આપે ગયા વર્ષે કેટલા ફાળવ્યા ફકત ૨.૫ કરોડ રૂપિયા, વ્હાઇટ પેપરબૂક શોધ્યા પછી મને આંકડો મળ્યો, આ વર્ષે પણ માત્ર અઢી કરોડ રૂપિયા ફાળવ્યા છે. ૧૫ ટકા પ્રોવિઝન ન કરો ત્યાં સુધી વહીવટી મંજૂરી ન મળે. કચ્છને એક એકર મિલિયન ફીટ પાણી વધારાનું આપવા માટે એક તસુ પણ કામ થઇ શકયું નથી અને એ કારણે કચ્છને અન્યાય થયો છે એ હું આપના મારફતે આ ગૃહ સમક્ષ મૂકવા માગું છું. શા માટે કવાર્ટરલી પૈસા રીલીઝ કરે છે એ મને સમજાતું

નથી, આપે બજેટ મંજૂર કર્યું. બારમાસી કેનાલો છે એના રિપેરીંગ માટે ગમે ત્યારે જરૂર પડે, કવાર્ટરલી નહીં આ વિભાગ માટે સિંચાઇ અને નર્મદા માટે જે બજેટરી પ્રોવિઝન થયું છે એને ગમે ત્યારે વાપરવાની છૂટ વિભાગને આપવી પડશે. ૬૭ ટકા ડેપ્યુટી એન્જિનિયરોની જગ્યા ખાલી છે. કયાંથી કામ સારું કરશો? આપના કોન્ટ્રેકટરના સી.આર. લખાય છે. એ શું ખાનગી હોય છે? એ કોન્ટ્રાકટર હાથમાં લઇને ફરે છે કે અધિકારીનો રિપોર્ટ લખાવી આવો. શું આ રીતે કોન્ટ્રાકટરોને પ્રોત્સાહિત કરીશું, નબળા માણસોને રોકીશું કેવી રીતે? આ જ ગૃહમાં વારંવાર વાત થઇ હતી ઉંટ પણ મરે તો મારવાડ સામે જુએ,અને ભૂવો પણ ધૂણીને નાળીયેર ફેંકે તો ઘર સામે ફેંકે, આપ વારંવાર ટોણો મારીને કહેતા હતા કે જાવ તમે નર્મદા યોજનાને રાષ્ટ્રીય યોજના જાહેર કરાવી લાવો, હવે હું આપને ચેલેન્જ નહીં પણ વિનંતી કરીશ કે મોસાળમાં લગ્ન અને માં પીરસનારી છે ત્યારે રાષ્ટ્રીય યોજના જાહેર કરાવી લાવો, અમે આવકારીશું.

નિગમની કરોડો રૂપિયાની પ્રોપર્ટી છે એના ઉપર હવે બીજાની નજરો પડવા મંડી છે. ઔડાની હદમાં ઝૂંડાલ ગામ છે સરવે નંબર ૮૭ની કરોડ રૂપિયાની નિગમની અનામત રાખેલી જમીન છે. તા. ૨૧-૧૦-૨૦૧૪ના રોજ નર્મદા નિગમ પાસેથી આ જમીન લઇને મહેસૂલ વિભાગે જી.આર. કર્યો અને આ જમીન હાઉસીંગ બોર્ડના હવાલે મૂકી હવે પેલા બિલ્ડરો ચક્કરો મારે છે કે અમારે અહીંયા મકાનોની સ્કીમ મૂકવી છે અને કેટલાક કહે છે કે સ્માર્ટ સિટી બનાવવી છે, હું કહુ છું કે કરોડો રૂપિયાની જમીનની હરાજી કરો અને એ નાણાં કચ્છને એક મિલિયન એકર ફીટ વધારાનું પાણી આપવા માટે જોઇએ છે એ કરો તો નર્મદાનું હિત થયું છે એમ કહી શકાશે.

મારે એસ.ટી. નિગમની વાત કરવી છે. આખા દેશમાં ગુજરાત એસ.ટી. કોર્પોરેશન એ ઉત્તમ ગણાતું હતું અને આજે આપણે એને કયાં જઇને મૂકી આવ્યા છીએ. જે રીતે આઉટ સોર્સીંગનું ચાલુ થયું છે એનો એક માત્ર નમૂનો બતાવું છું યે તો સીર્ફ ટેઇલર હૈ. અસલી મૂવી તો બાકી હૈ, એમ કહી શકાય. એસ.ટી. કોર્પોરેશનમાં ૩૮૦ ડેટા ઓપરેટર અને ૨૦ સિસ્ટમ એક્સપર્ટ એમ ૪૦૦ જણાને આઉટ સોર્સીંગથી મૂકયા. જીઆઇપીએલ નામની કંપનીને આઉટ સોર્સીંગનું કામ સોંપ્યું. મારી પાસે આરટીઆઇ હેઠળ મેળવેલ હકીકત છે. જીઆઇપીએલ ડેટા ઓપરેટરને રૂ.૧૦૦૦૦/- આપે છે. એમની પાસ બૂક મેળવીને જોયું તો રૂ.૫૯૯૯/- જ આપે છે. આ મલાઇના રૂ.૪૦૦૧/- આ જીઆઇપીએલ કંપની ખાઇ જાય છે. આપ ૪૦૦ જણાનો હિસાબ લગાવો તો દર મહિને રૂ.૧૬/- લાખ થાય. આ જીઆઇપીએલ કંપનીએ રાજ્ય સરકારની કંપની છે એણે પેટા કોન્ટ્રાક્ટ ટીપીઆઇએલને આપ્યો છે અને એ ચેકથી પેમેન્ટ કરે છે. એ રાજ્ય સરકારની કંપની હોય તો પણ મારા ગુજરાતના યુવાનો પરસેવો પાડે છે અને એમાંથી તમે બસો-પાંચસો રૂપિયા કાપી લો પણ રૂ.૪૦૦૧/- એમાંથી લઇ લો, આ કઇ પ્રકારની નીતિ છે? મારી સામે વિધાનસભામાં વિશેષાધિકાર લાવો. આ આરટીઆઇ હેઠળ મેળવેલ માહિતી છે. સોળ લાખ રૂપિયા આ ડેટા ઓપરેટરો પાસેથી આ કંપની મેળવે છે તો આપણે કેવી રીતે વાત કરવા જઇ રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત આ વિધાનસભાનું ખાસ ધ્યાન દોરવું છે. વારંવાર આપણે અહીંયાં કહીએ છીએ, આપણે કેટલાક આંકડાઓ પણ આપતા હોઇએ છીએ, અમે નિગમમાં શું કામગીરી કરીએ છીએ. મારે આ વિધાનસભાગૃહમાં કહેવું છે, થોડાક જ વખતના આંકડા જો જો, ૨૦૧૫-૧૬માં છીએ, ૨૦૧૪-૧૫ના જોઇએ. ૨૦૦૦ની સાલમાં આપણા ગુજરાતમાં ૨૦,૧૦૪ બસ રૂટો હતા, વસતી વધતા વધવા જોઇએ. પરંતુ આજે ૨૦૧૩-૧૪માં ઘટીને ૧૪૪૮૪ થયા, ૫૬૨૦ બસ રૂટો ઘટાડ્યા છે.૨૦૦૦ની સાલમાં ૧૨ લાખ ૫૦ હજાર કિ.મી. સુધી બસ દોડાવતા હતા. ૨૦૧૪માં આ વધ્યા નહીં પણ ઘટીને ૧૧ લાખ ૬૯ હજાર કિ.મી. થઇ ગયા. દોડતા વાહનો- ૨૦૦૦ની સાલમાં ૮૫૭૩ બસો ગુજરાતમાં દોડતી હતી એ ૨૦૧૪ની સાલમાં ઘટીને ૬૬૫૨ થઇ ગઇ. ૨૦૦૦ની સાલમાં રોજના ૩૭ લાખ ૪૨ હજાર પેસેન્જરો એસ.ટી. બસનો લાભ લેતા હતા. આજની તારીખે ૨૦૧૪માં તે ઘટીને માત્ર ૨૨ લાખ ૫૦૦૦ રોજના મુસાફરો એસ.ટી.માં જાય છે. એનો અર્થ એવો નથી કે, બધાની પાસે મારૂતિ આવી ગઇ છે, ગાડીઓ આવી ગઇ છે. એનો અર્થ એ છે કે, તમે રૂટો ઘટાડ્યા છે, વાહનો ઘટાડ્યા છે અને ગામડાંનો માણસ મજબૂર બન્યો છે. એ જીવના જોખમે છકડામાં મુસાફરી કરે છે, ત્રણ-ચાર સવારી મોટર સાઇકલમાં બેસીને મુસાફરી કરે છે. પણ તારા નસીબમાં બસ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, પેટ્રોલ અને ડીઝલના ભાવ ઘટ્યા, એસ.ટી. નિગમે આપને દરખાસ્ત મૂકી, ભાવ ઘટાડો, એ ઘટાડવાની વાત કરી. પણ એ હજુ સુધી ઘટાડવાનો નિર્ણય કરતા નથી અને વધારવાનો નિર્ણય તો જલદી કરી દેતા હતા. પી.એફ. સમયસર ચૂકવાતું નથી, એક્સગ્રેસીયા વર્ગ ચારને મળવું જોઇએ તે મળતું નથી. પાણી પુરવઠા વિભાગમાં સમયના અભાવે વિશેષ કહેતો નથી. કચ્છના લોકોને પાણી મળે એના માટેની મહેનત થાય. સંસદીય બાબતના એક અભ્યાસુ તરીકે, એક વિદ્યાર્થી તરીકે એટલું જ શિખ્યો છું, આ આંકડા એમાંથી લાવ્યો છું, મારા ઘરના નથી. સત્તાધારી પક્ષમાં પણ બેઠો છું, આજે અહીં બેઠો છું. હું બધું જાણું છું, હું જ નિષ્ણાત છું, એમ નહીં, હું આ ગૃહનો વિદ્યાર્થી છું, હંમેશાં હું એ શિખવાનો પ્રયત્ન કરું છું. કલાકો સુધી નિષ્ણાતોએ કહ્યું છે. દસ મિનિટ ગૃહમાં બોલવું હોય તો એ વિષય ઉપર દસ કલાક વાંચવું, એ વાંચીને આવીને બોલું છું. કદાચ કોઇ મોટી ઉંમરના લોકો નાના દેખાવા માટે કોક મિથ્યા પ્રયત્ન કરીને કલાકો બગાડતા હશે, હું એ કલાકો આ વાંચવામાં બગાડુ છું એટલા માટે હું અહીં બોલું છું અને આઇ એમ સમથીંગ કે આઇ એમ એવરીથીંગ નહીં હું આ ગૃહનો વિદ્યાર્થી છું એવી રીતે વાત આ ગૃહની અંદર કરું છું અને એટલા જ માટે આ આંકડાકીય માહિતી સાથે મેં કેટલીક બાબતો આ ગૃહના ધ્યાન ઉપર મૂકી છે. અને એ જે ગૃહના ધ્યાન ઉપર મૂકી છે એમાં જે પરિસ્થિતિ છે એમાં કદાચ સત્ય કડવું હોય, કદાચ સત્ય તકલીફદાયક હોય પણ મારું સત્ય એ જનતાના હિત માટેનું સત્ય હોય છે. સ્વાર્થના સંધાન માટેનું નથી હોતું.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ(ઉધના) : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજનાની માગણી લઇને માનનીય મુખ્યમંત્રીશ્રી આ ગૃહમાં આવ્યા છે એમને હું સમર્થન કરવા ઉભો થયો છું. વિરોધપક્ષ તરફથી શકિતસિંહજીએ પાણી પહેલા પાળ બાંધી, મોટી ઉંમરના લોકો કોઇ અભ્યાસ કરીને આવે યા તો પોતે નાના છે અને આ ગૃહને અભ્યાસ કરીને સમજાવે એવો પ્રયત્ન કર્યો છે કદાચ એમનો ઉલ્લેખ મારા તરફ પણ હોઇ શકે. માનનીય અધ્યક્ષશ્રી, શકિતસિંહભાઇ ગૃહને જે માહિતી આપતા હતા એ પાણી પહેલા પાળ બાંધતા હતા. એમને ખબર છે કે કદાચ આમાંથી કોઇ સભ્ય ડીટેઇલ લઇને આવશે તો અમારી લાચારી આવશે, પણ એ લાચારી આવવાની છે એટલા માટે કે હું થોડી માહિતી આપવા માગુ છું. ગુજરાતની સ્થાપના થઇ એ પછી ૧૯૬૧માં આપણી નર્મદા યોજનાનો જન્મ થયો, એ વખતના તત્કાલિન વડાપ્રધાનશ્રીએ એનું ખાતમૂહુર્ત કર્યુ, ફરીવાર થોડી વધુ માહિતી સાથે કહેવા માગુ છું કે ૧૯૬૧માં શરૂ થયેલી આપણી યોજના અને ગુજરાત સરકારે અને ગુજરાતના લોકોએ એને સરદાર સરોવર નામ આપ્યું, સરદાર સરોવર યોજના જેવું સરદાર સરોવર યોજના નામ અપાયું એવું જ કેન્દ્રની સરકાર, કોંગ્રેસની સરકારના પેટમાં તેલ રેડાયું, એમને થયું કે ઓહો આટલી મોટી યોજના અને સરદાર પટેલના નામે, શકય જ ના બનવું જોઇએ, એમણે એ વખતે કોંગ્રેસનું શાસન કેન્દ્રમાં પણ હતું અને ગુજરાતમાં પણ કોંગ્રેસનું શાસન હતું. કોંગ્રેસના એ વખતના મિત્રોની નિષ્ઠા ઉપર હું ડાઉટ નથી કરતો પણ તબકકાવાર જે ગયા ૧૯૬૫માં ખોસલા સમિતિએ કહ્યું કે આપણે ૪૫૫ ફૂટની હાઇટ કરવી જોઇએ, ૫૦૦ ફૂટની એ ટેકનોક્રેટસ હતા પણ ગુજરાતને ૫૦૦ ફૂટની હાઇટ આપવાની વાત આવી એટલે એમના કોંગ્રેસના શાસનમાં ચાર રાજયોના પ્રધાનો ભેગા થયા, કેન્દ્રના સિંચાઇ પ્રધાન, ઉર્જા પ્રધાને ભેગા થઇને કહ્યું કે ગુજરાતને ૫૦૦ ફૂટ ઉંચાઇનો ડેમ, એ વખતે આપણા મુખ્યમંત્રીઓ અને આપણા પ્રધાનો પણ ગયા હતા, પરિસ્થિતિ એવી આવી કે ૧૯૬૮માં ભેગા થયા અને ટ્રિબ્યુનલમાં જવાની સ્થિતિ પણ આપણા મુખ્યમંત્રીની આવી, આપણી સરકારની આવી કે ફરિયાદ છે અમારી ગુજરાતને મંજૂરી આપો, ૧૯૬૯માં ટ્રિબ્યુનલની રચના કરી તત્કાલિન વડાપ્રધાનશ્રી જવાહરલાલ નહેરૂએ, છ વર્ષ પછી ટ્રિબ્યુનલે ડેમની મુલાકાત લીધી, જુઓ,માનનીય અધ્યક્ષશ્રી, મામાને ઘેર માં પીરસવા વાળી વાત જે કરતા હતા એ વખતે કેન્દ્રમાં એમનું શાસન હતું અને ટ્રિબ્યુનલની સ્થાપના કરી, અહીંયા છ વર્ષ પછી ગુજરાતની મુલાકાત લે છે, ૧૯૭૮માં ટ્રિબ્યુનલે ચૂકાદો આપ્યો. ૧૯૬૧ થી ૧૯૭૮ સુધી ચૂકાદો આપવાની નવરાશ ન આવી. આ કોંગ્રેસના શાસનમાં નર્મદા યોજનાને ખભા ઉપર લઇને પ્રચાર કરતા હતા કે અમે નર્મદા યોજના લાવ્યા. શક્તિસિંહભાઇએ સાચું કહ્યું ૧૯૬૧માં મુહૂર્ત કર્યું અને કોન્ટ્રાકટરને કામ શરૂ કરવાનો ઓર્ડર તા. ૨૪-૪-૧૯૮૭ના રોજ આપ્યો. ૨૭ વર્ષ પછી નર્મદા ડેમનું કામ શરૂ કરવાનો વર્ક ઓર્ડર કોન્ટ્રાકટરને આપ્યો છે. કદાચ એમને ખ્યાલ હશે કે જયપ્રકાશ એન્ડ કંપનીને ૨૭ વર્ષ પછી કામ સોંપાયું. કદાચ ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ કરાવવો હોય તો ચાલે કે મુહૂર્ત કર્યા પછી ૨૭ વર્ષ પછી કોઇ પ્રોજેકટની શરૂઆત થાય. શક્તિસિંહ સમજે છે કે તારીખમાં ભૂલ નહીં હોય. તા. ૨૪-૪-૧૯૮૭ છે ત્યારે તો ખબર પડી કે મુહૂર્ત થયું અને નર્મદા બચાવ આંદોલન શરૂ થયું. ત્યાં મેધા પાટકર અને તીસ્તાનો જન્મ થયો. આ થવા જ ન દેવાય, આ મામાનું ઘર અને માં પીરસનારી એ આપને લાગું પડે છે. દિલ્હીના કોંગ્રેસના શાસનમાં તમારા હજારો પ્રયત્નો છતાં નર્મદા યોજનાનું ૫ ઇંચનું કામ કરવા દેતા ન હતા. સુપ્રીમ કોર્ટમાં ફરિયાદ કરીને તમે કંઇ કરી શક્યા નહીં. ૧૯૯૫માં સુપ્રીમ કોર્ટ દ્વારા ૮૦.૩૦ મિટરની ઉંચાઇ કરવાની મંજૂરી અમારી સરકાર લાવી. ૧૯૯૯માં સુપ્રીમ કોર્ટનો ઓર્ડર આવ્યો અને આપણે આ કામ કરી શક્યા. તમારી સરકારે ૧૯૯૫ સુધી જ્યારે ફાંફા માર્યા ત્યારે ચીમનભાઇ પટેલની સરકારમાં નિષ્ઠાવાન મિત્રો સામે બેઠા છે, માનનીય મોહનસિંહભાઇ કહેતા હતા એ વાત સાચી છે, આંદોલનનો સામનો કરવા એ પણ જતા હતા, અમે પણ જતા હતા. સામે બેઠેલા શંકરસિંહભાઇની આગેવાની હતી, અમે પણ જતા હતા કે ગુજરાતમાં નર્મદા યોજના થવી જોઇએ. પણ કોંગ્રેસની નિષ્ઠા પર ડાઉટ આવ્યો અને ગુજરાતની પ્રજાએ એમને ૧૯૯૫માં ફેંકી દીધા અને એમની સરકાર આજ સુધી આવી શકી નથી. ભારતીય જનતા પાર્ટી દ્વારા નર્મદા યોજના સફળ થાય એ આ ગુજરાતની કોંગ્રેસને પણ મંજૂર ન હતું. એટલા માટે એમણે પ્રયત્નો કર્યા કે આમાં કેવી રીતે નિષ્ફળતા આવે. મારે એમને આ મેધા પાટકર જેવાને કેન્દ્રમાં બેઠેલા કેન્દ્રની સરકારના મિત્રોએ ખૂબ સાથ આપ્યો, હેરાન કરવામાં કંઇ બાકી રાખ્યું નથી. પણ ગુજરાતના એ વખતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ઉપવાસ ઉપર ઉતરીને ઉંચાઇ વધારવા માટેના પ્રયત્નો કર્યા અને કેન્દ્રની સરકારને નમાવી. મારે એમનું ધ્યાન દોરવું છે, એમણે કહ્યું કે, અમે ડેમ બાંધ્યો છે. આ આંકડામાં કાંઇ વાંધો હોય તો કહે. કોંગ્રેસ એમ કહે છે કે અમે ડેમ બાંધ્યો. એમણે કેટલો ખર્ચ કર્યો છે? ૧૯૮૮-૮૯ સુધી તમારું અસ્તિત્વ રહ્યું, ડેમનો મૂળ કોન્ટ્રાક્ટ આપ્યો ૩૩,૪૩૧ કરોડનો એમાં આજ સુધીમાં ૪૭, ૨૦૨ કરોડ ખર્ચ થયો. એમના વખતમાં ૪૯૬ કરોડ ખર્ચ કર્યો. તમે ફક્ત નર્મદા ડેમ અને સરદાર સરોવર પાછળ આટલો જ ખર્ચ કર્યો છે. ૪૯૬ કરોડમાં ડેમની કેનાલો બાંધી આવ્યા? તમે અમને શું બતાવો છો? તમારા ફિગર ખોટા હોય તો કહો. ૧૯૮૮-૮૯ સુધી કોંગ્રેસની સરકારે નર્મદા અને સરદાર સરોવર પાછળ ૪૯૬ કરોડ ખર્ચ કર્યો છે. ૧૯૯૦-૯૫માં સરકાર જરૂર બદલાઇ અને અમારા કેશુભાઇ અને ચીમનભાઇ પટેલનું શાસન આવ્યું. એમણે શરૂઆત કરી અને એનો વેગ વધ્યો. પરંતુ નર્મદા યોજનાનું અગર જો કોઇ શ્રેય જતું હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકાર સિવાય કોઇને આનું શ્રેય લેવાનો અધિકાર નથી. એમણે એમ કહ્યું કે અમે કેનાલો બાંધી છે. હું એમને હિસાબ આપું છું. ૧૯૯૫ સુધી, અમારું શાસન આવ્યું ત્યાં સુધી. તમે મેઇન કેનાલ કેટલી લાંબી બાંધી હતી? આજે તમે કેનાલ જુઓ છો એ તમારી નથી. એમાં તમે ૨૯ કિ.મી. જ બાંધી હતી. ૪૫૨ કિ.મી.માંથી ફક્ત ૨૯ કિ.મી. બાંધી. ૧૯૯૫માં અને આજે અમે ૪૫૮ કિ.મી.ની ટોટલ કેનાલ બાંધી છે. બ્રાંચ કેનાલો ગુજરાતના ૧૭ જિલ્લાઓમાં બ્રાંચ કેનાલો જે આવેલી છે. એ બ્રાંચ કેનાલો ૨૫૮૫ કિ.મી.ની લંબાઇ છે. એમણે ૨૫૮૫ કિ.મી.માંથી કેટલી બાંધી હતી? ૧૫૦ કિ.મી. બ્રાચ કેનાલો બાંધી અને ડિસ્ટ્રીબ્યુટરી કેટલી બાંધી? ૨૩૫૮૫ કિ.મી. માંથી ફક્ત ૪૯૩ અમે શરૂ કરી ત્યારે હતી. ૪૦૦ કિ.મી. બ્રાંચ કેનાલ તમે નથી બાંધી અને તમે કહો છો કે કેનાલો અમે પાથરી છે. બ્રાંચ કેનાલો અમે પાથરી છે. મેઇન કેનાલ અમે કરી. આ વાત તદ્દન આંકડાથી ખોટી છે અને માનનીય અધ્યક્ષશ્રી, હું

આપના દ્વારા એ કહેવા માગુ છું કે, તમે તો ફક્ત સિંચાઇના પાણીની ચિંતા કરતા હશો. ૧૯૯૫માં અમારી સરકાર આવી. ડેમ ઊંચો થયો નહતો. ૧૯૯૮માં અમે બાજુમાં ડેમનું પડખું તોડી ટનલ બનાવીને, ૩૫ – ૩૫ પમ્પ મૂકીને પાણી ફ્લો કરીને સરોવરો ભર્યા અને નર્મદાની કેનાલમાં અમે ગેટ ખોલીને પાણીનો ફ્લો કર્યો એ પાણીને અમારી સરકાર ૧૫૦ કિ.મી. દૂર કેનાલમાં લઇ ગઇ અને ત્યાંથી મહી કેનાલના ક્રોસિંગમાં નાંખી, પરિએજ અને કનેવાલ તળાવમાં નાંખી સૌરાષ્ટ્રની ધરતી ઉપર હજારો કિ.મી. પાઇપ પાથરી પીવાનું પાણી આપ્યું. તમને યાદ જ નથી કે પોઇન્ટ એક મિલિયન એકર ફીટ પાણી પીવા માટેની પરિએજ યોજના છે. પાણી કેવી રીતે આપવું એજ તમને સમજ નહોતી પડતી? અમે તો પીવાના પાણીની શરૂઆત કરી દીધી. કેનાલો ખોદાવા માંડી, ડેમ ઉચકાવા માંડ્યો, તમારા અવરોધોને અમે ટાળતાં રહ્યાં અને આજે નર્મદા યોજનાને અમે આગળ વધારી રહ્યાં છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આ આખા ડેમને બાંધવા માટે જેટલું દર્દ થયું. અમોને સલાહ આપે છે. સાત સાત વર્ષ સુધી ગેટ ના મૂક્યાં. દરવાજા ના મૂક્યાં. છતાં એમના નેતાઓ કહે છે કે ગેટની શું જરૂર હતી? ૧.૨૭ મિલિયન એકર ફીટ પાણી ૯ મિલિયન એકર ફીટ પાણીમાંથી ૧.૨૭ મિલિયન એકર ફીટ પાણીનો જીવંત જથ્થો આપણી જોડે છે. બે લાખ હેકટરમાં સિંચાઇ ના થઇ શકે. એટલો રિલાયેબલ જથ્થો છે ત્યારે અમે છ લાખ હેકટરને સિંચાઇ કરીએ છીએ અને પાંચ લાખ હેકટરની કેનાલો આજે તૈયાર છે. અમારી ટીકા ક્યાં કરો છો કે તમે પાઇપોથી આપવાના? તમે તો ન તો ઢાળિયાથી પાણી આપ્યું છે, ન તો પાઇપોની તમને સમજ છે. ખેડૂતને પાણી આપવાની બાબતમાં અમારું મન ઓપન છે. ખેડૂતોને વૈકલ્પિક વ્યવસ્થાઓ આપી અમે ખેડૂતોના ખેતર સુધી પાણી લઇ જઇશું. ટૂંક સમયમાં આ જ એન્જિનિયરો જેમણે ડેમની શરૂઆત કરી. ડો. સી. સી. પટેલથી માંડીને નાનામાં નાના એન્જિનિયરને હું ધન્યવાદ આપું છું અને ગુજરાત રાજ્યમાં જે કામ કરે છે એનો હું સાક્ષી છું. માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે કોંગ્રેસ ગુમરાહ કરવાનો પ્રયત્ન કરે છે એમાં ગુજરાતની પ્રજા આવવાની નથી.

શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર વિભાગના મંત્રીશ્રી એમની માગણીઓ લઇને આવ્યાં એના પર મારાં વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર એક મોટામાં મોટી સમસ્યા હોય તો રોજગારની અંદર શિક્ષિત બેરોજગારોની છે. રોજગાર કચેરીની અંદર દહાડે દહાડે આંકડા નોંધાતાં જાય છે. એની અંદર સંખ્યા વધતી જાય છે. એકબાજુ સરકાર એમ કહે છે કે અમે બેરોજગારોને રોજગારી આપવા માટે ભરતી મેળા કરીને પ્રયત્ન કરીએ છીએ. સરકારના જ આંકડા પ્રમાણે કહું તો ૨૦૧૨ની અંદર ૪.૩૧ લાખ શિક્ષિત બેરોજગારોની નોંધણી થઇ. એમાં ૨.૪૬ લાખ શિક્ષિત બેરોજગારોને રોજગારી આપી અને ૨ લાખ જેવો વધારો પડ્યો હતો. ૨૦૧૩ની અંદર ૪.૩૨ બેરોજગારો નોંધાયા એમાંથી ૨.૭૨ ને જ રોજગારી આપી. માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના પ્રવચનની અંદર એમણે પ્રવચન કર્યું એમાં મારે કહેવું પડે કે, ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા પ્રકાશિત થયેલા છેલ્લા અહેવાલ અનુસાર સને ૨૦૧૩ની અંદર ૭૮ ટકા ઉમેદવારોને રોજગારી આપી સમગ્ર દેશમાં ગુજરાત રાજ્યે પ્રથમ ક્રમ હાંસલ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા ૭૮ ટકા કહે છે. અહીંયા ૫૦ ટકા પણ એમના આંકડા થતા નથી. અને *

પોઇન્ટ ઓફ ઓર્ડર

(ગૃહને ગેરમાર્ગે દોરવા અંગે.)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય રામસિંહભાઇ એમ કહે છ કે, * માનનીય અધ્યક્ષશ્રી, આ બાબત એમણે પ્રસ્થાપિત કરવી પડે. વિધાનસભામાં રાજ્યપાલ ઉપર અથવા નાણામંત્રીશ્રીના પ્રવચનમાં અધિકૃત આંકડા જ આપવામાં આવે છે અને એ આંકડા જ સાચા ગણવા જોઇએ, એ આપણી પદ્ધતિ છે. એમાં એમને કાંઇ હોય તો તો બીજા નિયમોનો ઉપયોગ કરી, એને ચેલેન્જ કરવું જોઇએ પણ હાઉસમાં એમ ના કહી શકે કે * એ શબ્દો રદ કરવા વિનંતી છે.

ઉપાધ્યક્ષશ્રી : એ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું. આપ ચાલુ રાખો.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે મેં આંકડા આપ્યા છે એ

ઉપાધ્યક્ષશ્રી : એ આપના આંકડા હું રેકર્ડ પરથી દૂર કરું છું.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : સરકારની પ્રકાશિત થયેલી ચોપડીની અંદરથી આંકડા લીધેલા છે. મેં મારા ઘરના આંકડા નથી બતાવ્યા. રાજ્યપાલના પ્રવચન ઉપરથી મેં આંકડા લીધેલા છે, મારા ઘરના આંકડા નથી આ. સરકારની ચોપડીના આંકડા હું બતાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રોજગારની બાબતમાં હું માનું ત્યાં સુધી આ આ સરકારે ઉદ્યોગપતિઓને આમંત્રણ આપીને રોજગારી વધે એટલે જમીન સસ્તા ભાવે આપી, બીજી સગવડો આપી, લોન આપી અને રોજગારી માટે જ્યારે આ પ્રયત્ન કર્યો છે. ત્યારે કહેવું પડે કે, નેનો જેવી મોટી મોટી કંપની આવ્યા પછીથી પણ એની અંદર રોજગારી મળી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એમ.ઓ.યુ. ઘણા કર્યા. કેટલા ઉદ્યોગો ચાલુ થયા ? કેટલાને રોજગારી મળી ? હું માનું છું ત્યાં સુધી એની અંદર આપણે નિષ્ફળ ગયેલા છીએ. ભરતી મેળાઓ કર્યા અને ભરતી મેળાની અંદર ઉદ્યોગો મારફતે માણસોને બોલાવીને એમને કહે કે, તમારે કેવા જોઇએ છે ? આઇ.ટી.આઇ.વાળા જોઇએ છે ? કેવા માણસો જોઇએ છે ? તો એ ભરતીની અંદર એપ્રેન્ટિસ, એપ્રેન્ટિસ એટલે એક વર્ષની ટ્રેનિંગ આપીને છુટા કરવાના. ટ્રેઇની કેટલા? કાયમી કેટલા? એનો કોઇ આંકડો નહીં અને કહેવામાં આવે છે કે, અમે દર વર્ષે એક લાખ લોકોને રોજગારી આપી. *(xxx)

---

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર જે યુવાન મિત્રો ભણી ગણીને તૈયાર થયા છે. નોકરી મળતી નથી. જ્યારે નોકરી ના મળતી હોય ત્યારે

ઉપાધ્યક્ષશ્રી : રામસિંહભાઇ, જે વસ્તુ રેકર્ડ ઉપર નહીં રહી શકે એવું બોલવાનું બંધ કરો. ચાલો.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જેટલું રદ કરવું હોય એટલું છુટ છે તમને. માનનીય અધ્યક્ષશ્રી, જે સાચી વસ્તુ હોય એ તમારાથી સહન નથી થતું. સાચી વાત કરીએ તો તમને સહન થતું નથી. ગઇ કાલે માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, નંબર–વન, નંબર–વન. ગુજરાતની અંદર શિક્ષિત બેરોજગારની સંખ્યા વધતી જાય એમાં નંબર–વન નથી ? ગુજરાતની અંદર ભ્રષ્ટાચાર વધતો જાય એમાં નંબર–વન નથી ? કાયદો અને વ્યવસ્થા નિષ્ફળ ગઇ એમાં તમે નંબર–વન નથી? તમે કહો એ સાચું અને સામેવાળો પક્ષ કહે એ ખોટું ?

માનનીય અધ્યક્ષશ્રી, અમેય ચૂંટાઇને આવીએ છીએ. અમારા વિસ્તારની પરિસ્થિતિની અમને ખબર હોય. અને એના પ્રશ્નોનો નિકાલ કરવા અમે રજૂઆત કરીએ. દા.ત. મારા નેતાશ્રીએ એસ.ટી.ની વાત કરી. હું પણ એસ.ટી.નો એક વખત મંત્રી હતો. મને યાદ છે કે, ૯૯ ટકા નાના મોટા શહેરોની અંદર, ગામડાંની અંદર, કમ્પાઓની અંદર બધી સર્વિસ મળતી હતી. વિદ્યાર્થીઓને આવવા–જવા માટે, ભણવા માટે બે વખતનો સમય મળતો હતો. ખેડૂતોને પોતાનો માલ વેચવા માટે, ખરીદી કરવા માટે પણ એસ.ટી.ની સગવડ મળતી હતી . આજની તારીખમાં એસ.ટી. ઓછી હોવાના કારણે ૨૦૧૪ની અંદર એમણે બતાવ્યું કે, અમે ૧,૦૦૦ એસ.ટી. નવી ખરીદવાના છીએ. જુન સુધીમાં એવું લખ્યું કે, ૭૮,૦૦૦ ખાલી અમે એસ.ટી. રોડ ઉપર મૂકી છે. આજ પ્રવચનની અંદર ૧,૦૦૦ એસ.ટી.ઓ અમે રોડ ઉપર મૂકી છે. આમાં વિસંગતતા નથી આવતી ? એક બાજુ તમે એમ કહો છો કે, ૭૮,૦૦૦ જ મૂકી છે અને ૧,૦૦૦ તમે બતાવો છો, એ વિસંગતતાના આંકડા છે. દિવસે દિવસે એસ.ટી.ની. સંખ્યા ઘટતી જાય છે એના કારણે ગામડાંના જે છોકરાઓ છે, દીકરા અને દીકરીઓને ભણવાનું બંધ થઇ ગયું. ખાનગી વાહનોમાં જવું જોખમ હોવાના કારણે, ખાનગી વાહનોની દિવસે દિવસે સંખ્યા વધતી હોવાના કારણે ગામડાંની અંદર દીકરીઓ જે શિક્ષણ લેતી હતી એ બંધ થઇ ગઇ. સરકારને વિનંતી કરીશ કે, બીજામાં કરકસર કરીને પણ એસ.ટી.ની સંખ્યા વધારે મૂકીને ગામડાંના વિદ્યાર્થીને તમે શિક્ષણ આપવા માટે પ્રયત્ન કરો. (સમયસૂચક ઘંટડી)

ઉપાધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટ છે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : નરોડામાં મોટામાં મોટું વર્કશોપ હોવા છતાં પણ જયારે ચેસીસ લાવે, એની બોડી બનાવવાનું થાય તો એની બોડી કયાં બનાવવાની? નરોડા વર્કશોપમાં નહીં, બીજા રાજયની અંદર બનાવવાની. કેમ ત્યાં બનાવતા હશે? અહીંયા આટલું મોટું નરોડા વર્કશોપ છે ત્યાં કેમ નથી બનાવતા એની પાછળ શંકા જાય એવું હું માનું છું. રોજગારની વાત કરી, શિક્ષણની પણ વાત કરી. પાણી પુરવઠાની અંદર મારે કહેવું છે કે અમે ખૂબ પાણી આપીએ છીએ, પીવાનું પાણી આપીએ છીએ પણ રાજયની અંદર અત્યારે પણ એવા ગામડાં છે જેને પીવાનું ચોખ્ખું પાણી મળતું નથી. નટવરસિંહના પ્રશ્નની અંદર પણ મારા તાલુકાનો ઉલ્લેખ કરેલો છે કે મારા તાલુકાની અંદર પણ કેટલાક એવા ગામડાં છે જેને પીવાનું ચોખ્ખું પાણી મળતું નથી તો હું સરકારને કહેવા માગું છું કે વધારે નહીં પણ પીવાનું પાણી તમે પુરું પાડશો તો પણ અમારા જેવા તમને અભિનંદન આપશે. ખારું પાણી આવે છે, કડવું પાણી આવે છે. વારંવાર રજૂઆત કરી છે. પાણી પુરવઠાને પણ વાત કરી છે પણ એનું કોઇ પરિણામ મળતું નથી. એનું મને દુઃખ છે. અમારા વિસ્તારના પ્રશ્નો જે હોય એ અમે અહીં રજૂ કરવા માટે આવીએ છીએ અને એ પ્રશ્નોનો નિકાલ થાય એટલા માટે હંમેશા રજૂઆત કરીએ છીએ. તો જે રોજગાર અને એસ.ટી.ની અંદર મેં વાત કરી એ પ્રમાણે એની અંદર આયોજન કરીને વધારેમાં વધારે ગામડાંને સગવડ આપો એવું પણ મારું સૂચન છે.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી માગણી ક્રમાંક–૬૭ લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પુરાવું છું. અમે જાહેર જીવનમાં આવ્યા એને ૨૯ વર્ષ થયા. મને એવું લાગે છે કે શકિતસિંહભાઇ અમારી સાથે જ આવ્યા હશે પણ એમને ખબર નથી ૨૯ વર્ષ પહેલા કૂવે પાણી ભરવા જવું પડતું. નદીએ વેળા કરવા પડતા. *(xxx) કેબીનેટમાંથી ઉદઘાટનમાં આવતા અને ઉદઘાટન મારા ગામ જેતપરમાં. (અંતરાય)

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, એક *(xxx) એમ કહીને સરકાસ્ટીક કોમેન્ટ કરે છે. આ જ કરવાનું હોય તો ગૃહમાં હાજર નહીં હોય એના વિશે બોલતા મને બહુ આવડે છે.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : વખાણ કરું છું.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : અને એવું સરકાસ્ટીક બોલીશ કે *(xxx) (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આપ બેસી જાવ. એ શબ્દો જોઇ લઇશું અને રેકર્ડ ઉપરથી દુર કરીશું.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : સાહેબ, જોવાનો કયાં સવાલ છે *(xxx) (અંતરાય)

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય આરોગ્ય મંત્રીશ્રી અને પાણી પુરવઠા મંત્રીશ્રીના વખાણ કરું છું કે મારા ગામમાં કુવાના બદલે નળની ચકલી આપી. ચકલીથી અમે રાજી થયા. ભારતીય જનતા પાર્ટીની સરકાર ૧૯૯૫માં આવી અને નર્મદાનું પાણી જયારે ખીરોઇ ગામ પહોંચ્યુ ત્યારે ખીરોઇથી કચ્છમાં પાણી આપવાનું પ્લાનીંગ થયું. મારા વિસ્તારમાં ખીરોઇ ગામથી કચ્છને પાણી મળે, સાદુરગાથી રાજકોટને મળે અને જામનગરને મળે અને ખીરોઇથી ૨૦૦૨માં, દેશના વડાપ્રધાન

*આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

ત્યારે મુખ્યમંત્રી હતા માનનીય નરેન્દ્રભાઇ, ત્યારે ઉદઘાટન કરવા આવ્યા અને ત્યારે મેં મારા પ્રવચનમાં કીધું અમે તો ખુશ થયા. વર્ષો સુધી પાણી નહોતા. અમે જે ખારા પાણી પીતા દાંત ખરાબ થઇ ગયા હતા, પગ ખરાબ થઇ ગયા હતા એમાંથી અમે છુટયા. હવે પીવાનું પાણી તો ખરું પણ અમને ખેતરે ખેતરે પાણી મળશે. છેલ્લા ૧૨ વર્ષ થયા મારા વિસ્તારના ખેડૂત ખેતરે પાણી પાય છે. પીવા માટેની વાત છે જે કચ્છની વાત કરી શકિતસિંહભાઇએ, કચ્છમાં અત્યારે દરરોજનું પાણી નર્મદાનું ૨૨ લાખ કરોડ લીટર પાણી કચ્છમાં જાય છે. બોર દ્વારા ૧૬ લાખ લીટર પાણી અત્યારે કચ્છને મળે છે અને વધારાનું ચાર દિવસ બંધ રાખી અને ચાર લાખ લીટર પાણી અત્યારે કચ્છમાં આપે છે. જયારે અમે નાના હતા ત્યારે કચ્છમાંથી માણસો હિજરત કરીને જતા, એના પશુઓને લઇને જતા અને કચ્છમાં અત્યારે તાલુકે તાલુકે પાણી પહોંચાડયું છે નર્મદાનું એ ભારતીય જનતા પાર્ટીએ પહોંચાડયું છે. કચ્છ, સૌરાષ્ટ્ર અને એક બાજુ દરિયાકિનારો. દરિયાકિનારે આપણા દેશનું રક્ષણ કરવાવાળા જે ભાઇઓ, જે પાકિસ્તાની બોર્ડર ઉપર છે ત્યાં પણ પાણી મળતું નહીં. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ત્યાં પણ પાણી પહોંચાડયું. અમે જયારે નાના હતા ત્યારે બોર્ડર ઉપર જતા હોય તો જે લશ્કરો જતા હોય એના ભેગા પાંચ ટેન્કર હોય પાણીના ટેન્કર હોય પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે અત્યારે.

ઉપાધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. સભાગૃહ ૩–૧૫ કલાકે ફરી મળશે. આપનું પ્રવચન ચાલુ રહેશે.

વિરામ ૨–૩૦ થી ૩–૧૫ )

( માન. ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરતો હતો. દેશના જવાનો જે આપણું રક્ષણ કરે તેને પાણીની વાત કરતો હતો. બનાસકાંઠાના સુઇ ગામથી આશરે ૧૯૮ કિ.મી. ૩૧ આઉટ પોસ્ટને આ ભારતીય જનતા પાર્ટીની સરકારે પાણી આપ્યું. આપશ્રી જાણો છો કે આ વિસ્તાર રહ્યો તે ખારાશ વાળો વિસ્તાર છે. અંદર લાઇન નાખો તો તૂટી જાય, છતા પાઇપલાઇનથી પાણી આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આપ્યું. આ પાણી પુરવઠાના અધિકારીને અભિનંદન આપું. આ પાણી જવાનોને પહોંચાડ્યું.

મારે સૌરાષ્ટ્રની વાત કરવી છે કે અમે બધા સૌરાષ્ટ્રના ધારાસભ્યશ્રી છીએ. ખૂબ દ્રષ્ટી જોઇ છે કે સૌરાષ્ટ્રને નર્મદાનું પાણી આવ્યા પછી પાઇપલાઇનથી પાણી આપવાની વાત છે તે આશરે ૨ લાખ ૨૬ હજાર કિ.મી.ની પાઇપલાઇન અને ૧ લાખ ૧૦ હજાર કિ.મી. નાની પાઇપ આશરે કુલ ત્રણેક લાખ કિ.મી. નાની મોટી પાઇપ નાખી આ ૨૦૦૨ પછી સૌરાષ્ટ્રને પાણી પહોંચાડ્યું તે માટે અભિનંદન આપું છું. હું હમણા વાત કરતો હતો. અમારા રાજકોટ જિલ્લામાં ૫૭૦ ગામમાંથી આશરે ૧૭૧ ગામોને પાણી મળે છે અને પાણી પૂરું મળે અને ૧૨ જે યોજના દ્વારા પાણી મળે છે. જે મારો વિસ્તાર મોરબી છે. એમાં માળિયા નગરપાલિકા આવે છે. મારા કોંગ્રેસના ધારાસભ્ય મિત્ર હાજર નથી. આજે સસ્પેન્ડ કર્યા છે. એને નોંધ કરવી છે કે નગરપાલિકા કોંગ્રેસની માળિયા–મીયાણા. ૧૦૦ ટકા લઘુમતિ ગામ છે, છતા ભારતીય જનતા પાર્ટીની સરકારે ૨૨ કરોડના ખર્ચે પાણી પુરવઠા દ્વારા ફિલ્ટર પાણી મળે તેનું આયોજન કર્યુ છે. આજે ભારતીય જનતા પાર્ટીની સરકાર સમગ્ર દેશમાં નહીં, દુનિયામાં સૌના સાથ સૌના વિકાસને લઇને આ સરકાર આવી છે. એના ભાગરૂપે માળિયામાં જઇને જુઓ, માળિયાવાળાને પૂછો પાણી મળે છે. મને કહેતા આનંદ થાય છે કે રાજકોટને પાણી આપવાની ગયા વર્ષે વાત હતી. માત્ર એક જ વીકમાં નિર્ણય થયો અને માન.મંત્રીશ્રી બાબુભાઇ હતા. રાજકોટને તકલીફ હતી. મને બોલાવીને કહ્યું કે સાદુલકા ફિલ્ટર પ્લાન્ટથી પાણી આપવાની વાત આવી. ખેડૂતે વગર વળતરે સંમતિ આપી. સંમતિ આપી પછી ઉદ્‌ઘાટન કરવાનું મંત્રીશ્રીને કહ્યું તો મંત્રીશ્રીએ કહ્યું તમે ઉદ્‌ઘાટન કરો. દરરોજનું ૧૫ લાખ લીટર પાણી મોરબીથી રાજકોટને મળે. આવું ભારતીય જનતા પાર્ટીની સરકારે આયોજન કર્યુ. મારા મિત્ર શકિતસિંહભાઇ નથી. ભાવનગરની વાત કરું તો ભાવનગરના ૬૭૦ ગામોને બોટાદ સુધી પાણી આ ભાજપે પૂરુ પાડ્યું. આ ભાજપની સરકારે પાણી આપ્યું, જેથી શકિતસિંહને ભાવનગરથી કચ્છ જવું પડ્યું. કચ્છમાંથી લડ્યા. કચ્છમાં બોર્ડર સુધી પાણી. અમારા પાણી પુરવઠા મંત્રી વિજયભાઇ કાલે છેક નલિયા સુધી પાણી પહોંચાડવાનો પ્રયત્ન કર્યો. શકિતસિંહ તમે અભ્યાસુ માણસ છો. ભલે તમે પોઇન્ટ ઉપર બોલો છો, પણ ભારતીય જનતા પાર્ટીએ પાણી આપ્યું છે. તે સ્વીકારવું પડે. દેશ અને દુનિયા અને ગુજરાતની પ્રજા છે તે સ્વીકારે છે. આજે વિકાસની વાત લઇને આવ્યા છીએ. તે વાતના આધારે છેલ્લે ૧૯૯૫ થી આપને સામે બેસવાનો વારો આવ્યો. ગઇ ચૂંટણીમાં ભાજપને ૨૬ માંથી ૨૬ સીટો આવી છે. હજુ સાચું બોલો અને સાચી વાત કરો. એટલું બોલશો કે ભાજપની સરકારે પાણી આપ્યું. પાછળના ભાગે પાણી નથી આવતું. હમણે હું પરેશભાઇને કહેતો હતો. અમરેલીમાં ભાજપની સરકારે પાણી પહોંચાડ્યું. ૬૦૨ ગામોમાં. મેં પરેશભાઇને પૂછ્યું કે પાણી આવે છે, તો પરેશભાઇ કહે કે પાછળના ભાગમાં નથી આવતું. આ રજૂઆત કરવી જોઇએ કે ભાજપ પાછળથી પાણી આપે. કોઇપણ વાત હોય, કોઇપણ ગામની યોજના હોય. આગળ ૧૦૦ ગામ હોય તો પાછલા ૨ ગામને પાણીની તકલીફ પડતી હોય તો તે ટેન્કરથી આપતા હોય. તમે સાચું સ્વીકારો. આમ ૧૫ ગામની યોજના હોય અને ૧૫ ગામમાંથી ૧૨ ગામને પાણી આવે તો છેલ્લે ઓછું આવતું હોય તો કઇ રીતે વ્યવસ્થા કરવી એવી વાત કરવી જોઇએ. મને મૌખિકમાં કહ્યું પાછળના ભાગમાં પાણી નથી આવતું. જૂનાગઢ, ગીર, સોમનાથ આશરે ૯૦૧ ગામમાં પાણી પહોંચાડવાનું આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આયોજન કર્યુ છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શ્રમ રોજગાર, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠો, કલ્પસર, બંદરો અને વાહન વ્યવહાર વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની અંદર વારંવાર વાત થાય છે કે, ગુજરાત નંબર વન, ગુજરાત નંબર વન. હું રાજય સરકારે રજૂ કરેલો સામાજિક સમીક્ષા રિપોર્ટ વાંચી રહ્યો હતો. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ આજે પણ રાજયના ૬ કરોડ ગુજરાતીઓ પૈકી ૩ કરોડ ૫૭ લાખ ૭૧ હજાર ૯૪૫ જેટલા લોકો કામ કરવા માગે છે પણ તે રોજગારના અભાવે કામ વિહોણા ઘરે બેઠા છે. રાજય સરકાર વારંવાર જાહેરાત કરે કે સમગ્ર દેશની અંદર ગુજરાત વધુને વધુ રોજગારી આપી રહ્યું છે. મારે માનનીય મંત્રીશ્રીને આપના મારફત પૂછવું છે કે આજે ગુજરાતની અંદર ૭ લાખ ૪૪ હજાર ૭૧૪ જેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલા છે. રોજગાર વિનિમય કચેરીમાં દર વર્ષે રોજગાર માટે લોકો પોતાનું નામ નોંધાવતા હોય છે. રોજગાર વિનિમય કચેરી દર વર્ષે યુવાનોને કોઇ પ્રાઇવેટ કંપનીની અંદર કોલ લેટર આપે તેને રોજગાર આપ્યો હોય તેવું આ સરકાર માને છે. રાજય સરકાર ૭ લાખ ૪૪ હજાર અર્ધશિક્ષિત બેરોજગારની વાત કરે અને હમણાં જ રાજય સરકારે ૧૫૦૦ કરતાં ઓછી તલાટીઓની ભરતીની જાહેરાત કરી, વિજયભાઇ સાહેબ ૧૫ લાખ જેટલા નવયુવાનોએ સામાન્ય નોકરી માટે અરજી કરી, શું એ બેરોજગાર નથી? જો તેને રોજગાર મળતો હોત તો તે ૧૫૦૦ જગ્યા માટે ૧૫ લાખ લોકોએ અરજી કરી હોત? રાજય સરકારના કોઇ વિભાગ ૫-૫૦ જગ્યાઓ માટે જાહેરાત આપે અને ૨, ૫ કે ૧૦ લાખ બેરોજગાર યુવાનો અરજી કરે છતાં રાજય સરકારને આ અરજી કરનારા લોકો બેરોજગાર દેખાતા નથી. રાજયમાં સરકારે રોજગાર વિનિમય કચેરીમાં બેરોજગારોને કોલ લેટર આપી રોજગારના નામે છેતરવાનું કામ કર્યુ છે. પરિણામ સ્વરૂપ હું જવાબદારી સાથે જયંતિભાઇ કહું કે ૧લી એપ્રિલ ૨૦૦૮ થી ૩૦ નવેમ્બર ૨૦૧૩ સુધીમાં રાજય સરકારે આપેલા આધાર પુરાવા સાથે કહું છું કે ૩૦૪૮૯ જેટલા આપઘાતના કિસ્સાઓ નોંધાયા. *(xxx) છેલ્લા પાંચ વર્ષમાં ૬૧૯૮૪ લોકો એટલે કે...

ઉપાધ્યક્ષશ્રી : પરેશભાઇ *(xxx) તે શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું રેકર્ડ ઉપરની વાત કરું છું. રાજય સરકારે વિધાનસભાની પ્રશ્નોત્તરીમાં સ્વીકાર્યુ છે અને હું જવાબદારીપૂર્વક કહું છું કે ૬૧૯૮૪ લોકો ઉપરોકત સમયગાળાની અંદર આપઘાત કર્યો અથવા તો તેને *(xxx) દર માસે ૮૬૦ લોકો એટલે દરરોજ ગુજરાતમાં ૨૮ જેટલા લોકો આત્મહત્યા કરી રહ્યા છે. માનનીય મંત્રીશ્રી જવાબ આપશે. વિજયભાઇ મારા આંકડા સાબિત કરવાની મારી તૈયારી છે.

ઉપાધ્યક્ષશ્રી : સામે ત્રણ મંત્રીશ્રીઓ ઉભા છે મારે શું કરવું એ કહો? (અંતરાય)

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, તેઓ જે કાંઇ કહે એનો જવાબ આપવો છે તો મારે સમજવા માટે આ જે તેઓ ફિગર બોલે છે એનો આધાર છે? જો હોય તો મને આપે તો હું વિગત મંગાવી શકું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આધાર જોઇએ છે તો હું ફરીવાર જવાબદારી સાથે કહું છું કે, મેં આપેલા આંકડા સાબિત કરવાની જવાબદારી મારી. ગૃહ વિભાગે મને પોલીસ સ્ટેશનવાઇસ (અંતરાય) પ્રદિપસિંહ, માનનીય મંત્રીશ્રી, (અંતરાય)મારી આ ત્રણ મિનિટ ઓછી કરી છે બંને માનનીય મંત્રીશ્રીઓએ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

ઉપાધ્યક્ષશ્રી :પોઇન્ટ ઓફ ઓર્ડર શું છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય સભ્યશ્રી પરેશભાઇ જે આંકડા, જે આધાર ઉપર એમણે સન્માનીય ગૃહ સમક્ષ રજૂ કર્યા છે એનો માનનીય મંત્રીશ્રીએ જવાબ આપવાનો છે તો એ આંકડાનો આધાર એમણે આપવો જોઇએ. એ આંકડા જે આધાર ઉપર હોય એ ગૃહ સમક્ષ રજૂ કરે તો એના આધાર ઉપર જવાબ આપવાની માનનીય મંત્રીશ્રીને ખબર પડે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી :તમે આ આંકડા આપો છો એના માટે જે આધાર હોય એની કોપી માનનીય મંત્રીશ્રીને મોકલી આપજો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મેં ટાંકેલા આંકડાઓ વિધાનસભા ગૃહમાં એલેક્યુમાં આપેલો જવાબ. (અંતરાય) અરે, બોલું છું સાંભળો વિજયભાઇ, હું સાબિત કરું અને હું ખોટો હોવ તો રાજીનામું આપું નહીં તો તમે રાજીનામું આપી દો. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું ખોટો હોવ તો હું રાજીનામું આપું નહીં તો મંત્રીશ્રીને વિનંતી કરું કે તેઓ રાજીનામું આપી દે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટ છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારી મિનિટો તો આમણે કાપી છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે સરકારને વિનંતી કરવી છે કે, રાજયની અંદર ગૃહ ઉદ્યોગ, કુટિર ઉદ્યોગ, ફેકટરીઓ, ઉદ્યોગ ગૃહો, ખેતી, ખેત મજૂરી, હોટેલ ઉદ્યોગ આ રોજગારીના ક્ષેત્રો હું વર્ણવી રહ્યો છું. હોટેલ ઉદ્યોગ, હીરા ઉદ્યોગ, બાંધકામ ઉદ્યોગ આની અંદર રાજય સરકારની સ્પષ્ટ નીતિના અભાવે હજારો મારા નવયુવાન સાથીઓને જે રોજગાર મળવો જોઇએ એ મળી શકતો નથી. અસંગઠિત ક્ષેત્રના લોકો કડિયા હોય, લુહાર હોય, સુથાર હોય, પ્લમ્બર હોય, ઇલેકિટ્રશિયન હોય આવા લોકોની નોંધણીનો કાર્યક્રમ સરકારે ચાલુ કર્યો છે પણ રાજય સરકાર એની કોઇ યોજના જાહેર કરવામાં નિષ્ફળ નિવડી છે કે આની નોંધણી કરે.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, હું નર્મદા વિકાસ યોજનાની માગણી નં.૬૫ના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, સરદાર સરોવર યોજનાની પ્રશ્નોતરી દરમ્યાન આ ગૃહના સન્માનીય સભ્યશ્રી માનનીય શક્તિસિંહજી સરદાર સરોવર યોજનાની ટ્રિબ્યુનલ વિશે વાત કરતા હતા. વિરોધ પક્ષના ઘણાં સભ્યોશ્રીઓ સરદાર સરોવર નર્મદા યોજનાની વાત રાજકારણમાં લઇને અને રાજકારણની વાત નર્મદામાં લઇને વાતો કરતા હતા. હું એ પૂછવા માગુ છું કે નર્મદા એ ગુજરાતની જીવાદોરી સમાન છે અને આ નર્મદા બાબતે માનનીય નરોત્તમભાઇએ વાત કરી એમ કોંગ્રેસે ૧૯૬૧માં ખાતમુહૂર્ત કર્યું અને ૧૯૮૭માં શરૂઆત કરી અને ભારતીય જનતા પાર્ટીની દીર્ઘદષ્ટિવાળી સરકારે ૧૯૯૫માં જ્યારે સપથ લીધા એના ૨૦ વરસના ટૂંકાગાળામાં જે નર્મદાના કામ સરદાર સરોવર યોજના મારફતે થયા એ ગુજરાતની પ્રજા માટે અવિસ્મરણીય છે. જે કામગીરી થઇ એ બાબતે ચીનમાં એક કહેવત છે આગ સામે પાંદડું આવે તો ટાઇ પર્વત, મોટામાં મોટો પર્વત ઢંકાઇ જાય, એમ વિરોધપક્ષના સભ્યશ્રીઓને આવડી મોટી યોજના, આટલું મોટું નેટવર્ક અને જે સિંચાઇનો લાભ મળ્યો કચ્છના છેક છેવાડાના ગામડાં સુધી પાણીનો લાભ મળ્યો, મુંગા ઢોર માટેના અને પીવાના પાણીના પ્રશ્નો હલ થયા એ એમને દેખાતા નથી અને ફકતને ફક્ત એક નકારાત્મક ભૂમિકામાં એ વાત કરતા હોય છે. માનનીય શક્તિસિંહજીએ વાત કરી ટ્રિબ્યુનલની, તો એના ચેરમેન કોણ હતા? અને માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે જ્યારે વડાપ્રધાન પદની ધૂરા સંભાળી અને સત્તર જ દિવસની અંદર નર્મદા ડેમના દરવાજાની મંજૂરી એમણે આપી. આ લોકોએ સત્તર સત્તર વરસ સુધી પ્રત્યક્ષ, પરોક્ષ રીતે કેટલાક એન.જી.ઓ., કેટલાક ગુજરાતના વિરોધીઓએ આ યોજનામાં રોડાં નાંખવા સિવાય કોઇ કાર્ય કર્યું નથી. નર્મદા યોજનાની વાત છે. માં ગંગા મૈયા મારા મિત્રો કહેતા અને શાસ્ત્રમાં પણ કહ્યું છે કે, નર્મદા નદીના કિનારે ચાણોદ આગળ ગંગનાથ મહાદેવનું એક મંદિર છે એમાં પ્રાયશ્ચિત કરવા ખુદ ગંગા મૈયા ત્યાં આવેલા મારા પ્રતિ પક્ષના એટલે કે સામેના પક્ષનાને કહેવું છે કે ગુજરાતનું હિત તમારા હ્યદયમાં હોય તો હજી આ પ્રાયશ્ચિત કરવાની તક છે, નર્મદા નદીના ચાણોદના કિનારે જઇ આવો, વિશેષ તો કંઇ કહેવું નથી. સંસ્કૃતમાં એક સરસ શબ્દ છે કે દીર્ઘ પશ્ચયત મહા રસ્વમ્ ,મહા પશ્ચયત અપરમ એટલે જીવનમાં દીર્ઘ દૃષ્ટિ રાખીને કાર્ય કરીએ, સંકૂચિતતાઓ છોડીએ. નર્મદાની સરદાર સરોવર યોજનામાં કોઇ આપણે આવી સંકૂચિતતાઓ કે રાજકારણ ના રમીએ તો ગુજરાતની પ્રજા આપણને માફ કરી દેશે. વિશેષ કંઇ કહેવું નથી. સરદાર સરોવર યોજના આ વિશ્વમાં ત્રીજા નંબરની ક્ષમતા ધરાવે છે, ૩૦ લાખ ઘનકૂટ પ્રતિસેકંડે પાણી છોડવાની. આ બંધની જે બીજી મહત્વની બાબત છે કે ફેબ્રુઆરી, ૨૦૧૫ સુધીમાં પાવર હાઉસથી આપણા આ દેશને ૧૪૧૧૬ કરોડ રૂપિયાની આવક થશે. આ દુનિયામાં આ યોજનામાં જેટલું કોંક્રીટ વપરાયું, હું પોતે એન્જિનીયર છું, આ કોંક્રીટ સમગ્ર દુનિયાની અંદર બીજા નંબરની યોજના કહી શકાય એટલું આ યોજનામાં વપરાયું છે. મુળ વાત કરીએ તો અન્ડરગ્રાઉન્ડ પાઇપ લાઇન યુ.જી.પી.એલ. સિસ્ટમ દ્વારા આપણો લક્ષ્યાંક ગામડાંમાં પાણી પહોંચાડવાનો છે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠાની માગણી લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. નર્મદા વિશે ઘણી બધી વાત થઇ. નર્મદાની જ્યારે અહીંયા વાત આવે, હમણાં ઘણા બધા મિત્રો અને મારા વડીલે પણ વાત કરી. નર્મદાનો બંધ ૮૫ મિટર સુધી કોણે કર્યો, કેવી રીતે થયો, એમાં મારે વધારે કહેવું નથી પણ મારે એ વાત યાદ કરાવવી છે કે, નર્મદા બંધ માટે જે ખેડૂતોએ તેની પોતાની કિંમતી જમીન નર્મદાના વિસ્થાપિતો માટે આપી છે તે કોણે આપી છે ? હું આજે પણ કહેવા માગુ છું કે, નર્મદા બંધમાં જે આખા ગુજરાતને સમૃદ્ધ કરવા માટે ખેડૂતોએ જમીન આપી છે તેને આજે હું અભિનંદન આપુ છું કે એવા ખેડૂતો માટે જમીન મેળવવા માટે અગાઉના મુખ્યમંત્રીશ્રીઓએ જે મહેનત કરી છે અહીંયા ઘણાં મારા વડિલોએ પણ મહેનત કરી છે તે પછી આ બાજુ હોય કે પેલી બાજુ હોય પણ નર્મદાને સાકાર કરવા માટે જે મહેનત કરી છે એવા તમામને અભિનંદન આપુ છું. મારે વધારે કંઇ કહેવું નથી પણ નર્મદાનો જયારે પ્રશ્ન આવે ત્યારે કહેવું છે કે નર્મદાના પાણી માટેના કચ્છની વાતો થાય, આ બાજુ સૌરાષ્ટ્રની વાતો થાય, આ બાજુ ઉત્તર ગુજરાતની વાતો થાય પણ સમગ્ર આદિવાસી પટ્ટીમાં જયારે વાત આવે ત્યારે આજે પણ છેવાડાનો માણસ એક હેન્ડપંપ ચલાવીને પણ પાણી પીવામાં પણ મુશ્કેલી પડતી હોય તો આ શરમજનક વાત છે.

માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે, મારા વિસ્તારની હું વાત કરું ત્યારે એક કવાંટની હાંફેશ્વર યોજના છેલ્લા ૧૦ વર્ષથી આ યોજના ખાલી ૧૨૧ કરોડની જાહેરાત કરી દીધી પણ આજે દસ વર્ષથી પણ તે યોજના થતી નથી. છેવાડાના માણસની આ હાલત ? મારે એ રીતે આગળ પણ જવુ છે હમણાં જ અમારા મત વિસ્તાર બોડેલીમાં, સંખેડામાં પાણી પુરવઠાની યોજનાઓ બની છે. તેઓ નર્મદાના આધારે પાણી મેળવવા માટે છેલ્લા બે વર્ષથી માગણી કરે છે કે નર્મદાના પાણી પીવા માટેની અમને મંજૂરી આપો. છેલ્લા બે વર્ષથી તે દરખાસ્ત પડી છે પણ એ વાત કોઇ સાંભળતુ નથી. હમણાં દહેજમાં જયારે ઉદ્યોગવાળાએ ત્યાં પાણીની મંજૂરી માગી અને તેને એક મહિનામાં પાણીની મંજૂરી આપી દીધી. ઉદ્યોગોને પાણીની મંજૂરી મળી જાય અને છેવાડાના માણસને પાણી પીવા માટેની જો મંજૂરી માગે અને તે મંજૂરી ના મળે તો એથી વિશેષ મારે વધારે શું કહેવું?

માનનીય અધ્યક્ષશ્રી, આમાં ઘણી બધી વાતો થઇ છે. સિંચાઇની વાત કરું ત્યારે અમારા વિસ્તારમાં લાલપુર ડેમ હતો તે લાલપુર ડેમ પણ ના થયો. આજે નસવાડી તાલુકામાં હોય, સંખેડા તાલુકામાં હોય, બોડેલી તાલુકામાં હોય કે ડભોઇમાં હોય એમને કેનાલોથી જે પાણી મળવું જોઇએ તે પાણી માટે પણ વલખાં મારવા પડે તો આથી વિશેષ બીજુ મારે શું કહેવાનું છે ? એવી જ રીતે હમણાં સુખી ડેમ જેતપુર પાવીમાં બનેલો જે દિવસે બન્યો તેના ચાર-પાંચ વર્ષમાં ૨૦ હજાર હેકટર સિંચાઇ થતી હતી. આજે એ ઘટીને ૧૫ હજાર થયેલ છે અને તેમાં પાંચ હજાર હેકટર ઓછું થયુ છે. એમાં જે સુખી ડેમનો સ્ટાફ છે તે સ્ટાફ પણ જો ના ભરાતો હોય તેમાં ચોકીદાર હોય, ડેપ્યુટી એન્જીનિયર હોય અને તેના લીધે આજે પાંચ હજાર હેકટર સિંચાઇનો લાભ ઓછો મળતો હોય તો એ પણ એક શરમજનક વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારો એક જ મુદ્દો છે સાહેબ મારે પાણી પુરવઠા મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે, સાહેબ અમને પાણી પુરવઠાની યોજના માટે કોઇ યોજના ના બનાવતા હોય તો કંઇ વાંધો નહીં પણ અમને હેન્ડપંપો તો કરી આપો. છેવાડાના માણસની તમે વાત કરેલી કે પચાસ માણસે એક હેન્ડપંપ કરી આપીશું પણ આજે એ હેન્ડપંપ પણ નથી આ શરમજનક બાબત છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના નેતૃત્વમાં માનનીય મંત્રીશ્રી જે માગણી નંબર ૫૭ લઇને આવ્યા છે એમાં મારું સમર્થન રજૂ કરવાની અનુમતિ લઉં છું.

વર્તમાન ગુજરાત સરકારે વિકાસની એક આગવી ઓળખ ઉભી કરી છે ત્યારે વિકાસના તમામ ક્ષેત્રમાં ગુજરાતે નવી કીર્તિ પ્રસ્થાપિત કરી છે. દેશમાં વિકાસનું મોડલ બનેલા ગુજરાત રાજયની ૨૧મી સદીના પ્રથમ વિકાસ ગાથાનું આકલન અને ગુજરાતની જનતાને મળેલા વિકાસના સફળ પંથ પર છે. કૃષિથી માંડીને ઉદ્યોગ, પીવાના પાણીથી માંડીને આંતર માળખાકીય સવલતો, શિક્ષણથી માંડીને રોજગાર, પરિવહનથી માંડીને પ્રવાસન આમ તમામ ક્ષેત્રે ગુજરાતે કરેલા ગુણાત્મક પરિવર્તનના અભ્યાસનું તારણ રોમાંચિત કરે તેવું છે.

વિકાસ માટે ઉઠેલી જનશકિતની સ્વયંભૂ લહેર સાતત્ય પૂર્ણ નેતૃત્વ અને દ્રઢ રાજકીય ઇચ્છા શકિતના ત્રિવેણી સંગમથી સૌનો સાથ સૌનો વિકાસ, સૌનો એક જ મંત્ર બની ગયો છે. ગુજરાતના ખૂણે ખૂણાનો વિકાસ.

શ્રમ અને રોજગાર વિભાગ માટે રૂપિયા ૧૦૫૩.૫૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે એ માટે માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇને અભિનંદન આપું છું. રાજય સરકારના દૂરંદેશી દ્રષ્ટિકોણ સાથે ઔદ્યોગિક વિકાસને વેગ મળે એ માટે વર્ષ ૨૦૦૨ થી દ્વી વર્ષીય ધોરણે વાયબ્રન્ટ ગુજરાત સમિટના આયોજનથી રાજય બહારના તેમજ વિદેશના ઉદ્યોગકારોને આકર્ષિત કરીને ગુજરાત રાજયમાં ઉદ્યોગો સ્થાપવા માટે પ્રેરિત કરવાના પરિણામે ઔદ્યોગિક વિકાસ ઝડપી બનતા રોજગારીની પૂરી તકો ઉભી થઇ છે. સમગ્ર ભારત ભરમાં પ્રથમવાર શ્રમયોગીઓને એકજ પ્લેટફોર્મ પર લાવીને રાજયના ૨૦ જિલ્લા મથકોમાં શ્રમયોગી કલ્યાણ મેળાના માધ્યમથી ૪ લાખ શ્રમયોગીઓની નોંધણી કરી અસંગઠીત ક્ષેત્રના લોકોના કલ્યાણ માટે સરકારની વિવિધ યોજનાઓને એક છત્ર નીચે આ શ્રમયોગીઓને યુ.વી.ઓ. નું ઓળખકાર્ડ આપવમાં આવી રહ્યું છે.

મારા સુરત શહેરની વાત કરું તો સુરત શહેર એક મીની ભારત કહેવાય છે. સુરતમાં બધા જ રાજયના લોકો રહે છે. અને રોજગાર ધંધો શરૂ કરીને ધનિકો બની ગયા છે અને ધાર્મિક પણ બની રહ્યા છે. સુરતમાં ટેકસટાઇલ ક્ષેત્રમાં યુપી ભાઇઓની વધારે બોલબાલા છે સંચા હોય, મિલ હોય કે નાના મોટા ધંધા હોય એમાં ખૂબ મોટા પ્રમાણમાં લોકો સુરતમાં આવીને રોજગારી મેળવી રહ્યા છે. સુરતમાં સૌરાષ્ટ્રવાસી ભાઇઓએ તો ડાયમંડ ક્ષેત્રમાં ઝંપલાવી મોટી હીરાની ફેકટરીઓ, ઘંટીઓ શરૂ કરીને હીરા ઉદ્યોગમાં મોટા પ્રમાણમાં રોજગારી મેળવી રહ્યા છે. સાથે સાથે મને જણાવતા આનંદ થાય છે કે તેલુગુ ભાઇઓ મહારાષ્ટ્રીયન ભાઇઓ, પંજાબી તથા મારવાડી ભાઇઓ પણ સુરતમાં આવીને પોતાનો ધંધો શરૂ કરીને સુખી જીવન વિતાવી રહ્યા છે. ત્યારે મને કહેતા આનંદ થાય છે કે આજે સુરત શહેર એ રોજગારીનું મીની ભારત કહેવાય છે. શ્રમયોગીઓના પ્રશ્નને ત્વરિત વાચા આપવા શ્રમયોગી સુવિધા, સેવા એસ.એમ.એસ. વેબ પોર્ટલ અને કોલ ફ્રી હેલ્પલાઇન શરુ કરવામાં આવેલ છે. સાથે સાથે શ્રમયોગીઓની આવક વધે અને એમનું શોષણ ન થાય તે માટે તકેદારી રાખી સરકારે શ્રમયોગીઓના લઘુત્તમ વેતનમાં આ વર્ષે ૧૭ ટકાથી ૩૦ ટકાનો વધારો કર્યો છે. આજે ગુજરાતનો વિકાસ વધી રહ્યો છે ત્યારે પૂરા દેશભરમાંથી યુવા વર્ગ ગુજરાતમાં રોજગારી મેળવવા માટે મીટ માંડીને બેઠો છે અને આખા દેશમાંથી લોકો ગુજરાતમાં આવીને રોજગારી મેળવીને સુખી થઇ રહ્યા છે.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના સ્કીલ ઇન્ડિયા, ડીજીટલ ઇન્ડિયા અને મેઇકીન ઇન્ડિયાના દ્રઢ નિશ્ચયને ચરિતાર્થ કરવા દર વર્ષે રાજય યુવાધનને ઔદ્યોગિક તાલીમ આપવામાં આવે છે.

ખેત શ્રમયોગીઓને પણ શ્રમિક સુરક્ષા, અકસ્માત જૂથ વીમા યોજના અંતર્ગત આ વર્ષે ૨૨૩.૫૦ લાખની સહાય ચૂકવવામાં આવી છે. ગુજરાતમાં યુવાનોને રોજગારીની તાલીમ મળી રહે તે માટે અમારી સરકારે સ્કીલ યુનિવર્સિટીની સ્થાપના કરી છે. મને જણાવતા આનંદ થાય છે કે ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા પ્રકાશિત થયેલા છેલ્લા અહેવાલ અનુસાર સન ૨૦૧૩માં ૭૮ ટકા ઉમેદવારોને રોજગારી આપીને સમગ્ર દેશમાં ગુજરાત રાજયે પ્રથમ ક્રમ હાંસલ કરેલ છે. આઇ.ટી.આઇ. ક્ષેત્રમાં તાલીમની ઉત્તમ સુવિધા મળી રહે અને તાલીમ મેળવી તાલીમાર્થી વિશ્વસ્તરનું કૌશલ્ય ધરાવે એ ઉમદા હેતુથી એમને પ્રોત્સાહિત કરવા ગુજરાત સામૂહિક જૂથ અકસ્માત વીમા યોજન શરૂ કરીને એક લાખનું વીમા કવચ પૂરું પાડવામાં આવેલ છે. સાથે સાથે અમારી સરકારે ૫૦ વર્ષથી જૂના શ્રમ કાયદાઓમાં સુધારો કરવાનું નક્કી કરેલ છે. આઇ.ટી.આઇ. ક્ષેત્રમાં કોમ્પ્યુટર અભ્યાસ માટે તાલીમાર્થીને ટેબલેટ ભેટ આપવામાં આવે છે. આઇ.ટી.આઇ.માં મહિલા તાલીમાર્થીઓને સમાજ કલ્યાણ અને બીજી સરકારના વિભાગની જેમ સરખી પેટર્ન મુજબ મહિલા તાલીમાર્થીઓને પણ તાલીમ આપવામાં આવે છે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ૫૭, ૬૫, ૬૭ અને ૭૪ નંબરની માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં પાણી માટે ઘણી બધી વાતો થઇ. સરકાર કહે છે કે, આ અમે કર્યું, અમે કર્યું. અગાઉ કોંગ્રેસે પણ ટ્રેન ટુ ટ્રેન દ્વારા અછતના સમયે પાણી પૂરું પાડ્યું હતું. આજે ભાજપના રાજમાં જોઇએ તો ભેદી પાણી ઢગલાબંધ ટ્રકો અને ટેમ્પામાં અઢળક આવે છે. આ પાણીથી આપણા યુવાનો ખોટા રવાડે ચડ્યા છે એ આપણે વિચારવું જોઇએ. કૂવાની વાત કરીએ તો આપણા બાપ-દાદાઓ કૂવાનું પાણી પીતા હતા. તમે સત્તા ઉપર છો, તમારે કરવાનું છે, તમારી સરકારે કરવાની ફરજ છે. ૧૯૬૧માં આ ગુજરાતમાં પાણી પુરવઠા કાર્યક્રમ અમલમાં આવ્યો અને ૧૯૬૯માં પાણી પુરવઠા બોર્ડ અમલમાં આવ્યું. એ પછી જૂથ પાણી પુરવઠા યોજનાઓ અમલમાં આવી. આખા રાજ્યની અંદર જેમ જેમ વિકાસ થતો ગયો એમ યોજનાઓ શરૂ થતી ગઇ.

આજે જે યોજનાઓ છે એમાં ૧૫ વર્ષ જુની જૂથ યોજનાઓ પણ છે. એનું મટિરિયલ હોય, એની પાઇપો હોય, એના ઉપરનું કામ હોય એ હલકા પ્રકારનું હોવાના કારણે આજે ૧૫-૨૦ વર્ષથી જોઉં છું, બાલાસિનોરથી કઠલાલ સુધી આવું તો કેટલાય ખેતરોમાં પાણી ભરાયેલા જોવા મળે છે. દરેક ફળિયામાં સ્ટેન્ડ પોસ્ટ હોવા જોઇએ એ નથી. આજે ગામડાંના લોકો પીવાના પાણી માટે વલખાં મારે છે અને હેરાન થાય છે. અહીંયાં મહિલા મુખ્યમંત્રી છે છતાં રાજકોટ જેવા શહેરમાં બહેનોએ બેડાં લઇને પાણી માટે મ્યુનિસિપાલીટી સામે આંદોલન કરવું પડે છે. આજે પાણી માટે લોકો હેરાન થાય છે. અહીંયાં આપણે જોઇશું તો સરકાર પીવાના પાણી માટે અનેક યોજનાઓ કરે છે. નર્મદા યોજના, સુજલામ સુફલામ યોજના, હેન્ડપંપની યોજના, સ્વજલ ધારા યોજના અને ૯૦:૧૦ની સ્કિમ દ્વારા આપણા ગુજરાતમાં પાણી પૂરું પાડવામાં આવે છે. આજે એવા કાર્યક્રમો થાય છે, બોર થાય છે એ બોર અંગેની મારા વિસ્તારની વાત કરું છું. કઠલાલ, કપડવંજ, બાલાસિનોર અને વિરપુરમાં છેલ્લા ૩ વર્ષમાં આવા કેટલાય બોર અને હેન્ડપંપ કરેલા છે, એ પૂરાઇ ગયા છે. ગામડાંમાં જઇએ તો લોકો પાણી માટે રજૂઆતો કરે છે. મેં અનેક વાર રજૂઆતો કરી છે, સંકલનમાં પણ રજૂઆત કરી છે. વરખડીયા ગામમાં ૮૦:૨૦માં એક બોર કર્યો હતો. એ ગામમાં બિલકૂલ પાણી નથી મળતું. ઉનાળાની સીઝન આવે ત્યારે એ લોકોને જોઇને આપણને બહુ દુઃખ થાય છે. એવા સમયે આ બોર જે બાકી છે એ થઇ જાય તો એમની સમસ્યાનો ઉકેલ આવે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં નર્મદા આધારીત અન્ડર ગ્રાઉન્ડ પાઇપ લાઇનથી મેશ્વો, વાત્રક અને માજુમ ડેમ ભરવામાં આવશે. સરકારે ગયા સત્રમાં કહ્યું હતું કે, રસ્તામાં આવતા તળાવો અને ચેકડેમો ભરાશે. આ વિસ્તારમાં માલવિકા જૂથ યોજના છે. શ્રી મણીભાઇ પટેલ ધારાસભ્ય હતા ત્યારે એ મંજૂર કરેલ. આજે ૧૫ વર્ષ થયા આ જૂથ યોજના કેમ ખોરંભે પડી છે? માનનીય મંત્રીશ્રી એની તપાસ કરાવે. કપડવંજના પૂર્વ વિસ્તારના ગામડાંઓમાં પીવાના પાણીની ખૂબ તકલીફ છે. એ જ રીતે પીવાના પાણી માટે પણ આ યોજનાઓ વહેલી તકે શરૂ થાય જે જરૂરી છે. હેન્ડ પંપ છે એ ૩૦૦ ફૂટ ઉંડા થવા જોઇએ એની જગ્યાએ આજે પણ ૧૦૦-૧૫૦ ફૂટ જ ઉંડા કરવામાં આવે છે અને ઉનાળો આવે ત્યારે આ હેન્ડપંપ સૂકાઇ જાય છે. આ સૂકાઇ ગયેલા હેન્ડપંપોનો સરવે કરીને રિપેરીંગ કરવામાં આવે અને નવા હેન્ડપંપ કરવામાં આવે. ગઇકાલે દાહોદનો પ્રશ્ન કર્યો હતો. છૂટા છવાયા વિસ્તારોમાં ૨૧૮ હેન્ડપંપ બાકી છે. જે ફળિયા હતા એ મોટા ગામ જેવા થઇ ગયા છે. જેમ વસ્તી વધતી જાય એમ પીવાના પાણીની સગવડો કરવી જોઇએ. એ જ રીતે ગુજરાત પાણી પુરવઠા વિભાગ દ્વારા જે કર્મચારીઓ છે, જે રોજમદારો છે એમને લઘુતમ વેતન પણ આપતા નથી. આ લોકો કોર્ટમાં ગયેલા અને કોર્ટના ચૂકાદાના આધારે એમને રૂ.૬૦૦૦/- આપવામાં આવે છે. એમાં ૮૦૦થી ૯૦૦ કર્મચારીઓ રહી ગયા છે એમને પણ કોર્ટના ચૂકાદાના આધારે રૂ.૬૦૦૦/- આપવા જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી કેતન મ. ઇનામદાર(સાવલી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે અમારા મંત્રીશ્રી શ્રમ અને રોજગાર, નર્મદા વિકાસ ૫૭ અને ૬૫ બે માગણી લઇને આવ્યા છે એમાં હું મારો સુર પૂરાવું છું. શ્રમ અને રોજગાર એક એવો વિભાગ છે કે એ વિભાગ દ્વારા ગુજરાતની જનતાની બહુ મોટી અપેક્ષાઓ હોય છે. હંમેશા રોજગારી માટે માણસ કાયમ ચિંતિત હોય છે. આ સરકાર જે હું ઘણા સમયથી જોઇ રહ્યો છું કે એના પ્રયત્ન હંમેશા ગુજરાતની આ જનતાને રોજગારી કેવી રીતે મળે અને કેવી રીતે એમને પૂરેપૂરો રોજગાર મળે, એમને કામ મળે એની ચિંતા કરી રહી છે અને સાથેસાથે હું કહું કે ટીકાટીપ્પણી રાજકારણમાં હોય, વિવાદ મતમતાંતર જૂદાજૂદા હોય પણ વિપક્ષના સભ્યના સૂચનો પણ ઘણી વખત સત્તાધારી પક્ષને કામમાં લાગતા હોય છે. આજે જયારે રોજગારીની વાત કરીએ છીએ, વાઇબ્રન્ટ સમિટ યોજના આપણા આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી જયારે લઇને આવ્યા છે અને એ ગુજરાતનું આ મૉડેલ પૂરા દેશે સ્વીકાર્યુ અને જયારે ગુજરાતના આ મુખ્યમંત્રી માટે ભારત દેશની જનતાએ નકકી કર્યુ કે ખરેખર આ ગુજરાતનો ૧૨-૧૩ વર્ષનો વિકાસ આ મુખ્યમંત્રીએ કર્યો હોય તો એ ભારત દેશના વડાપ્રધાનને હક્કદાર છે અને એનું પરિણામ ૨૦૧૪માં ભારત દેશની જનતાએ આપ્યું. હું એક બીજી વાત કરવા માગુ છું કે શ્રમ અને રોજગારની અંદર ઘણી વખત મંત્રીશ્રીઓને પણ સૂચન કરવાનું મન થાય છે કે કોઇક એવી બાબત હોય છે કે જે ડાયરેક આપણે લોકો નાના નાના લેવલથી જાણતા હોઇએ છીએ. નાના નાના લોકો જયારે આપણને મળતા હોય છે બિચારા તો એ એની રોજીરોટીની ચિંતા કરતો હોય છે તો હું પોતે પણ વિચારું છું કે સતત ચિંતા સરકાર કરે છે તો આપણે એમનું ધ્યાન દોરીએ, હું મારા સાવલી તાકલુકાની વાત કરું, સાવલી તાલુકાની જી.આઇ.ડી.સી. છે એ ગુજરાતની અંદર સારામાં સારી જી.આઇ.ડી.સી. છે. ૩૦ હજાર કામદારો એની અંદર કામ કરી રહ્યા છે અને હું જયારે જોઉ છું ત્યારે મને આનંદ થાય છે કે ખરેખર સરકારના નવા નવા યુનિટો સાવલીમાં જયારે આવે છે અને હું ધારાસભ્ય તરીકે લેટર લખતો હોવ અને એ લોકોને જયારે કામ મળતું હોય તો હું ખરેખર આ સરકારને અભિનંદન આપુ છું. સાથે સાથે એક સૂચન પણ કરું છું કે અમારી જી.આઇ.ડી.સી. મોટી છે. જી.આઇ.ડી.સી.ના અમૂક પ્લોટો જે પહેલા ફળવાઇ ગયા છે અને એ પ્લોટો અત્યારે રુલ્સ અને રેગ્યુલેશન પ્રમાણે અત્યારે એમાં કોઇ યુનિટ નખાયા નથી તો મારી વિનંતી છે સરકારને, સૂચન છે કે એ પ્લોટોને માટે હજી ૧૬ હજાર અરજદારો જયારે વેઇટીંગમાં છે તો હું મંત્રીશ્રીને વિનંતી કરુ છું કે એ પ્લોટો માટે એ લોકોને સૂચન કરે કે તાત્કાલિક ધોરણે યુનિટ ચાલુ કરે અથવા એમના પ્લોટો રદ કરી અને નવા અરજદારોને એ પ્લોટો ફાળવી આપે એવી મારી સરકારશ્રીને વિનંતી છે. બીજી વાત કરું મેં હમણા વાત કરી એમાં નર્મદાની માગણી પણ જયારે માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે, આદરણીય અમારા સીનીયર નેતા શકિતસિંહજી ગોહિલ, એમણે પણ કહ્યું કે નર્મદા જે ખરેખર જો સારી રીતે આખા ગુજરાતની જનતા એનો લાભ લે તો કોઇ ખેડૂત એવો બાકી ના રહે કે જેની ફીકસ ડીપોઝીટ બેંકમાં ના પડી હોય, હું એક વાત કરીશ કે નર્મદાની જયારથી શરૂઆત થઇ ત્યારે સરકાર બીજી હતી, આજે નર્મદા પૂર્ણતાના આરે છે ત્યારે સરકાર બીજી છે. દરેક મુખ્યમંત્રીએ અને દરેક સરકારે નર્મદાને સારી રીતે પાર પડે, સારી રીતે એની કામગીરી થાય અને ખેડૂતોને લાભ મળે એવું કામ ઇચ્છયું જ હશે પણ હું

તમને એક વાત કહું કે આ આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના પછી જે વેગ પકડાયો જે મુખ્યમંત્રીના તેર વર્ષના શાસનમાં જે વેગ એમણે નર્મદાને આપ્યો એનાથી ખેડૂતોને સતત લાભ જ થતો આવ્યો છે અને જયારે વડાપ્રધાન થયા તો એમનો પહેલો પ્રયાસ ગુજરાતને કઇ રીતે વધારે પડતો લાભ મળે તો જે વર્ષો જૂની સમસ્યા હતી એ વડાપ્રધાને દૂર કરી એ માટે તેઓ અભિનંદનને પાત્ર છે. સાથેસાથે આજે હું ઉભો થયો છું ત્યારે નર્મદા વિભાગના મારા મંત્રીશ્રીને એક મારી વિનંતી છે કે પંદરમી માર્ચથી નર્મદાનું પાણી બંધ થાય છે પણ મારી એક વિનંતી છે, હું ખેડૂતોની લાગણી આપ સુધી પહોંચાડુ છું કે પંદરમી એપ્રિલ સુધી જો ખેડૂતોને પાણી મળે તો ખેડૂતોને ઘણો મોટો લાભ થાય એમ છે અને મને પોતાને વિશ્વાસ છે કે મંત્રીશ્રી મારી આ માગણી સ્વીકારશે અને હું આ સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપુ છું અને મારી વાણીને વિરામ આપું છું.

શ્રી વજેસિંહભાઇ પા. પણદા(દાહોદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, નર્મદા, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માગણી નં. ૬૫ અને ૬૭ પર મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, ઉમરગામથી અંબાજી આદિવાસીઓની પૂર્વપટ્ટી આવેલી છે. જેમાં મારા દાહોદ જિલ્લો ૮૨ ટકા આદિવાસીની વસતિ ધરાવતો જિલ્લો છે. સિંચાઇની વાત કરું તો છેલ્લા ૧૫ વર્ષથી આ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર છે ત્યારે આદિવાસીઓની ચિંતા કરી હોય તો કોંગ્રેસની સરકારોએ કરી છે. કોંગ્રેસની સરકારમાં દાહોદ જિલ્લામાં અનેક ડેમો બન્યા, પાટા ડુંગરી સરદાર સરોવરની વાત કરું, માછણ નાળાની વાત કરું, કાળી ટુની વાત કરું, હડપ ડેમ, કબૂતરી ડેમ આ તમામ ડેમો કોંગ્રેસ સરકારમાં બન્યા અને આદિવાસીઓની ચિંતા કરીને સિંચાઇનું પાણી કોંગ્રેસની સરકારમાં આપ્યું. છેલ્લા ૧૫ વર્ષમાં દાહોદ જિલ્લામાં ભારતીય જનતા પાર્ટીએ એક પણ ડેમ બનાવ્યો હોય તો મને બતાવો. સુજલામ્ સુફલામ્ યોજનામાં ખાલી થેલીઓ ગોઠવીને લોટી પાણી ભેગું કરાય એવું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં કર્યું છે. ગતિશીલ ગુજરાત આદિવાસીઓની ચિંતા કરવાવાળી ગુજરાતની આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં છેલ્લા ઘણા સમયથી દાહોદ જિલ્લામાં ડેમો બનાવ્યા, સિંચાઇની નહેરો આજદિન સુધી રિપેર થતી નથી અને લાખો ક્યુસેક પાણી વ્યર્થ જાય છે અને છેવાડાના આદિવાસી ખેડૂતને પાણી મળતું નથી. પાણી પુરવઠાની વાત કરું તો હમણાં જ કડાણા ડેમ આધારિત દાહોદ શહેરને પીવાનું ચોખ્ખું પાણી મળે એ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઉદઘાટન કર્યું છે અને દાહોદ શહેરને ચોખ્ખું પીવાનું પાણી મળે એ માટે ૧૭૧ કરોડના ખર્ચે યોજના બનાવી છે. પરંતુ દાહોદ શહેરના એક જ ફળિયાને પાણી મળે છે. પૂરતું પાણી દાહોદ શહેરને ક્યારે મળશે અને આ યોજના માટે જે આદિવાસીઓએ પોતાની જમીનનો ભોગ આપ્યો અને જ્યાં પાણી પુરવઠાનો કડાણા ડેમ બનાવ્યો એવા ૧૦ ગામોમાં કલેકટર કચેરીને જમીન ફાળવી, કોર્ટને જમીન આપી, જિલ્લા પંચાયતને જમીન ફાળવી છતાં આ ૧૦ ગામોને પાણી મળતું નથી. પાણી માટે લોકો વલખા મારે છે. બે–પાંચ કિલોમિટર દૂર સુધી પાણી ભરવા જાય છે. આદિવાસી પરામર્શ સમિતિની સમીક્ષા બેઠક મળી ત્યારે ચેરમેન સહિત બધા લોકોનો એટલો બધો આક્રોશ હતો અને બધાએ કહ્યું કે જમીન આપી છતાં પણ એમને પીવાનું પાણી મળતું નથી. મારી માગણી છે કે આ ૧૦ ગામોને કડાણા ડેમ આધારિત બાજુમાં સમ્પ બનાવીને પીવાનું પાણી મળે એવી કાર્યવાહી કરવા વિનંતી છે. આદિવાસી વિસ્તારમાં સિંચાઇ માટે ૨૫–૩૦ વર્ષ થઇ ગયા ઉદવહન સિંચાઇ યોજનાઓ બની. આજે એ પડી ભાંગી છે. એના રિનોવેશન માટે આદિજાતિ પેટા વિસ્તાર યોજનામાંથી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે પણ કોઇપણ વિભાગ, નર્મદા જળસંપત્તિ વિભાગ ના પાડે છે. સિંચાઇ વિભાગ છે, પંચાયત પણ ના પાડે છે. આ ઉદવહન સિંચાઇ યોજનાઓનું રિપેરીંગ કોણ કરે? આના લીધે સિંચાઇનો લાભ આદિવાસીઓને મળતો નથી. આ યોજના સત્વરે શરૂ થાય એ પણ મારી મંત્રીશ્રી પાસે માગણી છે. જૂથ પાણી પુરવઠા યોજનાની વાત કરીએ તો સમગ્ર ગુજરાતમાં ભાણા સીમજ જૂથ પાણી પુરવઠા યોજના બની એને ૧૦ વર્ષ થઇ ગયા. એક પણ ફળિયામાં કે એક પણ ગામમાં પીવાનું પાણી મળ્યું નથી. કરોડોના ખર્ચે બની અને ફાજલ પડી છે. એવી જ રીતે માનનીય નીતિનભાઇ પાણી પુરવઠા મંત્રી હતા અને હડપ જૂથ પાણી પુરવઠા યોજનાનું ખાતમુહૂર્ત કર્યું. એ યોજના પણ આજે છ–છ વર્ષ થવા છતાં કરોડોનો ખર્ચ કરવા છતાં બંધ હાલતમાં છે. ગોલા જૂથ પાણી પુરવઠા યોજનાની વાત કરું તો એ પણ બંધ હાલતમાં છે. એક બાજુ આદિવાસીઓની ચિંતા કરતી આ સરકાર, જો આ યોજનાઓ બરાબર થઇ જાય અને સાચી દિશામાં સરકાર કામ કરતી હોય તો અમારા આદિવાસીઓને રોજીરોટી માટે ગામડે ગામડે અને સુરત અને અમદાવાદ આવવું ન પડે. આવી અમારા આદિવાસીઓની દશા થયેલ છે. વન બંધુ યોજના અને ૧૫ હજાર કરોડ અને ૧૮ હજાર કરોડની વાતો થાય પણ સાચો સરવે કરાવે તો આજે પણ આદિવાસીઓની હાલત એની એ જ છે. માનનીય અધ્યક્ષશ્રી, મારી જોડે બેઠાં છે ચંદ્રિકાબેન એ પણ વર્ષોથી મોનખોન યોજના ગરબાડાની વાત કરે છે. સરકારે એ યોજના બનાવી છતાં પણ આ એમના વિસ્તારમાં પાણી નથી મળતું અને આજે પણ ગામમાં ટેન્કરથી પાણી લાવવું પડે છે એ દશા અમારાં આદિવાસીઓની થઇ રહી છે. બીજી વાત કરું. હેન્ડપંપોની અને મીની પાણી પુરવઠા યોજનાઓની. ચકલી ખોલો પાણી આવે. એ ટાંકી પર લખેલું બી.જે.પી. પાણી પીવા માટે અમારો આદિવાસી ગયેલો એને ખબર નહીં કે ઇંગ્લીશમાં શું લખ્યું છે? કે ભાઇ, આ ટાંકીમાં પાણી નથી બીજે પાણી પીવા જવાનું. મીની પાણી પુરવઠા યોજનાઓ બની હોય અને એક પણ મીની પાણી પુરવઠા યોજનાથી પાણી મળતું હોય તો આજે પણ કહો મારાં વિસ્તારમાં સ્વતંત્ર પાણી પુરવઠા યોજના, સમગ્ર વિસ્તારમાં બનેલી છે. પરંતુ એક પણ સ્વતંત્ર પાણી પુરવઠા યોજનાઓ ચાલતી નથી. કરોડોના ખર્ચે ટાંકીઓ બની, પાઇપ લાઇન બની પણ નળ નહીં અને ચકલી નહીં. અહીંયા મોટી વાતો કરે કરોડોના આંકડા બતાવીને કહે કે આટલું બધું પાણી અમે આદિવાસી વિસ્તારમાં આપીએ છીએ. આવી જ રીતે ચેક ડેમની વાત કરીએ તો મધ્યમ તળાવની વાત કરું. ઘણાં બધા મધ્યમ, નાની સિંચાઇના તળાવો મારા વિસ્તારમાં આવેલા છે.

અધ્યક્ષશ્રી : પણદાભાઇ આપનો સમય પૂરો થાય છે. માનનનીય પુનાજીભાઇ. પુનાજીભાઇનો સમય એમને આપીએ. આપનું પ્રવચન ચાલુ રાખો પુનાજીભાઇનો પાંચ મિનિટનો સમય આપને આપીએ.

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : આવી રીતે મધ્યમ સિંચાઇની વાત કરું. મારાં વિસ્તારમાં રેટિયા ગામ છે, રાબદા, ખરોદા અનેક મધ્યમ સિંચાઇના તળાવો આવેલા છે. પણ એમના ગેટ રિપેર નથી થતાં, કિનારા રિપેર નથી થતાં એટલે આદિવાસી ખેડૂતોને પાણી મળતું નથી. એટલા માટે કહું છું કે, આ તળાવ પણ રિપેર થાય અને આ યોજના વહેલી તકે શરૂ થાય અને આદિવાસીઓને પાણી મળે તો જ સાચી દિશામાં આદિવાસીઓની ચિંતા કરતી સરકાર કહેવાશે. શિક્ષણની વાત કરું તો શિક્ષણ પણ નથી. આરોગ્યની વાત કરીએ. ગુજરાતના તમામ આદિવાસી વિસ્તારમાં ફ્લોરાઇડવાળું પાણી અમારાં આદિવાસીઓ પી રહ્યાં છે. શુદ્ધ પાણી આજદિન સુધી મળતું નથી. શિક્ષણ મળતું નથી. આરોગ્યની સુવિધા નથી. કરોડોના ખર્ચે બિલ્ડિંગો બનેલી છે, ડોકટરોની જગ્યા ખાલી છે, એસ.ટી. બસો પણ પડી ભાંગી છે. આજે સમગ્ર ગુજરાતની વાત કરું તો દાહોદ ડેપો સમગ્ર ગુજરાતમાં પ્રથમ નંબરની આવક ધરાવતો એસ.ટી.નો દાહોદ ડેપો છે. છતાં પણ ગામડાંમાં એસ.ટી. મળતી નથી. એટલે વહેલી તકે આ બધી યોજના શરૂ થાય અને આ બધી બસોના રૂટ ચાલુ થાય એવી મારી માગણી છે.

રોજગારીની જો વાત કરું તો આદિવાસીઓને રોજી-રોટી માટે રોજગારીની ફેક્ટરી ખોલવાની વાત આ સરકાર કરે છે. આદિવાસી જો ભણી ગણીને આગળ આવે તો ગુજરાતમાં કોણ કામ કરશે? અમારાં આદિવાસીઓની આ હાલત છે. એટલે મજૂરોની ફેક્ટરી એમણે વર્ષોથી ગણેલા છે. આજે નહીં જે કોંગ્રેસ સરકારે કામગીરી કરી છે એને પણ પડી ભાંગવાની વાત આ સરકાર કરી રહી છે. ચૂડાસમા સાહેબ અમારાં પ્રભારી છે. પછાતપણાંમાંથી બહાર કાઢીએ. કૌલગી સમિતિ આવી. અગાઉ આરજી કમિટી આવી. આદિવાસી ૫૬ ટકા તાલુકાનો સમાવેશ કર્યો. કૌલગી સમિતિ આવી એમાં કરોડોના ખર્ચે કામો થયા પણ એની યુટિલિટી શું? કોઇએ સરવે કર્યુ ખરું? એની એજ અમારી દશા છે અને મારો દાહોદ તાલુકો તો કૌલગી સમિતિએ ૫૬ ટકામાં હતો તો આ કૌલગી સમિતિમાં દાહોદ તાલુકો લેવાય એવી પણ મારી માગણી છે. આટલું કહીને મારું વકતવ્ય પુરું કરું છું.

અધ્યક્ષશ્રી : ભાઇ, આપના ભાગે ત્રણ મિનિટ છે. કોઇને બાલવું હોય તો ત્રણ મિનિટનો સમય છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજું કાંઇ વધારે કહેવું નથી પણ મારી જેતપુર પાવી, છોટાઉદેપુર જિલ્લાના જેતપુર પાવી તાલુકાની સુખી સિંચાઇ યોજના ૧૯૮૪માં અમે બનાવી હતી. તે વખતે ૨૩ ગામો અમે ડૂબાડ્યાં હતાં. ૨૩ ગામોની જે ટોટલ જમીન એ ૫૦૦૦ હેકટર જેટલી જમીન ડૂબાણમાં ૨૨૦૦ ખેડૂતોની ગઇ હતી. આ જમીન ડૂબાણ કરીને ૨૦,૭૦૦ હેકટરમાં પિયતમાં આદિવાસી ખેડૂતોને લાભ મળતો હતો. તે વખતે ૧૬ ચોકીદારો હતા. એ ૧૬ ચોકીદારો પૈકી ૪ ચોકીદારોને કાઢી મૂકવાના કારણે એ લેબર કોર્ટમાં ગયા હતાં અને લેબર કોર્ટે તા.૧૯/૭/૨૦૧૦નાં રોજ એમની ફેવરમાં ચૂકાદો આપેલો. છતાં પણ આ લેબર કોર્ટના ચુકાદા પ્રમાણે એ ચોકીદારોને આજ સુધી સરકાર તરફથી લેવામાં આવતા નથી. એટલે ૧૬ ચોકીદારો હતા ત્યારે ૨૦,૭૦૦ હેકટરમાં પાણી મળતું હતું, આજે ખાલી ૫,૦૦૦ હેકટરમાં જ પાણી મળે છે. તો આ તમામ ખેડૂતોને પાણી મળે એટલા માટે અનેક વખત રજૂઆતો કરી કે, આ ચોકીદારોને લઇ લો અને બાકીના ૯ જેટલા ચોકીદારો પણ રોજમદારોથી ભરો પણ આ કાર્યવાહી કોઇ થતી નથી. તો વહેલામાં વહેલી તકે આ કાર્યવાહી કરવા માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી( શ્રમ અને રોજગાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ રોજગાર, પાણી પુરવઠો અને વાહન વ્યવહારની જે માગણીઓ લઇને સદનમાં હું આવ્યો છું. હું આશા રાખું છું કે, સરકાર જે અંદાજો મૂક્યા છે એને સ્વીકારી અને આ માગણીઓને સૌ સભ્યો મંજૂર કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, દિલ્હીમાં ભા.જ.પ.ની સરકાર બની. શ્રી નરેન્દ્રભાઇ મોદીએ, "પંડિત દિનદયાળ ઉપાધ્યાય- શ્રમેવ જયતે" આ યોજના રાષ્ટ્રને અર્પણ કરી. કરોડો શ્રમયોગીઓને આત્મ ગૌરવ પ્રદાન કરવા માટેનો એક સંનિષ્ઠ પ્રયત્ન છે. અને મને આનંદ છે કે, અમારા નાણા મંત્રીશ્રી એ આ વર્ષના બજેટમાં પણ ૨૦૧૧ થી ૨૦૧૬, છેલ્લા પાંચ વર્ષમાં જે કંઇ પૈસા આપ્યા હતા એમાં આ વખતે પાંચ ગણો વધારો કર્યો છે. ૨૦૧૦-૧૧માં ૩૧૦/- કરોડ રૂપિયા આપ્યા હતા. ૨૦૧૧-૧૨માં ૪૯૪/- કરોડ આ શ્રમજીવીઓ માટે આપ્યા હતા. ૨૦૧૨-૧૩માં ૬૮૨/- કરોડ આપ્યા હતા. ૨૦૧૩-૧૪માં ૧,૦૫૨/- કરોડ આપ્યા હતા અને ૨૦૧૪-૧૫માં ૧,૪૧૫/- કરોડ આપ્યા, આ વખતે ૧,૪૫૩/- કરોડ રૂપિયા આપીને, હું એમ માનું છું કે, સ્કીલ ભારત, મેઇક ઇન ઇન્ડિયા, સ્કીલ ઇન્ડિયા બનાવવા માટે એક એમનું દિશા-દર્શન સ્પષ્ટ છે અને આ દિશામાં ગુજરાત પાછું ન રહી જાય એ માટેનો મુખ્ય મંત્રીશ્રીનો એક વ્યવસ્થિત પ્રયત્ન છે.

આ વખતની બજેટ જોગવાઇમાં અનુસૂચિત જનજાતિ માટે, જે હમણાં આદિવાસી ભાઇઓ બહેનો માટે વાત થઇ તો શ્રમ અને રોજગારમાં ૧૬૧/- કરોડ રૂપિયાની ખાસ જોગવાઇ કરી છે. ૨૦૧૫-૧૬માં નવા બાંધકામ માટે ૧૪૫/- કરોડની યોજના કરી છે અને અનુસૂચિત જાતિ માટે વિશેષ ચિંતા કરીને ૫૨ કરોડ રૂપિયાની યોજના કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના પાંચ જિલ્લાઓમાં બાળમજદૂરી સંપૂર્ણ રદ થાય, દૂર થાય, વર્ષોથી જે બટ્ટો છે, સમાજ ઉપર કે બાળ મજૂરી દૂર થાય અને એટલા માટે વિશેષ જોગવાઇ કરી અને પાંચ જિલ્લાઓમાંથી બાળ મજૂરોને શ્રમ મુક્ત કરવા એ પણ ઈરાદો આ બજેટમાં સ્પષ્ટ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઇંટના ભઠ્ઠા અને ક્વોરીના શ્રમિકોના કલ્યાણ માટે ત્યાં બાળવાડી બને, આંગણવાડી બને એમનું કલ્યાણ થાય માટે પાંચ કરોડ રૂપિયા જેવી માતબર રકમની આ બજેટમાં જોગવાઇમાં કરવામાં આવી છે. પચીસ લાખ અસંગઠિત

શ્રમયોગીઓ માટે યુ.વીન. કાર્ડ, જે પહેલી વખત આપણે આ વખતે ઇન્ટ્રોડ્યુસ કરીએ છીએ, સાડા સાત કરોડ રૂપિયાની મોટી જોગવાઇ કરીને આ અસંગઠિત શ્રમયોગીઓને યુ.વીન. કાર્ડ આપીને એમનું આત્મ સન્નમાન આપણે કરી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, બાંધકામ શ્રમિકોના આરોગ્ય માટે દસ કરોડ રૂપિયા અને આરોગ્ય વાન ઉભા કરી અને બાંધકામ શ્રમિકો માટે વિશેષ જોગવાઇ કરી છે અને સ્વાવલંબન પેન્સન યોજના એ અંતર્ગત પચીસ કરોડ રૂપિયા ફાળવી અને આ શ્રમિકોને પણ પેન્સન મળે, એમની પાછલી જિંદગી એ આરામથી વિતાવે અને એમની મરણ મૂડી ભેગી થાય એ માટે પણ આ બજેટમાં જોગવાઇ કરી છે. અને ગુજરાતની સ્કિલ ડેવલપમેન્ટ માટે ખાસ શેર મૂડીના ફાળા માટે દસ કરોડ રૂપિયા અને સ્કિલ યુનિવર્સિટીની સ્થાપના કરવાનો સંકલ્પ પણ આ બજેટમાં આ વખતે ઉભો કરવામાં આવ્યો છે. ગુજરાતમાં બેકારી દૂર કરવાનું પણ અમારું એક સ્વપ્ન છે અને એટલા માટે પંડિત દિનદયાળજી કહેતા આવ્યા છે કે હર હાથ કો કામ ઔર હર કામ કે લીયે સહી દામ. આ પ્રકારનું આયોજન કરવા માટે ગુજરાત આગળ છે અને એટલા માટે આપની સાથે ઓથેન્ટીક આંકડા કે જે દિલ્હીની સરકારે, શ્રમ અને રોજગાર મંત્રાલયે બહાર પાડેલા આંકડા એમાં ગયા વર્ષ સુધી તો યુ.પી.એ.ની સરકાર હતી. આ વર્ષે ભા.જ.પ.ની સરકાર છે. એમણે જે આંકડા બહાર પાડયા છે એમાં યુ.પી.માં ૬૫ લાખ યુવાનો બેકાર છે, બંગાળમાં ૭૫ લાખ યુવાનો બેકાર છે. મહારાષ્ટ્રમાં ૩૦ લાખ યુવાનો બેકાર છે. કેરાલામાં ૩૭ લાખ યુવાનો બેકાર છે. તામિલનાડુમાં ૮૫ લાખ બેકાર છે, જયારે ગુજરાતમાં માત્ર સાત લાખ તેત્રીસ હજાર યુવાનો બેકાર છે. આ આંકડા ઓથેન્ટીક છે. આ આંકડા અમારા આંકડા નથી શ્રમ અને રોજગાર મંત્રાલયે દિલ્હીથી બહાર પાડેલા આંકડા છે. આનું કારણ એ છે કે છેલ્લા ૧૨–૧૩ વર્ષથી આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી હતા એમનું વિઝન અને ભા.જ.પ.ની સરકાર જે દિશામાં કામ કરી રહી છે એને કારણે આપણા આંકડા ઓછા છે. એના મૂળમાં ઉદ્યોગોને વેગ આપવો, એના મૂળમાં યુવાનોને નોકરી માટે તાલીમ આપવી, એના મૂળમાં ગુજરાતમાં ઓદ્યોગિક શાંતિનું વાતાવરણ, એના મૂળમાં ગુજરાતમાં બહારથી મોટા પાયે મૂડીરોકાણ લાવવું અને ધંધા રોજગારની વ્યવસ્થા કરવી, એના મૂળમાં ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપ કરવું, રસ્તા, ગટર, લાઇટ, પાણી, લાઇટ ન હોય તો ઉદ્યોગ ન હોય, ઉદ્યોગ ન હોય તો રોજગારી ન હોય અને એ માટે આખું ઇન્ફ્રાસ્ટ્રકચર પૂરૂં પાડવું, એના મૂળમાં મજૂર કાયદાનું સરળીકરણ કરવું, મજૂરોને પણ ન્યાય મળે અને ઉદ્યોગોને પણ મોકળાશ મળે એ પ્રકારના કાયદાઓનું સરળીકરણ કરવું, શિક્ષણનો વ્યાપ વધારવો જેથી કરીને સ્કીલ ડેવલપમેન્ટ થાય આના કારણે આ સાડા સાત લાખ લોકોનો આંકડો છે બીજા બધા રાજયમાં આંકડા ખૂબ મોટા છે. રાજય સરકારે રોજગારી મળે એના સંનિષ્ઠ પ્રયત્નો કર્યા. રાજયના યુવાનોને તેમની લાયકાત, જરૂરિયાત મુજબ રોજગારી મળી રહે એ માટે રોજગાર નિર્માણને પ્રાધાન્ય આપ્યું. વર્ષ ૨૦૧૪ દરમિયાન ૧૧૧૧ ભરતી મેળાઓ કર્યા. ૧.૫૩ લાખ ઉમેદવારોની રોજગારી માટે પસંદગી થઇ અને પ્લેસમેન્ટ થયા. ૨૦૧૪માં સાત લશ્કરી ભરતી મેળાનું આયોજન કર્યું. ૭૩૮ ગુજરાતના યુવાનો લશ્કરમાં ગયા. ગુજરાતીઓ લશ્કરમાં નથી એ મેણુ ભાંગવું છે આપણે અને ગુજરાતીઓ ૭૩૮ લશ્કરમાં ગયા. ૨૦૧૪–૧૫માં ૧૮૬ લશ્કરી ભરતી માટે તાલીમ વર્ગો જે કર્યા એમાં ૫૫૫૦ ઉમેદવારોને તાલીમ આપવામાં આવી. ૨૦૧૪માં ૮૦૭ સ્વરોજગાર શિબિર કરી. ૨૯૧૪૭ ઉમેદવારોને સ્વરોજગાર માટે અલગ અલગ બેંકોમાંથી લોન આપવામાં આવી અને આઇ.ટી.આઇ. અને એવી બીજી જગ્યાએ તાલીમ પામેલા લોકોને સાત ટકા વ્યાજમાં સબસિડી આપણી સરકારે આપી એટલે આ લોકોએ જે લોન લીધી એમાં સાત ટકા સબસિડી આપીને ઓછા વ્યાજે એ લોકો ધંધામાં સ્થિર થાય એના પ્રયત્ન કર્યા. વિદેશમાં રોજગારી ઉચ્ચ અભ્યાસ માટે ઉમેદવારો માટે વિદેશમાં નોકરી મળે એટલા માટે અમદાવાદ, વડોદરા, રાજકોટમાં ઓવરસીસ એમ્પ્લોયમેન્ટ એન્ડ કેરીયર ઇન્ફર્મેશન સેન્ટર શરૂ કરવામાં આવ્યું અને ૨૦૧૪માં ૫૪૨૪ યુવાનોને આ અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું. તાલીમ માટે પણ સરકારે સુવ્યવસ્થિત પ્રયત્નો કર્યા છે. યુવાનોની રોજગારીની ક્ષમતામાં વધારો કરવા માટે વ્યવસાયલક્ષી તાલીમ મહત્વનો ભાગ ભજવે છે અને રાજયની આઇ.ટી.આઇ. મારફતે આ પ્રયત્ન કરીએ છીએ. આજે ગુજરાતમાં ૨૮૨ સરકારી આઇ.ટી.આઇ. છે. ૧૩૦૭૭૨ યુવાનો એમાં ટ્રેનીંગ લે છે. મહિલા આઇ.ટી.આઇ. પચ્ચીસ કરી છે. ગ્રાન્ટ ઇન એઇડ ૧૧૩ આઇ.ટી.આઇ. છે અને સ્વનિર્ભર સેલ્ફ ફાઇનાન્સવાળી ૩૮૪ આઇ.ટી.આઇ. છે. કુલ ૭૭૯ આઇ.ટી.આઇ. ગુજરાતના તાલુકે તાલુકે પાથરી અને યુવાનો તાલીમબદ્ધ બને, સ્કીલ થાય અને સ્કીલ ડેવલપમેન્ટના આધાર ઉપર એ સ્વરોજગાર પ્રાપ્ત કરે. એ માટેનો પ્રયત્ન ગુજરાત સરકારે કર્યો છે. રાજયમાં કુલ ૫૦૦ કૌશલ્યવર્ધક કેન્દ્ર કાર્યરત છે. ફેબ્રુઆરી–૨૦૧૫ સુધીમાં ૧૩,૦૨,૯૪૯ લાભાર્થીઓને તાલીમ આપવામાં આવી, જેમાં ૮,૧૮,૦૦૦ બહેનોએ ભાગ લીધો. આમ મહિલાઓને પણ તાલીમ આપવામાં આવી છે. રાજયમાં કુલ ૭૮૯ વોકેશનલ ટ્રેનિંગ પ્રોવાઇડર (V .T .P ) આજદિન સુધીમાં ૯૭,૭૫૬ યુવાનોને તાલીમ આપીને પ્રમાણિત કરવામાં આવ્યા છે. રાજયની કુલ ૧૯ આઇ.ટી.આઇ.માં ખાલી આપણે યુવાનોનો વિચાર અપુરતો નથી કર્યો. શારીરિક વિકલાંગ હોય, બહેરામૂંગા હોય એના માટે આઇ.ટી.આઇ. ખોલી છે. ૧૯ આઇ.ટી.આઇ. સરકારની એવી છે કે જેમાં વિકલાંગો ટ્રેનિંગ લે, જેમાં બહેરામૂંગાની આઇ.ટી.આઇ. હોય એને રોજીરોટી મળે એ માટે સરકારે પ્રયત્ન કર્યો છે. અને રાજયની તમામ ૪૩–૪૩ વનબંધુ આદિવાસી તાલુકામાં આઇ.ટી.આઇ. છે. ૩૮ તાલુકા સાગરખેડુમાં આઇ.ટી.આઇ. છે. ૪૮ ડેવલપિંગ તાલુકા જે અવિકસિત તાલુકાઓ છે, તેમાં તાલીમ માટે લઇ લીધેલ છે. રાજયની તમામ આઇ.ટી.આઇ. માં તાલીમ લેતા તાલીમાર્થીઓને ગુજરાતના સામૂહિક જુથ યોજના હેઠળ બધા વિદ્યાર્થીઓને સામૂહિક વીમો સરકારે લીધા છે. આ બધાને એક લાખનો વીમા કવચ આપણી સરકાર આપે છે. એસ.સી., એસ.ટી. કે ઓ.બી.સી. તાલીમાર્થીઓને માસિક ૪૦૦ નું સ્ટાઇપેન્ડ આ સરકાર આપે છે. અને આ તાલીમાર્થીને બસ, રેલ્વેનો કન્સેસન પાસ આ પૂરો પાડે છે. ઔદ્યોગિક તાલીમ સંસ્થા ચલાવતા કોમ્પ્યૂટરને લગતા અભ્યાસક્રમમાં ૨૩૬૦૦ વિદ્યાર્થીઓને અમે આવનારા દિવસોમાં ટેબ્લેટો આપવાના છીએ. સીધું મફત ટેબ્લેટ આઇ.ટી.આઇ. ના કોમ્પ્યૂટરના તાલીમાર્થીને આપવાના છીએ. આ સરકારે પી.પી.પી. યોજના શરૂ કરી છે, જેમાં પ્રાઇવેટ પબ્લિક પાર્ટનરશીપ એક રૂપિયો એણે દેવાનો નથી. પરંતુ કેન્દ્ર સરકારની આ યોજના અંતર્ગત ૯૧ આઇ.ટી.આઇ. ને ભારત સરકાર દ્વારા

પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપમાં આવરી લીધેલ છે. રાજ્યની ૪૦ આઇ.ટી.આઇ. ને ગુજરાત સરકાર દ્વારા પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપમાં લીધા છે, કે જેના ઉદ્યોગો એની તાલીમ અને એ તાલીમ પ્રાપ્ત કરે, એટલે સીધા એના ઉદ્યોગમાં નોકરી મળે આ પ્રકારની વ્યવસ્થા સરકારે કરી છે. આપને ખબર છે કે આ સેશનમાં સરકારે શ્રમ કાયદો સુધાર્યો છે. એના કારણે રોજગારી કામ કરતા શ્રમિકોને અધિકારો આપ્યા છે. અને હાલમાં આપને જણાવતા આનંદ થાય છે કે જે ફરિયાદ આઉટ સોર્સિંગની છે એ આઉટ સોર્સિંગના તમામ લોકોને અમે લોકોએ લઘુત્તમ વેતન અધિનિયમ મુજબ ૧૯૪૮ ની માલિકી વ્યાખ્યામાં આનો સમાવેશ કર્યો છે, જેના કારણે આઉટ સોર્સિંગમાં શોષણ ન થાય એની ચિંતા આ સરકારે કરી છે. આ શ્રમ કાયદાને સરળીકરણ કરવા માટે મીનીમમ ગવર્નમેન્ટ મેક્સિમમ ગવર્નન્સના મંત્રને ચરિતાર્થ કરીને સ્વયં પ્રમાણિત સ્વસંકલિત વાર્ષિક વ્યવસ્થા પત્રકની યોજના પણ કરી છે. સંવેદનશીલ ઔદ્યોગિક એકમો ૬ માસથી વધારી અને એમાં જાહેર સમય મર્યાદા ૨ વર્ષની કરી છે, જેથી કરીને રાજ્યની વ્યવસ્થા તૂટે નહીં, તે માટે સુધારો લાવ્યા છીએ અને સાથે સાથે સેઝ અને સર ૧૦૦ ટકા નિકાસલક્ષી એકમોને જ્યાં કામદારોને છૂટા કરવામાં આવે છે એને ૪૫ દિવસનો પગાર ચૂકવવામાં આવતો હતો એને ૬૦ દિવસનો પગાર ચૂકવવાની વ્યવસ્થા કરી અને વળતરની જોગવાઇ કરી છે. શ્રમિક અને માલિકોના વિવાદો વધે નહીં અને સૂમેળથી શ્રમિકો અને માલિકો સાથે મળીને પ્રોડક્ટિવિટી વધારે તેની ચિંતા આ સરકારે કરી છે. તેના કારણે ગુમાવેલા માનવદિન હડતાલ, સ્ટ્રાઇક, તાળાબંધી આ બધું જે થતું હતું તેમાં વર્ષ ૨૦૦૧માં ૨ લાખ ૨૪ હજાર ૧૩૨ માનવદિન આપણે ગુમાવ્યા હતા. તેની સરખામણીમાં દોઢ દાયકામાં આપણે જે ફેરફાર કર્યો તેમાં માત્ર ૨૭ હજાર માનવદિન ગુમાવ્યા છે. ૮૭ ટકાનો ઘટાડો કર્યો છે. તેનો અર્થ એ થાય છે કે ગુજરાતમાં હડતાલ, તાળાબંધી, કારખાના બંધ થવાનું આ બધુ બંધ થયેલ છે. લઘુત્તમ વેતન જે શ્રમયોગીઓને મળતું હતું તેમાં ગુજરાતની સરકાર અને માનનીય મુખ્યમંત્રીને ધન્યવાદ આપીશ કે આ ૨૫મી ડિસેમ્બરે તેમણે જાહેરાત કરી કે ૨૭ ટકા લઘુત્તમ વેતનમાં વધારો કરી જે મોટા મોટા રાજ્યો છે તે બધા કરતાં સૌથી વધુ લઘુત્તમ વેતન આપણી સરકાર ચુકવી રહી છે. હું થોડાક આંકડા આપને જણાવું છું. બીજા બધા રાજયો કે જે રાજયો શ્રમિકોના નામ ઉપર રાજનીતિ કરી છે ત્યાં હજી ૧૫૦ રૂપિયા ચૂકવાય છે અને આપણે ૨૮૭ રૂપિયા લઘુત્તમ વેતન નકકી કર્યું છે. બોનસની ચુકવણી ૨૦૦૨માં ૧.૩૩ લાખ શ્રમયોગીઓને ૬૦ કરોડ રૂપિયા ચૂકવતા હતા. તેની સામે આ છેલ્લા વર્ષમાં ૪.૫૫ લાખ શ્રમયોગીઓને ૪૩૫ કરોડ રૂપિયાની બોનસની ચૂકવણી આપણી સરકારે કરી છે. આ આપણી સિદ્ધિ છે. જે અનઓર્ગેનાઇઝડ લેબર હતા કે જેનું કોઇ હતું નહીં તેના માટે શ્રમયોગી કલ્યાણ મેળા કર્યા. તેના કારણે આપણે ૪ લાખ ૦૧ હજાર ૩૦૫ શ્રમયોગીઓની નોંધણી એકસાથે કરી છે. ભારતમાં કોઇ રાજય એ હજી આ શરૂઆત કરી નથી. તેની શરૂઆત ગુજરાત સરકારે કરી છે. ૧૦ લાખ શ્રમયોગીઓને આ વર્ષે યુ–વીન કાર્ડ આપીને રાજયની બધી જ સુવિધાઓ, તેમને મળતા સરકારી લાભો આપણે પૂરા કરવાના છીએ. માનનીય અધ્યક્ષશ્રી, વાહન વ્યવહાર અંગે ઘણીબધી ચર્ચાઓ અહીં થઇ છે ત્યારે હું કહેવા માગું છું કે ગુજરાતમાં ૨૦૦૧ માં ૫૫ લાખ વાહનોની નોંધણી થતી હતી. આજે ૨૦૦૯–૧૦માં ૧ કરોડ ૧૮ લાખ વાહનોની નોંધણી થઇ. ૨૦૧૪–૧૫માં ૧ કરોડ ૮૩ લાખ વાહનોની નોંધણી થઇ છે. આજે એસ.ટી.માં જે આવક ઘટે છે તેના મૂળમાં ગુજરાતમાં આટલા બધા વાહનો વધ્યા છે તે કારણ છે. તેને કારણે સમૃદ્ધિ વધી છે તે સ્પષ્ટ દેખાય છે. ગુજરાતમાં ૨૦૧૪–૧૫માં ૧ કરોડ ૮૩ લાખ અને ૨૦૦૧ માં ૫૫ લાખ વાહનોનું રજીસ્ટ્રેશન થયેલ હતું. આ સરખામણીમાં ૩૦૦ ટકાનો વધારો થયો છે. ૨૦૦૨ની સરખામણીમાં ૨૦૧૨ માં ભારત દેશની કુલ વસ્તીના પ્રમાણમાં ૧૩ ટકા વાહનો હતા. જયારે ગુજરાતમાં વસ્તીના પ્રમાણમાં ૨૪ ટકા વાહનો છે. આ આર્થિક વિકાસનું પ્રતિબિંબ છે. ૨૦૧૨ ની દષ્ટિએ દેશમાં એક હજાર વ્યક્તિએ ૧૩૧ વાહન છે જયારે ગુજરાતમાં એક હજાર વ્યક્તિએ ૨૩૮ વાહનો છે. ગુજરાત આમાં પણ આગળ છે. ૨૦૦૧માં ૭.૭૯ લાખ લોકોએ પાકા લાઇસન્સ કઢાવ્યા હતા. ૨૦૧૩–૧૪માં ૧૪.૪૬ લાખ લોકોએ પાકા લાઇસન્સ કઢાવ્યા છે. ૨૦૦૧માં વિભાગ દ્વારા જે મહેસૂલી આવક થતી હતી તે ૬૫૯ કરોડ રૂપિયા હતી. આજે તેમાં ચારગણો વધારો કરીને ૨૪૪૬ કરોડ રૂપિયા વાહન વ્યવહાર ખાતામાંથી મહેસૂલી આવક પ્રાપ્ત થાય છે. સાહેબ આજે રોડ અકસ્માતને કારણે લોકો મરે છે. આખા ભારતમાં લગભગ દોઢ લાખ લોકો રોડ અકસ્માતમાં મૃત્યુ પામે છે અને પાંચ લાખ લોકોને ગંભીર ઇજાઓ થાય છે. ગુજરાતમાં દરવર્ષે ૭૫૦૦ લોકો માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામે છે. અને ૬૫૦૦ લોકોને ગંભીર ઇજાનો ભોગ બનવું પડે છે અને એટલા માટે લાયસન્સ ઇસ્યુ કરવાની જે પદ્ધતિ હતી એ આખી બદલી નાંખી છે અને અમે લોકોએ ઓટોમેટિક ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક બનાવ્યા છે કે જે એપ્રિલ ૨૦૧૩થી શરૂ થયા છે. ૧૬ આર.ટી.ઓ.માં આ ટ્રેક લાગી ગયા છે અને એ બધું કોમ્પ્યુટરાઇઝ્ડ કર્યું છે એટલે એકઝેટ્લી કોઇની ભૂલ થાય તો ફોલ્ટ જાહેર થાય અને એને લાયસન્સ ન મળે એને કારણે કહું તો ફોર વ્હીલર અને ટુ વ્હીલરમાં પહેલા નાપાસ થનારની સંખ્યા ૫ ટકા હતી. જેટલા લાયસન્સ લેવા આવે એમાં ૫ ટકા જ લોકો નાપાસ થાય પણ આ ઓટોમેટિક કર્યું એને કારણે ફોર વ્હીલરમાં ૪૫ ટકા લોકો નાપાસ થાય છે એને અમે લાયસન્સ આપતા નથી અને ટુ વ્હીલરમાં ૨૫ ટકા લોકો નાપાસ થાય છે એને અમે લાયસન્સ આપતા નથી. આની અસર આવનારા દિવસોમાં અકસ્માતો નિવારવામાં થશે એવું સ્પષ્ટ સરકાર માને છે.

માનનીય અધ્યક્ષશ્રી, આગામી દિવસોમાં અમે લોકો ચેકપોસ્ટ ઉપર જે ફરિયાદો આવે છે એ નિવારવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરીને આવનારા વર્ષમાં જ આખી સિસ્ટમને ઇન્ટિગ્રેટેડ પ્રોજેક્ટ બનાવીને તમામ આર.ટી.ઓ.ને ચેકપોસ્ટોને જોડીને દરેક ટ્રક, દરેક વાહન, વ્યક્તિ ત્યાંથી પસાર થશે એ બધું જ કોમ્પ્યુટરાઇઝ્ડ થશે. એનું વજન, એ ઓવરલોડ છે કે કેમ, એના ડાઇમેન્સન, આર.ટી.ઓ.માં આવનારાની બધાની વ્યવસ્થા એ બધા એક બીજાથી કનેક્ટેડ હશે એને કારણે એક તો સરળતાથી–ઝડપથી થશે અને ત્યાં ખોટું થતું બધું બંધ થાય અને આખી મેનેજમેન્ટ સિસ્ટમને ટેકનોલોજી સાથે જોડી અમે લોકો આગળ વધારવા માગીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, એસ.ટી.ની વાત ઘણી બધી થઇ, આજે હું ચોક્કસ કહું છું કે માનનીય ધારાસભ્યો એમની લાગણીઓ, એમના વિસ્તારમાં કોઇ રૂટ ઓછા વત્તા હશે એ તરફ અમારું ધ્યાન જરૂર દોરે અમે વધારેમાં વધારે ગામડાંમાં સેવા આપવા માગીએ છીએ. એસ.ટી. માટે મેં પહેલા પણ કહ્યું છે આજે પણ કહું છું સામાજિક સેવા ગણીએ છીએ, અમે નફા માટે કમાવા માટે એસ.ટી.ને ગણતા નથી એને કારણે આજે એસ.ટી.માં આપણે નુકસાની કરીએ છીએ આ નુકસાની દૂર કરવાનો એક જ નિર્ણય કરવો પડે અમારે નફા કરતા રૂટ ઉપર ચલાવો, નુકસાની કરતા રૂટ ઉપર બંધ કરો તો કાલે એસ.ટી. નફામાં આવી જાય પણ અમે એ કરવા માગતા નથી, અમે માનીએ છીએ કે ગામડાંનો છેવાડાનો માનવીને માટે બે વખત બસ એના ગામડે પહોંચે અને એ વ્યવસ્થા બને અને સારામાં સારી સુવિધા થાય એ માટેના પ્રયત્નો કરીએ છીએ અને એના કારણે ૯૦ ટકાથી વધુ ગામડાંઓને કનેક્ટિવિટી આપી છે. એસ.ટી.નિગમ દ્વારા ૮૧૦૦ વાહનોથી રોજ ૨૮ લાખ કીલો મિટરનું સંચાલન કરીને લગભગ ૨૫ લાખ ઉતારૂઓની અમે આવન–જાવન કરીએ છીએ. ૨૮૦૦ કરોડનું ટર્ન ઓવર થાય છે, ડેઇલી કુલ ૪૪૪૦૦ ટ્રિપ કરીએ છીએ અને નફો કરતી ટ્રિપ તો એમાં માત્ર ૪૬૦૦ છે, નુકસાની કરતી ટ્રિપ ૩૫૦૦૦ છે છતાં અમે ચલાવીએ છીએ પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, હું મારા કર્મચારીઓ અને અધિકારીઓને ધન્યવાદ આપીશ આમાં જે એવરેજ બીજા બધા રાજ્યોમાં એક બસની જે એવરેજ ડીઝલ બચાવવા માટે હોવી જોઇએ એમાં ગુજરાત ડીઝલ બચાવવામાં અને એવરેજમાં નંબર વન છે. આજે ગુજરાતની બસોની એવરેજ આખા ભારતમાં સૌથી વધુ છે એ આપણે પ્રસ્થાપિત કરી શક્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આપણે બસમાં પણ અગાઉ મેં કહ્યું હતું કે ૮૩.૫ ટકા વિદ્યાર્થીઓને પાસમાં કન્સેશન આપીએ છીએ રાહત આપીએ છીએ. ગામડાંમાં રહેતી દીકરીઓને સ્કૂલ કોલેજ જવામાં સંપૂર્ણ મુસાફરી ફ્રી આપીએ છીએ, નોકરી–ધંધા–રોજગાર અર્થે કાયમી મુસાફરી કરતા હોય એને માસિક અને ત્રિમાસિક પાસમાં ૪૦ ટકા કન્સેશન આપીએ છીએ, અંધજનને સંપૂર્ણ ફ્રી આપીએ છીએ, ખોડ ખાપણને ફ્રી આપીએ છીએ, સ્વાતંત્ર્ય સેનાનીને ફ્રી આપીએ છીએ, વિધવા બહેનોને ફ્રી આપીએ છીએ, કેન્સર–થેલેસેમિયાને ૫૦ ટકા રાહત આપીએ છીએ, ધારાસભ્ય, સંસદસભ્યો અને રિપોર્ટરો આ બધાને પણ આપણે એસ.ટી. માં ફ્રી મુસાફરીની સવલત આપીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, અડધી ટીકીટ માટે ત્રણ વર્ષની ઉંમર વધારીને પાંચ વર્ષ સરકારે કર્યા છે એટલે પાંચ વર્ષના બાળકને આપણે અડધી ટીકીટમાં મુસાફરી કરવાની છુટ આપી છે. આજે ભાડા ઘટાડાની વાત કરવામાં આવે છે, માનનીય શક્તિસિંહજીએ પણ જે પ્રશ્ન કર્યો હતો, તો એમાં હું દાવા સાથે કહીશ કે ડીઝલનો ભાવ જ્યારે ૬૫ રૂપિયા પીક ઉપર હતો, ત્યારે આ ભા.જ.પ.ની સરકારે પેસેન્જર ટેક્સ ૧૦ ટકા ઓછો કરીને અને દસ ટકાનો ઘટાડો ડીઝલનો ભાવ પીક ઉપર હતો ત્યારે આ સરકારે હિંમતભર્યું પગલું ગરીબ પ્રજા માટે લીધું હતું અને ગરીબ પ્રજા માટે ભાવ ઘટાડ્યા હતા. ૨૦૧૩ માં છેલ્લે ભાડું વધાર્યું હતું. એ પછી ભાડું ક્યારેય વધાર્યું નથી અને આજે હું હજી પણ ગૃહને ખાતરી આપું છું કે એક વખત ઇન્ટરનેશનલ ક્રુડના ભાવ સ્ટેબલ થાય, ક્રુડના ભાવ ૪૫ ડોલર પ્રતિ બેરલ થઇ ગયું હતું એ વધીને ૬૨ ડોલર થઇ ગયું, વધઘટ થાય છે, એકવાર સ્થિર થયા પછી ચોક્કસ આ અંગે સરકાર વિચાર કરશે. આ રીતે વાહન વ્યવહારમાં પણ આપણે એસ.ટી.માં નંબર વન છીએ.

પાણી પુરવઠાની પણ અહીંયા ઘણી બધી ચર્ચાઓ કરવામાં આવી, હું ગૌરવ સાથે કહુ છું કે, પાણી પુરવઠા વિભાગે અદભૂત કામગીરી કરી છે, હું આપને કહું કે ગુજરાત સરકાર દ્વારા જે વોટર ગ્રીડ બનાવી છે એ શાનદાર પ્રોજેક્ટ છે. વિશ્વમાં સાઉદી અરેબિયા અને ઇઝરાયેલે સ્થાપેલી વોટર ગ્રીડ કરતાં ગુજરાતની વોટરગ્રીડનો વ્યાપ વધારે છે. ડેન્માર્કમાં ડેનીસ વોટર ફોરમ એ લોકોએ પણ વાપરેલી તકનીકોનો ભૂતકાળમાં આખી દુનિયા ઉપયોગ કરતી હતી એ પણ ગુજરાતની આપણી પાણી પુરવઠાની યોજનાઓ જોવા માટે આપણે ત્યાં આવે છે, નોર્વેની સરકારે ગુજરાત વોટર ગ્રીડની ચર્ચા અને વિશ્વના બીજા દેશોનું પ્રેઝન્ટેશન કરવા માટે ગુજરાતને આમંત્રિત કર્યું અને આપણા પાણી પુરવઠા વિભાગે આખું પ્રેઝન્ટેશન કર્યું. નવું રાજ્ય તેલંગણા એના મુખ્યમંત્રીના પુત્ર ત્યાં પાણી પુરવઠા મંત્રી છે એ ૧૫ જેટલા વિરષ્ઠ ઇજનેરોને લઇને ગુજરાતની મુલાકાતે વોટર મેનેજમેન્ટ સિસ્ટમ જોવા આવ્યા હતા અને ત્યાંનું એક મોટું છાપું છે. "ઇનાડુ", તેલુગુ છાપું છે, એમાં લખ્યું હતું કે, પ્રતિકૂળ પરિસ્થિતિ હોવા છતાં પણ લોકોના સ્વાસ્થ્ય અને વિકાસના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને ગુજરાતમાં પીવાના પાણીની આકરી સમસ્યાને હલ કરવા માટે જે સક્રિય પગલાં લેવામાં આવે છે, બાર વરસ દરમ્યાન વોટર ગ્રીડે નવા ધોરણો પ્રસ્થાપિત કર્યા, નવા ધોરણો હાંસલ કરવાના રસ્તાઓ મોકળા કર્યા અને રાજ્ય સરકારે ખૂબ સરસ નિર્ણયો કર્યા છે, અને રાજ્યની કરોડો લોકોની પીવાના પાણીની સમસ્યા હલ કરી છે, તેલંગણા અને આંધ્રપ્રદેશની સરકારે પણ પીવાના પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે આ દિશામાં ગંભીરતાપૂર્વક વિચારવું જોઇએ અને ગુજરાતના વોટર ગ્રીડ પ્રોજેક્ટને આદર્શ રોલ મોડેલ તરીકે એમણે જોવું જોઇએ. આ જ પ્રકારે દિલ્હી જળ બોર્ડવાળા પણ અહીંયા આવ્યા હતા. કર્ણાટક, તામિલનાડુની સરકાર પણ આવી હતી આ યોજનામાં જેટલું સ્ટીલ વપરાયું છે આજદિન સુધીનું, તો પેરિસનો સૌથી ઉંચો એફિલ ટાવર એમ કહેવાય કે સૌથી વધુ સ્ટીલ ત્યાં વપરાયું હોય એવા ૫૧ ટાવર ઉભાં થાય ને એટલું સ્ટીલ વાપરી આ પાઇપલાઇનમાં આ ગુજરાતની સરકારે ગામડે ગામડે પીવાનું પાણી પહોંચાડવા માટે વ્યવસ્થા કરી છે. ખાસ કરીને એક સાદુલકાનું ઉદાહરણ આપું છું ૨૦૧૨ની અછત હતી, સાદુલકાનું પંપીંગ સ્ટેશન જેમાં મોટા મોટા કેપેસીટીના પંપોનો સમાવેશ હતો જે કામ બે વરસે પૂરું થાય, પાણી પુરવઠા વિભાગના અધિકારીઓએ બે મહિનામાં આ કામ પૂરું કર્યું એક વિક્રમજનક કામગીરી કરી અને બે મહિનામાં લોકોને પાણી પહોંચે એવું કામ અમારા પાણી પુરવઠા વિભાગના લોકોએ રાત દિવસ મહેનત કરીને કર્યું છે, મચ્છુ ડેમને પાણી. મચ્છુ જળાશયમાંથી પાઇપલાઇનના નેટવર્ક દ્વારા મોરબીને જોડીને નિવારવાની જે સમસ્યા હતી, કાનાભાઇને ખબર હશે કે ૪૫ દિવસમાં ૧૧ કિલોમીટરની બલ્ક લાઇન નાંખી અને આ કામ પૂરું કર્યું છે. ખરેખર આ ૨૦૧૨–૧૩માં જો આ ગ્રીડ ના નાંખી હોત તો જે ભૂતકાળમાં આપણે ટેન્કરો આપતા હતા ને એ ટેન્કરો દીધા હોતને તો ૯૦૦ કરોડ રૂપિયાના ટેન્કરોનો ખર્ચ આવ્યો હોત, કેપિટલ મૂડી ઉભી ના થઇ હોત, આજે આ ૯૦૦ કરોડમાં યોજના કરી અને કાયમી

કેપિટલ મૂડી ઉભી કરીને સરકારે એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. પાણી પુરવઠા બોર્ડની વાત કરીએ તો ખાસ કરીને આજે આદિવાસી વિસ્તારમાં હેન્ડપંપોની હમણાં વાત થઇ, તો આપણું એક ધોરણ છે કે ૫૦ માનવી જયાં હોય આદિવાસી ત્યાં એક હેન્ડપંપ આપવાનો જ અને હજુ ના અપાતો હોય તો સરકારનું ધ્યાન દોરશે જેમ ગયા વખતે સૌરભભાઇએ તાબડતોબ જયોતિ ગ્રામની વાત કરી એમ આમાં પણ હેન્ડપંપ આપવા માટે સરકાર ખુલ્લી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૧ દરમિયાન ૪૦૫૪ ગામોને ટેન્કર આપવામાં આવતું હતુ. જયારે ૨૦૧૪માં ૧૯૨ ગામ અને પરાને ટેન્કર આપવામાં આવે છે. હાલમાં રાજયમાં ૨ લાખ ૩૫ હજાર ૭૨૭ હેન્ડપંપો છે એમાં આદિવાસી વિસ્તારમાં ૧ લાખ ૬૩ હજાર ૯૯૦ હેન્ડપંપો છે. એટલે આપણે મેકસીમમ કામો ગરીબ, આંતરિયાળ ગામડાંમાં, આદિવાસી વિસ્તારોમાં આ કામ આપણે કરી રહ્યાં છીએ ત્યારે હું એમ માનુ છું કે પાણી પુરવઠા દ્વારા નર્મદાના પાણીની જો ગ્રીડ લાઇન સમયસર નરેન્દ્રભાઇ મોદી અને આનંદીબેનની સરકારે ના કરી હોત તો આજે આ વખતે સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત માટે ખરાબમાં ખરાબ સ્થિતિ હોત. આ તો આભાર માનવો પડે કે એ વખતે લાઇનો નંખાઇ ગઇ હતી એટલે આજે નર્મદાના પાણીથી સૌરાષ્ટ્ર કચ્છના આ બધા ગામડાંને મોટી સમસ્યામાંથી ઉગારી શકયા છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી આપની પાસે દસ મિનિટ છે.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારે તો એટલુ જ કહેવું છે કે પાણી પુરવઠા વિભાગમાં આ વખતે પણ સરકારે અત્યારથી તૈયારીઓ શરૂ કરી દીધી છે. કચ્છમાં પણ અમે ગઇકાલે નલિયા વિસ્તાર કહેવાય, માનનીય શકિતસિંહજી કે ખીરોઇથી સવા બસ્સો કિલોમીટર થાય છે. તો ખીરોઇથી નલિયા પાઇપ લાઇન દ્વારા પહેલી વખત નલિયામાં ગઇકાલે પાણી પૂરું પાડી દીધું છે અને સરકારે કચ્છમાં રાપરના ગામો અને નલિયા અબડાસાના ગામો, આ બધા ગામોમાં આ વખતે પાણીની કેપેસીટી વધારી અને કચ્છમાં વધારાનું ૨૫ એમ.એલ.ડી.પાણી પૂરું પાડીને કચ્છને પણ આ વખતે ઓછામાં ઓછાં ટેન્કર ચલાવવા પડે એવી ચિંતા સરકારે કરી છે. સૌરાષ્ટ્રમાં પણ ખાસ કરીને આ વખતે જે વિસ્તારોમાં પાણીની અછત છે ત્યાં બધા ગામો સાહેબ સૌરાષ્ટ્રના ૪૭૦૦ ગામડાં, સૌરાષ્ટ્રના ૧૭૦ નાના મોટા નગરો આ બધા આજે નર્મદાથી જોડેલાં છે અને નર્મદાના પાણી આપવાના છીએ અને એવા વખતે સૌની યોજના તો હવે પાછળ પાછળ આવી રહી છે. આવનારા દિવસોમાં પીવાના પાણીનો દુકાળ એ ભૂતકાળ બની જશે આ આપેલું વચન અમારી સરકાર પુરું કરી રહી છે અને એવા વખતે સાહેબ હું એમ માનું છું કે ગુજરાતમાં ગુજરાત નંબર વન એ જે સૌરભભાઇએ પણ ઘણી ઘણી બાબતમાં કહ્યું છે તો આજે હું પણ કહીશ કે ગુજરાતમાં સમગ્ર દેશમાં અમે કહીએ છીએ એટલું નહીં અમે છાતી ઠોકીને કહીએ છીએ, ડંકાની ચોટ ઉપર કહીએ છીએ, છાપરે ચડીને કહીએ છીએ કે ગુજરાત નંબર વન છે, વન રહેવાનું છે અને સમગ્ર દેશમાં એક બે નહીં સાહેબ છેલ્લા તેર વર્ષથી રોજગારી પૂરી પાડવામાં ગુજરાત નંબર વન છે. સમગ્ર દેશની ડીઝલ બચત ક્ષેત્રે વાહન-વ્યવહારમાં ગુજરાત નંબર વન છે, છેલ્લા છ વર્ષથી નંબર વન છે. આધુનિક બસ સ્ટેશન, ઇન્ટરનેશનલ ટાઇપ બસ સ્ટેશન કે જેમાં લોકોને એમ લાગે કે અમે એરપોર્ટ ઉપર ઉતર્યા છીએ માનનીય બધા ધારાસભ્યશ્રીઓને હું વિનંતી કરું છું કે એક વખત બરોડાનું બસ સ્ટેશન આપ જુઓ. ઇન્ટરનેશનલ એરપોર્ટ જેવી બસ સ્ટેશનની સુવિધા છે. એવા છ બસ સ્ટેશનો બની રહ્યાં છે અને આવનારા મહિનામાં અમે ગીતા મંદિરનું પણ ઓપનીંગ કરી રહ્યાં છીએ તો એમાં પણ ગુજરાત નંબર વન છે. ઓટોમેટીક ડ્રાઇવીંગ ટેસ્ટ, તેમાં પણ ગુજરાત નંબર વન છે. ગુજરાત સરકાર દ્વારા બાર વર્ષમાં જે water grid કરી તે વિશ્વની મોટામાં મોટી water grid છે અને તે પણ નંબર વન છે. ગ્રામ્ય વિસ્તારમાં પાણી પુરવઠા યોજના માથાદીઠ સો લીટર અને પ્રતિદિન ઘટકોની ડિઝાઇનમાં ગુજરાત નંબર વન છે. સમગ્ર દેશમાં નોંધણીમાં ગુજરાત નંબર વન છે. અનુસૂચિત જાતિ ઉમેદવારોને રોજગારી આપવામાં પણ ગુજરાત નંબર વન છે. કેન્દ્રની યુ.પી.એ. સરકારના વડાપ્રધાન માનનીય મનમોહનસિંહ દ્વારા ગુજરાતના કૌશલ્યવર્ધક કેન્દ્રને ઉત્કૃષ્ટ કામગીરી બદલ પી.એમ.એવોર્ડ આપીને ગુજરાતને નંબર વન સ્વીકારેલ છે. હું આપના થકી વિનંતી કરું છું કે આ બજેટમાં આ બધી કામગીરીની વાત કરી છે ત્યારે ખરેખર તો આજે અમે જે માગણી મૂકી છે એ માગણીઓ માટે બધા સભ્યશ્રીઓ ગુજરાતના વિકાસ માટે રાજકારણથી ઉપર ઉઠીને આપે રજૂ કરેલી કાપદરખાસ્તો પાછી ખેંચી લે તેવી વિનંતી કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા(ધોળકા) : માનનીય અધ્યક્ષશ્રી, સત્તા મળ્યાને ૧૭ દિવસમાં દરવાજાને મંજૂરી આપવામાં પણ ગુજરાત નંબર વન છે એ એક બાકી રહી ગયું હતું એ હું પૂરું કરુ છું.

આ નર્મદા યોજના એ ગુજરાત માટેની યોજના છે એમાં અત્યાર સુધીમાં જયારે જયારે પણ કોઇ અવરોધો કે મુશ્કેલીઓ આવી છે ત્યારે ત્યારે આખું ગુજરાત એક સાથે રહીને જે તે સરકાર હતી તો પણ બધાએ સાથે રહીને આવેલી તમામ મુશ્કેલીઓ આપણે ગુજરાતી તરીકે એ પડકારને ઝીલીને દૂર કરી છે. એજ માનસિકતા સાથે સામા પક્ષે કોઇપણ રાજકીય અવલોકન થયા તો પણ હું મારા પ્રવચનમાં રાજકીય અવલોકન કર્યા સિવાય હકીકત દોષ હશે તો એ હકીકત દોષને સુધારીને મારી વાત રજૂ કરું છું.

માનનીય સભ્યશ્રી શકિતસિંહભાઇએ જે મુદ્દાઓ અહીંયા રજૂ કરેલા, પણ અત્યાર સુધી તેઓ રજૂઆત કરીને જતા રહેતા પરંતુ આજે મારા વિભાગનો જવાબ સાંભળવા માટે હાજર રહ્યા છે એ બદલ એમનો હું આભાર માનું છું. આઇ.બી.પી.ટી.ના કામમાં એમણે કહ્યું કે અમારા સમયમાં કામ થયું ત્યારે હું સરદાર સરોવર નર્મદા નિગમનો ચેરમેન હતો એટલે બીજા કોઇ પ્રુફની જરૂર નથી. ૧૮મી જુલાઇ, ૨૦૦૦ ના રોજ એન.સી.એ.ની ૬૦મી મિટિંગમાં આઇ.બી.પી.ટી.ની મંજૂરી મળી. તે વખતે હું ચેરમેન હતો અને ૧૮ ઓગષ્ટ, ૨૦૦૧માં આર.સી.એન.સી.એ. રીવ્યુ કિમિટી ઓફ એન.સી. નવી દિલ્હી ખાતેની બેઠકમાં એને મંજૂરી મળી. બીજો મુદ્દો યશનો કહ્યો હતો, એ સારી વાત છે તમે પણ યશ વહેંચ્યો હતો અને આપે કહ્યું હતું કે

રેકોર્ડ જોઇ લેજો હું પણ કહું છું કે નરેન્દ્રભાઇ અને આનંદીબહેના ભાષણનો રેકોર્ડ જોઇ લેજો. નરેન્દ્રભાઇએ ત્યાં સુધી કહેલું કે પાયા ખોદવામાં અને ચણતરમાં પહેલી ઇંટ મૂકવા સુધીમાં બધા ચેરમેનો, મુખ્યમંત્રીશ્રીઓ, ઉપરના વડાપ્રધાનશ્રીઓ જેમણે જેમણે આ યોજનામાં સહકાર આપ્યો છે એ બધાના ફાળે આ જશ એમણે પણ વહેંચ્યો છે અને હું પણ વહેંચું છું.

કચ્છની વાત માનનીય શકિતસિંહભાઇએ કરેલી. એક સમય હતો કે કચ્છ સજાનો જિલ્લો હતો. માત્રને માત્ર આ સરકારે પાણી પહોંચાડયું એટલે આ જિલ્લો અત્યારે સજાનો નથી રહ્યો પણ મજાનો જિલ્લો થઇ ગયો છે અને એટલા માટે આપ પણ કચ્છ ગયા. એટલું સરસ એગ્રીકલ્ચર, પાણીના કારણે ઉદ્યોગોનો વિકાસ અને ત્યાં નિવૃત્ત થયેલા અધિકારીઓ અહીં નથી આવતા ત્યાં જ રહે છે.

એમણે કવાર્ટરલી મંજૂરી અંગેની વાત કરેલી, આ સહજ ચાલુ રેગ્યુલર પ્રક્રિયા છે, કોન્ટ્રાકટરના સી.આર. માટે કોણ કેવું કામ કરે છે એનો રેકોર્ડ રાજય સરકાર અને નિગમ પાસે રહેવો જોઇએ.

મહત્વની વાત એમણે ઔડાની જમીનની કરેલી. તા. ૨૪–૧૦–૨૦૧૪ની વાત એમણે કરી. માનનીય સભ્યશ્રીને આપના દ્વારા આ પારદર્શક વહીવટ એની મારે ચોખવટ કરવી છે, બિલ્ડરો માટે એમણે કહ્યું, ખેડૂતોની જમીન નર્મદાના કામ માટે ગઇ હતી. એ જમીન હવે અત્યારે ઉપયોગમાં નથી એટલે એ જમીન બિલ્ડરો અને એમના ઉપયોગ માટે કરવાના છે. આધારભૂત જણાવું તો મહેસૂલ વિભાગના તા.૨૪–૧૦–૨૦૧૪નો આ ઠરાવ છે. બિન ઉપયોગી જમીન જાહેર હેતુ માટે હેતુ ફેરથી તબદીલ કરવાની જોગવાઇ થયેલ છે અને એમાં આ જમીન અંતર્ગત મુખ્યમંત્રી ગૃહ યોજના હાઉસીંગ બોર્ડને એફોર્ડેબલ હાઉસીંગના પ્રોજેક્ટના કામ માટે આપેલ છે અને શરત મૂકી છે કે, એ જમીનની માલિકી ગુજરાત હાઉસીંગ બોર્ડની રહેશે અને આ જમીનનો ઉપયોગ અન્ય કામ માટે એટલે કે સંલગ્ન કામો કરવાના હોય છે, જેવા કે આરોગ્ય અને શિક્ષણ માટે એ કરી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજના એટલે એક પવિત્ર નદી સાથે જોડાયેલી યોજના છે. દેશમાં ગંગા, જમુના અને નર્મદા આ ત્રણ ખૂબ મોટી પવિત્ર નદીઓ છે. જેમાં ગંગા નદીમાં સ્નાન કરીએ તો પવિત્ર થવાય છે, જમુનાનું જળપાન કરીએ તો પવિત્ર થવાય છે પણ આ નદી એવી છે કે, એનું માત્ર દર્શન કરીએ તો પણ પવિત્ર બની જવાય છે. આપણી અસ્મિતાનું અમૃતબિંદુ છે, આપણા લાખો ખેડૂત પરિવારોની સ્વર્ણિમ આશાનું ઉદગમ સ્થાન છે અને વિશ્વની એકતા અને સંગઠિતતાનો મહા સંદેશ આપતું જીવંત સ્મારક છે. આ યોજના વિશે અનેક વાતો થઇ છે. મારે એની બીજી થોડીક સ્પષ્ટતા અને યોજના વિશે થયેલી કામગીરીને સન્માનનીય સભાગૃહ સમક્ષ આપવી છે. ડિસેમ્બર ૨૦૦૬માં બંધની ઉંચાઇ ૧૨૧.૯૨ મિટરની સંપૂર્ણ થઇ ત્યાર પછી આઠ વર્ષ સુધી એને મંજૂરી ન મળી અને તા.૧૨–૬–૨૦૧૪ના રોજ ભારતીય જનતા પાર્ટીની સરકારને કેન્દ્રમાં સંપૂર્ણ સત્તા મળી અને ૧૭મા દિવસે શ્રી નરેન્દ્રભાઇએ એના દરવાજા નાખવાની મંજૂરી આપી અને એ જ દિવસે તા.૧૨–૬–૨૦૧૪ના રોજ, એક પણ ક્ષણનો વિલંબ કર્યા સિવાય શ્રીમતી આનંદીબેને આ કામનો પ્રારંભ કરાવ્યો. આ કામગીરીમાં રૂ.૫૨૫/– કરોડનો ખર્ચ થશે અને સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીમાં કામ પૂર્ણ કરવાનું સરકારનું આયોજન છે. અત્યાર સુધીમાં બંધની કામગીરી માટે જાન્યુઆરી ૨૦૧૫ સુધીમાં રૂ.૨૦૬૦/– કરોડનો ખર્ચ કર્યો છે. ૨૦૧૫–૧૬માં રૂ.૩૦૬.૪૯ કરોડનો ખર્ચ કરવાનું આયોજન છે. મુખ્ય નહેર કુલ ૧૦ જિલ્લાઓમાંથી પસાર થાય છે અને શરૂઆતની અંદર આ કેનાલમાં પ્રતિ સેકન્ડ ૪૦,૦૦૦ ઘન ફૂટ પાણી વહેવડાવવાની ક્ષમતા ધરાવે છે. બાડમેર અને ઝાલોદ સુધી આપણે ૨૦૦૮ સુધીમાં પાણી પહોંચાડ્યું છે. ૨૦૧૫–૧૬માં મુખ્ય નહેર ઉપરનું મુખ્ય સ્ટ્રક્ચર હોય, રસ્તાના ક્રોસીંગ ઉપર સોલાર લાઇટ લગાડવાના કામ ચાલુ કરવાના છીએ. આ યોજનામાં ૩૮ શાખા નહેરો છે અને મને કહેતાં આનંદ થાય છે કે, ૩૮ શાખા નહેરમાંથી ૩૭ શાખા નહેરોના કામ પૂર્ણ કર્યા છે. આ શાખા નહેરોની અંદાજીત લંબાઇ ૨૫૮૫ કિ.મી. છે. એમાંથી ફેબ્રુઆરી ૨૦૧૫ સુધીમાં ૨૩૭૮.૧૮ કિ.મી.ની લંબાઇના કામો પૂર્ણ કર્યા છે અને બાકીના ૧૬૨ કિ.મી.ની લંબાઇના ટેન્ડર અપાઇ ચૂક્યા છે. એટલે ૨૦૧૫ના અંતે કે ૨૦૧૬માં આ કામ પૂર્ણ કરવાનું આયોજન છે. કચ્છ શાખાના ૩૫૭ કિ.મી.ના કામ છે. એમાંથી પહેલાં ૪૬ કિ.મી. થયા પછી ૪૯ કિ.મી.ના થયા પછી ૮૨.૩૦ કિ.મી. સુધીના થયા છે અને એમાં અમે પાણી વહેવડાવવા માટે સફળ થયા છીએ. ૧૪૪ કિલોમિટર જેસડા ગામ અને રાપર તાલુકા સુધીના લંબાઇના શાખા કામ ૨૦૧૫ જૂન સુધીમાં પૂરું કરવાનું અમારું આયોજન છે. આ ઉપરાંત શાખા નહેરોના ૧૬૪ કિલોમિટરના કામો પણ હાથ ઉપર લીધા છે. બાકી રહેતી શાખા નહેરોની કામગીરી તબકકાવાર ૨૦૧૬–૧૭ સુધીમાં પૂરું કરવાનું આયોજન છે. જેવી રીતે શાખા નહેરોનું કહ્યું એવી રીતે વિશાખા નહેરો, નર્મદા યોજનાની નહેરોમાં ૬૯૭ વિશાખા નહેરો નીકળે છે. ૬૯૭ વિશાખા નહેરોમાંથી ૪૬૦નું કામ અમે પૂર્ણ કર્યુ છે અને આ તમામ વિશાખા નહેરોની કુલ લંબાઇ ૫૧૧૨ કિલોમિટરની છે. ૨૦૧૫ ફેબ્રુઆરી સુધીમાં ૩૬૫૫.૯૩ કિલોમિટરની લંબાઇના કામો અમે પૂર્ણ કર્યા છે. ૨૦૧૫–૧૬ દરમિયાન વિશાખા નહેરોના બાકીના કામો પણ અમે પૂર્ણ કરીશું. આ આખી યોજનામાં મુખ્ય નહેર, બ્રાંચ, શાખા અને પ્રશાખા. પ્રશાખા આખી યોજનામાં ૪૩૬૭ પ્રશાખાઓ નીકળે છે એમાંથી ૨૪૨૦ પ્રશાખાના કામ અમે પૂર્ણ કર્યા છે. ફેબ્રુઆરી ૨૦૧૫ની સ્થિતિએ આ ૧૦૦૯૦.૬૪ કિલોમિટરના કામો અમે પૂર્ણ કર્યા છે અને આગામી સમયની અંદર એ ૩૧૦૮.૩૮ કિલોમિટરના ટેન્ડર પણ અપાઇ ગયેલા છે. પ્રશાખાનું કામ પણ ૨૦૧૬–૧૭માં પૂર્ણ કરવાનું આયોજન છે. સબમાઇનોર પ્ર–પ્રશાખા, તમામ પ્ર–પ્રશાખાઓની લંબાઇ ૪૮૦૫૮ કિલોમિટરની છે અને આ કામની અંદર અત્યાર સુધીમાં, ફેબ્રુઆરી ૨૦૧૫ની સ્થિતિએ ૩૭૭૧૫.૪૮ કિલોમિટર લંબાઇનું કામ બાકી છે અને બાકીના કામ અમે પૂર્ણ કર્યા છે. આ કામો પૂર્ણ કરવા માટે બે દિવસ પહેલાના એક પ્રશ્નના જવાબમાં મેં કહ્યું હતું કે અમે એક નીતિ નકકી કરી છે એ નીતિ મુજબ અમે ઓપન ચેનલની પદ્ધતિ પણ ચાલુ રાખી છે અને ભૂગર્ભ પાઇપલાઇનની પણ, એ બંન્ને વિકલ્પો સાથે જે ખેડૂતોપ, ૯૦ ટકા નિગમ આપશે, ૧૦ ટકા પોતે કાઢશે તો એ લાભાર્થી ખેડૂતોના કામ અમે પૂરા કરીશું અને અત્યારની સ્થિતિએ ૧૫ જિલ્લાના ૫૪ તાલુકાના ૩૮ સ્થાનો પર અમલીકરણ એજન્સી દ્વારા આ કામની શરૂઆત કરી છે જેના થકી હાલ ૫ લાખ હેકટર

વિસ્તારમાં સબ માઇનોરના કામની કામગીરી અમે હાથ ઉપર લીધી છે. ખર્ચની પણ થોડીક જાણકારી આ સન્માનનીય સભાગૃહને આપવી છે. જાન્યુઆરી ૨૦૧૫ સુધી ૨૩૩૮૩ કરોડ બાકી રહેતા અંદાજીત ખર્ચમાં પ્રશાખામાં ૭૨૦૦ પ્ર-પ્રશાખામાં ૪૯૦૦ કરોડ કુલ એક હજાર સો કરોડ રૂપિયા, ૨૦૧૫-૧૬માં પણ એ પ્રમાણે અમારું આયોજન છે. આ યોજનાની કેટલીક લાક્ષણીકતા છે કે આંતર રાજય આ યોજના છે. ગુજરાતના ૧૭ જિલ્લા ૭૪ તાલુકા અને ૩૧૧૨ ગામોમાં પથરાયેલ આખી આ યોજના છે, કેટલીક વખત સિંચાઇ કેટલામાં થાય છે એના વિશે આંકડા અલગ અલગ આવે છે. મારે જરા એ સ્પષ્ટતા કરવી છે, આજના દિવસે અમે ૧૦,૭૨,૦૦૦ હેકટરમાં માઇનોર સુધીનું કામ કે જેમાં પાણી વહેવડાવી શકીએ, ૬ લાખ હેકટર જમીનનો અત્યારે લાભ ખેડૂતો લઇ રહ્યા છે. તમે જે કહ્યું છે બે લાખ અને મને બતાવ્યું એ બે લાખ અને હું એની પણ સ્પષ્ટતા કરું કે ક્ષમતા ૧૦ લાખ અત્યારે થાય છે ૬ લાખ, આંકડા ૨ લાખ એટલા માટે કે જે ખેડૂતોએ નોંધણી કરાવી હોય, બાકીના નોંધણી કરાવ્યા સિવાયના, મારે આ સન્માનનીય સભાગૃહને વિનંતી કરવી છે કે આ બાયસેગ દ્વારા મેળવેલા અમારા આંકડા છે કે અત્યારે ખેડૂતો છ લાખ હેકટરમાં પાણી લે છે પણ નોંધાવીને પીવાયો ભરતા હોય એવા બે લાખ છે એટલા માટે એમાં બે લાખ લખ્યા છે. આપના વિસ્તારની અંદર આપણે જયાં જયાં જઇએ ત્યાં આપણે ખેડૂતોને અપીલ કરીએ કે પાણી લો છો તો નોંધણી પણ કરાવો અને પિયાવો પણ ભરો. આ બે લાખ છે એ પિયાવો અને નોંધણી છે એના આંકડા છે. મારી આપ સૌને પ્રેમભરી વિનંતી છે કે આપ આપના વિસ્તારમાં કહો. ખેતીમાં પણ જે લાભ થયો છે એ કહું તો ૨૦૦૩-૦૪માં કપાસની ઉત્પાદકતા ૪૧૭ કિલો પ્રતિ હેકટર હતી એ ૨૦૧૦-૧૧માં ૬૩૭ કિલોની થઇ છે. માત્રને માત્ર નર્મદાના પાણીના કારણે આ થયું છે. કઠોળનો પાક જોઇએ તો ૬૭૮ માંથી ૮૬૬ કિલો થઇ છે. પિયત ઘઉંમાં ૨૬૫૭ હતી તે ૩૨૯૭ કિલો પ્રતિ હેકટર થઇ છે. આ રીતે દરેક પાકમાં છે. પહેલા નર્મદા સિવાયનું ઉત્પાદન હતું અને નર્મદાનું પાણી આપ્યા પછી એટલે એગ્રીકલ્ચરની દ્રષ્ટિએ ઉત્પાદકતા વધી છે અને ઉત્પાદન પણ વધ્યું છે. રાજ્યમાં ખાદ્ય પાકોનું ઉત્પાદન ૨૦૦૩માં ૩૬.૨૧ લાખ મેટ્રિક ટન હતું તે ૨૦૧૩-૧૪માં વધીને ૯૩.૮૨ લાખ મેટ્રિક ટન એટલે કે ડબલ કરતાં પણ વધારે માત્રને માત્ર નર્મદાના પાણીના કારણે થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, નરેન્દ્રભાઇ ઇનોવેટીવ માણસ હતા. અહીંયા હતા ત્યાં સુધી તેમણે એ રીતે કામ કર્યું કે દુનિયામાં કોઇને વિચાર ન આવે, આ વિચાર એવો છે કે ભૂતકાળમાં દેશમાં કોઇને વિચાર નહોતો આવ્યો એવો વિચાર રજૂ કર્યો ત્યારે દા.ત. શક્તિસિંહભાઇ, આપ એને હળવાશમાં લો છો એટલે સ્પષ્ટતા કરવી પડે છે કે જ્યારે જ્યોતિગ્રામની વાત આ ફ્લોર ઉપરથી નરેન્દ્રભાઇએ કરી કે ૧૮ હજાર ગામડાંને મારે ૨૪ કલાક વીજળી આપવી છે ત્યારે ત્યાં બેઠેલા, અમરસિંહભાઇએ કહ્યું હતું કે, રાજકીય ટિપ્પણી સિવાય મારે નરેન્દ્રભાઇને પ્રેમપૂર્વક સલાહ આપવાની કે (અંતરાય) રેકોર્ડ ઉપરની વાત છે. તમે સીધા મુખ્યમંત્રી બન્યા છો. તમને અનુભવ નથી. હું સરકારી અધિકારી, કર્મચારી, તાલુકા પંચાયત, મંત્રી એમ.ઓ.એસ. અને મુખ્યમંત્રી બનીને અહીં આવ્યો છું, એન્જિનિયર છું છતાં આ હું કરી શકતો નથી. મારી તમને સલાહ છે કે તમે આમાં આગ્રહ ન રાખો. ત્યારે નરેન્દ્રભાઇના શબ્દો હતા કે મને નિષ્ફળ જવાની તો તક આપો. આ ઇનોવેટીવ માણસ. સિનિયર લોકોની ટીમ બનાવી હતી એ ટીમમાં હું હતો એટલે મને ખબર છે. ૨૫-૩૦ વર્ષ જૂના એન્જિનિયરો કહેતા હતા કે આમાં ના પડો, આ ન થાય. પણ એમના ઇનોવેશન અને કલ્પનાના કારણે આજે આપણે આખો દેશ અને દુનિયા જાણે છે કે ૧૮ હજાર ગામડાંમાં ૨૪ કલાક વીજળી આપી શકીએ છીએ. એવો જ ઇનોવેટીવ વિચાર આપીને કેનાલનું પાણી સૂર્ય તાપના કારણે બાષ્પીભવન થાય. એમને વિચાર આવ્યો કે એને ઢાંકી દઇએ, સોલાર પેનલથી ઢાંકી દઇએ એટલે બાષ્પીભવન ન થાય અને એમાંથી વીજળી પણ ઉત્પન્ન થાય. આ ઇનોવેટીવ વિચાર અને આ પાઇલોટ પ્રોજેક્ટ કડી અને સાણંદની પાસે કર્યો છે. આ પાઇલોટ પ્રોજેક્ટમાં ૭૫૦ મિટર લંબાઇની સોલર પેનલ મૂકી છે. આ પાઇલોટ પ્રોજેક્ટમાં આશરે ૬ એકર જમીનની બચત થઇ છે. આ પેનલ જો ચારણકામાં મૂકી હોત તો ૬ એકર જમીનમાં મૂકવી પડતી એના બદલે આ કેનાલ ઉપર મૂકી છે. એટલા માટે જમીનની બચત થઇ છે. અંદાજે ૯૦ લાખ લિટર પાણીની બચત જે બાષ્પીભવન થતું હતું એ અટકી ગયું છે. હું આંકડા સાથે બોલું છું. આ ઇનોવેશન છે. આના કરતાં પણ આ સફળ પ્રયોગ થયો એટલા માટે મારા સાથી મંત્રીશ્રી યાદ કરાવે છે કે વડોદરામાં પણ આ પ્રયોગ અમે આગળ વધાર્યો છે અને અત્યાર સુધીમાં આ પ્રોજેક્ટ થકી કુલ ૪૭.૧૨ લાખ યુનિટ વીજ ઉત્પાદન કરવામાં આવ્યું છે.માનનીય અધ્યક્ષશ્રી, અને મને કહેતા એ વાતનો આનંદ છે કે આ પ્રોજેક્ટનું લોકાર્પણ તા.૧૧/૧/૨૦૧૫ નાં રોજ સંયુક્ત મહાસંઘના મહાસચિવ શ્રીમાન બાનકી મૂનના વરદ્ હસ્તે કર્યું હતું. આ પ્રોજેક્ટ એ પાણી માટેનો, સિંચાઇ માટેનો તો છે જ, પણ આ સ્વપ્ન આવેલું સરદાર સાહેબને, પછી ભાઇકાકાએ એને આગળ વધાર્યું. જે તે વખતે મેં શરૂઆતમાં કહ્યું તેમ ઘણાં અવરોધો આવેલા. આ દેશમાં શરૂઆતમાં આપણે બહારથી ઘઉં, ચોખા અને છોકરાઓ માટે દૂધનો પાવડર મંગાવતાં હતાં પણ જે તે વખતે એક ભાખરા નાગલ થઇ. એ ભાખરા નાગલના કારણે આખા દેશને આપણે પોતાના પગ પર ઊભા રહેતાં જોયો. વિદેશી તાકાત, એ ભાખરા નાગલના કારણે જો આજે પગ પર ઊભો રહે તો ભાખરા નાગલ પછીની બીજી કોઇ યોજના હોય તો એ સરદાર સરોવર યોજના છે. આ યોજના પૂરી થાય તો આગામી ૧૦૦ વર્ષ સુધી આ દેશ એ પોતાના પગ પર ઊભો રહેશે એને બહાર ક્યાંય હાથ લંબાવવો નહીં પડે અને આપણને જે ઘઉં, ચોખા અને દૂધનો પાવડર આપતા હતા એવા દેશોએ શ્રી મેઘા પાટકર અને અરૂંધતિ રોયને હાથ ઉપર લીધા એની સામે આ ગુજરાત ઊભું છે અને આખી યોજના જેમના સ્વપ્ન થકી બની એવા માણસને કેમ ભૂલી જવાય? મેં ઇન્ટરવીન થતી વખતે પણ કહ્યું હતું અને આજે ફરીવાર દોહરાવું છું કે એવા મહાપુરુષની યાદમાં રાજકારણથી પર ઊઠીને, ખેડૂતોને યાદ કરીને એ મહાપુરુષની યાદમાં સેંકડો, હજારો વર્ષ સુધી એ ૧૮૨ મિટરની પ્રતિમા રહેશે ત્યાં સુધી, આજે જન્મેલું બાળક અને ૧૦ વર્ષ પછીનું જન્મનાર બાળક એ ત્યાં જશે અને કહેશે કે, ભાઇ, આ કોણ? તો ત્યાં આખું સરદાર સાહેબનું જીવન ચરિત્ર્ય, એનું મ્યુઝિયમ, ટ્રેનિંગ સેન્ટર આદિવાસી માટે, ત્યાં રિસર્ચ સેન્ટર આ બધી જ બાબતો ત્યાં હશે અને સારામાં સારું ટુરિઝમ સેન્ટર થવાનું છે. હજુ માત્ર આ ડેમ જોવા,

ઓવરફ્લો પાણી જોવા માટે દર વર્ષે લાખો લોકો જાય છે અને ટુરિઝમ એ ઇકોનોમી વધારવાનું એક માધ્યમ છે અને આ સ્ટેચ્યુ ઓફ યુનિટી થશે. પછી ગુજરાતમાં એનું ઉત્તમ ઉદાહરણ રણોત્સવ પણ છે. આથી રણોત્સવ શરૂ થયો એ પહેલા અને અત્યારે હું જે કહું છું એ રેકર્ડ ઉપર છે. ત્યાંની બેકારી, ત્યાં સજાનો જિલ્લો, ત્યાંની ખેતી અને આજે પાણી ઉપરાંત રણોત્સવ પણ થયો હતો. ત્યાં ધોરડો ગામ મુસલમાન ભાઇઓનું વસેલું હતું. સાહેબ, એન્ડ ટુ માઉથ હતા પણ આજે ચાર-પાંચ વર્ષની અંદર એ બધાને ૨૪ કલાક ૩૬૫ દિવસ રોજી મળી છે. એ માત્ર રણોત્સવના કારણે. એ ઉત્સવ થયો એટલા માટે અને એવો જ ઉત્સવ એવી જ જગ્યા એ સરદાર સાહેબના સ્ટેચ્યુનો જ્યારે થશે ત્યારે, રણોત્સવ ૯૫ દિવસ કર્યો તો પણ એ આખા જિલ્લાને કાયમ માટેની રોજગારી આપતું કેન્દ્ર થયું છે તો આ ચાર વર્ષની અંદર પૂરું કરવાનું જ્યારે અમારું આયોજન છે. ચાર વર્ષ પછી આ એક એવી જગ્યા બનવાની છે કે, માનનીય અધ્યક્ષશ્રી, મેડમ તુષાદ, શું છે એમાં? તાજમહાલ. કુત્તુબ મિનાર, દિવાને આમ, દીવાને ખાસ. કેમ બનાવ્યાં છે લોકોએ? લોકો સ્ટેચ્યુની ગમત કરે છે અને હાંસી ઉડાવે છે એને મારે પૂછવું છે કે, આજે વિશ્વના લોકો કુત્તુબ મિનાર જોવા માટે શા માટે આવે છે? વિશ્વના લોકો મેડમ તુષાદ જોવા માટે શા માટે જાય છે? દિવાને આમ, દિવાને ખાસ, લાલ કિલ્લો શા માટે જાય છે? એવી જ રીતે ભવિષ્યની અંદર અને આજે ગુજરાતી તરીકે, હિન્દુસ્તાની તરીકે જ્યાં પણ બેઠો હશે મારો ગુજરાતી, મારો ભારતીય ત્યાં કહેશે કે આખા વિશ્વની અંદર એક મહાપુરુષનું સ્ટેચ્યુ દુનિયામાં સૌથી ઉંચાઇવાળું એ મારા ગુજરાતમાં, મારા ભારત દેશની અંદર છે. અને દુનિયાનો અમુક વર્ગ ૨૦-૨૫ ટકા એ વેબ સાઇટ ઉપર વાંચીને જોવા લાયક સ્થળો ઉપર એ પ્રવાસે આવતા હોય છે. એવા લોકો માટે પણ અને અહીંયા આવશે તો અહીંયા કોઇ રીક્ષામાં બેસશે, કોઇ ટેક્સીમાં બેસશે, કોઇ હોટલમાં રહેશે, તો બધું જ તે જેવી રીતે કચ્છમાં ફાયદો થયો, મેં કહ્યું હતું તેમ નવરાત્રીમાં ફાયદો થયો, પતંગ ઉત્સવમાં ફાયદો થયો. એવી જ રીતે આ સ્ટેચ્યુ બનશે અને ત્યાં વિશ્વભરના લોકો, જ્ઞાતા લોકોને બોલાવવાના છીએ આપણે. વિશ્વભરના જ્ઞાતા લોકોને, વિષયવાર. અહીંયા આવીને તમે રિસર્ચ કરો, અહીંયા આવીને તમે રહો, અહીંયા આવીને અમારા આદિવાસી લોકોને ટ્રેનિંગ આપો અને ગુજરાતને તો ફાયદો થશે જ પણ સૌથી વધારે મોટો ફાયદો આદિવાસી લોકો જ્યાં નજીકમાં જ રહે છે એમને એમની ઇકોનોમીમાં અને આ બધું કલ્પના નથી. આ બધી કલ્પના નથી. ગુજરાતે બાર વર્ષની અંદર બધો અનુભવ કર્યો છે, જોયું છે. એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી, આ સ્ટેચ્યુ એ નર્મદા કિનારે થવાનું છે ત્યારે મારી વિપક્ષના મારા સૌ સાથીઓને વિનંતી છે કે, એમને કોઇ પણ પ્રકારના રાજકીકય અવલોકન સિવાય, માત્ર હકીકતલક્ષી અને રાજ્ય સરકારે, નિગમે કરેલી કામગીરીની મેં વાત કરી છે. એને ધ્યાનમાં લઇને અત્યાર સુધી હું ૨૦૦૨ થી ૨૦૦૭માં પણ મંત્રી હતો ત્યારે પણ મને સામા પક્ષે આ સહકાર આપ્યો છે, કાયમી ધોરણે. ૨૦૧૩ અને ૨૦૧૪માં પણ સહકાર આપ્યો છે, એવો સહકાર આજે પણ આપે એવી વિનંતી સાથે, સૌનો આભાર.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રીને પૂછવું છે કે, છેલ્લા આઠ વર્ષથી ટ્રાયબલ વિભાગમાંથી નર્મદા નિગમને શેર મૂડીના ફાળા પેટે ૨૨૯૭ કરોડ રૂપિયા આ નર્મદા માટે જાય છે. મારી જાણકારી મુજબ સાહેબ, ટ્રાયબલ વિસ્તારમાં કોઇ સિંચાઇનું પાણી મળતું નથી. પૈસા જાય છે, તો આપનું કોઇ એવું આયોજન છે કે, અમારા બધા વિસ્તારો ટોટલી ડ્રાય છે આવા વિસ્તારોને નર્મદાનું પાણી મળે ? કારણ કે, પૈસા તો જાય છે. તો આવું કોઇ આયોજન આપનું છે કે કેમ?

બીજું, માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, આદિવાસી વિસ્તારમાં જઇને તમે જે હેન્ડ પંપો કે બોર કરો છો તો તમે ત્યાં બે ગુંઠા જમીન અવશ્ય લખાવવાનું એટલે એમાં જે ૭૩-એએની જમીન છે એ જમીન તમે સરકાર હસ્તક કરવાનું કરો છો. ખરેખર તો ન કરી શકાય, પણ કરો છો એનોય વાંધો નથી. પરંતુ આ જમીનના ભાગીદારો ભાઇઓ હોય છે એટલે કોઇ સંમતિ મળતી નથી એના લીધે એ હેન્ડ પંપો મંજૂર કરવા છતાં પડી રહે છે. તો આપ આમાં આ જે બે ગુંઠા જમીન લખવાની છે એ બંધ કરવા માગો છો કે કેમ ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જયાં પાણી મળતું નથી એવી ફરિયાદ માનનીય સભ્યશ્રીએ કરી છે. યોજના જ્યારે બની ત્યારે કમાન્ડ વિસ્તાર સાથે બનેલી છે. આજના દિવસે કમાન્ડ વિસ્તારમાં જો પાણી નહીં મળતું હોય અને મને એની જાણકારી આપશે તો અધિકારીઓ સાથે બેસીને કમાન્ડ વિસ્તાર કહું છું, તમે કમાન્ડ વિસ્તારની બહાર માગણી કરતા હશો તો નહીં પણ કમાન્ડ વિસ્તારની જ, કમાન્ડ વિસ્તાર બહારની માગણી તો કરી શકાય જ નહીં, કમાન્ડ વિસ્તારમાં બાકી રહેતું હશે ત્યાં આપવાની જવાબદારી નિગમની છે.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : માનનીય સભ્યશ્રીનું સુચન છે. હું ચોક્કસ અધિકારીઓ સાથે બેસીને જોઇ લઇશ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, એક તો માનનીય મંત્રીશ્રી વાહન વ્યવહાર કહેતા હતા, આંકડાઓ આપ્યા, માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કરવા માગુ છું, ગુજરાતીઓનું ડી.એન.એ. ડેવલપમેન્ટ છે. હું અને માનનીય મંત્રીશ્રી જન્મ્યા એ પહેલા ગુજરાત નંબર-વન હતું. સુપર નંબર-વન હતું અને એટલે હું આપના મારફતે એ જાણવા માગુ છું કે, આપણે સરખામણી બિહાર સાથે, આપણે સરખામણી યુ.પી. સાથે કરવાના બદલે આપણે સરખામણી આપણી સાથે કરવી પડે, ગુજરાત સાથે અને ગુજરાત સાથેની સરખામણીમાં હું બે વસ્તુ જાણવા માગુ છું. એક, મેં આપને કહ્યું કે, ૨૦૦૦ કરતાં ૨૦૧૪માં બસના રૂટો, બસોની સંખ્યા, પેસેન્જરોનું પરિવહન આ બધું જ ઘટ્યું. બેરોજગારી એક લાખ કરતાં વધારે, ગુજરાતમાં ૧૯૯૫માં હતી એના કરતાં શિક્ષિતની વધી છે. એટલે સુપર વનમાંથી આપણે નીચે વનમાં ગુજરાતને લઇ આવ્યા છીએ. આ સુધારવા માટે આપણે શું કરવા માગીએ છીએ? અનેને, માનનીય મંત્રીશ્રી નર્મદા પાસે એટલું જાણવા માગુ છું કે, માનનીય સભ્યશ્રી ઇનામદારે સાચી વાત કરી, ગયા વર્ષે આપણે ૩૦મી એપ્રિલ સુધી રવી સિઝનનું પાણી કેનાલોમાં ચાલુ રાખ્યું હતું. આ વર્ષે ખેડૂત એ જ ડેડલાઇન માનીને ચાલે કે ૩૦ એપ્રિલ સુધી પાણી મળવાનું છે કાં તો આપણે બહુ વહેલા કહી દેવાની જરૂર હતી કે ૧૫ માર્ચે બંધ કરીશું. હવે જો આ ૧૫ માર્ચે કેનાલો બંધ કરશો તો ખેડૂતના છેલ્લા પાણ અટકશે અને ખેડૂતને બહુ નુકસાન થશે અને હવે આપણે જસ્ટીફાઇ કરવું

મુશ્કેલ થશે. ખેડૂતને એવું લાગશે કે ગયા વખતે ચુંટણી હતી એટલે ૩૦ એપ્રિલ સુધી આપ્યું અને આ વખતે ૧૫ માર્ચે બંધ કરે છે. એનું કોઇ લોજીક નહીં હોય તો આ વખતે પણ ૩૦ એપ્રિલ સુધી કેનાલોનું પાણી ચાલુ રહે એવું કાંઇ કરવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન છે.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે જામનગર જિલ્લો અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નર્મદાનું ખેતી માટે પાણી પહોંચાડવાનું કોઇ આયોજન છે? જો આયોજન હોય તો કયાં સુધીમાં પાણી પહોંચાડવા માગે છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એ પણ કમાન્ડમાં નથી એટલે નહીં આપી શકાય.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મચ્છુ ડેમ આ પાણી પુરવઠા યોજના જે ૪૫ દિવસમાં ત્યાં પહોંચતું કર્યું તો માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે હફેશ્વર યોજના આઠ વર્ષથી ચાલે છે અને નસવાડી યોજના ત્રણ વર્ષથી ચાલે છે એ કેટલા દિવસમાં ત્યાંના નર્મદાના અસરગ્રસ્ત વિસ્થાપિતો છે એને પાણી આપવા માગો છો કે કેમ?

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, હફેશ્વર યોજના અને એ બાજુના આદિવાસી વિસ્તારની જે જુથ યોજનાઓ છે એમાં સંખેડા ભાગ-૧ સુધારણા યોજના, સંખેડા ભાગ-૩ અને છોટાઉદેપુરની હફેશ્વર જૂથ યોજના એ જે ૨૦૦૯ થી ચાલે છે ૧૩૮ ગામોને પાણી આપવાનું છે. એ અમે લોકો થોડો ભાગ હજી બાકી છે એ ઝડપથી પૂરી કરીશું.

શ્રી પંકજ  દેસાઇ ( મુખ્યદંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માગણીઓ પરનું મતદાન પુરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

અધ્યક્ષશ્રી : કામકાજ પુરું થાય ત્યાં સુધી સમય લંબાવીએ છીએ.

ડો. તેજશ્રીબેન  દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારમાંથી જે ખારાઘોડા બ્રાન્ચ કેનાલ નીકળે છે એમાં એ વિસ્તારના ખેડૂતો જયારે બી વાવે, ખાતર નાખે મોંઘા ભાવનું, એક પાણી પણ આપે પછી આ પાણી ખારાઘોડા બ્રાન્ચ કેનાલનું છેક ખારાઘોડા પહોંચે એટલે મીઠાના અગરિયાઓની ફરિયાદ આવે કારણકે મીઠું ઓગળી જાય એટલે પછી બંધ કરવા માટે એ લોકો રજૂઆત કરે એટલે એ લોકોનું પણ નુકસાન થાય છે અને અમારે ત્યાં એક પાણી જેણે પાયું હોય એ ખેડૂતોનું પણ નુકસાન થાય છે પછી પાણી બંધ કરી દેવામાં આવે છે તો કાયમી આ પ્રશ્નનું નિરાકરણ આવે એના માટે કંઇ રસ્તો કરવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, રજૂઆત કરનાર બંનેને એક સાથે બેસાડીને અધિકારીઓ સાથે બેસાડીને એનો નિકાલ કરીશું.

શ્રી પરેશ  ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રીને એક વિનંતી કરવા માગું છું કે અમરેલી છેવાડાનો જિલ્લો છે, મહી પરીએજ આધારિત જે આપણું નર્મદાનું પાણી પુરું પાડવાની વ્યવસ્થા થઇ એ અમારે ચાવંડથી અમરેલી જિલ્લો, વાયા રાજકોટ થઇને જુનાગઢ સુધી પાણી જાય છે. ૫૦૦-૭૦૦ કિલોમીટર દુરથી લાઇન આવે છે રસ્તામાં કયારેય રીપેરીંગ કે બીજો કોઇ પ્રશ્ન થાય તો સ્થાનિક સ્ત્રોત અમારા છે નહીં એટલે આપણી મહીની જે કાંઇ જુથ યોજનાઓ છે ત્યાં રો વોટર પાણીનો બે દિવસનો આપણે ડેડ સ્ટોક કરી શકીએ એવી કોઇ વ્યવસ્થા કરવા માગીએ છીએ કે કેમ? અને મારો બીજો એક નાનો પ્રશ્ન છે મત વિસ્તારનો અમારી ચાંદગઢ અને વિઠ્ઠલપુર જુથ યોજના વર્ષોથી ચાલે છે એની પાણીની ટાંકી અને એ બધું હવે તુટવા આવ્યું છે, અકસ્માત થાય એવી પરિસ્થિતિ છે તો આ જુની જૂથ યોજનાઓમાં પીવાના પાણીની ટાંકી, સંપ, પંપ હાઉસ, મશીનરી એનું નવીનીકરણ કરવા માટે રાજય સરકારનું કાંઇ આયોજન છે કે કેમ?

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપનું જે સૂચન છે એ ઘણા બધા વિસ્તારમાંથી સુચનો આવ્યા છે. ૫૦૦-૫૦૦,૪૦૦-૪૦૦ કિ.મી. દૂરથી આવે છે. કયારેક લાઇટના પ્રોબ્લેમ થાય કે કયારેક  પાઇપ તૂટી ગયો  હોય તો બે-ચાર દિવસ ડિસ્ટર્બ થાય છે.  સંપ કરવા એ અંગે અમારી પાસે માહિતી આવી છે. તો ચોક્કસ સૂચનનો વિચાર કરીશું કે ટેકનિકલી કેવી રીતે થઇ શકે બીજું જૂની પાણી પુરવઠાની યોજનાઓ છે તે અમુક કોમ્પોનન્ટસના કારણે તૂટેલી ફુટેલી અથવા જૂની થઇ ગઇ હોય તો એ પણ એના કારણે કરેલ ઇન્વેસ્ટ બગડે નહીં તે પણ અમે સુધારણાનો કાર્યક્રમ કરીશું.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રીને એક પ્રશ્ન કરવો છે કે મારા મહેમદાવાદ તાલુકાની અંદર સુઘા અને વણસોલ બે ગામ છે. સરસવની પાણી પુરવઠા યોજના છે. આજના દિવસે અમારા ત્યાં એ ગામોમાં પાણી આવતું નથી કૂવામાંથી સવારમાં સોર્સથી પાણી આવે અને ૬-૦૦ વાગ્યે પાણી ભરવા જવું પડે. આખો દિવસ પાણી મળે નહીં એ બહેનોની પરિસ્થિતિ છે. હું વારંવાર પ્રશ્ન પૂછું છું, પણ આજસુધી આ બહેનોના પાણીના પ્રશ્નનો ઉકેલ આવ્યો નથી, તો માનનીય મંત્રીશ્રી એક મેં સંપ બનાવવાનું કહ્યું છે, તો સંપને જી.ઇ.બી.નું કનેકશન નથી મળતું તો આપ બંને સાથે સાથે છો તો નિરાકરણ કરી મારી બહેનોને પાણી મળે તેવું કરવા માગો છો કે કેમ અને મારો બીજો પ્રશ્ન સાહેબને છે કે નર્મદામંત્રીશ્રીને છે સાહેબ આપ પણ જોજો તમને પણ એક પ્રશ્ન કરું કે મહેમદાવાદની અંદર જે અમારી શેઢી શાખાની યોજના છે જેને નર્મદા પાયલોટ પ્રોજેકટ તરીકે સ્વીકારેલો ફરી પાછો શેઢી શાખાને આપેલો. ૨૦૦૫ માં પૂર આવ્યું ત્યારે મારી ખુમરવાળ માઇનોર જે તૂટી ગઇ છે જે આજદિન સુધી રિપેરિંગ કરી નહીં અને ટેઇલ સુધી પાણી જતું નથી, તો તે બાબતમાં ઝડપીમાં ઝડપી અમારા ખુડૂતોને પાણી મળે તેવું કરવા માગો છો કે નહીં?

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને વિનંતી કરું છું કે કાલે મને વિગતવાર લઇને આવો તમને અધિકારી સાથે બેસાડી આપણે રસ્તો કાઢી આપીશું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મારા ધ્યાન ઉપર લાવશે તો આવતા અઠવાડિયે ગમે ત્યારે બેસીને તેમના પ્રશ્નનો નિકાલ કરીશું.

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે દાહોદ જિલ્લામાં કડાણા ડેમ આધારિત પાણી પુરવઠા યોજના બનેલ છે, તો દસ ગામમાં પાણીની ખૂબ જ તકલીફ પડે છે. રેટીયા, ડોકી, ડુંગરા, ખરોડ આ ગામોને પાણી પુરવઠા યોજનામાંથી પાણી આપવા માગો છો કે કેમ?

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : દાહોદ જે કડાણા આધારિત યોજના છે તે રેલ્વે ક્રોસિંગના કારણે અડધા દાહોદને મળતું નથી. આ બાજુનાને મળે છે, એટલે એ રેલ્વે ક્રોસિંગનો પ્રશ્ન અમે હાથમાં લીધો જ છે અને ઝડપથી પતાવી આખી યોજના સંપૂર્ણ કાર્યરત થાય તે માટે પ્રયત્ન કરીશું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું નર્મદા માટેની જે કાપ દરખાસ્તો છે તે નર્મદા એ ગુજરાતની જીવાદોરી છે અને ગુજરાતના તમામ પ્રજાજનો માટે ખૂબ જ ઉપયોગી છે, ત્યારે નર્મદાની અમારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧, ૨૨, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯,૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬ પાછી ખેંચી લેવાની સભાગૃહની અનુમતિ માગું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : હું આભાર માનું છું.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : પાણી પુરવઠા પણ બહુ જરૂરી છે. મેં કહ્યું તેમ સભ્યો માટે હું પણ પોઝિટિવ છું. તો અમારા વિભાગની કાપદરખાસ્તો પણ પાછી ખેંચી લે એવી વિનંતી છે. માનનીય ભુપેન્દ્રસિંહને તમે ગોઠવી લો અને અમારું ન ગોઠવો તેવું થોડું ચાલે.

શ્રી શૈલેષ મ. પરમાર : નવુ સત્ર આવશે ને તેમાં રૂપાણી સાહેબની કામગીરી જોઇશું અને પછી વિચારીશું.

પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું અમારા પક્ષના સભ્યશ્રીઓ તરફથી રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧, ૨૨, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯,૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬ પાછી ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧, ૨૨, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯,૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬ પાછી ખેંચવામાં આવે છે.

માગણી ક્રમાંક ૬૫ મત ઉપર મુકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૨, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંકઃ ૫૭, ૬૭ અને ૭૪ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સભાગૃહનું કામકાજ સાંજના ૫.૨૧ વાગે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરૂવાર તા.૧૯મી માર્ચ, ૨૦૧૫ના રોજ બપોરના ૧૨.૦૦ વાગે ફરી મળવા મુલતવી રહ્યું.

**પુસ્તક**


| | | |
|---|---|---|
| અજયકુમાર જે. ચોકસી | ઉમરપાડા તાલુકામાં આવાસ બાંધવાનું નક્કી કરવા અંગે | **૧૨૭** |
| | તાપી જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર | **૧૬૪** |
| | માંડવી તાલુકામાં મંજૂર ગામની આંતરિક પેયજળ યોજનાઓ | **૨૫૪** |
| અનિલ જોષિયારા | અરવલ્લી જિલ્લામાં ડૉ. આંબેડકર ભવનોનું બાંધકામ | **૨૯૫** |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં વિજ ચેકીંગના દરોડા પાડવા | **૫૦** |
| | અરવલ્લી જિલ્લામાં કાર્યરત પ્રાયોજનના વહીવટદારની કચેરી | **૧૧૮** |
| | અરવલ્લી જિલ્લામાં પશુ દવાખાના | **૪૦૬** |
| | આદિજાતિ વિભાગ દ્વારા નર્મદા નિગમને ફાળવેલ શેરમૂડી | **૪૨૩** |
| | ભિલોડા અને મેઘરજ તાલુકામાં જ્યોતિગ્રામ યોજનામાં સમાવવા | **૯** |
| | મેશ્વો જુથ પાણી પુરવઠા યોજના દ્વારા ગામોને પીવાનું પાણી | **૨૫૯** |
| | રાજ્યમાં ફ્યુઅલ ચાર્જ અને સરચાર્જ વધારવા બાબત | **૫૯** |
| | શામળાજી ચેકપોસ્ટમાં આવક | **૨૮૩** |
| અમિત ચૌધરી | કલોલ તાલુકાનાં ગામોને, માણસા તાલુકામાં સમાવેશ કરવા બાબત | **૩૮૬** |
| અમીત ચાવડા | આણંદ અને ખેડા જિલ્લામાં ૦ થી ૧૬ બી.પી.એલ. નંબરના | **૧૯૦** |
| | આણંદ અને ખેડા જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક | **૧૭૩** |
| | આણંદ જિલ્લા નગરપાલિકાઓની હદ વિસ્તારવા બાબત | **૪૧૧** |
| | આણંદ જિલ્લાની આઈ.ટી.આઈ.માં ખાલી જગ્યાઓ | **૨૩૩** |
| | આણંદ જિલ્લામાં દારૂ/જુગારના અડ્ડાઓ | **૩૬૬** |
| | આણંદ જિલ્લામાં શ્રમયોગીની પસંદગી | **૧૪૩** |
| | રાજ્યમાં ઘર વપરાશ–ઉદ્યોગ અને ખેતીના વીજ દરોમાં ફ્યુઅલ | **૩૮** |
| અરૂણસિંહ અ. રણા | આમોદ તાલુકામાં રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ મંજૂર | **૨૭૦** |
| | ભરૂચ જિલ્લામાં પોલીસ ખાતાનાં રહેણાંક મકાનો | **૩૯૦** |
| | વડોદરા જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજનાની અરજીઓ | **૨૫** |
| અરવિંદકુમાર ગાં. પટેલ | અમદાવાદ જિલ્લામાં ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, | **૧૧૦** |
| | ગુજકોસ્ટ દ્વારા રાષ્ટ્ર કક્ષાએ વિજ્ઞાન વિષયક કાર્યક્રમમાં ભાગ લેતા | **૪૧૦** |
| | ગુજરાત હાઈકોર્ટ ખાતે નવીન લાઈબ્રેરી બિલ્ડીંગનું બાંધકામ | **૨૫૪** |
| | બનાસકાંઠા જિલ્લામાં કાર્યરત લો લીટરેસી ગર્લ્સ શાળાઓ | **૧૫૪** |
| | મહેસાણા જિલ્લામાં પોલીસ કોમ્યુનીટી હોલ | **૪૨૪** |
| | મહેસાણા જિલ્લામાં મફત તબીબી સહાય | **૨૮૧** |
| અરવિંદભાઇ કે. લાડાણી | કેશોદ શહેરમાં તાલુકા પંચાયતની ઓફિસ બનાવવા બાબત | **૧૭૬** |
| | જુનાગઢ જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત ઘર | **૨૬** |
| | જૂનાગઢ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન અંતર્ગત વ્યકિતગત | **૧૫૨** |
| | જૂનાગઢ જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ વિતરણ બાબત | **૧૦૬** |
| | જૂનાગઢ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના હેઠળ અરજીઓ | **૨૭૬** |
| | બીલખા જૂથ પાણી પુરવઠા યોજનામાં ગામોનો સમાવેશ | **૨૪૪** |
| અરવિંદસિંહ દા. રાઠોડ | ગોધરા આર.ટી.ઓ કચેરીમાં આવક | **૨૬૭** |
| | પંચમહાલ જિલ્લામાં ઈકો ટુરીઝમના વિકાસ માટેની યોજના | **૧૩૦** |
| | પંચમહાલ જિલ્લામાં જીપ્સમ સહાય | **૩૯૮** |
| | પંચમહાલ જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડના વિતરણ બાબત | **૧૬૫** |
| | પંચમહાલ જિલ્લામાં વિકલાંગોને સાધન સહાય | **૨૮૮** |
| | પંચમહાલ જિલ્લામાં હાલોલ તાલુકામાં સ્વસહાય જૂથની રચના | **૧૮૬** |
| | હાલોલ ખાતે ન્યાયિક અધિકારીઓના રહેણાંકના કવાટર્સ | **૨૨૮** |

**પુસ્તક**


| | | |
|---|---|---|
| અશ્વિન કોટવાલ | અરવલ્લી જિલ્લા પંચાયતનું સંવર્ગવાર મંજૂર મહેકમ | **૧૭૨** |
| | ખેડબ્રહ્મા વિજયનગર અને પોશીના તાલુકાની ગ્રામ પંચાયતોનું | **૧૪૨** |
| | રાજ્યમાં જંગલી ભૂંડ દ્વારા ખેતીના પાકને નુકશાન | **૧૮૯** |
| | સાબરકાંઠા જિલ્લામાં ખેડવા જળાશય યોજનાના અસરગ્રસ્તો | **૪૦૩** |
| | સાબરકાંઠા જિલ્લામાં વણજ જળાશય યોજનાના અસરગ્રસ્તો | **૪૨૨** |
| અશોકકુમાર ર. પટેલ | ગાંધીનગર જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળાથી રોજગારી | **૨૮૬** |
| | ગાંધીનગર જિલ્લામાં નવા રેશનકાર્ડની પડતર અરજીઓ | **૧૪૬** |
| | ગાંધીનગર જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ સહાય | **૨૬૦** |
| | ગાંધીનગર તાલુકામાં સ્વસહાય જૂથને કેશક્રેડિટ આપવા બાબત | **૧૭૫** |
| | ગાંધીનગર શહેરમાં ટી. પી. સ્કીમો | **૩૮૨** |
| | મહેસાણા જિલ્લામાં આવેલ બેચરાજીના વિકાસ માટેની કાર્યવાહી | **૨૯૫** |
| આંનદભાઇ ચૌધરી | ઉકાઈ જમણા કાંઠા ગોડધા લીન્ક કેનાલની મંજુરી | **૩૮૮** |
| | ગુજરાત કો.ઓપરેટીવ સોસાયટી એકટ–૧૯૬૧ની સુધારેલ કલમ– | **૪૧૭** |
| | જંગલની જમીન ખેડતા ખેડૂતોને જમીનની સનદના હક્કો | **૪૨૭** |
| | તાપી અને નર્મદા જિલ્લામાં જંગલ જમીન કાયદા અન્વયે | **૧૪૭** |
| | માંડવી તાલુકાના કેવડી ગામે ઈકો ટુરીઝમ માટે આવવા–જવા | **૧૫** |
| ઈશ્વરભાઇ ઢે. પટેલ | વલસાડ જિલ્લામાં આંબેડકર આવાસ યોજના હેઠળ સહાય | **૨૩૫** |
| | વલસાડ જિલ્લામાં ઔદ્યોગિક વસાહતો | **૩૮૬** |
| | વલસાડ જિલ્લામાં ખનિજ ચોરીના નોંધાયેલ કેસો | **૨૮** |
| | વલસાડ જિલ્લામાં તાલુકાવાર વન કાયદા અધિકાર હેઠળ | **૧૨૪** |
| | વલસાડ જિલ્લામાં પ્રવાસન ધામોના વિકાસ માટે ફાળવેલ રકમ | **૫૪** |
| | વલસાડ જિલ્લામાં પાક વિમા | **૪૧૫** |
| | વલસાડ જિલ્લામાં વિદેશ ઉચ્ચ અભ્યાસ લોન સહાય | **૨૮૯** |
| | વલસાડ જિલ્લામાં સંત સુરદાસ યોજના અન્વયે સહાય | **૨૭૧** |
| | વલસાડ જિલ્લામાં સર્વ શિક્ષા યોજનામાં ફાળવેલ ગ્રાન્ટ | **૧૬૨** |
| ઈશ્વરભાઇ ર. પરમાર | કોળી–ઠાકોર સમાજને પ્રતિનિધિત્વ આપવા અંગે | **૨૦૬** |
| | બારડોલી તાલુકામાં રાહતદરે અનાજનું વિતરણ | **૧૦૦** |
| | વ્યારા ખાતે હયાત કોર્ટ બિલ્ડીંગનું વિસ્તરણ | **૨૫૦** |
| | સુરત જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર | **૧૪૯** |
| | સુરત જિલ્લામાં ટીસ્યુકલ્ચર લેબોરેટરી | **૪૦૦** |
| | સુરત જિલ્લામાં રેડ થકી મુક્ત થયેલ બાળમજુરો | **૨૭૮** |
| | સુરત જિલ્લામાં વાણિજ્યિક વેરાની આવક | **૩૩** |
| ઈશ્વરસિંહ ઠા. પટેલ | અંકલેશ્વર તાલુકામાં સ્વસહાય જૂથોને કેશક્રેડિટ આપવા બાબત | **૧૬૪** |
| | ઝગડીયા ખાતે વધારાનું કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ | **૨૫૨** |
| | ભરૂચ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર | **૧૨૮** |
| | ભરૂચ જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ કીટ્સની વહેંચણી | **૨૭૯** |
| | ભરૂચ જિલ્લામાં હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી | **૪૦૩** |
| ઋષિકેશ ગ. પટેલ | ધરોઈ યોજનામાં સહભાગી જળસિંચાઈ વ્યવસ્થાપન હેઠળ વિસ્તાર | **૩૮૬** |
| | મહેસાણા જિલ્લાના ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસો | **૧૬૮** |
| | મહેસાણા જિલ્લામાં એ.ટી.વી.ટી. યોજના હેઠળ ફાળવેલ રકમ | **૨૦** |
| | મહેસાણા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સહાય | **૨૫૯** |
| | મહેસાણા જિલ્લામાં ફુલપાક માટે સહાય | **૪૧૫** |

| | | |
|---|---|---|
| | મહેસાણા જિલ્લામાં રેડ થકી મુકત થયેલ બાળમજુરો | ૨૮૪ |
| | મહેસાણા જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ | ૧૮૭ |
| | વિસનગર તાલુકામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત રોપાનું | ૧૩૫ |
| કેતન મ. ઇનામદાર | પોઇન્ટ ઓફ ઓર્ડર | ૪૫૪ |
| | અંબાજી ખાતેના મુખ્ય માર્ગમાં રંગબેરંગી રોશની | ૨૫૩ |
| | વડોદરા જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ સહાય | ૨૮૦ |
| | વડોદરા જિલ્લામાં કૃષિ વિષયક વીજ બિલમાં રાહત આપવા બાબત | ૪૬ |
| | વડોદરા જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો | ૧૩૩ |
| | સરદાર સરોવર ડેમનું પૂર્ણ થયેલ ભૌતિક કામ | ૪૦૪ |
| કનુભાઇ મો. દેસાઇ | વલસાડ જિલ્લામાં કન્યાઓને સાયકલ સહાય | ૨૭૮ |
| | વલસાડ જિલ્લામાં પોલીસ ખાતાનાં રહેણાંક મકાનો | ૪૦૮ |
| | વલસાડ જિલ્લામાં વિકલાંગોને શિષ્યવૃત્તિ | ૨૯૨ |
| | વલસાડ જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની કોલેજો | ૧૪૪ |
| | વાપી ખાતે ન્યાયિક અધિકારીઓના રહેણાંકના આવાસનું બાંધકામ | ૨૪૯ |
| કરમશીભાઇ વિ. પટેલ | અમદાવાદ જિલ્લામાં લીઝોમાં તારથી ફેન્સીંગ કરવા બાબત | ૪૨ |
| | આશ્રમ શાળાઓ અને છાત્રાલયોમાં શૌચાલય માટેની સહાય | ૨૪૦ |
| | ઈકો સેન્સેટીવ ઝોનમાં અનધિકૃત રીતે બિન ખેતીની મંજૂરી આપવા | ૧૫૭ |
| | નળસરોવર આસપાસની ત્રિજયામાં બાંધકામના પ્રતિબંધ | ૧૧૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૫૦ |
| | રાજ્ય સરકાર દ્વારા કપાસનાં પોષણક્ષમ ભાવ માટે કેન્દ્ર સરકારને | ૩૮૨ |
| | રાજ્યનાં કપાસ પકવતાં ખેડૂતોને રાહત પેકેજ | ૪૧૪ |
| | સાણંદ અને બાવળા તાલુકામાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક | ૧૭૯ |
| કેશુભાઇ હી. નાકરાણી | ''સૌની યોજના'' હેઠળ ભાવનગર જિલ્લાના ડેમો ભરવા બાબત | ૪૨૪ |
| | ભાવનગર જિલ્લામાં પોલીસ ખાતાનાં બિનરહેણાંક મકાનો | ૪૦૯ |
| | ભાવનગર જિલ્લામાં બી.પી.એલ. રેશનકાર્ડની અરજીઓ | ૯૮ |
| | ભાવનગર જિલ્લામાં રેડ થકી મુક્ત થયેલ બાળમજુરો | ૨૩૯ |
| | ભાવનગર જીલ્લામાં લોક અદાલતો યોજવા બાબત | ૩૨ |
| કેશાજી શિ. ચૌહાણ | દિયોદર અને વાવ તાલુકામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત | ૧૪૪ |
| | બનાસકાંઠા જિલ્લા નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના | ૩૭૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં કીટનું વિતરણ | ૨૬૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળની | ૧૭૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં વિકલાંગોને સાધન સહાય | ૨૮૭ |
